Reading Room

નાનાભાઈ ભટ્ટ, ઝવેરચંદ મેઘાણી, વિજયરાય વૈદ્ય, ઉમાશંકર જોષી, જિતુભાઈ મહેતા, ગુલાબદાસ બ્રોકર, અનંતરાય મ. રાવળ, મગનભાઈ દેસાઈ, રમણલાલ એન્જિનીઅર, નિરંજન વર્મા, જયમલ્લ પરમાર, મહેન્દ્ર મેઘાણી. હરિશ્ચંદ્ર ભટ્ટ, હીરાબેન ક. મહેતા, પી. રા. ભારદ્વાજ, છોટાલાલ કામદાર.

BHAVAN'S LIBRARY

ઊર્મિ અને નવરચના

૧૨૬૩

સંપાદક
ઇશ્વરલાલ દવે

જુલાઈ
૧૯૪૫
અંક : ૪

છૂટક ૧૦ આના

ગૃહજીવન અને સમાજજીવનના ઘર્ષણનો

પડઘો ઝીલતી નવલકથા

રાજકીય દૃષ્ટિએ ગુજરાત જેમજેમ વધુ જાગ્રત બનતુ ગયુ તેમ તેમ સમાજજીવનના પ્રશ્નો આપણે ત્યાં વધુ સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરતા ગયા છે. સ્ત્રીએ માત્ર ઘરમાં જ ન પુરાઈ રહેતા બહારના ક્ષેત્રમા પણ ઝંપલાવ્યું સ્ત્રીજીવન આમ સ્વતંત્ર ને પ્રગતિશીલ બનવા લાગ્યુ, પણ તે સાથે જાહેરજીવન અને ગૃહજીવન વચ્ચે વિસંવાદ શરૂ થયો. લગ્નજીવનના બેસૂરા નિનાદથી સમાજજીવનમાં પણ ઘર્ષણો, ચર્ચાઓ અને મતમતાંતરો અનિવાર્ય થઈ પડ્યાં ભાવનાશાળી અને કંઈક કરી નાખવાના મનોરથ સેવતા યુવક-યુવતીઓનાં જીવન કલહ અને મનોવ્યથા વચ્ચે ઘૂમરીઓ ખાવાં લાગ્યાં પરિણામે તેઓ તેમના આદર્શની સિદ્ધિ તો ન કેરી શક્યાં પણ ગૃહજીવનનો આનંદ અને કિલ્લોલ પણ ગૂમાવી બેઠાં. આવી પરિસ્થિતિનો પડઘો પાડવાનો આ નવલકથાનો પ્રયાસ છે.

પૃષ્ઠ સંખ્યા ૩૪૬ ડ્રિગ્ગી જેકેટ
કિંમત રૂ. ૪-૦-૦ ટપાલ ખર્ચ ૦-૪-૦

ભારતી સાહિત્ય સંઘ : ફૂલછાબ કાર્યાલ

પો. બો. નં. ૯૭૮ મુંબઈ ૧ : પો. બો. નં. ૭૩ અમદાવાદ : રાણપુર [બી. એસ રેલ્વે

પ્રકાશક લક્ષ્મીદાસ પુરુષોત્તમ આધી, ભારતી સાહિત્ય સંઘ, ૧૬, શ્રીમાળી સાસાયટી, અમદાવાદ
મુદ્રક : ચંદુલાલ જેઠાલાલ વ્યાસ, સ્વાશ્રય મુદ્રણાલય, રાણપુર (કાઠિયાવાડ)

'હું શા માટે લડું છું' એ વિષય ઉપર નિબંધ લખવાની એક હરિફાઈ મોરચા પરના અમેરિકન સૈનિકો માટે યોજાએલી. આવેલા ત્રણસો નિબંધોમાં આ શ્રેષ્ઠ હતો.

હું શા માટે લડું છું?

હું લડું છું કારણ કે બીજી આંખો સામે જોતાં મારી આંખ ડરતી નથી, કારણ કે મારી આંખોએ સુખ જોયું છે અને દુઃખ પણ જોયું છે.

હું લડું છું કારણ કે કોઈ પણ વાતની બેઉ બાજુ મારા કાન સાંભળી શકે છે, રિબાતી પ્રજાની ચીસો તેમજ આઝાદ પ્રજાનું હાસ્ય એ સાંભળી શકે છે, કારણ કે કાન દ્વારા મને માહિતી મળે છે—એની એ જ પોપટવાણી શીખવાતી નથી; કારણ કે જો હું સાંભળું છતાં વિચાર ન કરું તો હું બહેરો ગણાઉં.

હું લડું છું કારણ કે મારો મત દર્શાવવાની બીક મારા મોઢાને લાગતી નથી, કારણ કે હું એકલો છું છતાં મારો અવાજ મારું ભાવિ ઘડવામાં મને મદદ કરે છે, કારણ કે મનફાવે ત્યાં હું બોલી શકું છું, કારણ કે જો મારું મોઢું બોલતું હોય પણ બધા જે બોલે એટલું જ બોલી શકતું હોય તો એ રૂંધાએલું ગણાય.

હું લડું છું કારણ કે હું ઘૂંટણિયે પડું છું એકલા ભગવાન સામે.

હું લડું છું કારણ કે મારા પગને જ્યાં જવું હોય ત્યાં તે જઈ શકે છે; કારણ કે કોઈની જબરદસ્તી વિના કે કોઈને રુશ્વત આપ્યા વિના હું દેશાવર જઈ શકું છું; કારણ કે જે દિશામાં ફરમાન થાય તે દિશામાં જ મારા પગ જ્યારે ચાલે ત્યારે એ બંધાએલા કહેવાય.

હું લડું છું કારણ કે હૃદય મને સાંભરે છે—બાલ્યાવસ્થાનાં હાસ્ય અને રમત, સૈકાની શરૂઆતમાં આવીને પોતે અને મારા પિતાએ અમેરિકામાં શા માટે વસવાટ કર્યો એવી વાત કહેતી મારી બા, નિશાળની છેલ્લી પરીક્ષામાં હું પાસ થયો, પહેલી જ વાર મેં ચૂંટણીમાં મત આપ્યો, કુમારિકા સાથેનું પ્રથમ મિલન, મારી પડોશમાંના ફેરફારો—શેરીઓ પહોળી બની, જૂની ચાલોની જગ્યાએ નવાં મકાનો થયાં—એ બધું મને સાંભરે છે.

લડાઈ પૂરી થયા પછીની જિંદગી માટે હું લડું છું; કારણ કે એ જિંદગીમાં નવી નવી તકો હશે, સલામતી હશે, વાંચવાની, લખવાની, વિચારવાની અને બોલવાની છૂટ હશે; કારણ કે પહેલાની માફક જ મારું ઘર એ મારો કિલ્લો હશે; કારણ કે જો હું ન લડું તો જિંદગી એ જ મોત બનશે.

હું લડું છું કારણ કે હું પ્રગતિમાં માનું છું, રૂઢિવાદમાં નહિ; કારણ કે આપણી ખામીઓ છતાં પણ આપણા જીવનની રહેણીમાં મને આશા છે.

હું લડું છું કારણ કે મારાં બાળકો આઝાદ દુનિયામાં જન્મે એ મારે જોવું છે; કારણ કે મારા વડવાઓ મને આઝાદીનો વારસો સોંપતા ગયા છે અને એ બીજાને સોંપતા જવાની મારી ફરજ છે; કારણ કે એ વારસો જો ગુમાવાય તો પછી બાળકો જન્માવવાં એ એક ગુન્હો છે.

હું લડું છું કારણ કે એ મારી જવાબદારી છે; કારણ કે સ્વતંત્ર લોકોએ સ્વતંત્ર રહેવા માટે લડવું જ જોઈએ; કારણ કે એક દેશ કે એક વ્યક્તિની આઝાદી ઝૂંટવાઈ જાય છે ત્યારે તમામ રાષ્ટ્રોના અને તમામ પ્રજાઓના હક્કો ઉપર ભય આવી પડે છે; કારણ કે મારી સામે પસંદગી હતી: લડવું કે ન લડવું.

હું લડું છું કારણ કે ઘૂંટણભર જીવવું એથી તો બહેતર છે કે મરી જવું.

એવી ઊંડી આશાથી હું લડી રહ્યો છું કે મારી પાછળ આવી રહેલાઓને લડવું નહિ પડે.

પ્રવાસી

જગમાંઈ ઠામોઠામ ધામ મારું છે
એ ધામને ઢૂંઢણુ પાટકું છું.
દેશે દેશ વિષે મારો દેશ છે, એ દેશ
ખોળવાને ભોમ ભાટકું છું.

નાખું આંખ હું જે કોઇ દ્વાર વિષે,
એની અંદર મારું મુકામ દિસે,

એની માંઈ પ્રવેશવા બાર જડે નહિ,
બાર ક્યાં છે? વારોવાર પૂછું;
મારું વાલસોયું વસ્યું ઘેર ઘેરે
એને ઓળખવા અહીં ભાટકું છું.

૨

મારાં નેન સામે હરીઆળી ધરા
પડી આંહીં કરી રોમરાઈ ખડી,
મને સાદ કરે છે એ ધૂળ થકી,
વદી કેમ શકું એની વાણ્ય વડી!

જુગો જુગ જાણે હું સૂતેલ હતો,
જળ ધૂળ ફૂલોમાં મળેલ હતો,

દિન એક છાનું કોઈ દ્વાર ઉઘાડીને
કોણ મિષે ગયો કાઢી હડી,
જોઈ વાટ તેહુની એ ચૂપ મારે સુખ
તાકતી ઝાંખતી માત પડી.

૩

અને આભ નિશામય કેટલી રાતથી
ધ્યાન મારી પર ધારી રહ્યો,
લખ જોજન દૂરનો તારલિયો
મારું નામ જાણીને પોકારી રહ્યો.

એની ભાષ જે આપસઆપસની
અહો દિલ મારે ફરી તાજી બની!
લાખો જુગ તણી એ વીસારેલ વાણીનો
બોલ ફરી ભણકારી રહ્યો.
અને આદ અનાદ ઉષા કેરો બાંધવ
આભ એકીટશ ધારી રહ્યો.

૪

જળમાં થળમાં ને આકાશ લગી
લાખો સ્નેહ–ગાંઠે હું બંધાયેલ છું.
મારા સાત અટારીના એ ઘર અંદર
જન્મજન્માન્તર જાયેલ છું.

વારંવાર છતાં ભૂલી હાય જઉં!
ચણવા ઘર આંહીં હું દૂર ચહું.

અહીં વાસ કર્યે મટનાર કદી
મારા મૂળ મકાનની વાસના શું?
મારા મૂળ મુકામનું ભાન ભૂલીને
મુસાફર–વેશ હું કાં ભટકું!

૫

સચરાચરમાં મને ચાર દિશાએથી
તાણુ કરે હર એક અણુ;
અને દ્વાર મારે કોટિ હાથ કેરા
કર–તાલ પડે, હર કાળ સૂણુ.

ભની ધૂળ! તું યે મને સાદ કરે,
વીરા નીર! તું યે લાંબા હાથ કરે,

હર શ્વાસ હૈયામાં વાતાસ પ્રવેશીને
તેડું સુણાવે છે કોણ સગું!
એવાં તાણુ ખેંચાણુ તમામનાં આવે છે
જે સહુને હું પરાયાં ગણું.

સચરાચર આંહીં આનંદ ભર્યો અને
પ્રેમ ભર્યો ધરા-ધૂળમાં છે;
તુચ્છકાર દિયે લઘુ કોઈ કણિકાને
રાંક બિચારો એ ભૂલમાં છે.

આ વિરાટ તણું પરમાણુ અણુ
વહે ગૌરવ શુભ ભવેશ્વરનું;
એનો ભેદ ભણ્યા વિણ ભાઈ પ્રવાસી તું
ઘોર અવિદ્યાની ચૂડમાં છે,
ભયભીત ભમ્યા કર ભોમ બધી,
ધણીનો મહિમા ભર્યો ધૂડમાં છે.

૭

એવા ગૌરવને ચરણે ઢળીને
હું યે ધૂળ વિશે રહું ધૂળ થઇ,
થઈ ફૂલ વિશે એક પાંખડી પૂજીશ
ઈશ તણા પદમાંહીં જઇ,
જયહીં જાઉં ને જોઉં જયહીં નિરખી,
એની બા'ર જગ્યા તલભાર નથી;
ન પ્રવાસ હવે જનમે જનમે
કરવાની લગાર જરૂર રહી;
એના ગૌરવને ચરણે નિત બેસીશ
મૂળ જે છું બસ તે જ થઈ.

૮

ધન્ય કાળ અનંતનો બાળક હું;
ધન્ય માત મારી વસુધા-ધરણી;
ધન્ય ધૂળ એની, ધન્ય તૃણ એનાં,
ધન્ય તારક-સોમ સોના-વરણી.

જયહીં ક્યાંય હું છું, એને દ્વાર જ છું,
મને કેમ ખેંચે-નવ જ્ઞાન કશું.

એને પાર પેલે પારાવાર પડ્યો,
તરવા કજૂ છે વસુધા તરણી;
બડભાગી હું છું, જે છું તે જ ભલો,
ભલી માત મારી ધન્ય હો ધરણી!

[રવીન્દ્રનાથ : ઉત્સર્ગ : પ્રવાસી]

શૈ શ વ નું ગા ણું

'આવ રે મેવલા! નેવલે પાણી,
'ઓલ્યા પા'ની છોકરીને દેડકે તાણી.'

ડૂબું ડૂબું સૂરજ ને દિન ઓલવાણો
ચાંદનીને ઝાલવા મેઘ મકવાણો
આભ વચે દોટ દિયે; એક પરે બીજી
વાદળિયું રંગ ઢાળે, ચીર ગયાં ભીંજી.
ઠાકરદુવાર મહીં ઝાલરું ઠણુકે

દિલ મારું ઘોર દિયે, ડંકે ને ડંકે
ઓલ્યે કાંઠે ઝાડ પરે ચીંકાયે ઝડીઓ
આ ને કાંઠે મેઘ-છોગે માણેકની છડીઓ
ભેજ ભર્યો વાયુ અને સાંજનું ટાણું
સાંભરે છ આજ મને શૈશવનું ગાણું
'આવરે મેવલા! નેવલે પાણી;
'ઓલ્યા પા'ની છોકરીને દેડકે તાણી.'

२

આખા આકાશનું પડ લીધું વાળી,
સાંકડ મોકડ નહિ, રમે સાત તાળી.
રોકનાર કોઈ નહિ, ભમે આભ-આરે
ફૂલ-વને ફૂલ-વને ઝાલક જે મારે.
નિત્ય નવા ખેલ એના નીરખીને મારે
નેણે ઉભરાય યાદ, નાનપણે જ્યારે
સંતાકૂકીના ખેલ ખેલ્યો હું ઘરમાં;
શેરીનાં છોકરાંનું ગીત ઊઠે ઉરમાં.
'આવ રે મેવલા ! નેવલે પાણી;
'ઓલ્યા પા'ની છોકરીને દેડકે તાણી.'

૩

સાંભરે છે ઘર અને ઘરનો દીવો
સાંભરે છે બાને મુખ મલકાટ કેવો !
વાદળ હડૂડતું ને ધબ ! ધબ ! છાતી
બાને કવરાવી કેવી ! વાત નો લખાતી.
ઘરમાં લાગી'તી ધમાચકડ છૈયાંની
બાહરમાં વિશ્વ ધ્રૂજે; ત્રાડ મેહૂલાની.
સાંભરી આવે એ સર્વ, મોટી ને નાની
વાતું; ને સૌ વચાળ રણકે છે વાણી
'આવ રે મેવલા ! નેવલે પાણી;
'ઓલ્યા પા'ની છોકરીને દેડકે તાણી.'

૪

ઓલી બે રાણીયુંની વાત બા કે'તી-
એક અણમાનેતી એક માનેતી.
ટમ ટમ દીવો એક ઘરને ખૂણે,
ભીંતિને માથે ભૂત-ઓળા ધૂણે.
બા'ર જળબંબોળ તડ ! તડ ! તડાક !
વારતા સુણે ને બાળ ધડ ! ધડ ! ધડાક !
સાંભરે એ સર્વ, અને સાંભરે વાણી-
'આવ રે મેવલા ! નેવલે પાણી;
'ઓલ્યા પા'ની છોકરીને દેડકે તાણી.'

[રવીન્દ્ર-કૃતિ પરથી]

બલિ

મૂઠી જેવડું મંદિર મારું
ને મુરતી તારી વિરાટ !
વામન બનીને આવવું હોય તો
આવજે હૈયાને ઘાટ.

હું જો પાવલિયે તારે ચંપાવા
આવડો થાઉં અધીર,
તો તને તારું માન જરીક જ
છોડતાં શેની પીડ ?

પ્હેલે પગથિયે ચાંપજે મારા
હૈયાના હીણા રાગ,
બીજે દબાવજે રોષ દાવાનળ,
ત્રીજે તૃષ્ણાના ડાઘ.

અરપો ઉપાડીને પગ તું થંભીશ
કે રખે વાગે શૂળ
વાસનાની માટી, ત્યાં તો તને જોઈ
ઊખડશે એ સમૂળ.

બલિ મારે થવું આજ બરોબર
આવ તું આણી વાટ.
મૂઠી જેવડે મંદિર મારે
મૂર્તિ હો તારી વિરાટ.

૨૩ મે ૧૯૪૫ ઉમાશંકર જોષી

ઈશ્વર ! અમારી નહિ, એમની સામે જોજે !

આ પણ લોકનેતાઓની માનભરી મુક્તિથી દેશ આખો આનંદમાં આવી ગયો છે. છત્રીશ મહિના પૂર્વે તેઓને પકડી લેવામાં આવ્યા ત્યારથી તેમના કારાવાસના છેલ્લા દિવસ સુધી પ્રજાના મોટા ભાગે, પક્ષ, વર્ગ કે ન્યાતજાતના ભેદ વગર તેમની ચિંતા કરી છે અને તેમના સુખરૂપ છૂટકારાને માટે છાની છાની પ્રભુ-પ્રાર્થના કરી છે. (એવો પ્રેમી પ્રજાસમૂહ એટલો બહોળો હતો કે આ આગેવાનોની ગેરહાજરીમાં નઠારપણે કાળાં બજારો કરનારા, સરકારી કોન્ટ્રેક્ટોમાંથી રળનારા અને નફાખોરીનો દાટ વાળનારા ઉપલા વર્ગનો વિચાર ગૌણ બને છે) પ્રજા દબાઈ ગઈ, રિબામણીને પામી, નેતાઓને મુક્ત કરાવવામાં કશું જોર ન વાપરી શકી, નિષ્ફળતા અને પરાજિત દશાને પામી, છતાં મૂઠીભર પુરુષોના અચલ આત્મબળને અને આત્મશ્રદ્ધાને પરિણામે તેઓનાં કારા-દ્વાર ઊઘડી ગયાં, એથી સમસ્ત પ્રજાને એક મહાન સંસ્કારનો અભિષેક સાંપડ્યો છે.

વિપત્તિને અને વેદનાને એનું પોતાનું એક પરમ ગૌરવ છે. એ ગૌરવનું આપણા નેતાઓએ નવું દર્શન કરાવ્યું છે. તેઓને બિનગુને પકડ્યા, તેમને છુપાવીને રાખ્યા, તેમને બહારની દુનિયા જોડે જરી પણ સંપર્ક સાધવા ન દીધો, નિકટનાં સગાં વહાલાંની મુલાકાતનો કાળાં પાણીના ગુનેગાર કેદીને અપાતો હક પણ તેમને ન આપ્યો, તેમને કલેજાના કટકા જેવાં આત્મજનોની મૃત્યુ-પથારી પાસે પણ ન પહોંચવા દીધા, તેમનાં પોતાનાં શરીરોનો ભુક્કો થઈ જતાં સુધી અટકાવી રાખ્યાં, પોતાના વહાલાંઓની નજરે પણ ન ચડવા દીધા—એ યાતનાઓ માણસની અંદરના માર્દવને, ખેલદિલીને અને ઉત્સાહને મારી નાખનારી છે. છતાં એ જ નેતાઓ બહાર નીકળતાં વેંત પોતાનાં ઘરબારમાં પૂરા ચોવીસ કલાક પણ રહી શક્યા નહિ, ને કર્તવ્યનો નવો સાદ સાંભળીને બહાર નીકળી ગયા.

પોતાની ગેરહાજરીમાં માલિકને ઘેર સિધાવી ગયેલ બીબીની કબર સામે હાથ જોડી બંદગી કરતા મૌલાના અબુલકલામ આઝાદની તસ્વીર જુઓ અને તમને એક અનિર્વચનીય વેદનાની વચ્ચે આ સંસ્કારનું દર્શન થશે.

એ તો અંગત કષ્ટોની વાત બની. પણ વધુ મોટી યાતનાઓ તો એમણે દેશની દુરવસ્થાના સમાચારનું વિષપાન કરતાં કરતાં ભોગવી છે. લાખો માણસો કીડી મંકોડીની માફક મરે છે, અનાજના અખૂટ ઢગલાની વચ્ચે અને મિઠાઈની ભરપૂર દુકાનોની સામે ભૂખમરાનાં ભોગ બને છે, તેઓ જ્યારે મરે છે ત્યારે હોટેલોમાં નાચગાનના જલસા ચાલે છે, તેઓ જ્યારે રોટી! રોટી! કરીને પટકાઈ પડે છે ત્યારે વાઈસરોયને ઘેર મહેફિલો ઊડે છે, તેઓનાં બાળકો મૂએલ માતાની છાતીએ વળગેલ સ્થિતિમાં જ પ્રાણ ત્યજે છે ત્યારે સામેસામ નફાખોરો લાખોની લૂંટ ચલાવે છે, અને બીજી તરફ પોલીસ લશ્કરનો સંયમહીન દોર આપણા જ દેશજનોના બનેલ શાસન-મંડળની અનાવડતથી, નઘરોળપણાથી અથવા તો નિર્બળતાથી ચાલી રહ્યો છે, એ બધાંનું રોજિંદું મળતું રહેલું જ્ઞાન આ નેતાઓને એમની નિઃસહાયતાનાં કેવાં કાતિલ કરવતે વેરી રહ્યું હશે! છતાં તેમણે સાચા દાર્શનિકોની સમતા સાચવી, વીરનરોની દૃઢતા જાળવી, અને અંગત કટુતાથી ખરડાયા વિનાનાં હૃદયો લઈ તેઓ વળી પાછા સમાધાનની તક પ્રાપ્ત થતાં એ જ શાસન-સત્તાને બારણે અણવાણે પગે ચાલી નીકળ્યા છે.

એને અમે સંસ્કાર કહીએ છીએ. ઝેર અને લોહીના ઘૂંટડા પચાવી જઈને અમીના ઓડકાર છોડવા, એનું નામ સંસ્કાર છે. આ મુડદાલ અને પડેલી પ્રજાનાં સાચાં શીલ ઘડવા માટે પરમ ઉપકારક એ નેતા-સંસ્કાર, એ આપણને મળેલું ઈશનું વરદાન છે.

કેટલાક ક્ષેમકુશળ પાછા વળ્યા છે, કેટલાકનાં શરીર ભાંગી પડ્યાં છે, પણ નવા વાતાવરણની ઉષ્મા તેમને સ્ફૂર્તિમાન બનાવો! કેટલાકોને હજુ તેમની પ્રિય પત્નીઓનો પણ મેળાપ નથી થયો, એ પત્નીઓ કાં તો કેદમાં સબડે છે, ને કાં સરકારી વોરંટોથી સંતાતી ફરે છે. એ વિચારે હૃદય ચિરાય છે. તેમની મુક્તિ અને તેમનાં અભયદાન જલદી જાહેર થાઓ!

સૌથી વધુ હૃદયવિદારણ તો આ લોકનાયકોને મનથી બીજા હજારોની ગિરફતારીની દશા બની ગઈ હશે. કૈક યુવાનો યુવતીઓ: કૈક પ્રૌઢો, વૃદ્ધો અશક્તો: કૈક બિનગુનાહ અટકાયતીઓ, કૈક કેવળ શકનાં ભોગ; કૈક વર્ષોથી મુકદ્દમાનાં શિકાર : સાબોટેજ, ભાંગફોડ, યુદ્ધપ્રયત્નમાં આડખીલી, પોલીસનાં ખૂન કે ખૂનની કોશીશ, ધાડ લૂંટ ઇત્યાદિ જેની ટીપ કરવી એ પણ એક કપરું કામ છે તેટલા આરોપોને હવાલે થઈને બે પાંચ વર્ષના કારાવાસથી લઈ ફાંસીના માંચડા સુધી વેરાયેલાં હજારોની મૂંગી આહ, એ આપણા મુક્ત નેતાઓને એમની મુક્તિમાં રહેલી ક્રૂર વિડંબનાને ખંજરે વીંધતી હશે. એટલે કે આજે મળેલ 'મુક્તિ' એ મુક્તિ નહિ પણ પાછળની સ્થિતિનાં વધુ ને વધુ લાગતાં ભાને સળગતી મૂકતી જતી ચિતા જ બની રહી હશે; અને કદાચ તો સીમલા ખાતેની નવી વાટાઘાટોનાં થાળમાં ઝેર દેખાતી હશે

ઈશ્વર! અમે નહિ તો ભલે નહિ, પણ એમણે જે કાંઈ સહ્યું છે ને હજી સહી રહ્યા છે એ શું ઓછું છે! અમારી સામે ન જોતો. એની સામે જોજે, એમણે જે મૂલ્ય ચુકાવ્યાં છે તેનો હિસાબ મૂકજે, ને સત્વર આ વાતનું પ્રકરણ પૂરું કરજે.

સમાજ : સાહિત્ય : સંસ્કાર

માસિક નોંધ

હિંદી સંગીતનું સમ્યક્ દર્શન

કૌતુકપ્રેમીઓને મન હિંદ કેવળ જોગીઓ અને જાદુઈ દોરડાના ખેલ કરનારાઓનો દેશ છે રાજદ્વારીઓની દૃષ્ટિમાં હિંદ અસંખ્ય કોમો, વર્ગો તેમજ ભાષાઓનું ભંગાર-ઘર છે, સાચા સંસ્કૃતિભક્તોની નજરે હિંદ કલા, સાહિત્ય અને તત્ત્વજ્ઞાનની તપોભૂમિ છે એ ત્રીજી જમાતના એક પરદેશીએ, 'ફિરંગીઆ' નામના વિરલ ચિત્રપટમાં આ સૃષ્ટિની સર્જનલીલાને તાલ છંદબદ્ધ સંગીતની વાણીમાં રજૂ કરનાર ડૉ. સ્ટોકૉસ્કી નામના પોલેન્ડવાસી સંગીતદે હિન્દના સંગીતનો હિન્દમાં બે વાર જાતે આવી ઝીણવટથી અભ્યાસ કરી અભિપ્રાય ઉચ્ચાર્યો છે કે-

'હિન્દ ગયા પહેલાં હિંદી સંગીત પર કેટલીક ચોપડીઓ વાંચી હતી પણ પહેલા જ પરિચયે મને પ્રતીતિ કરાવી આપી કે હિંદી સંગીત મારા ગ્રંથ-વાચને એનો જે ખ્યાલ આપેલો તેના કરતાં ઘણું વધુ ગહન અને વિશ્વસંસ્કારિતાને માટે વધુ મહત્ત્વનું છે મારો એ સંગીતનો અભ્યાસ આગળ વધારવા હું ફરીવાર ત્યાં ગયો, અને મને ખાતરી થઈ છે કે એ એક સંગીત નથી પણ અનેક સંગીત-સંસ્કારોની મિલાવટમાંથી ઉદ્ભવેલ વસ્તુ છે એનું એક મહાન લક્ષણ તો મને એ લાગ્યું છે કે હિંદી સંગીત નિર્બંધ છે, અને નવા નવા ઘાટ ઘડી શકીએ તેવું મુલાયમ છે ભૂતકાળમાંથી ચાલી આવતી પરંપરાને ઉચિતપણે વફાદાર રહ્યા પછી પણ એ એવું મુક્ત રહે છે કે કલાકારની તમામ કલ્પનાશક્તિને એમાં રમવાનું મોકળું મેદાન મળે છે આ રીતે એ હમેશાં સર્જનાત્મક છે, અને યુરોપી દેશોમાં કેટલીક વાર બને છે તેમ કેવળ જે કંઈ લખાયું ને લિપિબદ્ધ બન્યું હોય તેના જ પુનરુચ્ચાર કર્યા કરવા પડે તેવું નથી રાત્રિ ને દિવસની અમુક ચોક્કસ વેળાઓએ અથવા તો વર્ષની અમુક અમુક ઋતુઓમાં પ્રકૃતિની પલટાતી માનવમનની અવસ્થાનું જ એમાં વિવિધ પ્રકારનું ઉચ્ચારણ થાય છે, એ એની સંવેદનશીલતાથી હું મુગ્ધ બન્યો છું

'એથી ય વધુ મનોહર તો મને આ લાગ્યું છે કે હિન્દી સંગીત એ હિન્દીજનોના એકેએક જીવન-પાસાની સાથે, ધાર્મિક માન્યતાઓની સાથે, વિશ્વલીલાની કલ્પનાની સાથે ગાઢ સંબંધ ધરાવનારું છે એ જીવનથી જુદું નથી, પણ લોકોની સર્વ ઊર્મિઓ અને વિચારો સાથે વણાઈ ગયું છે કેટલાક પાશ્ચાત્ય દેશોમાં સંગીતને એક કલા તરીકે જીવનથી અલિપ્ત અને નિરાળું ગણવામાં આવે છે આ સ્થિતિ હિંદમાં નથી ત્યાં તો સર્વ કલાઓ અને પ્રત્યેક જીવનસ્થિતિ સંકલિત બનીને એકબીજાને અજવાળી આપે છે, અને જીવન તો વ્યાપક છે એવા એક ભવ્ય ખ્યાલનું અંગ બની રહ્યું છે'

આટલું વિશદ દર્શન કરનાર આ પાશ્ચાત્ય સંગીતસ્વામી જે ઉચ્ચી વાત કહે છે તે વધુ મર્મની છે

'મને આશા છે કે ભવિષ્યમાં હિન્દનો હરએક પ્રદેશ અને પ્રત્યેક પ્રજાસમૂહ પોતપોતાના સંગીતનું શુદ્ધ ભેળસેળ વગરનું નિજસ્વરૂપ સાચવી રાખશે, પણ સાથે સાથે આ લાક્ષણિક પ્રાદેશિક સંગીત-સ્વરૂપોની વિભિન્નતામય લીલાની જોડાજોડ એક એવી સંગીત-વાણી સર્જાવશે કે જે સંયુક્ત હિંદનું સ્વરોચ્ચારણ બનશે'

એક અધિકારપ્રાપ્ત નારી બોલે છે ત્યારે—

સ્ત્રીઓ અને તેની સામાજિક સ્થિતિ, એ વિષય પર અધિકારી તેમજ અનધિકારી બન્ને જાતના માણસો બોલ્યા કરે છે પોપટીઆ કહેવાય તેવા કેગલાય ચવાણી વાક્યો વપરાય છે સ્ત્રીનો પક્ષ ને પુરુષનો પક્ષ, એમ બે પક્ષો-પક્ષો જ નહિ બલ્કે સામસામી છાવણીઓ પડી ગઈ છે આ પણ એક વિચિત્ર સમરાંગણ છે કારણ કે બેઉ શત્રુપક્ષો વાસ્તવમાં તો ભેગા જ, એક જ છાપરા નીચે વસે છે, ચોવીસે કલાક ઘસાઈને રહે છે, સાથે ખાય પીએ છે, પ્રણય કરે છે, સંતાનો ઇત્યાદિ રૂપે સ્નેહગાંઠો પણ ઊભી કરે છે તે છતાં અંદર ખાનેથી એક તુમુલ યુદ્ધ, જેને ખુનખાર કહી શકીએ તેવો સંગ્રામ-સંહારાત્મક સંગ્રામ ચાલી રહ્યો છે આ સંહાર અને સંગ્રામનું ભાન કોઈકોઈ વાર જ્યારે સાચું અધિકારપ્રાપ્ત આત્મજન કરાવે છે ત્યારે તે વિચારમાં નાખી દે છે અમદાવાદના વિકાસગૃહ વાળાંથી પુષ્પાબહેન એવાં અધિકારપ્રાપ્ત નારી છે કારણ કે અંગત જીવનમાં એ ઝેરના કટોરા પી પી પચાવી ગયેલાં છે, જાહેર જીવનમાં એ સતત સ્ત્રી-રક્ષક લડવૈયા છે, બીજાઓ જ્યારે હજારમો અંશ પણ આચર્યા વગર બોલે છે ત્યારે પુષ્પાબહેનને એની ભગીરથ સાધનાએ મૌનની શોભા સજાવી છે સ્ત્રીઓને પુસ્તકો રૂપે નહિ પણ સાપના ભારારૂપે એણે પોતાના શિરે ઉપાડેલ છે ગૃહિણી રૂપે એણે લાંબા વૈધવ્યને કુટુંબકંચાણમાં પરિવર્તિત કરી નાખ્યું છે એનામાં રહેલી જાહેર સ્ત્રીરક્ષિકાએ એના સાંસારિક માર્દવને મારી કે દબાવી નથી દીધું પતિકીના મંગલમયી, સગી જનેતા, સાવકી

માતા, ભાઇના રૂઝળી પરેલ કુટુંબની પાલિકા, વગેરે વિવિધ નારી–ધર્મોને ઉજાળનારી આ ગુજરાતણે જાહેર જીવનક્ષેત્રમાં સભાઓના માચડાઓ ખુરસીઓ જોયાં નથી, પણ જોઈ છે ફોજદારી અદાલતો, ગુંડાઓની જમાતો, ફસાયેલી અને ફસામણીનો વેશ કાઢી આવતી વિફરેલી સ્ત્રીઓનાં વૃંદો; અવળચંડાઇઓ, ભીરુતાઓ, ભયંકરતાઓ, કૈં કૈં જોયાં છે ને અનુભવ્યાં છે. દરીફ વટાળ–અખાડાના મુકાબલા કર્યા છે, પુરુષોની સાથે રહી કામ કર્યું છે, સહકાર્યકરોને નારીસન્માનની ઉન્નત ભાવના પોતાનાં શીલ વડે પિવાડે છે. એ તો 'એરૂમાં આથડનારી' બાઈ છે, એના હાથમાં આવેલા સ્ત્રીઓના કિસ્સાઓ જો કોઇક દિવસ લખાશે તો એનો મહાગ્રંથ બનશે; ને એ ગ્રંથમાંથી આપણે સ્ત્રીપુરુષ–સંસારની સમસ્યાઓનો અંતરતમ ઇતિહાસ મેળવી શકશું.

સ્ત્રીસ્વાતંત્ર્યની વાતો કરનારા શિક્ષિતો

એવી અનુભવસિદ્ધ નારી જ્યારે બોલે ત્યારે એના બોલ વિચારપાત્ર બને. તાજેતરમાં એણે જબાન ખોલી હતી. ટોળાંની બનેલી સભા સામે નહિ પણ ગુજરાતના કાર્યકરો બનવાના કોડધારી થોડાક ભાઈઓ બહેનોના નાના વૃંદ પાસે–ચાંગાના ગ્રીષ્મ–વર્ગની અંદર. બે વ્યાખ્યાનો એણે આપ્યાં–એમાં એણે આપણા કાર્યકરો અને ભણેલાઓ વિશે જે કહ્યું તે પહેલું ધ્યાન ખેંચે છે.

'આપણા કાર્યકરો ખુબ સુંદર ને ભાવના ઉશ્કેરે તેવાં મોટાં વ્યાખ્યાનો આપે છે, સ્ત્રી ઉન્નતિની વાતો પણ કરે છે, પરંતુ પોતાની સ્ત્રી પોતાના ઘરની બહાર નીકળે એનો કદી ચોકસ ખ્યાલ કરતા નથી

'આજે સ્ત્રીસ્વાતંત્ર્યની વાતો કહેનારા ઘરે જઈ મા પાસે છણકા કરે છે, બહેનને દબડાવે છે અને સ્ત્રીને મારવા સુધી પણ જાય છે.

ભણેલાઓએ દબાવેલી

બીજું કોઈ બોલ્યું હોત તો અત્યુક્તિ માનત; પણ પુષ્પા બહેનની વાણી નિરાધાર નહિ ગણી શકાય. ઘણું કરીને તો ભણેલાં વિશે આવું કહેનાર એ પહેલાં જ છે–

'અભણ કરતાં આ બધી બાબતોમાં આજે તો ભણેલા વધારે આગળ વધેલા છે. પહેલાં તો અભણ પુરુષોમાં સ્ત્રીઓ પોતાને પિયર જઈ શકતી, દેવમંદિરે કે નદીએ ધાર્મિક વાર તહેવારે કે કથાકીર્તન પ્રસંગે જઇ આવતી. પરંતુ ભણેલાઓ કહે છે કે અમે એમાં માનતા નથી, તું તારા બાપને ત્યાં જાય તો મને અહીં એકલાને ગમે નહિ. આજે પુરુષ એ બધું ચલાવવા તૈયાર નથી. એ અપંગ બન્યો છે, પરિણામે સ્ત્રીને દબાયલા રહેવું પડે છે.'

આમ શા માટે? પુષ્પાબહેન કારણ બતાવે છે કે 'દાક્તર, એન્જીનીઅર વગેરે થવું હોય તો તે માટે વર્ષો સુધી અભ્યાસ કરી તાલીમ લેવી પડે છે, પણ લગ્ન જેવી જવાબદારીનો અભ્યાસ, તાલીમ મળતી નથી. એ તાલીમ લીધે જ છૂટકો છે.'

નીચલી કોમોમાં આર્થિક સ્વાતંત્ર્ય

ભણેલી બહેનોને ગળે પુષ્પાબહેનનો ઘુંટડો ઊતરશે ખરો? લગ્નની જવાબદારીઓની કલ્પના તેમને છે ખરી? ને હોય તો યે તેઓ તાલીમ જેવી કોઈ જરૂરીઆત સમજે છે? નહિ. પુષ્પાબહેન બીજી એક સરખામણી મૂકે છે—

'આજે તો કહેવાતી ઉચ્ચ કોમો કરતાં નીચલી કોમની સ્ત્રીઓ વધુ સ્વતંત્ર છે, કારણ કે એ આર્થિક સ્વતંત્રતા ભોગવે છે–ઉપલા વર્ગની સ્ત્રીઓમાંથી એ શક્તિ ચાલી ગઈ છે. એ ફક્ત પુરુષ ઉપર જ જીવનારાં બન્યાં છે. પુરુષને માથે જ એ રીતે બધો ભાર છે.'

જેને માથે બધો જ નિર્વાહભાર છે, તે પુરુષને પક્ષે પણ કંઈક કહેવા જેવું છે. નિર્વાહભારમાં ભાગ લેનારી કે આર્થિક સ્વતંત્રતાની શક્તિ ન દાખવનારી નારી એટલું તો જરૂર કરી શકે—ખોટા ખરચા ઓછા કરી શકે. કપડાં ઘરેણાંની દેખાદેખી પ્રેરિત તકલાદી મોહકતાને દૂર કરી શકે.

સ્ત્રીનું કામ હલકું ગણાય

પુષ્પાબહેન કહે છે કે 'સ્ત્રીનું કામ હલકું મનાય છે. એ કરતાં પુરુષને શરમ આવે છે.'

અરે બાપુ! સ્ત્રીકામ કરતાં ખુદ સ્ત્રીઓને જ શરમ આવે છે તેનું શું કરીશું? કરવા જેવી વાત અમને વર્ષોથી એક આ લાગી છે, કે ઘરમાં ઝાડુ કાઢવાનું, વાસણ માંજવાનું, રસોઈ કરવાનું, દળવા ભરડવાનું, એ દરેક કાર્ય છોકરા ને છોકરીઓને બેઉને બાલ્યાવસ્થાથી જ સોંપવું અને ટેવ પડાવવી. પોતાનું કામ તો હલકું છે એવો મૂર્ખ ભાવ સ્ત્રીઓના જ મનમાંથી કઢાવવા જરૂર છે. શ્રી પુષ્પાબહેને છોકરા છોકરી બેઉને ગૃહિણીજ્ઞાન શીખવવાનું કહ્યું છે તે બરાબર છે.

એક પર બીજીના પ્રશ્ન

પુષ્પાબહેન 'એક ઉપર બીજી સ્ત્રી કરનાર યુવાનો'ની વાત કરે છે, પણ એક ઉપર બીજી આવનાર સ્ત્રીને કેમ ભૂલી જવાય છે? એ સ્ત્રીને સમાજ આ ઘાતકી કુકર્મ કરવાને વળતે જ દહાડે પોતાના શિર પર કેમ પ્રતિષ્ઠિત કરે છે? સ્ત્રીસમાજના મુખરૂપ મનાતા અગ્રણી નારીસમૂહમાંથી પણ આવા કિસ્સાઓ બનવા ટાણે કળકળાટભર્યો અવાજ નીકળતો નથી ફક્ત

કાયદાને જ બદલવાનું કહેવાય છે—ત્યાં પણ પુરુષ કાયદો ઘડનાર હોઈ તેને ઝુડાય છે. પણ કાયદાના પ્રતિબંધથી શું વળશે ? સ્ત્રીસમાજ પોતે જ જો કર્તવ્યભ્રષ્ટ બનશે તો નવા કાયદામાં યે એને તો ગડકબારીઓ મળી રહેશે.

શિક્ષણ–સંસ્થામાં પુરુષનો ભય

કેળવાયેલા કે કેળવણી લેતા પુરુષો સ્ત્રીસમાજને કેવા ભયરૂપ બની રહ્યા છે એ બતાવતી સ્થિતિ પ્રત્યે પુષ્પાબહેન શાળા કૉલેજોમાં આંગળી ચિંધે છે. ત્યાં સાથે અભ્યાસ કરતી છોકરીઓને વર્ગ પૂરો થતા પહેલાં અથવા તો માસ્તરો પ્રોફેસરોની સાથે ચાલ્યા જવું પડે છે પણ આનું કારણ એકલા છોકરાની જ વિકૃતિ નથી, કેળવણી જો વિકૃત કરનારી છે તો તે બેઉને કરે છે. છોકરીઓ પોતાના માનમાં રહે છે ખરી ? છોકરાઓની ચેષ્ટાઓની ગલીપચીથી એ પર છે ખરી ? મોટી ઉમ્મર પછી મિશ્ર વર્ગોમાં ભણવા જનારી કન્યાઓમાં, ખેતરોમાં કે કારખાનામાં મિશ્ર કામગરી કરતી લોકકન્યાઓ જેટલું હૈવત કેમ નથી ? મોટી વયે મિશ્ર શિક્ષણના ઔચિત્યાનૌચિત્ય વિશે પણ વેળાસર વિચાર કરવો રહે છે. પ્રકૃતિના સ્વાભાવિક પંથ પર જબરદસ્તી વાપરવા જેવું શું નથી થતું ?

કાર્યકર બહેનો ને પુરુષો

ફક્કડ એક વાત તો પુષ્પાબહેન તે પછી કહી છે.

'એક દિવસ કેટલાક કાર્યકર ભાઈઓએ મને એક જગ્યાએ બોલાવેલી, હું ત્યાં ગઈ, આખો દિવસ રહી, અને મને બધા ભાઈઓ વચ્ચે જ રાખી બહેનો પાસે લઈ જ ન ગયા, બીજે દિવસે પોતે કહ્યું છતાં ઓઓ પાસે ન લઈ ગયા ' ને પુષ્પા બહેને મર્મની વાત કહી કે ' જો કાર્યકર બહેનોને બીજી બહેનો પાસે ન લઈ જવાય ન ન ઓળખાવાય તો પાછળથી તેઓ વાતો કરે કે ' એમને તો બધું ચાલે '

આ બાબતમાં પુષ્પા બહેનના દુઃખદ અનુભવની એક પૂર્વભૂમિકા અમારે રજુ કરવી પડે છે. શિક્ષિત સ્ત્રીઓ પોતે પુરુષોની સાથે જ્યાં જાય ત્યાં પુરુષોની વચ્ચે જ રહેવું પસંદ કરે છે, ઘરોની અંદર ભરાયેલી સ્ત્રીઓ જોડે રહેવું જમવું કે સૂવું તો દૂર રહ્યું પણ બે ઘડી વાતો કરવી પણ તેમને ગમતી નથી જવું પડે તો પણ જરીક ડોકિયું કરી આવે, ઝટ ઝટ થોડી સુધરેલી શિખામણો વેરી આવે, થોડો તેજોવધ કરી આવે, તુરત જ બહાર પુરુષ-મિત્રોની વચ્ચે આવીને બેસે, વાતો કરે, ચર્ચાએ ચડે, પથારી પણ ઘરની સ્ત્રીઓથી તો વેગળી જ કરાવે. આ દશા અમે ઠેરઠેર દીઠી છે. નવી સ્ત્રીઓને જૂના જમાનાની સ્ત્રીઓની વચ્ચે થોડી વારના ઉપદેશક બનવા ઉપરાંત બધુ કડવુ ઝેર લાગે છે. અને એ ઘરનાં બૈરાંને શરમીંદી સ્થિતિમાં મૂકશે અગર તો ઘરનાં બૈરાંની પછાત દશા જોઈ જશે તો કેવું લજ્જાસ્પદ થશે એ બીકે જ પુરુષો અંદર ન લઈ જતા હોય તો એ સંભવિત છે.

પ્રસૂતિ ટાણે તબીબી સારવાર

પ્રસૂતિની ચીસો પાડતી એક ગામડાની સ્ત્રી, સ્ત્રીદાકતરની ત્યાં સગવડ ન હોઇને, અને પુરુષ દાકતરોને બોલાવવાની ઘરના પુરુષોની ઇચ્છા ન હોઇને બાઇ મરી ગઈ એ કિસ્સો શ્રી પુષ્પા બહેન પંચમહાલમાંથી ટાંકે છે. એવો શરમ રાખનારો વર્ગ મોટો હશે. પણ અમારી બાજુ તો પ્રસૂતિ ટાણે દાકતરોને લઈ જાય છે, પ્રસૂતિ પુરુષ-દાકતરોને હાથે કરાવે છે—ને એક બીજી દૃષ્ટિએ જોઇએ તો તો, નૈતિક જીવનમાં નાલાયક એવી કેટલીક નર્સોના કરતાં તો પુરુષ દાકતરને હાથે પ્રસૂતિ કરાવવી એ શું ખોટું છે ! નારીનું શરીર દર્દીની સ્થિતિમાં હોય ત્યારે તો એ નથી નારીનો દેહ કે નથી પુરુષનો. એ તો છે દર્દીનો દેહ મુએલી સ્ત્રીને ચિતા પર સુવાડનારા પુરુષો જ હોય છે. મૃત્યુના મોંમાં પડેલ નારીને માટે એના દેહની એબ ઢાંકવાનો પ્રશ્ન તો કનિષ્ઠ છે, નકામો છે, મૂર્ખાઈભર્યો છે. સર્વોપરિ પ્રશ્ન તો એને બચાવી લેવાનો છે—નીતિનો ને એબ–રક્ષાનો પ્રશ્ન એ હોય તો પણ સ્ત્રી દાક્તર અથવા નર્સના હાથમાં એ દેહને ચુંથાવવાથી કઈ એબ જળવાઈ જાય છે ! પુષ્પાબહેનનો આ દાખલો સચોટ છે. માનવ–દેહની કટોકટ અવસ્થા ટાણે તબીબી ઉપચાર કરવામાં સ્ત્રી કે પુરુષ દાક્તરના ભેદ પાડીને બેઠા રહેવું, અમૂલો સ્ત્રીદેહ ખોઈ બેસવો, એ જેમ ઘાતકીપણાની પરાકાષ્ટા છે તેમ નરની પોતાની સ્થિતિનું જ નખોદ વાળનાર મનોદશા છે.

સ્ત્રીને પંપાળવાનો પ્રશ્ન

શ્રી પુષ્પાબહેનનું છેવટનું કથન પણ બરાબર મર્મસ્થળને આંટે તેવું છે. જરીક કંઈક થાય તો હિસ્ટીરીઆ આવે, ચીસો નાખે, એવી સ્ત્રીસમાજની નમાલી મનોદશા પર એ પ્રહાર કરે છે. આમાં પણ જોશું તો આ પોપલાઈ ને આ વેવલાઈ શિક્ષિતોએ વધુ પ્રમાણમાં કેળવી છે, ઇરાદાપૂર્વક એક શોભા રૂપે ધારણ કરી છે—કહેવાતી સુકુમારતાના એક અંશ લેખે. વાતવાતમાં ચીસ પાડી ઊઠવું, ચીતરી ચડાવવી, સૂગ બતાવવી, ગમા અણગમાની પ્રકટ જોરદાર ચેષ્ટા કરવી, એ તો નિત્યનું દૃશ્ય બની રહ્યું છે. શ્રી પુષ્પાબહેન

આવી સ્ત્રીઓને નિર્ભય થવાનું કહે છે, અને એના પુરુષોને આગળ નીકળવા ઉદ્બોધન કરે છે કે—

'સ્ત્રીને પંપાળવાની વાત છોડવી પડશે. સ્ત્રી રડે એટલે પુરુષ હારી જાય એ બરાબર નથી. એ રડે એથી વમે ન ડરો.'

પણ જોજો હો કે, ભાઈસાહેબ, પછી આ પોચટવેડાને ન ગણકારનાર પુરુષની કઠોરતા ન ગવાય.

શ્રી. પાઠક-હીરાબહેન લગ્ન

ગુજરાતના સુપ્રસિદ્ધ સાહિત્યકાર, સુનંદા પ્રાધ્યાપક અને જાહેર જીવનના એક સંસ્કારઅગ્રણી શ્રી. રામનારાયણ પાઠકે શ્રી હીરાબેન મહેતા નામનાં મુંબઈની કર્વે કોલેજનાં પ્રાધ્યાપિકા જોડે લગ્ન કર્યાં છે. લગ્ન એ મહદંશે વ્યક્તિગત અને અંગત વસ્તુ હોવાની માન્યતા છે, છતાં અમુક સંજોગોમાં અને વત્તાઓછા પ્રમાણમાં દરેક સંભાવિત વ્યક્તિનું લગ્ન એ જાહેર ઘટના મનાય છે. વિચારકો તરીકે, વાણીના ઉપાસકો તરીકે અને શિક્ષકો તરીકે જે વ્યક્તિઓ સમાજનું નીતિ-નિર્માણ કરવામાં રોકાયેલા છે તેમનાં નાનાં મોટાં તમામ આચરણો સમાજને અસરકર્તા છે. શ્રી. પાઠકનું આ લગ્ન એ પ્રકારે જવાબદાર વ્યક્તિનું લગ્ન છે. માટે એની પણ જાહેર તુલના થવા સંભવ છે. છાપાંમાં જે થોડી ટીકા આવી છે તેમાં પણ પરણનાર બન્નેની વય વચ્ચેનું વૈષમ્ય નિર્દેશવામાં આવ્યું છે. એટલે સ્વસ્થ ચિત્તે આ લગ્નના સંજોગો તોળીએ તો તે ભાવિ ટીકાને માટે ઉપકારક છે.

શ્રી પાઠક અઠાવીસ વર્ષોથી વિધુર હતા—એમની રસિકતા ને સાહિત્ય-સર્જકતા જોતાં એમની વિધુરાવસ્થા એક તપ સમાન હતી. આજે ૫૮ વર્ષે ફરી પરણવું પડે છે, એ એમની માનસિક જરૂરીઆત બતાવે છે. આજ મનુષ્યને એકલતા જ્યારે મૃત્યુ જેવી બને છે ત્યારે જ એ લગ્નનું શરણ શોધે છે. ૫૦ વર્ષ પછીની નિરાધારતા ન કહી જાય તેવી વસમી હોય છે માનવ-જીવનમાં. એને મિત્ર અને સાથી જોઈએ છે, એ આધાર માગે છે.

છતાં એવી નિરાધારતાને ટાળવા જતાં પુરુષ કોઈ યુવાન નારીનો ભવ બગાડી બેસે એ તો સમાજ સહી શકે નહિ. શ્રી પાઠકે પોતાની યા તો પારકી કોમમાંથી કોઈ કન્યાને ખરીદી નથી, કોઈ માબાપને ભોળવી, ભૂલાવી, ફોસલાવી પટાવી કુમળી કન્યા આણી નથી. તેમ નથી કોઈ વિલાસ-ભૂખી યુવતીને મહેલાતો મોટરો કે તીજોરીનાં પ્રલોભને આકર્ષી આણી.

મૈત્રીનું રૂપાન્તર

શ્રી પાઠક જેને પરણેલ છે તે હીરા બહેન એમનાં લાંબા કાળનાં મિત્ર છે. બેઉએ વર્ષો સુધી પરસ્પરને ચકાસેલ છે, બેઉનાં દિલ મળેલ છે. બેઉની વચ્ચે વયનું અંતર મોટું છે છતાં બૌદ્ધિક જીવનમાં બેઉ ગાઢ સહવાસી છે. બેઉએ નિર્બંધ સ્વેચ્છાથી પોતાનાં જીવન જોડયાં છે. યૌવન, રૂપ અને શરીરથી ભિન્ન એવી બીજી જીવન-સંપત્તિઓ પણ આસક્તિને જન્માવનારી હોય છે. બૌદ્ધિક અને સાહિત્યિક માર્ગના બે સહયાત્રિકો વધુ નિકટતા અનુભવીને લગ્નમાં પ્રવેશે તે સહજ છે. તેઓ બન્ને મિત્રો બની રહ્યાં ત્યાં સુધી કશું અનુચિત ન જોનાર સમાજ એ જ મૈત્રીના આવા નિરપવાદ રૂપાન્તરને શાને નિંદે ? અમારી દૃષ્ટિએ તો બેઉએ પોતાની જવાબદારી પર સચ્ચાઈની મોહર ચાંપી છે ને સમાજને ચિંતામુક્ત કર્યો છે.

ગુરુ-શિષ્યાનો સંબંધ-બાધ

શિષ્યા અને ગુરુ વચ્ચેની સ્નેહ-મમતા લગ્નમાં ન પરિણમવી જોઈએ એવી એક મર્યાદાને કેટલાક સંભાવિત જનો ગણાવે છે. કારણ કે નહિ તો કન્યાની શાળાઓની સલામતી નથી. આ લગ્નના સમાચારમાં એવું નિર્દેશાયું છે કે શ્રી પાઠક જ્યારે કર્વે કોલેજમાં પ્રાધ્યાપક હતા ત્યારે શ્રી હીરાબહેન વિદ્યાર્થિની હતાં. પણ એ તો નવેક વર્ષ પૂર્વેની વાત છે. બેશક મૈત્રીનાં બીજ તે કાળે રોપાયાં હશે. પણ લગ્ન તો વિદ્યાર્થી-અવસ્થા વીત્યા પછી ઘણે વર્ષે થાય છે.

સમાજના શ્રેયને અર્થે ગુરુ-શિષ્યા વચ્ચેની મર્યાદાની કડકાઈ જેટલા બને તેટલા આગ્રહથી પળાય તે જેમ એક મત છે, તેમ બીજે પક્ષે આપણે ત્યાં જ્ઞાતિઓ, ગ્રામ-મંડળો અને કુટુંબોની સંસ્થાઓ તૂટવાને પરિણામે લગ્નની પસંદગીનાં વર્તુલો બહુ નાનાં બન્યાં છે. ત્યારે શિક્ષણની સંસ્થાઓ આવાં વર્તુલોની ગરજ સારે છે, અને એવાં સ્થાનોમાં શિક્ષક અને શિષ્યા, બન્ને જો અવિવાહિત હોય, બૌદ્ધિક સહચારમાંથી પરિણમતી સુહૃદતામાં પ્રવેશ્યાં હોય, બીજી એકેય જાતનું વૈષમ્ય તેઓ વચ્ચે ન હોય, તો પણ શું અમુક રૂઢિને પકડી રાખવી ? એનો એક કિસ્સો યાદ આવે છે. રાષ્ટ્રીય સંસ્થા હતી. શિક્ષક યુવાન, અપરિણિત, સંસ્કારી, સ્વસ્થ સશક્ત અને સંયમી હતા, શિષ્યા પણ સર્વગુણસંપન્ન હતી. વયનું વૈષમ્ય નહોતું. લગ્નની ઈચ્છા પ્રગટી. સંકલ્પ જાહેર કર્યો. પણ સંસ્થાના સંચાલકોએ કેવળ પેલો આગ્રહ પકડ્યો. લગ્ન રુંધ્યું, શિક્ષકને બીજે પરણવાની

પતાની વેચાતું નથુ જાણ્યાના ભાવ બગડયા

પ્રાધ્યાપકના ગુણોની ગણના

રાજકોટની ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજમા પાંચ વર્ષ ભણાવીને મુબઈની સેંટ ઝેવીઅર કોલેજમાં જોડાવા જતા પ્રાધ્યાપક શ્રી મનસુખલાલ ઝવેરીને રાજકોટની પ્રજાએ રાજકોટ સાહિત્યસભાને ઉપક્રમે વિદાયમાનની સભા મેળવી અંજલિ આપી. એમની અધ્યાપનશક્તિને, નિરૂપણ પદ્ધતિને, વિદ્યાર્થીઓ પરના પ્રેમને, શિસ્તપાલનની કુનેહને, વિદ્યાનુરક્તિને, નિખાલસતાને ને સરલતાને યાદ કર્યા

જનતા કૃતજ્ઞ છે પોતાના બાળકોને પ્રેમથી ભણાવનાર શિક્ષકોનો ગુણ વીસરતી નથી પણ આજકાલ પ્રાધ્યાપકોની પેઢીમાંથી વિદ્યા અને વિદ્યાર્થીઓ પ્રત્યેનો પ્રેમ ઓસરતો ચાલ્યો છે યુનિવર્સીટીમા પ્રવર્તતી પક્ષાપક્ષી અને સામસામા મંડળોની મેલી સ્પર્ધા, સ્થાનિક કોલેજોમા પૈસાની ખટપટ અહમહમિકાઓ ખુદ શિક્ષકોમાં જ વિદ્યાનુરક્તિ પોષી ન શકે તેવી સાધનોની ને વાતાવરણની કંગાલીઅત, વિદ્યાર્થીઓની ચોક્કરતા બાજોનાં બૃહત્તર ખટપટોના ઝાળાં એ બધા શિક્ષકો–શિષ્યોના વાતાવરણને એવુ તો ગુગળાવી રહેલ છે, કે જ્ઞાનના અરવા રાશિ સમા પ્રાધ્યાપકો આજ દીઠામા આવતા નથી

મેટ્રીક પરીક્ષાનુ પરિણામ

મેટ્રીકની છેલ્લી પરીક્ષાનુ પરિણામ તેત્રીશ જ ટકા આવતા પુષ્કળ પોકાર ઊઠયો છે અને કૈક કારણો કંપાય છે વસ્તુત આગલાં વર્ષોમાં ચાલેલા સડા પર છેતુ જે નસ્તરકામ થયુ, તેના પરિણામે આ વખતના પરીક્ષકો ને મોડરેટરો વધુ કડક રહ્યા જણાય છે એમની ભેગી બીજાનો પણ ભોગ વિદ્યાર્થીઓ બન્યા લાગે છે અને હજુ પણ હાઇસ્કુલોની પ્રીલીમીનેરી પરીક્ષાઓમાં ચોરીનુ પ્રમાણ, લાગવગનું તત્ત્વ શિક્ષકોનુ શીખવવામા શૈથિલ્ય અને શીખવવામા કળાનો અભાવ ઘર ઘાલી બેઠાં છે તેને કારણે પણ પાવરધા વિદ્યાર્થીઓનુ પ્રમાણ ઓછુ રહે છે બાકી અમુક સખ્યાથી વધુને પાસ ન કરવા એવી કોઇ મર્યાદા મુકાયાનુ તો મનાતું નથી

યુનિ. માં પાછા પેસવાના પ્રયાગો

પરીક્ષામા સામસામા પોતપોતાની લાગવગવાળા વિદ્યાર્થીઓના નબરો આપવાનો અને બીજી કેટલીક ઘાલમેલો કરવાનો સડો યુનિ મા પકડાયો, કેટલાએક મોડરેટર પરીક્ષક સદાને માટે રદ થયા, એક પ્રાધ્યાપકનો સરકારી ઈકામ પણ પાછો ખેચાયો, ને કેટલીક વ્યક્તિઓ ચાલાકી કરીને છૂટી ગઈ આ શરમજનક પ્રકરણ પર હજુ પડદો પડયો નથી એક બે વ્યક્તિઓના કિસ્સા તપાસ નીચે છે તેમ છતાં રદ થયેલ વ્યક્તિઓમાંથી જ નવી ચુટણીમાં ઊભવાના, અને ગુજરાતી વિરુદ્ધ મહારાષ્ટ્રીના લૂતનો આશરો લઈ પાછા પેસવાના પ્રયત્નો ચાલે છે એ જાણી શોક થયો છે શરમ ઉપજે છે

પ્રકાશનોની મફત માગણી

કસ્તુરબા ટ્રસ્ટના સચાલકોએ પોતાને મુબઈના સિંધીઆ હાઉસમા એક ગ્રથાલય કાઢવુ છે તેમાં વસાવવા માટે પ્રકાશકો પાસેથી સાહિત્યના, કળાનાં, તેમજ અન્ય શિક્ષણાત્મક પ્રકાશનોની નમ્લો ભેટ માગી છે અને કારણ એવુ બતાવ્યુ છે કે 'દેખીતુ છે કે એની કીમત આ સસ્થા ખરચી શકે નહિ'

શુ દેખીતુ છે? આ સસ્થા એટલે સવા કરોડની સ્વામી સસ્થા શુ ને ખરીદી શકે? એના ફક્ત નકશનો જ! બીજુ તો બધુ જ ખરીદી શકશે ખરુ ને? લાખો રૂપિયાના સાધનો વસાવશે, નહિ વસાવી શકે ફક્ત પુસ્તકો, ચ્યાકૃતિઓ, ને નકશાઓ!

સૌ કોઇને મફતીઆ માન ફક્ત એક પ્રકાશનોનો જ લાગે છે તેનું શુ કારણ? પ્રકાશકો તો બે પાના માંડ સરભર કરીને કુબના બચ્યા છે તેવા આ યુદ્ધકાળમા સૌનો કરોડો કામી ગ્યા તેમની કનેથી કાપના તાકા કેમ મફત માગતા નથી?

આવી ઉપહાસ્ય માગણીને ક્યારો લેખકો ને પ્રકાશકોએ જાહેર રીતે મળીને વખોડી કાઢવી જોઇએ અને દેશસેવા કરતી અનેક સસ્થાઓ તરફથી છાપા કે પુસ્તકો માટે હકને દાવે આવી પહોચતા તગાદાને સવિનય નકાર સભળાવી દેવો જોઇએ આ તો એક બાવો માગવા નીકળેલો અને બકાની પાસેથી રીંગણું મટકુ માગતો માગતો સોનીને હાટે જઈ ચડયો કહે કે 'આ ઘોડા પર સોનું જડી દે' એના જેવી આ વાત છે

હળવે હાથે અપહરણ

સરહદના પ્રદેશમાથી સ્ત્રીઓના હરણ કરી જનારા પઠાણો વિશે ઘણું સાભળીએ છીએ પરદેશી સોલ્જરોએ કલકત્તાના રાજમાર્ગમાથી સ્ત્રીઓને મોટરમાં નાખી ઉઠાવ્યાના દાખલા જાહેર છે ખ્રિસ્તી પઠાણ કોમોના પતિઓ સાસરિયાઓ પિયરવાસી ઓરતોને બળજોરીથી ધમડી ગયાના કિસ્સા રોજ બને છે પરંતુ કાઠિયાવાડના કંઇક જાગતા કહેવાતા રાજ્ય ભાવનગરમા, એના પાટનગરમાથી, એટલુ જ નહિ પણ એની પોલીસ સીનીટરી લાઇનોના લત્તા વચ્ચેથી, અરે ૫૦–૬૦

પોલીસો-પહેરેગીરો વડે ગાજતી એના પોલીસ-ઉપરીની કચેરીને ઉંબરેથી પ્રભાતના અગિયાર વાગે એક સ્ત્રીનું હળવે હાથે અપહરણ થયાનો જે કિસ્સો બન્યો છે તે એક કરતાં વધુ દૃષ્ટિએ આપણને વિચારમાં નાખે છે.

હકીકત આમ બની છે: બહેન નિર્મળા નામે એક બાળવિધવા બ્રાહ્મણ કન્યા છે. એનાં માબાપ આફ્રિકામાં છે. મોસાળ અમદાવાદ છે. બે ભાઈઓ છે, તે પણ અહીં છે. આ બાઈ નિર્મળાએ પોરબંદરના આર્યસમાજ કન્યાગુરુકુળમાં સ્નાતિકાપદ મેળવ્યું છે. ૨૨ વર્ષનું વય છે. એને એક રાજપૂત કોમના શિક્ષિત યુવાન કાર્યકર કાનજી ચૌહાણની સાથે લગ્ન કરવું હતું. લગ્નનો નિર્ણય કરતાં પહેલાં બેઉ પરસ્પરનાં સમાગમમાં આવ્યાં છે. સર્વ વાતે આ લગ્નનો નિર્ણય મુક્ત વાતાવરણમાં ને પુખ્ત વિચાર પછી દૃઢ થયો. તેઓએ 'સીવીલ મેરેજ'ની નોંધ પણ સરકારમાં કરાવી. પછી સહેજ મોડી પણ સગાંને ખબર તો આપી, મામા અને ભાઈઓને ખબર અપાયા. તેઓ બાઈ નિર્મળાને વારવા આવ્યા, જેને ઘેર નિર્મળા રહેતી હતી તે કાઠિયાવાડના કાર્યકર વજુભાઈ શાહે બાઈ નિર્મળાના વિચારને યથાશક્તિ ચકાસ્યો. સગાં આવ્યાં તેણે પણ બાઈને સમજાવટ અને ધમકી વડે તાવી જોઈ. ને છેવટે ભાવનગર રાજ્યના બ્રાહ્મણ પોલીસ ઉપરી શ્રી છેલશંકર દવેએ પણ બાઈને પોતાની કચેરીએ તેડાવી એના સગાંની સમક્ષ ચકાસી, 'બાઈનો ભાવ અફર છે એવું સ્વીકારી, સંતોષ પ્રદર્શિત કરી બાઈને વિદાય દીધી, પછી બાઈ કચેરીના ચોગાનમાં જાય છે કે તુરત, તૈયાર ઊભી રાખવામાં આવેલી એક મોટરગાડીમાં બેઠેલા બે જણાની મદદથી બાઈને બળજબરીથી ઉઠાવી, બાઈને રક્ષવા મથનાર વજુભાઈ શાહને ગડદાપાટુ માર મારી, બાઈને મોટરમાં નાખી તેના મામા ને ભાઈ ઉઠાવી ગયા. અને એ કામમાં એક બે પોલીસવાળાઓએ સક્રિય મદદ કરી, બાકીના ૪૦-૫૦ જણા શાંતિથી જોઈ રહ્યા, પોલીસ ઉપરીએ કચેરી બહાર આવવાની પણ તસ્દી ન લીધી ને બાઈનું અપહરણ પતી ગયા પછી 'શું થયું' 'શું થયું' એવા મૃદુ સવાલો કર્યા. આ લખાય છે ત્યારે આ બન્યાને નવ-દસ દિવસ થયા છે. અને સત્તાનાં ચક્રો, ખુદ મહારાજાના નિવાસનગરની અંદર, કેમ જાણે ઘીને ઘડે ઘી થઈ ગયું હોય તેવી અદાથી સ્થિર છે, ગતિશૂન્ય છે. જાણે બનેલું બધું જ ઉચિત છે. એક બામણીને-તે પણ રાંડીરાંડને !-પરકોમના માણસ સાથે કુંભીપાકમાં પડતી બચાવી લેવાઈ છે.

કહેવાય રહ્યું છે તે પ્રમાણે, આ બાઈને ઉઠાવી જવા માટે એના સગા પોલીસ ઉપરી પર ભલામણ લાવ્યા હતા તે સાચું હો કે ખોટું, આર્યસમાજની સંસ્થામાં ભણેલી એ બાઈને આના કરતાં કોઈ વધુ લાયકાતવાળા પુરુષ સાથે પરણતી જોવાની એક આર્યસમાજી સંસ્થાની જવાબદાર સ્ત્રીવ્યક્તિની ઇચ્છાએ આમાં ભાગ ભજવ્યો હોય કે ન હોય, છતાં કડીબંધ બની ગયેલા આ કિસ્સામાં બહાર પડેલી એક સુકુમાર બાઈ પ્રત્યેની હેવાનિયત પોતે જ શું પૂરતા તિરસ્કારને પાત્ર નથી ? પોલીસની શું આ કેવળ શિથિલતા જ છે ? સક્રિય મદદ નથી ?

ૐ

સંડોવાયલાને નસિહત કરાવો

ને બાઈ નિર્મળા ક્યાં છે ? જીવતી છે કે મુએલી ? સાંજતાજી છે કે મરણતોલ ? કોઈ બીજા હરીફને માટે ગોઠવાયેલું તો આ અપહરણ નથી ને ? કોઈ તપાસ કેમ નથી કરતું ? પોલીસને લ્યાનત આપ્યા પછી પણ કોઈ પ્રજાજનો, પ્રજાકિય સંસ્થાઓ, વ્યક્તિઓ, સ્ત્રીરક્ષકો, અનુકમ્પિતો, કોઈ કરતાં કોઈ કેમ ઉલ્કાપાત મચાવતાં નથી ? બાઈ નિર્મળા ભલે સલામત હો, પણ એક ગાય, બિલાડી કે કૂતરીની પણ આના જેવી વલે કરનારા પ્રત્યે આપણી આંખોમાં જે વેદના ટપકી પડે તે વેદનાના એક ટશીઆનો પણ કેમ આ કિસ્સામાં આપણા કોઈની આંખમાં પતો નથી ? વિરોધનો ફક્ત એક ઠરાવ ! ને તે પણ ભાવનગરનાં મુઠ્ઠીભર માણસો કરી નાખે ! બાકીના ભયથી હાજરી પણ ન આપે ! ત્યાં જ શું વાત અટકી શકે ? આ અપહરણમાં ભાગ લેનારાઓ, એની પ્રત્યે આંખમિંચામણાં કરનારાઓ, એનું કારસ્તાન ગોઠવી પણ આપનારાઓ, એ બધાં ભણેલાં હો કે અભણ, સત્તાસ્થાને હો કે નહિ, એને સખ્ત નસિહતે પહોંચાડવા સુધીની હદે જો ગુજરાત સમસ્તનો લોકમત જાગ્રત ન થાય તો અમને લાગે છે કે નારીસન્માન અને સ્ત્રીરક્ષાની ચાલી રહેલી વાતો થૂંકને તોલે છે.

પ્રથમ તો સૌ મળીને એ બાઈને યોગ્ય તટસ્થ સ્થાનમાં રજૂ કરાવો, પછી એના વિચારોમાં જો કોઈ ગાંધીવાળાએ વિષ રેડીને ને ભૂરકી નાખી એને ખુવાર કરવાનું પુરવાર થાય તો તે કરનારને ખુલ્લસ જાહેર તિરસ્કાર આપો, એ બાઈ ક્યાં પરણે ને ક્યાં નહિ તેની અમને પરવા નથી, પણ જે કાયદાના જ રક્ષકોએ કાયદાનું રક્ષણ આપવાને બદલે એ જીવતી બાઈના શરીરને ઉઠાઉગીરી જેવી ઉગ્ર ઠરાને હવાલે થવા દીધું છે તેમને તો જગત સમક્ષ

નૈતિક ન્યાયના તખ્ત સામે ખડા કરવા જ જોઈએ

ભાવનગરમાં ઉપરાઉપરી બનાવો

નવાઈની વાત છે કે આવા કિસ્સાઓનું લીલાસ્થાન હમણાં હમણાં ભાવનગર બન્યું છે, અને અણઘડતી ભલામણો લાગવગો ને સમજાવટોના સ્વાંગ પહેરી કામી ગમા અણગમાઓ વ્યક્તિજીવનના સ્વાતંત્ર્યમાં પણ હાથ નાખતા અને પોતાનો સિક્કો સર કરતા ઘૂમે છે. આ પૂર્વે એક હિંદુ શિક્ષિકા અને એક મુસ્લીમ વચ્ચેના લાંબા કાળથી ચાલતા અને સૌએ આંખમિચામણાં કરી નિભાવી લીધેલા પ્રેમે જ્યારે પોતાની ગુપ્તતા છોડી, પોતાની જવાબદારીને પીછી લગ્નમાં પરિણત થવા ઇચ્છ્યું હતું ત્યારે ખુદ ઇન્સાફની દેવડીએથી પણ એ કિસ્સાને પાછો વાળી રોળીટોળી નાખવામાં ભાવનગરની અમલદારશાહીએ ભાગ ભજવ્યો હતો. થોડા મહિના પૂર્વેની એક સમી સાંજે એક બહારવાળી બાઈને પણ આ રીતે જ ગાડીમાં નાખી લઈ જવા દેવામાં આવી હતી. રાજકુટુંબના એક નબીરા જોડે ગાઢ સંબંધમાં ગુંથાઈ ચૂકેલી (સર્વની જાણ હતી ને!) એક વિદેશણના મકાનમાંથી એને પિતા સાથે સિનેમા જોતી રાખી—પ્રણયનો પત્રવ્યવહાર સેરવી લેવાયો હતો. રાજકુટુંબના એક જુદા વિભાગમાં કોઈ ઘાયલ થયાને કારણે વગર વોરંટે પકડાયેલ એક માણસની મૂંઝવણ આપઘાતમાં પરિણમી હતી.

શંકાપાત્ર લાગતું હતું તો—

આવા વિશેષ કિસ્સા ટાંકી શકાય તેમ છે. એ કિસ્સામાં સંડોવાયેલ વ્યક્તિઓના ગુણદોષ વિશે બેશક ઘણું કહી શકાય. સમાજરચનાની ઉપર પડનાર અનિષ્ટ અત્યાઘાતોમાંથી ઊગરવા આવા કિસ્સા અટકે તે પણ ઇષ્ટ છે. પણ એવા કિસ્સાઓમાં કઢંગી સ્થિતિ થઈ ચૂક્યા પછી માત્ર એ સ્થિતિમાંથી અમુક વ્યક્તિઓને બચાવી લેવા ખાતર થઈને જ ઘરમેળે ગેરકાયદેસર જે કાંઈ કરવાનો તરંગ ઊપડે તે સ્વચ્છંદે થઈ શકે અને એ કરવામાં આશય સારો છે માટે કાયદો ને ઇન્સાફ તો માર્યા ફરે એવી મનોદશા પ્રવર્તી રહે છે, તે એક એવો મોટો અનર્થ છે કે જેનાં ફળ શાસિત પ્રજાને હરહમેશ ચાખવાં પડશે. 'અમુક બાઈ બ્રાહ્મણ છે, એનું ખવાસની સાથે લગ્ન અનુચિત છે, ને કાયદેસર એ લગ્ન રોકી શકાશે નહિ માટે કરાવો અપહરણ બાંધો પુરુષના ભારા—બ્રાહ્મણીને બચાવો!'—આવી મનોદશા સત્તાધીશોની હોય તો તે એટલી અનર્થકારી છે, કે એનાં વિષફળ દિવસે દિવસે ઉત્તરોત્તર એક પછી એક ઘણાને ભોગવવાં પડશે. આવા લગ્નના સંકલ્પ પાછળ થોડુંઘણું પણ જો શંકાસ્પદ તત્ત્વ લાગતું હોય પરણનાર સ્ત્રી ઠીક મુક્ત ઇચ્છાથી નહિ પણ અવિચારીપણે અગર તો કશીક સાપટમાં આવી ગઈ હોય તેથી પરણવા તત્પર થઈ લાગે, તો બહેતર હતું કે સત્તાધીશોએ એ બાઈને અમદાવાદના ન્યાયકર્તાઓ અને પોલીસ બેઉ મળી કાં વિકાસગૃહમાં ને કાં આશ્રમમાં અલગ વસાવી એને એનું મન સ્વચ્છ કરવાની તક આપે છે તે રીતે કરવું જોઈતું હતું.

છાનગપતિયાં ન કરવાં જોઈએ

વર્ણાન્તર લગ્નના, વિધવાલગ્નના અગર તો સ્નેહલગ્નના આવા કિસ્સાઓમાં પાછળથી સામાજિક ગૂંચો અને અણધાર્યા ઉત્પાતો પેદા થતા જોવાય છે તેનું એક કારણ એ પણ છે, કે લગ્ન કરનારાઓ લાગતાવળગતા નજીકના પક્ષોને વિશ્વાસમાં લઈને પછી પગલું ભરતા નથી. ઉપલા કિસ્સામાં જોઈએ તો અમને ખસૂસ કરીને લાગે છે કે બાઈ નિર્મળાએ અને એના ઉમેદવારે જો નિર્મળાના આફ્રિકાવાસી માતપિતાને પોતાના સંબંધની, સંકલ્પની, અને એના ઔચિત્યની પૂર્ણપણે જાણ કરીને સંમતિ મગાવી હોત તો તેઓના આશીર્વાદ મળત. કારણ કે જે માબાપે સેંકડો ગાઉ દૂર રહી પોતાની બાળવિધવા પુત્રીને હિંદમાં ઉચ્ચ અભ્યાસ કરવા મોકલી હશે તેમને એ પુત્રીના ભિન્ન લગ્નસંસારની નવેસર રચના કરવાની પણ નેમ હોવાનો સંભવ છે. ઉપરાંત જે સંસ્થાએ આપણને માવતર તરીકે નૈતિક જવાબદારી ધારણ કરીને સંઘરેલ હોય, તે સંસ્થા પ્રત્યે પણ આપણી કમમાં કમ આટલી તો ફરજ ખરી જ, કે પોતાના લગ્નનો સંકલ્પ એ સંસ્થાને જણાવી દેવો, એ સંસ્થાની સંમતિ ન હોય તો સંસ્થાથી સ્પષ્ટપણે છૂટા પડી જવું, અને સંસ્થા દોષપાત્ર ન રહે તેવી અદાથી માબાપને જાણ કરી દેવી. સામાજિક ઉત્પાતોને મચાવી મૂકે એવા આ લગ્નોની ગોઠવણ જેમ બને તેમ વિશેષ જાહેર રીતે, પ્રકાશમાં રહીને, સૌની જાણ વચ્ચે, પૂર્ણ ખામોશ અને હિંમતથી થવી જોઈએ ને એટલું કરવાની બેમાંથી એક ઉમેદવારમાં જો હામ ન હોય તો તેટલી હામ પ્રકટે ત્યાં સુધી વાટ જોવી જોઈએ. પોતાના સંકલ્પની વિશુદ્ધિની તેમજ શાણપની સૌને પ્રતીતિ કરવાના યત્નને અંતે જો નિષ્ફળતા મળે તો પછી બેશક એ લગ્ન સૌનો વિરોધ વહોરીને પણ કરવાનો ઉંમરલાયક પરણનારને અધિકાર છે. પણ પૂરતા પ્રકાશિતપણાને વાંકે આવા જે નાહકના વાવંટોળ ચડે છે તેથી આવું લગ્ન પોતે તો ડોળાઈ જઈ દુઃખમાં પરિણમે છે, ઉપરાંત એની સામાજિક અસરો ઘણી માઠી પડે છે

'ઘોડી અને ઘોડેસ્વાર'ના શિલ્પી

ટાંચણ-પોથીનાં થોડાં પાનાં • હપ્તો પાંચમો

ઝવેરચંદ મેઘાણી

ચીતળ ગામ પાસે ચગો છે. (નાગલિયો ને ચગલિયો =પથ્થરની દેરી)

આ ચગા પાસેથી જે છોકરાં નીકળે તે બબ્બે કાંકરા નાખતાં જાય. એ રીતે પાણાનો ગંજ થયો છે.

એકવાર એક કંટ્રાક્ટરે એ પાણા ભરાવ્યા, ને એનું ઘર બાંધ્યું. બાંધેલું ઘર થર ! થર ! થર ! કમ્પવા લાગ્યું.

એ સ્મારક વીસા ઉરનું છે. ભાવનગરના રાજા આતાભાઈ ચીતળ ઉપર કાઠીઓને જેર કરવા ચડયા ત્યારે ભગો ઉર નામનો માણસ લડેલો.

માથું પડયા પછી ધડ રાંપીથી લડયું. હાથની આંગળીઓ કપાઈ ગઈ, તો આંગળિયું ઊડી ઊડીને શત્રુઓના કપાળમાં લાગેલી.

રાંપીની પ્રાછટ બોલતી જાય—

એક ઘા ને ઢગલો.
એક ઘા ને બીજો ન માગે.
એક ઘા ને રામ રામ !
એક ઘા ને કારગતી.

ઉપલું ટાંચણ, એ પણ પેલા ચીતળ પાસેના પાણકાના ઢગલાની પેઠે, મારા ચારણ સ્નેહી સ્વ. ગગુભાઈ નીલા સનાળીવાળાનો ચગલો છે. મને ભેટ્યા ૧૯૨૫માં; ને તે પણ હડાળા દરબારશ્રી વાજસૂરવાળાના સૌજન્યથી. ગગુભાઈ, કાઠી દરબારોની જે કચેરીઓનું કંકણ, બીજે કયાંય જાય નહિ. લોકો કહેતા કે મોટો માણસ છે. પણ હડાળાના દરબારગઢમાં મેં ગગુભાઈને સાચા ઓળખ્યા. એક દિવસમાં તો દિલ દઈ દીધું: બેસતાં, સૂતાં, ખાતાંપીતાં, હરતાં ને ફરતાં ગગુભાઈની રસના રેલતી જ રહી. વાતો કહેતાં કહેતાં, વિરામે વિરામે, 'પછી તો ઝવેરભાઈ!' એ એમનો પ્રિય ટોકો.

ગળું જાડું, ગાવા જોગ નહિ: જાતે કદી રચતા નહોતા. વાતું કહ્યા જ કરતા. મેઘની ધારાઓ છૂટે તેમ વાગ્ધારા છૂટતી. શૌર્યની, દાતારવટીની, પ્રેમની, વૈરની ખાનદાનીની, મારવાડથી માંડી સોરઠના કૂબા નેહડા લગીની વાતો કહેતા, ને કહેતા કહેતા પોતે રોમાંચિત બનતા.

દરબારશ્રી વાજસૂરવાળા તો કહોપણુના દરિયાવ. કહે કે આ ગગુભાઈમાં અને લાઠીરાજ કલાપી પાસે જે એના કાકા માણસૂરભાઈ ગઢવી હતા તેમનામાં મોટો તફાવત. ગગુભાઈ પોતાના કથનની વીર કરુણ ઊર્મિઓમાં પોતે પણ ઘસડાઈ જાય છે. એ કલાકારની ન્યૂનતા છે. માણસૂરભાઈ વાતો માંડતા ત્યારે અમને શ્રોતાઓને વિવિધ રસે ઉલ્લસિત કરતા જતા, રડાવતા, હસાવતા, શૌર્યનો પાનો ચડાવતા, છતાં પોતે તો પૂર્ણ સ્વસ્થતાથી નિરૂપણ કરે જતા. ગળામાં રુદ્રાક્ષના પારાની મોટી એક માળા પહેરતા તેને હાથમાં ઝાલી, એકેક પારો ટપક ટપક પડતો મૂકતા જાય ને વાર્તાને આગળ ચલાવતા આવે. એ માળાના પારાની ગતિ સિવાય અન્ય કોઈ પણ ગતિ કે હલનચલન એ માણસૂરભાઈના વાર્તાકથનને ટાણે, કલાક બે કલાક કે ચાર કલાક થાય તો છતાં ય એના દેહમાં, અરે આંખમાં યે ચાલતી નહોતી. એવા પૂરા ને પાવરધા કલાકાર હતા માણસૂરભાઈ, કે જેના પરથી કલાપીએ 'ગોહિલ વીર હમીરજી' નામના પોતાના કાવ્યમાં 'ગઢવી'નું પાત્ર આલેખ્યું છે.

એ માણસૂરભાઈ, આ ગગુભાઈ, સનાળી ગામનું એ સમસ્ત નીલા શાખનું ચારણકુળ, એટલે કશીઆભાઈનો વસ્તાર. કશીઆભાઈ એટલે ઝુઝારુ ચારણ-કવિ. નાનો રઝળુ બાળક હતો ત્યારે નાથજી નામે એક સાધુએ પ્રસાદી રૂપે વિદ્યા આપી અને ઉર-કપાટ ઊઘડી ગયાં એવી એ ઘરની માન્યતા છે. ગગુભાઈનો ને મારો સંપર્ક પાંચ-સાત વર્ષ ટકયો. રાત્રિ અને દિવસ અમે ભેળા રહ્યા, ભેળાં ખાધાં ને પીધાં. રસધારની કૈંક વાતો, કૈંક દુચકા, બહારવટિયાના કૈંક કિસ્સા, એ ગગુભાઈની પ્રસાદી છે.

હું તો જોડાજોડ લોકગીતો ને ભજનો પણ ભેગાં કરતો. ઝમકદાર ડિંગળ-વાણીના ઉપાસક ચારણોને સુકુમાર સ્ત્રીગીતો, લોકગીતો પ્રત્યે જે હાંસીભર્યો અણગમો હોય છે, તે ગગુભાઈમાં ન મળે. હું કોઈક સ્ત્રીગીતને વિશે પૂછું, પોતાને આવડે નહિ, એટલે દીકરાને બોલાવે: 'કાનજી, આમ જો, ઝવેરભાઈને ફલાણું ગીત જોવે છે. હવેથી આપણે રસ્તે જે કોઈ મળે તેને, ઢેઢ મળે તો ઢેઢને ય ઊભો રાખી પૂછવું કે એલા ફલાણું ગીત

બોલ, એ બોલે એટલે આપણે લખી લેવું. સમજ્યો ને કાનજી? સમજાણું કારણ? દેહ મળે તો દેહને પણ પૂછવું ને આ ઝવેરભાઈને માટે ગીતો કઢાવવાં.

શેણી–વિજાણંદની વાત મેળવવા અને એ પ્રેમકથાની લીલાભૂમિ ગોરવીઆળી ગામ જોવા ગગુભાઈ મને સાથે લઈ ગયેલા. ત્યાં અમે ઓજત નદીનું નાનું ઝરણ જોયું–જે ઓજતને શેણીએ વીનવેલી કે—

> ચડ ટીંબા, ચડ ટીંબડી,
> ચડ ગુંદાળી ધાર;
> ઓજત! ઉછાળો લઈ
> વિજાણંદ પાછો વાળ.

ગુંદાળી ધાર તો મારા બાળપણાની પરિચિત. ગુંદાળી ધાર પર એક વાર નેસડું ઊભું હશે. આજે એ ધારી–ગુંદાળી ગામડું બન્યું છે. માલધારીને ઘેર મહી–માખણનો ધરાક કરવા માટે શહેરનો છોકરો, રજાએ રજાએ જતો. ગુંદાળી ધારની ઓથે ઊભેલો કોઠો હજુ યાદ છે. દીઠેલાં એ અર્થહીન સ્થળો શેણી–વિજાણંદની વારતા સાંપડ્યાં પછી પ્રણયનો મર્મ ધારણ કરીને અંતરમાં ગોઠવાઈ ગયાં છે.

❧

ગોરવીઆળીમાં જેને ઘેર ગયા હતા તે ચારણ શેણીના બાપ–ઘરનો વંશજ હતો. એના મનથી તો 'શેણી આઈ' એ કોઈ દેવી બની ગઈ હતી. ને દેવી-સ્થાને પ્રતિષ્ઠા પામેલ 'શેણી આઈ' એ તે કદી પ્રણયિની હોઈ શકે! શેણી ને વિજાણંદની પ્રણય–ઘટનાનો તો એણે સોઈ ઝટકીને ઇન્કાર કર્યો. 'આઈ અને પ્રણય, એ બે વચ્ચે એના મનમાં કોઈ સુસંગતિ નહોતી એમાં એને કુળપ્રતિષ્ઠાની હાનિ લાગતી હતી.

બાજરાના પોંકનો દૂધમાં ડાયેલો ભૂકો એ મારું ત્યાંની રાતનું વાળુ હતું. વળતાં માર્ગે માજેલીમાં બેઠાં બેઠાં ગગુભાઈએ એની ચિત્રાત્મક બાનીમાં, વિગતપૂર્ણ ચિતાર ખડો કરીને અંતર પર સદાને માટે છાપી નાખે તેવી શૈલીમાં જે એક કિસ્સો કહ્યો તે 'ઘોડી અને ઘોડેસ્વાર' નામની વાર્તારૂપે રસધાર ખંડ ત્રીજાના અગ્રપદે છે, ને મારી યાદદાસ્તમાં સાંગોપાંગ સમાઈ બેઠેલ છે. મેં જાણે નજરોનજર, સગી આંખે નિહાળેલ હોયની, તેવું છે એ શેત્રુંજીના આરા પરનું દૃશ્ય: એ પૂરના ઘુઘવાટ, એ ઘોડીનો જુવાન અસવાર, એ માફાળા ગાડા-માંથી બાળક સોતી ઊતરતી વાયે લહેરાતાં મશીરે શોભતી કાઠીઆણી, એ ત્રાપો, ત્રાપા પર કાઠીઆણીનું બેસવું, ત્રાપાનું નદી–પૂરમાં ખેંચાવું, મધવહેને એ ત્રાપાની રસી પર ચડી ચડ્યો આવતો નાગ, નિરાધાર ત્રાપાનું પૂરમાં ઘસડાવું, ઘોડીના અસવારનું પૂરમાં ઘોડી સહિત ખાબકવું, બાઈ–બાળકને બેલાડે લઈ લેવાની બહાદુરી, અને છેવટે ત્રીજી તળપે કાંઠા પર ચડી ગયેલી ઘોડીનું કમોત: રડતા અસવારે ઘોડીના શબ ઉપર પોતાનો રેંટો ઢાંક્યો હશે તે પણ નજરે તરવરે છે. ગગુભાઈની કથનશૈલીનો એ પ્રભાવ હતો.

❧

સાચા અને જૂઠા શૌર્યને સાથે વણીને ગગુભાઈ જે બનેલા બનાવો વર્ણવતા એ પણ લાક્ષણિક હતા. ટાંચણ–પાનું એવો એક કિસ્સો સંઘરી રહ્યું છે :—

ચીતળની શેખડિયો–કાઠીઓ વચ્ચેની લડાઈ વખતે એક કાઠીનો વાળંદ હતો. નામ સૂથો બાબ યુદ્ધની આગલી રાતે કાઠીઓ પંગતમાં વાળુ કરવા બેઠા સૂથે વાળંદ તાંબડી ફેરવતો દૂધ પીરસે છે કાઠીઓ એને કહે છે કે 'બાપે રેડયને! રેડયને દૂધ! લીલાછમ માથાં લઈને આવ્યા છયેં, ખબર છે ને?' (લીલાં માથાં લઈને મરવા આવ્યા છીએ)

'હા બાપ! લ્યો દૂધ લ્યો વધુ' એમ કહેતો સૂથો ખૂબ દૂધ પીરસે છે.

પછી લડાઈમાં કાઠીઓ ભાગ્યા—

> 'તગડ ઘોડે રોઝ ત્રાઠા
> 'રૂપડા કે' જુઓ કાઠા
> 'નોખનોખા લય નાઠા.'

(કાઠીઓએ ઘોડા ઘરબણી એવા તગડાવી મૂક્યા કે રોઝડાં જેવા અમુક પ્રાણી પણ બીને ભાગ્યા કાઠીનો આગેવાન રૂપો-વાળો કહે છે કે જોઈ લેજો આ કાઠીઓ વેરવિખેર નાઠા છે)

નાસતા કાઠીઓની આડે સૂથો વાળંદ તબડી લઈને ઊભો રહ્યો, કહે છે કે લ્યો બાપ પીતા જાવ દૂધ! લીલુડાં માથાં લઈને આવ્યા'તા!'

(ખિજાયેલા કાઠીઓ કહે કે 'એલા તું શી ઠિઠિયારી માંડે છે! તું શું મરવાનો છો!'

કહે કે 'હા, હા, હું કાઠિયો વાળંદ છું. હું કપાઈ મરીશ.'

એમ કહી તરવાર ખેંચી લડાઈમાં ઝીંકાણો ચીતળની બજા-રમાં લડયો ને મુઓ.

❧

ગગુભાઈ વિધવિધ સરદારોના ડાયરામાં બેસનાર, અને સ્વભાવે સારગ્રાહી, એટલે કેક ટુકડા કિસ્સા ભેગા કરે. કાદુ મકરાણીના બહારવટામાં શામિલ ચૌદ વર્ષના છોકરા ગુલમહમદ જમાદારની ભાળ એમણે મને આપેલી. કહેતા કે 'ઝવેરભાઈ! ગુલાબના ગોટા જેવો છે હો!' ને નીકર્યું પણ ગુલાબ જ. વાઘેરોના બહારવ-ટામાં 'હમ નૈ હટેગા!' એવી હાકલ કરીને ઊભા રહેનાર આરબ જુવાનની વાત પણ એણે કરેલી.

વર્ણનો પણ એનાં લાક્ષણિક હતાં. સિંહને આમ વર્ણવે:—

'ભૂહરી લટાળો, પોણા પોણા હાથની ઝાડું, થાળી થાળી જેવડા પંજા, સાડા અગિયાર હાથ લાંબો, ગોળા જેવડું માથું, ગેંડાની ઢાલ જેવડી છાતી, કોળીમાં આવે એવડી કડ, દોઢ વાંભનું પૂછડું, એનો ઝંડો માથે લઇને આવે ત્યારે વીશેક ભેંસુંની છાશ ફરતી હોય તેવી છાતી પોણા ગાંઉ માથેથી વગડતી આવે છે, ગજું ધુમવટા ખાતું આવે છે. પોણા પોણા શેરનો પાણો મોઢા આગળ ત્રણ ત્રણ નાડાવા ચોગણાટ કરતો આવે છે, ને જેની ઘડીએ પગની ખડતાલ મારે છે તેની ઘડીએ ત્રણેક આડાં ધૂડ ઊડે છે. ઘે! ઘે! ઘે! કરતો ધખીને આવ્યો. એક લા નાખી, બીજી લા, ને ત્રીજી લાએ તો ભુક્કા!'

સાંઢિયાને વર્ણવે ત્યારે—

'જમીં પર લા બળની જતી હોય એવા છબ્યા ન છબ્યા પગ માંડતો, ડીલને નિંડોળીને પંદરેક હાથ માથે ઝાંપ્ફ કરતો, ડોક અસ્વારના ખોળામાં નાખી દેતો, ત્રણેક ગાઉ માથે જાનો ને કણુંકે, તાળવું કાઢતો આવે......'

એક વાર આ વર્ણન મેં એક બહારવટિયાની વાતોમાં ઉત્સાહભેર વાપર્યું. વાત લઇ ગયો દરબારશ્રી વાજસુરવાળા પાસે વંચાવવા. વાંચીને એ કહે કે 'ભાઈ, બહારવટિયાનો સાંઢિયો કણુંકે નહિ. એ જો અવાજ કરે તો તો થઈ રહ્યું ના! મોત જ આવે ના!

મારી સાન ઠેકાણે આવી. ભભકદાર વર્ણનને તો એના યથારથાને જ મૂકી શકાય એ ભાન થયું.

ગગુભાઇની વાતચીતોમાં થોકબંધ ભાવપ્રતીકોવાળાં વાક્યો આવતાં તેનું હું ભણતર ભણતો. કોઈ અનુચિત કર્મ કરનારને માટે—

'અરે ભાઈ, કબરમાં કાંટા શું કામ નાખછ?' એટલે કે મૃત્યુને અગાઉથી શીદ બગાડે છે? એની સમજાવટ કરતા પાછા કિસ્સો કહે કે જુનાગઢના નવાબ મોહબ્બતખાનજી રોજ પોતાની પોતાને માટે તૈયાર રખાયેલી કબર પાસે જઇને કહેતા કે 'માઈ! મેં જબ આઉં તબ મેરી નજર રખનાં હો!'

એકલિયા બહારવટિયા માટે કહે કે 'એકલિયો તો કાઢેલી તરવાર હતો.'

કોઈક વાર્તા-પાત્ર વિશે કહે કે—

'મારા ધણીના મારનારનું માથું ન મળે ત્યાં સુધી મારે અગનની આંધોળી છે.' અર્થાત ત્યાં સુધી હું અગ્નિનાં જ અંઘોળ (સ્નાન) કરતી હોઉં તેવી યાતના ભોગવીશ.

'આંહી તો ભાઈ! રાઈનો કણ સરખો છે.' એટલે કે આંહીં તો આપણે સૌ સરખાં છીએ, કોઈ નાનું મોટું નથી.

કેટલીક ચારણો મારાથી દિલ ચોરતા ને એવી આશંકા સેવતા કે આ તો આપણી વાતું લઈ જઈ આપણો ધંધો ભાંગી નાખે છે, ત્યારે ગગુભાઈ કહેતા કે 'આણે તો સ્મશાનો સજીવન કર્યાં છે. જેમનો પતો ન જડયો હોત તેવા નાના વીરનરોને પુનર્જીવન આપ્યું છે, ને ઊલટાની આપણને ય ખબર નહોતી એવી વાતો લાવીને રજુ કરી છે, વાતો માંડયા જ કરીએ, કદી ખૂટે નહિ.'

મારા ભોગ લાગ્યા તે એક વાર આ મુલાયમ માનવીને એક શ્રીમંત સ્નેહીની જાનમાં તેડી ગયો. એ સુશિક્ષિત અમીર-પુત્રે પોતે જ કહ્યું હતું કે કોઈક ચારણને લાવજો. પણ લગ્નની ધમાલ એવી તો રહી કે ગગુભાઈ ખીલ્યા નહિ. ઘણો પ્રયત્ન કર્યા છતાં જમાવટ જામી નહિ. અને ખાસ નિમંત્રાવીને તેડાવેલા આ મોભાદાર ચારણને કંઇ પુરસ્કાર આપવો તો દૂર રહ્યો, એનું રેલભાડું પણ અપાયું નહિ. હું લાજી મર્યો. ગગુભાઈ કહે 'અરે ઝવેરભાઈ, કંઇ નહિ, એ તો થયા કરે.'

તે દિવસથી ચારણ સ્નેહીઓને હું બહાર લઈ જઈ શ્રીમંતોને આશરે રજુ કરતો અટકયો છું

ગગુભાઇને છેલ્લા દીઠેલા જેતપુરના એક દરબાર-ડેલીએ, મોંમાં દાતણ હતું, મળવા નક્કી કર્યું પણ ડોકાયા નહિ. મને ઘણીઘણી વિમાસણ થઈ, કે શું કારણ હશે! પણ ખરી ખબર ઘણાં વર્ષે પડી. ૧૯૩૩માં મુંબઈ હતો ત્યાં એમના મૃત્યુની જાણ થઈ. પાછો કાઠિયાવાડ આવ્યો ત્યારે ખબર પડી કે છેલ્લે છેલ્લે કંઇક વિચારવાયુ થયો હતો, ને શંકા ઊપરેલી કે 'મને કોઇક જમવામાં ઝેર દઇ રહેલ છે!'

ગગુભાઇને વિશે મારાથી સંકોચ પામતે પામતે પણ ટકોર કરનારા કેટલાક સ્નેહીઓ મળ્યા હતા: 'કાઠી દરબારોના કેફ નશાખોરી પર ગગુભાઇની છાપ સારી નથી. દારૂમાં ચકચૂર બનતા નપાવટ દરબારોનું રંજન કરીને એ પોતે વસ્તીને પીડનકર્તા થઈ પડે તેવા ઈનામો મેળવે છે. ફલાણા દરબારનું નિકંદન નીકળી ગયું. ફલાણાને પણ સારી સલાહ ન મળી, વગેરે વગેરે.'

હું જાણું છું કે આ રાજ્યાશ્રિત ચારણોમાંના કેટલાકની કથા ઠપકાને પાત્ર છે. મારા વળના બીજા કેટલાક ચારણો વિશે પણ નબળી વાતો સાંભળું છું. વ્યસનીઓ અને મૂર્ખોના આશ્રયે આ ચારણો એક નાનકડી દુનિયામાં પુરાઈ જાય છે ને અહોરાતના રાજ-સંગને પરિણામે વિશાળ લોકજીવનનો સંપર્ક તો ગુમાવે છે પણ સાથે મુલ્યાંકનશક્તિ યે ખુએ છે. રાજાઓ પાસે બેસીને લોકોને ભોગે સુગલ કરાવતા ચારણોની પણ મને જાણ છે. વિદ્યા કેવળ વિલાસની બાંદી બની રહે છે. અધિકારશાહીની સૃષ્ટિમાં જેમને બહુ મથલાળ લાગેલી છે તેમનું પણ એમ છે, અને આ નવા જમાનાએ નવા સરજાવેલા દરબાર-વર્ગનો, એટલે કે મીલપતિ, પુંજીપતિ શેઠીઆઓનો આશરો પણ તે ચારણ ભાઈઓની મૂળ દશાનું પુનરાવર્તન જ કરાવી રહ્યો છે.

ઇલાજ શું ?

વિદ્યાપોષક સંસ્થાઓ ને વ્યક્તિઓ તેમને સંઘરી શકે તેમ છે ? નહિ.

કાં તો ચારણો ચારણો જ રહે ને કાં ધંધાધાપામાં પડી જાય. ચારણો રહેશે તો મૂળ જે સંજોગોમાં ખીલતા તેવા સંજોગોમાં જ, રૂપાન્તરે, તેઓને રહેવું ફાવશે.

આ ગંભીર અને ગ્લાનિકર વિચાર સાથે મારી પહેલી ટાંચણ-પોથી પૂરી કરું છું અને ગગુભાઈએ કહેલ ટુચકાનું ટાંચણ ટપકાવી તેમની સ્મૃતિને, મારી જોડેના તેમના પૂર્ણ નિસ્વાર્થી, પૂર્ણ સંસ્કારશીલ, શુદ્ધ સાહિત્ય-લક્ષી, મનની માયામહોબ્બતે કરી અંકિત સમાગમની સ્મૃતિને જુહારું છું—

નવે નાકે દીવાળી

વાણિયો હતો અને પદમિયો વાળંદ હતો. એયની બાઇડિયું પાણીશેરડે મળી.

વાળંદની બાયડીના પાણીના છાંટા વાણિયણને બેડે ઊડયા. વાણિયણ કોચવાણી. બે શબ્દ સંભળાવ્યા.

સામે પદમિયાની વાળંદીઆણીએ પચાસ સંભળાવ્યા. કારણ કે પદમિયો તો દરબારી વાળંદ હતો.

વાણિયણે આવી વાણિયાને વાત કરી વાણિયો કહે કે 'ફડય' નહિ. આપણે તો વાણિયા વાળંદ કરતાં સાડી સાત વાર નીચા.' પણ વાણિયે વેર મનમાં સંઘર્યું. દીવાળી લગી વાટ જોઈ.

દીવાળી આવી. દીવાળીની સાંજે વાણિયો વાળંદ પાસે જઈને કહેઃ 'પદમાભાઈ, આપો, એક સજીયો [અસ્તરો] દેશો ? રાતની રાત જ કામ છે.

વાળંદનું કુતૂહલ પ્રગટયું. વાણિયે વિશેષ કહ્યું: 'પણ એવો દેજો કે એક જ લસરકે ફારગતી થઈ જાય'

પદમિયો ન રહી શકયો. અસ્તરો દીધો, પણ વાંસે વાણિયાને હાટે ગયો, 'શેઠ, પેટની વાત કહો. અસ્તરાની આજ રાતે શી જરૂર પડી ?'

દીકરાને વાણિયો કહે 'કપુરચંદ, તુ આઘો ખસી જા. વાડય સાંભળે, વાડયનો કાંટો સાંભળે.'

પછી કહે 'પદમાભાઈ, તમને જ કહું છું. આ જ રાતે અમે ઘરમાં બેસી, અમારાં સૌના નાક કાપશું.'

વાળંદ તો ધ્રુજી ઊઠયોઃ 'કાં ?'

કે 'ભાઈ, દર દીવાળીએ કાપીએ છયેં.'

'હેં !'

'હા. રાતેં કાપીને હડફામાં મેલી દયેં, તે સવારે નવાં નાક પાછાં આવે. પણ નવાં કેવાં આવે પદમાભાઈ ! કે કોઈનું નાક અખડાબખડ હોય, કોઈનું બેડોળ હોય, કોઈનું ભીળી જેવું હોય, તો સવારે દીવાની શગ્ય જેવું થઇ જાય. ને ઓલ્યા જૂનાં નાક જે કાપીને હડફામાં મેલ્યાં હોય, તે સોનાનાં થઇ ગ્યાં હોય.'

હાંઉ, પછી કાંઈ પદમિયો મણા રાખે ? દીવાળીની રાતે, પોતાનું ને બાયડીનું, બેયનાં નાક કાપ્યાં. વધુ સોનાની લાલચે ઠેઠ કપાળેથી અસ્તરો ફેરવ્યો ને પછી આખી રાત જાગતાં બેઠાં. નવા વરસનું પરોઢ થયું. સવાર પડયું. પણ નવાં નાકે ન આવે, ને જુનાં કાપેલ સોનાનાં ન બને !

મોં માથે લૂગડું વીંટીને પદમો લપાતો લપાતો વાણિયા પાસે ગયો. 'શેઠ, ઓરા આવજો તો ! આ અમારાં નાક તો નવાં ન આવ્યાં.'

'અરર ! પદમાભાઈ ! તમે મને પૂછતા'તા તયેં શી ખબર કે તમારે પણ નવે નાકે દીવાળી કરવી હશે ! મને કહેવું'તું તો ખરું ! કાપતી વખત મંતર ભણવાના હોય છે ! મને પૂછવું તો હતું ! હવે શું થાય !'

પછી વાણિયે વાણિયણને કહ્યું: હવે ફૂવાકાંઠે પદમાભાઇ વાળંદની વહુ છાંટા નહિ ઉડાડે. બાકી આપણે તો વાળંદથી ઊતરતાં, અરે ઢેઢથી યે ઊતરતાં. ગમે તો તોય ઇ દરબારી વાળંદ ! ને આપણે વાણિયાં.'

સાચી લડાઇ તો એણે દેખાડી

મહેન્દ્ર મેઘાણી

‘રખેને હું રહી જઇશ!’

પોણા ૭ ફીટના એના શરીરનું વજન માત્ર ૧૧૦ રતલ કરનાર કાંટાએ એની ઉપર મોટો ઉપકાર કર્યો હોય એવું એને અત્યારે લાગતું હતું. શ્વાસભેર ચાલ્યા જતા એ માણસના દૂબળા દેહ ઉપર લેખન–સામગ્રીનો એક બગલથેલો આમથી તેમ અફળાતો હતો. પરસેવાનાં ટીપાં ટપકતાં હતાં. રેતીમાં પગ ખૂંપતા જતા હતા. ચારે દિશાના આકાશમાં ફરી ફરીને આંખો ચકળવકળ જોયા કરતી હતી. એના ઊના ઊના શ્વાસ જાણે બોલતા હતાઃ રખેને હું રહી જઇશ! રખેને હું રહી જઇશ!

ઉત્તર આફ્રિકા ઉપર અમેરિકન સેનાએ ચઢાઈ કરી હતી. વડા સેનાપતિ આઇઝનહોવરના મુખ્ય મથકે છાપાંવાળાની એક સભા બોલાવાઈ હતી. મહત્ત્વની જાહેરાતો ત્યાં થવાની હતી. સહુ સાથીઓ ત્યાં પહોંચી ગયા હતા. પ્રાછળ રહી ગએલા આ એક છાપાવાળાનો દુબળો દેહ ઉતાવળે પહોંચવા માટે લગભગ દોડતો હતો.

ઓચિંતાના, અષાઢી ઝાપટાં જેવાં જર્મન વિમાનોનાં ધાડાં આભ ફાડીને ત્રાટક્યાં. રસ્તે જતાં માણસો દોડીને આશરો શોધી લપાઈ ગયાં. કોઈ ઝાડનાં થડની ઓથે, કોઇ ઝાંખરાંની પાછળ, કોઈ ખાડામાં. બોંબગોળાની ધડાપીટ બોલી. મશીનગનની ગોળીઓની ધાણી ફૂટી. પણ ઝાપટું વરસ્યું નહિ ત્યાં તો વહી ગયું.

‘ઠીક સપાટો બોલાવ્યો હો!’ એક ખાડામાં લપાઈ રહેલો પેલો છાપાવાળો ઊંચે જોતો જોતો જ બોલ્યો. ‘ચાલો ત્યારે ઊપડીએ’ પોતાના ખાડામાં આશરો લેનાર બીજા જણ સામે જોયા વિના જ એણે ચલાવ્યું. જવાબમાં એક સળવળાટ સરખોય થયો નહિ–નહિ હાથપગનો, નહિ જીભનો. એટલે ‘ચાલને ભાઇ મોડું થશે,’ બોલતાં એણે આકાશમાંથી ઉતારેલી નજર એ બીજા જણ ઉપર નાખી. લોહીના ખાબોચિયામાં એક દેહ ત્યાં પડ્યો હતો. સાથી મટીને એ શબ બન્યો હતો.

બોલનારો મૂંગો બન્યો. અખબારી–પરિષદમાં એ બાઘાની જેમ બેસી રહ્યો. એના શ્વાસ જાણે થંભી ગયા હતા. પાછા ફરીને એણે કાગળ લીધા, કલમ લીધી. અને, સેંકડો હજારોના ખર્ચે જે છાપાએ એને પોતાનો ખબરપત્રી બનાવીને દૂર દેશાવરમાં ભટકી ભટકીને નવતર સમાચારો સૌપહેલાં પહોંચાડવા માટે મોકલ્યો હતો, એ છાપાના તંત્રી ઉપર એણે કાગળ લખ્યો. સરસેનાપતિની પત્રકાર–પરિષદમાં પોતે જઈ શક્યો નથી. અફસરો, સેનાપતિઓ અને પત્રકાર–પરિષદોમાં હવે એનો જીવ નહિ જંપે એમ એણે લખ્યું.

આઇઝનહોવરની એ પત્રકાર–પરિષદના ‘અહેવાલ સહુ છાપાંને અમેરિકા પહોંચ્યા પણ એક છાપાના તંત્રીને તો પહોંચ્યો માત્ર પેલો કાગળ—અને સાથે હતો એક લેખ. લેખના લખનારાએ પેલા દિવસની આખી વાત કહી હતી. ‘ઠીક સપાટો બોલાવ્યો હો!’ વાળા પોતાના શબ્દો અને લોહીના ખાબોચિયા વિષે એણે લખ્યું હતું. પેલા સૈનિકના ખીસામાંથી નીકળેલો એનો નંબર ૧૨૦૫૭ એણે એમાં ટાંક્યો હતો. નંબર સાથેના કાગળ ઉપરનું એનું નામ અને અમેરિકાની અંદર દૂર દૂરના કોઈ ગામડામાં વસતા એ જુવાનના ખેડૂ–માબાપનું સરનામુ પણ એણે ઉતાર્યું હતું. સૈનિકની માતાને એણે સલામો મોકલાવી હતી.

આ ધંધો પડતો મૂકીને સ્વદેશ પાછો વળવાના મનસૂબા દિવસો સુધી એના મનમાં ઘોળાયા કર્યા. પણ એ પ્રસંગનો પ્રથમ આઘાત જરા શમ્યો ત્યારે એના

> 'સાચું' પૂછો તો આજે લડાઇ એક નહિ પણ બે ચાલી રહી છે—અને એક બીજા સાથે એમને ઝાઝો સંબંધ પણ નથી એક લડાઇ તો છે નકશાઓની, મંત્રીઓની, મોરચાબંધીની, ઝંડાઓની, સૈન્યોની, પલટનોની, ટુકડીઓની...... અને પછી છે બીજી લડાઈ: લોખંડી ટોપામાં મોઢાં ધોતા, ખોરાક સામે ફરિયાદ કરતા, છોકરીઓ સામે સીટીઓ વગાડતા; જગતે કદી ન જોયેલા એવા પાપી કામને જેમ તેમ કરીને પૂરું કરનારા; એ હસતા હસતાં, સ્વમાનપૂર્વક, અને બહાદુરાઈથી કરનારા; થાકેલા, ટિખળી, તોફાની સામાન્ય માનવીઓની- એ છે અર્ની પાઇલની લડાઇ '
>
> **જોન સ્ટેઇનબેક**
>
> વિખ્યાત અમેરિકન લેખક

આવી લડાઈને મોરચે અર્ની પાઇલ ગયો. મોટા મોટા સેનાપતિઓને મળીને યુદ્ધના અટપટા વ્યુહોનો અભ્યાસ એણે કર્યો નહોતો. નિશ્ચિત તેની અદાથી ભાવિ મોરચાબંધી વિશે આગાહીઓ એણે કરી નહોતી વિજય કે પરાજયનાં કારણોની આંટીઘૂંટી એને ઉકેલવી નહોતી ઘણ ઇમાં એને રસ નહોતો—એ લડાઈના લડવૈયામાં એને રસ હતો. વિજ્ઞાનની શોધો એટલી બધી આગળ વધી ચૂકી હોત અને સામસામા યાંત્રિક-સૈનિકો વચ્ચે જ જો તાશીરો બોલતો હોત તો અર્ની પાઇલને એ લડાઇનો સાદ કદાચ ન સંભળાત. પણ આજની લડાઇમાં તો હજી માનવી ઉપર જ મુખ્ય આધાર છે. ચાંપ દાબવાનું કામ પણ આખરે તો માનવીની આંગળીઓને જ કરવું પડે છે. અને એ માનવીનો સાદ સાંભળીને અર્ની પાઇલ લડાઈને મોરચે જઈ પહોંચ્યો.

સિપાહીગીરીના કઠણ બખ્તર હેઠળ જઈને અર્ની પાઇલ માનવીની ચામડીને સ્પર્શી જતો : 'ઓહો ભાઈ વિલ્મન ! તમે પણ આપણા ઈન્ડીઆના પ્રાંતમાંથી જ આવો છો ? તમારા ગામબાજુથી તો હું બે-ત્રણવાર નીકળ્યો છું. લશ્કરમાં ભરતી થયા પહેલાં તમે શું કરતા હતા ? મોટરગાડીનું સમારકામ ? અરે ભલા માણસ ! મારી ગાડી તમારી સીમમાં જ ખોટકાઈ પડી હતી, કેમેય કરી ચાલેજ નહિ. મને શી ખબર કે એને તમારી પાસે આવવું હશે !'

'અરે ભાઈ સ્મિથ, બહુ આનંદ થયો તમને મળીને. તમારું ઘર 'ન્યુયોર્કના ટાઇમ્સ' ચોગાનમાં સત્તાવનમે માળે હતું એ તો મને ખબર જ નહિ. તમે પહેલા છાપખાનામાં કામ કરતાં એમ કે ? અને લશ્કરમાં હવે રસોયા બન્યા છો ! વાહ ભાઈ વાહ ! કેવી આ લડાઈ છે. માણસને તરેહ તરેહના ધંધા કરવા પડે છે.'

'તમે તો બહુ લાંબા મિસ્ટર જોન્સ ! કેલિફોર્નીઆના આભ ઊંચા ઝાડ ઉપર કરવત ચલાવતાં ચલાવતાં તમારી લંબાઇ પણ વધી ગઈ હશે. અને આ છાતી ઉપરના ગજવામાં છબી કોની ! તમારી વહુની ? શું કહો છો, હજી પરણ્યા નથી ? ત્યારે તો ઝટ હવે આ લડાઈ પૂરી થાય તો સારું. પેલી બિચારીને ક્યાં સુધી વાટ જોવડાવશો ?'

'તોપો-ટેન્કોની સાફસુફી મજાની કરો છો ભાઈ ડેનિયલ ! આવી ચકચકિત તોપમાં ગોળો બનીને બેસવાનું મન થાય છે મને તો. અને ટેન્ક ઉપર કોતરેલું આ નામ કોનું ? રમોલા એટલે તમારી વહુ એમ જ ને ? રમોલાને મારા સલામ લખજો, જરૂર હો !'

મનમાં ગાંઠ વળી કે મારે મન અમેરિકાની સાચી લડાઈ એની તોપો અને ટેન્કો, કે એનાં વિમાનો અને જહાજોવાળી નથી. અમેરિકાની જનતાની લડાઇ તો આ છે: પોતાનાં ઘરખોરડાં, ભાંડુડાં અને સગાંને છોડીને હજારો માઇલ દૂરના પરાયા મુલકોમાં મરી જનારા સામાન્ય અમેરિકન સૈનિકની લડાઈ. હવેથી એ લડાઇના ખબર આપવાનું એણે નક્કી કર્યું. સામાન્ય સૈનિકનાં સુખ-દુઃખની, એની બહાદુરીની, એની લાગણીઓની વાતો વિષે જ પોતે લખવાનો છે એમ એણે નિશ્ચય કર્યો.

એ આદમીનું નામ અર્ની પાઇલ. અમેરિકાના સેંકડો છાપાંઓ વતી એ આ લડાઇના અનેક મોરચાઓ ઘૂમી વળ્યો હતો. મોરચા ઉપરથી એ ખબરપત્રીએ મોકલેલા સંદેશા રોજેરોજ અમેરિકા દેશના અર્ધો—એક કરોડ વાંચકોની નજરે ચઢતા. લડાઈ-કાળની અગનઝાળ જેવી અનેક ઉપાધિઓ વચ્ચે અર્ની પાઇલના શબ્દો આંખને ઠારતા અને અંતરમાં અમી સમા ટપકતા.

રાક્ષસી તાકાતવાળાં યંત્રો વ[illegible] એની આજની સાફમા- ર્ગીમાં માનવી તો ગમતરું બની ગયો છે. [illegible] તોપો અને ટેન્કોની સામસામી અગન-પિચકારીઓ અને [illegible] ધુમાડાના ડુંગરા- [illegible] નથી.

'આવો મીઠો મુરબ્બો મેં કદી ચાખ્યો નથી થોમસન તમારી માને એ માટે મારા ઝાઝાં અભિનંદન લખજો. આવો મુરબ્બો બનાવીને માએ દેશથી આટલે છેટે મોકલ્યો ! કેવી હેતાળ હશે ! એકના એક હશો ત્યારે જ ને ! દુશ્મન ઉપરના વિમાની બોંબમારાની આ અગિયારમી સફરે ઊપડો છો ? ઊભા રહો ત્યારે મને તમારુ સરનામુ લખી લેવા દો. લડાઈ પૂરી થશે ત્યારે હું જરૂર મુરબ્બો ખાવા આવીશ. સલામ દોસ્ત !'

અર્નીં પાઈલ

આવી આવી અનેક સૈનિકો સાથેની પોતાની વાતો અર્નીં પાઇલ છાપાંઓ ઉપરના પોતાના રોજના સંદેશામાં લખતો. આખી અમેરિકન સેનાની બહાદુરીભરી વિજયકૂચ વિષે તો પ્રજાને સારી પેઠે વાંચવા મળતુ. પણ એક પછી એક અમેરિકન સૈનિકને પકડીને લખેલી એની મર્દાનગીની વાત તો એકલા અર્નીં પાઈલના લખાણમાં વાંચવા મળતી. કેવી કેવી મુશ્કેલીઓ એણે સહન કરી છે, ટાઢ અને તડકો વેઠયા છે, ભૂખ્યા અને તરસ્યા લાંબી મજલો કાપી છે થાકીને લોથ થયાં છતાં આખર સુધી લડવાના નિર્ણયમા એ જરાય ડગ્યો નથી, આ બધુ અર્નીં પાઇલે અમેરિકન સૈનિકમાં જોયું,

જોયુ અને જાતે અનુભવ્યું. કારણ કે સૈનિકોની છાવણીની ઊડતી મુલાકાતમાં બે-ચાર કલાક ગાળીને વળી પાછો કોઈ આલિશાન હોટલમાં પડ્યો રહેનારો ખબરપત્રી એ નહોતો. એ તો જ્યાં જતો ત્યાં સૈનિકની જ રાવટીમાં અડ્ડો જમાવતો. કોઈ સૈનિક પાસેથી જ માગી લીધેલ બિસ્તરાનો વીંટલો એની કમર ઉપર લટકતો. સૈનિકનું ખાખી ખમીસ અને પાટલૂન એ પહેરતો અને મોટે ભાગે એની સાથે એક જોડથી વધુ કપડાં ન રહેતાં. સૈનિકનો ખોરાક ને સૈનિકનાં પીણાં એણે એની નાજૂક હોજરીને પ્રિય બનાવ્યાં હતાં. ટાઢ અને તડકામાં વિજયકૂચોં કે પીછેહઠો વખતે પણ એ સૈનિકોની વચ્ચે જ રહેતો. લશ્કરનાં સેંકડો હજારો વાહનો ચાલ્યા જતા એમાંના કોઈ પણ એકને એ પોતાનું બનાવી લેતો. દુશ્મનની તોપોનો મારો ચાલતો કે વિમાનોમાંથી બોંબ ફેંકાતા ત્યારે રાહુ સામાન્ય સૈનિકો સાથે ભાંગલી કોઇ દીવાલની પછીતે કે કોઇ ખાડામાં મોં સંતાડીને પોતાનો બચાવ એ કરતો. દિવસોના દિવસો પાણીના અભાવે નહાયા ધોયા વિના એણે ગાળેલા. ગંધાતા કપડાંની સૂગ એણે વિસારી હતી કારણકે પોતાની આસપાસના હજારો શરીર ઉપર એવાંજ કપડાં હતાં. ઘોર જંગલમાં રાત પડે ત્યારે જમીન ઉપર જ સાપ-વીછીના જૂથ અને મચ્છરોના ઝૂંડ વચ્ચે એ પણ એનું બિસ્તર ઉખેળતો.

રાત અને દિવસના કલાકે કલાકના સૈનિક-જીવનનો સમભાગી એ બનતો. અને નવરાશે કાગળ ઉપર ટપકાવી લેતો: કયા કયા ગામની કઇ કઇ શેરીઓમાં રહેતા, કયા કયા મા-બાપના દીકરા, કઇ કઈ બહેનોના ભાઇ, કઈ કઈ પ્રિયાના પ્રિયતમો, કઇ કઈ સૌભાગ્યવતીઓના કંથ, કયા કયા ગુલાબી ભૂલકાઓના બાપને પોતે આજે મળ્યો. સૈનિકની વીરતાની વાત સાંભળીને એની છાતી ફૂલતી. એના દુઃખ જાણીને એ રડતો, એના ટુચકાઓ સાંભળીને એ ખડખડાટ હસતો. અને પછી પોતાના સંદેશામાં એ માત્ર આટલુ જ લખતો: સૈનિકની ઓળખાણ, એની વીરતાની વાત, એની બીકની વાત, એના સુખની વાત, એના શોકની વાત અને એના હાસ્યની વાત બસ ઘરઆંગણે એ સૈનિકની વાટ જોતાં સહુ સ્વજનો આ વાંચતાં અને જાતે મોરચા ઉપર જઈને પોતાના જુવાનને મળી આવ્યાનો સંતોષ અનુભવતાં. અર્નીં પાઈલની વાતે એમની છાતી ફૂલતી, એની વાતે એ રડતા અને એની વાતે એ હસતા. મોરચા ઉપર જઈને સૈનિકની મા જાણે પાછી આવી હતી અને પોતાના બેટાની વાતો કરતાં થાકતી જ નહોતી, એવી હતી અર્નીં પાઈલની લેખિની.

મહાન પુરુષો, કીર્તિવાન પરાક્રમીઓ, મોટા મોટા

સેનાપતિઓ: એ બધા પાસે અર્ની પાઇલ જઈ નહોતો શક્યો. ત્યાં જઈને શું વાત કરવી તેની કદાચ તેને ખબર નહિ હોય. એ તો સામાન્ય માનવીની શોધમાં હતો: ચક્રવર્તી સમ્રાટના દરબારમાં જનારી પસાયતાની માતાની આંખો પણ ભલભલા ભૂપતિઓને જોવાને બદલે પ્રથમ તો પોતાના દીકરાને જ શોધીને જંપે તેમ.

સામાન્ય માનવી માટેનાં અર્ની પાઇલનાં આ હેત લડાઈ પહેલાં પણ હતાં. આઠ વર્ષ પહેલાં એક છાપાનું તંત્રીપદ છોડીને એ દેશમાં ભટકવા નીકળી પડયો. અમેરિકાના સામાન્ય માનવીઓની મુલાકાતે એ નીકળ્યો હતો. અમેરિકાની ધરતી ખેડનારાં અને એનાં કારખાનાં ચલાવનારા, એના દાણાવાળા અને એના ગાંધી, એના લુહાર, એના હજામ, એના ઠગ, એના લફંગા—એમને મળવા એ નીકળ્યો. એ લોકો શું કામ કરતા હતા, શું વિચારતા હતા, શું બોલતા હતા એ એણે પોતાના છાપા ઉપર લખી મોકલવા માંડયું. જે નજરે પડયું, જે મનને ફાવ્યું એ એણે લખ્યું: સાધુ વિશે, કૂતરા વિશે, વૈદ વિશે, બીડી વાળનારાઓ વિશે, હોટલમાં ચા પીરસતા છોકરાઓ વિશે અને પોતાની દાઢી કરી દેનાર એક હજામડી વિશે. સામાન્ય માનવીનાં મશગાન ગાવા કોઈ ચારણ જાણે નીકળ્યો હતો સારી જિંદગી દુઃખમાં ગુજારતા અને દુઃખમાં જ મરી જતા દીન દુઃખીઆંનો કોઈ પૂજારી નીકળ્યો હતો.

રક્તપીતિયાંની એક ઇસ્પિતાલમાંથી એણે પોતાની વેદના નિખાલસપણે લખી મોકલી: 'આવો સાજો નરવો અને ચોકખો હોવામાં હું એક જાતનો ગુનો કરતો હોઉં એમ મને લાગ્યું. રક્તપીતિયાં કરતાં જરાય સારા મારે ન હોવું જોઈએ એવું મારા આત્માને ઊંડે ઊંડેથી લાગતું હતું.'

એકવીસ વાર એ વિશાળ અમેરિકન ખંડને એક છેડાથી બીજા છેડા સુધી ખૂંદી વળ્યો. ત્રણ મોટરગાડીઓ અને ત્રણ ટાઈપરાઇટરો એણે ઘસી નાંખ્યાં. ૧૯૪૦માં બ્રિટન ઉપર જર્મન વિમાનોની વરસેલી બોંબઝડીઓ એણે જાતે અનુભવી. બ્રિટનની સામાન્ય પ્રજા એની સામે કેવી ટક્કર ઝીલતી હતી એ એણે સ્વદેશના પોતાના સામાન્ય માનવીઓને લખી મોકલ્યું. એ દરમિયાન એના વાંચકો હજારોની સંખ્યામાં વધતા જતા હતા.

અમેરિકા લડાઈમાં ઊતર્યું ત્યારે પણ અર્ની પાઇલને પોતાના લખાણની શૈલી બદલવાની જરૂર નહોતી. કારણ કે જે ખેડૂતો, કઠિયારા અને વેપારીઓ વિશે એ લખતો આવ્યો હતો એ જ હવે હવાલદાર, નાયક કે પલટનદાર બની ગયા હતા. ઉપરના લેબાસ બદલાયા હતા પણ નીચેનો માનવી તો એનો એ જ, એનો જૂનો પિછાનદાર હતો. પહેલાં એ ભમતો અમેરિકાના ખેતરો અને ગામડાંમાં, એને બદલે હવે હતા આફ્રિકાના જંગલો અને સિસિલી કે ઇટલીના ડુંગરાઓ. રાજમાર્ગોને બદલે હતા ઊભા વગડા અને ગલીઓને સ્થાને હતી કેડીઓ.

મધ્ય અમેરિકાના ઇન્ડીઆના પ્રાંતના એક ખેતરમાં અર્ની પાઇલનો જન્મ થયેલો. પરસેવો ઉતારીને પેટનો ખાડો પૂરનારા સામાન્ય માણસોની વચ્ચે એ ઊછરેલો. પોણાપ ફીટની ઊંચાઈવાળા એના ૪૪ વર્ષના દેહનું વજન માત્ર ૧૧૦ રતલ હતું. નાનપણથી જ સાવ માંદલા એના શરીર વિશે એણે લખ્યું છે કે, 'જો હું સદા માંદો જ રહેવાનો હોઉં તો પછી બીજાં બધાં કામ પડતાં મૂકીને માંદગીને જ મારા જીવનનું ધ્યેય બનાવી દઉં. તો પછી કોઈક દિવસે હું અમેરિકાનો સૌથી વધુ માંદો માણસ બની શકીશ.'

૧૯૧૪–'૧૮ની લડાઈ પછી અર્ની પાઇલ કોલેજમાં ભણતો. સાથે સાથે કોલેજના છાપખાનામાં એને એક નોકરી પણ મળી હતી કાન ઉપર ટેલિફોનનાં ભૂંગળાં ચડાવીને ટાઇપરાઇટર લઈને એને બેસવાનું હતું. ટેલિફોનને બીજે છેડેથી દૂર દૂરના જે સમાચાર-સંદેશા બોલાતા જાય એ એણે ઝડપભેર ટાઇપરાઇટરથી લખી નાખવાના હતા. એમાં એક વાર કોઈ અનામી સૈનિકની કબર વિશેની એક વાત આવી. એ સાંભળીને અર્ની પાઇલ રડી પડયો. ત્યારે એણે નક્કી કર્યું કે પોતાને છાપાનો ખબરપત્રી બનવું છે.

અમેરિકાના પાટનગર વોશિંગ્ટન અને ન્યુયોર્કનાં છાપામાં એણે કામ કર્યું, પરણ્યો, હજારેકની મૂડી ભેગી કરી અને અમેરિકાને કાંઠે કાંઠે રઝળપાટમાં એ ખર્ચી નાખી. ફરીવાર ન્યુયોર્કનાં છાપામાં એ અને એની વહુ કામે લાગ્યાં. છાપાના તંત્રીપદે પહોંચ્યો. પણ બેઠાડુ કામગીરી એને ફાવી નહિ. એના ભાગ્યમાં જ રઝળપાટ લખાયો હતો.

અમેરિકન સેના ઉત્તર આફ્રિકામાં ઊતરી ત્યારે એની સાથે એ પણ ઊતર્યો. માણસને અંદરથી કોતરી નાખીને નકામો બનાવી દે એવી આફ્રિકાની લાંબી, કંટાળાભરી,' થકવી નાખનારી લડાઈની નિષ્ક્રિયતા વચ્ચે રહીને એણે અમેરિકન સૈનિકની વાતો રોજે રોજ ઘેર લખી મોકલી. આફ્રિકાના વિજય પછી ભૂમધ્ય સમુદ્ર વીંધીને પહેલાં સિસિલી અને પછી ઇટલીમાં ગયેલા અમેરિકન સૈનિકની સાથે જ એ હતો.

એ અરસામાં અર્ની પાઈલનાં લખાણો ઉપરથી એની જીવનકથાને ચિત્રપટમાં ઉતારવા માટે હોલીવુડનાં સંદેશા લઈ એપિયા આવ્યા. અર્ની પાઇલે સાફ ના પાડી. બહુ સમજાવટ પછી એણે કહ્યું, 'ચિત્રપટ ભલે ઉતારો. પણ એમાં તમારે મને મોટપ નથી આપવાની. તમારે ચિત્રપટનો નાયક બનાવવાનો છે સામાન્ય અમેરિકન સૈનિકને. યશોગાન તમારે એનાં ગાવાનાં છે. પૂજા પણ એની જ કરવાની છે. મારું સ્થાન તો અંદર સામાન્ય ખબરપત્રી જેટલું જ રાખવાનું છે. વળી બીજા ખબરપત્રીઓને પણ ભાગે પડતું મહત્વ અપાવું જોઈએ.'

'કબૂલ, બીજું કાંઈ?'

'ખાસ તો કાંઇ નહિ. પણ એ ચિત્રપટની પહેલી રજુઆત કરવાની છે હું જ્યાં હોઉં ત્યાં. એટલું યાદ રાખજો.'

'કબૂલ., અર્ની પાઈલ જ્યાં હોય ત્યાં.'

તે પછી બીજો મોરચો ખુલ્યો ત્યારે એ પણ ફ્રાંસમાં પહોંચેલો. સ્વભાવે અતિશય શરમાળ એટલે એની વિખ્યાતિ એને બહુ અકળાવનારી બની હતી. સૈનિકોનાં ટોળેટોળાં એને ઘેરી વળતાં અને પોતાનું નામ એના અહેવાલમાં લખાવવા સહુ પડાપડી કરતા. એક વખત એવો હતો સૌ સૈનિકો એનુ ટિખળ કરવામાં મોજ માણતા. સિપાહીગીરીની આરાધનાનો એ તપસ્યા-કાળ ઘણો આકરો હતો. જરીકવારમાં જેને શરદી લાગુ પડી જતી એવી એની સુકલકડી કાયાને અર્ની પાઈલ હાથમાં આવે એટલાં બધાં લૂગડાં-ગોદડાંથી વીંટેલી રાખતો. એને જોઈને જ માણસને હસવું આવે. એને સતાવવા એની શાલ સંતાડવામાં આવતી, એની ઉપર ટાઢું પાણી નંખાતું, એના ચોખલિયાપણાની મજાક કરાતી. પણ ધીમે ધીમે સૈનિકોને ઘેરથી કાગળો આવતા તેમાં અર્ની પાઈલનાં લખાણના વખાણ ને એ લખાણોની કાપલીઓ આવવા લાગી. ખાખી વેશધારીઓને સમજાવા લાગ્યું કે આ એક માણસ એવો છે કે જે એમની, ગણતરી હજારોની પલટનો કે લાખોની સેનાઓ તરીકે નહિ પણ એક એક કાળા માથાના માનવી તરીકે કરે છે. અને ધીમે ધીમે સૈનિકોની લાગણી વધવા માંડી. એમણે જોયું કે એમના જીવનની તમામ હાડમારીઓને, એમના તમામ જોખમોને, અર્ની પાઇલે પોતાના જીવનમાં પણ વણી લીધી હતી—હજી સતતપણે વણ્યે જતો હતો. બીકનો માર્યો અર્ની પાઇલ કોઈ વાર ઊંઘમાં ચીસ પાડીને ઊઠતો. તે છતાં પણ એ સૈનિકોથી અળગો ન પડ્યો. દિવસોના દિવસો સુધી એ રહેતો—એમની જેમ જ રહેતો. લખવાનું સમૂળગું બંધ રાખતો અને પછી થોડો સમય મોરચાની પાછળ જઈને ધીમે ધીમે એના મુલાયમ તાંતણા કાંતતો. એક જ લખાણ ફરી ફરીને નવેસરથી, લખવાની એને આદત હતી. સૈનિકોની લાગણીઓ એ આબેહૂબ વર્ણવી શકતો કારણ કે એ પોતે પણ કોઈ અજોડ, કદી નહિ ડરનારો, કદી નહિ બીનારો માણસ નહોતો. જેવો સામાન્ય માનવી એનો સૈનિક હતો, એવો જ એ સામાન્ય હતો.

પછી જ્યારે એની કીર્તિની ટોચે એ પહોંચ્યો ત્યારે અમેરિકાના ૩૩૬ દૈનિકો અને ૩૧૦ અઠવાડિકોમાં એના સંદેશા નિયમિત છપાતા. એકલા એ દૈનિકોની જ રોજની સવા કરોડ નકલો વેચાતી. 'ઇંગ્લંડમાં અર્ની પાઈલ' નામના એના પહેલા પુસ્તક પછી એણે આફ્રિકાના અનુભવો વિષે બીજું પુસ્તક લખ્યું: 'આ રહી તમારી લડાઈ.' એની દસ લાખ જેટલી નકલો વેચાઇ ગઈ છે એનું છેલ્લું પુસ્તક 'બહાદુર માનવીઓ' એણે ફ્રાન્સના દરિયા કિનારાના એક ઝાડ નીચે બેઠાં બેઠાં પૂરું કર્યું. એની પણ નવ લાખથી વધુ નકલો વેચાઇ ચૂકી છે.

પેરિસ જીતાયા પછી એક દિવસ અર્ની પાઈલ ફ્રાંસ છોડીને ચાલી નીકળ્યો: એણે લખ્યુ કે 'પહેલી હરોળમાં જતાં હું હવે બહુ ડરું છું. એનાથી ટેવાઈ જવાને બદલે હું વધુને વધુ ડરતો થયો છું. આટલા વખતના અનુભવોની એકસામટી અસર મારી ઉપર થતી લાગે છે. લંડનમાં કે ઉત્તર આફ્રિકામાં માથા ઉપર વિમાન હતું ને હું બીતો એના કરતા આજે વધારે બીઉં છું. જિંદગી બચાવવાની બધી તકો મેં જાણે વાપરી નાખી છે....ગુલાબી જુવાનીઓને ફૂંકાઈ જતા જોઈ જોઈને મને ત્રાસ છૂટે છે. એ આખી વસ્તુ સામે મારું મન બંડ પોકારે છે, અને આ લડાઈ શા માટે લડાઈ રહી છે એ વાત જ મારા મગજમાંથી સરી ગઇ છે. એવી હદ સુધી હું જઇ પહોંચ્યો છું કે વધુ એક પણ માનવીના મોતને લાયક એવો દુનિયાનો કોઈ આદર્શ મને લાગતો નથી.'

પાછો ફર્યો ન્યુયોર્કમાં ઊતર્યો ત્યારે પહેરેલી જોડ સિવાય બીજા કપડા એની પાસે નહોતા સીધો પહોચ્યો સસ્તા કપડાની દુકાને અને પછી અમેરિકા છોડયું ત્યા સુધી એની પાસે એ વખતે ખરીદેલા એક જોડ કપડા જ હતા

એના લખાણો અને પુસ્તકોમથી એને હજારોની કમાણી થતી હતી પણ પૈસાને એ શુ કરે ? એની બિમાર પત્ની ન બચે એવી હાલતમા હતી એ વેળા એણે લખ્યુ 'આ રહૂં આટની મારી ખ્યાતિ, અને જેનું શુ કરવુ એની મને સુઝ નથી પડતી એટની મારી દોલત—પણ એમા મારુ શુ વળ્યુ ? જિદગી જીવવા માટે મારી પાસે કાઇ રહ્યુ હોય એવુ મને લાગતુ નથી '

વળી પાછો એ આ વર્ષના ફેબ્રુઆરી માસમા ઊપડયો—પેસિફિકને મોરચે સાનફ્રાન્સિસ્કો બદરેથી વિદાય વેળા હજારેક નાવિકોના ટોળા સામે એણે ભાષણ કર્યું જિદગીમા ભાગ્યે જ એણે બીજા ભાષણ કર્યા હશે ખારા પાણીના સિપાહીઓ સાથે પોતે સફર કરવા જાય છે એમ એણે કહ્યુ નાનકડા એક જહાજમા એ ઊપડયો કારણ જો હું નાના જહાજમા જાઉં તો એ જહાજના સુખદુખ હું જલદી સમજી શકુ, એ કુટુબ મેળામા વધુ ભળી જઈ શકુ એમ મને લાગે છે વળી આ લડાઇમા નાના નાના વહાણોને બિચારાને કે ઘક જ ઓળખે છે—એમના ગીત તો કોઇએ ગાયા નથી અને મારુ દિલ તો એમની પાછળ જ ભમે છે અજાણ્યાં અને નાના વહાણ અને માનવી '

પેસિફિક ઉપર ગેલ કરતો કરતો અર્ની પાઇલ પહોચ્યો જાપાનના દરવાજા સમા ઓકીનાવા ટાપુ ઉપરના અમેરિકન સૈનિકો વચ્ચે ઓકીનાવામા ખેલાયો એવો ખૂનખાર જગ જાપાનીઓ સાથે આ લડાઇમા કદી નથી ખેલાયો લડાઇની શરૂઆતમા ઓચિતા ત્રાટકીને જાપાનીઓએ પર્લ હાર્બરની જે ગજબનાક ખુવારી અમેરિકાના કપાળમા ચોડી હતી તેની સાથે ઓકીનાવાની ખુવારીની સરખામણી થઇ છે પર્લહાર્બરમા

'મા ત્યા હતા તેટલા સખ્યાબંધ જહાજો અને વિમાનો નાવા ભરખી ગયુ પર્લ હાર્બર જેટલી હજારો નવીઓની ખુવારી પણ અમેરિકનોએ અહીં વેઠી છે

હાર્બર તો જોકે પાછુ બધાઇ ગયુ છે રાતદિવસ કામથી ધમધમતું જ પ બદર એને ફરી બનાવી શકાયુ છે અને એવી જ રીતે ઓકીનાવાની ખુવારીનો બદલો પણ કોઈ દિવસ વાળી શકાશે

પણ ઓકીનાવામા એક ખોટ પડી ગઇ છે તે કદી પૂરી ન પડાય એવી છે જાપાનીસ બધૂકની એક સૂમની ગોળી આવી અને અર્ની પાઇલને વીંધતી ચાલી ગઇ છે ખડખડમા ખડકાયેલા અમેરિકન સૈનિકો જાણે રઝળી પડયા હોય એમ લાગે છે

લડાઇથી ત્રાસીને કામથી ભાગી આવેલા અર્ની પાઇલને પેસિફિકની સફરે નહોતું જવુ 'વળી પાછા ત્યા જવાના વિચારે હું કપી રહ્યો છુ મારે ન જવુ પડે એટલા માટે હુ ચાહે તે દેવા તૈયાર છુ પણ મને લાગે છે કે આમા મારી કોઇ પસદગી જ નથી રહી હુ એમની સાથે એટલો બધો વખત રહ્યો છુ કે મારે માથે એની જવાબદારી છે, એમની પ્રત્યે મારી આટની ફરજ હોય એમ મને લાગે છે એમની વાતોને અવાજ દેનારો હુ એકલો જ છુ એમની નજર મારી ઉપર છે મારી જાતને હુ બીજા ખબરપત્રીઓથી ચઢિયાતી નથી ગણતો કેટલાય એવા છે કે જે મારાથી વધુ મહેનત કરે છે અને વધુ સારુ લખે છે પણ મારા લખાણમા એક ચાવી છે જે એમની પાસે નથી એટલે મારે ફરીવાર જવુ પડે છે હું તો સપડાઇ ગયો છુ '

આજે પણ તારલાના નાનકડા ઝૂમખા વચ્ચે કોઇ આછો પાતળો તારો બનીને અર્ની પાઇલ એમના સુખદુ ખની વાતો સાભળતો હશે સૂરજચદ્રો એ નહિ શોધતો હોય

અંધારી રાતે ખાખી કપડાવાળુ કોઇ માનવી એકલુ બેઠુ હોય, અને બેઠુ બેઠુ તારા સામે જોતું હોય ત્યારે મને સાંભરે છે પેલી તસ્વીરો —

જેલવાસી પિતાએ મોકલેલી એ તસ્વીરો બાળપણમા જોયેલી તે હજી ભૂલાઈ નથી 'મા મરી જાય ત્યારે—' એ મથાળા હેઠળની એક છબીમાં હતા કૂકડીનાં બચ્ચા કૂકડી મરી ગઇ છે પણ એમની માતા બનીને એમના પીછડા ચટતી ઊભી છે એક બિલાડી બીજી તસ્વીરમા હતા બિલાડીના ધાવણા બચ્ચા બિલાડી—માતા તો મરી ગઇ છે પણ એનાં બચ્ચાં પડયાં પડયા ચસ ચસ, ચમ ધાવે છે—રાતુડી એક લાંબી કૂતરીને

એ તસ્વીરો જોઇને આપણને જો આજે સર્જનહાર ચાય તો કદાચ પૂછે કે —

'અમ પશુ—પખીનાં બાળને તો તે બીજી મા ગોઠવી આપી તો પછી એક માનવીને જ તે મા વિનાનો શીદ રાખ્યો, હે દયાળુ ?'

તા કે 'અર્ની પાઇલ જ્યા હોય ત્યા ' એની પ્રથમ રજૂઆત કરવાની શરત હતી તે ચિત્રપટ આખી દુનિયામા સૌ પહેલુ દેખાડાયુ તા ૯મી જુને ઓકીનાવાના ટાપુ ઉપર—જ્યાં અર્ની પાઇલની કબર છે

'બ...હુ...ઉ લાંબુ દેખું છું'

ઝવેરચંદ મેઘાણી

શ્રી. રવિશંકર મહારાજનો લોકસંપર્ક : લેખાંક ૭ મો

કળિયુગના ઋષિ

પાંચેક કાચાં ઘર એક સાથે આવેલાં હતાં. વચ્ચે પાકું મંદિર હતું. બાજુમાં એક ઘાસની ઝૂંપડી હતી.

વ્યારા ગામથી દસબાર માઈલ ચાલતા અમે જ્યારે એ રાનીપરજ મુલકના ધાટા નામના ગામે પહોંચ્યા ત્યારે વેળા બપોરી ગઈ હતી.

'આંહીં રહે છે ભગત.' મારી સાથેના રાનીપરજ ભોમિયાએ આ પાંચ ઘરવું મંદિરવાળું ઝૂમખું બતાવીને કહ્યું.

મેં ત્યાં પૂછ્યું: 'ભગત ક્યાં છે ?'

જવાબ મળ્યો. 'એ તો ખેતરમાં છે.'

ખેતર નજીકમાં હતું. ત્યાં ગયા. ઢોર ફરતો હતો. અને એક માણસ ત્યાં લાકડી પર બેઉ હાથ ટેકવીને ઊભો હતો.

એક માત્ર પોતડી પહેરેલી, તદ્દન સૂકું શરીર, કાળો કીટોડા જેવો વર્ણ, મોંમાં દાંત ન મળે, ખૂબ ઘરડો.

'આ પોતે જ એ.' સોબતીએ ઓળખાવ્યો.

આ પોતે જ એ ! મને આશ્ચર્ય થયું. ૧૯૧૬ની ઇટોલામાં મળેલી આર્યધર્મ પરિષદમાં જ્યારે સ્વામી નિત્યાનંદજી ગુરુકુળનો ફાળો કરાવતા હતા ત્યારે એક માણસે ઊઠીને જાહેર કરેલું કે 'નોંધો મારા તરફથી દર વર્ષે એકસો ને પચીસ મણ ચોખા' ત્યારે મેં નવાઈ પામીને પૂછ્યું હતું કે આવો મોટો એ કોણ છે ! જાણ્યું હતું કે એ વ્યારા તાલુકાના શુદ્ધ આદિવાસી–ગામીત છે. નામ અમરસંગ છે બાપ ભગત છે. ઘેરે અન્નક્ષેત્ર ચાલે છે.

તે પછી ૧૯૨૯માં વ્યારા તાલુકામાં દારૂનિષેધની ચળવળ માટે ફરતા હતા, ડોસનીડા ગામે સભા હતી. તેમાં એક રેશમી ફટકાવાળા રૂપાળા જુવાને સુંદર ભાષણ કર્યું હતું. પૂછેલું 'આ કોણ છે ?' જાણવા મળેલું કે વડોદરાના કેળવણી ખાતામાં છે, રાનીપરજ ગામીત છે, અમારે એક ભગત છે તેના પૌત્ર છે. ઘેરે અન્નક્ષેત્ર ચાલે છે.

ત્યારથી ભગતને જોવાની ઇચ્છા હતી. એ દિવસે જઈને જોયા. કાળો કીટોડા જેવો સાવ સૂકલ દેહ, એક પોતડીભેર, મોં બોખું, લાકડી પર હાથ ટેકવીને નમેલું શરીર.

મેં નમસ્કાર કર્યા. સામા એણે કર્યા. પણ મોં તો હસ્યા જ કરે. હસવું મોં પરથી ક્ષણ પણ ખસે નહિ.

પ્રાથમિક પૂછપરછ ને પિછાન પછી મેં પૂછ્યું, 'ભગત, કેટલી ઉંમર હશે ?'

'ઉંમર ! હસી રહેલા એ શ્યામ, સૂકલ, બોખા મોંએ જવાબ દીધો; 'ઉંમરની તો શી ખબર ! લાંબું દેખું છું; બ...હુ...ઉ લાંબું દેખું છું. સરકારનું રાજ નો'તું ત્યાર વેળાનો છું. ચાલો ઘેર જઈએ.'

ચાલતાં ચાલતાં મેં પૂછ્યું, 'દારૂ પીઓ છો ?'

'ના, પણ તમારા જેવડો જુવાન હતો ત્યારે પીતો.' ને મોં હસ્યા જ કરે.

'તમારા પિતા પીતા ?'

'હા, એ પીતા પણ એણે પછી છોડેલો. એક સાધુના કહેવાથી. પોતે છોડ્યો, પણ મને કહે કે બેટા તું પીજે ! બાપે એમ 'પીજે' કહ્યું તેથી મેં છોડ્યો.

'બાપાએ કેમ કહ્યું કે પીજે ?' મેં નવાઈ પામીને પ્રશ્ન કર્યો. ભગત કહે—

'એમ કહ્યું કારણ કે હું એનો એકનો એક દીકરો, પીતો બંધ પડું એ પોતાને ગમે નહિ. પણ તેથી જ મેં છોડ્યો.'

માણસના મનોવ્યાપારની આ નિગૂઢ, નિર્મળ, અને સરલ ગતિ પર વિચાર કરું છું ત્યાં ઘર આવ્યું. ને ભગતે એના અવિરત મલકાટ સાથે મને કહ્યું: આ અમારું ઘર. ડાકોરથી નાસિક જનારા સાધુઓનો આ વિસામો. ટોળેટોળાં આ માર્ગે ચાલ્યાં જાય. ને મારો બાપ તો નહિ પણ મારી મા એ સૌ સાધુઓને અહીં જમાડે. એ લપછપમાં મારો બાપ પડે નહિ. કોણ આવ્યા ને ખાઈ ગયા એ વાતથી એને કંઈ નિસબત નહિ.'

પાઇલ ફર્યો ન્યુયોર્કમાં ઊતર્યો ત્યારે પહેરેલી જોડ સિવાય બીજાં કપડાં એની પાસે નહોતાં સીવો પહેરાવ્યો સસ્તા કપડાની દુકાને અને પછી અમેરિકા છોડયું ત્યાં સુધી એની પાસે એ વખતે ખરીદેલા એક જોડ કપડાં જ હતા

એના લખાણો અને પુસ્તકોમાંથી એને હજારોની કમાણી થની હતી પણ પૈસાને એ શું કરે? એની બિમાર પત્ની ન બચે એવી હાલતમાં હતી એ વેળા એણે લખ્યું 'આ હું, આટલી મારી ખ્યાતિ, અને જેનું શું કરવું એની મને સૂઝ નથી પડતી એટલી મારી દોલત—પણ એમાં મારું શું વળ્યું? જિંદગી જીવવા માટે મારી પાસે કાંઇ રહ્યું હોય એવું મને લાગતું નથી'

વળી પાછો એ આ વર્ષના ફેબ્રુઆરી માસમાં ઊપડયો—પેસિફિકને મોરચે સાનફ્રાન્સિસ્કો બંદરેથી વિદાય વેળા હજારેક નાવિકોના ટોળા સામે એણે ભાષણ કર્યું જિંદગીમાં ભાગ્યે જ એણે બીજા ભાષણ કર્યાં હશે બારા પ્રણીના સિપાહીઓ સાથે પોતે સફર કરવા જાય છે એમ એણે કહ્યું નાનકડા એક મા એ ઊપડયો કારણ 'જો હું નાના જહાજમાં તો એ જહાજના સુખદુઃખ હું જલદી સમજી એ કુટુંબ મેળામાં વધુ ભળી જઈ શકું એમ લાગે છે વળી આ લડાઈમાં નાના નાના વહાણોને કે ભાગ્યે જ ઓળખે છે—એમના ગીત તો ગાયા નથી અને મારું દિલ તો એમની કળ જ ભમે છે અજાણ્યાં અને નાના, વહાણ અને નવી'

પેસિફિક ઉપર ગેલ કરતો કરતો અર્ની પાઇલ પહોંચ્યો જાપાનના દરવાજા સમા ઓકીનાવા ટાપુ ઉપરના અમેરિકન સૈનિકો વચ્ચે એકીનાવામાં ખેલાયો એવો ખૂનખાર જંગ જાપાનીઓ સાથે આ લડાઇમાં કદી નથી ખેલાયો. લડાઇની શરૂઆતમાં ઓચિંતા ત્રાટકીને જાપાનીએ એ પર્લ હાર્બરની જે ગજબનાક ખુવારી અમેરિકાના કપાળમાં ચોડી હતી તેની સાથે ઓકીનાવાની ખુવારીની સરખામણી થઈ છે પર્લહાર્બરમાં ગુમાવ્યા હતા તેટલા સંખ્યાબંધ જહાજો અને વિમાનો ઓકીનાવા ભરખી ગયું પર્લ હાર્બર જેટલી હજારો માનવીઓની ખુવારી પણ અમેરિકનોએ અહીં વેઠી છે પર્લ હાર્બર તો જોકે પાછું બંધાઇ ગયું છે રાતદિવસ કામથી ધમધમતું ભવ્ય બંદર એને ફરી બનાવી શકાયું છે અને એવી જ રીતે ઓકીનાવાની ખુવારીનો બદલો પણ કોઈ દિવસ વાળી શકાશે

પણ ઓકીનાવામાં એક ખોટ પડી ગઇ છે તે કદી પૂરી ન પડાય એવી છે જાપાનીસ બંધૂકની એક સૂસવતી ગોળી આવી અને અર્ની પાઇલને વીંધતી ચાલી ગઇ છે ખડેખડમાં ખડકાયેલા અમેરિકન સૈનિકો જાણે રઝળી પડયા હોય એમ લાગે છે

લડાઇથી ત્રાસીને ફ્રાન્સથી ભાગી આવેલા અર્ની પાઇલને પેસિફિકની મરફે નહોતું જવું 'વળી પાછા ત્યાં જવાના વિચારે હું કંપી રહ્યો છું ;મારે ન જવું પડે એટલા માટે હું ચાહે તે દેવા તૈયાર છું પણ મને લાગે છે કે આમાં મારી કોઇ પસંદગી જ નથી રહી હું એમની સાથે એટલો બધો વખત રહ્યો છું કે મારે માથે એની જવાબદારી છે, એમની પ્રત્યે મારી આટલી ફરજ હોય એમ મને લાગે છે એમની વાતોને અવાજ દેનારો હું એકલો જ છું એમની નજર મારી ઉપર છે ;મારી જાતને હું બીજા ખબરપત્રીઓથી ચઢિયાતી નથી ગણતો કેટલાય એવા છે કે જે મારાથી વધુ મહેનત કરે છે અને વધુ સારું લખે છે પણ મારા લખાણમાં એક ચાવી છે જે એમની પાસે નથી એટલે મારે ફરીવાર જવું પડે છે હું તો સપડાઇ ગયો છું'

આજે પણ તારલાના નાનકડા ઝૂમખા વચ્ચે કોઇ આછો પાતળો તારો બનીને અર્ની પાઇલ એમના સુખદુઃખની વાતો સાંભળતો હશે સૂરજચંદ્રને એ નહિ શોધતો હોય

અંધારી રાતે ખાખી કપડાવાળું કોઇ માનવી એકલું બેઠું હોય, અને બેઠું બેઠું તારા સામે જોતું હોય ત્યારે મને સાંભરે છે પેલી તસ્વીરો —

જેરુસલેમવાસી પિતાએ મોકલેલી એ તસ્વીરો બાળપણમાં જોયેલી તે હજી ભૂલાઈ નથી 'મા મરી જાય ત્યારે—' એ મથાળા હેઠળની એક છબીમાં હતા કૂકડીના બચ્ચાં કૂકડી મરી ગઇ છે પણ એમની માતા બનીને એમના પીંછડા ચાટતી ઊભી છે એક બિલ્લી બીજી તસ્વીરમાં હતા બિનાડીના ધાવણા બાળુડા બિલ્લી—માતા તો મરી ગઇ છે પણ એના બચ્ચાં પડયા પડયા ચસ, ચસ, ચસ ધાવે છે—શાણી એક લાબી કૂતરીને

એ તસ્વીરો માંહેલા બચુડિયા જો આજે સજીવન થાય તો કદાચ પૂછે કે,—

'અમ પશુ-પંખીનાં બાળને તો તેં બીજી મા શોધી આપી તો પછી એક માનવીને જ તેં મા વિનાનો શીદ રાખ્યો, હે દયાળુ?'

તા. ક. 'અર્ની પાઇલ જ્યાં હોય ત્યાં' જેની પ્રથમ રજુઆત કરવાની શરત હતી તે ચિત્રપટ આખી દુનિયામાં સૌ પહેલું દેખાડાયું તા. ૮મી જુને ઓકીનાવાના ટાપુ ઉપર—જ્યાં અર્ની પાઇલની કબર છે

'બ...હુ...ઉ લાંબુ દેખું છું'

ઝવેરચંદ મેઘાણી

શ્રી. રવિશંકર મહારાજનો લોકસંપર્ક : લેખાંક ૭ મો

કળિયુગના ઋષિ

પાંચેક કાચાં ઘર એક સાથે આવેલાં હતાં. વચ્ચે પાકું મંદિર હતું. બાજુમાં એક ઘાસની ઝૂંપડી હતી.

વ્યારા ગામથી દસબાર માઈલ ચાલતા અમે જ્યારે એ રાનીપરજ મુલકના ધાટા નામના ગામે પહોંચ્યા ત્યારે વેળા બપોરી ગઈ હતી.

'આંહીં રહે છે ભગત' મારી સાથેના રાનીપરજ ભોમિયાએ આ પાંચ ઘરનું મંદિરવાળું ઝૂમખું બતાવીને કહ્યું.

મેં ત્યાં પૂછ્યું 'ભગત કંઈ છે?'

જવાબ મળ્યો. 'એ તો ખેતરામાં છે.'

ખેતર નજીકમાં હતુ. ત્યાં ગયા. કોસ ફરતો હતો. અને એક માણસ ત્યાં લાકડી પર બેઉ હાથ ટેકવીને ઊભો હતો.

એક માત્ર પોતડી પહેરેલી, તદ્દન સૂકું શરીર, કાળો કીટોડા જેવો વર્ણ, મોંમાં દાંત ન મળે, ખૂબ ઘરડો.

'આ પોતે જ એ' સોબતીએ ઓળખાવ્યો.

આ પોતે જ એ! મને આશ્ચર્ય થયું. ૧૯૧૧ની ઈટોલામાં મળેલી આર્યધર્મ પરિષદમાં જ્યારે સ્વામી નિત્યાનંદજી ગુરુકુળનો ફાળો કરાવતા હતા ત્યારે એક માણસે ઊઠીને જાહેર કરેલું કે 'નોંધો મારા તરફથી દર વર્ષે એકસો ને પચીસ મણ ચોખા' ત્યારે મેં નવાઈ પામીને પૂછ્યું હતું કે આવો મોટો એ કોણ છે! જાણ્યું હતું કે એ વ્યારા તાલુકાના શુદ્ધ આદિવાસી–ગામીત છે. નામ અમરસંગ છે બાપ ભગત છે. ઘેરે અન્નક્ષેત્ર ચાલે છે.

તે પછી ૧૯૨૯માં વ્યારા તાલુકામાં દારૂનિષેધની ચળવળ માટે ફરતા હતા, ડોસતીડા ગામે સભા હતી. તેમાં એક રેશમી ફટકાવાળા રૂપાળા જુવાને સુંદર ભાષણ કર્યું હતું. પુછેલું 'આ કોણ છે?' જાણવા મળેલું કે વડોદરાના કેળવણી ખાતામાં છે, રાનીપરજ ગામીત છે, અમારે એક ભગત છે તેના પૌત્ર છે. ઘેરે અન્નક્ષેત્ર ચાલે છે.

ત્યારથી ભગતને જોવાની ઇચ્છા હતી. એ દિવસે જઈને જોયા. કાળો કીટોડા જેવો સાવ સૂકલ દેહ, એક પોતડીભેર, મોં બોખું, લાકડી પર હાથ ટેકવીને નમેલું શરીર.

મેં નમસ્કાર કર્યા. સામા એણે કર્યા. પણ મોં તો હસ્યા જ કરે. હસવું મોં પરથી ક્ષણ પણ ખસે નહિ.

પ્રાથમિક પૂછપરછ ને પિછાન પછી મેં પૂછ્યું, 'ભગત, કેટલી ઉંમર હશે?'

'ઉંમર! હસી રહેલા એ શ્યામ, સૂકલ, બોખા મોંએ જવાબ દીધો; 'ઉંમરની તો શી ખબર! લાંબું દેખું છું; બ...હુ...ઉ લાંબું દેખું છું. સરકારનું રાજ નો'તું ત્યાર વેળાનો છું. ચાલો ઘેર જઈએ.'

ચાલતાં ચાલતાં મેં પૂછ્યું, 'દારૂ પીઓ છો?'

'ના, પણ તમારા જેવડો જુવાન હતો ત્યારે પીતો.' ને મોં હસ્યા જ કરે.

'તમારા પિતા પીતા?'

'હા, એ પીતા પણ એણે પછી છોડેલો. એક સાધુના કહેવાથી. પોતે છોડયો, પણ મને કહે કે બેટા તું પીજે! બાપે એમ 'પીજે' કહ્યું તેથી મેં છોડયો.

'બાપાએ કેમ કહ્યું કે પીજે?' મેં નવાઈ પામીને પ્રશ્ન કર્યો. ભગત કહે—

'એમ કહ્યું કારણ કે હું એનો એકનો એક દીકરો, પીતો બંધ પડું એ પોતાને ગમે નહિ. પણ તેથી જ મેં છોડયો.'

માણસના મનોવ્યાપારની આ નિગૂઢ, નિર્મળ, અને સરલ ગતિ પર વિચાર કરું છું ત્યાં ઘર આવ્યું. ને ભગતે એના અવિરત મલકાટ સાથે મને કહ્યું: આ અમારું ઘર. ડાકોરથી નાસિક જનારા સાધુઓનો આ વિસામો. ટોળેટોળાં આ માર્ગે ચાલ્યાં જાય. ને મારો બાપ તો નહિ પણ મારી મા એ સૌ સાધુઓને અહીં જમાડે. એ લપછપમાં મારો બાપ પડે નહિ. કોણ આવ્યા ને ખાઈ ગયા એ વાતથી એને કંઈ નિસબત નહિ.'

ફરી પાછું હસીને એ બોખું મોં બોલ્યું: 'એક વાર મારા બાપાને એક કાવડિયો (પૈસો) જડયો. જનમ ધરીને કદી કાવડિયો અગાઉ દીઠેલ નહિ એટલે નવાઇનો પાર ન રહ્યો હાથમાં રાખીને ફર્યા જ કરે. એમાં એક સાધુ આવી ચડયા બાપે કાવડિયાનું શું કરવું એ મૂંઝવણમાંથી છૂટવા માટે કાવડિયો એ સાધુને આપ્યો. અને સાધુએ અમારા ઝૂપડાના છાપરા પર હાથ લંબાવી, છાપરાના સુકલ ઘાસમાંથી એક ચપટી ભરીને બાપાને કહ્યું: 'લે બેટા, દારૂ ન પીજે. તારુ સારું થશે, તને ધન મળશે'

'ધન મળ્યું ખરું ?' મેં વચ્ચે ઉતાવળે પ્રશ્ન કર્યો. એણે જવાબ વાળ્યો—હસતે મોંયે:

'ના, પણ દાણા ઘણા થયા. ડાંગર ખૂબ પાકી. પછી મા મરી ગઈ, એટલે બાપા કહે કે તારી માની પાછળ એનું અન્નક્ષેત્ર તો મારે ચાલુ રાખવુ જ જોઈએ. ને એણે મુઇ માનું કામ સંભાળ્યુ. પછી થોડે વર્ષે બાપો મરી ગયો, એટલે મને થયુ કે બાપે ચાલુ રાખેલુ માનું કામ મારે પણ ચાલુ રાખવું જોઇએ.'

થોડો વિસામો ખાઈને એણે કોઈ અદૃશ્ય ચોપડો વાંચતા હોય એવી રીતે ચલાવ્યુ :—

'છપનિયો દુકાળ આવ્યો. છોકરો અમરશંગ કહે કે બાપા, દાણા સંતાડી દઈએ. મેં કહ્યુ કે અરે, દાણા તે કંઈ સંતાડાય ? એ કહે કે લોકો લઇ જશે. મેં કહ્યું, લઇ શીદ જાય ? તો કહે કે 'ખાવા'. મેં કહ્યું કે અમરશંગ, ખાવા માટે તો દાણા છે જ. દાણાનો બીજો શો ખપ છે ! ખાવા દેને જેટલા ખાવા હોય તેટલા !'

દાણા વિશેનું સાચું તત્ત્વજ્ઞાન ચર્ચતો કોઇ દાર્શનિક આ ડોસાની અંદર મને દેખાયો. મેં કહ્યું 'પછી ?'

'પછી તો ખૂબ મે વરસ્યો, ડાંગરનો પાક ઊગ્યો, પણ પાકવા આડો એકાદ મહિનો રહ્યો, ને અમારું અનાજ ખૂટયું એક દિવસ અમારા ઘરમાં ફક્ત એક જ ટંક ચાલે તેટલા વાલ રહ્યા. બીજું કંઇ ન મળે અમરશંગની વહુએ આંધણ મૂકયું વાલ ઓરવાની ઘડીવાર હતી, તે જ વખતે છોકરાં બહારથી દોડી આવીને કહેવા લાગ્યાં, જંગલમાં ચાર ફકીર છે !' (જંગલ અમારા ઘર પાસે જ હતું.)

ફકીર છે એ સાંભળીને તુરત મેં કહ્યું, 'વહુ, વાલ ઓરશો નહિ.'

બોખું મોં હસ્યું ને પાછું ચાલુ થયું: 'વાલ હતા તે ચાર ફકીરોને આપી દીધા. એમણે એ રાંધીને ખાધા. અમે સૌ ભૂખ્યાં રહ્યાં. પણ વરસાદ વરસવા લાગ્યો. એટલે ફકીરો તો રોકાઈ ગયા. મેં અમરશંગને કહ્યુ કે હવે બીજે ટંકે ફકીરોને શું આપશું ? છોકરો કહે કે બાપા, ચાલો બ્યારે, ત્યાંથી આપણે દાણા ઉછીના લઈ આવીએ. મેં કહ્યું કે આપણને કોણ આપશે ? છોકરો કહે કે આપશે, ચાલો.

અમારું ગાડું બ્યારાની ભાગોળે પહોંચ્યું ત્યાં એક શેઠ સામા મળ્યા, હું તો એને નહોતો ઓળખતો પણ મને એણે ઓળખ્યો અને નવાઈ બતાવી, 'અરે ભગત ! તમે અહીં કયાંથી ?' કારણ કે હું કદી અગાઉ બ્યારા જેટલે ય આવેલો નહિ. મેં કહ્યું, દાણા ઉછીના લેવા આવ્યો છું એ કહે કે જોઈએ તેટલા લઈ જાવ ને. ચાલો, તમારે દાણા જોઈએ તો કોણ નહિ આપે !

ગાડું શેઠે પોતાની દુકાને હંકાવરાવ્યું. દુકાને જઈ મેં કહ્યું, કળશી ચોખા આપો ને બીજા પાંચ મણ શકઈ (ઊંચા ચોખા) આપો.

માગ્યા તેટલા શેઠે આપ્યા. ગાડું ભર્યું ને પછી મેં છોકરાને કહ્યું, 'અમરશંગ, તું જા. હું અહીં શેઠનું કામ કરવા રોકાઈશ. તું આપણો પાક થાય ત્યારે ચોખા ભરીને પાછો આવજે ને મને લઈ જજે. અમરશંગ ગાડું હાંકીને ચાલ્યો ગયો તે પછી શેઠની નજર મારા તરફ પડી. મને બેઠેલો જોઇને શેઠે કહ્યુ, 'અરે તમે કેમ રોકાયા !'

મેં કહ્યુ કે, 'તમારું કામ કરવા.'

'કામ શેનું ?'

'કેમ ! તમારા દાણા લીધા તે પાછા આપું ત્યાં સુધી તમારે ઘેર મારે કામ કરવા રહેવું જ જોઇએ ને ?'

'અરે ભગત, તમે આ શું બોલો છો ? તમારી પાસે કામ કરાવાય ? અને મેં તમને કયાં ઉછીના આપ્યા છે ? તમે તો ઘણાંને દીધુ છે.'

મેં કહ્યુ, 'ના, મફત અનાજ ન લેવાય.' ને હું ત્યાં રહ્યો. અમરશંગ દાણા લઇને પાછો આવ્યો તે પછી જ હું ઘેર ગયો. ત્યાં લોકો કહે કે 'ભગત, તમે કાળ વરસમાં લોકોને દાણા પૂર્યા. માટે તમારી ધરમની ધજા બંધાવો.'

એટલુ બોલીને ભગત મારી સામે હસીને મને પૂછે છે, 'ધરમની ધજા તે બંધાવાય ? અમારા ખાતાં વધ્યું

તે અનાજ અમને શા ખપનું હતું! એ અનાજ લોકો ના વાપરે તો તેનું શું થાય? વધેલું અનાજ વાપરવા આવ્યુ તેની તે કાંઇ ધરમની ધજા હતી હશે? અમને તો અનાજનો કોઇ દિવસ તૂટો આવ્યો નથી.'

પછી મારી સામે જોઈને ફરી પાછા બોલ્યા—ને આ બોલતી વખતે તેમના મોં પર હાસ્ય નહોતું:

'પણ હવે તૂટો આવવા લાગ્યો છે. અમારે અમરશંગનો છોકરો છેને, તે આમ ક્યાંક દૂર દૂર ભણવા ગયો છે.' એમ કહીને એમણે કોઈ દૂરનું અગમ્ય સ્થળ બતાવવા પોતાનો હાથ લંબાવ્યો: 'તે એકલોજ અમારા આખા કુટુંબ જેટલુ ખાઈ જાય છે.'

પ્રથમ તો હું ન સમજ્યો, પણ પછી મને સમજ પડી, કે આ ભગતનો પૌત્ર કવિવર ટાગોરના શાંતિનિકેતનમાં ભણતો હતો અને ત્યાંના ભણતરના ખર્ચની જે મોટી રકમ પૂરવી પડતી હતી તેને માટે વેચી નાખવા પડતા ઘરના દાણાના મોટા જથ્થાને અનુલક્ષીને ભગત આમ બોલ્યા કે, 'તે એકલો જ અમારા આખા કુટુંબ જેટલું ખાઈ જાય છે!'

આધુનિક કેળવણી ઉપરનો આ કટાક્ષ કેટલો વેધક હતો! પણ ભગત એ કટાક્ષરૂપે નહોતા બોલ્યા. પોતાને નથી સમજાતું એવું કંઈક કુટુંબજીવનમાં બની રહ્યું છે એટલો જ એનો મર્મ હતો.

'ને હવે તો'—ભગત ફરી પાછા હસીને બોલ્યા; 'હવે તો ગાડી થઈ ગઇ એટલે ડાકોરથી નાસિક જતા સાધુઓ અહીં નથી આવતા, પણ ધગડા આવે છે—'

ધગડા એટલે પોલીસ!

'અને', ભગતે છેલ્લો બોલ ઉમેર્યો, 'અને એ પણ અહીં ખાય છે.'

અમારી વાત પૂરી થઇ અને મારે ભગતને ઘેર રાત રોકાવું પડ્યું, કારણ કે પોતાને ત્યાં આવનાર કોઇને પણ એ જમ્યા વિના જવા દેતા નહિ. અને હું એક ટંક આહાર લેતો હોવાથી સાંજે મારાથી જમાય તેમ નહોતું. વળતે દિવસે જમીને હું ત્યાંથી નીકળ્યો. તે ઘડીથી આજ સુધી મારા મનમાં એક વાક્ય ગૂંજી રહ્યું છે—

'લાંબું દેખું છું. બહુ..... બહુ લાંબું દેખું છું. સરકારનું રાજ નહોતું તે પૂર્વે હું હતો.'

તે દિવસથી હું એ કાળા કઠિયાડા જેવા, સૂકલ હાડપીંજર શા, એક જ પોતડીભર રહેતા અને નિરંતર હસ્યા જ કરતા ગામીત આદિવાસીને 'કળિયુગના ઋષિ' કહી ઓળખાવું છું. થોડાં વર્ષ પર જ એ ગુજરી ગયા.

૨. શનિયાનો છોકરો

મહીકાંઠાના રાસ ગામમાં એકવાર મહારાજને ભાળ મળી કે શનિયાના છોકરાને હડકાયું કૂતરું કરડવાથી છોકરો લાંબા કાળના મંદવાડમાં સતો છે અને એ કરડ પાકી ગંધાઇ ઊઠયો છે.

મહારાજ શનિયાને ઘેર ગયા. સડી ગયેલો નાનો બાળક ગાભા પર પડયો છે. કોઇ એની કને આવી શકતું નથી. બદબો અસહ્ય બની ગઈ છે.

'શનિયા!' મહારાજે છોકરાના બાપને કહ્યું: 'હેંડ આને આણંદ દવાખાને લઇ જઇએ.'

'હું ચ્યમ કરીને હેંડું બાપજી?'

'ચ્યમ વળી શું?'

'છોકરાં દાણા વિના મરી જાય. ખેતરાંમાં કોઇ જનાર નથી.'

'તારી વઉ છે ને?'

'ઘરમાં તો ખાટલો મોંદો છે મહારાજ!'

'ખાટલો મોંદો છે' એટલે કે વહુને સુવાવડ આવેલ છે.

અર્થ એ થયો કે શનિયો એકલો બીજાં છોકરાં અને બૈરીને બચાવવા માટે મજૂરી કર્યા કરે, અને છોકરાનું રોગે ગંધાઈ ગયેલ હાડપીંજર ધીરે ધીરે ખતમ થઇ છેલ્લા શ્વાસ છોડી દે એટલે છુટકારો થાય.

'વારુ!' મહારાજે કહ્યું, 'તને દાણા અલાવી દઉં તો પછી તું આવે?'

'તો આવું.'

અધમણ ચોખા ખરીદીને મહારાજે શનિયાંના ઘરમાં નંખાવ્યા, અને પછી છોકરાના રસી વહેતા શરીરને બથમાં ઉપાડી મહારાજે ટ્રેનના એક ડબ્બામાં ચડાવ્યું. બીજાં મુસાફરો ત્યાંથી ખસી ગયાં. બદબો જીવતી નરકનો ખ્યાલ કરાવતી હતી.

ચાલની ગાડીએ છોકરાને માખીઓ ઉડાડતા મહારાજ એકલા જ સંભાળે છે. બાપનું ધ્યાન દીકરામાં નથી. રામ ગામને પાધરે જ રેલવે દોડે છે, સ્ટેશન છે, પણ અવતાર ધરીને શનિયો કોઈ દિન આગગાડીમાં બેઠો નથી. આજે એને પહેલો જ પ્રસંગ છે. એનો આનંદ ઉછાળ મારે છે. બારીમાંથી એ ઝાડવાને પાછી દોટ કાઢતાં જોઈ જોઈ એક બાળક જેવો બની દાંત કાઢી રહ્યો છે. એકવાર તો મહારાજે 'અલ્યા શનિયા, તું આને માખો તો ઉડાડ!' એમ કહી ઠપકો આપ્યો, પણ શનિયો તે વેળા બાપ નહોતો, પતિ નહોતો, કુટુંબનો રોટી રળનાર નહોતો, બાળક બની ગયો હતો. પહેલી ને પ્રથમ વાર એણે જીવનના રોજીંદા એકસૂરીલા નિષ્પ્રાણ સંગ્રામ વચ્ચે એક રોમાંચ અનુભવ્યો હતો.

આણંદ ઊતર્યાં, છોકરાને ઉપાડ્યો, ઝોળીના આગલા બે છેડા શનિયાને ઊપડાવ્યા, પાછલા મહારાજે ઉપાડ્યા. શનિયો ભાર ઊચકી શકતો નહોતો. મહારાજે એને કાળજીથી ઊંચકવા કહ્યું. શનિયાએ જવાબ વાળ્યો:

'આ મુઆનામાં ભાર બૌ છે તે!'

શનિયાના મોંમાંથી ટપકેલો આ વીશેક વર્ષ પૂર્વેનો બોલ આજે મહારાજની છાતીએ ચોંટી રહ્યો છે. ગંધાઈ ગયેલું નાના બાળકનું હાડપીંજર—એ ભાર એનો નહોતો. બાળકના બોજાની નહિ પણ બેહુ-બાપની નિશ્ચેતનતાની એ મર્મવાર્તાને વિધાતાએજ શનિયાના હોઠ ઉપર એક અવિસ્મરણીય અવળવાણીના રૂપમાં મૂકી દીધી હતી—

'મુઆનામાં ભાર બૌ છે તે!'

એ વાક્યે મહારાજને મૌન પકડાવ્યું.

આણંદની ઈસ્પિતાલે છોકરાને પ્રવેશ ન મળ્યો. પાછા એને ઊંચકીને વડોદરાની ગાડી પકડી. શનિયાને છોકરામાં કશો રસ રહ્યો નહોતો. એ તો સાથે જતો હતો કારણ કે મહારાજને ના કહી શકાઈ નહિ. વડોદરે સંગાથે ગયો. મહારાજની કંઈક શરમ લાગી તે ગાડીની બારીમાંથી ઝાડવાંની દોટાદોટના જલસા ચોરીછૂપીથી જોતો રહ્યો દીકરાને માખીઓ ઉડાડવાનો કંઈક કંઈક દેખાવ કરતો ગયો. ગાડીનો વેગ એને ગમ્મત આપતો હતો—અંદર મૃતપ્રાય પુત્ર ભલેને પડ્યો! ગતિના આવાં ચડો પર વિહરવાની મોજ વિરલ હતી. નિત્યનું નિશ્ચેતન જીવન ઝંઝાવાત પર ઘોડેસવારી કરી રહ્યું છે શનિયો મનમાં મનમાં થનગને છે

વડોદરાની મોટી ઈસ્પિતાલે છોકરાને તપાસીને દાક્તરે મહારાજને કહ્યું. આજની એક રાત કાઢે તો જ ઉગાર છે, કાઢવા સંભવ નથી. ઝેર લોહીમાં પ્રસરી ગયું છે.

શનિયાને તો એ કશી જ ખબર નહોતી. ખબરની દરકાર પણ નહોતી. એનું દિલ તો ફરી એક વાર પાછા જતાં ગાડીના વંટોળ-વેગ પર સવારી કરવા તલસતું હતું. અને વચ્ચે વળી કોઈ કોઈ વાર 'ઘરે મોટો ખાટલો' (સુવાવડી બૈરી) અને અધમણ ચોખા પર છોડેલાં છોકરાં યાદ આવતાં.

છોકરાએ રાત ખેંચી કાઢી. દાક્તર કહે કે હવે ભો નથી પાંચેક દહાડે મહારાજે કહ્યું, "શનિયા! તું તારે હવે જા, તારે એકાકામ ખોટી થાય છે. જા, હું અહીં છું. છોકરાને લઈને આવીશ.'

રાજી થયેલો શનિયો તુરત ઊભો થયો. મહારાજે ટિકિટના પૈસા આપ્યા તે લઈને પછી બધું જ જાણે બસ પતી ગયું હોય તેમ એ તો છોકરાને કશું કહ્યા વિના, એની સામુ પણ સરખી રીતે જોયા વિના દવાખાનાની ઓરડીમાંથી બહાર નીકળવા મંડ્યો.

પણ બારણાની બહાર જઈને એકાએક એ પાછો ઊભો રહ્યો, પાછો ફરીને છોકરાના ખાટલા સામે જોઈ રહ્યો

'કેમ 'લ્યા!' મહારાજે પૂછ્યું: 'કેમ ઊભો!'

શનિયો લજ્જા પામતો પામતો હસ્યો અને પછી માંડ માંડ બોલ્યો:

'જતાં દલ થતું નથી.'

'શાથી 'લ્યા!'

'આ છોકરો છેના દાદા, તે એવો એ મારાં સરવે છોકરાંથી વધુ ડાહ્યો છે.'

'શાથી?'

'એ તો એમ દાદા! કે ઘરમાં જે દા'ડે દાણા નો'ય, તે દા'ડે બાકીનાં બધાં છોકરાં આરનું પામ્યા વગર રડારોળ કરી મૂકે, પણ આવો આ ભૂખ્યો ને ભૂખ્યો છાનોમાનો પડ્યો રહે, શું કે ચાં ન કરે દો દાદા! તેથી કરીને આવો આ મને વધુ ડાહ્યો લાગે છે તેથી

[અનુસંધાન પાન ૨૭૬]

એક ઝાડ હેઠળ :

જિતુભાઇ પ્ર. મહેતા

મેલા કાગળ પર કોઈ કવિ કવિતા લખે છે કે નહિ એની ખાસ ખબર નથી પણ શહેરની એક મેલી દીવાલ પર એક લાલુંછમ ઝાડ કવિતાની જેમ પથરાઇ રહ્યું છે. આ ઝાડ સાવ એકલું છે. ક્યાંય નહિ ને એને આંહીં ઊગવાનું શીદને સૂઝ્યું હશે ?

બગીચો છોડીને, જંગલ તજીને, સીમનો ખોળો આઘો કરીને આ બીજ આ લત્તામા કઈ રીતે આવી પડ્યું હશે? ઝાડની બાજુમાં ઘરો છે એમાં થોડી ગાનારીઓ રહે છે, ક્ષણની સનમો પણ એ ઘરોની અંદર વસે છે. એ ઘરો અંદરની કોઈ કલાકારની જેમ.. આ લીલો નમણો છોડ આ પાડોશ શીદને સેવતો હશે ?

ઝાડ પાસે જીભ નથી. બીજ પાસે કોઇ ચોખવટ કરવાની શક્તિ નથી. બીજને તો જાત જાતનાં વાહનો મળી રહે છે. એકલો ભમરો જ રથ બનીને બીજને લીલા સંસાર ભણી લઇ જતો નથી.

ઊડીને પવન બીજની હવાઈગાડી બને છે. કોઇ પંખી પણ આ કામ કરે છે. ઝાડનું બીજ ક્યાંથી આવ્યું એની ઝાઝી પૂછપરછ ન કરીએ. કુદરત પાસે હજુ ય રહસ્યની મોટી પેટી અકબંધ પડી છે.

આવા એક લત્તાના એ ઝાડની હેઠળ એક હાથગાડી પડી છે. શહેર પર ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. હાથગાડી છોડીને હાથગાડી ફેરવનારા ક્યાંક ચાલ્યા ગયા છે. મુંબઈ આખું જાણે ઘરની અંદર બીડાઈ ગયું છે.

હાથગાડી ઉપર એક નટીની મોટી છબી છે. એ નટીની છબી આગળથી વરસાદનાં પાણી ચાલ્યાં જાય છે. છબીઘરમાંથી નટીની ભૂમિકા જોયા પછી પ્રેક્ષકો ચાલ્યા જાય એવી અદાથી વરસાદનાં બંકાં પાણી ખુશ થતાં, ગુંજન જેવો અવાજ કરતાં ઊપડી જાય છે:

એ નટી કોણ છે? એની બે મોટી આંખ જોનારાની આંખ સાથે સંબંધ બાંધતી દેખાય છે, મુખ એટલું સુંદર નથી. પણ જોવા જેવું છે. કાનમાં એ તસ્વીરે સોનાનાં ફૂલ પહેર્યાં છે. વાળની લટ ઊડતી દેખાય છે.

મુખ સાંભરે છે કારણ કે એ મુખ કરમાઇ ગયું છે. એ નટી મૃત્યુ પામી છે; એનું નામ છે, વત્સલા કુમઠેકર એ કેવા સંજોગોમાં મૃત્યુ પામી. એનું ખાનગી જીવન કેવું હતું એ ખાનગી આરસી પર નજર નાખવાની ઈચ્છા નથી.

અને આ દ્રશ્ય એકદમ અટકી ગયું કારણ કે નટી મરી ગઇ હતી, પણ રૂપેરી પરદા પર એ જીવતી હતી, હસતી રમતી હતી. ગીત ગાતી હતી.

વત્સલા કુમઠેકર કોઈ મહાન કલાકાર નહોતી પણ એની પાસે ગળું હતું એ ગળાની અંદર સુરનાં કેટલાંક એવાં કણ હતાં કે એ ઘાયલ કરી જાણે.

અત્યારે તો એની હાથગાડીને પણ બધાં છોડી ગયાં હતા. ઉપરથી પાણી પડતું હતું નીચેથી પાણી સરતું હતું. એ તસ્વીર કાંઈક 'વિચાર' કરતી કેમ લાગી ?

એ શું જોતી હતી? એની જિંદગી પણ એ ડહોળા પાણીની જેમ જ ચાલી નીકળી હતી ને! આકાશનું મૂળ પાણી સ્વચ્છ હોય છે. પણ એ જે સ્થળ પર પડે છે એ સ્થળ પ્રમાણેનો રંગ એ પકડે છે.

એ તણાતાં પાણીની અંદર થોડાં ચોપનિયાં તણાઈ આવ્યાં હતાં. એમાં વત્સલા કુમઠેકરનું કોઇ નામ નહોતું. કેટલાક પત્રો તરતા હતા. એ કોઈના પ્રેમપત્રો હતા? એમાંય એ નટીનું નામ નહોતું.

પાણી ઊંચાં ચડતાં ગયાં. હાથગાડીનાં પૈડાં ડૂબી ગયાં. હવે તો નટીની તસ્વીરના કંઠ સુધી પાણી આવ્યાં. એ તસ્વીરમાં મોટું મુખ ચિતરવામાં આવ્યું હતું. ધીરે ધીરે પાણી હડપચી પરથી ઊંચે જતાં જતાં નટીની છબીના હોઠ સુધી આવી ગયાં.

એ હોઠને હવે સુધાની કોઈ જરૂર નહોતી. પછી તો એમાં નયન પણ ઢંકાયાં અને છેલ્લે તો એ નટીનું આખું મુખ પાણીમાં દટાઈ ગયું.

નટીનું ચિત્ર રૂપેરી પરદા પર ચાલતું હતું. હાથગાડી પરની નટી ડૂબી ગઈ હતી.

પાણીએ આ પ્રવાહી બુરખો ઓઢાડીને એક વાત સમજાવી દીધી. કલાકારો ક્યારેક ડૂબી જાય છે. જનતાની સ્મૃતિમાંથી ક્યારેક તેઓ અદ્રશ્ય થઈ જાય છે.

*

કોણ હતી આ વત્સલા કુમઠેકર? એની કબર મૂગી પડી છે. એને કબર મળી છે કે નહિ એનો પણ ખ્યાલ નથી. કાઠિયાવાડમાં એ કબર આવી છે.

કબર પર આપણી નજર પડે એના કરતાં કોઇ બુલબુલ એના પર ઊડી ગીત છોડે એ વધુ સારું છે.

મને સાંભરે છે, મારા જૂના દિવસો. આજે તો એના પર પણ કબર ચણાઈ ગઇ છે. તોય સંભારણાં મર્યાં નથી. જૂનાં ઘરોની અંદર પાણીનાં ટાંકાં રાખવામાં આવે છે, એ ટાંકાં બંધ રહે છે. ચોમાસું બેસે છે, ત્યારે અગાશીમાંથી વરસાદનાં પાણીને ટાંકાંમાં સંઘરી રાખવામા આવે છે: એ ટાંકાં ભલે પાણીની- કબર જેવા હોય પણ એની હેઠળ બિલોરી કાચ જેવાં પાણી જીવતાં પડયાં છે-જ્યારે ટાંકું ઉઘાડો ત્યારે એ પાણી સીંચી શકાય છે.

જૂના દિવસોનાં એવાં સંભારણાંપાણી મેં સંઘર્યાં છે. ત્યારે હું સાગરમાં હતો— સાગર ફિલ્મ કંપનીમાં

તાજેતાજાં બોલતાં ચિત્રો સ્ટુડિયોમાં આવ્યાં હતાં એ વખતે શ્રી. મહેબુબને

એક ચિત્ર દિગ્દર્શન માટે આપવુ એમ નક્કી થયુ હતુ શ્રી મહેબુબે શ્રી કનૈયાલાલ મુનશીની 'વેરની વસુલાત'મા તનમનના પિતાની ભૂમિકા ભજવી હતી પણ શ્રી મહેબુબમા અજબ શક્તિઓ હતી એટલે એમને દિગ્દર્શનની જવાબદારી સોપવામા આવી

એમણે પહેલુ ચિત્ર "અલહિલાલ" શરૂ કર્યું એ ચિત્રનુ કામકાજ પૂરજોશમા ચાલુ રહ્યુ શ્રી મહેબુબે તનતોડ મહેનત કરી એમના સાથી છબીકાર શ્રી ફરેદુન ઇરાનીએ પૂરેપૂરો સહકાર આપ્યો અને શ્રી ધરમસીએ ધ્વનિઆલેખન માટે મહેનત ઉઠાવી હુ પણ ત્યારે એ ઉત્સાહી મડળમા શામેલ હતો શ્રી મહેબુબ સાથે અનેક બાબતની ચર્ચા કરતો, એમને આયોજનની કોઈ ચર્ચામા ભારે રસ આવતો અમે સાથે જ કામ કરતા

આજે તો શ્રી મહેબુબને હિંદનો ફિલ્મઉદ્યોગ અને જનતા સારી રીતે ઓળખે છે છબીકાર શ્રી ફરેદુન ઇરાનીની છબીકલા મશહૂર બની છે આજે પણ આ બન્ને જણા સાથે જ કામ કરે છે

એ 'અલહિલાલ'ના પ્રસગો ઝડપવામા આવ્યા, પછી સગીત વિભાગ આરોપવામા આવ્યો એ વખતે સગીત વિભાગ આટલો વિશાળ નહોતો બન્યો આજે તો ૩૦થી ૩૫ સાજીંદાઓની જરૂર પડે છે ત્યારે ત્રણથી ચાર સાજીંદાઓની જરૂર પડતી

'અલહિલાલ'નુ બધુ કામકાજ પૂરુ થયુ એની ખાનગી અજમાયેશ કરવામા આવી અને અમને લાગ્યુ કે છેલ્લા દશ્ય વખતે કોઈ સરસ ગણુ યોગ્ય ગીત આવે તો ચિત્ર જામી જાય

ઘણી તપાસ કરવામા આવી જાત જાતના ગળા કાન પર લેવામા આવ્યા અને આખરે વત્સલા કુમઠેકરના ગળા પર પસદગી ઊતરી

આ ફિલ્મ લાઇનમા સૌથી પહેલા વત્સલા કુમઠેકરે 'અલહિલાલ'મા એમનુ ગણુ પરોવ્યુ એ હલક આજેય મારા કાન પર અફળાતી લાગે છે

અને વત્સલાના સૌથી છેલ્લા ચિત્રની જાહેરાત કરતી હાથગાડી પરનુ વત્સલાનુ મુખ આજે વરસાદના પાણીમા એકલુ ડૂબી રહ્યુ હતુ એક ઝાડ હેઠળ આમ એક નવો જ ઝબકારો આપીને રસ્તે પડ્યો હતો

જીવતી જાગતી નદીઓ શહેરમા નીકળે છે ત્યારે એમને કોઈ રીતે એકાત મળતુ નથી એમને છુપાઈને પસાર થવુ પડે છે નહિતર રોણુ એકઠુ થાય છે

જીવતી જાગતી નદીની વાત જવા દો એના ચિત્રવાળા પોસ્ટરો, પરદાઓ એની આસપાસ પણ જોખમ ફરતુ રહે છે કોઇ છરી ઊછળી પડે છે અને એ છરી પરદા પર ચિતરાયેલી નદીની કા તો આખો ચોરી જાય છે, કા તો એના હોઠ ચોરી જાય છે, કાં તો એનુ આખુ મુખ ચોરી જાય છે

શહેરની દીવાલો પર નજર નાખશો એટલે તમને આ જોખમની વાત સહેલાઈથી સમજાશે કોઇ બદાઓ તો એવા નદીના ટૂકડાનુ એોશાક બનાવે છે આવા કિસ્સા સાભળી ધ્રુજી જવાની જરૂર નથી. નાખુશ થવાની બહુ જરૂર નથી

પુરુષનુ એકાત એની એકલવાયી જિંદગી, એની કગાલિયત, એની કલ્પના, એનુ તરસ્યુ જિગર, એની તૂટી ગયેલી મગજની નસ, સાથી માટેની એની ભૂખ, એનુ મવાલીપણુ એને આવા નદીના પરદાના ટુકડાઓ આપી દે છે, મરેલી સુરત સમક્ષ એવો આદમી એના ઉના નિશ્વાસ ઉતારે છે કલ્પનાવધુ સાથે લગ્ન કરવા માટે માડવાની જરૂર પડતી નથી, ગોરની જરૂર પડતી નથી

હાથગાડી પરની રગીન તસ્વીરો, પોસ્ટરો પરની રંગીન આકૃતિઓ, દીવાલ અને પરદા પરની મુખાકૃતિઓ—એની તો એક અનોખી દુનિયા છે

એ દુનિયામા ખૂન ખરાબા થાય છે, જબરી બાઝણો થાય છે એ દુનિયાના રગ છાટવા માટે હુ તમારી આખ માટેની કોઇ બીજી વાર માગણી કરીશ.

જુઓ! વરસાદ દોરી જેમ વરસતો હતો, હવે દોરડા બની જમીન પર પછડાય છે શહેરમા ઘૂમવા માટે એના પાણી ચાલી નીકળ્યા છે જવા દો એ પાણીને.

એ ઝાડ, એ હાથગાડી અને એટલી જમીન બધા પર પાણી છે હવે તો મારે પણ ચાલી જ જવુ જોઈએ

'અ...હું...ઉં લાંબુ દેખું છું' [પાના ૨૭૪ થી ચાલુ]

કરીને જતા જીવ મુઓ આવતો નથી! ખાવા ન હોય ત્યારે રડે કરે નહિ.

એટલું કહીને ફરી વાર મોં મલકાવીને લજવાતો શનિયો ઊભો થઈ રહ્યો, પણ પછી પોતે કંઈક અનુચિત બાબત કહી નાખી હોય એમ માનીને સ્ટેશને ચાલ્યો ગયો.

બીજેક દિવસે છોકરાને સાજો નરવો લઈને મહારાજ પાછા વળ્યા રસ્તામાં એણે કહ્યું, 'અલ્યા તુ મારી જોડે રહીશ? હું તને પેટ ભરીને ખવરાવીશ પીવરાવીશ, તને ભણાવીશ'

છોકરાએ હા પાડી

ગામની બજાર આવી, એટલે છોકરો મહારાજ કનેથી દોટ કાઢીને બાપને બાઝી પડયો, ઘેર ચાલ્યો ગયો.

એને પેટ ભરીને ખાવા પીવા ને ભણવા કરતાં ગરીબ બાપને ઘેર અન્ન ન હોય તે દિવસે 'ડાહ્યો' બની રહેવા, ખાવાનો કજિયો ન કરવાનુ વિશેષ પસદ પડ્યુ હતી

'શનિયા, તારો છોકરો તુ મને આલી દેને હુ એની સાર સભાળ રાખીશ'

'એવો એ નહિ આવે દાદા! એ કરતા એને કોઈક પાટીદારને ત્યા ચાકરીએ રાખી દો ને! એ હળતો થઈ જશે'

કંગાલિયતની એ કથા મહારાજને પચાવવી પડી એ પાચનનો ઓડકાર વારવાર આ વાત રૂપે મહારાજના મુખેથી બહાર પડે છે

સ્થળ, સમય અને પ્રણય

ગુલાબદાસ બ્રોકર

ખુશ મિજાજી, રંગીલા, સાહિત્યપ્રિય, અર્ધા ગુજરાતી બની ગયેલ, જુવાન ડૉક્ટર તલપડેનું દવાખાનું મિત્રોથી ભરચક બની ગયું હતું. હસાહસી, રાડારાડી અને ઊંચા સાદે થઈ રહેલા વાદવિવાદમાં જોડાવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં આખા દિવસના કામના થાકને અંગે જરા આરામ જોઇતો હોય તેવી મુખમુદ્રા ધારણ કરીને એક ખૂણામાં પડેલી ખુરશી ઉપર ડૉક્ટરની પત્ની અને જે ઘરનો આ દીવાનખાનું એક ભાગ હતું તે ઘરના બાકીના ભાગમાં ચાલતા પ્રસૂતિગૃહની માલિક ડૉક્ટર મિસિસ સુશીલા તલપડે બેઠી હતી. ઘરના બાકીના ભાગમાં સ્ત્રી બાળકોની સારી એવી સંખ્યા હશે તેની પ્રતીતિ આ બધી બૂમાબૂમ ભેદીને આવતી બાળકોની તીણી ચીસોથી થતી હતી.

વાતોનો સમુદ્ર વિષયોની મર્યાદામાં બંધાઈ રહેવા નહોતો માગતો. પ્રસૂતિની પીડાથી માંડીને કલાકારની કલ્પના સૃષ્ટિ સુધીના દરેક વિષયને છેડતો, ઓળંગતો, ભીંજવતો, નવડાવતો, ગર્જના કરતો એ સમુદ્ર તો આગળ ને આગળ ધપી રહ્યો હતો.

સમય પણ આગળ ધપી રહ્યો હતો. પણ એની કશી પરવા આ મંડળીને હોય તેમ લાગતું નહોતું. ઊલટું જેમ રાત્રિ વધતી જતી હતી તેમ વાત ચગતી હતી. માત્ર ડૉક્ટરની પત્ની આ વાતોના રસપૂરમાં તણાવા છતાં કોઈકોઈ વાર બગાસું ખાઈ લેતી.

અંતે સાડાબાર થયા. હજીયે બે કલાક સુધી ઊઠવાની તૈયારી કોઈ પણ બતાવે તેવું તેને લાગ્યું નહિ. ફરી બગાસું ખાઈને બેઠાં બેઠાં જ તેણે આળસ મરડયું ત્યાં રમેશ એના તીણા સ્વરમાં પ્રેમ વિશે કશુંક લાંબુ ચોડું બોલવા લાગ્યો કે તે સફાળી ઊભી થઈ ગઈ. હવે તો આ લોકો આખી રાત આ પારાયણ જ ઉકેલવાના! ને પોતાને ઊઠવા સિવાય તો છૂટકો જ નહોતો.

તેને ઓરડા બહાર ચાલવાની તૈયારી કરતી જોઈ ને ડૉક્ટર બોલ્યો:

'કા સુશી, કુઠે ચાલલીસ ગ?'

'મલા તો આતા ઝોપ યેતે,' સુશીલા ફરી અંગ મરડતાં બોલી.

'શું ઝોપ યેતે ઝોપ યેતે કરો છો?' રમેશે એના તીણા સ્વરે બૂમ પાડી, 'આ મહેન્દ્ર મૂર્ખા જેવી વાત કરે છે એ તો સાંભળો."

સુશીલા હસી પડી—સુંદર અને સ્વચ્છ:

'પ્રેમને અને મૂર્ખાઈને જૂનો સંબંધ છે,' અને ડૉક્ટર તરફ પ્રેમભર્યાં નયનો સ્થિર કરીને ઉમેર્યું: "નહિ કેશવ?"

'એમાં કશી મૂર્ખાઈ નથી, સુશી બહેન." મહેન્દ્ર ઉત્સાહથી બોલ્યો, 'આપણો રમેશ બિચારો પ્રેમમાં શું સમજે?'

'ને તમે સમજો, કેમ?' એમ વ્હીલાએલા મોંએ અને ધીમા સ્વરે બોલાયેલા રમેશના શબ્દો મંડળીના હાસ્યની લહેરોમાં ક્યાંના ક્યાં તણાઇ ગયા.

'હવે તો સાહિત્યમાં પણ પ્રેમ ધતિંગ વિચિત્ર વેશ ધારણ કરે છે,' હાસ્ય જરા શમતાં વિનોદ બોલ્યો. 'હમણાં જ મેં એક કાવ્ય વાંચ્યું હતું. કવિ મહાશય કહેતા હતા 'સુંદર જ્યોત્સ્નામય રાત્રિએ પુષ્પકુંજમાં નહિ, સંધ્યા વેળાએ વ્યોમ અને ઉદધિના મિલનતટે નહિ, અહીં નહિ ત્યાં નહિ પણ શહેરના ઘોંઘાટ ગડબડાટમાં ટ્રામની રાહ જોતાં જોતાં હે પ્રિયે! મેં તારા પ્રત્યેનો મારો નિઃસીમ પ્રેમ વ્યક્ત કર્યો. ને એ ટ્રામનો ઘરઘરાટ, એ શહેરનો ઘોંઘાટ પણ એ પળે સંગીતમય બની ગયો. વૈશાખી બપોરનો એ સૂર્યનો તડકો જ્યોત્સ્નાથી યે વધારે આહ્‌લાદક બની ગયો.'

આ બધું એવી હાસ્ય ઉપજાવે એવી ઢબે વિનોદ બોલ્યો કે આખી મંડળી હાસ્યથી છલકાઈ ઊઠી. બહાર નીકળી જવા માટે દીવાનખાનાના બારણા સુધી પહોંચેલી સુશીલા પણ મંડળી તરફ મુખ ફેરવી હસતી હસતી બારણામાં જ ઊભી રહી. વિનોદ તેથી વધારે ચગ્યો;

'માળા આજકાલના કવિઓ પણ હાલી મળ્યા છે. હોય ન હોય ત્યાંથી નવીનતા લાવો. એ સિવાય આમાં બીજું કશું દેખાય છે! પ્રેમ વ્યક્ત કરવાને એને બાપડાને કોઈ યોગ્ય સ્થળ કે સમય ન મળ્યાં?'

'એવુ નથી હા, વિનોદ' મહેન્દ્ર બોલ્યો 'ક્યાં પ્રેમ વ્યક્ત કરવો ક્યાં નહિ ક્યાં થઈ શકે ક્યાં નહિ શી રીતે એ થાય શી રીતે નહિ એના કંઈ નિયમો ન હોઇ શકે લેને હું જ દાખલો દઉં'

'દીધો તે દાખવો,' રમેશ મોટેથી બોલ્યો પણ કોઈએ એને ગણકાર્યો નહિ, સુશીના સસ્મિત તેના તરફ જોઈ રહી મહેન્દ્રે આગળ ચલાવ્યું

'રોમા રોલાની જ એક વાર્તામા આવે છે કે નાયક અને નાયિકા એક બગીચાના બગીચામા વૃક્ષની છાયા હેઠળ બેઠા છે બગનામાથી સંગીતના કરુણ કોમળ સૂરો વહ્યા આવે છે નાયક નાયિકાના મનમા અનેક ભાવો અભિવ્યક્તિ માટે ઘણા સમય થયા મથામણ કરતા હોય છે પણ હજી વ્યક્ત થયા નથી તે બને બેઠા જ છે કશુ બોલતા નથી નથી હસતા કે નથી રડતા સંગીત પોતાના પ્રણય સૂરોથી હૃદયભેદી નાખે છે સહસા જ એ સૂરોની અસર નીચે જ બેઉ બન્નેના હાથ એકબીજામા પરોવાઈ જાય છે શબ્દોનો કશો ઉચ્ચાર થતો નથી એ કરુણ સંગીતની અસર નીચે બન્નેના નેત્રોમાથી અશ્રુની ધારા વહે છે અને આસુભીની આંખે એક બીજા સામુ જુવે છે એ રીતે એમના પ્રેમની પ્રથમ અભિવ્યક્તિ થાય છે'

વાતમા રસ પુરાયો, રંગ પુરાયો સુશીના પણ બે રંગના અંદર આવી વિનોદ જાણે જવાબ આપતો હોય તેમ બોલ્યો

'એ રોલા હોય કે ટાગોર હોય મને તો આવી વિચિત્ર Situations ઊભા કરવાના શોખ સિવાય એમા બીજુ કશુ દેખાતુ નથી'

અત્યાર સુધી શાંત બેસી રહેલ નવનીત ઊભો થઈ જઈ બોલ્યો પ્રેમની અભિવ્યક્તિ ગમે તે સમયે, 'ગમતે સ્થળે, અણધાર્યા સંજોગોમાં થઈ શકે એ તો હું જાણુ છુ—પછી એ પ્રથમ અભિવ્યક્તિ ભલે ન હોય'

વાતોએ ફરી દિશા બદલી નવનીત પાસે કશુક કહેવાનુ છે તે બધા સમજી ગયા તનસુખે ગંભીર બની પૂછ્યુ

ગમે તે સ્થળે એટલે, નવનીત ભાઈ?

'ગમે તે સ્થળે એટલે અહીં આ ઘરમા પણ', નવનીતે ઉત્તર વાળ્યો અને બધાં ખડખડાટ હસી પડયા

'નવુ કહ્યું નવનીતભાઈએ', રમેશ પાછો મોટેથી બરાડી ઊઠયો

કેશવ તથા સુશીલા પ્રેમલગ્નથી પરણ્યા હતા એ સર્વેને સુવિદિત હતુ

'અહીં એટલે આ ઓરડામા કે કેશવના રહેવાના બીજા ઓરડાઓમા નહિ પણ મેના ઓરડામા' નવનીતે પ્રસૂતિના કમરા તરફ આંગળી ચીંધી કર્કશ આવેશથી બોલ્યો 'અને તે પણ કેશવ સુશીના જેવા સમાન સ્વભાવના પાત્રો વચ્ચે નહિ, પણ સ્વભાવથી તદ્દન ભિન્ન લાગે જેમની વચ્ચે પ્રેમ હોવાની કલ્પના પણ ન આવે એવા પાત્રો વચ્ચે.' પછી જરા ધીમા સાદે ઉમેર્યું અને એ અભિવ્યક્તિના દર્શને હું ધન્ય પણ બન્યો છુ'

'સુશી ગ, બસ હવે, ડોકટરે પોતાના સોફા ઉપર પોતાની બાજુમા સુશીલા માટે જગ્યા કરી

આતુરતાથી બધાં નવનીત સામે જોઈ રહ્યાં નવનીત જ બોલ્યો

તમે બધા તો જાણો છો ને મારી વાત કરવાની રીત? વાત કરવા બેસુ તો પછી એનો અંત જ ન આવે ને એક તો મગજ આ પો આ સુશીબહેનને તો ઊંઘ પણ આવે છે'

કેશવની જોડે લપાઇને બેસતા સુશીલા બોલી

'હુ તો હવે તમે વાત ન કરો ત્યા સુધી અહીંથી ઊઠવાની જ નથી'

'ના નવનીતભાઈ, એમ ન ચાલે'

'ભલે મોડું થયુ કાલે તો રવિવાર છે'

'તમારી રીતે જ તમે વાત કરો, કોઈને ઉતાવળ નથી'

'માંડીને વાત કરજો'

એકી સાથે જુદા જુદા અવાજો આખા ઓરડામા ઘૂમી વળ્યા

'ભલે ત્યારે તમને વાંધો ન હોય તો મને શો વાંધો છે?' નવનીત સ્મિત સહિત બોલ્યો

અને 'માંડીને' વાત શરૂ કરી

'પેલી તરુલતા નહિ? તમે તો ઓળખો જ છો એને? કેટલી બોલકી ને વાતોડી છે એ? દસ મિનિટ એની સાથે વાત કરો ત્યા તો તમે તદ્દન અપરિચિત હો છતા જાણે દસ વર્ષથી એના પરિચયમા હો એવુ જ લાગે ને એના પતિ? એ લીનુભાઈ સાથે તો દસ વર્ષ પરિચયમાં રહેનાર માણસ દસવીસ મિનિટ પણ એકધારી વાત કરી શકે કે કેમ એ વિશે તમને શંકા થાય એટલા ઓછાબોલા અને ગંભીર—આનંદમા આવી જાય તો યે એકાદ મંદ સ્મિત જ કરી લ્યે

ને તરુ તો આખો દિવસ હાસ્યથી તરવરતી હોય

અમને—તરુના મિત્રોને—આ બહુ વિચિત્ર લાગતુ પરસ્પર વિરોધી એવા

આ બે સ્વભાવોનો લગ્નસંબંધ શી રીતે આનંદમય હોઈ શકે ? અમને પ્રશ્ન ઊઠતો. 'ન જ હોઈ શકે', સ્પષ્ટ અને શીઘ્ર ઉત્તર મળતો.

ને છતાં તરુના વર્તનમાં, વાણીમાં, આંખોમાં, હાસ્યમાં કદીયે આનન્દનો અભાવ કે અસંતોષની માત્રા ગમે તેટલું બારીકાઈથી નિરીક્ષણુ કરીએ છતાં કયાંયે જોવા જડતી નહિ. એથી તો અમે અજબ થઈ જતાં.

તોયે તેના હૃદયનાં ઊંડાણોમાં કયાંકને કયાંક કંઈક છૂપો અસંતોષ, કંઈક ઊંડું દુઃખ તરુ સંઘરી રાખતી હશે અને તે ઊંડાણોને પોતાના હાસ્યથી ભરી દઈ અમને એનું અસ્તિત્વ પણુ એ જાણુવા નહિ દેતી હોય એમ અમે મનને મનાવતાં. એ વિના આ સંબંધ......માત્ર પેલી ભારતીએ એકવાર મને કહ્યું;

'તરુ લહેરી એવી છે કે એને આવું કશું જણાતું જ નહિ હોય'

'એટલે તો એ એને વિશેષ જણાય ને, ભારતી ?' મેં પૂછયું.

'ન યે જણાય', તેણે એક અર્થભર્યા સ્મિત સહિત કહ્યું.

'એમ કેમ ?' એને એવી લાગણી જ નહિ હોય, એમ ?' મેં પૂછયું.

'લાગણી નહિ હોય એવું તો નહિ પણ એની લાગણી એટલી બુઠ્ઠી તો ખરી જ, નવનીતભાઇ,' ભારતીએ જવાબ આપ્યો : 'એને પૈસો, પતિ, આબરૂ બધું મળી ગયું એટલે આવી આવી ઊંડી લાગણીઓની પડી જ નહિ હોય, નહિતર આમ કેમ હોય ?'

'એમ ન હોય, ભારતી, કે એના પતિમાં આપણે જે ઊણપો જોઇએ છીએ એ એને ઊણપ રૂપે જ ન લાગતી હોય ? એણે પતિના હૃદયનું કંઈક એવું તત્ત્વ જોયું હોય જે આપણી નજરમાં જ ન આવતું હોય ?' મારાથી કહી જવાયું.

'તમને આવી આવી ફિલસૂફીઓ કરવાની ટેવ જ પડી છે, નવનીત ભાઈ, બાકી વાત તો મેં કહી તેમજ હોવી જોઈએ.' ભારતી મક્કમતાથી બોલી.

મને એ વાત ગળે ન ઊતરી. સાહિત્યની વાત થતી હોય ત્યારે કોઇ કોઇવાર અણધારી ઊંડી સમજ બતાવતી તરુ પોતાની જ લાગણીઓમાં આવી બુઠ્ઠી હોય તે હું ન માની શકયો.

અને એ એવી બુઠ્ઠી નથી તેની પ્રતીતિ તો અમને થોડા વખતમાં જ મળી ગઈ. ભારતી, તરુ, સુમતિ વગેરે જે શાળામાં ભણેલાં તે શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓનો એક ઉત્સવ ગોઠવાયો હતો. ગરબા, નૃત્ય, નાટય-પ્રયોગ વગેરે થવાનાં હતાં. ભારતી, તરુ, તથા સુમતિ પણુ એ કાર્યક્રમના કોઈ એક ભાગમાં કામ કરવાનાં હતાં. અમે બધાં–ભારતી, સુમતિ, બન્નેના પતિ, તરુ તથા હું–ચર્ચગેટથી ટ્રેનમાં અંધેરી આવતાં હતાં. રસ્તામાં એવું નક્કી કર્યું કે અમારે ત્રણે પુરુષોએ એ ઉત્સવમાં સાથે જ બેસવું અને આ ત્રણે સ્ત્રીઓની જગ્યા રાખવી. તેમનું કાર્ય પૂરું થતાં તે લોકો પણુ અમારી સાથે આવીને બેસે.

'નવનીતભાઈ, તમે ત્રણે જણુ સાથે સાથે જ મંડળમાં આવવાના ને ?' તરુએ વાતો ચાલતી હતી ત્યાં પૂછયુ.

'હા, કેમ ?' મેં પૂછયું.

'તમે બધા સાથે કયાંથી થવાના ?

'કોટમાંથી જ કેમ ? અમે ત્રણમાંથી એકની ઓફિસમાં મળીશું અને પછી સાથે સાથે જ ત્યાં આવીશું.'

'ભલે.' કહી, તરુ, કંઇક વિચારમાં પડી ગઈ હોય તેમ બેસી રહી.

'કેમ, આ બધી પૂછપરછનું કારણુ શું, તરુબ્હેન ?' મે પૂછયું.

'હું એમ કહેતી'તી કે તમે કોઈ એક જગ્યા નક્કી કરો તો લીલુભાઇ પણુ ત્યાં તમને મળે અને તમારી સાથે જ આવે.' તેણે કહ્યું.

'લીલુભાઇ, આમાં આવવાના છે ?' સાશ્ચર્ય મેં પૂછયું.

'લીલુભાઈ આવા આવામાં કયારે આવે છે તે આમાં આવશે, તરુ ?' ભારતીએ મારી સાથે જ પૂછયું.

બીજાં મિત્રો પણુ નવી વાત સાંભળતાં હોય તેમ કુતૂહલથી તરુ સામે જોઈ રહ્યાં, કારણુ કે સિનેમા જોવાનો હોય કે મેચ જોવાનો હોય, ફરવાનું હોય કે ટ્રિપ પર જવાનું હોય, ઝાઝે ભાગ તો એ બધામાં તરુ એકલી જ જતી. લીલુભાઈ તો એમની ઓફિસેથી ઘેર પણુ છેક આઠ વાગ્યા પછી જ જતા. માત્ર રજાના દિવસો બન્ને અચૂક સાથે ગાળતાં એટલું જ.

અમારું કુતૂહલ જોઈ ને તરુ હસી પડી. એનુ હમેશનું મીઠું કિલકિલાટ ભર્યું હાસ્ય ! પછી આંખમાં ગૌરવની ચમક ભરી બોલી;

'હું કાર્યક્રમમાં ભાગ લેવાની હોઉં ને લીલુભાઈ ન આવે એવું બને ?'

અમે બધાં શાંત બેસી રહ્યાં. થોડીવારે તરુ જ બોલી;

'તે તમે નક્કી કરો ત્યાં હું લીલુભાઇને કહું કે તમને મળે.'

અમે ત્રણે પુરુષો એક બીજા સામે જોઈ રહ્યા. આ વળી નવી આફત આવી એવો ભાવ તેમના બન્નેના ચહેરા ઉપર હું જોઈ શકયો.

આ બધામાં તરુ સાથે મારે સૌથી વિશેષ ગાઢ મૈત્રી હતી છતાં મને પણ લીલુભાઈ સાથે કલાક દોઢ કલાક ગાળવો પડશે એ વિચાર આકર્ષક ન લાગ્યો. તે પોતે બોલે નહિ એ તો ઠીક પણ એમની હાજરીથી કદાચ અમારા ત્રણેની જીભ ઉપર પણ એવું વજન પડી જાય કે અમે પણ બોલી ન શકીએ. ને એ તો બહુ થાય ત્યારે માત્ર મંદસ્મિત કરે એવા, ને અમે તો ખડખડ હસી જાણનારા—ખડખડ હસ્યા વિના ન રહી શકનારા માણસો શી રીતે એમની સાથે આ સ્ત્રીઓ અમારી સાથે જોડાય એ પહેલાનો કલાક દોઢ કલાક ગાળવો ?'

ને અમે એમની સાથે નહિ જઈએ એમ તરુને ના એ શી રીતે કહી શકાય ?

હું કાંઈ જવાબ આપું એ પહેલાં મારી જોડે બેઠેલા ભારતીના પતિએ મારો પગ સહેજ દબાવ્યો. હું એનું સૂચન સમજી ગયો. મેં તરુને કહ્યું :

'તરુબહેન, લીલુભાઈને બિચારાને શા માટે ત્રાસ આપો છો ? એ કદી આવું કશું જોતા નથી ને તમારા કહેવાથી કદાચ આવે પણ એમને આનંદ તો ન થાય !'

તરુ ફરી હસી પડી. બોલી,

'આવવાનું તો એમણે જ કહ્યું છે પણ આ આપણે સાથે મળવાનું નક્કી કર્યું એટલે મને થયું કે એ તમારી સાથે જ આવે તો સારું. એમને પણ કંપની મળે.'

'ને નહિતર શું એ એકલા આવવાના હતા તરુબહેન ?' ભારતીના પતિએ પૂછ્યું.

'હા રતો,' તરુએ કહ્યું.

ને મારાથી વગરવિચાર્યે બોલી જવાયું :

'તો ભલેને એ એકલા જ આવતા.'

તરુ કશું બોલ્યા વિના મારી સામે જોઈ રહી. એની આંખોમાંથી હાસ્ય એક પળમાં ઊડી ગયું. કોઈ એવો ભાવ એમાં એક ક્ષણમાં જ ભરાઈ બેઠો કે હું એની સામે નજર સ્થિર ન રાખી શક્યો. તેણે પણ નજર પાછી ખેંચી લીધી.

'ભલે' કહી તે બારીમાંથી બહાર જોવા લાગી.

એ એક ક્ષણમાં એની આંખમાં આવતાં અટકતાં બે અશ્રુબિંદુઓ મેં જોઈ લીધાં.

મને મારી ભૂલ માટે પારાવાર અફસોસ થયો. કેટલી બધી દુઃખી કરી નાખી મેં એને ? મેં બચાવ કરવા પ્રયત્ન પણ કર્યો.

'એમાં માઠું લગાડવાનું નથી, તરુબહેન. એમને કદાચ અમારો ધાંધલિયો સ્વભાવ ન ફાવે એટલા ખાતર જ મેં આમ કહ્યું, નહિતર અમને તો શો વાંધો હોય ? અમને તો ઊલટો આનંદ ન આવે ?'

આખે રસ્તે અમે પાંચેએ મળી એને ખૂબ ખૂબ આગ્રહ કર્યો અને માંડ માંડ લીલુભાઈને અમારી સાથે જ મોકલવા અમે એને સમજાવી શક્યા. પણ તે દિવસે છેવટ સુધી તે આનંદમાં ન આવી તે તો ન જ આવી.'

આરામ લેતો હોય તેમ નવનીત એક પળ મૂંગો રહ્યો. એ પળમાં એણે મિત્રો સામે દૃષ્ટિ ફેરવી લીધી. બધા તેની સામે તાકી રહ્યા હતા. સુશીના પણ થોડી ક્ષણો પહેલાં સુશીલાના નયનોમાં જે સ્થાન નિદ્રાએ લીધું હતું તે હવે કુતૂહલે પૂરેપૂરું પચાવી પાડ્યું હતું. નવનીતે સ્મિત સહિત કહ્યું :

'હું હવે મુખ્ય પ્રસંગ ઉપર જ આવું. જો કે આટલી શાંતિથી, વાતમાં વિક્ષેપ નાખ્યા વગર, એક પ્રશ્ન પણ કર્યા વગર મારી આવી અપ્રસ્તુત લાગે એવી વાતો તમે સાંભળી છે એ માટે મારે તમારો ઉપકાર તો માનવો જ જોઈએ.'

મંડળીના દરેક સભ્યના મુખ ઉપર એક મીઠું સ્મિત ફરકી ગયું. નવનીતે વાત ચાલુ કરી :

'તે દિવસે શુક્રવાર હતો. બજારમાં કંઈક વધુ પડતી ઉથલપાથલ થઈ ગઈ હતી તેથી હું ઑફિસેથી બહુ જ મોડો, ઠીક રાત્રે નવ વાગે, ઘેર આવ્યો હતો. કપડાં ઉતારી જમવા બેસવાની તૈયારી કરું ત્યાં જ ટેલિફોન રણક્યો. તરુનો જ અવાજ.

'નવનીતભાઈ, ક્યાં રખડો છો ? અત્યાર સુધી લીલુભાઈ તો તમને ટેલિફોન કરી કરી થાકી ગયા.'

હું આશ્ચર્ય પામ્યો. લીલુભાઈ મને ટેલિફોન કરે ? કોઈ દિવસ નહિ ને આજે ?

'શા માટે ?' મેં કુતૂહલથી પૂછ્યું.

'હું તમારા સુશીલાબહેનને ત્યાં આવી ગઈ છું એ તમને ખબર કરવા માટે. પણ તમે ઘેર મળો નહિ અને એ તમે નથી એ સાંભળતાં જ ટેલિફોન મૂકી દીએ.'

'ક્યારે ત્યાં આવ્યાં છો ? તબિયત કેમ છે ?' મેં ઉત્સુકતાથી પૂછ્યું.

'દર્દ સખત થાય છે. હમણાં જ સુશીબહેન મને ટેબલ ઉપર લેવાનાં છે. મેં કહ્યું કે તમે આવવા હો તો હું પ્રયત્ન કરી જોઉં.'

'તમે ત્યાં એકલાં જ છો ?' મેં પૂછ્યું.

'હા રતો. મારે સાસુ કયાં છે તે

મારી સાથે આવે ?' આટલી પીડામાં પણ તરુ ખડખડાટ હસી પડી.

મને થયું, લીલુભાઈ તરુને હોસ્પિટલમાં મળી, તેના કહેવાથી મને એક બે વાર ટેલિફોન કરી, સુશીબહેનને સલામ- કરી ત્યાંથી ઘેર ચાલી ગયા હશે. લીલુભાઈના સ્વભાવ સાથે એ વસ્તુ તદ્દન સુસંગત હતી છતાં મને તેમના પર ચીડ ચડી. આવે સમયે પણ એ તરુને હોસ્પિટલમાં એકલી મૂકી ચાલી ગયા ? ત્યાં તેની પાસે રહેતાં તેમને શું થતું હતું ?

જેમ તેમ ઉતાવળે ઉતાવળે જમી હું સીધો હોસ્પિટલ પર ગયો. સુશીબહેન તો મને ઓળખતાં હતાં અને તરુ સાથેની મારી મૈત્રી જાણતાં હતાં એટલે તેમને તો કંઈ ન થાય પણ પોતે તો જરૂર નથી જાણી ચાલી ગયા અને આવા બહારના મિત્રો આવા નાજુક પ્રસંગે અહીં હોસ્પિટલમાં પોતાની પત્ની માટે બેઠા રહે એ લીલુભાઈને વિચિત્ર તો નહિ અણગમતુ જ લાગે એ વિચાર મને આવ્યો તો ખરો પણ મેં એને ગણકાર્યો નહિ. એમને કંઈ થાય કે ન થાય એટલા ખાતર તરુ એની જિંદગીની મોટામાં મોટી કસોટીમાં મુકાઈ હોય ત્યારે મારે તેનું એક આશ્વાસન પણ ન બની રહેવું ? ને કોઈ આવે એ એમને ન ગમે તો પોતે જ શા માટે ત્યાં હાજર ન રહે ?

હોસ્પિટલમાં પહોંચ્યો તો દીવાનખાનું ખાલી પડ્યું હતું. સુશીબહેન હમણાં જ પ્રસૂતિના કમરામાં કોઈ બાઈને લઈ ગયાં હતાં અને ત્યાં કામમાં હતાં તેમ નર્સે મને ખબર આપી. સમય મળ્યે બહાર આવે તેમ તેમને કહેવડાવી હું આ સોફા ઉપર બેઠો. બાજુના કમરામાંથી તરુના ઉંહકારા અને સીસકારા કાને પડતા હતા.

દસ થવા આવ્યા હતા. આખું પરું સૂમકાર બની ગયું હતું. અંદરના ઓરડાઓમાંથી કોઈ કોઈ બાળકનો રડવાનો અવાજ અને થોડી થોડી પળોના અંતરે આવતા તરુના સીસકારા એ શાંતિનો વિચિત્ર રીતે ભંગ કરતા હતા.

મને વિચારો આવવા લાગ્યા. આ તરુ બિચારી અહીં પીસાતી હતી. તેના ઘરમાં કોઈ સ્ત્રીયે નહોતી કે આવે સમયે તેની પાસે રહી તેને આશ્વાસન આપે. લીલુભાઈ એકલા અહીં બેઠા બેઠા પણ એને આશ્વાસન રૂપ થઈ પડે પણ તેમને તો......

જેમ સમય જવા માંડ્યો તેમ તેમના ઉપર મારી ચીડ વધતી ગઈ. આવે સમયે પણ આ માણસને એની પત્નીની નહિ પડી હોય ?

ને એ પત્ની યે કેવી ? આટલાં વર્ષોનો અમારો ગાઢ મૈત્રી સંબંધ હતો છતાં એક દિવસ પણ એણે લીલુભાઈની વિરુદ્ધમાં એક અક્ષર સુદ્ધાં નહોતો ઉચ્ચાર્યો. સૂચન કે ઇંગિત માત્રથી પણ લીલુભાઈ વિરુદ્ધ એક ભાવ સરખો એના હૃદયમાં જાગતો હશે એવું પણ અમને એણે જાણવા નહોતું દીધું. ઊલટું કોઈ એ બાબતનું જરા જેટલું પણ સૂચન કરવા જાય તો એ એવું મુખ કરી બેસતી કે પછી એ સૂચનને લંબાવવાની સામાની ઇચ્છા પણ મરી જાય. ને ગમે એવા આનંદપ્રમોદના કાર્યક્રમો ઘડ્યા હોય છતાં લીલુભાઈનું માથું પણ દુઃખતું હોય તો એ બધા કાર્યક્રમોને નેવે મૂકી એમની સેવામાં જ એ બેસી જતી.

ને લીલુભાઈ તો એના જીવનના બાહ્ય આનંદોમાં ભાગ લેતા નહોતા દેખાતા એ તો ઠીક પણ એવો શાંત ગંભીર માણસ આવી તરવરતી સ્ત્રીના આંતરજીવનને પણ કેટલું રસમય કરી શકે ? તે દિવસે પેલી શાળાના કાર્યક્રમમાં તરુએ કરેલું કામ અદ્ભુત હતું. અમે બધાં-ભારતી સુદ્ધાં-એ માટે એને અભિનંદન આપતાં ધરાયાં જ નહિ ત્યારે લીલુભાઈ તો બધું સાંભળતા છતાં કશું ન બોલતા અમને કોઈને ન સમજાય તેવા સ્મિત સહિત તરુની સામે જોતા ઊભા જ રહ્યા. ને તરુ યે મુખી-મુખી રહેતો-એ સ્મિતમાંથી જ જાણે અમારાં બધાંનાં અભિનંદનો કરતાં વધારે ધન્યવાદ મળતો હોય તેમ એ સ્મિતની સામે એવું તો મધુરું સ્મિત કરી રહી કે જાણે અમને કોઈને જોતી સાંભળતી જ ન હોય ને ?

ત્યાં એકલા બેઠા બેઠા લીલુભાઈ પ્રત્યે મારા હૃદયમાં કડવાસ ભરાતી ચાલી-જો કે તરુ સાથેની મારી કે કોઈ પણ પુરુષની મૈત્રી સામે લીલુભાઈ કદીયે વાંધો નહોતા ઉઠાવતા કે અણગમો પણ નહોતા દાખવતા, તરુને આટલી બધી છૂટથી અમારી સાથે હરવા ફરવા દેતા તેથી તેમના પ્રત્યે મારા હૃદયમાં એક વિશિષ્ટ પ્રકારના માનની લાગણી ઘણીયે વાર ઊભી થતી. ભારતી તો તે માટે પણ એની જગતને જોવાની વિચિત્ર રીતથી કારણ બતાવતી:

'એ તો નવનીતભાઈ, લીલુભાઈને એ કંઈ યે નહિ ગમતુ હોય પણ કોને કહેવા જાય? આવી ભણેલી ગણેલી પત્ની પરણ્યા પછી તો તેરી બી ચુપ ને મેરી બી ચૂપ રાખ્યા વિના બીજો શો ઉપાય ?'

હું એ બાબતમાં ભારતી સાથે સંમત થતો નહિ પણ આ પળે તો એ લાગણી પણ મારા મનમાંથી ભુંસાઇ ગઇ—વિચારોમાં માત્ર કડવાશ જ તરી રહી

એ વિચારો આગળ વધે તે પહેલાં 'ઓ બા રે' કરીને એક એવી ભયંકર ચીસ મારે કાને પડી કે ભયની એક કંપારી મારા મનમાંથી પસાર થઇ ગઇ એ ચીસે સ્થગિત કરી દીધેલા મારા વિચારોનો ચરખો ફરી ચાલુ થાય તે પહેલાં તો સુશીલા બહેન એ ઓરડામાંથી બહાર નીકળ્યા અને હસતાં હસતાં મારી પાસે આવ્યાં.

'તમારી તરુબહેન તો મજબૂત મનની લાગે છે, નવનીતભાઈ, બહુ બૂમાબૂમ કરતી નથી.'

'હૃદયને બંધ કરી દે એવી આ બૂમ તો એણે હમણાં જ પાડી,' મેં કહ્યું.

'એ તો તમે બીજીઓને સાંભળી નથી નહિતર એ તો તમને ગાંડા કરી મૂકે,' સુશી બહેને કહ્યું, પછી ઉમેર્યું, "'એના પતિ હમણાં આવવા જોઈએ આવી જાય પછી તમે તમારે ઘેર જજો.'

'એના પતિ તો નિરાંતે સૂઈ ગયા હશે,' મેં કડવાશથી કહ્યું, પછી ઠપકો આપતો હોઉં તેમ કહ્યું, 'તમે હસો છો ને મને ઘેર ક્યારે જવું તેની શીખામણ આપો છો પણ તરુને કેમ છે તે તો કહેતાં જ નથી.'

'તરુને સરસ છે, તેને પીડ પણ સરસ આવે છે. બાર સાડાબાર સુધીમાં બાળક આવી જશે તેમ હું માનું છું.'

'તેના પતિદેવને સવારે ખબર મોકલાવજો.' મેં કહ્યું.

'કેમ આમ બોલો છો, નવનીત ભાઈ? એ તો બિચારો અહીંથી જતો જ નહોતો. તરુએ માંડમાંડ સોગંદ આપીને જમવા મોકલ્યો. અને એ પણ એ શરતે ગયો કે તરુ તમને કે કોઇને અહીં બોલાવે જેથી પોતાનું કોઇ માણસ અહીં પોતા વિશે ચિંતા કરતું હાજર છે તેમ તરુને લાગે. હમણાં જ એ આવ્યા કે...'

'આવશે' એ શબ્દ સુશી બહેન બોલે એ પહેલાં તો બારણામાં લીલુભાઈએ પ્રવેશ કર્યો.

તરુએ 'મરી ગઇ રે, બા'ની તીણી ચીસથી અને દુઃખ દબાવવાના પ્રયત્ન સમા જબરજસ્ત સીસકારાથી એમનું સ્વાગત કર્યું', અમે બન્ને સ્તબ્ધ બની એ દુઃખની અનુભૂતિ કરી રહ્યા.

'ક્યારે આવ્યા?' કહી મારી જોડે એ બેઠા ત્યાં તો સુશીબહેન ફરી પાછાં અંદર ચાલી ગયાં હતાં.

'બાર સાડાબારે છૂટાછેડા થઇ જશે એમ સુશીબહેન કહે છે,' મેં એમને કહ્યું.

'હા,' કહી એ ફરી પાછા અંદરના અવાજ સાંભળી રહ્યા.

શાંત પડેલા સાગરમાં ઘૂઘવાટ શરૂ થાય અને પછી તો જેમ એ તોફાને ચડતો જાય તેમ તેની ગર્જના વધતી જાય તે પ્રમાણે તરુનું દુઃખ પણ હરેક પળે વધારે ને વધારે તોફાની બની વધારે ને વધારે ગર્જના પેદા કરતું જતું હતું.

'ડૉક્ટર, મને બચાવો.' રોતા અવાજે એક પળે કરેલી પ્રાર્થના, તો બીજી પળે:

'ઓ મા, મા, મા' નામનો આર્તનાદ, તો થોડી પળ સંપૂર્ણ શાંતિ.

'હાશ, હવે જરા દુઃખ શમ્યું લાગે છે,' એમ મનને થાય ન થાય ત્યાં તો:

'હું નથી સહી શકતી, ડૉક્ટર, મને કંઈક કરી નાખોને!' એવી હૃદયભેદક આરજૂ—ડૂમકાંઓ સાથે જોડાયેલી.

પ્રસૂતિની પીડાનાં જે વર્ણનો વાંચ્યાં હતાં તેના કરતાં યે ભયંકર લાગતી એ પીડાનું જીવનમાં પહેલી વખત જ મળી રહેલું વાસ્તવિક જ્ઞાન અમને બન્નેને અસ્વસ્થ કરી મૂકતું હતું. મને યે કંઇ બોલવું સૂઝતું નહોતું. લીલુભાઇને તો સૂઝવાનો પ્રશ્ન જ ક્યાં હતો? મૂંગા મૂંગા અમે બન્ને સાંભળી રહ્યા હતા. સાડા અગિયારેક વાગ્યે સુશીબહેન ફરીથી બહાર આવ્યા. મેં ઉત્સુકતાથી પૂછ્યું:

'હજી કેટલી વાર છે, સુશીબહેન?'

લીલુભાઇ પણ એમની સામે જોઈ રહ્યા. સુશીબહેને પોતાની કલ્પના ખોટી પડી તેથી દુ:ખ થતું હોય તેમ કહ્યું:

'હજી બે એક કલાક નીકળી જાય. તમે ક્યાં સુધી હેરાન થશો? છૂટાછેડા થતાં હું તરત જ તમને ટેલિફોન કરીશ.' લીલુભાઇએ એમનામાં જરા વિચિત્ર લાગે એટલા ભાવપૂર્વક મને કહ્યું.

સુશીબહેને પણ એમ જ કહ્યું. અત્યાર સુધીમાં બે ત્રણવાર તો લીલુભાઈ મને ઘેર જવાનો આગ્રહ કરી ચૂક્યા હતા. મને બગાસાં પણ આવતાં હતાં. 'હા, ના' કરતો અર્ધો એક કલાક રોકાઇને હું અંતે ઘેર ગયો. લીલુભાઇને પણ ઘેર મોકલવા સુશીબહેને પ્રયત્ન કરી જોયો અંદરથી તરુ પણ એ જ આગ્રહ કરી રહી હતી એમ પણ કહ્યું પણ એ તો હા કે ના કહ્યા સિવાય, 'જોઉં છું' કરી ત્યાં જ બેઠા રહ્યા.

હું ત્યાંથી નીકળ્યો ત્યારે 'ભગવાન, હે ભગવાન,' ધીમે ધીમે તરુ ગણગણતી હોય એવો અવાજ આવતો હતો.

હું પણ તરુને આ કસોટીમાંથી હેમખેમ પાર પાડવા ભગવાનને પ્રાર્થના કરતો ઘેર ગયો.

બીજે દિવસે સવારના પહોરમાં હોસ્પિટલમાં મેં ટેલિફોન કર્યો. હજી કશું ઠેકાણું નહોતું પડ્યું. પ્રસૂતિ ક્યારે થાય તે કહી શકાય તેમ નહોતું. સુશીબહેનનો અવાજ પણ વ્યગ્ર અને મૂંઝાયેલો હતો.

આખું મન ચિન્તાથી ભરાઈ ગયું. નાહી ધોઈને સીધો હોસ્પિટલમાં ગયો. તરુના ખૂમાટા અને આક્રંદ રાત કરતાં અનેકગણાં વધી ગયાં હતાં. લીલુભાઈ એક ખૂણામાં વિચારમગ્ન દશામાં બેઠા હતા. મને જોઈ એ જરા હસ્યા. સુશીબહેનને બોલાવતાં તેમણે કહ્યું કે બધું બરોબર હતું—તરુની નાડી સરસ ચાલતી હતી, લોહીનું દબાણ એ સમયે જોઈએ એટલું જ હતું, પીડ પણ જોઈએ એટલી જોરદાર હતી પણ બાળકનું માથું જેટલું રાતે દેખાતું હતું તેથી આગળ વધતું ન હતું.

રાતોરાત ત્યાં જ બેસી રહેલા લીલુભાઈને આગ્રહ કરી મેં ઘેર મોકલ્યા પણ તે તો અર્ધા કલાકમાં જ પાછા આવ્યા. ને મારી ઓફિસમાં ખબર મોકલવાનું કહી હું ઘેર ગયો.

'બાર, એક, બે, ત્રણ દર પળે હું સુશીબહેન કે લીલુભાઈના ટેલિફોનની રાહ જોતો બેઠો હતો પણ ટેલિફોન ન જ આવ્યો. ત્રણ વાગ્યે મેં ટેલિફોન કર્યો તો જવાબ મળ્યો કે હાલત એની એ જ છે. સુશીબહેન તો કામમાંથી ટેલિફોન ઉપર પણ ન આવ્યાં.

ઓફિસ છોડી હું સીધો હોસ્પિટલ ઉપર ગયો. હું ત્યાં ગયો કે તરત જ લીલુભાઈ મને કશું ન બોલવાની ઇશારત કરી બાજુમાં લઈ ગયા કહ્યું: 'નવનીતભાઈ, હું તમારી જ રાહ જોતો હતો.'

મેં તેમની સામે જોયું. તેમનાં નેત્રોમાં વ્યગ્રતા અને ગ્લાનિ સ્પષ્ટ દેખાતાં હતાં. તે જરા દબાયેલ અવાજે બોલ્યા:

'તરુલતા હજી એમને એમ પીડાય છે, મેં ડોકટરને સૂચના તો કરી છે પણ તમે સ્પષ્ટ કહેજો કે ગમે તે ડોકટરની જરૂર લાગે એને તે બોલાવે પૈસા સામું જુવે નહિ.'

સુશીબહેન પણ મને આવ્યો સાંભળી બહાર આવ્યાં. રાત આખીનો ઉજાગરો અને દરદીનાં સ્વાસ્થ્ય વિશેની ચિંતા તેમની આંખોમાં તરી આવતાં હતાં. તરુની તબિયત તો સારી જ હતી પણ દસ મિનિટમાં બાળકની જે પ્રગતિ થવી જોઈએ તે બે કલાકમાં પણ નહોતી થતી તેમ તેમણે કહ્યું. લીલુભાઈનો સંદેશો મેં તેમને આપ્યો ને તેમણે કહ્યું :

'હું એ જ વિચાર કરતી હતી બાળકને Forceps (ચીપિયો) થી બહાર કાઢવું પડશે એમ લાગે છે.'

'એમાં તરુની જિંદગીને ભય કેટલો ?' લીલુભાઈએ ભયભીત સ્વરે પૂછ્યું.

આટલાં વર્ષોમાં પહેલી વાર મેં લીલુભાઈના મોંમાંથી 'તરુલતા' ને બદલે 'તરુ' શબ્દનું ઉચ્ચારણ સાંભળ્યું.

'ભય કશો યે નહિ.' સુશીબહેને સ્મિત કર્યું. અમારા બન્નેના ચહેરા ઉપર માત્ર ભય જ છવાયેલો જોઈને તેમણે અમને હિંમતમાં લાવવા માગતાં હોય તેમ પૂછ્યું:

'તમારે તરુને મળવું છે ?'

'શક્ય છે ?' મેં પૂછ્યું.

'જરૂર. હું તમને હમણાં બોલાવું.' કહી તે અંદર ચાલી ગયાં.

અંદરથી 'ઓ બા, રે,' 'મરી ગઈ, રે' 'હે ભગવાન' વગેરે અવાજો કાલે રાત્રે આવતા હતા તેટલી જ ઉત્કટતાથી છતાં થાકને અંગે જરા દબાયેલા અવાજે ચાલવા ચાલુ હતા.

સુશીબહેને પછી તો જે પાંચ સાત મિનિટમાં અમને અંદર બોલાવ્યા તે દરમિયાન લીલુભાઈએ ઓચિંતાં જ મારે ખભે હાથ મૂકી અત્યંત લાગણીભર્યા અવાજે કહ્યું.

'કોઈ મહાપુરુષે કહ્યું છે કે દરેક પુરુષે પોતાની સ્ત્રીની પ્રસૂતિ વખતે તેની નજીકમાં હાજર રહેવું તો સ્ત્રી એને માટે કેટલું સહન કરે છે એનો એને ખ્યાલ આવે.'

પછી હું એમની સામે જોઉં કે એનો ઉત્તર વાળું એ પહેલાં તો સુશીબહેન અમને તરુ પાસે લઈ ગયાં.

સુવાવડના ટેબલ ઉપર તરુ સૂતી હતી. છેક ગળા સુધી તેને કપડું ઓઢાડ્યું હતું ટેબલની આજુબાજુની જમીન હમણાં જ સાફ કરેલી હતી. પળ પહેલાં જ અનુભવેલા દુઃખે તરુના કપાળે, ગરદને, આખા ચહેરા ઉપર પરસેવો વળી ગયો હતો. તેના સુંદર વાળ અસ્તવ્યસ્ત દશામાં તેના મુખ આસપાસ વેરાયેલા પડ્યા હતા. ભર શિયાળો હતો છતાં એક નર્સ એને પંખો ઢાળતી એની બાજુમાં જ ઊભી હતી. અમે દાખલ થયા ત્યાં જ ફરી ઊપડી આવેલા દર્દને દબાવવા બન્ને હાથોથી તેણે પેટને દબાવ્યું

હતુ અને તેના નેત્રોમાં ભય તથા વિહ્વળતા ભર્યા ભર્યા પડ્યાં હતા

અમે તેના ખાટલા નજીક ગયા ને તેની નજર લીલુભાઇ ઉપર પડી તેના નેત્રોમાંથી ભય એ પળે જ વિદાય થઈ ગયો ને કોઈ એના કોમળ ભાવે ત્યાં સ્થાન લઈ લીધુ કે પળ એક હુ જોઈ રહ્યો લીલુભાઈ એ તેની સામે મંદ સ્મિત કર્યું

મને તો જોયો જ ન હોય તેમ બે ત્રણ પળ સુધી તરુ લીલુભાઇ સામે જ જોઇ રહી પછી પેટમા અસહ્ય વ્યાધિ થતી હોય તેમ બને હાથોથી પેટને એ દાબી રહી પછી હોઠ સુધી આવેલી ચીસને એ માંડ માંડ રોકી શકી એ હુ જોઈ શક્યો તેને આખે ચહેરે હમણાં જ લૂછેલા અસ્વેદ બિંદુઓ ફરી ઉભરાઇ આવ્યા

એ ઘુમલો વળી જતા એણે ફિક્કુ છતા મીઠુ એવુ સ્મિત કર્યું અને બોલવાને હોઠ ઉઘાડ્યા મને થયું કે હમણા તે પોતાને થઇ રહેલા અસહ્ય દુખની ફરિયાદ કરશે પોતાને થઇ રહેલ વ્યાધિનો અમને કંઇક ખ્યાલ આપવા પ્રયત્ન કરશે તેનો અવાજ આર્દ્ર બની જશે કંપિત બની જશે અમારી અનુકંપાની યાચના તેનો અવાજ, તેની આખો તેનુ અંગેઅંગ પ્રદર્શિત કરી રહેશે પણ તે બોલી ત્યારે તો લાગણીથી ભરેલા સીધા સાદા માત્ર બે જ શબ્દો નો બનેલો એક જ પ્રશ્ન

'તમે જમ્યા ?'

આ સમય અને સ્થળ કેવો વિચિત્ર પ્રશ્ન ? કયા ઊંડાણમાંથી આવ્યો હશે એ ? માણસ પોતાનુ અસહ્ય દુખ ભૂલી સામા માણસની નાનામા નાની જરૂરિયાતનો ખ્યાલ આવી પરિસ્થિતિમા કયા બળને અંગે કરી શકયુ હશે ? એ બળ કેટલુ પ્રાણવાન હશે ? આશ્ચર્યમૂઢ બની હુ તો જોઇ જ રહ્યો લીલુભાઈ કશુ બોલ્યા વિના તેની સામે જ જોઇ હસી રહ્યા આખમાં ઠપકો ભરી તરુ પાછી બોલી

'મને બનાવીને ? સુશીબહેન સાથે કહેવડાવ્યુ કે હું ઘેર જાઉ છુ અને સવારથી અહીં જ બેઠા રહ્યા છો ને ? પછી મારા તરફ ફરી આજીજી કરતી હોય તેમ બોલી

'નવનીતભાઈ તમે આમને ઘેર મોકલી દો ને ! નહિતર મને એમની ચિંતામા જ ઠીક નહિ થાય '

એક પળ માટે તેનું હમેશનું નિર્દોષ છતાં કિલકિલ ટહુકતું હાસ્ય તેના મુખ પર ફરી વળ્યુ

બીજી જ પળે ફરી પાછી તેને પીડા ઉપડી અને લીલુભાઇએ તેના કપાળે હાથ મૂકી બહુ જ ધીમા સ્વરે 'ગભરાતી નહિ હો તરુ !' એમ ભારપૂર્વક કહ્યુ અને અમે એ ઓરડામાંથી બહાર નીકળી ગયા

લીલુભાઈ વિશે તમે તરુને જે પ્રશ્નો કદી યે નહોતા પૂછ્યા કે નહોતા પૂછી શકયા તે બધાનો એક સામટો ઉત્તર એ પાચ સાત પળોમા જ મને મળી ગયો શામાટે તરુ લીલુભાઇ વિશે કદી યે કશી ફરિયાદ નહોતી કરતી ભારતી મ્હેતી હતી તેમ આવો 'બુઢ્ઢો પતિ મળ્યા છતાં શામાટે તરુ હમેશા હાસ્યના ફુવારા જેવી જ રહેતી હતી ભારતી કે સુમતિ તો નિરંતર તેમના પતિ સાથે જ હોય છતા એ બધાં સાથે એકલી ફરતી તરુ એ બન્ને કરતા શામાટે વધારે મસ્ત વધારે તૃપ્ત દેખાતી હતી એ બધા પ્રશ્નો મારા મનમા પ્રશ્ન રૂપે જ ન રહ્યા

નવનીતે વાત પૂરી કરી લીધી હોય એ રીતે મિત્રો સામે જોયુ ઉતાવળો રમેશ કંઇ પ્રશ્ન પૂછવાની તૈયારી કરતો હોય તેમ તેને લાગ્યુ અને રમેશ કંઇ પણ બોલે તે પહેલા જ તે બોલ્યો

'જુઓ આ વાતમા મે એક બાબત સ્પષ્ટ નથી કરી કેમકે હુ યે એ જાણતો નથી કે શામાટે તરુ જેવી તરવરતી સ્ત્રી લીલુભાઇ જેવા આવા શાંત અને બીજી દેખાઇ આવતી વિશિષ્ટતા વિનાના માણસ પ્રત્યે આવો નિ સીમ પ્રેમ ધરાવતી હતી એ તો તરુ જાણે અને લીલુભાઈ જાણે હુ વાર્તા કરતો હોઉ તો મારે જરૂર કાંઇ કારણની સૂચના સહિત તે બનાવવુ જોઇએ પણ અહીં હુ વાર્તા નથી કરતો જીવનમા મે જોયેલો અનુભવેલો અને આહ્લાદ સહિત આસ્વાદેલો એક જીવનખંડ જ હુ તમને કહી બતાવુ છુ આ મારી વાત કેટલી સાચી છે, માત્ર કલ્પના નથી તેનો મારી પાસે સાક્ષી પણ છે કેશવ તો ત્યારે જેલમા હતો એટલે એને આ બધી બાબતની કંઈ ખબર નથી પણ સુશીબહેન તો આ બધા મુખ્ય પ્રસંગોએ હાજર હતા તેથી એ તમને મારી વિગતોની સચ્ચાઈ સંબંધી સાક્ષી પૂરશે બન્ને પાત્રોને મારા જેટલુ એ ન ઓળખતા હોઈ એ પ્રસંગોમાથી મારા જેવો અનુભવ એમને ન થયો હોય એ જુદી વાત છે'

નવનીતે વાત પૂરી કરી ત્યાર સુધી માત્ર એક જ અવાજ ઝીલી રહેલી એ ઓરડાની શાંતિ અનેક મુખમાથી એક સામટા નીકળી આવતા શબ્દોના મચી રહેલા ઘોંઘાટમા પાંચેક પળમા સ્તબ્ધ વિશીર્ણ થઈ ગઈ

વિવેચક કાકાસાહેબ

લેખાંક ૪થો

હીરાબેન ક. મહેતા

હવે આપણે શ્રી કાકાસાહેબની રસ-સમીક્ષાની ચર્ચાનું આકલન કરીએ. રસસંબંધી ખાસ કરીને તેમણે લખેલો લેખ તે "રસસમીક્ષા: થોડાક વિચારો" છે. તે ઉપરાંત છૂટેછવાયે સ્થળે રસચર્ચા કરેલી છે. કાવ્યનો આત્મા તે રસ શબ્દની તેમની વ્યુત્પત્તિ જ પહેલાં જોઈએ.

" કાવ્યના આત્માને સાહિત્યકારો રસ કહે છે. મારે મન રસ શબ્દ સૃ-સર ઉપરથી આવ્યો છે. (વર્ણવિપર્યયાત્) 'ઝારોમાં રસ સરે છે અથવા ઝરે છે; 'મોઢામાં રસ છૂટે છે. એ જ રીતે જ્યારે આપણું હૃદય દ્રવીને કોઈ પણ આકર્ષક વસ્તુ તરફ સરે છે, સરે છે, રસે છે ત્યારે રસ પેદા થયો છે, એમ આપણે કહી શકીએ." (જી આ પૃ. ૫૦૫)

તેમના ઉપર્યુક્ત લેખમાં તેમણે નવ-રસની રસસાર વ્યવસ્થા કરી આપી છે. જેમાં ખાસ જીવનની દૃષ્ટિએ પ્રત્યેક રસની વિશિષ્ટતા આંકતાં તાત્ત્વિક અને નૈતિક દૃષ્ટિબિન્દુ જ ધ્યાનમાં રાખેલું છે. એક રીતે એ તેમની રસના શુદ્ધતર સ્વરૂપની કલ્પના છે; જેમાં ચર્ચા કરતાં સંસ્કૃત કાવ્ય-શાસ્ત્રનો રસનો રૂઢ ક્રમ તેમણે સ્વીકાર્યો નથી, સંસ્કૃત સાહિત્યમાં લાંબી પરંપરાથી રૂઢ થયેલો રસનો ક્રમ તે શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્-ભુત અને શાંત છે. જ્યારે શ્રી કાકાસાહેબે શૃંગાર, વીર, જુગુપ્સા કરુણ, હાસ્ય, અદ્ભુત, રૌદ્ર, ભયાનક અને શાંત, એ પ્રમાણે ક્રમવિધાન કર્યું છે. આપણે તેને અહીં ટૂંકમાં અવલોકી જઈશું.

શૃંગાર રસની ચર્ચા કરતાં તેઓ શૃંગાર અને પ્રેમનો વિવેક કરે છે જેમાં પ્રેમને રસરાજ કહી શૃંગારને આલંબન વિભાવ લેખે મૂકે છે. ત્યાં આત્મ પ્રેમને વધારે સૂક્ષ્મ જ ગણીને લઈને તેમાં, આત્મીય એવું આત્મવિલોપન અને સેવાનું પ્રાધાન્ય ગણ્યું છે. જ્યારે શૃંગારને કામપ્રધાન ગણી ઉન્માદકારી ગણ્યો છે. અને તેથી શૃંગારિક ઉપભોગ વ્યવહારમાં ભલે ગમે તેટલો વાસ્તવિક હોવા છતાં તે કલાનો વિષય બની શકે નહિ, જે મતની સમાનતા શ્રી. પાઠકમાં પણ મળી આવે છે. (કાવ્યની શક્તિ) શૃંગાર પછી વીરને લઈને તેઓ વીરરસ સંબંધી સામાન્ય લોકોમાં જે ખોટા ખ્યાલો પેસી ગયા છે તેને સાફ કરી નાખવા કહે છે, "વીર રસ એ કાંઈ પ્રતિ-પક્ષીનો દ્વેષ, એના પ્રત્યે ક્રૂરતા, એની સામે અહંકારનું પ્રદર્શન એમાં સમા-યેલો નથી." પણ, તેમાં અસાધારણ પ્રસંગને નિમિત્તે માણસ પોતાના શરીરને અવગણીને કસોટીમાંથી પસાર થવાનું કરે છે અને એમાં જ આત્મવિકાસની સિદ્ધિ રહેલી છે ટૂંકમાં "વીરરસ પરમ કલ્યાણકારી સમાજહિતૈષી, ધર્મપરાયણ, આર્યવૃત્તિનો દ્યોતક છે." લેખકનું વીરરસ પ્રત્યેનું આ દૃષ્ટિબિન્દુ એ તેમનું પોતાનું છે. બીભત્સ રસના જુગુપ્સાકારક નિરૂપણ માટે તેમને ખાસ રુચિ નથી, તેથી વિશેષ ચર્ચા કરી નથી અને સમસ્ત રસોમા કરુણનું તો એમણે બહુમાન કર્યું છે. કરુણ રસની અસર નોંધતા કહે છે, 'હૃદય કોમળ થાય, ઉન્નત થાય, સૂક્ષ્મગ્રાહી થાય, કે ઉદાત્ત થાય ત્યા કારુણ્યની છટા આવવાની જ. કારુણ્યની સમભાવના કે સમવેદના સાર્વભૌમ છે, એમાંથી નિર્વાણ સુધી આપણે પહોંચી શકીએ છીએ." આમ, સર્વાંગિકયાનુસાર કે જે કલાનું સાધ્ય છે તે કરુણદ્વારા તો અત્યંત સહજ રીતે સિદ્ધ થાય છે. અને તેથી જ તે "રસસમ્રાટ" છે. આમ કહ્યા બાદ, તેઓ કરુણ રસને માટે માત્ર સ્ત્રી પુરુષના વિરહનું ક્ષેત્ર જ બસ નહિ પણ બીજા અનેક સંબંધો અને પ્રસંગોને યોગ્ય ગણે છે. તેઓ આપણા સાહિત્યમાં વિધવાના દુઃખદ્વારા નિષ્પન્ન થતા કરુણને નમ્ર દો ગણે છે; અને અન્-અભિવ્યક્તિનો એટલે સુખાંતો કે વર્ણભેદિનો પુણ્યપ્રકોપ્યાનો કરુણ કે જે હૃદયને સ્તબ્ધ ગાવી આમૂલાગ્ર ક્રાંતિ પ્રેરે તેને જ સાચો ગણે છે. પછી, સંસ્કૃત સાહિત્યમાં ઉચ્ચ હાસ્યરસ તેના વિવિધ પ્રકારે જે નથી ખેડાયો તેને ખેડવાનું સૂચવે છે. અદ્ભુતની નિષ્પત્તિ-અજ્ઞાનમૂલક નહિ પણ ભવ્યતા-મૂલક હોવી જોઈએ એમ કહીને જણાવે છે કે "અદ્ભુતનું સ્વરૂપ જ એવું છે કે એની આગળ કળાનું સામાન્ય વ્યાકરણ સ્તંભિત થઈ જાય છે." ત્યાં કલાની વ્યવસ્થા અપે-ક્ષિત નથી, કારણ "ભવ્ય વસ્તુ પોતાની ભવ્યતાથી જ સર્વાંગ પરિપૂર્ણ થઈ જાય છે" ભવ્યતાની શક્તિથી અંતઃકરણ દબાઈ જતા જેમ અદ્ભુત નિષ્પન્ન થાય છે તેનું જ કંઈક રૌદ્ર અને ભયાનકના ઉગમમાં રહેલું છે. કોઈ શક્તિથી હૃદય દબાય તેમાંથી એક પક્ષે રૌદ્ર તો બીજે પક્ષે ભયા-નક નિષ્પન્ન થાય આમ લેખકે ચર્ચા કરી અંતે અદ્ભુત રસમાંથી સમાધિરૂપ શાંત રસની નિષ્પત્તિ થવી સંભવિત ગણી છે. શિવ અને રુદ્ર અને શાન્તા અને દુર્ગા જેમ એક જ છે તેમ અદ્ભુતમાંથી જ શાંતનો સ્વાભાવિક ઉદય છે. અને તેથી તેઓ કહે છે, "રૌદ્ર, ભયાનક અને અદ્ભુત આ ત્રણે રસો અંતે જો શાંત રસમા ન લઈ જાય, સમાધાન ન આપે તો એને કોઈ રસ કહે જ નહિ" કારણ, "જે સમાધાન છે તે જ કળાના ક્ષેત્રમાં શાંત રસ છે."

આપણે જોયું કે શ્રી. કાકાસાહેબ, કરુણને રસસમ્રાટ માને છે. અને તે સંબંધી 'ત્રણ કરુણ કાવ્યો' નિબંધમાં એક પ્રશ્ન પૂછે છે :

'મનુષ્ય હૃદયના વિકાસમાંથી જેટલું સાહિત્ય બધા દેશમા તથા બધા યુગમાં તૈયાર થયું છે તેમાં ઉત્તમોત્તમ કવિત્વ તો કરુણ રસમાંથી જ ઝર્યું છે કરુણ રસનું આટલું મહત્ત્વ કેમ છે ? દુઃખની કહાણી-માંથી માણસને આ રહો રસ કેમ મળે છે? દુઃખ તેના આપણને આનંદ કેમ આપી શકે છે?' (જી. ૯૮. પૃ ૧૪૧)

આનો જવાબ તેમણે અન્યત્ર પોતાના એક કલાસમગ્રના સિદ્ધાંતથી જ આપેલો ગણી શકાય ત્યાં તેઓ કહે છે કે કલાનો આનંદ વિચારાતીત હોવાને લીધે તેથી આપણા અધ્યાત્મનું ઉપબૃંહણ થાય છે. તે તાદાત્મ્ય વડે વ્યવહારકાળના વેદનાયુક્ત પ્રસંગો—प्रतिकूल वेदनीयम् दुःखम् ।-પણ કલામાં પ્રત્યક્ષ થતાં, કરુણાપેક્ષ આનંદાનુભવ કરાવે છે

અહીં કરુણ વિશેનો એક આંગ્લ પત્રકારનો મત નોંધવા જેવો છે —'દુઃખની લાગણી જ હમેશાં વધારે સહેલાઈથી આલેખી શકે છે દુઃખપ્રધાન લગ્નજીવનનું જેટલા હદે આલેખન થયું છે તેને મુકાબલે સુખાંત લગ્ન-જીવનનું આલેખન નહિવત્ લાગશે. એ પ્રકારની નવલો કદાચ જવલ્લે જ એવા મળશે ચિંતા, પરિતાપ, પીડા, વેદના આ બધાં હૃદયના ઊંડાણ સુધી પ્રસરી જાય તેવી તીવ્રતા પેદા કરનારાં તત્ત્વો છે સુખનો નશો માત્ર ઘડીભર ખુશમિજાજ બક્ષી જાય છે મહાન લેખકોના જીવનપ્રતિ નિગાહ કરો અમર કૃતિઓ અર્પી જનારા ટાલ્સ્ટોય અને ડિકન્સ જેવા અનેક દુઃખમય સંસારનો ભોગ બનેલા દિવ્ય પ્રકૃતિના માનવીઓ હતા It is not difficult to convey sadness in writing, it is very hard indeed to convey happiness" વિદેશી વાઙ્મયનો પમરાટ—પ્રજાબંધુ

તા ૨૪-૮-૪૧

કલા એ અધ્યાત્મનું ઉપબૃંહણ છે, એ સિદ્ધાંત શ્રી કાકાસાહેબનો કલામીમાંસામાં મૌલિક ફાળો ગણી શકાય અને એ એમનું વક્તવ્ય એમની કરુણરસની મીમાંસામાં સહુથી વધારે સ્ફુટ થાય છે

હવે આપણે વિવેચન સંબંધી આ વિવેચકનું વલણ જોઈએ પહેલાં તો તેમને વિવેચનની ચર્ચા વિશે બહુ માન કે વૃત્તિ નથી તેની પાછળ તેઓ જીવનવિવેચક છે એ જ મુખ્ય કારણ છે જીવનસમગ્રના મૂલ્યાંકનથી વિવેચનશાસ્ત્ર વિશે તેમની આવી દૃષ્ટિ છે એ રીતે બીજા કોઈ સાહિત્યનિષ્ઠ વિવેચકોની સાથે સરખાવતાં આ વિવેચક જુદા પડે છે. તેમણે કહ્યું છે કે કલા સુંદર હોય પણ તેની શાસ્ત્રમીમાંસા કે વિવેચન અસુંદર અને આનંદરહિત બનવાનો સંભવ ખરો (જી આ પૃ ૪૧૨-૧૩) અને તેવી મીમાંસા કરનાર ઘણી વેળા 'ચીડિયા' જેવો બની જાય (જી આ પૃ ૪૩૫) વળી કલા એ માનવજીવનની અંદરની નીપજ છે. અને અંદરની નહિ પણ બહારની વસ્તુ ઉપર જ શાસ્ત્ર હોઈ શકે (જી આ પૃ ૫૧૨-૧૩) તેમ છતાં વિવેચનનું જે સ્થાન છે તે આ રીતે કે સાહિત્યનું વિવેચન સાહિત્યની નહિ પણ કલાની-રસની દૃષ્ટિએ, અને કલાથી આગળ સમાજ અને જીવનની સંસ્કૃતિની દૃષ્ટિએ થવું જોઈએ (જી ભા પ્રસ્તાવના પૃ ૧૨ અને પૃ ૨૭૫-૭૬) અને એ પ્રમાણે 'આપણાં કાવ્યવિવેચનો સર્વંકષ અને ઉત્કટ નથી હોતાં એ ટીકા હું જરૂર કરું,' (જી ભા પૃ ૧૬) એમ કહે છે આગળ જતાં તેઓ વાચકને અનુલક્ષીને જે કહે છે તે વિવેચક થનાર વાચકને વધુ ઉપયોગી નીવડે તેમ છે એવા સાચા વાચકે ગ્રંથ 'તદાકાર'પણે વાંચવો છતાં એને માટે 'પ્રામાણ્યબુદ્ધિ' રાખી ઢળી ન પડવું, એટલી 'તારતમ્ય બુદ્ધિ' કેળવવી અને ત્યારબાદ કોઈ પણ ગ્રંથનું 'કાલિક, દૈશિક અને વૈયક્તિક સંસ્કરણ' કરવું જોઈએ (જી ભા પૃ ૨૩) આપણું અર્વાચીન વિવેચન આંગ્લ પદ્ધતિ અનુસાર ગ્રંથના 'બહિરંગપરીક્ષણ'માં વિશેષ રાચી પુસ્તકનો સમયનિર્ણય, પાઠનિર્ણય વ ને મહત્ત્વનું સ્થાન આપી દે છે તેમાં ઐતિહાસિક દૃષ્ટિ રહેલી છે પણ તે ઉપરાંત 'સત્યાન્વેષણની દૃષ્ટિ' વધારે જરૂરી છે (જી ભા પૃ ૨૪૧) ત્યારે આપણા સંસ્કૃત વિવેચકો એથી જુદી રીતે, કૃતિના ઊંડાણમાં ઊતરતા પણ સમગ્રનું વિશાળ દૃષ્ટિએ અવલોકન કરી શકતા નહિ (જી ભા પૃ ૨૪૫-૪૭) છતાં 'ભારતવર્ષ'માં સનાતન રસવાળી કોઈ પ્રવૃત્તિ હોય તો તે કાવ્યશાસ્ત્રની એમ કહી આપણાં શિક્ષણમાં કાવ્યશાસ્ત્રના અભ્યાસને આગળ કર્યો છે (જી ભા પૃ ૧૭૪-૭૫) ઉપરાંત, એક વિવેચનનું માસિક કાઢવાનું આવશ્યક માની સૂચવે છે કે તેમાં સર્વ પ્રકાશન ગ્રંથોનો ટૂંક પરિચય કરાવવો અને ગુજરાતીને મુખ્ય રાખી હિંદની ઇતર ભાષાનો પરિચય કરાવવો (જી ભા પૃ ૪૧) આમ, ગુજરાતી જનસમાજની વૃત્તિને 'ઇષ્ટ વલણ' આપી શકાય તેમનો વિવેચનનો આદર્શ આ પ્રમાણે, "નમાલા અથવા હાનિકારક સાહિત્યનો પ્રખર ટીકાથી નિગ્રહ થવો જોઈએ અને જીવનદાયી તેમ જ રસાળ સાહિત્ય ઉપર ગૌરવનો અનુગ્રહ થવો જોઈએ' (જી ભા પૃ ૧૧૬)

આટલા વિમર્શથી સ્વાભાવિક રીતે આ સાહિત્યપ્રવાસીનું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ થઈ જાય છે જો કે હજી સાચા, શુદ્ધ, ઉત્તમ, આદર્શ સાહિત્યની તેમની સંખ્યાબંધ-થોકડાબંધ સૂત્રાત્મક વ્યાખ્યાઓ, ઉત્તમકવિ સંતકવિ લોકકવિ વ સંબંધી તેમના ખ્યાલો, લોકગીતો લોકસાહિત્ય લોકકથા વ. પ્રત્યેની સમાજશાસ્ત્રી લેખેની તેમની અભિરુચિ, ટૂંકી વાર્તા નવલકથા નાટક ઐતિહાસિક નવલકથા—નાટક (રક્ષાબંધનની પ્રસ્તાવના) વ સંબંધી તેમનાં મંતવ્યો, અનુવાદો સંબંધી આ મરાઠી ગુજરાતીના ઉભયાન્વયી લેખકની સમજ, કાવ્યનાં અંગો અલંકાર શૈલી ભાવ વ સંબંધી છૂટક વિચારો, જીવનચરિત્ર, આત્મચરિત્ર વ નું વિવેચન, અને સહુથી વિશેષ પ્રમાણમાં, ને લેખકને મન સહુથી મહત્ત્વનાં એવાં ઠેરઠેર ઢગલાબંધ વેરેલાં જીવનલક્ષી સાહિત્યનાં સૂત્રો કે જેની તો આંકડા દ્વારા જ રજૂઆત કરી શકાય, વ તો બાકી રહ્યાં છે પણ છતાં તેમનાં અહીં જોઈ લીધેલાં સુબદ્ધ સિદ્ધાંતોમાં નીતરતું જીવનલક્ષી કલાનું દૃષ્ટિબિંદુ હવે આપણે માટે પૂરતું ગોચર છે

અને હવે, શ્રી કાકાસાહેબના અનેકક્ષેત્રીય વિવેચનવિહારને જોઈ લીધા પછી, આપણે તેમની શૈલીનું સામાન્ય નિરીક્ષણ કરીએ આ શૈલીકાર કે જેણે આપણા સાહિત્યને એક અવનવી જ વૈભવાન્વિત વક્તવ્યશૈલી ઘડી આપી છે, જે નિર્મુક્ત શૈલીના નવનવા કાવ્યમય વળાંકે આપણા નિબંધસાહિત્યને કમનીય કાન્તિ અને

અપૂર્વ માધુર્યભરી તાજગી બક્ષી છે. તે શૈલીનું ઘડતર પણ અનન્ય છે.

આ ગાંધીયુગના ભાષ્યકાર વિવેચકની શૈલીનું ઘડતર જોતાં, તેના ઉપર ગાંધીયુગની પ્રેરણાનું આંતરબળ ઉપરાંત અનેક બીજાં વિશિષ્ટ બળોએ પહેલ પાડેલા છે. તેને એક પછી એક જોઈએ : ગાંધીજીના નૈતિક, સામાજિક, ધાર્મિક વ. વિચારોમાં તરવરતી તેમની જીવનનિષ્ઠા સાથેનો પ્રયોજનવાદ આ લેખકે અપનાવ્યાં છે. સાથે, ગાંધીજી ઉપર ધર્મનીતિ અંગે જે ગીતાની માર્મિક અસર પડી છે, તે શ્રી. કાકાસાહેબે તેમના અનુયાયી હોઈ તેમણે અપનાવેલી છે. જે ગીતાની ફિલસૂફીના સિદ્ધાન્તો તેમણે કલાને પણ લાગુ પાડેલા આપણે જોયા છે. વળી ગાંધીજીનો કેળવણી તથા સાહિત્યાદર્શ ઘડવામાં ટૉલ્સ્ટૉયે ફાળો આપ્યો છે તે પણ ગાંધીજી તરફથી આ લેખકમાં ઊતરી આવેલો છે. વધારે ચોક્કસ શબ્દોમાં કહીએ તો શ્રી. કાકાસાહેબનું કલાનું જીવનલક્ષી આખું દૃષ્ટિબિન્દુ ગાંધીજીમાંથી ઊતરી આવ્યું છે.

અને ગાંધીજીની સમાજસેવક લેખેની કારકિર્દી જોતાં, તેમણે જેમ એક બાજુ જીવનાદર્શનાં અમુક જૂનાં Standards—ધોરણો સ્વીકારી લઈ એની સાથે જૂનવાણી—સનાતની પરિભાષા પણ સ્વીકારી લીધી; પણ એની રજૂઆત પોતાની રીતે પોતાનાં મૂલ્યાંકનોસહિત કરી એથી સનાતનીઓએ જે એમને પોતાના પક્ષકાર માનેલા તેમને આઘાત થયો. તો બીજી બાજુ, સુધારકોનાં ધોરણોની કસણીએ એમનાં ધોરણો વિશેષ જૂનાં ને આકરાં નીવડ્યાં છે. એટલે, ગાંધીજી જેમ સનાતની તેમ સુધારક—આ ઉભય પક્ષકારોની દૃષ્ટિએ કશું ન રહ્યા છતાં—છે, તેમ શ્રી. કાકાસાહેબનો જીવનાદર્શ અને સાહિત્યાદર્શ પણ આપણાં પ્રવર્તમાન નવાંજૂનાં ધોરણે કસતાં બેમાંથી એકે પક્ષનાં નહિ પણ બન્ને પક્ષના અમુકઅમુક રીતે રહ્યા. એ રીતે તેમના વક્તવ્યમાં એક પ્રકારનો સર્જનાત્મક ઉચ્છેદ રહેલો છે.

શ્રી. કાકાસાહેબ ગાંધીજીના મુખ્ય અનુયાયી અને લગભગ અંતેવાસી જેવા ગણાય. એને લીધે અને તેની સાથે, આપણા ગાંધી સાહિત્યના પાંચ સમર્થ ગદ્યલેખકો શ્રી. સ્વામી આનંદ, સદ્. મહાદેવ દેસાઈ, નરહરિ પરીખ, જુગતરામ દવે અને શ્રી. ચન્દ્રશંકર શુક્લના સહવાસી પણ તેઓ થયા. તેથી કરીને શ્રી. કાકાસાહેબની ગુજરાતી શૈલી ઘડતરમાં ગાંધીજી સાથે આ પાંચ લેખકોનો સહવાસ અને સહાય્ય પણ આડકતરી રીતે કારણભૂત ગણાય. પણ જેમ શ્રી. કાકાસાહેબની શૈલી અમુક રીતે ગાંધીજીથી સ્વતંત્ર વિકાસ પામી, તેમ આ પાંચથી પણ સ્વતંત્ર થઈ ગઈ.

તેમણે સાદી સીધી જ્ઞાનગંભીર ચોક્કસ પરિભાષાવાળી એવી સ્વસ્થ (classical) લક્ષણોવાળી શૈલીને, ગાંધીજીની રીતે સ્વીકારી. પણ ગાંધીજીએ તેમાં તળપદા શબ્દો ભાવો મૂકી શૈલીની એકધારી રૂઢતાને તોડી; તો શ્રી. કાકાસાહેબ તો કલાકાર હોઈને તેમણે જુદીજુદી ભાષામાંથી લઈને શબ્દપ્રયોગો કર્યા; અને સંસ્કૃત ઉપરથી કેટલાય નવા સચોટ શબ્દો પ્રયોજી શૈલીને મોકળાશ અને બળ આપ્યું, તે શ્રી. કાકાસાહેબના બંગાળી ભાષાના સંબંધને લઈને તથા ટાગોરની એવી જ નવા શબ્દો બનાવવાની અદ્‌ભુત શક્તિને આભારી જણાય છે. અને શૈલીના હાર્દપરત્વે તેના અંતર્ગત ભાવોને શ્રી. કાલેલકરે પોતાના આદર્શાનુસાર અનુપ્રાણિત કર્યા છે. તેમાં પણ આ પ્રકારનો સર્જનાત્મક ઉચ્છેદ જણાય છે. આમ ગાંધીજીની જેમ પણ પોતાની પ્રકૃતિને અનુકૂળ રીતે સુધારા વધારા સહિત તેમણે જેટલું પ્રાચીન સંસ્કૃતિમાંથી ઉપાદેય તેટલું ઉપાડી લીધું; અને તેને અદ્યતન ભાવનાનુસાર અનુપ્રાણિત કરી લોકપ્રચારાર્થે આગળ ધર્યું.

આથી જણાશે કે શ્રી. ઉમાશંકરના શબ્દોમાં શ્રી. કાકાસાહેબનો 'આર્ય સંસ્કૃતિનો પરિચય' જબ્બર છે. એક બાજુ તેમણે આપણા સંસ્કૃત સાહિત્યનાં પુસ્તકો અને સ્મૃતિશાસ્ત્રોને અપનાવ્યાં. તેથી તેમના લેખનમાં સંસ્કૃત સાહિત્યની કલ્પનાસમૃદ્ધિ વાસો વસી. રસશાસ્ત્રે તેમને કલાનું દૃષ્ટિબિન્દુ અને પરિભાષા આપી. આ કારણે તેમના લેખોમાં સંસ્કૃત અવતરણો વારંવાર ઉદ્ધૃત કરેલા જણાય છે. તો બીજી બાજુ તેમણે પૂર્વની ફિલસૂફીધર્મનું અધ્યયન કર્યું. આ ઉપરાંત બૌદ્ધ ફિલસૂફીનું તેમનું અભિરુચિપૂર્વકનું ખાસ અધ્યયન પણ આ પ્રકારનો દૃષ્ટિકોણ ઘડવામાં ભાગીદારી કરતું ગયું. અને તે તમામને પશ્ચિમના સાહિત્ય ને તત્ત્વજ્ઞાનના અભ્યાસથી પુષ્ટિ મળી. સતત પ્રવાસીની સમાજશાસ્ત્રીય—માનસશાસ્ત્રીય નૂતન અનુભવસમૃદ્ધ દૃષ્ટિ વડે, તેમણે સ્વસંસ્કૃતિનું સ્વાવલોકન કર્યું. આ રીતે તેમણે કરેલા ભારતદર્શનમાં લેખક પોતે કબૂલે છે કે ભક્તિની નિવેદિતા અને આનંદ સ્વામીના લેખોએ તેમને મદદ કરી. જો કે એમાં ય તેમની પ્રાંકટ ભારતભક્તિને જ પ્રેરક—ચાલક તત્ત્વ ગણવી જોઈએ. એમના લેખનમાં સર્વત્ર પૂર્વની સંસ્કૃતિની કે પૂર્વકાલીન વિચારોની રજૂઆત એ જ એમનો મુખ્ય આશય જણાય છે. તે એટલે લગી કે આર્યસંસ્કૃતિ પ્રત્યેનો તેમનો અગાધ પ્રેમ હોવાથી, આજની આપણી પશ્ચિમની ઔદ્યોગિક અસરથી પરિપ્લાવિત સંસ્કૃતિ દંભી છે, કૃત્રિમ છે, અને માટે ત્યાજ્ય છે એવા મતદર્શનમાં લેખક વારંવાર ઊતરી પડે છે.

આપણે જોયું તેમ સંસ્કૃત સાહિત્યના તેમના પરિચયને લીધે તેમને વિપુલ અને શિષ્ટ શબ્દભંડોળ મળી ગયો; અને બંગાળી સાહિત્યે તેને પુષ્ટ કર્યો. બંગાળી સાહિત્યની અસરને લીધે તેમની શૈલીમાં ભાવભાવિક નિર્દેશક શબ્દોની પરંપરા આવે છે. અને તેમની વાક્યરચના બંગાળી સાહિત્ય જેવી અને છતાં ગુજરાતી વાચકને સ્વાભાવિક લાગે તેવી છે. આ બધા પર ટાગોરની વક્તવ્યછટાએ અલૌકિક કામ કર્યું દેખાય છે. જે બધી વક્તવ્યમોકળાશ (Freedom of expression) ટાગોરે પ્રથમ અને મુખ્યત્વે અને બાદ શરદ્‌બાબુએ બંગાળી સાહિત્યને અર્પી, તેને જોતાં આપણને થાય કે વક્તવ્યને અંગે કોઈ પણ આંચ શબ્દની ખોટ જણાવા દીધા વિના સારે આસાનીથી આપણા અને પરદેશના આચાર્યોની સંકુલ વિચારોને પણ તેઓ કહી શકે છે

તે શ્રી કાકાસાહેબના સાચા, સચોટ અને ચિત્તહારી નવા જ શબ્દપ્રયોગો તેમની શૈલીને માધુર્ય બક્ષ્યુ અનેકપ્રાંતીય ભાષાઓના જાણકાર આ વિવેચક ફારસી, અરબી, મરાઠી વ. શબ્દોનો ઉપયોગ પણ છૂટથી કરે છે અને પુરાણોના દૃષ્ટાન્તો ઉલ્લેખો તેમની શૈલીને ઓજ આપે છે આ પ્રમાણે ગાંધીશૈલીનુ કાઈ ખપજોગુ સ્વીકારી લઈ તેમા નવા રુધિરનું બળ તેમણે આવવા દીધુ અને આર્યસંસ્કૃતિની સર્વસંભવિત સમૃદ્ધિનો લાભ પોતાની લેખનશૈલીને આપ્યો એ દૃષ્ટિએ શ્રી ઉમાશંકરે કહેલુ છે કે,

"એમની શૈલીમા ઉંચા પાચ હજાર વરસની સંસ્કૃતિની સુવાસ છે એક શબ્દ, એકાદ શબ્દયુગ્મ, કોઈ વાક્યખંડ, તો કોઈ શ્લોકાર્ધ એમના કથિતવ્યને સૈકાઓની સંસ્કૃતિના સૌરભભારે મહેકતુ કરી મૂકે છે (કૌમુદી)

પણ આ સર્વને આત્મસાત્ કરી પોતાના અદ્ભુત કલ્પનાલાવણ્યમા ઝબકોળી અભિનવરૂપે રજૂ કરતી શ્રી કાકાસાહેબની સ્વભાવસહજ કવિત્વશક્તિ આપણા સાહિત્યમા એમના ગદ્યનુ એક અભૂતપૂર્વ લક્ષણ છે એમની શૈલીના ઉપમા રૂપક ઉત્પ્રેક્ષા દૃષ્ટાન્ત વ. અલંકારો, કલ્પનાવિહાર, નાટ્યાત્મક ભવ્યાત્મક આલેખન, ચિંતનરસળાટ, વર્ણવૈભવ, અરે! સૂત્રો બાની અને શબ્દલેટકા પણ જુઓ ત્યારે લાગે કે એ સર્વમા જાણે કવિતાનો પ્રાણ ધબકી રહ્યો છે એમના ઉપમા વ. અલંકારો એવા ભાતભાતના છે કે સંસ્કૃત અલંકારશાસ્ત્રની આખી વિસ્તારી વર્ણણીમા ક્યા સમાવવા તેની મૂંઝવણ થઈ પડે આ અલંકારો કલ્પનાસભર છે, અને તે વ્યવહારુ જીવનમાથી લીધેલા અનુભવનિષ્ઠ પણ છે અને આટલી અલંકારસમૃદ્ધિ છતા તેમનુ ગદ્ય ભભક્યુ નથી એ એમની શૈલીની ઉચ્ચ રસવૃત્તિ બતાવે છે તેમનો સામાન્ય કલ્પનાવિહાર સંસ્કૃત મહાન કવિઓથી માંડીને તે સમકાલીનપૂરંક હીન ઇતરભાષીય કવિઓની કલ્પનાના ઢબને અને તેથી જુદો પણ ભળી આવશે તેમના જ આ કલ્પનાની ફુમાશ છે અને કલ્પનાનુ ઉચ્ચ કવિતાની ઊંચાઈ લગી આંબનારુ હોય છે

આથી તેમની શૈલીમા નૂતન પ્રકારની તાજગી અને સૌંદર્ય આવે છે આ કારણોને લીધે તેમની શૈલી એટલી ભાવવાહી બને છે કે યથાપ્રસંગ તે ભાતભાતના ભાવો સચોટ પૂર્વક ધારણ કરે છે તે વર્ણનાત્મક છે, ચર્ચાત્મક છે અને 'લોકજીવન'ની પ્રસ્તાવના જેવામા તે નાટ્યાત્મક ચમત્કૃતિ પણ ધારણ કરી શકે છે એમના હાલતેચાલતે થતા ચિંતનરસળાટ વિશે તો પૂછવુ જ શુ? તેઓ બહુશ્રુત વિદ્વાન છે, સતત પ્રવાસી છે, તેથી અનેક વિષયો–પરત્વેનો તેમનો જીવંત રસ બહોળા જ્ઞાનાનુભવો, ચિંતનની વિશાળ પરિપાટી ભણી તેમને દોરી જાય છે, 'સાધુ ચલતા ભલા' એ ન્યાયે, સાધુના જેવા તેમની શૈલીમા તાટસ્થ્ય, તાદાત્મ્ય, અનેક વિષયોમા ચિંતનશીલ પરિવ્રાજકત્વ, અને શિષ્ટ, સ્વચ્છતા રહેલ છે અને શ્રી કાકાસાહેબના વિવેચનમા જે સમાજશાસ્ત્રીય માનસશાસ્ત્રીય નિરૂપણ આવે છે, તે તેમના ચિંતનશીલ સ્વભાવને કારણે જ કહી શકાય આ ચિંતનની પાછળ આપણે ઘણી વેળા ખેંચાઈ ગયા તેમ તેમની જીવનની ફિલસૂફી પ્રેરકબળરૂપે છે, તે એટલે સુધી લેવુ કે કલાના ચિંતન પર પણ સવાર થઈ તેને સર કરી બેસે છે વસ્તુત વિવેચન જેવા શાસ્ત્રને ફિલસૂફીની દૃષ્ટિવાળુ તલાવગાહન ઉપકારક છે તેની ના નહિ પણ એમની જીવનનિષ્ઠાના ભીમાસક વલણથી લખાણને એક મોટો ગેરલાભ નડે છે તે એ કે પ્રાયશ તેમની કલામીમાંસાનો તદ્દન મૌલિક સિદ્ધાન્ત પણ એકદમ નજરે ન આવતા તેમા અટવાઈ જાય છે અને આ જીવનમીમાંસા તે એમની એવી મોટી મર્યાદા છે કે તે એમની વાણી, વિચાર, વિચારણી વગેરેની એકમાત્ર મર્યાદા બની રહે છે અને તેમના રૂપીતા વિપુલ વક્તવ્યમા પણ પછી કશુ નવીન લાગતુ નથી. આપણને અમુક વેળા એમ લાગે જ કે હવે વિચાર આમ આગળ જીવનદ્રષ્ટાના પાટા ભણી ચડી જવાનો એ કારણથી કોઈપણ વિવેચકથી ઉતરતા બીજ ન આવે એટલુ બહુલ વિવેચન લખ્યા છતા, અને અનાયાસે આપણા સાહિત્યને અનેક કલાસિદ્ધાંતો આપેલ છતા, તેઓ સાહિત્યવિવેચક છે એ બાબત પણ ઘણાને ધ્યાનમા નથી, ઘણાને સહજ સ્વીકાર્ય નથી. તેમનુ વિવેચન શાસ્ત્રીય પદ્ધતિ પર નિર્ભર રહેવાને બદલે જીવનના પદાર્થપાઠ કે બોધપાઠ આપ્યા કરે છે તેને અંગે તેમની શૈલીમા અનેક સૂત્રો ઠામઠામ નજરે પડે છે, તે પણ સામાન્ય સત્યને સચોટપણે રજૂ કરવાનુ સમસ્ત ગદ્યશૈલીનુ લક્ષણ જીવનનીતિના પ્રચારલક્ષી વલણમાથી જ અવતરે છે અને તે વિશેષ લોકગમ્ય બને છે આ લેખક સૂત્રોરૂપે જે સામાન્ય સત્ય રજૂ કરવાની કળા વાપરે છે તે સૂત્રો કહેવતોની જેવા ફટ લોક વેગા એકપક્ષી સત્ય જેવા યા અર્ધ સત્યો જેવા હોય છે તેમાના કેટલાક સત્યો છતા સાધારણ કોટિના, સત્યના ગૌરવનો આભાસ કરાવનારા અને એક કે બીજે શબ્દે વિચારનુ પુનરાવર્તન પામનારા બની જાય છે બેશક, ઘણા સૂત્રો પાણીદાર મોતી જેવા છે, અને ઘણા તો કવિતાની પંક્તિના જ છે આ સૂત્રો સાથે આપણી કહેવતો, રૂઢિપ્રયોગોનો પણ ઠીક ઉપયોગ છે અને તેમના અનેકધામ્યા જીવન કલાના પ્રસંગથકી સૂચનો પણ તેમના વ્યવહારુ ચિંતનનો જ પરિપાક છે તેમની શૈલી એટલી અનુનયશીલ (Persuasive) અને રોચક છે કે તેમા ઉપદેશ કે ખરું નવુ તત્ત્વ હોવા છતા તેમા તલભારે આઘાત લાગતો નથી. તેમા ચર્ચાની કરી ઢકર ઝીણવાની-ખાડી બાંધવાની વૃત્તિ નથી સામા પક્ષની ભંજન કરવાની હામ ધૂષ્ટતાને બદલે પોતાને ઇષ્ટ વિચારોનુ ચિંતન રજૂ કરી તેને રસિકસુલભરૂપમા મૂકવાની વૃત્તિ અને કળા છે

હવે તેમની કવિત્વમય ગદ્યરીતિ લઈએ. 'જીવનભારતી'મા લેખકે પોતાને સ્વાભાવિક લેખકના વર્ગમા મૂકેલા છે અને તેમની સમૃદ્ધિ પ્રસાદભરી ગદ્ય રીતિનો પ્રસાદ જોતા આપણે એમ જ માનીએ પણ એ સાથે આવી કવિત્વમય રીતિનુ કલાભાગ કરવાનો સભાન પ્રયાસ

એમના સમગ્ર લેખનના અભ્યાસથી જણાયા વિના રહેતો નથી. એટલે જ કે ગદ્યપરનું તેમનું સ્વામિત્વ એટલું જબરું છે, ભાષાના કોઇ પણ શબ્દને સરખો કરીને, શોધી-શોધીને કામમાં લેવાની તેમની શક્તિ એવી જબરી છે કે આવો કોઈ સભાન પ્રયત્ન પણ સ્વાભાવિક બની જાય છે. કેટલાય ભાવવાળા અને ચારુ શબ્દોની યોજના આપણે તેમના ગદ્યમાં જોઇએ છીએ. તેની પાછળ-અર્થ જાળવીને છતાં-થોડો ઘણો સભાન પ્રયત્ન ક્યાંક ક્યાંક હોય છે. અંગ્રેજી શબ્દોના સમાનાર્થ ગુજરાતી શબ્દો ચવણી કઇ રીતે થઇ શકે તેની તેમને સ્વાભાવિક સૂઝ છે. અનેક વેળા શબ્દો પર શ્લેષ કરવાની તેમની રીતથી પણ ઘણી વેળા શબ્દની અનવધિ શક્તિનો લાભ કથંચિત્વ્ય કાજે ઉઠાવેલો હોય છે. એ ઉપરાંત મરાઠી, ફારસી, અરબી વ. શબ્દો તો રમતાંરમતાં મૂકે છે. તેમની વિદ્વતા પણ આ સૌંદર્ય-પૂરિત શબ્દયોજનાને મદદ કરવા જાય છે. અને તેમ, શબ્દની યૌગિક, રૂઢ અને ઐતિહાસિક વ્યુત્પત્તિદ્વારા વિવેચનને વિવેચનની રીતે મંડિત કરે છે. આ બધા પ્રયોગો ભાષાને નવા છતાં અપરા કે અપરિચિત લાગતા નથી, એટલું બધું એ એમણે આત્મસાત્ કરેલું હોય છે. એથી જ ગમે તેવું ગંભીર વક્તવ્ય પણ લોકગમ્ય (Popular) કરી શક્યા છે, સહુથી છેલ્લું પણ ધ્યાન ખેંચે તેવું તેમની બાનીનું સુશોભનકાર વસ્તુ તે ગદ્યમાં પણ પ્રાસબદ્ધ જોડીદાર શબ્દોનો ઠેર ઠેર પ્રયોગ[1]

આવા પ્રકારનો પ્રયોગ વાક્યને સમતોલપણું અર્પે છે, જે વિચારના અમુક પ્રકારના સમતોલનને અંગે છે. વિચારનું આ સમતોલન ક્વચિત્ વસ્તુના વિરોધ ક્વચિત્ સાદૃશ્યને આભારી છે. આવાં શબ્દયુગ્મ મૂકવાને લીધે શ્રી. કાકાસાહેબના ગદ્યના વિચારની સન્નિષ્ઠા જોખમાતી નથી. જો કે આવી ચાતુરી ગદ્યને માટે ભયાવહ છે. અને ગમે તેટલી કુશળ રીતે કરેલી અને આકર્ષક છતા તે ચાતુરી જ છે અને એને માટે વિપુલ શબ્દસંપત્તિ સાથે થોડાક સભાન પ્રયત્નની જરૂર રહે છે. કોઇ અશક્ત અગંભીર લેખકના હાથમાં એ રમત જઈ ચડતાં બાલીશ બની જવાનો સંભવ રહે છે. પણ શ્રી. કાકાસાહેબના હાથે આ ચાતુરીએ તેમના ગદ્યના આરોહઅવરોહભર્યા સંવાદને વિશેષતઃ ખિલવ્યો છે. તેમણે એક સ્થળે લાવણ્યવર્ણનનો શ્લોક[2] ટાંકી પોતાની લાવણ્યસંબંધી વ્યાખ્યા ટાંકી કે 'લાવણ્ય એટલે નિરાગસ આરોગ્ય અને યૌવનની કાન્તિ' તે અર્થમાં તેમની પોતાની શૈલીને આપણે જરૂર લાવણ્યની કહી શકીએ.

આવું સૌન્દર્યકવિત્વ શ્રી. કાકાસાહેબે વિલસાવ્યું છે તે તમામ નિબંધના પ્રકારદ્વારા જ. શ્રી. કાકાસાહેબ ગુજરાતી સાહિત્યના પ્રખર નિબંધકાર લેખે ગણાવાના છે; કારણ એમણે આપણા સાહિત્યના પટ ઉપર નિબંધનો ઋણશુલ્ક એવો દિદાર જ, ભાત ભાતના સુંદર ઘાટો આપીને પલટી નાખ્યો છે. તેમના લગભગ તમામ પ્રકૃતિવિષયક અને કેટલાક ચિંતનાત્મક નિબંધોએ તો ઊર્મિકાવ્યોની મનોહારી કમનીયતા ધારણ કરી છે. અને જેમ હાલનાં ઊર્મિકાવ્યો ચિંતનાત્મક, નાટ્યાત્મક, વર્ણનાત્મક, ચિત્રાત્મક વ. સ્વરૂપો સહેલાઇથી ધારણ કરી શકે છે તેવું જ લચીક સ્વરૂપ ગદ્યમાં શ્રી. કાકાસાહેબના નિબંધે ધારણ કર્યું છે. જેમ ચારુ કવિતાનાં કેટલાંક ઊર્મિકાવ્યો નિબંધને સીમાડે આવી વસેલાં છે તેમ તેથી ઊલટું, શ્રી. કાકાસાહેબના કેટલાય 'તાજમહાલ' જેવા નિબંધો ગદ્યરૂપ ઊર્મિકાવ્યો જ છે, આટલું હૃદયંગમ કવિત્વ બીજા કોઈ નિબંધકારે આટલી વિદ્વત્તાથી અને અનેકદેશીય દૃષ્ટિથી સિદ્ધ કર્યું નથી. નર્મદ, શાસ્ત્રીય, ગંભીર વિચાર-ચર્ચાના વાહનલેખે નિબંધ સ્વરૂપને ખપમાં આણ્યું; તે. શ્રી. કાકાસાહેબ પાસે જઇ ચડતાં, તેની અનેક ઉપયોગી શક્યતાઓ પોષાઇ; અને તેમના નિબંધના રમતા, ઉત્કૃષ્ટ રૂપે, હજી લગી આપણા નિબંધ સાહિત્યે ન મેળવેલી ગંભીરતાયુક્ત રમણીયતા પ્રાપ્ત કરી છે.

તો હવે એક પ્રશ્ન જરૂર ઉપસ્થિત થવાનો સંભવ કે આવઆવડી જેમની શૈલીની સિદ્ધિસિદ્ધિ છે તે શ્રી. કાકાસાહેબે કવિતા કેમ ન લખી? એમનું લખાણ જોતાં તેમાં નિરવધિ કવિત્વસંભૃત કલ્પનાનો ખજાનો પડેલો છે; જેનો ઊછરી રહેલા અને ઊગરતાપાછરતા કવિઓએ લાભ લીધો છે, લેવાનાય છે. છતાં તેમણે કવિતાનો એક કડી-એક અક્ષરે સુદ્ધાં કેમ ન પાડેયો?

' શ્રી. ઉમાશંકરે લેખકના રુચિર ગદ્યનું "કાકાસાહેબની કવિતા"-રૂપે ગૌરવ કરતાં, આ પ્રશ્ન છેડેલો છે. અને તેનું કારણું આપતાં આમ કહેલું છે:

"કાકાસાહેબની વાણી પદ્યમાં કેમ ન વહી? આવા પ્રશ્નનો ઉત્તર આપવો દુર્ઘટ છે. પણ એક કારણ કલ્પી શકાય, કાકાસાહેબ ગુજરાતી ભાષા વાપરે છે એ જોતાં ખબર ન પડે કે ગુજરાતી તેમની માતૃભાષા નથી, છતાં ગુજરાતી એમની ભાષા નથી એ હકીકત જ ઉપરના પ્રશ્નનો ખુલાસો આપવા પૂરતી ગણી જોઇએ" (કૌમુદી).

આ પ્રશ્ન માટે આટલું કારણ પર્યાપ્ત ગણાય? કવિતાસર્જનમાં ભાષાનું બળ વ્યક્ત થાય એવાં સર્વ સ્વરૂપોની અને ભાષાના રૂઢાર્થની અંદર સમજ બહુ અસર કરે છે, એ સાચી વાત અને તેથી અપર ભાષાને પોતાની ભાષા બનાવી મૂકનાર લેખકને આ મુશ્કેલી તો નડે જ.

---

[1] (૧) 'જ્યાં મરણ અને પરણ વખતે તો એ દેખા દે છે જ.' (જી. આ. પૃ. ૨૧૨)

(૨) 'પાન સાથે દાન તો હોય જ.' (જી. આ ૨૯૮)

(૩) સાધનાને સાધક નીવડયો હશે કે બાધક? (જી, આ. ૩૮૯)

તથા કેટલાયેક જોડીયા શબ્દો ઐહિક પારલૌકિક (જી. આ. પૃ ૩૮૧) (૨) 'મરણ-સ્મરણ' (જી. આ પૃ. ૨૫૮) (૩) 'પુરસ્કાર-તિરસ્કાર' (જી. આ. પૃ. ૮૨) (૪) 'શાયરો-કાયરો' (૫) 'નર્મદા-શર્મદા' (૬) 'દારુણ-કરુણ' (૭) 'દુષ્ટે-રુષ્ટે' (૮) ઉત્કર્ષ-અપકર્ષ (૯) 'અનુકરણ-મરણ' (૧૦) 'અનુકરણ-પ્રતિકરણ' (૧૧) 'પાપ-શાપ'

[2] मुक्ता फलेषु छायायाः
तरलत्वम् इवान्तरा
प्रतिभाति यदंगेषु
तल्लावण्यमिहोच्यते ।

પણ પ્રસ્તુત સ્થળે, શરદ્‌બાબુના ઘણા પુરુષ-પાત્રોની જેમ અપરમાને પોતાની બનાવી મૂકવાનો ઇલમ શ્રી કાકાસાહેબે સાધેલો છે ગુજરાતી સાહિત્યના તળપદા રૂઢાર્થની માર્મિક પકડ અને સર્વાંગે ભાષાની સર્વ અર્થચ્છાયા સમજવાની શક્તિ તેમનામાં રહેલી છે તેથી કરીને આપણા ચાલુ અને ભુલાયેલા શબ્દપ્રયોગો ઘણે મોટે ભાગે સાચી રીતે જ તેઓ વાપરેલા છે

ત્યારે એમણે કવિતા ન લખી એ સ્વેચ્છાએ જ ન લખી એમ માનવુ પડે શ્રી ઉમાશંકરે ઉપર્યુક્ત કારણ દર્શાવી, જરાક આગળ જઈ કહ્યું છે કે શ્રી કાકાસાહેબ અસહકાર યુગના લેખક હોઈ પોતાના વિદ્યાર્થીઓને ગમ્ય થાય માટે કરીને ગુજરાતી ભાષા સ્વીકારી હોવી. અને તત્ત્વાભિમુખ દૃષ્ટિને લીધે કવિત્વ ગદ્યમાં હોય તો પદ્યની શી જરૂર, કરીને ગદ્ય પર મુસ્તાક રહ્યા ખરે! આ જ કારણમાંથી તેમનુ કવિતા ન લખવાનુ મૂળ શોધી શકાય તેમ છે ગાંધીજીના મુખ્ય અનુયાયીમાંના એક શ્રી કાકાસાહેબ છે તેથી આ કર્મયોગના જમાનામાં અને ખાસ કરીને હિંદની આ દશામાં નિર્હેતુક કવિતાવિલાસ કરવા કરતા સાહિત્યદ્વારા શિક્ષણ આપી સેવા કરવી વધારે યોગ્ય, એમ તેમની જ્ઞાનાજ્ઞાન માન્યતાને વશ થઈ કવિતાના સંવેદનશીલ હોવા છતા તેના સર્જન ભણી ન ગયા એમ લાગે છે બીજુ, અસહકાર યુગના ભાષ્યકાર ઉપદેશક હોવાથી એ જમાનાની જનતાને પોતાનુ કથયિતવ્ય પહોંચાડવા માટે ગદ્ય જ વધારે સાર્વજનિક વાહન ગણાય, જ્યારે કવિતા તો થોડી ચૂંટેલી વ્યક્તિઓના દિવાનખાના કાજેનો વાગ્વૈભવ છે જે ન પોસાય આને લઈને પોતાની સાહિત્યકારકિર્દીનો સૂત્રપાત આદરતા જ તેમણે સાહિત્યલેખનનુ અંતિમ પ્રયોજન કેળવણીકારનુ રાખી સાહિત્યાભિમુખ થયા અને તેથી તેમણે ગદ્ય જ લખ્યુ બાકી ગુજરાતી ભાષા એમની નથી, એ જ નડતર હોત તો તે મરાઠીમાં ન લખત? પણ એમણે ઇચ્છાપૂર્વક ન કર્યું, એમ તમામ લખાણની પ્રકૃતિ પરથી માનવુ વિશેષ ન્યાય્ય છે વિશેષ તો, વાતચીતમાં એમણે સ્વમુખે પણ આમ જ કહેલુ છે

હવે જ્યારે શ્રી કાકાસાહેબના સંબંધમાં ગુજરાતી તેમની પરભાષા લેખે ચર્ચા આપણે કરી છે તો તેમને એવુ માન આપતા જાઈને કહીએ કે આ લેખક પર-પ્રાન્તીય-મરાઠી હોઈને ગુજરાતી સંપૂર્ણપણે અપનાવી શક્યા છે પણ તો એવુ પણ આ લેખકને વિશે કહેવુ એ અપમાનજનક અલ્પોક્તિ છે કારણ કોઈપણ ગુજરાતી લેખક જેટલી જ, આપણી ભાષા તેમને અવગત થયેલી છે એટલુ જ નહિ ગુજરાતી કોઈપણ નિબંધકારથી વિશેષ એમના હાથમાં આવીને ગુજરાતી નિબંધનુ રમતુ સ્વરૂપ ખીલ્યુ છે

અને છેવટે, શ્રી કાકાસાહેબ જીવન વિવેચક છે એ જોતા, તેઓ (૧) જીવનના વિવેચક છે, અને (૨) જીવનની દૃષ્ટિએ કલાના વિવેચક છે ઈતર વિવેચકોએ જે કંઈ વિશિષ્ટતા વિવેચનસાહિત્યને આપી છે તે જોતા, શ્રી કાકાસાહેબે તેને જીવનદૃષ્ટિ બક્ષી છે, અને તેથી તેમને જીવનવિવેચક કહેવા સાર્થ છે તેમની આ દૃષ્ટિનો વારસો, જે સમસ્ત ગાંધીયુગનો વિશેષ મંત્ર-સંદેશો આખા સાહિત્યને મળ્યો ભવિષ્યમાં ગણાવાનો છે, તે વિવેચનના ક્ષેત્રમાં શ્રી કાકાસાહેબ તરફથી ખાસ મળ્યો ગણાય તેનુ અનન્ય માન એ રીતે શ્રી કાકાસાહેબને જ નવાજવુ જોઈએ

(સંપૂર્ણ)

પોસ્ટ બોક્સ નં. ૯૭૮ અવશ્ય લખવો

ભારતી સાહિત્ય સંઘ સાથે પત્રવ્યવહાર કરનાર સૌ કોઈને આથી જણાવવાનુ કે, તેમણે સંઘ સાથે પત્રવ્યવહાર કરતી વખતે તેના સરનામાં પર પોસ્ટ બોક્સ નં. ૯૭૮ અવશ્ય લખવો. એ લખવાનુ ચૂકવાથી સંઘની ટપાલ એના પોસ્ટ બોક્સમાં વહેંચાવાને બદલે પોસ્ટમેનની ફેરણીથી વહેંચાય છે. તો હવેથી સંઘનુ સરનામુ કરતી વખતે નીચે પ્રમાણે અવશ્ય લખવું જો અંગત ટપાલ હોય તો C/o ભા સા સંઘ લખવું —

વ્યવસ્થાપક,

ભારતી સાહિત્ય સંઘ

પો. બો. નં. ૯૭૮ મુંબઈ-૧

ઉપર પ્રમાણે સરનામુ લખવાથી સંઘની ટપાલ નિયમિત વખતસર સંઘને મળશે નહીં તો ગમે તેવા સરનામાથી ટપાલ ગેરરસ્તે જવા સંભવ છે

બિનજરૂરી આવશ્યકતાઓ

લે. શિથિલકુમાર

અકબર અને બીરબલની એક જાણીતી વાત છે; એક વખત અકબરને દુનિયામાં આંધળા કેટલાં એ જાણવાની જિજ્ઞાસા થઈ એટલે એણે બીરબલને પૂછ્યુંઃ 'બીરબલ, દુનિયામાં આંધળા કેટલા હશે?' બીરબલે બેધડક કહ્યુંઃ 'મલકે આલમ, સારી આલમ બધી આંધળી છે.' બાદશાહે આ હકીકત પૂરવાર કરી આપવાનું કહ્યું, બીરબલે તેનો સ્વીકાર કર્યો. થોડા દિવસો પછી જ્યાંથી હજારો માણસો પસાર થતા હોય એવા શહેરના મધ્યભાગમાં હાથમાં કપડું રાખી નવરત્ન દરબારનો એ હીરો જાહેર રસ્તા ઉપર કપડાં સીવતો બેઠો. એ જગ્યા પાસેથી પસાર થતા ઘણા ખરા લોકો બીરબલને પૂછતા 'કેમ પ્રધાનજી શું કરો છો?' બાદશાહની સવારી પણ ત્યાંથી પસાર થઈ ત્યારે બાદશાહે પણ પૂછ્યું 'કેમ,બીરબલ શુ કરે છે?' આ બનાવ પછી બીરબલ બાદશાહને મળ્યો ત્યારે તેણે કહ્યુંઃ 'જહાંપનાહ, દરેક જણ જોઈ શકતો હતો કે હું કપડું સીવતો હતો છતાં લગભગ ઘણાએ, ખુદ બાદશાહ સલામતે પણ મને હું શું કરું છું એમ પૂછેલું. આ પરથી આપ જોઈ શકશો કે દુનિયામાં બધા આંધળા છે.' બાદશાહ બીરબલની વાત સમજી ગયો, એની ચતુરાઈ માટે એને ઈનામ આપ્યું વગેરે.

પણ બીરબલે જે રીતે બધાને આંધળા કહ્યા એ સાચું નથી, એવું આંધળાપણું હાનિકર્તા નથી. અર્વાચીન યુગમાં પણ આવો અંધાપો એથી પણ વધારે વ્યાપક રીતે અસ્તિત્વ ધરાવે છે.

મરીનડ્રાઈવના ઉલ્લાસભર્યા સોહામણા માર્ગે જતો હતો ત્યારે એક પરિચિત ભાઈએ પૂછ્યુંઃ 'કેમ, ચાલ્યા?' હવે વાત એમ છે કે એ ભાઈ ઘણા માણસોની જેમ મારા ખાસ મિત્ર નથી, વળી, મારા જવા આવવાની પ્રવૃત્તિ સાથે એમને કશો સ્વાર્થ સંબંધ હોય એમ લાગતું નથી અને સૌથી મહત્વની વાત તો એ છે કે મને ચાલતો, જતો, એ સારી રીતે જોઈ શકે છે. પારેનો દરિયો, દરિયા ઉપર અને બહાર પથરાઈ રહેલો સૌંદર્યનો પ્રકાશ—એમાં જેટલું સત્ય છે એટલું જ સત્ય મારા જવામાં છે એનો એમને જ નહિ પણ સર્વને સારો ખ્યાલ આવી શકે એમ છે. છતાં ઉપરના પ્રશ્નના અનૌચિત્યનો ખ્યાલ સરખો કર્યા વિના 'કે...મ' પૂછી હું પણ આગળ ચાલવા માંડું છું. બીજી રીતે વિચાર કરીએ તો એ ભાઈ મને ઓળખે છે, મારી ઉમ્મરને કારણે મને એમના વડિલ થવામાં શરમ સરખી લાગે એમ નથી, મારી સામેથી પસાર થઈ મને બોલાવ્યા વિના એ ભાઈ ચાલ્યા ગયા હોત તો એમની આ વિવેકશૂન્યતા બીજાઓ આગળ મારી ટિકાને પાત્ર બની હોત. હું જતો હતો એ જાણવા છતાં આ રીતે પૂછીને એમણે એમની રીતે મારી સાથે સંપર્ક સાધ્યો. એમણે જે કાંઈ પૂછ્યું તે બિનજરૂરી હતું છતાં આવશ્યક હતું. ધારો કે કોઈ સજ્જન "કેમ છો?" એમ પૂછે. આ પ્રશ્નના શક્ય જવાબો આ હોઈ શકેઃ 'સારું છે,' 'મઝામાં' અથવા 'કેમ છો?' એમ સામુ પણ પૂછી શકાય. આ પ્રવૃત્તિની સાર્થકતા વિચારીએ તો આખીએ ક્રિયા અર્થવિહિન છે એમ કહી શકીએ. માણસ એને ઘરેથી ફરવા માટે, કામ માટે કે કંટાળામાંથી છૂટવા બહાર નીકળ્યો એનો અર્થ જ એ છે કે એની તંદુરસ્તી સાબૂત છે, એ હરીફરી શકે છે; તેમ તુરતમાં એ માંદો પડેલો પણ નહતો, વળી, થોડા દિવસ ઉપર તમને મળેલો ત્યારે પણ એ મઝામાં હતો. આ થઈ શારીરિક કુશળતાની વાત. એ રીતે ઉપરનો પ્રશ્ન પૂછી ન શકાય. માનસિક મનોદશાની વાતથી સૌ કોઈને પરિચિત થવાની છૂટ વ્યક્તિની કિંમત ઓછી કરી દે છે, એ માટે ખાસ અંગત મિત્રોનો એક સમુહ જમાવી દેવામાં આવેલો હોય છે, અને એ માટે કાંઈ પૂછવું પડતું નથી. એવું એવું તો વગર પૂછે જ જાણવા મળે છે. આ બન્ને રીતે 'કેમ છો?' પૂછવાનો આચાર અર્થવિહિન અને બિનજરૂરી છે છતાં, એ રીતે પૂછ્યા વિના ચાલતું નથી. સંબંધ જાળવી રાખવા માટે, દઢ કરવા માટે, એક બીજાને મળવા માટે કે આજુબાજુ પથરાઈ રહેલી અજાણી માનવમેદની વચ્ચેથી મળી આવતા મિત્રો, પરિચિતો અને સ્નેહીઓ પ્રત્યે સ્નેહ દર્શાવવા માટે ટૂંકામાં ટૂંકી અને સરળ રીતો તરીકે આ પ્રથાને આપણે ઓળખાવી શકીએ. આ પ્રથાએ આપણા સમાજજીવનમાં એના મૂળ એટલાં ઊંડા ઉતારી દીધાં છે કે એની યોગ્યાયોગ્યતાનો વિચાર સરખો કરવાની કોઈને કદી આવશ્યકતા જણાઈ નથી. મારા

એક મિત્રને 'બેસો ત્યારે' કહેવાની ટેવ એટલે સુધી પડી ગઇ છે કે રસ્તે અર્ધી કલાક વાત કરી, છૂટા પડી એક બીજાની વિરોધી દિશામાં પ્રયાણ આરંભના પહેલાં પણ એ ભાઈ 'બેસો ત્યારે' એમ કહ્યા વિના રહેવાના નહિ. આવા વચનોને સાધારણ બુદ્ધિ વિષે શંકા ઉત્પન્ન કરાવનારાં કહી શકાય? અલબત્ત, એમના વચન પ્રમાણેનું 'હા' કહ્યા છતાં આચરણ કરવા જેટલું અડવાપણું મારામાં કે કોઇનામાં નહિ હોય. સંબંધ સાચવવાની અને લાગણી વ્યક્ત કરવાની આ બધી સમાજમાન્ય રીતો છે. એક બીજી રીતે પણ આ ક્રિયા બિનજરૂરી છે. જે પ્રશ્નો પૂછાય છે એની પાછળ પ્રશ્નની પાછળ હોવી જોઇતી પ્રતિષ્ઠાનો અભાવ છે. 'ચાલ્યા?' નો જવાબ 'હા' મેળવવાની પૂછનારને જરા પડી નથી. 'કેમ છો?' ના જવાબમાં તમે શું કહો છો એ સાંભળવાની આવશ્યકતા સ્વીકારવામાં નથી આવી, અરે, કેટલીવાર તો આપણે આંખને પલકારે કે માત્ર ડોકું હલાવીને જ આવા પ્રશ્નોના જવાબ આપી દઈએ છીએ. આમ ઘણી રીતે આ વિધિની બિનજરૂરિયાત ચર્ચી શકાય પણ એની આવશ્યકતા એથી જરા પણ ઘટતી નથી એ આપણા સમાજની એક ખૂબી કહી શકાય. આવી કોઈ પ્રથના અસ્તિત્વ વિના આપણું જીવન કેટલું ખારું બની ગયું હોત એની કલ્પના કરી શકાય જ નહિ!

આવું જ તૂત (હમ્બગ) આપણા ટપાલવ્યવહારમાં પણ કેટલેક અંશે ચાલી રહેલું જોવામાં આવે છે પત્ર લખતી વખતે ઘરના તો ઠીક, પણ ગામના, મહોલ્લાના ઓળખીતા પાળખીતાને યાદ કર્યાનું, તેમને યથાઘટિત પ્રણામ, વંદન, આશીર્વાદ વગેરે કહેવડાવવાની પ્રથા પ્રચલિત છે. પત્ર મેળવનાર વ્યક્તિ ઉપર આથી એટલું બધું આક્રમણ થાય છે કે સામા માણસની સર્વ ઈચ્છાઓ સંતોષવામાં પૂરા નિષ્ઠાવાન બની એવી બધી હકીકતો પાર પાડનાર થોડા જ દિવસોમાં પોતાનો સ્વભાવ છોડી દે છે. મારા એક મિત્ર કાગળ વાંચતી વખતે કલમ સાથે રાખી પત્રમાંના આવા ભાગ ઉપર હડતાળ પાડી દેવાનો મહાવરો પાડ્યો છે. આટલે સુધી તો આ પ્રથાની બુદ્ધિગમ્યતા સ્વીકારી શકાય એમ છે પણ "મંછી, પાલી, જમના, જશોદા વગેરેને યાદ કર્યાનું કહેશો" એમ લખવામાં આવ્યું હોય ત્યારે વગેરેનો અર્થ શું? એમાં કોનો સમાવેશ થઇ શકે એ તો પ્રશ્ન જ છે, એમ લખવાથી કયા પ્રિયજનને આનંદ આપી શકાય એમ છે? એથી કોને કહી શકાય કે 'હું ફલાણા પર પત્ર લખું છું ત્યારે તમને હંમેશા યાદ કરું જ છું? આટલાથી આગળ વધી જ્યારે પત્રલેખક શક્તિના પુરાવા માટે 'મને યાદ કરનાર સૌને બોલાવશો' એમ લખી સંતોષ લેવાનો પ્રયત્ન કરે ત્યારે તો હદ થઇ ગઈ કહેવાય! 'બેબીને મારા વતી ખૂબ કરીને (!) રમાડશે' એમ લખવામાં બેબીની બા સિવાય બીજા કોઇને વધારે આનંદ, ખુદ બેબીને પણ થતો હોય એમ માનવાનું કશું કારણ નથી પત્ર લખવાનું કહેવાનું કદી ચૂકાતું નથી. સામેથી મળેલા પત્રનો જવાબ પત્રમાં અપાતો હોય તો પણ 'તમારો પત્ર મળ્યો, વાંચી હકીકત જાણી...' લખવામાં લેખક તરીકેની કે માણસ તરીકેની કઈ શક્તિનો આવિષ્કાર થઈ રહ્યો છે એ કહી શકાય નહિ. પત્ર મળે એ કાંઈ આ વિજ્ઞાનયુગનું આશ્ચર્ય નથી અને પત્ર મળ્યા પછી તેનું વાંચન કરી તેમાંની હકીકત જણાવી એમાં કઈ બહાદુરી અને પરાક્રમનો પાઠ ભજવાય છે એ તો એવું લખનાર જ કહી શકે. આ સિવાય ખાનગી પત્રોમાં લખાતી કેટલીક હકીકતોનો અહીં ઉલ્લેખ થઈ શકે નહિ, પણ હમણાં જ એક ત્રિમાસિકમાં છપાયેલા એક પ્રિયતમા પરના પત્રમાં પ્રિયતમે 'વિદાય અને ચુંબનો" લખી કાગળ પત્રમાં ચાલી રહેલા તૂતો ઉપર સુવર્ણકળશ ચઢાવ્યો છે. "હરઘડીએ યાદ કરનાર તમારી અતિ માયાળુ..." એમાં હરઘડીએ જે પ્રવૃત્તિ ચાલી રહ્યાનું લખવામાં આવ્યું છે તે લખનારની પ્રગતિને ભારે જોખમમાં મૂકી દે એવો પૂરો સંભવ છે! "તમારા પત્રનો તુરત જ જવાબ ન આપી શક્યો માટે દિલગીર છું" એમ લખનાર પાસે કાગળ ન લખવામાં કયા કારણોસર મોડું થયું એના જ કારણો નથી હોતા અને સાચોસાચ એ દિલગીર થયેલો પણ નથી હોતો. આપણા જીવનમાં એટલી બધી જટિલતા વ્યાપી ગયેલી છે કે ગૌરવ લેવાના અને મહત્ત્વ પ્રગટ કરવાના પ્રસંગો ખૂબ ઓછાં થવા લાગ્યાં છે. પરિણામે આવી ખોટી તરકીબોનો ઉપયોગ કરવાનું ઘણા યોગ્ય માને છે. આ અને આવી બીજી વસ્તુઓના નિરીક્ષણ પછી કેટલીક વસ્તુઓની બિનજરૂરિયાત આપણે સમજી શકીએ પણ એની આવશ્યકતા વિરુદ્ધ એક શબ્દ માત્ર ઉચ્ચારી શકીએ નહિ.

અનેક વિરોધી દ્વંદ્વોથી છવાયેલા આપણા જીવનની પણ આ જ દશા! બિનજરૂરી...છતાં...આવશ્યક...!

નિસર્ગોપચારનાં કેટલાંક ભ્રષ્ટ સ્વરૂપો

લેખાંક ૨ જો

લેખક : 'સત્યશોધક'

નિસર્ગોપચારનું બીજું ભ્રષ્ટ સ્વરૂપ છે "પહેલવાની નેચરોપથી."

આ જાતના નિસર્ગોપચાર વિષે લખતાં પહેલાં ગેરસમજનો પ્રસંગ ન આવે, એટલા માટે વ્યાયામ-પ્રવૃત્તિ વિષે મારા વિચારો જણાવી લઉં.

ગુજરાતમાં છેલ્લાં પચીસેક વર્ષથી જે વ્યાયામપ્રવૃત્તિ ચાલે છે એ આપણા પ્રાંત માટે અનેક રીતે ઉપકારક છે, એને વિષે ભાગ્યે જ બે મત હોઈ શકે. અખાડાઓની પ્રવૃત્તિથી લોકો શરીરવિકાસમાં રસ લેતા થયા છે. નવી પેઢીના શરીરબંધારણમાં કસરતને લઈને ઓછોવત્તો સુધારો થયો છે. આપણી પ્રજામાંથી બીકણપણું ઘટી છે, અને ઉગતી પ્રજાના હૃદયમાં વીરતા અને સાહસનો સંચાર થયો છે. એટલું જ નહિ પણ આ પ્રવૃત્તિને પડખે, પર્યટન, સભાઓ, અભ્યાસવર્ગો હસ્તલિખિત માસિકો, અને બીજી અનેક સંસ્કારવર્ધક તેમજ લોકસેવાની પ્રવૃત્તિઓ ફૂલીફાલી છે. આ રીતે જોતાં એનામાં કેટલાક દોષો હોવા છતાં અખાડાપ્રવૃત્તિ આપણા દેશ માટે અને આપણા પ્રાંત માટે અત્યંત ઉપયોગી અને આવશ્યક પ્રવૃત્તિ છે. હું આ પ્રવૃત્તિનો પહેલેથી છેલ્લે સુધી એક પ્રશંસક રહ્યો છું.

એટલે આ લેખમાં જે કાંઈ ટીકા થઈ છે તે અખાડા-પ્રવૃત્તિ સામે નહિ પણ સુધારવાની એક અણઘડ રીત સામે છે.

આપણા દેશમાં સેંકડો વર્ષો થયાં પહેલવાનો કસરત-કુસ્તી ઉપરાંત ઉપવ્યવસાય તરીકે હાડવૈદાનું અને માલીસનું કામ કરતા આવ્યા છે. એમાંથી કેટલાક પાસે તો હાડવૈદાની વિદ્યા વંશપરંપરાગત હોય છે, અને એમણે એમાં આશ્ચર્યકારક કુશળતા પ્રાપ્ત કરી હોય છે.

આ સદીમાં થોડુંઘણું ભણેલા કેટલાક પહેલવાનો, કસરતમાસ્તરો અને ડ્રીલ માસ્તરોએ માલીસ અને હાડવૈદમાં, કસરત, મલમપટ્ટા, આયુર્વેદ, ખોરાક અને વીજળીની કેટલીક અર્ધદગ્ધ સારવારો ભેળવી વૈદાની પ્રેક્ટિસ શરૂ કરી, અને આ લોકો પોતાને નિસર્ગોપચારકોને નામે ઓળખાવવા લાગ્યા.

એ લોકોએ પ્રજા આગળ આવી કંઈક વિચારસરણી રજુ કરી:

"રોગમાત્રનું મૂળ બેઠાડુ જિંદગી છે બેઠાડુ જીવનથી શરીર બોટું પડી જાય છે. આંતરડાં શિથિલ થાય છે. પરિણામે કબજિયાત ઘર કરે છે. અને કબજિયાતથી આંતરડાનું ઝેર શરીરમાં જાય છે, એમાંથી એકએક રોગ થાય છે. કસરતથી શરીરમાં નવચેતન આવે છે અને પરિણામે રોગમાત્ર નાસી જાય છે."

ભોળા માણસોને ભ્રમિત કરવા માટે આ વિચારસરણી બહુ જ ઉત્તમ છે, પણ જે લોકો જાતે વિચાર કરી શકે છે, તેમને પહેલવાની નેચરોપથીનું તત્ત્વજ્ઞાન પહેલેથી છેલ્લે સુધી હાસ્યાસ્પદ લાગ્યા વિના નહિ રહે.

જો કસરત અને માલીસના અભાવથી જ રોગ થતો હોત, અને આ બન્ને ક્રિયાઓથી મટી જતો હોત તો જરૂર જગત ક્યારનુંય રોગમુક્ત થઈ ગયું હોત.

રોગનિવારણમાં પહેલવાની કઈ રીતે કામ કરે?

માણસને ટાઈફોઈડ થયો હોય તો મલખંભ ઉપર ઉલટસુલટ ગુલાટો મારવાથી મટી જાય? એક માણસને લકવો થઈ ગયો હોય તો લેઝીમના દાવ રમવાથી એ હરતોફરતો થઈ જાય? નિયમિત કુસ્તી કરવાથી હઠીલો દમ મટે ખરો? લાઠીના દાવ સારી રીતે શીખી લેવાથી ગારીસીસ કે ગોનોરિયાનું નિવારણ થાય? દંડ બેઠકના વિવિધ પ્રકારો જાણવાથી અને આચરવાથી કેન્સર મટે અથવા તો રસોળી ઓગળી જાય?

કોઈ પણ વિચારશીલ માણસ જોઈ શકશે કે પહેલવાની અને નિસર્ગોપચાર એ બન્નેને કશોજ સબંધ કે સ્નાનસૂતક નથી. બન્નેનાં ક્ષેત્ર જુદાં છે.

ખુદ પહેલવાનો રોગનિવારણમાં પહેલવાનીની નિરર્થકતા અને નિષ્ફળતા સમજે છે. જો એમ ના હોત તો તેઓ નિસર્ગોપચાર ઉપરાંત આયુર્વેદ અને એલોપેથીનો જે આશ્રય લે છે તે લેતા ના હોત. કસરતથી જ રોગમાત્ર મટાડી દેતા હોત.

એક જાણીતા પહેલવાન-નેચરોપથ-પોતાના દમના દરદીઓને દૂધનાં ઇન્જેક્શનો આપે છે, બીજા કસરતની સાથે સાથે આયુર્વેદિક દવાઓ ને ભસ્મો ખવરાવે છે.

મોટા ભાગના પહેલવાનો દરદીઓને ધારાવાર કસરત કરાવે છે. કસરતની અતિશયતાથી નુકશાન થઈ શકે એ કબૂલ કરવાને તેઓ તૈયાર જ હોતા નથી. કમનસીબે એલોપેથાથી થાકેલા દરદીઓ પહેલવાનો પાસે ઘણી મોટી આશાઓ સાથે જાય છે. દરદીને એમ ભ્રમ હોય છે કે પહેલવાને જેમ પોતાનું શરીર સુદૃઢ અને સુંદર બનાવ્યું હોય છે તેમ મારું શરીર પણ બનાવી દેશે. થોડા મહિનાના અનુભવ પછી એ ભરમ ભાંગી જાય છે. મોટા ભાગના દરદીઓ મોટી નિરાશા સાથે પાછા ફરે છે. ઘણાના ક્રમ જેટલા ખરાબ હોય છે એથી વિશેષ ચૂંથાઈ ગયા હોય છે.

એક વખત હું એક દરદીને મળ્યો હતો. એને પેટમાં વિચિત્ર પ્રકારનું દુઃખ હતું. જેના નિદાન અને ચિકિત્સા પાછળ એણે હજારો રૂપિયા ખર્ચ્યા હતા, પણ એને લેશ માત્ર લાભ થયો નહોતો. એણે એલોપેથો, વૈદ્યો, હકીમો, હોમિયોપેથો ફકીરો, મંત્ર-શાસ્ત્રીઓ, અને નિસર્ગોપચારકોની સારવાર વર્ષો સુધી કરી હતી, પણ એને બિલકુલ લાભ થયો નહોતો. એ આખા હિંદુસ્તાનના નામાંકિત ચિકિત્સકો પાસે ફરી આવ્યો હતો. એણે દક્ષિણ હિંદુસ્તાનના એક પહેલવાન નેચરોપથીની ખ્યાતિ સાંભળી એ એની પાસે ગયો. એનો પ્રચંડ દેહ જોઈ એને ખાત્રી થઈ કે એનો રોગ સાવ સહેલાઈથી આ મહાપુરુષ મટાડી દેશે. લાંબો સમય સારવાર લઈ નિરાશ થઈ એ પોતાને ગામ પાછો આવ્યો. એણે મને એ પહેલવાન વિષે કહ્યું કે એ મહાશય શરીરમાં લીવર જમણી બાજુ આવ્યું કે ડાબી બાજુ એ પણ જાણતા નહોતા, છતાંય દરેક નવા દરદીને એનો રોગ મટાડવાની અચૂક ખાત્રી આપતા. એ માણસ આરોગ્ય-ભવનનો ડૉક્ટર થયો એને બદલે સરકસમાં રીંગમાસ્ટર થયો હોત તો વધુ દીપી નીકળત!

નિસર્ગોપચાર અને પહેલવાની વચ્ચે કેવડું મોટું અંતર છે, એ જોવું હોય તો આપણે મલ્લરાજ ગામાનો ખોરાક તપાસીએ. એમના ખોરાકમાં એ માંસ, મરઘાં, ઈંડા, મલાઇ, માખણ, સોનાચાંદીના વરખ અને મોતીની ભસ્મનો છૂટથી ઉપયોગ કરે છે. નિસર્ગોપચારની દૃષ્ટિએ આદર્શ ખોરાક કેવો ના હોવો જોઇએ એનો આ નમૂનો છે.

મલ્લરાજ ગામાએ પોતાના શરીરસામર્થ્ય અને મલ્લવિદ્યાની કુશળતાથી હિંદનો ડંકો દેશપરદેશમાં વગાડ્યો છે, એટલા માટે દરેક હિંદીએ જરૂર ગગરૂર થવું જોઇએ. પણ એમના ખોરાકનું અનુકરણ કરવાની આમપ્રજાને કોઈ સાચો નિસર્ગોપચારક સલાહ આપી શકશે નહિ. કિશોરો અને યુવાનોને શરીરસામર્થ્યનો અત્યંત મોહ હોય છે, એટલે તેઓ સ્વાભાવિક રીતે જ બળવાન દેહમાં માનવજીવનનો સર્વશ્રેષ્ઠ વિકાસ જુએ છે. હું નાનો હતો ત્યારે મારી મોટામાં મોટી મહત્વાકાંક્ષા સરકસના ખેલાડી થવાની હતી.

પણ આ વિષયમાં સત્ય શોધવાની દૃષ્ટિએ જો આપણે જોઈએ તો જણાશે કે પહેલવાનો અને નિસર્ગોપચારકોના આદર્શો વચ્ચે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ જેટલું અંતર છે.

નિસર્ગોપચારના નામાંકિત અગ્રેસરો ટીલ્ડન, એલસેકર, લીંડલાર વગેરે એ અસંદીગ્ધ શબ્દોમાં પહેલવાનીને વખોડી કાઢી છે.

એમણે એ સ્પષ્ટ રીતે બતાવ્યું છે કે સ્નાયુઓ અને શરીરબળની અમર્યાદ વૃદ્ધિથી માનવીના વ્યક્તિત્વનો જીવનની દરેક ભૂમિકા ઉપર યોગ્ય વિકાસ થવાને બદલે એ વિકાસ રૂંધાઇ જઈ, માત્ર એક જ દિશામાં એ વિકાસ થાય છે.

શરીરબળ અને સ્નાયુબળ એ જીવનબળ નથી.

ઘણા પહેલવાનો અકાળે મરે છે. સામાન્ય માણસો જેટલા રોગોથી પીડાતા હોય છે, તે તમામ રોગોથી પહેલવાનો પણ પીડાય છે જ. રામમૂર્તિનું મરણ ગુરદાઓ ક્રમશઃ ભાંગી પડવાથી થયું હતું. પહેલવાનોની માનસિક સ્થુલતા જાણીતી હોય છે. અતિ-વ્યાયામ ઘણી વખત જાતીય જીવનનાં વહેણ સુકવી નાખે છે. ઘણા પહેલવાનો નપુંસક હોય છે. આ હકીકત પ્રાચીન ગ્રીક લોકો સારી રીતે જાણતા. અર્વાચીનોમાં જાણીતો અમેરિકન પહેલવાન અર્લ. ઈ. લીડરમેન, ખોટી રીતે કસરત કરવાથી નપુંસકતા પ્રાપ્ત થાય છે, એ હકીકત સ્પષ્ટ કરે સ્વીકારે છે. એજ રીતે જાણીતો અમેરીકન કામશાસ્ત્રી ડૉ. રોબીનસન એમ. ડી. પણ કહે છે કે કસરતનો અતિરેક એ એક નપુંસકતાનું મહત્વનું કારણ છે.

નિસર્ગોપચારકો પહેલવાનીને મહત્ત્વ આપતા નથી એટલું જ નહિ, પણ પશ્ચિમમાં જે પહેલવાનો નિસર્ગોપચારકો બન્યા છે તેઓ પણ પહેલવાનીની હિમાયત કરતા નથી. મૅકફૅડન, માઇસ્લિસ, મુલર, હેકનેસ્મીથ અને બીજા પહેલવાનો લોકોને સાત્વિક આહાર અને હળવી કસરતોની હિમાયત કરે છે. ક્યાંય ભારે કસરતોની ભલામણ કરતા નથી, આ હકીકત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે.

એટલે કેટલાક જન્મથી જ બળવાન માણસો પોતાનાં શરીરોને ખુબ કેળવે, સુંદર બનાવે, હરીફાઇઓમાં ઊતરે, કુસ્તીઓ જીતે, અને શરીરવિકાસની જુદી જુદી શાખાપ્રશાખાઓ પર પ્રભુત્વ મેળવે અને એ રીતે ધંધાદારી કે એમચ્યોર પહેલવાનો થાય તેમજ દેશમાં અનેક વિદ્યાકલાઓ પેઠે મલ્લવિદ્યા પણ વિકસે એની સામે કોઇને કશો વાંધો ના હોઈ શકે. ઊલટું દરેક માણસ માટે એ આનંદનો વિષય છે.

પણ જ્યારે એમ માની લેવામા આવે છે કે અખાડાઓ દેશભરમાં પથરાઈ જવાથી રોગમાત્રનો સમૂળગો નાશ થઈ જશે ત્યારે એમ જાહેર કરવાની ફરજ પડે છે કે રોગના સાચા સ્વરૂપના ઘોર અજ્ઞાનમાંથી આ એક ઉદ્ભવેલો ભયંકર ભ્રમ છે.

ઇગ્લેંડનો જાણીતો પહેલવાન એડગર જે. સેકસન જે પાછળથી નિસર્ગોપચારક થયો છે, એ કહે છે કે "No amount of Physical Culture by itself can make a nation healthy." ગમે એટલા પ્રમાણમાં એકલો વ્યાયામ કરવામાં આવે તો તેનાથી એક રાષ્ટ્ર નીરોગી થઈ શકે નહિ"

બર્નાર મૅકફૅડનના વ્યાયામના ઉત્સાહને પરિણામે એનો પહેલો પુત્ર બે વરસનો થતા પહેલા જ અતિ–વ્યાયામથી મરી ગયો, એ એક જાણીતી હકીકત છે. વ્યાયામની અતિશયતાથી ક્ષય થયાના દાખલાઓ તો ઠેર ઠેર જોવાના મળે છે. આપણા દેશમાં રોગનિવારણ અને આરોગ્યસંવર્ધનનું કાર્ય અખાડાઓના પ્રચારથી નહિ થાય, પણ નિસર્ગોપચારના પ્રચારથી થશે.

પહેલવાની અને નેચરોપથી એ બન્ને એક જ શાસ્ત્ર છે એ ભ્રમ પહેલામાં પહેલી તકે ભાંગવો પડશે. આ ભ્રમને લઈને જ આજે અનેક પહેલવાનો નિસર્ગોપચારને નામે ચરી ખાય છે ને કેટલાક ભયંકરમાં ભયંકર ઊંટવૈદો પહેલવાનોમાં જ જોયા છે.

નિસર્ગોપચારકની પરીક્ષા એનાં જાડા શરીરથી ના થવી જોઈએ, પણ એની ઝીણી બુદ્ધિથી થવી જોઇએ.

*

નિસર્ગોપચારનું ત્રીજું ભ્રષ્ટ સ્વરૂપ છે, "આયુર્વેદિક નેચરોપથી."

આયુર્વેદ એ આપણા દેશનું પુરાતન વૈદકશાસ્ત્ર છે. એની પાછળ હજારો વર્ષની પરંપરા છે. લાખો ગામડાં પોતાની વૈદકીય જરૂરિયાતો માટે આયુર્વેદ ઉપર આધાર રાખે છે. કરોડો હિંદુઓ એના તરફ પૂજ્યભાવ અને અહોભાવથી જુએ છે.

આયુર્વેદમાં માનનારા વૈદ્યો બે પ્રકારના છે. આયુર્વેદ સંપૂર્ણ છે એમ માનનારા અને આયુર્વેદ અપૂર્ણ છે એમ માનનારા.

જે વૈદો આયુર્વેદને સંપૂર્ણ માને છે તેઓ એમ કહે છે કે આપણું તમામ પ્રાચીન સંસ્કૃત સાહિત્ય અપૌરુષેય છે. ત્રિકાળદર્શી ઋષિમુનિઓએ જનકલ્યાણ અર્થે ઈશ્વરી પ્રેરણા હેઠળ આ સઘળું લખાણ કર્યું છે એટલે એમાંથી એક અક્ષર પણ આઘોપાછો થઈ શકે નહિ.

પહેલા પ્રકારના વૈદોના આવા વિચારો હોવાથી તેઓ આયુર્વેદની નિષ્ઠાપૂર્વક એકોપાસના કરી રહ્યા છે.

આ લોકોના વિચારો સાથે આપણે ગમે એટલો મતભેદ હોય, તોપણ એમની પ્રમાણિકતા વિષે શંકા ઉઠાવવાનું કોઇ કારણ નથી.

આયુર્વેદને અપૂર્ણ માનનારા વૈદોમાં પણ બે પ્રકાર છે. પહેલા પ્રકારના વૈદો પ્રમાણિકતાપૂર્વક એકરાર કરે છે કે પ્રાચીન જમાનામાં હિંદુઓએ બીજાં અનેક ક્ષેત્રોની પેઠે વૈદકના ક્ષેત્રમાં અદ્ભુત પ્રગતિ કરી હતી, પણ પાછળથી આયુર્વેદમાં કંઈ જ સંશોધન થયું નથી. એટલે જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં જુના સિદ્ધાંતો, સાધનો અને મારવારોને પડતાં મૂકી નવાં તત્વો ગ્રહણ કરવામાં કંઈ જ વાંધો, દોષ કે, પાપ નથી.

આમ કહીને એ લોકો એલોપેથીના અનેક તત્વો છડેચોક અપનાવી રહ્યા છે.

આ લોકો સામે પણ નિસર્ગોપચારોને ઝાઝું કહેવાનું નથી.

પણ આયુર્વેદને અપૂર્ણ માનનારા વૈદ્યોનો જે બીજો વર્ગ છે, તેઓ દરેક પદ્ધતિમાંથી સારસારો તફડાવે છે

અને એ બધી આયુર્વેદને નામે ચઢાવી રહ્યા છે!

આજે અનેક વૈદ્યો એવા છે કે જેમને પોતાની જાતને વૈદ્ય કહેવડાવતાં શરમ આવે છે! એટલે તેઓ પોતાની જાતને ડૉક્ટર કહેવડાવે છે. પણ શાના ડૉક્ટર? એલોપેથીના ડૉક્ટર થવાનું કામ તો બહુ અઘરું છે, એટલે બોડી બામણીના ખેતર જેવા નિસર્ગોપચારના નધણિયાતા ક્ષેત્રમાં તેઓ ઘૂસ્યા છે, અને પોતાને નેચરોપેથી કે હોમિયોપથીના ડૉક્ટર કહેવડાવે છે.

નેચરોપેથીના ડૉક્ટર તરીકે પોતાની જાતને ઓળખાવીને તેઓ જો નિસર્ગોપચારની એકોપાસના કરતા હોય તો બહુ સારું, પણ ઉલટપક્ષે તેઓ નિસર્ગોપચારનો નાશ કરી રહ્યા છે. 'નિસર્ગોપચાર'ના રૂપાળા નામ હેઠળ તેઓ પુસ્તકો, માસિકો અને લેખો બહાર પાડે છે, જેમાં તેઓ નિસર્ગોપચારની આડકતરી નિંદા કરીને આયુર્વેદ અને એલોપેથીનો પ્રચાર કરી રહ્યા છે.

તેઓ પ્રજાને એમ ભરમાવે છે કે અમે નિસર્ગોપચારના પારંગતો છીએ, એને વિષે અમે બધું વાંચી શીખી ચૂક્યા છીએ, અને અમને એ ખાત્રી થઈ છે કે નિસર્ગોપચારમાં કંઈ જ માલ નથી. આયુર્વેદ જેવા મહાન શાસ્ત્રનું નિસર્ગોપચાર એ એક મામુલી અંગ છે. પશ્ચિમની પ્રજાઓએ આવા ક્ષુદ્ર શાસ્ત્રને મોટું સ્વરૂપ આપીને એક ધતિંગ ચલાવ્યું છે.

આ પ્રકારના જુઠા પ્રચારના કેવળ દર્દીઓ જ ભોગ નથી બનતા પણ ડૉક્ટરો પણ ભોગ બને છે. થોડા વખત ઉપર મને એમ. બી. બી. એસ.ની ઉપાધિ ધરાવતા એક ડૉક્ટર મળેલા, એમણે મને કહેલું કે હું એલોપથી ઉપરાંત બીજી પદ્ધતિઓનો પણ ખુલ્લા દિલથી અભ્યાસ કરું છું. દરેક પદ્ધતિમાં કંઈ ને કંઈ સારું તત્ત્વ છે, પણ નિસર્ગોપચાર એ તો આયુર્વેદનું એક ઉપાંગ જ છે. મેં જવાબ આપ્યો કે: 'નિસર્ગોપચારનું શુદ્ધ સાહિત્ય કોઈ તમારા હાથમાં આવ્યું લાગતું નથી, તમે કોઈ લેભાગુ વૈદ્યના લખાણથી ઊંધે રસ્તે દોરવાઈ ગયા લાગો છો."

અને ખરેખર વૈદકના દરેક ગંભીર અભ્યાસીને નિસર્ગોપચાર એ આયુર્વેદની એક શાખા છે' એવો દાવો હાસ્યાસ્પદ લાગ્યા વિના નહિ રહે.

આયુર્વેદ અને નિસર્ગોપચાર એ બન્ને શાસ્ત્રો વચ્ચે સામ્ય કરતા વૈષમ્ય વધારે છે.

આયુર્વેદ હિંદુસ્તાનમાં જન્મેલું પ્રાચીન શાસ્ત્ર છે. નિસર્ગોપચાર એ જર્મની અને અમેરિકામાં જન્મેલું અર્વાચીન શાસ્ત્ર છે. આયુર્વેદમાં લેખક જેમ જુનો તેમ તેનું મહત્ત્વ વિશેષ ગણાય છે. નિસર્ગોપચારમાં લેખક જેમ નવો તેમ તેનું મહત્ત્વ વિશેષ મનાય છે. આયુર્વેદનું વિજ્ઞાન પ્રાચીન તત્વજ્ઞાન ઉપર રચાયું છે. નિસર્ગોપચારનું વિજ્ઞાન અર્વાચીન સંશોધનો પર આધાર રાખે છે. એકનો પાયો ત્રિદોષવાદ છે, જ્યારે બીજાનો પાયો રોગોની એકતાનો સિદ્ધાંત છે, આયુર્વેદમાં ઔષધોપચાર ઉપર મુખ્ય આધાર છે. નિસર્ગોપચારમાં રહેણીકરણીની શુદ્ધિ ઉપર મુખ્ય આધાર છે. આયુર્વેદમાં માનવા માટે શ્રદ્ધાની, જ્યારે નિસર્ગોપચારમાં માનવા માટે બુદ્ધિની જરૂર રહે છે.

સર્વજ્ઞ વૈદ્યો ભલે એવો દાવો કરતા હોય કે આયુર્વેદમાં નિસર્ગોપચાર સમાઈ જાય છે. નિસર્ગોપચારકો એ દાવો મંજૂર કરતા નથી, તેમજ નિસર્ગોપચારમાં આયુર્વેદ સમાઈ જાય છે, એમ પણ કહેતા નથી.

તેઓ તો એમ સ્પષ્ટ રીતે કહે છે કે નિસર્ગોપચારમાં આયુર્વેદને સ્થાન નથી. નિસર્ગોપચારની દૃષ્ટિએ આયુર્વેદનો ૯૦ ટકા ઉપરાંત ભાગ અતિ પ્રાચીન (out of date) થઈ ગયો હોવાથી એ ભાગ ત્યાજ્ય ઠરે છે. આયુર્વેદ એ આપણા પૂર્વજોનો પુરુષાર્થ હોવાથી એને પૂજ્યભાવપૂર્વક પુરાતત્વના સંગ્રહસ્થાનમાં સાચવીને મૂકી દો. અર્વાચીન વૈદકીય પ્રશ્નોનો ઉકેલ એ પ્રાચીન શાસ્ત્રથી નહિ આવી શકે.

નિસર્ગોપચાર અને આયુર્વેદ એ બન્ને જુદાં જુદાં સ્વતંત્ર શાસ્ત્રો છે. બન્નેના સિદ્ધાંતો, સાધનો અને સારવારોની તેમજ પરિણામોની શાંત ચિત્તે તુલના કરી તમારો નિર્ણય બાંધો.

સમજણ સિવાય બન્નેનો શંભુમેળો કરવાથી માનસિક અંધાધૂંધી, શારીરિક રોગવૃદ્ધિ અને આર્થિક ખાનાખરાબી એ જ પરિણામ આવી શકે.

*

નિસર્ગોપચારનું ત્રીજું ભ્રષ્ટ સ્વરૂપ છે 'એલોપેથિક નેચરોપથી'. આ દેશના કેટલાક સ્વયંશિક્ષિત અને પરદેશી ઉપાધિઓવાળા નિસર્ગોપચારકો આ પ્રકારની નેચરોપથી અમલમાં મુકી રહ્યા છે એ લેખો

કેલોગની નકલ કરે છે, અને કેટલીક જગાએ તો એમણે કેલોગની પદ્ધતિને પણ અતિશય બગાડી મૂકી છે.

હવે વાત એ છે કે કેલોગ મૂળે તો નિસર્ગોપચારક જ નથી, પણ નિસર્ગોપચારનો ઉઘાડો શત્રુ છે. એ અત્યંત પ્રગતિશીલ એલોપેથ છે, અને એની પદ્ધતિ ઘણી જગાએ નિસર્ગોપચારને મળતી છે, એ વાત સાવ સાચી, પણ કેલોગ એ નિસર્ગોપચારનો આચાર્ય છે, એમ કહી શકાય નહિ.

આપણા દેશના કેલોગશિષ્યો ગુરુ કરતાં એક ડગલું આગળ વધ્યા, અને દવાઓ બાદ કરતાં બાકીની બધી એલોપેથી અપનાવી લીધી! તેઓ પોતાના દરદીઓને રસીઓના, ગ્લુકોસનાં અને લીવરનાં ઇન્જેક્શનો આપે છે અને કહે છે કે ઇન્જેક્શનો મારફતે આહારતત્વો આપવામાં કશીજ હરકત નથી! સર્જરીને પણ એમણે અપનાવી અને રોગની એલોપેથિક કારણમીમાંસા પણ સ્વીકારી લીધી.

આપણા દેશના એક જાણીતા એલોપેથિક નેચરોપથ પાસે એક દેશનેતા સારવાર લેતા હતા. એ સંધીવાથી પીડાતા હતા એટલે એમના ચિકિત્સકે એમના તમામ નીરોગી દાંત પડાવી નાખ્યા! સારવાર પૂરી થઈ, તેઓ નીરોગી થઈ ગયા છે એમ જાહેર કરવામાં આવ્યું. ત્યારબાદ ચાર મહિના પછી એમનું અવસાન થયું.

જાણકાર માણસો નિસર્ગોપચારને નિંદવા લાગ્યા પણ મારા જેવાને પ્રશ્ન એ થાય છે કે એ દેશનેતાનું અવસાન એલોપેથીથી થયું કે નિસર્ગોપચારથી? સંધીવાથી પીડાતા માણસના સાજા દાંત તોડી નાખવાની ગુનાહિત મશ્કરી કોઈ પણ જવાબદાર નિસર્ગોપચારકે આજસુધી આપી નથી.

આપણા દેશના એલોપેથિક નેચરોપેથીના આચાર્યો નિસર્ગોપચારની પદ્ધતિ પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ ગુમાવીને એલોપેથીની ગુલામડી કેવી રીતે થાય એ દિશામાં પોતાનો તમામ પુરુષાર્થ ખરચી રહ્યા છે.

*

પાંચમો ગોટાળો છે 'યોગિક નેચરોપથી. છેલ્લી એક પેઢી થયાં આ દેશમાં હઠયોગનો પુનરુદ્ધાર થયો છે. એ વસ્તુ આવશ્યક હતી. એનાથી પ્રજાને લાભ થયો છે. એલોપેથી કે આયુર્વેદ કરતાં હઠયોગ અને નિસર્ગોપચાર વચ્ચે ઘણું જ સામ્ય છે આસન, પ્રાણાયામ, નેતી, ધોતી, બસ્તી, ત્રાટક વગેરે ક્રિયાઓને મળતી ક્રિયાઓ નિસર્ગોપચારમાં પણ અસ્તિત્વ ધરાવે છે.

પણ એટલા ઉપરથી હઠયોગ અને નિસર્ગોપચાર એ બન્ને એકજ પદ્ધતિ છે એમ ન કહી શકાય. બન્ને વચ્ચે ઘણા મૌલિક તફાવતો છે. હઠયોગનું ધ્યેય મોક્ષ છે. નિસર્ગોપચારનું ધ્યેય શારીરિક સ્વાસ્થ્ય અને અને માનસિક સમતા છે હઠયોગથી જેવી અષ્ટ સિદ્ધિઓ મળી શકે છે, તેવી નિસર્ગોપચારથી મળી શકતી નથી. નિસર્ગોપચાર આચરવાથી માણસ દિવસો અને અઠવાડિયાં સુધી જમીનમાં દટાઈ શકતો નથી તેમજ એવી દટાવાની જરૂર પણ નિસર્ગોપચારકોને જણાતી નથી.

બીજી બાજુ નિસર્ગોપચારે નિદાન અને ચિકિત્સાના ક્ષેત્રમાં જે કેટલીક અદ્ભુત સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, તેને વિષે જેમ આયુર્વેદના ગ્રંથોમાં એક પણ અક્ષર લખેલો નથી, તેમ હઠયોગના પુસ્તકોમાં પણ એક પણ અક્ષર જણાતો નથી. નિસર્ગોપચારનું ચિકિત્સાશાસ્ત્ર યોગિક ચિકિત્સા કરતાં ઊંચી ભૂમિકા ઉપર છે, અને એની દૃષ્ટિએ શરીરશુદ્ધિના કેટલાક યોગિક પ્રયોગો વધુ પડતા જોખમી છે.

હકીકત આવી હોવા છતાં, ઘણા યોગીરાજો આ બન્ને પદ્ધતિઓનો સમજણ વિના શંભુમેળો કરી રહ્યા છે. જો કે આ શંભુમેળો આયુર્વેદિક કે એલોપેથિક નેચરોપેથી જેવો ભયંકર નથી એમ મારે કબૂલ કરવું જોઈએ.

આ પદ્ધતિના કેટલાક પ્રતિનિધિઓ ઘણી વખત એવા દાવાઓ કરે છે કે જે શાસ્ત્રીય માનસ ધરાવનાર કોઈ પણ વ્યક્તિ ભાગ્યે જ સ્વીકારે. દા. ત. થોડા સમય ઉપર એક યોગી મહારાજે લેખ લખ્યો હતો. જેમાં એમણે જણાવ્યું હતું કે યોગિક આસનોથી સંતતિનિયમન થઈ શકે છે.

સંતતિનિયમન વ્યાજબી છે કે ગેરવ્યાજબી એ એક અલગ પ્રશ્ન છે. પણ જે લોકો સંતતિનિયમનનો ઉપદેશ કરતા હોય એમની એટલી તો ફરજ છે જ કે એમણે પ્રજા આગળ વિશ્વાસપાત્ર સાધનો મૂકવાં, અને અજ્ઞાન લોકોને ઊંધે રસ્તે ન દોરવા. હવે ખાવાની દવાઓથી સંતતિનિયમન કરવા વિષેનો વૈદ્યોનો જેવો વાહિયાત દાવો છે તેવો જ વાહિયાત દાવો આસનોથી સંતતિ નિયમન કરવાનો આ યોગીરાજનો છે. બેમાંનો એક પણ દાવો વિજ્ઞાનની કસોટી ઉપર ઘડીભર પણ ટકી શકે તેમ નથી.

*

નિસર્ગોપચારનું છઠ્ઠું વિકૃત સ્વરૂપ છે "વિલાસી નેચરોપથી." આપણા દેશમાં જે ધનિક લોકો ઓછેવત્તે અંશે નિસર્ગોપચાર તરફ વળ્યા છે, એમાંના ઘણા લોકોએ નિસર્ગોપચારના સુખદાયક ભાગને સ્વીકારી કષ્ટકારક ભાગને તિલાંજલિ આપી છે. મસાજ, જલોપચાર અને વિદ્યુતોપચાર જેવા નિસર્ગોપચારના અંગો સ્વીકારી એમણે કસરત, આહારશુદ્ધિ, વ્યસનત્યાગ, બ્રહ્મચર્ય અને નિયમિત જીવનને ઠોકરે ઉડાવ્યાં છે. એ લોકો એમ સમજે છે કે પૈસાના જોરથી કુદરતને પણ ગુલામ બનાવી શકાય છે, પણ આ એક ચોકખો ભ્રમ છે. પોતાના નિયમોના ભંગનો બદલો લીધા સિવાય કુદરત કદી રહેતી નથી, અને જાતમહેનત સિવાય કેવળ પૈસાના જોરથી આરોગ્ય મેળવી શકાતું નથી.

દરેક સંસ્કૃતિના પતનકાળે વૈદક રોગનિવારણનો પવિત્ર ધંધો મટીને સ્થુલ વાસનાઓની તૃપ્તિનું ભ્રષ્ટ હથિયાર બન્યું છે. આયુર્વેદ અને યુનાની વૈદકના વાજીકરણ ઇલાજો અને રોમનોના સ્નાનગૃહો અને વમનગૃહો વૈદકની વિકૃતિનાં જાણીતા દાખલાઓ છે, શરીરશુદ્ધિ અને રોગનિવારણ માટે રોમનોએ સ્થાપેલાં સ્નાનગૃહો પાછળથી રોમના પતનકાળે વિલાસ અને વ્યભિચારનાં ભ્રષ્ટ ધામો બન્યાં હતાં.

આ સિવા નિસર્ગોપચારનાં બીજાં પણ કેટલાંક ભ્રષ્ટ સ્વરૂપો છે, પણ આપણે તો મુખ્યમુખ્ય સ્વરૂપો ઉપર ઊડતી નજર નાખી લીધી છે.

સ્વાભાવિક રીતેજ કેટલાક વાચકો પ્રશ્ન કરશે કે તો તમે સાચો નિસર્ગોપચાર કોને કહેશો? એ પ્રશ્નનો જવાબ આટલા ટૂંકા લેખમાં આપવાનું બની શકશે નહિ. નિસર્ગોપચારને સાચી રીતે સમજવા માટે વાચકોએ જર્મન અને અમેરિકન સંપ્રદાયના નિસર્ગોપચારકોનાં લખાણોનો ઊંડો અને સતત અભ્યાસ કરવો જોઈએ તેમ જ આ બન્ને સંપ્રદાયોના સમન્વય કરવાના સફળ પ્રયત્નોનો પણ અભ્યાસ કરવો જોઈએ.

નિસર્ગોપચાર એ એક રોગનિવારણની અદ્ભુત કલા છે અને કલાની સાચી સાધના હમેશાં અતિશય કઠણ હોય છે.

જાડધરી નેચરોપથીના પ્રચારકો એમ માને છે કે દવાઓ અને વાઢકાપનો ત્યાગ કર્યો એટલે આપણો બેડો પાર, પણ આ એક ગંભીર ભૂલ છે. નિસર્ગોપચારનાં હથિયારો જો આડેધડ વપરાય તો તેઓ રોગશાંતિને બદલે રોગવૃદ્ધિનું કામ કરે છે. કસરતનો અભાવ અને અતિરેક, પોષણની ન્યૂનતા અને ખાઉધરાપણું, અશુદ્ધિ અને અતિ શુદ્ધિ, શરીરની અતિ સંભાળ અને અતિ બેદરકારી આ સઘળાં દ્વંદ્વો રોગને જન્મ આપે છે. આરોગ્ય તો સુવર્ણમય મધ્યમમાર્ગમાં છે. અતિશયતાઓ અને અતિરેકોનો ત્યાગ કરી સ્વાસ્થ્યના સુવર્ણમય મધ્યમ માર્ગ ઉપર ચાલવાનું કામ, અઘરું હોય તો પણ ઉપકારક અને આવશ્યક છે.

એ જ રીતે ખૂબ ખાવું, શરીર ખૂબ વધારવું, ખૂબ ઊંઘવું, બૌદ્ધિક બ્રહ્મચર્ય પાળવું અને કામ, ક્રોધ ખૂબ વધારવા એ નિસર્ગોપચાર નથી, બીજું ગમે તે હોય.

નિસર્ગોપચારને, એલોપથી, હોમિયોપેથી, આયુર્વેદ, યુનાની કે યોગ સાથે કાંઈ બાપે માર્યાં વેર નથી. પણ આ પદ્ધતિઓનાં જે જે તત્ત્વો નિસર્ગોપચારનાં મૂળતત્ત્વો સાથે સાનુકૂળ થઈ શકે, તે જ તત્ત્વો ગ્રાહ્ય કરી શકાય. બાકી તો કોઈ પણ બે પદ્ધતિઓનો સમન્વય વિના શંભુમેળો કરવાથી બન્ને પદ્ધતિઓ બગડે છે, દાક્તરનું મગજ બગડે છે અને દર્દીનું શરીર, મન અને ભવિષ્ય બગડે છે.

અને નિસર્ગોપચાર જેવા પવિત્ર ઉપચારનો વિલાસ માટે ઉપયોગ કરવો એ તો વિદ્યાનો વ્યભિચાર છે. આવો વ્યભિચાર આચરનાર દાક્તર અને દરદી બન્નેનું અંતે તો પતન જ છે.

આ લેખ વાંચી સંપાદક સાહેબે ટીકા કરી કે "નિસર્ગોપચારમાં લોકો હજી ધીમેધીમે માનતા થાય છે ત્યાં આવા લેખો લખવાથી લોકોની શ્રદ્ધા તૂટી તો નહિ પડે?"

મેં કહ્યું: 'ના. હું નિસર્ગોપચારનો પરમ ભક્ત છું. એટલા માટેજ મેં નિસર્ગોપચારને નામે ચાલતાં ધતિંગો, અને પોતાને નિસર્ગોપચારકોને નામે ઓળખાવતા લેભાગુ ઊંટવૈદો સામે લોકોને ચેતવવા આ લાલબત્તી ધરી છે. સાચા નિસર્ગોપચારને આનાથી આંચ આવવાની નથી.

આપણા દેશમાં નિસર્ગોપચાર રૂપી બાળકના દેહમાં ઘણું વિજાતીય દ્રવ્ય ભરાઈ ગયું છે. એને કાઢવા માટે એક આરોગ્યક્રાન્તિની (healing crisis) જરૂર છે આ પ્રયત્નને વાચકો એવી આરોગ્યક્રાન્તિ રૂપે જુવે. બાકી અનેક આરોગ્યક્રાન્તિઓથી નિસર્ગોપચાર શુદ્ધ અને સશક્ત થઈ નવે અવતારે આવશે એ નિર્વિવાદ છે.

જીવન અને કવન

લે. માનવેન્દ્ર

મિંત,

તને શું લખું? લાંબા સમયે ખવા માટે કલમ હાથમાં લીધી છે. ારા આદર્શો જે કોલેજજીવન દરમયાન હતા તે આજે પણ કાયમ છે. મે બધું જ આજે પુનઃ તારી આગળ રજુ કરું છું.

મારે જીવનનો આનંદ પ્રાપ્ત કરવો છે. જીવન એના સંપૂર્ણ ઉત્કટ સ્વરુપમાં મારે ભોગવવું છે. મારે સંસ્કારી અને લબ્ધપ્રતિષ્ઠ માનવી બનવું છે. મારે એવું ચોક્કસ, પ્રખર અને નિશ્ચયી વ્યક્તિત્વ પ્રાપ્ત કરવું છે. જે એની મઝિલ જાણે છે, તે ત્યાં પહોંચવા કૃતનિશ્ચયી બને છે અને ત્યાં સફળતાપૂર્વક પહોંચે છે. સવારે વહેલા ઊઠી, આખો દિવસ બરોબર જીવી રાતે સૂવા સમયે સંતોષપૂર્વક પથારીમાં પડી શકું—એવું મારે કરવું છે. જ્યારે કામ કરતો હોઉં ત્યારે સખત કામ કરવું છે. રમતો હોઉં ત્યારે રમત સિવાય મારે બીજે ચિત્ત રાખવું નથી. એક જ ક્ષણે એક જ વસ્તુમાં મારું ધ્યાન એકાગ્ર થાય, મારી તમામ નિરીક્ષણ શક્તિ એમાં પરોવાય એવી શક્તિ મારે પ્રાપ્ત કરવી છે. મારે સહિષ્ણુ થવુ છે. મારે આદર્શ નાગરિક બનવું છે. વિવિધ ધંધામા પડેલી મોટી વ્યક્તિઓ મીલમાલીક, વિમા એજન્ટ, બેંકર પ્રોફેસર, કારખાનાના માલીક આસર—સાથે મારે પરિચય સાધવો છે. મારે સુદર દેખાવડી છોકરીઓ સાથે ઓળખાણ કરવી છે. એમના કાર્યક્રમોમાં મને સદાય આમંત્રણ મળે એવી પ્રતિષ્ઠા સમાજમાં પ્રાપ્ત કરવી છે. લાગણીના સંઘર્ષમાં ચિત્ત સ્થિર રહી શકે એવી વ્યવહારુ બુદ્ધિ મારે મેળવવી છે. મારે કાર્ય સચ્ચાઈ જાળવવી છે. પરિણામનો વિચાર કર્યા વગર નીડરતાપૂર્વક સત્યનું ઉચ્ચારણ કરવું છે નવી વાતો સફળતાપૂર્વક અને સત્વર શીખી શકાય એવુ બિનંગત દૃષ્ટિબિંદુ મારે ખીલવવું છે. જગતની નાનામાં નાની રમતથી માંડીને મોટી ભાષાઓ શીખવામાં મને ખૂબ જ રસ છે. ભયમુક્ત અને અને ક્રોધ વંચિત હોવા છતાં લાગણીથી સભર એવું સમભાવયુક્ત આચરણ મારે કરવું છે. લોક સાથેના વ્યવહારમાં સાદી રીતે સફળતાપૂર્વક હું કારોબાર કરી શકું એવી દક્ષતા મારે મેળવવી છે મારે પસંદગીઓ કેળવવી છે. તો ચોક્કસ પૂર્વગ્રહોથી ય વિમુખ રહેવા માગુ છુ કલા, સાહિત્ય, સંગીતનો રસ મારે ખીલવવો છે. મારે વિવેચક બનવુ છે. જાત માટે સાચી બિરાદરી કેળવવી છે. એને મદદ કરવાની ઇચ્છા મારા દિલમાં સતત રમ્યા જ કરે છે. મારે પ્રવૃત્તિશીલ વ્યક્તિનું જીવન જીવવું છે. એવું જીવન કે જે ગાંધીજી, સિંકલેર, ચર્ચીલ, વાલચંદ હીરાચંદ, ચાર્લી ચેપ્લીન વગેરે મહાપુરુષો વિધવિધ પ્રવૃત્તિઓ દ્વારા જીવે છે.

આવુ જીવન જીવવા જેટલી મારામાં યોગ્યતા છે ખરી? આવા જીવન માટે બે લક્ષણો આવશ્યક છે—અખૂટ શક્તિ, અને ચકોર બુદ્ધિ. બાકીના લક્ષણો તો તાલીમ કે સંસ્કાર દ્વારા મેળવી શકાય છે. મારા વિરોધી કૌટુંબિક વાતાવરણને લીધે જે સંસ્કાર મારા જીવન પર પડયા છે, તેમાંના કેટલા હું ટાળી શકું અને આવશ્યક શક્તિ કેટલે અંશે પ્રાપ્ત કરી શકું એ જ એક પ્રશ્ન છે. પાર્થિવ જગતમાં રહીને હું મારો આદર્શ કેટલે અંશે સિદ્ધ કરી શકીશ, એ આ પ્રશ્નના જવાબ ઉપર જ આધાર રાખે છે.

સુનંદના સપ્રેમ.

શ્રી. મનમથરાય,

ધીમંતની સૂચનાથી આ નાનકડો પત્ર તમને લખવા પ્રેરાયો છું. તમે માનસશાસ્ત્રી છો એટલે મારી હકીકત તુરત જ સમજી શકશો. અને ઉપયોગી સૂચનો કરી શકશો.

મારા વિપરિત કૌટુંબિક સંજોગોએ મારો અહમ્ સાવ અસ્થિર બનાવી દીધો છે. મારી જીવનશક્તિ એવી ધુંધવાયેલી રહે છે કે એ ગમે તે માર્ગે—ઘડીમાં મારા અનુકૂળ તો ઘડીમાં મારા પ્રતિકૂળ માર્ગે વહેવા માંડે છે. જીવન સાથે અનુકૂળ થવાના, સંવાદ સાધવાના મારા તમામ પ્રયત્નો આ કારણે લૂલા બની જાય છે. મારી જાતીય ક્રિયામાં ય આવી જ અસ્થિરતા છે. મારા શરીર સંબંધે જરાય સમતોલતા સાચવી શકતા નથી. હું ભિરુ છુ, અભિમાની અને લોભી છું; જીવનના અન્ય સંબંધો જરાય જાળવી શકતો નથી. સંજોગો અનુકૂળ હોય ત્યારે ય પ્રયત્ન કરવા છતા પણ હું આનંદ વ્યક્ત કરી શકતો નથી. મારી લાગણી સાવ બુઠ્ઠી બની ગઈ છે. આત્મવિશ્વાસના અભાવે

સાવ અકુદરતી અસંતોષકારક જીવનમાં હું વિંટાઈ ગયો છું. મારી દૃષ્ટિ સન્મુખ જીવનની શક્યતાઓ પડી છે. એ પાંગરે, ફળવંતી બને એવી શક્તિ પણ એનામાં પડી છે છતાં અત્યારે તો સામાન્યતા, ગ્લાનિ, નિરાશા, નિષ્ફળતાના અંધકારમાં જ એ ઢંકાયેલું રહે છે. એ સૂર્યપ્રકાશ જાણે કદી પામી શકશે જ નહિ.

મારા મનોરથો વિશે તો ધીમંતે તમને વાત કરી હશે એટલે એ વિશે વધારે લખતો નથી.

કાંઈક જવાબની આશા રાખું ને !

સુનંદના નમસ્તે

વાસંતી,

તને કયા શબ્દોમાં સંબોધું ! પ્રિયે ! તારા સંસર્ગ-સ્પર્શે જ મારામાં કેવો નૂતન પ્રેમ સંચરવા માંડયો છે ! તું મને ચ્હાય છે એવી પ્રતીતિ દિલે થાય છે. અને પ્રેમના આનંદની જે ઉત્કટતા તારા દીલમાં તરવરે છે, એનો અંશ મને પણ શા માટે ન આપે ? મને ય તું પ્રેમોલ્લાસનો ભોક્તા બનાવ. આ દિવ્ય લાગણીનો માત્ર પરિચય જ કરાવી સંતોષ ન માનીશ પણ જગતમાં મારા સિવાય તારે માટે અન્ય કોઈ નથી. મારું મૂલ્ય તારા માટે સૌથી વિશેષ છે. એવી પ્રતીતિ અંતરમાં કરી શકું એવુ પણ કરજે. હું જ્યારે તારી પાસે હોતો નથી ત્યારે મારો અભાવ તને સાલે છે, તું મારી સતત ઝંખના કરે છે, મારું નામ રટયા કરે છે, મારા પર તારો અથાક પ્રેમ છે. એવી લાગણીનું પરામર્શ કરાવ. તારા પ્રેમની ઉત્કટતાનું એવું દર્શન કરાવ કે હું જ્યાં જાઉં ત્યાં મારા હૃદયમાં અપૂર્વ, દિવ્ય પ્રેમ ગીત સદાય ગૂંજ્યા કરે-તારા જીવનનો સાથી મહાન અને ભવ્ય આનંદ મારા હાથમાં રમે છે એવા જ્ઞાનનો આનંદ મારા હૃદયપટે સદાય ઊભરાયા કરે. મારા જીવનમાં બીજાનુંય સુખ સમાયેલું છે માટે ય જીવન હવે જીવવા યોગ્ય બન્યું છે, એવું ભાન મને કરાવ. તું જો સાચોસાચ આવું કરશે-અને તારા હૃદયની લાગણી વિષે તો જરાએ શંકા રહી નથી, તો મને જીવનનું સર્વોચ્ચ સુખ-દિવ્ય અને ઉન્નત-પ્રથમવાર જ પ્રાપ્ત થશે. મારે માટે જીવનનો અરુણોદય ત્યારે જ પ્રગટ થશે. અને તું ઇન્કાર કરશે તો એ અંધકારની હું કલ્પના પણ કરી શકતો નથી.

તારો સુનંદ

ધીમંત,

સુનંદના વ્યક્તિત્વ વિશે મારો જે ખ્યાલ છે તે એના સ્વપ્નો અને એના પૃથક્કરણ પરથી વધારે સ્પષ્ટ થશે. એના સ્વપ્નાના થોડાક નમૂના આપુ. (૧) નાનો હતો ત્યારે જે નિશાળે જતો હતો એના વિશાળ મેદાનમાં હું ઘુમતો હતો. મારો ભાઈ મોટર ચલાવતો ત્યાં આવી પહોંચ્યો. મને એણે મોટરમાં બેસાડવાની ના પાડી. મને ખૂબ ગુસ્સો આવ્યો. (૨) મારા પિતાએ આપઘાત કર્યો (૩) જંગલી પાડાઓ આમતેમ દોડતા હતા...એક આપણને ગોળી મારી પણ એ મરી ન ગયો. (૪) મારી બહેન સાથે હું નોકરી કરતો હતો. એ મને દુઃખ આપતી હતી. મારા પર વારંવાર હુકમ ચલાવતી હતી. અમને જે પૈસા મળતા તે એ એકલી જ લઈ લેતી. (૪) એક છોકરી સાથે હું રમતો હતો. સ્વપ્નું આગળ ચાલતાં મેં જોયું તો એ મારી બહેન જ હતી. મેં એને ચુંબન કર્યું. મને એમાં ખૂબ રસ પડયો. જો કે મારી લાગણી જરાએ ઉશ્કેરાઈ નહોતી

(૬) ગરીબાઈના કારણે મોહને આપઘાત કર્યો. મેં એને મકાનમાં અને ત્યાંથી પછી અદૃશ્ય થતાં જોયો. એકાએક મને લાગ્યું કે એનો શો વિચાર હશે. બીજી જ ક્ષણે મેં એ મકાનના છાપરા નીચે લોકોને એકત્ર થતા જોયા. (૭) મેં પડોશીના છોકરા વસંતરાયને હથોડા સામે રમતા અને કશાક ખપાટિયામાં ખીલા ઠોકતાં જોયો. એના હાથને નુકશાન થશે એવો મને ભય લાગ્યો. કોક અજાણ્યા રોગ સર એનું મૃત્યુ થાય છે. અને માબાપ એના મૃત્યુ પર શોક કરે છે. બીજા દાક્તરો સાથે હું ય એની સ્મશાનયાત્રામાં જાઉં છું. અને એમની સાથે મૃત્યુનું કારણ શોધવા પ્રયત્ન કરુ છું......હું શરીર સંબંધ ઉપરના માતાની દેખરેખ અને અંકુશથી છૂટા રહેવાનો નિર્ણય કરું છું. મારી બહેન પણ એમ જ નક્કી કરે છે. અમે બન્ને બહાર સાથે જઈએ છીએ. કારણ કે અમારે શારીરિક સંબંધ કરવો છે.

આ એના સ્વપ્નાનાં થોડાક ઉદાહરણો છે. આનું પૃથક્કરણ કરીએ. સુનંદને એના ભાઈ તરફ ઈર્ષા છે. એ ગુસ્સે ભરાય છે. બીજા સ્વપ્નમા એના પિતા તરફના દુશ્મનભાવ ડોકાય છે. પિતા તરફ આવો દ્વેષ એને અમુક ઇચ્છાઓ પિતાને મારી નાંખવાની પૂરી કરવા તરફ સ્વપ્નું સહાયભૂત થાય છે. ત્રીજા સ્વપ્નામાં જે જંગલી પાડાઓ આવે છે એ એની જંગલી, પ્રાથમિક વૃત્તિઓના સૂચકો છે. એને ગોળી મારવાની

વાતમાં એની ગુનાહિત અને આપઘાત કરવાની વૃત્તિનું પ્રતિબિંબ પડે છે. ચોથા સ્વપ્નામાં એ જાણે એવી રીતે વર્તે છે કે એની બહેન એને લૂંટી રહી છે. આમાં સ્ત્રી નો ભય વ્યક્ત થાય છે પાંચમુ સ્વપ્નું બહેનગ્રંથિનો સરસ દાખલો છે એની લાગણીઓ કેમ બુઠ્ઠી થઈ છે, કે એ કેમ કશો જ ઉશ્કેરાટ અનુભવી શક્તો નથી એનું કારણ સમજી શકાય છે. એ અમુક લાગણીઓનું દમન કરે છે. અને આ દમન પછી સામાન્ય લાગણીઓના દમનમાં રૂપાતર પામે છે. અને એ ઉદાસીનતામાં પરિણમે છે. છે. છઠ્ઠું અને સાતમુ સ્વપ્નુ એની નિરાશા તથા આપઘાતના કારણોનો ખ્યાલ આપે છે મોહન સુનંદની બહેન સાથે પરણનાનો હતો. આજથી છ વર્ષ પહેલાં પણ એની ગરીબાઈના કારણે સુનંદના ઘેરથી બધાએ ના પાડી. એની ગરીબાઈ સુનંદની ઉદાસીનતાના પ્રતિક રૂપે છે. અને સુનંદ પોતે જ મોહન છેઃ આ સ્વપ્ના પરથી આપણે એમ કહી શકીએ કે એની જાતીય ઇચ્છાઓ એની બહેન તરફ વળેલી છે. આ પરિસ્થિતિ નિરાશાજનક છે. આ બહેન ગ્રંથિ એની તમામ લાગણીઓ પર શાસન કરે છે. જીવનના સર્વ આનંદો, પ્રવૃત્તિઓ તરફ એને બેદરકાર બનાવે છે. છેલ્લા સ્વપ્નામાં આ હેતુ સ્પષ્ટ થાય છે. આ સ્વપ્નામાં વસંતરાય (સુનંદ પોતેજ) હસ્તદોષ–હથોડાની ક્રિયા હસ્તદોષનું પ્રતિક છે. ના તરંગમાં મહાલે છે. બાળપણમાં માબાપના વહાલના અભાવ વિશે એને ફરિયાદ હતી. સ્વપ્નામા એ માબાપનો લાડીલો છોકરો છે અને કોક અજાણ્યા રોગ (આપઘાત) સર થયેલું મૃત્યુ માબાપને દુઃખ ઉપજાવે છે (ઇચ્છા પરિપૂર્ણતા) સ્વપ્નાનો અંત ભાગ સુનંદની હસ્તદોષ–કલ્પનાનું સાચું કારણ જણાવે છે. અને જીવનના રહસ્યનો પણ સ્ફોટ કરે છે. આ વિચાર છે દેખરેખ (નૈતિક દેખરેખ)થી દૂર થઇ બહેન સાથે રહેવાનો. એની નિરાશાજનક જાતીય પરિસ્થિતિ એને વિષાદ તરફ ઢસડી જાય છે.

એના આ વિચારોના મૂળમાં રહેલી બહેન ગ્રથિ જો દૂર કરવામાં ન આવે તો એ આપઘાત કરવા તરફ પ્રેરાય એવો સંભવ છે. એ માટે સૌથી સરળ રસ્તો તો કોઈક સ્ત્રીમાં એ લાગણીનું આરોપણ કરે એ જ છે. તારાથી શક્ય હોય તો સુનંદને બચાવવા આવો રસ્તો અખત્યાર કરજે.

મનમથના વંદે.

શ્રી. મનમથરાય

મારા આગલા કાગળથી તમે મારા માટે ચિત્રવિચિત્ર ખ્યાલો બાંધ્યા હશે. મારા અસ્થિર, વિસંવાદી, નિરાશામય જીવન વિશે મેં તમને જે લખ્યું હતું એ તો ક્ષણિક આવેશમાં આવીને જ મેં લખ્યુ હતુ માણસના જીવનમાં એવા બનાવો બને છે માટે એ શુદ્ધબુદ્ધ ગૂમાવી બેસે છે. ચોમેર એને અંધકાર સિવાય લાગતું નથી. ત્યારે એ પોતાની જાતને અવનત, પતીત માની લ્યે એમાં તમને તો નવાઈ નહિ જ લાગે

પણ આજે તો એક શુભ સમાચાર આપવા જ આ પત્ર લખું છું. મારા લગ્ન વાસંતી સાથે આ મહિનાની ચતુર્થીએ થવાના છે. ધીમંતનો આગ્રહ છે કે મારે તમને બોલાવવા. તમે આવી શકશો ? એટલો અનુગ્રહ જરૂર કરશો.

તમે જાતે જ મને જોશો એટલે તમારી કાગળ પરથી બંધાયેલી છાપ ભૂંસાઈ જશે

સુનંદ

કેટલાક માણસોને ખોરાકમા વધારે પડતું મીઠું (salt) ખાવાની ટેવ પડી હોય છે. આરોગ્યની દૃષ્ટિએ વધારે પડતુ મીઠુ ખાવુ એ ખુબ જ નુકશાનકારક છે કારણ કે વધારે મીઠું ખાવાથી લોહી ઝેરી બને છે અને શરીર ક્ષીણ બને છે. જઠર, આતરડા, કલેજું (લીવર) અને મુત્રાશય શિથિલ પડે છે અને અનેક રોગોનો જન્મ થાય છે મીઠું પ્રમાણસર ખોરાકમા લેવાય તો નુકશાન નથી કરતુ. બ્લડપ્રેસર, (લોહીનુ દબાણ) પગે સોજા આવવા, ખસ, ખરજવુ, દાદર, લોહીનું બગડવું વગેરે દર્દો થાય ત્યારે મીઠા વગરની રસોઈ ઔષધોનુ કામ આપે છે.

ચમને અદબ : ૩

મા. વિજયરાય ક. વૈદ્ય

['સાહિત્યનો ઉદ્યાન' એવા અર્થના આ મથાળા હેઠળ વત્તીઓછી અગત્યનાં નવાં (ને કોઈવાર જૂનાં) પુસ્તકો પર લખવા વિચાર રાખ્યો છે. એ શબ્દોથી સૂચવાતો સમગ્ર વિષય એવો છે કે આપણા શિક્ષિત વાચકોમાંથી પણ થોડા જેને નિયમસર વાંચતા હશે તેવાં અંગ્રેજી–કે બીજાં—સામયિકોમાંના વિચારોનો પરિચય, ચર્ચા વગેરે પણ આ લખાણોમાં આવી શકે. પુસ્તકો વિશે પણ ઔપચારિક રીતે અવલોકન નહિ તેટલે અંશે તેનો પરિચય, અવતરણો કે એની વિચારસરણીની ચર્ચા આવશે.
—વિ. ક. વૈ.]

૫ 'ધ ડીલિવરન્સ'

'નિષ્કૃતિ' નામે શરદબાબુની એક ટૂંકી નવલનું રા. દિલીપકુમાર રાયે કરેલું અંગ્રેજી ભાષાન્તર ઉપલા નામે, ત્રિપાઠી લિમિટેડ તરફથી એમની નવી શ્રેણી નાલંદા પબ્લિકેશન્સમાં સુઘડ રૂપરંગમાં પ્રકટ થયું છે. આધુનિક સમયના હિંદુ સંયુક્ત કુટુંબની આ વાર્તામાં આપણી એ જાણે વિલય પામતી જતી સંસ્થાનું દૃશ્ય ને વિગત–ભરપૂર ચિત્ર અપાયું છે. કુટુંબના અનેક માણસોના અનેક તરેહના સ્વભાવો વિશેની, સૂક્ષ્મ જીવન-અવલોકનના ફળરૂપ, એ વિગતોમાંથી સર્જકે નાના પટ પર પણ સુંદર કલાયુક્ત આલેખન કર્યું છે. માત્ર આયોજનની નજરે, વસ્તુની ગૂંથણી સંતોષકારક લાગતી નથી એ જુદી વાત, પરંતુ આ રસપૂર્ણ રચનાનાં સૌથી આકર્ષક બે અંગ તે માનવભાવભરી સિદ્ધેશ્વરીનું તેમ જ બીજાં બે મુખ્ય સ્ત્રી પાત્રોનું આલેખન તથા લેખકનું વાક્કલા પરનું પ્રભુત્વ છે. પુરુષ પાત્રોમાં નાયક ગિરીશ એની શૂન્યમનસ્કતાથી આપણું ધ્યાન ખેંચે છે તેટલું બીજા કશાથી નહિ. વાર્તાનો પરોક્ષ બોધ એવો સમજાય છે કે સંયુક્ત કુટુંબમાં વ્યક્તિઓ પોતાના મનના સાંકડાપણામાંથી મુક્તતા ('ડીલિવરન્સ') મેળવી શકે છે તે, સપાટી પર દેખાતા વત્તાઓછા સ્વાર્થીપણાના ભીતરમાં પણ, સંયુક્તતાના હાર્દમાં ઊંડે ઊંડે જે પ્રેમનો સ્રોત વહેતો હોય છે, તેના જ પ્રભાવે મેળવે છે.

૬ ૨૦મા સતકના બંગાળી કવિઓ

એમનામાંથી, રવીન્દ્રનાથ સિવાયના વિશે આપણે કોઈ ભાગ્યે જાણતા નથી, તેથી ગયા માર્ચના 'ન્યુ હોરાઇઝન્સ'માંના એક લેખમાંથી નીચેનું તારવ્યું છે.

૧૯૦૧થી શરૂ થતા આશરે બે દસકાઓની કવિતા પ્રગતિ પર બંગભંગ ને ત્યારની સ્વદેશીની હિલચાલની પ્રબળ અસર હતી. એ સમયના મુખ્ય કવિઓ એટલે, સ્વાતંત્ર્ય ને દેશભક્તિના ગીતો નવા નવા પદપ્રયોગોમાં ગૂંજનાર સત્યેન્દ્રનાથ દત્ત, રાષ્ટ્રભાવનાના એવા જ ઊછળતા ઉત્સાહમય નઝરુલ ઇસ્લામ,[૧] વિશિષ્ટપણે કૌતુકપ્રિય કવિ કરુણાનિધાન બેનરજી, ગૂઢભાવો ગાનાર યતીન્દ્ર બાગચી, સ્વદેશવત્સલ કુમુદ રંજન મલ્લિક, ઇન્દ્રિયસુખોના આહ્લાદોનો કવિ મોહિતલાલ મજુમદાર, નૈરાશ્યવાદી, વક્રોક્તિપ્રિય, કાર્કશ કર્કશ પદ્યોનો રચનાર ય સેનગુપ્તા, સુગેય ને સુઘડ શબ્દાવલિમય કાવ્યોના લખનાર હેમેન્દ્ર રોય તથા સુરેશ ચક્રવર્તી.

એ સર્વ, લગભગ, પહેલું મહાયુદ્ધ પૂરું થવા સુધીના (૧૯૧૮) કવિઓ હતા, તો આ બાજુ બે પાછલા દસકાના—એમ કહીએ કે બે મહાયુદ્ધોના વચગાળામાં (૧૯૧૯–૩૯) પ્રકાશમાં આવ્યા તે–કવિઓમાં જેઓ સૌથી અગ્રિમ છે, જેઓએ ઉચ્ચ કોટિના વિશિષ્ટતાયુક્ત સૌન્દર્ય–સર્જન કર્યાં છે, તેમાં પહેલું સ્થાન સુધીન્દ્ર દત્તને ઘટે છે. એમની કાવ્યમય જીવનસમીક્ષા જો સંસ્કૃત ભાષાની સમૃદ્ધિ અને ગૌરવવાળી બંગાળીમાં થઈ છે, તો વિષ્ણુ દેમાં મનોમય જીવનની વિશાળતા તથા કૌશલભર્યું આયોજન છે અને સમરસેનની ખાસ શક્તિઓ શુષ્ક વિષયો લઈને પણ શબ્દલાઘવ ને ભાષાસૌષ્ઠવના ગુણવાળા સુનીતો ('સૉનેટ્સ') રચવામાં રહેલી છે. પ્રેમેન્દ્ર મિત્ર માનવજાતિ માટેની ઊંડી લાગણી એમનાં ઊર્મિકાવ્યોમાં દર્શાવે છે. બીજા એક કવિ–સુભાષ મુખરજી–રાજ્યપ્રકરણમાંથી વસ્તુ લે છે, તેમ, અર્વાચીન જીવનને સહભાવી ને તોપણ પ્રસંગે તીક્ષ્ણ દૃષ્ટિએ નિહાળનાર કવિ અમિય ચક્રવર્તી પણ બંગાળમાં છે. આ સિવાયના નોંધપાત્ર કવિજનોમાં રંગદર્શી બુદ્ધદેવ બોઝની, કીટ્સ જેવા પ્રકૃતિકવિ જીવનાનંદ દાસ તથા સ્વસ્થ કાવ્યરૂપોમાં મસ્તીનો રસ ઉપજાવનાર વિભૂતિપ્રસાદની અને ઝમકદાર કાવ્યલેખક હેમચન્દ્ર બાગચીની પ્રતિભા પણ નવી બંગાળી કવિતાના શણગાર છે.

---

[૧] આ કવિ વિશે એક સરસ લેખ બીજા એક સમકાલીન સુકવિ સુન્દરમ્ પાસે 'વિશ્વભારતી'માં (નવે ૪૪–જાન્યુ ૪૫) લખ્યો છે.

બે વિચારપ્રવાહો



શ્રી નાનાભાઇ ભટ્ટ

'બે વિચારધારા'*નું, આ પુસ્તક સમાજ પાસે મૂકતાં મને હર્ષ થાય છે. આપણે સૌ જાણીએ છીએ કે આજે આપણે ત્યાં બે પરસ્પરવિરોધી જણાતી વિચારસરણી ચાલી રહી છે અને આપણા રાષ્ટ્રક્ષેત્રમાં એ બે પ્રવાહોને એક કરતા વધારે પ્રસંગોએ અથડાતા આપણે જોઇએ છીએ. આ અથડામણ કેટલે અંશે નરી ભૂલભરી છે તે આપણે આ પુસ્તકમાં સ્પષ્ટતાથી જોઇ શકીએ છીએ.

આ આખું ય પુસ્તક બંને વાદોનું સવિસ્તર નિરૂપણ કરે છે એમ નથી, આ તો એક રીતે બન્ને ય વાદોનું appreciation યા મૂલ્યાંકન છે. સમાજવાદીઓ ગાંધીજીની વિચારસરણીમાં જે જે ઊણપો જુએ છે તેનો જવાબ મારા મિત્રે ગાંધીવાદમાં આપ્યો છે અને ગાંધીજીના અનુયાયીઓ સમાજવાદમાં જે જે ઊણપો જુએ છે તેનો જવાબ એમણે સમાજવાદમાં આપ્યો છે. મારા મિત્રે આ દરેક વિચારપ્રવાહને એના પોતાના જ ગજથી માપવાનો પ્રયત્ન કર્યો છે અને તે તે વિચારપ્રવાહના મૂર્તિપૂજકોના જીવનથી માપવાનો પ્રયત્ન નથી કર્યો. એટલે જ બંને પ્રવાહોની વચ્ચે એમને વૈષમ્ય દેખાય છે તેના કરતાં સામ્ય વધારે દેખાય છે.

દુનિયાના તમામ આવા વાદો (isms)નું મૂળ તપાસીએ તો આપણને જણાશે કે જીવનના કોઈ પણ પ્રશ્નને એક ચોક્કસ એવી દૃષ્ટિથી અવલોકીએ ત્યારે જ એ વાદ ઊભો થાય છે. વાદ એટલે જ અમુક પરિસ્થિતિનો અમુક ચોક્કસ દૃષ્ટિથી થયેલો ઉકેલ. આવી ચોક્કસ દૃષ્ટિથી થયેલો ઉકેલ જેટલો વધારે ચોક્કસ હોય છે તેટલો એકદેશી પણ હોય છે એટલે આપણા નિરંતર બદલાતા જગતમાં એ સર્વદેશી થઇ શકતો નથી અને નવી પરિસ્થિતિમાં નકામો પણ થઈ પડે છે. આ રીતે દરેક વાદ અમુક દેશમાં અને અમુક કાળમાં ઊભા થયેલ પ્રશ્નનો ઉકેલ છે ફક્ત આ રીતે જોઇએ તો ગાંધીવાદ એ આપણા દેશમાં પાકેલો અને આપણા જીવનની આબોહવાને અનુકૂળ એવો આપણા જીવનના મહાપ્રશ્નનો ઉકેલ ગણાય.

પણ ખરી રીતે ગાંધીવાદ એ વાદ નથી, એની કિંમત એના એકદેશીપણામાં નથી એટલી એના સર્વદેશીપણામાં છે. આજે આપણી નજર સામે ગરીબ અને તવંગર વચ્ચે, ભણેલા અને અભણ વચ્ચે, સ્ત્રી અને પુરુષ વચ્ચે, ગોરા અને કાળા વચ્ચે, ઉચ્ચ અને નીચ વચ્ચે, બુદ્ધિજીવી અને શ્રમજીવી વચ્ચે, સબળ અને દુર્બળ વચ્ચે જે મોટી વિષમતા દેખાય છે તે કોઇપણ રીતે જવી જ જોઈએ એ નિર્વિવાદ છે. પણ સમાજવાદ આ પરિણામ લાવવા માટે જગતના પીડિતોને આ વિષમતાનું ભાન કરાવી સામા પક્ષને પોતાની પીડિત દશામાં મૂકવાનો પણ પ્રયત્ન કરે અથવા તો તેમનાં ડોકાં સુદ્ધાં ઉડાવવા હોય તો ઉડાડે; ગાંધીજી જગતના આ દેખાતા વૈષમ્યની પાછળ માનવીમાત્રમાં રહેલા ઈશ્વરી અંશને જુએ છે, તેને જોવાનું આમંત્રણ આપે છે અને પીડિતોને પોતાના આ અંશને અનુસરીને પીડનારાઓનાં ડોકાં ઉડાડવાને બદલે પોતાના ડોકાં ધરીને આ મહાપ્રશ્નનો ઉકેલ કેમ મળી શકે એ બતાવે છે.

અને છતાં ય સમાજવાદ જે નક્કર હકીકતો ઉપર રચાયો છે તેની કોનાથી ના પાડી શકાશે? સમાજવાદની ફિલસૂફીના પરિણામો આપણે આ નરી આંખે જોઇ શકીએ છીએ અને તેથી જ એ વાદે આપણા મનને મુગ્ધ કર્યું છે વર્ણાશ્રમધર્મની કલ્પનાની પાછળ વ્યક્તિજીવન તેમ જ સમાજજીવનની ચોક્કસ યોજના છે, અને વધારામાં આ યોજના માત્ર બહારના સંયોગોને જ

---

* બે વિચારધારા. લેખક દર્શક. પ્રકાશક ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા, સોલ એજન્ટ: ભારતી સાહિત્ય સંઘ પો. બો ૯૭૮ મુંબઈ-૧ કિંમત રૂા ૨-૮-૦ પોસ્ટેજ ત્રણ આના.

ધ્યાનમાં લે છે એમ નથી પણ વ્યક્તિના માનસને પણ ધ્યાનમાં લે છે. ગાંધીજીની ફિલસૂફીનાં પરિણામો ગાંધીજી અને તેમના જેવા વિરલ દ્રષ્ટાઓ જુએ છે તેટલાં સામાન્ય દૃષ્ટિને દેખાતાં નથી.

વળી ગાંધીજીની ફિલસૂફી એ આધ્યાત્મિક છે અને સમાજવાદ એ જડવાદ છે એ વાતથી આપણે ભડકવાની જરૂર નથી. સમાજવાદ એ જડવાદ (materialism) છે પણ એ સ્વેચ્છાચારવાદ નથી; સમાજવાદ એ આત્મા–અનાત્માની પંચાતમાં પડતો જ નથી: એ તો ઇતિહાસની નક્કર હકીકતો ઉપર આજની વિજ્ઞાનની દૃષ્ટિથી જુએ છે અને તેનો ઉકેલ આપે છે. છતાં સમાજવાદ પીડિતોનાં દર્દ માટેની કરુણામાંથી જન્મ્યો છે; અને તેથી સમાજવાદની નૈતિક ભૂમિકા ઘણી ઊંચી અને ભલભલા કહેવાતા આસ્તિક ભાઈઓને શરમાવે તેવી છે. આપણા દેશમાં તો નિરીશ્વરવાદી સાંખ્યશાસ્ત્રીને પણ આપણે સન્માન્યા છે તો આ નિરીશ્વરવાદી સમાજવાદને પણ આપણે શા માટે ન સન્માનીએ? જે સમાજવાદીઓ જીવનમાં સ્વેચ્છાચાર સેવનારા હોય, જેમને જીવનના સનાતન મૂલ્યો ઉપર પગ મૂકીને ચાલવું જ હોય અને છતાં મોઢેથી સમાજવાદના મંત્રો ઉચ્ચારવા હોય તેઓ આ વાદના ખરા પ્રતિનિધિઓ જ નથી.

સમાજવાદનું સૌથી મોટું અંગ તેની આર્થિક યોજનાઓ છે. સમાજવાદ જનતાની તમામ જરૂરિયાતોની વ્યવસ્થિત ગણતરી કરે છે અને પછી અમુક ચોક્કસ કાળમાં તેને પહોંચી વળવાનો નિરધાર કરે છે એ આપણે જાણીએ છીએ. સમાજવાદમાંથી યોજનાનું આ તત્ત્વ ગાંધીજીના અનુયાયીઓને પણ સ્વીકારવું પડશે. પણ હું સમજું છું તે પ્રમાણે તો એ તત્ત્વ ખુદ ગાંધીજીના જીવનમાં પડ્યું છે અને હિંદુધર્મની રગમાં પડ્યું છે. મનુષ્ય માત્રે પોતાના જીવનનો પ્લાન બનાવીને જીવવું અને એ પ્લાન જીવનના કોઈ પણ એક અંગનો અનાદર કરીને ન ઘડવો પણ સર્વ અંગોનો સમન્વય કરીને ઘડવો એ હિંદુધર્મનું હાર્દ છે. એટલે જ હિંદુઋષિએ ગાયું કે: 'सत्यान् न प्रमदितव्यम् कुशलात् न प्रमदितव्यम्' 'સત્યમાં પ્રમાદ ન કરવો, 'કુશલમાં પ્રમાદ ન કરવો.' સમાજવાદનું આ તત્ત્વ ગાંધીવાદના ગર્ભમાં પડ્યું છે પણ તેના પર આજના કરતાં વધારે જોર દેવો જોઈશે.

પણ ગાંધીજીની ફિલસૂફી સમાજવાદ તેના અનુયાયીઓ પાસેથી જે ત્યાગ વગેરે માગે એ તો માગે જ છે પણ એથીયે ઘણું વધારે માગે છે. સમાજવાદીઓ રશિયામાં આજે જે વીરત્વ દેખાડી રહ્યા છે એ જ પ્રકારનું પણ અહિંસક વીરત્વ જો આપણે દેખાડી ન શકીએ; સમાજવાદીઓ રશિયામાં જે તાલાવેલીથી સમાજનું નવઘડતર ઉપાડી રહ્યા છે તે જ તાલાવેલીથી જો આપણે આપણું નવઘડતર ન ઉપાડીએ, સમાજવાદીઓ જે આગ્રહથી પોતાના દુશ્મનોને હરાવી રહ્યા છે તે જ આગ્રહથી જો આપણે આપણા પીડકોને પ્રેમથી વશ કરવા ન મથીએ તો આપણા માટે ગાંધીજીની ફિલસૂફી એ માત્ર મોઢાની વાતો છે. રશિયામાં સમાજવાદીઓની સમાજવાદમાં જે અપૂર્વ શ્રદ્ધા છે તે જ અપૂર્વ શ્રદ્ધા ગાંધીજીના અહિંસાવાદમાં આપણને હોય તો જ આપણે ગાંધીવાદને સફળ કરી શકવાના છીએ.

ગાંધીજીની ખાદી, ગાંધીજીના ગ્રામોદ્યોગો, ગાંધીજીની વર્ધાયોજના, એ બધાં ઘણાને હવાઈ લાગે છે કારણ કે એમની અહિંસા હવાઈ જણાય છે. પણ ગાંધીની અહિંસા હવાઈ નથી પણ ઊલટું માનવી આજ સુધી એ અહિંસાનો પ્રયોગ જ આવડ્યો નથી એ વાત આ ભાઈઓ ભૂલી જાય છે. આજે તો વિજ્ઞાનશાસ્ત્રીઓ પણ પોકારી રહ્યા છે કે માનવજાતને જો આ પૃથ્વી પર ટકવું હશે તો તે પરસ્પરના બંધુભાવથી જ ટકી શકશે, એકબીજાનાં ગળાં કાપવાથી ટકી શકશે નહિ. જો વિજ્ઞાનશાસ્ત્રીઓની આ વાત હવાઈ ન હોય તો ગાંધીની અહિંસા હવાઈ શા માટે? પણ આજે આપણે ચોમેર દેખાતા હિંસાના વિજયથી એટલા બધા અંજાયા છીએ કે દુઃખથી છૂટવાની આપણી તાલાવેલીમાં આપણે ડૂબતો માણસ તરણું પકડે, તેમ જો. ને. સાપને પરસ્પર બહાવરા બન્યા છીએ.

ખરી રીતે તો આપણી અહિંસાની સમજ અધૂરી છે જે લોકો પોતાને વીર અને પરાક્રમી માને છે તેમને અહિંસા એક પ્રકારની નિર્વીર્યતા લાગે છે. પણ અહિંસા એ તો આજના રણક્ષેત્ર પર દેખાતા વીરોની વીરતા કરતાં ઘણી વધારે સવીર્ય છે. આજના માનસશાસ્ત્રીઓ બેધડક કહી શકે છે કે આજના સિપાહીની વીરતાના ગર્ભમાં ભય પડેલો છે જ્યારે ગાંધીજીનો અહિંસક સિપાહી

(અનુસંધાન પાન ૩૦૭)

આત્માનું પ્રતિબિંબ

મૂળલેખક : ઇલીન પીલીન
અનુવાદક : હરિશ્ચંદ્ર ભ. ભટ્ટ

સંત સ્પીરીડોન ગરીબ મોચી હતો. નીચા વળીને જોડા સિવતાં, આખો દિવસ કામ કરતાં એ પરમાત્માનું ચિંતન કરતો. શાંતિમાં ધીમે ધીમે એ સૂકો રોટલો ખાવા બેસતો ત્યારે અથવા તો એને હૈયે વસેલી જગતનિયંતાની સુંદર સૃષ્ટિ તરફ નજર કરવા એ બારી બહાર ડોકિયું કરતો ત્યારે જ કંઈક આરામ એને મળતો.

શિયાળાની કકડતી ઠંડી અથવા વસંતની સુખદ હૂંફ એને મન સરખાં જ હતાં. વૃક્ષની ફૂટતી કૂંપળો અને દેવળ નજીકના બગીચામાં સફરજનનું મ્હોરેલું વૃક્ષ જોવામાં એને આનંદ મળતો. વૃક્ષ–મંજરીની સુવાસ શાંત નાનકડો રસ્તો ભરી દઈ આ સાંકડી દુકાનમાં પણ આવતી હતી. આવા દિવસોમાં સંત સ્પીરીડોન અપૂર્વ આનંદ અને આશાથી સ્વર્ગના વિચાર કરતો અને કયારેક તો ઊભો થઈ બારી બહાર આકાશ તરફ જોઈ રહેતો.

એ યુવાનની આધ્યાત્મિક સુંદરતાનું પ્રતિબિંબ એના દેહમાં પડતું હતુ અને એથી એ સુંદર દેખાતો હતો એના મુખ ઉપર પ્રભુના તેજની દીપ્તિ હતી. અદૃશ્ય રહીને એના ભાલ પ્રદેશ ઉપરથી ગ્રીષ્મના પ્રભાતની એકાદ રજતરંગી કે ગુલાબી વાદળી ચાલી જતી હોય એવું લાગતું. પારલૌકિક ચિંતનમા એકાગ્ર એની નીલ આંખોમાં ગગન ચંદરવાનું પ્રતિબિંબ ઝીલતાં સરોવરનું ઊંડાણ હતું.

શહેરની યુવાન લાવણ્યવતી શ્રીમંત યુવતીઓ આ જુવાનની એકાંત દુકાન આગળથી અવારનવાર જતી અને ઉત્સવોના દિવસોએ મોજડી સિવડાવવાને બહાને એનું રૂપ જોવા આવી જતી. આથી આ જુવાનનું ભક્તહૃદય વારી જતુ અને જ્યારે આનંદિત યુવતીઓના શબ્દો અથવા તો એમના રેશમી કપડાંનો મધુર ધ્વનિ એ સાંભળતો ત્યારે પોતાની નિર્મળ આંખો નીચે ઢાળી દેતો અને નાનકા જીવનવ્રત તૂટે નહિ પ્રલોભનની છાયા માત્રથી અને ઇન્દ્રિયસુખના પરિણામરૂપ શરીર માત્રને અડકવાથી એ દૂર રહેતો.

એક વખત સંત સ્પીરીડોન માચી ઉપરથી ઉંડી નાની બારી બહાર નજર કરવા અને એક નાની વાદળી સાથે અદૃશ્ય થઈ રમતા દેવદૂતની લીલા જોઈ રાજી થતો હતો ત્યારે આ નાનકડી દુકાન આગળ સોનારંગી ચારેટ આવી ઊભી અને અંદરથી એક યુવાન મુસલમાન સ્ત્રીએ નીચે ઊતરી બારણું ઠોકયું. અધખૂલ્યો બુરખો જોઇ સંત સ્પીરીડોને સહસા જમીન પર આંખો નીચી ઢાળી દીધી જેથી એ ઘૂંઘટ પટમાંથી પ્રલોભનનું આકર્ષણ એના આત્મામાં પ્રવેશે નહિ.

ધીમેથી બારણું ખોલીને આ સ્ત્રી અંદર આવી. બહાર સામ્રાજ્ય ભોગ-

'આ થાળીની રાખમા પગ મૂકો તમારા પગના ઉપરથી હુ માપ લઈશ' સત રપીરીડોને વિનયથી કહ્યુ

યુવતીનુ મુક્તહાસ્ય ફેલાઈ રહ્યુ અને સત રપીરીડોનને લાગ્યુ કે જાણે એની નની દુકાનના ઉબર આગળ ઊભા રહી યુવક અને યુવતીઓનુ ટોળુ મીઠી સુગધભર્યાં હજારો તાજા ફૂલો એના ઉપર ફેકતા હતા હાથો વડે એણે આખ ઢાકી દીધી અને એવા આજંવભર્યા અવાજે એણે ફરીથી વિનવણી કરી કે આ યુવાનનુ હૈયુ પીગળતુ લાગ્યુ

'ના' એટલુ બોલી તે અટકી અને થોડી ક્ષણ પછી ઉમેર્યુ 'મારા પગનુ જ માપ લો'

એટલે સત રપીરીડોને ઊઠીને પગી લીધી અને આખો ઊચી કર્યા વિના પેલી અજાણી યુવતી પાસે ગયો રેશમી ચણિયાની મોટી ઘેરને સકેલી એણે નાજુક પગની માચી ઉપર મૂકી સત રપીરીડોને એને પગે પટ્ટી અડાડી એ ક્ષણે આ ભક્ત હૃદયની ચિતનકડી તૂટી અને આ કામમા એકાગ્ર રપીરીડોને માપ જોવા આખો ઊચી કરી આખોના ખૂણામાથી મુલાયમ કાળા મોજામા કદની કોમળ પગ એણે જોયો આ જુવાનના આત્મામા કાઇક થઈ આવ્યુ થોડો વધુ વખત અને સાને માટે એ ભૂલો પડવાનો

પરતુ ધર્મમા એની અડગ શ્રદ્ધા ખસી નહિ લાબા મમત્વના વ્રતધારી જીવને એના મનને દૃઢ કર્યુ હતુ જાગ્રત થતી લાલસાની સામે ધર્મભાવનાએ ટેકો આપ્યો અને રપીરીડોને તરતજ ચામડુ શિવવાનો સોયો લઈ જે આખે પ્રલોભન આગળ નમતુ મૂક્યુ હતુ એ આખ એક ઝટકે દૂર કરી

દારુણ વેદનામાથે અધઃપાત માથી બચાવેલા આત્માના આનદનો અવાજ સત રપીરીડોને સાભળ્યો અને પરમ-આનદની ઉત્કટતામા ફરી પાછા વધારે કઠણ થઈને સોયા વડે બીજી આખનેય દૂર કરી એ આખ ગુનેગાર નહોતી, પરતુ જીવનશુદ્ધિ ની તરસ છીપાવવાને જ્યાથી પ્રલોભન અને પાપના કિરણ દાખલ થતા હોય તે આત્માની બારીઓ બધ કરવાની ઇચ્છા આ યુવાનની હતી

આખો ગયા પછી સત રપીરીડોન કાઈ કામ કરી શકે એમ નહોતુ નાની દુકાન બધ કરી એ વનમા ગયો ત્યા એક મોટી નદીને કિનારે ઘાટી વનરાજી હતી આવી સ્થિતિમાં ધીમે ધીમે એ ઘાસની ચીપો તૈયાર કરતો અને સુરજની સામે બેસી ટોપલીઓ ગૂથી ત્યાથી જતા ખેડૂતોને આપતો જે એને બદલામા રોટલાનો ટૂકડો આપતા એની ચારે તરફ નિરવ શાતિ અને આનદ વેરાએલ હતાં નાની માછલીઓનો અવાજ એ સાભળતો અને ઘણો વખત શાતિથી કિનારે ઊભો રહેતો મધમાખીનો ગણગણાટ અને સરૈદ વૃક્ષોનો મધુર રવ એના શાત આત્મામા આનદ રેડતા ટેકો લઈને એક જગાએથી એ બીજી જગાએ જતો ત્યારે એના પગ નીચે કીડી અને જીવજતુ છૂદાય નહિ એ માટે પ્રભુની પ્રાર્થના કરતો અને સવાર સાંજ અને નમતી બપોરે વાતી પવનની લહેરો, વૃક્ષ વેલી અને ફૂલોની મીઠી સુવાસ એકઠી કરી આ નયન રહિત સાધુ પાસે લાવી એના આત્માને આનદથી પરિતૃપ્ત કરતાં

આવી ઊંડી શાંતિમા શતથ પરિશુદ્ધ થએના મન રપીરીડોનના વિચારો પ્રભુ તરફ વળતા અને સસાર પરના પ્રભુના કૃપાકટાક્ષના લાબા ચિતનમાં એ પડી જતો

ફક્ત એક વસ્તુ આ સાધુ પુરુષને હેરાન કરી નાખતી, વનમાના પક્ષીઓનુ કેલીકૂજન સત રપીરીડોન પારેવા, ચડોળ અને બીજા પક્ષી ઓને ઝાડની ડાળીઓ પર ઊતરતાં સાભળતો અને એમની પ્રણય-વાર્તા એને મૂઝવતી પથરા ભેગા કરી જગનમા આડાઅવળા એ ફેકતો હાથ ઊંચા કરી એમને દૂર ઉડાડી મૂકવા એ પ્રયત્ન કરતો પરતુ પક્ષીઓનુ કૂજન ગુજન અને પરસ્પરનો સબધ ચાલુ જ હતો ગમે એટલા પ્રયત્નો છતાય આ સાધુ પુરુષના માનસપટ પર પક્ષીઓની પ્રણય પ્રવૃતિના ચિત્રો ખડા થતા અને એક દિવસ આમ ત્રાસી ગએનો છતા એ સમજ્યો કે એના આત્માને બીજી પણ આખો હતી અને એને દૂર કરવી એ અશક્ય હતું ગૂથાતી ટોપલીને ટેક નીચા વળી વિચાર કરતા કરતા એને સમજાયુ કે ખીડાએલા આત્માની આખો વડે એ ચિતન કરતો તે કરતા ખુલી આખોએ ચિતન કરતો ત્યારે આટલી મુશ્કેલી નહોતી પડતી એને ભારે ચિતા થવા લાગી આનુ કારણ એને સમજાયુ નહિ એટલે એણે વિચાર્યુ કે પ્રભુનો કાઈક અપરાધ થયો હશે અને દિવસરાત એ પ્રાર્થના કરવા લાગ્યો પણ વખત જતા એના આત્માની શાતિ સદતર જતી રહી

એક વખત ગૂથાતી ટોપલી પૂરી થવા આવી હતી ત્યારે જે પ્રસગે

એણે આંખો વીંધી હતી તે ભ્રષ્ટ ચિત્ર એને યાદ આવ્યું. ચણિયો સહેજ ઊંચો કરી, મુલાયમ મોજાં પહેરેલો નાજુક પગ બતાવતી સુંદર યુવતીને પોતાની સામે ઊભેલી એણે જોઈ. ભ્રષ્ટ કરતું આ ચિત્ર દૂર કરવાના એણે મિથ્યા પ્રયત્નો કર્યા. જ્યાં જ્યાં એનો આંખો વિનાનો ચહેરો ફરતો ત્યાં બધે આ સ્ત્રી દેખાતી અને એનું મુક્ત હાસ્ય સંભળાતું. સાધુપુરુષ આક્રોશ કરી પ્રભુને સહાય કરવા વિનવતો હતો. બધું ફોકટ ગયું. આ માદક દૃશ્ય ફરી ફરીને એને ઘેરી વળતું હતું. એની નીલ આંખો ચળકતી હતી તે વખતે ય જે એણે જોયું નહોતું કે જોવાની ઇચ્છા નહોતી તે એને જોવું પડ્યું. અદમ્ય વાસના એના લોહીમાં જોર કરતી હતી.

એને પ્રાર્થના કરવી હતી પરંતુ એના મ્હોંમાંથી પ્રણયભાવના શબ્દો સરીને આ શાંત વનરાજીમાં ઘુવડની ચીસની જેમ પડઘા પાડી રહ્યા.

"મારા પ્રભુ, શા માટે તું મને દુઃખ દે છે? તને પામવાને મેં આંખો વીંધી, પરંતુ હું તો તારાથી ઘણો દૂર છું! પ્રભો, તારો ચમત્કાર બતાવ!"

અને પ્રણામ કરવાને એ ભૂમિ પર પડ્યો. ફરી એ ઊભો થયો અને આકાશ તરફ માથુ ઊંચુ કર્યું ત્યારે ગગન ચંદરવાનું પ્રતિબિંબ ઝીલતા સરોવર જેવી ઊંડી નીલ આંખોમાં તેજ ચમકતું હતું.

બલ્ગેરીઅન લેખક ઇલીન પીલીનની વાર્તા 'સંત સ્પીરીડોન'નો અનુવાદ.

બે વિચારપ્રવાહો : પાન ૩૦૪ થી ચાલુ

દુશ્મનના જુલ્મથી થડકતો નથી એટલું જ નહિ પણ એવા જુલ્મને આમંત્રણ આપીને દુશ્મનને ધરવી દેવા મથે છે. માટે જ ગાંધીજીની અહિંસા એ કોઈ નિષ્ક્રિય વસ્તુ નથી પણ સક્રિય વસ્તુ છે. આવી અહિંસા એ હિંસાનો અભાવ માત્ર નથી પણ પ્રત્યક્ષ કાર્યમાં ઊભરાતો માનવપ્રેમ છે; આ માનવપ્રેમ એ માત્ર લાગણીના વેવલાવેડા નથી પણ પોતાની મર્યાદાના પ્રદેશમા ચાલતી હિંસાનો આકરો પ્રતીકાર છે. આવો વિશ્વપ્રેમ સમાજવાદના ગર્ભમાં પણ પડ્યો છે ખરો. પણ આવા વિશ્વપ્રેમની સ્થાપના કરવા માટે થોડો કાળ હિંસાનો આશરો લઈ લેવો અને વાતાવરણને સાવ સાફ કર્યા પછી વિશ્વપ્રેમ સ્થાપવો એ સમાજવાદનું પણ સ્વપ્ન છે. પણ એકવાર ઉગ્ર વિશ્વદ્વેષ કેળવ્યા પછી વિશ્વપ્રેમનું વાતાવરણ કેવી રીતે ઊભું કરી શકાય એ આપણે સૌએ જોવાનું રહ્યું. પણ સમાજવાદીઓ જો એમના દ્રષ્ટાના દર્શનને બરાબર વળગી રહેશે અને વિશ્વપ્રેમની સ્થાપના કરવાનો આગ્રહ રાખશે તો થોડા જ વખતમાં એમને એમની ભૂલ સમજાયા વિના નહિ રહે. અને તે દિવસે એ ભાઈઓ એમના આજના આગ્રહથી અહિંસાને જગતમાં સિદ્ધ કરી દેખાડે પણ ખરા.

ગાંધીજીની ફિલસૂફીની એક વાત ધ્યાન ખેંચે એવી છે. ગાંધીજી સમગ્ર જીવનને સળંગસૂત્ર જુએ છે અને એ દૃષ્ટિથી જીવનના તમામ વ્યવહારોને માપે છે. એટલે તો આ ઉમ્મરે ઘરડા હોવા છતાં એ નિરંતર જુવાન છે. એમની ફિલસૂફી પણ સર્વગ્રાહી છે. પોતાના વ્યક્તિત્વને બરાબર જાળવીને જ્યાંથી જે સારું મળે તે લેવુ અને પચાવવું એ એમનો જીવનમંત્ર છે. આ જ એમની અહિંસાનું હાર્દ છે. ગાંધીજીની ફિલસૂફી પ્રમાણે વર્તનારા આપણે જો એનું આ હાર્દ સમજીએ તો સમાજવાદને પણ આપણે યથાર્થ સમજવાનો પ્રયત્ન કરશું અને એના પચાવવા જેવા હોય તે અંશોને પચાવશું. આ પ્રમાણે થશે તો જ અને ત્યારે જ આ બે વિચારપ્રવાહોનો મંથર્ષ મટીને સંગમ થશે અને માત્ર આપણા દેશનું જ નહિ પણ આખા જગતનું કલ્યાણ થશે.*

---

* તાજેતરમાં પ્રગટ થનાર 'બે વિચારધારા' નામના પુસ્તકનો આમુખ.

જીવન સૌરભ

શ્રી. છોટાલાલ માનસિંગ કામદાર

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહને અંગે ગાંધીજીની કીર્તિ સારા ભારતમા પૂરેપૂરી પ્રસરી રહી હતી ૧૯૧૫ના જાન્યુઆરીમા ગાંધીજી જ્યારે મુંબઈ ઊતર્યા ત્યારે તેમના માટે શાહી સ્વાગતની ગોઠવણ કરવામાં આવી હતી મદ્રાસ તથા ઘણા તામિલો માટે ગાંધીજીના હૃદયમા સદા માટે સ્થાન હતુ. તેમની બહાદુરી તથા અવિરત ભક્તિની પ્રશંસા કરતા તે કદી થાકતા નહિ, અને તેથી આ ગામ 'હિન્ડનો'ના સમાચારો તથા મિત્રો દૂર દૂરના ગામડાઓમા રહેતા ગરીબ સ્થિતિના, અજાણ્યા—ને શોધી કાઢવાનું તેમના પ્રેમને અનુરૂપ હતુ એપ્રિલ મહિનાની એક સાંજે તેમના પત્ની સાથે તે મદ્રાસ આવી પહોંચ્યા સ્ટેશનના પ્લેટફોર્મ પર આગેવાનો તેમનુ સ્વાગત કરવા હારતોરા લઈને ઊભા હતા બહાર તેમના દર્શનની રાહ જોઈને મોટુ ટોળુ એકઠુ થયુ હતુ. તે વખતે ગાંધીજી આખા ઓછા કપડા પહેરતા નહોતા તે હાથના કાંતેલ સફેદ કપડા પહેરતા હતા તથા માથે મોટી પાઘડી મૂકતા હતા, ત્રીજા વર્ગના એક ડબ્બામાથી બન્ને ઊતર્યા ગામડામાથી શહેર જોવા આવેલ ગરીબ ખેડૂતના કુટુંબની માફક તેમની પાસે લુગડાની ગાંઠડી હતી દૂર દેશમા સેંકડો પરાક્રમ કરી આવેલ વીરના જેવુ આ લાગતુ નહોતુ ગાંધીજી શ્રી જી એ. નાટેસનના મહેમાન થવા હતા શ્રી નાટેસને તેમના જીવન વિષે ઘણુ વાંચ્યુ હતુ છતાં તેમના જીવનની સાદાઈ વિષે તેમને ચોક્કસ ખ્યાલ નહોતો શ્રી નાટેસને એરપ્લેનની તેમની ઓફિસના મકાનમા ઓરડામા એમની જરૂરિયાત ગણી શકાય તેવી સગવડ તૈયાર કરી—બે ખાટલા, એક ગાદીવાળી ખુરશી, એક ટેબલ તથા એક ઊંચુ ટેબલ જ્યારે ગાંધીજીને આ બતાવવામા આવ્યુ ત્યારે થોડી વાર તે તાકીને જોઈ રહ્યા અને પછી ખડખડાટ હસી પડ્યા તેમણે કસ્તુરબાના ઓરડામાથી ખાટલા, શેતરંજી તથા બધુ ફર્નિચર કાઢી નાખવાનુ કહ્યુ જ્યાંસુધી મોજશોખના સાધનો દૂર ન થાય ત્યાંસુધી તેને ઘર જેવુ લાગવાનુ નહોતુ

*

એપ્રિલની ૨૧મી તારીખે મદ્રાસના શહેરીઓએ વિક્ટોરિયા પબ્લિક હૉલમા ડૉ. સર સુબ્રમણ્ય આયરના પ્રમુખપણા નીચે તેમને એક માનપત્ર આપ્યુ માનપત્રનો જવાબ વાળતા ગાંધીજીએ જણાવ્યું કે 'સાહેબ આ ભાષણમા વપરાયેલ ભાષાના દશમા ભાગ માટે પણ અમે લાયક હોઈએ તો દક્ષિણ આફ્રિકામા જે લોકોએ પોતાના જીવન અર્પણ કર્યા છે અને તેમ કરીને તમારા પીડિત દેશભાઈઓ વતી પોતાનુ કાર્ય પુરુ કર્યું છે તેમના માટે તમે કઈ ભાષા વાપરશો ? સત્તર અને અઢાર વર્ષના કુમારો નાગાપન અને નારાયણસ્વામી—જેઓએ માતૃભૂમિની આબરૂ ખાતર બધા દુખો કષ્ટો તથા અપમાનો સહન કર્યા—તેમને માટે કઈ ભાષા વાપરશો ? સત્તર વર્ષની સુકુમાર બાળા વાલીયામાને મારિત્ઝબર્ગના કેદખાનામાથી મુક્ત કરવામા આવી ત્યારે તાવને અંગે હાડકાં તથા ચામડી જ બાકી રહ્યા હતા અને લગભગ એક મહિનામા મૃત્યુ પામી તેને માટે કઈ ભાષા વાપરશો ?

*

થમ્બુચેટ્ટીસ્ટ્રીટમા શ્રી નાટેસનના ઘરમા ગાંધીજી રહેતા હતા ત્યારે એક દિવસે તે તેમની સાથે એક પંચમ બાળકને લાવ્યા તેમને તે નોકર રહેતા હતા શ્રી નાટેસનને અસ્પૃશ્યો પ્રત્યે સહાનુભૂતિ હોવા છતા તેમની સ્થિતિ સુધારવાની તેમની પ્રબળ ઈચ્છા હોવા છતા પોતાના ઘરમા પંચમ બાળકને રાખવા જેટલા તે તૈયાર નહોતા પરંતુ ગાંધીજીનું વર્તન વાણીને અનુરૂપ હોવુ જ જોઈએ એટલે પોતાના કાર્યની નવીનતાથી અજાણ હોઈ તે તો છોકરાને સીધો ઘરમા લઈ ગયા ઘરમા શ્રી નાટેસનના માતુશ્રી પણ રહેતા હતા તેમની રીતે તે ખૂબ જ ચુસ્ત હતા આ ઉપરાંત બીજા અંતેવાસીઓ પણ આ આભડછેટથી આભા જ બની ગયા બે જ વર્ષ પહેલા શ્રી નાટેસને દલિત વર્ગ પરિષદના પ્રમુખપદેથી અસ્પૃશ્યો તરફના ઉચ્ચવર્ગના વર્તનની ઝાટકણી કાઢી હતી ગાંધીજીએ તે ભાષણ વાંચ્યુ હતુ અને તેથી તેમના ઘરમા બાળકને લઈ જવામા કશી મુશ્કેલી નહિ આવે તેમ તેમણે કુદરતી રીતે જ ધાર્યું હશે શ્રી નાટેસન મુશ્કેલ પરિસ્થિતિમા આવી પડ્યા એક બાજુ ગાંધીજી પ્રત્યેનો તથા પોતાના સિદ્ધાંતો

પ્રત્યેનો ભાવ અને બીજી બાજુ વૃદ્ધ માતાની લાગણી ન દુઃખાય તે જોવા માટેની પ્રેમભરી આતુરતા! પરિસ્થિતિ ખરેખર મૂંઝવે તેવી હતી. આ પરિસ્થિતિ જોઈને ગાંધીજીએ પોતાની શાંત રીતે તેનો ઉકેલ લાવવાનો નિર્ણય કર્યો. જ્યારે નાઈકર માંદા પડ્યા અને ગાંધીજી કલાકોના કલાકો સુધી દરદીની પાસે બેસીને તેની સારવાર કરવા લાગ્યા ત્યારે તે તક મળી ગઈ. ગમે તેટલા ઉપદેશ કરતાં આ મૂંગું કાર્ય વધારે અસરકારક નીવડ્યું અને શ્રી. નાટેસનને જણાયું કે તેમના વૃદ્ધ માતા નવી પરિસ્થિતિને અનુકૂળ થતા જ હતા.

*

શ્રી. નાટેસન એવા જ બીજા મહત્વના પ્રસંગનું વર્ણન આપે છે.

મહાન દેશભક્ત તથા પત્રકાર શ્રી. જી. સુબ્રમણ્ય આયરના ઘેર તેમની સાથે ગયાનું મને યાદ આવે છે. શ્રી. આયર ભયંકર દર્દથી પીડાતા હોવા છતાં દેશના માટે પોતાનાથી બનતું કરી રહ્યા હતા. ગાંધીજીના કાર્ય માટે દેશ મગરૂર હોવાનું આયરે જણાવ્યું અને દુઃખીદિલે પોતાની અશક્તિ વ્યક્ત કરી કે ભયંકર દર્દને લઈને અશક્ત બનવાથી હું દેશના માટે જરા પણ ઉપયોગી નથી પોતાની અસહાય સ્થિતિનું વર્ણન કરતાં તે રડી પડ્યા. 'તમે દેશને માટે મહાન કાર્ય કર્યું છે અને તમારે દિલગીર થવાનું કારણ નથી.' એમ કહીને ગાંધીજીએ તેમને દિલાસો આપ્યો અને પોતાના કપડાના છેડાવની એકદમ તેમનાં ધાગે લૂછી નાખવા લાગ્યા મને તથા મારા મિત્ર મિ. (હવે રાઈટ ઓન. ડૉ.) શાસ્ત્રીને આ અદ્ભુત દૃશ્ય જોઈને મનમાં બહુ અસર થઈ.

*

ગાંધીજીએ પોતાના બાળકોને કેવી રીતે ઉછેર્યા તે સંબંધી શ્રી. નાટેસન કહે છે કે, આધુનિક કેળવણીની ઉપયોગીતામાં ગાંધીજીને કદી વિશ્વાસ ન હોવાથી તેમણે પોતાના પુત્રોને આવા કોઈ દૂષણથી મુક્ત રાખ્યા હતા. ગાંધીજીની અનંત રોકાણો હોવા છતાં તેમણે પોતાના પુત્રોને કેળવણી આપવાનું પોતાના માથે રાખ્યું હતું. અત્યારે વર્તમાનપત્રોના જગતમાં જોખમદારી ભર્યું સ્થાન ભોગવતા દેવદાસને શાળાની કે કોલેજની કેળવણી મળી નથી. એક જ છત્ર હેઠળ મહાન પિતાની સેવા કરવી તે પોતે જ ઉદાર કેળવણી છે. તેના કિસ્સામાં તો ગમે તેમ પણ તે વાજબી ઠર્યું છે. મને યાદ છે કે ઈ. સ. ૧૯૧૮માં હિંદીનું પ્રચાર કાર્ય કરવા માટે ગાંધીજીએ દેવદાસને મારે ત્યાં રહેવા માટે મોકલ્યા હતા. મહાત્માજીએ મને લખ્યું હતું કે 'તે ગુજરાતી કુટુંબમાં રહે તેમ મારી ઇચ્છા નથી. તેણે તામિલ ભાષા શીખવાની છે તથા હિંદી શીખવવાની છે.' આ કેળવણીની ગાંધી પ્રથા છે. દેવદાસે પોતે પોતાની સંભાળ રાખવી જોઈએ. જો તે માંદા પડે તો તેમાં તેનો જ દોષ છે. એક વખત મારા ઘરમાં તે માંદા પડ્યાનું સાંભળીને તેમણે મને લખ્યું કે 'મેં એવી આશા રાખી હતી કે દેવદાસ માંદા પડવા જેવું અસભ્ય વર્તન ચલાવશે નહિ.'

*

શ્રી. નાટેસન ગાંધીજીના બીજા પુત્ર મણિલાલ (અત્યારે તો 'ઇન્ડિયન ઓપિનિયન'ના તંત્રી) સંબંધી એક બનાવનું વર્ણન કરે છે. ગાંધીજીએ સ્થાપેલ સત્યાગ્રહ આશ્રમના મણિલાલ અંતેવાસી હતા. આશ્રમવાસી તરીકે આશ્રમના નિયમો પાળવા તે બંધાયેલ હતા. હવે નિયમોમાં કંઈ પણ મિલકત ન રાખવાનો નિયમ હતો. આશ્રમમાં દાખલ થયા પહેલાં મણિલાલના સેવિંગ્સ બેંક ખાતામાં નાની સરખી રકમ હતી દૂર રહેતા તેના એક ભાઈએ મણિલાલ પાસેથી થોડા પૈસા મગાવ્યા. પોતાના ભાઈને મદદ થાય અને પૈસાનો આ રીતે નિકાલ થઈ જાય તેમ બેવડા હેતુથી મણિલાલે બેંકમાંથી પૈસા ઉપાડીને તેના ભાઈને મોકલી આપ્યા. વખત જતાં પૈસાની રસીદ આશ્રમના સરનામે ગાંધીજીના હાથમાં આવી. પોતાનો જ પુત્ર આશ્રમની શિસ્ત એટલે અંશે ભૂલી જાય કે પોતાની મરજી મુજબ વાપરવા માટે ખાનગી પૈસાની માલિકી ધરાવે—આ વસ્તુ ગાંધીજીના મનથી એવો ગુનો હતો કે જેનું યોગ્ય પ્રાયશ્ચિત કરવું જ જોઈએ. મણિલાલના ખુલાસા તથા તેની માતાની વિનવણી છતાં ગાંધીજી તેને આશ્રમમાંથી કાઢી મૂકવા તૈયાર થયા.

એક રાત્રે જ્યોર્જ ટાઉનના મારા નિવાસસ્થાને આવીને મણિલાલે તેના પિતાનો પત્ર મને આપ્યો ત્યારે આ વાતની મને ખબર પડી. પત્રમાં બીજી બાબતો ઉપરાંત જણાવ્યું હતું કે મણિલાલ પાસે કડક શિસ્ત પળાવવી. તેણે પોતાનું ભોજન હાથે રાંધી લેવું અને કાંતતા શીખી જવું.

[અનુસંધાન પાન ૩૧૨]

રજવાડી હિંદનો પરાજય

લેખક :
મગનભાઇ દેસાઇ

ખંડ બીજો (ચાલુ) પેશવાઇનું પતન [૧૭૯૬–૧૮૦૨]

[પેશવાઇના મુખ્ય સામંતો ને મુત્સદ્દીઓના કેવા ઢંગ હતા એ આપણે ગયા અંકમાં જોયું. હવે ખુદ પેશવાના હાલ જોઇએ]

૬
છેલ્લો પેશવા

'મરાઠા રાજ્ય શિવાજીએ રચ્યું, તેના પુત્ર સંભાજી ને રાજારામે પોતાનાં પ્રાણ ખરચી તેનું રક્ષણ કર્યું પછી બાજીરાવ આદિ પેશવાઓએ, સિંદે, હોલ્કર, ભોંસલે વગેરે પરાક્રમી સરદારોની સહાયથી, તે રાજ્યને વધાર્યું અને આ વૃદ્ધિ સદાશિવરાવ ભાઉ તથા માધવરાવે પોતાનો દેહ ખર્ચી પૂર્ણ કરી આવા આ મરાઠા રાજ્યને આખરી મજલે પહોંચાડનારા ગ્રહ પણ તે જ પેશવાઓના ઘરમા પેદા થયા, તે રઘુનાથરાવ (રાઘોબા) અને તેનો પુત્ર બાજીરાવ હતા પહેલા મંડળીએ ઇતિહાસમા જેવી કાયમી કીર્તિ મેળવી, તેવી જ કાયમી અપકીર્તિ આ બે જણે વહોરી તેમ છ્તાં બાજીરાવની (બીજો) અપકીર્તિનો જોટો તો સમગ્ર જગતમા ન મળે એક સરખી ઠોકરો ખાતા છતા, અને ઘડીએ ઘડીએ પ્રત્યક્ષ અનુભવો થતા છતા, જે પુરુષે પોતાનુ વર્તન જરા પણ બદલ્યુ જ નહિ, અરે! આપણે બે કૂ કરીએ છીએ એવી ભાવના જ જેને જન્મભર થઈ નહિ, તે માણસની મનોરચના જ કાઇક અજબ હોવી જોઈએ કારણ એવડા પરાક્રમી પુરુષોએ કમાયેલા રાજ્યને ગુમાવવા માટે આ માણસે તલભાર ખેદ ન બતાવ્યો એટલુ જ નહિ, તેણે પછીના પોતાની ઉમરના ૩૩ વર્ષ એકસરખી પહેલા પેટની મોજમજા ને એશઆરામમા ગાળ્યા એના જોટાનો બીજો આદમી સામાન્યપણે મળે એમ નથી

(સરદેસાઈ પુ૦ ૩, પા ૧–૨)

મરાઠા રાજ્યમંડળના અને હિંદ આખાના આ વિષમ કાલે બીજા બાજીરાવ જેવો તદ્દન નાલાયક માણસ પેશવા હોવો એ એક કમનસીબ જ કહેવાય આ માણસને એક જ ધૂન હતી અને તે પેશવા થઈ મનસ્વી રીતે વર્તવાની અને તેનુ મનસ્વીપણું એક હલકટ માણસને છાજે એવુ હતુ જો નાના ફડણીસનુ ચલણ હોય તો પોતાનુ ન હોય,—તેથીજ નાનાની જોડે અણબનાવ! નાનાને કોઈ જો દબાવી શકે તો તે લશ્કરી બળવાળો સિંદે,—તેથી જ સિંદે જોડે ગુપ્ત કરાર કે, તારે નાના જીવે ત્યા સુધી મને ઉપાડીને પૂના બહાર ન જવુ મોગલ સામ્રાજ્યના વારસ સમા મરાઠા રાજ્યમંડળના અધિપતિની ટૂંકમા આ મનોદશા!

અને પોતે મનસ્વી બનીને કરવા શુ માગતો? સિંદેને પોતાની સહાયમા રાખીને નાના ફડણીસને દબાવી કઈ કામગીરી બતાવી? શેને પોતાની કરતબગારી તે સમજ્યો? તેનો સમકાલીન ઇતિહાસકાર એલ્ફિન્સ્ટન એ વિષે લખે છે તે જ જોઈએ

'સ્નાનસંધ્યાદિ કામોમા તેનો જેટલો વખત જાય છે તે સિવાયનો બાકીનો બધો વખત દુરાચાર અને લાજવે એવા કામોમા જાય છે બહારથી તે મોટે મર જાદી પોતાને બતાવે છે પરંતુ મસ્કરી મંડળી અને નિર્લજ્જ સ્ત્રીઓ વચ્ચે બેસી પહોર ઘડી ગાળ્યા વગર તેનો દિવસ જતો નથી તે મંડળીમા બીભત્સતા અને વ્યભિચારના જે અત્યંત નિંદ્ય પ્રકાર ચાલે છે તે એવા જાત છે કે તે વિષે બોલવા જેવુ જ નથી આ મંડળીમા આવનારી સ્ત્રીઓ બહુધા મોટા લોકોની જ હોય છે જે સરદાર પોતાની સ્ત્રી સરકારના વાડામા ન મોકલે તેના ઉપર શ્રીમંત સરકાર—પેશવાની અવકૃપા થાય છે'*

'પેશવાનો શનિવારવાડો આજ સુધી મરાઠા રાજકારણનુ કેન્દ્ર હતો તે કેમાણે બીજા બાજીરાવે હવે નાચરંગ અને તમાશા શરૂ કર્યા! વારાંગનાઓના શૃંગારયુક્ત હાવભાવ જોવા અને નખરાવાળી તેમની લાવણીઓ સાંભળવી, એનો તે માણસને અતિશય શોખ હતો'

વિચિત્ર તો એ છે કે, આવી લંપટતાની સાથે આ માણસ મોટો કર્મઠ વેદિયા બ્રાહ્મણ હતો! સ્નાનસંધ્યા ને દાનદક્ષિણા તથા હોમહવન આદિમા ખૂબ ધન ઉડાવતો એટલે સુધી કે, તેનાથી રાજ્યની આવક પર અસર પડે અને તેથી તેણે તરેહ તરેહના નવા નવા કરો નાખવા માંડ્યા એક કર તો તેણે એવો નાખ્યો કે, હું પેશવા થયો તેથી પ્રજાને સંતોષ થવો જોઈએ, તે પેટે દરેક પોતાને ઘટે તે પ્રમાણે 'સંતોષ-વેરો' આપવો જોઇએ!

અને તે એવો તો વહેમી હતો કે, કશુ કરવા પહેલા મુહૂર્ત ને શુકન જોતો 'પરંતુ આ બધુ તેનુ વર્તન તેના એશઆરામ અને ચેનબાજીની આડે નહિ આવતુ,' એમ ટકોર કરી એક પરદેશી સમકાલીન (એલ્ફિન્સ્ટન) કરે છે

આવા પુરુષના રાજ્યમા પ્રજાના શા હાલ થાય તે કલ્પવુ સહેલુ છે વાસુદેવ શાસ્ત્રી ખરે લખે છે —

"આ વેળાના પત્રોમા જે મુખ્ય હકીકત મળે છે તે વિષે એક ખાસ વાત એ છે કે, તેમાંના ઘણાખરા પત્રો લૂંટફાટના મજકૂરથી ભરેલા મળે છે કોલ્હાપુર, રાવ સિંદેની વિધવાઓ, સિંદે હોલ્કરની ફોજો, પઠાણ મોગલ ફોજો અને તેમના અમલદારો તથા નોકરો-બધ નો ઘાઈ સદા રૈયત પર જ ઉભો રહેલો હોતો જે તે ખંડણી માગે, ગામ લૂંટે બાળે કતલ કરે, હોરઢોર લઈ જાય, બાળબચ્ચા પકડી

---

*અને આ ઉપરાંત તો એવી એવી ભ્રષ્ટ વાતો સમકાલીન લોકોએ લખી છે કે જે વાંચતા ચીતરી ચડે મરાઠા સત્તા પડવાનુ ગૂઢ કારણ પણ ત્યારે એમાંથી જ મળી આવે છે

લઈ જાય, રૈયતનાં મુખ્ય માણસોને પકડી લશ્કર જોડે હીડાડે, માણસોનાં મોઢાં પર મેશ ચોપડે,—આવા પ્રકારની વાતો એક નહિ, બે નહિ, બધા જ પત્રોમાં જોઇને કંટાળો આવે છે. મરાઠી રાજ્યની અવનતિ કેવી રીતે ને કેટલા ઝપાટાથી થતી જતી હતી તે આ ઉપરથી દેખાય છે.'

(સર દેસાઇ પુ. ૩. ૫૫૧)

બાજીરાવ ઇ. સ ૧૭૯૬માં પેશવા પદે આવ્યો; ૧૮૧૮માં પદભ્રષ્ટ થઇ પરદેશીઓનું પેન્શન ખાતો ઠેઠ ઈ સ ૧૮૫૧ સુધી જીવ્યો. ૨૨ વર્ષની પેશવાઈમાં તેણે એકે ચડાઇ કે લડાઈ ન કરી.* કરવામાં કર્યું તો એટલું જ કે સ્નાનસંધ્યા અને રંડીબાજી વગેરેનાં અમનચમન ઈતિહાસકાર ખરે કહે છે: "દુર્વ્યસન એ જ એક એવો દોષ છે કે જે શ્રીમંત સરકારમાં નહોતો." આવા રાજવીઓએ જ રાષ્ટ્રનાં પતન કરાવ્યાનો ઈતિહાસ છે; અને મરાઠા રાજ્યનો નાશ પણ એ જ સનાતન શીખનો દૃષ્ટાંત છે— અંતે પતન પૂર્વે ચારિત્ર્યની ભ્રષ્ટતા હોય જ છે. આ કાળના બે આગેવાનો-પેશવા ને સિંદે બેઉ સરખા અવિચારી અને અલ્પદૃષ્ટિ હતા● સિંદે પણ ચારિત્ર્યહીન હતો એમ ગવાતું હતું.

નાના ફડણીસ પેશવાની આ સ્વચ્છંદિતાને ય પહોંચી વળત પણ તેને પીઠબળ દેતો બેફામ–બળિયો સિંદે, તેને સારુ, પૂનામાંથી ટળવો જોઈએ છેવટ સુધી–૧૮૦૦માં પોતે મરણ પામ્યો ત્યાં સુધી નાના એ ન પામી શક્યો કે, સિંદે પેશવાએ તો છૂટા ન પડવાના છૂપા કરાર કર્યા છે. અને સિંદે રહ્યો રહ્યો પોતાના વર્ચસ્વની આડે આવતા માનેલા નાનાનો સમૂળગો નાશ કરવામાંથી પાછો જ ન પડ્યો. હવે તેણે નાનાની ઉપર જ સીધો હાથ નાખ્યો.

૭

નાના ફડણીસનું મરણ

'એની જોડે મરાઠા રાજ્યનું ડહાપણ અને મર્યાદા બધું જ ગયું.'

—પૂનાનો અંગ્રેજ રેસિડેન્ટ.

'૧૮મા સૈકાનો સૌથી મહાન રાજપુરુષ નાના ફડણીસ : પોતાનો રાષ્ટ્ર–મરાઠાઓ આ જોખમભર્યા દાયકાઓમાં, કંપનીના સર્વજિત ચક્ર તળે આવી જતાં બચાવનાર તે પુરુષ હતો.'

—થોમ્સન–ગૅરેટ પા. ૨૧૩

સિંદે પૂનામા રહે તો તેનું ખર્ચ તેને મળવું જોઈએ. અને તેનું જોર તેની મોટી સેના ઉપર; એટલે તેનું ખર્ચ પણ ભારે. તેથી પૈસાના તગાદા તો સિંદે કર્યા જ કરતો.

બીજી બાજુ જોતાં, કારભારું નાનાના હાથમાં; તેની ધનસત્તા પણ ભારે મોટી હતી. પેશવાએ સિંદેને આ તગાદાના જવાબમાં કહ્યું, હું નાનાને કેદ કરી તેના પક્ષનું બધું ધન લૂંટી લે યા પૂના લૂંટીને પૈસો મેળવ, તેમાં મને મુદ્દલ વાંધો નથી; પરંતુ તારે પૂના તો છોડવું નહિ. પછી બેફામ સિંદેને શું પાછું વળીને જોવા જરૂર હતી? તેણે નાના ફડણીસને કેદ કરવાનો પેંતરો રચ્યો. આ અને હવે પછી જે કાળાં કર્મ તે કરે કરાવે છે તેમાં તેને મુખ્ય મદદ કરનાર તેના નીચ અને ક્રૂર સસરાનું નામ અહીં યાદ કરવું જોઈએ, કેમ કે હવે પછીના કારસ્તાનોમાં તે માણસ બાજીરાવ દૌલતરાવ જોડે ત્રીજો અપજશિયો બને છે, તેનુ નામ સરજેરાવ ઘાટગે. ૧૭૯૯માં આ માણસની રૂપાળી કન્યા જોડે દૌલતરાવનું લગ્ન બાજીરાવે ગોઠવી આપ્યું. અને ત્યારથી સસરાએ જમાઇનો કારભારી બની જેરથી પોતાની દાદાગીરી ચલાવવાની શરૂઆત કરી: પૂના લૂંટવાના કામની આગેવાની એણે જ લીધી અને બીજાં તો એટએટલાં ને એવાં અપકૃત્યો આ માણસને નામે ઈતિહાસમાં ચડ્યાં છે કે, વિન્સેન્ટ ટૂંકમાં કહે છે—'આ ખરાબ દહાડાઓમાં સૌથી દુષ્ટ અધમ પુરુષ હોય તો દૌલતરાવનો સસરો ને કારભારી (ઘાટગે) હતો. ....મારી નાંખવાના અવનવા ને કારમા પ્રકારો યોજવામાં તથા નિરાધાર બીચારા પ્રજાજનોને લૂંટવામાં એ માણસને એક પ્રકારનો રાક્ષસી આનંદ આવતો! પ્રજાને તેણે ભારે જુલમી રીતે કચરી ને સતાવી. તે જીવ્યો પણ ઘટે તે કરતા લંબું—૧૮૦૯ સુધી. તે સાલમાં એક મરાઠા સરદારે તેને પોતાના ભાલાથી વીંધી નાખ્યો, ને એમ કરીને એક એવા રાક્ષસથી જગતને છોડાવ્યું કે જેના કરતાં વધારે ખરાબ માણસોએ ભાગ્યે જ જગતને બદનામ કર્યું હશે.'

(તેનો ઈતિહાસ પા. ૫૯૭)

દૌલતરાવે આ કાળમાં સરજેરાવ ને તેના જેવાઓની એક ટોળી જમાવી હતી. તેમણે વિચાર્યું કે, નાનાને જો પકડવો હોય તો વિશ્વાસઘાત વગર બીજો રસ્તો જ નથી અને, આપણા વચન ઉપર તો નાના ભરોસો નહિ જ રાખે, એ સિંદે-ટોળીને ખબર હતી તો શું કરવું? સિંદેની નોકરીમાં માઇકેલ કરીને એક સેનાપતિ હતો. 'તેવા (ગોરા) લોકનાં નેક વચન બાબત આપણા લોકમાં પ્રતિષ્ઠા હતી.' (ખરેકૃત 'નાના ફડણીસ' પા. ૨૦૪)

---

* "બીજા બધા પેશવા કરતાં વધારે –૨૨ વર્ષ બાજીરાવે કારભાર કર્યો. તેમાં વસાઈના કરાર (૧૮૦૨) પૂર્વેનાં ૬ વર્ષ જોઈએ તે કરવાને તે મુખતિયાર હતો. પણ તે દરમિયાન તેને જરાય શ્રેય આપી શકાય એવી એકે રાજકારણી વાત દેખાડી નથી શકાની તેણે જાતે એકે ચડાઇ ન કરી; એકે ખાનદાન જૂના સરદારનું પીઠબળ તેને મળ્યું નહિ"

(સર દેસાઈ પુ ૩, ૫૫૨)

● બાજીરાવ અને દૌલતરાવ સિંદેની જોડીનું વર્ણન સર ખરે આમ આપે છે.— "રૈયતનું રક્ષણ કરવાનો વિચાર દૌલતરાવના ભેજામાં કદી પેઠો જ નહિ. પોતાનો નિર્વાહ કરવા સરુ રૈયતનો નાશ કરવામાં તેને કદી દયા આવી નથી. રૈયતને મારી ટીપીને તથા કચડીમચડીને એટલી દીનદૂબળી બનાવી કે, ચોરડાકુથી પોતાનું રક્ષણ કરવાની હિંમત પણ તેમનામાં બિલકુલ રહી નહિ. ક્યાં ઇ સ ૧૭૦૦નું મહારાષ્ટ્ર અને ક્યાં ઇ. સ ૧૮૦૦નું! ફક્ત એક જ વ્યક્તિનું દૌલતરાવે ભલું કર્યું ને તે બાજીરાવ...રાજ્યનો નાશ થાય તે બહેતર પણ હું જ પેશવાઈ પર આવનાર એ તેનો દુરાગ્રહ હતો. લોકોને તે જરાય જોઇતો નહોતો.'

(સરદેસાઈ ૩–૫૫૨)

સિંદેએ વિચાર્યું કે, તેનો લાભ લઈ માઇકેલ મારફત દગો કરવો માઈકેલ મારફત સિંદેએ નાનાને કહાવ્યુ કે, હુ હવે ગ્વાલિયર જાઉં છુ, મને કરાર પેટેના રૂપિયા આપો સિંદેને ઓળખી ગયેલ નાનાએ કહ્યુ જરૂર, હુ ઉપર, કરાર પ્રમાણે અધ-રસ્તે અને પહોંચ્યે ફરાવેલા હપતા ચૂકવીશ ઈ સ ૧૭૯૭ના છેલ્લા દિવસે સિંદે નીકળે છે એમ ઠર્યું તે દિવસે નાના સિંદેને જે જે કરવા મળે ત્યારે ફરી દગો ન થાય તેની જામીનગીરી માઇકેલે આપી ને બાઇબલ ઉપર સોગન ખાધા એમ નાના અને સિંદે મળ્યા, પછી કાંઈક ગુસપુસ કરવાને નિમિત્તે માઇકેલ અને નાના અલગ ગયા અને ત્યા પેલા બેઈમાન ગોરાએ નાનાને કેદ કરી સિંદેને સોંપ્યો ! પૂનામા આની ખબર પહોંચતા લોકોમા હાહાકાર વર્ત્યો પણ બાજીરાવે નાનાના પક્ષના મુખિયાઓને આ વખતે ટપોટપ પકડી લઈ કેદમા નાખ્યા આમ કરીને સિંદે ને બાજીરાવે નિરાંત માની કે નાનાનું શૂળ છેવટે ટળ્યુ પછી પૂનાના ઘડ બેઠા ત્રણ ચાર માસમા જ નામીચા પેલા ધાટગેએ પૂના લૂટીને ૨-૩ કરોડ રૂપિયા મેળવ્યા, અને નાનાના પક્ષના જેને તેને કનડવા લાગ્યો આ બધું સુધી ગયુ કે આવા કામોની રજા આપનાર થરથરી ગયો ને પાપભીરુ બની સિંદેનુ પાપ હવે તો જાય તો સારુ, એવી બુદ્ધિ કરવા લાગ્યો આને માટે તેણે બે સદે અને નિઝામ જોડે કરાર કર્યા

સિંદેને આની ખબર પડી એટલે તેણે પોતાની કેદમા રાખેલા નાનાની જ જોડે કરાર કર્યો કે, તુ જો પેશવાએ મારી સામે કરેલો આ કરાર રદ કરાવી આપે તો હું તને છોડુ ને ફરી પેશવાનો કારભારી થવામા મદદ કરુ, આ કરવા બદલ મને ૨૫ લાખ રૂપિયા તારે આપવા પોતાના બે સામાવાળિયા અંદરઅંદર લડે ને તેમા પોતાને ફૂટવાનો લાભ મળે તે કોણ જતો કરે ? નાનાએ રૂપિયા ભરી છુટકારો મેળવ્યો (ઇ સ ૧૭૯૮) સિંદેએ પેશવાને કહ્યું કે નાનાને કારભારી બનાવો પેશવા આ ઉપરથી સમજી ગયો કે, જેને જોર નાનાની સામે હુ ઘતો તે જ જો આમ કહે તો બીજુ થાય પણ શુ ? તેને જવાબમા હા કહેવી પડી નાના અને સિંદે એકેકને ઠેકાણે પાડવાની તેની યુક્તિ આમ હેઠી પડી

પણ નાનાએ ફરી કામ પર આવવાની ના પાડી પેશવાની હલકાઇ તે હવે પૂરી પામી ગયો હતો પણ બાજીરાવ નાનાને કરગરી પડયો ને પેશવાના ઘરને નામે તેને કહ્યુ કે, તુ કામ લે અને રાજ્યની દુર્દશા ટાળ આ અપીલની નાનાથી ના ન પાડી શકાઇ તે ફરી કારભારી થયો (નવેમ્બર ૧૭૯૮) આ જ અરસામા પછી વેલેસ્લીએ ટીપુને હરાવી બાજીરાવને સહાયકારી લશ્કર લેવા લખ્યુ અને નાનાએ તેની સાફ ના પાડી

નાનાને કારભારી તો બનાવ્યો, પણ સિંદે બાજીરાવ તો એના એ જ રહ્યા સિંદે ગ્વાલિયર ભણી જાય તે બાજીરાવને ગમે નહિ કેમ કે તે પછી કોને આશરે સ્વચ્છંદ માણે ? અને સિંદે રહે તો પૈસા જોઈએ, એટલે તેના તમામ કર્યા જ કરે ઉપરાંત મહાદજીની વિધવાઓ જોડેનો દોલતરાવનો ટંટો એટલો તો વધી ગયો હતો કે તે પતાવવા માટે તેને નાનાનો આશરો લેવો પડયો નાનાને પોતાની કેદમાથી છોડતી વેળા જ એણે આ શરત તેની જોડે કરી હતી નાનાએ એ ઝઘડો, તે મુજબ, પતવી આપ્યો આ પણ એક સ્વતંત્ર રસિક પ્રકરણ છે, જે અહીં છોડવુ જોઈએ

આ જાતના સડેલા તંત્રમા પણ નાનાએ છેવટ સુધી મરાઠા રાજ્યમંડળની સેવા કરી, છેવટ સુધી અંગ્રેજોની ચાલબાજીની એક વાત ચાલવા ન દીધી એમ સેવા કરતો હિંદનો આ છેવટનો આઝાદ રાજપુરુષ ૧૮૦૦ના માર્ચમા મરણ પામ્યો આખી પૂના નગરી શોકમા ડૂબી ગઈ પણ તેની સાથે અંગ્રેજોના દાવ ફાવવાના દ્વાર ઊઘડયા તે ઊઘડયા

તે પ્રકરણ હવે પછી

–ચાલુ

જીવન સૌરભ

[પાન ૩૦૯થી ચાલુ]

શ્રી. નરીમન એક બીજા બના વનું વર્ણન કરે છે

ડૉ બિમટે અઘાર આનવાનું ગાંધીજીને આમંત્રણ આપ્યુ હતું થિઓસોફીકલ સોસાયટીના સુંદર સ્થળમાં અમારુ સ્વાગત કરવામા આવ્યું, જે માનનીય બાઇએ દેશની સેવામા પોતાનું આખુ જીવન અર્પણ કરી દીધું તેને માટે ગાંધીજીને ખૂબ માન હતું ડૉ બિસંટ અમને ફર્નિચરવાળા બધા ફક્કડ ઓરડા બતાવ્યા પછી પાડોશના એક ઝૂંપડામા લઇ ગયા ત્યા અસ્પૃશ્યોની શાળા હતી, હવે એક રીતે તો પંચમોને કેળવણીની સગવડ આપવાની ડૉ બિસંટે પહેલ કરી હતી, પરંતુ એક પ્રકારના લોકો માટે શાહી સગવડ વાળા મકાનો તથા બીજાને માટે હલકા નિવાસસ્થાન તે વસ્તુ ગાંધીજી સહન ન કરી શકે તેવી હતી

ગાંધીજીને એટલું બધુ તીવ્ર દુખ થયુ કે ત્યા રાત રહેવાનો કાર્યક્રમ બદલીને જ્યોર્જટાઉનમા પોતાના ઉતારામા પાછા ફરવાનો તેણે નિર્ણય કર્યો મે તેમને ખૂબ સમજાવ્યા અને બીજી બાબતો સાથે એમ પણ બતાવ્યુ કે 'તેથી ડૉ બિસંટને ખૂબ દુખ થશે અને મારા પ્રત્યે તેને બહુ ખરાબ લાગશે' પરંતુ આ બધુ નકામુ હતું ગાંધીજી પોતાના નિર્ણયમાં મક્કમ હતા મોડી રાત્રે તે અઘારથી ઉપડી ગયા

સીરિયા લેબેનોન

પી. રા. ભારદ્વાજ



ઊ. ન. માટે ખાસ

યુરોપે જ્યારથી ધરતીનો ખોળો ખૂંદવાની શરૂઆત કરી ત્યારથી યુરોપના મહારાજ્યોમાં ગણાતા સ્પેન પોર્ટુગાલ અને હોલાંડ ક્રમશઃ ભાંગતાં તૂટતા વેરણછેરણ વિખરાઈ ગયા છે. અને એય ખરું છે કે વિશ્વવ્યાપી સામ્રાજ્ય સ્થપાતાં જેમ સૈકાઓ લાગે તેમ તેને ભાગતાં પણ સૈકાઓ તો લાગે જ. પ્રજા જે વખતે બુદ્ધિ અને શક્તિનું દેવાળું કાઢે ત્યારથી માંડીને એ સામ્રાજ્યને સાવ ફડચામાં જતાં સુધીમાં વર્ષો તો જરૂર વીતી જાય છે. છતાં એની પડતીના શ્રીગણેશ તો ત્યારથી જ મંડાય છે. હોલાંડ–વલંદાઓ પછીના યુરોપીય ચક્રવર્તીપદના વારસદાર ફ્રેંચો, લુઈ ૧૪ મા અને નેપોલિયનના વખતમાં યુરોપમાં ઠેઠ સ્પેનથી માંડી રશિયાના બારણા ખખડાવતા ધરતી ઉપર પોતાની હાક બોલાવતા એટલું જ નહિ પણ એના વ્યાપારી અને સંસ્થાનિક હિતો તે દહાડે પૃથ્વી ઉપર પગલે પગલે વેરાયેલા પડયા હતા. પણ એ ચક્રવર્તી પદ જ્યારથી બ્રિટનને સાંપડયું ત્યારથી ફ્રાંસનો અસ્તકાળ બેઠો છતાં ભાંગ્યું તોય ભરૂચ એ ન્યાયે પહેલા વિશ્વયુદ્ધના વિજેતાઓ જ્યારે ધરતીના પટોની વહેંચણી કરવા બેઠા ત્યારે મહારાષ્ટ્રોમાના એક તરીકે ફ્રાન્સ પણ સારો ભાગ પડાવી ગયું. સીરિયા એ ભાગમાનો સારો એવો અને મોટો ટૂકડો હતો.

ઈતિહાસના ઉગમ કાળથી જ અનોખો ઇતિહાસ રચતો આવેલ આ દેશ પૃથ્વી પ્રવર્તી બધી સંસ્કૃતિઓના રંગથી રંગાયેલો છે જ્યારથી એ દેશના ઈતિહાસની સાંકળ જોડી શકાય છે ત્યારથી તો એમ માલુમ પડી આવે છે કે તે પહેલ વહેલા આસોરીનિયન સંસ્કૃતિની અસરમાં આવેલ. તે પછી તો તે ઈ. સ. પૂર્વે ૩૩૨માં મેસેડુનિયા—ગ્રીસ—ના મહાન વિજેતા સિકંદરના છત્ર નીચે આવ્યું અને એણે ગ્રીક સંસ્કૃતિનો પ્રવાહ ઝીલ્યો. ઈ. સ પૂર્વે ૬૩-૬૪માં તે રોમન સત્તાની નીચે આવ્યું અને તે વખતે રોમન સંસ્થાનોમાં તે મુખ્ય ગણાતું. પછી ઇ. સ. ૬૧૩માં તે ઇરાની સત્તા નીચે આવ્યું અને છેવટે ૧૫૬૧માં તે તુર્કીનું અંગ બની ગયું. છેલછેલ્લા મુસ્લીમ સંસ્કૃતિના આદિ સ્થાપક આરબ પ્રજાથી વસાયેલ તે પ્રદેશ આજે લેબેનોનની અમુક વસની બાદ કરતા સંપૂર્ણ ઈસ્લામી સંસ્કૃતિથી રંગાયેલું છે.

એક વખત તુર્કોની સત્તાના પડઘા ઠેઠ સ્પેન સુધી ગાજતા છતાં તે કાળે પણ સીરિયા પાલેસ્ટાઈનનો પ્રદેશ યુરોપના રસનો વિષય હતો, એનું મુખ્ય કારણ એની ભૌગોલિક મહત્ત્વની અગત્યતા છે. પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનો એ પૂલ છે. ભૂમધ્યમાં એનું પ્રવેશદ્વાર, સુએઝની નહેરની નિકટતા, ઇરાનના અખાત અને ત્રણ ખંડને જોડતી સંયોજિભૂમિ ઉપરનો એનો કાબુ અને તે ઉપરાંત ખનીજોનો એનો વિપુલ ભંડાર દુનિયાના મહાન સામ્રાજ્યોની નજર ખેંચતાં જ રહ્યાં છે અને હજુયે ખેંચતાં રહેશે. યુરોપ અને એશિયાને સાંકળતાં બધા જ વ્યવહાર માર્ગો—હવાઈ, તરી અને ખૂશ્કી—ના મુખ્ય મથક તરીકેનું એનું સ્થાન અનાદિકાળથી જ અગત્યતા ભોગવતું આવ્યું છે અને હજુયે ભોગવતું રહેશે. ફ્રેંચોએ આ અગત્ય પિછાનેલી તો ઠેઠ ક્રિશ્ચયન યુગના ઉગમ કાળથી હિંદી અને એશિયાઈ વ્યાપારને યુરોપ સાથે સાંકળતું ફ્રાંસનું માર્સેલ્સ બંદર એ વખતે પણ સીરિયા સાથે વ્યાપારી વહેવારે સંકળાયેલું. અને જ્યારે તુર્કોએ સીરિયા પાલેસ્ટાઇનનો કબજો લીધો ત્યારે પણ યુરોપી ધર્મ-યુદ્ધો (crusades)માં અગ્રણી થઇ મહાલતા ફ્રાંસને કંઇ પોપ પાસેથી 'ખ્રિસ્તી દેવળના પ્રથમ સંતાન' ((The eldest daughter of the church) અને 'પૂર્વી ખ્રિસ્તીઓના સંરક્ષક' (The Proctector of the Oriental christions)ના ઇલ્કાબો માત્ર લેવાનો હેતુ તો નહોતો જ રેશમ, ઝવેરાત, તેજાના અને કપૂરનો પૂર્વનો અમૂલો ખજાનો યુરોપમાં ઠાલવતો એનો વ્યવહાર માર્ગ અબાધિત રાખવા માટેના એ બધા પ્રયાસો હતા.

અને એથી જ તુર્કોની ધૂસરીમાથી છૂટવા મથતી સીરિયન પ્રજાને પ્રથમ પ્રેરણા આપનાર ફ્રેંચો જ હતા પ્રથમ સીરિયન કોંગ્રેસ પેરીસમા જ મળી હતી

સીરિયાની રાષ્ટ્રિય અસ્મિતા જાગ્રત થઈ ૧૯૦૮મા તુર્કી ભાષા બોલતા પ્રાંતોના સગઠનના જુવાળમાથી ૧૯૧૩ના જુન માસમા સીરિયન કોંગ્રેસે તુર્કી પાસેથી સ્વાતત્ર્ય મેળવવાનો નિર્ધાર કર્યો અને પરિણામે તુર્કી સત્તાએ રાજ્યતત્રમા કંઈક સુધારા કર્યા પણ ખરા આ બધા સીરિયન બનાવોમા પેરીસ ઘણુ જ રસ લેતુ હતુ અને ૧૯૧૨ના ડિસેમ્બરની ૨૧મી તારીખે તે વખતના ફ્રેંચ મુખ્ય પ્રધાન પોનીકારે ફ્રેંચ નીતિ સ્પષ્ટ કરતા કહેલુ, 'આપણા સીરિયા અને લેબેનોનના હિતો રક્ષાવા જ જોઇએ

અને એથી જ વિશ્વયુદ્ધ પહેલાની શરૂઆતમા જ જેવુ તુર્કી યુદ્ધમા જોડાયુ કે તુરત જ ફ્રાંસે સીરિયાને પાલેસ્ટાઇનથી સ્વતત્ર જાહેર કરી તેનો કબજો લઈ લીધો. તે વખતે યુરોપી વાતાવરણમા ગૂચવાયેલા હોઇએ વાધો લીધો નહિ પણ ઠેઠ ૧૯૧૬ની મેની ૧૬મી તારીખે બ્રિટન અને રશિયાએ ત્રિપક્ષી કરારો દ્વારા સીરિયન સમુદ્ર વિસ્તાર ઉપર ફ્રાંસના અબાધિત હકને સ્વીકાર્યો અને અદરના પ્રદેશની વ્યવસ્થામા એનુ વાલીપણુ સ્વીકાર્યુ છેવટે યુદ્ધ પૂરુ થયુ ત્યારે દુનિયાની વ્યવસ્થા કરતા મિત્રરાજ્યો માથી બ્રિટિશ અને ફ્રેંચ સરકારે સીરિયા અને મેસોપોટેમિયાને ક્રમશઃ સ્વાતત્ર્ય તરફ દોરી જવા વહીવટના વચનો આપી તેની ઉપર પોતાનો અકુશ વધાર્યો સીરિયન સમુદ્ર પટ ઉપર ફ્રેંચોના અકુશને મહોર મારી અદરના પ્રદેશનો વહીવટ અમીર ફૈઝલની આરબ સત્તા નીચે રહેવા દેવામા આવ્યો અને સાથે સાથે એના સરક્ષક તરીકેની કામગીરી ફ્રાંસની છે, એમ સ્વીકારતા ફ્રાંસને વાડ થઈ વેલો ભળવાની તક મળી

પરન્તુ આ રીતની દખલગિરિ આરબો સાંખી શક્યા નહિ એમણે જેહાદ પોકારી ૧૯૨૦મા દમાસ્કસમા મળેલી રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા પરદેશીઓની દખલગિરિ વગરના સ્વતત્ર રાષ્ટ્ર તરીકે સીરિયાને જાહેર કર્યુ, અને ફૈઝલને તેઓએ રાજા તરીકે સ્વીકાર્યો પણ ફ્રેંચો અને બ્રિટિશરોએ ફૈઝલની સત્તાનો સ્વીકાર ન કર્યો અને ફ્રેંચોએ સીરિયાનો લશ્કરી કબજો લીધો અમીર ફૈઝલને સીરિયા છોડવુ પડયુ ૨૫મી એપ્રિલ ૧૯૨૦ના રોજ મિત્રરાષ્ટ્રોની ગ્રાન્ડ-કાઉન્સીલે ફ્રાંસનો સીરિયા ઉપરનો કબજો સપૂર્ણપણે સ્વીકારી તેને ફ્રેંચ મેન્ડેટ બનાવ્યુ તેમ છતા આરબો ત્યારપછી જપીને રહ્યા જ નહિ

પરિણામે ભેદની નીતિ અજમાવતા સીરિયાના ચાર ટુકડા કર્યા સીરિયા (૪૯૦૦૦ ચો મા ૨૦૦૦૦૦૦ વસતી અને રાજધાની દમાસ્કસ), લેબેનોન (૩૯૦૦ ચો મા ૭૦૦,૦૦૦ વસતી અને રાજ્યધાની બૈરૂત), લેટાકીયા (૧૯૦૦ ચો મા ૩૫૦,૦૦૦ વસતી) અને જેબલડ્રુઝ (૨૪૦૦ ચો મા ૫૦,૦૦૦ વસતી) આ ચારે રાજ્યોની એકતા તોડી નાખવા માટે એમની વચ્ચે કોઈ પણ જાતનો રાજકીય સબધ રહેવા દેવામા આવ્યો નહિ ૧૯૨૪મા તુર્કીના દબાણને વશ થઈ અને તુર્કીને ખુશ કરવા એના સમુદ્રમા સમુદ્ર બદર એલેક્ઝાન્ડ્રિયા (Alexandria) હાલનુ હેતાય-ઉપર ફ્રેંચ-તુર્કીશ સયુક્ત વહીવટ ચલાવવાનુ સ્વીકારી, છેવટે ૧૯૩૯મા તુર્કીને સુવાંગ સોંપ્યુ

આ રીતે અગ પ્રત્યગો કપાયા છતા સીરિયન પ્રજા પોતાની એકતા અબાધિત રીતે જાળવી રહી. લેબેનોનની ક્રિશ્ચયન લઘુમતીએ પણ પોતાની સલામતી ખાતર રાષ્ટ્રીય એકતાનો ભોગ કદી પણ આપ્યો નથી અને એથી ફ્રેંચોનો સીરિયાનો કબજો સુવાળો રાખવાના કમળ જેવો તો નથી રહ્યો સીરિયન પ્રજાએ વારે વારે ઇન્કીલાબ પોકારી છે અને ફ્રેંચોએ એમને તલવારની અણીએ જ દબાવી રાખ્યા છે ૧૯૨૬ના વિપ્લવને દબાવવા એમણે દમાસ્કસ ઉપર તોપમારો પણ ચલાવેલો છેવટે ૧૯૩૬મા ફરીથી પ્રજા ઉભી થઇ ત્યારે તે વખતના ફ્રેંચ વડા પ્રધાન મો. બ્લુમે સીરિયાનુ સપૂર્ણ સ્વાતત્ર્ય સ્વીકારતા અને બદલામા સીરિયન પ્રજા ફ્રેંચ હિતોને રક્ષવાની બાંહેધરી આપવા કરારો થયા તે કરારો અમલમા આવવાના હતા ૧૯૩૯મા પણ ત્યા તો વિશ્વયુદ્ધ બીજુ ફાટી નીકળ્યુ અને ૧૯૪૦મા તો ફ્રાંસના જ ખુ એ બાગલા પડી ગયા

એ વખતે સીરિયામાનુ ફ્રેંચ લશ્કર વીચી પક્ષે હતુ એને દૂર કરવા આવેલા બ્રિટિશ સરસેનાપતિ અને જનરલ કેટ્રોક્ષે સીરિયન પ્રજાને ફરીથી આઝાદી આપવાની બાંહેધરી આપી હતી, અને તેને અમેરિકન અને બ્રિટિશ શાહી સરકારે કબુલ રાખી છે

આમ છતા યુરોપી યુદ્ધ ખતમ થતા જ, જેની પોતાની આઝાદી પણ જોખમમા હતી અને જે મારમાડ આજે બચુ થયુ છે તે ફ્રાંસના જનરલ દગોલ આજે પાછા સીરિયાની આઝાદી ઝૂંટવી લેવા માટે ચાલ રમી રહ્યા છે સીરિયામથી પોતાનુ વર્ચસ્વ જતુ કરવાનુ કંઈ ફ્રેંચોને ગમે છે તે લાગતુ નથી નાઝીઓની નાગ ચુડમથી છૂટેલા ફ્રેંચો પણ પાછા એ નાઝીઓ જેવાજ નાઝી પગલા સીરિયામા લેવા માટે ત્યારે સર્વપ્રજાની આઝાદી માટે લડતા મિત્રરાષ્ટ્રોની 'સર્વ' પ્રજાની વ્યાખ્યા શુ હશે એ કલ્પવુ મુશ્કેલ તો નથી જ

અત્યારે તો બ્રિટને ફ્રેંચોને 'શુ ભલ' નો અવાજ સભળાવ્યો છે, પણ એની પાછળ ખરેખર સીરિયન પ્રજા તરફની હમદર્દી છે કે પછી એમ પણ એના હિતો માટેની ઊંડી ઊંડી લાલચ કામ કરી રહી છે! ગમે તે હોય, રશિયા આજે મધ્ય પૂર્વના પ્રશ્નોમા જે રીતે રસ લઇ રહ્યું છે એ જોતા બ્રિટને પણ મધ્યપૂર્વમા પોતાની લાગવગ જરાયે ઓછી ન થાય એ તકેદારી રાખતા સીરિયન પ્રજાની મૈત્રી તો જાળવી રાખવી જ અને બીજુ જ માત્ર હોય તો પણ બ્રિટિશરોની નીતિ સમજવા માટે દાખલો ઘણુ છે

છતા સીરિયન પ્રજાની આઝાદી આડે આવવાની કોઇને સત્તા નથી, એ તો સીરિયન પ્રજાએ બતાવ્યુ છે અને બતાવી આપશે

તા ૧૫-૬-'૪૫

અ લ પુ ને શ ર પુ

નિરંજન વર્મા : જયમલ્લ પરમાર

૩

શરણું ભરીને ઘેર આવે ત્યાં અલપુ કહે : 'કાં શરપુ ? પછી નવો બળદ વેચાતો લઈ આવ્યો ?'

શરપુ કહે : 'નવો બળદ લઈ આવે શું ? હું તો બળદ ખરીદવા આખો દેશ રખડી વળ્યો તોયે સારો બળદ ન મળ્યો. છેવટ એક પાડો ખરીદ્યો. પાડો લઈને ખાનપુરમાંથી નીકળ્યો. તો આખા ગામના માણસો ભેગા થઈ ગયા. બધા ભેગા થઈને કહે : 'અરે પાડો તો જંગલી છે જંગલી. કાંધે હળ નાખશો કે હળના કટકા કરી નાખશે અને તમારા ફેદા કાઢી નાખશે. મને થયું કે આવો પાડો લઈને ઘેર જઈશ તો તો વળી તું ખિજાઈશ. એટલે પાડો ખાનપુર મૂકીને હું તો હાલ્યો આવ્યો.'

અલપુ શરપુ ઉપર ધૂવાંફૂવાં થઇ ગયો. કહે: 'ગાંડા, એક તો પૈસા પાણીમાં નાખ્યા અને ઉપર જતાં અક્કલની વાતો કરે છે ? જા, પેલો પાડો લઈ આવ ત્યારે જ ઘરમાં પગ મૂકજે. ખાનપુરમાં તો ધુતારા વસે છે. એ તને ધૂતી ગયા !'

શરપુ ખિજાતો ખિજાતો ઘર બહાર નીકળી ગયો. એમ થયું કે રોજ ને રોજ અલપુ મારા પર ખિજાયા કરે છે. એ કરતાં ક્યાંક નોકરી જ ગોતી લેવા દે. ઘેર પાછો આવું જ નહિને.'

આમ વિચારી એ ચાલતો થયો. ચાલતો ચાલતો એ માનપુર આવ્યો. માનપુર આવીને ગામને ચોરે બેઠો. એ ગામમાં એક મોટો જમીનદાર રહે. જમીનદાર ચોરા પાસેથી નીકળ્યો. શરપુને જોઈને કહે : 'એલા, કેમ આવ્યો છે ?'

શરપુ કહે : 'મળે તો નોકરી કરવા આવ્યો છું.'

જમીનદાર કહે : 'નોકરી તો હું આપું. પણ એક શરત.'

શરપુ કહે : 'કહો.'

જમીનદાર કહે : 'નોકરી કરતાં તું ખિજાઈ જા તો તારી એક આંખ લઉં અને હું ખિજાઈ જાઉં તો મારી આંખ દઉં. પણ ખ્યાલ રાખજે નવાણું આંખ મૂકીને ગયા છે. તું વળી એક વધારે.' શરપુ કહે: 'ભલે. એ શરત તો કબૂલ. કામ શું કરવાનું છે એ કહો ને !'

જમીનદાર કહે: 'જો કામ તો ઝાઝું નથી. રોજ ૭ એકર ખેતર ખેડવાં, એટલા ખેતરને ચારે ખૂણે વાડ કરી, રોજ શિકાર કરી આવવો. વળતી વખતે મારી ઘોડી માટે ઘાસ અને રાંધવા માટે લાકડાં લેતાં આવવાં. અને સાંજે મારી રસોઇ કરવી.'

શરપુ કહે: 'ભલે.'

બીજે દિવસે સવારમાં શરપુ બળદ લઇને ખેતરે ઊપડયો. જુએ તો ખેતર એક ટેકરીની તળેટીમાં આવેલુ. આખું ખેતર પથરાળ. તોયે શરપુ હળ હાંકવા લાગ્યો. પણ પથ્થરમાં હળ હાલે નહિ અને બળદ ડગ માંડે નહિ. અલ્લાહ તોબાએ બપોર સુધી હળ હાંકયું ત્યાં શરપુ થાકી ગયો. પાછળ નજર ફેરવે તો માંડ અર્ધું એકર ખેતર ખેડાયેલું. હજી સાડાપાંચ એકર ખેતર ખેડવાનું, ખેતરને વાડ કરવાની, ખડ વાઢવાનું અને લાકડાં લાવવાનું તો બાકી હતું. એ બધું થાય ક્યારે ? થાકીપાકીને વિચાર કરતો શરપુ એક ઝાડ નીચે જઈને જરા આડો પડયો કે ઊંઘ આવી ગઇ.

થોડીક વાર થઇ ત્યાં ઘેરથી કાણી ભતવારી ભાત લઇને આવી. શરકુને ઉઠાડીને કહેઃ 'લે આ ભાત. જમીનદાર સાહેબે ભતમાં રોટલા બાંધી દીધા છે. પણ કહ્યું છે કે ઉપરની એક પણ ગાંઠ છોડયા વિના રોટલા ખાઇ લેજે.'

શરકુ જુએ તો ભાત ઉપર ગાંઠ ઉપર ગાંઠ જકડાવીને બાંધેલી. પણ ગાંઠ છોડયા વિના ખાવું કેવી રીતે ? શરકુએ કંટાળીને ભાત ખાધા વિના પાછું મોકલ્યું અને પાછો ઝાડ નીચે સૂઈ ગયો. સાંજ પડી એટલે શિકાર કર્યા વગર, ખડ કે લાકડાં લીધા વગર બળદ હાંકી ઘેર આવ્યો. શરકુ બળદ બાંધતો હતો ત્યાં જમીનદાર આવીને પૂછવા લાગ્યોઃ 'કાં, છયે એકર જમીન ખેડી નાખી ?'

શરકુ કહેઃ 'ના. એટલું બધું તો કેમ ખેડાય ?'

જમીનદાર પૂછે 'ત્યારે વાડ કરી ?'

શરકુ કહેઃ 'ના. વખત જ પછી કયાંથી રહે ?'

જમીનદાર પૂછેઃ 'ઘોડી માટે ઘાસ લાવ્યો ?'

શરકુ કહે. 'ના. એટલા થાક પછી ઘાસ કયાં લેવા જાઉં ?'

જમીનદાર પૂછે : 'રાંધવા માટે લાકડાં લાવ્યો ?'

શરકુ ખિજાઇને કહે 'ના. ના, ના નથી લાવ્યો, નથી લાવ્યો.'

જમીનદાર કહેઃ 'આળસુના સરદાર ! ત્યારે આખો દિવસ તેં કર્યું શું ?'

શરકુ કહે : 'આટલાં બધાં કામ હું એકલે હાથે કેવી રીતે કરી શકું ? તમારા બાપનો બાપ આવે તો યે એકલે હાથે આટલું કામ ન થાય.'

જમીનદાર કહે : 'એલા આટલું પૂછયું ત્યાં ખિજાઈ કાં જા ?'

શરકુ કહે : 'ખિજાઉં નહિ તો શું કરું ?'

જમીનદાર કહે : 'તું ખિજાયો હો તો શરત પ્રમાણે લાવ તારી આંખ.' આમ કહી તરત જમીનદારે પોતાના નોકર બોલાવ્યા અને પકડીને શરકુને હેઠે નાખ્યો. છાતીએ ચડીને એક આંખ કાઢી લીધી અને કહ્યું : 'નીકળ ઘર બહાર. આપણી શરત તેં પાળી નહિ માટે તને રજા.'

આંખ ગુમાવી રોતો રોતો શરકુ ઘેર પાછો આવ્યો. અલકુ કહે : 'અરે, પણ તું રુએ કાં ? તારી આ આંખે શું થયું ?'

શરકુએ માંડીને જમીનદારની બધી વાત કરી. અલકુ કહે : 'હું તો તને કહેતો હતો કે તને ઘર બહાર કામ કરવું નહિ ફાવે.'

શરકુ કહે : 'હશે, ભાઈ ! મારી એક વાર ભૂલ થઈ. હવે ફરીથી ભૂલ નહિ કરું. ભલું આપણું ખેતર અને ભલી આપણી ખેડ. ખેડ મૂકીને હવે કયાયે બહાર જાઉં જ નહિ ને ?'

બીજા દિવસથી શરકુએ મન દઈને ખેડ કરવી શરૂ કરી દીધી.

૪

પણ અલકુને વિચાર થયો કે શરકુને હેરાન કરનાર પેલા ખાનપુરના ધુતારાને અને માનપુરના જમીનદારને પરચો તો દેખાડવો જોઇએ. પહેલાં ખાનપુર જવા દે.

અલકુએ એક દૂબળોપાતળો ઘોડો લીધો. અને એના પર આડાઅવળા પટ્ટા ચીતરી દીધા. પોતે જમીનદાર જેવાં સુંદર સુંદર કપડાં પહેર્યાં લીધાં અને સાથે એક નોકર પણ લઈ લીધો. એક થેલીમાં ઘોડાનાં લીંડાં લઈ લીધાં અને

લીંડાંમાં રૂપિયા ભરાવી દીધા. નોકરને થોડીક સૂચના દઈને એ ખાનપુર ચાલ્યો.

ખાનપુર આવીને ચોરા ઉપર જ એણે ધામો નાખ્યો. એનાં કપડાંનો ભપકો, ઘોડો અને નોકર જોઈને ધુતારા એની આસપાસ ટોળે મળ્યા. મોટો માણસ જાણીને આગતાસ્વાગતા કરવા લાગ્યા.

બીજે દિવસે સવારે આસપાસ ધુતારા બેઠા હતા ત્યાં જ અલપુએ નોકરને કહ્યું : 'કેમરે, કાલનુ કામ પતાવ્યું કે ?'

નોકર કહે : 'ના સાહેબ, હમણાં જ પતાવી લઉં.'

એમ કહીને તરત નોકરે થેલી કાઢી અને ધુતારા દેખે તેમ લીંડાં ભાંગવા લાગ્યો. લીંડું ભાંગે ત્યાં ખનનન રૂપિયો પડતો જાય અને નોકર રૂપિયા ઉપાડતો જાય. ધુતારા બધા જોઈ રહ્યા.

એ દિવસે ઘોડાએ કરેલાં લીંડાં ધુતારાના દેખતાં જ અલપુએ લઈ લીધાં. રાત પડી એટલે એમાં રૂપિયા ભરાવી દીધા. બીજી સવારે વળી ધુતારા ભેગા થયા કે નોકર લીંડાં ભાંગવા લાગ્યો કે ખનનન ખનનન્ કરતા રૂપિયા પડવા લાગ્યા અને નોકર રૂપિયા ઉપાડવા લાગ્યો.

ધુતારાને થયું કે જો આ ઘોડો મળી જાય તો આખી જિંદગીનું દાળદર ફીટી જાય, ધુતારા બધા ભેગા થઈને અલપુને સમજાવવા લાગ્યા કે આ ઘોડો અમને વેચાતો આપો.

અલપુ કહેઃ 'ના ભાઈ, આ ઘોડો તો મારી જીવાદોરી છે. એ આપી દઉં તો પછી હું ખાઉં શું ?'

ધુતારા કહે : 'તમને ચાર હજાર રૂપિયા આપીએ પછી કાંઈ ?'

તો યે અલપુ હા ના કરવા લાગ્યો. ધુતારા ગામના મુખી મતાદારોને તેડી આવ્યા અને અલપુને સમજાવવા લાગ્યા. છેવટ અલપુ માન્યો અને આઠ હજાર રૂપિયામાં ઘોડો વેચાતો આપ્યો. ધુતારા રાજી રાજી થઈ ગયા અને અલપુ આઠ હજાર રૂપિયા ખિસ્સામાં નાખીને ઘેર ઊપડયો.

રસ્તામાં એણે એક ગામમાં બે સસલાં વેચાતાં જોયાં, બેય સસલાં તેણે વેચાતાં લઈ લીધાં અને ઘેર આવ્યો. ઘેર આવીને વિચાર કરવા લાગ્યો કે બીજે જ દિવસે ધુતારાને ખબર પડી જવાની અને અહીં આવી પહોંચવાના. એમને પહોંચી વળવાની એણે તરકીબ વિચારી કાઢી.

બીજે દિવસે સવારે એણે એક સસલું ઘેર સંતાડી દીધું અને બીજું સસલું સાથે લઈને ખેતર જવા ઊપડયો. જતાં જતાં એની વહુને થોડીક સૂચના કરીને ખેતરે જઈ કૂવાકાંઠે વાટ જોતો બેઠો.

પેલી બાજુ બીજે દિવસે ધુતારા ઘોડાનાં લીંડાં ભેગાં કરી ભાંગવા બેઠા પણ ભાંગે તો અંદર કાંઈ નહિ. ધુતારા હાથમાં ડાંગો લઈને અલપુને ગામ ઊપડયા. સામે મળે તો મારી જ નાખવો એમ વાતો કરતા ચાલી નીકળ્યા.

અલપુને ઘેર આવીને રાડ દીધી : 'એલા અલપુ છે કે ?'

અલપુની વહુએ બહાર આવીને કહ્યું કે 'એ તો ખેતરે ગયા છે.' ધુતારા ખેતરે ઊપડયા કે અલપુની વહુએ સંતાડેલુ સસલું બારણે બાંધી દીધું.

ધુતારા આવીને ખેતરે જુએ તો અલપુ એક ખાટલા પર સૂતો સૂતો હુક્કો ગગડાવે છે. ધુતારાને જોતાં જ એ 'અ હો હો હો, આવો, આવો, ભાઈ' કહેતો ઊભો થયો અને ધુતારાને ભેટી પડયો. ધુતારાની આગતા સ્વાગતા કરવા લાગ્યો અને કુશળ સમાચાર પૂછવા લાગ્યો. ધુતારા જરા મૂંઝાતા મૂંઝાતા બેઠા ત્યાં અલપુએ ખાટલા હેઠેથી સસલી કાઢી અને સસલીને બે ટાપલી મારીને બોલ્યો :

'જારે સસલી ઘેર ઘેર
ચાર મેમાનની કરજે પેર'

આમ કહીને, એણે સસલીને છૂટી મૂકી કે સસલી ભાગી છૂટી. દોડતી દોડતી ખેતરોમાં અલોપ થઈ ગઇ.

ધુતારા અલપુની આ રીતભાત જોઇને અચંબામાં પડી ગયા. તેમને થયું કે પહેલાં જોઇએ તો ખરા કે આ શું કરી રહ્યો છે. પછી એને મારશું.

બપોરે ચારે ધુતારાને લઇને અલપુ ઘેર આવ્યો. ધુતારા ઘેર આવીને જુએ તો બારણામાં જ સસલી બાંધી છે. એમને થયું કે ખેતરેથી છોડી મૂકેલી સસલી અહીં આવી લાગે છે.

તરત અલપુની વહુએ થાળીઓ પીરસી. બરાબર ચાર માણસો ધરાઈ રહે એટલું રાંધેલું. ખાઇ રહેવા આવ્યા એટલે અલપુ એની વહુને કહે: 'છ મહેમાનનુ રાંધ્યુ છે ને!'

અલપુની વહુ કહે: 'ના, ના. મે તો ચારનું રાંધ્યું છે. તમે સસલી સાથે ચાર મહેમાનનુ કહેવરાવેલું ને!'

'અલપુ કહે: 'મેં તો ચાર મહેમાનનું કહેવરાવેલું પણ આવતા જતા કોઈ મહેમાન આવી ચડે તો એની તારે તૈયારી રાખવી જોઇએ ને!'

અલપુની વહુ કહે: 'પણ કહ્યા વગર કેમ ખબર પડે!'

અલપુ ત્રાડી ઊઠયો: 'કહ્યા વગર ખબર ન પડે એમ!' આમ બોલતો લાઠી લઇને ઊતરી પડયો અને વહુને ઝીંકવા લાગ્યો. થોડી વારમાં વહુ મુડદા જેવી થઈ ને નીચે જઇ પડી.

ધુતારા અલપુને સમજાવવા લાગ્યા: 'અરે ભલા માણસ, આમ આટલી વાતમાં બાયડી જેવી બાયડીને મારી નખાય!'

અલપુ કહે: 'એજ લાગની છે. રોજ મારીએ અને મરી જાય ત્યારે જ એ ઠેકાણે રહે છે.'

આમ કહીને તેણે ઘરમાંથી એક વાંકીચૂંકી, લાકડી કાઢી અને વહુ માથે ત્રણ વાર ફેરવતો ફેરવતો બોલ્યો:

ઊઠ રે વહુ તું ઊભી થા,
જમી કરીને રમવા જા

તરત એની વહુ ઊભી થઈ અને ખાઇ કરીને હસતી હસતી બહાર ચાલી ગઇ.

ધુતારા આ બધું જોઈ ને અચંબામાં જ પડી ગયા. એમને થયું કે આ સસલી અને લાકડી આપણી પાસે હોય તો કેવી મજા પડે! રોજ જંગલમાંથી ખાવાનું કહેવરાવવાની લપ ટળે અને આપણી બાયડીઓ પણ સીધી થઇ જાય. તેમણે અલપુ પાસે આ બનેની માગણી કરી.

અલપુ કહે: 'ના ભાઈ! એ તો નહિ જ આપું. મારે રોજ ખેતરે જવું એટલે સંદેશો મોકલવા સસલી જોઈએ જ, અને મારો સ્વભાવ રહ્યો તીખો. હાલતાં ચાલતાં ખિજાઇ જાઉં અને વહુને મારી બેસું. આ લાકડી ન હોય તો હું રાંડી જ પડું ને!'

જેમ જેમ અલપુ ના પાડતો ગયો તેમ તેમ ધુતારા સસલી અને લાકડી આપવા માટે દબાણ કરવા લાગ્યા. છેવટ માંડ માંડ અલપુએ આઠ હજાર રૂપિયામાં સસલી અને લાકડી ધુતારાને આપ્યાં. ધુતારા રાજી થતા થતા ખાનપુર પાછા આવ્યા.

બીજે જ દિવસે ચારે જણા ખેતરે ઊપડયા અને તેમની સ્ત્રીઓને કહેતા ગયા કે અમારે ખાવું હશે તો આ સસલી સાથે સંદેશો કહાવશું. સસલી કહે એટલા જણાનું જ રાંધજો. આમ કહી તેઓ ખેતર ઊપડયા.

બપોર થયા એટલે તેઓ સસલીને માથે ટાપલી મારી બોલ્યા:

જારે સસલી ઘેર ઘેર
ચાર જણાની કરજે પેર

આમ કહી સસલીને છૂટી મૂકી કે સસલી દોડતી દોડતી ખેતરમાં અલોપ થઈ ગઈ.

આ બાજુ ચારે ધુતારા ભાતની વાટ જોતા બેઠા પણ કયાંય સુધી ભાત ન આવ્યું રોંઢો થયો અને સાંજ પડી તો યે ભાત ન આવ્યું. એટલે ખિજાતા ખિજાતા ઘેર ઊપડયાં. સ્ત્રીઓ

પાસે તો સસલી આવેલી નહિ તેથી આજે તેમને ખાવું નહિ હોય એમ ધારીને વાતોના તડાકા મારતી બેઠેલી. ધુતારાએ ઘેર આવીને જોયું તો સ્ત્રીઓ બેઠી તડાકા મારે છે. તેઓ ધુંવાપુંવા થતા બોલ્યા : 'કેમ ચાર જણાનું ભાત ન મોકલ્યું ? સસલી સાથે કહેવરાવેલું ને ?'

સ્ત્રીઓ કહે : 'સસલી ઘેર આવી છે જ કયાં ?'

ધુતારા ત્રાડી ઊઠયા : ' કામ કરવાની આળસે સસલીને ય સંતાડીને બેઠી બેઠી તડાકા મારો છો કે ?' આમ કહીને તરત ડાંગો કાઢી અને ધડોધડ સ્ત્રીઓને મારવા લાગ્યા. કાળી ચીસો પાડતી ચારે સ્ત્રીઓ ઘડીવારમાં મરી ગઇ.

થોડી વાર થઇ એટલે તેમણે પેલી વાંકીચૂંકી લાકડી કાઢી અને એક સ્ત્રી માથે ફેરવતાં ફેરવતાં મોટો ભાઈ બોલવા લાગ્યો—

ઊઠ રે વહુ તું ઊભી થા
જમી કરીને રમવા જા

ફરી ફરીને એ બોલવા લાગ્યો પણ મરી ગયેલી વહુ શેની ઊભી થાય ? એ પછી વારાફરતી બીજાએ, ત્રીજાએ અને ચોથાએ પોતપોતાની વહુઓ પર લાકડી ફેરવી, પણ વહુઓ હલે કે ચલે. ચારે વહુને મરી ગયેલી જોઇને ધુતારા પોકેપોકે રડવા લાગ્યા.

એમને રોતા સાંભળીને ગામના બીજા ધુતારા ભેગા થયા, છાના રાખીને પૂછયું ત્યારે બધી વાતની ખબર પડી, ગામના ધુતારા ભેગા થઇને કહે, 'આ તો પેલા અલપુનાં કામ. એના ભાઇ પાસેથી આપણે પાડો પડાવી લીધો છે તેથી તેણે આપણા આ હાલ કર્યા, એ પાડો પાછો આપી આવો નહિ તો કયાંક આખા ગામનું એ ધનોત પનોત વાળી નાખશે.'

બિચારા ધુતારા પાડો હાંકીને અલપુને ઘેર આવ્યા અને બોલ્યા : 'ભાઈસા'બ હવેથી કોઈ દિવસ તારા ભાઈને નહિ ધુતીએ કોઈ રીતે અમારો કેડો મૂકીશ ?'

અલપુએ હસતાં હસતાં પાડો ઘેર બાંધી દીધો અને ધુતારા છાનામાના ખાનપુર રવાના થઈ ગયા, આજી આરતે અકે

કિશોર ગ્રંથાવલિ

લેખકો

નિરજન વર્મા : જયમલ્લ પરમાર

વાર્ષિક લવાજમ રૂ. સાડાપાંચ

કિશોરોનાં જીવનમાં શૌર્ય અને સાહસ, બુદ્ધિ અને ચાતુરી, હાસ્ય અને મજાક પ્રેરે તેવી લોકજીવનની આ વાર્તા–પુસ્તિકાઓ કિશોરોથી માંડીને કુમારો, યુવાનો, આધેડ અને બુઢ્ઢાને પણ સરખી રસદાયક થઇ પડશે.

(૧) ચોબોલા રાણી—ચોબોલા રાણી, ચાર ભાઇબંધો, બે ચોર, નિસાસાનું કારણ.

(૨) દોલતપરી—દોલતપરી, દર્જીર અને કાનીમર, ચશ્માપરી અને સૌથી મીઠું શું ?

(૩) સોના પદમણી—સોના પદમણી, ધુતારાની દીકરી, વાસુકિ નાગનો મણિ; બુદ્ધિ બડી કે પૈસા ? ચકલીરાણી.

(૪) નાગકુમારી—નાગકુમારી, ચંપકકુમાર, એપરીનો પોકાર, અખૂટ હાંડલી.

(૫) નીલમણિ—નીલમણિ, શિયાળગોર, ધ્રુવદેવ, બ બીન ભૂત.

(૬) ફુલવંતી—ફુલવંતી, રાજા ચંદસેન, ગોડિયા અને સૂજેમાઇ રજપૂત.

આ છયે પુસ્તકો ઘેર બેઠાં માત્ર રૂપિયા સાડાપાંચમાં.

પરીકથાઓ : ખંડ પહેલો.

ઉપરની પ્રથમ ત્રણ પુસ્તિકાઓનું
સળંગ પાકું પુસ્તક

કિંમત રૂ. ૩-૮-૦

ભારતી સાહિત્ય સંઘ

પો. બો ૯૭૮, મુંબઇ ૧ : પો. બો. ૭૩, અમદાવાદ

અ. મ. રા.

એકાગ્ર દેશભક્તિ, મોતની બેપરવાઈ ભરેલી વીરતા અને ઉગ્ર ધ્યેયનિષ્ઠાને લેખકે અહીં આદરભરી સલામી આપી છે. દેશની મુક્તિઅર્થે પોતાના પ્રાણ ખરચનારાઓની ને સમર્પણની અણખૂટધારાની યશોજ્વલ ગાથાને લેખકે તેજસ્વી શૈલીએ ઉતારી છે.

'૪૨ની લોકક્રાન્તિની નવલકથા

અણખૂટધારા :

લેખક : 'અશ્વિનીકુમાર' પ્રકાશક ફૂલછાબ કાર્યાલય, ૧૯૪૫, ભેટ પુસ્તક : સોલ એજન્ટ : ભારતી સાહિત્ય સંઘ પો. બો.' ૯૬૮ મુંબઈ-૧ કિંમત રૂા ત્રણ ટ. ખ. ત્રણ આના.

થોડા સમય પહેલા, ૧૯૪૨ના ઓગસ્ટના બનાવોએ જગાડેલા રાષ્ટ્રક્ષોભ અને તેના આનુષંગિક પ્રવૃત્તિપ્રવાહો વગેરેની અસર ગુજરાતી સાહિત્યમા કેમ દેખાઈ જ નહિ એવો પ્રશ્ન ઉઠાવાયો હતો અને કેટલાક સાહિત્યકારે એ તેની ચર્ચા કરી તેનો જવાબ આપવા યત્ન કર્યો હતો. છતા, એ પ્રવૃત્તિપ્રવાહો ને આંદોલનો સાહિત્યમાં પ્રતિબિંબિત નથી થયા, અથવા તેણે કશું સાહિત્ય ઉપજાવ્યું નથી એનો સ્વીકાર જેવો ફરિયાદરૂપે પેલા પ્રશ્નની અંદર અભિપ્રેત હતો, તેવો જ એના ખુલાસાઓની અંદર ભલે હકીકત લેખે પણ વ્યક્ત તો થયો જ હતો 'અશ્વિનીકુમાર' કૃત આ' અણખૂટધારા' જાણે એ આક્ષેપ કે ભીરુપનો જવાબ આપતુ હોય એવુ પહેલું પુસ્તક છે.

શરૂઆત મુંબઈ—અમદાવાદને જાણીતા શહેરોમાં કોમી હુલ્લડથી કરી છે પણ તેમાં કેન્દ્રવર્તી પ્રસંગો અને વાતાવરણ છે મુખ્યત્વે ઈ સ ૧૯૪૨ના ઓગસ્ટની નવમી તારીખ પછીના આપણા દેશના રાષ્ટ્રવ્યાપક પ્રજાક્ષોભનાં જ ગાંધીજીનુ 'કરેંગે યા મરેંગે' એ સૂત્ર, એ સૂત્રે જગાડેલી લડત, એ લડતે લીધેલું સ્વરૂપ ને પડેલાં વહેણો, અને એ સર્વને પ્રેરતી મનોદશાને સમજવા, સમજાવવા, અને ન્યાય કરવાનો સનિષ્ઠ પ્રયાસ એમાં વરતાય છે ગાંધીજી-પ્રેરિત અહિંસા' અને તેની પાળ તોડી ધસી આવેલી ભાંગફોડની પ્રવૃત્તિ એ બનેનું વસ્તુસ્થિતિના ચિત્ર કે પ્રતિબિંબ તરીકે અહીં વાર્તાભાવી નિરૂપણ જ કરવામાં નથી આવ્યું, સૈદ્ધાન્તિક ભૂમિકાએ તેની તપાસણી ને ચર્ચા ય કરવામાં આવી છે. ગાંધીજીની પદ્ધતિએ કામ કરતા સુધીર અને શાંતિભાઈની સામે છત્રુ, કુસુમ, રાયમલ આદિને મૂકીને તેમના કાર્યો, સંવેદનો અને વાણી દ્વારા લેખકે આ સાધ્યુ છે સુધીરની છત્રુ અને રાયમલ સાથેની ચર્ચાઓ આ સબંધમા જોવા જેવી છે કથામા આખરે છત્રુને એની પદ્ધતિની લડતમા નિષ્ફળ થતો અને ઘણા સાથીઓના ભોગ પછી એકલો પડી જતો બતાવ્યો છે તેમા વાચનાર પર એવી છાપ પડવાનો સંભવ છે કે લેખક એની કાર્યપદ્ધતિને પોતાનો મત આપતા નથી તેમ છતા તેવી પ્રવૃત્તિમા પડેલા સર્વ (છત્રુ, કુસુમ, કિશોર, રાયમલ, રણજીત, મહેન્દ્ર)ની એકાગ્ર દેશભક્તિ, મોતની બેપરવાઈભરેલી વીરતા અને ઉગ્ર ધ્યેયનિષ્ઠાને આગળ કરી તેમના હેતુઓને આદરની સલામી આપવાનું પણ લેખકે કર્યું છે એ સ્પષ્ટ છે. ખરી રીતે તો આ કે તે પોતાને સૂઝ્યા તે માર્ગે દેશની મુક્તિ અર્થે પોતાની શક્તિ અને પ્રાણ ખરચનારાઓની—એવાઓના સમર્પણની અણખૂટ ધારાની—જ લેખકને વાત કરવી હતી ને ? અને એવી વાત કરવી હતી માટે જ કેટલાક સાચા પ્રસંગોને વ્યક્તિઓ પરથી લીધેલા લાગતાં આ કથાનાં પ્રસંગોને વ્યક્તિઓને આદર્શનો પુટ એમણે આપ્યો હશે ને ?

પુસ્તકનું સાહિત્ય સ્વરૂપ છે નવલકથાનું, અને તેની કથાશૈલીમા લેખકે અનુકરણ કર્યું છે રવીન્દ્રનાથની 'ઘરે-બાહિરે'ની કથાશૈલીનું કથાના ત્રણ મુખ્ય પાત્રો સુધીર, છત્રુ અને કુસુમને વારાફરતી આગળ પોતાની વાત કહેતા અવારનવાર બતાવીને (એવી રીતે બતાવીને કે કથાતંતુ તેના સામયિક ક્રમમાં લંબાતો અને વિકસતો રહે અને વચમા વિચ્છેદ પડે નહિ) તેમણે આ પ્રયોગ સાધ્યો છે એ પ્રયોગ પ્રયોગ તરીકે અસફળ નથી એવુ પ્રમાણપત્ર તેને આપી શકાય તેમ છે એ પ્રયોગ લેખકને સગવડભર્યો પણ હતો પોતાના નહિ પણ પાત્રેના એ વિચારો છે એમ બતાવવાનું અને પોતે એને માટે જવાબદાર ન હોવાનો કે તટસ્થ હોવાનો આભાસ ઉપજાવવાનુ એથી બને છે. 'આભાસ ઉપજાવવાનુ' શબ્દો એટલા માટે કે ખરી રીતે તો લેખકના અભિપ્રાયો ને વિચારવલણો એની કૃતિમા છૂપા રહી શકતા જ નથી અને આપણા લેખકનું વલણ કયું છે તે હમણાં જ આપણે જોયું.

પ્રસંગોનો પ્રવાહ અસ્ખલિત વહેતો રહે છે અને લેખકની શૈલી સારા પ્રમાણમા ચિત્રાત્મક અને પ્રવાહી છે. પરિણામે, એમાંના ચર્ચાતત્ત્વ કે વિચારદર્શનના અન્યથા વાર્તારસમા વિઘ્નકર જોખમોની હાજરી છત વાર્તા વાર્તા તરીકે પોતાનું ખેંચાણ કરી શકે છે કથાનો અન્ત જાણે બાજી ઉતાવળે સપેટી લેતો લાગે છે પણ જે પરિસ્થિતિને આ પુસ્તક ચીતરવા મથ્યું છે તે પણ ક્યા કોઈ સંતોષકારક અંતિમ પૂર્ણવિરામને પામેલ છે ?

ગગનને ગોખે : લે. નિરંજન વર્મા અને જયમલ્લ પરમાર : પ્રકા. ભારતી સાહિત્ય સંઘ : પો. ઓ. નં. ૯૯૮ મુંબઈ-૧. મૂલ્ય સાડાત્રણ રૂપિયા.

'આપણે આંગણે ઊડનારાં'ની માફક તેના ઉત્સાહી લેખકોના અભ્યાસ, વાચન અને શોખના સુંદર ફળ જેવું આ પુસ્તક આ જ નામ તળે 'ફૂલછાબ' સાપ્તાહિકમાં હપ્તેથી પ્રગટ થએલી તેમની લેખમાળાનું લગભગ ત્રણ ગણા વિસ્તાર સાથે ગ્રંથબદ્ધ સ્વરૂપ છે. આકાશદર્શનના શિખાઉ રસિયાઓને રાશિઓ, નક્ષત્રો, તારામંડળો, તારા, નિહારિકાઓ ઇત્યાદિ વિશે દર બબ્બે માસના નકશા સાથે રોચક શૈલીમાં શાસ્ત્રીય માહિતી આપવા મથતું આ પુસ્તક લોકભોગ્ય શૈલીમાં લખાયેલાં વૈજ્ઞાનિક પુસ્તકોના આપણે ત્યાંના અત્યંત અલ્પધન સાહિત્યમાં મહત્ત્વનો ઉમેરો ગણાશે.

ભૌતિક ખગોળશાસ્ત્ર આમ તો એવો રસિક વિષય છે કે તેની નરી વૈજ્ઞાનિક માહિતી પણ કંટાળો આપે નહિ. તેમાં વળી આ પુસ્તકના લેખકોએ તો વૈજ્ઞાનિક ગ્રંથોમાં આવી જતાં શુષ્કતા ને ભારેખમપણાને પૂરેપૂરાં ગ્રંથનિકાલ કરવાની પહેલેથી લીધેલી પ્રતિજ્ઞાનો સરસ અમલ કર્યો છે. પરિણામે, લોકભોગ્યતા એ પુસ્તકનું વિશિષ્ટ લક્ષણ બની જાય છે. પુસ્તકમાં શાસ્ત્રીયતા નથી એમ નહિ, પણ લેખકોની નજર મુખ્યત્વે તેના નિરૂપણની લોકગમ્યતા પર રહી છે એટલું જ. એથી જ શાસ્ત્રીયતાનો ભાર ન લાગે માટે માહિતી બધાં પ્રકરણોમાં થોડી થોડી વહેંચી નાખી છે, અને દરેક પ્રકરણમાં ઋતુ ઋતુનાં રમ્ય વર્ણનો સાથે ભાટલીગ્રાયક, પ્રચલિત દુહા-કહેવતો, દેશવિદેશની તારાને લગતી પુરાણકથાઓ અને લોકવાર્તાઓનો મસાલો ભરી, સમગ્ર લખાણને ક્યારેક વર્ણનમાધુર્યથી, ક્યારેક કલ્પનાલાલિત્યથી અને ક્યારેક તત્ત્વચિંતનથી રસભરી બનાવી છે. આ વિષયને પોતાની અનોખી રીતે રજૂ કરતા કાકાસાહેબની શૈલીનું લેખકો પોતાની રીતે અનુકરણ કરવા ગયા છે એમ પણ લાગે છે. નિરૂપણને આમ રસાળ ને હળવું બનાવવા જતા લેખકોને થોડીક માહિતીને ઝાઝા શબ્દોમાં વીંટવી પડી છે અને પરિણામે પ્રસ્તાર વિશેષ થઈ ગયો છે. દરેક પ્રકરણના આરંભમાં આવતાં ઋતુવર્ણનો જાતે સુંદર છતાં વધુ પડતાં, અને આ પ્રકારના પુસ્તકમાં જેનું ઔચિત્ય શંકાસ્પદ ગણાય તેટલાં, લાંબાં મેળવી ગયાં છે. છતાં એટલું સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી કે લોકભોગ્યતા ખાતર શાસ્ત્રીયતાનો અહીં ભોગ અપાયો નથી. તારા, નક્ષત્રો, રાશિઓ આદિનાં અંગ્રેજી ને અરબ્બી નામો આપ્યાં છે ને તેમને વિશે ખગોળશાસ્ત્રે અત્યાર સુધીમાં જે માહિતી ભેગી કરી છે તેનો પૂરતો લાભ પણ લેવાયો છે.

પુસ્તકમાં આપેલા નકશા પ્રત્યક્ષ આકાશદર્શન દ્વારા તારાઓનો પરિચય કરવા માગતા વાચકોને માર્ગદર્શક ને મદદગાર બનશે, અને સમગ્ર પુસ્તક ગુજરાતીઓને જીવનનો એક સાત્ત્વિક આનંદ ઉપાસવા લલચાવી તેને માટે સજ્જ કરી આપવાનું પુણ્ય રળશે.

હિંદુ ધર્મ : અનુવાદક, ચંદ્રશંકર શુક્લ; પ્રકાશક, વોરા એન્ડ કંપની, મુંબઈ; સોલ એજન્ટ, એન. એમ. ઠક્કરની કંપની, મુંબઈ-૨. [મૂલ્ય સવાચાર રૂપિયા]

પશ્ચિમને તેની ભાષામાં હિંદુધર્મ, તત્ત્વજ્ઞાન, સમાજરચના અને સંસ્કૃતિના મૂળ તત્ત્વો સમજાવનાર પૌર્વાત્ય અધ્યાપક સર રાધાકૃષ્ણનના અંગ્રેજી નિબંધોનો આ અનુવાદ છે જે પાંચ અંગ્રેજી લેખોનો આ અનુવાદ છે તે જુદે જુદે વખતે લખાયેલા અને રાધાકૃષ્ણનનાં જુદાં જુદાં પુસ્તકોમાં છપાયેલા છે. આમ જુદાં જુદાં સ્થળોમાંથી ચૂંટી એકઠા કરેલા નિબંધોને એક વિષયના દોરમાં તે પરોવાઈ ગૂંથાઈ જાય એવી રીતે તેનો અનુવાદગ્રંથ બનાવવામાં અનુવાદક શ્રી. ચંદ્રશંકર શુક્લની વિશિષ્ટતા રહેલી છે. એમના 'ધર્મોનું મિલન' એ અનુવાદગ્રંથની સમીક્ષા કરતા આ જ કૉલમમાં કહેવામાં આવ્યું હતું તેમ શ્રી શુક્લ એકલા અનુવાદક જ નહિ પણ સાથોસાથ સંપાદક પણ બન્યા છે. રાધાકૃષ્ણનના પુસ્તકોનો એમને એમ અનુવાદ કરવા કરતા આવી ચૂંટણી કરીને તેનો ગ્રંથ બનાવવામાં વધુ વ્યવસ્થા અને ધ્યેયની એકતા જળવાય છે.

આખા ગ્રંથમાંથી હિંદુ ધર્મ હિંદુ સમાજરચના, હિંદુ સંસ્કૃતિ અને હિંદુ તત્ત્વજ્ઞાનનો સંક્ષેપમાં પણ સારગ્રાહી પરિચય મળી રહે છે. હિંદુ ધર્મનું આધ્યાત્મિક દૃષ્ટિએ રહસ્ય સમજાવે છે આ.માંના 'હિંદુ ધર્મનો પ્રાણ' અને સમાજરચનાનો પરિચય કરાવે છે બાકીના, 'હિંદુ ધર્મ' 'હિંદુ સમાજરચના' અને 'હિંદુ સંસ્કૃતિ' એ ત્રણ. નિબંધો આ પાંચમાંના 'હિંદુ સમાજરચના' અને 'હિંદુધર્મનો પ્રાણ' એ બે લાંબા નિબંધોનો સાર પુસ્તકની સામગ્રીનો પરિચય આપી દે તેમ છે. એ બેમાંના આગળમાં વ્યક્તિ અને સમાજનો સંબંધ મર્યાદ માર પુરુષાર્થ, ... ને ... . પરિચય આપવામાં આવ્યો છે. ચાતુર્વર્ણ્ય વ્યવસ્થાનો તો આધ્યાત્મિક-સામાજિક, નૈતિક-માનસિક, અને રૂઢિગત, એમ ત્રણ વિશિષ્ટ દૃષ્ટિબિંદુથી ચર્ચા કરવામાં આવી છે. હિંદ સમાજરચનામાં વ્યક્તિનું ગૌરવ કેવી રીતે સમાદરાયું છે અને તેમ છતાં લોકસમૂહ કે સમષ્ટિના ધ્યેય સાથે વ્યક્તિને કેવી રીતે જોતરવામાં આવી છે તે, કેવી રીતે તેમાં સાચું લોકશાસન રહેલું છે તે, વર્ણ પાછી જાતિવ્યવસ્થા કેમ શરૂ થઈ તે, જાતિવ્યવસ્થાથી થએલ હાનિઓ, આધારના સ્વરૂપમાં જાતિભેદ કેમ હાનિકર્તા છે તે, કેવી રીતે, વર્ણાશ્રમની વ્યવસ્થા અંતિમ ધ્યેયની પ્રાપ્તિમાં મદદગાર છે પણ અનિવાર્ય નથી તે—એમ ઘણું ઘણું તેમાં ચર્ચ્યું છે. 'હિંદુ ધર્મનો પ્રાણ' એ

ભગ—ઈશ્વરાનુસાર એ એની વિશિષ્ટ સમજ અને વ્યવહારદક્ષતા કે કહકકાયરતાની નીપજ નહિ પણ વિશિષ્ટ દૃષ્ટિના પરિણામ રૂપ ઉદારતા ને સર્વધર્મસમભાવ સમજાવી, યોગ જ્ઞાન, ભક્તિ, કર્મ આદિ સાધના માર્ગોનું રહસ્ય બતાવી, હિંદુ ધર્મને મૂળથી મળેલ એવા કર્મ અને પુનર્જન્મનો સિદ્ધાન્ત રાધાકૃષ્ણને સ્પષ્ટ કર્યો છે

હિંદુ ધર્મ અને સમાજરચનાની વિશિષ્ટતાઓનો આમ પરિચય કરાવતી વેળા રાધાકૃષ્ણનની નજર વર્તમાન દુનિયા પર પણ હોય છે, એકલી ભૂતકાળ પર નથી હોતી એ ખાસ ધ્યાનમાં લેવા જેવું છે આથી વર્તમાન જગતને પથ્ય થાય તેવું ઘણું ઘણું રાધાકૃષ્ણન એમાંથી બતાવતા જાય છે દાખલા તરીકે, 'હિંદુ સમાજરચના'માં બ્રાહ્મણ અને નીતિ પરત્વે બોલતાં 'રાજપ્રકરણ કંઈ જીવનની શ્રેષ્ઠ પ્રવૃત્તિ નથી' એમ કહી ઈશ્વરપૂજા જેવી બની બેઠેલી રાજ્ય-રાષ્ટ્ર-પૂજા સામે એમણે વિરોધ પુકાર્યો છે તેવી જ રીતે ક્ષત્રિય વિશે બોલતાં હિંસા-અહિંસાની અને વર્તમાન યુદ્ધરીતિની ચર્ચા કરી છે, અને વૈશ્યને એ ળખાવતાં વર્તમાન જગતની એકલપેટી, માનવતાદ્રોહી અને નીતિભંજક ધનલાલસાને ઉલ્લેખી વૈશ્યનો હિંદુ આદર્શ પુનઃ રજૂ કર્યો છે 'હિંદુ સંસ્કૃતિ એ નિબંધમાં વર્તમાન જગતની આત્મશૂન્ય પરિસ્થિતિનું સરસ નિરૂપણ કરી, અધ્યાત્મદર્શનને બધા ધર્મોના પાયા રૂપ ગણી એ બધાનો સમન્વય સાધી વિશ્વધર્મ અને વિશ્વસંસ્કૃતિ ઊભી કરવાની જરૂર બતાવી જેનામાંથી જ ઉદાર એવા હિંદુ ધર્મ તરફથી જ એમાં નેતૃત્વ કે માર્ગદર્શન મળશે એવી શ્રદ્ધા રાધાકૃષ્ણને વ્યક્ત કરી છે ભારતીય તત્ત્વદર્શનમાં આખા જગતને રુચે તેવા અંશો છે, અને દુનિયાને નવું દર્શન, નવો ધર્મ કે શાંતિનો માર્ગ તો ભારત પાસેથી જ મળશે એવી એમની શ્રદ્ધા જ નીચેના જેવા વાક્યોની પ્રેરક છે —

૧ ' સાચા ધર્મના, ન્યાયી સમાજવ્યવસ્થાના, મનુષ્યના સંસારી ને ઔદ્યોગિક આર્થિક ને રાજકીય રાષ્ટ્રીય ને આંતરરાષ્ટ્રીય, સબ પાસાંમાં ઉદારતાની નવી દિશા ચાલવાના સિદ્ધાંતો હિંદુ ધર્મના મૂળભૂત તત્ત્વોમાંથી મળી આવે એમ છે '(પૃ ૨૦૭)

૨ 'હિંદુ ધર્મ એ જીવન પ્રત્યે જોવાની એક એવી દૃષ્ટિ છે જે બુદ્ધિને સંતોષે છે, હૃદયને હલાવે છે, ને સંકલ્પ શક્તિને ઉત્તેજી કાર્ય કરવા પ્રેરે છે તે ભારતવર્ષને નવી દુનિયાની સાથે મેળ ખાય એવો નવો આત્મા આપે છે (પૃ ૨૧૮)

' ભારતવર્ષ હજી ઘડાઈ રહ્યું છે લોકમત દુર્ભાગ્યે ભ્રમિત સંક્રાન્તકાલ ને છિન્નભિન્ન દશામાં છે, તેને સ્પષ્ટ દિશા દર્શન કરવામાં આવતું નથી, તે લગભગ રોગીની દશા ભોગવે છે અને છતાં હિંદુ ધર્મ, ધર્મની સાચી ભાવના, અંતર્ગત સંવાદ ને માધુર્ય, તથા બાહ્ય બંધુતા ને સહચાર વડે, આપણા મૂંઝાયેલા યુગને ખોટે રસ્તો છોડાવી ખરે રસ્તે ચાલવે છે' (પૃ ૨૧૮)

આમાંનો છેલ્લો ઉતારો એક બીજી વાત એ પણ કહી જાય છે કે રાધાકૃષ્ણન આપણા ધર્મની વિશિષ્ટતાઓના ગુણગાન ગાઈ જગતને પણ તે કામ લાગશે એમ એકલા બતાવ્યા કરતા નથી આપણી નબળાઈઓ ને ખામીઓ પણ તે નિ સંકોચ બતાવતા જાય છે હિંદુ ધર્મનો પ્રાણ જીવતો છે પણ સમાજશરીર રોગી બનેલ છે તેથી સમાજવ્યવસ્થામાં જરૂરી ફેરફારો કરવાની અગત્ય તેઓ સમજાવે છે જાતિભેદ અને અસ્પૃશ્યતા સામેના તેમના ઉદ્ગાર પણ આથી જ જોવા મળે છે

આખુંય પુસ્તક વિચારસમૃદ્ધ અને વિચારસમૃદ્ધ છે, અને નકામા ભાષાવિલાસને એમાં બહુ સ્થાન નથી એ કહેવાની જરૂર રહેતી નથી

આપણે પોતે થઈને આપણી સંસ્કૃતિ કે ધર્મની વિશિષ્ટતાઓ પારખીએ નહિ પણ આપણા જ કોઈ વિવેકાનંદ કે રામતીર્થ, કોઈ ટાગોર કે રાધાકૃષ્ણન બહારની દુનિયાને એમની ભાષામાં એ સમજાવી આવે તે પછી ને તે પરથી એ સમજીએ એવું આપણે ત્યાં અમુક પ્રમાણમાં બન્યું છે નવી શરૂઆત ને નવી વિચારણાનો લાભ પણ આથી આપણા એ પુરાણા વારસાને મળ્યો છે શું ભારતપ્રેમીઓએ પોતાના એ સાંસ્કારિક વારસાનો ન હોય તો પરિચય કરવા, અને પરિચય હોય તો એનું દૃઢીકરણ કરવા અથવા તેની પુનર્વિચારણા કરવા આવા ગ્રંથો વાંચવા ને પચાવવા જોઈએ એમ કહેવામાં આ ગ્રંથ વિશે કહેવા જેમ બધું કહેવાઈ ગયું ન ગણાય?

ને જો એમ છે તો આવા ગ્રંથોને તેમને ઘટતા બહોળા પ્રચાર માટે ખૂબ સસ્તા બનાવવા જોઈએ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય જેવી બહોળી પ્રચારશક્તિ ધરાવતી પ્રકાશનસંસ્થા અનુવાદકને ચાલુ પ્રકાશકો આપતા હોય તેથીય વધુ પુરસ્કાર આપીને પોતાની રીતે ગ્રંથ પ્રતો છપાવી સાવ સસ્તી કિંમતે તેને પ્રજામાં ફેલાવી ન શકે? હિંદુ ધર્મ, સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનને બહોળા જનસમૂહના બારણા સુધી પહોંચાડવાના એ સંસ્થાના મિશનને લાયકનું જ એ કામ છે

વિવેચન ગ્રંથાવલિનું

★ નવું પુસ્તક ★

[૧] આલોચના : લેખક. રામનારાયણ વિ પાઠક

આકર્ષક શૈલીએ લખાયેલા આ લેખોના સંગ્રહમાં વિદ્વત્તા અને અભ્યાસ ભારોભાર ભરેલાં છે કિંમત ૩-૮-૦ પોસ્ટેજ ૦-૩-૦

ભારતી સાહિત્ય સંઘ

પો બો ૯૭૮, મુંબઈ-૧ • પો ને ૭૩ અમદાવાદ

ઊર્મિ અને નવરચના

સંપાદક • ઈશ્વરલાલ દવે

ઑગસ્ટ
૧૯૪૫
અંક : ૫

છૂટક ૧૦ આના

ખાસ લેખો

રાષ્ટ્રપતિનો સંદેશો
બાહુકો આવી ને બહાદુરો રડ્યાં
સ્વરાજમંત્રી મહાદેવભાઈ
મહીનાં છોરુ
મેલેરિયા અને નિસર્ગોપચાર
પોલાન્ડ

તમે આ પુસ્તકો વાંચ્યાં?

૧ **સુવર્ણમૃગ**
રામનારાયણ ના. પાઠક ૩-૮-૦

૨ **ખંડિત કલેવરો**
નિરંજન વર્મા . જયમલ્લ પરમાર ૩-૮-૦

૩ **દીપનિર્વાણ**
દર્શક ૩-૮-૦

૪ **શમા**
એનુ સજ્જાદ એસ બંદૂકવાલા ૫-૦-૦

૫ **લખચોરાસી**
પન્નાલાલ પટેલ ૩-૦-૦

૬ **પશમી અને બીજી વાતો**
હરજીવન સોમૈયા ૨-૮-૦

૭ **ખીલીપત્ર**
મકનજી પરમાર ૩-૦-૦

૮ **પરિભ્રમણ**
ઝવેરચંદ મેઘાણી ૩-૦-૦

૯ **આલોચના**
રામનારાયણ વિ. પાઠક ૩-૮-૦

૧૦ **રવીન્દ્રવીણા**
ઝવેરચંદ મેઘાણી ૨-૮-૦

૧૧ **પ્રાચીના**
ઉમાશંકર જોષી ૨-૮-૦

૧૨ **ઉર્વશી અને યાત્રી**
દુર્ગેશ શુક્લ ૨-૦-૦

૧૩ **રાષ્ટ્રગીત**
સં. કરસનદાસ માણેક ૧-૮-૦

૧૪ **સાંબેલાના સૂર**
ઝવેરચંદ મેઘાણી ૨-૮-૦

૧૫ **ગગનને ગોખે**
નિરંજન વર્મા : જયમલ્લ પરમાર ૩-૮-૦

૧૬ **સો વર્ષ જીવવાની કળા**
ડૉ. જયશંકર નાન્દી ૨-૮-૦

૧૭ **હઠીલાં દર્દો**
ભૂપતરાય દવે ૨-૦-૦

૧૮ **દવાનો છેલ્લો ઘૂંટડો**
ભૂપતરાય દવે ૨-૮-૦

૧૯ **દૂધ મૃત્યુલોકનું અમૃત**
કાંતિલાલ શાહ ૨-૮-૦

૨૦ **ધનુર્દોરી**
ચન્દુલાલ ગાંધી ૦-૬-૦

— ન વાંચ્યા હોય તો મંગાવો —

ભારતી સાહિત્ય સંઘ

૧૬, શ્રીમાળી સોસાયટી, અમદાવાદ-૬ • ભીમરાજ બિલ્ડિંગ કાલબાદેવી રોડ, મુંબઇ-૨

પ્રકાશક . લક્ષ્મીદાસ પુરુષોત્તમ ગાંધી, ભારતી સાહિત્ય સંઘ, ૧૬, શ્રીમાળી સોસાયટી, અમદાવાદ
મુદ્રક : ચંદુલાલ જેઠાલાલ વ્યાસ, સ્વાશ્રય મુદ્રણાલય, રાણપુર (કાઠિયાવાડ)

સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિક

ઊર્મિ અને નવરચના ઓગસ્ટ : ૧૯૪૫

રાષ્ટ્રપતિનો સંદેશો

આપણા રાજકીય જીવનની આ એક નાજુક ઘડી છે. જે ક્ષણિક પરિસ્થિતિ ઊભી થઈ છે તેનું સાચું મહત્વ આપણી નજર સામે રહે એ જરૂરી છે. ન તો વેવલ ઓફરને વધુ પડતું મહત્ત્વ આપવું જોઈએ કે ન તો અત્યારના કાળની જરૂરિયાતો પ્રત્યે આંધળા બનવું જોઈએ. આપણા સિદ્ધાંતોને આંચ ન આવે એ રીતે જો હાલતુરત પૂરતો, રસ્તો ખુલ્લો થતો હોય તો લેશ પણ થડકાટ વિના એનો લાભ ઉઠાવવો જોઈએ. રસ્તો જો ન ખુલે તો આપણા કદમ ઉપર મીટ માંડવી જોઈએ અને એ જગ્યાએથી જરા પણ ખસવું ન જોઈએ.


یہ ہماری سیاسی زندگی کا ایک نازک وقت ہے
جو عارضی منزل پیش آ گئی ہے ضروری ہے کہ اس کی
صحیح نوعیت ہمارے سامنے رہے - نہ تو ویول
آفر کو اس کی حیثیت سے زیادہ وزن دینا چاہئے
اور نہ وقت کی واقعی مصلحتوں کو نظر انداز کرنا چاہئے
اپنے اصولوں کے تحفظ کے ساتھ ایک وقتی منزل کی راہ
کھلتی ہے تو بلا تامل اس سے فائدہ اٹھانا چاہئے
نہیں کھلتی تو اپنے قدموں کی نگرانی کرنی چاہئے
اور ان جگہوں سے ذرا بھی ہلنا نہیں چاہئے

यह हमारी सियासी जिंदगीका एक नाज़ुक वक्त हय. जो आरज़ी मंज़िल पेश आ गई हय जरूरी हय के उसकी सही नोइयत हमारे सामने रहें. न तो वावेल ऑफर को उसकी हैसियत से ज्यादा वज़न देना चाहिये और न वक्त की वाक़ई मस्लहतों को नज़र अन्दाज़ करना चाहिये. अपने उसूलों के तहफ़्फ़ुज़के साथ एक वक्ती मंज़िल की राह खुलती है तो बिना तामिल उससे फायदा उठाना चाहिये. नहीं खुली तो अपने कदमों की निगरानी करनी चाहिये और इन जगहसे ज़रा भी हिलना नहीं चाहिये.

[હિંદુસ્તાનના ગોરા લાટ સાહેબની મુલાકાતમાં પણ જેમણે ઉર્દૂમાં જ વાતચીત કરીને દુભાષિયા દ્વારા અંગ્રેજ વાઇસરૉયને પોતાની વાત સમજાવી, અને એ રીતે રાષ્ટ્રભાષાનો ઉજ્જ્વળ પ્રસંગ ઇતિહાસમાં ઉમેરાવ્યો તે રાષ્ટ્રપતિ મૌલાના અબુલ કલામ આઝાદના હસ્તાક્ષરમાં હિંદુસ્તાનની જનતા માટેનો સંદેશો]

પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી



[જુલાઇ માસની ૧૫મી તરીખે પ્રો વિષ્ણુપ્રસાદ ર ત્રિવેદીને ૧૯૪૪નો રણજીતરામ સુવર્ણચંદ્રક અર્પણ કરવાનો મેળાવડો શ્રી રામનારાયણ વિ પાઠકના પ્રમુખપદે અમદાવાદમા થયલો પ્રો વિષ્ણુપ્રસાદે ચંદ્રક અર્પણ કરવા માટે સભાનો આભાર માનીને વિવેચનની પ્રતિષ્ઠા વિશે વ્યાખ્યાન આપેલુ તેમાથી થોડી વિચારકણિકા અહીં ઊતારી છે]

વિવેચનની પ્રતિષ્ઠા

સૌન્દર્યનુ પરમ તત્ત્વ એક છે, અને સૌ દર્યના પરમ તત્ત્વ વિના મનુષ્યમા કલ્પના દ્વારા સમાનભાવ સમાન સવેદન થાય નહિ તે વિના પરમ વેદનના કે સ્વસ વેદનના કલ્પનથી થતો આનદ અશક્ય પ્રકૃતિસર્જનમા પણ આ તત્ત્વ મૌલિક વ્યાપાર છે પ્રકૃતિ માત્ર ઉપયોગી પરિસ્થિતિમા ટકે એટલુ જ નહિ પણ રમણીય સર્જે છે પણ ભિન્ન ભિન્ન સ્થળ સમયના ભિન્ન ભિન્ન મનુષ્યો દ્વારા એ તત્ત્વનો આવિર્ભાવ વિધવિધ રૂપે થાય છે અને ગુહામા નિહિત સૌ દર્યના પરમ તત્ત્વ જેટલુ જ મહત્ત્વ પ્રજાપ્રજાએ સસ્કૃતિ સસ્કૃતિએ આ તત્ત્વને સાહિત્યકળામા જે પ્રગટ રૂપ આપ્યુ છે તેને છે એટલ

પૂર

પૂર ! પૂર ! આવે છે પૂર !
જગના માનવી જાજો રે દૂર
આવે છે પૂર ! પૂર, પૂર૦

નદીને આજે નથી કિનારા,
ઝબકતી એક જ સાગરઆરા,
જળે ઝબોળશે જગને સારા
વેણી વિખેરતી, છાતી હિલોળતી, આવે બનીને ગાંડીતૂર
જગનાં માનવી હજો રે દૂર
આવે છે પૂર ! પૂર, પૂર૦૧

ઝાંઝરનૂપુર ફગવી દીધા,
સહિયરવૃંદને સાથમા લીધા,
મનડા આજે મોકળા કીધા
ચડી બનીને, જગે ઘૂમીને, રાસ રમ્યાનુ ચડયુ છે શૂર
જગના માનવી૦ આવે છે પૂર ! પૂર, પૂર૦૨

મૂળથી ઊખેડયા ઝાડ ને ઝાખર,
તાણ્યા ખેડુ, તાણ્યા ઢોર ને ઢાખર,
પૂરના ઘોડાની જુવે શી પાખર !
મહીલા જળે, છાપરાં વળે, રોકવા કોની છે મગદૂર ?
જગના૦ આવે છે પૂર ! પૂર, પૂર૦૩

ઝાઈ ઘેરા ઘેઘરા ઘુઘવાટે,
થાકી કયારે તો ઠેક અટકે,
આવીને પોઢશે પુરાણે ઘાટે,
પણ જે ધરા, પલળી જરા, તે તો હવે પલળઈ જરૂર
જગના૦ આવે છે પૂર ! પૂર, પૂર૦૪

૨૨ મે, ૧૯૪૫

ઉમાશંકર જોષી

અકળ

(પૃથ્વી)

હજી ય નવ ઓળખ્યો !—

મને હજુ લગી ય નવ ઓળખ્યો હું સખિ !
પ્રશાંત ગમગીનીએ ટપકતી ઉભે આંખડી
હજુ ય ધરી પ્રશ્ન શું મુજ રહસ્યને શોધતી–
સમુદ્ર તણી છાતીએ જયમ વિલોકતો ચંદ્રમા
અભંગ એકીટશે મુખ નમાવીને આભથી ?

૨

છુપાવ્યું નવ કાંઇ મેં—

નથી તુજથી છૂપવ્યું કંઈ જ મેં કદાપિ હજુ;
હશે કંઇ જ જે હુંમાં સકળ તે સદા પાથરી
રહ્યો છું તવ ચક્ષુની સમીપ કાળજું ખોલીને.
કદાચ અથવા તને મુજ સમસ્ત મેં દાખવ્યું
ન તેથી કરીને જ તું મુજ પિછાન પામી શકી.

૩

અરે, મણિ જ હોત તો શત સહસ્ર ખડો કરી,
ઘડી વિવિધ ઘાટ ને જુગતથી અકેકો ગણી
પરોવી મણિહાર હું તુજ ગળે પહેરાવતે.
અને નવ પ્રભાતમાં પવન લહેરીએ ડોલતું
સુગોળ સુરભેભર્યું હત વસંતનું ફૂલડું,
ચુંટી જતનથી ધરી શકત તો હું અંબોડલે.

૪

પરંતુ આ તો હૃદયઃ શી વિધ ભાંગવું, ચૂંટવું !
કયહાં જલ, કયહાં તટ–જમીન, સૂઝે નહિ,
અગાધ અહીં એહવું રહસ–ધામ છે રાણીજી !
અનંત મ્હારાજ્ય છે–નગરી છે છતાં આપની.

ટેસ્ટામેન્ટ, ગ્રીક ટ્રેજેડી, અર્થાત્ યુરોપની સમગ્ર પ્રાચીન સંસ્કૃતિ સાથે હેમલેટ જેવી અસાધારણ સૌન્દર્યવાળી શેક્સપીયરની ટ્રેજેડીને લોહીનો ગાઢ સંબંધ છે. લોહિયાળ યુરોપી ટ્રેજેડીનો યુરોપનાં યુદ્ધો અને દ્વંદ્વ યુદ્ધો આદિની લોકપ્રિય પ્રથામાં વ્યક્ત થતા સુગુપ્ત માનસ સાથે સ્પષ્ટ સંબંધ છે, સીતા, સાવિત્રી, દમયંતી, મૈત્રેયી, બુદ્ધ સાથે કુમુદ, કુસુમ, જયા, સરસ્વતીચંદ્ર આદિનો કુટુમ્બ સંબંધ છે.

રહેણીકરણી ને રસાસ્વાદ

પ્રજાની રહેણીકરણી સાહિત્યપ્રકાર અને સાહિત્યાસ્વાદમાં ભેદ ઊભા કરે છે. તેનાં યુરોપી શુદ્ધ કોમેડી અને ગુજરાતી આખ્યાન સાચાં ઉદાહરણ છે. સ્ત્રીપુરુષના શિથિલ-બન્ધન સહચારની ભૂમિમાં કોમેડી ઉત્પન્ન થઈ; ધર્મકથાવાચન ધાર્મિક વ્યાપાર મટી સામાજિક વ્યાપાર બન્યો તેને પરિણામે ગુજરાતી આખ્યાન જન્મ્યું. કોમેડી તરફ આપણી, આખ્યાન તરફ અંગ્રેજની, ભિન્નભિન્ન રુચિ હોય જ. છતાં સાહિત્ય સમસ્તનું પરમ તત્ત્વ, જે બધા જ ઉચ્ચ સાહિત્યમાં હોય, તે આ સર્વ સાહિત્ય પ્રકારમાં હાજર છે તેનો કેળવાએલા ભાવકોને સાક્ષાત્કાર છે.

માનવ ભાવોનું નિરૂપણ

વિવેચકે ત્યારે સાહિત્ય કળામાં (મહત્તાનું તારતમ્ય કાઢવા) વ્યાપકતાનો ગુણ શોધવો રહે -મનુષ્યના જીવનનું 'અનુકરણ' એટલે મનુષ્યના જીવનમાંની ક્રિયાઓ, લાગણીઓ તથા વિચારોનું 'અનુકરણ' સાહિત્યમાં હોય છે. એ અનુકરણ જીવનનો ફોટોગ્રાફ નહિ, પણ કલ્પનાને સાચું છે એમ સ્વીકારતાં બાધ કે કલેશ ન લાગે એવું જીવનનું ચિત્રણ અર્થાત્,

પ્રતીતિજનક ભાવનાનુસારી નિરૂપણ. ભાવના એટલે સત્‌તત્ત્વને જ સૂચવનાર ક્રિયા કે વ્યક્તિની આદર્શરૂપ કલ્પના નહિ, પણ સદસતની ગુણાવગુણની અસંખ્ય કોટીઓના ચિત્તમાં રહેતા અમૂર્ત ખ્યાલ. સેતાન, ઇયાગો, રાવણ, નૃત્યદાસી એ અસતની ભાવના મૂર્ત કરે છે. એવાં સ્ત્રીપુરુષો જીવનમાં ન જડે, ત્યાં કલ્પના તેને સંભાવ્ય જ નહિ, સાચાં ગણે છે. કેવળ અસત્‌ના અમૂર્ત ખ્યાલને મૂર્ત, જીવંત, નામધારી, અમુક સ્થળે રહેતું, હરતું ફરતું, વ્યવહાર કરતું, પાડોશીથી યે વિશેષ પરિચિત તેને લાગે છે.

જીવનની વિશાળતાનું આલેખન

મહાન સાહિત્યકાર-કવિ-જીવન વ્યોમને જીવન સમસ્તને માપી લે છે અને તેની આરપાર જોઈ શકે છે, તે ક્રાન્તદર્શી થાય છે. એના સર્જનમાં, એના પાત્રોમાં, પાત્રોની લાગણીઓ અને વિચારોમાં, ઘટનાઓમાં, ઘટનાઓના નિર્વહણમાં વિશાળ જીવન સમાઈ જતું હોય એમ લાગે, વિશાળ જીવનમાંની નાની મોટી બાબતોનું રહસ્ય સમજાઈ જતું લાગે, અને જીવન સમસ્તનું રહસ્ય જાણે પ્રત્યક્ષ થાય. ભાવનાઓ ઉપરથી કેવળ કાલ્પનિક પાત્રો સર્જવાં એવો સાહિત્યકારને આમાં આદેશ નથી. પોતાની આસપાસના જીવનમાંથી, પોતાની ભૂમિનાં વ્યવસાય, વલણ, રહેણીકરણી વાતચીત આદિનાં ભૌમિક, અનન્યસાધારણ લક્ષણોવાળાં પાત્રોની સૃષ્ટિ રચી, કિંવા કેવળ વ્યક્તિવિશેષ અને સ્વભાવોની સૃષ્ટિ રચી, હાર્ડી જેમ કે ડીકન્સ જેમ આજીવનની જીવનની વિશાળતાને જીવનદૃષ્ટિ સાહિત્યકાર પ્રગટ કરે છે.

૫

તને શી વિધ દાખવું, ગહન ગૂઢ ઝંકાર શા
બજે નિશદિને પ્રતિપલ અબોલ સંગીતના
તલે હૃદયને ઊંડે, ગગનવ્યાપી ને ગાયબી
અઘોર રજની તણા સૂર સમા—સખિ! શે કહું!

૬

નર્યું સુખ જ હોત તો ફક્ત એક આછે સ્મિતે
નચાવી મુજ હોઠ ને જગવી દેત આનંદ હું,
કથા હૃદયની બધી કળવી દેત એકી ક્ષણે,
જરૂર નવ રે'ત તો કથનની જરીકે સખિ!

૭

નર્યું દુઃખ જ હોત તો નયન ભેજ અશ્રુ વડે
છલી પડત સદ્ય ને મુખ ગરીબડું યે જઈ
બતાવી શકતે તને નજરથી મનોવેદના,
નર્યાં મુખ-દિદારની બની રહેત મૂંગી કથા.

૮

પરંતુ સખિ! પ્રેમ આ—
પરંતુ સખિ! પ્રેમ આ હૃદયનો, ન જેને વિશે
સુખો દુઃખ તણો કદી જ અંત વા આદિ છે,
સદાય ભરપૂર ને વળી સદાય ખાલી જ છે,
અહીં નિશદિને નવી નવી અમૂંઝણો જાગતી;
ન એથી મુજને સૂઝે સમજ પાડવાનું તને,
અને ન તુજને પડે સમજ માહરી એટલે.

૯

ભલે નયન નેનથું ઉરની વાત વાંચ્યા કરો,
ભલે દિવસ રાતડી ઉર ઉરે ઉકેલ્યા કરો,
છતાં અરધ પ્રેમ ને અરધ પ્રાણ પ્રીછી શકો.
સમગ્ર તણી પ્રીછ તો કદી જ કોણ પામી શક્યું!

(રવીન્દ્રનાથ : સોનાર્ તરી : દુર્બોધ)

સમાજ : સાહિત્ય : સંસ્કાર

માસિક નોંધ

ચરણસ્પર્શ અને ચરણ રજ

પંડિત જવાહરલાલ સીમલાથી ઊતરી લાહોરમાં આવ્યા ત્યાં મળેલી જાહેર સભામાં એમણે નેતાઓના ચરણ–સ્પર્શની વાતને વખોડી કાઢતાં જણાવ્યું કે—

'ખાસ કરીને રાજકારણમાં તો આ ચરણસ્પર્શની પ્રથા જંગલી અને ગુલામીની મનોદશા બતાવે છે, ઉપરાંત એ પાછો જોખમકારક રિવાજ છે. સિમલામાં તો મેં જો ચપળતા અને તકેદારી ન રાખી હોત તો હું ખીણમાં ગબડી પડ્યો હોત. હું લટાર મારવા નીકળેલો ત્યારે એક માણસે એકાએક આવી ચડીને પ્રેમથી મારા પગને અડકવા પ્રયત્ન કર્યો હતો. આ ચરણ–સ્પર્શનો ધંધો તો આઝાદીની ખુદ ભાવનાની વિરુદ્ધ છે. હિન્દ દેશનાં નર અને નારીઓ! આ પગે પડવાનું ને ચરણરજ લેવાનું ઘસીભૂસીને કાઢી નાખો. એ આપણા ગૌરવનું વિઘાતક છે. મસ્તકને ઉન્નત અને છાતીને ટટ્ટાર રાખીને ચાલતાં શીખો.'

નેતાની ચીજોનું લીલામ

ઉપલા સમાચારની જોડમાં હવે નીચેના સમાચાર મૂકીએ—

'લાહોરમાં પં જવાહરલાલ નેહરુના સ્વાગત સમયે તેમની ફાઉન્ટન–પેન તેમજ તેમના રૂમાલની હરરાજી બોલાવાઇ. એના રૂા ત્રણ હજાર અને એક હજાર ઉપજ્યા. રૂમાલ ખરીદનારને પંડિતજીએ રૂમાલ પર પોતાના હસ્તાક્ષર કરી આપ્યા.'

પહેલા સમાચાર આનંદદાયક છે, બીજા એટલા જ દુઃખકારક છે. ચરણસ્પર્શ અને ચરણરજના રિવાજ કરતાં આ હરરાજીનો રિવાજ લગારે ઓછો જંગલી અને ગુલામીનો પોષક નથી. સારા કામને માટે પણ નેતાઓની ચીજવસ્તુની મનસ્વી કીમત મેળવવી એ પણ આઝાદીના મૂળભૂત મિજાજથી વિરુદ્ધ જતી વાત છે. એમાં નેતા પાછા પોતાનાં લીલામ થયેલ રૂમાલ પર હસ્તાક્ષરો કરી આપે તે આ માનવ–ગૌરવના વિઘાતક રિવાજને નવી આબરૂ આપવા બરોબર છે. પં. જવાહરલાલ તરફથી આવી પ્રથાને અનુમોદન મળ્યું એ આશ્ચર્યકારક છે. મહાત્માજી એને વારસ બનાવવા ઇચ્છે છે, પોતે વારસાની પ્રથાને વખોડનારા છે. છતાં અજાણે આ વારસો તો નથી સંભાળી રહ્યા ને પંડિતજી?

આયાઓનાં ભોગ બનતાં બાળકો

પોતાનાં બાળકોને આયાઓના હવાલામાં સોંપી દેતી માતાઓ જે દોષ કરી રહેલ છે તેના સંબંધે મુંબઈમાં ઉહાપોહ જાગ્યો હતો. તા. ૩–૭–૪૫ના ટાઇમ્સ ઓફ ઇંડીઆમાં શ્રી એમ. એન. મુંબઇવાળાનું નીચે મુજબ ચર્ચાપત્ર હતું.

'મેં સગી આંખે બે આયાઓને બચ્ચાં સાથે દુર્વર્તન કરતી દેખી છે. જરી જેટલું બહાનું મળતા જ બાળકોને તમાચા પડે છે, અને હાથ મરડવામાં આવે છે ને કાન આમળવામાં આવે છે. આયાઓ તો બાંકડા પર બેઠી બેઠી ગપ્પાંસપ્પાં મારે છે. પોતાને સોંપાયેલ બાળકોની રમતગમત પ્રત્યે જરી પણ લક્ષ નથી હોતું. તેઓ તો ગંદી પગથી પર બેઠાં હોય છે. ઘર અંદર આયાઓ બાળકોનો લેખો પતો કરે છે તે પરથી માતાઓ છેતરાય છે. ઓચિંતી મુલાકાત લઇને જઈ જુએ તો ખબર પડે.'

હવે પાછા ચોકી રાખો!

મૂંગાં સંતાનોની મનોવેદનાનું આ આયા–પ્રકરણ અજવાળે આવ્યું તે સારું થયું છે. અહીં વસનારા ગોરાં શ્રીમંતો અને તેમની જ ઢબે તેમનાં વસતી–સ્થાનોમાં વસવા લાગેલાં દેશી કુટુંબો પોતાનાં બાળકોને આયાઓના હાથમાં સોંપીને જે અનર્થ કરે છે તેનો રુકાવ આયાઓના આચારો પર ચોકી કે અચાનક નિરીક્ષણ કરવાથી થનાર નથી. આ તો બાળકો પ્રત્યેના વાત્સલ્યનો પ્રશ્ન છે. આયાઓ દોષિત નથી. તેઓ જે સમાજમાંથી આવે છે તે સમાજનો પણ દોષ નથી. આ પગારદાર આયાઓ અને બંગલાના નોકરચાકરો પાસેથી આઠે પહોર, સાઠે ઘડી, ત્રીશે દિવસ ને બારે માસ એકધારા અપત્ય-પ્રેમની આશા રાખવી એ પ્રકૃતિ પર જુલમ કરવા જેવું છે. પેટનાં છોકરાંને પરહસ્તે સોંપી મહેમાનો મુલાકાતીઓ સાથે ગપ્પાં મારવા અથવા તો કલબો, થીએટરો અને સભાઓના શોખ કરવાનાં ઉત્સુક માતા–પિતાઓ આ આયાઓ ને નોકરો પાસેથી પારકાં બાળકોની નાજુક સાચવણની આશા રાખી શકે નહિ.

આ સમસ્યાનો ઉકેલ માતાએ પોતે જ બાળકોની માવજત હાથ ધરવાને અનુકૂળ પડે તેવું જીવન જીવવામાં છે અને પતિએ પણ સાંજ સવારના ઇતર રઝળપાટો છોડી દઈ બાળ–સંભાળમાં પત્નીને મદદ કરવામાં છે.

ઉચ્ચ શિક્ષણની સાચી સમજ

પણ આ બાળઉછેરની બાબત સમગ્ર સંસારજીવનથી નિરાળી પાડી નહિ શકાય. પ્રશ્ન આ છે, કે નવા યુગની નારી સમગ્ર જીવન પ્રત્યે કયું વલણ ધરાવવા ઇચ્છે છે? એ મૂળભૂત પ્રશ્નનો ઉલ્લેખ કલકત્તા યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં વાઇસ-ચેન્સેલર ડૉ. રાધાવિનોદ પાલે પોતાના આવકાર-પ્રવચનમાં કર્યો છે–

'નવી ગ્રેજ્યુએટ સ્ત્રીઓને પોતે પ્રથમ સ્ત્રીઓ છે ને પછી ગ્રેજ્યુએટો છે એ નહિ ભૂલવા વિનંતિ કરી તેઓએ ન ભૂલી જવું જોઇએ કે તેઓએ પુરુષ વિદ્યાર્થીના જેવો જ અભ્યાસક્રમ લીધેલ હોવા છતા અને તેમના જેવી જ પદવીઓ મેળવવા છતાં તેમનું વર્તુલ જુદું છે તેઓએ એમ ન સમજવું જોઈએ કે તેઓએ લીધેલું ઉચ્ચ શિક્ષણ તેમને તેમના ગૃહવર્તુલમાંની ફરજોમાંથી મુક્ત કરે છે'

શું હમેશાં સ્ત્રી જ ફસાય છે?

એક શહેરના સમાચાર પ્રકટ થયા છે–

'એક ગરીબ વાણીઆ સોનીની જુવાન સ્ત્રીને એક લુહાણો ફસાવીને ભગાડી ગયો છે કહેવાય છે કે સોનીની સ્ત્રી પોતાની પાસે રહેલા તમામ ઘરેણાં પણ ઉપાડી ગઈ હતી.'

સ્ત્રી અને પુરુષના સાથે નાસી જવાના આવા પ્રત્યેક કિસ્સામાં 'ફસાવનાર' અને 'ભગાડી જનાર' હમેશાં પુરુષને જ કલ્પી લેવામાં આવે છે એનું શું કારણ છે? 'અપહરણ' તો તે પણ પુરુષે જ કર્યું હોય છે! અને આવાં પલાયનો પકડાઈ ગયા પછી એનાં પરિણામોમાંથી બચવાને માટે એ સંડોવાયેલી સ્ત્રીને પણ આ જ છટકબારીની સગવડ મળી રહે છે. એ એમ કહીને છૂટી જાય છે કે મને તો મજકૂર પુરુષે 'ફસાવી' હતી કે 'નસાડી' હતી. ભાવનગર શહેરમાં બનેલા નિર્મળા પ્રકરણમાં આખરે એમ જ બન્યું છે. સંકટ સમયની સાંકળ ખેંચવા ટાણે 'મને તો પુરુષે ફસાવી હતી' એવું કહેતાં સ્ત્રી અચકાતી નથી એટલું જ નહિ પણ આપણે સૌ એ જ ચલણી સિક્કા જેવા વાક્યનો વ્યવહાર કરીએ છીએ. ઉપર આપેલા એક શહેરના સમાચારમાં તો સ્ત્રી ઘરાણાંનો દાબડો લઇને પરપુરુષ સાથે ચાલી ગઈ છે છતાં એને તો 'પુરુષે જ ફસાવી ને ભગાડી' એવું માની લેવું જરા મુશ્કેલ છે.

રશિયનોને હિંદમાં રસ

'બારાનીકોવ નામના એક રૂસ વિદ્વાને આપણા તુલસીકૃત રામાયણનો રશિયન ભાષામાં અનુવાદ કર્યો છે અને તે સાથે સંત તુલસીદાસજીની જીવન-કથા પણ જોડી છે. મોસ્કો નગરની પૌરસ્ત્ય અભ્યાસની 'એકેડેમી ઓફ સાયન્સ'માં મળેલી સભામાં મજકૂર ભાષાન્તરકારે એ રામાયણ-કાવ્યના છઠ્ઠા ખંડમાંથી કેટલાક ભાગો સંભળાવ્યા ત્યારે શ્રોતાઓમાં ગંભીર શાંતિનું વાતાવરણ છવાઇ ગયું હતું'

આ સમાચાર સોવીએટ યુનીયનનું એક અખબાર આપે છે. અહીંના સામ્યવાદી સામાહિકો પણ 'સોવીએટ દેશમાં પ્રાચીન હિંદી સાહિત્ય' એ મથાળા નીચે માહિતી આપે છે કે ૧૯૧૭ની ક્રાંતિની પૂર્વે ઘણા પ્રાચીન કાળથી આપણાં પંચતંત્ર, હિતોપદેશ, જાતક કથાઓ, મહાભારત કથાસરિત્સાગર, નળ-દમયંતી, વગેરે પૌરસ્ત્ય ગ્રંથોનાં અસલ સંસ્કૃતમાંથી રશિયનમાં ભાષાન્તરો થતાં આવ્યાં છે, અને ક્રાંતિ પછી પૌરસ્ત્ય સાહિત્ય પ્રત્યેનો પ્રજારસ ઘણો વધી ગયો છે.

સાહિત્યરસ પરથી ખોટાં અનુમાન

આવા સમાચારો પરથી રખે આપણે એવું અનુમાન તારવીએ કે સોવીએટ રશિયાનો હિન્દની રાજકારણી મુક્તિમાં પણ રસ વધી રહ્યો છે. આ બન્ને બાબતો એક બીજીથી અલગ છે. હિન્દની પ્રાચીન સાહિત્ય-વિદ્યાનો અભ્યાસ જર્મનીમાં પણ મોટું સ્થાન રોકતો હતો. ખુદ નાઝી શાસનકાળમાં પણ જર્મન વિદ્યાપીઠો હિન્દના વિદ્યાભંડોળનું પરિશીલન કરવામાં જરીકે પાછી પાની કરતી નહોતી. અન્ય યુરોપી દેશોને પણ હિંદની પ્રાચીન જ્ઞાનસંપત્તિમાં સક્રિય રસ છે. બ્રિટન પણ એ બાબતમાં કોઇથી કમ નથી એ જ રીતે આપણને હિંદમાં અન્ય પ્રજાઓની જ્ઞાનમાર્ગોમાં રસ છે. વિદ્યાજ્ઞાનનો વિનિમય તો અરસપરસ થતો જ રહે છે. દુર્ભાગ્યની વાત છે કે એક પ્રજાનો અન્ય પ્રજાના વિદ્યાસંસ્કારોમાં નીપજતો આવો ઊંડો રસ એ વિદ્યાવંત પ્રજાનાં લોકોની વર્તમાન રાજકારણી અભિલાષાઓ પ્રત્યે હમદર્દી જન્માવતો નથી. સોવીએટ રશિયાને હિંદની આઝાદીની અભિલાષાઓ માટે કેટલીક ખેવના છે તે તો એક નિરાળી બાબત છે. એ જેટલી કહેવાય છે તેટલી હો તો સારી વાત છે. મુદ્દો આ છે કે હિંદ પ્રત્યેના સાહિત્યકીય કુતૂહલને કે રસને પરદેશી પ્રજાની હિંદ માટેની રાજકીય દિલસોજીની પારાશીશી ન સમજી લઇએ.

ઇસ્લામી કાયદાઓમાં સુધાર

'ઇસ્લામી કાયદાને આધુનિક યુગની આવશ્યકતાઓ અને પરિસ્થિતિઓ સાથે બંધ બેસતો બનાવવા માટે એમાં સુધારણા કરવાની જે પ્રવૃત્તિ પેલેસ્ટાઇન દેશના ઉલેમાઓએ (ઇસ્લામી ધર્મપુરુષોએ) ઉપાડી છે, તેમાં સાથ આપવા મૌલાના અબુલ કલામ આઝાદે હિંદી મુસ્લિમોને ભલામણ કરી છે.'

આવી પ્રવૃત્તિ જો હિંદમાંના કોઈ મુસ્લિમે ઉપાડી હોત તો તે તુમુલ વિરોધનો ભોગ બન્યો હોત. કારણ કે આ દેશમાં રાજદ્વારી રૂપ ધારણ કરેલ કોમભેદની મનોદશા પ્રગતિની આડે આવી રહેલ છે. ઇસ્લામના મૂળ પ્રવર્તક એક મહાન પ્રગતિકાર હતા. એમણે ભળાવેલ સમાજ–વ્યવસ્થા સદા જડતામાં ઝકડાયેલી જ રહે એવું કલ્પવું પણ કઠિન છે. એમણે આપેલા આદેશોનું હાર્દ સમજીને તેને અનુરૂપ જીવન–સુધારણા કરવાની ઇતર મુસ્લિમ દેશોએ ફરજ માની છે. તૂર્કી તો ઘણું આગળ નીકળી ગયું છે. હિન્દની મુસ્લિમ સ્ત્રીઓનું પરદામાં સબડવું, મુસ્લિમ સખાવતોની સંકુચિત દશા, સુની શિયા વચ્ચેના વૈમનસ્યે પહોંચી ગયેલા ભેદ વગેરે અનિષ્ટોને મિટાવવા માટે અને હિંદી મુસ્લિમ સમાજને અન્યધર્મીઓ તરફ સહિષ્ણુતાની દૃષ્ટિ આપવા માટે જમાનાની જરૂરીઆતોનો સુમેળ સાધે તેવા પુનર્વિધાનની આ પ્રવૃત્તિ ઉપાડી લેનારા પેલેસ્ટાઇનના ઉલેમાઓ ખાસ અભિનંદનને પાત્ર છે. કેમકે મોટે ભાગે ધર્મગુરુઓ જ પ્રગતિને ખાળનારા હોય છે.

માતૃભાષાને મોટું ગૌરવદાન

'મૌલાના અ. ક. આઝાદને અંગ્રેજી નથી આવડતું એમ ન માની લો. એમનું અંગ્રેજી જ્ઞાન તો ગ્રેજ્યુએટને ય ટક્કર મારે તેટલું છે. એમણે વાંચેલાં અંગ્રેજી પુસ્તકોની સંખ્યા પણ વિપુલ છે. છતાં પોતે કદી અંગ્રેજીમાં ભાષણ કરતા નથી, કદી અંગ્રેજીમાં કોઇ નિવેદન ઘડતા નથી, સુંદર માતૃભાષાનું જ શરણ લે છે, તેનું કારણ કે એમને પોતાની માતૃભાષા પર એટલો પ્રેમ છે.'

પં. જવાહરલાલે કહી એ વાત આપણને એક સખ્ત આંચકો લગાવીને આપણી નિંદમાંથી ઝબકાવે છે. આપણી પહેલાંની પેઢીના માણસોમાં અંગ્રેજી ભાષામાં વ્યવહાર કરવાનો દોષ હતો પણ તેમનું જમા પલ્લું એ હતું કે તેઓ શુદ્ધ સુંદર અંગ્રેજી લખતા બોલતા. આપણે તો આજે અંગ્રેજીને ને ગુજરાતીને બેઉને બગાડી રહ્યા છીએ અને ગુજરાતીમાં બોલતે બોલતે વાક્છટા બતાવવી હોય ત્યારે અંગ્રેજીમાં 'દીધે રાખીએ છીએ.' મૌલાના સાહેબે તો સિમલા પરિષદમાં જઈ વાઇસરૉય સાથેના વાર્તાલાપો દુભાષિયો રાખીને માતૃભાષામાં કર્યા, એટલું જ નહિ પણ પરિષદની ઊઘડતી બેઠકે પોતે ઘડી લાવેલ રાષ્ટ્રપતિ તરીકેનું રાજકારણી નિવેદન પણ માતૃભાષામાં વાંચ્યું જેઓ ન સમજી શકે તેમ હતા તેમને માટે અંગ્રેજી તરજુમાની નકલો વહેંચી દીધી. છાપેલ ભાષણ વાંચતે વાંચતે નવા ઉમેરા કર્યા તે પણ માતૃભાષામાં જ. પરદેશી રાજસત્તા તરફથી બોલાવાયેલ સત્તાવાર પરિષદમાં આવું બેધડક પગલું પહેલી જ વાર ભરાયું છે.

આપણા દેશની વાત

'મેક્સીકોની સરકારે એક આદેશપત્ર પ્રકટ કરીને ઠરાવ્યું છે કે મેક્સીકોમાં આયાત થતાં તમામ પરદેશી ચિત્રો, પ્રજાની ભાષામાં ફરજિયાત 'ડબ' કરવાં પડશે, ને એ રીતે 'ડબ' કરેલાં ચિત્રો જ મેક્સીકોનાં ચિત્રગૃહોમાં બતાવી શકાશે.'

'મોજમજાહ'ના તા. ૨૨–૭–૪૫ ના અંકમાં આ અને આવા પ્રકારની બીજી સમાચાર–કંડિકાઓ આપીને શ્રી. ગુણવંતરાય આચાર્ય મથાળું બાંધે છે કે 'પણ આપણા દેશની તો વાત જ જવા દો!' આ ટીકા એમણે તો ચિત્રપટોના પ્રદેશ પૂરતી કરી છે, પણ ચિત્રપટ સુધી ક્યાં જવું પડે તેમ છે? આપણી રેલગાડીના ડબ્બાઓ પર નજર કરો, રોજીંદા લાખો દેશજનો જે રેલમાં મુસાફરી કરી રહેલ છે, તે રેલ્વેઓના પર પહેલા, બીજા, ત્રીજા વર્ગનો નિર્દેશ પણ અંગ્રેજીમાં! અમુક સ્ટેશનથી અમુક સ્ટેશન વચ્ચે દોડનાર ડબ્બા પર પણ અંગ્રેજીમાં સૂચના! અંગ્રેજી ન જાણનારાને આંધળાં–ભીંત અને રખવાયાં ઢોર જેવાં બનાવનારો જ સમસ્ત વ્યવહાર વર્તે છે. કારણ કે એ વ્યવહારનું માધ્યમ અંગ્રેજી છે. એને બદલાવવા માટે તો શું પણ ટ્રેનના પહેલા બીજા વર્ગનાં સડાસોની જમાના જુની યુરોપી બેઠકોને બદલાવવાનું ય કોઈને યાદ નથી આવતું એ અંગ્રેજી બેઠકો પર આપણાં તાજેતર સેકન્ડ–કલાસીઆ' બનેલ હજારો દેશી રૂઢિનાં સ્ત્રીપુરુષો કઈ રીતે ગોઠવાતાં અને પખાલ લેતાં હશે તે તો પલ એક વિચાર કરવા જેવું છે.

અ. હિં. રેડીઓનો કોમભેદી વર્તાવ

'ઑલ ઇન્ડીઆ રેડીઓ'એ સિમલા પરિષદ અંગેની પ્રસિદ્ધિમાં કોંગ્રેસ–પક્ષનાં નિવેદનો–સમાચારો

અને મુસ્લિમ લીગનાં નિવેદનો–સમાચારો વચ્ચે કોમી પક્ષપાત બુદ્ધિથી ભેદભાવવાળું વર્તણ અખત્યાર કર્યું છે અને તે પ્રત્યે લોકલાગણીએ રોષ અનુભવ્યો છે' એ મતલબનું હિંદુસ્તાન ટાઈમ્સના ૨–૭–૪૫ના અંકમાં લખાણ છે.'

ઑલ ઈન્ડીઆ રેડીઓના રેઢિયાર સંચાલન બાબત તો પાર વગરની ફરિયાદો છે. હિંદી–ઉર્દૂ વચ્ચેના ભાષાભેદને એણે ઈરાદાપૂર્વક તીવ્ર બનાવ્યા હોવાનો પોકાર જાણીતો છે. તેની સાન ઠેકાણે લાવવાનો સત્તાધિકાર તો પ્રજા પાસે નથી, છતાં એના આવા વર્તાવથી તેજોવધ અનુભવતી પ્રજા પાસે એક માર્ગ તો છે: કે એના કાર્યક્રમોમાં સ્વમાન તેમજ રાષ્ટ્રગૌરવની રંચ પણ લાગણી ધરાવતા માણસોએ સાથ આપવાનું બંધ કરવું.

સમીક્ષકોની બેજવાબદારી

ગુજરાતી સાહિત્ય અને સંસ્કારના ઉદ્ધાર અર્થે સૌથી વધુ સક્રિય તેમજ લોકજાગૃતિકર રહેનારી ઉત્સાહી ગુજરાત સાહિત્ય સભાની ૪૩–૪૪ની કાર્યવહીના મંત્રીના નિવેદનમાં આ ફરિયાદ છે –

"આજસુધી વિદ્વાન સમીક્ષકો એક યા બીજા કારણે મોડું જ કરતા; પણ આ વખતે ત્રણ સમીક્ષક ભાઈઓમાંથી એક સમીક્ષક ભાઈએ જ પોતાનું કામ પૂરું કરીને આપ્યું છે, જ્યારે બીજા બે ભાઈઓમાંથી એક અમદાવાદ આવી સભા સમક્ષ પોતે કરેલી સમીક્ષામાંથી મહત્વના ભાગનું વાચન કરી ગયા અને આઠ દિવસમાં તે પૂરું મોકલાવી આપવાનો વાયદો આપીને ગયા તે ગયા જ, અને કેટલી યે ઉઘરાણીઓ છતાં એ કામ પૂરું ન કર્યું તે નજ કર્યું : સભાએ તો [illegible] આપી પોતાનું ઋણ પૂરું કર્યું છે ત્રીજા સમીક્ષક ભાઈએ એમને સોંપાયેલું કામ કરવાનું સ્વીકારી એવી આપદા મારી કે એઓ ક્યાં છે, શું કર્યું છે, એની માહિતી સરખી પણ સભાને આપવાનો વિવેક સરખો યે દાખવ્યો નહિ."

ઉપાય ગુ. સા. સભાના હાથમાં

ગુ. સા. સ. નો આવો સતત કડવો અનુભવ આપણી બેજવાબદાર મનોદશાનું તીવ્ર ભાન કરાવનારો છે. પણ સાચો ઉપાય તો સભાના પોતાના જ હાથમાં છે, જેમની પોતે વાર્ષિક સમીક્ષકો તરીકે વરણી કરે તે વ્યક્તિઓને નીમતા પહેલાં પુછાવી લેવું કે સમીક્ષાનું કામ સ્વીકારવા તેમ જ મુદતસર કરી આપવા એ તૈયાર છે કે નહિ. જવાબમાં હા આવ્યા પછી જ જાહેરાત કરવી, ને પછી સમારંભ પર જે સમીક્ષક પોતાની સમીક્ષા છપાવવા માટે તૈયાર સ્થિતિમાં લખીને તૈયાર ન લાવે તેમને સમારંભમાં અધૂરું વાચન કે મુખેથી પ્રવચન કરવા ન દેવું. ઉપરાંત હવે તો ઘણાં વર્ષોનો અનુભવ થયા પછી, નવી નવી વ્યક્તિઓને કેવળ ઉત્તેજન આપવાની લાગણીથી સમીક્ષા સોંપવાને બદલે જુના સમીક્ષકોમાંથી જેમણે સંતોષકારક કામ કરી બતાવ્યું છે તેઓને પુનઃ એ કામ સોંપવું (એવું ફરી વાર શ્રી અનંતરાય રાવળની નિમણૂકથી નવા વર્ષ માટે થયું છે તે ઈષ્ટ થયું છે.) ગૂજરાતને વિશે જવાબદારીનું ભાન ધરાવનારી વ્યક્તિઓમાં બે ચારની વૃદ્ધિ કરવી એ અધકચરા અને બેજવાબદાર પચીસ–પચાસને સમીક્ષકપદની હારકા–છાપ આપવા કરતાં વધુ મહત્વનું કામ છે. ગુ. સા. સ. એ કંઈ વિવેચન–લેખનની તાલીમ આપનારી સંસ્થા નથી. એ સંસ્થા તરફથી તો બહાર પડતા પ્રત્યેક બોલની ચિર પ્રતિષ્ઠા બંધાવી જોઈએ.

ચર્ચીલ–એમરીની સરકાર જાય છે.

બ્રિટનની ચૂંટણીનું પરિણામ બહાર પડી ગયું છે. ઇતિહાસમાં અભૂતપૂર્વ એવી ફતેહ મજૂર પક્ષને મળી છે. ચર્ચિલના પક્ષની રેવડી દાણાદાણ થઈ ગઈ છે. ખુદ ચર્ચીલ, એન્થની ઈડન અને ઓલીવર સ્ટેનલી સિવાયના બીજા રૂઢિચૂસ્ત પ્રધાનો પોતાની બેઠકો ગુમાવી બેઠા છે. ૧૯૪૦ થી હિંદી વજીર તરીકે નામચીન બનેલ એમેરી ઊડી ગયા છે. તેમની ૩૪ વર્ષની પાર્લામેન્ટરી કારકીર્દીનો અંત આવ્યો છે. તેમના હરીફ રજની પામદત્ત પણ મજૂર ઉમેદવાર સામે હારી ગયા છે. તેમની જામીનગીરી જપ્ત થઈ છે.

ચર્ચીલે વડાપ્રધાન તરીકે રાજીનામુ આપી દીધુ છે. શહેનશાહે એટલીને પ્રધાનમંડળ રચવા આમંત્રણ આપ્યું છે. બ્રિટિશ મતદારો મજૂર પક્ષે કેટલી હદ સુધી ગયા છે તે તો નીચેના આંકડા જ કહે છે, પણ ચર્ચીલનો કોઈ અજાણ્યો મજૂરપક્ષી ઉમેદવાર દશ હજાર મત મેળવે તે ઘણું સૂચક છે.

મજૂર પક્ષે પોણા ચારસો ઉપરાંત બેઠકો મેળવી છે. રૂઢિચુસ્ત પક્ષ બસો બેઠક પણ ન મેળવી શક્યો. બાકીના પક્ષોમાંથી પંદર વીશ સભ્યો રૂઢિચૂસ્ત પક્ષને મદદ આપશે તો પચીસ ત્રીશ મજૂર પક્ષે ભળશે એમ લાગે છે.

બ્રિટનના પરદેશમંત્રી તરીકે બેવીન, તથા હિંદી વજીર તરીકે લોર્ડ લીસ્ટોવેલ આવશે એમ લાગે છે.

'બંદૂકો આવી ને બહાદુરો રડયાં'

ટાંચણપોથીનાં થોડાં પાનાં : હપ્તો છઠ્ઠો

ઝવેરચંદ મેઘાણી

૫૦૦–૬૦૦ પાનાંની એક ટાંચણ–પોથીને ૮૦–૧૦૦ પાનાંમાં વલોવી લઇને તે પછીની પોથી ઉપાડું છું અને ચક્ષુ સમીપ ખડો થાય છે એક કદાવર આદમી: વાને નાગર જેવો ઊજળો', ભરાવદાર કાળી મૂછ દાઢી, અંબાઈ લીલા રંગની સુરવાળ અને પહેરણ. મુખમુદ્રા પર કુમાશ છતાં ધંધો કરડાઇનો, વ્યવસાય જોતાં ગળું ઝાડો પાડતું હોવું જોઈએ છતાં મારી યાદદારતમાં એક મુલાયમ કંઠ સંઘરાયો છે.

એનું નામ રાણા આલા મલેક. '૨૬ની સાલ હશે. બહારવટિયાનું સંશોધન ચાલતું હોવું જોઇએ. એક દિવસ જામનગર રાજ્યના મહાલ લાલપુરથી પત્તુ આવ્યું: 'અમારી પાસે બહારવટાની, વાઘેરોની, રાયદે બૂચડની ઘણી ઘણી પાયાદાર વાતો છે. કહો તો મોકલી આપું. હું પોતે એજન્સી પોલીસની ઘણાં વર્ષ નોકરી કરી આવ્યો છું. ઘણા બહારવટિયાનાં ધીંગાણાંમાં કામ કર્યું છે. હાલમાં એજન્સીનું પેન્શન લઈ આંહીં રાજ્યમાં ફોજદાર છું. લી. તાબેદાર જત રાણા આલા મલેક.

✤

સૂમને સોનાના ચરૂની ખબર મળે જેમ ઝડપે દોટ કાઢે તે ઝડપે હું ટ્રેન પકડી લાલપુર પહોંચ્યો. કડકડતા શિયાળાની સવારે, ગર્જના ભેર વહેતી નદીની ભેખડ પર આવેલા એ પોલીસ–થાણામાં પહોંચ્યો અને એ કદાવર આદમીને મળ્યો. પહેલી જ વાત એ કરી કે 'તમે મારા 'તાબેદાર રાણા આલા' નહિ પણ કાકા થાઓ. શે સગપણે ? એજન્સી પોલીસને સંબંધે. મારા પિતા ને તમે, બેઉ એજન્સી પોલીસની સ્થાપના પછી પડેલી ભરતીના સંબંધ-ભાઇઓ.

✤

કાલિદાસભાઈના દીકરાને દેખી બેવડા આનંદે એ રાણાભાઈની જબાન વહેતી થઇ. ટાંચણ કે કાગળની એને જરૂર નહોતી. એને મન તો બહારવટિયાનો ઇતિહાસ એ એક જીવતું જગત હતું, એ જગતનું તે પોતે એક પાત્ર હતા. એક પણ ઠેકાણે અટકયા કે યાદદાસ્તને તાજી કર્યા વગર, રાણાભાઈએ કડકડાટ વાતો કહેવા માંડી ને મેં ટપકાવવા માંડી. જાણે કે કોઈ છાપેલ ચોપડી વાંચતા વાંચતા પોતે લખાવે જતા હતા ! નિરક્ષરતાની દુનિયામાંથી ખડો થયેલો એ જત જુવાન, એજન્સીની નોકરીમાં સોળ શેરની બંદૂકને ખભે લઇ કોન્સ્ટેબલની છેલ્લી પાયરીથી પ્રારંભ કરી છેવટે ફોજદારી સુધી પહોંચેલ તે કલમના બળથી નહિ, જવાંમર્દીના જોરથી. લખતાં તો એને શીખવું પડયું. ગામડાંના પોલીસ-પટેલ કરતાં વધુ વાકયરચના આવડતી નહિ પણ વાચા એના કંઠમાં હતી. સવાર અને સાંજની બે બેઠકોમાં એણે મારાં પાનાં ને પાનાં ભરાવી આપ્યાં.

✤

એ પાનાંમાંથી આગલાં ઘણાં પાનાં મારી પોથીમાંથી ચાલ્યાં ગયાં છે. બાકી વીશેક વળગી રહ્યાં છે. ગયેલાં પાનાંમાંથી મેં ઘણોખરો સંભાર તો બહારવટિયાનાં વૃત્તાંતોના ત્રણે ભાગમાં ભરી લીધેલ છે, છતાં કેટલીક લાક્ષણિક વાતો ગુમાવી છે એવું લાગ્યા કરે છે. આ જતો, સંધીઓ, અને વાઘેરોનાં કથાનકો તો ઠીક, પણ એમની પ્રણાલિકાઓ, પરંપરાઓ અને આચારવિચારો, જેને હું વધુ મહત્ત્વ આપું છું, જેની પાર્શ્વભૂ પૂર્યા વગર નરી વાર્તાઓના ખુટ્ટા ફિક્કા લાગે, ને જેની પ્રાપ્તિ રાણાભાઇ જેવા માણસો જ આપણને કરાવી શકે. દાખલા તરીકે ભીમા જતની હકીકતમાં એક પ્રસંગ છે,

'ઇસત્તરીઆ ગામના જુવાન સંધી હાસમ બાબા ગુણેજાને ભીમા બહારવટિયાનાં માણસોએ પકડીને મારી નાખ્યો. એનાંજ ગામને ઝાંપે એને મરેલો ખીલા માથે બેસાર્યો. કાજને દિવસે સવારે સંધીઓ ભેળા થયા ડાયરો બેઠો છે. તે વખતે મરનાર હાસમની વહુ માથા પરનું ઓઢણું ખભે નાખીને ત્યાંથી નીકળી. મુરબ્બીઓની મરજાદ લોપનાર આ બાઇને દેખી સંધી ડાયરો તાજુબ બન્યો. કોઈએ બાઇને એની બેઅદબ માટે ઠપકો આપ્યો. બાઇ બોલી કે 'હું ભીમા સિવાય કોઇ બીજાની લાજ કાઢીશ નહિ' એટલા જ શબ્દોએ સંધીઓને આનક ચડવી ખડા કર્યા.

પોતાના ધણીને મારનાર પર કિન્નો લેવા માટે ઉશ્કેરવા કોઇને નામર્દો, હિચકારાઓ કે એવું કશું કહેવાને

બદલે એક રાઠેલી જુવાન ઓરતે ઓઢણું ખભે નાખીને જ કાતિલ સંકેત કર્યો, એ મારા આજ સુધીના સંશોધનમાં એક નવીન બાબત છે રાણાભાઈએ તો ઉપરા–ઉપર સધીઓ, જતોના જુના કિસ્સા રેલાવવા માંડ્યા

એક આ વાત ટાચણમાં અણુસપરાયેલી છે—

'ગુરગટ ગામના મલેક રાણો તથા સધર તથા છીરણ ને ડોસલ, ચારે જણા જામનગરને રાણપર ગામે જતા હતા રણપરમા બે હજાર જતો રહેતા ચાર મુખીઓ જામસાહેબના અમીર હતા રમારી શિરો, રૂડો ગામેતી, હાજી મમરીઓ સધી, ફકીરો હજામ વગેરે મળી જામના રાણપરનુ રક્ષણ કરતા હતા પોરબંદરથી રાણા સતાજીએ રાણપર છતી લેવા પોતાના બે હજાર મેર, મુમેન સીપઈ સોઢા વગેરે મળી સાત હજારનુ કટક વહેતુ કરેલુ એવી સ્થિતિમા રાણપર જતા આ ચારે ગુરગટવાળાઓને રસ્તામા ભોગાટ ગામ આવ્યુ ત્યા બહેન મલીબાઈએ કહ્યુ કે 'રાણપર જાઓ નહિ તો સારૂ, કેમકે વાઘેરો ટમગીને હાતારમા પ્રવેશ કરી ગામ ભાગશે–એટલે તેઓ પાછા મરડાયા ને આગે આવ્યા આગા ગામવાળાઓએ કહ્યુ કે 'મલેક, ન જાવ તો સારુ વાઘેરોએ ઓડા બાંધ્યા છે' એટલે સધર મલેકે જવાબ દીધો 'તમે ન બોલ્યા હોત તો અમે રોકાત પણ હવે તો જાવુ જ જોશે' ગયા વાઘેરો વીશ હત તેમણે તાશેરો કર્યો આ ચારેમાથી દરેકને ચાર ચાર ગોળી લાગી ચારે જણ ઘોડેથી ઊતરી ગયા તરવારોની રમત ચલાવી ખપી ગયા ઘોડાઓ ઘેર ગુરગટ ગઈ લાશ રણમા પડેલી ગુરગટવાળાઓએ જઈને રણમા વાઘેરો સાથે ધીંગાણુ કર્યું દુહો છે—

> થગથા દીઠા ચાર,
> કાંઠે કિલોઈ ને,
> સીઆરો લાલ ગુલાલ
> તે રંગ્યો સધર સુલતાનીઆ !

(કેલોઈ નદીને કાંઠે મે ચાર પાળિયા દીઠા હે સધર મલેક ! તે સીઆરા ડુંગરને રુધિરે લાલ રંગ્યો)

'તમે ન કહ્યુ હોત તો અમે રોકાત' એ motiff આ સોરઠી જીવનમા ખૂબ ખેલ ભજવી ગયો છે જે ન કરવનુ કહેવાય તે જ કરવાની હઠીલાઈ–આ દિશામાં જઈશ ના ! આ ઓરડો ઉઘાડીશ ના ! આ વાવનું પાણી પીશ ના !–ના પાડવામા આવે તેટલા માટે એજ કરવામા આવે, લોકકથાઓના કલ્પિત વસ્તુને આગળ ધપાવતા માટે 'મોટીફ'ની આ કરામત કિસ્મત રૂપી વાર્તાકારે જીવનમા પણ આમ જ વાપરી છે અને કરુણતાઓ નિપજાવી છે.

બીજી એક બાબત, જે અગાઉ કદી કોઈની પાસેથી મળી નહોતી તે રાણા મયેકે કહી કાઠિયાવાડની હાકેમી કરવા સખ્યાબધ ગોરા આવ્યા પણ તેમની નૈતિક ચાલચલગત વિશે ઇતિહાસ ચૂપ રહ્યો છે. માણીઆના મિઆણા બહારવટિયા વાલા નામોરી અને મામદજામની જે વાત રાણાભાઈએ કહી તેમાનુ ટાચણ બોલે છે—

'મામદજામ ને અલાણો જામ બેઉ વિચાર કરે છે અલાણો કહે કે તારી વહુ સાથે ફિટ્ઝરલાડ ચાલે છે (ફિટ્ઝિરાલ્ડ તે વખતના એજન્ટ ટુ ધી ગવર્નર હતા) એટલે મામદજામે પોતાની વહુને જઈ અફીણ પાયુ '

ઠેક ૧૯૨૬મા દૂર દૂર લાલપુર મુકામે લાધેલો આ અંશ ૧૯૩૬માં મે આલેખેલી 'સોરઠ તારાં વહેતાં પાણી'ની વાર્તામાં કામ કરી ગયો છે. એમા જે બે ગોરાં પાત્રો આવે છે, તેમાથી એકમાં મે આ ગેરચલગત મૂકી છે,

રાણાભાઈએ રાયદે બૂચડ નામના બહારવટિયાની વાત કરી. બારાડી પ્રદેશનો આ ભયકર ચારણ બહારવટિયો કૌટુમ્બિક વેરના પ્રસગમાથી ઊભો થયો હતો સધીઓની ટોળી બધી હતી તેની સામે દરબારી પોલીસે કરેલા ચેકના ડુંગરવાળા ધીંગાણાનું ટાચણ રાણાભાઈએ કરાવ્યુ છે—

'બાપુ સાહેબ ને નરસી શુકલ અને જમાદાર નથુ આલ —

ચેકના ડુંગર પર સામસામા થઈ ગયા

'રાયદે ! હાવ હવે કસુંબા પીવા'

'હવે તો કાકા ! સરધાપરમા કસુંબા પીશું'

આખો દિ' ધિંગાણુ કરીને રાયદે ઊતર્યો

જુલમ બહુ વધી પડયો

હરી સાહેબ નિમાણા તેના બે આસીસ્ટંટ સોરઠ અને પેલી સાહેબ હતા

હરી ઉજ્જડ થેપડામા પડેલા

રાણા આલાને હુકમ કર્યો કે કોળી કચરા બજાણીયાને તમારી પાસે રાખો

કચરાને પકડી રાખ્યો તે વખતે કચરાએ કહ્યુ કે તમને ફાયદો થાય તો બાતમી આપુ સાહેબ પાસે લઈ ચાલો, રાણા આલા સાહેબ પાસે લઈ ગયા

ગણા ને ભીંડોરાની હદમા સોટર સાહેબ રોટલા લઈને આવ્યા. રાણા આલા વગેરે ત્યાં હતા. સગડ લઈને ચાલ્યા.

એક પટેલ : માથે મોરીઓ લઈને ચાલ્યો આવે

અમે પૂછ્યું, 'એમાં શું છે ?'

'પણી ભરવા જાઉં છું.'

'ક્યાં રેવા ?'

'વેકરી'

વેકરી તો ત્રણ ગાઉ આઘું—ને આંહીં પાણી લેવા.' એમ કહીને મોરીઆમાં બંદૂકનો કંદો માર્યો અંદરથી દારૂગોળો પડયો '

(બહારવટીયા માટે જ લઇ જતો હતો)

'ક્યાં છે હરામખોરો ? બતાવ, 'નહિતર મારી નાખશું'

'હાલો બતાવું.'

કાંટયમાં લઈ ગયો.

ઊંચી ટેકરી પર ચાડીકો ઊભેલો એને અમે બંદુકે માર્યો. બધા બારવટિયા ભાગ્યા, પણ પાછા આવી એ મુએલ જુવાનની લાશ લઇને જ ગયા.

પાછળ અમારી ધસત.

બહારવટિયા ગામમા દાખલ થતા આવ્યા લોકો આડા પડી કહે કે 'સાહેબ અમારું ગામ બાળી નાખે.'

બહારવટિયાએ એમાનાં ત્રણ જણનાં માથાં કાપ્યા ગાડાં લઇને ગઢ કર્યો.

અમે આવ્યા માથાં વાતો કરવા જાય !'

(બહારવટિયાએ કાપેલ લોકોનાં માથાં વાતો કરવા મથતાં હતાં !)

અમે આડાં પર ગોળી મારી, ગાડું તૂટ્યું. કોઠા પર જે જુવાનો ઉભા હતા તેમના પર અમે ગોળીઓ ચલાવી. તેઓ ધોડહાર ઉપર ખાબક્યા. ગાડું મૂકીને બાર જણા ચડી ગયા. ત્યાંથી તેઓ ધીંગાણું કરવા લાગ્યા અમે રબારીને ઘેર ઓડા લઈ ગયા. ત્યાથી અમે ગોળી આંટી મુંગરીઆ જુસાને માર્યો

છતા બહારવટીઆ કોઠા ઉપર બેઠા બેઠા પાવા વગાડે, કાફી ગાય

છેવટે નીચે ઉતર્યા મુએલા મુંગરીઆ જુસાની લાશ લઈ સીધી કિનખાપના રેટા ઓઢાડયા લોબાન કર્યો, દફનાવીને ભાગી ગયા.

પાંચ હજાર માણસ ભેળા થઈ ગયા. આવા જમાદારે કોઠા ઉપર ચડી સળગતો પૂળો કરી અમને સમજાવ્યું કે હવે ભડાકા કરો મા.

કહેનાર પોતે જેમાં સામેલ હતા તે ધિંગાણાનું આ એણે શબ્દશઃ કરેલું વર્ણન છે. રાણાભાઇની કાવ્ય કે અલંકાર, વર્ણન કે ભભક વિહોણી, એક પોલીસ-ડાયરી જેવી કહેણી પણ પ્રાણવંત ચિત્ર આપે છે. મેં હમેશાં માન્યું છે, કે જૂના વખતના કાઠિયાવાડી પોલીસખાતાના માણસો એ આ પ્રકારનું સાહિત્ય મેળવવાનાં સારાં સાધનો છે. બહારવટિયાઓ ને ડાકુઓ સાથે હાથોહાથ ધિંગાણાં ખેલેલા, તેમનો પતો મેળવવા માથું કોરે મૂકીને ભયંકર જગ્યાઓમાં ભટકેલા, યુક્તિપ્રયુક્તિઓ ને પ્રપંચો વાપરીને તેમનાં રહેઠાણોમાં જઈ પહોંચેલા, અને છેવટે તો બધો જ જશ પોતાના ગોરા ઉપરીને જ ખાટી જવા દઈ રૂપિયા બે પાંચનાં ઈનામો અગર નજીવાં પ્રોમોશનથી સાંત્વન લેનારા આ દેશી પોલીસ નોકરોમાં કોટીઆ વર્ણના લોકો હતા તેટલા જ પ્રમાણમાં બ્રાહ્મણો વાણીઆઓ હતા આવાં પાત્રોનો સંપર્ક મને સારા પ્રમાણમાં થયો છે. તેઓનું એક મહત્વનું લક્ષણ એ છે કે બહારવટિયા લુંટારાની વાતોમાં પોતે સામા પક્ષને ઉતારી પાડી પોતાની જ શેખી ગાતા નથી હોતા, પણ સામા પક્ષની બહાદુરી, નેકી, ઈમાનદારી વગેરે પણ ચીતરે છે. એક જ ધરતીનાં સંતાનો દૈવગતિથી બે સામસામી છાવણીઓમાં વહેંચાઇ ગયા અને માથે આવેલી કડવી ફરજ બજાવવાની જ હતી, એ આ લોકોની વૃત્તિ હતી.

રાણાભાઈ પાસેથી મળેલ છેલ્લું ટાંચણ આપીને એમના મૃતઆત્માને સલામ દઉં છું—

ગુરગટના જમાદાર ઉમર આમદ બેગો જુસો રનરો નોકરીમાં હતો જમાદારે હુકમ કર્યો કે ગુરગટના આયર ભીમા કાળાની દીકરા-વહુને તેડવા ગાડું મોટે આસોટે જાય છે તેની સાથે જાવ.

વહુને તેડીને ગાડું સોનારડીને પાદર આવ્યું.

મૂળુ માણેક (વાઘેર બહારવટિયો) તે વખતે જખમી થઇને સોનારડીના ગરાસીઆને ઘેર રહેલ, પાસે પૈસા ન મળે એટલે ખરચી મેળવવા માટે વાઘેરોએ ઓડા બાંધ્યા હતા ગાડું નીકળ્યું. પૂછ્યું,

'ક્યાંનું ગાડું ?'

'ગુરગટનું.'

'ક્યા ગયું'તું ?'

'આસોટ '

'કોણ છે સાથે ?'

'જૂસો મનરો '

એટલે મૂળુ માણેકે આડુ ઊતરવાની ના પાડી પણ દીપો માણેક ન માન્યો ઘણુ મૂળુ માણેકે કહ્યુ છતા ખરચીને અભાવે છેવટે આટા સાથે ચાલ્યા માથે પ્રાભળા ઓઢીને બાવાઓ સાથે ભળી ગયા

ઠુંગરદ નજીક હતું ત્યારે આડુ ઊતર્યું જુસો મનરો દેવના સળગાવી ચલમ ભરે છે આહિરની દીકરા-વહુના બધા ઘરાણા પોતાના હમાચામા છે

એમા મૂળુ માણેકે જુસ ની બંદૂક ખેંચી લીધી ટપોટપ દેવચકી ઉપાડી, બંદૂક ભરી

જુસો મનરો કહે, 'બંદૂક શું કામ? તરવારે આવી જાવ.'

એક હાથે છરી, હમાચો બીજે હાથે લીધી, જુસો કુદી. છરીથી ત્રણને માર્યા

આડામાથી વહુ કૂદી, સાસરાને કહે 'પીરજા ! એક શું ?'

જુસાની તરવાર વહુએ ખેંચી અને વહુ કૂદી

સસરો કહે 'અરે દીકરી ! મને તરવાર દે '

કે 'ના બાપ તને ન હોય ' બાઇ મંડી, બે જણને માર્યા

મૂળુ માણેક કહે 'હવે બસ '

હાથી ઉપાડીને ચાલ્યા ગયા

ॐ

આ ઉકલા પ્રસંગમાંથી બે મુદ્દા નોંધપાત્ર બને છે. એક તો ખરે ટાણે સોરઠી ઓરત મરદાઈ દાખવવા કૂદી પડે: ને બીજું, કાઠિયાવાડના કાંટીઆ લોકોને બંદૂકો પ્રત્યે નફરત ઉપજી વેળનો મામલો મચે છે અને મરવુ એ જ્યારે નિશ્ચિત લાગે છે, ત્યારે પણ 'આવો તરવારે !' એવો વીર-પડકાર સંભળાય છે આખરી ટાણે ગભરાટ કે શૌર્યનો સન્નિપાત નથી પણ શાંતિ અને ગૌરવ સાથે હાથોહાથની સમશેરબાજી બનાવીને પછી ખતમ થવું તેની ખ્વાહેશ છે. બંદૂકો જ્યારે આ પ્રાંતે પહેલવહેલી આવી ત્યારે બહાદુરો બહુ રંજ પામ્યા હતા, અરે રોયા પણ હતા એમ કહેવાતું હું ઠેર ઠેર સાંભળું છું.

ॐ

કારણ કે તેમનો પૌરસ હમેશાં હાથોહાથની લડાઈમાં મરદાઈનું પાણી બતાવવામાં હતો. વાત સાચી પણ છે. સામસામા આવીને જે મુકાબલો થતો હતો તેમાથી પ્રેમ શૌર્યના કેટલાક ઉચ્ચ અંશો પ્રકટ થતા. બંદૂકોએ એ અંશો ઓછા કર્યા લડાઈ જેમ જેમ વધુ યાંત્રિક બનતી ગઈ તેમ તેમ વ્યક્તિગત ખાનદાનીનું પ્રાકટ્ય કમતી થયુ દૂર દૂર કલેજે માઇલોના માઈલો દૂર રહીને અગર તો આકાશમાં ચડીને ગોળા વરસાવનારાઓને માટે મુખોમુખ માનવનાનું દર્શન અને જેના પોતે ભોગ લઈ રહેલ હોય છે તેના પ્રત્યેનું ઊર્મિસંવેદન અશક્ય છે મારનાર મરનારને જોતો નથી. મૂળુ માણેકની પાસે મશીનગન હોત તો એની મોટી સંખ્યા સામે એક બંદૂકવિહોણો સિપાહી ફક્ત છરીભર લડી રહેલ છે અને એક આણુાત અનગા તરવાર લઈને ઊતરી પડેલ છે એથી એને જે હૈયે અહોભાવ અંકિત જે માર્દવ પ્રગટ્યુ તે પ્રગટત નહિ અને ધરેણાં લીધા વગર એ પાડો ફરી જાત નહિ.

ચાલુ

'દેશમાં માણસોને ખાવા ન મળતું હોય ત્યારે પેટ ભરીને ખાવાનો કોઈને અધિકાર નથી. આજે વાચ્યું કે હિંદની બે ઓરતોને પહેરવા કપડું ન મળ્યુ એટલે આપઘાત કરવો પડ્યો. હિંદુસ્તાનમાં આટલું કાપડ થાય છે એ જાય છે, ક્યાં ? કહે છે કે મિલિટરીવાળા લઈ જાય છે. પણ ભલે ને એ મોતજરો નાખા જાય. હિંદુસ્તાનના ખૂણામાં પડેલી બહેનોને કાપડ વાસ્તે આપઘાત કરવો પડે તો હિંદુસ્તાનનું રાજ ચલાવનારાઓએ આપઘાત કરવા જેવું છે.

'જો સિમલાની વાટાઘાટમાંથી કોઈ પરિણામ ન આવે તો નિરાશ ન થવું જોઈએ. અમે બહાર રહ્યા તો સરકારને આ રીતે કામ ચલાવવા નહિ દઈએ. જેલ જવું પડશે તો થોડા સામાન પાછળ રાખીને આવ્યા છીએ. હવે પછીની લડત ઉગ્ર હશે. તેને માટે જુઓ

રજવાડી હિંદનો પરાજય

લેખક : મગનભાઈ દેસાઈ

ખંડ બીજો (ચાલુ) પેશવાઈનું પતન [૧૭૯૬-૧૮૦૨]

[નાના ફડણીસના જવાની સાથે મરાઠા રાજ્યમંડળમાં કોઈ નિયામક શક્તિ રહી નહિ ને કેવું અંધેર પ્રવર્ત્યું તે, અને તેનો લાગ કેમ વેલેસ્લીએ સાધી લીધો તે આ હપતામાં આપણે જોવાનું છે.]

૮

જસવંતરાવ વેર લે છે

નાના ફડણીસ હતો ત્યાં સુધી તે મરાઠા રાજ્યમંડળનાં ભિન્ન ભિન્ન બળોને સમતોલ રાખી પેશવાઈનું કામ ચલાવતો હતો. તે ચતુર રાજપુરુષના જવાની સાથે બે જ વર્ષની અંદર તે સમતુલા નાશ પામી અને આખી મરાઠાશાહીની સત્તા તૂટી પડી:

ખુદ પેશવા બાજીરાવથી જ આ પીડા શરૂ થઈ. નાના જવાથી તે આખો ને આખો સિંદેને હસ્તક જઈ પડ્યો. પણ એના વિચિત્ર સ્વભાવને આ કેમ ગમે ? એટલે, સિંદેનો પ્રભાવ કમી કરવા તેણે સિંદેના બીજા શત્રુ જસવંતરાવ હોલ્કર બાજુ નજર કરી. પરંતુ તેની જ સાથે સિંદેને ખુશ રાખવા કે શાથી, તે એક - એવું ન કરવાનું કરી બેઠો કે જેને માટે, જો તે સમજુ હોત તો, આખી જિંદગી પસ્તાત:–આજ અરસામાં (૧૮૦૧) તેણે જસવંતરાવના ભાઈ વિઠોજીને, હાથીને પગે બંધાવીને પોતાની નજર સામે મરાવી નંખાવ્યો. [એનું તાદૃશ વર્ણન અંગ્રેજ ઇતિહાસકાર કિબરીજ (પા. ૭૪૪) તેના ગ્રંથમાં આપે છે, તે અહીં છોડું છું.]

આમ કર્યા પછી જસવંતરાવ જોડે સારાસારી કેળવવાની તો વાત જ ક્યાં રહી ? બલ્કે આ અપકાર્યથી, જસવંતરાવ કે જે અત્યારસુધી સિંદે સામે જ ઝૂઝતો હતો તેને પૂના તરફ પણ આવવાનું જાણે બાજીરાવે નોતરું આપ્યું !

પેશવાને માત કરવાના અંગ્રેજોના દોરીસંચા પણ આ બધો વખત ચાલુ જ હતા. તેઓ પણ સિંદે પૂનામાંથી ખસે તો જ બાજીરાવ પાસે આપણો ગજ વાગે, એમ માનીને વર્તતા હતા. એટલે પૂનામાંથી સિંદે જાય તો તેઓ રાજી જ હતા.

બીજી તરફ સિંદેને પણ પૂનામાં ભરાઈ રહેવું પાલવે એમ રહ્યું નહિ. જસવંતરાવ હોલ્કર ૧૮૦૧ સુધીમાં એટલો જબરો બની ગયો કે સિંદેને તેની શહ લાગી. નાના મરી ગયો એટલે સર્જેરાવ ઘાટગેને બાજીરાવ સોંપી પોતે હોલ્કરને દાબવા સારુ પોતાના રાજ્યમાં પહોંચ્યો. ઉત્તરની બે મજબૂત મરાઠા સત્તાઓ માંહોમાંહે આખડી મરવા લાગી: હોલ્કરે સિંદેની ઉજ્જન નગરી ઉજાડી ને લૂંટી હતી તેના બદલામાં સિંદેએ તેના ઇંદોરના એ હાલ કર્યા. છતાં જસવંતરાવ એમ પરાસ્ત થાય એવો હતો નહિ. સિંદેને આ જ વખતે તેની માતાઓ પણ પજવતી હતી અને વળી કાશીરાવ હોલ્કર આ કાળમાં છટકી જઈ. પોતાના ભાઈ જસવંતરાવને જઈ મળ્યો. બેઉએ હવે પોતાના પિતાની ગાદીની પૂર્ણ પ્રતિષ્ઠા સ્થાપવા ઠરાવ કર્યો.

આ જ અરસામાં પેશવા પોતાની મનસ્વી આઝાદી શોધવા સિંદેનો કાબૂ ટાળવાનાં ફાંફાં મારતો હતો. અને તેમાં, જસવંતરાવના ભાઈનું ખૂન કરવાથી, તેની પાસેથી મદદની આશા તો ગઈ જ. એટલે તેણે ન કરવાનું વળી બીજું કામ કર્યું— મદદને માટે અંગ્રેજો તરફ નજર દોડાવી. આ દેશદ્રોહી કામ કરવામાંથી હવે તેને વારનાર કોઈ રહ્યું ન હતું. ઇતિહાસકાર મિલ કહે છે, '૧૮૦૧ના અંતભાગમાં પેશવાએ બ્રિટિશ લશ્કરની મદદની વાત કરી. પણ તે એમ કહેતો હતો કે, મારી ભીડ વખતે તે સેના મારા રાજ્યમાં આવે, બાકીનો સમય તેણે કંપનીના રાજ્યમાં રહેવું જોઈએ. અને મદદના ખર્ચ પેટે તે એવો મૂલક આપવા કહેતો હતો કે જેનું મૂલ્ય ધૂળ જેવું હતું.

વેલેસ્લી આમાં ફસાય એવો ભોળો નહોતો; ગરજ સામે પક્ષે હતી તેને પેશવાની આ વાત ન ફાવી. એમાં તો પેશવા સ્વતંત્ર રહે અને અંગ્રેજોને કશો એના ઉપર કાબૂ કે લાભ તો મળે નહિ, અને લશ્કરી મદદ આપવાના સોદામાં દેશી રાજ્યો પર વર્ચસ્વ સ્થાપવું, એ તો સહાયકારી સેના પદ્ધતિનો મૂળ મુદ્દો હતો. આ વાત સ્પષ્ટ કરી એણે તેના પૂનાના એલચીને લખ્યું કે, એમ તો લશ્કર

અપાય નહિ. છતાં એ લુચ્ચા મુત્સદ્દીએ જણાવ્યું કે, જો પેશવા સારી સરખી જમીન કે રકમ-આપે તો વળી જુદી વાત; લશ્કર બહાર રહે એ માનીએ; પણ તે તો આપવા મૂકવામાં પણ રાજી કરતો નથી. ટૂંકમાં, જરાય હાથ મૂકવા દે તો આગળ પર પહોંચો પકડી શકાય, એમ તે સ્પષ્ટ લખે છે. (જુઓ મિલનો ઇતિહાસ-પા. ૫૬૬)

બાજીરાવની બુદ્ધિ આ વખતે કાંઈક ઠેકાણે હતી, કેમકે તત્કાળ તેને કશી ભીતિ નહોતી એટલે એક વરસ પછી જે પોતે કબૂલે છે તે ૧૮૦૧માં તો તેણે ન માન્યું. પણ ન તે જસવંતરાવનેય મનાવી શકયો. બલ્કે તેણે તો સિંદેને રીઝવવા વીઠોજીને માર્યો એટલું જ નહિ, મલ્હારરાવના બાળકને કાશીરાવના છટકયા પછી સિંદેને હવાલે કર્યો, અને જાહેર કર્યું કે કાશીરાવને હોલ્કર ગાદીએથી પદભ્રષ્ટ કરું છું. જસવંતરાવ માટે હવે પૂના જાતે જઈને હોલ્કર-ગાદી પાછી લેવા વિના બીજો રસ્તો રહ્યો નહિ-તેણે હવે પૂના તરફ કૂચ શરૂ કરી

પેશવાનું પલાયન

અત્યાર સુધીના વર્ણન પરથી એટલું તો સમજાયું હશે કે, બાજીરાવને કબજામાં લેનાર-માણસ પર આખા મરાઠા રાજ્યચક્રનો આધાર રહેતો. સિંદેએ નાનાને હેરાન કરી છેવટે પેશવાને પોતાને હાથ કર્યો હતો અને તેની મારફત હવે તે હોલ્કર-રાજને પૂરું કરવા તાકતો હતો. પ્રતાપી જસવંતરાવે આ બહાદાનતનો-સફળ સામનો ખડો કર્યો. એટલું જ નહિ, હવે તેણે બાજીરાવને પણ તેના પક્ષ પાતના દોષને લઈને પકડાર્યો. તેણે બાજીરાવને કહ્યું કે, તમારે તો પોતાના બે સરદારો વચ્ચે નિષ્પક્ષ રહેવું ઘટે; બેઉને સરખા ગણી ચાલવું જોઇએ; એટલે હું એનો ફેંસલો કરાવવા પૂના આવ્યું છું.

પૂનામાં સ્વ. નાનાના જૂના મંડળના લોકો પણ બાજીરાવના સડેલાં અરાજકથી ત્રાસ્યા હતા. તેમણે પણ સલાહ કરી કે, હોલ્કર આવીને જો બાજીરાવનો કબજો લે તો કદાચ સુધરવા-વારો આવે.

અને બાજીરાવે વિઠોજીને મારીને જે અપકૃત્ય કર્યું હતું તેનું વેર લેવાનું તો ઊભું જ હતું

અંગ્રેજોને પણ આ જ ફાવતું આવે એમ હતુ, કેમ કે આંતરકલહથી જ તેઓ પોતાનો પેસારો કરવામાં હવે ફાવી શકે એમ રહ્યું હતું.

જસવંતરાવ ૧૮૦૨ના અંત ભાગમાં પૂના લગોલગ પહોંચ્યો. હડપસર ગામે તેની અને પેશવા-સિંદેની ફોજોની ભેટ થઈ. સરદેસાઈ કહે છેઃ

'આ કઠણ સમયે બાજીરાવના બધા જ સલાહકારી તેના જ જેવા અગચોર બન્યા હતા. આપણું પોતાનું જે થાઓ તે થાઓ, પરંતુ પૂનામાં મરાઠાશાહીની રાજધાનીમાં અંદરોઅંદર લડવાનો તમાસો જગતને દેખાડવો નથી અને રાજ્યનો બચાવ કરવો છે, એવી ભાવના એક જણમાં પણ ન ઉદ્ભવી. ઊલટું, પોતાના બચાવ માટે અને રાજ્યનો નાશ કરવામ તે કચવાયા નહિ તેઓએ બાજીરાવને કહ્યું, 'તમે આટલા ગભરાઓ છો કેમ? તમે નિરાંતે બેસો; અમે હોલ્કરની રેવડી કરી નાંખીશું.'

બે વચ્ચે ખૂબ વાટાઘાટો ચાલી. હોલ્કર સામે બાજીરાવે ક્લોસલેને પણ લખ્યું હતું તેના માણસો પણ વાટાઘાટમાં પડયા હતા. જસવંતરાવે એટલું જ કહવ્યું, 'પેશવા સામે મારે ઝઘડો નથી, તે સ્વસ્થ રહે; માત્ર તેમની બુદ્ધિને સિંદેએ જાદુથી ગ્રસી લીધી છે તે જાદુને હું તલવારથી તોડું એટલે બસ. પેશવા પ્રત્યે બિલકુલ બેઅદબી હું કરતાર નથી.'

છેવટે લડાઈ ન જ ટળી શકી ૧૮૦૨ની દિવાળીના સપરમા દિવસોમાં જ બે મરાઠા સૈન્યોની હોળી લાગી. તેમાં પેશવા-સિંદેનું સૈન્ય હાર્યું.

બાજીરાવે તો હોલ્કર આવે છે એ સાંભળેલું ત્યારથી જ કોંકણમાં નાસી જવું એવો મનસૂબો કરી મૂકયો હતો. હારના સમાચાર મળતાં તે હવે નાઠો અને તે જ વખતે મનમાં તેણે વિચારી પણ લીધું, અને કેટલાકે સલાહ પણ આપી ખરી, કે અંગ્રેજોની મદદ માગવી એટલે તે આડોઅવળો થઈને મુંબઈ ગયો ને છેવટે વસઈના કિલ્લામાં આવીને ભરાયો. આમ અંગ્રેજોની ઘડી પાકી અને તે તેમણે કેવી તરત ઝડપી લીધી તે જોતા પહેલાં પૂનામાં શું થયુ તે તરફ જોતા જવું જોઈએ.

આ વાત હવે પછી ચાલુ

स्वराजमंत्री

મહાદેવભાઇ

૪૨ ની મુબઇની મહાસમિતિમા ગધીજી અને મહાદેવભાઇ

રાજકારણ અગેના મહાદેવભાઈના જ્ઞાન, અભ્યાસ કે કામગીરી વિશે આપણે બધુ જ જાણી લઈએ તોપણ તેથી તેમના મત્રીપદના સ્વરૂપનો પૂરો ખ્યાલ ન મળે રાજકીય કામગીરી એ તો તેમના સમગ્ર મત્રીપણાનો એક અશ જ ગણાય ગાધીજી કઇ એકલા રાજપુરુષ થોડા છે? એમને તો દુનિયામા ધર્મરાજ્ય-રામરાજ્ય સ્થાપવુ છે, અને તે અર્થે જ તેમની સ્વરાજ-સાધના ચાલે છે તે કઇ કેવળ રાજકીય પ્રશ્નોના ઉકેલ કે રાજકીય સત્તાની પ્રાપ્તિ પૂરતી મર્યાદિત નથી આથી તેમના મત્રી બનનારે ખરેખર તો સ્વરાજમત્રી જ બનવાનુ રહે છે આ રીતે મહાદેવભાઈ ગાધીજીના કેવળ રાજમત્રી નહિ પરતુ ભારતવર્ષના સ્વરાજમત્રી હતા ગધીજીની પ્રવૃત્તિ તો સમગ્ર જીવનને આવરી લેનારી રહી જીવન જેટલુ વિવિધ અને વિશાળ એટલી જ વિવિધતા અને વિશાળતા એમના પ્રયોગો અને કાર્યોમા પણ હોય સત્યનો સાક્ષાત્કાર કરનાર અને સ્વરાજ સિદ્ધ કરનાર અનેક પ્રયોગો અને પ્રવૃત્તિ ગાધીજી હાથ ધરતા હોય તે બધામા તેમના મત્રીએ પરોવાઇ જવાનુ જ હોય સત્ય અને અહિંસાને લક્ષ્યમા રાખીને • બાપુ રાજકિય પ્રશ્નોનો ઉકેલ વિચારવા માડયા તેમાથી તેમને અસહકાર, બહિષ્કાર, સવિનયભગ અને સત્યાગ્રહ વગેરે સાધન જડયા એકવાર એ બધા નિયમ તરીકે-સિદ્ધાત તરીકે સ્થાપિત થયા એટલે પછી દુનિયભરના ઇતિહાસમા ગયા જ્યાથી આને આધાર કે સમર્થન મળે એવી ઘટનાઓ તેમ જ વિચારોના અભ્યયનમા મશગૂલ થઇ જવાનુ હોય અહિંસાની સાધના કરતા કરતા ગાધીજીને રેંટિયો જડયો, તો પછી રેંટિયામા ગૂંથાઇ જવાનુ છેક ૧૯૧૯-૨૦મા એમણે આપણા કાપડ-ઉદ્યોગનો કરુણ વિનાશ વર્ણવતા બ્રિટિશ રાજ્યના અમલના પ્રારંભિક ઇતિહાસનુ દર્શન કરાવવ 'હિંદ કેમ પાયમાલ થયુ?' તેની લેખમાળા આપેલી પોતે વણાટકામ શીખ્યા. કાતવા-પીંજવાનુ તો બહુ સુદર જાણતા અને વસ્ત્રની બાબતમા સ્વાવલબી થવા નિયમિત કાતતા કોઈ પણ કામ એકવાર હાથમા લીધુ એટલે એમા આરપાર નીકળી ગયે જ જપે ત્રિજ્ઞાનયુગમા રેંટિયાની વાતને હસી કાઢ નારાઓને મહાદેવભાઈ બતવે કે દુનિયા ભરમા આજે પણ કયા કયા દેશમા રેંટિયા ચાલે છે અને લોકજીવન પર તેની કેવી અસર છે યુરોપના દેશોના ગામડાઓમા રેંટિયાપ્રવૃત્તિ લોકોને કેવી ઉપકારક છે, કેનિયામા રેંટિયાનો જીર્ણોદ્ધાર કેમ થયો વગેરે અનેક પ્રકારની રસપ્રદ માહિતી પીરસ્યા જ કરે સત્યનિષ્ઠાથી ભરપૂર એવો સાચો હિંદુસ્તાનનો ઇતિહાસ લખનાર અગ્રેજ સજ્જન મિ હેવલ જેવા કલાપ્રેમીના અનુભવો રેંટિયાપ્રવૃત્તિના સમર્થનમા લાવી મૂકે ૧૨૫ વર્ષ પહેલા મિ કોલબ્રુકે લખેલ 'બગાળની ખેતી' નામનુ પુસ્તક લેઇ જઇને તેમાથી ખાદીનુ સચોટ સમર્થન કાઢી બતાવે લગભગ ૬૦ વરસ પહેલા મુક્તિફોજવાળાઓએ આવીને હિંદુસ્તાનની ભયકર ગરીબી જોઇ તેનુ પૃથક્કરણ કર્યું અને તેના નિવારણના ઉપાયો માટે સિદ્ધાન્તો નક્કી કરી એ ઉપાયોના ચોકસ લક્ષણો નિશ્ચિત કર્યાં આવો કોઈ ઉપાય હાથ કરવા માટે તેઓ ઘણા મથ્યા, પણ પોતે જ સૂચવેલા લક્ષણો અને સિદ્ધાતોને આવરી લે એવો કશો ઉપાય ખોળી શકયા નહિ ગાધીજીનો રેંટિયો કેવી અજબ રીતે એ બધા કોયડાના જવાબરૂપ એક મત્ર સચોટ ઉપાય છે એનુ પેલા અધારામા આથડનારાઓને મહાદેવભાઈએ ભાન કરાવ્યુ

'ખાણમા તો રોજના મદ બે આના મળે એમા તે ખાદી કયાથી ચાલવાની હતી? એ કરતા માણસ કારખાનામા ન જાય? હિંદુસ્તાનના ઉદ્યોગ-ધંધા, સરેરાશ આવક અને ભયકર ગરીબાઇ વિષે ભારે અજ્ઞાન ધરાવતા વાતડાહ્યાઓની પાસે તો મહાદેવભાઈ જ્યારે એવી નક્કર હકીકતો લાવીને મૂકે કે હિંદુસ્તાનમા ઘણી જગાએ-અરે ગટાકુના કોન્ટ્રાક્ટરો મારફત ચાલતી કાચા લોઢાની ખાણો ખોદવામા પણ મજૂરોને સરેરાશ નવ પૈસા મળે છે, ને તે સ્થિતિમા હજારો મજૂરો કામ કરે છે, ત્યારે જ આખ ઊઘડે અને એવા લાખો માણસો માટે ખાદીકામ કેવુ ઉપકારક છે તેનો

ખ્યાલ આવે વળી બાપુજી જ્યારે પેટપૂરતી રોજીનો સિદ્ધાંત ખાદીકામમાં દાખલ કરવાની વાત કરે અને કાર્યકરો પણ ચમકી જાય, ત્યારે ટાગા કામાં જ મેનેજર તરીકે કામ-કરતા અંગ્રેજ ગૃહસ્થ મિ ફીનન જેવાના મજૂરોની સ્થિતિ વિષે દિલ કંપાવનારા વર્ણનો રજૂ કરીને પેટપૂરતી રોજીનો ગાંધીસિદ્ધાંત કેટલો અનિવાર્ય છે તે સમજાવી દે

ગાંધીજી કરોડો ગરીબોના આરોગ્યની દૃષ્ટિએ મુક્તાહારના અખતરા કરે તો વળી એને અંગેની ઢગલાબંધ માહિતી એકઠી કરવા માટે દેશ-વિદેશના આહાર શાસ્ત્રના પુસ્તકો ને સામયિકો ઉથલાવવા માંડે પ્રોટિન વિટામિનની સમજણ આપતી ને સામાન્ય માણસને રોજના આહારમાં ઉપયોગી નીવડે એવું માર્ગદર્શન કરાવતી સૂચનાઓ અને લેખો આપે પછી આ દિશામાં જ્યાં ક્યાંય પ્રયોગો ચાલતા હોય તેના બયાન એકઠા કરે ખબર પડે કે દક્ષિણ ભારતમાં ખ્રિસ્તી મિશનરીઓ તરફથી ચાલતી કોઈ સંસ્થામાં કરડ ચોખા વાપરવાને કારણે વિદ્યાર્થીઓનું વજન વધ્યું છે તો તેની માહિતી મેળવીને એનું પત્રક છાપી જ દીધું હોય–દૂધ-ઘીની અવેજીમાં મૂકી શકાય એવી વસ્તુની શોધ માટે ગાંધીજી સોયાબીનના અખતરા કરવાનું નક્કી કરે તો તુરત એમાં કેટલી ચરબી, પ્રોટિન, વિટામિન વગેરે છે તે બધું જાણી લે, અમેરિકા વગેરે દેશોમાં કેટલું વાવેતર સોયાબીનનું થાય છે, ત્યાંના લોકોમાં એ વિષેનો રસ અને વપરાશ કેટલા વધતા જાય છે તેની હકીકતો શોધી કાઢે વળી આપણા લોકોને એમાં રસ પડતો માલૂમ છે એવું જાણે કે તુરત તેમાં કેવા પૌષ્ટિક તત્ત્વો છે, કયા કયા ને કેવી જમીનમાં એ ઊગી શકે, એના પાકથી જમીનને કેવી અસર થાય, એને કેવા હવાપાણી માફક આવે તથા કેટલું ખાતર જોઈએ એવી બધી હકીકતો નિષ્ણાતો પાસેથી મેળવીને પ્રગટ કરે મહાદેવભાઈ આવી આવી અનેક હકીકતો શોધી લાવે ત્યારે જ આપણને તો ખબર પડે કે સોયાબીનનો ઉપયોગ સૌથી વિશેષ ચીન અને જાપાનમાં થાય છે, અને ત્યાં લોકો ચોખાની સાથે માંસની જગાએ સોયાબીન વાપરે છે

અરે, કોઈ રશિયન ચોપડીમાંથી વાંચ્યું હોય કે સૂરજમુખીના ફૂલમાંથી તેલ નીકળે છે, તો નોંધપોથીમાં એ ટપકાવી લે અને કોઈ જર્મન વૈજ્ઞાનિક આશ્રમમાં અતિથિ તરીકે આવી ચડ્યો હોય તો તેને પૂછીને એ સંબંધી જ્ઞાન અને માહિતી એકઠા કરી લ્યે

બીડી-તમાકુ જેવાં વ્યસનની વાત હોય તો એ બધી વસ્તુમાં કેટલું ઝેર છે અને તેનો ઉપયોગ કરનારના દ્રવ્ય ઉપરાંત શરીર, મન અને આત્માનો કેવો વિનાશ થાય છે તેનો જગતભરના વિજ્ઞાનીઓ અને પ્રયોગવીરોએ કરેલ અવલોકન-અનુભવ વગેરેનો વિચાર મહાદેવભાઈ તૈયાર કરી આપે

આશ્રમમાં સાપ નીકળે અને ગાંધીજીનું ધ્યાન એ પ્રશ્ન રોકે કે તુરત જ મહાદેવભાઈ એ વિષયના અભ્યાસમાં રોકાઈ જ ગયા સમજવા પછી સાપની જાતો, કયા કયા સાપ ઝેરી, એના ઉપાયો કેમ લેવા વગેરે ઉપયોગી માહિતી તજ્જ્ઞો પાસેથી તેમણે એકઠી કરી લીધી જ હોય

*

ગાંધીજીએ વર્ધાયોજનાનો-પાયાની કેળવણીનો-પ્રશ્ન હાથ ધર્યો અને ભણેલા લોકો ભડકી ઊઠ્યા, 'આ તો છોકરાઓને મજૂર બનાવવાનું કારખાનું થઈ જશે, આવી તે કંઈ કેળવણી હોય!' એ પ્રકારની બૂમ ઊઠવા માંડી અંગ્રેજી અક્ષરોથી રીઝનારાઓને ત્યારે જ સંતોષ થાય ને, જ્યારે યુરોપ અમેરિકાના કોઈ કેળવણીકારનું આના સમર્થનમાં કંઈ અંગ્રેજી લખાણ જડે! વળી પાછા મહાદેવભાઈ કેળવણીના ધુરંધરોએ ચલાવેલા પ્રયોગો વગેરેનું સાહિત્ય અને તેને લગતા ગ્રંથો ઉથલાવવામાં પડી જાય. મેક્સિકોમાં દરેક શાળા સાથે જમીનનો ટુકડો રાખીને જ કેળવણીનું કામ ચાલે છે એવી હકીકત લાવી આપે અત્યાર સુધીની કેળવણી સાવ નિષ્ફળ ગઈ છે એવું ગાંધીજીના શબ્દોથી નહિ પરંતુ સરકારી તપાસના અહેવાલોમાંથી જ આંકડા, હકીકતો તેમજ નિષ્ફળતાના એકરાર ટાંકી ટાંકીને બતાવી આપે સ્વિટ્ઝર્લૅન્ડના ડૉ પ્રીવા, વિલિયમ નડસન જેવા અમેરિકન અધ્યાપકના લખાણોનો પરિચય કરાવે ક્યાં ક્યાંથી એમને કેળવણી સંબંધમાં ઉત્તમ ઉત્તમ લખાણ નજરે ચડે તે બધું જોઈ જઈને તેમાંથી આવા આવા વિચાર મૌક્તિકો વંચનારને ભેટ ધરે

'હાથકેળવણી સિવાય મગજની કેળવણી થઈ શકે નહિ, હાથ વાપરવાની શક્તિ વધે તેમ મનની શક્તિ વધે, એટલું જ નહિ પરંતુ હાથ ન વાપરવાથી જ્ઞાનતંતુની શક્તિ લાંબે કાળે ધીમે ધીમે જોખમાય છે'

—અમેરિકાની ટેમ્પલ વિદ્યાપીઠના લલિત કળાના નિયામક મોરીસ ઝફાઇ

'પુસ્તકિયા શિક્ષણે વરસો લગી કળાનો યોગ્ય વિકાસ રોક્યો છે એ ખોટી કેળવણીથી આપણે આપણાં બાળકોના મન કુંઠ્યા છે ને અવળે માર્ગે ચડાવ્યા છે સંહાર અને વિનાશ અટકાવવો હોય તો સર્જનવૃત્તિવાળા મનની જરૂર છે ને તે હાથઉદ્યોગની કેળવણીથી જ થઈ શકે'

—'સ્કૂલ ઑફ આર્ટ્સ' નામના અમેરિકન માસિકમાંથી

યુરોપ-અમેરિકાના સુપ્રસિદ્ધ કેળવણીકારોના આવા લખાણો ઢગલાબંધ સાહિત્યમાંથી તારવી તારવીને લોકો સમક્ષ ધરતા રહે પછી વર્ધાયોજના ગાંધીજીની કોઈ ધૂની નિરાળી જેવી અવૈજ્ઞાનિક જૂની ઘાણી પદ્ધતિ છે એવો પૂર્વગ્રહ કોના આધારે ટકાવી શકે? અરે, સાધારણ લોકો માટે તો બધું વાંચે ને તારણ કરે, પરંતુ એબટ અને વૂડ જેવા સમર્થ કેળવણીકારોએ હિંદની કેળવણીવિષયક તપાસ કરીને જે વિચારો ને અભિપ્રાયો લખ્યા તે બધું વાંચી જઈને તેનું તારણ કરી લઈને ગાંધીજીની વાતનું તે કેવું સરસ સમર્થન કરે છે એ પ્રત્યે મહાસભા સરકારના કેળવણીપ્રધાનોનું લક્ષ પણ મહાદેવભાઈ જ દોરે

ગાંધીજી જેને પ્રાણપ્રશ્ન ગણે છે એવા હરિજન-પ્રશ્ન વિષે તો પૂછવું જ શું? અસ્પૃશ્યતાના પાપની સામે તો મહાદેવભાઈએ ભારે અતિ વેદનાપૂર્ણ અને નક્કર સમજાવટભરી તીક્ષ્ણ કલમ ચલાવી છે. ખ્રિસ્તી મિશનરીઓ અને ધર્માંતરના સવાલો વિષેનો તેમનો અભ્યાસ પણ એટલો જ ઊંડો. પૂના-કરાર પછી ડૉ. આંબેડકરે જે વલણ લીધું તેથી માત્ર હિંદુસ્તાનને જ નહિ પરંતુ ખુદ હરિજનોને જ સૌથી વિશેષ ગેરલાભ છે એ સમજાવવા તેમણે પોતે તો લખ્યા જ કર્યું, અને ડૉ. આંબેડકરની આંખો ઉઘાડતા, તેમના વલણને ટેકો આપનાર રાજ્યની જાતિના વિદેશવાસી અંગ્રેજ અધ્યારીઓની કલમમાંથી જ ગાંધીજીના અભિપ્રાયનું સમર્થન કરનારા ઉતારા આપી આપીને ભેટ ધરવા મંડ્યા.

એકવાર અહીંના કોઇ ખ્રિસ્તી મિશનના આરોગ્યસ્વામી નામના કોઈ પ્રચારકે, આ આખી હરિજનોદ્ધારની પ્રવૃત્તિના મૂળમાં કરોડ હરિજનો હિંદુ મટી જશે એ ડર અને રાજકિય સ્વાર્થની દષ્ટિ છે એવા આક્ષેપવાળો લેખ લખેલો, તો મહાદેવભાઈએ તુરત જ હિંદુસ્તાનના રાજકારણ પહેલાં પણ હરિજનોદ્ધારની આ પ્રવૃત્તિ કેમ ચાલતી હતી તેના આખા ઇતિહાસનો સુંદર ચિતાર આપી દીધો.

પણ આમ કેટલીક પ્રવૃત્તિ ગણાવવી? હિંદુ-મુસ્લિમ એકય, દારૂબંધી, ગોસેવા, માતૃભાષા-અરે, કોઇ પણ વિષય એવો નથી, ગાંધીજીએ ઉપાડેલી કે વિચારેલી મોટી કે નાની કોઇ પણ પ્રવૃત્તિ એવી નથી કે જેના અભ્યાસમાં મહાદેવભાઈ તલ્લીન બનીને રોકાઇ ગયા ન હોય. આજે એ નંદીપૂર્ગવાળા ડૉ. ફ્રીડમૅન સાથે લાખ રૂપિયાવાળા ઇનામી રેંટિયાની ચર્ચા કરતા હોય, વળી કાલે કોઇ બૌદ્ધ સાધુ જોડે બૌદ્ધ ધર્મની ચર્ચા કરતા હોય, અત્યારે કોઇની સાથે કરટ ચોખા, સોયાબીન કે ખોળની વાત કરતા હોય તો ઘડીક પછી વળી કોઈની સાથે ગોસેવાનો પ્રશ્ન ચર્ચતા હોય, આજે પરદેશી ખગોળશાસ્ત્રી સાથે આકાશવિદ્યાની રસિક વાતો કરતા હોય તો કાલે વળી કૃત્રિમ ઉપાયનો ઉત્સાહભેર પ્રચાર કરનાર કોઈ માર્ગારેટ સેંગરને ગાંધીજીનું દૃષ્ટિબિંદુ સમજાવતા હોય. કયારેક ગ્રામસફાઈ જેવા રોજિંદા જીવનના પ્રશ્નો ચર્ચવામાં પડયા હોય તો ક્યારેક વળી સર ચંદ્રશેખર રમણ જેવા વિજ્ઞાનશાસ્ત્રી સાથે વિશ્વના ભૌતિક અને આધિભૌતિક નિયમોના સંબંધની ગહન ચર્ચાઓ પણ ચાલતી હોય—ગાંધીજીએ સમગ્ર જીવનને જોવાની દષ્ટિ આપી એટલે પછી જેટલો જીવનમાં રસ એટલો જ તેના કોઇ પણ પ્રશ્નમાં રસ, આથી જીવનના નાનામોટા તમામ પ્રશ્નો, જે કર્તવ્યપથે જતાં ઊઠે, તે તમામનો અભ્યાસ કરવામાં એકસરખાં જ રસ, ઉમંગ અને તત્પરતા તેઓ બતાવી શકતા.

*

આવી આવી અનેક રચનાત્મક બાબતોનાં અભ્યાસ અને લેખનસિવાય અન્ય લેખનકાર્ય પણ ક્યાં ઓછું રહેતું? મહાસભાનાં ઉત્સાહ-છલકતાં વિરાટ અધિવેશનો હોય, ગાંધી સેવા સંઘનાં સૂક્ષ્મતત્ત્વદષ્ટિથી ઝળકતાં વાર્ષિક સંમેલનો હોય કે મહાસભાનાં કારોબારી જંગી પ્રદર્શનો હોય—એ બધાંનો સજીવ પરિચય કોણ કરાવે? વંચનાર જાણે પોતાની નજર સમક્ષ જોતો હોય એવાં હૂબહૂ વર્ણનો. વે કેળવણીની દષ્ટિએ અપાતી પ્રદર્શનની સમજૂતી અને નવા વરસે પ્રદર્શન ભરનારને ઉપયોગી તેમ જ માર્ગદર્શક નીવડે એવી અચિંત સૂચનાઓ—એ બધું મહાદેવભાઇની સર્વગ્રાહી અને ઘડાયલી કલમ જ કરી શકે. ગાંધીજીના દેશવ્યાપી પ્રવાસો અને ગોળમેજી પરિષદ વખતનો વિલાયતનો પ્રવાસ—એ બધાનાં અનેકવિધ માહિતી અને બોધપ્રદ સામગ્રીથી ભરેલાં વર્ણનો વાંચીને માણસને એમ જ થાય કે પોતે જ જાણે ગાંધીજી સાથે પ્રવાસ કરી રહ્યો છે.

સ્વરાજયેજ્ઞને અર્થે ચાલતી કોઇ પણ પ્રવૃત્તિ, સંસ્થા કે અમે તેવા નાનકડા માણસનું પુરુષાર્થ ભાગ્યે જ એમની સ્વરાજનિષ્ઠ દૃષ્ટિએ ચડયા પછી શબ્દાવનાર પામ્યા વિના રહ્યું હશે. દેશવિદેશની પ્રસિદ્ધ સંસ્થાઓ અને પ્રવૃત્તિના તેમના અહેવાલોથી વીસ વરસનાં 'નવજીવન' અને 'હરિજન'-પત્રોનાં પાનાં ભરચક પડયાં છે.

ગાંધીજીની પાસે દેશવિદેશના અનેક વિખ્યાત માણસો આવે, એ બધાને આપણે તો ક્યારે જોવાના હતા? પોતપોતાના વિષય અંગેની ગાંધીજી સાથેની ચર્ચાના રસભર્યા સંવાદો અને એ અતિથિઓ તથા તેમની પ્રવૃત્તિ વિષેના ટૂંકા પરિચયોથી આપણે દુનિયાનાં કેટકેટલાં માણસો તથા પ્રવૃત્તિ વિષે તેમની મારફત જાણી શક્યા છીએ! છેક ૧૯૧૯થી માંડીને આજ સુધી એમણે આપણા દેશનાં નરરત્નોનો પરિચય તો કરાવ્યો જ છે. અલીભાઇઓ, બડોદાદા, રવીન્દ્રનાથ ઠાકુર, માલવીયજી, મોતીલાલજી, કૃપલાનીજી, વિનોબાજી, કાકાસાહેબ, ડૉ. મજરુલ હક સાહેબ, દેશબંધુ, લાલાજી, સુરેન્દ્રનાથ બેનર્જી, જમનાલાલજી, ઘનશ્યામદાસ બિડલા, ડૉ. રોય, ડૉ. રમણ—કેટલાંક ગણાવવાં? કોઈ એવી જાણીતી વ્યક્તિ નથી કે જેમના વિષે કાં તો એમના કોઇ મહાન કાર્યને પ્રસંગે કે અવસાન જેવા દુ:ખદ પ્રસંગે આપણને સાચો પુણ્યપરિચય મહાદેવભાઈની કલમ દ્વારા ન મળ્યો હોય. સરહદના ગાંધી અને ડૉ. ખાનસાહેબને ખુદાઇ ખિદમતગાર તરીકે વિશાળ દુનિયાએ ઓળખ્યા મહાદેવભાઈની કલમ દ્વારા. મૌલાના આઝાદ સાહેબને વિષે કંઇ જાણવું હોય તોય, મહાદેવભાઈએ આલેખેલ જીવન પરિચય જોવો પડે. આવા પ્રસિદ્ધ પુરુષોને બાદ કરીએ તો કેટલાય અજ્ઞાત કર્મવીરો અને સેવકોનાં નામ અને કામથી તેમણે આપણને વાકેફ કર્યાં જ કર્યાં છે, નહિ તો ભેખ ધરીને ઓરિસાનાં ગામડાં ખૂંદનાર ગુજરાતના સેવક જીવરામભાઇ ને તેનાં પત્ની, કવીઠાના હરિજન-પ્રશ્ન પર કષ્ટ સહન કરનાર નાથાભાઇ, ખાનદેશ જિલ્લાના બાલુભાઈ મહેતા કે આપાસાહેબ પટવર્ધન ને તેમનો આશ્રમ, પીપરોદના રામભાઈ કે બાબરાના છોટુભાઈ, બારડોલીનાં તપસ્વિની ત્યાગી બેન મંજુબેન, મલબારના હરિજનસેવક શામજીભાઈ ને કર્ણાટકના હરિજનસેવક

દુલયાળકર આ બધા સેવકોને તેમ જ ઊંડે ખૂણે પડેલી તેમની પાવનકારી પ્રવૃત્તિને દેશ શી રીતે જાણી શકે અને તેમાંથી ઉચિત પ્રેરણા શી રીતે મેળવી શકે? શાન્તિનિકેતનને તો દુનિયા જાણતી હોય, પણ ગદુરના વિનયાશ્રમ કે મહારાષ્ટ્રના વૈશ્યવિદ્યાલયને કોણ જાણતું હોય? સતી શબાનુની લોકોદ્ધારક સંસ્થાઓ વિષે આપણા રાષ્ટ્રીય કાર્યક્રમથી પણ કેટલાકને જ્ઞાન હશે? બંગાળની મતચારી પ્રવૃત્તિ વિષે આપણે શું જાણીએ છીએ?

વળી, વિદેશી અતિથિઓને લઈએ દીનબંધુ એન્ડ્રુઝ, પીવ રિચાર, પર્લબક કે શીન-યુ-તાંગ જેવા સુપ્રસિદ્ધ નામ તો મોટે ભાગે ઘણાખરાએ સાંભળ્યા હોય અને એમના સત્કાર્યોનો થોડોઘણો પરિચય પણ હોય, પરંતુ ઈસુ ખ્રિસ્તની તોલે આવે એવી કક્ષાના ખ્રિસ્તી સાધુપુરુષ ડૉ. સ્વિત્ઝર કે એવી જ કક્ષાના સાધુપુરુષ ડૉ. મોડ રોઇડનનો આપણને શો પરિચય હોય? કેદમાં પડ્યા પડ્યા આંતરરાષ્ટ્રીય શાંતિના સ્વપ્ના સેવનાર સ્વિટ્ઝરલૅન્ડના ત્યાગાત્મા ડૉ. સેરેસોલનું નામ પણ

પણી પારો ક્યાંથી આવ્યું? આશ્રમમાં અતિથિઓનો ક્યાં પાર છે? આજે વળી આયર યુદ્ધ બંધ કરાવનાર પુણ્ય ચરિત સતિ સાધ્વી કુમારી એમિલી હૉબ હાઉસ આવે કે કાલે વળી ઇંગ્લંડથી દલિતોની ભગિની મ્યુરિયલ લિસ્ટર આવે, આજે લૉર્ડ લોધિયન સેગાવના મહેમાન થઈને સૌની સાથે નીચે બેસી ભોજન કરતા હોય ને થાળી-વાટકો હાથે માંજી લેતા હોય તો વળી કાલે હિટલરનો પરિચારક કૅપ્ટન સ્ટ્રક આવી ચડ્યો હોય, કોઈવાર ડીક શેપર્ડ કે હિંદના પરમમિત્ર હોરેસ એલેક્ઝાંડર મહેમાન હોય તો કોઈ વાર ઑસ્ટ્રેલિયાથી સર બરટ્રામ સ્ટિવન્સ જેવા પણ આવી ચડ્યા હોય, ઝેકોસ્લોવેકિયાના પ્રસિદ્ધ ખગોળવેત્તા કારેલ હુપેર આવ્યા હોય ને સ્વિટ્ઝરલૅન્ડના પ્રખ્યાત પ્રાણીશાસ્ત્રી ડૉ. રેક પણ આવ્યા હોય–આ બધાનો પરિચય અને ગાંધીજી જેવા મહાન પુરુષની સાથેની આ બધા [illegible] ની વાતચીત આપણને તો ક્યાંથી સાંભળવા મળે? કોઈ વાર ગાંધીજીની ધર્મનિષ્ઠાથી આકર્ષાઈને તેમને ખ્રિસ્તી બનાવવાના લોભે કોઈ ચુસ્ત ખ્રિસ્તી વૃદ્ધા આવી ચડ્યા હોય તો કોઈ વાર કૃત્રિમ સાધનોથી સંતતિનિયમન કરીને જગતને દુઃખમુક્ત કરવાના ઘેલા તરંગો સેવનાર કોઈ માર્ગારેટ સેંગર કે હાઉમાર્ટિન જેવા બહેનો આવી ચડ્યા હોય, એમની વિચારસરણીનો અને એમના દેશોની આ બાબતની સ્થિતિ તથા લોકમાનસ વિષે આપણને કોણ પરિચય કરાવે? તુર્કસ્તાનના પ્રસિદ્ધ મહિલા મૅડમ હલીદ અદીબ હનૂમ, ચીનના રાષ્ટ્રવીર ચાંગ-કાઈ-શેક અને તેમના પત્ની, લોકસેવાર્થે સુખોપભોગ ત્યાગી રાજકર્તા વગેરેનું અભિમાન છોડી ગરીબોની સેવા સ્વીકારનાર એક વખતના ચીનના વિદેશમંત્રીની ભત્રીજી શ્રીમતી તિયો, શસ્ત્રયુદ્ધની પ્રચંડ વિરોધી અને જાપાનની 'નવજીવન પ્રવૃત્તિ'ની પ્રતિનિધિ એક મહિલા ડૉ. ટોમીકા કોરા, બૌદ્ધ સાધુ ડૉ. ફૂજી કે થોડા દિવસ આશ્રમજીવન ગાળવાની ઇચ્છાથી આવેલ કોઈ જાપાની સાધુ આ સૌ મહાન સ્ત્રીપુરુષોનો જીવનઉદ્દેશ, તેમની પ્રવૃત્તિનો અને તેમના દ્વારા તેમના દેશ, લોકો, રીતરિવાજ અને વિચારોનો ખ્યાલ આપણને મહાદેવભાઈની રસાળ કલમ દ્વારા મળ્યા જ કર્યો છે. આપણા દેશમાં જ ચાલતી કેટલીયે પુણ્ય પ્રવૃત્તિ અને તેનું સંચાલન કરનાર પુણ્યાત્માઓને પણ આપણે ક્યાંથી પૂરા ઓળખી શકીએ? સર ડૅનિયલ હૅમિલ્ટનની જાગીરદારીના બંગાળના સુંદરવનમાં આવેલ લગભગ ૧૫ થી ૨૦ ગામમાં વર્ષો પહેલાંથી લગભગ વર્ધા-પદ્ધતિ અનુસાર બાળકોને ઉદ્યોગ-પ્રધાન અને ઉદ્યોગ દ્વારા કેળવણી આપવામાં આવે છે એની આપણામાંથી કેટલાકને માહિતી હશે? મિસ મેરી ચેઝલી અને મિસ મેરી બાર જેવી અંગ્રેજ કુમારિકાઓ હિંદમાં આવીને મધ્યપ્રાંતના ઊંડા ગરીબ ગામડામાં અભણ, અજ્ઞાન અને કંગાલ લોકો વચ્ચે રહીને, આરોગ્ય સફાઈ અને શિક્ષણનું કામ લઈ લોકસેવા કરે એવી આપણી ભણેલી બહેનોને પ્રેરણા આપનારી કથાઓની આપણને કેટલી ખબર છે?

આવા અનેક સત્પુરુષોનો પરિચય સાધવાનું, નાનામોટા અતિથિઓનો સત્કાર કરવાનું, અનેક પ્રતિનિધિમંડળો અને વ્યક્તિઓની ગાંધીજી સાથેની મુલાકાતો ગોઠવવાનું, ક્રમે તેવા ધૂની કે ગાંડા માણસો આવી ચડે તેની સાથે ધીરજ અને મીઠાશથી પતાવવાનું, રાજકારણ સિવાયની બાપુની થોકબંધ ટપાલ વાંચવાનું ને તેમાં પેટમાં દુખવાથી માંડીને તત્ત્વજ્ઞાન સુધીના તમામ પ્રકારના સવાલો પુછાયા હોય તેના જવાબ પહોંચાડવાનું, અને આ બધું પોતાના રોજેરોજના મુખ્ય મહત્ત્વના કામોને આંચ ન આવવા દેવી એ રીતે કરવાનું–મહાદેવભાઈ આ બધું કેમ ઉકેલતા હશે તે સામાન્ય માણસની કલ્પનામાં પણ ન ઊતરે એવું છે.

મહાદેવભાઈના કામ, ઉદ્યમ, પરિશ્રમ, ખંત, જાગૃતિ અને અનેકવિધ શક્તિઓનું વર્ણન કરવું મુશ્કેલ છે. બાપુએ સ્વરાજની જે કલ્પના કરી અને એને મૂર્તિમંત કરવા માટે જે જે ભગીરથ કાર્યો હાથ ધર્યાં એ બધા કામ પાર પાડવા માટે બીજા અનેક સેવકોની જેમ મહાદેવભાઈએ પોતાની જાત સમર્પી દીધી અને પોતાની કર્મપરાયણતાથી સૌને ચકિત કરી દીધા.

તેમની અજબ અને વિવિધ કાર્યશક્તિ જોઈને દેશવિદેશના અનેક શક્તિધરો પણ અંજાઈ જતા હતા. તેમના અવસાન પછી એકવાર 'બાપુનું આટલું બધું કામ હવે કોણ સંભાળશે?' એવી વાતચીત ચાલતી હતી ત્યારે શ્રી દેવદાસભાઈએ કહેલું કે, 'આવડા મોટા કામને તો મહાદેવભાઈ જ પહોંચી શકે. એમની ગેરહાજરીમાં અર્ધા ડઝન મંત્રીથી પણ પહોંચી વળવું કઠિન છે.'

(સાહિત્ય મંદિર ભાવનગરથી મહાદેવભાઈના જીવનપ્રશસ્તિરૂપે તા. ૧૫મી ઓગસ્ટે બહાર પડનાર જીવનપરિચયમાંથી)

ચાર સાર

★ જેનાં મૂળ પ્રાચીન બૃહત્કથામંજરી, કથા-સરિત્સાગર અને જાતક કથાઓમાં છે, પણ જેનું કલાવિધાન લોકવાણીએ કરેલું છે, તેવી અદ્ભુતરસિક કંઠસ્થ વાર્તાઓનું 'રંગ છે બારોટ !' નામનું સવિસ્તર પ્રવેશકવાળું વાર્તા-પુસ્તક (લેખક-ઝવેરચંદ મેઘાણી પ્રકાશક-ભારતી સાહિત્ય સંઘ) આ મહિને પ્રકટ થનાર છે. તેમાંની આ એક વાર્તા છે. શુદ્ધ લોકસાહિત્યની સંશોધન-દૃષ્ટિએ આ વાર્તાઓમાં લોકવાણીનો કથન-પ્રકાર સાચવવામાં આવ્યો છે. ★

રાજાને અને મનસાગરા પ્રધાનને હતી તો આંતરે ગાંઠ્યું. એકબીજા વિના જીવડો જંપી ન શકે. એમાં એક દિ' રાજા બદલી બેઠો. રાજા, વાજા ને વાંદરાં, એનું કાંઈ ઠેકાણું નહિ. કોણ જાણે શો વહેમ આવ્યો ને રાજાએ મનસાગરા પ્રધાનનું મોઢું જ જોવું બંધ કર્યું. અરે રાજા! મારા ડાહ્યા રાજા!

"જે સું બાંધલ જીવ, તે સું મન તારવીએ નહિ.
મન સુકાય શરીર, તોય બીજાં ન થાયેં બાંદરા!"

જેની જોડે જીવ બાંધ્યો હોય તેને ન તરછોડીએ. અરે આવો અણબનાવ જે દિ' હંસાની ને સાયરની વચ્ચે થયો હતો, તે દિ'—

હંસલાં ઊડું ઊડું હુવાં પાંખું પસારૈ,
જાણ્યું પાદર ચારો ને કોક નવાં નિહાળ્યૈં.

સાયર સુકાણાં, હંસલાં ચારા વિનાનાં થઈ રહ્યાં, ને કોઈક નવાં નવાણ નિહાળવા ઊડું ઊડું થયાં.

ત્યારે સાયર દુભાઈને બોલ્યું કે—

હંસલા! પ્રીતિ કાગની, કષ્ટ પડયે ઊડ જાય;
સાચી પ્રીત શેવાળની, જળ સૂકે શરમાય.

હે હંસા! મને સરોવરને કષ્ટ પડયે ઊડી જાય તે તો કાગડાનાં કામ. સાચી પ્રીતિ શેવાળની, કે મારાં જળ સૂકે એટલે પોતે પણ કરમાઈ જાય.

ત્યારે ડાહ્યાં માણસોએ કહ્યું કે એ હંસા!

હંસા! સાયર મનાવીએ, કરીએં હાથાંજોડય.
"જેથી રૂડા લાગીએં, તેથી તાણી મ ત્રોડ્ય"

હે હંસા, તું સાયરને મનાવી લે. એ તો આપણી જોડલી ગણાય જેનાથી આપણે સારાં લાગીએ ને શોભીએ, તેનાથી દોસ્તી ન તોડાય

હંસા, સાયર સેવીએં, જેની જળ બરોબર પાળ,
ઓછો રાજા ન સેવીએં, જેનો ઉચાળો અંતરિયાળ

પણ હંમલો તો ગયો તે ગયો. જતાં જતાં કહેતો ગયો કે મારે તો ઘણાયે સરોવર પડયાં છે, કાંઈ આ એક માથે ભૂંગળું નથી બાંધ્યું; ત્યારે સાયરે કહ્યું કે હા ભાઈ!

હંસાને સાયર ઘણાં, પોહપ ઘણાં ભમરેશ;
સુમાણસને સુમાણસ ઘણાં, મરને જાય વિદેશ.

પુષ્પને ભમરા પણ ઘણા મળી રહેશે. સારા માણસને સારા માણસ સાંપડી રહેશે ભલે તું વિદેશ જાતો.

આમ, પ્રધાન પણ રાત દિ' સબૂરી સાચવીને બેઠો છે. એને તો આશા છે કે કોઈક દિ' રાજાનું મન ઠેકાણે આવશે. એમાં ભગવાનને કરવું છે અને ઈશ્વરને વાત રાખવી છે તે એક દિવસ પ્રધાનને કાને આવા બોલ પડયા—"લ્યો રે કોઈ ચાર સાર! એક એક સારના રૂપિયા એક એક હજાર!"

"સમજે તો લાખના
"ને ન સમજે તો રાખના!"

અરે, આ ચાર સાર કોણ વેચે છે? ઊઠીને મારગને માથે ડોકું કાઢ્યું ત્યાં તો એક ફકીર બોલતો હતો—

'લ્યો રે ભાઈ ચાર સાર: એકએકના રૂપિયા એક હજાર: સમજે તો લાખના ને ન સમજે તો રાખના!'

સાંભળીને માણસો મશ્કરી કરતાં કરતાં ચાલ્યાં જાય છે. કોઈ વળી કહેતાં જાય છે કે 'ગેલસાગરો છે, ગેલસાગરો!' ત્યાં તો મેડી માથેથી મનસાગરા પ્રધાને સાદ કર્યો, "એ સાંઈ! આંહીં આવજે આંહીં."

મેડી માથે તેડાવીને રૂપિયા ચાર હજાર સામે મેલી દઈને કહ્યું કે "લાવો ચાર સારનો ખરડો."

ફકીરે ચાર સાર લખેલી કાગળની ચપતરી આપી તે મનસાગરે પ્રધાને વાંચી—

"ક્રોધ વખાસણ સાર, તેના રૂપિયા હજાર
"જાગ્યા સો નર સાર, તેના રૂપિયા હજાર
"વેરીને આદરભાવ સાર, તેના રૂપિયા હજાર
"અસ્ત્રી વાંક માર સાર, તેના રૂપિયા હજાર."

"સમજે તો લાખના
"ને ન સમજે તો રાખના!"

"ઠીક, જુઓ સાંઈ, આ લ્યો આ ખરડો, અને

રાજાને મો'સે જાય. રાજાને હાથોહાથ દેશો મા; પણ એના બારસાખે રાતને ટાણે ચોડીને ચાલ્યા આવજો."

એ જમાના બાવા ફકીર ફરમાનદાર, એટલે ઠેઠ રાજાના મો'લમાં પણ જાય આવે. કોઈ એને અટકાવે નહિ. ચાર સારવાળો ફકીર જઈને ચાર સારની ચબરખી રાજાના મહેલને બારસાખે ચોંટાડીને ચાલ્યો આવ્યો.

: ૨ :

હવે ભગવાનને વાત રાખવી છે તે એજ રાતે ગામમાં ભવાયા રમે. ચોકમાંથી ભૂંગળાં વાગવા માંડયાં અને ઝાંઝપખાજની ઝડી બોલી. રાજા પોતે ભવાયા જોવા ગયા છે. અને રાજાની બેન જુવાન હતી તેને પણ ભવાયા જોવાનું મન થયું એટલે એ મરદનો વેશ પહેરીને પહોંચી ભવાયા જોવા. ભેળી પોતાની બાનડીઓ, એને પણ મરદનાં લૂગડાં પહેરાવેલાં. કુંડાળાની એક કોર રાજા ઢોલીઓ ઢાળીને બેઠા છે અને બીજી કોર રાજાની બેન મરદવેશે અને હથિયાર પડીઆર બાંધીને બેઠી છે. કોઈ એને ઓળખી શકે એમ નથી. જાણે કે કોઈક પરગામનો ગરાસિયો આવ્યો છે.

રમતમાં તો વેશ પછી વેશ આવવા લાગ્યા. ગણેશનો, ડાગળાનો, બ્રાહ્મણનો. અને ઝાંઝ-પખાજ માથે ઝપટ કરતા, થાપીઓ દેતા નાયક ગાવા લાગ્યા કે—

"બાવડી બોદે રે ભગ્યો રામરામજી રે
"નાવણ કરે રે ભગ્યો રામરામજી રે
"ભોજન કરે રે ભગ્યો રામરામજી રે

પછી વળી—

"ભલા મોરે રામા, ભલા મોરે રામા
"આજ મોરે રામા, ભલા મોરે રામા!

એમ ગાતા ને નાચતા નાચતા માથે છત્રી ઝુલાવતા પુરબીઆ બે કોર બે બ પડીઓને લઈ પડ ગજવતા આવ્યા. પછી તો ફેરબાનો વેશ આવ્યો, પણ શું એના નટારંભ!

"સરર પદ ઘૂઘરકે બાજત બજાય સિંધુ,
"હીંછીઆ અણુવટકી ફોજ અસવારી હે;
'ઘૂઘર રવ ઝાંઝરકે પાખર બિછાય ઘોડે;
'ભૂજન પર બાજનકી ઢાલ બડી ભારી હે;
'શીશન પર શીરનકે નેજા જરીન સોહે,
'ધજા પતાકા અરુ કંચન લઈ ધારી હે."

એવા ફેરબાના વેશ માથે રાજાને મોજ આવી, ને એણે રૂપિયા એક સોની મોજ આપી, ભવાયાના નાયકોએ ભલકાર દીધો કે 'હોઈ ખરાં!'

'અરે હોળિયું! આ તો ભાઈ આપણી રમત લઈ ગિયા!' એમ પોતાની બાંદીઓને કહેતેક રાજાની બહેને બેવડો ચડાવો કરીને રૂપિયા બસો જાહેર કર્યા એની વાહવા બોલાણી, એટલે તે રાજાને રૂંવે રૂંવે અંગારા મેલાઈ ગયા. રાજાની બેન પણ પોતાને ભાઈ ઓળખી જશે એવી બીકે ઝટ'ઝટ ઊઠીને રાજમોલે ચાલી ગઈ અને મોડી રાતે એ જ મરદવેશે મા ભેળી સૂઈ ગઈ. ઊંઘ બહુ આવતી હતી એટલે લૂગડાં બદલાવવાની વેળા રહી નહિ.

રાજા પણ રીસમાં ને રીસમાં ઘેર આવ્યા. મોલમાં ઝમાળ જેવા દીવા બળી રહ્યા છે, એને અજવાળે એણે જોયું તો માની હારે કોઈક મરદ સૂતેલો! શરીરનાં છાસઠ હજાર રૂંવાડાં સડડડ કરતાં બેઠાં થઈ ગયાં. તરવાર ખેંચી. 'હમણાં જ બેયના કટકા કરી નાખું!' જેવો બ રણામાં પગ મૂકવા જાય છે એવો એનો હાથ બારસાખે ચોડેલ કાગળ માથે પડયો. એમાં, એણે વાંચ્યું—

ક્રોધ વિસામણ સાર
તેના રૂપિયા હજાર!

ક્રોધ આવે ત્યારે વિમાસણ કરવી, વિચાર કરવો, સબૂરી રાખવી, એવા મર્મવાળો એક હજાર રૂપિયાનો સાર!

આ શું: આ ચિઠ્ઠી આંહીં કોણે ચોડી? કાંક ઊંડો ભેદ લાગે છે!

ગમ ખાઈને બે પગથિયાં હેઠો ઊતરી બેસી ગયો. ફરીવાર એની નજર એ ચિઠ્ઠી ઉપર પડી વાંચ્યું—

'જાગ્યા સો નર સાર.........

આ તો ભેદ વધે છે. મને જ કોઈક ચેતવતું લાગે છે. ઓહો! ત્યારે તો હમણાં આપણે સૂવું નહિ. જાગતા રહેવું. મારી જાતને માટે જ કાંઈક સારે હશે. એમ વિચારીને રાજા બેઠો.

રાતના ત્રીજા પહોરે ઝાડને માથે બે પંખીડાં બેઠાં બેઠાં વાતો કરે:

કે 'હે હંસપંખી! આ રાજાનું આયખું કેટલું?'

કે 'હે હંસપંખણી, ત્રણ દિ'નું.'

'અરર! ત્રણ જ દિ'નું! પણ રાજા તો કાંઈ માંદા નથી. રૂંવાડેય કોઈ રોગ નથી'

કે ' હે હંસી ! ત્રીજા દિ'ની રાતે આ રાજાને સરપ-ડંશ થશે. '

' સરપ-ડંશ શા માટે ? '

' આ રાજાના ઘોડાના ડાબલા હેઠળ એક સરપનું બચ્ચું બાંડું થયેલું છે. તે વેર લેવા આવશે. '

એટલી વાત કરીને પંખી ઊડી ગયાં. રાજા તો સાંભળીને પરસેવે રેબઝેબ થઈ ગયો.

સવાર પડ્યું એટલે રાજાને પહેલો સાર ફળ્યો. મરદવેશે મા ભેળી સૂતેલી તે તો પોતાની બહેન જ નીકળી ! ક્રોધમાં ને ક્રોધમાં બેયના કટકા કર્યા હોત તો પાછળથી કેટલું પરતાવું પડત ! ત્યારે તો હવે બીજો સાર પણ સાચો પડશે. નક્કી સરપ કરડવા આવશે. પણ હવે કરવું શું ?

ફરી વાર નજર બારસાખ સામે ચોડેલ ચિઠ્ઠી ઉપર પડી : આગળ લખ્યું હતું—

'વેરીને આદરભાવ સો સાર :......'

હાં-હાં ! સરપ આપણો વેરી છે. વેર લેવા આવનાર છે. એને જો આદરમાન દઉં, તો નક્કી એમાં કાંઈક સાર હશે. હવે સરપ જેવા વેરીને આદરભાવ શેનો દેવો !

ત્રીજો દિ' થયો અને રાજાએ ફૂલવાડીમાંથી ઢગલાબંધ ફૂલ મગાવીને પોતાના રંગમોલમાં પથરાવ્યાં, પલંગ ઉપર ફૂલનાં ઉલેચ બંધાવ્યા, અને સાંજ પડી એટલે પલંગને ચારે પાયે કઢેલ દૂધનું અક્કેક કૂંડું મેલાવ્યું. પછી પોતે પલંગમાં ચડીને બેઠો. દેહ તો થરથર ધ્રૂજે છે, પણ ઓલ્યા ચાર સાર ઉપર આસ્થા રાખી છે, એટલે મનને મજબૂત રાખીને બેઠો છે.

અધરાત થઈ એટલે નાગ આવ્યો. ફૂં ! ફૂં ! ફૂં ! ફેણમાંથી વરાળ નીકળે છે. રંગમોલ આખો ધગી ઊઠ્યો છે. રાજાની રાડ ફાટતી માંડ રહી ગઈ. પણ જેવો એ વાસંગી નાગ ઓરડામાં આવ્યો તેવો તો ફૂલના થર ઉપર ફડાકા મારવા લાગ્યો, અને પલંગને પહેલે પાયે ચડવા ગયો ત્યાં દૂધના કૂંડામાં જ મોઢું આવી ગયું, ચસ ચસ ચસ પોતે દૂધ પી ગયો અને પછી વિમાસ્યું : 'હવે આ પાયે ન ચડાય. મેં એનાં લૂણપાણી લીધાં.'

પટ દઈને એ પાયેથી નાગ પાછો ફર્યો, કારણકે જાતવંત, દેવલોકી નાગ છે ખરો ને !—

તવીએ' પ્રથમ તંબોળ, અભે નાગ અરદીઆ;
ત્રીજા નાગ તક્ષીઆ, ગણીએ ચાર ગડગડીઆ;
પાંચમો ધામણ પણા, ખટમો ઐયર જાણ,
સાતમો શીતળ શામ, આઠમો નાગ કંજુ.
નવમો રાજા ફૂલનાગ, કુંડળ સમ કારયપરા;
અભરાજ કવન ઓચરે, રૂપ નવ કળ નાગરા.

એમ આ તંબોળીઓ નાગ નહિ, અરદીઓ નહિ, તક્ષીઓ નહિ, ગડગડીઓ નહિ, ધામણ, ઐયર કે શીતળો નહિ, કંજુ-પણ નહિ, આ તો બધાય કરતાં ઊંચા નવમા કુળનો ફૂલનાગ હતો.

પાછો વળીને ફૂલના સુંવાળા ફગરમાં આળોટતો, ગેલ કરતો, ફૂલનાગ તો પલંગને બીજે પાયે પહોંચ્યો, ત્યાં ચડવા જાય તો ત્યાં ય મોઢું દૂધના કૂંડામાં પડ્યું.

ત્યાં યે ફરી દૂધ પીધું. ત્યાંથી પણ પછી તો કેમ ચડાય ? એનું દૂધ પીધું ! એમ ત્રીજે પાયે, અને છેલ્લે ચોથે પાયે. પછી તો નાગે વિચાર્યું કે હવે પાયેથી તો પલંગે ન ચડાય. એનું લૂણપાણી પીધું. માટે બીજી કોઈ જુક્તિ કરવી જોઈએ.

અરે શા ભાર છે એના ! આજ જીવતો મેલું નહિ ! એમ વિચારતો ચડ્યો એ તો અદ્ધર, અને છાપરેથી ડીલ પલંગ ઉપર પડતું મૂક્યું. એટલે તો પડ્યો ફૂલના ઉલેચમાં. આવો આદરભાવ કરનારને કેમ ડસાય ? નાગ હતો ધર્માની. કારણકે એ તો નવકુળ માયલો નાગ હતો. જાતવંત હતો. વાસંગીના વંશનો દેવાંગી નાગ હતો.

પ્રસન્ન થઈ ગયો. દેવ-રૂપ ધારણ કરીને રાજાની સામે જોઈને કહે કે 'હે રાજા ! માગ માગ ! માગે કોલ છે કે તું માગીશ તે આપીશ.'

રાજાએ માગ્યું કે 'હે વાસંગીદેવ ! હું જીવ માતરની બોલી સમજું એવું વરદાન દ્યો, અને ત્રણ કાળનું ભાળું એવી જ્ઞાનની આંખો આપો.'

'અરે રાજા ! એથી તને શું ફાયદો છે ?' વાસંગી દેવને રાજાની માગણીમાં ડહાપણ ન લાગ્યું.

કે 'મહારાજ ! આપો તો ઈ જ આપો. હું જીવ માતરની બોલી સમજું અને ત્રણ કાળનું ભાળું !'

'જા ત્યારે, સમજીશ અને ભાળીશ, પણ એક શરતે.'

કે 'શું મહારાજ ?'

કે 'હે રાજા ! તારી અસ્ત્રી આગળ કોઈ દિ' એ માયલી વાત કરીશ નહિ. કરીશ તે દિ' તારો કાળ સમજજે.' એમ કહીને નાગ તો ચાલ્યા ગયા અને તે ઘડીથી જ રાજાની આંખો અને કાન બ્રહ્માંડમાં રમવા લાગ્યાં. કીડીમકોડા, પશુ–પંખી તમામની બોલી સમજે અને ગેબમાં ભાળે.

: ૩ :

હવે ભગવાનને વાત રાખવી છે તે એક દિવસ જૂની રાણીનો ભાઈ મરી ગયો; એવો ભલો અને પુણ્યશાળી માણસ હતો કે એનો જીવ બહાર નીકળીને દેહને બચીઓ ભરવા લાગ્યો. નોખા પડવું ન ગમે.

નાગનું વરદાન હતું કે રાજા ત્રણે કાળનું ભાળે, એ પ્રમાણે આ કૌતુક ભાળીને રાજાને રોવું આવી ગયું

પછી એક દિ' નવી રાણીનો ભાઈ મરી ગયો. પણ એ હતો કુકર્મી. એટલે એનો જીવ બહાર નીકળીને દેહને ગાલે ખાસડાં મારે ! એ પણ રાજાએ જોયું. અને રાજા તો હસવા લાગ્યો.

પોતાનો ભાઇ મરે અને રાજા હસે ! એનું કાંઈ કારણ ? નવી રાણીએ હઠ લીધી કે 'હે રાજા ! હસવાનું કારણ કહો.'

કે 'કહેવાય નહિ.'

'ના, બસ કહો ને કહો ! નીકર પેટ કટાર નાખીશ !'

રાજા પડયો વિમાસણમાં. જો કહે તો પોતાનો કાળ આવે, ને ન કહે તો રાણી મરવા તૈયાર થાય !

કહેવું જ પડશે, અને આંહીં ને આંહીં કાળ આવશે તો જીવ અવગત્યે જશે, માટે ચાલ કાશીએ જઈને કહું, એટલે મોત આવે તો યે જીવ ગત્યે તો જાય.

રાજા રાણીને કહે કે ચાલ, કાશીએ જઈને કહીશ. બેઉ હાલી નીકળ્યાં. જાતાં જાતાં બારસાખને માથે ફરીથી પાછા ચાર સાર વાંચ્યા.

'ક્રોધ વિમાસણ સો સાર.........
'જાગ્યા સો નર સાર............
'વેરીને આદરભાવ સો સાર........
'અસ્ત્રી વાંક માર સો સાર........
'સમજે તો લાખના,
'ન સમજે તો રાખના !'

જાતાં, જાતાં, જાતાં, મારગને કાંઠે એક કૂવો આવ્યો. અને એને કાંઠે બકરો ને બકરી ચરે. બરાબર રાજા-રાણીને નીકળવું અને બકરીને બોલવું—

' અરે હે રોયા બકરા ! હું છું ભારેવગી અને મને થયું છે આ કૂવામાં ઊંડે પાણી આગળ વેલો ઊગ્યો છે તે ખાવાનું મન. માટે અંદર ઊતરીને મને એ વેલો લાવી દે તો જ હા, નીકર ના. '

ત્યારે બકરો બોલ્યો : ' રાંડ બકરી ! હું કાંઈ આ રાજા જેવો મૂરખો નથી કે તારા સાંરુ થઈને કૂવામાં જીવ ખોવા ઊતરું. એવા લાડ કરીશ ને, તો હું તો તને દીકે દીકે લાંબી કરી નાખીશ. ઓળખછ મને ? હું કાંઈ આ રાજા જેવો ગાલાવેલો નથી કે બાયડીના ગેલ-સાગરા લાડ પણ પૂરા કરું '

બકરી તો ચૂપ થઈ ગઈ.

રાજાને તો નાગદેવતાનું વરદાન છે, કે જીવમાત્રની બોલી સમજે. એણે આ બકરા–બકરીની વાત સાંભળી અને એ તો સડક થઈને ઊભો રહી ગયો. એક તો એને બકરાનું મેણું લાગ્યું, અને બીજે એને એ લવા ચાર સાર માયલો ચોથો સાર સાંભર્યો. 'અસ્ત્રી વાંક માર સો સાર.'

તુરત એણે નવી રાણીને કહ્યું: 'ઊભી- રે.' પાછાં વળવું છે કે મારા હાથની ધોલ ખાવી છે ? હઠ કરવી છે ? આંહીં ને આંહીં ધમારી નાખીશ, લોંડી !'

રાણીનાં તો મોતિયાં જ ત્યાં મરી ગયાં, અને એણે રાજાને કરગરીને કહ્યું: 'હવે કોઈ દિ' હઠ નહિ કરું. વળો પાછા.'

પાછા આવીને રાજાએ ચારે સાર સાચા પડેલા જોયા. એણે તપાસ કરાવી કે આ ચાર સાર મારે બારસાખે ચોડનાર કોણ ?

ખબર પડી કે એ તો મનસાગરો પ્રધાન હતો. રાજાએ મનસાગરાને તેડાવીને એની માફી માગી અને પછી એવા શાણા મીતરની સાથે રીસ કરવી ભૂલી ગયા. ખાધુંપીધું ને રાજ કીધું.

બહાદૂર માનવીઓ

મહેન્દ્ર મેઘાણી

'આંખમાંથી કણું કાઢે એમ છોકરાને લઈ લીધો !'

એ બોલનારની આંખમાં એ વખતે આંસુ નહોતાં રડી રડીને એની આંખો સૂઝી ગઇ નહોતી. બે દિવસથી કોળીઓ ધાન પણ ગળે નથી ઊતર્યું એમ એણે કર્યું નહોતું. કામમાં કયાંય જીવ ચોંટતો નથી એવું પણ એના વર્તન ઉપરથી દેખાયું નહિ.

ચોવીસ કલાકમાં જ્યાં માત્ર એક જતી-ગાડી અને એક આવતી ગાડી સવાર–સાંજ ઊભી રહે છે, જેની બેઉ બાજુના સાત–સાત માઇલના અંતરમાં બીજું સ્ટેશન નથી અને જ્યાંથી નજીકમાં નજીકની વસ્તી પણ પોણા ગાઉ ઉપર પડેલી છે એવા સ્ટેશનનો એ સાંધાવાળો હતો. આઠદસ ગામડાંની સગવડ સાચવવા, સહુથી સરખે અંતરે પણ ઊજ્જડ વગડે ખડું કરાયેલું એ સ્ટેશન રેલ્વેના નોકરીઆતોમાં આજે પણ 'કાળાપાણી' તરીકે ઓળખાય છે. મગજમાં જેને રાઈ ભરાણી હોય, ઉપરીઓને અળખામણા બન્યા હોય, શિક્ષાપાત્ર ઠર્યા હોય, એવા નોકરીઆતોને માટે સજા ભોગવવાનું જાણે એ એક સ્થાન બન્યુ છે.

એક કૂવો, બે પીપર, પાંચ લીમડા અને પાંચ સ્ટેશનના નોકરીઆતોનાં કુટુંબ ત્યાં પડ્યાં હોય અને બેસતા ચોમાસે જ એમની આસપાસ લીલા ઘાસની જાજમ બિછાવી દીધેલી હોય એ દૃશ્ય ત્યાંથી સવાર સાંજ પસાર થતા મુસાફરોને સોહામણું લાગે છે. વરસાદ વધતો જાય છે તેમ તેમ એ ચાદરમાંથી ફૂટતાં આવતાં લીલાં તરણાં પેનીસમાં, પીંડીસમાં, ઘૂંટણસમાં થઈ થઇને હવામાં ડોલતાં હોય એ જોતાં કાવ્યમય લાગે છે. અને ઉનાળાની ગરમીથી ત્રાસેલાં, ધરતીમાં ઊંડાં દર કરીને મહિનાઓથી બફાતાં પડેલાં સાપ, વીંછી અને ઝોઝરો વર્ષાદેવીને દુવા દેતાં દેતાં એ ઠંડી લીલી જાજમ ઉપર બેફિકર અને મસ્ત બનીને મહાલતાં હોય એ તો સૃષ્ટિના એ ટૂકડાને જાણે કલ્પના-પ્રદેશમાંથી સીધો મૃત્યુલોકમાં ઉતારી લીધો હોય એવો કદાચ બનાવે છે.

એવી સુંદર કલ્પનાભોમની એક નાગણીના દંશે બે દિવસ પરજ આ સાંધાવાળાના દીકરાને આ પૃથ્વી પરથી વિદાય આપી હતી.

અડતાલીશ કલાક પહેલાં જ પોતાના અગિયાર વર્ષના કિશોરને દેન દઇ આવનાર એ માણુસ નિરાતે બેસીને સ્વર્ગસ્થનાં સંભારણાં પણ ઉખેળતો નહોતો. સિગ્નલ સાફ કરીને આવેલા એના બીજા દીકરાએ સમાચાર આપ્યા કે 'ગાડીની લેન થઇ છે' એટલે એ ઊભો થયો. મૂએલા દીકરાને ખરખરે આવેલાઓને એ વાત પણ પુરી કરી નહિ. ઓરડીનાં છજાં નીચે ખાટલી ઊભી કરીને એ સ્ટેશન ભણી વળ્યો.

ત્રીસ ડગલાં ચાલતાં ચાલતાં વળી એણે કહ્યું, 'એમ તો દીકરો કામગરો બહુ. સિંગલ સાફ કરે, તેલ પૂરી આવે, બત્તી પેટાવવા હારે આવે. માસ્તરનાં ઠામવાસણ ઉટકતો હોઉં ત્યાં પણ ભેગો આવીને ભાણાં વીંછળે......'

પછી એ ગયો માસ્તરની ઓફિસમાં: 'છૂટી ગઇ? એલા છોકરા ગાડી છૂટી ગઈ!' કહેતો એ બહાર આવ્યો. વળી પાછો અંદર ગયો અને ખાતરી કરી કે 'છૂટી ગઇ' કે 'લેન થઇ?' બહાર આવીને ખુલાસો કર્યો, 'છૂટી તો માલગાડી છે. 'ફાસ' ગાડીની તો હજી લેન થઈ છે.'

'ત્યારે તો છોકરો તમને વા'લો બહુ હશે?' ખરખરે આવેલા બે–ત્રણમાના ઊજળાં લૂગડાંવાળા એકે મેં પૂછ્યું.

'આ બધાયમાં એક નંબરનો હતો. નાનો પણ મોટાથીય વાલો લાગે'

'મોટો ક્યાં છે?'

'વઢવાણુની હોટલમાં કામ કરે છે.'

ત્યા વળી પાસિંજર આવ્યાં. અરધા ગાઉ દૂરને ગામેથી પગી આવ્યા એને પોતે કહ્યું:

'બેમો બેમો પગી, આજ તો કરોસિંગ અહીં છે.' એટલુ પગીને કહી તુરત પોતે એક પેસેંજર બાઇને ચેતવી:

'એ બાઈ, બાપા, તમારા છોકરાને ઈ પીપરથી છેટું રાખો. યાં જ રે' છે નાગબાપા.'

પછી પગીને અને બીજા પાસિંજરને બધી વિગત સમજાવી: 'ઓલી

થાંભલી હેઠે બેઠો'તો. અહીં સામા ફોજદાર સા'બ બેઠા'તા. આનીકોર ધૂળમાં હું બેઠો'તો. ત્યાં તે દોડતો દોડતો આવ્યો કે, 'બાપા મને એરૂ કરડયો.' અમે તો કોઈએ દીઠોય નહિ.'

કોઈનો સાદ પડયો:

'નાનજી, માસ્તર બોલાવે.'

અંદર ગયો. પાછો આવીને બેઠો. ખાંભડાની પટી તૂટી ગઈ હતી એટલે વળી ઊભો થયો. તેર વરસનો બીજો દીકરો બીડી પીતો હતો એ એણે બાપાને આપી, એમાંથી પોતે ફૂંકે લીધી અને પછી વળી, બીડીની ફૂંકમાંથી જ મળી આવ્યો હોય એવો ઉદ્‌ગાર કાઢયો: 'એનો કાળ જ આવી રૂયો હોય એમા આપણાથી શુ થાય?'

'બસ ઈ સાચું કીધું,' શ્રોતા-સમૂહમાંથી એકે વાત આગળ ચલાવી. આ સામે દેખાય ઈ ગામડામાં ઘણાય એરૂ ઉતારે છે. પણ ઈ ટાણે ઉંધા મારગ જ સૂઝે એટલે જ એને જકશનને દવાખાને લઈ ગ્યા ને!'

'હા બાપુ! છોકરાના નસીબમા જ ઈ લખ્યું હશે ત્યારે જ ને! નહિ-તર ઓલો વાઘરીનો છોકરોય કયા આઘો બેઠો'તો? તોય એને મૂકીને આને જ કેમ ટસકાવ્યો?'

ચકર–ચકર, ચકર, ગોળ–ગોળં: ગોળ એના આંટા ફરે જતા હતા.

ગાડીની લેન થઈ એટલે સૌ પાસિંજર સાબદાં થવા માંડયાં; ટિકિટો લેવા લૂગડાની ગાંઠયો ઉખે-ળવા લાગ્યો,

પાણી પાત્રા સાંધાવાળો મને એને ઘેર લઈ ગયો. ત્યાં ઘંટી બંધ કરીને ખાટલી ઉપર બેઠી બેઠી મરેલા દીક-રાની માતા એક નાના બાળકને ધવરાવતી હતી.

મેં પૂછ્યુ: 'છોકરો કાંઈ ભણેલો ખરો?'

'હા, ઈમતો નારણીઓ કાગળ વાંચી જાણે. આવડા આને ઘણોય ભણાવવો છે કયાંક નિશાળ હોય તો છોકરાં કાઈક ભણે એટલા સાટુ બદલીય માગી'તી. અને છવ્વીશમીને દિ' જવાનો ઓડર સોત આવી ગ્યો હતો. પણ હવે તો ભણનારાને વાસે રાખીને અમારે હાલી નીકળવુ પડશે.'

બકરીએ બેંકારો કર્યો એટલે એ નારણ સાધાવાળાએ મને પૂછ્યું, 'ચા પાશો બાપુ?'

'ના, હું નથી પીતો. બકરી તમારી છે?'

બાપા? બાવીસ રૂપિયાના પગારે દાણુય માંડ માંડ પોગે છે.'

પૂછનારને બોંઠામણ આવ્યું વાત બદલી: 'જંકશનમા છોકરો કેટલાક કલાક જીવ્યો?'

'બે ઈંજકસન દીધાં અને પછી ત્રીજું દીધુ ત્યા સાવ ઠરી ગ્યો. દાકતરે તો બિચારે મે'નત કરી. ઈંજકસન નો'તાં તે દોડાદોડ સાઈકલ ઉપર ગામમાથી મગાવ્યા. આંહથી ગાડીમાં જ ભેગા થઈ ગયેલા એટલે મથમ સોતે ચોપડી દીધો'તો.'

'પછી શું વળતી ગાડીમા પાછા આવ્યા?'

'ગાડી તો ઊપડી ગઈ તી કે એણે પરાણુ છોડયા. વળી ગાડીમાં તો મડું લવાય પણ નહિ ને! સધાએ ઘણું કીધુ કે આંઈ જંકશનમા જ દેન દઈ દ્યો પણ આંઈ એની મા ને છોકરાં બધાં કળેળાટ કરતા હોય ને ત્યાં દેન કેમ કરીને દઈ દેવાય?'

'પછી......?'

'પછી શું બાપુ! દસ રૂપિયાની ઘોડાગાડી કરીને રાતના સાડાબારે એકે નીકળ્યા ત્યાંથી.'

'અહીં આવીને અંધારામા જ દેન દીધું?'

અમરપટો લખાવીને આવ્યો છે? ઈ આડે ય ઓરડિયુંવાળા ટાણું થયું ને આઘાપાછા થઈ ગ્યા. એક અભલો મુસલમાન હતો ઈ વળી આવ્યો.'

'ગામનું મસાણ તો ઓલા ગરનાળા હેઠે રયું ઈ જ ને?'

'ઈ પોણો ગઉ થાય અને આ નાનું ગામડું જરાક ઢૂંકડું પડે એટલે મેં તો પછી આ નાને ગામડે જ દેન દીધું. ગામમાં જઈને વળી બે ગાંસડી છાણાં લીધાં.'

'શું બેઠું?'

'અઢી-ત્રણ રૂપિયા તો બેઠા હશે એનાય.'

'લાકડાં કેટલાંના લીધાં?'

'લાકડાં તો પછી નો'તાં લીધાં. બે સલેપાટ આંઈથી ઉપાડતા ગ્યા'તા ઈ ભેગાં મૂકી દીધાં.'

'બાપા, ગાડી સિંગલ માગે છે,' છોકરાએ આવીને ખબર આપ્યા.

'હાલો બાપા.'

અમે ત્યાંથી ઊઠ્યા ત્યારે પેલું ધાવતું બાળક માના ખોળામાં જ જંપી ગયું હતું ઘંટીનો હાથો અને બાઈનો હાથ અખંડ કોઈ ફેરફુદરડીમાં એકતાન થઈ ગયા હતા: ઘંટી પાછી ફરતી થઈ હતી.

ચકરર-ચકરર-ચકરર; ઘરરરર-ઘરરરર ઘરરરર; ગોળ-ગોળ-ગોળ.

ધુમાડા કાઢતી ગાડી આવી. કાળા કાળા એ ગોટાની અંદર લાલ લાલ તિખારીઓ પણ ઊડતી હશે. પણ રાખ અને મેશના ગોટેગોટાની વચ્ચે એ કયાંથી દેખાય?

ગાડી ઊભી રહી અને છેવાડાના એક ડબ્બાનું બારણું ઊઘડ્યું એ તરફ નારણ સાંધાવાળાનાં મૂંગા પગલાં વળ્યાં. સર્પદંશથી મૂએલા નાનાભાઈને ખરખરે આવેલી સાસરવાસી બેન, કાખમાં છોકરુ લઈને એમાંથી ઊતરી. એનુ એક બચકું માથે ચડાવીને બાપ એની પાછળ ચાલ્યો. એમના પગ ઉતાવળે ઓરડી ભણી જતા હતા. ગાડી ત્યાં જ પડી રહેવાની હોય અને એને બદલે ઊપડી જનારી ઓરડીને પકડવા દોડતી હોય એમ એ બાઈની છાતી શ્વાસભરી ધબકતી હતી.

થોડી વાર તો ગાડી ઊભી રહી. ઓરડીમાંથી ઘંટીની સૂગવળ હજી સંભળાતી હતી......ચકર-ચકર-ચકર...ઘડી એકમાં જ એ અવાજ સંભળાતો બંધ થશે અને એની જગ્યા લેશે બે-ચાર ડૂસકાં, હૈયું ભેદતી એકાદી પોક.

'બહાદુર માનવીઓ'ની મેં ચીતરેલી તસીરને છેક જતાં જતાં ખંડિત થવું પડશે એવી મને દહેશત લાગી. એક જ પળ, અને બધું જ ખલાસ! આખા લેખ ઉપર પાણી ફરી વળશે!

પણ ત્યાં તો ભલી ગાડી ચાલી નીકળી. બાપ-દીકરી ઓરડીમાં પહોંચી ગયાં હતાં છતાં અને હજી ય પેલા સૂર સંભળાતા હતા:

ચકર-ચકર-ચકર; ઘરરર-ઘરરર, ઘરરર.

'હા, એ પુસ્તક છપાઇ રહ્યું છે!'

"......અચાનક મેં 'ઊર્મિ'ના બે છૂટક અંકો જોયા. તેમાં રવિશંકર મહારાજના જીવનના બે પ્રસંગો–બહારવટિયાનો અને બળી ગયેલ ખોરડાંના માલિકનો–તમારી કલમે નવલિકા કરતાં ય રોમાંચક અને આકર્ષક વાંચ્યા. Truth is stranger than fiction. પણ એ સત્યને સાહિત્યના ક્ષેત્રમાં રોપવું એ કોઇ અલગારી કલાકારની કલા માગી લે છે. તમે એ પ્રસંગો કેટલા સરળતાથી છતાં કલામય ચીતર્યા છે!

"એનું આખું પુસ્તક થશે?............."

(શ્રી. ધનસુખલાલ મહેતા: એક પત્રમાં)

મહીનાં છોરુ

ઝવેરચંદ મેઘાણી

શ્રી. રવિશંકર મહારાજનો લોકસંપર્ક લેખાંક ૮ મો

૧ 'ક્યાં પરસેવો ઉતાર્યો હતો !'

બાનર દેવા વગેરેની ધૂરકાર અંગે એ લુંટારાઓને આશરો આપનાર એ ઇલાકાના લોકો જ છે એવો આક્ષેપ કરીને સરકારે જે પ્યુનીટીવ ટેક્સ નાખ્યો હતો તે હૈડિયા વેરાની વાત આવી ગઈ છે.

આ અન્યાયી વેરા સામે ના કરની લડત ઊપડી, મહીકાંઠો મહારાજ સંભાળતા હતા. રતિભાર પણ ઘર વકરી અગર એક પણ ઢોર જપ્તીમાં ન આવી જાય એની તકેદારી રાખતા હતા.

એક દિવસ કાશુ ગામની બજારમાં એક બારૈયો મળ્યો. તેના હાથમાં એક સોનાની વાળી હતી. આ વાળી મહારાજે દેખી અને બારૈયાને પોતે ટપાર્યો —

'કાં હેમતા ઠાકોર ! આ વાળી હાથમાં રાખી ફેમ ફરો છો ? જપ્તીવાળા જોશે તો ઉપાડી જશે.'

'ભૂલ્યો મહારાજ ! હેમતા બારૈયાએ મોં મલકાવીને સજ્જતાથી જવાબ વાળ્યો. 'ક્યાં પરસેવો ઉતાર્યો હતો !'

'કેમ ? ત્યારે વાળી ક્યાંથી આવી પડી ? આકાશમાંથી વરસી ?'

જવાબમાં હેમતાની જીભ પાણીના રેલા પેઠે ચાલી. ધારિયાનો ટેકો લઈને અને માથા પરનું ઓઘાળું ફાળિયું જરા ઠીક કરતે કરતે એણે વાત ચલાવી.

'એ તો એમ બન્યું મહારાજ ! કે એક દહાડો રાતે હું ... ને ઘેર જઈ ચડ્યો. (એણે એક નામચીન મોટા માણસનું ને કાંઠાના એક ગામનું નામ લીધું) ત્યાં એ નવી મેડીઓ ચણાવતા હતા. ચણતરકામ બંધ પડેલું જોઈને મેં પૂછ્યું, 'કેમ બંગલો અધૂરો છે સાહેબ ?'

એ કહે કે 'હેમતા, તમે ઠીક ટાણાસર આવ્યા. બંગલો અધૂરો છે એ પૂરો કરવાનો છે. પણ નાણાં નથી. કહો, હમણાં કયાંય ગયા છો કે નહિ ?'

મેં કહ્યું કે 'ના, હમણાં તો સાહેબ ! હું એ કામે નથી જતો.'

એટલે અવાજને લગાર તપાવીને એ સાહેબ કહે કે 'જવું પડશે. મારું મકાન અધૂરું છે, જોતા નથી ?'

હું વિચારમાં પડી ગયો. એટલામાં તો અમે બેઠા હતા ત્યાં અંદરનું બારણું ઊઘડ્યું અને એમાંથી એક ધીંગો જણ નીકળ્યો. મેં એને ઓળખ્યો. એ કાંઠાનો બામણ હતો. બહાર આવીને મને કહે છે કે 'ક્ષત્રી છો ને ?' મેં કહ્યું કે 'છીએ સ્તો !' કહું ને કહું તે મહારાજ, મને પણ શરીરમાં કાટો આવી ગયો. બામણ કહે કે 'ક્ષત્રી હો તો પછી આવા મોળા જવાબ કેમ દો છો ! હીંગ.'

મેં કહ્યું કે 'હેંડો હીંડો.' મને તો રાતે ત્યાં જમાડ્યો, ને પછી અંધારું ઘાડું થયું ત્યારવેળાએ એ અમલદાર સાહેબ અને એ કાંઠાનો ભૂંડો બામણ મને મહી પર લઈ ગયા. એક હોડી ત્યાં ઊભી હતી. એમાં અમે ત્રણે બેઠા. પાર પહોંચીને સાહેબે મને તથા બામણને ઉતાર્યાં. બામણ મને ગામમાં લઈ ગયો. એક સુથારનું ઘર આવ્યું. ઘર બંધ હતું ને ચોમેર અંધારું હતું. ઘરની બહાર એક પથારી પાથરેલ ખાટલો ઢાળ્યો હતો, પણ પથારીમાં કોઈ સૂતું નહોતું. સુથાર મોડી રાતનો ભગતનો હતો. એટલે કંઈ બહાર ગયેલો. બામણે મને છેટેથી ખાટલો બતાવીને કહ્યું, 'જાઓ ઠાકોર, એને ઓશીકે ચાવી છે, તે લઈને ઘર ઉઘાડજો. ઘરની અંદર બારણાની ડાબી ગમ એક તાકું છે તે ખોલજો ને અંદર જે કંઈ હોય તે લઈ લેજો. એ તાકાની ઉપર એક મજૂસ છે તેમાંથી પણ જે મળે તે લઈ લેજો. બીજે ક્યાંય ફાંફાં ન મારતો, જા.'

મને તો મહારાજ ! આ બધું બામણના કહ્યા પ્રમાણે કરી લેતાં હેંકો પીએ એટલી જ વાર લાગી. તાકામાંથી ને મજૂસમાંથી જે મળ્યું તે ચાદ્દરની પોટલી બાંધીને હું તો બહાર નીકળીને નદીકાંઠે આવતો રહ્યો. દીવાસળી કરી એ નિશાની જોઈને હોડી દૂર ઊભેલી તે કાંઠા તરફ આવી. અને હજુ તો હોડી થોડે છેટે હતી ત્યાં હોડી પરથી અવાજ આવ્યો—

'કોણ–સિંહ કે શિયાળ ?' એ અવાજ સાહેબનો હતો. મેં સામે જવાબ વાળ્યો કે સિંહ !

એટલે સામેથી સાહેબે ખુશી થઈ કહ્યું કે વાહ !

અલ્યા માછી, જા, કાંઠેથી હેમતા ભાઈને તેડી, ઊંચકીને હોડી પર લઈ આવ.'

મને તો માછીએ આવીને લઈ લીધો. હોડી પાછી હંકારી. હોડીમાં...સાહેબે મારે માટે દારૂ ને ભૂસું તૈયાર રાખ્યાં હતાં. મને આગ્રહ કરી કરીને પુષ્કળ દારૂ પોતાને હાથે પાયો, ને ભૂંસું ખવરાવ્યું. મારી પાસે જે પેટકી હતી તેમાંનું બધું જ પોતે લઈ લીધું, અને મારી મેનત બદલ ફક્ત એક હોકાને મદાય તેટલું રૂપું આપ્યું પણ હું તો પક્કો ખરો કની મહારાજ! તે આ વાળી મેં છાનીમાની કેડ્યે ચઢાવી લીધેલી! એ છે આ વાળી. હવે એ સરકારવાળા લઈ જાય તો મુઉં! કયાં પરસેવો ઉતાર્યો હતો!'

એટલું બોલીને જુવાન હેમતો બારૈયો ધારિયું પાછું ખભે નાખીને મોં મલકાવતો મલકાવતો ચાલ્યો ગયો. તે મહારાજના હૃદય પર કદી ન ભુંસાય તેવા કાળા રંગે ત્રણ આકૃતિઓ આલેખતો ગયો:

એક બંગલાવાળા મોટા માણસની, એક બુઢ્ઢા બ્રહ્મણની, અને આ બેઉને સંઘરતારી એ કાળી રાતે વહેતી જતી મહી નદીની.

૨: 'રોટલો તૈયાર' રાખજે.'

જોશીકૂવા ગામની ધરતીને જો જીભ હોત તો એ ચીસ પાડી ઊઠત. બારૈયો મોતી એ ધરતીનો પુત્ર હતો. ખેતર ખેડી ખાતો. પણ એની બૈરીનો પ્રેમ એક બીજા બારૈયા પર ઢળ્યો. એ બીજો બારૈયો જોશીકૂવાનો રાવણિયો (સરકારી પસાયતો) હતો.

મુઉં! બૈરી બીજા સાથે પ્રેમ કરીને જ પડી રહી હોત તો મોતીને ઓછું લાગત પણ એ તો જઈને રાવણિયાના ઘરમાં રહી.

બળ્યું! એ બીજું ઘર જોશીકૂવા ગામના બીજા કોઈ પામાં હોત તો નજરથી દીસની વાત બનત. મોતી બારૈયો વેઠી લેત પણ એ રાવણિયાનું ઘર પણ મોતી રહેતો તે જ વાસમાં, અરે મોતીના ઘરની સામે આવેલું હતું.

સામે આવેલા ઘરમાં બેઠાં બેઠાં એ બન્ને જણાં પ્રેમ કર્યા કરત તો યે મોતી બારૈયો મન વાળીને રહેત. પણ વાત ઘણી આગળ વધી ગઈ. બૈરીના ઘરમાંથી સીધા ખેતરે જનાર અને ખેતરેથી સીધા ઘેર આવી હાથે રોટલા શેકી ખાઈ સૂઈ રહેનાર મોતી પણ રાવણિયાથી સહેવાયો નહિ. સરકારનો સત્તાધારી હતો ખરો ને, એટલે રાવણિયો મોતીને રોજ રોજ ધમકાવતો.

રાવણિયાની ધમકીને પણ મોતી જીરવી લેત. પણ રાવણિયો ધમકાવતો તેમાં બૈરી પણ સાથ પુરાવતી એથી મોતીનો જીવ કોચવાતો હતો. ઓછામાં પૂરું એ થયું કે રાવણિયે મોતી બારૈયાને સરકારી હાજરીમાં ઘલાવ્યો અને પોતાની મૂછને વળ ઘાલતો રહ્યો.

ખેર! આ દશામાં મોતીને એકલાં રહેવું ગમ્યું નહિ. એનો જીવ આંહીંથી બહુ મુંઝાતો હતો. વળી ખેતરાંના કામને પણ એકલે હાથે પહોંચી વળાતું નહોતું. મોતીએ ફરીવાર પરણી લીધું. એના આ નવા સંસાર પર પણ રાવણિયાએ અને આગલી બૈરીએ સામે ઘેરથી માછલાં ધોવાનું ચાલુ રાખ્યું.

એક દિવસ બરાબર બપોરની વેળ થઈ ત્યારે મોતી ખેડ કરીને ઘેર આવ્યો. સાથે બે મૂળા લાવ્યો હતો તે બૈરીને આપીને કહે કે મારાથી રહેવાતું નથી એવી ભૂખ લાગી છે. તું ઝટ રોટલો કરી આપ્ય એટલે આ મૂળા ને રોટલો ખાઉં.

'હા, બેસો, આ જ ઘડીએ રોટલો કરી આલું છું.'

એમ કહીને વહુ ચૂલો ચેતવી, કલાડું (તાવડી) ચડાવી, લોટ મસળવા લાગી અને મોતી ચૂલા સામે તાકીને બેઠો છે. ત્યાં તો ગામનો એક વેરો બેબુ દોડતો આવી બોલાવવા લાગ્યો: 'મોતી! ઓ ભાઈ મોતી! તું છે કે ઘેર?'

'હા, કેમ શું છે જી?' કહેતો મોતી ઓશરીમાં આવ્યો, પણ ભૂખ સહેવાતી નહોતી. આવનાર કડવો ઝેર જેવો લાગ્યો.

'ઊઠ ભાઈ, ઝટ ઊઠ ને દોડ. મારી ભેંસો નાઠી છે. મારાથી વળી શકી નથી ને હવે મારાથી આંબી શકાશે નહિ એ તો જાય છે દોટાદોટ; ને તું જો નહિ વાળી આવ તો એ જશે–કોઈકને હાથ પડી જશે. મારું સત્યાનાશ જશે. તું ભલો થઈને ઊઠ, દોડ.'

'પણ...લે!' મોતી ચિડાઈને બોલી ઊઠયો: 'મારાથી ભૂખે રહેવાતું નથી. હું ખાધા વન્યા નહિ જઈ શકું.'

'એમ હોય કંઈ મોતી?' વેરાને મોતીની ભૂખની કલ્પના નહોતી તેથી તે વધુ ઉતાવળો બન્યો; 'ભલો થઈને જા, મારી ભેંસો હાથથી સમૂળી જશે.'.

મોતી ઊઠયો. ભાલું લીધું. વહુને કહ્યું કે 'તું રોટલો ઘડીને મૂળા ને રોટલો તૈયાર રાખજે, હું આવું છું.'

'હા, જાઓ, વેલા આવજો.'

ભાલો લઈને ભૂખ્યો મોતી દોડતો ગામ બહાર ભાગોળ વટાવી જેવો ઓગો પાધર પડી રહ્યો છે, તે જ વખતે સામેથી બે જણ એ ગામની શીમ બાજુએથી આવતા હતા. દોડતો મોતી એમને ઓળખવા નવરો નહોતો. મળવા તો બિલકુલ ઉત્સુક નહોતો. એ તો ભેંસોના ધ્યાનમાં જ દોટ કાઢતો જતો હતો, પણ એણે સામે આવતા બે પૈકીના એક જણના મોંમાંથી ગાળોની ઝડી વરસતી સાંભળી, ગાળો પણ કંઈ જેવી તેવી નહોતી, ગલીચમાં ગલીચ ગાળો હતી.

કાળા ક્રુધાગ્નિને ન ગણકારનારા મોતીના પગ આ ગાળો સાંભળી ધીમા પડ્યા. ગાળો દેનાર સરકારી સત્તાધીશ ચેલો રાવણિયો હતો, મોતીની વહુનો યાર હતો. દારૂના કેફમાં ચકચૂર હતો.

ભૂખની આગમાં વેરનું ઘી હોમાયું અને મોતીએ આજદિન સુધી સાચવેલી સમતા તૂટી પડી. એક સપાટે ધસી જઈને મોતીએ રાવણિયાની છાતીમાં ભાલો ભોંકી દીધો.

પટકાઈ પડેલા રાવણિયાના દેહ ઉપર મોતી ઘડીવાર ઊભો રહ્યો; વિચારે ચડ્યો: 'ભારી થઈ ! રોટલો ખાધો નહિ. વહુ વાટ જોતી હશે. મૂળા કેવા મીઠા જોઈને લાવ્યો હતો ! એ પણ પડ્યા રહ્યા. ને આ વેરો તે વેરી થઈ ક્યાંથી અત્યારે આવી પડ્યો. મને શી ખબર કે આ રાવણિયો સામો આવતો હશે ! મુઓ દારૂ તે ક્યાં જઈને પી આવ્યો હશે ! ન પીધો હોત તો યે ગાળો તો દેત જ, પણ મને ભાલા સાથે દેખીને કંઈક હદમાં તો રહેત ને ! અરે છેવટે કંઈ નહિ તો નાસી તો છૂટત ! આ તો બૂરી થઈ

બસ ! એને માટે અન્ય માર્ગ નહોતો. એ નાસી ગયો.

ઘેર ચૂલામાં બરાબર બળતું થયું હતું. બૈરીએ પહેલો રોટલો ઘડીને કલ્યાદામાં નાખ્યો પણ હતો. બીજાનો લોટ હજુ મસળાતી હતી. તે ક્ષણે એને કોઈએ ભાગોળ બહારના બનાવની ખબર કરી. એ પણ જે સ્થિતિમાં હતી તે જ સ્થિતિમાં ઘરને સાંકળ ચડાવીને નાસી ગઈ. એંઠા હાથ ધોવા પણ એ ઊભી ન રહી.

પોલીસે આવીને જ્યારે ઘર ઉઘાડી જોયું ત્યારે રોટલો હજુ ચૂલા પર કલ્યાદામાં હતો, ને મૂળા કરમાયેલા પડ્યા હતા, રોટલો અને મૂળા ત્યાં ને ત્યાં પડ્યા હતા કારણ કે તેમને પગ નહોતા. તેઓ પરસ્પર મોતી બારૈયાની ભૂખ વિશે ચર્ચા કરતા કરતા જાણે કે પોલીસને જોઈ ચૂપ બની ગયા હતા.

[૨]

બાર તેર દિવસ પછી વડોદરાના સ્ટેશન પર મહારાજ રવિશંકર એક ટ્રેનની રાહ જોતા હતા. ટ્રેન આવી. અંદરથી પોલીસ અધિકારી ઊતર્યા. મહારાજે એમને જે જે કરીને પછી પૂછ્યું, 'કાં, પેલાને હજુ પકડતા કેમ નથી ?'

'કોને ?'

'રાવણિયાનું ખૂન કરનાર જોશીકૂવાવાળાને.'

'ક્યાંથી પકડીએ ? જડતો નથી.'

'આને ઓળખો છો ?' એમ પૂછતે પૂછતે મહારાજે પોતાની જોડેનો એક આદમી બતાવ્યો.

'ના.'

'એ છે—તમને જે જડતો નથી તે જ.'

પોલીસ અધિકારીનું મોં વકાસ્યું રહ્યું નાસીને સાયબ બનેલો, બાર દિવસથી ન પકડાઈ શકેલો, આખા પોલીસખાતાને થાપ દેતો એક ધોળા દિવસનો ને ખરા બપોરનો ખૂની, વગર બેડીબંધે ને વગર દોરડે, વગર ચોકીપહેરે ને વગર બંદૂકે પોતાની સામે સબૂરીભેર ઊભો હતો ! ઝાંખાઝબ પડી જઈને અધિકારીએ પૂછ્યું

'ક્યાંથી શોધ્યો ?'

'મેં નથી શોધ્યો.' મહારાજે કહ્યું: 'એ પોતે જ મને શોધતો આવ્યો હતો.'

'ક્યાં ?'

'જોશીકૂવે, નવું પરું વસાવેલ છે ત્યાં મારે ઉતારે. મેં કહ્યું કે હીંડ વડોદરે, સોંપી દઉં. એ કબૂલ થયો. રાતે ને રાતે અમે હીંડી નીકળ્યા. મહી પાર કરીને આવ્યા. તમે ઘેર નહોતા એટલે સ્ટેશને સામો સોંપવા આવ્યો છું.'

'તો હવે ?'

'હવે ચાલો પાછા પેટલાદ. ત્યાં સોંપીશ, અહીં નહિ.'

'વારુ, ચાલો.'

પેટલાદ લઈ જઈને વડા પોલીસ અધિકારીએ મોતીને પેટપૂર ખવરાવ્યું. ને પછી મહારાજ મોતીને છેલ્લી વારના મળ્યા. મોતી કહે:

'હેં મહારાજ ! વકીલ કરીને બચાવ કરીએ તો કેમ ?'

'તારી સામે તો બેઉ રસ્તા ખુલ્લા છે મોતી. એક મારો ને બીજો વકીલનો. મારે રસ્તે ગુનો કબુલી લેવાનું છે. એ રસ્તે તારો તદ્દન છુટકારો નથી પણ સજા એક, બે કે પાંચ વર્ષની અથવા જનમટીપની યે થાય, પણ ફાંસી ના થાય; અને વકીલને રસ્તે જતાં કાં ફાંસી મળે, અથવા તો તદ્દન નિર્દોષ ઠરી છુટાય. તું તારે ઠીક લાગે તે માર્ગ લેજે.'

એમ કહી મહારાજ ગયા. 'મોતીને મારપીટ ના કરશો'. એટલું જ એ પોલીસ અધિકારીને કહી ગયા.

મોતીએ વકીલનો માર્ગ લીધો. ને એ માર્ગે એને દોઢ જ વર્ષની સજા થઈ. બચાવ એવો લાવવામાં આવ્યો કે રાવણિયો જ્યાં ઊભો હતો તે ટેકરો હતો, મોતી નીચે ઊભો હતો. રાવણિયો મોતી પર ધસી આવ્યો, ને મોતીએ પોતાના રક્ષણ માટે આડે ધરી રાખેલ ભાલો રાવણિયાની છાતીમાં પરોવાઈ ગયો.

મોતી હયાત છે. મહારાજને મોતીએ ગ્રહણ કરેલ માર્ગનું દુઃખ નથી. મોતી બચ્યો તેનો એને આનંદ છે. મહારાજના વર્ણનમાં વારંવાર એક ચિત્ર ઝલકી રહે છે: 'પોલીસે આવી ઘરમાં જોયું ત્યારે ચૂલા પર કલ્લાઢામાં રોટલો જેમનો તેમ પડ્યો હતો અને મૂળા બે કરમાઈ ગયા હતા!

૩ : બાબરિયાનો બાપ

ચરોતરવાળા પાટણવાડિયાઓનાં સગાંઓ મહી પાર સાંપરા ગામમાં રહેતા હતા. તેમણે એક દિવસ ચરોતરવાળાઓને સંદેશો મોકલ્યો: 'મહારાજ અમારે ત્યાં ના આવે?'

'ના શા માટે આવે?' એમ કહેવરાવીને ચરોતરવાળા એક વાર મહારાજને સાંપરા તેડી ગયા. ત્યાં સાંપરાવાળાઓએ પેટની વાત કહી કે 'અમારો મહીજી છે ના એક, એ મોટો ચોર છે. એને એ લત છોડાવો બાપજી!'

તેઓ મહારાજને મહીજીને ઘેર લઇ ગયા. થોડી વાર બેસી, બીજી ત્રીજી વાતો કરી મહારાજ પાછા ફર્યા. ફરી એક વાર મહારાજ મહીપારથી સાંપરે ગયા. મહીજીને ઘેર ગયા. મહીજીની બૈરી મહારાજને મળવા આવી ત્યારે એના રંગઢંગ બદલી ગયા હતા. એનાં શરીર પર નવાં કપડાં હતાં. એના મોં પર રૂપ ફૂટ્યું હતું. એણે પગે લાગીને કહ્યું કે 'મહારાજ, તમારો ચેલો હવે સુધર્યો છે.' પાછી ઘરમાં જઇને શરમાઇ બેઠેલા મહીજીને બહાર તેડી લાવી. પગે લાગતા મહીજીને મહારાજે પૂછ્યું, 'મહીજી, આ સાચું કહે છે?' મહીજી કહે, 'હા મહારાજ. આજ સુધી હું કૂતરો હતો. હવે પૂછો આવી આને.'

'સારું કર્યું મહીજી.'

બૈરી કહે, 'હવે તમારા ચેલાને કંઇક આલો મહારાજ.'

'શું આલું?'

'કંઇક શબ્દ આલો.'

મહારાજને થોડીવારે સમજાયું. આ લોકો મને કોઈક ચમત્કારી પુરુષ માને છે. કંઈક સિદ્ધિમંત્રની આશા કરતાં જણાય છે. પણ હું શું આપું! મારી કને શી સિદ્ધિ ને શા મંત્ર બળ્યા છે!

'ના મહારાજ!' મહીજીની બૈરીએ હઠ પકડી: 'આલો ને આલો. તમે તો પરતાપી પુરુષ છો. જે ધારો તે આલી શકો.'

છેવટે મહારાજે પોતાની પાસે એક માળા હતી તે ઉતારીને આપી કહ્યું: 'લે આ. મારા ગુરુજીની આપેલ છે. એ તું નહાઇ ધોઈ ઘીનો દીવો કરી ફેરવજે, રામનામ લેજે. એ પતિતપાવન છે.'

એ પછી દોઢ બે વર્ષે જ્યારે મહારાજ પાછા સાંપરે આવ્યા ત્યારે મહીજીને ઘેર ઊતર્યા. મહીજીની બૈરીની કપડાંલત્તાંની ભભક અને મોં પરની ચમક વધી હતી. એણે પરશાળમાં ખાટલો ઢાળી આપ્યો. બેઠેલા મહારાજને કહ્યું કે 'બાબરિયાના બાપા હમણાં જ આવે છે.'

પરશાળમાંથી ઘરનાં બારણાંની આરપાર મહારાજની દૃષ્ટિ ઘર પાછળના વાડામાં પડતી હતી. ત્યાં એમને વાડાની પાછલી વાડ પર બૈરીઓનાં લૂગડાં દેખાયાં. મો તો દેખી શકાતાં નહોતાં. ને મહીજી પછીત પાસે જઈ કંઈક પોટકી લેતો ને પાછું દેતો હોય તેવો ભાસ થયો. આશ્ચર્ય થયું, શું હશે? મહીજી આટલી બધી વાર ત્યાં શું કરતો હશે તે આવતો જ નથી!

ઝાઝી વારે મહીજી આવ્યો. આનંદમાં જણાયો. પછી મહારાજ નાહવા માટે એના પાછલા વાડામાં ગયા ત્યાં તેમણે પારાવાર માખીઓ બણબણતી જોઈ અને એક ખૂણામાં ગંધાતી મીઠાઈના, લાડવા દીઠા, નાહીને પાછા આવી બેઠા પછી મહીજીએ નિરાંતે બેઠાં બેઠાં વાત કરી:

'હવે તો બાપજી, તમારે પરતાપે લીલાલેર છે. કૂતરાનો ધંધો કરવો પડતો નથી. તમે આપેલી માળા ફળી છે.'

'એવું શું છે?'

'હવે તો વેપાર કરું છું.'

'શાનો?'

'લાડવાનો. બહું સારું ચાલે છે બાપજી! રોજના રૂપિયા બે જેટલું પડી રહે છે. તમારે પરતાપે લે'ર છે.'

'લાડવાનો વેપાર! લાડવા કોણ લે છે?'

'ઘણાં લઈ જાય છે. મોટે ભાગે તો બૈરાં લે છે.'

'તું ક્યાં વેચે છે? હાટડી રાખી છે?'

'ના રે ના મહારાજ! હાટડી તો એટલી ના ચાલે. અહીં પાછલા વાડામાં જ વેચું છું.'

'વાડામાં બૈરીઓ શી રીતે લેવા આવે છે?'

'પાછલી વાડયેથી સ્તો. ભાગોળે કૂવે પાણી ભરવા આવે ત્યારે મારા વાડા પછવાડે વાડય પર થઈને દાણાની પોટલી અંબાવે, ને સામી લાડવા લેતી જાય. હું એ પોટલીમાં જે મીઠાઈ બાંધી દઉં.'

'ઓહો! વારુ!'

એટલું કહીને મહારાજ અટકી ગયા. ને પછી ખીચડી રાંધી ખાઈને પાછા સ્ટેશને જવા તૈયાર થયા.

'બાબરિયાના બાપા!' બૈરીએ મહીજીને કહ્યું 'તમેય જાઓ જોડે, ને મહારાજને ટીકસ કઢાવી આલો.'

'હોવે. જઉં છું. ચાલો મહારાજ.'

'તું ટીકટ શીદ કઢાવી આપે મહીજી?' મહારાજ હજુ પણ શાંતિ સાચવી બહાર આવ્યા.

'મારે ઠીક છે.' એમ કહેતો મહીજી સાથે ચાલ્યો.

'ના, પાછો વળ.'

'પણ મારે સ્ટેશને કામ છે.'

'શું?'

'લાડવા લેવા છે.'

પછી લાડવાની વાત ચાલી. મહારાજે પૂછ્યું;

'હેં મહીજી, લાડવા લેવા કોણ આવે?'

'બધાં. પુરુષો, બૈરાં, ને છોકરાં પણ.'

'તે એ ઘેર જઈને ખાય?'

'ના, છાનાંમાનાં. વાડા પછાડી જ ખાઈ લે.'

'ઘેર લઈ જઈ કોઈને ના આલે?'

'ના રે ના. પેટનાં બાળકોને પણ નહિ.'

'શું કારણ?'

'હં—હં— કારણ ન સમજ્યા? કારણ કે દાણા તો ઘરમાંથી ચોરી કરીને પોટલીમાં લાવે પરાને.'

'હેં મહીજી!' મહારાજે થોડું વિરમી જઈને પછી, ગળામાં કંઈક લાકડા લોઢા જેવું સલવાઈ ગયું હોય ને એ ગળા હેઠ ઉતારવા મથતા હોય તેવી મથામણ કરતે કરતે પૂછ્યું: 'તારી વહુ જો એમ કરે તો?'

'શું કરે?'

'ઘરમાંથી દાણા ચોરી જઈને પછી કોઈને ત્યાંથી લાડવા લઈ તને ને બાબરિયાને મૂકી ચોરીથી ખાઈ લે તો?'

'તો તો ડોગારી જ નાખું ને સાસરીનીને!' કહેતે કહેતે મહીજીએ પોતે પકડેલી ડાંગ ઊંચી કરી.

'ને બાબરિયો કરે તો?'

'તો એને પણ.'

'ત્યારે પેલી ગામની બૈરીઓ લઈ જાય છે તેનું કેમ?'

'એ તો એની જાણે લેવા આવે છે.'

'બહુ પાપ બેસે છે, મહીજી! બહુ પાપ બેસે છે તને. આ અંધારી ને સડેલી મીઠાઈ, તેને પણ ચોરીપાટૂથી ગામલોકો ખાય, બૈરી ધણીને મૂકીને અને મા પેટના છૈયાંથી છૂપી છૂપી ખાય, એ તો મહીજી! પૃથ્વી રસાતાળ જવા જેવું. કુદરતના કાનૂન બદલી ગયા!'

મહારાજનું કાળજું વલોવાઈ ગયું. એને લાગ્યું કે આ કરતાં તો મહીજી ચોર હતો તે જ ભલો હતો. મહીજીએ કહ્યું:

'તો હું બંધ કરું. પણ એથી કશો ફેર નહિ પડે.'

'શાથી?'

'ગામમાં એક લવાણો ને એક પાટીદાર, બે જણ આવી જ રીતે મીઠાઈ વેચે છે!'

મહીજીની વાત મહારાજને સાચી લાગી. ને એના મનમાં પ્રશ્ન જાગ્યો: આ ભ્રષ્ટાચાર ગામડામાં કોણ પહેલું લઈ આવ્યું! ને આ જાહેર અનીતિ શાથી ચાલુ રહે છે? વ્યક્તિગત સાચવણની વૃત્તિએ જોર કર્યું છે તેથી સ્તો! જાહેર અનીતિનો કોઈ અવરોધ કરે નહિ, કારણ કે સૌ વિચારે છે જ વ્યક્તિગત દૃષ્ટિએ, કે 'મૂઉં! ભેંશનાં શીંગડાં ભેંશને ભારે પડશે. આપણે શું! આપણે આપણી જાતને સાચવીને રહો!'

એ મનોદશા ભયંકર છે!

આ પરિતાપ સાથે પોતે ટ્રેનમાં બેઠા.

મેલેરિયા અને નિસર્ગોપચાર

લેખક : રમણલાલ એન્જિનીઅર

એક દિવસ એક મુરબ્બી સાથે નિસર્ગોપચાર વિષે ચર્ચા ચાલી. પૂ૦ ગાંધીજીના ચુસ્ત અનુયાયી હોવા છતાં તેઓશ્રીને નિસર્ગોપચારમાં ઝાઝી શ્રદ્ધા નહોતી. એમણે નિસર્ગોપચારના દોષો વારાફરતી ગણાવવા માંડયા. કેટલાક દોષો સાચા હતા. કેટલાક મને કલ્પિત લાગ્યા.

મેં કહ્યુંઃ "આ તો તમે હઠીલા રોગોના અનુભવો કહ્યા. હઠીલો રોગ એ તો દરેક પદ્ધતિ માટે એક વિકટ પ્રશ્ન છે, પણ નિસર્ગોપચાર એનો ખરો પ્રભાવ તો ઉગ્ર રોગોમાં જ બતાવે છે."

એમણે કહ્યુંઃ "એ હું માનતો નથી. મેં એ જોયું છે કે જે લોકો મેલેરિયામાં ક્વીનાઇન લે છે એમનો મેલેરિયા મૂળમાંથી જાય છે. ઊલટપક્ષે જેઓ ઉપવાસ, કટીસ્નાન અને એવા જ બીજા અખતરા કરતા રહે છે, તેઓ તેમની હઠને કારણે દિવસો અને મહિનાઓ સુધી પારાવાર પીડાય છે, છેવટે ના છૂટકે ક્વીનાઇન લે છે, ત્યારે જ તેમની તબિયત કંઇક ઠેકાણે આવે છે. દવાઓના વિરોધી હોવા છતાં ગાંધીજીને પણ છેવટે ક્વીનાઇન નો કબૂલ રાખવી જ પડી છે."

મેં કહ્યુંઃ "આ તો તમે અપવાદ ઉપરથી નિયમ સિદ્ધ કરવા નીકળ્યા."

"એટલે?"

"એટલે એમ કે તમે મને મેલેરિયા જેવા કેટલા રોગ બતાવી શકશો કે જેમાં દેખીતી રીતે એલોપેથી નિસર્ગોપચાર કરતાં ચઢિયાતાં પરિણામ બતાવી શકતી હોય?"

આ પ્રશ્નનો એમની પાસે જવાબ નહોતો. કોઈની પાસે પણ નથી.

થોડાક અપવાદજનક રોગોમાં કે કેસોમાં જો કોઇ પદ્ધતિ નિષ્ફળ જાય તો એટલા માટે એ આખીયે પદ્ધતિને નિંદી શકાય નહિ.

પણ પ્રશ્ન એ છે કે મેલેરિયામાં નિસર્ગોપચાર જ નિષ્ફળ જાય છે કે દરેક ચિકિત્સાની પદ્ધતિ ઓછેવત્તે અંશે નિષ્ફળ જાય છે?

હિંદુસ્તાન માટે મેલેરિયાનો પ્રશ્ન બહુ જ અગત્યનો છે. દર સાલ દસ કરોડથી વધુ માણસો આ રોગથી પીડાય છે. અને દસ લાખથી વધુ માણસો આ રોગથી મરે છે. આ રોગથી દેશના માનવધનનો અકાળે બહુ મોટા પ્રમાણમાં નાશ થઇ રહ્યો છે એટલું જ નહિ પણ એમાંથી બચેલા માણસો લાંબા વખત સુધી આ રોગની પશ્ચાત અસરો અને અશક્તિથી પીડાય છે, જેનાથી એમની કમાવાની શક્તિ ઉપર ભારે ફટકો પડે છે, અને આ રોગની નબળાઇમાંથી જ પાંડુથી ક્ષય સુધીના અનેક નવા નવા રોગો ઉત્પન્ન થાય છે. હિંદુસ્તાનમાંથી મેલેરિયાને જો દેશપાર કરી શકાય તો રાષ્ટ્રીય આરોગ્યની દિશામાં એક બહુ જ મોટું પગલું ભર્યું ગણાય.

આ રોગ આપણા દેશમાં, તેમજ દુનિયાના બીજા અનેક દેશોમાં હજારો વર્ષોથી હોવા છતાં એનાં કારણો ઉપર પૂરતો પ્રકાશ તો છેલ્લા સો-સવાસો વર્ષમાં જ પડયો છે છતાંય આ રોગ વિષે વૈજ્ઞાનિકો પણ હજી ઘણી બાબતો માટે પૂરતું જાણતા નથી.

ઘણા ઇતિહાસકારોનો એવો મત છે કે રોમન સામ્રાજ્યના નાશમાં મેલેરિયાએ મોટો ભાગ ભજવ્યો હતો. એ જ રીતે મેક્સીકો અને મધ્ય અમેરિકામાં ઇન્કા સંસ્કૃતિના નાશમાં પણ મેલેરિયાના મચ્છરો કારણભૂત બન્યા હતા. ભૂતકાળમાં અનેક મહાપ્રજાઓ, સામ્રાજ્યો અને સંસ્કૃતિઓને આ રોગે નામશેષ કરી નાખ્યાં હોવા છતાં એને નિર્મૂળ કરવાનો ઇલાજ કોઇને હાથ લાગ્યો નહોતો. આ દેશના તેમજ અન્ય સંસ્કૃત પ્રજાઓના પ્રાચીન વૈદકીય ગ્રંથોમાં આ રોગને નિર્મૂળ કરવાનો કોઈ વિશ્વાસપાત્ર ઇલાજ હાથ આવતો નથી.

મેલેરિયાના ફેલાવાનું સાચું કારણ ઠેઠ વીસમી સદીમાં રોસ અને બીજા વૈજ્ઞાનિકોની શોધોથી છતું થયું. એણે એ સાબિત કર્યું કે મેલેરિયાથી પીડાતા દરદીના લોહીમાં પ્લાઝમોડીયમ મેલેરિયા નામના વનસ્પતિ વર્ગના પરોપજીવીઓ હોય છે. એ દરદીને એનેફેલીઝ જાતના મચ્છરની માદા કરડી એના લોહીમાંથી એ જંતુઓ લઇ, એ જ્યારે બીજા નીરોગી માણસને કરડે છે, ત્યારે એ માણસ પણ મેલેરિયાથી પીડાય છે, આ રીતે મેલેરિયાનો સર્વત્ર પ્રચાર થાય છે. આ કારણ સમજાતાં જ એ નક્કી થયું કે મેલેરિયા નાબૂદ કરવા મચ્છરો નાબૂદ કરવા જોઈએ અને મચ્છરો

નાબૂદ કરવા માટે એમનાં ઉછેરસ્થળો, બંધિયાર પાણીના ખાબોચિયાં નાબૂદ કરવાં જોઈએ. એટલે યુરોપ–અમેરિકાની પ્રજાઓએ વીસમી સદીમાં અબજો રૂપિયાનો ખર્ચ અને ભગીરથ પુરષાર્થ કરીને ઘણા મોટા પ્રદેશો મેલેરિયાથી મુક્ત કરીને માનવ વસવાટને લાયક બનાવ્યા છે. મેલેરિયા અને પીળા તાવના મચ્છરોના નાશથી જ પનામાની નહેર બંધાઈ શકી. અને પનામા અને એની આજુબાજુનો પ્રદેશ વસવા લાયક બન્યો. પનામાનો પ્રદેશ સાફ કરતાં પહેલાં ત્યાં નહેર ખોદવા માટે આણેલા સેંકડો મજૂરો મેલેરિયા અને પીળા તાવનો ભોગ બનીને મરણ પામ્યા હતા આ ઉપરથી એ સમજાશે કે મેલેરિયાનો નિકાલ એ વૈદકીય પ્રશ્ન નથી, પણ સેનીટરી એન્જિનીઅરીંગનો પ્રશ્ન છે. કોઈપણ દેશ, પ્રાંત, શહેર કે ગામનું સેનિટેશન સુધરતાં કોલેરા, પ્લેગ, ટાઇફોઈડ, બળિયા અને એવા જ બીજા ચેપી રોગો જેમ નાબૂદ થઈ જાય છે, તેમ મેલેરિયા અને પીળો તાવ પણ નાબૂદ થઈ જાય છે.

મેલેરિયાનો પ્રતિબંધ

મેલેરિયાનો પ્રતિબંધ બે રીતે થઈ શકે (૧) વ્યક્તિગત અને (૨) સામાજિક રીતે. વ્યક્તિગત પ્રતિબંધનો માર્ગ એ છે કે વ્યક્તિની જીવનશક્તિ વધારવી, એનું શરીર શુદ્ધ કરવું અને એના આરોગ્યનું ધોરણ ઊંચું લાવવું. આ રીતે વર્તવાથી દરેક માણસ મેલેરિયાથી મુક્ત રહેશે, એમ તો હું નહિ જ કહું પણ એમ જરૂર કહીશ કે એનાથી મેલેરિયાનો ચેપ લાગવાનો સંભવ બહુજ ઓછો રહેશે, અને કદાપિ ચેપ લાગશે તો પણ એ વ્યક્તિ ઝડપથી યોગ્ય સારવારની મદદથી ચેપમુક્ત થશે.

એને માટે ચોમાસાની ઋતુ પહેલાં ખોરાકમાં ફેરફારો કરવો. ખોરાક મુખ્યત્વે દૂધ, ફળ, કોચલિયાં અને શાકભાજીનો રાખવો.

શાકભાજી કાચી અને રાંધેલી બન્ને પ્રકારની લેવી. બપોરે દૂધ અને ફળ અને રાત્રે દૂધ અને શાકભાજી એ રીતે જમવું. આ રીતે ત્રણથી ચાર અઠવાડિયાં ખોરાક રાખ્યા બાદ ખોરાકમાં આખા ઘઉંના ઝીણા દળેલા લોટની ભાખરી થોડા પ્રમાણમાં ઉમેરવી. આ ક્રમમાં દરેક માણસ પોતાની પ્રકૃતિ મુજબ ફેરફાર કરી શકે છે. આ ઉપરાંત નિયમિત આસનો જેવી હળવી કસરતો કરવી, ઊંડા શ્વાસોચ્છ્વાસ લેવા જરૂર જણાય તો એનિમાની મદદથી પણ કબજિયાત દૂર કરવી. અને હવાસ્નાન, સૂર્યસ્નાન અને ઘર્ષણસ્નાનથી ત્વચા મારફતે મલોત્સર્ગ વધારવો. નૈસર્ગિક જીવન-નિર્ગમનના બીજા નિયમો પણ કાળજીપૂર્વક અમલમાં મૂકવા.

એ ઉપરાત શક્ય હોય તેણે મચ્છરદાનીનો ઉપયોગ કરવો. જેમની મચ્છરદાની વસાવવાની ત્રેવડ ના હોય તેમણે જૂનાં ધોતિયાં–સાલ્લા વગેરે કપડાંમાથી મચ્છરદાની બનાવી લેવી.

ઘરઆંગણે તુલસી, લીલી ચા, ડમરો વગેરે ઉગ્ર વાસવાળી વનસ્પતિઓ વાવવી.

ઘરમાં લીમડાનાં પાનનો કે અકલકરાનો ધુમાડો કરવો.

બે ભાગ ચાનું તેલ, એક ભાગ સીડારનું તેલ, બે ભાગ કપુર, અને પાંચ ભાગ પેટ્રોલનું મિશ્રણ કરી ઘરમાં છાંટવું. અલબત્ત અત્યારે તો આ ફોર્મ્યુલાનો ઉપયોગ અશક્ય છે, પણ કેવળ વાંચકની જાણ માટે અને ભવિષ્યના ઉપયોગ માટે આ રજુ કરી છે.

મચ્છરને પીળો રંગ પસંદ નથી, એટલે સૂવાના ઓરડાનો પીળો રંગ, સૂવાનાં પીળાં વસ્ત્રો, પીળી મચ્છરદાની વગેરે પણ મચ્છરને દૂર કરવામાં મદદરૂપ નીવડે છે.

સામાજિક ઉપાયો

સામાજિક ઉપાયોને ત્રણ વિભાગમાં વહેંચી શકીએ (૧) સેનિટેશન (૨) પ્રાણીજ ઉપાયો. (૩) વનસ્પતિજન્ય ઉપાયો.

પ્રકાશ અને અંધકાર એ બન્ને જેમ એક જ જગાએ એકીસાથે રહી શકતા નથી, તેમ સ્વચ્છતા અને રોગનું પણ છે. સેનિટેશન–સામાજિક સ્વચ્છતા–સુધરતાં ઉગ્ર રોગો જેવા સામાજિક રોગો આપોઆપ નાબૂદ થાય છે, હિંદભરના મોટામોટા શહેરોમાં સેનિટેશન સુધારી મેલેરિયા નાબૂદ કરવાની દિશામાં ઘણી મોટી સિદ્ધિઓ મેળવી શકાઈ છે. યુદ્ધ પછી આ સિદ્ધિઓ કસ્બાઓ અને ગામડાઓને પણ મળે એમ આપણે ઇચ્છીએ. મેલેરિયાને સેનિટેશનથી નાબૂદ કરવાનું કામ ઘણું જ ખર્ચાળ છે, પણ એક વખત નાબૂદ થયા પછી, જો પૂરતી તકેદારી રાખવામાં આવે તો બહુ જ ઓછા ખર્ચે મચ્છરમુક્તિની આ શુભ સ્થિતિ સાચવી શકાય. ગામડાંમાં જો સ્વાશ્રય, સહકાર અને સાચી સમજણ હોય તો વગર ખર્ચે પણ આ પ્રશ્નનો ઉકેલ આવે. પણ એ નથી. એટલે એની વધુ ચર્ચા અપ્રસ્તુત છે.

(૨) પ્રાણીજ ઉપાયો. તળાવો, બંધો, નહેરો વગેરેમાં મચ્છરોનો નાશ કરતી કેટલીક જાતની માછલીઓનો ઉછેર થઇ શકે. એમાં ખાસ કરીને હેપ્લોકાઇલ્સ, એસીલસ, ચેલા અને બ્યુંઝ જાતની માછલીઓ વધુ મદદરૂપ નીવડી શકે છે, "ડેગનફ્લાય" નામની માખી દરેક જાતના મચ્છરોનો નાશ કરે છે.

(૩) વનસ્પતિજન્ય ઉપાયો

કેટલીક વનસ્પતિઓ આ રોગને દૂર કરવામાં મદદરૂપ થાય છે. એવો આપણા પૂર્વજોનો હજારો વર્ષોનો અનુભવ છે. આધુનિક વૈજ્ઞાનિક સંશોધન પણ આ અનુભવમાંનો મોટો ભાગ સાચો છે એમ સિદ્ધ કરે છે. આ બાબતમાં એક બે દાખલા તો બહુ જ જાણીતા છે.

કલકત્તાના મલીક પેલેસની આસપાસ ઇન્ફલ્યુએન્ઝા અને મેલેરિયાથી લોકો બહુ માંદા પડતા હતા. એના માલિક દેવેન્દ્રનાથ મલીક વિદ્વાન હતા. એમણે બાગના મોટા ભાગમાં તુલસી અને લીલી ચા વવરાવી એ બાગ લોકોને ફરવા માટે ખુલ્લો મૂકયો. તેથી એ ભાગમાં આ રોગો ઓછા થઈ ગયા. કલકત્તાના પ્રાણીસંગ્રહાલયમાં પણ આજ પ્રયોગ અમલમાં મૂકવામાં આવ્યો હતો.

મુંબઇમાં વિકટોરિયા ગાર્ડન ખીલવવાનું કામ સર જ્યોર્જ બર્ડવૂડને સોંપવામાં આવ્યું હતું. પરંતુ મેલેરિયાના ડરથી મજુરો કામ ઉપર આવતા નહિ છેવટે એક હિન્દુ એન્જિનીઅરે ત્યાં તુળસીનું વન વાવવા કહ્યું. આ સૂચનાનો અમલ થતાંજ મચ્છરો દૂર થઈ ગયાં, મજૂરો કામ ઉપર આવવા લાગ્યા, અને બાગ તૈયાર થઈ ગયો.

. છેલ્લાં કેટલાંક વર્ષોમાં એક નવી શોધ એ થઇ છે કે કઠોળનું વાવેતર વધારવાથી મેલેરિયા ઘટાડી શકાય છે. બંગાળમાં મેલેરિયાનું અતિશય પ્રમાણ અને પંજાબમાં એનું અલ્પ પ્રમાણ હોવાનું કારણ એક પ્રાંતમાં ચોખાનું વાવેતર છે, જ્યારે બીજા પ્રાંતમાં ઘઉં અને કઠોળનું વાવેતર છે, એમ આ સંશોધકોનું કહેવું છે.

એક ગામના ખાડાટેકરા સરખા કરવાનું કામ પ્રમાણમાં સહેલું છે, પણ મેલેરિયા નાબૂદ કરવા માટે તો ગામની આજુબાજુ બબ્બે ત્રણત્રણ માઇલ સુધી મેલેરિયાના મચ્છરો ઉછેરવાના સ્થળો નાબૂદ કરવાં જોઇએ. ઘણી વખત તો કપાયલા ઝાડના ઠૂંઠામાં વરસાદનું પાણી ભરાઈ એમાં પણ મચ્છરો ઉછરે છે એટલે ગામની આજુબાજુથી મચ્છરો નાબૂદ કરવાનું કામ ઘણું જ મુશ્કેલ છે. આ સ્થિતિમાં જો ગામની આજુબાજુ તુલસી, ડમરો, લીલી ચાહ અને કઠોળનું મોટા પ્રમાણમાં વાવેતર કરવામાં આવે તો બહારના મચ્છરોથી ગામની વસતિને ઘણું રક્ષણ આપી શકાય

એટલે મેલેરિયાના પ્રશ્ન ઉપર ત્રણ દિશાએથી આક્રમણ થવું જોઇએ. સેનિટેશન, પાણીની શુદ્ધિ અને વનસ્પતિઓનો ઉછેર તો જ સામાજિક રીતે આ દિશામાં સંતોષકારક પરિણામો મળે.

બ્રહ્મદેશનો બોધપાઠ

ઈ. સ. ૧૯૪૨માં બ્રહ્મદેશમાં શાહી સૈન્યમાં સૈનિકોને બહુ મોટા પ્રમાણમાં મેલેરિયા લાગુ પડયો. આ અનુભવથી ચોંકી જઇ સૈન્યના વડાઓએ મેલેરિયાવિરોધી ઝુંબેશ ઉઠાવી. આ ઝુંબેશનું પરિણામ એ આવ્યું કે બીજે જ વર્ષે મેલેરિયાનું પ્રમાણ અત્યંત અલ્પ થઈ ગયું.

છાવણીની આજુબાજુનાં ખાડાખાબોચિયાં પૂરી દેવામાં આવ્યાં. સેંકડો માઇલોની ગટરો પાણી વહી જવા માટે ખોદવામાં આવી. મચ્છરોના ઉછેરસ્થળો ઉપર ટનબંધી તેલ રેડાયું. હજારો ગેલન જંતુનાશકો મકાનો ઉપર છંટાયાં. મણના મણ મચ્છરપ્રતિબંધક મલમો સૈનિકોને વાપરવા માટે વહેંચવામાં આવ્યા. અત્યંત ખરાબ પ્રદેશોમાં આગગાડીઓ અને સ્ટેશનો પર વારંવાર છૂટથી જંતુનાશકો છાંટવામાં આવ્યાં. બીજા કેટલાક સ્થળોએ એ પ્રદેશ જ્યાં સુધી મચ્છરમુક્ત ના થાય ત્યાં સુધી સૈનિકોને છાવણી નાખવાની મનાઈ કરવામાં આવી. મચ્છરવિરોધી બુરખા, મોજાં, જાળીઓ અને મચ્છરદાનીઓ હજારોની સંખ્યામાં વહેંચવામાં આવ્યાં. મચ્છરરહિત તંબૂઓ તૈયાર કરવાની બાબતમાં અનેક પ્રયોગો થયા એટલું જ નહિ પણ મચ્છરને ભગાડી મૂકનાર વધુ અસરકારક મલમો અને લોશનો શોધવા માટે શાસ્ત્રજ્ઞોએ સેંકડો પ્રયોગો કર્યા.

આ બધાંના પરિણામે યુદ્ધ પછી આમપ્રજાને મદદરૂપ નીવડે એવી મેલેરિયા અટકાવનાર કેટલીક સસ્તી અને અસરકારક શોધોનો લાભ આપણને મળશે એવી આશા રાખી શકાય.

મેલેરિયાની ચિકિત્સા: ચાર દૃષ્ટિબિંદુઓ

હવે આપણે મેલેરિયા લાગુ પડયા પછી એની સારવાર શી રીતે કરવી એ સંબંધી વિચાર કરીએ. એને માટે આપણે ત્યાં સારવારની

ચાર પદ્ધતિઓ ચાર દૃષ્ટિબિંદુઓ રજુ કરે છે. એ ચાર પદ્ધતિઓ (૧) આયુર્વેદ અને યુનાની (૨) એલોપેથી (૩) હોમિયોપેથી અને (૪) નિસર્ગોપચાર છે.

આયુર્વેદના પ્રેક્ટીશનરો મેલેરિયાને પિત્તજ્વરને નામે ઓળખે છે, અને કેટલાંક પ્રાચીન પ્રીસ્ક્રીપ્શનોથી એની સારવાર કરે છે. હવે કેટલાક વૈદ્યો કવીનાઇનનો દવા અને ઈન્જેક્શનના રૂપમાં છૂટથી ઉપયોગ કરે છે. કેટલાક વૈદ્યો સોમલ અને કેટલાક 'રસો'નો ઉપયોગ કરે છે. રસોમાં પારો આવે છે.

મેલેરિયાના અટકાવ માટે આયુર્વેદના આદેશો મુજબ દિનચર્યા અને ઋતુચર્યા રાખવી જોઇએ એવો વૈદ્યોનો મત છે. સેનિટેશનના પ્રશ્ન ઉપર વૈદ્યોએ બિલકુલ ધ્યાન આપ્યુ નથી, એમ કહીએ તો પણ ચાલે.

નિસર્ગોપચારકોને આ દૃષ્ટિબિંદુમાંથી, તેમ જ આ સારવારમાંથી ઝાઝું શીખવા જેવું નથી, માત્ર થોડાક નિર્વિષ ઔષધો ગૌણ ઉપચાર તરીકે સ્વીકારવા જેવાં ખરાં.

એલોપેથીનું દૃષ્ટિબિંદુ એ છે કે ચેપી રોગોનું મુખ્ય કારણ રોગજંતુઓ હોય છે. એટલે રોગજંતુઓના નાશમાં જ એ રોગનો નિકાલ જુએ છે. એલોપેથી બીજ ઉપર અતિશય ભાર મૂકી ક્ષેત્રની સદંતર ઉપેક્ષા કરે છે.

એમનાથી ઊલટી રીતે નિસર્ગોપચારકો અને હોમિયોપેથી બીજની ઉપેક્ષા કરી ક્ષેત્ર ઉપર વધુ ભાર મૂકે છે.

એલોપેથીમાં કવીનાઇનનો પ્રવેશ થયે માંડ ૧૫૦ વર્ષ થયાં છે. જંતુશાસ્ત્ર સ્થપાયે ૬૦ વર્ષ અને મેલેરિયાનો જંતુ જડયે ચાળીસેક વર્ષ થયાં છે.

કવીનાઇનની શોધ પેરુના જંગલી લોકો પાસેથી થઈ. દક્ષિણ અમેરિકામાં સીંકોના નામનો છોડ ઊગતો. એનો યુરોપીયન વિજેતાઓએ યુરોપીયન વૈદકમા પ્રવેશ કરાવ્યો. શરૂઆતમાં એલોપેથિક દાક્તરો તરફથી આ શોધનો પ્રખર વિરોધ થયો, અને મેલેરિયામાં કવીનાઇન વાપરનાર દાક્તરો નાતબહાર મૂકાવા લાગ્યા! પણ એના પરિણામોથી લોકોને આ દવા પસંદ પડી એટલે ધીમે ધીમે દાક્તરોનો વિરોધ બુઠ્ઠો થઈ ગયો. ત્યારબાદ સીંકોનામાંથી કવીનાઇનને 'એલ્કેલોઇડ' તરીકે છૂટી પાડવામાં આવી અને હવે તો એ એલોપેથીની સહુથી માનીતી દવા થઇ જઈ રામબાણ ઈલાજોના રાજા તરીકે ઓળખાય છે!

કવીનાઇનની શોધ પહેલાં એલોપેથીમાં મેલેરિયાની સારવાર અનેક જાતના અગડંબગડં ઈલાજોથી થતી. ઠેઠ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સમય સુધી આપણે ત્યાં અંગ્રેજ દાક્તરો કેલોમલથી મેલેરિયાની સારવાર કરતા! કવીનાઇનની મેલેરિયા ઉપરની ચમત્કારિક અસર જણાતાં જ દાક્તરો અને દરદીઓ એ બન્નેની એ બહુ જ માનીતી દવા થઈ પડી. જેણે કવીનાઇન કદી ના વાપરી હોય તેના શરીર ઉપર તો એ જરૂર ચમત્કારિક અસર કરે જ છે!

સિંધમાં જ્યારે મીર લોકો રાજ્ય કરતા હતા, ત્યારે એક અંગ્રેજ દાક્તર ત્યાં ગયેલો. મીરને લાંબા વખતથી મેલેરિયા હતો. વૈદરાજો અને હકીમોની સારવાર સદંતર નિષ્ફળ નીવડી હતી. પેલા દાક્તરે થોડાક ગ્રેન કવીનાઇન આપી મીરનો મેલેરિયા ભગાડી દીધો. આ ચમત્કારિક દવાથી મીર એટલો બધો ખુશ થઇ ગયો કે એણે દાક્તર પાસેનો કવીનાઇનનો તમામ જથ્થો ખૂંચવી લીધો. એ જથ્થો તોળી જોતાં એક રતલ કવીનાઇન થઇ. એણે હુકમ કર્યો કે આ ફીરંગી દાક્તરને એની જાદુઈ દવાના બદલામાં ભારોભાર સોનું આપવું!! (કવીનાઇનનાં કાળાં બજાર આજે ખૂબ જોરમાં હોવાં છતાં એનો આ ભાવ આજે પણ કોઈ આપતું નથી!)

થોડા સમય બાદ પેલો અંગ્રેજ દાક્તર પોતે જ મેલેરિયાથી પટકાઈ પડ્યો. એણે મીરને વિનંતિ કરી કે મને થોડા ગ્રેન કવીનાઇન આપવા કૃપા કરશો. મીરે સાફ ના પાડી. એટલે છેવટે એને બિચારાને હકીમોના કાઢા પીવા પડયા, અને માંડ મહિને બે મહિને સાજો થયો.

આ તો ગઈ સદીનો દાખલો થયો, પણ નીચેનો બનાવ તો ગયા દશકામાં જ બન્યો હતો.

પેસીફીકના એક ટાપુસમૂહમાં એક અમેરિકન દાક્તર સંયોગવશાત્ જઈ ચડયો. ત્યાંની જંગલી પ્રજાના રાજાનો પુત્ર મેલેરિયાથી પીડાતો હતો. એનો રોગ મટાડવામાં સ્થાનિક ભૂવાઓ નિષ્ફળ નીવડયા હતા. દાક્તરે એ લોકોને વિશ્વાસમાં લઈ એ છોકરાને એટેબ્રીન આપી થોડીક ટીકડીઓથી જ એનો મેલેરિયા નાબૂદ થઈ ગયો. આ ઉપકારના બદલામાં રાજાએ દાક્તરને એક મોતી આપ્યું. એ મોતી આખી દુનિયાના મોતીઓમાં સૌથી મોટું, સુંદર અને અત્યંત કીમતી છે. આ

રીતે આ દાક્તરને દુનિયાનું સૌથી વધુ કિંમતી મોતી માત્ર એટેબ્રીનની થોડીક ટીકડીઓના બદલામાં પ્રાપ્ત થયું. કવીનાઈનનો જે ચમત્કાર અનભિજ્ઞ લોકોને આટલા બધા આંજી નાખે છે, એની પાછળનું રહસ્ય શું છે? કયા નિયમને આધારે કવીનાઈન પોતાનું કાર્ય કરે છે? આ એક વૈદકનો અને વિજ્ઞાનનો હજી અણઉકેલ્યો કોયડો છે. એને માટે આજસુધીમાં અનેક ખુલાસાઓ બહાર પાડવામાં આવ્યા છે, પણ કોઈ ખુલાસો તમામ મહત્વની હકીકતો સાંકળીને સાચો જવાબ આપી શકતો નથી. એલોપેથો શરૂઆતમાં કવીનાઈન રૂઢીવૈદ્યની (Empiricism) રીતે વાપરતા. મેલેરિયાનો જંતુ જડયા પછી તેઓ એમ કહે છે કે અમે લોહીમાંથી જંતુઓ મારી નાખવા માટે વાપરીએ છીએ. હોમિયોપેથો એનાથી સામ્યોપચારનો નિયમ સિદ્ધ કરે છે. નિસર્ગોપચારકો કહે છે કે કવીનાઈન રોગદમન માટે વપરાય છે. જંતુઓના વિનાશનો ખુલાસો પણ પૂરેપૂરો સંતોષકારક નથી, કારણ કે કવીનાઈનનું જેટલું દ્રાવણ જંતુ મારવા માટે શરીરની બહાર જોઈએ છે, એના કરતાં ઓછું દ્રાવણ શરીરની અંદર જોઈએ છે. ઉપવાસ કે જલોપચારથી કવીનાઈનની માત્રામાં કેટલી વધઘટ કરવાની જરૂર પડે છે, એને વિષે કોઈએ પણ આજસુધી વૈજ્ઞાનિક સંશોધન કર્યું જ નથી. એટલે કવીનાઈન અને મેલેરિયાના વિષયમાં હજી ઘણું સંશોધન અને ઉકેલનો જવાબ બાકી જ રહે છે.

પહેલે તડાકે ભારે ચમત્કાર બતાવતી કવીનાઈન "ઝાડે પડી ગયા પછી" કેટલી બિનઅસરકારક નીવડે છે, એ એક જાણીતી હકીકત છે. આમ શા માટે બને છે એ પણ એક કોયડો છે.

કવીનાઈન મેલેરિયાની રામબાણ દવા છે, એ એક ભ્રમ છે. રામબાણ દવા તો તે જ કહેવાય કે જે રોગને મૂળમાંથી મટાડી દે, દરેક કેસને સરખો લાભ કરે, પાછળ કોઈપણ જાતની પશ્ચાત અસરો ના મૂકી જાય, તેમજ એક રોગ દાબી બીજો રોગ ઊભો ના કરે. આ કસોટી ઉપર કવીનાઈનને કસી જોતાં એ મેલેરિયાને મૂળમાંથી મટાડતી નથી. જુદા જુદા કેસમાં અણસરખા પરિણામો આપે છે, કવીનાઈનથી કેટલાક કેસો એકદમ સાફ થાય છે, જ્યારે બીજા કેટલાક મહિનાઓ સુધી લંબાય છે. પાછળ પારાવાર પશ્ચાત અસરો મૂકી જાય છે, અને ઉગ્ર મેલેરિયા દાબી દઈ હઠીલો મેલેરિયા તેમજ બીજા અનેક દુઃસાધ્ય વ્યાધિઓ ઊભા કરે છે.

બહોળો ક્લિનિકલ અનુભવ ધરાવનાર અને આંખો ઉઘાડી રાખી પ્રેક્ટિસ કરનાર દાક્તરો કવીનાઈનના કેટલાક દોષો તો સમજે છે જ. એની અપૂર્ણતાઓ પૂરી કરવા માટે એટેબ્રીન અને પ્લાઝ્મોકીન જેવી દવાઓ હવે વપરાય છે. કવીનાઈન જો મેલેરિયાની રામબાણ દવા હોત તો દાક્તરો કેવળ એની ઉપર જ આધાર રાખત, પણ તેઓ સાથે સાથે રેચક, સ્વેદન, નિદ્રક વગેરે દવાઓ જરૂર મુજબ વાપરે છે, એ બતાવે છે કે મેલેરિયાની બધી બાજુઓને એકલી કવીનાઈન સફળતાપૂર્વક પહોંચી વળતી નથી.

સલ્ફા ગ્રુપની દવાઓની શોધ પછી એક એવી સલ્ફા દવા શોધવામાં આવી છે કે જે વાંદરાઓનો મેલેરિયા મટાડે છે, એવો દાવો કરવામાં આવ્યો છે. પણ વાંદરાઓમાં જે મચ્છર મેલેરિયા ફેલાવે છે, તે મચ્છર માનવીને મેલેરિયા આપનાર મચ્છર કરતાં જુદી જાતનો છે. એ ઉપરાંત એ દવા માણસો ઉપર બિલકુલ અસરકારક નીવડતી નથી.

આપણે છાપાંઓમાં વારંવાર નવાંનવાં જંતુનાશક દ્રવ્યોની ખ્યાતિ સાંભળીએ છીએ, જે અનેક રોગો સાથે મેલેરિયા પણ મટાડે છે એવો દાવો કરવામાં આવે છે. પણ આજસુધી વ્યવહારુ અનુભવે આમાંનો કોઈ દાવો સિદ્ધ કર્યો નથી, અને આજે પણ એલોપેથિક પ્રેક્ટિસમાં મેલેરિયાની ચિકિત્સાનું મધ્યબિંદુ કવીનાઈન છે.

લગભગ ૯૯% એલોપેથિક દાક્તરો કવીનાઈનના પરમ પ્રશંસકો હોય છે, અને તેઓ એમ કહે છે કે યોગ્ય માત્રામાં અધિકારી વ્યક્તિને હાથે જો આ દવા વપરાય તો એનાથી લેશ માત્ર નુકસાન થવાનો સંભવ નથી.

આ માન્યતા એક ખોટી માન્યતા છે એ આપણે આગળ ઉપર જોઈશું.

મેલેરિયા અને હોમિયોપેથી

હોમિયોપેથીનો સ્થાપક હાનેમેન કવીનાઈનના કાર્ય વિષે શોધ કરતાં જ હોમિયોપેથી તરફ વળ્યો, એ એક જાણવા જેવી હકીકત છે.

હાનેમેને પોતાના જમાનાની વૈદકીય અંધાધૂંધીથી કંટાળી જઈને પ્રેક્ટિસ છોડી દીધી, અને ઉદરનિર્વાહ માટે અત્યંત મુશ્કેલ એવો લેખનવ્યવસાય શરૂ કર્યો. કલનની મેટીરિયા મેડીકાનું અંગ્રેજીમાંથી જર્મનમાં ભાષાંતર કરતાં કરતાં કવીનાઈનના કાર્ય વિષે કલને કરેલો ખુલાસો હાનેમેનને ગળે ના ઊતર્યો. એ જમાનામાં જંતુઓ શોધાયા નહોતાં. કવીનાઈનના કાર્ય વિષે અનેક જાતના મનસ્વી તરંગો અને સિદ્ધાંતો પ્રચલિત હતા. યુરોપીયન દાક્તરોનો એક વર્ગ

કવીનાઇનવાદમાં માનતો, 'એટલે' કે એકએક રોગ કવીનાઇનથી મટી શકે છે, એવી એમને નિશ્ચલ શ્રદ્ધા હતી!! કલનનો ખુલાસો અયોગ્ય લાગતાં હાનમેને પોતેજ સત્ય શું છે, એ નક્કી કરવાનો પ્રયાસ કર્યો.

તન્દુરસ્ત માણુસ ઉપર કવીનાઇનની શું અસર થાય છે, એ જાણવા માટે એણે પોતે ક્રમશઃ બહુ મોટી માત્રામાં કવીનાઇન લીધી. પરિણામે એના શરીરમાં ટાઢિયા તાવનાં તમામ લક્ષણોએ દેખા દીધી. એણે કવીનાઇન બંધ કરી, એટલે લક્ષણો ધીમે ધીમે અદૃશ્ય થઈ ગયાં. ત્યારપછી એણે ફરી પાછી કવીનાઇન શરૂ કરી, એટલે ફરી પાછાં મેલેરિયાના લક્ષણો દેખાયાં. આવી રીતે કવીનાઇન અને બીજી દવાઓ વિષે વારંવાર પ્રયોગ કરતાં એની ખાત્રી થઈ કે દવાઓ માનવદેહ ઉપર કઇ રીતે કામ કરે છે એને લગતો વિશ્વનિયમ એને જડ્યો છે. એ નિયમ નીચે મુજબ છે.

'જે દવા મોટી માત્રામાં લેવાથી જે પ્રકારનાં રોગલક્ષણો ઉત્પન્ન કરે એ જ દવા નાની માત્રામાં લેવાથી એ જ પ્રકારનાં રોગલક્ષણો દૂર કરે.'

આ નિયમને આધારે હોમિયોપેથીનું આખું શાસ્ત્ર રચાયું, અને હોમિયોપેથોએ ઉગ્ર અને હઠીલા રોગોમાં અભૂતપૂર્વ સફળતા મેળવી. છતાંય મેલેરિયાની ચિકિત્સાના પ્રશ્નનો હજી હોમિયોપેથો પણ સફળ ઉકેલ લાવી શક્યા નથી. હાનમેને 'ઓરગેનોન'માં કવીનાઇન ઊંચી 'પોટન્સી'માં વાપરવાની સલાહ આપી છે. પણ ત્યારપછીનો હોમિયોપેથોનો જ અનુભવ એ બતાવે છે કે હાનમેન આ બાબતમાં ભીંત ભૂલ્યો હતો.

મેલેરિયામાં કવીનાઇન ઉપરાંત બીજી દવાઓ ધીમે ધીમે હોમિયોપેથીના ઔષધકોષમાં એકઠી થવા માંડી અને હવે તો હોમિયોપેથો પાસે સો ઉપરાંત ઔષધો મેલેરિયા માટે છે. મેલેરિયાના કોઇ પણ કેસમાં આ સોમાંથી ગમે તે એક ઔષધ અસરકારક નીવડે. કમનસીબે દરેક કેસમાં સાચું ઔષધ શોધવાનું કામ એટલું બધું મુશ્કેલ છે કે બહુ જ ઓછા હોમિયોપેથો કવીનાઇનની સહાય સિવાય મેલેરિયાના બધા જ કેસોની સફળ સારવાર કરી શકે છે.

કેવળ સામાન્ય હોમિયોપેથોમાં જ નહિ પણ હોમિયોપેથીના સિદ્ધહસ્ત સ્વામીઓમા અને એના વિશ્વવિખ્યાત નેતાઓમાં કવીનાઇનના પ્રશ્ન પરત્વે ઉગ્ર મતભેદ પ્રવર્તે છે. હાનમેન, હેરીંગ, રો, ગ્વીનેસે, વેલ્સ, ડનહામ ગોસલીન, બેલ્સ, નેશ, કેન્ટ, લીપી અને બર્નેટ જેવા કિલનિશિયનો કવીનાઇનના કટ્ટર વિરોધીઓ છે. બીજી બાજુ હેલ, કાપકા, રોથ, બેહર, હોલકોમ્બ, એલીસ, ડગ્લાસ હુજ્સ, કોપેકસ, પુલ્ટે, અને બીજા કેટલાક એટલા જ નામાંકિત કિલનિશિયનો હોમિયોપેથીની મહત્તા સ્વીકારતા હોવા છતાં અનેક કેસોમાં કવીનાઇનની અનિવાર્યતા મુક્ત કંઠે સ્વીકારે છે.

હોમિયોપેથી હિંદુસ્તાનમાં આવી, એટલે અનેક હિંદી દરદીઓ અને દાક્તરો જૂની પદ્ધતિને ત્યાગી આ નવી પદ્ધતિ અપનાવવા લાગ્યા. હિંદુસ્તાન અને એમાં ય બંગાળા મેલેરિયાનું કાયમી રહેઠાણ હોવાથી હિંદી હોમિયોપેથોએ મેલેરિયા સંબંધી ઘણો કિંમતી અનુભવ એકઠો કર્યો.

જાણીતા બંગાળી હોમિયોપેથ ડૉ૦ મહેન્દ્રલાલ સરકાર એમ. ડી. લાંબા અનુભવ પછી કવીનાઇનના હિમાયતી થયા હતા. ઇ. સ. ૧૮૭૪માં આંતરરાષ્ટ્રીય હોમિયોપેથિક પરિષદ આગળ ભાષણ આપતાં એમણે કહ્યું છે કે "હોમિયોપેથો થવાની ફિકરમાં આપણે ચિકિત્સકો થવાનું ભૂલી ના જઈએ. હાનમેનની ઉપાસના કરવાના ઉત્સાહમાં જ્યાંથી મળે ત્યાંથી સત્ય સ્વીકારવાનું રખેને આપણે બંધ રાખીએ." તેઓ એમ માનતા કે હું પહેલો ચિકિત્સક છું, પછી હોમિયોપેથ છું.

બીજા જાણીતા બંગાળી હોમિયોપેથ શરતચંદ્ર ઘોષની પુત્રી જ્યારે મેલેરિયાથી બિમાર હતી ત્યારે કલકત્તાના બધા જાણીતા હોમિયોપેથો પોતાની આવડત અજમાવી ચૂક્યા પછી એ જ્યારે સારી ના થઇ ત્યારે એને ૫ કવીનાઇન ૧ ગ્રેનના ડોઝમાં આપવાથી એને ઠીક થઈ ગયું.

સામાન્ય રીતે એમ જણાય છે કે હોમિયોપેથીનો અમેરિકન સંપ્રદાય કવીનાઇનની વિરુદ્ધ છે. જર્મન સંપ્રદાય તરફેણમાં છે, અને અંગ્રેજ અને હિંદી સંપ્રદાયના લેખકો બે વિભાગમાં વહેંચાઈ ગયા છે.

આ બધી ચર્ચાનો ઉત્તરનો સાર એ છે કે જો પ્રતિભાસંપન્ન હોમિયોપેથ હોય તો એ મેલેરિયાના બધા કેસો કવીનાઇન સિવાય સારા કરી શકે. સામાન્ય હોમિયોપેથનું એ ગજું નથી.

અલબત્ત હોમિયોપેથો કવીનાઇન મોટે ભાગે હોમિયોપેથિક માત્રામાં જ વાપરે છે. એ નિષ્ફળ નીવડે, તો જ એલોપેથિક માત્રાનો આશ્રય લે છે.

એટલે હોમિયોપેથો મેલેરિયામાં કાંઇ જ કરી શકતા નથી, એ એક જેવો ખોટો મત છે, તેવો જ ખોટો મત હોમિયોપથોને કવીનાઇનની કાંઇ જ જરૂર પડતી નથી એ છે.

[બાકીનું આવતે અંકે સંપૂર્ણ]

ગાડીભાડું

લે. સવાઇ જ્યોતિન્દ્ર

તમે આ બધા લેખો વાંચો છો? અલાબલા અને એ મથાળાં હેઠળ પ્રગટ થતા? એમાં છેલ્લા બે વખતથી સવાઇ જ્યોતિન્દ્રનું સર્વે થઈ ગયું છે એ જોયું? મારા મનમાં કે મુદ્રારાક્ષસનું એ કારસ્તાન હશે. પણ પછી તો જાણી જોઈને જ સવાઇને સંકડાવવામાં આવ્યું હોય એમ લાગે છે! હશે: મને એવી નાની બાબતમાં તકરાર કરવાનું ઠીક નથી લાગતું, તેમ હું નરસિંહરાવ કે નાનાલાલ નથી. યા કેશવલાલ કે બળવંતરાય નથી કે એટલા માટે મહાભારત ઊભું કરું. ભલે સવાઈને બદલે સર્વે. આ જમાનો એવો છે. જગ્યાની તાણ એટલે સંકડાશથી ચલાવવું પડે.

કાગળની તાણ અને પોસ્ટની ટિકિટની મોંઘવારી છતાં મારા ઉપર કેટલાક ભાઇઓના કાગળો આવ્યા છે. એમણે એ કાગળો C/o. ઊર્મિ કાર્યાલયમાં લખ્યા છે. મને ત્યારે ભાન થયું કે આ આપણે જે C/o લઈ બેઠા છીએ, એનો શો અર્થ? ઊર્મિવાળાની છત્રછાયા હેઠળ, એમ જ ને? પણ હું ઊર્મિવાળાની દેખરેખ હેઠળ યા એમના છાપરા હેઠળ, યા એમની કોઈ પણ મહેરબાનીના ભાર હેઠળ રહેનો જ નથી. એક મહેરબાની એ ખરી કે આ છાપે છે તે-એમની મનશરીમાં ન આવે તો ન યે છાપે. ખરું જોતાં 'C/o. વાળું' મારફત જોઇએ, ભાષ્ફતિયા અટક એથી જ પડી હશે.

એ ભાઇઓમાંના કેટલાકે એમ ફરિયાદ કરી છે કે આ અલાબલામાં કંઈ ટોપીકલ તો લખો. સ્વૈરવિહારવાળા પેલા રામનારાયણ કેમ વારંવાર ટોપીકલ લખતા હતા; બળ્યું, હવે તો એ સ્વૈરવિહાર પણ નથી લખતા. બળ્યું શબ્દ મારો નથી; મારા પર કાગળ લખનારનો છે. જ્યોતિન્દ્ર દવે લખે છે, ત્યારે ટોપીકલ હોય છે તો તેને કોમીકલ કરી નાખે છે, અને કોમીકલ હોય છે તેને હાથ જ લગાડતા નથી. આવું આવું ઘણું એ કાગળોમાં છે. કોઈવાર હું થાકી જઈશ, અને હાડકાની હરામખોરી કરવી હશે, ત્યારે એ કાગળોમાંથી જ કેટલુંક પ્રગટ કરીશ—અલબત્ત, એમનાં નામો છાનાં રાખીશ.

ચાલો ભલા ત્યારે હવે ટોપીકલ લખીએ. આ વખત ગાડીભાડું આપી મને પારસીવાળાઓએ ખાસ મુંબાઈ બોલાવ્યો હતો. એમનો પચ્ચીસ વર્ષનો ઉત્સવ હતો એટલે આ ગાડીભાડું આપવાની વાત મારે ગળે તરત ઊતરી. સ્ટેશન પર-અમદાવાદના રતો-એક મીલ માલેકના માલેતુજાર નબીરા દીકરા મળ્યા. તે કહે 'ભલા તમે સાહિત્યસેવક, ગાડીભાડું લઇને હેંડ્યા'. એમના બાબાશાઈ તબિયેતવાળા, પણ સાહિત્યમાં ખાસ કરીને અત્યંત લોકપ્રિય એવા નવલકથાના ક્ષેત્રમાં પુષ્કળ નવરાશને કારણે ખૂબ જ ઝંપલાવેલું હોવાથી સ્વાભાવિક પ્રાપ્ત થયેલી સાહિત્યકીય બુદ્ધિવાળાં ધર્મપત્નિએ ઊમેર્યુ' 'અને તે પણ સેકન્ડ કલાસ!'

વાત મુદ્દે એમ હતી કે જિંદગીમાં પાંચ વાર આ વરવહુની જોડી મારી સાથે અકસ્માત જ ટ્રેનમાં સાથે થઇ ગઇ હતી. પણ તે સમયે હમેરાય બબ્બે કલાક પહેલાં સ્ટેશને દોડી, બિસ્તર બિછાવી પાટીએ ગોઠવાઈ ગયા હોઈએ, અને ગાડી ઊપડનાના થોડાજ સમય પહેલાં આ વરવહુની પધરામણી થતાં અમને જોઈ,

વર: 'ઓહો! તમે છો? ક્યાં મુંબાઈ!"

વહુ: "અરે એ તો હર ત્રીજે દિવસે, કેમ સવાઈભાઈ!" સવાઈ ઉપર ભાઈ ઊમેરી ભાઈ ઉપર દેદો ભાર મૂકી વહુરાણી બોલતી, અને પછી તરત મારે કંઈ તો બોલવું જ પડે, એમાં સ્વાભાવિક જ બોલાઈ જવાતું.

"તમે"

બંને સાથે જ: "અમે યે મુંબાઈ, તમારી આગળ જ સેકન્ડમાં બેઠા છીએ."

ભલભલો નાટકનો સૂત્રધાર ગમે તેટલા રીહર્સલો કરાવે તોયે આ વરવહુ જે તાદાત્મ્ય સાધી એક જ અવરોહથી આ વાક્ય એકધારા સળંગ શ્વાસે બોલતાં એવું બીજે ભાગ્યે જ બનતું

અને ત્યાં ગોઠવાયા પછી પાછા એકાદ મિનિટ મારી ખબર કાઢવા પણ આવી જતાં: મનમાં ટિકિટ ખર્ચ

માટે સંતોષાતાં; જરા ફૂલાતાં, એમાં પુરુષ કરતાં સ્ત્રી વધારે મચકાતી, હરખાતાં, પ્રફુલ્લ થતાં, અને પછી તરત જ મને ભૂલી જતાં, તે મુંબાઈના સ્ટેશને રખેને એમની સાથે ગાડીમાં એટલે કે મોટરમાં સથવારો આપવો પડે તે ઉજળી સ્હવારે સામે અથડાતાં પણ નજર ચુકાવી બહારવટિયાની પેઠે અલોપ થઈ જતાં.

આ વખત પણ અનાયાસે તો નહિ પણ મારા એક બાંધક દોસ્તની તરકીબને લઈને આપણો બિસ્તરો-તે જ પેલા તમડાના પાટીઆ પર પથરાતો તે-નીચેના ગાદીઆ પાટીઆ પર પથરાઈ ચૂકયો હતો. અને બાંધ્યો પૈસો વછોડવાની આનાકાનીમાં, અને છોડવાના નિર્ણય પછી પણ, ઉપર મજલેથી ભોંય તળીએ પડવાનું કોઈ પણ હિસાબે બાર પંદર આડાઅવળા કામારામ માપી પછી તેમ જ આડીત્રેડી રીતે ધૂંઆફૂંવા કાઢયા પછી પણ અશકય લાગતાં રેલ્વેવાળા ઉપરની ચીઢ મ્હારાણી મ્હારા પર ચોઢતા હતા.

હું સાહિત્યનો સેવક અને મેં ગાડીભાડું લીધુ એ મારો ભયંકર ગુનો. આપવાવાળા તો મુરખા જાણે એમનો ગુનો કશો નહિ, પણ મેં ગાડીભાડું લીધુ તે ભારેનો ગુનો થયો. મને યાદ છે એક શેઠ એણે પોતાના નોકરને કંઈ લાવવા મોકલ્યો. એને જવા આવવાનું બસભાડું આપ્યું હતું. એ એનો નોકર હતો. નોકર એટલે ચાકર, ચાકર એટલે સેવક. સ્વયંસેવક નહિ, શેઠસેવક. સાહિત્ય-સેવક નહિ. બીજા એક શેઠને ત્યાં માંદગીના પ્રસંગે મુંબઈના એક ડાકટરે ફી ઉપરાંત ભારેનું ગાડીભાડુ લીધું હતું. અને પછી તો મારું મગજ ચાલ્યું-દોડયું, કંઇ વકીલ બારસ્ટરોએ ફી ઉપરાંત સેવાના કામમાં લીધેલાં ગાડીભાડાં યાદ આવ્યાં, પેલા મુંબાઈ યુનિવર્સિટીવાળાના સેનેટરોમાંના એક પંડિત મને યાદ આવ્યા. એ જ તો મને કહેતા હતા કે અમને ત્રણ ફર્સ્ટકલાસ મળે, અને જઈએ અમે ગમે તે કલાસમાં, એ યે શિક્ષણના તો સેવક જ ને. ધારાસભાના સભ્યો, મોટા ભાગના સેવકો, સરકારના સાહેબો બધા જે રીતે જેટજેટલું ગાડીભાડું લેતા તે બધા મને યાદ આવ્યા. અને જેટલા યાદ આવ્યા તે બધા મેં એમની સામે ઝીંકયા.

ગાડીભાડું ! ગાડી ચાલે અને મારું મગજ સળવળે. કોણ ગાડીભાડું નથી લેતું ! વાયસરોય સાહેબ નથી લેતા ? વીમા કંપનીના માલેકો, સંચાલકો, એજંટો, જાહેર-ખાતાના કાર્યકર્તાઓ, કોણ નથી લેતા ? શિક્ષકો બિચારા નથી લેતા. ભણાવવા જાય ત્યારે બ્યારમાં ઉમેરી પણ નથી આપતા. એ શિક્ષકો તો ગાડીભાડા વિના ચલાવી શકે, પણ યુનિવર્સિટીના સેનેટરોને પણ ફર્સ્ટ કલાસ જોઈએ, કારણ એમને માથે ભાર, જવાબદારી, જોખમે-દારી, શિક્ષકોએ શું ભણાવવું એ નક્કી કરવાનું, કેવી રીતે ભણાવવું એ નક્કી કરવાનું, કયારે ભણાવવું, કોને ભણાવવું, કયાં ભણાવવું, ભણાવ્યા પછી એની લાયકાત તપાસવી, એ માટે પરીક્ષા, એના સવાલો, તે સવાલોની શૈલી, એનું ધોરણ, વગેરે અનેક વિટંબનાજનક મુદ્દાઓ એમને ચાળવાના રહ્યા. અને એ બધા માટે એમની લાયકાત નક્કી કરી એમને ચૂંટી કાઢે ગ્રેજ્યુએટો એટલે કે ગ્રેજ્યુએટોના ચૂંટાએલા ગ્રેજ્યુએટ સેવકો. તે સેવકો ગ્રેજ્યુએટોની સેવા કરવાની ધગશ સાથે બહાર પડેલા એ સેવકો ગાડીભાડુ લઈ શકે.

ન લઈ શકે તે ફકત વિદ્યાર્થી. કારણ એનો અર્થ તે જ વિદ્યા. અર્થ એટલે પૈસો પ્રોફેસરો અર્થની નોટ્સ કાઢે છે કે નહિ. અલબત્ત, એ અર્થની ચોપડી-માંથી રૂપિઆની નોટ્સ ઠીક ઠીક, ઊભી થાય છે એટલે અર્થ એટલે પૈસો તો ખરો જ. પણ ટૂંકમાં જો વિદ્યાર્થી એમ. એ. કે બી. એ. માટે પરીક્ષા આપવા જાય, તો એને ગાડીભાડું ન મળે. કદાચને સામા પૈસા પણ આપવા પડે. આનું કારણ એમ છે કે પૈસો પૈસાને ઘસડે છે વિદ્યાર્થી કંઈ રળતો કમાતો હોવડો નથી. પ્રોફેસરો, પ્રધ્યાપકો, પ્રાધ્યાપકો, અધ્યાપકો, પ્રીન્સીપાલો, વગેરે જેઓ શિક્ષણના ક્ષેત્રમાંની આવડતને લઈને ચુંટાઈને યુનિવર્સિટીમાં બિરાજે છે તેઓ તો કમાતી વ્યક્તિઓ છે, એટલે એમને વધારે કમાવાની જરૂર, એટલે એમને તો ગાડીભાડું જોઈએ જ અને તે પણ ફર્સ્ટકલાસ હું તો માનું છું કે એમને સલૂનનો ખર્ચ આપવો જોઈએ. એમની સેવાના પ્રમાણમાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી તો અપાવી જોઈએ.

અમદાવાદથી ઊપડી ગાડી નડિયાદ, આણંદ, વડો-દરા, ભરૂચ દોડી જતી હતી, અને હું ગાડીભાડાનું પુરાણ ઊકલ્યે જતો હતો.

'પેલા બે વરલંડુ કેમ નીકર્યા એની લમણાઝીક અટાણે આપણે માટે નકામી છે.

ત્યારે આપણે ટોપીકલ દષ્ટિબિન્દુ ધ્યાનમાં રાખીને આગળ ચાલવાનું છે. તેથી તો વિલેપારલાના સાહિત્ય સંમેલન વિષે હું લખવા માંગતો હતો. અને એટલામાં સાહિત્ય બાજુએ રહ્યું, અને પેલા ભાઇએ ગાડીભાડાનું ડીંડવાણું કર્યું.

પણ આપણે આ સંમેલનના વિશે વિચારીએ તે પહેલાં આ યુનિવર્સિટીની વાત નીકળી છે તે જ તપાસી લઈએ. વળી આગળ ઉપર પણ યુનીવર્સિટી વિષે હું લખી ગયો છું. મેં સૂચવેલી યુનિવર્સિટી નીકળો કે ન નીકળો, પણ જે છે તેને કંઈ ભૂલી શકાવાનું હતું ?

લગનસરા વખતે કંકોતરીઓનો ઢગલો કેવો ઊભરાઈ જાય છે ! તેમ એપ્રિલ મહિનો આવતાં જાતજાતના ઓળખીતા ઊભરાઈ જાય છે, અને મોઢે, બારોબાર, કોઈની મારફત, ફોન કરી, ચીઠ્ઠી લખી, છેવટે કાગળ કે તાર કરીને પણ ઓળખાણ તાજી કરવામાં આવે છે. આ વખત એ અંદાજે મેટ્રિકના સવાસો, ઇન્ટરના ચાલીશ, બી. એ. ના બત્રીશ, અને એમ. એ.ના ત્રણ નંબરો મારા ઉપર આવ્યા છે. એક ભાઇ પોતે અમુક ન્યાતના હોવાથી જ મારી ઉપર નંબર મોકલવાની એમને જરૂર જણાઇ છે. બીજા ભાઇના વહુ મારી સાથે ભણતા હતા, એટલે એમના છોકરાને મારે પાસ કરાવવો જ જોઈએ એમ લખે છે. એમના વહુ મારી સાથે ભણતા હતા, પણ ત્યારે પરણવાજોગ હું નહોતો ગણાયો. બીજા એક દેશસેવક, ખાદીપહેરક, ચાલો વળી પહેરક શબ્દની મારામારીમાં ના ઊતરતા—સત્યના સંરક્ષક, અહિંસાના ઉપાસક, એકહથ્થુ સત્તાના સંચાલક, ભાવનાવાદી, ફક્ત છોકરીના વિવાહ તૂટી જાય એ બીકે કોઇ પણ ઉપાયે પાસ કરાવવા મને લખ્યું છે.

જાણે કે વિદ્યાર્થીઓને પાસ કરાવી આપવાની મારી પાસે એજન્સી ન હોય. એ ભાઈનો કાગળ વાંચવા જેવો છે.

"આમ તો રમી આપણી હોંશીઆર છે. છેલ્લા ચાર મહિનાથી તો ખાસ માસ્તર રોકયો હતો. અને એ બંનેએ મહેનત તો ઘણી કરી છે. પાસ તો થશે જ, પેપર પણ સારા લખ્યા છે, પણ ભાઈ આ યુનિવર્સિટીનું ભલું પૂછવું, નાપાસના પાસ કરવાની ભાંજગડમાં કયાંક આપણું પાસ થએલું બચ્ચું રઝળી ન પડે, એટલા માટે તમને તસ્દી આપુ છું, તમને બધે ઓળખાણ ભારી, અને એ વાતમાં કેમ કામ લેવું તે વધારે સમજો રમીનો નંબર..."

આ નંબર જાહેર કરું તો રમી બિચારી પાસ થતી અટકી જાય. કોઇક ભાઇએ મને સલાહ આપી કે એ નંબરો યુનિવર્સિટીને મોકલી આપો. બધા સીધા દોર થઈ જશે. વાહ ભાઈ ઠીક નંબરો મોકલાતા અટકાવવાનું કામ મારું નથી, યુનિવર્સિટીનું છે. છોકરાંઓના વરસ બગડે, અને મારા જેટલા સ્નેહી સગા છે તે દુશ્મન થઈ બેસે, એટલે મારો તો અવતાર જ બગડે એ ફાયદો મારે નથી લેવો.

મારી એક જૂની ઓળખીતી સ્ત્રી છે. હતી તો કન્યા, પણ પછી તરત જ સ્ત્રી થઇ બેઠી છે. મોટે ઘેર પરણી એટલે મોટી પણ થઇ પડી. માટી મોટો છે, પણ મોટાઇ વિનાનો છે, એનો મને રંજ છે, પણ ધણીઆણીને એવી કશાની પડી નથી. આમ તો સ્ત્રીઓ સ્વભાવે શરમાળ ગણાય છે, પણ આ તો શૂરી નીકળી. એની નણંદનો નંબર મોકલાવ્યો અને પેલી નણંદ વળી ભારેની ચતૂર, તે એણે એની બહેનપણીઓના નંબરો પણ સાથે ભેળવ્યા. ચબરાક એવી તે સાથે કાગળ પણ લખ્યો છે. એમાં લખે છે. 'હુ તમને ઓળખતી નથી, પણ ભાભી કહી છે કે તમે સ્વભાવના સારા છો, એટલે આ સાથે કુમુદ, રજની, પ્રભા, હેમંતી, મનુ, રંજન, અંજન, ના નંબરો પણ મોકલ્યા છે. બનતું કરજો.'

અકસ્માત જવલ્લેજ થાય છે, પણ આ કિસ્સામાં તો એવો સરસ થયો કે એકનો એક નંબર બે વાર આવ્યો. આ નણંદની યાદીમાં હેમંતીનો નંબર તે બીજા ભાઇની યાદીમાં મકરંદનો નંબર, પહેલાં તો થયું કે યુનિવર્સિટી ભૂલો કરે છે, અને તે કબૂલ પણ કરે છે, તેમાંની આ એક એવી કઈં ભૂલ જ હશે. પાસ થયેલાને જેણે નાપાસ જાહેર કર્યા છે, વધારે સરવાળાઓના ઓછા સરવાળા ગણ્યા છે, લખેલા જવાબપત્રકો જેણે ગુમાવી નાંખ્યા છે, તે સરસ્વતીદેવી એક જ નંબર બે વ્યક્તિને પણ આપી શકે.

આ બાબત જરા મેં ચોળીને ચીકણી કરી. ચીકાશ

ચકરી જોતાં જણાયું કે પેલી નણંદ ભાભીનો દાગીનો એટલે છોકરીઓના નામો મોકલેલા તે બધીમાં એની બહેનપણીઓ નહી, પણ બધા જ બહેનપણાઓ—યુવાનો, ના કિશોરો એ મકરંદને એ સારી રીતે ઓળખતી પરીક્ષામાં પાસ થયા વિના એમનો એ બેનો નંબર લાગી જ ગયો હતો—ટૂંકમાં બંનેએ પરણવાનું નક્કી કરી નાખ્યું હતું અને થયું ચાલ હવે એ બે પાસ થાય કે નાપાસ, આપણે શું? અને બીજો વિચાર એ પણ આવ્યો કે આટલી ચબરાક, હોશિયાર, બાહોશ, રસિક, અને ચતુર નણંદ પરીક્ષામાં નાપાસ થાય ખરી? યુનિવર્સિટી શી એની પરીક્ષા લઈ શકવાની હતી!

પણ આ નંબરોની વાતો જવા દઈએ જૂન મહિનો આવશે અને એનો ઊભરો શમી જશે એ તો વાર્ષિક રોગચાળો છે ફાટી નીકળે અને શમી પણ જાય, એની દવા કેવી—એનો ઉતાર શેનો? એ તો ચાલ્યા કરે, આપણા દેશમાં ભૂખમરો નથી? લોકો અરધા નાગા નથી ફરતા? વિધવાઓ નથી થતી? બેકારી નથી? વરો એક પર બીજી નથી પરણતા? ભણેલી નાતરે નથી જતી? મેલેરિયા નથી ચાલુ રહેતો? ઘણી વસ્તુઓ જડમૂળ ઘાલી વિસ્તરતી જ જાય છે એનો વળી બળાપો શેનો?

અને એવી વસ્તુઓ આપણે ત્યાં નાબૂદ થાય તો પછી લોકોને કામ કરવાના, સેવા અર્પવાના, ઝંડો લઈ આગળ ધસવાના, અનેક ક્ષેત્રો નહિ મળે એટલે સ્વયંસેવકો, લોકસેવાભાવી સ્ત્રીપુરુષોની સંખ્યા વધારવા માટે ઉપરની ઘણી વસ્તુઓની આવશ્યકતા છે અને તે નાબૂદ કરવામાં ઘણું જોખમ રહેલું છે

આવા ને આવા વિચારમાં 'રાત્રીરેવ વ્યરંસીત' એટલે કે રામ અને સીતાએ વાર્તાલાપ શરૂ કર્યો ત્યારે રાત એમને એમ ચાલી ગઈ, તોયે વાર્તાલાપ પૂરો ન થયો, એવું ભવભૂતિનું કથન છે આ વિષય પણ એટલો લાંબો છે

સવારે ત્યારે તમે પારસના સાહિત્ય સંમેલનમાં જવાના, એવો સવાલ પૂછાયો ત્યારે સ્વાભાવિક તોછડાઈને બદલે અવાજમાં આતુરતાની માત્રા જરા તરવરતી જણાઈ 'તમે તો ભાઈ સાક્ષર, અમને કોઈ ત્યાં થોડા લઈ જાઓ.' વરંડામાંથી વારાફરતી સવાલો પૂછાતા હતા અને સવાલો ઉપરથી લાગતું હતું કે રાતે એમણે ગંભીર ચર્ચા પણ કરી હશે.

ફરીથી ઉપનો સવાલ વધૂમુખે પાછો પૂછાયો જાણે એ ભાઈ રોજ સિનેમા જાય છે ત્યાં મને સાથે લઈ જાય છે યા મિલમાં શા માટે—ગમે ત્યાં જાય છે ત્યાં હવાફેર, કાશ્મીર, દાર્જીલીંગ, ઉટાકામંડ

સવાર સુધારના મેં જવાબ આપ્યો, 'તે તમે પણ આવજોની, મેં ક્યાં ના પાડી છે?'

"હા, હા તો તો હવે આવશું—ભલે નહી સમજીએ"

"ના, ના નાહક વિવેક ન કરો, આવજો" મેં કહ્યું

"જરૂર આવીશું—" હરખના ગલગલીયા ઊભરાતા બંને બોલી ઊઠયા

છૂટા પડતી વખતે મેં કહ્યું, 'ત્યારે તમારી બેની ટિકિટ હું લઈ રાખીશ'

"શેની ટિકિટ?"

"સંમેલનમાં જવાની"

'તે ત્યાં જવાને ટિકિટ હોય?' પતિએ પૂછ્યું અને ઉમેર્યું 'તો તું તારે જજે, મને તો મુંબઈમાં ઘણું કામ છે"

એમની વારે ધાતા વહુરાણી તડૂક્યા, "હાસ્તો ટિકિટ તો હોય જ ને એમાંથી તો આ લોકોને ગાડી ભાડું આવશે કેમ ખરું ને સવાઈભાઈ!'

★ ★ ★

આત્મા અને પરમાત્માના સમ્યક્જ્ઞાનની શોધ તેજ પરમશોધ

ચમને અદબ : ૪

પ્રા. વિજયરાય ક. વૈદ્ય

૭. પરમ શોધ

'માણસ પોતાના સ્વરૂપને સમજતો થાય, તેને જાણતાં શીખતો થાય ત્યારે તેના વડે એ પરમ શોધ કરવાને શક્તિમાન બને.'

'એ' પરમ શોધ એટલે કઈ? એ શોધ એટલે વ્યક્તિના હૃદયમાં પ્રકટતું, એના પિંડ સહિત સમસ્ત બ્રહ્માંડનું, સમ્યક્ જ્ઞાન પામવાની તીવ્ર ઉત્કંઠા અને એ ઉત્કંઠાથી પ્રેરાઈને તેણે આદરેલી શોધ.

એવી શોધ તેણે સૌથી પહેલી તો ક્યાં કરવાની છે—તો કે' એના પોતાના અન્તઃકરણમાં. બહાર નહિ ને અંદર જ શા માટે? આ પ્રશ્નનો ઉત્તર પણ રા. પૂજાલાલની પ્રસ્તુત નવી પુસ્તિકાના [આ લેખની શરૂઆતનું અવતરણ પણ એમાંથી છે] અન્તભાગમાં અપાયો છેઃ માનવીના 'દિવ્ય ઊગમ'નું સ્થાન બલ્કે તત્ત્વ જે પરમાત્મા, તેનાથી વિખૂટા પડવું એ તેને માટે સૌથી મોટી વિપત્તિ હતી તેવી રીતે પૃથ્વી પર તેના જીવનનો પ્રારંભ થયો ત્યારે દિશાઓની ચોકી કરતાં અગણિત સૂક્ષ્મ આસુરી બળો માનવને તેની એ રાની, અસંસ્કૃત ને અધઃપતિત દશામાં જ રાખવા મથતાં હતાં. પછી શું બન્યું?

'એ સ્થિતિમાં જીવનના મૂળ પ્રતિ આરોહણ કરીને જવું એને [માનવને] માટે સર્વથા અશક્ય હતું તેથી એ મૂળ એના પોતાના અન્તરમાં પ્રગટી ઊઠ્યું;' એ 'ઊર્ધ્વની જ્યોતિ' ઝીલવા અસમર્થ માનવના 'અસ્તિત્વના કેન્દ્રમાં—તેના હૃદયના ઊંડાણમાં, "એ જ્યોતિ ઝળહળી ઊઠી" ત્યાર લગી તો તે અશક્ત હતો, પરમ પ્રેમસ્વરૂપ પ્રભુની સાથે પોતાની ચેતનાનું અનુસન્ધાન કરવાને—જડ અને અલ્પ-ચેતન જેવી પ્રકૃતિથી—એના જ વડે પ્રધાનતઃ—વીંટળાયલો હોવાથી. એ સમયથી શરૂ થઈ છે માનવીની પોતાનું આદ્ય સ્વરૂપ ફરીથી ઓળખવા માંડવાની સાધના, એ અંતરિક્ષમાંથી ઊતરેલી દૈવી શક્તિની સાહાય્ય વડે. હજી એના સિદ્ધો તો મનુષ્યજાતિમાંથી ઝાઝા થયા નથી.

આથી એવું સ્વરૂપજ્ઞાન આપણે પામવાની પહેલી શરત એ છે કે આપણામાંથી સર્વ પ્રકારનો અહંભાવ જે સાત્ત્વિક અહંકાર કહેવાય છે તે પણ—ખેરવી નાંખવો. આ કાર્ય એમ ને એમ થતું નથી. એની પ્રક્રિયા એવી છે કે આપણે આપણા વ્યવહાર માત્રમાં બહિર્મુખ મટી જઈ અન્તર્મુખ બનવું જોઇએ. પરન્તુ એ અન્તર્મુખતા આપણામાં ઊઠી ઊઠીને શમી જતી, મનને આમતેમ ભમાવતી, તત્ત્વતઃ નિર્બળતાની સૂચક છે એવી વૃત્તિઓ જાણીતી હોય તો તો ઊર્ધ્વગમન માટે નકામી છે. તે આપણને આત્માભિમુખ કરનારી અન્તર્મુખતા હોય તો જ કામની. એને માટેનું પહેલું પગલું એ છે કે "આપણે આપણા સચેત સ્વરૂપમાં એક બલિષ્ઠ અને સામંજસ્યભર્યો મનનો સમન્વય ઊભો કરવો જોઈએ" સચેતથી ઊલટું જે અચેત સ્વરૂપ, તે આપણી જીવભાવવાળી એટલે કે અવિદ્યામાં જાણે લપેટાઈ રહેલી ચેતના—એમ કહીએ કે આપણી કામચલાઉ જાત, કે જે આપણી કાયમી જાત (પરમ ચેતના અર્થાત્ શુદ્ધ આત્મતત્ત્વ) નથી.

મનુષ્યમાં રહેલું એ તત્ત્વ શું છે, તેનો મધુરકાવ્યમય વાણીમાં પરિચય, ફ્રેંચ ને ઇંગ્લિશપરથી ગુજરાતીમાં ઉતરાયલી આ મૂળે, શ્રી. (માતાજીના પાંત્રીશેક વર્ષ પરના પ્રવચનરૂપ) મૂલ્યવાન પુસ્તિકા આપે છે. એનો પહેલો ભાગ તાત્ત્વિક કહી શકાય તેવો, તો બીજો જગતભરનાં દુઃખી તથા પતિતોને સંબોધીને લખાયલો છે, આ ઉભય કારણે તો સૌથી અધિક અંશે, 'આધ્યાત્મિક સાહિત્યમાં રત્નરૂપ' ગણાય તેવી (શ્રી અરવિન્દ આશ્રમથી પ્રગટેલી) 'પરમશોધ' સર્વ સંસ્કારી વાચકોને આકર્ષક નીવડવી જોઈએ.

૮. ઇતિહાસ-પૂર્વનું ગુજરાત

પંડિતો જેને 'પ્રાગૈતિહાસકાલીન' જેવા ભારેખમ વિશેષણ વડે વર્ણવે તે ઇતિહાસકાળની પહેલાંના ગુજરાત વિશેની ઘણી રસિક માહિતી—સંકલિત તેમ જ નિરૂપણાત્મક—'ધ ગ્લોરી ધૅટ વૉઝ ગુર્જર દેશ' એ નામના ભારતીય વિદ્યાભવનના પ્રકાશનના પહેલા ભાગમાં મળે છે. એમાં, હિંદના પશ્ચિમ કાંઠા સાથેના ઉત્તરનિવાસી આર્યજાતિના સંસર્ગથી માંડીને, શ્રીકૃષ્ણના મહાપ્રયાણ સુધીની કથા, શક્ય તેટલાં આધારભૂત સાધનો પરથી, કહેવાઈ છે.

મોટાં સવાસોથી ય વધુ પાનાંનો આ ગ્રન્થ ત્રણ વિભાગે ને અગિયાર પ્રકરણોમાં લખાયેલ છે. એના લેખકોમાં, [ગુજરાતી વાચકોની દૃષ્ટિએ પ્રતિષ્ઠાના અનુક્રમે નામો લેતાં] શ્રી. કનૈયાલાલ મુનશી, ડૉ. હસમુખ ધી સાંકળિયા, પ્રા. ડી. એન. વાડિયા તથા ડૉ. પુસાળકર છે. આમાંના પહેલાએ બીજો વિભાગ, પછીના બંનેએ [તેમ જ શ્રી. ધનપ્રસાદ એ. મુનશીએ મળીને] પ્રાસ્તાવિક પહેલો, અને છેલ્લા વિદ્વાને ત્રીજો વિભાગ લખ્યો છે.

પહેલાં ત્રણ પ્રકરણ સ્વાભાવિક રીતે જ ગયાં હજારો વર્ષ દરમ્યાનની ગુજરાતની ભૂસ્તર રચના, સાબરમતીના તીર પ્રાન્ત વગેરેમાંનો ઘણો પુરાતન આદિ માનવ તથા અપરાન્ત, આનર્ત વગેરે આ બાજુના પ્રદેશનાં જૂનાં નામોના વિષયોને આપવામાં આવ્યો છે. એ વિભાગમાં આ રીતે, તે તે વિષય સંબંધી અગાઉનાં તેમ જ નૂતન ['રીસંટ'] અન્વેષણોનાં ફળ—હકીકતો તથા અનુમાનો રૂપે—આપણે પહેલી જ વાર પામીએ છીએ.

પ્રાક્તન ['અર્લીએસ્ટ'] આર્યોનો ગુજરાત સાથે સમાગમ, અથર્વણ આર્યો તથા વરુણ-યજનનો સંપ્રદાય, પશ્ચિમ એશિયામાંના સુમેરિયા સાથેનો આર્યજાતિનો સંપર્ક, સિંધુ તીરની સંસ્કૃતિ [મોહેં-જો-દારો, હરપ્પા] અને દેશનો પશ્ચિમ કિનારો, સપ્તસિંધુના પ્રદેશમાંથી વેદકાલીન આર્યોનાં નિષ્ક્રમણ એટલે બહાર જવાનો પ્રારંભ: આ વિષયો વિભાગ બીજાના છે. પુસ્તકનાં સૌથી રસમય અલૌકિક રીતે અદ્ભુતરસિક કહેવા જેવાં પૃષ્ઠો આ વિભાગમાં હોવાથી, એનું ઉત્તમાંગ તે કરે છે.

શર્યાતિ માનવ તથા એના કુળનો, ઉત્તરની આર્યજાતિમાંથી, સૌથી પહેલો સંબન્ધ ગુજરાત સાથે હતો: સંબન્ધ ધરાવવામાં યતિ તથા ભૃગુનાં કુળો ય ખરાં, પણ એ તેની પછીનાં. પ્રસંગોપાત અહીં એ પણ જાણીએ છીએ કે આર્યોના આદિનિવાસસ્થાન તરીકે જૂની રીતે મધ્ય એશિયા કે પૂર્વ યુરોપને નહિ પણ પંજાબ વત્તા બલુચી-અફઘાનિસ્તાનને સમાવનારા, એ કાળે સપ્તસિંધુ નામે ઓળખાતા પ્રદેશને માન્ય રાખવામાં આવ્યો છે. એકંદરે, વૈદિક કરતાં પૌરાણિક પ્રમાણો આદિ આર્યો વિશે લખતાં વધુ અંશે સ્વીકારાયાં છે.

એ વિભાગમાં બીજાથી ચોથા પ્રકરણોમાં, (૧) વેદકાળ પહેલાંના અથર્વણ આર્યોને ઋગ્વૈદિક આર્યોથી જુદા પાડ્યા છે એ નવી વાત ખાસ વિચારવા જેવી. (૨) એક કલ્પનાશીલ ને ઇતિહાસપ્રેમી ગુજરાતીનું માનસ ઈ. સ. પૂર્વે ૩૫૦૦ થી ૪૮૩ સુધીના સપ્તસિન્ધુ, આખું પશ્ચિમહિંદ, ઈરાન તથા એશિયા માઇનરના વિસ્મયકારક સાંસ્કૃતિક સંબંધો ને પહેલી જ વાર, વિષયના વિશાળ ને બહુવિધ વાચનપૂર્વક અહીં સ્પષ્ટ કરી આપે છે.

પુસ્તકનાં છેલ્લાં ત્રણ પ્રકરણ જુદાં કારણે મહત્ત્વનાં છે. તેમાં યાદવકુળ, શ્રીકૃષ્ણની ઐતિહાસિકતા તથા એ બિનાને પડછે મહાભારતના યુદ્ધનો સમયદર્શી નજરે વિચાર કરવામાં આવ્યો છે.

ઘણી વખત ટાઇફૉઇડ તાવ આવવાથી બાળકોના તેમજ મોટી ઉંમરના માણસોની નસો સ્નાયુઓ ખેંચાઈ જાય છે. પરિણામે હાથ, પગ, ગરદન ટૂંકા થઈ જાય છે. અને જીંદગી ભરની ખોડ તેઓને ભોગવવી પડે છે.

આ પ્રકારના દર્દીને શાસ્ત્રીય તેલ માલિશ કરવાથી નસો, સ્નાયુઓમાં કુમાશ આવે છે. શરીરમાં ચેતન પ્રગટે છે. શાસ્ત્રીય તેલ માલિશથી જુનાંજુનાં રોગો ઉપર ચમત્કારિક અસર પહોંચે છે. આ ઉપરાંત અશક્ત અને નબળી શારીરિક સંપત્તિવાળા લોકો—માલિશની સારવાર લે છે તો તેમનામાં નવું લોહી અને ચરબી તત્ત્વનું પ્રમાણ નૈસર્ગિક રીતે વધે છે. સાથે સાથે ખોરાકમાં સંત્રા—મોસંબી, અનનસ, દાડમ જેવા રસવાળાં ફળો લેવાં જેથી શરીરમાંથી વિજાતીય દ્રવ્યો, ભાગી જાય છે. અને શરીર નીરોગી—તંદુરસ્ત બની રહે છે.

—ભૂપતરાય દવે

પલટાતી સીમાઓનો પ્રદેશ પોલાન્ડ

લે પી શ. ભારદ્વાજ

આજના બીજા વિશ્વયુદ્ધના હોળીના નાળિયેર બનેલા આ દેશની ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિઓમા જે પલટાઓ વારે વારે આવ્યા છે તે પલટાઓ યુરોપના ઇતિહાસના પલટાઓની સાથે એવા તો સંકળાયેલ છે કે, જો પોલેન્ડના ઇતિહાસને યુરોપના ઇતિહાસમાંથી બાદ કરી નાખીએ તો પાછળ રહેલા યુરોપના ઇતિહાસની સાંકળો જ મેળવવી મુશ્કેલ થઈ પડે જેમ બધી પર્વતમાળોની ગાંઠ પામીરમા પડે છે તેમ યુરોપી આંતરરાષ્ટ્રીય શેતરંજની ગૂંચો પણ હમેશાં પોલાંડના ઇતિહાસમા જ ગૂંચવાતી આવી છે

અને આ રાષ્ટ્રે ચડતી અને પડતી પણ એટલી જ જોઈ છે એકવાર લિથુઆનિયાનો સમાવેશ એની સરહદોમા થઈ જતો ત્યારે ઉત્તરે બાલ્ટિક સમુદ્રથી માંડીને દક્ષિણે ઠેઠ કાળાસમુદ્ર અને પૂર્વમા નીપર નદીથી શરૂ થઈ પશ્ચિમે ઓડર નદી સુધી એની સીમાઓ વિસ્તરેલી હતી (ઈ સ. ૧૭૪૦ની આસપાસ) વોર્સો તે વખતે યુરોપના અગ્રણી શહેરોમાના એક શહેર તરીકે પંકાતું અને ઓટોમન સામ્રાજ્ય જે પૂર્વનો ખજાનો કાળાસમુદ્ર અને બોસ્પરસની સામુદ્રધુની વાટે યુરોપમાં ઠાલવતુ એનું યુરોપી મુખ્ય કેન્દ્ર પણ તે જ હતું

દશમા સૈકાની પાછળ જતા પોલાંડના ઇતિહાસની અતૂટ સાંકળ મળવી મુશ્કેલ છે છતા દસ સૈકાઓનો એનો ઇતિહાસ સદાયે ઝંઝાવાતથી ભરપૂર છે ઘડીમાં ઊભુ થઈ દુનિયાના બીજા રાષ્ટ્રોની સાથોસાથ સંસ્કૃતિ તરફની કૂચમા પગલાં ભીડતુ અને વળી ઘડીમા જમીનદોસ્ત થઈ જતુ પોલાંડ ખરે જ રાષ્ટ્ર તરીકેની એની ઘા ઝીલવાની વજ્ર છાતીનો પરચો કરાવી આપે છે. મિઝ્કો પહેલાનો દાદો ઝિમોવિટ નાશ પામતા મોરેવિયન સામ્રાજ્યના છેલ્લા અવશેષ તરીકે ક્રોમેસીઝાના પ્રાંત ઉપર પોતાની સત્તા ટકાવી રાખવા મથતો હતો અને તે અરસામાં જ ગ્રીક ઓર્થોડોક્સ ચર્ચના પાદરીઓ ખ્રિસ્ત ધર્મનો ઉપદેશ પણ તે પ્રદેશમાં ફેલાવતા હતા તેટલી છૂટીછવાઈ હકીકત એ કાળનાટ્યા તવારિખના નવમા અને દશમા સૈકાના થરોમાથી નીકળી શકે છે. ત્યારપછી મિઝ્કોના પુત્ર બોલેસ્લોસ ૧લાએ જર્મનોના આક્રમણને ખાળી પોલીશ ચર્ચના સ્વાતંત્ર્યને સ્થાપી પોલીશ સામ્રાજ્યનો પાયો નાખ્યો, અને ઉત્તરોત્તર પોલાંડની સીમાઓ વધારવા જતાં બાલ્ટિકથી કાર્પેથિયન સુધી અને એલ્બથી બગનદી સુધીના એ પ્રદેશ ઉપર પ્રથમ સ્વતંત્ર હકુમત ધરાવવાનું માન પણ એને ફાળે જ જાય છે. તેના પછી બોલેસ્લાસ બીજા અને ત્રીજાએ પણ એ સત્તાને અબાધિત રીતે જાળવી, પરન્તુ બોલેસ્લાસ ત્રીજાએ પોતાની પાછળ પોલીશ સામ્રાજ્યના ટૂકડા કરી પોતાના પુત્રોને વહેંચી આપ્યા અને એ માહોમાહેની તકરારોએ ફરીથી પોલાંડને વેરણ છેરણ કરી નાખ્યુ એ વખતના મોગોલો અને પ્રશિયનોના લશ્કરી હુમલાઓએ પણ પોલાંડને ભાંગવામા ઠીક ઠીક ભાગ ભજવ્યો પરંતુ તે વખતે પોલાંડને ભાગ્યે ઇતિહાસની તવારિખમાથી સાવ

ભૂંસાઈ જવાનું નિર્માયેલું ન હતું. તેથી ગ્રેટ પોલાંડનાં વ્લાડિસ્લૉસ લોકેટિક નામના ડ્યૂકે તેને મરતું બચાવ્યું. ગ્રેટ અને લીટલ પોલાંડને પાછા જોડી કાઢી તેમાંથી તેણે ફરીથી પોલાંડને સ્વતંત્ર રાષ્ટ્રને દરજ્જે ચડાવ્યું.

પરંતુ સ્થિતિસ્થાપક સરહદોને ફેલાવતાં જતાં પોલાંડની મોટી ભૂલ તો એ હતી કે જેમ જેમ પ્રશિયા પશ્ચિમ તરફ દબાણ કરતું ગયું તેમ તેમ તે પૂર્વમાં રશિયા તરફ આગળ ધપતું ગયું લિથુઆનિયાનો પોતાની સરહદમાં સમાવેશ કરી (૧૮૭૬) પોલાંડે ખરે જ એક મોટી ભૂલ કરી હતી. કારણ કે રશિયન સામ્રાજ્યના મોટા ટૂકડા તે સહેલાઈથી પચાવી શકે તેમ હતું જ નહિ. અને એ પોતાના જ ભારથી કચડાઈ ૧૭૭૨માં પછાડ ખાઈ બેઠું. પોલાંડનાં જે પાંચ ભાગલાઓ તવારિખને પાને નોંધાયા છે તેમાંનો પહેલો ત્યારે પડ્યો.

હતી તે માત્ર મુડદાલ સરહદો બની ગઈ હતી.

એક કહેતી છે કે જ્યારે પોલાંડનો 'સફેદ ગરુડ' ફરકતો હોય છે ત્યારે પ્રશિયાના લાલ ગરુડે નીચે પડવું જ જોઈએ. છતાં પ્રશિયાનો લાલ ગરુડ એકસોને ચાલીશ વર્ષ સુધી યુરોપી ધરતી ઉપર ફુંકાર કરતો ફરતો રહ્યો. જો પોલ પ્રજાના ખમીરમાં ગૌરવવંતા ઇતિહાસના અમીનું સિંચન ન હોત તો એ પ્રજા ક્યારની યે રશિયનો, પ્રશિયનો અને ઓસ્ટ્રિયનો વચ્ચે વહેંચાઈ ને એવી તો વેરણ છેરણ થઈ ગઈ હોત કે પછીથી એક રાષ્ટ્ર તરીકે પાછા ઊભા 'થવાનું' પોલાંડ માટે શક્ય જ ન બનત પરંતુ પોલ પ્રજાએ પોતાનું રાષ્ટ્રીય સ્વત્વ ઠેઠ સુધી સાચવ્યું હતું અને ૧૯૧૮માં પાછું પોલાંડ બેઠું પણ થઈ ગયું.

તેના બે મહાન નેતાઓ પિલ્સુડસ્કી અને પેડરેવ્સ્કીએ બે જુદા જુદા મુખ્ય નેતા તરીકે પોલાંડની રાજ્યસત્તાના સૂત્રો ચલાવ્યા. આખરે પિલ્સુદસ્કી લશ્કરી નેતા હોવાથી લગભગ સરમુખત્યાર જેવો બની ગયો. અને તેથી ૧૯૨૦માં પેડરેવ્સ્કીને કાયમ માટે પોતાની જગ્યાનું રાજીનામું આપી ફ્રાંસ જવું પડ્યું. અને પિલ્સુદસ્કીના હાથમાં અબાધિત સત્તા આવી.

પિલ્સુદસ્કીની પરદેશનીતિ રશિયાની તરફેણમાં તો નહોતી જ. તેથી જ્યારે રશિયા ડેનીકીન નામના કોસાક બળવાખોરોને દબાવવા રોકાયેલ ત્યારે રશિયાના પછીના આક્રમણના અગાઉથી ભયે પોલ લશ્કરે રશિયન સરહદ અંદર ઝંપલાવ્યું અને કિવ પેસી જઈ ૧૯૨૦ના મે માસમાં કીવ કબજે કર્યું: એ વખતે તો એમ પણ લાગતું હતું કે પોલાંડ પોતાના જુના સામ્રાજ્યના

છેવટે રિગાની સંધીથી કોઇપણ પક્ષની હાર ન થઈ ગણાય તેવી શરતે સમાધાન થયું અને તેનાથી પેરિસની પીસ કોન્ફરન્સે દોરેલ સરહદ કરતાં પણ થોડી પૂર્વ-તરફ વધુ સરહદ પોલાંડને મળી.

આ રીતે પૂર્વની સરહદની બાબતમાં કંઈક રીતે સફળ થયેલા પોલાંડને એક કચવાટ હતો તેની 'કોરીડોર'નો. એને સમુદ્રને પહોંચવા માટે માર્ગ જોઈતો હતો. વિસ્ચ્યુલા નદીના પ્રદેશને પોતાના પોલીશ પ્રદેશ તરીકે મૂળથી ગણાવતા આવતા પોલાંડને પોતાની કોરીડોરમાં એનો સમાવેશ થાય તેવી ઈચ્છા અને એ દ્વારા પોતાનો જળવહેવાર અબાધિત બનાવવાની ઈચ્છા પણ હતી. પરંતુ પોતાના કબજા દરમિયાન જર્મનીએ એ પ્રદેશમાં કૃત્રિમ રીતે જર્મન વસતી વધારી દઈને એ વિષયને કાયમનો ઝગડાનો વિષય બનાવી દીધેલો હતો. છતાં તે વખતે તો વિસ્ચ્યુલાની બન્ને બાજુની પચાસ માઈલની પટી પોલાંડને મળી અને તેના કિનારે આવેલું ડાન્ઝીગ બંદર 'આંતરરાષ્ટ્રીય મુક્ત શહેર' બન્યું (free city).

આ બધું હોવા છતાં પોલાંડની સરહદોને કુદરતી રક્ષણ દક્ષિણ બાજુએ કાર્પેથિયન પર્વતો સિવાય ક્યાંય નથી. તેથી ચારે બાજુ દુશ્મનોથી ઘેરાયેલા રહેવાનું તેને નસીબે લખાયેલું જ છે. પોલ લોકો તો કહે જ છે કે 'અમારે એક બાજુ શેતાન અને બીજી બાજુ અતળ મહાસાગરની વચ્ચે સદાયે કેદ ભોગવતું રહેવાનું છે.' એ સેતાન તે જર્મની અને મહાસાગર તે રશિયા. એથી જ પોલાંડના પ્રશ્નો વિષે ટીકા કરતા એક અંગ્રેજ મુત્સદીએ કહ્યું છે કે, "પોલાંડને સાહસકથાના વીર કથાનાયકનું પાત્ર ભજવવાનું છે." આ વસ્તુ બીજાઓને ઘણી જ રળિયામણી લાગશે. પણ એ પાત્ર ભજવતા નટને પૂછતાં જ ખાતરી થાય કે એ સ્થિતિ કેટલી ભયંકર છે. આ રીતે સદાયે બહારના આક્રમણના ભય નીચે રહેતાં પોલાંડને બીજો આંતરિક ભય પણ હતો.

આપણે જોઈ ગયા છીએ કે ૧૭૯૫ના પડેલા ભાગલાએ પોલાંડને નામશેષ બનાવ્યું હતું. અને એ ત્રણે ભાગો ફરીથી સંધાતાં મહાયુદ્ધ પહેલાને અંતે પોલાંડ ફરીથી ઊભું થયું. પરંતુ એ ત્રણે ભાગો પોઝન શહેરને કેન્દ્રમાં રાખતો જર્મન પોલાંડ વિસ્તાર, વોર્સો ફરતો રશિયન વિસ્તાર અને ઑસ્ટ્રિયન પોલાંડનો વિસ્તાર આર્થિક સમતુલા અને વસતી સમાસની દૃષ્ટિએ એટલા તો વિષમ બની ગયેલા હતા કે તેમને અંદરોઅંદર સાંકળી તેમનો વહેવાર ફરીથી ધોરણે પાડવો એટલો જ મુશ્કેલ હતો.

આ છે આજના બીજા વિશ્વયુદ્ધના પાયાના મંડાણની હકીકતો. ત્યારપછી શું થયું તે તો જનતા રોજબરોજ જાણતી આવેલી છે. આપણે એ પણ જોઈ ગયા છીએ કે પોલાંડનો પ્રશ્ન રશિયાને મન જર્મન નીતિનો અને જર્મની માટે રશિયન નીતિનો પ્રશ્ન થઈ પડ્યો છે. અને તેનો કદી અંત આવ્યો જ નથી. તેથી જ્યારે એ બન્ને વચ્ચે મૈત્રી ન હોય ત્યારે પોલાંડને એ બન્નેની દુશ્મનાવટનો ભોગ થયા વગર છૂટકો રહે જ નહિ. અને તેથી જર્મની અને રશિયા મિત્ર હોય કે દુશ્મન પણ એક બાબતમાં તો હમેશાં તે બન્ને તુરત એકમત થઈ જ જાય કે તેમની વચ્ચે પોલાંડ હોવું ન જોઈએ. અને તેથી જ્યારે જ્યારે એ બન્ને વચ્ચે યુદ્ધ ફાટી નીકળે ત્યારે પોલાંડ જ તેમનું રણમેદાન બન્યા કરે અને બન્નેમાંથી જે કોઈ વિજેતા થાય તે થોડુંક પોલાન્ડને કોતરી ખાધા વગર રહે પણ નહિ. અને જ્યારે બન્ને વચ્ચે સમાધાનીની શરતો થતી હોય ત્યારે પણ તેમની નીતિ તો ક્રમશઃ પોલાંડના અંગો કાપી લઈ પચાવી જવાની જ હોય, અને તે એટલે સુધી કે પોલાંડ પાછળ કાંઈ જ ન વધે તો પણ વાંધો નહિ.

છતાં પોલાંડ આ બન્ને પડોશીઓમાંથી જર્મનીને વધુ ધિક્કારતું રહ્યું છે. તેથી જ જર્મની જ્યારે આક્રમક શક્તિનો સંચય કરતું હતું ત્યારે એને મૂળમાંથી જ દાબી દેવા માટે ૧૯૩૩માં માર્શલ પિલ્સુદસ્કીએ ફ્રાંસને જર્મની સામે યુદ્ધ પોકારવા બે વાર આહ્વાન આપેલું ૧૯૩૬માં પણ જ્યારે જર્મનીએ રહાઈનલેન્ડનો કબજો લઈ લોકાર્નોના તહનો ભંગ કર્યો ત્યારે પણ પોલાંડે ફ્રાન્સને ફરીથી પડકાર્યું હતું કે જો ફ્રાંસ પશ્ચિમમાંથી જર્મની ઉપર ઘા કરવા તૈયાર થાય તો પોલાંડ જર્મની ઉપર આક્રમણ કરવા તૈયાર જ હતું. પરન્તુ એ વખતે પશ્ચિમના પ્રદેશો માટે લોકાર્નોની સંધિ દ્વારા જર્મનીએ એક સલામતીનું એવું ક્ષેત્ર ઊભું કરેલું કે તેના ભરોસે બેફામ રહી ફ્રેંચ વગેરે મહા સત્તાઓ જરાયે સળવળી નહિ. અને પરિણામે પૂર્વ અને અગ્નિ ખૂણાના યુરોપના મૂળ ખોદવાની તૈયારી કરવાની જર્મનીને સારી તક પણ મળી ગઈ.

ત્યારે આ બધું હોવા છતાં એવું ખબર નહોતું કે પોલાન્ડને ધરી પક્ષમાં ભળી જવાની તક પણ ન મળી હોય. તે વખતે એ ટી-કોમીન્ટર્ન પેક્ટમાં જોડાઈ રશિયા ઉપર આક્રમણ કરવા પોલાન્ડને એ વાર લાલચ પણ આપેલી અને જો એ રીતે તેણે માન્યું હોત તો યુક્રેનનો અમુક ભાગ તેને પણ મળે તેમ હતો. પણ આપણે આગળ જોઈ ગયા છીએ કે પોલાન્ડ પોતાની સરહદોમાં પૂર્વના રશિયાના ટુકડાઓ સાચવી શકે તેમ નથી. છતાં જો પોલાન્ડ ધરી પક્ષે ભળ્યું હોત તો આજની પરિસ્થિતિ જુદી હોત. કારણ કે યુદ્ધ જ્યાંથી શરૂ થયું ત્યાંથી ૫૦૦ માઈલ દૂર શરૂ થયું હોત અને તે રશિયા માટે ખતરનાક નીવડ્યું હોત.

પછી તો પોલાન્ડનો જ સર્વનાશ થયો. એક બાજુથી જર્મનીએ આગળ વધી અને બીજી બાજુથી રશિયાએ આગળ વધી ૧૯૩૯માં પોલાન્ડના ચોથી વારના ભાગલા પાડી લીધા. પરન્તુ જર્મનીએ બાજીમાં પલટો મારતાં રશિયા, પોલાન્ડ અને બ્રિટન વચ્ચે ૧૯૪૧માં થયેલા કરારોથી રશિયાએ જર્મની સાથે થયેલા કરારોવાળા પોલાન્ડ ઉપરના હક્કો જતા કરી એ કરારને રદ કર્યો. છતાં પાછું જ્યારે જર્મની પીછેહઠ કરવા માંડ્યું ત્યારે રશિયાએ ૧૯૩૯ના મોલોટોવ-રિબેનટ્રોપ લાઇનની હદ સુધીના પોલાન્ડ ઉપરનો દાવો કરવા માંડ્યો. અને ૧૯૪૩ના નવેમ્બરમાં તહેરાનમાં થયેલ કરારોની રૂએ રશિયાએ એ હક્કો ઉપર બ્રિટિશ અને અમેરિકન મહોર પણ મેળવી લીધી.

એ થયા પોલાન્ડના પાંચમી વારના ભાગલા. અલબત્ત એમાં ફેર માત્ર એટલો જ છે કે રિબેનટ્રોપ-મોલોટોવ લાઇનને બદલે કર્ઝન લાઇનને પોલીશ-રશિયન સરહદ તરીકે સ્વીકારવામાં આવી છે. અગાઉના ભાગલામાં અને આ વખતના ભાગલામાં તફાવત પણ છે. અને તે એ કે આમાં પોલાન્ડને પૂર્વમાં ગુમાવેલા પ્રદેશોનું વળતર પશ્ચિમમાં મળે છે. વાસ્તવમાં પોલાન્ડ આખું પશ્ચિમ તરફ ખસે છે. પણ પોલાન્ડને માટે જેટલું પૂર્વ તરફ ખસવું અકુદરતી છે તેટલું જ પશ્ચિમ તરફ ખસવું અકુદરતી છે. પણ આ બધામાં રશિયા ખરેખર ચાલ રમી ગયું છે. એ ચાલને ન સમજવામાં બ્રિટન અને અમેરિકા બન્નેએ ભૂલ પણ ખાધી છે.

૧૯૪૪ના ફેબ્રુઆરીની ૨૨મીએ આમસભામાં બોલતાં મી. ચર્ચિલે કહ્યું હતું: મને કહેતાં આનંદ થાય છે કે યુરોપની અગ્રણી સત્તાઓમાં સ્વતંત્ર અને સંગઠિત પોલાન્ડને અસ્તિત્વમાં લાવવાનું અને ટકાવવાનું માર્શલ સ્ટેલિન પણ માને છે.

પરન્તુ દુઃખની વાત એ છે કે માર્શલ સ્ટેલિન જે રીતે પોલાન્ડની હયાતિમાં માનતા હોય છે એ રીતની પોલાન્ડની હયાતિમાં પોલ લોકો સમેત બીજી યુરોપી પ્રજાઓ માનતી પણ ન હોય. એનો અર્થ એમ નથી કે માર્શલ સ્ટેલિનના શબ્દોમાં કપટ ન હોય, પરન્તુ એમાં તાત્પર્યતિને બે હોઈ શકે. પૂર્વ અને પશ્ચિમનો દૃષ્ટિભેદ પણ હોય શકે.

કદાચ મી. ચર્ચિલ એમ માનતા હોય કે 'સર્વનાશે સમુત્પન્ને અર્ધં ત્યજતિ પંડિતઃ' અને એ રીતે તેમનું એ સાચું પણ છે. પરન્તુ ત્યાં જ તેની ભૂલ છે. પૂર્વ પોલાન્ડનો કબજો એ કંઈ રશિયન ધ્યેય માત્ર ન હોઈ શકે. એ તો કોઈ બીજા મહાન ધ્યેયનું સાધન માત્ર હોઈ શકે.

વળી વળતર માત્રથી વળતરનો હેતુ પણ સરતો નથી. આમસભામાં ૧૫મી ડિસેમ્બર ૧૯૪૪ના રોજ મી. ચર્ચિલે કહ્યા મુજબ પોલાન્ડે જર્મનોને હાથે જે સહન કર્યું છે તેનું તેને વળતર જર્મનીને ભોગે પણ મળવું જ જોઈએ. એ ખરું છે. પરન્તુ જો પોલાન્ડને ભોગે એ વળતર રશિયાને જ મળતું હોય તો તેનું શું?

આ રીતે પોલાન્ડના પાંચમી વારના ભાગલા પણ પોલાન્ડને ન્યાય આપી શક્યા નથી અને તેથી જ યુરોપી રાજકારણની ગૂંચ હજી ઉકેલી શકી નથી. એ જ પોલાન્ડનો પ્રશ્ન ફરીથી રણમેદાન નહિ બને તે કહેવું એટલું જ મુશ્કેલ છે.

તા. ૧૮-૭-૪૫

★

ભીંતપત્રો

બબલભાઇ મહેતા

[શ્રી. બબલભાઈ મહેતાને ગુજરાત પોતાના એક મૂગા સેવક તરીકે ઓળખે છે. એમણે ગામડાંની પ્રજામાં સમજ અને સંસ્કાર પ્રસરે તે માટે આવાં ભીંતપત્રો, ગામની બજારમાં મૂકવા શરૂ કરેલાં, આ અખતરો શરૂઆતમાં તો નવીન હતો પણ એણે લોકમાનસમાં ઊંડું સ્થાન મેળવી લીધું સાદા, ટૂંકા અક્ષરો, કહેવાની રીત પણ એટલી જ સાદી છતાં સચોટ, વાંચનારને પણ પોતાનું અંતર ઉઘડતું લાગે. આવા આ ભીંતપત્રો 'ઊર્મિ'-નવરચના'માં આપવાનું શરૂ કર્યું છે. કેટલાક સાવ જ પ્રાસંગિક હોવા છતાં એ રોજેરોજના ઇતિહાસ હોઈને એનું મહત્ત્વ ગણીને આપ્યાં છે. —સંપાદક]

૧

બારડોલીનો પ્રવાસ

છેલ્લા વિસેક દિવસથી હું બારડોલી તાલુકામાં ફરતો હતો. વેડછી આશ્રમવાળા શ્રી. જુગતરામભાઈને તો આપણે સૌ ઓળખીએ છીએ. એ હમણાં જ જેલમાંથી છૂટીને બહાર આવ્યા. એમને ત્યાંનો આશ્રમ તો હજુ જપ્ત છે. સરકારી અમલદારોએ એ વિભાગમાં ખૂબ ત્રાસ વર્તાવેલો. આશ્રમની આજુબાજુમાં રહેતા ખેડૂત કુટુંબો એ ત્રાસથી કંટાળીને ઘર છોડીને નાસી ગયા હતા.

ચાંગાના વર્ગમાં શ્રી. જુગતરામભાઈ આવ્યા હતા. એ વખતે એમણે મને વેડછી આવવાનો ખાસ આગ્રહ કર્યો એથી મેં ત્યાં જવાનું નક્કી કર્યું હતું. એમણે ત્યાંના રાનીપરજ પ્રદેશમાં અમારો પ્રવાસ ગોઠવ્યો હતો. વરસાદના કાદવકીચડમાં પેદલ ચાલવાનો આ પ્રવાસ હતો પણ મને તો બહુ મઝા પડી.

સરકારે વેડછી આશ્રમ જપ્ત કર્યો છે પણ એ વેડછી આશ્રમના નાના નાના વિદ્યાર્થીઓ એક એક ગામ લઈને બેસી ગયા છે અને એ ગામોમાં એમણે નાના નાના આશ્રમો કાઢ્યા છે. કોઈ ગામમાં રેંટિયા અને સાળો ચાલે છે, કોઈમાં બાલવાડી ચાલે છે તો કોઈમાં નાના નાના વિદ્યાલયો ચાલે છે.

સરકારી ત્રાસથી ડઘાઈ ગયેલા લોકો ફરી પાછા ટટ્ટાર થઇ ગયા છે. હું ફરતો હતો ત્યારે અમને મળવા માટે લોકોનાં ટોળેટોળાં આવતાં. એમને ત્યાં જઇએ ત્યારે એ લોકો અમારું સ્વાગત કેવા પ્રેમથી કરતાં! તેઓ આપણા આગેવાનોના ખબર અંતર પૂછતા, કોઈ વળી સિમલા પરિષદની વાતો પૂછતું તો કોઈ ઋણ રાહતના કાયદાની વિગતોમાં ઊતરતું.

સરકારે વેડછીનો એક આશ્રમ જપ્ત કર્યો, પણ આજે તો વેડછી આજુબાજુ બીજા ઘણા આશ્રમો થઇ ગયા છે. નાના આશ્રમવાસીઓનો ગામ સાથેનો મીઠો સંબંધ અને ગામ લોકોનો એમના પ્રત્યેનો પ્રેમ જોઇને હું તો રાજી રાજી થઇ ગયો. મને થયું કે સારું થયું કે શ્રી. જુગતરામભાઈએ મને આ પ્રવાસ માટે બોલાવ્યો, નહિ તો રાનીપરજ પ્રદેશમાં આવું સુંદર કામ ત્યાંના જ ભાઈઓએ ઉપાડી લીધું છે એ નજરોનજર જોવાનું મને ક્યાંથી મળત?

તા. ૫–૭–૪૫

૨

કેરીઓ ખાવાની બહુ મઝા પડી કેમ?

આ વખતે રેલ્વે બુકીંગ બંધ હોવાથી કેરીઓ બહાર નથી જઇ શકતી એથી કેરીના ભાવ ઓછા મળ્યા. પણ બધા લોકોએ-ગરીબ ગુરબાંઓએ પણ કેરીઓ ધરાઇને ખાધી એ મને બહુ ગમ્યું. આપણે ત્યાંના વિદ્યાર્થીઓને તો કેરીઓ ખાવાની બહુ મઝા પડી લાગે છે. તમે કેરીઓ ખૂબ ખાધી છે એ હું ગામમાં આવ્યો કે તરત મને ખબર પડી ગઈ. શેરીએ શેરીએ અને આંગણે આંગણે એની નિશાનીઓ પડી હતી!

ઋતુ ઋતુનાં ફળ ખાવાં એ શરીર સ્વાસ્થ્ય માટે બહુ સારું ગણાય છે. એ પ્રમાણે તમે સૌએ કેરી ખાધી એ તો સારું જ કર્યું પણ તમે તો સાથે સાથે કેરી ખાવાનો દેખાડો બહુ કરો છો! એ મને પસંદ ન પડ્યું. તમે રસ્તા ઉપર ગમે ત્યાં ચાલો તો પગ તળે કેરીના ગોટલા છોતરા તો આવવાના જ. જ્યાં ત્યાં માખીઓનો બણબણાટ અને ચીડ ચડે એવી ગંધ અને ગંદકી!

કેરી ખાવાની તમને કોણ ના પાડે છે? પણ કેરીના ગોટલા તથા છોતરાને તમે ગમે ત્યાં શા માટે

ફેંકી દો છો? એને એકાદ ખૂણામાં અલગ અલગ એકઠા કરો. છોતરાં ઢોરના ખાણમાં નંખાશે. ગોટલા સુકાયા પછી એની ગોટલી પણ ખાણમાં નંખાશે અને ગોટલાના સૂકા છોડાં પાણી ગરમ કરવામાં વપરાશે આમ કરવાથી ગંદકી થતી અટકશે. અને છાશમાં માખણ જાય છે અને ફુવડ કહેવાઇએ છીએ એ પણ નહિ બને.

તા. ૬-૭-૪૫

૩

હમણાં સંભાળવા જેવું છે

તમે છાપામાં તો વાંચતા જ હશો કે ઘણી જગ્યાએ કોલેરાના કેસો બને છે. અનુભવીઓનું કહેવું છે અને આંકડાઓ પણ પુરવાર કરે છે કે મોટા યુદ્ધો પછી મરકી, મહામારી આદિ રોગો ફાટી નીકળે છે. એના કારણો બીજા તો અનેક હશે પણ લોકોને ખોરાકમાં પુરતાં પોષક તત્વો નથી મળી શકતા તેથી રોગ સામે ઝૂઝવાની એમની શક્તિ ક્ષીણ થઈ જાય છે એ પણ એક કારણ છે.

ચાલુ ચોમાસામાં વરસાદ ઝાપટા-બંધ પડતો નથી પણ ઝરમર ઝરમર પડ્યા કરે છે અને એ રીતે થયેલા ભીના પોચારામાં ઢોર તથા હળ લાક-ડાને જવા આવવાનું થાય એથી આપણી શેરીઓ અને આંગણામાં કાદવ કાદવ થઈ ગયો છે. માખીઓ પણ ખૂબ વધી ગઈ છે.

આ માખીઓ વધતી જ જાય તો ગામનું સ્વાસ્થ્ય ભયમાં મુકાય આવે વખતે આપણે થોડી કાળજી લેવી જરૂરની છે. ઢોરનાં છાણ મુતર કે કેરીના ગોટલા છોતરા જેવો કહો-વાઇને ગંધ મારતો કચરો શેરીઓમાં નાખીને ગંદકી વધારવી નહિ.

બીજું પોતપોતાના આંગણાંમાં બે ત્રણ ટોપલા કૂખાળા કે નાળીનાં ઠીકરાં નાખી લઈએ તો આંગણાનું કચકાણ બંધ થઈ જશે.

ખરું જોતાં શેરી કે આંગણાંની આવી મરામત તો વરસાદ શરૂ થાય એ પહેલાં કરી લેવી જોઈએ.

"આગ લાગે ત્યારે જોજો કૂવો નહિ ખોદાય."

તા. ૮-૭-૪૫

૪

પાણી સ્વચ્છ અને ગાળેલું જ પીજો

હરહંમેશ પાણી તો સ્વચ્છ અને ગાળેલું જ પીવુ જોઈએ. પણ આ ચોમાસાના દિવસોમાં એ તરફ ખાસ લક્ષ આપવાની જરૂર ગણાય. કેમકે નવાં પાણી આવવાથી નવાણોનાં પાણી ડહોળાઈ જાય છે ઝાડ પાન છાણ, માટી અને જીવજંતુ ઓગળી ઓગ-ળીને પાણીમાં ભળી ગયાં હોય છે. આપણા કૂવાકાંઠે જુઓને ફનડીઓના કેવા થરના થર બાઝ્યા છે! એ શું પાણીમાં નહિ પડી જતી હોય?

આવે વખતે સ્વચ્છ અને ગાળેલા પાણીનો આગ્રહ ન રાખીએ તો અનેક બિમારીઓ પેદા થાય. બિમારો માટે તો ઉકાળેલું પાણી જ સલાહ-ભર્યું ગણાય. પાણી ગાળવાનો કકડો સ્વચ્છ અને કચરો કરતાં એમાથી ગળાઇને પાર ન આવે એવો રાખવો.

કૂવાકાંઠાના ફનડીના ઓલા ત્યાંથી દૂર થાય એવું કરવું તળાવની પાળ કે આરા ઓવારા ઉપર લોકો ઝાડે ફરવા જતાં દેખાય છે. નવા પાણી સાથે આ બધું તળાવમાં જ ખેંચાઈ આવે ને! તમે જ વિચાર કરો કે પછી પાણી કેવું બની રહે?

વિચાર કરી શકે એવો કોઈ માણસ તળાવની પાળો ઝાડે ફરીને બગાડે નહિ.

તા. ૧૨-૭-૪૫

૫

સિમલા પરિષદ

ઇ. સ. ૧૯૪૨માં ૯મી ઑગસ્ટે કોંગ્રેસે 'ક્વિટ ઇન્ડીઆ'નો ઠરાવ કર્યો ત્યારપછી સરકારે ગાંધીજી સાથે કોંગ્રેસના બધા આગેવાનોને પકડીને જેલમાં પૂરી દીધા. પાછળથી શું શું બન્યું એ બધું તો તમે જાણો છો.

સરકાર કહેતી હતી કે જેલમાં પૂર્યા છે એમના ઉપર કામ ચલાવ-વામાં આવશે અને બધા તોફાનોની જવાબદારી ઠરાવ પસાર કરનારાઓના શિરે જાય છે.

પણ પાછળથી તબિયતને કારણે સરકારે ગાંધીજીને છોડી મૂક્યા. ગાંધીજીએ બહાર આવ્યા પછી સર-કાર સાથેનો એમનો બધો પત્રવ્યવહાર બહાર પાડ્યો એથી સરકારની બધી બાજી પ્રજાઓ સમક્ષ ખુલ્લી પડી ગઈ.

આજે દેશનું રાજ્યતંત્ર પ્રજાના ચૂંટેલા માણસોથી નહિ પણ પગાર-દાર નોકરોથી ચાલે છે. આથી દેશમાં લાંચરૂશ્વત, કાળાં બજાર અને અની-તિનો અખાડો ખોલાયો છે. બંગાળમાં

લાખો લોકો અન્ન વિના ભૂખમરાથી મરી ગયા. આ સમાચારથી દેશ પરદેશમાં હાહાકાર વર્તી ગયો. સાનફ્રાન્સિસ્કો પરિષદમાં બ્રિટનને હિંદમાં ચાલતા અંધેર રાજ્ય માટે સંભળાવનારા મળ્યાં. હિંદી સરકાર પણ આ અંધેર રાજની આફતમાંથી ઉગરવા માગતી હતી. એને જાપાન સાથે હજુ યુદ્ધ કરવાનું બાકી છે.

એટલે યુરોપનું યુદ્ધ થાળે પડતાં સરકારે તક ઝડપી વાઇસરોય લોર્ડ વેવેલ લંડન જઈ આવ્યા અને એક સાંજે જાહેરાત બહાર પાડી કે હવે બહુ થઈ ગઈ. તમારી પણ ભૂલ હતી, અમારી પણ ભૂલ હતી. ગઈ ગુજરી આપણે સૌ ભૂલી જઈએ. ચલો આપણે સમાધાન કરીએ ને તાત્કાલિક પ્રજાકીય સરકાર રચીએ. આજ સુધી નાણાખાતું અને પરદેશખાતું અમે અમારા હાથમાં રાખતા એ હવે હિંદીઓના હાથમાં આપીશું.

જેલમાં સડવી મારવા હતા એ સરદાર વલ્લભભાઈ, અને જવાહરલાલ તો કહેતા જ રહ્યા કે ૯મી તારીખના ઠરાવમાંથી કાનોમાત્રા પણ પાછો ખેંચાશે નહિ. એ તો બહાનાનું વાક્ય છે. એમ છતાં સરકારે કોન્ગ્રેસ કારોબારીના બધા સભ્યોને છોડી મૂક્યા, અને વાઇસરોય સાહેબે કોંગ્રેસ તથા બીજા પક્ષોના ૨૨ આગેવાનોની સિમલામાં ગઇ તા. ૨૫મીએ એક પરિષદ બોલાવી. હવે પછીનો રાજ્ય વહિવટ કોના હાથમાં સોંપવો એની આજે આ સિમલા પરિષદમાં ચર્ચાઓ ચાલે છે.

કોન્ગ્રેસ કારોબારી સમિતિના સભ્યોએ બહાર આવીને દેશ અને દુનિયાની પરિસ્થિતિ જોઈ લીધી હવે પરદેશી આક્રમણનો ભય હિંદ માથે રહ્યો નથી. બીજી બાજુથી ચાલુ અમલ તળે પ્રજા રહેંસઈ રહી છે. એના સ્વાતંત્ર્યનો જુસ્સો હણાઈ રહ્યો છે એને રાહત આપવી હોય, સ્વાતંત્ર્યનો જુસ્સો ફરી સજીવ કરવો હોય તો રાજતંત્ર પ્રજાના હાથમાં આપવું જોઈએ. જરૂર એમાં સ્વમાન તો સચવાવું જ જોઈએ. સરકારનું બદલાયેલું વલણ જોઈ ને કોન્ગ્રેસે પરિષદમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો અને ઉદારતા બતાવીને તંત્ર ફક્ત કોંગ્રેસના હાથમાં જ નહિ પણ પ્રજાના બધા પક્ષોના હાથમાં આવે એવું વલણ દાખવ્યું ને કોન્ગ્રેસ પ્રમુખ મૌલાના આઝાદ તથા ગાંધીજીના આ ઉદાર અને ઉમદા વલણ સાથે બધા પક્ષો સરકાર સુદ્ધાં સંમત થયાં છે. કોન્ગ્રેસ એક રાષ્ટ્રીય સંસ્થા છે એ કોન્ગ્રેસનો દાવો વાઇસરોયને પણ કબૂલ રાખવો પડયો છે.

પણ આ પરિષદમાં એક મુશ્કેલી ઊભી થઈ છે. હિંદના સમસ્ત મુસ્લિમોની પ્રતિનિધિ ફક્ત મુસ્લિમ લીગજ હોવી જોઈએ એમ જનાબ ઝીણાનું કહેવું છે જ્યારે બીજા ઘણાં મુસ્લિમ પક્ષો આ વાતનો ઈન્કાર કરે છે. એમણે વાઇસરોયને આ સામે વિરોધ બતાવતા તારો કર્યા છે કે લિગ લિગીમુસ્લિમોનું પ્રતિનિધિત્વ ધરાવી શકે, બધા મુસ્લિમોનું નહિ. વાઇસરોય સાહેબ આ વિરોધને નકારી શકે એમ નથી. પણ જનાબ ઝીણા કહે છે કે અમે મોકલીએ એ સિવાય મુસ્લિમોનો બીજો કોઈ પ્રતિનિધિ વાઇસરોયની કારોબારીમાં નહિ આવવો જોઈએ. આ લોચો પડયો છે. બધા પક્ષો એક મત થયા છે. ફક્ત લિગનો વાંધો ઊભો છે. નિર્ણય આપવાની સત્તા વાઇસરોયે પોતાના હાથમાં રાખી છે. હવે એ શું નિર્ણય કરે છે એ જોવાનું રહે છે

પંદર દિવસની મોકુફી પછી આ પરિષદ ફરી આજે મળવાની છે એ ઉપરથી નિર્ણય થઈ જશે વાઇસરોય સાહેબની દાનત પણ પરખાઈ જશે.

તા ૧૪-૭-૪૫

૬

સ્વર્ગસ્થ મહાદેવભાઈનું સ્મારક

ગઇ લડત વખતે રાષ્ટ્રયજ્ઞનું પહેલું બલિ સ્વ૰ મહાદેવભાઈ બન્યા. તા. ૯મી ઓગષ્ટે બધાને પકડી ગયા અને ૧૫મી ઓગષ્ટે તો એમણે આગાખાન મહેલમાં દેહત્યાગ કર્યો.

મહાદેવભાઈ એટલે પૂજ્ય ગાંધીજીના હાથ પગ. છેલ્લા પચ્ચીસ વર્ષથી એમણે પોતાની જાતને અને કુટુમ્બને ગાંધીજીના ચરણમાં અર્પણ કર્યાં હતાં.

ગાંધીજીની સેવા કરતાં કરતાં એમણે દેશની સેવા કરી, કેમકે એ એક લેખક, વિદ્વાન અને ત્યાગમૂર્તિ દેશસેવક હતા. મહાદેવભાઈ ન હોત તો ગાંધીજી વિષે આપણે આજે જાણીએ છીએ એટલું કદાચ ન જાણી શકયા હોત. તેઓ ગાંધીજીના અનન્ય ભક્ત, પ્રિય શિષ્ય, સાચાં મિત્ર અને એક પુત્ર જેવા હતા. આજે પણ મહાદેવભાઈની ખોટ કોઈ પૂરી શકયું નથી. એમના મરણ બાદ ગાંધીજીએ એક નાના વાકયમાં મહાદેવભાઈ વિષે બધું કહી નાખ્યું કે 'એ તો યોગી હતો.'

આવા પવિત્ર પુરુષના સ્મારક માટે ગુજરાતે ૨૫ લાખનું સ્મારકફંડ કરવાનું વિચાર્યું છે એમાંના ૧૫ લાખ મુંબઈ આપવાનું છે અને ૧૦ લાખ ગુજરાતે એકઠા કરવાનાં છે.

મહાદેવભાઈ સાચા સેવક હતા એટલે ગુજરાતની સેવા કરી શકે એવા સેવકો તૈયાર કરવામાં જ આ ફંડ વાપરવું એવી આ સ્મારકની યોજના છે.

આજે ૧૫મી જુલાઈ છે આવતા મહિનાની ૧૫મી તારીખે સ્વ. મહાદેવભાઈની ત્રીજી સંવત્સરી ઉજવાશે આ એક મહિનામાં આ ફાળો ઉઘરાવી લેવાનો છે

સ્વર્ગસ્થ પ્રત્યેનું ઋણ અદા કરવું એ દરેક ગુજરાતીની ફરજ છે. સ્વાતંત્ર્ય યજ્ઞના પ્રથમ બલિના સ્મૃતિચિહ્ન તરીકે પણ આપણે એ ફાળામાં કાંઈક ને કાંઈક આપી છૂટવું જોઈએ

છાપેલી પાવતી બુકો આવી ગઈ છે. પોતાનો ફાળો આપીને સ્વ. મહાદેવભાઈની છબીવાળી અને અ. વિ. ઠક્કરની સહીવાળી પાવતી લેતા જજો.

આવા દરેક પ્રસંગે આપણા ગામને શોભે એ રીતે આપણે યથાશક્તિ આપણો ફાળો આપતા આવ્યા છીએ. આ વખતે પણ એ જ રીતે આપી છૂટીશું એવી મને ખાત્રી છે.

તા ૧૫-૭-૪૫

૭

સિમલા પરિષદ નિષ્ફળ કેમ ગઈ?

સિમલા પરિષદનું વાતાવરણ એટલી હદે ચોખ્ખું થઈ ગયું હતું કે હવે એની સહી જ બાકી રહી હતી આમંત્રણ અપાયું હતું એ બધા પક્ષોએ વાઈસરોય સાહેબે રજુ કરેલા ચારેય મુદ્દાઓનો સ્વીકાર કર્યો હતો. કારોબારીના નામો સંબંધી પણ બધા પક્ષોએ સારી ઉદારતા બતાવી ગણાય. પ્રજા પરિષદની સફળતા માટે એકીટસે રાહ જોઈ રહી હતી પણ લીગ પક્ષે એમાં લોચો નાખ્યો અને પોતાનો કક્કો જ ખરો કરાવવાનો આગ્રહ રાખ્યો. ખૂદ વાઈસરોય સાહેબ એની સાથે સંમત ન થઈ શક્યા પણ આ દેખીતા અન્યાય વિરુદ્ધ ચુકાદો આપવાની એ હિંમત ન બતાવી શક્યા એમની આ નબળાઈને કારણે એમણે કારોબારીના નામો જાહેર ન કર્યાં પણ પરિષદને નિષ્ફળ ઠરાવીને પૂરી થયેલી જાહેર કરી.

દુનિયાના કોઈ દેશમાં બધા જ પક્ષો બધી બાબતોમાં એકમત થયા હોય એવો આજસુધી અનુભવ નથી આવે વખતે કોઈ રચનાનું કાર્ય અટકાવતું નથી, પણ બહુમત જોઈને એ પ્રમાણે કામ આગળ ધપાવે છે.

આપણા દેશમાં એક જ માણસની જીદ આખા દેશનું કામ થંભાવી શકે છે આવું કેમ? આપણી સરકાર પરદેશી છે. એની નીતિ જ બંનેને લડતા રાખીને પોતાની સત્તા કાયમ રાખવાની છે. આથી જ આપણા આગેવાનો કહે છે કે આ ત્રીજો પક્ષ જવો જોઈએ

ગમે તેમ હો પણ આ પ્રસંગથી કોંગ્રેસની આબરૂ વધી છે, દેશ અને દુનિયાની સહાનુભૂતિ એના તરફ વધી છે અને એની રાષ્ટ્રીયતા ફરી એક વધુ વાર પૂરવાર થઈ છે.

તા ૧૬-૭-૪૫

'હિંસા કે અહિંસા, વધુ મહત્ત્વની વાત તો એ છે કે કોઈ સત્તાની લાતો ખાવા કરતાં લોકોએ પોતાની હિંમત બતાવવી જોઈએ. જો બ્રિટિશ સરકાર આપણી ઉપર ફરી વાર હુમલો કરશે તો એનો સામનો થશે, અને જો કોઈ માણસ ઉપર એ હુમલો થશે એ એનો સામનો કરશે એ સામનો કરનારા દસ હોય કે હજાર. કદાચ ઘણા એ હુમલા આગળ નમી પણ પડે પણ આ જાતની વર્તણૂકને તાબે થાય એ રાષ્ટ્ર મરેલું સમજવું. હું નથી ઈચ્છતો કે મારા દેશની પ્રજા મરેલી હોય માટે જ જો એવો હુમલો થાય તો એનો સામનો થવો જ જોઈએ'

પંડિત જવાહરલાલ નેહરુ

અલકું ને શરકું

(પંજાબની લોકકથા)

નિરંજન વર્મા : જયમલ પરમાર

ગતાંકથી ચાલુ

અલપુને થયું કે આ ધુતારાઓને તો સ્વાદ ચખાડી દીધો હવે પેલા જમીનદારની ખબર કાઢું.

તેણે જૂનાંપાનાં લૂગડાં પહેરી લીધાં અને ચાકરનો વેશ લઇને જમીનદારને ગામ આવ્યો. આવીને જમીનદારના ઘર પાસે દયામણા અવાજે બોલવા લાગ્યો : 'કોઈ નોકર રાખો રે નોકર.'

એ સાંભળીને જમીનદાર બહાર આવ્યો અને બોલ્યો : 'નોકર તો રાખું, પણ એક શરત.'

અલપુ કહે: 'કહોને ?'

જમીનદાર કહે: 'કામ કરતાં ખિજાઈ જા તો તારી આંખ લઉં અને હું ખિજાઉં તો મારી આંખ દઉં. સો જણ આંખ્યુ મૂકીને ગયા છે, તું વળી એક વધારે.'

અલપુ કહે : 'ઓહો, આમાં શું ? કામ કહોને !'

જમીનદાર કહે : 'રોજ છ એકર ખેતર, ખેતરને ચારે ખૂણે વાડ કરવી, મારે માટે શિકાર કરી આવવો, ઘોડી માટે ઘાસ અને રાંધવા માટે લાકડાં લઈ આવવાં. સાંજે મારી રસોઇ કરવી.'

અલપુ કહે : 'કબૂલ છે સાહેબ.'

બીજે દિવસે વહેલી સવારમાં હળ અને બળદ લઈને અલપુ ખેતરે ઊપડયો. તેણે એક એક એકરમાં હળનો એક એક ચાસ પાડયો અને ખેતરને ચાર ખૂણે થોડીથોડી વાડ કરી નાખી ! એ પછી બળદને બાવળે બાંધી લંબાવીને સૂતો.

બપોર થયા કે કાણી ભતવારી ભાત લઇને આવી. ગાંઠો પર ગાંઠો બાંધેલ ભાત આપીને કહે : 'જમીનદાર સાહેબે કહ્યું છે કે ગાંઠ છોડ્યા વગર રોટલા ખાઇ લેજે.'

અલપુએ ભાત હાથમાં લીધું. ગાંઠ છોડ્યા વગર ભતાણું હેઠેથી કાપી નાખ્યું અને રોટલા કાઢી ખાવા લાગ્યો. ખાતાં ખાતાં સામે જુએ તો ભતવારી સાથે જમીનદારની વહાલી કાળવી કૂતરી આવેલી. તેણે થોડોક રોટલો સાચવી રાખ્યો.

ભતવારી પાછી ચાલી કે અલપુએ કૂતરીને રોટલો નાખ્યો. કૂતરી રોટલો ખાવા લાગી કે અલપુએ એને પકડીને બાંધી રાખી.

સાંજ પડી એટલે કૂતરીને મારી લૂગડામાં એનું માંસ બાંધ્યું. ઘોડા માટે અડખેપડખેથી કોળી જેટલું ઘાસ લઈ લીધું. રાંધવાનાં લાકડાં માટે હળના કટકા કરી, ખભે નાખીને એ ઘેર આવ્યો.

ઘેર પહોંચ્યો એટલે જમીનદાર કહે: 'છએ એકર ખેતર ખેડયાં ?'

અલપુ કહે 'હા સાહેબ.'

જમીનદાર કહે: 'ખેતરને ચારે ખૂણે વાડ કરી ?'

અલપુ કહે : 'હા સાહેબ.'

જમીનદાર કહે: 'મારે ખાવા માટે શિકાર કરતો આવ્યો.'

અલપુ કહે: 'હા સાહેબ.'

જમીનદાર કહે : 'અને ઘોડી માટે ઘાસ તથા રાંધવા માટે લાકડાં લેતો આવ્યો ?'

અલપુ કહે : 'સાહેબ.'

જમીનદાર કહે : 'મારે માટે હમણાં ને હમણાં રાંધી નાખ.'

તરત અલપુએ કૂતરીનું માંસ છોડી જમીનદાર માટે ગોસ્ત રાંધી દીધું. જમીનદાર જમવા બેઠો અને હંમેશની ટેવ મુજબ ખાતાં ખાતાં પોતાની વહાલી કૂતરીને બોલાવવા લાગ્યો : 'કાળવી, કાળવી, આવ, આવ.'

અલપુ કહે. 'સાહેબ, હવે કાળવી કેમ આવે? એને તો તમે બેઠા બેઠા ખાઓ છો. મેં એને મારીને તમારે માટે રસોઈ કરી.'

પોતાની વહાલી કૂતરીને મારી નાખેલી જોઈ ને જમીનદાર બરાડી ઊઠયોઃ 'હરામી, મારી કૂતરીને તેં મારી નાખી?'

અલપુ કહે: 'સાહેબ, તમે ખિજાઈ ગયા કે? આપણી શરત તૂટી.'

જમીનદાર ટાઢા પડીને કહે: 'ના, ના, હું ખિજાયો નથી, પણ કાળવીનો કાંઇ શિકાર કરાય, એમ તને કહું છું.'

અલપુ કહે: 'તમે મને કયાં ના પાડી હતી? હવેથી કાળવીનો શિકાર નહિ કરું.'

જમીનદારે કાળવીનું ગોસ્ત ફેંકી દીધું અને અલપુને કહ્યું: 'મારે માટે થોડીક કઢી કરી નાખ પણ એમાં એક બે લવીંગ નાખવાનું ન ભૂલતો.'

તરત અલપુએ ચૂલે કઢી મૂકી અને કૂવા કાંઠે જઇને બે દેડકા પકડી આવ્યો. એક દેડકો કઢીમાં નાખ્યો અને એક દેડકો ખિસ્સામાં રાખ્યો. કઢી તૈયાર થઇ એટલે જમીનદાર જમવા બેઠો. કઢી ચાખતાં અંદર લવીંગની વાસ ન આવી એટલે જમીનદાર કહે: 'આમાં એકાદ-બે લવીંગ નાખ્યાં હતાં?'

અલપુ કહે: 'એક લવીંગ નાખ્યું હતું. બરાબર વાસ ન આવતી હોય તો આ રહ્યું બીજું લવીંગ.'

આમ કહીને એણે ખિસ્સામાંથી દેડકો કાઢીને થાળીમાં મૂકયો. દેડકાને જોઈને જમીનદાર બરાડયો: 'હરામી, આ દેડકો તેં કઢીમાં નાખ્યો છે?'

અલપુ કહે: 'તમે ખિજાઈ ગયા કે? તો આપણી શરત તૂટી.'

શાંત થઈ ને જમીનદાર કહે: 'ખિજાયો તો નથી. પણ હું તને કહું છું કે કઢીમાં કાંઈ દેડકો નખાય?'

અલપુ કહે:. 'સાહેબ, અમે તો અમારા દેશમાં આને જ લવીંગ કહીએ છીએ. તમે એને દેડકો કહેતા હશો એની મને શી ખબર?'

જમીનદારે બોલ્યા ચાલ્યા વગર કઢી ફેંકી દીધી અને ખાધાપીધા વગર સૂઈ ગયો.

બીજે દિવસે જમીનદાર કહે: 'આજથી તારે મારે માટે રસોઇ નથી કરવાની. ખેડ કર તો ય બસ છે. બળદ લઈ ને ખેતરે ઊપડ.'

અલપુ કહે: 'પણ હળ તો નથી. એકલા બળદને ખેતરે લઇ જઇને શું કરું?'

જમીનદાર કહે: 'તને નવુંનકોર હળ કાલે જ આપ્યું હતું ને?'

અલપુ કહે: 'એને ભાંગીને તો મેં લાકડાં કર્યાં અને કાલે રસોઈ કરી.'

તરત જમીનદાર બરાડયોઃ 'મૂરખા, હળ ભાંગીને એનાં લાકડાં કરાય?'

અલપુ કહે: 'સાહેબ, ખિજાઈ ગયા કે? તો આપણી શરત તૂટી.'

શાંત થઇને જમીનદાર કહે: 'ના, ના, ખિજાયો નથી. આ તો તને સમજાવતો હતો કે હળનાં કાંઈ લાકડાં કરાય?'

અલપુ કહે: 'તો પહેલેથી કહેવું હતું ને? હવેથી ભૂલ નહિ કરું.'

જમીનદારે સુતારને ત્યાં બીજું હળ કરવા નાખ્યું. હળ તૈયાર થતાં બે દિવસ ગયા. ત્યાં સુધી અલપુએ આંટા માર્યા. ત્રીજે દિવસે હળ લઇને ખેતરે ગયો. ખેતરમાં એકરે એકરે એક ચાસ પાડી, ચાર ખૂણે ઓરડીના ચાર ગાળિયા નાખી દીધા અને બળદને બાવળે બાંધીને સૂઈ ગયો.

બપોરે જમીનદાર ખેતરે આવ્યો. જુએ તો અલપુ પડ્યો ઘોરે છે. અલપુને જગાડીને કહે: 'એલા, મેં તને ખેતર ખેડવા મોકલ્યો છે કે ઘોરવા?'

અલપુ કહે: 'પણ સાહેબ, ખેતર ખેડી લીધા પછીયે જરા આડો ન પડું?'

જમીનદાર કહે: 'આમાં ખેતર તેં ક્યાં ખેડ્યું છે અને વાડ પણ ક્યાં કરી છે?'

અલપુ કહે: 'તમે કહેલું કે છયે એકર ખેડી નાખજે અને ચારે ખૂણે વાડ કરજે. જુઓ, છયે એકરમાં ચાસ છે કે નહિ? અને ચારે ખૂણે બોરડીના ગાળિયાની વાડ કરી છે કે નહિ?'

ખિજાઈને જમીનદાર કહે 'હરામી, મારે તારી ખેડ જોઈતી જ નથી. તારે ઘેર હમણાં ને હમણાં રવાના થા.'

અલપુ કહે: 'સાહેબ, ઘેર ખાવા હોત તો તમારી પાસે આવત જ શું કામ? તમે ખિજાઈને મને કાઢી મૂકો છો માટે લાવો તમારી આંખ એટલે ચાલતો થાઉં.'

ઠંડા પડીને જમીનદાર કહે:' ના ભાઈ, હું કાંઇ ખિજાયો નથી. હું તો તને સમજાવતો હતો કે આમ તે કામ કરાય?'

જમીનદાર વિચારમાં પડી ગયો કે અત્યાર સુધી તો કેટલાયે નોકરોની આંખો ખેંચી કાઢી પણ આ માથાનો મળ્યો. આનાથી છૂટવું યે કેમ? બીજે દિવસથી તેણે અલપુને ખેતરે જવાની ના પાડી દીધી. અલપુ લહેરથી આંટા મારવા લાગ્યો અને દિવસો આનંદમાં વિતાવવા લાગ્યો.

થોડા દિવસ થયા ત્યાં જમીનદાર તેની વહુને તેડી લાવવા ઘોડે ચડીને તેને સાસરે ઊપડ્યો. સાથે નોકર તરીકે અલપુને લઇ લીધો.

ચાલતાં ચાલતાં અર્ધે રસ્તે એક ગામે પહોંચ્યા ત્યાં રાત પડી. ગામ બહાર જ એક ઝાડ નીચે જમીનદારે પડાવ નાખ્યો. ઘોડીને ઝાડને થડે બાંધી અને જમીનદાર ઘોરવા લાગ્યો.

અલપુએ આસપાસ નજર ફેરવી ત્યાં એક વણઝારાની વણઝાર ઊતરેલી. તરત એના મનમાં એક તરકીબ ચમકી અને તે વણઝારા પાસે પહોંચ્યો. જઇને કહે: 'એક રાત માટે આંકેલો સાંઢ આપો તો મારા શેઠની નવલખી ઘોડી આપું અને સવારે સાંઢ પાછો અપાવું.' આમ કહી તેણે પોતાની તરકીબ રજૂ કરી. તરકીબ સાંભળીને વણઝારા હસી પડ્યા. તરત તેમણે જમીમદારની ઘોડી છોડીને સંતાડી દીધી અને તેને ઠેકાણે આંકેલો સાંઢ બાંધી દીધો.

વહેલી સવારે ઊઠીને જમીનદાર કહે, 'એલા, અલપુ, ઘોડી માથે પલાણ નાખ એટલે વહેલા વહેલા ચાલી નીકળીએ.'

અલપુએ થોડીકવારે જવાબ દીધો કે પલાણ નાખી દીધું છે જમીનદાર ઝાડ પાસે ગયો અને દોરી છોડીને જેવો ઘોડી માથે બેસવા ગયો ત્યાં તો ઓ....ક....ધા...એવો બરાડો નાખીને સાંઢે જમીનદારને હેઠો નાખ્યો અને શીંગડે ચડાવવા લાગ્યો. 'વોય બાપરે....' કહેતો માંડ માંડ ઊભો થઇને ભાગી છૂટ્યો અને અલપુને કહે: 'એલા અલપુ, આ તે ઘોડી છે કે સાંઢ?'

અલપુ કહે: 'રાતે તમે જ ઘોડી બાંધી હતી ને સાંઢ ક્યાંથી થઇ જાય? ઘોડી જ હશે.'

ત્યાં તો વણઝારા આવી પહોંચ્યા અને 'આ રહ્યો આપણો સાંઢ અને આ જ લાગે છે ચોર.' કહીને જમીનદારને મારવા કૂટવા લાગ્યા. વણઝારા જમીનદારને માર્યા કરે અને અલપુ ઊભો ઊભો હસ્યા કરે.

માંડમાંડ વણઝારાએ જમીનદારને મૂકયો

એટલે જમીનદાર અલપુને કહે: 'એલા, તું નોકર છો તોયે મને મદદ પણ કરતો નથી!'

અલપુ કહે: 'હું તમારો કામ કરવાનો નોકર સાચો. પણ તમે કોઇનું જનાવર ચોરી આવો પછી હું શું કરું ? ચોર સાથે કાંઇ ચોર થવાય છે!'

વણઝારા કહે: 'આ ચોરને કોરટમાં જ લઈ. જઈએ ત્યાં જ એ ઠેકાણે આવશે.'

જમીનદાર મૂંઝાયો. એને થયું કે મારો નોકર અલપુ પણ વિરુદ્ધમાં સાક્ષી આપશે અને અને મને સને સજા થશે. બિચારો હાથે પગે લાગીને વણઝારાને કહે: 'ભાઈસાબ, લ્યો તમારો આ સાંઢ અને મને છોડો.'

વણઝારા કહે: 'એમ તો કેમ છોડીએ. કોરટ-ને જ બધું પતાવવા દો.'

જમીનદારે ખિસ્સામાંથી દસ રૂપિયા આપ્યા ત્યારે માંડ વણઝારા સમજ્યા અને સાંઢ હાંકીને હસતા હસતા ચાલ્યા ગયા.

જમીનદાર સાસરે ચાલતો ચાલતો જાય તો તો એની આબરૂ શી રહે ? આથી તે પોતાને ગામ પાછો ફર્યો અને બીજી એક ઘોડી લઈને અલપુ સાથે સાસરે ઊપડયો. સાસરાના ગામથી થોડે દૂર રહ્યો એટલે અલપુને કહે: 'તું આગ-ળથી જા અને મારે માટે રસોઇ તૈયાર કરાવી રાખ.

અલપુ ઝપાટાબંધ પહોંચી ગયો અને સમા-ચાર દીધા કે 'મારા જમીનદાર હમણાં આવે છે. એમને સાંજે વહેલુ વાળુ કરવાની ટેવ છે માટે હમણાં જ રાંધી રાખવાનું તેમણે કહેવરાવ્યું છે અને એક બીજી વાત હમણાં તે માંદા છે એટલે હકીમની કરી પાળે છે. શેર મીઠાની રાબ સિવાય બીજું કાંઈ રાંધશો નહિ.'

સાસુએ તો અલપુના કહેવા પ્રમાણે શેર મીઠું નાખીને રાબ તૈયાર કરી. થોડીવારે જમીનદાર આવ્યો એટલે પાટલા ઢાળીને જમવા બેસાડયો. જમીનદારને એકલી રાબ પીરસી અને પડખે અલપુને બધું ખાવા દીધું. જ્યાં જમીનદાર રાબ મોઢામાં નાખે ત્યાં તો ખારી ઊસ જેવી. આ કેમ ખવાય ? પણ ન ખાય તો કયાંક સાસુને સારું ન લાગે તો ? આમ વિચારી કટાણું મોં કરી જમીનદાર રાબ પીવા લાગ્યો. પડખે બેઠો બેઠો અલપુ લહેરથી મીઠા મીઠા ગોસ્તના બટકા ચડાવવા લાગ્યો.

રાત પડી અને જમીનદાર ઉતારે સૂવા ગયો. પડખે જ અલપુની પથારી હતી. પણ અધ-રાત થઈ કે જમીનદારને ઝાડા શરૂ થયા. મીઠાની રાબે બરાબર અસર કરી દીધી. જમીનદાર કહેઃ 'એલા અલપુ, મારે દિશાએ જવું છે. ચાલ ગામ બહાર.'

પથારીમાં પડ્યા અલપુ કહે: 'સો રાખો, અત્યારે તે ગામ બહાર જવાય ! ચોકીદારો ચોર ધારીને બેસારી રાખે તો શું કરીએ ! એ કરતાં એમ કરો. હું તમને એક હાંડલી આપું તેમાં અત્યારે પતાવી લો સવારે હું નાખી આવીશ.'

જમીનદારને ઝાડા થઇ ગયેલા એટલે રાહ જોવાય તેમ ન હતું તરત હાંડલી લઈને દસબાર વખત હાજત પતાવી લીધી.

વહેલી સવારમાં જમીનદાર અલપુને જગાડવા ભાગ્યાં, પણ જવાબ જ કોણ આપે ? જાણે જુગજુગની ઊંઘ ભેગી થઈ હોય તેમ પડયો પડયો નસકોરાં બોલાવવા લાગ્યો. બીજી બાજુ અજવાળું થવા આવ્યું. ઉતારામાં આવી હાંડલી પડી રહે અને સાસરિયાં આવીને જુએ તો આબરૂ શી રહે ! થાકીને જમીનદાર પોતે જ હાંડલી બગલમાં સંતાડીને ગામ બહાર નાખી દેવા ચાલી નીકળ્યો.

[સાંધણુ પાન ૪૦૯]

તુરંગમાં

આ દીવાલ......!
આ દીવાલ જેલની,
અનેક ઊખડેલની
ધૂર્તતા નિવારવા અહીં ખડી ખડી હસેઃ
–સિવાય જુલ્મગાર, કો હસી શકે ન હાસ્ય જે.

રાંગ આ તુરંગની
રિબાવતી, ઝુરાવતી, દમી દમી દબાવતી;
અનેક માણસોની માણસાઇને
મરી જતી નિહાળતી !

ભાવશૂન્ય ભીંત આ–
ભીંતમાં પછીત ને પછીતની પછીતમાં
સમાન્તરે સમાન્તરે અનેક કેદકોટડી.

કેદીઓ જ કેદીઓ.....
ખૂનીઓ, ઝનૂનીઓ, રહસ્યમૂર્તિ તસ્કરો,
વેરઝેર–વૈમનસ્યને વધારનાર, કે
ઘણા ઘણા કરી ગુના, અને ઘણાય બેગુના
થતાં અહીં, ફના ફના.....

આ બધા ય કેદીઓ
શુભ્ર સંસ્કૃતિ તણી
સૂગ સેવનાર શું છે બધા જ એદીઓ !
નશા થકીય બેવડું છકાવનાર હે રૂઆબ !
દે જવાબ : દે જવાબ.....

ગરીબને, ગુલામને, અને, વીરત્વગર્વિલાં
ગૌરવો ય ગોંધતી, મનોરથો મૂઝાવતી
આ જ કેદકોટડી !

દીનથી ય દીનને
હીનથી ય હીનને
ઇન્કિલાબી ફોજના સિપાઇના ખમીરને
જીવતાં દબૂરતી :
ઘાવને વલૂરતી :
ક્રાન્તિ ક્રાન્તિ ઝંખતા કરોડ શ્વાસ રૂંધતી
આ જ કેદકોટડી–આ દીવાલ જેલની !

રંગહીન, રાગહીન કોટ આ તુરંગનો.
વહે હવા મમત્વહીન, માનવત્વ સોરતું.
સૂનમૂન આ બધું નિહાળનાર મૌન તો
ખધું ખધું ડખતું.....!
–શાંતિ યે વિષાદસિક્ત કબ્ર જેવી કારમી..!

શું કામ શાંતિ કારમી ?
કારમી ન હોય શાંતિ કબ્રની–બિહામણી ન આટલી.
કબ્રમાં ય અસ્મિતા, વિષાદ, ઔર વેદના;
પરાક્રમો ય કોઈનાં પ્રભુત્વભદ્ર કોતર્યાં,

એક એક કબ્રની
તખ્તીએ ને તખ્તીએ....
પથ્થરે ને પથ્થરે....
....થરે થરે તવારીખો લખી હશે જ કૈંક ત્યાં.
–કંઇ નહીં ને કૈંક તો હશે જ માનવત્વ ત્યાં–
સ્નેહ ઔર સ્વત્વ ત્યાં–
પૌરુષેય કૈંક તો ઝઝૂમિયું હશે જ ત્યાં....

કબ્ર એ ન કબ્ર, કિન્તુ મંઝીલો મહાનની,
મૃત્યુ એ ન મૃત્યુ, કિન્તુ તર્જ આત્મજ્ઞાનની.
કબ્રની ય ભીતે ભીતે
એક એક ઊર્મિગીત.

—ને, તુરંગ-આકૃતો !
જીવતા જ દાટી દેય, કબ્ર શી કરામતો !
કરે હજાર જખ્મ, ઔર જખ્મ પે મરામતો.
જીવતાં જ જોઈ લેવી કેદમાં કયામતો—
જુલમગાર તોય ના વિમાસતો, વિસામતો ...!

આ દીવાલની બહાર....
પાંખપાંખનો પસા....ર—
વ્યક્તિ વ્યક્તિનો વિકાસ,
માનવીય સંસ્કૃતિ તણો ઉજાસ.

ને દીવાલ-ભીતરે—
આ તુરંગ-ભીતરે !—
માનવત્વનો, અરે, હરેક સ્વત્વનો ય હ્રાસ.
—બધે ય આરપાર અંધ અંધકાર....
આ દીવાલ એક માત્ર અંતરાયઃ અંતરાલ !

આ બધાં ય બંધનો,
આ બધાં ય રૂંધનો,
કલાન્ત કેક ક્રન્દનો,
છન્ન છન્ન સ્પંદનો
—કે, હુશે હતાશ ને પરાસ્તની ફુગારીઓ.
તો વળી અનેક બંડખોરની બડાઈઓ.
કેટલી ય જિન્દગી તણા પ્રદીપ
ક્ષીણ તેજસેરમાં જલ્યા કરંત...જન્મદીપ !
—અર્થહીન આત્મદીપ !

આ બધું ય જેલની
સમાન્તરે સમાન્તરે ખચેલ કોટડી મહીં
અને બીજે કયહીં નહીં.
છતાં ય આજનો સિપાઈ
જેલની સરાઈમાં,
જંગના ઉછંગમાં કે કોઈની ભલાઈમાં,
રાષ્ટ્રની દુહાઈમાં કે જીવની જુદાઈમાં—
એકરાગઃ એકરંગઃ ગાય જંગના અભંગ...
સરફરોશી રાષ્ટ્રકાજઃ—એ જ તાન ને તરંગ

સ્વતંત્રતાની પ્યાસમાં જ રાષ્ટ્રની ઉપાસના
ઉપાસતો ઉપાસતો
આહરે શૂરો સિપાઈ
મોત સાથ વસ્લ ને સિતમની સાથ સાંઈમાંઈ

આ તુરંગ આલીશાનઃ છો રહ્યો હું બંદીવાન
જાગરૂક આત્મભાન ગાય છે સ્વતંત્રગાન.
હોઠ પે રહો સદાય....
—છોને રોમરોમ ગાય....
ભક્તિપૂત, શક્તિપૂત, મુક્તિપૂત રાષ્ટ્રગાન

તુરંગ જેવી જિન્દગી !
ખપી જજે તુરંગમાં....
કે પછી,
નિજાત્મભોગના અનારરંગમાં
હળી જજે, મળી જજે, હસી જજે—
સમર્પણોની સંગમાં..........!

વેણીભાઈ જ. પુરોહિત

વિવિધ દર્શન

લોકશિક્ષણ તાલીમવર્ગ

[ખેડા જિલ્લાના ચાંગા ગામમા શ્રી. બબલભાઇ મહેતાના સંચાલન નીચે લોકશિક્ષણ વર્ગ ઉનાળાની રજાઓમા શરૂ થયેલો એ વર્ગ અનેક રીતે વિશિષ્ટ પ્રકારનો બન્યો હતો. પંદર દિવસના એ વર્ગમા જે દૃષ્ટિ રાખવામા આવી હતી તે દૃષ્ટિ સમજાવવા પૂર્ણાહુતિના પ્રસંગે શ્રી બબલભાઇએ એક નિવેદન કરેલું એમાથી મહત્વનો સાર નીચે આપવામા આવ્યો છે સં.]

આ વર્ગ ચલાવવા પાછળ અમારો જે હેતુ હતો તે મોટે ભાગે સર્યો છે. એ બદલ અમને ખૂબ આનંદ થાય છેઃ પણ સાથે સાથે અમને એ વાતનું પણ ભાન છે કે હજુ આથી તો બીજું ઘણું કરવાનું બાકી રહે છે અમે વિદ્યાર્થીઓમા દેશ માટે પ્રેમ પ્રગટે, એમનામાં બીજાઓ માટે ઘસાવાની ભાવના જાગે, જાતમહેનત પ્રત્યેની એમની સૂગ દૂર થાય તથા વિદ્યાર્થી દશામા જીવન ઘડવા માટે એમને બીજી અનેક સુટેવો પડે એ હેતુથી આ વર્ગ કાઢયો હતો આ દિશા તરફ અમે આ વર્ગમાં આવેલા વિદ્યાર્થીઓની દૃષ્ટિ તો વાળી શકયા છીએ પણ એ સુટેવો વધારે દૃઢ થાય, એમનું જ્ઞાન ઊંડું ને વધારે સમજપૂર્વકનુ થાય, ને એમની રાષ્ટ્રિય ભાવના વધારે બળવાન બને એ માટે હજુ વધારે પ્રયત્નો કરવાની જરૂર છે એમ અમને લાગ્યા જ કરે છે.

આ વર્ગમા કુલ ૮૯ ભાઇઓ આવ્યા છે એમાના ૮૬ વિદ્યાર્થીઓ, એક શિક્ષક અને બે વેપાર કરનાર ભાઇઓ છે આવેલા ભાઇઓમાથી તાલુકા અને ગામ પ્રમાણે નીચેની સંખ્યા ગણાવી શકાય.

કપડવંજ

(૧) કપડવંજ	૩
	૩

નડિયાદ

(૧) નડિયાદ	૮
(૨) પીપલગ	૧
(૩) નરસંડા	૩
(૪) ઉત્તરસંડા	૧
	૧૩

બોરસદ

(૧) બોચાસણ	૨
(૨) સુરકુવા	૧
(૩) રાસ	૧
(૪) ડભાસી	૧
(૫) વડદલા	૩
(૬) પીપળી	૧
	૯

માતર

(૧) લીંબાસી	૩
(૨) ખાધલી	૩
(૩) નવાગામ	૨
(૪) માતર	૧
	૯

મહેમદાવાદ

(૧) મહેમદાવાદ	૪

આણંદ

(૧) વાસદ	૧
(૨) ઓડ	૧
(૩) ગાના	૪
(૪) ઉમરેઠ	૯
(૫) આણંદ	૧
	૧૬

વડોદરા રાજ્ય

(૧) વડોદરા	૫
(૨) ભાદરણ	૩
(૩) શીગરથળી	૧
(૪) બાંધાણી	૪
(૫) સોજીત્રા	૨
(૬) વસો	૧
(૭) ગાડા	૧
(૮) મહેળાવ	૧
(૯) પેટલાદ	૩
(૧૦) ચાંગા	૫
	૨૬

ઇતર

(૧) દાહોદ	૨
(૨) આટ	૧
(૩) જાફરાબાદ	૧
(૪) મુંબઈ	૨
(૫) અમદાવાદ	૨
(૬) કણુતારી	૧
	૯

અભ્યાસની દૃષ્ટિએ જોઈએ તો કોલેજમાં ભણતા ૧૩ ભાઇઓ, અંગ્રેજી સાતમા ધોરણમા ભણતા ૨૪ ભાઈઓ, અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં ભણતા ૧૪ ભાઇઓ તથા એથી નીચેના ધોરણોમા ભણતા ૧૮ ભાઈઓ હતા કોમ વાર ગણીએ તો પાટીદાર ૪૬, વાણિયા ૨૩, બ્રાહ્મણ ૯, કોળી પટેલ ૨, રજપુત ૨, બારોટ ૨, લુહાણા ૧, ભાવસાર ૧, બ્રહ્મક્ષત્રી ૧, સોની ૧, પાટણવાડિયા ૧

આવેલા ૮૯ ભાઇઓમાથી ૬ ભાઈઓ પાચ સાત દિવસ રહીને અંગત કારણેથી છૂટા થઈને ઘેર ગયા છે. હાલમા કુલ ૮૩ ભાઈઓ અહીં છે આવેલા ભાઈઓમાથી ફક્ત ૧૭ વિદ્યાર્થીઓ હોસ્ટેલ કે બોર્ડિંગમા રહેતા અગર રહી આવેલા હોય એવા છે.

આ વર્ગમા સામાન્ય રીતે નીચે જણાવેલી દિનચર્યા રહી છે

- ૫-૩૦ વાગે ઊઠવું,
- ૫-૩૦ થી ૬-૧૫ શૌચ, દાતણપાણી પરવારવું.
- ૬-૧૫ થી ૬-૪૫ પ્રાર્થના, ભજન તથા ટૂંકું પ્રવચન.
- ૬-૪૫ થી ૭-૩૦ કવાયત
- ૭-૩૦ થી ૮—૦ નાસ્તો
- ૮—૦ થી ૮-૩૦ સફાઈ વગેરે નિત્યના કાર્યો
- ૮-૩૦ થી ૯-૩૦ ગામનું કામ (ગામ સફાઈ)
- ૯-૩૦ થી ૧૦-૩૦ સ્નાન.
- ૧૦-૪૫ થી ૧૨-૩૦ બે વ્યાખ્યાન ૫૦, ૫૦ મિનિટના
- ૧૨-૩૦ થી ૨-૩૦ ભોજન તથા આરામ

૨-૩૦ થી ૪-૧૫ બે વ્યાખ્યાન ૫૦, ૫૦ મિનિટનાં
૪-૨૦ થી ૫-૫૦ કાંતણ તથા પૂનાઈ
૫-૫૫ થી ૭-૪૫ રમતો
૮-૧૫ થી ૯-૦ ભોજન
૯-૦ થી ૧૦-૩૦ પ્રાર્થના, ભજન, મનોરંજન, પ્રશ્નોત્તરી વગેરે
૧૦-૩૦ સૂઈ જવું

આ દિનચર્યા પ્રમાણેનો કાર્યક્રમ મોટે ભાગે પાર પડતો. પણ રાત્રે ગામમાં જાહેર વ્યાખ્યાન રાખવામાં આવતાં ત્યારે સહેજે અમારા સૂવામાં વહેલું મોડું થઈ જતું.

પંદર દિવસમાં અમે ગામમાં ચાર જાહેર વ્યાખ્યાનો રાખ્યા હતા અને બે વખત સેનાની સભા ગોઠવી હતી.

આ પંદર દિવસ દરમિયાન વર્ગમાં વિદ્યાર્થીઓને સંબોધવા માટે નીચે જણાવ્યા મહેમાનો આવ્યા હતા અને એમણે નીચે જણાવ્યા વિષય ઉપર વિદ્યાર્થીઓ સાથે વ્યાખ્યાન તથા પ્રશ્નોત્તરીની પદ્ધતિથી વાર્તાલાપ કર્યો હતો.

	વ્યાખ્યાતા	વિષય
તા ૭	શ્રી ગણેશ વાસુદેવ માવળંકર	વિદ્યાર્થીઓની તાલીમ એટલે ચારિત્ર્યનું ઘડતર.
	શ્રી રવિશંકર મહારાજ	વિદ્યાર્થીની તાલીમ એટલે સુટેવો.
તા ૮	શ્રી શિવાભાઈ ગો. પટેલ	ખાદી દ્વારા સેવા. વલ્લભ વિદ્યાલય શું છે?
	શ્રી ચુનીભાઈ શાહ	દેશી રાજ્યોના પ્રશ્નો. અખબારી દુનિયાનાં લાભાલાભ.
તા ૯	શ્રી સુરેન્દ્રજી	જીવનમાં ધર્મનું સ્થાન
	શ્રી બબલભાઈ મહેતા	ગામડાના પ્રશ્નો. વર્ધા યોજના
તા ૧૦ ૧૧	શ્રી જુગતરામ દવે	ગ્રામદૃષ્ટિ આશ્રમજીવન વેડછી આશ્રમ શું છે? વિદ્યાર્થી શી શી સેવા કરી શકે?
તા ૧૨	શ્રી ચંદ્રકાન્ત શાહ	અર્થશાસ્ત્રના મૂળતત્ત્વો હિંદુસ્તાનનું અર્થશાસ્ત્ર હિંદુ-મુસ્લીમ પ્રશ્ન
તા ૧૩	શ્રી ગોવિંદરાવ શાંગવત	આપણા સ્વાતંત્ર્યનો ઇતિહાસ
	શ્રી નગીનદાસ પારેખ	રવીન્દ્રનાથ ઠાકોર અને એમના જીવનનું ઘડતર
તા ૧૪	શ્રી ઇનામદાર	સેવાદળનો ઇતિહાસ તથા સેવાદળની તાલીમની જરૂર
તા ૧૫	બાપાલાલ વૈદ્ય	આપણું આરોગ્ય અને તે સાચવવાના ઉપાયો
તા ૧૬	શ્રી રમણીકલાલ શાહ	વિદ્યાર્થીપ્રવૃત્તિનો ઇતિહાસ તથા એનો હેતુ
તા ૧૭	શ્રી પરીક્ષિતલાલ મજમુદાર	આપણો હરિજનનો પ્રશ્ન
તા. ૧૮	શ્રી બાબુભાઈ જસભાઈ	આપણી સ્થાનિક સંસ્થાઓ આપણી ધારાસભાઓ.
	શ્રી રાવજીભાઈ મણીભાઈ પટેલ	દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી
તા ૧૯	શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક	સહકારી પ્રવૃત્તિના લાભાલાભ કેળવણીમાં ઉદ્યોગનું સ્થાન.
તા ૨૦	શ્રી પુષ્પાબહેન મહેતા	આપણી બહેનોના પ્રશ્નો
	શ્રી વજુભાઈ શાહ	અહિંસક સમાજ રચના એટલે શું?
તા ૨૧	શ્રી મગનભાઈ દેસાઈ	પ્રશ્નોત્તરી

આ ઉપરાંત રોજ સવારની પ્રાર્થના બાદ ચારિત્ર ઘડતર કરવામાં પ્રેરણા મળે તથા થઈ ગયેલા વાર્તાલાપના છેડા મેળવાય એવી વાતો શ્રી બબલભાઈ મહેતા કહેતા.

શ્રી રવિભાઈ પટેલ, શ્રી મોહનભાઈ પટેલ તથા શ્રી પરીક્ષિતભાઈએ રોજ દોઢ કલાક સુધી કવાયત તેમજ રમતગમતની તાલીમ આપી છે.

આ વર્ગમાં રોજ ૪॥ કલાક શરીરશ્રમ પાઠ્ય અપાતા
૪॥ કલાક બુદ્ધિના વિષયો પાઠ્ય અપાતા
૧ કલાક સ્વાધ્યાય પાઠ્ય અપાતો
૪॥ કલાક અંગત કામ પાઠ્ય
૧॥ કલાક સુતર પ્રવૃત્તિઓમાં
૮ કલાક આરામ તથા ઉંઘ
——
૨૪

આ વર્ગમાં આવેલા વિદ્યાર્થીઓમાંથી ૬૫ વિદ્યાર્થીઓ કાંતવાનું જાણતા હતા, ૨૧ ભાઈઓ નવેસરથી શીખ્યા. ૪ ભાઈઓ પૂનાઈ જાણતા હતા, ૨૫ નવેસરથી શીખ્યા. ૧૫ દિવસ દરમિયાન આ વિદ્યાર્થીઓએ ૩૬૬૧૯૮ વાર સુતર કાંત્યું. રોજના સરેરાશ કાંતનારની સંખ્યા ૬૪ હતી અને રોજનું સરેરાશ ૩૮૧ વાર સુતર દરેક જણે કાંત્યું.

ઈતર પ્રવૃત્તિમાં સૂરતથી ૧૮૦ પુસ્તકોનું એક પુસ્તકાલય રાખવામાં આવ્યું હતું. એમાંથી ૫૮ પુસ્તકો વંચાયા અને ૭૦ ભાઈઓએ પુસ્તકો વાંચ્યા.

એ ઉપરાંત સારાં સારાં પુસ્તકો વેચવા માટે પણ રાખ્યાં હતાં કુલ રૂ ૧૭૫-૫-૬ ના પુસ્તકો આ ૫૨ દિવસ દરમિયાન વેચાયાં એ ઉપરાંત રેંટિયા પૂણી વગેરે બીજો સરંજામ રૂ ૮૫-૫-૬નો વેચાયો હતો

વર્ગ દરમિયાન ગામડું નામનું એક દૈનિક નીકળતું એમાં વિદ્યાર્થીઓને કંઇને કંઇ માર્ગદર્શન મળી રહે, સૂચન, સમાચાર મળી રહે તથા પ્રેરણા મળે એવા લખાણો આવતા. આ દૈનિકના કુલ ૧૨ અંક નીકળ્યા છે અને વિદ્યાર્થીઓ એનો ઉપયોગ ઉત્સાહપૂર્વક કરતા અને કેટલાક એમાંથી નોંધો પણ કરી લીધી છે

આ વર્ગ દરમિયાન બે પ્રદર્શનો પણ યોજ્યાં હતાં એક ઉદ્ઘાટન પ્રસંગે ખેડા જિલ્લાની માહિતી આપતું પ્રદર્શન તથા બીજું પૂર્ણાહૂતિ પ્રસંગે આરોગ્ય અંગેના આલેખો તથા સચોટ આંકડાઓ આપતું પ્રદર્શન આ પ્રદર્શનમાં આવેલા નમુનાઓ આપવા માટે થામણા રાષ્ટ્રિય ગ્રામશાળાના મુખ્ય શિક્ષકનો તથા નડિયાદના શ્રી નટુભાઈએ જાતે આવીને એમના નમૂનાઓ વડે આરોગ્ય પ્રદર્શન ગોઠવી આપ્યું એ બદલ એમનો અમે આભાર માનીએ છીએ

આ વર્ગમાં કુલ ૨૮ ગીતો તથા ભજનો ગાઇ બતાવીને શિખવવામાં આવ્યાં એ ઉપરાંત પ્રાર્થના તથા બીજા પ્રસંગોએ વિવિધ ગાયનો સાંભળવાની તક તો અમને મળતી જ

અમે અહીં રહ્યા એ દરમિયાન શિબિરની સફાઇ બરાબર રહે એ માટે અમે પૂરતી કાળજી રાખતા એમાં અમારી સગવડ તો સચવાતી જ પણ સાથે સાથે વિદ્યાર્થીઓ તથા ગામલોકોમાં પણ આ વાતનો શેપ ફેલાય એમ અમારી ઈચ્છા હતી વિદ્યાર્થીઓ એ જાતની સફાઈ તરફ આકર્ષાયા છે એ તો અમારા અનુભવની વાત છે ગામલોકો એથી કેટલા આકર્ષાયા છે એ તો આજે કહી શકાય નહિ

આ વર્ગમાંથી જતા પહેલાં હવે પછી વિદ્યાર્થીઓ ઘેર જઈને પોતાના જીવનમાં કંઇ જાતના ફેરફારો કરશે, એ વિષેના મારા ઉપર આશરે પચાસેક પત્રો આવ્યા છે એનો સાર તારવું તો નીચે જણાવેલા વાક્યમાં આપી શકાય

(૧) અમે વધારે સ્વચ્છતા સાચવવા પ્રયત્ન કરીશું

(૨) અમે નિયમિત થવા પ્રયત્ન કરીશું.

(૩) અમે નિયમિત ઇતર વાચન કરીશું

(૪) અમે ઘરના કામમાં માબાપને મદદ કરીશું

(૫) અમે કાંઈક ને કાંઇક સેવાના કાર્યો કરીશું

(૬) અમે સત્ય બોલીશું

(૭) અમે નિયમિત કાંતીશું

(૮) અમે નિયમિત કસરત કરીશું

(૯) અમે અહીં આવ્યા તેથી જ દેશના આટલા બધા પ્રશ્નો સમજ્યા છીએ આવા વર્ગમાં ન આવ્યા હોત તો અમારો ઘણો અભ્યાસ અધૂરો રહી જાત અને પરવાત

(૧૦) અમે અભ્યાસ પૂરો કર્યા પછી કોઇને કોઇ ગ્રામસેવા કાર્યમાં પડીશું

આ બધું જોતા આવા વર્ગો વિષે આશા બેસે છે અહીં આવેલા વિદ્યાર્થીઓએ આ ૫૨ દિવસમાં જે સલાહ સૂચનોથી અને ઉત્સાહથી વર્ગનું કામ સરળ બનાવ્યું છે એ માટે હું એમને ધન્યવાદ આપું છું પણ સાથે સાથે એ આશા રાખું છું કે જે રસ્તે એ વળ્યા છે એ રસ્તે એ આગળ અને આગળ વધતા જશે વિદ્યાર્થીઓ એમના ચારિત્રને ઘડે, સુંદર ટેવો પાડે અને સમાજ સેવાના પ્રશ્નોનો સમભાવપૂર્વક અભ્યાસ કરે તો એમાંથી જ એ આપણા દેશના આધારરૂપ નાગરિકો બનવાના છે એ જે કોઇ ક્ષેત્રમાં પડશે એ ક્ષેત્રને ઉજાળી મૂકશે એના દરેક કામમાં રાષ્ટ્રિયતાની ફોરમ આવશે એની દરેક પ્રવૃત્તિમાં ગરીબો પ્રત્યેની દાઝ તરવરી આવશે અને પ્રસંગ આવ્યે આપણા દેશની આઝાદી મેળવવા માટે સર્વસ્વનું બલિદાન આપવામાં પણ પાછા નહિ પડે

પણ અત્યાર સુધીના ચાર વર્ગોના અનુભવો ઉપરથી અમે કેટલાક તારણો કાઢ્યા છે તે આ પ્રસંગે રજુ કરીએ છીએ વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ અને ગ્રામજનતા પ્રત્યેની હમદર્દી વધતા જાય છે એ પ્રશ્નોમાં એમને રસ પડતો થયો છે અને કાંઈક કરવાની તમન્ના પણ જાગૃત થઈ છે આપણા ગુજરાતમાં આ વર્ષે આટલા બધા વર્ગો નીકળ્યા છે એ એની નિશાનીરૂપ ગણાય, પણ મને લાગે છે કે વિદ્યાર્થીઓના ચારિત્ર્યનું ખરું ઘડતર કાંઇ પાંચ પંદર દિવસના વર્ગથી ન થઇ જાય એ માટે તો ગામેગામ સુંદર અભ્યાસગૃહો શરૂ થવા જોઇએ અને એ અભ્યાસગૃહનું સંચાલન કરી શકે એવા ભાવનાશીલ અને અનુભવી કાર્યકર્તાઓએ એ કામ લઈને બેસી જવું જોઇએ આખા ગામના નવજુવાન વર્ગે ક્યા ચીલે ચાલવું જોઇએ એનું માર્ગદર્શન આ ગામડાના વિદ્યાધામમાંથી મળવું જોઈએ, ગામડાનું આવું અભ્યાસગૃહ શહેરોમાં ચાલતા કોઇક આદર્શ છાત્રાલયની ગરજ પૂરી પાડી શકે આ થયું કાયમનું અને ખરું કામ એમાંથી જ આપણે સાચા અને ચારિત્રશીલ નાગરિકો પેદા કરી શકીશું

પણ આ કામ કાંઇ બધે જ એક સાથે શરૂ થઇ શકવાનું નથી એનો ફેલાવો થતા હજુ વખત લાગશે ત્યાંસુધી આવા તાલીમવર્ગોની પણ અગત્ય છે પણ હવે ઠેર ઠેર વર્ગો નીકળવા લાગ્યા છે એ વખતે આ વર્ગો અંગે કાંઇક ચોક્કસ ધોરણ અને ચોક્કસ અભ્યાસક્રમો પણ નક્કી થવાની જરૂર છે

અમારા અનુભવ ઉપરથી કહી શકું કે આવા વર્ગોમાં સંખ્યા મર્યાદિત કરી દેવી જોઇએ આવનાર વિદ્યાર્થીઓનું ધોરણ પણ નિશ્ચિત કરી દેવું જોઇએ, અને હવે પછીના લો. શિ. વર્ગ માટે બે વરસના અભ્યાસક્રમ અંગેનું એક ખોખું પણ અમે વિચારી રાખ્યું છે એના આધારે પહેલું વર્ષ પૂરું કર્યા પછી બીજા વર્ષમાં જઈ શકાય એવો બે વર્ષનો ક્રમિક અભ્યાસક્રમ ઘડી કાઢવાની કલ્પના છે એ વર્ગની ખાસિયતોમાં કાંઇક આવું હશે વધારે ગ્રામાભિમુખપણું, જાતમહેનત તરફ વધારે ઝોક, રસોઈવિજ્ઞાન તથા જીવનને સ્પર્શતા બીજા પ્રશ્નોનું ઊંડુંજ્ઞાન વગેરે સંખ્યા ઓછી થઈ

જેનાથી વિદ્યાર્થીઓના જીવનમાં વધારે ઓતપ્રોત થવાનો અવકાશ મળશે અને નિશ્ચિત અભ્યાસક્રમ પૂરો કરવા માટે લાયક શિક્ષકો મેળવવામાં આવશે એ વર્ષમાં જીવનની ખાસ તૈયારી કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને જ આમંત્રણ આપવામાં આવશે, પણ આ અંગેની ચોક્કસ વિગત પાછળથી આપી શકાશે

વિદ્યાર્થીમિત્રોને તો હું એટલું જ કહું છું કે આ વર્ષમાં ઘણી ખામીઓ રહી જવા પામી છે તેમ છતાં તમે તેમાં તમારો સંતોષ જાહેર કર્યો છે એ તમારી સાર ગ્રહણ કરવાની વૃત્તિને આભારી છે તમારી એ વૃત્તિને ખીલવો કેમકે એ વૃત્તિમાંથી માણસ આગળ વધી શકે છે તમે અને અમે પંદર દિવસ સાથે રહ્યા છીએ એ પંદર દિવસનું આપણું સગપણ તો કાયમ રહેશે જ હું એટલું ઈચ્છું છું કે આપણો સંબંધ દિનપ્રતિદિન વધારે ગાઢો બને અને તમને એને જણાવવાની તક લઉં છું કે જ્યારે મારી જરૂર પડે ત્યારે નિઃસંકોચ મને મળજો અને પત્રવ્યવહારથી તો કાયમનો સંબંધ રાખશો જ તમે નક્કી કરેલાં કેટલાં કામો પાર પડે છે? એમાં શું વિઘ્નો આવે છે? એમાં તમે ઉત્તરોત્તર શી પ્રગતિ કરતા જાવ છો? એ મને જણાવતા રહેશો તો મને બહુ આનંદ થશે આ વર્ગમાં જેમ મૌખિક વ્યાખ્યાનો થયાં છે એમ કેટલાંક મૂક વ્યાખ્યાનો પણ થયાં છે કેટલાક ભાઈઓએ તમારી સામે આવીને વાણીનો વિલાસ નહિ કર્યો હોય પણ એમના જીવનથી, એમની ફરજ અને સેવાના આચરણથી તમારી સામે એમણે વ્યાખ્યાનો જ આપ્યાં છે તમે જો નજર રાખી હશે તો એમનાં મૂક વ્યાખ્યાનો સાંભળ્યાં હશે એ મૂક વ્યાખ્યાનકાર કેટલી ઉમરનો છે એનો પણ તમારે વિચાર નહિ કરવો એ આ ગામના છે કે પરગામના એનો પણ તમારે વિચાર ન કરવો સંભવ છે કે એ તમારી સાથે બેસનારો પણ હોય

વજુભાઈ મહેતા

રંગુનના ચોખાની આપણને જરૂર છે?

હિન્દુસ્તાનના જુદા જુદા પ્રદેશોમાં આજે કારમો ભૂખમરો છે, ખુરાકદારની ખામી પણ છે એ બન્ને દૃષ્ટિએ ખોરાકસુધારની વાત આપણે હાથમાં લીધી તેમાં જે અનાજ ખાવામાં આવે છે તેને બગાડીને ન ખાતા યોગ્ય સ્વરૂપમાં ખાવામાં આવે તો ખુરાકદારની દૃષ્ટિએ ઘણો ફાયદો થાય, એ દૃષ્ટિથી શરૂઆત થઈ ચોખાને છડીને ખાવાથી તેના પ્રોટિન કેલ્શિયમ તથા જીવનતત્ત્વ બી, બી ૨ જેવા ઉત્તમ ખાદ્ય તત્ત્વો ગુમાવીએ છીએ અને તેથી રોગના ભોગ થઈએ છીએ એ જાતનો પ્રચાર થોડા આગળ કરવામાં આવ્યો સામાન્ય લોકોના ખુરાકદારના અજ્ઞાનને કારણે, પૈસાવાળાઓને બીજી રીતે ખોરાકનાં તત્ત્વો મળી રહેતાં હોવાને કારણે, હાથે ચોખા ખાંડવાની મુશ્કેલીને કારણે, સફેદ ચોખાના દેખાવના મોહને કારણે વગેરે અનેક કારણોસર લોકોએ આ વસ્તુને અપનાવતા વાર લગાડી તેમાંય વળી હાથછડના ચોખા તરફ તો લોકોનું કંઈક આકર્ષણ થયું ખરું પણ તદ્દન કરકરા ખાવા માટે તો ભાગ્યે જ ઉત્સાહ બતાવ્યો હાથછડના ચોખામાં મીલમાં છડેલા ચોખા કરતાં વધારે ખાદ્યતત્ત્વો હોવાનો સંભવ છે ખરો, પણ વ્યવહારમાં એ ફરક બહુ નજીવો રહેવા પામે છે હાથે છડવામાં પણ પ્રમાણ તો મીલના ચોખાને જ માનવામાં આવે છે મીલના ચોખા જેવા બિલકુલ સફેદ ન થાય ત્યાં સુધી છડનારની આંખને સંતોષ નથી થતો એટલે એ કે આજે પણ હિન્દુસ્તાનમાં તૈયાર થતા કુલ ચોખાના ૭૩ ટકા ચોખા હાથછડના તૈયાર થાય છે, પણ તેથી ખાદ્યતત્ત્વોની દૃષ્ટિએ બહુ ફાયદો થાય છે એમ કહી શકાય એમ નથી એ ફાયદો તો કરકરા જ કરી શકે છે અને એ પીછાને કરકરાનો જ આગ્રહ રાખ્યો છે—હાથછડથી એમણે સંતોષ નથી માન્યો

જ્યાં સુધી ખાદ્યતત્ત્વોની દૃષ્ટિથી જ વિચાર કરવામાં આવતો ત્યાંસુધી લોકોએ અને સરકારે એ તરફ ઉપેક્ષાવૃત્તિ રાખેલી પણ યુદ્ધને અંગે બ્રહ્મદેશનો મામલો ઊભો થયો ત્યારે લોકોની—ખાસ કરીને સરકારની આંખ ઊઘડી ને આ પ્રશ્ન તરફ બીજી જ દૃષ્ટિથી જોવાની શરૂઆત થઈ ખાદ્યતત્ત્વો ઉપરાંત ખોરાકના જથ્થાની વાત પણ વિચારાયા લાગી. ચોખાને છડવાથી ખોરાકના જથ્થાના થતા નુકશાનનો ખ્યાલ ખાદ્યતત્ત્વોના નુકસાનની સાથે સાથે થતો ખરો પણ તે ગૌણરૂપે હવે જથ્થાના નુકશાને પ્રધાન સ્થાન લેવા માંડ્યું બ્રહ્મદેશ જાપાનીઓના હાથમાં ગયા પછી થાઇલૅન્ડ, ઇન્ડોચાઈના તથા બ્રહ્મદેશથી હિન્દુસ્તાનમાં આયાત થતા ચોખા અટકી પડ્યા ને ચોખાને વિષે દેશમાં ચિંતા વ્યાપી આ ખોટ કઈ રીતે પૂરી પાડવી? એની દ્વારા ચોખાનું ઉત્પાદન વધારવામાં સરકારની દૃષ્ટિએ તાત્કાલિક દેખાવા લાગ્યા. અને તે માટે તેણે પોતાની ઢબે ખાતાઓ ખોલી પ્રચાર કરવા માંડ્યો.

હવે આપણે દેશની ચોખા વિષેની પરિસ્થિતિ તપાસી લઈએ ઉપલા સરકારી આંકડા પ્રમાણે ૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિન્દુસ્તાનનું ચોખાનું સરાસરી વાર્ષિક ઉત્પન્ન લગભગ ૨,૮૩,૭૭,૦૦૦ ટન હતું તેમાં બહારની કુલ આયાત ૨૦,૭૬,૦૦૦ ટન ઉમેરાતાં એમાંથી બીજ, ઔદ્યોગિક ઉપયોગ, નિકાસ વગેરે માટે બાદ કરતાં ખોરાક માટે ૨,૭૨,૫૨,૦૦૦ ટન ચોખા રહેતા આ હિસાબે બહારના ચોખાની કુલ આયાત હિન્દુસ્તાનના ઉત્પાદનના ૭ ટકાથી સહેજ વધારે થઈ, અને ખોરાક માટે વપરાતા ચોખાને હિસાબે ગણીએ તો લગભગ ૮ ટકા જેટલી થઈ આ ૮ ટકાની આયાત દેખીતી રીતે અને એકાએક બંધ થઈ તેથી આપણે ગભરાયા પણ બીજી રીતે, કાયમ આપણે તેથી ઘણા વધારે ટકા બગાડતા આવ્યા છીએ તે તરફ ગંભીર રીતે કોઈનું ધ્યાન ગયું નથી એ નુકસાન કઈ રીતે અને કેટલું છે તે આપણે જોઈએ

ચોખાને ત્રણ રીતે આપણે બગાડતા આવ્યા છીએ (૧) છડીને, (૨) રાંધતી વખતે ધોઈને તથા ઓસામણ કાઢી દઈને, (૩) ચોખાને સંઘરવા માટે યોગ્ય વ્યવસ્થાના અભાવથી મીલમાં છડવામાં આવે

કે હાથે છડવામાં આવે બન્ને પદ્ધતિમાં ચોખાને ધોળા ફક કરવામાં આવે છે. સરકારી આંકડા બતાવે છે કે એ રીતે છડવામાં ચોખાનું ઓછામાં ઓછું ૮ ટકા જેટલું વજન ઓછું થઇ જાય છે. એટલે ચોખાને છડવાનું જો બંધ કરવામાં આવે ને કદ જ ખાવામાં આવે તો બહારની આયાતનો તો સીધો જ છેદ ઊડી જાય છે. આ થયો માત્ર વજનની દૃષ્ટિએ વિચાર. બાકી ચોખાની રચના જોતાં તેનાં ઉપરનાં પડોમાં તથા અંકુરમાં પ્રોટિન, ફોસ્ફરસ, જીવનતત્ત્વ બી૧, બી૨, વગેરે ખાદ્યતત્ત્વો કેન્દ્રિત થએલાં હોય છે ને વચલા ભાગમાં ફક્ત સ્ટાર્ચ જ રહે છે જેની પોષકદ્રવ્ય તરીકે ઓછામાં ઓછી કિંમત છે. છડવાથી આ બધાં દ્રવ્યોનું નુકશાન થાય છે તે જુદું. છડવાના ખર્ચની દૃષ્ટિએ જો વિચાર કરીએ તો બેવડી હાનિ ખુલ્લી થાય છે.

રાંધતી વખતે ચોખાને ઘસી ઘસીને બે ત્રણ પાણીમાં ધોવામાં આવે છે તથા છૂટા ભાતની ફેશનને લઇને તેને વધારે પાણીમાં રાંધી ઓસામણ કાઢી લેવામાં આવે છે. એક ગણતરી એવી છે કે જેટલું નુકસાન કરીને છડવાથી થાય છે તેથી કદાચ વધારે નુકસાન ચોખાને ધોવાથી ને ઓસામણ ફેંકી દેવાથી થાય છે ઓસામણ ફેંકવાથી થતા નુકસાનના આંકડા નીચે આપ્યા છે. ચોખામાં જેટલાં દ્રવ્યો હોય તેનો કેટલો ભાગ ઓસામણ દ્વારા નીકળી જાય છે તે, એમાં બતાવ્યું છે.

ઓસામણ ફેંકવાથી થતું નુકસાન

પ્રોટિન	૧૦ ટકા
લોહ	૭૫ „
કેલ્સિયમ	૫૦ „
ફોસ્ફરસ	૫૦ „
સ્નિગ્ધ દ્રવ્યો	૫૦ „
કેલોરી (ઉષ્ણતા માપ)	૧૫ „

ઓસામણનો કઢી દાળ વગેરેમાં ઉપયોગ કરવામાં આવે તો તો એકંદરે ઠીક છે પણ બધે એમ થતું નથી. આ નુકસાનમાં ૧૫ ટકા કેલોરીનું નુકસાન ગણાવ્યું છે એનો સીધો અર્થ એ છે કે ૧૫ ટકા જેટલું વજન ઓછું થાય છે.

ત્રીજું નુકસાન ચોખાને સંઘરવામાં થાય છે ભેજવાળી જમીનથી, કીડાણું અને ઉંદરના બગાડથી સરકારી આંકડા પ્રમાણે દર વર્ષે લગભગ ૩૧૭,૦૦૦ ટન એટલે કુલ ચોખાના ૧ ટકા ઉપરાંત ચોખા બગડે છે આનો વિશેષ વિચાર અનાજ સંગ્રહના લેખમાં કરીશું

આ ત્રણે જાતના નુકસાન ભેગાં કરીએ તો કુલ ચોખાના ઓછામાં ઓછ ૧૫ ટકા જેટલું નુકસાન તો જરૂર થાય. હિન્દુસ્તાનમાં સરેરાશ કુલ ૬,૦૦ ૦૦,૦૦૦ ટન અનાજ પેદા થાય છે તેમાં અર્ધાં તો ચોખા જ હોય છે. એટલે ચોખાનું નુકસાન અટકે તો ખોરાકનો કેટલો મોટો બચાવ થાય એ સહેજે સમજી શકાય છે. સરકારે 'વધારે અન્ન પકવો' નો જે પ્રચાર કરવા માંડયો છે તેને પરિણામે સરકારી આંકડા પ્રમાણે દરવર્ષે લગભગ ૮૫૦,૦૦૦ ટન ચોખા વધારે પેદા થાય છે. એટલે કે કુલ વપરાતા ચોખાના લગભગ ૩ ટકા જેટલો વધારો થયો. કયો રસ્તો વધારે અસરકારક કહેવાય ? નુકસાન અટકાવવાનો કે વધારે ચોખા પેદા કરવાનો ? અને છતાં ય સરકારે નુકસાન અટકાવવા માટે જોઈતું ધ્યાન આપ્યું નથી છેક હમણાં હમણાં ચોખાને ઓછા છડવાની તેણે ભલામણ કરી છે. વધારે ચોખા ઉત્પન્ન કરવા તરફ તેણે જેટલું ધ્યાન આપ્યું છે તેથી ઘણું વધારે ધ્યાન ઉત્પન્ન થયેલા ચોખાનું થતુ નુકસાન અટકાવવા તરફ આપવું જોઈએ. સરકાર એ કરે કે ન કરે આપણે જાગૃત થઇ જવું જોઈએ.

જવેરભાઇ પટેલ

માણસને કેમ ઓળખશો ?

૧ ચાલ ઉપરથી : ખભા વાંકા રાખીને ચાલનાર માણસ આત્મસંયમી અને નિશ્ચયી હોય છે.

૨ લાંબાં લાંબાં ડગલાં ભરનાર માણસ દીર્ઘદર્શી અને મીઠા સ્વભાવના હોય છે.

૩ ઝટ ઝટ પગલાં ભરનાર માણસ ચપળ ચાલાક પણ સંકુચિત મનના હોય છે.

૪ ઠસ્સાદાર અને ભારે પગલાં ભરનાર માણસ અભિમાની અને સ્વાર્થી હોય છે.

૫ ડોલતો અને ઝોકા લેતો પગલાં ભરનાર માણસ સ્વભાવે સરલ હોતા નથી, પણ તેઓ જવાબદારી રાખનારા હોય છે.

૬ ખુંધ કાઢીને ચાલનાર માણસોમાં આત્મવિશ્વાસનો અભાવ હોય છે, પણ તેઓ બુદ્ધિમાન હોય છે છતાં લોકોનો પ્રેમ સંપાદન કરી શકતા નથી.

હાથ પરથી : હાથ મોટા હોય તો તે માણસ સ્વભાવે ત્રિગતમાં ઊતરે પણ તેની ક્રિયામાં ઢીલ શ હોય. હાથ ટુંકા હોય તો તે માણસ બહુ વિચાર કર્યા વિના, કામ કરવા મંડી પડશે

આંગળીઓ : લાંબી હોય તો તે માણસ લાગણી પ્રધાન અને સંસ્કારી હોય.

આંગળીઓ ટુંકી હોય તો તે માણસ બુદ્ધિમા જડ અને ખટતલ હોય.

આંગળીઓ નાજુક હોય તો તે માણસ પોતાનો માર્ગ કરી લે એવો હોય.

આંગળીએ કઠણ હોય તો તે માણસ શરમાળ હોય.

આંગળીએ સીધી હોય તો તે શક્તિશાળી હોય.

આંગળીએ વળેલી હોય તો તે માણસ અશક્ત હોય.

આંગળીએ એક સીધી લીટીમાં હોય તો તે માણસ કાર્યદક્ષ હોય

આંગળીઓની શરૂઆત ઊંચીનીચી હોય તો તે માણસ સ્વભાવે ચંચળ હોય.

પહેલી આંગળી ને અંગુઠા વચ્ચે છેટુ વધુ હોય તો તે માણસ સ્વતંત્ર, દઢ અને હઠાગ્રહી હોય.

પહેલી આંગળી ને અંગુઠા વચ્ચે બહુ છેટું ન હોય તો તે માણસ જુના મતનો હોય.

દર્પણી : જેની દર્પણ પહોળી હોય તેને બહાર ફરવાનું બહુ ગમે.

જેની દર્પણ સાંકડી હોય તે પરાકડ સ્વભાવનો હોય

જેની હથેળી કૂણી હોય તે કાર્યદક્ષ હોય

જેની હથેળી પોચી હોય તે ડરપોક હોય

બોલવા પરથી કોઈ માણસ કંઇ પૂછે ત્યાર પહેલા 'આવો' કહેનાર માણસ વ્યવહારદક્ષ કહેવાય

તેને થોડી વાર લાગે ને પ્રશ્ન પૂછવા દે ત્યારે બોલે તે તરંગી માણસ કહેવાય

હાથના મેળ પરથી તમારા બન્ને હાથ ભીડો અને આંગળા આળામા ભરાવો, જો તમારો ડાબો અંગુઠો ઉપર રહે તો તમારો સ્વભાવ વિચારપરાયણ છે અને જો જમણા હાથનો અંગુઠો ઉપર રહે તો તમારો સ્વભાવ ક્રિયાપરાયણ છે એમ સમજો

ચ દુલાલ વ્યાસ

જાણવા જેવુ ?

પ્ર.–સમુદ્રનુ તળિયુ કેવુ હશે ?

ઉ–આપણી પૃથ્વી જેવુ ક્યાક તેમા વિશાળ મેદાનોના મેદાનો પડેલા છે ત્યારે ક્યાક મોટા મોટા પર્વતો અને મોટી મોટી ખાઇઓ હોય છે તો કેટલાક જગ્યાએ તો સાત સાત હજાર માઇલ જેટલી લબાઈ વાળી પર્વતમાળાઓ હોય છે ઈ સ. ૧૯૨૭મા જર્મન જહાજ એમડને ફિલિપાઈન્સના ટાપુઓ પાસે આવેલા પ્રશાત મહાસાગરમાની ખાઈની ઊડાઈ માપેલી, તે લગભગ ૩૫૩૦૦ ફૂટની જણાઇ હતી આનો અર્થ તમે સમજો છો ? જગતમા સર્વોચ્ચ એવા આપણા કૈલાસ શિખરને ઊચકીને એમા નાખો અને એના ઉપર બ્રિટનના બેનનેવિસ નામના એક ઊચામા ઊચા શિખરને ઊચકીને એના ઉપર ગોઠવો તો પણ તેની ઉપર પાણીની ઊડાઇ ૨૦૦૦ ફૂટ જેટલી રહે !

ઉપર જે પર્વતમાળાઓની વાત કરી એ પણ ૬,૫૦૦થી ૧૦,૦૦૦ ફૂટ જેટલી ઊડાઇએ આવેલી હોય છે

પ્ર–સમુદ્રના પાણીમા બધુ મીઠુ, મીઠુ ને મીઠુ જ છે ?

ઉ–ના દુનિયામા વૈજ્ઞાનિકોએ જુદા જુદા ૯૦ તત્ત્વો શોધી કાઢયા છે એમાથી ત્રીજા ભાગ કરતા વધારે તત્ત્વો દરિયાના પાણીમા છે દરિયો તો રત્નાકર–રત્નોનો ભડાર છે દરિયામા કરોડોની કિમતના મોતી, પરવાળા, સોનુ મેગ્નેશિયમ, તેજાબ, અને બીજા ક્ષારો વગેરે પડેલા છે

અમેરિકાની એક ગણતરી પ્રમાણે દરિયાના ફક્ત ૨૫૦મા જેટલા ભાગ માથી જ સાઠ લાખ ટન મેગ્નેશિયમ, અગિયાર કરોડ ને સિતેર લાખ ટન મીઠુ, નવકરોડ ચાલીસ લાખ ટન ચ દી, પાત્રીસ કરોડ પાચ લાખ ટન ગધકનો તેજાબ, ત્રીસ લાખ ટન સોનુ અને બ્રોમાઇડ તથા આયોડિનના ઘણા મોટા જથ્થા અલગ પાડી શકાય !

કોઇ કહેશે કે દરિયાના પાણીમા આટલુ બધુ ચાદી સોનુ છે તો ચાલોને આપણે તે કાઢી લઇએ ને ધનવાન થઇ જઇએ પણ અફસોસની વાત એ છે કે પાણીના પ્રમાણમા સોના ચાદીનુ પ્રમાણ એટલુ ઓછુ છે કે ફક્ત એટલા માટે મહેનત કરવી એ ભલભલા અબજપતિઓ માટે પણ ભિખારી બનવા જેવો જ ધધો છે

પણ ક્ષારોનુ તત્ત્વ એટલુ ઓછુ નથી એ તો લગભગ ૩૫ ટકા જેટલુ છે ને જગતની સારી ને મોટી મોટી કપનીઓ એમાથી ધનવાન બનવા મથી રહી છે ને ધનવાન થઇ પણ છે

પ્ર–દરિયો તો બધે જ ખારો હશે ને ?

ઉ–ના બધે દરિયાનુ પાણી એક સરખુ ખારુ નથી આટલાંટિક સમુદ્ર સૌથી વધારે ખારો છે હિંદી મહાસાગરનો ખારાશની બાબતમા બીજો નબર છે, અને પ્રશાતનો ત્રીજો નબર છે આમા પણ ઉષ્ણ કટિબધના ભાગોમા સમુદ્ર સૌથી વધારે ખારો હોય છે, વિષુવવૃત્તના ભાગોમા એથી ઓછો ખારો હોય છે, અને ધ્રુવ પ્રદેશોમા સૌથી ઓછો ખારો હોય છે

બીજુ મુખ્ય સાગર કરતા મુકાબલે બધિયાર ગણાય એવા સમુદ્રો ક્યાક વધારે ખારા તો ક્યાક ઓછા ખારા હોય છે દાખલા તરીકે ઈરાનનો અખાત કે રાતો સમુદ્ર કે ભૂમધ્ય સમુદ્ર વધારે ખારો છે, જ્યારે ઉત્તર સમુદ્ર અને બાલ્ટિક સમુદ્ર ઓછા ખારા હોય છે

પ્ર–તો ક્યા ય સમુદ્રના પાણી મીઠા હશે કે ?

ઉ–સાવ મીઠા તો નહિ પણ લગભગ મીઠા કહેવાય એવા પાણીવાળા સમદ્ર તો છે ! દાખલા તરીકે ફિનલેંડ અને બોથ્નિયાના અખાતોના પાણી લગભગ તાજા મીઠા પાણી જેવા જ છે !

પ્ર–દરિયાના પાણીને મીઠુ ન બનાવી શકાય ?

ઉ–દરિયા આખા ને એમ તો મીઠા ન બનાવી શકાય, પણ એના પાણીને મીઠુ પી શકાય એવુ બનાવવાની શોધ હમણા હમણામા થઈ છે. આજે આધુનિક દરિયાખેડુઓમા પણ દરિયા પર તાજા પાણી વિના તરસે મરી જવાના દાખલા બનેલા જ છે

ચુનીલાલ પુ બારોટ

પ્રાચીના :—

ઉમાશંકર જોષી

અમુક નાટિકાઓમા નાટ્યતત્ત્વ અને વિચારસરણીની વિશિષ્ટતા બન્નેનો સયોગ છે, મનોરમ કલ્પના અને વિશિષ્ટ પાત્ર વિકાસથી વાચવી ગમે તેવી છે "ફૂલછાબ" કિમત રૂ ૨-૯-૦ પોસ્ટેજ ૦-૩-૦

ભારતી સાહિત્ય સંઘ પો. બો ન ૭૩, અમદાવાદ પો. બો ન ૯૭૮, મુંબઇ ૧

ગ્રંથ સમીક્ષા

ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ ઇસ્લામ યુગ, ખંડ ૧: ભા ૧-૨, લે રત્નમણિરાવ ભી જોટે, પ્રકા ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ કીમત, ચાર રૂપિયા

મુંબઈ સરકારના ઉત્તેજનથી ચાલતી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સંશોધન ગ્રંથમાળાનું આ નવમું પુસ્તક છે અમદાવાદ અને ખંભાત પર પ્રમાણભૂત ઐતિહાસિક તેમજ સંસ્કૃતિક માહિતી આપનાર ગ્રંથદ્વયના લેખક રત્નમણિરાવ જેવા આવા વિષય પર લખવાના અધિકારી ઇતિહાસવિદ્ એના કર્તા છે •

પુસ્તકનો વિષયપરિચય 'ઇસ્લામયુગ' એમ કહીને કરાવ્યો છે, પણ ખરી રીતે પુસ્તકના બેમાંથી બીજો ભાગ જ એની પાછળ રોકાયો છે, ને તોપણ પુસ્તક આખા મુસ્લીમસમયને પૂરો કરતું નથી એ બીજા ખંડમાં થશે એમ લાગે છે પહેલા ખંડરૂપ આ પુસ્તકમાં પહેલા ભાગમાં ઈસ્લામયુગની પૂર્વભૂમિકા જેવો પ્રાગૈતિહાસિક કાળથી તે હિંદુ ગુજરાતી સામ્રાજ્યની છેવટની પડતી સુધીનો વિહંગાવલોકની ને સારઆટી ઈતિહાસ અપાયો છે, જે ઉચિત થયું છે

ઈસ્લામયુગના તથા તેની પહેલાના યુગના દરેક સમયના લેખો, મંદિરો, સ્થાપત્ય, સાહિત્ય, સાહિત્યકારો ને સંતો વિશે લેખક ઠીક માહિતી રાજકીય ઇતિહાસ જોડે આપતા ગયા છે, ને એ રીતે પુસ્તકનું નામ તેમણે સાર્થ કરાવ્યું છે આપણે ત્યાના ઈતિહાસદૃષ્ટિના દારિદ્રય માટે તેમણે પુસ્તકમાં એકથી વધુ વખત અફસોસ વ્યક્ત કર્યો છે એ પરિસ્થિતિમાં વેનું ઈતિહાસ પુરાણથી સમુપબૃંહણ કરવાનું કહ્યું છે તેમ, ઇતિહાસનું સાહિત્યના ઉલ્લેખો અને પરંપરાઓથી સમુપબૃંહણ કરવાની અગત્ય મોટી છે એમ તે સ્વીકારે છે, અને એવું સમુપબૃંહણ તેમણે આ પુસ્તકમાં તેમને શક્ય તેટલું કર્યું પણ છે

પુસ્તકમાંથી કેટલીક નવી માહિતી જાણવાની મળે છે, જેવી કે, ઐતિહાસિક ગુજરાતનું પહેલું પાટનગર જૂનાગઢ હતું, વલ્લભીસમયમાં ગુજરાતમાં કાર્તિકેયની ભક્તિ પ્રચલિત હતી સોલંકી સમય સુધી મંદિરો લાકડા ને ઈંટના હતા, અથર્વવેદનો ગુજરાતની ભૂમિ સાથે સંબંધ હતો, ચાવડાઓ તે નાના ઠાકોરો ને ચોર-લૂંટારા જેવા જ હતા,' વગેરે પણ પુસ્તકનું ગૌરવ પ્રકરણ તો છે 'ગુજરાતી સમાજનું બંધારણ' નામનું પંદરમું પ્રકરણ ગુજરાતના સમાજબંધારણની ચર્ચા, 'સમાજ તો સનાતન છે' તેથી, પ્રાચીન સમયથી ઉપાડીને કર્તાએ ત્યાં કરી છે ગુજરાતનો હાલનો સમાજ વૈદકાલીન અસુરો, ભૃગુઓ, યદુઓ, નાગો, આભીરો, ગુર્જરો, શકો, હુણો અને જુદી જુદી નાતમાં હિંદુ જાતિમાં મેળવી દેવાયેલા મહમદ ઘોરીના લશ્કરના મુસલમાન કેદીઓ, એમ અનેક જાતિઓના મિશ્રણનું પરિણામ છે એ તેમાં સિદ્ધ કરાયું છે ગુજરાતના નાગરોના નાગજાતિ સાથેના સંબંધની વિસ્તૃત ચર્ચા પણ ધ્યાન ખેંચે તેવી છે જુદી જુદી જાતિઓના આવા મિશ્રણ પછી જુદા જુદા ધર્મ-સંપ્રદાયોનું થએલું મિશ્રણ વિગતે બતાવી આજના ગુજરાતી સમાજના બંધારણ પરત્વે તથા સમાજનું માનસ ઘડવામાં એની શી અસર થઇ છે તે પણ લેખકે દર્શાવ્યું છે ગુજરાતમાં આ બેઉ પ્રકારના મિશ્રણને લીધે ગુજરાતીની પ્રકૃતિ સહિષ્ણુતાવાળી અને સમધારણ બની છે તેમ જ અન્ય પ્રાંતોના લોકો કરતાં પ્રાન્તિક અસ્મિતાની દૃઢતા કે ઝનૂન તેનામાં ઓછું આવ્યું છે આ બતાવીને લેખક અટકી ગયા નથી મહમૂદ ગઝની જેવો પરદેશી આ દેશમાં આવી હજાર દોઢહજાર માઇલ પેસી જઈ વતનીઓને લૂંટી જાય અને વતનીઓ નાસભાગ સિવાય કશું કરી શકે નહિ એનું કારણ તેમ જ બધાને પોતામાં સમાવી દેનાર હિંદુ સમાજ મુસલમાનો તથા ખ્રિસ્તીઓને કેમ સમાવી ન શક્યો તેના કારણ, સમજવા ને ચર્ચવાનો તેમણે અત્ર પ્રયાસ કર્યો છે બીજી બાબતના કારણમાં તેમણે સહિષ્ણુતા ને વિચારસ્વાતંત્ર્યની અતિશયતામાંથી જન્મેલી અસહિષ્ણુતા અને સાંપ્રદાયિકતાની વિપુલતાને તેમ જ પરધર્મ ને પરસંસ્કૃતિના આક્રમણની સામેના પ્રતિકારક સંરક્ષણાત્મક વલણને ગણાવેલ છે મુસલમાનો તથા ખ્રિસ્તીઓની સંસ્કાર ભિન્નતાને તથા સામી સંસ્કૃતિ જોડે ન ભળવાની તેમની સ્વધર્માગ્રહજન્ય મનોવૃત્તિને કર્તાએ નથી ગણાવ્યા એમ નહિ, પણ તેમણે ઉઠાવેલા પ્રશ્નનો અર્ધો જવાબ એમાં છે એ સમજીને મૂકાય તેટલો ભાર તેના પર મૂકવામાં આવ્યો નથી

પુસ્તક આમ માહિતીપ્રદ તો ઘણું બન્યું છે એમાં સંપાદિત, સંકલિત ને સંશોધિત માહિતી ઓછી નથી. મુગ્ધ કરે એવી શૈલી ને તે આપે તે રસાળતા લખાવટમાં નથી પણ કર્તા ઇતિહાસકાર છે, અને ઈતિહાસ કલા તો પછી, પ્રથમ તો શાસ્ત્ર જ છે, એ સ્મરણમાં લાવીએ તો પછી કશી ફરિયાદ કરવાપણું નથી રત્નમણિરાવનું વાચન, એમણે લીધેલો શ્રમ, અને નિરૂપિત વિષય માટેનો એમનો અનુરાગ પુસ્તકની પંક્તિઓમાં સ્વયમેવ બોલી ઊઠે છે પાદટીપોમાં એમણે ઉલ્લેખેલા પ્રાચીન, મધ્યકાલીન ને અર્વાચીન દેશીવિદેશી ગ્રંથકારો ને તેમના ગ્રંથો એમના વાચન ને શ્રમની સાક્ષી પૂરે છે ગુજરાતના ઈતિહાસ પર લખનારાઓમાં કૉમિસેરિયેટ, રસિકલાલ પરીખ અને દુર્ગાશંકર શાસ્ત્રીને તેઓ વારવાર ટાંકે છે ને પુષ્ટિ કે મતભેદ નોંધે છે આ છેલ્લી વાત એ પણ બતાવે છે કે રત્નમણિરાવને પોતાની સ્વતંત્ર દૃષ્ટિ પણ છે, ને ઘણી છે બીજાના બધા નિર્ણયો એ સ્વીકારતા નથી

કાવ્યવિચાર મૂળ લેખક, સુરેન્દ્રનાથ દાસગુપ્તા, અનુ નગીનદાસ પારેખ, પ્રકાશક, ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ભારતીય વિદ્યાભવન, મુંબઈ, મૂલ્ય, ચાર રૂપિયા.

આથી સાહિત્યરસિક જ માટે એરિસ્ટૉટલથી શરૂ થયેલ પાશ્ચાત્ય કાવ્ય-સાહિત્ય-ચર્ચાના જેટલું જ ભારતીય કાવ્ય-સાહિત્ય-વિચારનું જ્ઞાન પણ અત્યંત આવશ્યક છે એ વિશે બે મત નથી. રમણભાઈ, નરસિંહરાવ, આનંદશંકર, રામનારાયણ પાઠક આદિએ છૂટક છૂટક ભારતીય કાવ્યશાસ્ત્રના કેટલાક પ્રતિપાદનો ને સિદ્ધાન્તોની ચર્ચા કરી છે ખરી, પણ સ્વતંત્ર વ્યવસ્થિત ગ્રંથો તેના પર આપણે ત્યાં ઓછા લખાયા છે. 'રસશાસ્ત્ર' (છોટાલાલ ભટ્ટ), 'કાવ્યશાસ્ત્ર' અને 'નાટ્યશાસ્ત્ર' (નથુરામ શુક્લ), 'કાવ્યસાહિત્યમીમાંસા' (કમળાશંકર ત્રિવેદી) અને 'કાવ્યપ્રકાશ'નું ભાષાન્તર (રા. વિ. પાઠક ને ર. છો. પરીખ) એટલાં પુસ્તકોનાં નામ આપીએ ત્યાં યાદી પૂરી થાય છે. ડે, કાણે અને દાસગુપ્તા જેવા કાવ્યશાસ્ત્રના ઐતિહાસિક તેમ જ તુલનાત્મક દૃષ્ટિએ લખાયેલા અભ્યાસગ્રંથો તો ગુજરાતીમાં નથી જ. ગુજરાતી સાહિત્ય પરિષદે પ્રગટ કરેલ રા. નગીનદાસ પારેખકૃત ડૉ. સુરેન્દ્રનાથ દાસગુપ્તાના બંગાળી 'કાવ્યવિચાર'નો આ અનુવાદ આપીને એ ખોટ પૂરી પાડવાની ધૃષ્ટતા કરે એ એક રીતે ગુજરાતીઓની વિદ્યાપ્રીતિની હાંસી છે, તો બીજી દૃષ્ટિથી એક સેવાકાર્ય છે.

એ સેવાકાર્ય અનુવાદકના શબ્દોમાં 'સંસ્કૃત કાવ્યચર્ચાના પ્રાથમિક પરિચય માટે આ પુસ્તક સારું છે અને જો એનો અનુવાદ કરવામાં આવે તો એ વિષયમાં રસ ધરાવનાર અનેકને એ ઉપયોગી થઈ પડે' એ હેતુથી પ્રેરાયેલું છે. એ હેતુ આ પુસ્તક પાર પાડશે? આ શંકાને જન્મ આપે છે પુસ્તકની લખાવટ. પહેલા પ્રકરણથી જ મુંબઈની લોકલ ટ્રેનની માફક ડૉ. દાસગુપ્તે ઝડપથી વિદ્વત્તાભરી ચર્ચા ઉપાડી છે. દોષ, ગુણ, રીતિ, વક્રોક્તિવાદ, રસ, રસવિશેના શંકુકાદિના ચાર મતો અને તે સંબંધી અન્ય આલંકારિકોના વલણની તપાસ, ધ્વનિ, સ્ફોટ ઇત્યાદિ પર અત્યારસુધીના અલંકારશાસ્ત્રના સાહિત્યનો નિચોડ એમણે ઠાલવી નાખ્યો છે. પાશ્ચાત્ય સાહિત્યવિચારની પણ ભારતીયની જોડે તુલના તેઓ કરતા ગયા છે. પોતે શીખવવા બેઠા છે તે વિષયમાં મુખ્ય મુખ્ય પુસ્તકોનું જ્ઞાન વાચનારમાં અપેક્ષિત કે ગૃહીત કરીને કર્તા તેમને કાવ્યચર્ચાના ઊંડા પાણીમાં એકદમ લઈ જતા લાગે છે. સામગ્રી ઠાંસીને ભરેલી છે અને ભાષાકાઠિન્ય પણ ભેગું છે. આ બધાને લીધે એવી છાપ પડે છે કે **બાલાનાં અવબોધાય**, ભારતીય કાવ્યવિચારના પ્રાથમિક પરિચય કરવા માગનાર વિદ્યાર્થી-કક્ષાના વાચકોને માટે તો, આ પુસ્તક કામ નહિ આવે. એ વિષયના તદ્વિદોને અને એમ. એ.ના અલંકારશાસ્ત્રના ગુજરાતી વિદ્યાર્થીઓને માટે તો એ ખૂબ ઉપયોગી થઈ પડશે એમાં શક નથી. મતલબ કે, એ વિદ્વદ્ભોગ્ય છે.

મૂળ કર્તાની પંદર જ દિવસની નવરાશના સદુપયોગની આ પુસ્તક નિપજ છે એ, તથા પોતે સંસ્કૃતજ્ઞ નથી એમ જણાવતા અનુવાદકના શ્રમ અને અભિનિવેશનું એ સરસ ફળ છે, એ બેઉ બાબતો ખાસ આદરે નોંધ માગી લે તેવી છે. ગુજરાતીમાં આવા શાસ્ત્રગ્રંથની આયાત કરનાર અનુવાદ ધન્યવાદના અધિકારી છે.

એમ છતાં, સરળ, [illegible] શૈલીમાં રસિક વિશદ રીતે ભારતીય કાવ્યચર્ચાનો સર્વગ્રાહી પરિચય કરાવતું મૌલિક (એટલે, અનુવાદ નહિ તેવું) ગુજરાતી પુસ્તક તો હજી ગુજરાતની સરસ્વતીના પર લેણું રહે છે. એ કોણ આપશે? સંસ્કૃતના ગુજરાતી પ્રોફેસરો કે, અન્ય વિદ્વાનો? 'અંધનાં' આ પ્રતાની વાતને ફરી જુએ.

રાજારાણી : મૂળ લેખક, રવીન્દ્રનાથ ટાગોર, અનુવાદક ઝવેરચંદ મેઘાણી, પ્રકા. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. મૂલ્ય બે રૂપિયા.

કવિવર રવીન્દ્રનાથે પોતાની ચોવીસ વર્ષની વયે પયાર છંદમાં લખેલ બંગાળી નાટક 'રાજા ઓ રાણી'નો રા. ઝવેરચંદ મેઘાણીએ એકવીસ વર્ષ પર કરેલા ગુજરાતી ગદ્યાનુવાદની આ બીજી આવૃત્તિ છે. 'પ્રાચ્ય નાટક લેખે જેટલું સુવાચ્ય છે તેટલું દૃશ્ય નાટક તરીકે તખ્તા પર ચડવા લાયક પણ છે' એ એના અનુવાદકનો અભિપ્રાય એકંદરે એને માટે સાચો છે. નાટક કરુણાન્ત છે, અને કરુણાન્ત નાટકોની સામાન્ય પ્રણાલીને ઠીક પાળી બતાવે છે. પ્રણયરત પતિપરાયણા રાણી સુમિત્રા, અનેક ઉદાત્ત તત્ત્વોનો યોગ તેનો ભાઈ કુમારસેન, નિર્દોષ પ્રણયપંખિણી સુકુમાર ઈલા, અને વફાદાર શંકર એ ચારે આ નાટકની ધરતી પર પોતાની ફોરમ ફેલાવી જનાર પાત્રોને તેમના કશા જ વાંકગુના વગર મૃત્યુને શરણે થવું પડે છે, જે એમને માટે સહાનુભૂતિનું અનુકંપન અનુભવનાર વાચક કે પ્રેક્ષકના અંતરમાંથી હાયકારો જગાવી જાય એવી મહતી વિનષ્ટિ છે. રાજા વિક્રમદેવ જે આ નાટકનો નાયક છે, તેને પોતાની આત્મનિર્ભરા પ્રિયતમાના મિલનનો અને કુમારસેન તથા ઈલાને લગ્નસંબંધે જોડી પોતે મેળવવા ધારેલા આનંદનો સ્વાદ સદાને માટે હાથતાળી આપી જતો રહે છે એ તેના જીવનની પેલી વિનષ્ટિના જેવી જ કરુણ અને વિષમ આપત્તિ છે. આ વિષમ દુર્ઘટનામાં ત્રિવેદી, કાશ્મીરની રાણી રેવતી, અને વિક્રમદેવના કાશ્મીરી સુબાઓ યુધાજિત અને જયસેનનો થોડો ઘણો ફાળો છે. પણ ઊંચા કરુણાન્ત નાટકોમાં નાયકની જ કંઈક નાની ભૂલ કે પાપ કે દોષ જ એને માટે મુખ્યત્વે જવાબદાર હોય છે, તેમ અહીં પણ છે. વિક્રમદેવની અન્-સંયમ પ્રકૃતિ જ એના તથા એના સંબંધમાં આવનાર પાત્રોના વિનાશનું મુખ્ય કારણ છે. એનો ભાવ પ્રમાણને જાણતો નથી. એ ઉન્માદ જ બની જાય છે. પ્રેમ એનો ઉન્માદ ને પછી ક્રોધોન્માદ આખી દુર્ઘટનાને ખેંચી લાવે છે. કરુણાન્ત નાટકના નાયકોમાં એમના પ્રત્યે વાચકો-પ્રેક્ષકોની અપાર સહાનુભૂતિ જીતી લાવે એવી ઉદાત્તતા ને શુભસંપત્તિ હોય છે. વિક્રમદેવ મસ્ત પ્રેમી છે, અને વીર ક્ષત્રિય છે. એ પેલી દુર્ઘટનાની પહેલાં ઈલા-કુમારસેન પ્રત્યે દાખવવા ધારે છે તે વર્તાવમાં તેના અંતરની સુવાસ અનુભવાય

છે આમ છતાં, એ પાત્ર આપણી સહાનુભૂતિ નથી જીતી શકતું એનો પ્રેમોન્માદ અને યુદ્ધોન્માદ અતિશયોક્ત, અસ્વાભાવિક ને નાટકી લાગે છે પેલા કાશ્મીરી સરદારોને ખાતર યુદ્ધે ચડનાર પાછળથી પાછો તેમના હાથમાં રમકડા જેવો બની બધી ચેષ્ટાઓ કરતો દેખાય છે તે નથી ગમતું મતલબ કે, અહીં તેના જીવનની નાટકના અન્ત વખતની કરુણતા આપીને સહાનુકમ્પા નહિ, પણ એ તો એ જ લાગનો હતો એ ભાવ જગાડી જાય છે પરિણામે, ઊંચા કરુણાન્ત નાટકના નાયકની હારમાં તેને બેસાડાય તેમ નથી તેનું અન્ત પહેલાનું પરિવર્તન યોજી કર્તાએ તેના પક્ષમાં આપણને ખેંચવા થોડો યત્ન કર્યો તો છે, પણ તે એની આગલી વર્તણૂકને ધોઇ નાખે એવો સબળ નથી રવીન્દ્રનાથે પાછળથી આ કૃતિને રદ કર્યાનું યા કોઈ મોટી કૃતિમાં નવી રીતે વાપર્યાનું અનુવાદક જણાવે છે તે. સાચું હોય તો ખુદ રવીન્દ્રનાથને પોતાની આ કૃતિની કચાશ વહેલી પરખાઇ ગઈ હશે એમ ધારવું બરાબર છે

વેદની વિચારધારા • લે રાધાકૃષ્ણન્ • અનુ ચન્દ્રશંકર શુક્લ પ્રકાશક વોરા ઍન્ડ કું. લી. મૂલ્ય ૩-૦-૦.

રાધાકૃષ્ણનના 'ઇંડિયન ફિલોસોફિ' એ નામના ભારતીય તત્ત્વજ્ઞાનના ઇતિહાસને તેના પ્રકરણોના અનુવાદ દ્વારા કકડે કકડે ગુજરાતીમાં ઉતારવાના અભિલાષની અંશત સિદ્ધિ બનતું આ પુસ્તક રાધાકૃષ્ણનના એ ગ્રંથના બીજા અને ત્રીજા પ્રકરણનો અનુવાદ છે અનુવાદકના આ શબ્દોમાં એનો પરિચય આવી જાય છે 'વેદ એ ભારતીય પ્રજાનો જ નહીં પણ સમગ્ર માનવજાતિનો જૂનામાં જૂનો ગ્રન્થ છે, અને આપણા ધર્મ ને તત્ત્વજ્ઞાનનો મૂળ આરંભ ત્યાંથી થાય છે, અટલે ભારતીય તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં એનો અભ્યાસ અનિવાર્ય છે એની સૂક્ષ્મ, તટસ્થ ને રસિક સમાલોચના આ પુસ્તકમાં મળેલી છે'

એના 'ઋગ્વેદના સૂક્તો' નામક પ્રથમ ખંડમાં વેદના સાહિત્ય, સ્વરૂપ, કર્તા, સમય અને તાત્પર્ય વિષેના ભિન્ન મતો વિષે સંક્ષેપમાં માહિતી આપી, કર્તાએ વૈદિક દેવમંડળનો પરિચય આપી, 'દ્યૌ—નિસર્ગપૂજાની પ્રથમ અવસ્થાનો સૂચક, (૨) વરુણ—પાછળનો અતિશય નીતિમાન ને નીતિપોષક દેવ, (૩) ઇન્દ્ર—વિજય અને સામ્રાજ્યસ્થાપનાના યુગનો સ્વાર્થી દેવ, (૪) પ્રજાપતિ—એકેશ્વરવાદી ભૂમિકાની પૂર્ણાવસ્થા કે પરાકાષ્ઠા ' એવો ઋગ્વેદના સૂક્તોમાં વરતાતો ધર્મવિચારનો વિકાસક્રમ નિરૂપી, અનેકદેવવાદમાંથી અધિદેવવાદ અને એકેશ્વરવાદ પર થઇને અદ્વૈત બ્રહ્મની ભાવના સુધીનો વેદાંતર્ગત ધર્મવિચાર, એ બધી ભૂમિકાઓ વચ્ચેની ઝોલાં ખાતી જેવી અવસ્થાઓના પરિચય સાથે, રજૂ કર્યો છે ઋગ્વેદના સૂક્તોમાં પ્રગટ થએલા સૃષ્ટિવિજ્ઞાન નીતિનિયમ અને સદાચાર અને મરણોત્તર જીવન સંબંધી વિચારોનો વ્યવસ્થિત સારો પરિચય ત્યારબાદ કરાવવામાં આવ્યો છે બીજા ખંડમાં એની સામગ્રીથી બીજા વેદ કરતાં નોખા પડી જતા અથર્વવેદ વિષે અને યજ્ઞાદિ કર્મકાંડ પર ભાર મૂકી મોકલતા યજુર્વેદ અને બ્રાહ્મણો વિષે માહિતી આપી સૃષ્ટિસર્જન, નીતિનિયમ અને મરણોત્તર જીવન સંબંધી તેની કલ્પનાઓ કે વિચારણાનો ખ્યાલ કર્તાએ આપ્યો છે

મૅકડોનલકૃત સંસ્કૃત સાહિત્યના ઇતિહાસનું મોહનલાલ દવેએ ગુજરાતી ભાષાન્તર, આચાર્ય આનંદશંકર લિખિત 'હિંદુ ધર્મ' અને ગુજરાત વિદ્યાપીઠની 'વૈદિક પાઠાવલિ' જેવા પુસ્તકોમાંથી જે થોડુંઘણું વેદ વિષે જાણવાનું મળે છે, એ સિવાય ગુજરાતી ભાષામાં વેદસાહિત્ય વિષે વિસ્તૃત માહિતી આપનો એકે ગ્રંથ નથી એ સ્થિતિમાં ભાષાન્તરગ્રંથ તો ભાષાન્તરગ્રંથ પણ આવો મળે છે એ આનંદની વાત છે આ વેદાન્તર્ગત ધર્મ-તત્ત્વ-વિચારને સ્પર્શે છે તેટલો તેની સાહિત્યબાજુને ઓળખાવનો નથી તેમ છે પણ સાવ અભિપ્રાય પણ ભારતીય તત્ત્વજ્ઞાન જ એવો વિષય છે, અને આખા

ગ્રંથના આ તો બે પ્રકરણો જ છે એ ધ્યાનમાં લેતા એનો ખુલાસો મળી રહે છે. ચારે વેદ, પ્રાતિશાખ્યો, બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદોના સમગ્ર સાહિત્યનો તદંતર્ગત સામગ્રીની વાનગી રજૂ કરતો વિસ્તૃત પરિચય કરાવતો ગુજરાતી ગ્રંથ તો પ્રગટ થવો બાકી જ છે

રાધાકૃષ્ણનના લખાણોના આવા અનુવાદનું કામ પ્રેમપૂર્વક હાથ લઇ બેઠેલા અનુવાદકે થોડા પ્રશંસાના શબ્દો માગી લે છે મૂળ ગ્રંથનો વિષય પોતાનો પ્રિય વિષય હોય, એ વિષયને તેનું સારું નિરૂપણ કરનાર સમર્થ લેખક મળ્યો હોય, અને એ લેખકે કરેલા નિરૂપણમાં જ્યારે પોતાની પૂર્ણ સંમતિ હોય, ત્યારે અનુવાદક અનુવાદમાં પોતાનું દિલ રેડી દે છે શ્રી ચન્દ્રશંકર શુક્લ આવા અનુવાદક છે આગલા 'હિંદુ ધર્મ'માં અનુવાદ કરવા ઉપરાંત મૂળ લેખકના લખાણનું સમર્થન કરે એવા મૂળ શાસ્ત્રગ્રંથોના વચનો એમણે ઠેકઠેકાણે, સ્થળનિર્દેશ તથા ગુજરાતી અનુવાદ સાથે એમણે આપ્યા છે, આ વેદની વિચારધારા'માં પણ રાધાકૃષ્ણનના ઉપરાંત પોતાના ટિપ્પણો એમણે આપ્યા છે, અને આનંદશંકર ને ગાંધીજી જેવાના વચનો પણ સમર્થનાર્થે ક્યારેક ક્યારેક ટિપ્પણમાં એમણે આપ્યા છે, એ એમનો શાસ્ત્રાભ્યાસ, હિંદુ ધર્મ-તત્ત્વજ્ઞાન પર પ્રીતિ અને નિષ્ઠાભર્યો શ્રમ બતાવી આપે છે ઘણીવાર તો એમ પણ લાગે છે કે રાધાકૃષ્ણનનું લખાણ પણ અનુવાદકને માટે એક આધાર કે ઓથ જ થએલ છે પરિણામ એ આવ્યું છે કે આ અનુવાદો વેઠિયા કે ભાડુતી જેવા જરાય લાગતા નથી ભાષાની સ્વચ્છતા અને શિષ્ટતા પણ ધ્યાન ખેંચે તેવા છે

અનુવાદક માટે અહીં કહેવું જેમ ઉપલા અવલોકનને ય લાગુ પડે છે, તેમ પુસ્તકની કિંમત અને પ્રચાર માટે ઉપલા અવલોકનમાં કરેલી સૂચના આ પુસ્તકને ય લાગુ પડતી ગણવી આને માટે તો ખાસ એ કહેવાય કે આવા ઉચ્ચ પ્રકરણોના અનુવાદની કિંમત લોકોને આકરી પડે એના કરતાં સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય રાધાકૃષ્ણનના બે ભાગ વાળા આખા ગ્

ગ્રંથનો અનુવાદ આપણા અનુવાદક પાસે તૈયાર કરાવી પાંચ સાત રૂપિયાની કિંમતમાં વેચે તો વધારે સારું થાય   અ મ રા

ભીંતપત્રો દ્વારા લોક શિક્ષણ

લેખક ચમનભાઈ મહેતા પ્રકાશક પુસ્તકાલય સ સ. મંડળ લી પો. બો નં. ૧૦ વડોદરા કિંમત રૂ ૧-૮-૦

ગામડામાં કામ કરવા બેસનાર સેવકને કંઈક અંશે માર્ગદર્શક થઈ પડે એવું આ પુસ્તક એના લેખકે એમના જીવંત અનુભવના પ્રતિબિંબ જેવું લખ્યું છે

પ્રૌઢ શિક્ષણ માટે અને ગામડામાં જ્યારે સમાચાર પત્રોનો અભાવ હોય છે ત્યારે લેખકને એમના અનુભવમાંથી સૂઝેલી આ કલ્પના ખરેખર નવીન ને આદર્શ છે

રોજ બ રોજના પ્રશ્નો એમણે સાદી, ટૂંકી ને સંયમિત ભાષામાં મૂક્યા છે કલમને બહેલાવવા ખાતર કે પોતાના અહંમને પોષવા એમણે આ ભીંતપત્રો નથી લખ્યા પણ દરેકને વાંચતાં આપણા મન ઉપર સચ્ચાઈની અસર પડે છે આવા પ્રયત્નની અસર ધીમી પણ ઊંડી હોય છે એક સમગ્ર ગામડાની પ્રજાને બદલાવવાનું કૌવત આવા પ્રયોગોના મૂળમાં હોય છે

દરેક ગામની લાયબ્રેરીમાં આ પુસ્તક હોવું જોઈએ લેખકને અમે આવું નિરોગી ને ઉપયોગી પુસ્તક આપવા માટે અભિનંદન દઈએ છીએ

અમારી ઇન્દુનું શિક્ષણ

લેખક ના મ પટવર્ધન પ્રકાશક ઉપર પ્રમાણે કિંમત રૂ બે

શિક્ષણના ક્ષેત્રમાં ૩૦ વર્ષથી વધારે અનુભવ લીધા પછી લેખકે આ પુસ્તક લખ્યું છે બાળકના જન્મથી એનો ઉછેર કરવામાં કેવી કાળજી રાખવી જોઈએ, ત્યાંથી જુવાન થાય ત્યાં સુધીમાં કેવી વિલક્ષણ કક્ષાઓમાંથી એને પસાર થવું પડતું હોય છે એનું સચોટ બયાન ને પૃથક્કરણ કરેલું છે

આ ઉપરાંત જીવન ઉછેરના ઘણા પ્રશ્નોને એમણે આ પુસ્તકમાં આવરી લીધા છે જુવાન છોકરા-છોકરીઓને જેમ કેટલીક વાતોની ઓછી કે અધૂરી ખબર હોય છે તે અંગેની માનસશાસ્ત્રીય રીતે માહિતી આપી છે એ ઉંમરે ભાવના લાગણી ઉછળતી હોય છે ને કોઈની બુદ્ધિ પ્રમાણમાં અળગ જતું સહેજ હોય છે ત્યારે એને ઠેકાણે જાગ્રત બુદ્ધિથી વિચાર કરવાને પ્રેરે તેવું આ પુસ્તક છે શિક્ષકો ને વિદ્યાર્થીઓ આ પુસ્તક જરૂર જોઈ જાય

રાષ્ટ્રભાષા વિષે વિચાર

લેખક ગાંધીજી પ્રકાશક નવજીવન કાર્યાલય અમદાવાદ, કિંમત બાર આના.

પૂ. ગાંધીજીએ રાષ્ટ્રભાષા ઉપર આજ સુધી જે કંઈ છપાયું લખેલું તેને એકત્રિત કરીને આ સંગ્રહમાં મૂકવામાં આવેલું છે રાષ્ટ્રપ્રેમી ને રાષ્ટ્રભાષા પ્રચારકોને આ સંગ્રહ ખૂબ ઉપયોગી થઈ પડશે.

આહાર અને પોષણ

લેખક ઝવેરભાઈ પટેલ પ્રકાશક ગુજરાત વિદ્યાપીઠ પ્રાપ્તિસ્થાન ઉપર પ્રમાણે કિંમત આઠ આના

પ્રાથમિક શાળાને ઉપયોગી થઈ પડે એવી દૃષ્ટિથી શ્રી ઝવેરભાઈએ આ પુસ્તિકા લખી છે પ્રૌઢ શિક્ષણના કામમાં પણ એ ઉપયોગી થઈ પડે એવી છે

શરીરની અંદરના અવયવોની કેમ સંભાળ લેવી તે લેખકે આમાં બતાવ્યું છે 'શિક્ષણ' માં પૂ. ગાંધીજીએ લખ્યું છે કે 'મને આશા છે કે આ પુસ્તિકા હજારોની સંખ્યામાં વંચાશે' અમને છે કે બાપુજીની એ આશા સફળ થશે જ   ઈ દ

ધૂંધવતાં પૂર

લેખક ચુનીલાલ મડિયા, પ્રકાશક એન એમ ત્રિપાઠી લી મુંબઈ-૨ કિંમત સાડીચાર રૂપિયા

સત્તાવીસ વાર્તાઓનું ધસમસતું ધૂંધવતું પૂર લઈ શ્રી ચુનીલાલ મડિયા સાહિત્યક્ષેત્રમાં પ્રવેશ કરે છે જેમ ધૂંધવતા પૂરમાં નિર્મળ જળની સાથે કાંટા, ઝાંખરા વનવાગનો કચરો અને ધૂળમાટી ઘસડાઈને આવે છે તેવું જ આ 'ધૂંધવતા પૂર'માં બન્યું છે આ વાર્તાઓનું પૂર કલ્પક પ્રવાહમાં એવું જાય છે તો કદીક ઘૂમરીઓમાં ગૂંચવી પણ દે છે એ ખરું સાચું કે આ પૂરમાં તણાવું ગમે છે ક્યારેક તો એમ થાય છે કે એ પૂરમાં તણાયા જ કરીએ

આ વાર્તાઓની ખૂબી તો એ છે કે તે જીવનનું દર્શન કરાવે છે માનવ સ્વભાવની વિચિત્રતા અને વિષમતા આ વાર્તાઓ આસાનીથી પ્રકટ કરે છે લેખક પ્રસંગમાંથી નહિ, કોઈ ઘટનામાંથી નહિ પણ માનવજીવનમાંથી વસ્તુ પસંદ કરે છે પછી એને કલાત્મક સ્વરૂપમાં વાર્તામાં વણી લે છે, એમ કરવામાં તેમની અવલોકન બાજુ, રુચિ, શૈલી અને ચાર ઉપમાઓ મદદે આવી પહોંચે છે શ્રી મડિયા કલાના મર્મને બરાબર પામી ગયા છે એથી એમની વાર્તાઓમાં સામાન્ય પ્રસંગ પણ કલાના સ્વાંગમાં ખડો થાય છે. લેખક વાર્તા કહેવા ખાતર વાર્તા કહેતા નથી પણ જીવનનું કોઈ રહસ્ય સ્વભાવનો કોઈ અંશ કે કોઈ ગૂઢ સમસ્યાને જ્યારે તેમને વ્યક્ત કરવાની હોય છે ત્યારે જ તે વાર્તા કહે છે આથી તેમની વાર્તાઓમાં જીવનનું ઊંડાણ ચિંતનનો પડઘો અને અનુભૂતિ વિશદ રીતે દેખાઈ આવે છે લેખકનો અનુભવ ઘૂંટાઈ ઘૂંટાઈને નીતરતો હોઈ તેમની શૈલીમાં પણ સ્વસ્થતા અને પ્રાસાદિકતા આપોઆપ આવી રહે છે આ ગુણને લીધે તેમની વાર્તાઓ વાંચ્યા પછી ચિત્ત પ્રસન્ન થઈ ડોલી રહે છે

પણ જે વાર્તાઓમાં લેખકને કંઈ કહેવાનું હોતું નથી, જ્યાં તેમનું કથયિતવ્ય જ સામાન્ય હોય છે, જ્યાં વાર્તાનો વિષય જીવનમાંથી નહિ પણ ઉપજાવી કાઢેલા તુક્કા જેવો હોય છે ત્યાં તેમની વાર્તાઓ કલાકૃતિ જેવો નહિ પણ પ્રસંગચિત્ર જેવો જ આસ્વાદ કરાવે છે અને આવું બન્યું છે તેમ આ 'ધૂંધવતા પૂર'માં એવો કચરો પણ ઘસડાઈ આવ્યો છે   પી પ

અલકુ ને શરકુ

[પાન ૩૯૬ થી ચાલુ]

જેવો તે બહાર ગયો કે અલપુ ઊઠયો. થોડે દૂર સૂતેલા જમીનદારના સાળાને કહે: 'ઊઠો, ઊઠો, મારા જમીનદાર સાહેબ તમારાથી રિસાઈને ચાલ્યા જાય છે. કાલે તમે કોણ જાણે એમને કેવુંયે ખાવા આપ્યું કે તેમને એ ન ગમ્યું અને અત્યારે છાનામાના ચાલતા થયા છે.'

તરત જમીનદારનો સાળો તેને મનાવી લેવા પાછળ ઊપડયો. જતાં જતાં અલપુએ શિખામણ આપીઃ 'તેમની બગલમાં લૂગડાનું પોટલું છે. તે ખેંચીને આવતા રહેશો તો એમની મેળે પાછા આવતા રહેશે.'

સાળો એકદમ જમીનદાર પાછળ દોડયો અને જમીનદારને પકડી પાડ્યા.

જેમ સાળો જમીનદારને પાછો ખેંચવા પ્રયત્ન કરે તેમ જમીનદાર હાંડલી સંતાડી ભાગવા પ્રયત્ન કરે. છેવટ સાળાએ બગલની પોટલી ખેંચવા ઝોંટ મારી કે હાંડળી નીચે જઇ પડી અને પડતાં વેંગી ફૂટી ગઈ. અંદર ભરેલી વિષ્ટાથી જમીનદારનાં કપડાં ગંધાઈ ઊઠયાં. સાળો આ બધું જોઈને હસી પડયો. જમીનદારને તો શરમથી મરવા જેવું થયું. એ સમજી ગયો કે આ બધાં કામ અલપુનાં છે. એ અલપુ ઉપર એવો ખિજાઇ ગયો પણ અહીં શું કરે? મનમાં સમસમતો જમીનદાર ખીજ ગળી ગયો.

બીજે દિવસે સાસુએ જમીનદારને વિદાય આપી; પાલખીમાં વહુને બેસાડી, અલપુને સાથે લઈ જમીનદાર ઘોડે ચડીને પોતાને ગામ જવા નીકળ્યો. ચાલતાં ચાલતાં સાંજ પડવા આવી ત્યારે જમીનદાર તેના ગામ પાસે પહોંચવા આવ્યો. બરાબર મસાણ વટાવીને આગળ વધ્યા ત્યારે જમીનદાર પાછળ વળીને જુએ તો પાલખીવાળા ધીમે ધીમે કયાંયે દૂર ચાલ્યા આવે છે. જમીનદારે અલપુને તાકીદ આપી: 'જા,જા, હમણાં ને હમણાં તારાં બાઇજી ત્યાં હોય એવાં અહીં પહોંચાડી દે. આમ પાલખીવાળા ચાલશે તો ઘેર કયારે પહોંચશે?'

અલપુ દોડયો અને પાલખીવાળાને કહે: 'તમેતમારે પાલખી અહીં મૂકીને પાછા વળો. અમારા ગામમાં અજાણ્યા પાલખીવાળાને લઈ જવાનો રિવાજ નથી. હમણાં અમારા પાલખીવાળા આવીને પાલખી લઇ જશે.'

પાલખીવાળા ચાલી નીકળ્યા કે તેણે બાઈજીને બહાર કાઢયાં અને 'જો એક હરફ પણ બોલ્યાં તો મરી ગયાં સમજજો' કહીને બાઈને પડખે વગડામાં લઈ ગયો. વગડામાં એક ઝાડને થડે બાઈને બાંધીને પોતે પાછો વળ્યો અને મસાણમાંથી એક મડદું કાઢીને પાલખીમાં મૂકી દીધું. મડદાનો એક પગ કાપીને અલપુ જમીનદાર પાસે આવ્યો અને પગ આપીને કહે: 'લો આ મારા બાઇજી.'

જમીનદાર કહે: 'આ શું છે વળી?'

અલપુ કહે: 'હું તમારો નોકર. તમારી આજ્ઞા પાળું. તમે કહ્યું કે તારી બાઇજીને આ ને આ ઘડીએ ત્યાં હોય એવાં અહીં પહોંચાડી દે. મારાં બાઇજી અત્યારે ત્યાં પાલખીમાં બેઠાં છે અને અહીં પગરૂપે તમારી પાસે પણ છે.'

આ સાંભળીને જમીનદારના ગુસ્સાનો કોઇ પાર રહ્યો નહિ. એ તાડૂકયો: 'હરામી, તેં મને તો અનેક રીતે હેરાન કરીને અધીં કરી નાખ્યો અને મારી વહુને તેં મારી નાખી? ભાગી જા અહીંથી.'

જમીનદાર અને અલપુની રાડો સાંભળતાં આસપાસથી માણસો એકઠા થઇ ગયાં. અલપુ કહેઃ જમીનદાર સાહેબ તમે મારા પર ખિજાઈ ગયા કે?'

જમીનદાર કહે: 'હા, ખિજાયો ખિજાયો, સાત વાર ખિજાયો તારે કરવું હોય તે કરી લે.'

અલપુ કહે: 'તો આપણી શરત તૂટી. લાવો મારી આંખ.'

આમ કહેતાં જુવાનજોધ અલપુ ધક્કો મારીને ઘરડા જમીનદારની છાતી પર ચડી બેઠો. લોકો જમીનદારના ત્રાસથી હેરાન થઈ ગયેલાં એટલે કોઇ વચ્ચે પડ્યાં નહિ. અલપુએ ખિસ્સામાંથી છરો કાઢી જમીનદારની આંખ કાઢી લીધી. આંખ ખિસ્સામાં મારીને કહે: 'લો હવે તમે છૂટા. હવે ફરીથી આ શરત પ્રમાણે કોઈને હેરાન કરશો તો બીજીયે આંખ ગુમાવશો.' આમ કહીને અલપુ ચાલતો થયો.

જમીનદાર બિચારો આંખ આડા હાથ દેતો ઘેર પહોંચ્યો. કોઈ લોકોએ તેની વહુને વગડામાં બાંધેલી જોઈ ત્યાંથી છોડીને ઘેર પહોંચતી કરી. એ પછી જમીનદાર આંખ લેવા-દેવાની સરત રમવી ભૂલી ગયો.

જમીનદારની આંખ લઈને અલપુ ઘેર ગયો અને શરપુના હાથમાં મૂકીને બોલ્યો: 'લે આ જમીનદારની આંખ હવે કદી એ કોઇની આંખ લેવાની હિંમત નહિ કરે.' શરપુ તો અલપુની બધી વાતો સાંભળીને મોંમાં આંગળાં જ નાખી ગયો.

આ પછી શરપુ બરાબર ખેડ કરવા લાગ્યો અને અલપુ સાંજે બેસીને તલાટીગીરી કરવા લાગ્યો. જીવ્યા ત્યાંસુધી બન્ને ભાઈએ હળીમળીને આનંદ કર્યો.

સંપૂર્ણ

બાળકનો ખિલખિલાટ

બાળકોના સર્વરોગનિવારણ અને

બાળકના બાંધાના ઘડતરરૂપ

બાબુલીન

તમારા બાળકને હંમેશ આપવાનો આગ્રહ રાખો

★ સોલ એજન્ટ ★

બી. એ. એન્ડ બ્રધર્સ મુંબઈ-૨ અને કલકત્તા

આજ અને આવતીકાલ

ઇશ્વરલાલ દવે

વર્ષ ૧૦ મું

એશિયા જાગે છે

એશિયાની આઝાદીની ઉષા ઊગી ચૂકી છે. ગોરા સામ્રાજ્યવાદના પાયા મૂળમાંથી હચમચી ઊઠયા છે. ગઈ કાલ સુધી મૌંઠાં હતાં, ગુલામ હતાં એ માનવીઓ એકાએક વિફરી બેઠાં છે. તેમનાં મોટા ભાગનાં હાથ પાસે શસ્ત્રોમાં તો લાઠી જ છે. પણ આત્મા જાગ્યો છે ને! એ જ્યોત હવે નહીં બૂઝે.

આજે હિંદીચીન અને જાવામાં અનામી અને ઇન્ડોનેસિયનોએ કર્યું તે આવતી કાલે બર્મા અને મલાયાના વતનીઓ કરશે. હિંદની કૂચ તો ચાલૂ જ છે.

આ ક્રાંતિને-આ વિરાટની ગર્જનાને જાપાની ચડામણીનું પરિણામ માનવાની ભૂલ ન કરશો! આ તો પીડિતોનાં દિલની આગનો દાવાનળ છે. જાવાની આઝાદીના નેતા સોએકાર્નોને ગાંધીજીની જેમ જાપાનપક્ષી કહેવાના સ્વાર્થાંધોના પ્રયાસો ધૂળમાં મળશે. પીડિતોની આ કૂચ હવે મુકમ્મીલ આઝાદી હાંસલ કરીને જ થોભશે.

૧૨૫૩

ઑક્ટોબર : ૧૯૪૫ અંક : ૭ મો

ગુજરાતી સાહિત્ય સંઘ : મુંબઇ : અમદાવાદ

જમીનદાર કહે: 'હા, ખિજાયો ખિજાયો, સાત વાર ખિજાયો. તારે કરવું હોય તે કરી લે.'

અલકુ કહે: 'તો આપણી શરત તૂટી. લાવો મારી આંખ.'

આમ કહેતાં જુવાનજોધ અલકુ ધક્કો મારીને ઘરડા જમીનદારની છાતી પર ચડી બેઠો. લોકો જમીનદારના ત્રાસથી હેરાન થઈ ગયેલાં એટલે કોઈ વચ્ચે પડ્યાં નહિ. અલકુએ ખિસ્સામાંથી છરો કાઢી જમીનદારની આંખ કાઢી લીધી. આંખ ખિસ્સામાં મારીને કહે: 'લો હવે તમે છૂટા. હવે ફરીથી આ શરત પ્રમાણે કોઈને હેરાન કરશો તો બીજીયે આંખ ગુમાવશો.' આમ કહીને અલકુ ચાલતો થયો.

જમીનદાર બિચારો આંખ આડા હાથ દેતો ઘેર પહોંચ્યો. કોઈ લોકોએ તેની વહુને વગડામાં બાંધેલી જોઈ ત્યાંથી છોડીને ઘેર ચતી કરી. એ પછી જમીનદાર આંખ લેવા-દેવાની શરત રમવી ભૂલી ગયો.

જમીનદારની આંખ લઈને અલકુ ઘેર ગયો અને શરકુના હાથમાં મૂકીને બોલ્યો: 'લે આ જમીનદારની આંખ હવે કદી એ કોઈની આંખ લેવાની હિંમત નહિ કરે.' શરકુ તો અલકુની બધી વાતો સાંભળીને મોમાં આંગળાં જ નાખી ગયો.

આ પછી શરકુ બરાબર ખેડ કરવા લાગ્યો અને અલકુ સાજે બેસીને તલાટીગીરી કરવા લાગ્યો. જીવ્યા ત્યાંસુધી બન્ને ભાઈએ હળીમળીને આનંદ કર્યો.

સંપૂર્ણ

બાળકનો ખિલખિલાટ

બાળકોના સર્વરોગનિવારણ અને
બાળકના બાંધાના ઘડતરરૂપ

બાબુલીન

તમારા બાળકને હંમેશ આપવાનો

★ સોલ એજન્ટ ★

બી. એ. એન્ડ બ્રધર્સ

આજ
સંપાદક
ઈશ્વરલાલ-દવે
અને [illegible]
વર્ષ ૧૦

એશિયા જાગે છે

એશિયાની આઝાદીની ઉષા ઊગી ચૂકી છે. ગોરા સામ્રાજ્યવાદના પાયા મૂળમાંથી હચમચી ઊઠ્યા છે. ગઈ કાલ સુધી મૂઠાં હતાં, ગુલામ હતાં એ માનવીઓ એકાએક વિફરી બેઠાં છે. તેમનાં મોટા ભાગનાં હળ પાસે શસ્ત્રોમાં તો લાઠી જ છે. પણ આત્મા જાગ્યો છે ને! એ જ્યોત હવે નહીં બૂઝે.

આજે હિંદીચીન અને જાવામાં અનામી અને ઇન્ડોનેસિયનોએ કર્યું તે આવતી કાલે બર્મા અને મલાયાના વતનીઓ કરશે. હિંદની કૂચ તો ચાલૂ જ છે.

આ ક્રાંતિને-આ વિરાટની ગર્જનાને જાપાની ચડામણીનું પરિણામ માનવાની ભૂલ ન કરશો! આ તો પીડિતોનાં દિલની આગનો દાવાનળ છે. જાવાની આઝાદીના નેતા સોએકાર્નોને ગાંધીજીની જેમ જાપાનપક્ષી કહેવાના સ્વાર્થી પ્રચારો ધૂળમાં મળશે. પીડિતોની આ કૂચ હવે મુકમ્મીલ આઝાદી હાંસલ કરીને જ શોભશે.

ભારતી સાહિત્ય સંઘ સંચાલિત

ગુજરાતની શ્રેષ્ઠ ગ્રંથમાળા

અંજલિ ગ્રંથમાળા

વર્ષ દસમું

વાર્ષિક લવાજમ માત્ર રૂપિયા આઠ

[૧] રંગ છે બારોટ! ઝવેરચંદ મેઘાણી : રૂ. ત્રણ

લોકજીવનને સ્પર્શતી આ વાર્તા કિશોર, જુવાન ને વૃદ્ધ સૌ કોઈને એકસરખો આનંદ આપશે. સચોટ ને જોમભરી શૈલીએ લખાએલી આ વાર્તામાં લોકસંસ્કારનાં નવઘડતરનાં દર્શન થશે. દેશપરદેશની લોકવાર્તાની મીમાંસા કરતો ૪૦ પાનાંનો પ્રવેશક અભ્યાસીઓને ઉપયોગી થઈ પડશે.

પ્રગટ થઈ ગયું છે

[૨] પાવકજ્વાલા ચુનીલાલ મડિયા. રૂ. સાડાત્રણ

શાળા-મહાશાળામાં અભ્યાસ કરતા જુવાન વિદ્યાર્થીઓને પહેલી વાર નવલકથાનાં પાત્રો દ્વારા સજીવ કર્યાં છે. આશા ને આકાંક્ષાઓ જેનાં હૈયામાં છલોછલ ભર્યાં હોય છે તે વર્ગની આ કથામાં જાતઅનુભવનું બળ પૂરાયું હોઈને એનાં પાત્રો ને વાતાવરણ જીવંત બની ગયાં છે. જરની લોકક્રાન્તિને પણ આ વાર્તા સ્પર્શે છે.

પ્રગટ થઈ ગયું છે

[૩] સુરભિ પન્નાલાલ પટેલ રૂ. સાડાત્રણ

મધ્યમ વર્ગનાં જુવાન-જુવતીઓનાં મનોમંથન દર્શાવતી આ નવલકથા લેખકે પોતાના એક નવા વિષય ઉપર અજમાવી છે. લેખક પાસે પોતાની નવીન શૈલી ...રજૂઆતનું કૌશલ છે.

પ્રગટ થઈ ગયું છે.

...અછતને કારણે ઓછી નકલો છપાવી હોઈને ...નારા નકલ વેળાસરે મેળવી લેજો.

બાળનાર માણસો વધે છે ખરાં. છતાં અંતરથી તેઓ ગાંધીનું નખ્ખોદ ચાહતાં તો નહિ હોય. પછી તો જ્ઞાની જાણે !

* * *

ગાંધીજીએ રાષ્ટ્રને આત્મભાન કરાવ્યું છે, અને જ્યારે જ્યારે પ્રજામાં મૂર્છાના તબક્કા આવે છે ત્યારે ત્યારે તુરત કોણ જાણે કયાંથી ગાંધીજી નવો એકાદ સંજીવની-મંત્ર લઇને બહાર નીકળે છે. એ મહાત્માજીનો નિર્વિવાદ મહાન ફાળો છે. બાકી દેશની રાજકારી, સામાજિક કે ધાર્મિક સમસ્યાઓના વ્યવહારુ ઉકેલ તરફ ગાંધીજીનાં પગલાં ધારણા પ્રમાણે ફળીભૂત બન્યાં કહી શકાય નહિ. એમાં હજુ મહાત્માજી પ્રયોગકારની દશામાં રહ્યા છે; અને મોટી સંખ્યાનો મતભેદ તેમણે નોતર્યો છે.

* * *

ગાંધીજીને ઘણા અવતારી ગણે છે, કેટલાક એમનામાં અલૌકિક વિભૂતિઓનું આરોપણ કરે છે, એમના શબ્દ માત્ર પર, આચરણ માત્ર પર અને વિચાર માત્ર પર આંધળો ઇતબાર મૂકનારા પણ ઘણા છે. છતાં મહાત્માજી માનવી જ છે, માનવોચિત મર્યાદાઓને પણ અધીન છે, અને એ માનવીપણાની, વચ્ચે જ પોતે શોભે છે. આ વાતનો ખ્યાલ એમણે પોતે જ હમેશાં અનુયાયીઓને કરાવ્યા કર્યો છે. સ્વ. કસ્તુરબાના છેલ્લા

કેદની કારાવાસની મિતમ ખરદાસ્તોની કથાઓ તો મર્દોનાં મૂછ-પાણી ઉતારી લે તેવી છે. અને તેઓ ખબર પામી ચૂકયા છે કે નવેસર કારાવાસ તો આજની એટલી-સરકાર નીચે પણ ગઇ ચર્ચિલ સરકારના કાળ જેટલો જ તેમના પગ પાસે પડયો છે, કોઇ પણ પલે કળ દબાવ, દેસતું ડાચું ઊઘડે, ને અંદર પોતાને ઓરાઇ જવું પડે. તેમ છતા, તેઓએ મળીને ત્રણ વર્ષ પૂર્વેની જ વાત સંભળાવી-કે 'હિંદ છોડો !'— ના, તેઓ આગળ વધ્યા—'એશિયા છોડો !'

હિટલર-ગોબેલ્સ, મુસોલીની, ટોજો વગેરેના, પરાજયની ભયાનક પળ આવી પહોંચતાં જે પામર સમાપ્તિ-પત્નો આપણે જોતા છે, તેને મુકાબલે આ હિન્દી નેતાઓનું પ્રાણ-પોલાદ કેવા રણકારા કરે છે !

અને તેઓએ ઉચ્ચ કોટિની પ્રામાણિકતા દાખવી છે. મજુર સરકાર આવી છે માટે તેને પંપાળવા બેઠા નથી. હિંદનાં દોસ્તો તરીકે દુનિયામાં પિછાન પામેલા આ બ્રિટિશ મજુર-પ્રતિનિધિઓ અત્યારે મહાસભાને વખોડીને વિષમ પરિસ્થિતિમાં મૂકી રહેલ છે. તેઓ મોટો અનર્થ કરી શકે તેવી સ્થિતિમાં છે તેની ખેવના રાખી નથી. નરમાશને એક દાવપેચ તરીકે વાપરી નથી. સોઇ ઝાટકીને સુણાવી દીધું છે, કે ૪૨ના ઓગસ્ટની ૮મી રાતનો આ જ સ્થાન પર કરેલો ઠરાવ ઊભો છે—એ પાછો ખેંચવાની નાકલીટી ઘસાવીને પછી જ છોડવા માગતા હોના, તેમાં કઇ વજુદ નથી

ત્રીજી મહત્ત્વની બાબત આ અધિવેશને એ સિદ્ધ કરી, કે મુસ્લીમ લીગને છેલ્લી સલામ દઈ દીધી. ઘણું મોડું થયું છે, ગયાં વર્ષોમાં ઘણો મહિમા અપાઇ ગયો છે, ઘણો મોટો અનર્થ ગુજરી ગયો છે, હાથના તીર હાથમાંથી છૂટી ગયાં છે, અને હવે તો ઉપજાવેલ અનર્થને લુપ્ત કરતાં નવ નેજાં પાણી ચડશે, કોમવાદનો મગર મૃત્યુ પામતો પામતો પણ પૂછડું મારતો જશે (મુંબઈમાં એ જ બની રહ્યું છે, બીજે બનવાના ભણકારા છે), પરંતુ એ જોખમ વહોર્યા વગર આરોવારો નહોતો. પાકીસ્તાનનું, દેશના દેહવિચ્છેદનું નામોચ્ચારણ પણ સહી ન લઇએ એવી ઉગ્ર મનોદશાએ દેશને લઈ ગયા વગર છૂટકો જ નથી. 'એશિયા છોડો'નો નાદ જેમ શરદબાબુએ ને સરદારે ગજવ્યો છે, તેમ આ લીગની સાથે લડી લેવાનો બુલંદ બોલ જવાહરલાલે ઉપાડયો છે. ચૂંટણીમાં ઘણી મલીન ઠલાએ ખેલાવાની છે તે છતાં, અને સરકારે નાપાક લાગે તેવી ઉતાવળ આદરી છે તે છતાં, જેલો ઊઘડી નથી તે છતાં, હુલ્લડો કેણ ઊચકી રહેલ છે તેને એક સપાટે ડાંભી દેવાની કશી જ તાકીદ દેખાડાતી નથી તે છતાં, મહાસભાએ ચૂંટણીનું આહ્વાન બાજ મુદ્દા પણ ઉપાડી લીધું છેઃ 'હિંદ છોડો !' એટલી એની પ્રામાણિકતા છે.

આજે પહેલી જ વાર પ્રજાને આવી સ્વચ્છ દોરવણી દેવાય છે. અને કારાગૃહોની બહાર કેમ જાણે કદી ફરી મળવાના જ નહોતા એવી લાગણી વચ્ચે રાષ્ટ્રવીરોનો કુટુંબમેળો મળ્યો, અશ્રુ નીતરતાં શરીરે ભેટયાં,—કોને ખબર છે કદાચ છેવટને માટે !

અમે ગાશું

અમે ગીત ગગનનાં ગાશું
રે અમે ગીત મગનમાં ગાશું.
કલકલ કૂજન સુણી પૂછશો
તમે : અરે છે આ શું ?
રે અમે૦—

સૂર્યચંદ્રને દિયો હોલવી, ઠારો નવલખ તારા,
હથેળી આડી રાખી રોકો વરસંતી જલધારા.
અમે સૂરસરિતમાં નાશું.
રે અમે૦—

જુઓ રાતદિન વિહંગ કોડે કર્યાં કરે કલશોર,
સાંજસવારે કોકિલ બુલબુલ, મોડી રાતે મોર.
જંપ્યા વિણ ગાયે જાશું,
રે અમે૦—

પંખી માત્રને મુનિવ્રત આપો, ચૂપ કરી દો ઝરણાં,
પૂરો બેડીમાં હૃદયહૃદય પર નર્તન્તાં પ્રભુચરણાં.
ઉર મૂકી મોકળાં ગાશું,
રે અમે૦—

પ્રચંડ જનકોલાહલ વીંધી ઝમે ઘ્રહ્મરવ ઝીણા,
જંપી જાય જગ ત્યારે ગાજે તિમિરની અનહદ વીણા
એ રહસ્યસ્વર કૈં લ્હાશું,
રે અમે૦—

બાળક હાલરડાં માગે ને યૌવન રસભર પ્યાલા,
બૂઢા ભજન ભણકાર ચહે—એ આપે કોઈ મતવાલા.
અમે દિલદિલને કંઈ પાશું
રે અમે ગીત ગગનનાં ગાશું.

૨ : ૯ : ૧૯૪૫ ઉમાશંકર જોષી

દિવસો જ્યારે જેલમાં ગુજરતા હતા, ત્યારે પોતે બતાવેલી વિકલતા, સરકાર પર લખેલા ઉત્તેજનાયુક્ત કાગળો, અમુક તબીબી સગવડોના અભાવ પ્રત્યે એમના દિલમાં મચી ગયેલ તુમુલ પ્રક્ષોભ—અન્ય હજારો કારાવાસીઓની ઠેરઠેર એવી જ હાલત હતી તેવા સંજોગોની વચ્ચે આ એક કેદીની પ્રમાણમાં તો ક્યાંયે વધુ સગવડભરી દશા પરનો આ તરફડાટ આજન્મ તપસ્વીને માટે અને મનોનિગ્રહના અવિરત પાઠ ભણાવનાર તરીકે વિચિત્ર હતો, પણ તે માનુષોચિત હતો. ગાંધીજી તે કાળે માનવીઓ જેવા જ માનવી હતા, ને સદાકાળ માનવી દીસ્યા છે. માટે જ એ આપણી સામાન્યોની નિકટ છે. તેજઅંબારમાં આપણને આંજી દઈને અળગા રાખતા નથી.

* * *

પોતાને આનું પૂરું ભાન છે. એટલે જ પોતે પોતાના પ્રત્યેક વિચાર, વાણી ને વર્તનની મોકળી ટીકા વિવેચના થવા દે છે. આ ગુણ એમને જગતના મૂઠીભર મહાપુરુષોની કોટિમાં મૂકી આપે છે. બીજું ઘણું ઘણું સહેલ છે, પણ પોતાના પર આકરામાં આકરી ટીકા થવા દેવી ને પિત્તો ન ગુમાવવો એ રાષ્ટ્રના અગ્રણીને માટે તો મુશ્કેલ બને છે. કારણ કે મનોદશા જ 'હું હમેશા સાચો છું'ની ઘડાઈ જાય છે. આજે તો આ એક જ ગાંધી-ગુણને અંજલિ આપીને કહીએ કે 'સાચું છો!'

વહેતાં પાણી

ગાંધી જયન્તીનું સાચું સ્વરૂપ

'ગાંધી જયંતી નિમિત્તે ગાંધી મંદિરો બંધાય છે તેમાં નાટકના જેવા ઝાકઝમાળ વિજળીના રંગબેરંગી દીવા, સીનેમાની રેકર્ડ સંભળાવતા લાઉડસ્પીકરો, ભભકભર્યાં વસ્ત્રો પહેરેલાં ભારતમાતાની છબી અથવા લાકડાની પ્રતિકૃતિ, સૂતરનો હાર પહેરેલી એકાદ 'બાપુ'ની છબી, રોજ સાંજે પોળની કન્યાઓ પરદેશી માલના ઝીણા પારદર્શક ભારે વસ્ત્રોમાં સજ્જ થઈને ત્યાં ગરબા ગાય છે, ભજનની ધૂન મચી રહે છે ને રોજ પ્રસાદ વહેંચાય છે કોઈ દિવસ ભાષણ ગોઠવાય છે, જો કે ભાષણમાં ઝાઝુ લોક આવતા નથી ત્યાં હરિજન ભાગ્યે જ હોય છે ખાદી પણ કંચિત નજરે ચઢે છે [illegible] આડંબર નીચે ક્યાંઈને સ્થાન નથી હિંદ ગરીબ છે બેકાર છે, ગુલામ છે એ તો ખબર પણ પડતી નથી આ પણ એક ભક્તિનું જ સ્વરૂપ છે, પણ એ યોગ્ય દોરવણી વિનાનું છે એ ભૂલવું નથી એનાથી ભક્તનું કે દેશનું કાંઈ કલ્યાણ નથી કેવળ પોળ પોળનું મમત કે સરસાઈ કરવા ખાતર આપણે આ ઉત્સવનો આ ભક્તિનો ઉપયોગ કરીશું? એ ભક્તિ જ્ઞાનપૂર્વક થાય તેવો આપણો પ્રયાસ જોઈએ જ્ઞાન વિનાની શ્રદ્ધા અંધ છે.'

તા. ૨૩-૮-૪૫ના 'ગુજરાતી પંચ' સાપ્તાહિકમાંથી ટાંકેલ આ વિચાર ઘણા વર્ષોથી ઘણા માણસોને સતાવી રહેલ મનોમંથનને સાફ ઉચ્ચારણ આપે છે અગાઉ એક ફક્ત 'જ્યોતિર્ધર' એકનું ને એટલું આ ઉપસ્થાન બતાવતું હતું ને કદાચ અળખામણું યે બનતું હતું અત્યાર સુધી ગાંધી-જયન્તીના આવા વાર્ષિક જલસા પર વખાણો જ વેરવામાં આવતા આને આપણે 'ભક્તિનું જ એક સ્વરૂપ' ન કહીએ આ તો હરકોઈ અવસરને જલસાઓથી ભરી દઈ પોતાની આમોદ પ્રમોદવૃત્તિ સંતોષનાર ઉત્સવિયા લોકોનું પ્રદર્શન ગણાય ઉત્સવવૃત્તિ એ કાંઈ બૂરી વાત નથી પણ એમાં ઢોંગ, દંભ ને જૂઠ ભળે છે ત્યારે એ બૂરી બને છે ગાંધી જયન્તીના ઉજવણાંમાંથી હળવા અંશોને બાદ દેવાનો મત બસ નથી માણસો રાષ્ટ્રના જ ગીતો—નીરસ ને ધૂળ જેવા હોય તો યે—ગાય એમ પણ ન હોવું જોઈએ રાષ્ટ્રપર્વના ઉજવણામાં જનતાનો પ્રાણ જૂજવી રીતે પ્રફુલ્લિત બને તો ઈષ્ટ છે કેવળ ખાદી રેંટિયા પણ બરાબર નથી દેશના પ્રાણપોષક મેળાઓ આજે જ્યારે નરી ભ્રષ્ટતાને પામેલ છે ત્યારે તો લાખોની જનતાને માટે આ જયન્તી-નિમિત્તે આદર્શ મેળા પણ યોજી શકાય ઉચ્ચ સંગીતને પણ સ્થાન મળવું જ ઘટે મહા- [illegible] પણ શા માટે નહિ? જો કોઈ રાષ્ટ્રવિધાયક છે તે સર્વ સદ્દશો સુખેથી વિનસી રહે ન જોઈએ કેવળ કલાવિહીન ઠઠારા અને આંધળી પ્રતિમાપૂજા.

'ઘેર બેઠે ગંગા' જોવી હોય તો!

'શ્રી હેમંતકુમાર નીલકંઠ લખી જણાવે છે કે એક હરિજનસેવક જમનોત્રી ગંગોત્રી આદિ પુણ્યધામોની યાત્રા કરીને ત્યાંથી આચારવિચારની સંપૂર્ણ શુદ્ધિ જાળવીને શુદ્ધ પવિત્ર ગંગાજળ કલાત્મક બરણીઓમાં લાવેલા છે તેની કિંમત જે મળે તે સઘળી રકમ ગુજરાત હરિજન સેવક સંઘને દાનમાં આપી દેવાની છે ઓછામાં ઓછી કિંમત રૂ. ૧ ૪-૦ રાખેલી છે જો કે એ માટે કોઈ કોઈ ભાવિક હિન્દુએ રૂ. ૧૦૧ સુધી પણ આપેલા છે આગામી ગાંધીસપ્તાહમાં પૂજ્ય ગાંધીજીને ઘણા વહાલા એવા આ પુરુષાર્થ માટે ભાવનાશીલ હિન્દુઓ આ પવિત્ર ગંગાજળ ખરીદીને દાન કરવાનું પુણ્ય મેળવી શકશે

હરિજન આશ્રમ સાબરમતીથી તે ગંગાજળ મળી શકશે. પ્રત્યેક હિન્દુના ઘરમાં પવિત્ર ગંગાજળ રાખવાનો એક આદિ સંસ્કાર છે એનો લાભ ભાવિક હિન્દુઓ લેશે એવી આશા છે

ઉપના સમાચાર તા. ૨૭-૮-૪૫ના 'ગુજરાત સમાચાર'માંથી લીધા છે એ જાહેરખબર તો નથી જણાતી કારણ કે સમાચાર રૂપે જ છપાયું છે ઉપરાંત 'આ ગંગાજળ હરિજન આશ્રમ સાબરમતીથી મળી શકશે' એવો પણ નિર્દેશ છે સાબરમતી હરિજન આશ્રમ તરફથી માન્ય બનીને આ ખબર બહાર પડેલ છે એમ તો બેશક ન માનવું ઘટે પરંતુ સામાન્ય વાચક વર્ગ આ ગંગાજળની જાહેરાતથી કેવો ભ્રાંત બનશે તેનો વિચાર કરવો જોઈએ ગંગાજળ—અને તે એક હરિજનસેવકે આણેલ છે તેટલા ખાતર—સવા ૭૭ રૂ. ની તો ઓછામાં ઓછી કીમતે વેચાવા બહાર મુકાય, અને ભાવિક હિંદુએ તો રૂ. ૧૦૦ સુધી પણ આપેલા છે એવાં પ્રલોભન પિરસાય, તે શું હરિજનસેવકોને, આશ્રમના સંચાલકોને, તેમ જ એ તમામના પથપ્રદર્શક મહાત્મા ગાંધીજીને હિંદુ ધર્મના અથવા કોઈ પણ ધર્મના હિતમાં હાસલ કર્તા દેખાય છે? અને એ ગંગાજળના આવા વેચાણનું ઉત્પન્ન ગુજરાત હરિજનસેવક સંઘને દાનમાં દેવાનું છે માટે જ શું બાકીની બધી જ ક્રિયા પુણ્યદાયી ગણાશે? ગાંધીસપ્તાહના પર્વની સાથે આ જળ-વેચાણના કામને જોડવાથી એ સપ્તાહનો મહિમા પણ ખોટા ખપમાં લેવાય છે ગંગાજળની પવિત્રતાને આજના જમાનામાં પણ આટલી હદે ખેંચી જવામાં હિંદુ ધર્મનું હિત નથી આવો વેપાર જો કોઈક રૂઢિચુસ્ત સનાતનીએ માંડ્યો

હોત તો તેની સુધારકો ધૂળ કાઢી નાખત. સારી પ્રવૃત્તિ ઓને પૈસા ખાતર ગંગાજળ જેવા પદાર્થને નફાખોરીના ધોરણે વેચવા કઢોય અને તેની સાથે હિંદુ ધર્મના સડાને કાઢવા નીકળેલ ગાંધીજીની પ્રવૃત્તિ કે સંસ્થાનું નામ યોજાય, એમાં અમે તો જુની સ્થિતિના પુનરાવર્તનનાં વધુ ગંભીર પગરણ જોઈએ છીએ.

લગ્નનો નવો પ્રકાર

સેવાગ્રામના આશ્રમમાં મહાત્માજીએ ડૉ. તેંડુલકર નામના એક જર્મની અને રશિયા જઈ આવેલા ઉચ્ચ શિક્ષણ પામેલા પુરુષ અને શ્રી, ઇન્દુમતી નામના કર્વે વિદ્યાપીઠનાં સ્નાતિકા યુવતી વચ્ચે નવીન વિધિએ લગ્ન કરાવ્યું. પુરોહિતપદે બ્રાહ્મણ નહિ પણ એક અંત્યજ: લગ્નવિધિ પરંપરાગત સંસ્કૃતમાં નહિ પણ શ્રી. કાલેલકરે અને શ્રી. વિનોબાએ હિંદુસ્તાનીમાં તૈયાર કરેલ. સપ્તપદી નહિ પણ તેને બદલે નીચે મુજબની દસ પ્રતિજ્ઞાઓ.

(૧) તમે આજે લગ્નગ્રન્થિથી જોડાવા તૈયાર થયા છો, ત્યારે તમે માનસિક રીતે સ્વસ્થ તો છો ને ?

(૨) તમે સાત યજ્ઞો (ગોપૂજા, જલપૂજા આદિ) કર્યાં છે ?

(૩) લગ્ન એ કામવાસના તૃપ્ત કરવાનું સાધન માત્ર નથી એવું તમે માનો છો ?

(૪) તમે ધર્મભાવના, ત્યાગભાવના અને સેવાભાવનાથી લગ્નસમ્બન્ધે જોડાઓ છો ને ?

(૫) આથી તમે તમારા સેવાકાર્યમાં પરસ્પરને વિઘ્નરૂપ નહિ થવાની અને મનસા વાચા કર્મણા પરસ્પરને સહાય કરવાની પ્રતિજ્ઞા લો છો ?

(૬) હિન્દ સ્વતંત્ર ન બને, ત્યાં સુધી પ્રજોત્પત્તિ નહિ કરવાનો તમે પ્રામાણિક પ્રયાસ કરશો ને ?

(૭) કહેવાતા અછૂતો સાથે એક પંગતે બેસી જમવામા કે અછૂતો સાથે લગ્નસંબંધે જોડાવામા તમે માનો છો ? એવા લગ્નોને તમે યોગ્ય ગણો છો ?

(૮) સ્ત્રી અને પુરુષોની સમાનતામા તમને શ્રદ્ધા છે ?

(૯) તમારો સબંધ સેવક અને સેવ્યનો નહિ પણ મિત્ર તરીકેનો રહે એવું તમે માનો છો ?

(૧૦) સાત યજ્ઞો સપ્તપદીને સ્થાને છે એવું તમે માનો છો ?

લગ્ન કરાવવાની જ શી જરૂર હતી ?

વર્તમાનપત્રોમાં આ નવા પ્રકારના લગ્નવિધિ પર જે વિવેચનો આવ્યાં છે તેમાથી 'જ્યોતિર્ધર'ના પ્રૌઢ અને ઠરેલા તંત્રીની ટીકા નોંધપાત્ર છે. એ વિગતપૂર્ણ ચર્ચાનું તારતમ્ય આવું છે—

'આ પ્રશ્નોમાથી 'લગ્ન' શબ્દ કાઢી લઈએ તો કોઇ પણ સમાજસેવાના આશ્રમમાં દાખલ થવા ઈચ્છનારને જે જાતના પ્રશ્નો પૂછી તેની લાયકાત માપવામા આવે તે જાતના પ્રશ્નો છે. વરકન્યાને ઉદ્દેશીને એ પ્રશ્નોનું ખાસ પ્રયોજન જણાતુ નથી

'દશે પ્રશ્નમાથી એક પણ પ્રશ્નમાં લગ્નજીવન માટે અને પતિપત્ની તરીકે જોડાવાની યોગ્યતા માટે સૌથી વધારે આવશ્યક તત્વ—પરસ્પરનો સાચો ઊંડો ગાઢો પ્રેમ—એ વિશે ઇશારો પણ નથી,

'પરિણિત પતિપત્ની વંદુરસ્ત હોય અને જો બન્નેનાં મન મળેલા હોય, તેમ જ બન્ને સંમત હોય, તો પતિપત્ની તરીકે દેહસંબધ બાંધે તેમા પાપમય, નિંદ્ય, કે વાંધો લેવા જેવું શું છે તે અમને સમજાતુ નથી સમસ્ત વિશ્વમા વનસ્પતિ, પ્રાણીઓ અને માનવસૃષ્ટિમા જે એક નૈસર્ગિક નિયમ છે તે મનુષ્યસમાજે અમુક ધોરણો રચી લગ્નસંસ્થાના વાડામા સમાજને સુવ્યવસ્થિત રાખવા માટે, મર્યાદિત કર્યો છે એ જાતના દેહસંબધમાં ધૃણાસ્પદ અગર પ્રતિબંધ કરવા જેવુ શાથી લાગે છે ? હિન્દની સ્વાતંત્ર્યપ્રાપ્તિ અને પરિણિત દંપતીના બ્રહ્મચર્યને શો સંબધ છે ? એ દંપતી 'બ્રહ્મચર્ય' ન પાળે તો હિન્દની સ્વાતંત્ર્યપ્રાપ્તિને શી અસર થવાની છે ? વળી, હિન્દ સ્વતંત્ર ક્યારે થશે એ કહી શકાય એ વિષય પર ઘણો મતભેદ હોવા સંભવ છે આ નવપરિણિત દંપતીનું આખું જીવન વ્યતીત થઇ જાય ત્યા સુધીમાં સ્વતંત્રતાના અમુક અર્થમાં હિન્દ સ્વતંત્ર ન થાય એમ પણ બને, તો તેમણે જીવનપર્યંત પરિણિત હોવા છતાં બ્રહ્મચર્ય પાળ્યા કરવું ? શા માટે ?

'ઉપર જણાવેલા પ્રતિજ્ઞાઓનો સામટો વિચાર કરતા એમ લાગે છે કે આ બનેને 'લગ્ન' કરાવવાની જ શી જરૂર હતી ?'

અસામાન્ય કોટિનાં નરનારી ?

પ્રજાબંધુમાં 'સંસારશાસ્ત્રી' એમ માને છે કે 'સામાન્ય કોટિનાં નરનારીનું આ લગ્ન નથી. સૂર્યની પેઠે આ લગ્ન દામ્પત્યના ઉચ્ચતમ આદર્શનો પ્રકાશ દૂર રહ્યું રહ્યું પણ ઝળહળાવશે.' એની સામે જ્યોતિર્ધરના તંત્રીનું એવું વિધાન છે, કે 'આ બે વ્યક્તિઓ 'સામાન્ય કોટિ' કરતાં જરા પણ ઉચ્ચ કક્ષાનાં છે એવું માનવાનો 'સંસારશાસ્ત્રી' પાસે કાંઈ આધાર છે ?' એક જણ રશિયા જર્મની જઈ આવ્યુ છે. બન્ને જણાં રાજકારી લડતમાં જેલ જઈ આવેલ છે, એટલાથી તેમાંનું એક પણ 'સામાન્ય કોટિ' કરતા ઉચ્ચ કક્ષાનું હોવાનો જ્યોતિર્ધરનો મત જણાતો નથી.

પ્રતિજ્ઞાઓથી આ બધું જન્મે છે ?

જ્યોતિર્ધરના મુદ્દા મનનીય છે. પરણનારાં વચ્ચે ગાઢ, ઊંડો અનુરાગ હોવો, એ તો લગ્ન-જીવનનો મુખ્ય

વહેતાં પાણી — માસિક નોંધ

ગાંધી જયન્તીનું સાચું સ્વરૂપ

'ગાંધી જયંતી નિમિત્તે ગાંધી કુટિરો બંધાય છે તેમાં નાટકનાં જેવાં ઝાકઝમાળ, વિજળીના રંગબેરંગી દીવા, સીનેમાની રેકર્ડ સંભળાવતાં લાઉડસ્પીકરો, ભભકભર્યાં વસ્ત્રો પહેરેલી ભારતમાતાની છબી અથવા લાકડાની પ્રતિકૃતિ, સૂતરનો હાર પહેરેલી એકાદ 'બાપુ'ની છબી, રોજ સાંજે પોળની કન્યાઓ પાંદડી માળના ઝીણા પારદર્શક સાડી વસ્ત્રોમાં સજ્જ થઈને ત્યાં ગરબા ગાય છે, ભજનની ધૂન મચી રહે છે ને રોજ પ્રસાદ વહેંચાય છે. કોઈ દિવસ ભાષણ ગોઠવાય છે, જો કે ભાષણમાં બહુ લોક આવતા નથી ત્યાં હરિજન ભાગ્યે જ હોય છે. ખાદી પણ ક્વચિત નજરે ચડે છે. કળાના આડંબર નીચે સાદાઈને સ્થાન નથી, હિંદ ગરીબ છે, બેકાર છે, ગુલામ છે એ તો ખબર પણ પડતી નથી. આ પણ એક ભક્તિનું જ સ્વરૂપ છે, પણ એ યોગ્ય દોરવણી વિનાનું છે. એ જાગૃત નથી. એનાથી ભક્તનું કે દેશનું કાંઈ કલ્યાણ નથી. કેવળ પોળ પોળનું મમત કે સરસાઈ કરવા ખાતર આપણે આ ઉત્સવનો, આ શક્તિનો ઉપયોગ કરીશું? એ ભક્તિ જ્ઞાનપૂર્વક થાય તેવો આપણો પ્રયાસ જોઈએ. જ્ઞાન વિનાની શ્રદ્ધા અન્ધ છે.'

તા. ૨૩-૯-૪૫ના 'ગુજરાતી પંચ' સાપ્તાહિકમાંથી ટાંકેલ આ વિચાર ઘણાં વર્ષોથી ઘણાં માણસોને સતાવી રહેલ મનોમંથનને માત્ર ઉચ્ચારણ આપે છે. અગાઉ એક ફક્ત 'જ્યોતિર્ધર' એકનું ને અટૂલું આ વિષયસ્થાન બતાવતું હતું ને કદાચ અળખામણું યે બનતું હતું. અત્યાર સુધી ગાંધી-જયન્તીના આવા વાર્ષિક જલસા પર વખાણો જ વેરવામાં આવતાં. આને આપણે 'ભક્તિનું જ એક સ્વરૂપ' ન કહીએ આ તો હરકોઈ અવસરને જલસાઓથી ભરી દઈ પોતાની આમોદપ્રમોદવૃત્તિ સંતોષનાર ઉત્સવિયાં લોકોનું પ્રદર્શન ગણાય. ઉત્સવવૃત્તિ એ કાંઈ બૂરી વાત નથી. પણ એમાં ઢોંગ, દંભ ને જૂઠ ભળે છે ત્યારે એ બૂરી બને છે. ગાંધી-જયન્તીનાં ઊજવણાંમાંથી હળવા અંશોને બાદ દેવાનો મત બસ નથી. માણસો રાષ્ટ્રનાં જ ગીતો—નીરસ ને ધૂળ જેવાં હોય તો યે—ગાય એમ પણ ન હોવું જોઈએ રાષ્ટ્રપર્વના ઊજવણામાં જનતાનો પ્રાણ જૂજવી રીતે પ્રફુલ્લિત બને તો ઇષ્ટ છે. કેવળ ખાદી રેંટિયા પણ બરાબર નથી. દેશના પ્રાણપોષક મેળાઓ આજે જ્યારે નરી ભ્રષ્ટતાને પામેલ છે ત્યારે તો લાખોની જનતાને માટે આ જયન્તી-નિમિત્તે આદર્શ મેળા પણ યોજી શકાય. ઉચ્ચ સંગીતને પણ સ્થાન મળવું જ ઘટે. મર્દાઈના ખેલ પણ શા માટે નહિ? જે કોઈ રાષ્ટ્રવિધાયક છે તે સર્વ સદ્‌ગુણો સુખેથી વિકસી રહે. ન જોઈએ કેવળ કલાવિહીન ઠઠારા અને આંધળી પ્રતિમાપૂજા.

'ઘેર બેઠે ગંગા' જોવી હોય તો!

શ્રી હેમંતકુમાર નીલકંઠ લખી જણાવે છે કે એક હરિજનસેવક જમનોત્રી ગંગોત્રી આદિ પુણ્યધામોની યાત્રા કરીને ત્યાંથી આચારવિચારની સંપૂર્ણ શુદ્ધિ જાળવીને શુદ્ધ પવિત્ર ગંગાજળ કેવળ થોડા જ પ્રમાણમાં લાવેલા છે તેની કિંમત જે મળે તે સઘળી રકમ ગુજરાત હરિજન સેવક સંઘને દાનમાં આપી દેવાની છે. ઓછામાં ઓછી કિંમત રૂ. ૬-૪-૦ રાખેલી છે, જો કે એ માટે કોઈ કોઈ સાત્ત્વિક હિન્દુએ રૂ. ૧૦૦) સુધી પણ આપેલા છે. આગામી ગાંધીસપ્તાહમાં પૂજ્ય ગાંધીજીને પ્રણામ વહાલા એવા આ પુણ્યકાર્ય માટે ભાવનાશીલ હિન્દુઓ આ પવિત્ર ગંગાજળ ખરીદીને દાન કરવાનું પુણ્ય મેળવી શકશે.

હરિજન આશ્રમ, સાબરમતીથી તે ગંગાજળ મળી શકશે. પ્રત્યેક હિન્દુના ઘરમાં પવિત્ર ગંગાજળ રાખવાનો એક આદિ-સંસ્કાર છે એનો લાભ સાત્ત્વિક હિન્દુઓ લેશે એવી આશા છે.

ઉપલા સમાચાર તા. ૨૭-૯-૪૫ના 'ગુજરાત સમાચાર'માંથી લીધા છે. એ જાહેરખબર તો નથી જણાતી કારણ કે સમાચાર રૂપે જ છપાયું છે. ઉપરાંત 'આ ગંગાજળ હરિજન આશ્રમ સાબરમતીથી મળી શકશે' એવો પણ નિર્દેશ છે. સાબરમતી હરિજન આશ્રમ તરફથી માન્ય બનીને આ ખબર બહાર પડેલ છે એમ તો બેશક ન માનવું ઘટે, પરંતુ સામાન્ય વાચક વર્ગ આ ગંગાજળની જાહેરાતથી કેવો ભ્રાંત બનશે તેનો વિચાર કરવો જોઈએ. ગંગાજળ—અને તે એક હરિજનસેવકે આણેલ છે તેટલા ખાતર—સવા છ રૂ.ની તો ઓછામાં ઓછી કીમતે વેચાવા બહાર મુકાય, અને સાત્ત્વિક હિંદુએ તો રૂ. ૧૦૦ સુધી પણ આપેલા છે એવાં પ્રલોભન વિસ્તરાય, તે શું હરિજનસેવકોને, આશ્રમના સંચાલકોને, તેમ જ એ તમામના પથપ્રદર્શક મહાત્મા ગાંધીજીને હિંદુ ધર્મના અથવા કોઈ પણ ધર્મના હિતમાં હાંસલ-કર્તા દેખાય છે? અને એ ગંગાજળના આવા વેચાણનું ઊપજ ગુજરાત હરિજનસેવક સંઘને દાનમાં દેવાનું છે માટે જ શું બાકીની બધી જ ક્રિયા પુણ્યદાયી ગણાશે! ગાંધીજન્મદિન પર્વની સાથે આ જળ-વેચાણના કામને જોડવાથી એ સપ્તાહનો મહિમા પણ ખોટા ખપમાં લેવાય છે. ગંગાજળની પવિત્રતાને આજના જમાનામાં પણ આટલી હદે એવી જવામાં હિંદુ ધર્મનું હિત નથી. આવો વેપાર જો કોઈક રૂઢિચુસ્ત સનાતનીએ માંડ્યો

હોત તો તેની સુધારકો ધૂળ કાઢી નાખત. સારી પ્રવૃત્તિઓને પોષવા ખાતર ગંગાજળ જેવા પદાર્થને નફાખોરીના ધોરણે વેચવા કઢાય અને તેની સાથે હિંદુ ધર્મના સડાને કાઢવા નીકળેલ ગાંધીજીની પ્રવૃત્તિ કે સંસ્થાનું નામ યોજાય, એમાં અમે તો જુની સ્થિતિના પુનરાવર્તનનાં વધુ ગંભીર પગરણ જોઈએ છીએ.

લગ્નનો નવો પ્રકાર

સેવાગ્રામના આશ્રમમાં મહાત્માજીએ ડૉ. તેંડુલકર નામના એક જર્મની અને રશિયા જઈ આવેલા ઉચ્ચ શિક્ષણ પામેલા પુરુષ અને શ્રી. ઈંદુમતી નામનાં કર્વે વિદ્યાપીઠનાં સ્નાતિકા યુવતી વચ્ચે નવીન વિધિએ લગ્ન કરાવ્યું. પુરોહિતપદે બ્રાહ્મણ નહિ પણ એક અંત્યજ: લગ્નવિધિ-પરંપરાગત સંસ્કૃતમાં નહિ પણ શ્રી. કાલેલકરે અને શ્રી. વિનોબાએ હિંદુસ્તાનીમાં તૈયાર કરેલ. સપ્તપદી નહિ પણ તેને બદલે નીચે મુજબની દસ પ્રતિજ્ઞાઓ.

(૧) તમે આજે લગ્નગ્રન્થિથી જોડાવા તૈયાર થયાં છો, ત્યારે તમે માનસિક રીતે સ્વસ્થ તો છો ને?

(૨) તમે સાત યજ્ઞો (ગોપૂજા, જલપૂજા આદિ) કર્યા છે?

(૩) લગ્ન એ કામવાસના તૃપ્ત કરવાનું સાધન માત્ર નથી એવુ તમે માનો છો?

(૪) તમે ધર્મભાવના, ત્યાગભાવના અને સેવાભાવનાથી લગ્નસમ્બન્ધે જોડાઓ છો ને?

(૫) આથી તમે તમારા સેવકાર્યમાં પરસ્પરને વિઘ્નરૂપ નહિ થવાની અને મનસા વાચા કર્મણા પરસ્પરને સહાય કરવાની પ્રતિજ્ઞા લો છો?

(૬) હિન્દ સ્વતંત્ર ન બને, ત્યાં સુધી પ્રજોત્પત્તિ નહિ કરવાનો તમે પ્રામાણિક પ્રયાસ કરશો ને?

(૭) કહેવાતા અસ્પૃશ્યો સાથે એક પંગતે બેસી જમવામાં કે અસ્પૃશ્યો સાથે લગ્નસંબંધે જોડાવામાં તમે માનો છો? એવા લગ્નોને તમે યોગ્ય ગણો છો?

(૮) સ્ત્રી અને પુરુષોની સમાનતામાં તમને શ્રદ્ધા છે?

(૯) તમારો સંબંધ સેવક અને સેવ્યનો નહિ પણ મિત્ર તરીકેનો રહે એવું તમે માનો છો?

(૧૦) સાત યજ્ઞો સપ્તપદીને સ્થાને છે એવું તમે માનો છો?

લગ્ન કરાવવાની જ શી જરૂર હતી?

વર્તમાનપત્રોમાં આ નવા પ્રકારના લગ્નવિધિ પર જે વિવેચનો આવ્યાં છે તેમાંથી 'જ્યોતિર્ધર'ના પ્રૌઢ અને ઠરેલા તંત્રીની ટીકા નોંધપાત્ર છે. એ વિગતપૂર્ણ ચર્ચાનું તારતમ્ય આવું છે—

'આ પ્રશ્નોમાંથી 'લગ્ન' શબ્દ કાઢી લઈએ તો કોઈ પણ સમાજસેવાના આશ્રમમાં દાખલ થવા ઈચ્છનારને જે જાતના પ્રશ્નો પૂછી તેની લાયકાત માપવામાં આવે તે જાતના પ્રશ્નો છે. વરકન્યાને ઉદ્દેશીને એ પ્રશ્નોનું ખાસ પ્રયોજન જણાતું નથી.

'દશે પ્રશ્નમાંથી એક પણ પ્રશ્નમાં લગ્નજીવન માટે અને પતિપત્ની તરીકે જોડાવાની યોગ્યતા માટે સૌથી વધારે આવશ્યક તત્વ—પરસ્પરનો સાચો ઊંડો ગાઢ પ્રેમ—એ વિશે ઇશારો પણ નથી.

'પરિણિત પતિપત્ની તંદુરસ્ત હોય અને જો બન્નેનાં મન મળેલાં હોય, તેમ જ બન્ને સંમત હોય, તો પતિપત્ની તરીકે દેહસંબંધ બાંધે તેમાં પાપમય, નિંદ્ય, કે વાંધો લેવા જેવું શું છે તે અમને સમજાતું નથી. સમસ્ત વિશ્વમા વનસ્પતિ, પ્રાણીઓ અને માનવસૃષ્ટિમા જે એક નૈસર્ગિક નિયમ છે તે મનુષ્યસમાજે અમુક ધોરણો રચી લગ્નસંસ્થાના વાડામાં સમાજને સુવ્યવસ્થિત રાખવા માટે, મર્યાદિત કર્યો છે. એ જાતના દેહસંબંધમા ઘૃણાસ્પદ અગર પ્રતિબંધ કરવા જેવું શાથી લાગે છે? હિન્દની સ્વાતંત્ર્યપ્રાપ્તિ અને પરિણિત દંપતીના બ્રહ્મચર્યને શો સંબંધ છે? એ દંપતી બ્રહ્મચર્ય ન પાળે તો હિન્દની સ્વાતંત્ર્યપ્રાપ્તિને શી અસર થવાની છે? વળી, હિન્દ સ્વતંત્ર ક્યારે થયેલું ગણાય એ વિષય પર ઘણો મતભેદ હોવા સંભવ છે. આ નવપરિણિત દંપતીનું આખું જીવન વ્યતીત થઈ જાય ત્યા સુધીમાં સ્વતંત્રતાના અમુક અર્થમાં હિન્દ સ્વતંત્ર ન થાય એમ પણ બને, તો તેમણે જીવનપર્યંત પરિણિત હોવા છતાં બ્રહ્મચર્ય પાળ્યા કરવું? શા માટે?

'ઉપર જણાવેલા પ્રતિજ્ઞાઓનો સામટો વિચાર કરતા એમ લાગે છે કે આ બનેને 'લગ્ન' કરાવવાની જ શી જરૂર હતી?'

અસામાન્ય કોટિનાં નરનારી?

પ્રજાબંધુમાં 'સંસારશાસ્ત્રી' એમ માને છે કે 'સામાન્ય કોટિનાં નરનારીનું આ લગ્ન નથી. સૂર્યની પેઠે આ લગ્ન દામ્પત્યના ઉચ્ચતમ આદર્શનો પ્રકાશ દૂર સુધી રહ્યું રહ્યું પણ ઝળહળાવશે.' એની સામે જ્યોતિર્ધરના તંત્રીનું એવું વિધાન છે, કે 'આ બે વ્યક્તિઓ 'સામાન્ય કોટિ' કરતાં જરા પણ ઉચ્ચ કક્ષાનાં છે એવું માનવાનો 'સંસારશાસ્ત્રી' પાસે કાંઈ આધાર છે?' એક જણ રશિયા જર્મની જઈ આવ્યું છે. બન્ને જણાં રાજદ્વારી લડતમાં જેલ જઈ આવેલ છે, એટલાથી તેમાંનું એક પણ 'સામાન્ય કોટિ' કરતા ઉચ્ચ કક્ષાનું હોવાનો જ્યોતિર્ધરનો મત જણાતો નથી.

પ્રતિજ્ઞાઓથી આ બધું જન્મે છે?

જ્યોતિર્ધરના મુદ્દા મનનીય છે. પરણનારાં વચ્ચે ગાઢ, ઊંડો અનુરાગ હોવો, એ તો લગ્ન-જીવનનો મુખ્ય

સ્થંભ છે. બીજી વિધિઓ, આચારો ને પ્રતિજ્ઞાઓ, એ તો આપણા દેશની જે શાસનપદ્ધતિ હોય તેના લગ્નવિષયક કાયદાઓના પાલન પૂરતાં, વ્યવહારે આવશ્યક હોય તેટલાં પ્રમાણમાં જ ફરજિયાત આચરણની બાબતો છે. કોઈ પણ સુશિક્ષિત વરવધૂને ન તો પ્રાચીન પરંપરાગત વિધિઓની જરૂર હોય, કે ન તો નવી 'દસ પ્રતિજ્ઞાઓ'ની પેઠના હોય. આવી પ્રતિજ્ઞાઓમાંથી પરણનારાં સુશિક્ષિતોને માટે કઈ બાબત નવી છે? કયું નવું ગાંભીર્ય કે પાવિત્ર્ય આવી પ્રતિજ્ઞાઓ દ્વારા લગ્નમાં પેદા થઈ શકે છે? માનસિક સ્વસ્થતા, ધર્મભાવના, ત્યાગભાવના, સેવાભાવના, પરસ્પર સહાયબુદ્ધિ, સ્ત્રીપુરુષની સમાનતા અને મૈત્રીભાવ, એ તો શિક્ષિત દંપતીની અન્યોન્ય સુપાત્રતાની સહજ તેમ જ અંગત બાબતો છે અને બેઉએ કરેલી પસંદગીમાં અભિપ્રેત છે. એ તો પ્રગાઢ પ્રેમમાંથી પ્રકટ થતા, ક્રમે ક્રમે સહવાસથી કેળવાતા અને ઘડાતા સંસ્કારો છે. એને સારુ પ્રતિજ્ઞા શી? પ્રતિજ્ઞાથી શું એ જન્મી શકે છે?

કામવાસના પ્રત્યે આટલી કરડાકી કેમ?

'લગ્ન એ કામવાસના તૃપ્ત કરવાનું સાધન માત્ર નથી' એ તો પ્રાકૃતમાં પ્રાકૃત, કનિષ્ઠથી એ કનિષ્ઠ, જૂના અને નવા હરએક લગ્નમાં રહેલી માનવ-સમજણ છે. લગ્નની એ એકમાત્ર ઉપયોગિતા હોવાનો દાવો તો કદી કોઈ ઠેકાણે થયો નથી. છતાં એ મુદ્દા પર પ્રતિજ્ઞાનો ભાર આ 'આદર્શ લગ્ન'માં જ શાને માટે?

કામવાસનાની તૃપ્તિ પ્રત્યે આજકાલ કંઈક વધુ પડતી 'પવિત્ર' કરડાકી દાખવવામાં આવે છે. કામ અને વાસના, એ મૂળે જ શું પાપમય છે? એ તો એક નિસર્ગ-નિરુપિત બળ છે, ને માનવ-જીવનમાં મોટો ભાગ ભજવવાને નિર્માણ પામેલ છે. તેમ છતાં જેને એથી પણ પર રહેવું હોય તેને માટે તો આપણી અન્ય આશ્રમોની જોગવાઈ છે.

મેં બસ નથી. માણસો રા[illegible] ધૂળ જેવાં હોય તો પે—ગા જોઈએ રાષ્ટ્રપર્વના ઉજવણામાં જ[illegible] રીતે પ્રફુલ્લિત બને તો દૃષ્ટિ છે.માં સુધી પ્રજોત્પત્તિ કરતા પણ બરાબર નથી. દેશના પ્રાણ જ એક મોટી વિડમ્બના છે જ્યારે નરી પ્રાકટતાને પામેલ છે. આવો જ એ દાખલો બેચારી [illegible] આ જયન્તી-નિમિત્તે ના સંતાનો પરાધીન હિંદ પર [illegible] ઉચ્ચ સંગીતને પા. પ્રજોત્પત્તિ એ સ્ત્રીહૃદયની એક [illegible] [illegible] પ્રાણકારી કામના છે. નારીનો પ્રાણ

જેટલા પ્રમાણમાં સ્વાભાવિક માતૃત્વની ભૂખ સેવતો હોય, સંતતિનો ભાર વેઠવા સશક્ત હોય, સ્ત્રીપુરુષનો માર્ગમાં પ્રજા વિઘ્નરૂપ ન બને તેવું હોય, અને પ્રજનનની ક્રિયા દ્વારા જેટલે અંશે નારીનાં દેહપ્રાણ નવીન સ્ફૂર્તિ, ચેતના તેમજ પ્રસન્નતા પ્રાપ્ત કરી શકે તેમ હોય, તેટલે અંશે પ્રજોત્પત્તિ સર્વત્ર ઇષ્ટ છે, નહિ તો એ સ્વતંત્ર દેશમાં યે શાપરૂપ છે. એ વાતને લગ્ન-પ્રતિજ્ઞામાં સ્થાન શાને? કામવાસનાનું અને પ્રજનનેચ્છાનું આવું સમગ્ર દમન, એ તો આ દસ પ્રતિજ્ઞાઓમાં રહેલાં બીજાં તત્ત્વોને જ વિઘાતક બનશે.

જ્યોતિર્ધરનો પ્રશ્ન સાચો છે, કે તો પછી આ લગ્ન જ શા માટે? કામવાસના, પ્રજનનેચ્છા, અને તે દ્વારા પ્રકટતા નાના મોટા ઊર્મિઉલ્લાસોથી પર જઈ પહોંચેલાં કેવળ આત્મ-લગ્ન (જો એના જેવું કંઈ હોય તો)ની કક્ષાએ બિરાજનારાઓ શું નરી મૈત્રીથી જ ઉપલી દસે પ્રતિજ્ઞાઓમાં નિરુપેલ કલ્યાણ-તત્ત્વોની ઉપાસના ન કરી શક્યાં હોત?

વ્યક્તિઓ સામે કહેવાનું નથી

'પ્રજાબંધુ'ના સંસારના રંગમાં શ્રી. સંસારશાસ્ત્રીનું કહેવું એમ છે કે—

'શ્રી. તેંડુલકર અને શ્રી ઇન્દુમતીએ આત્મશ્રદ્ધાને જોરે હેતુમય જીવન જીવવાનો સંકલ્પ કર્યો છે. એટલું તો એમનું લગ્ન અવશ્ય કરી છૂટે છે. ભલે પછી એ હેતુ કોઈને રુચતો આવે ને કોઈને ના પણ આવે. એ હેતુ નિર્દોષ ને નિરુપદ્રવી હોય, સમાજના યોગક્ષેમ સાથે એનું અનુસંધાન થયું હોય, એટલું પૂરતું છે.'

ઉપલું વિધાન પ્રસ્તુત બે વ્યક્તિઓ પૂરતું સત્ય છે. સમાજને નડતર ન કરે તેવા કોઈ પણ લગ્નને વખોડવાનું લાજમ નથી. ભલે પછી એ લગ્ન આજે વિચિત્ર અને વિડમ્બનાપાત્ર લાગે. બેઉ પરણનારાં એમની મરજી મુજબ થની બનવા મુખત્યાર છે. પરંતુ આ લગ્ન હજારો લાખો લગ્નોની પેઠે સ્વાભાવિકપણે થયેલ લગ્ન નથી. આ તો આખા જગતના આદર્શ-સેવીઓનું લક્ષ્ય કેન્દ્રિત કરનાર એક સ્થળ તેમજ એક વ્યક્તિ દ્વારા મહિમાને પામ્યું હોઈ સમાજની દૃષ્ટિમાં એક આદર્શની ઝલક ઊભી કરનારું લગ્ન બન્યું છે, અને તેનું નૂતન વિધિવિધાન પણ એવું સૂચવે છે કે જાણે આ નૂતન પ્રકારને આદર્શસ્થાને સ્થાપવાનો આશય હોય.

મૂર્તિખંડનની

પાછળના સંકલ્પો

કાઠિયાવાડના તળાજા ગામના ડુંગર પર આવેલા જૈનોના પ્રાચીન તીર્થધામમાંથી એક રાત્રિએ બે પુરાતન દેવપ્રતિમાઓ ભાંગીને બહાર નાખી દેવાનું હલકટ અને નિંદ્ય કામ કોઈક કરી ગયું છે. હિંદુ કોમમાં અનેક ધર્મપંથો, સંપ્રદાયો છે, અને એમાં અનેકના સિદ્ધાંતો માન્યતાઓ તેમજ વિધિઆચારો પરસ્પર જુદા પડે છે એટલું જ નહિ પણ પરસ્પર વિરોધીપણાનાં સ્વરૂપો ય ધરાવે છે. પારસી, ખ્રીસ્તી, યહૂદી વગેરે કેક કોમો એકબીજાથી ધાર્મિક મતાન્તરો સેવે છે. છતાં કોઈ પંથની દેવપ્રતિમાનું ખંડન તો શું પણ અપમાન અવહેલના ય બીજાએ કરી જાણી નથી. માનભર્યાં અવગણાને પરસ્પરે નિભાવ્યું છે. મૂર્તિ સામેનો કટ્ટર ખોફ એક ફક્ત ઇસ્લામીઓમાં પ્રવર્તે છે. મૂર્તિખંડનમાં ત્યાં પુન્ય મનાયું છે. ઇસ્લામના શાસ્ત્રનો આધાર તો ગમે તે હો, છતાં એ ધર્મની સ્થાપનાથી માંડી સદીઓ પર્યંત પ્રણાલિકા મૂર્તિભંજનની ચાલી હતી. આજે તો પ્રજાજન તરીકેના નાગરિક ધર્મો પાંથિક ફરજોથી ઊંચે પદે સ્થપાયા છે. મૂર્તિખંડન એ ગંભીર ગુનો ઠરેલ છે. અને ધાર્મિક પુણ્ય રળવાની ગેરમાન્યતાથી દોરવાઈને પણ હિંદ સિવાયના કોઇ દેશમાં મુસ્લીમોએ જીસસ મેરીની મૂર્તિ કે અન્ય કોઈ મૂર્તિ ભાંગ્યાનું ક્યાંય સાંભળ્યું નથી.

એ બને છે માત્ર હિંદમાં. છુપીચોરીથી બને છે, અથવા ખુલ્લાં હુલ્લડોમાં બને છે. અને ઉઘાડી દુશ્મનાવટના બહેકાટમાં તો પછી એ પરસ્પર બને છે. મૂર્તિઓની સામે મસ્જીદો પણ ભંગાય છે. પણ હવેની ભાંગફોડ ધાર્મિક પુન્ય કમાવાને માટે નથી થતી. નેકપાક એવા લાખો મુસ્લીમો એવા પુન્યનું સ્વપ્ન પણ નથી સેવતા. હવે તો આ કેવળ રાજકારણી ગુંડાશાહી અને મવાલીપણાનાં છમકલાં હોય છે. ને એમાં એકબીજી કોમને નાગરિક દૃષ્ટિએ દબાવવા ડરાવવા કચડી નાખવાની નેમ હોય છે. એ કૃત્યો પાછળ અવિચારી એક–બે વ્યક્તિઓ પણ હોય છે તેમ વ્યવસ્થિત વિચારપૂર્વકનું સાધનસંપન્ન કાવતરૂં પણ હોય છે.

કદી વખોડી

કાઢેલ છે ખરૂં?

તળાજાનું મૂર્તિખંડન કરનાર પકડાયો નથી. કાયદાની એ મર્યાદા છે કે અમુક કોમમાંથી આ થયું છે એમ પણ બોલવું ન જોઇએ. છતાં પરિસ્થિતિની ખાસ વિશિષ્ટતાઓને પરિણામે જાહેર પ્રજાનું દિલ સંશયગ્રસ્ત બનતાં અટકતું નથી ને કંઠોપકંઠ વાતો થતી રોકાતી નથી. કાયદાના લાંબા હાથ એવી માન્યતા–પ્રચારને પહોંચી શકતા નથી. એવા સંજોગોમાં 'પ્રબુદ્ધ જૈન'ના તંત્રી એક એવું સૂચન કરે છે કે—

'આવી પરિસ્થિતિમાં મુસલમાન ભાઈઓ પોતાના પાડોશી સમાજની સાથે જ છે અને તેમનાં મંદિર કે મૂર્તિનો જે ઘાત કરવામાં આવ્યો છે તે પોતાની મસ્જીદને તોડવા બરોબર જ તેઓ લેખે છે તેવી હમદર્દીની પ્રતીતિ–એ પરસ્પરનો ભાઇચારો મુસલમાનોને પણ એટલી જ ઇષ્ટ વસ્તુ હોય તો સભાઓ, જાહેર નિવેદનો તેમજ અન્ય સર્વ વહેવારુ રીતો વડે મુસલમાન ભાઇઓએ હિંદુ સમાજના દિલમાં ઉત્પન્ન કરવી જોઇએ. આવા પ્રસંગે કેવળ મૌન ધારણ કર્યાથી ન ચાલે.'

ઉપલી આશા રાખવી એ વધુ પડતું છે. મૂર્તિખંડન ઉપરાંત જીવતાં માનવીઓને–સ્વામી શ્રદ્ધાનંદને, અલાબક્ષને એવા તો કૈકને–મારી નાખવાના કિસ્સા બન્યા છે. પૂરવાર થયા છે. એમાંના એકને પણ વખોડી કાઢવાનો ઠરાવ તો કદી થયો નથી પણ બે શબ્દોનું નિવેદને ય બહાર પડ્યું નથી. આ બાબતનો અત્યુત્સાહ તો આપણામાં જ જોવામાં આવે છે. છેલ્લે છેલ્લે તો મુસ્લિમ લીગના મુખપત્ર 'ડૉન'ના તંત્રી તરફથી એટલી હદે સાફ લખાયું છે કે મૌ. અબુલકલામ આઝાદ જેવા ઢીંગલાં પૂતળાં તો ઇંટોના અને રોડાંના મારને જ પાત્ર છે!

પ્રતિમાપૂજકો

પોતાની ફરજ વિચારે—

બીજાઓએ બજાવવાની ફરજને બાજુએ રાખીએ. પ્રતિમાઓના ખુદ પૂજકોની ફરજ વિચારવા જેવી છે. પ્રતિમાઓ પ્રત્યે એ પૂજકોની ભાવના કેટલી? ઠેર ઠેરથી જેઓના રોષ, ધિક્કાર અને વિરોધના તારો ઝણઝણે છે તે જૈનો પોતાની પ્રતિમાઓને માટે કેટલો ભોગ આપવા તત્પર છે? દેવમૂર્તિ એ શું તેમના પ્રાણ સાટેની બાબત છે? પ્રતિમા પધરાવવાના ઉત્સાહીઓ એની રક્ષાની ત્રેવડ ધરાવે છે? ભાડૂતી ચોકીદારોને હવાલે છોડી દેવાય એવી સસ્તી આ પ્રતિમાઓ શાને? ત્રેવડ ઉપરાંતની પ્રતિષ્ઠાઓ કેમ કરે જ જવાય છે? લક્ષ્મીની વિપુલતા અને ધર્મની વેવલાઈ, એ બે ભેળાં થયાં છે તેથી જ શું? ભાવનગરના મહારાજા પર તારોની વૃષ્ટિ થઇ છે કે ગુનેગારને

ફું

જટ પકડી સજ્જ કરો. રાજસત્તાઓનો ઉત્સાહ આવી બાબતો પરત્વે કેવોક છે તે જાણીતું છે. કુલછાએ સૂચન કરેલું કે ભલા ભાઈઓ! મોટા પગારનો કોઈક સ્વતંત્ર જાસૂસી નિષ્ણાત તમારા ખર્ચે જ રાખીને આ ગુનાનો તાગ લેવરાવોને! પણ મૂર્તિઓની સંખ્યા એટલી બધી વધારી મુકાઈ છે કે ક્ષણિક લાગણીથી વિશેષ કશો પુણ્યપ્રકોપ પ્રકટવાને અવકાશ નથી. ગામડે ગામડે પ્રતિમાઓ છે, ડુંગરે ડુંગરે દેરીઓ છે. રક્ષણની ત્રેવડ નથી. જમાનો ભયંકર ધુરકાટા કરે છે. ડોશી મરે છે એ તો ઠીક, પણ જમ ઘર ભાળે છે. ત્રેવડ ન હોય તો તમામ પ્રતિમાઓને એકજ સ્થાને ભેળી કરીને એકજ મંદિરમાં પુજાવી શકાય. આ ઠરાવો, સભાઓ ને તારો તો નર્યા ઔપચારિક બન્યાં છે. સંખ્યાદૃષ્ટિએ મૂર્તિમોહનો જે અતિરેક થયો છે તેને અટકાવો.

બે સંસ્કાર-વ્યક્તિઓની ષષ્ટિપૂર્તિ

સંસ્કારપ્રેમી ગુજરાતીઓને આનંદ થાય એવા બે સમારંભોની આ વર્ષે તૈયારી છે. શ્રી ક. મા. મુનશીનો હીરક મહોત્સવ અને કાકા કાલેલકરની ષષ્ટિપૂર્તિ. ગુજરાતી સાહિત્યની જ નહિ પણ સમગ્ર ગુર્જર સંસ્કારિતની ઊજળી સેવા કરનાર આ બેઉ વ્યક્તિઓને સાઠ વર્ષ પૂરાં થાય છે. કાકા સાહેબનો સમારંભ અમદાવાદની ગુ. સા. સભાએ અન્ય સંસ્થાઓના સહકારથી યોજ્યો છે અને મુનશીજીના મહોત્સવ માટે શ્રી દેના બેંકવાળા પ્રાણલાલભાઈના પ્રમુખપદે સમિતિ રચાઈ રહી છે. આવા અવસરે અભિનંદન ગ્રંથો યોજાય તે રૂઢ થયું છે. આ ગ્રંથો અભ્યાસીઓને કામના થાય તેવી સૌની ઉમેદ હોય. માનપાત્ર વ્યક્તિની પ્રશસ્તિના કરતાં તેમણે આપેલા ફાળાનું અનેક દૃષ્ટિએ મુલ્યાંકન, ગુણદોષનું તુલનાત્મક મુલ્યાંકનજ પ્રજાને ઉપકારક બને. મુનશીજી તરફથી ગુજરાતને સાંપડેલા બહુવિધ ફાળાઓમાં ભારતીય વિદ્યાભવન અત્યારે અગ્રપદ ભોગવે છે. આ અવસરે નિમિત્તે એ સંસ્થાનો સ્વરુપવિસ્તાર બને, તો ઉત્સવનું સાર્થક્ય થશે.

દક્ષિણના સાહિત્યને સીધું પિછાનીએ

તામિલનાડના વિરલ કવિ સુબ્રહ્મણ્ય ભારતીની પ્રશસ્તિ વારંવાર થાય છે અને એમની પુણ્યતિથિ ઉજવાતા ઉપરાંત એમનાં સ્મારકો પણ થઇ રહેલ છે. એના સંબંધમાં શ્રી વિજયરાય વૈદ્ય ગુજરાતી સાપ્તાહિકની 'સંસ્કાર-મુકુર' નામે કંડિકાઓમાં વ્યાજબી લખે છે, કે—

'એ માનવતાપ્રેમી અને સાથે નિર્ભય રાષ્ટ્રવાદી ભારતીય કવિ વિશે આપણે જ થોડું આ દિવસોમાં જાણી શકયા છીએ તે બિન (!) ભારતીય (અભારતીય) ભાષા અંગ્રેજી દ્વારા જ. આપણી બહુ ચવાતી રાષ્ટ્રીયતા રાજકીય સિવાયના પ્રદેશોમાં પણ ઝળકવી જોઈએ. ગુજરાતી લેખકોમાંથી થોડા જો સામાન્ય કક્ષાનો ને સક્રિય થોડોક અભ્યાસ મરાઠી, હિંદી ને બંગાળીનો કરતા હોય છે તો બીજા કેટલાકે હવે દક્ષિણ ભારતના ભાષાઓને જાણતા પિછાનતા થઇ તેમાંનું સારું સાહિત્ય ગુજરાતી વાચકોને આપવું જોઇએ.'

દક્ષિણ ભારતની ભાષાસાહિત્યસમૃદ્ધિ સાથે સંપર્ક સાધવાની આ સૂચના મોઘામૂલની છે.

કલાસાહિત્ય અને રાજ્યાશ્રય

એક વિવાદાસ્પદ મુદ્દાને પણ શ્રી વિજયરાયે આ જ ઠેકાણે ઊઠાવ્યો છે.

'કલાકારોએ (તેથી, સાહિત્યકારોએ પણ) રાજ્ય રાણાઓ પાસેથી આશ્રય તથા ઉત્તેજન માટે હવે જોવું જોઈએ નહિ પણ ફ્લ ભણી જોવું', એવું સ્વ. કવિ ભારતીનું મંતવ્ય હિંદ (પી ઈ. એન) પત્રિકામાં છપાયું છે. આ વિચાર નવો નથી પણ તપાસવા જેવો છે જ. અમુક સમકાલીન ગુજરાતી લેખકોએ જો રાજ્યાશ્રયને અભિમાનપૂર્વક ઉવેખ્યો હોત તો સયાજી સાહિત્યમાળામાં અને ભાવનગર રાજ્યની પ્રયોત્તેજક સમિતિની સહાયથી આપણે પામ્યા છીએ તેવાં (કેટલાંક સાધારણ તો બીજાં કેટલાંક ખરેખર સારાં) પુસ્તકો ખોઈ બેઠા ન હોત?'

ખોઇ બેઠાં હોત એમ તો ન કહેવાય, સત્ત્વશીલ કૃતિઓને પ્રકટ થવાનો અત્યારે ગુજરાતમાં ઠીક ઠીક અવકાશ સાંપડી રહે છે; છતાં ભાઇ વિ.નો મુદ્દો સાચો છે કે બધો જ રાજ્યાશ્રય વિના વિવેકે ખરાબ ન કહી શકાય. રાજ્યાશ્રયનો ભય તો ત્યાં રહે છે કે જ્યાં એવા રાજ્યાશ્રયના અહેસાનભાર તળે દબાયેલા કલાકારને કે લેખકને માથે મજબૂર રાજ્યનાં અનિષ્ટો ઢાંકવાની સીધી આડકતરી ફરજ ઊભી થતી હોય, અગર તો જ્યાં એવું રાજ્ય પોતાના તંત્રના જુલમાટો પર આ કલાસાહિત્યો-સેવનની જરિયાની ચાદર પાથરવાની વૃત્તિ સેવતું હોય. બાકી વડોદરા કે ભાવનગરની માફક આવી ઉત્તેજક યોજનાઓ સ્વતંત્ર સમિતિઓને સુપરદ થયેલ હોય, ત્યાં રાજ્યાશ્રયને તિરસ્કારવાની જરૂર નથી સો તો પછી એ ન્યાયે રાજ્યોની કેળવણી પણ ન લેવી જોઈએ. વળી કલાસાહિત્યમાં સાચો (Genuine/

રસ ન હોય તેવાં રાજ્યો પણ સમગ્ર તંત્રના એક અંગ લેખે સાહિત્યોત્તેજક યોજનાને વસાવતાં હોય તોયે એમાં શું ખોટું છે? તો એવી યોજનાના લાભનો સ્વીકાર એ કંઇ પાપ નથી. એમ જો હોત તો તો રાજાઓની પાસે જઇ ખાદીના તાકા ખપાવવા અને દીવાનો પાસે જઈ મહાદેવ ફાળા ભરાવવા એ જરા વધુ મોટું પાપ ઠરે.

પણ ભાઇ વિજયરાયને તો રાજ્યાશ્રયથી ઊલટા એવા પ્રજાશ્રય વિશે પણ સ્વતંત્રપણે થોડું કહેવાનું છે—

'પ્રજાશ્રય નિર્ભેળપણે હિતાવહ હોતો નથી ગયા અઢી-ત્રણ દાયકાઓનો ઇતિહાસ સ્પષ્ટપણે પૂરવાર કરે છે કે 'જનતા'ની મહેરબાની મેળવવા એ રીતે મોટાઇ તેમ જ પૈસા કમાવા એટલું તો હીન કોટિનું 'સર્જન' થયા કર્યું છે કે એનું વિસર્જન હવે શી રીતે કરવું એની ચિંતા પ્રજાની નીતિમત્તા, રસવૃત્તિ અને સાહિત્યાદર્શ માટે ખેવના રાખનાર સર્વને થાય '

ગૂજરાતીઓની કલાવિમુખતા અને મુંબઇ રેડીઓ

'મુંબઇની આકાશવાણી' એ શિર્ષક તળે 'જીવન' માસિકના સપ્ટેંબર-અંકમાં શ્રી U M. M. એક સખ્ત ફરિયાદ નોંધે છે. મુંબઇ રેડિયો પર પિરસાતા કાર્યક્રમો પર ગૂજરાતીઓ પોતાને લાગે છે તેવી કડવી ટીકાના કાગળો લખતા નથી. ત્યારે મુસ્લિમો અને દક્ષિણીઓ પોતાની ભાષાના કાર્યક્રમો અદલ હાજરી લઈ નાખે છે: બીજા પ્રાંતવાળાઓ જ્યારે પોતપોતાની ભાષાનાં ગીતોની રેકર્ડ પસંદ કરે છે, ત્યારે ગુજરાતીઓને કેવળ ફિલ્મી રેકર્ડનું જ ઘેલું લાગ્યું છે અને રેડીઓ પર પણ ફિલ્મી ગીતોની રકાબીઓ વધુ વાગે એવું ઇચ્છે છે. એમની ટીકાનું તારણ આ છે કે—

'આપણા ગુજરાતીઓ છેલ્લા પચાસ વર્ષમાં સાહિત્ય સંગીત કળા બાબતમાં બેપરવા બની ગયા છે અને પ્રોત્સાહનને અભાવે ગુજરાતી કલા વગેરે નિર્માલ્ય બનતા જાય છે × × × એમ ને એમ કરતા ગુજરાતનું ગુજરાતીપણું ચાલ્યું, સંગીતમાં બંગાળીઓના ઢાળ આવ્યા, સાહિત્યમાં અંગ્રેજોનાં અનુકરણો ને બંગાળીઓના અનુવાદો આવ્યા, કળામાં એટલી પ્રગતિ કરી કે ગુજરાતના સાધારણ માણસને કારેલું ચીતરતાં ય ન આવડે આ ઉપેક્ષા જો બે દાયકા જ ચાલશે તો ગુજરાતીઓ યહુદીઓની માફક નોટોના થોકડા ખિસ્સામાં ભરી કોઈ વિશિષ્ટ સંસ્કૃતિ વિનાના માનવીઓની પેઠે આમતેમ રઝળશે.'

શ્રી. U. M M ની એક વાત સાચી છે, કે મુંબઇ રેડીઓ સ્ટેશનેથી હિંદુસ્તાની, અંગ્રેજી, ગુજરાતી ને મરાઠી એવી ચાર ભાષાના કાર્યક્રમો શા માટે હોવા જોઇએ? કલકત્તાથી ગુજરાતી કાર્યક્રમ અપાય છે? લાહોર દિલ્હીથી અપાય છે? મરાઠી અને ગુજરાતી એ જ ભાષાને પૂરતો અવકાશ મુંબઇથી મળવો જોઇએ. અન્ય ભાષાઓના શોખીનો સારુ અન્ય સ્ટેશનો મોજુદ છે.

નવી પેઢીમાં કુરસ પેદા કરનાર

વાત તો વિચારવા જેવી છે. પણ કલા, સાહિત્ય, સંગીત, એ બધા માણુસની નિર્બંધ રસવૃત્તિને અધીન તત્વો છે. ગૂજરાતની અભિરુચિ ગંભીર મૌલિક કલા પ્રત્યેથી વિમુખ બની બજારુ ચીજો તરફ વળી છે તેમાં જવાબદારી નવીન પેઢીને અપાતાં શિક્ષણની છે. અભિ-રુચિઓનું અમુક પ્રકારનું બજારુ ઘડતર લઇને તેઓ શાળાઓ કોલેજોમાંથી નીકળ્યા છે. શાળાઓ ગુજરાતમાં દુકાનો બની છે. તેઓ જેમ આકર્ષક રેસ્ટોરાં રાખે છે, તેમજ પરપ્રાંતીય કલાકારોને નભાવે છે એ કલાકારોની મદદથી જાહેર પ્રજા પાસે બાળકોના જલસા રજુ કરે છે ને એ દ્વારા પૈસા કમાય છે ગોટાળી અભિરુચિ લઈને બહાર આવતાં બાળકોને ફિલ્મી રંગરાગ તો ગળથૂથીમાં પાવા જેવો મામલો છે. ફિલ્મો કંઈ અટકે નહિ, શાળા-ઓની હાટડીઓ કંઈ સાચી કલોપાસનાની કક્ષામાં ઊતરે નહિ, ને ગુજરાતી લોકરુચિ કંઈ ઊંચે આવે નહિ

ગુજરાતી શિક્ષિતો કેમ ટકતા નથી?

પરપ્રાંતીય અધ્યાપકોની આયાત સામે જે ઉકળાટ આ લેખમાં તેમજ જન્મભૂમિ-પ્રવાસીને પાને શ્રી ઉમેદભાઈ મણિયારે દર્શાવ્યો છે, તેનાં પર નોંધ લખતાં 'યુગાન્તર' સાપ્તાહિકના સાહિત્ય-કોલમ લખનાર એક એવી ફરિયાદને અવાજ આપે છે, કે સારા ગુજરાતી શિક્ષકો મળતા નથી, જે મળે છે તે ટકતા નથી. અન્યત્ર જરાક સારી તક મળતાં ચાલ્યા જાય છે. ઉપરાંત અત્યારે તો વેપારઉદ્યોગના ક્ષેત્રમાં આવેલા ઝળકાટનું ખેંચાણ પણ શિક્ષિત ગુજરાતીઓ માટે વધ્યું છે. અન્ય પ્રાંતોના શિક્ષિતોના કરતાં ગુજરાતી ભણેલાઓનું વ્યવહાર-ધોરણ ચડિયાતું હોઈને તેઓ ટૂંકા દરમાયામાં મુફલીસ શિક્ષણ-ક્ષેત્રે ટકે નહિ એ સ્વાભાવિક છે. કલોપાસના કે વિદ્યોપાસનાને વરેલા સાચા રંગાયેલા ગુજરાતીઓની અછત છે.

સમન્વયની દૃષ્ટિ
રાખવી ઘટે છે.

પરપ્રાંતીય તત્ત્વોના આક્રમણ પ્રત્યેનો અણગમો અને તળ ગુજરાતી તત્ત્વોની અછત, એ બેની વચ્ચે ગુજરાત અકળાતું રહ્યું છે. પરપ્રાંતીય સંસ્કાર પ્રત્યે મોરચા માંડવાના હોય નહિ. આપણે તો માગીએ છીએ સમન્વય. ગુજરાતી અસ્મિતાને ઉદાર રંગે રંગનારો સુમેળ પરપ્રાંતીય તત્ત્વોની સાથે સંધાવો ઘટે છે.

આયુર્વેદ પદ્ધતિ
શું અવૈજ્ઞાનિક છે?

'હિંદમાં પ્રજાનું આરોગ્ય' એ વિષય પર લંડનના વજનદાર સરકાર-વાજિંત્ર પત્ર ટાઇમ્સે નીચે પ્રમાણે લખ્યું છે—

'અત્યારે હિંદમાં ત્રણ લાખ ડૉક્ટરોની એટલે કે હાલના કરતાં સાત ગણી મોટી સંખ્યાની જરૂર છે

'આજે સાત હજાર નર્સ છે તેને બદલે સાત લાખની જરૂર છે

'આજે પાંચ હજાર મિડવાઈફ છે તેને બદલે સીત્તેર હજારની જરૂર છે.

'આટલી અપૂર્ણતાને પરિણામે પાશ્ચાત્ય વિજ્ઞાન હિંદના તન-આરોગ્યના પ્રશ્નની કોરને પણ સ્પર્શી શક્યું નથી

'ઘણાંખરાં લોકો હજી પણ દેશી આયુર્વેદ પદ્ધતિનું અવલંબન લઈ રહેલ છે આ પદ્ધતિએ રાષ્ટ્રીય આરોગ્યના સુધારામાં કશો જ ફાળો આપ્યો નથી. તે છતાં એ પદ્ધતિ કેટલીય પ્રાંતીય સરકારો તરફથી આશ્રય અને અધિકારો મેળવવાનો દાવો કરે છે ને મેળવી પણ રહી છે. અને આ તો વૈજ્ઞાનિક ઔષધોપચારને ભોગે થઈ રહ્યું છે વૈજ્ઞાનિક તબીબીને મળતું રાખણ બિલકુલ કમતી છે.'

હિંદનું નિજનું
તે બધું જ ખરાબ!

ઉપલી ટીકાનો અર્થ સ્પષ્ટ છે, કે દેશી આયુર્વેદ પદ્ધતિ અવૈજ્ઞાનિક છે, રોગો મટાડતી નથી, ને તે નાહકની ફાવી જાય છે! આવી બેજવાબદાર ટીકા સ્વાભાવિક છે. હિંદી પ્રજાનું જે કંઈ નિજનું છે, તે તમામને આ પરદેશી પાશ્ચાત્ય સરકારનાં મુખપત્રો નબાવટ ગણાવે છે. કેળવણી, ધર્મ, કલા, સાહિત્ય, ખાનપાન, મકાનબાંધણી, ખેતી, શું ખરાબ નથી! આયુર્વેદ પદ્ધતિને અવૈજ્ઞાનિક કહેનારાઓ એ વિદ્યા વિશે કેટલુંક જાણે છે? શસ્ત્રોપચારમાં ગમે તેટલી પ્રગતિ કરી ગયેલ છતાં પાશ્ચાત્ય તબીબી પદ્ધતિએ આયુર્વેદમાંથી ઘણું ઉપાડ્યું છે. યુરોપી તબીબીનો ગામડે ગામડે ફેલાવો થાય તે આપણે માટે નર્યું નિર્મળ કલ્યાણ તો નથી જ. એના અવગુણો અનેક છે. અને એ જેટલા પ્રમાણમાં આપણને સાંપડે છે તેટલા પ્રમાણમાં પણ કેટલોક લાભ અને ઘણો બધો ગેરલાભ પણ અપાવ્યો છે. આયુર્વેદ પદ્ધતિ બિચારી બિ. અમલમાં બિલકુલ ઉપેક્ષાને પામી લેભાગુઓને હાથ પડી ગઈ છે. રાષ્ટ્રીય સ્વાતંત્ર્યના નેજા નીચે એને એની વૈજ્ઞાનિકતા સ્થાપવાનો તેમજ વિકસાવવાનો અવકાશ મળ્યો હોત. એની દશા અત્યારે નખાણાતી છે તેટલા સારું થઈને જ એને પીટી શકાય છે. બાકી શસ્ત્રોપચારનો પાશ્ચાત્ય ફાળો શિર પર ચડાવી લીધા પછી હિંદી પ્રજાએ તો પોતાની ભૂમિગત, તેમજ હજારો વર્ષોના ચિંતન શોધન અને વિશ્વાસનો વારસો ધરાવતી આયુર્વેદ પદ્ધતિનો જ આશ્રય લેવાનો છે. આપણું આ ધન ગુમાવવા આપણે તૈયાર નથી. એ પદ્ધતિના હાર્દમાં જ કેટલાંક શુભ તત્ત્વો પડ્યાં છે. એ સાદી છે, સસ્તી છે, સ્વાવલંબી છે. એમાં સ્વાર્થત્યાગનો અવકાશ છે. દેશી વૈદકના અસલી આદર્શને આપણે પુનઃ અપનાવવો જ પડશે અને એને એકવાર વૈજ્ઞાનિક ભૂમિકા પર મૂકી દેવાથી એમાં પેસી ગયેલું પુષ્કળ લેભાગુપણું આપોઆપ વિલુપ્ત થશે.

જાતને માટે
માન કેળવો

ઊર્મિના ગતાંકમાં આવેલી 'ચાદીકા ખમીસ'વાળી વાર્તા વાંચીને એક રીઢા લોકસેવક લખે છે કે—

'વાંચીને મને મારો ખૂબ જૂનો અનુભવ યાદ આવ્યો. યુવાન હતો ત્યારે ઉત્તર હિંદુસ્તાનની રેલ્વેની તમે વર્ણવી છે તેવી કાયરતા ઉપર તિરસ્કાર ઊઠવાથી લગભગ અઢાર મહિના સુધી મેં એવો જ ધંધો કર્યો કે જેમાં ગોરા અગર કાળા લશ્કરીઓ, રેલ્વેસિપાઈઓ કે પઠાણો વગેરે 'જબર દસ્ત' મુસાફરી કરતા હોય તેમાં જ જઈને બેસવું અને માર, ગાળો, ધમકી, અપમાન વગેરે સહેવા પણ ખસવું નહિ અને એ બીતિ ઘણી ગઈ ત્યાં તો ત્રીજાથી વધુ વર્ષો આગાઉની વાત થઈ. જંક્શનો ઉપર ગાડીઓ બદલાય, એવા લશ્કરીઓવાળા ડબા ન હોય તો અકેક બબ્બે દિવસ એવાં જંક્શનો પર પડ્યો રહું, પણ એવા ડબાઓ હોય તેજ ગાડીઓ ચૂંટીને બેસું. એમ કરીને પોતાની જાત માટે માન કેળવતાં શીખ્યો.'

ઊર્મિમાં આવતાં બીજાં લખાણો વિશે પણ વાચકોનાં મંતવ્યો નોતરીએ છીએ.

नारीजीवन अने श्रीकृष्ण

काका कालेलकर

સ્ત્રી અને પુરુષ મળીને કુટુંબ થાય છે. સ્ત્રી અને પુરુષ મળીને સામાજિક જીવનની શરૂઆત થાય છે. સ્ત્રી અને પુરુષ અનેક રીતે ભિન્ન હોવા છતાં એમનું સહજીવન અભેદ્ય છે.

- માનવી જીવનનો—તમામ માનવી જીવનનો-આધાર સ્ત્રી-પુરુષ સંબંધની સુંદરતા ઉપર નિર્ભર છે.

કોણ કહી શકે કે દુનિયાની અત્યાર સુધી ખીલેલી દસ વીસ પ્રધાન સંસ્કૃતિઓમાંથી એક પણ સંસ્કૃતિએ એ સ્ત્રી-પુરુષ સંબંધની સુંદરતા ખીલવવામાં અથવા જાળવવામાં સફળતા મેળવી છે. આજે તો સ્ત્રી-પુરુષ સંબંધ એટલે એ બે જાતિ વચ્ચેનું લૈંગિક આકર્ષણ અને એમાંથી ઉત્પન્ન થતા સવાલોની ચર્ચા કે વ્યવસ્થા એટલું જ મનાય છે. પણ એ બહુ સંકુચિત અર્થ થયો. પુરુષોનું જીવન, એની આકાંક્ષાઓ અને એનો પુરુષાર્થ અનંતવિધ હોય છે. સ્ત્રીઓનું જીવન પણ એથી ઓછું સમૃદ્ધ નથી હોતું. પુરુષના જીવન કરતા વખતે એ વધારે ઊંડું, વધારે વિવિધ અને વધારે ઉત્કટ હશે.

હવે આ બે પ્રકારની જીવનસમૃદ્ધિ પાસે પાસે આવે ત્યારે ફક્ત લૈંગિક આકર્ષણને કારણે જ એ આવે છે એમ માનવું એ તો સમજણશક્તિનું છીછરાપણું જ છે.

જે જે લોકોએ માનવી જીવનની જટિલતા અને એની સમૃદ્ધિ, બંનેનું યથાર્થ દર્શન કર્યું છે, તેઓ બધા સ્વીકારે છે કે સ્ત્રી પુરુષ સંબંધનો માણસજાતે ઊંડો વિચાર કર્યો જ નથી. સ્ત્રી હૃદયનું ઊંડાણ અને પુરુષનાં પરાક્રમની ઉત્તુંગતા એ બેનો મેળ માણસજાત હજી સાધી શકી નથી. અને તેથી જ માનવી જીવન હજી સુધી એક શોકાંતિકા જ નીવડ્યું છે. રવીન્દ્રનાથ જેવા જીવનદ્રષ્ટાને પણ અંતે કહેવું પડ્યું છે કે લગ્ન સંબંધ એક સંસ્થા તરીકે હજી સફળ થયો નથી. સ્ત્રી-પુરુષ સમસ્યાનો સમાજે હજી પૂરો ઉકેલ આણ્યો નથી.

સામાજિક વ્યવસ્થાનું વિધાન કરી આપનાર દીર્ઘદર્શી સ્મૃતિકારોએ, સમાજ અને સ્થાપકોએ અને આજના કાયદા ઘડનારાઓએ સ્ત્રીપુરુષના સહજીવન માટે જે અમુક વ્યવસ્થાઓ આજ સુધી સૂચવી છે તે તો આદર સાથે કબૂલ કરીએ. પણ સ્વતંત્રપણે જે લોકોએ સ્ત્રીપુરુષ સંબંધની ચર્ચા છેલ્લા પાંચ હજાર વરસથી દેશદેશાંતરમાં ચલાવી છે, તેઓ એટલે કે કવિઓ, પુરાણકારો અને નવલકથાના લેખકો અખંડ ચર્ચા કર્યા ઉપરાંત કશો નિર્ણય કરી શક્યા નથી. એ કેટલી નિરાશા ઉપજાવનારી બીના છે એ તરફ પણ કોઈનું લક્ષ ગયું નથી. અને હવે તો જાણે ચર્ચા કર્યા જ કરવી, એની અંદર જ કૃતાર્થતા છે, એમ એ આખી ન્યાત અને એના અનુયાયીઓ માનતા થયા છે. સનાતની સમાજ વ્યવસ્થાપકો અકળાઈને કહે છે કે ચર્ચા છેડો જ મા, એ ચર્ચા જ તમામ વિટંબણાઓનું મૂળ છે. એની સામે કવિઓ અને નવલિકો જોર જોરથી કહે છે કે ચર્ચા કરવાનો અમારો જીવનસિદ્ધ અધિકાર છે. અધિકાર છે એ વિષે શંકા નથી. શંકા એટલી જ છે કે એ અધિકાર જીવનસિદ્ધ છે કે મરણસિદ્ધ! કોઈ માંદા માણસ આગળ દેશદેશાંતરના વૈદ્યો ભેગા થાય અને અવ્યવસ્થિતપણે એના મંદવાડની મીમાંસા કર્યે જ રાખે અને દવા તો કશી આપે કે સૂચવે નહિ, ત્યારે એ મરીજની જે હાલત થાય તે જ હાલત મનુષ્યસમાજની આ સવાલ પરત્વે થઈ છે.

દેશદેશાંતરના કવિઓએ સ્ત્રીપુરુષ સંબંધમાંથી ફલિત થતી જાતજાતની નિષ્ઠાઓ અને એમની સુવાસ વર્ણવી નથી એમ નથી. સ્ત્રી-પુરુષ સંબંધમાંથી ઉત્પન્ન થતી જીવનવીરતાના મહાત્મ્યો, કવિઓએ ગાયા નથી એમ નથી. સ્ત્રી-પુરુષ સંબંધની સુભગતા અને સુંદરતા ખીલવીને કેટલાક લોકોએ આ પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતારી બતાવ્યું છે એની યે ના નથી. સ્ત્રી-પુરુષ સંબંધની નિષ્ઠાએ મનુષ્ય જીવનને પામરતામાંથી ઉગારી, ધવલગિરિના શિખર ઉપર પ્રસ્થાપિત કર્યું છે. એ વસ્તુનો સ્વીકાર કર્યા પછી પણ દુઃખ સાથે કહેવું પડે છે કે વ્યાપક સમાજની દૃષ્ટિએ વિચાર કરતાં સ્ત્રી-પુરુષ સંબંધનો પ્રશ્ન હજી અણઉકેલ્યો જ રહ્યો છે.

આવા મુલગામી સવાલનો ઉકેલ આણવાનું કામ કોઈ શબ્દસ્વામી કે કલ્પનાવિહારીનું નથી. એ તો કોઈ ત્રિકાળદર્શી જીવનઉપાસક પૌરુષનું જ કામ છે. એવો એક પ્રયોગવીર આપણે ત્યાં થઈ ગયો. જેની જયન્તિ આબાલ વૃદ્ધ, સ્ત્રી-પુરુષો સૌ કોઈ સેંકડો વર્ષોથી ઉજવતા આવ્યા છે.

શ્રી કૃષ્ણ આગળ અટપટા એવા કયા પ્રશ્નો નહોતા? જનતાને ત્રાહી પોકારાવનાર પાંચ સમ્રાટોના સામ્રાજ્યનો નાશ એને કરવો હતો તત્ત્વજ્ઞાનનાં ભિન્ન ભિન્ન દર્શનોના ઝગડાઓ મગડવા હતા ઋષિઓએ ખીલવેલી તમામ જીવનદૃષ્ટિઓની એકાગ્રતા દૂર કરવી હતી બાહુબળ, બુદ્ધિબળ, ધનબળ અને સંઘબળને ઉતારી પાડી હૃદયબળની પ્રતિષ્ઠા વધારવી હતી માનવી સંસ્કૃતિનો આખો પાયો કેવળ તાત્ત્વિક ચર્ચાથી નહિ પણ પ્રત્યક્ષ વ્યવહારિક કાર્યો દ્વારા બદલવો હતો ભારતીય સંસ્કૃતિના એકેએક અંગઉપાંગની નવેસર રચના કરવી હતી આવા આવા મહાન કાર્યો જેણે પોતાને માથે લીધા તેણે સ્ત્રી–પુરુષ સંબંધ ન છેડવો, એ ક્ષેત્રમા નવા નવા અખતરાઓ ન કરવા, સમાજનેતા અને ધર્મકાર તરીકેની પોતાની પ્રતિષ્ઠા જોખમમા ન નાખવી એમાં જ ડાહપણ હતું પણ મનુષ્યજાતિના સદ્‌ભાગ્યે શ્રીકૃષ્ણ જેવા પ્રયોગવીર પાસે એ એક જ ડાહપણનો અભાવ હોય છે નાનપણમા માતપિતાને બંદી ખાનામાથી છોડાવવાનુ અઘરું કાર્ય નજર આગળ હોવા છતા જેણે ગાયોનો સવાલ પોતાનો કર્યો અને ગોપાલનુ નામ મેળવી લીધુ એણે જ તમામ દુનિયાની અને અગણિત પેઢીઓની ટીકા વહોરી લઈને પણ સ્ત્રી–પુરુષ સંબંધનો સવાલ પોતાનો કર્યો અને ગોપીજનવલ્લભનું નામ મેળવ્યુ

એવા એ શ્રીકૃષ્ણના જીવનમા કઇ કઇ જાતની સ્ત્રીઓ આવી, અને શ્રીકૃષ્ણે એમના જીવનની કદર કઇ કઈ રીતે કરી એનું આજને દિવસે આપણે ચિંતવન કરીએ

શ્રીકૃષ્ણનું દૈવ પણ કેવુ વિચિત્ર કે એના જન્મ પહેલા જ એને કારણે એની એક બહેન મરાઈ "કોઈ પણ જાતની ભૂલ ન જ થવા દેવાય બંદોબસ્ત કરવો હોય તો તે અણીશુદ્ધ કરવો જોઇએ" એ સમ્રાટના વ્યાકરણને અનુસરીને સમ્રાટ કંસે વસુદેવના તમામ બાળકોને મારી નાખવાનુ નક્કી કર્યું એમાં એની હડફેટમા એ કન્યા આવી સ્ત્રીઘાત કરાય નહિ એ આર્ય નિયમને કોરે મૂકી કંસે એ નિર્દોષ બાળાનું ખૂન કર્યું પણ એ ખૂન સાથે જ કંસને અનુભવ થયો કે અબળા બાળા પણ વિદ્યુતની શક્તિ ધરાવે છે એ કન્યાએ મરતાં મરતા કંસના હૈયામા વહેમ અને બીકનો વજ્રઘાત કર્યો અને એ સ્વર્ગમા ગઈ

શ્રીકૃષ્ણ જન્મની આગાહી ભલે નારદે કરી હોય પણ શ્રીકૃષ્ણ જન્મની બીક તો કંસના હૃદયમા એ બાળાએ જ વાવી દીધી અને તે દિવસથી એ બાળાના વચન યાદ કરી કરીને કંસરાજા જળ, સ્થળ અને કાષ્ઠ પાષાણમાં કૃષ્ણને જોતો થયો

આમ શ્રીકૃષ્ણ આગમનનુ પ્રીતુ સૂચન એક બાળાએ જ કર્યું અને કૃષ્ણાવતારનું રહસ્ય પણ એ બાળાએ જ કંસને સમજાવ્યુ અબળાને મારી નાખવુ સહેલુ છે પણ એનુ ચૈતન્ય અમર જ હોય છે, એમ શ્રીકૃષ્ણની એ ભગિનીએ કંસને પૂરવાર કરી આપ્યુ.

શ્રીકૃષ્ણનો જન્મ થયો કારાગારમા, બંદી માતપિતાને પેટે એ માતાના દૂધનુ એક ટીપુ પણ શ્રીકૃષ્ણ પી ન શકયા છતા એને બંદીવાસમાથી છોડાવવાની પોતાની જવાબદારી શ્રીકૃષ્ણે એટલે સુધી માની કે એ માતાના ઉદ્ધાર કર્યા પછી જ પોતાની કેળવણીનો વિચાર મનમા આવવા દીધો

'પ્રથમ કેળવણી, પછી માતાની સેવા' એ દુનિયાનું નક્કર ડહાપણ માતૃભક્ત શ્રીકૃષ્ણને સૂઝ્યુ નહિ

યશોદાના દૂધે શ્રીકૃષ્ણને દરેક જાતનો યશ આપ્યો એ કથા એટલી બધી પ્રગટ છે કે એનુ વિશેષ ચિંતન કરાવવાનું રહેતું નથી માતા સાથેનો બાળકનો પહેલો સંબંધ બંડખોરનો હોય છે બાળક જો જાતજાતના તોફાનથી માતાને હેરાન ન કરે તો માતાની વત્સલતા અણખેડાએલી જ રહી જાય માતા સાથે ચતુરાઈના દાવ ખેલી ખેલીને શ્રીકૃષ્ણે દામોદરનો ઈલકાબ મેળવ્યો *

જગતગુરુનું મિશન લઈને આવેલા બાળકને તોફાન ઉપરાંત પણ માતાની વિશેષ સેવા કરવાની રહે છે એવી સેવા એણે ગીતાગાન પહેલા જ ફક્ત મોઢુ ઉઘાડીને કરી પોતાના વહાલસોયા દીકરાના મોઢામાં વિશ્વરૂપનું દર્શન કરનાર માતાનું આશ્ચર્ય વાણીથી વ્યક્ત ન જ થાય એમ સમજીને ગીતાનો અગિયારમો અધ્યાય લખનાર વ્યાસે ત્યા મૌન ધારણ કર્યું છે પોતાની માતાના જ ગુરુ થનાર બીજો અવતારી પુરુષ દુનિયામા થયો છે? કપિલદેવને અવતારી પુરુષ ગણીએ તો વાત જુદી

સ્ત્રીજાતિ વિશ્વજનની છે માટે જ એ નિઃસંશય પૂજાપાત્ર છે પણ સ્ત્રી કોઈ જન્મે દેવી નથી

---

* દામ એટલે દોરી અને ઉદર એટલે પેટ શ્રીકૃષ્ણના તોફાનોથી અકળાએલી યશોદા એને કમ્મર પેટે (કેડે) દોરી બાંધી ખાંડણીઆ સાથે બાંધી રાખતી તે પરથી કૃષ્ણનું નામ દામોદર પડ્યુ એમા પણ માતા ન ફાવી અને દીકરાએ આંગણાના બે ઝાડ તોડી પાડ્યા એ વાત ભાગવતના વાચકો ઉત્તમ રીતે જાણે છે

હોતી. એનામાં આસુરીવૃત્તિ પણ પ્રગટ થઈ શકે છે અને પછી પોતાની જ વિકૃત મનોવૃત્તિને કારણે અથવા કોઈના કહેવાથી એ પૂતના પણ થઈ શકે છે.

અવતારી પુરુષને ક્ષણે ક્ષણે ઝેર પીવું જ પડે છે. સોક્રેટીસ જેવો જીવનને અંતે એ પાવે. મહાદેવ જેવો કલ્પાંતના પ્રસંગે પીવે. શ્રીકૃષ્ણે જીવનના પ્રારંભમાં જ એ પીધું અને પચાવ્યું *

સ્ત્રી પણ ઝેર પાઈ શકે છે એ વસ્તુસ્થિતિ શ્રીકૃષ્ણના જીવનમાં જાહેર થઈ એ બધી રીતે યથાયોગ્ય જ થયું. પ્રહ્લાદની પેઠે શ્રીકૃષ્ણે પણ પુરવાર કરી આપ્યું કે સમજણપૂર્વક પીધેલું ઝેર અમૃતરૂપ થાય છે.

જેમ પૂતનાએ શ્રીકૃષ્ણને ઝેર પાયું તેમ એને અમૃત પાનાર નીવડી એની સખી રાધા. પ્રેમધારા, જે ઘણીવાર નીચે વહે છે તેને ઊર્ધ્વગામી કરનાર તરીકે એ ધારાને રાધાનું નામ મળ્યું.

રાધા એ શ્રીકૃષ્ણની બાલસખી, પ્રેમના ક્ષેત્રમાં એની દીક્ષાગુરુ અને અધ્યાત્મની દૃષ્ટિએ એ એની જ ચિચ્છક્તિ છે. ત્રણે દૃષ્ટિએ શ્રીકૃષ્ણના જીવનમાં એનું સ્થાન અનેરું છે જેમ રામ સાથે સીતાનું નામ અવિભાજ્ય છે તેમજ કૃષ્ણ સાથે રાધાનું નામ અવિભાજ્ય થઈ ગયું.

અને ત્યાં જ સંપ્રદાય કવિઓએ ખતા ખાધી એમણે માની લીધું કે 'રાધાનો શ્રીકૃષ્ણ સાથેનો સંબંધ માનવી દૃષ્ટિએ તો અનિષ્ટ જ કહેવાય પણ શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ પરમાત્મા. એને તો કશું પાપ ચોંટે જ નહિ. કાયદો ચાલુ કરનાર રાજાને હાથે જેમ ગુનો થઈ ન શકે તેમ પરમાત્માને હાથે જે કાંઈ થાય તે જ ઉત્તમ આચાર, એને અનાચાર કહેવાય જ નહિ. એ ન્યાયે જ એ સંબંધ શુદ્ધ હતો અથવા સ્પૃહણીય હતો એમ માનવું પડે છે."

ખરું જોતા રાધા અને કૃષ્ણનો સંબંધ તો પત્ની, માતા, પુત્રી, ભગિની, સખી ઈત્યાદિ તમામ સંબંધોનો નિચોડ કાઢી, એમાંથી તૈયાર કરેલા પ્રેમના સંજીવની રસાયણનો પ્રયોગ હતો

દરેક જાતના સંબંધોનું વિશુદ્ધિકરણ એટલે કે દૈવી-

* ત્યાર પછી એ નાગર બ્રાહ્મણની એક વિધવાએ પણ એનું જ અનુકરણ કર્યું; એણે ઝેર પીધું અને પોતાના ગીતો દ્વારા એ અમર થઈ.

કરણ થયા બાદ એ બધા સંબંધોમાં પોતપોતાની વિશિષ્ટ ખુમારી કાયમ રહ્યા છતાં એમાં તાત્ત્વિકભેદ રહેતો નથી. એવા સંબંધને બહુ બહુ તો અભેદ ભક્તિનો સંબંધ કહેવાય પણ એ શબ્દ પણ અહીં અધૂરો જ લાગે છે. ભક્તિમાં જે ઉપાસ્ય-ઉપાસક ભાવ રહે છે તે રહ્યા છતાં કોણ ઉપાસ્ય અને કોણ ઉપાસક એ કહેવું મુશ્કેલ થઈ જાય છે. તેના જેવો એ સંબંધ હોય છે.

એ સંબંધને જો કોઈએ ન્યાય આપ્યો હોય તો તે મહારાષ્ટ્ર કવિ શ્રીજ્ઞાનેશ્વરે પોતાના અમૃતાનુભવના પ્રારંભના પ્રકરણમાં આપેલ છે.

રાધા સ્ત્રીજાતિની પરમ ઉન્નત સ્થિતિની પ્રતિનિધિ છે. રાધા એ શ્રીકૃષ્ણની સર્વોચ્ચ કૃતિ છે.

એજ રાધાની કાચી-પાકી વિભૂતિઓ તે વ્રજની ગોપીઓ છે. એ ગોપીઓમાં રાધા ઓછીવત્તી પ્રતિબિંબિત થએલી આપણે જોઈ શકીએ છીએ.

રાધા એ કોઈ અદ્વિતીય વ્યક્તિ નથી પણ તમામ સ્ત્રીજાતિની દરેક વ્યક્તિએ પોતાની આગળ અંતિમ અનુકરણ માટે રાખવાનો આદર્શ છે એમ બતાવવા માટે જ કવિએ રાધાની આસપાસ અનેક ગોપીઓની સૃષ્ટિ કરેલી છે

જીવનશુદ્ધિ અને પ્રેમની જીવનસમૃદ્ધિ એનું પ્રતીક તે શ્રીકૃષ્ણની રાસલીલા છે. પોતાના પ્રસંગમાં આવેલી સ્ત્રીઓને 'આ તો કેવળ સ્ત્રી છે' એમ એમની અવગણના કર્યા વિના એમની પ્રેમશક્તિની મૂડીને આધારે દરેકને ઉપરને ઉપર ચઢાવવાનો શ્રીકૃષ્ણે સહજ પ્રયત્ન કર્યો. શ્રીકૃષ્ણના અવતાર કાર્યનું એ એક મહત્ત્વનું અંગ છે.

શ્રીકૃષ્ણને મિષ્ટાન્ન ખવડાવનાર ઋષિપત્નીઓ, અને સંભ્રમ સાથે શ્રીકૃષ્ણની મહેમાનગીરી કરનાર વિદુર પત્ની એ પણ બધી શ્રીકૃષ્ણનું સ્ત્રીજાતિ પ્રત્યેનું અવતાર-કૃત્ય સમજનારી બહેનો જ હતી.

લિંગભેદને કારણે સ્ત્રી-પુરુષોમાં જે વિકાર પેદા થાય છે. આખા શરીરમાં જે કામુકતા પ્રસરે છે તેના ઉપર પ્રેમનો વિજય મેળવી જીવનને શુદ્ધ અને સમૃદ્ધ કરનાર શ્રીકૃષ્ણની દીક્ષાને કૃતાર્થ કરનાર એ બહેનો હતી.

દેવકી અને યશોદા પછી મુખ્ય જેવી બે ત્રણ સ્ત્રીઓ શ્રીકૃષ્ણના પ્રસંગમાં આવી હોય તો તે કુંતી અને ગાંધારી છે ગાંધારીએ પોતાના દીકરાઓ પ્રત્યેના મોહને વશ થઈ કૃષ્ણને દારુણ શાપ આપ્યો પણ ચિત્તમાં

અને પક્ષપાત રહિત એવા ધર્મકૃત્ શ્રીકૃષ્ણને કોઈ પણ શાપ શાપરૂપે લાગે જ નહિ. તેણે તરત જોઈ લીધું કે ગાંધારીનો શાપ પણ પોતાના અવતારકૃત્યનો પોષક જ છે. એક ભક્તે કહ્યું છે. **क्रोधोऽपि देवस्य वरेण तुल्यः** ભગવાનનો ક્રોધ પણ તેના વર જેવો કલ્યાણકારી હોય છે. એ જ પ્રમાણે ભગવાનને મળેલો શાપ પણ એના અવતારકાર્યને સાધક જ થાય છે. ભગવાન કોઈ કાળે કર્મના તંત્રને અધીન રહેતા નથી. એ તો એ તંત્રના સ્વામી હોય છે.

કુંતી માતા તો યશોદાની પેઠે શ્રીકૃષ્ણને પોતાના દીકરા તરીકે માનતી હતી. જે યશ યશોદાએ શ્રીકૃષ્ણને આપ્યો તે જ યશ શ્રીકૃષ્ણે કુંતીને અર્પણ કર્યો અને એ દુઃખિનીને હિંદુસ્તાનના સમ્રાટની માતાની પદવી આપી.

સત્યભામા અને રુક્મિણી એ બન્ને બે જાતની પત્ની ઓની પ્રતિનિધિ છે અને બંનેની કદર તો શ્રીકૃષ્ણે જ કરી. સત્યભામા માનિની હતી. પોતાના પ્રેમની પોતે જ કદર કરવાની અહંકારી વૃત્તિ એનામા હતી. શ્રીકૃષ્ણે એનું યત્કિંચિત પણ અપમાન ન કરતા અનેક રીતે એની ખુશામત કરી એના અહંકારનું પોષણ કર્યું કેમકે એ જાણતા હતા 'સ્વાભિમાની અહંકારવૃત્તિમાથી વીરવૃત્તિ ઉગાડી શકાય. એ સાધનામા અથવા એ શિક્ષણ-કાર્યમાં શ્રીકૃષ્ણ કેટલા સફળ થયા એ કામરૂપદેશ પર શ્રીકૃષ્ણ ચઢાઈ કરી ગયા તે વખતે પૂરવાર થયું, અસંખ્ય રાજકન્યાઓને પોતાના બંદીખાનામા પૂરી રાખનાર નરકાસુર સામે કટક લઈ જઈ એ રાજકન્યાઓને છોડાવી લાવનાર શ્રીકૃષ્ણે તે યુદ્ધનું સેનાપતિપદ સત્યભામાને જ આપેલ હતું.

કામરૂપદેશમાં સ્ત્રીરાજ્ય હતું. ત્યાં પોતે લડવા જાય એ કેટલું બેહૂદું છે તે સમજીને જ શ્રીકૃષ્ણે સત્યભામાને સેનાપતિપદે નિયુક્ત કરેલી હોવી જોઈએ.

પોતાની છોકરીઓને માતપિતા ગમે ત્યાં પરણાવી દે, કે છોકરીઓ પોતાની મેળે પોતાની પસંદગી કરી લે તે પ્રશ્નનો જવાબ શ્રીકૃષ્ણે પોતાના અને પોતાની બેનના વિવાહ પ્રસંગે પ્રત્યક્ષ આચરણ દ્વારા આપી દીધો.

સુભદ્રા તો એની સગી બહેન પણ સુભદ્રા કરતાં દ્રૌપદી એની વધારે માનીતી બહેન હતી. માનિની દ્રૌપદીની લોહી જેવા આંસુ લૂછી કદેવા માટે શ્રીકૃષ્ણે શું શું ન કર્યું! શ્રીકૃષ્ણના હૃદયમાં રાધા પછી જો કોઈ એવું સર્વોચ્ચ સ્થાન હોય તો તે દ્રૌપદીનું હતું. ગાદમાં માત્ર સંબંધ પતિપત્નીનો જ હોઈ શકે એમ માનનારા પ્રેમ-છીછરા લોકોએ જાણવું જોઈએ કે રાધા ને દ્રૌપદી બંને સાથેનો સંબંધ જ શ્રીકૃષ્ણને મન સર્વોચ્ચ સંબંધ હતો. દ્વૈત માનો તો દ્રૌપદીનું ધ્યાન કરો, અને અદ્વૈત માનો તો રાધાનું. શ્રીકૃષ્ણનો ચૂકાદો આ છે.

શ્રીકૃષ્ણનો ગૃહસ્થાશ્રમ દીપાવ્યો રુક્મિણિએ પણ એમને દીકરી મળી ઉત્તરા. એને માટે પણ શ્રીકૃષ્ણે માનવી શક્તિ કરતાં વધારે શક્તિ પ્રગટ કરી. રાષ્ટ્રના ઉદ્ધાર માટે અને ધર્મની સંસ્થાપના માટે પણ જે અતિમાનુષીશક્તિ શ્રીકૃષ્ણે ન વાપરી તે ઉત્તરા જેવી પોતાની દીકરી માટે વાપરી!

સ્ત્રીજાતિ માટે શ્રીકૃષ્ણે શું શું કર્યું તેનું તારણ કાઢતી વખતે શ્રીકૃષ્ણની વૃત્તિનો પરમ ઉત્કર્ષ બતાવવા માટે છેલ્લો કુબ્જાનો દાખલો લેવો જોઈએ અહીં આપણે ભાગવતકારને પણ પ્રમાણ ગણી શકતા નથી. કુબ્જા ન્યાતે શૂદ્ર, પ્રતિભામાં કેવળ દાસી. તેનું ચિત્ર ઉજ્વળ રીતે કોણ રંગે! ભાગવતકારે એ ચિત્ર જેમ તેમ પતાવી દીધું છે.

કૃમી કીટ-પતંગ સિફકે તમામ વિશ્વનો ઉદ્ધાર કરવા નીકળેલા શ્રીકૃષ્ણને મન કુબ્જા કોઈ નગણ્ય પ્રાણી નહોતી. ખરું છે કે એ શૂદ્રા હતી, દાસી હતી, એટલું જ નહિ પણ કુરૂપ, ત્રિવક્રા, કુબ્જા હતી એનો પ્રેમ પાર્થિવ હતો. કુબ્જા હોવાને કારણે કોઈ એનો સ્વીકાર કરે એમ નહોતું સ્ત્રીહૃદય અને સ્ત્રીશરીર અતૃપ્ત સ્થિતિમાં કેટલું ભૂખ્યું રહી શકે છે એની એ પ્રતિનિધિ હતી શ્રીકૃષ્ણે એને ઓળખી પોતાના સર્વગ્રાહી સર્વસ્વીકારકારી પ્રેમથી અપનાવી એની વક્રતા દૂર કરી. એનુ પ્રેમભક્તિનું સૌંદર્ય ઓળખી એની કુરૂપતા દૂર કરી અને એના હૃદન પાર્થિવ પ્રેમને અપમાન ન કરતા એની ઊંચાઈ વધારી અને એને નિર્વિકારી પ્રેમનો સાક્ષાત્કાર કરાવ્યો

એ હતો પૂર્ણાવતારી શ્રીકૃષ્ણ જેણે—અર્ધી માનવ જાતિ-સ્ત્રીનું મહત્વ ઓળખ્યુ અને એના ઉદ્ધાર માટે પોતાની તમામ પ્રતિભા, તમામ શક્તિ ખર્ચી અને સૈકાઓ સુધીની ગેરસમજ અને નિંદા વહોરી લીધી. યુગાવતારનું એમનું મહાન કાર્ય એમની સ્ત્રી-સેવામાં આવું ન આવ્યું.

શ્રીકૃષ્ણને પૂર્ણપણે ઓળખતા આપણે કેટલા યુગો વિતાડીશું તેની ખબર નથી તેથી દર વર્ષે આપણી સ્થિતિ પ્રમાણે એમને ક્રમશઃ ઓળખવા પ્રયત્ન કરીએ.

ઘર રહેશે, રહેશે ધરમ; ખપે જાશે ખુરસાણ-

ટાંચણપોથીનાં વધુ પાનાં : હપ્તો આઠમો

ઝવેરચંદ મેઘાણી

ટાંચણમાં નવી એક ભાત પડે છે. અબૂધ નરની પડખે કવિતાની ઝણકાર નારી દેખાય છે—

મેઘા મારૂ : થેરડી ગામનો આહીર માલધારી હતો. નજીકમા એક નેસવાસ (નેસડાનો વાસી) પરજીઓ ચારણ : માલ-વાસિયું માણસ : સ્થિતિએ દૂબળો–પોતાને તો કંઈ આવડે નહિ, પણ ઘરમાથી ચારણીએ એક દુહો રચી આપ્યો :

ચારણય ગોળી સજ્જ કર,
　　લે નેતર ને રવા;
મારૂ માગાં મેઘડો
　　સમપે ભેંસ સુવા.

(અર્થ–હે મારી ચારણી ! તુ મહી વલોવવાની ગોળી તૈયાર કર નેતરાં ને રવાઈ હાથમાં લે કારણ કે હુ મેઘા મારૂને જાચવા જાઉં છુ ને એ તત્ક્ષેણ મને ભેસ સમર્પી દેશે.)

હે ચારણ, આ કૃતિ લઇને તુ મેવા મારૂ કને પહોચ ને દુહો કહે રાખજે.

રસ્તે જતો જતો ચારણ દુહો ગોખતો ચાલ્યો પણ એક તેતર ભરરરર કરતું વાડમાથી ઊડ્યું ને ચારણ દુહો ભૂલી ગયો એને લાગ્યું કે 'તેતર મોળો દુહો લે ગો [તેતર મારો દુહો લઇ ગયો]

હવે ? દુહા વગર દાતારને ઘેર જવુ શી રીતે ? પોતાના માશિયાઇને ઘેર રાત રહ્યો. ભેસો દોવાતી હતી પોતે પૂછ્યું, 'દોવરાવા ?' [દોવરાવું ?]

પોતાની ભેસો નથી છતા દોવરાવવાનો આનંદ કેવો ! દોડ્યો પડતી જાય છે ને પોતે બોલતો જાય છે : 'વાહ પાડા-ળની પદમણી ! વાહ નસૂંઢા [સૂંઢ વિનાના] હાથી ! તોળા વધન્ય લા. [તારાં વારણાં લઉં]

એ આનંદમાં ચારણને ભુલાયેલો દુહો યાદ આવી ગયો. પહોચ્યો દાતાર પાસે દુહો સાંભળીને મેઘા મારૂ બોલ્યો : 'ગઢવા ! આ દુહો તમારો રચેલો નહિ '

ચારણ સાચું બોલ્યો. 'દુહો તો ચારણ્યનો કહેલ છે '

'ભલા, માગો.'

'માગુ છુ એક ભેસ.'

'ના, એમ નહિ, જંપ લો, ને જેટલી ભેસ આ ખડુમાંથી ઊભી થાય એટલી તમારી.'

ચારણે વાણી (સાદ પાડ્યો) ત્યાં તો વીસ ઊભી થઈ. વીસે વીસ દાતારે દઈ દીધી

ચારણીએ બીજો દુહો રચી મોકલ્યો હતો—

વાદળીઓ વણાર
　　થાનક થેરડી તણે;
કાલરની કાળા
　　મેઘરા મેની છો.

(અર્થ–થેરડીના સ્થાનામા હે વણાર આહીર, તું તો વાદળીઓ મેઘ છે, માટે હે કાળા મેઘડા ! તું પણ તારા નામ મુજબ વૃષ્ટિ કર.)

❧

કાવ્યપ્રશસ્તિનો સાહિત્ય–પ્રકાર તો સનાતન જૂનો છે. મહારાજાઓ રીઝતા ને લાખોનાં દાન દેતા. સૌરાષ્ટ્રના નાનકડા માલધારીઓને પણ આ પ્રશસ્તિઓથી પોરસ ચડતો. પશુધનનાં દાન પણ પ્રચલિત હતાં. આ પ્રશસ્તિ, આ પોરસ ને આ દાન, એની વચ્ચેથી આ જીવનનો પ્રધાન સૂર તો એ નીકળે છે, કે પશુધન એ કેવળ પાર્થિવ સંપત્તિ નહોતી, પણ આ નિરક્ષર અને સંસ્કૃતિથી વેગળાં માનવીઓનું ઉચ્ચ લલિતોમિંધન હતું. આ પશુધનના કાવ્યલાભન વડે એમની લાગણીઓ પુષ્ટ રહેતી ને સંસ્કાર પકડતી. એ ભેંસો કે ઘોડા સમર્પતા, પણ દિલ ચર્ચને. એકાદ મોયે કરેલો દુહો પણ ભૂલી જનાર ચારણને માટે ભેંસ એ એક જીવતું કાવ્ય હતું. એ મૂંગા પશુને દર્શને અને પ્રાપ્તિએ કવિતા પણ દુઝાણાંની પેઠે જ 'પ્રામનો' મૂકતી અર્થાત દૂધ મોકળાં મૂકતી. એટલે કાવ્યપ્રશસ્તિ દાતાઓની નહિ પણ એ પશુની બનતી આ રહ્યું મારાં ટાંચણમાં એવા એક પશુગાન કામેલા ચારણનું રચેલું ભેંસ વિષેનું કાવ્ય—

રેશમની આંખ્યાળી ખીચ, પહાડમાં ડગાની ટૂંક,
ઝાડમાં ઉભો મૃગ ઘવાસે લેરણ;
હાડમાં ગેળ ઢી જેનાં, ચાકદા દંત જેમ હાથે
ખાબુકી છોલ તેમ ગઢ દે ઓસાણ. ૧

અંગવાળા બાબ ઓ તો અબળા હરીખા ઓપે,
માથું ઓળા જેવા દેહ, ચોમળી મેન્નગ,
શીંગ ના દાગા જેને અંદરા વિચિત્ર ચોને,
બાપ મેં સોનાં જડાઉ દીવની માળાન. ૨

ફુંઓ જેવા મોટા તેમ ઘર તનું જરી કટ,
પોષ દેવગાર જેવા પાદોવાના પેટ,

ગોળા જેવું ધડારા ભાગ, હડાળા રૂપાળા ગણું,
દૂધાળાં ભરેલાં હાડ પાતળાંગી ડાક. ૩

રોઢવેલ પાસા ઢળા, અંગવાળા ઘાટ રૂડા,
તેમ ચોડા પીઠ ભાગ દીપતા તમામ;
નખોડા એહવા ખાખ નેતરંઆ પૂછ નામી,
દેખે અખાડાળી માગ દેવે સેસ દામ. ૪

ચીંગજારા માક તેમ કાળા નાગ જેવી ઘાતે,
ફૂવાળાં આંચળા વાળાં વેંત હા દેખાય,
પટાળા રામેવ વાળા. દાનઢીં બોધાળા પેખે,
બગે હી ગોવાળા દોવા વાળા બદલાય. ૫

ધમોડા શેડ્યા બાળી, ચરવે કૂપવાળી ધારા,
હિલ્લોળી ભરે છે હાડા ઝમોળી હમેશ,
કણુકે સિંહ જેવું ગોળી દબ્રિકુ વરોળી દેખો,
અસેરી પીઆણી વીકાનંદા વાળી ભેંસ ૬

સિંહ તણા પ્રાણ લેવે, બાણ સાધે ચડી ઘોટે,
નવે ખડે ગડે કોટે, વખાણાય નામ,
કંટાળા-ભોપાળ રામ નોળ એડી આગે કમી
ભેરાળા સમાપી એડી આહીરાકા જામ ૭

અર્થ

૧. માથાના ઠેલા દઈને પહાડોનાં શિખરો ડગમગાવતી, ઝાડનાં મૂળ ઉખેડતી આ જોરાવર ભેંસ, જેનાં હાડકાં ગોળાકારે છે, જે થાકેલા હંસ માફક મલપતી ગતિએ ચાલે છે, ખાણુ ખાઈને મદોન્મત્ત બને છે.

૨. શરીરનાં લક્ષણો તો હાથીનાં લક્ષણો સમાં છે. મીણના ગોળા જેવા મુલાયમ દેહ, મોઢાની નાજુક શોભે છે, શીંગો ખૂબ આંટા લઈ ગયેલ છે, ડોક (સાંકળ) પણ માપમાં છે.

૩. પથ્થરની કુંભી જેવી પગની ખરીઓ છે, ઘૂંટણ ચાર તસુ પહોળી કહું છું. (કહાં) પગ દેવળના સ્થંભ જેવા છે. ધડાનો ભાગ ગોળા જેવો છે, છાતીનો હડો રૂપાળો છે. હાડ દૂધે ભરેલ છે. ડાક પાતળી છે.

૪. અંગોના ઘાટ દાંતના પાસા જેવા સરખા છે. પીઠભાગ પહોળો છે, ખોડખાપણ વિનાનાં (નખોડા) એવાં લક્ષણોવાળી, ને અંબોડાવાળી (આંટા લઈ ગયેલ શીંગડાંવાળી) ભેંસને દેખી ગરાક (માગ) હજાર (સેસ=સહસ્ર) રૂપિયા આપવા ઈચ્છે.

૫ વેંત વેંતનાં તો આંચળ-છે. પટાધર રામ નામના દાતારનાં આવાં દાન સર્વ રાજવીઓ જોઈ રહે. બન્ને ગોવાળ તો એને દોવા બદલવા પડે.

૬- દોતાં દૂધની ગાજતી ધારાએ વહે છે. ને હાંડા ભરાય છે. એના વલોણાની ગોળી તો [illegible] થી ગર્જના કરે છે. વીકાનો નંદ (પુત્ર) એવી [illegible] ભેંસ સમર્પે છે.

૭. સિંહના પ્રાણ લેનારી, વાણ્ય (ચીસ) પા[illegible] સિંહ સામી દોટ કાઢનારી એવી ભેંસ વખણાય એવી દરેક લક્ષણે કર્મી (કમી) ભેંસ કંટાળા ગામ દરબાર રામ નોળ આપે છે.

ભેંસને વાંભ (સાદ) દઈને બોલતી ખડી કરનારાં જે કાવ્ય, દાતારનું દિલ કોળાવવાને જેમ કાવ્ય, તેમ અબો[illegible] માનવીને પણ બોલતાં કરવાને કાવ્ય કામ લાગતું. એ કાવ્ય-કરામતનો નીચલો પ્રસંગ ટાંચણમાંથી નીકળે છે

ગોંડળના રાજવી સગ્રામજી બહુ મૂંગા રહેતા. કેમેય ન બોલે હમીર ઘાઘલે પોતાની છ આંગળીવાળી હથેળીની અંજળી વીસ અફીણની લેવરાવી તો પણ ન બોલેલ એને બાણીદાર કવિએ આ ગીત કહીને બોલાવ્યા—

સધ જબરા બોલ બેગંદર સગમૂલ !
કે કે સાધ્યા કેક કળા !
પલટણ દલા સંતારા પૂણા
(કે) ગઢ જૂનાનો વિયો ગળા !-૧

(આવું) જબરું મતલાગું કિમ બના ?
બડ સાચું કહેબે સવબાણ,
દેવાહરા ! કર્યાં અથ દેવા
(કે ના) રાજસું ટલ્લા લેવા જદુરાણ !-૨

બનરાં પંખી પઢાવ્યાં બોલે,
દલમાં કુળ ન કે દગો;
કુંવા તણુ પ્રાક્રમ અગ કેરા
(કે ના) સિંધ બેગારો બેલા સગા !-૩

દેવળ તેય પડછંદા દેવે,
કહીએ તેવું તે જ કહે.
બેપત બોલો ખુબ મલધી
(તો) રાજસભાને મોજ રહે-૪

કરડા તણી ધર લેવા કાજે
(હું તો) નવ રોશકાં સામો નાથ.
આપુ ટેક ધિરથી આપો
(કે તુ) રેંવારી કરવી સમરાથ !-૫

સુણી જબર, જબર મનસૂબા,
  ઘાટ સમજાણે કાઠ ઘણા,
સગમસ અરથ કર્યાં જગ સધરે
  તું બોલ્યાથી બાણુ તણા !–૬

મૂંગા રહેવાનું કારણ તો ઠાકોર સગ્રામજીને ચાય તે હો, પણ ચારણે એને વ્યંગમાં ઠપકો દીધો : હે સગ્રામજી ! હે જબરા જોગંદર, સિદ્ધ ! બોલ તો ખરો, કે તું શી શી વિદ્યાની સાધના કરી રહ્યો છે ? તું તે શું દિલ્હી સતારા કે પૂનાનો રાજપલટો વિચારી રહ્યો છે ? કે શું તને જુનાગઢનું રાજ્ય જીતી લેવાનો સ્વાદ લાગ્યો છે ? આવું મૌનવ્રત શીદ લીધું છે ? કે શું કવિઓને કોઈ મોટી પહેરામણીઓ કરવાનું વિચારે છે ? મોટા રાજાઓ સાથે અફળાવાની ઇચ્છા કરછ ? અરે વનનાં પંખીડાં પણ દિલમાં કશો દગો રાખ્યા વગર આપણા બોલાવ્યાં બોલે છે, તો તું મનુષ્ય કેમ ચૂપ છે ? અરે નિર્જીવ દેવળ પણ આપણા અવાજની સામે પડઘા આપે છે, ને જેવું કહીએ તેવું કહે છે, તો તું શું એ કરતાં પણ પ્રાણહીન છો ? હે મહીપતિ ! બોલતા રહો, તો રાજસભાને પણ મોજ રહે. નહિ તો કહી દે કે તું શું કોઈ કરડા રાજાની ધરતી જીતવા મનસૂબો કરી રહેલ છો ? કે શું તું કોઈ આબુશિખરથી કે કાશીથી ઉતરેલો મહાયોગી છે ?

નવાઈ નથી કે સોરઠિયો ઠાકોર પોતાને આરોપવામાં આવેલ આવાં બુલંદ બિરુદો અને ઉપમાઓના હાર્દમાં છુપાએલ હાંસીનો માર્યો મૂંગો મટી ગયો હોય. બાકી કવિએ તો ઉપાલંભ અને પરિહાસ દેવામાં કંઈ બાકી નથી રાખી. પંખીઓ અને પથ્થરોથી પણ રાજા જેવા રાજાને વધુ જડ કહી દીધો.

ઊધડો પાનાં—

ચીતળમાં કાઠી દરબાર હમીરવાળો : રામ રાદડિયો નામે એનો કાઠી રામ રાદડિયાને ઘેર મહેમાનગતમાં સાકરની ડમરીયું ચડે

એક વાર ખુમાણો મહેમાન થઈને ચીતળમાં આવ્યા. ગામમાં પેસીને જરા થંભ્યા. ઘોડાં ખુંદી રહ્યાં છે પણ મસલત કરે છે કે કયે ઘેરે જવું !

'જો દરબારગઢમાં જાશું તો ખટિયું (ખારી કઢી) મળશે. સાકર દૂધની ડમરીયું તો રામ રાદડિયાને ત્યાં મળશે'

'હાલો હાકો રામને ઘેર ઘોડાં'

આ વાતચીત દરબારગઢની ડેલીએ બેઠે બેઠે દરબાર હમીરવાળાએ અને એના કાઠી રામ રાદડિયાએ બેઉએ કાનોકાન સાંભળી.

રામને બીક પેઠી : નક્કી દરબાર રંજ આપશે !

દરબારે મર્મ કર્યો : 'જાવ રામ રાદડીઆ, સાકરની ડમરીયું ચડાવો. આંઈ તો ખાટિયાં છે !'

રામને ઘેર ખૂમાણ ડાયરો ઊતર્યો, રોજની રીતે રૂડી ભાતની મહેમાનગતી માણી ને પછી આગળ ઊપડવા ઘોડે પલાણ મંડાય છે ત્યાં જ દરબાર હમીરવાળો આવીને હાજર થયા. રામ રાદડિયાને પૂરો ધ્રાસકો પડ્યો.

દરબાર મહેમાનોને કહે કે 'બા ! રોકાઈ જાવ'

કે 'કાં બાપા ?'

કે 'રામ રાદડિયાને ખાથ બહુ છે. એટલે મારે એને ખીજડિયું ગામ દેવું છે.'

તે જ વખતે ખીજડિયું ગામ દીધું.

હજુ પણ રાદડિયા ખીજડિયું ખાય છે.

સોરઠી જીવનનો 'સંસ્કાર' 'સંસ્કાર' એમ હું જે વારંવાર કહું છું, જે સંસ્કારને હું સોરઠી સાહિત્યકલા-સંપત્તિનું જનક ગણાવતાં થાકતો નથી, તે જ આ સંસ્કાર છે. જેની ગાળો ખાતાં ખાતાં પણ ક્ષુબ્ધ તૈં ઠાકોર વજેસંગ ખરા બપોરે છાશની ઘેંશ પામ્યા તે ખેડૂતને મોટું દાન દીધું, જે પોતાનો કારમો શત્રુ હતો તે વીરાવાળા પર વિષપ્રયોગ થનારો જાણીને તુરત ચાતુરી કરીને ખાંટ ભાયા મેરે શત્રુને બચાવ્યો, જે પોતાની સ્ત્રીને પરણી બેઠો હતો તે જુવાનને રાતના અંધકારમાં શત્રુહાથે ઘવાયેલો 'મડેલ' દેખી કાંધે ઉપાડી વાઘેરે ઘર ભેગો કર્યો, (બહારવટિયા ભા ૨ વાઘેરોનાં બહારવટાં) પરરાજ્યના જે પટેલને એની પરોણાચાકરી બદલ ભૂલભૂલથી ગોંડળના કુંવર પથુભાએ પોતાની જમીન જાણી પારકી જમીન સરપાવમાં સમર્પી તે પટેલને તે જમીન તેના ધણી કાઠીરાજે ખરેખાત આપી દીધી, (રસધાર ભા. ૫) એવા પ્રસંગો સોરઠી જીવનમાં ઠેર ઠેર પડ્યા છે. સાહિત્યમાં મળે તો તો કલાકૃતિ તરીકે જ મારા લાગે, અને વાસ્તવ-જીવનમાં તો એ સામા મળે તો પણ કાં કલ્પિત લાગે ને કાં બેવકૂફીનાં પરિણામો લાગે, એવી એ ઘટનાઓ છે માણમાર્ગ ઘમાતી ઘમાતી પણ આટલા જમાના પછી જીવનની અનેકવિધ દીનતા વચ્ચે ઝબૂકે છે, તે જ આવા 'સંસ્કાર'ની ઊંડી જડને આભારી છે.

'કરિયાવર' નામની વાર્તા, (રસધાર ભા. ૫ની પહેલી) તો યાદ હશે. હમણાં જ ટ્રેનમાં એક ભાઈએ યાદ કરાવી. પરપ્રાંતે વસેલ એ ભાઈએ કહ્યું કે ફલાણા ફલાણા એક ભાઈ આ વાર્તા વાંચી વારંવાર રડ્યા છે. વાર્તા એવી છે, કે એક વૃદ્ધ બની ગયેલા વિધુર પિતાએ, પોતાને સંતાનમાં જે એક જ હતી તે પુત્રીને પરણાવી કરી, એને આણે તેડવા આવેલ જમાઈ સાથે પોતાના ઘરની કુલઝપટ સંપત્તિ સાથે વિદાય દીધી. જેવી બાઈ બધો કરિયાવર લઈને ગામ સોંસરી વેલડામાં નીકળે છે તેવા જ ચોરે બેઠેલા પિતરાઈઓ ડાંગો તલવારો લઈ આડા ફરે છે. 'નહિ લઈ જવા દઈએ આટલું બધું. વાંસે અમે વારસ બેઠા છીએ.'

બાઈએ કહ્યું–વેલડું પાછું વાળો.

તેડવા આવેલ ધણીને એણે કહ્યું કે 'ધાધલ, આ લે, તું આ રૂપિયા લઈ જા બીજે પરણી લેજે.'

કે 'કાં ?'

કે 'હું તો મારા બાપને દીકરો થયા પછી જ આવીશ. તે પહેલાં તું મારે ભાઈ છો !'

બાપને બીજે પરણાવ્યો. દૂધના કઢા પાઈ મર્દ બનાવ્યો. વરસ દહાડે નવી માને દીકરો આવ્યો એની છઠ્ઠી કરી, પછી ધાધલ પતિને કહેવરાવ્યુ કે 'હવે તું તારે મને તેડી જાજે.'

પછી તો બધું જ લઈને દીકરી સાસરે જવા નીકળી. ચોરે બેઠેલા પિતરાઈઓને વેલની ફડક ઊંચી કરીને કહ્યું: 'હવે આવો આડા ફરવા.'

'હવે શું આડા ફરીએ ?'

'હા જ તો, શું ફરો ! ઘોડીએ ભાઈ રમે છે.'

આંહીં સુધી તો મેં વાત આપી છે, પણ તે પછીનો પ્રસંગ ટાંચણમાં જ રહી ગયેલો આજે સામો મળે છે. આ વૃદ્ધ કાઠીના જે બે દીકરા થયા તેનાં નામ સુરો ને માત્રો. મોટપણે એમણે સાંભળ્યું કે વડાળાના કણબીએ પોતાના બે બળદોનાં નામ આપણાં નામ પરથી સુરો ને માત્રો પાડ્યાં છે માટે જઈને એને ઠાર મારીએ

ગયા પટેલને ખેતરે. જુએ તો પટેલ બેઉ બળદની ગમાણમાં એક કોર ખોળ ભર્યો છે ને બીજી કોર કપાશીઆ ભર્યા છે. બેઉને ખાતું હોય તેટલું ખવરાવે છે ને 'બાપો સુરા !' 'બાપો માત્રા !' કરતો જાય છે. [illegible] પર પ્રેમથી ઓઘો ઓઘો થઈ રહ્યો છે.

બેઉ ભાઈઓ ગયા'તા પટેલને મારવા, પાછા વળ્યા બન્નેની ઘોડીઓ પટેલને ઇનામમાં આપીને.

એની એ જ વાતઃ સંસ્કારઃ આજે આપણે એને ખેલદિલી, રમતવીરતા, સ્પોર્ટ્સમેનશીપ વગેરે અનેક શબ્દો વડે કહીએ છીએ.

દાનના પ્રકારો વર્ણવું છું તે જ ટાણે ટાંચણનું નવું પાનું દાનના ઉદાત્ત સંસ્કારનો મર્મ બતાવતો પ્રસંગ રજૂ કરે છે—

ખાનખાનાન નવાબ, એ નામના મોટા અમીર અકબરશાહને રાજદરબારે શોભતા હતા. દાનેશ્વરી હતા. પણ દાન દેતાં દેતા શરમાતા. કવિ પ્રશ્ન લખી મોકલે છે.

સીખે કહાં નબાબ જી,
ઐસી દેને દેન !
જ્યું જ્યું કર ઊંચે કરો,
ત્યું ત્યું નીચે નેન.

હે નવાબ ખાનખાનાન ! આવું દાન દેવાનું ક્યાંથી શીખ્યા, કે જેમ જેમ હાથ ઊંચો કરો છો તેમ તેમ નેણાં નીચાં ઢળે છે ?

ખાનખાનાન જવાબ મોકલે છે. (તે કવિ હતા)

દેને વાલા ઓર હૈ,
ભેજત સો દિનરેન,
લોક ભરમ હમ પે ધરે
યાતે નીચે નેન.

અર્થ—હે કવિ, દેવાવાળો તો કોઈક બીજો (અલ્લાહ) છે. દિવસરાત મોકલે છે તો એ. પણ લોકો એનો ભ્રમ મારા પર આરોપે છે, (કે હું આ દઉં છું.) તેથી લજ્જા પામીને મારાં નેણાં નીચાં ઢળે છે.

અકબર-દરબારનાં 'રત્ન' ગણાતા એ નેકપાક શાહિર-સેનાપતિ ખાનખાનાન પર, સ્વર્ગસ્થ મહારાણા પ્રતાપસિંહના પુત્ર રાણા અમરસિંહે, મુગલ-સામ્રાજ્યનાં પીડનોથી તોબાહ પુકારતા આ બે દુહા મોકલ્યા તે પણ આજે ટાંચણમાંથી જડી આવે છે ને સ્વ. ગગુભાઈનું સ્મરણ તાજું કરાવે છે.

કમધજ હાડાં કુરમા,
મહલાં મોજ કરન્ત,
કહજ્યો ખાનખાનાન મે
બનચર હુવા ફિરન્ત

અર્થ–રાઠોડો, હાડાઓ ને કચ્છવાહા ક્ષત્રિ રાજવીઓ તો અકબર–સામ્રાજ્યને શરણે થઈ જઈને મહેલોમાં મોજ કરે છે, હું એક જ વનનું વનચર બનીને ભટકું છું.

ચહુવાણાં દલ્લી ગઈ,
　　રાઠોડાં કનવજ્જ;
કહજ્યો ખાનખાનને
　　એ દન દીસે અજ્જ.

અર્થ–ચહુવાણોની દિલ્હી ગઈ, રાઠોડોનું કનોજ ગયું, એજ દિવસ મારા મેવાડનો પણ આજે દિસે છે.

તેના જવાબમાં ખાનખાનાન ભાવિની વાણીથી ભરેલો દુહો મોકલે છે.

ધર રહસી, રહસી ધરમ્મ,
　　ખપ જાસી ખુરસાણ,
અમર ! વિશંભર ઉપરે
　　રાખ નહચ્ચો રાણ !

અર્થ–ધરા રહેશે, ધર્મ રહેશે, ખોરાસાનીઓ (પરદેશી પીડો) ખપી જશે. હે અમરસિંહ ! વિશ્વંભર પર વિશ્વાસ રાખજે.

'ધર રહસી, રહસી ધરમ...' એ શબ્દો મારા સ્વ. ચારણમિત્ર ગગુભાઈ નીલાના કંઠેથી જ્યારે પ્રથમ વાર સાંભળ્યા ત્યાર વેળાનું તેમનું મોં અત્યારે પણ નજરે તરવરે છે. એ મોં પર, આ દુહો બોલતાં બોલતાં, ખાનખાનાનનું આત્મસંવેદન ઝલક મારતું હતું. મોં પર પસીનાનાં ટીપાં બાઝતાં. સુંદર ગુલાબી ઝીણી કિનારવાળા દુપટ્ટાનો છેડો લઈને પોતે મોં લૂછતા, હાથના પંજાનો ઝટકો મારીને કહેતા–'ખપ જાસી ખુરસાણ.' 'ધર રહસી' બોલતે ધરણીના પરમ સ્થૈર્યનું મહાસ્વરૂપ હાથની સ્થંભ-મુદ્રાએ ખડું કરતા. અને આકાશ સામે આંગળી ચિંધાડીને, માનવના તૂટતા મહાસામર્થ્યને ટેકવી લેતા હોય તેમ બોલતા: 'અમર ! વિશંભર ઉપરે રાખ નહચ્ચો રાણ !' –આશા અને આસ્થાના શા એ બોલ હતા ! થોડાક જ બોલ, પણ ચારણના બોલ, વલોવાઈ જતા એક મુસ્લીમના હૈયા-બોલ:–'ધર રહસી, રહસી ધરમ...'

※

પરિહાસ તો જેની વાણીમાં પગલે પગલે આવતો હતો, એ ગગુભાઈની પાસે આ ત્રણ દુહા ઉચ્ચારતી વેળા નરી પ્રાર્થના, નરી આરઝૂ, નરી આપદાં જ જણાઈ રહેતી. આંખોમાં જળના ટશીઆ આવતા. વીરોચિત કાવ્યરૂપ વાળી ઘટનાઓને એની ઉલટભેર પરોયાવતામાં ગગુભાઈ કેટલા પાવરધા હતા તે તો મારી 'રાઠોડ ધાધલ'ની વાત (રસધાર ભા. ૩)ને યાદ કરનારા વાચકો કલ્પી શકશે. જોગીદાસ ખુમાણે અને રાઠોડ ધાધલે મળીને એક કાળા બપોરે વીજપડીના ખેતર વચ્ચે સાંઢીઓ સૂંઢતો એક જોબનજોદ્ધ કણબીને બરછીએ માર્યો, અને ધણીને બચાવવા માટે પોતાના દેહ પર હાંમેલાં તમામ આભરણોને ઉતારી દેતી આણાત કણબણ યુવતીએ ધણીને મરતો દેખી કોદાળીના જે ધડૂસકારા પોતાને કપાળે ખાધા, તેનું વર્ણન યાદ આવે છે? એ વર્ણન ગગુભાઈનું કરેલું. એ પાતકની આઠ વૃદ્ધ કાઠી રાઠોડ ધાધલને કેવી જલાવી રહી હતી તે યાદ આવે છે? એ વર્ણન ગગુભાઈનું કરેલું રાઠોડ ધાધલના વીરમૃત્યુને epic ઘટના બનાવીને કરેલું આલેખન યાદ આવે છે? એ શિલ્પ ગગુભાઈનું. એ ચિત્રો આલેખવા ટાણે કોણ કહી શકે કે ગગુભાઈની રસના–પીંછીમાં હળવાશ પણ ભારોભાર હશે !–એ હળવાશનો દાખલો મારા ટાંચણમાં એકલિયા બહારવટિયાના બયાન રૂપે મોજુદ છે. છોકરું મોઈદાંડિયે રમતું હોય એટલી મોજભરી બાનીમાં ગગુભાએ એકલિયા નામના ચોરને આલેખ્યો—

※

ચારણ હતો. મૂળ નામ પુનરવ. પહેલાં મીયાણા મોવર સંધવાણી ભેળો બહારવટે. પણ ભડક્યું નહિ. એકલું બહારવટું આદર્યું. એકલે પડે જ. જેથી કહેવાણો એકલિયો.

પાસે એક ટારડી ઘોડી. જસદણ તાબે ભાદર નદીમાં એક દી' ટારડીને ધમ.રે છે. ત્યાં દરબારી માણસો કુંવર છત્રા ખાચરની ઘોડીયું ધમારવા આવ્યા. કહ્યું કે એલા તારી ટારડીને બહાર કાઢી લે. થઈ બોલાચાલી, એકલિયે બહાર નીકળીને દરબારી માણસોને પોતાની ટારડીની સરકથી માર્યા. ટાનકટીઉં તોડી નાખી. દરબાર આલે ખાચરે ત્રણ મહિનાની કેદ આપી. છૂટયો ત્યારે કહેતો ગયો કે દરબારને કે'જો, ચેતતા રહે.

મોટા કણીઆળા ગામમાં પટેલને ઘેર ઘોડી હતી. જઈને કહે કે 'ઘોડી લેવી છે.'

કે 'રૂપિયા ચારસો પડશે.'

કે 'ચડી જોઉં.'

પટેલે તો આગેવાન જેરબાપ સમજ્યા, ઘોડીને ટામક ટીમક કરી. એકલિયો ચડ્યો, મેદાન પાડી દેર-

રાતી પછી ગોથું ખવરાવ્યું ને કહ્યું 'હ્યો રામરામ. આલા ખાચરને કે'જે રૂા. ચારસો તમને ચુકવી દે.'

હરણ ખોડાં કરે એમ ઘોડી ગઈ.

આવ્યો જસદણની બજારે. અફીણના ઇજારદારની દુકાને ઘોડી ઉભાડીને કહે 'અરધો શેર અફીણ જોખ.' જોખ્યું. 'લાવ છેડામાં.' લઈને ઊપડયો. 'કે'જે દ. આલાખાચરને, કીમત ચૂકવી આપે.'

મંડયો જસદણ તાબામાં લૂંટવા ને ખૂંદવું મારવા. દરબાર કહે 'માળા સાપ ખાંડા કર્યો.'

❧

રાયપર ને કુંડળ વચાળે ગીડા કાઠીઓનાં ગામ. એક ગાડું હાલ્યું જાય. ભેળા અસવાર. અસવારો ગાડાને આગળ જાવા દઈને બેઠા બેઠા હોકા ભરે.

એકલિયો કહે 'રામરામ.'

'એ રામ ! કેવા છો ?'

'કાઠી છું. નામ હમીર ખોરીયો. હોકો પાશો ?'

ઘોડી પર બેઠે બેઠે હોકો તાણવા માંડયો. ગાડાને સારી પેઠે-છેટું પડવા દીધું. પછી હોકો આપી દઈને ઘોડી લાંબી લાંબી કરી. પહોંચ્યો ગાડાને. માંઈ બાઈઓ બેઠેલી તેને કહે 'બેન્યું ઘરાણાં કાઢી આપો. બરવટિયો છું.'

એમાં એક રાંડીરાંડ બાઈ. જાને ગીડા કાઠી. કહે કે 'ભાઈ, એક કડલું નીકળતું નથી.'

કે 'બેન, તારું બીજું કડલું આમાંથી ગોતીને પાછું લઈ લે. ને કામ પડયે ભાઈને બોલાવજે.'

એમ કહીને ગયો.

એ બાઈ હતી કુંડળની એને ગીડા ભાયાતોએ દુઃખ દેવા માંડયું બાઈએ એકલિયાને ખબર કહેવરાવ્યા. ગયો કુંડળમાં. ૮-૯ ગીડાને માર્યા ને કહેતો ગયો 'બેનને એનાઈ કાઢી દેજ્યો. નીકર ગીડો દીઠો નહિ મેલું.'

❧

જગો ગીડો જસદણના મોટા અમલદાર. નીકળ્યા એકલિયાની વાંસે. વાંસોવાંસ એકલિયો ચડયો. ફરી ફરીને જગા ગીડા ઘેર ગયા. એકલિયો પણ ઠેઠ એને ઘેર પહોંચ્યો. ગીડો તરવાર છોડી, બાજુ મેલી, ઢોલિયા માથે જ્યાં બેસે છે ત્યાં પહોંચ્યો.

કે 'જગા ગીડા ! લે બંધૂક, હું જ એકલિયો.'

બંધૂક તો શું લ્યે ! ગીડાને ઠાર માર્યો. ભાગ્યો. 'જો જાય ! જાય ! જાય !'

કોટડા દરબારનું ગામ રાયપર. બહાર ચારણનું નવાડું પડયું છે. ઘોડાં બાંધ્યાં છે દશરાનો દી'. તે દી' શુકન કરીને ચારણો ઘોડાંની સોદાગરી કરવા બહાર નીકળે. લાપશી રંધાતી હતી. ગદવા બેઠા. ત્યાંથી એકલિયો નીકળ્યો.

કે 'આ ઊતરો. ખાધા વન્યા જાય એને બ્રહ્મહત્યા !'

બેઠા સૌ ભેળા ખાવા. એમાં એક ગીડો નીકળ્યો. ભેગું ભાલું છે. દેખીને લાપસી ખાવાનું મન થઈ ગયું. ચારણોને કહે—

'રામરામ બા.'

કે 'ઊતરો આપા.'

કે 'ઊતરે કયાં બાપ ! એકલિયાની વાંસે નીકળ્યા છીએ.'

ઝપ એકલિયો ઊઠયો. ઘોડી પલાણી. પડકાર્યો: 'હું એકલિયો. લે ભાલો !'

ચારણો આડા પડયા. હં ! હં ! હં.

કે 'ગીડો તો દીઠો ન મેલું.'

કે 'ના, આંઈ કાંઈ ન થાય.'

કે 'બૂડી તો મારીશ.'

ભાલાની બૂડી ગીડાને મારી; બે તસુ વહી ગઈ.

❧

દેવળિયે શાણીંગવાળાની ડેલીએ ગોરખો ગીડો બેઠો બેઠો એકલિયાની વાંઢી બોલે. આંહીં એકલિયાનો પણ આશરો હતો જોગાનજોગ એકલિયો એ સાંભળે. નીકળ્યો બહાર ને બોલ્યો, 'આ લે મારી તરવાર. હું લઉં જોડો. ઊઠ, ગીડાની તરવાર ને મારો જોડો.'

ગોરખા ગીડાને ધ્રુજ વછૂટી.

❧

દૂંપો ગીડો કાઠી. ડીલ એવું જાડું કે ટોટ હાથ ઉભારો. માથે ગાડું ય ચડી ન શકે. હાંડા આંચકીને ઊભા રહે. આડસર જેવી ભુજાઓ. ભાયાણી પાળી જેવું કાંધ. ભેળા, મરમલ કાઠી રાખીને ધુંવાડે ગપેલા ગીંટનું પાંસળું હોય એવી તરવાર રાખેલી. બેય ચાલ્યા આવે એકલિયો વાંકળીમાં ઘોડીને બાજરો દઈને બેઠો છે.

બેઉ અસવાર ચાલ્યા જાય છે, ને દૂંપો ગીડો બોલે છે, 'બાપડા હજી એકલિયાને ભેટ્યા નથી ના !

ઝબ અસવાર થતોને એકલિયો પાછળ પડયો. 'કુંભા ગીડા! તૈયાર છું.' ગીડાએ ઘોડી દોટાવી મેલી. પણ એકલિયો તો પતંગિયો હતો. ક્યાં ભેળો આડો પડીને હાથ ઊંચા કરી મરમલ કાઢી કહે કે 'રે'વા દે.'

કે 'તું ખસી જા.'

કે 'પહેલું મારું માથું વાઢીને જા.' મરમલે આડું દીધું. હાથ જોડીને કરગર્યો.

'ઠીક ત્યારે જાવા દઉં છું. પણ ઘોડીનો મોવર તો ઉતારી લઈશ, ધારીઓ લઈ લઈશ.'

કુંપા ગીડાનું એટલું લઇ લઇને પોતે ગયો. પણ એમાં પોતાનો ચોફાળ વોંકળામાં પડયો રહ્યો. એ ચોફાળ લઈ લઈને કૂંપો ગીડો દેવળિયે રાણીંગવાળાને ત્યાં આવ્યા.

'ઓહો ગીડા! તમે ક્યાંથી?

કે 'બા, એકલિયાની વાંસે ગ્યા'તા. ભેટાં કરી આવ્યા.'

'ઓહો! રંગ છે.'

કે 'એણે માળે કોણ જાણે કેમ કરીને મારી ઘોડીનો મોવર લઈ લીધો, પણ તો મેં એનો ચોફાળ લઈ લીધો. આ જુઓ.'

'હા બા, સાચું. આ ચોફાળ તો એનો જ.'

એ જ વખતે રાણીંગવાળાની ડેલીએ સંતાયેલ એકલિયો બહાર નીકળ્યો ને કહ્યું 'લાગ્ય ચોફાળ. ખોટું બોલ છ? તેં લઇ લીધો? હવે તો બૂડી માર્યા વગર રે'વું જ નહિ.'

ગીડાને ભાલાની બૂડી મારીને લોહી કાઢયે રહ્યો.

⁂

એક દી' આવ્યો સનાળીમાં. એક રેંટો માથે બાંધેલ ને બીજો કડયે. ભાલે કિનખાપનો રેજો ચડાવેલ. કહે કે 'ઇ રેજો તો મારું ખાંપણ છે ખાંપણ.'

બજારમાં ચડતે પહોરે આવ્યો. આસો ચાક નામે કાઠી મજનાં આલે પૂછ્યું, 'ક્યાં રે'વું?'

કે 'હાલારમાં.'

'કેવા છો?'

બોરીયા. દમીર બોરીચો. આધા રે'જો. ઘોડી પરગપીલી છે.'

આવ્યો હરજીવન વાણિયાની દુકાને 'શેઠ, બાજરો તોળજો છ શેર.'

પૂછ્યું 'કેટલા પૈસા?'

કહ્યા પ્રમાણે પૈસાનો ઘા કર્યો.

ગણીને હરજીવને કહ્યું. 'બે પૈસા વધારે છે.'

'એના કૂતરાને રોટલા નીરજો, લાવ્ય બાજરો.'

'કહો છો ને ઘોડી પરગપીલી છે!'

કે 'વાણિયાને કમ કરડે છે!'

⁂

'રંગ છે બુધા ગીડાના લોહીને!'

એમ બોલીને એકલિયો દાયરામાં બેસીને કસુંબો પીએ.

કે 'કાં એવા રંગ આપો?'

કે 'બા, બુધો ગીડો શુરવીર હતા. એવા શુરવીર કે લોઈ ભાળીને મરી ગયેલા! એટલે હું કસુંબામાં એને રંગ દઉં છું. ગીડાની તરવાર ને મારું ખાસડું. ગીડાની હારે હું તરવારે લાકડીએ તો લડું નહિ.'

⁂

મોરબીની જેલમાં પોતાને નખાવનાર એક ભગવતસિંહ ગરાસીઓ હતો. ભલા ગામમાં રહેતો. ઊપડયો એને મારવા. ગામની ખળાવાડમાં ગરાસીઓ ખળાં ભરે છે. વાડયે ડોકાણો ને કહ્યું, 'કાં, દરબાર, તૈયાર છો ને?'

'હા તૈયાર!' કહેતો ભગવતસિંહ જોટાળી બંધૂકે ઘોડે ચડી બહાર નીકળ્યો. ભેળા સંધી સંવાર. મંડયા સામસામા ઝપટ કરવા. એકલિયો પાછળ ને પાછળ ખસતો જાય. મનમાં એમ કે ભગવતસિંહનો દારુગોળો ખૂટે તો ભેળાં કરું. ધકમક ધકમક થાતું જાય. આઘો નીકળી ગયો. પાછળ અવાજ આવતા બંધ થયા. એમાં ઘાટાં ઝાડ, કળાડી જમીન, અને નેરું ખળકયે જાય, ઘટાટોપ વડ, એવી જગ્યા દેખી મન થયું કે માળું નાહએં તો ઠીક,

પડખે ભરવાડ ગાડર ચારે. કહ્યું કે 'એલા વડ માથે ચડીને ખબર રાખ, કોઈ અસવાર આવે છે?'

નાહને બહાર નીકળ્યો ને અસવાર નજીક આવ્યા ત્યારે ભરવાડે કહ્યું.

એકલો ચારણ પહેરીને ઘોડીએ ચડયો-ભાગ્યો. ભગવતસિંહે બંધૂક મારી, બરાબર એકલિયાના પગનું બૂચ તોડીને ગોળી ઘોડી સોંસરવી ગઈ. પણ ઘોડી આવી ન શકી.

કૂદીને એકલિયે સધી માથે ઘા કર્યો. હેઠો ઉથલાવીને એની ઘોડી માથે ચડી ગયો, ને હાંકી ભગવતસિંહે બંદૂકને ફરી કેપ ચડાવ્યો, પણ કેપ પડી ગયો. આંહીં એકલિયો હાંકે પણ ઘોડી ચાલે નહિ. પગ બંધાઈ ગયા. ઊતર્યો હેઠે, વળ્યો પાછો, બીજા સધી માથે આવું કર્યું. એની ઘોડી પર ગયો ને ભાગ્યો. એમાં પોતાની બંદૂક વડલે પડી રહી.

નવાણીએ પહોંચ્યો. પગનું બૂચ તૂટી ગયેલ, તરવાર નાખી દીધેલ. ફક્ત એક ભાલો હતો.

દરબારે લોમોવાળો બેઠેલ, ઓળખ્યો, 'આવે વેશ કેમ પનો?'

કે 'લૂગડાં મગાવી દ્યો. રોટલો ને ગળ લાવો.'

❧

દેવળિયે પાળાના વોંકળામાં વાઘરીઓના વાડામાં રહ્યો. પાટાપીંડી, ને ખાવાનું રાણીંગવાળો મોકલે લુણો ધાધલ રોજ બેસવા જાય

પણ રાણીંગવાળો, જે આજ સુધી એકલિયાને સંઘરનાર હતો, તેને જ બીક લાગી પોતાના નામની એના કહેવાથી ગોરખે ગીડે જસદણમાં જાહેર કર્યું. એકલિયો ભાગી ન જાય એટલા માટે બ્રાહ્મણ લવા મહારાજનો ભાઈ પાળાવે વોકળે જઈને ત્યાં વાતોચીતો કરી સુવાણ કરાવે. એ બ્રાહ્મણે કહ્યું કે પરમ દિવસ સુધી તો હું રોકી રાખીશ

ત્રીજે દિવસે સવારે બે પહોર દિવસ ચડતા વોંકળાને કાંઠે ઊભેલા વાઘરીએ રાડ પાડી કે 'પુનરવ ભા, અસવાર આવે છે ભાલા ઝળકે છે, ભાગો.'

'ભાગી તો રીયા હવે ભાગવું લખ્યું હોત તો આજ રોકાણ જ શીદ કરત?'

એટલું કહીને એકલિયે પોતાના વાતડાહ્યા વિશ્વાસુ બ્રાહ્મણ ભાઈબંધ સામે નજર નોંધી 'ભરડા! ખૂટ્યો કે?'

બ્રાહ્મણને મોઢે મશ ઢળી ગઈ.

પોતાની આંગળીમાં ચૌદ ગદીઆણાનો હેમનો ફેરવો હતો તે કાઢીને બ્રાહ્મણને કહ્યું 'એક અડબોત મેળા તારા પ્રાણ કાઢી નાખી શકું. પણ હું એકલિયો. મારું મરણટાણું ન બગાડું. આ લે આ 'દક્ષિણા, અને માંડ ભાગવા. હમણાં આંહીં ગોળીઉ તી ત્રાટક બોલશે.'

ફેરવો લઈને બ્રાહ્મણ વહેતો થયો અને બીજી બાજુ ગામમાંથી લુણો ધાધલ નામનો કાઠી એકલિયાને હોકો પીવરાવવા આવતો હતો તે પણ બીકનો માર્યો ઝાળા આડો છુપાઈને બેસી ગયો. એણે કનોકન વાત સાંભળી.

વાઘરી કહે, "બાપુ, હાલો. હેઠે ગામમાં જવાનો વખત છે."

"અરે હરિ હરિ કર ભાઈ, હું એકલિયો હવે ભાગું?"

હથિયારમાં ફક્ત એક ભાલું જ હતું તે ઉપાડીને એકલિયો ઊભો થયો. વાઘરીને કહે "તું હવે ખસી જા" એમ કહીને વોંકળાને કાંઠે ચડ્યો. ચડતાં જ ગીસત સામી દરસાણી. ગીસતની અને પોતાની વચ્ચે આડું એક ખીચોખીચ ઝાળું આવેલું હતું. પણ પોતે બીજી બાજુ તર્યો નહિ જરાક તરીને ચાલે તો શત્રુઓને વાંસો દેખાડ્યા જેવું થાય એટલે સામી છાતીએ ઝાળા સોંસરવો પડ્યો, કાંટે ઉઝરડાતો ગયો ને બહાર નીકળ્યો.

ત્યાં તો ગીસત લગોલગ થઈ ગઈ ભાલા સોતો એકલિયો છલંગ મારીને ગીસતના સરદાર વેળા ખાચરને માથે ગયો. પણ એ ભાલાનો ઘા ચૂકવવા માટે વેળો ખાચર ઘોડી ઉપરથી નીચે ખાબક્યો, કે તુરતજ એકલિયે ઘોડીને ભાલું ટેકવી, પેગડામાં પગ દઈ હને હાથ માંડી ઘોડી માથે ચડવા હલુબો દીધો. દેતા જ એનું માથું ઊંચું થયું તેમ તો ધડ! ધડ! ધડ! એકસામટી સાત ગોળીઓ માથાની ખોપરીને વીંધતી ગઈ

તોય એકલિયો પડ્યો નહિ ભાલાનો ટેકો લઈ ગોઠણીઆભર બેઠો. છેલ્લી ઘડીએ બારવટિયો ભારી રૂડો દેખાયો. ત્યાં તો પ્રાણ છૂટી ગયા. એટલે કાઠીઓએ આવીને એના મુડદા ઉપર પેટ ભરીને ભાલા માર્યાં ને ગીડાઓએ એના લોહીથી પોતાના કાતર્યા રંગ્યા એની લાશને જસદણ લઈ ગયા

❧

'વેળા ખાચર!' દરબાર આલા ખાચરે બારવટિયાના શરીર ઉપરના જખમો જોઈ ઝીણે અવાજે કહ્યું, 'આ બધા બંદૂકના ઘા નો'ય બા! આ તો વેરી મુએ ઈ પછીનાં પરાક્રમ લાગે છે!'

'અને ત્રીસ અસવાર થઈને એક માંદા શત્રુને જીવતો ન ઝાલી શક્યા બા! રંગ છે!'

પાળાવાને વોંકળે રાતોરાત કોઈ એક ખાંભી ઊભી કરીને સીંદુર ચડાવી ગયું હતું. અત્યારે એ ખાંભી ત્યાં છે

★

बापूकी कहाणी—काकाकी जवानी

काका कालेलकर

[૧]

ઇ. સ. ૧૯૩૦માં યરવડા જેલમાં બાપુજી સાથે રહેવા માટે મને મોકલવામાં આવ્યો ત્યારે મારી સાથે પૂરતા પ્રમાણમાં કપાસની પૂણીઓ લેતો પહોંચેલો. ત્યાં મારે પાંચેક મહિનાથી વધુ રહેવાનું થશે નહિ એમ હતું. પાંચ મહિના પછી બહારથી પૂણી મંગાવવી પડે તેમ હતું.

પણ થયું એવું કે થોડા જ દિવસોમાં સરકારે વલ્લભભાઇને યરવડા જેલમાં લાવીને રાખ્યા. પણ એક બીજા બાજુના યાર્ડમાં. વચ્ચે માત્ર એક દીવાલ હતી. બાપુને આનું બહુ દુઃખ થયું. કહેવા લાગ્યા કે આ સરકાર કેવી તંગ કરી રહી છે. વલ્લભભાઇને સાબરમતીથી અહીં સુધી લાવી રાખ્યા. એમનો અવાજ પણ આપણે કોઈ કોઈ વાર સાંભળી શકીએ છીએ પણ મળી શકાતુ નથી. સરકારને આમાં શું મઝા આવતી હશે ?

જે લોકો બાપુને દૂરથી જોવે છે તે એમની ધીરોદાત્તતા જ જોઇ શકે છે. એમનો પ્રેમ કેટલો ઉત્કટ હોય છે અને એના ઉપર આઘાત થવાથી એ કેટલો ઘાયલ થાય છે તે તો બહારના લોકો ક્યાંથી જાણી શકે !

રોજ સાંજે આંગણામાં ફરતા ફરતા એમનું ધ્યાન દીવાલની પેલી બાજુ જતું હતું.

* * *

એક દિવસ મેજર માર્ટિન (સુપરિટેંડન્ટ) વલ્લભભાઈની એક ચીઠ્ઠી લઇને આવ્યા. એમાં લખેલું હતું કે 'મારી બધી પૂણીઓ ખલાસ થઈ ગઈ છે. તમારી પાસે થોડી હોય તો મોકલશો.' વલ્લભભાઇ ખુબ કાંતતા હતા. ત્યારે કાંઇ ખાસ કામ ન હોય ત્યારે તેઓ પોતાની કોટડીમાં કાં સિંહની જેમ આંટા મારતા હોય અથવા બેઠા બેઠા કાંતતા હોય. એમની બાને પણ કાંતવાની ખુબ આદત હતી. એ જ્યારે આંધળા થયા ત્યારે પણ એમણે કાંતવાનું નહિ છોડેલું. ઘરના માણસોને પોત પોતાની પૂણીઓ છુપાવીને રાખવી પડતી. કયારેક જો પૂણી મળી ગઇ તો એઓ કાંતી નાખતાં. એવી માના એ દીકરા !'

બાપુએ મને પૂછ્યું. 'કાકા તમારી પાસે પૂણીઓ છે ?' મેં કહ્યું 'જોઇએ તેટલી છે પણ મને પીંજતા નથી આવડતું આ આપી દઉં પછી શું કરું ?' બાપુએ કહ્યું 'કાલથી હું તમને શીખવીશ નહિતર હું તમને પીંજીને પૂણીઓ બનાવી દઇશ.' ડરતા ડરતા મેં પહેલો વિકલ્પ પસંદ કર્યો. અને મારી પાસેની પૂણીઓ વલ્લભભાઈને મોકલી આપી.

હવે બાજુના ઓરડામાં બધો સરંજામ તૈયાર કરીને બાપુ મને પીંજવાની કલા શીખવવા લાગ્યા. થોડા જ દિવસોમાં હું તૈયાર થઈ ગયો.

એટલામાં વરસાદના દિવસો આવ્યા. પીંજણની તાંત ભેજવાળી હવાને કારણે ઢીલી અને પોચી થઈ જતી હતી. હું એનો ઈલાજ શોધવા લાગ્યો. જ્યારે તડકો નીકળતો હતો ત્યારે તો પીંજણને તડકામાં રાખું પણ વરસાદ તો ખૂબ પડતો હતો. અમારા આંગણામાં પાંઉરોટીની ભઠ્ઠી હતી. એંગ્લો ઇન્ડીઅન કેદી છોકરાઓ એ ચલાવતા હતા. હું સાંજે મારી પીંજણ લઇને ત્યાં જતો અને ભઠ્ઠી પાસે રાખી આવતો, એથી તાંત સૂકી અને ટંકારા મારવા જેવી થઇ જતી પણ એને કરકરી પણ બનાવવાની જરૂર હતી. એ માટે લીંબડાના પાંદડાં તોડીને તાંત ઉપર ઘસતો.

એક દિવસ બાપુએ જોયું કે ચાર-પાંચ પાંદડાં માટે હું એક ડાળખી તોડું છું, ત્યારે તેમણે

કહ્યું કે આમાં તો હિંસા છે. લોકો તો ન સમજે પણ તમે તો સહેજેથી સમજી શકો એમ છો કે આ ચાર-પાંચ પાંદડાં પણ ઝાડની ક્ષમા માગીને તોડવાં જોઇએ તેને બદલે તમે તો એક સારી ડાળખી તોડી લાવો છો.

જેલમાં બાપુ આદર્શ કેદીની જેમ તો રહેતા જ હતા પણ આદર્શ અહિંસાના વ્રતધારી થઇને પણ રહેતા હતા.

બીજે દિવસથી મેં સુધારો કરી નાખ્યો. હું ઠીક ઊંચો છું. ઊભા ઊભા જ ચાર-પાંચ પાંદડાં તોડી લેતો.

જ્યારે બહીનો લાભ ન મળતો ત્યારે તાંત પર હવાની અસર ન લાગે એ માટે તાંત પર મીણબત્તી ઘસતો હતો. એની અસર સારી થઈ. બાપુ પણ પ્રસન્ન થઇ ગયા.

* * *

સવારમાં દાતણ કરવાને માટે બહારથી આવતા દાતણ બંધ થઇ ગયા હતા. મેં બાપુજીને કહ્યું 'અહીં તો લીંબડાના ઝાડ ઘણાં છે, હું તમને તાજું સરસ દાતણ લાવી આપીશ. બીજે દિવસે છાલ ઉતારીને સરસ કૂચો બનાવ્યો.

વાપરીને કહેવા લાગ્યા. હવે એનો ઉપરનો ભાગ કાપીને પછી એનો જ નવો કૂચો બનાવજો.

હું કહેવા લાગ્યો કે અહીં તો રોજ તાજું દાંતણ મળે એમ છે, બાપુએ કહ્યું "એ તો હું પણ જાણું છું. પણ આપણે એના અધિકારી નથી. જ્યાં સુધી એક દાતણ સાવ સૂકાઈ ન જાય ત્યાં સુધી આપણે એને કેમ ફેંકી દઈ શકીએ!" બીજે દિવસથી બાપુની સૂચના પ્રમાણે કરવા લાગ્યો. ક્યારેક ક્યારેક દાતણ સારું નહોતું થતું. બાપુના થોડાક દાંતોને અને એમના પેઢાને તકલીફ થતી. મારાથી આ સહન ન થતું. પણ જ્યાં સુધી એક દાતણ સાવ નાનું ન થાય કે સૂકાઇ ન જાય ત્યાં સુધી નવું દાંતણ બનાવવાની મને રજા નહોતી.

[૨]

યરોડા જેલના જેલર મિ. ક્વિન એક આયરિશ હતા. રોજ સાંજે એ અમારી ખબર પૂછવા આવતા. આવીને બેસે એટલે કાંઈ ને કાંઈ વાત થતી. એક દિવસ બાપુને કહેવા લાગ્યા કે 'હું આપની પાસે ગુજરાતી શીખવા ઇચ્છું છું.' બાપુએ કહ્યું 'સારી વાત છે.' એ રોજ બાપુ પાસે ગુજરાતી બાળપોથીનું પુસ્તક શીખવા લાગ્યા અને બાપુ પણ સમય આપીને પ્રેમથી ભણાવવા લાગ્યા.

એક દિવસ એના ગયા પછી બાપુએ કહ્યું 'હું જાણું છું કે તમે મારા કરતાં એને સારી રીતે ભણાવી શકો અને તેમ થાય તો મારો સમય પણ બચી જાય પણ એની હોંશ મારી પાસે શીખવાની છે.'

પછી તો એ સવારે આવવા લાગ્યા. એક દિવસ એ ન આવ્યા. અમને થોડુંક આશ્ચર્ય થયું. મેં તપાસ કરી. કારણ જડયું. બીજે દિવસે જમ્યા પછી બાપુને મેં કહ્યું કે ક્વિન કાલે કેમ નહોતા આવ્યા. એની મેં તપાસ કરી કાલ સવારે અહીં પડખે એક ફાંસી અપાઇ. એમને ત્યાં જવું પડયું હતું.

મારી વાત સાંભળતાવેંત જ બાપુ ખૂબ અસ્વસ્થ થઇ ગયા, એમનો ચહેરો બદલી ગયો. કહેવા લાગ્યા કે ખાધેલું અનાજ પેટમાંથી હમણા બહાર નીકળી પડશે.

બાપુ ફાંસીની જગ્યા જાણતા હતા. જ્યાં અમે રહેતા હતા ત્યાંથી એ નજીક હતી. પોતાની નજીક જ કાલ એક માણસને ફાંસી દેવાઈ એ વાત સાંભળીને જ એમના મનમાં એનું ચિત્ર ખડું થઇ ગયું અને બાપુ એવા તો અસ્વસ્થ થઇ ગયા કે હું ગભરાઇ ગયો.

(અનુસંધાન પાન ૫૩૧)

નવલિકા

ચમનની વહુ

લેખક : યાત્રી

પરણીને આવ્યા પછી ચાર પાંચ રાત તો એ માંડ ત્રીજે માળ વરને ઓરડે સૂવા ગઈ હશે. છઠ્ઠી રાતે એને એકલીને માટે બીજા માળે એક ખંડમાં સૂવાનું ગોઠવાઈ ગયું એનું નામ લાડકી વહુ.

એ ઘરને ત્રણ માળ હતા એટલા પરથી જ તમે સમજી શકો કે નાના એવા શહેરગામમાં લેરચંદ કપાસીની કેવી મોટી સાયબી હશે. રૂના રાજા તરીકે લેરા શેઠને એ પંથકમાં પાણીશેરડે પનીઆરીઓ પણ જાણે.

પનીઆરીઓએ તોરણિયા કૂવાને કાંઠે વળતા જ પ્રભાતે 'વાયરલેસ'થી જાણ્યું કે લેરા કપાશીના દીકરા ચમનની વહુ લાડકીને ધણીની પથારી છોડવી પડી છે. અને તેમનામાં વાતો વહેતી થઇ.

'કાંક કેવાપણું હશે તયેં જ ને માડી!'

'હા, નકર ગલાબનો ગોટો છે, એક વાર તો મોળા પગરણુની હોય તોયે મેલી દેવાનો જીવ ન હાલે.'

'આમ તો ખોરડું મોટું, સાસુ અજાજૂડ, ડેલી કેવી બંદોસ્તવાળી, વળી રૂપાળો ધોરી રસ્તો પડખે થઇને વયો જાય, એટલે આમ તો ઘરની વઉવારુની શી દેન કે આદમી હારે આંખ્યુંય મેળવી શકે!—'

'હવે રાખોને મારી બઈ! ઝાઝી જાયદાઇયું ત્યાં ઝાઝાં ફાંફા. હોટેહોટલું, પાનબીડીની હાટડિયું, સપાઇના પે'રા; એમાંય હવે તો સપાઈયુમાંય મુચ્છા ધણાખરા જુવાન ફૂલફટાકિયા જ હાલ્યા આવે છે. રાત બધી બેઠા હોય ઓટે.'

'ને અંતે તો ઘર જ ખોટીલું ના! સાસુના ભવાડા......'

સડેડાટ સીંચણિયાં ગરેડીઓ પર થઈને કુવામા દોડે છે, લોઢાની ગરેડી ...રી . રી...રી કરતી સીંચણિયાના સરસરાટ સ્પર્શથી જાણે કે દાઝતી હોય તેમ ચીસ પાડે છે, ઘડા ને ડોલો પાણી સાથે ભફ સ્વરે અફળાઇને પછી ભ...ભ-ભ...ભ અવાજે ભરાય છે, ઉપર ખેંચાતાં પાછી ગરેડીઓ કી...ર, કી...ર, કી...ર, કરતી જાણે વેણુનો વેદનાભાર અનુભવે છે, અને બેડાં ઊંચકી ઉંચકી ચાલી જતી સ્ત્રીઓ સીંચણિયાને વીંટવાની પેઠે વાતને પણ સાનગુંચળે વીંટાળી લેતી જાય છે કે—

'હશે મારી બાઈ! પારકાની શી પંચાત સૌ સૌનાં ઘરનાં ધણી. ઈ ભલેને સપાઇને લઇને બેસતી કે પાનબીડીવાળાને લઇને. ક્યાં ઈ આપણા કોઇના ભાવડાને લઇ જાય છે! સૌનાં ઢાંક્યાં સારાં! હે ભગવાન, સૌનું ઢાંક્યું રે'વા દેજે.'

બિચારી પનીહારીઓ! ભગવાનને ભળાવતી હતી ઢાકવાનું કામ, પોતે બજાવતી હતી ઉઘાડાં કરવાનું કર્તવ્ય.

પોતાના દીકરાનો શયનખંડ વહુએ છઠે જ દિવસે ત્યાગ્યો હતો એ વાત ચમનની બા ગુલાબબાએ જાણી ત્યારે એને જરીકે ફાળ પડી નહિ. દીકરાને કે વહુને એણે કશું કહ્યું કે કારવ્યું નહિ. કહ્યું ને કે ગુલાબબા તો અડીખમ બાઈ હતાં. પરશાળમાં ચાકળો નાખીને બેસતાં ત્યારે રાજાની રાણી લાગતાં. પ્રભાતે પોતે પરશાળના જેર પર બેસી ભાંગમાં બોળી બોળી દાતણ ઘસતાં ત્યારે તો સવાયું રૂપ ભભકતું. સાડલાનો સરગટ ઢળી પડયો હોય, ઘેરી અટલસના કમખામાં છાતીએ સળી જેવી આછી યે કરચલી ન પડતી હોય, ઉઘાડી રાતી ડોકમાં હેમની માળા ઝૂલતી હોય અને આવેતુને જ્યારે 'આવો!' એટલું જ કહેતાં હોય ત્યારે સામાને એમ લાગે કે પોતાને મોતી–થાળે જાણે વધાવી રહેલ છે. જેવાંતેવાંને તો એ 'આવો!' જેટલા બે અક્ષરો પણ દુર્લભ.

'આવો!' એટલું કહીને એક વાર એક આવનારીને લાડકી વહુએ સત્કારી હતી. વહુને એમ કે સાસુના મોંમાં દાતણ છે એથી એ બોલી શક્યાં નહિ હોઈ પોતે વિવેક કરવો જોઇએ. પણ એ આવનારીના ગયા પછી ગુલાબબાએ વહુને સ્પષ્ટ કહી દીધું, કે હું બેઠે તમારું એ કામ નહિ. જે કરતા હો તે જ કર્યા કરવું.'

તે પછીથી લાડકી વહુ સવારે ઊઠી પાણીઆરે રસોડે જ લાગી જતી ને રાતે જેટલું બની શકે તેટલું મોડું થવા દઈ પરબારી પોતાને બીજા માળને ઓરડે ચાલી જઈ સૂઈ જતી.

(૨)

'કેમ મોટી બાઈજી!' પખવાડીઉં તો માંડ માંડ જીરવી શકાયેલ પ્રશ્નને લઈ એક સાંજે એક પડોશણ સગી આવી ચડી, અને વાતે વળગી, 'આ તો ગામમાં ભારી ચાલ્યું છે! શી બાબરતા છે આવડી બધી?'

'કશી નહિ બાઈ!' ગુલાબબા સાંજે પણ ભાંગ ઘસતાં ઘસતાં થંભીને કહી ઊઠયાં: 'એક વાતની અમારાં

પિયરમાં તો સાત પેઢીથી ગાંઠ વાળી છે, કે અતિ રૂપ–અતિશે રૂપ ઘર-આંગણે લાવવું નહિ મેં ચમનના બાપાને પહેલેથી કહ્યું' તું, કે વાણિયા ! વાણિયા, તમે વધુ પડતું રૂપ ગોતો મા; પણ એ ન માન્યા; ને મારી ઉપરવટ જઈ રૂપનો જ ઢગલો લઈ આવ્યા ચમન માટે. આ એના જ દુઃખ થયાં છે.'

'એમ કેમ બોલો છો મોટી આઈજી !' આવનારીએ ક્રોસ કર્યો, 'ચમનભાઈ શું ઓછા રૂપાળા છે ? કોના ભાર છે કે તમારા ચમનભાઈને લગી જાય જેવી દીકરી જણે ? એવી જણનારી તો હજી પાકી નથી આપણી હાલારની પ્રથમીમાં.'

'એ તો ઠીક છે બધું બાઈ ! જેવી હું હોઉં એવું મારું પેટ પાકે. મારામાં શું એવું રૂપ બળ્યું'તું !' વિધવા ગુલાબબા એ બોલ બોલતી વેળા હતાં તેથી સવાયાં રૂપાળાં લાગ્યાં

'એમ કેમ કહો છો ? ચમન-ભાઈના રૂપ આગળ તો હાલારની છોડીઉં માતર પાણી ભરે. દેન નથી કોઈ નાગરની છોકરીની, કે ચમન-ભાઈથી ભૂલ ખાઈ ન જાય.'

'અરે બાપુ !' ગુલાબબાએ ગર્વમાં કહ્યું કે કુલેશમાં તે તેં ન સમજાય તેવો કોયડો રહ્યો, પણ એમણે કહ્યું : 'મારો ચમન થોડો ઓછો રૂપાળો હોત ને, તો તો હું પરભુનો પાડ માનત. નિશાળમાં છોકરાઓએ સખે ભણવા નથી દીધો, જુવાન સમો થયો ત્યાં તો સાધુઓ લઈ જવા ફર્યા, નાટક કંપની આવીને આંહીં પડાવ નાખીને કેડે પડી'તી તે એણે ચમનને ફસાવવામાં બાકી ન રાખી, છોકરાને મારે આટલાં વરસ ડાબલીમાં સાચવવો પડ્યો છે એ મુઈ મારી કૂખને પ્રતાપે જ તો ! પણ હું તે મુઈ કરું શું ! અમારા બાપને ઘેર સાત પેઢીથી નીમ, કે રૂપ ઘરમાં ન લાવવું, પણ મારી બાનું રૂપ પર-ણીને આવ્યા પછી જ ચોર જેવું માલીપા લપાઈને બેઠેલું તે બહાર નીકળી પડ્યું એમાં કોઈ શું કરે ! પણ મે કોઈ દી' મારા રૂપનું ગુમાન કર્યું નો'તું. ચમનના બાપાને જ ઈશ્વર માન્યા. પછી ભલે ઈ મને પરણી લાવ્યા ત્યારે સૌ કહેતું કે કાગડો દહીંથરું ઉપાડી આવ્યો ! મારે તો ઈ કાગડો સાક્ષાત શ્રીકૃષ્ણ મહારાજ જેવો હતો. હવેલીએ જતી તોય એનામાં જ મનનો વાસો રહે એવું માગતી. સારા પ્રતાપ વ્રજવિહારી મહારાજના તે ચમન આડે વર્ષે આવ્યો. મેં તો વાંચ્છ્યું'તું કે છોકરો એના બાપ માથે જ ઊતરે, પણ તમારા સસરાએ મારાથી ઊલટું જ વાંચ્છ્યુ, કે નહિ, બસ, ચમન એની મા માથે ઊતરે, એની મનછા ફળી. જેવો છે તેવો પણ મારો છે ને મારા ચમનને કોઈ વધુ પડતું રૂપ લઈ આવીને તુચ્છ-કારે ઈ કેમ પોસાય ? ચમનને જેમ પોસાયું હશે એમ થતું હશે બાઈ ! વહુને એના વરે નોખી સુવા કાઢી તેમાં હું શું કરું ? કાઢે પાણી હોય તો. પોતાનામાં પોતાપણું હોય તો વહુએ જ જઈને શરણાગત થવું જોવે ને !'

નીચે પરશાળમાં જ્યારે આ વાતો ચાલતી હતી તેજ વેળા લાડકી ત્રીજે માળે પતિનો પલંગ ઝાપટવા, દીવા બત્તી મૂકવા, પાણી વગેરેની વ્યવસ્થા કરવા ગઈ હતી. ઓચીંતી જઈ ચડી હતી. ત્યાં એણે જે જોયું તેથી સ્તબ્ધ બની ગઈ.

એક ગોરી યુવાન સ્ત્રીને દીઠી, મોં નહિ, પીઠ દીઠી. અરીસામાં જોતી જોતી, પીળા રેશમી ચણીઆ પર બાંધણીની ઓઢણી ગોઠવતી, કાંચળી-આળા બાહુઓ ઘડીક ઢાંકતી તો ઘડીક ઉઘાડા કરતી, લટકાં કરતી—"

આ શું ! આ ઓઢણી તો મારા જેવી, આ કમખો ને ચણીઓ પણ મેં પહેલી રાતે પહેરેલાં તેને જ મળતાં—ને આ મારો જ ટ્રંક ખુલ્યો પડ્યો છે શું !—હા, અરે, આ તો મારી જ બધી ચીજો ! પતિએ કોઈ-રખાતને પહેરાવી છે શું ?

પણ એ ક્યાં ?

ઝાળ લાગી. ઊભી ઊભી અદશ્ય હદયાગ્નિએ સળગી રહી હોય કંપવા લાગ્યા. ઝટ જાઉં, દોડું, એ પર-સ્ત્રીનાં કુલટાનાં ઝંટીઆં પીંખું,—

ઝંટીઆં પીંખવાના વિચારની સાથે જ દષ્ટિએ એ સ્ત્રીના માથા તરફ દોટ દીધી. અને એણે દીઠાં નહિ–ઝંટીઆં કે કેશ દીઠા નહિ. એણે દીઠી બાબરી જ ફક્ત

—ને અરીસા સામે ઊભેલ સ્ત્રીએ લાડકી તરફ મો ફેરવ્યું. શરમથી એ મોં પાછું ફરી ગયું તે પૂર્વે તો લાડકીને સ્પષ્ટ દેખાયું.

એ સ્ત્રી નહોતી. ખુદ ચમનલાલ હતો. ને એણે ધારણ કરેલા પોશાક લાડકીના પોતાના જ હતા.

સ્ત્રીવેશધારી પતિ સંતાઈ ગયો, ને લાડકી નીચે ઊતરી ગઈ.

(૩)

તે પછી તો એણે ચમન ઘરમાં ન હોય ત્યારે જ પતિનો શયન-ખંડ સાફસૂફ કરવાની ચીવટ

રાખી. ચમન નિયમિત પેઢી પર જાય છે, નિયમિત ખાયપીએ છે ને નિયમિત સભા સમિતિઓ તેમજ કોર્ટ કચેરીઓમાં હાજરી આપે છે; નહાવું ધોવું, સ્વચ્છ સુઘડ કપડાં પહેરવાં, હજામત કરાવવી, ઘરની જરૂરીઆતોની ખરીદી કરવી, મહેમાનોને સાચવવા, એકેએક કામમાં ચમન નિયમિત અને અંગ્રેજીમા જેને 'નોર્મલ' કહે છે તેવો રહે છે. માત્ર સૂર્યાસ્ત પછી ચમન જુદી સૃષ્ટિનો માનવી બની રહે છે. એ સૃષ્ટિ એના ત્રીજા માળના ઓરડામાં વાસો કરે છે. એ દુનિયામાં પ્રવેશ કરવાને માટે આલીશાન મકાનને પાછલે ભાગે બારણું આવેલું છે. દીવે વાટો ચડે છે. અને એ પાછલા બારણાનો અવરજવર મચી રહે છે, ત્યાંથી ચાલ્યા આવે છે—એ શહેરના ઉતારમા ઉતાર ચાર–છ જુવાનો: પાનપટ્ટી ચાવતા ચાવતા, પિચકારીઓ લગાવતા લગાવતા તેઓ જે દાદરથી ઉપર જાય છે તે ઘરમાં કામકાજ કરતી લાડકી વહુ જોઈ શકે છે, પોતાના બીજા માળના ઓરડાની બારીઓ પણ ચાડિયણો છે. એ ચાડિયણોને લાડકી બંધ કરીને ચુપ મરી રહેવાનું શીખવે છે.

અને 'આવો' એવો જેનો મુખબોલ શહેરના ચમરબંધીઓને પણ દુર્લભ છે તે ગુલાબબા આ સર્વને સાંજે સત્કારતાં : 'આવો ! અફલાતૂન ભાઈ આવો ! સતાર ભાઈ, આવો. આવ હડીઆ,–આવ ચંદુડા ! એવા બોલે લડી પડે છે. વહુ જ્યારે નીચે ઘરકામ કરતી હોય છે ત્યારે ગુલાબમાનો ચોકલો નીચે પરશાળમાં જ હોય છે, વહુને રેઢી મૂકીને ડગલું પણ દૂર થયું એ તો ઝવેરાતના દાબડાને ઉઘાડો રાખીને અળગા જવા બરોબર છે એમ પોતે સમજે છે. 'રૂપ ! ભાડી ! અતિશે રૂપ તો સાપના ભારા છે.' એ ગુલાબબાનો મુદ્રાલેખ બની ગયો છે.

ગુલાબબાની આ બીક, દિનપ્રતિદિન શરાફી વ્યાજ સિકે વધતી જાય છે તેમા પણ તેમનો દોષ નથી દોષ લાડકી વહુનો છે. વહુનું શરીર ઊતરતુ નથી, રૂપની કોર સુદ્ધા સુકાતી નથી, વહુ તો સંપૂર્ણ સૌભાગ્ય ભોગવતી સદ્ભાગ્યવતી હોય તેવી નીતર્યા જ કરે છે. નથી ક્યાંય બહાર જતી આવતી, નથી કોઈ જોડે બહેનપણાં, નથી કોઇ આવે તેની સાથે એકાંતે સુખદુઃખની ગોઠડી કરતી, ને નથી કોઈ ને 'આવો' કહેવાનો પણ અધિકાર માગતી. નથી માંદી પડતી, નથી ઓછું અદકું અન્ન ખાતી, નથી કલેશ કરતી, રડતી કે વાદપ્રતિવાદ મચાવતી. નથી નિસાસા પણ નાખતી, નથી કોઈનાં છોરું દેખીને વલોપાતે ચડતી, આવી વહુના રૂપના તે શા ભરોસા ! નહિને કોઇક દી' ઓખર કરવા જાય તો ! મોટા ઘરની કીર્તિ માથે પાણી ફરી વળે. માટે રૂપનાં તો રખવાળા કર્યે જ છુટકો મારી બાઇ, ! અતિશે રૂપ કાંઇ સારા છે બાપુ !

એક વાતનું મહાસુખ હતુ. લાડકી વહુને પિયરમા ચીતળના પાદર જેવુ કોરૂ ધાકોર હતુ. ન કોઈ કાગળની ચબરખી યે લખનાર કે ન કોઇ સારેમાઠે પ્રસંગે તેડું કરનાર. અડીને કોઇક કોઈક સગાં હતાં, તે શહેરમાં આવે ત્યારે હાઉકલો કરી જતાં. એમને 'આવો ! ' કહેનાર તો ગુલાબબા જ બેઠાં હોયં ને બા આઘાપાછાં હોય તો 'આવો !' ન કહેતાં તુરત લાડકી વહુ અંદર જઇ બાને જ તેડી લાવતી. બાના આવતાં સુધી મહેમાન ફળીમાં જ ઊભો ઊભો, સિગ્નલ બહાર ઊભી રહેલી રેલગાડીની દશાને યાદ કરતો.

પણ પછી તો વાટ જોઈ જોઇને બેઠેલું ગામલોક પણ કંટાળ્યું. વાટ હતી લાડકી વહુના ઓખર કરવા નીકળવાની. આજ પડશે, કાલ પડશે, પાંચે પંદરે પણ પડ્યા વગર થોડી જ રહેશે ! એવું બોલનારા લોકો જર્મની જપાનના પરાજયમાં બ્રહ્માંડ ફર્યે'ય ન માનનારાઓની માફક આખરે ભોઠા પડ્યા. ને 'એવુ' જો બને તો એમાં બાયડીનો વાંક પણ શું ! મોટા મુનિવરો પત્તૂટ્યા છે અને સતી સાધ્વીઓના પણ ગર્વ છુટ્યા છે' એમ કહી હાટડે, દુકાને, કારખાને, લાતીમાં ને મંદિરોમાં, ઘાણીએ ને ચક્કીએ બેઠેલાં માણસો લાડકીને ઓળખ્યા પાળખ્યા વગર પણ એનો પક્ષ લેવાની તકની રાહ જોતા હતા. પણ મહિનો માસ, છ બાર માસ, વરસ વળોટ, બે પાંચ વર્ષ—એટલી મુદત તો ગામનાં એકાદ અણદીઠેલ માનવીના સતના પારખાની વાટ જોવા કોણ નવરૂં હોય? ગુલાબબાના બાકીના દીકરાઓ પણ એક પછી એક સારે ઠેકાણે પરણી ગયા, પરણેલાની વહુઓની એક પછી એક અઘરણીઓ આવી ગઈ, નાનેરી વહુઓને ખોળે બેટડા રમતા થયા, એ લગ્નો, સીમંતો, પુત્રજન્મો, આણાંપરિયાણાં અને ઊજવણામા પણ લાડકી વહુ એવી ને એવી ઊભી રહી,—પછી તો વાટ જોઈ રહેનારાઓને ખાતરી થઈ કે લેવા દેવા વગરનાં આપણાં કામકાજ

મોટી થાય છે. ખીડીઓ વાળનારા પણ પછી તો જુદી વાતોએ ચડી ગયા.

આમ અગ્નિ-કુંડમાં જીવવું એ લાડકી વહુને માટે જેટલું મુશ્કેલ નહોતું તેટલું તો આ લોકોને લાડકી વહુનું અડગપણું માનવું મુશ્કેલ બની ગયું. છેવટે એક મતભેદ પર આવીને સૌ ઊભા રહ્યા. એક પક્ષ કહે કે વહુ પોતે જ છે બીજી જાનકી, ને બીજો પક્ષ કહે કે નહિ, એ તો અદ્દલ ગુલાબ શેઠાણીની સાતઘરી ચોકીને આભારી છે. ભોંમાં જીવતી ભંડારી દે, જીવતી! જાણો છો? પોતાના સગા ધણી લેરા કપાસીને જ નો'તું પાઈ દીધું ઝેર! અમથી કાંઈ વહુ સતી બનીને નથી બેઠી.

[૪]

પાંચ વર્ષ વીતી ગયા હતા. આખું શહેર ચમન-લાડકીની સમજીવનની લીલાથી વાકેફ હતું. આખા પ્રદેશને જાણ હતી કે લેરચંદ કપાસીનું મોત તે રાજકોટથી અવારનવાર આવનાર એક દાક્તર સ્નેહીને કારણે નીપજેલું કમોત હતું, ને એ નીપજાવનાર ગુલાબબા હતાં, કારણકે કોઈ દી' નહિ ને એક કમનસીબ કાળ-દિને લેરા કપાસીએ આ દાક્તર સ્નેહીના નિયમિત છેક રાજકોટથી થાત આવનજાવન સામે અણગમો બતાવની જરીક જીભ જ કચરી હતી. આખું શહેર આ ઘરની લલેતલ વાત જાણતું હતું, તે છતા નવું ટીખળ વહેતુ મુકાયું.

'ગુલાબ બાઈજી!' સારા ઘરની એક સ્ત્રીએ જઈને સોયમાં દોરો પરોવ્યો: 'આ તે કંઈ જીવને સારું લાગે?'

'શું?'

'ચમનભાઈનો વેલો જ શું વિના કારણ બળી જવા દેવો છે?'

વિજળીની ચાંપ દબાઈ હોય તેમ ગુલાબ શેઠાણી ઝબક્યાં અને ધીરે રહીને બોલ્યાં:

'આપણે જાણ્યું કે આજ નહિ તો કાલ, કાલ નહિ તો પરમે, પાંચે પંદરે બધુ સરખું સુતર થશે ને ને શ્રીનાથજી સૌનું પેટ ઠારશે'

'ચમનભાઈ તો જોગંદર જેવા છે, ઈ તો આખું કાઢી નાખશે મોટી બાઈજી, પણ એના વેલાનો રયો-વીક!'

'ચમનને સમજાવીએ બાઈ! માને તો સારું.'

ટીખળમાંથી તો ગંભીર તત્ત્વજ્ઞાન પાણીમાથી બરફ જામી જાય તેમ જામી પડ્યું. ગુલાબ શેઠાણીએ ચમનભાઈનો નવો સંસાર મંડાવવાની વાત સાથેસાથ જોરશોરથી વહેતી મૂકી. અને આખા શહેરમાંથી, સમાજમાંથી, કુટુંબમાથી એક કરતાં એક પણ માણસ ના પાડનારો ન મળ્યો. ઊલટું, 'હા, શા સારું ને! હજી તો ઊગીને ઊભો થાય છે ભાઈ! ને આ ઘરમા ક્યાં સાંકડ થઈ જવાની છે!' એવી ટાપસી પુરનારા સૌ જણ મળ્યા. દુનિયા ખરેખર ટીખળી છે.

એકાદ મહિનામાં તો ચમનભાઈને કન્યા દેનાર બાપ પણ જડી ગયો. અને ટીખળની અવધિ તો એ થઈ, કે ૪૦ વર્ષના પુરુષને ૨૪ વર્ષની કન્યા સાથે પરણતો અટકાવવા એ 'કુમળી કળી'ના જે તારણહારો 'પ્રચંડ જુમેશ' કરવા નીકળી પડતા તેમને આ ચમનભાઈના લગ્નની વાત પચી ગઈ. ત્રીજે દિવસે તો શ્રીફળ આવવાનું હતું.

આ બધું લાડકી વહુએ પણ જાણ્યું. છતાં સાંજના રાંધણાના સ્વાદમાં કોઈએ કશો ફરક જોયો નહિ. સાંજે આથાનૂન સતારીઓ વગેરે ચમનભાઈની મિત્રમંડળી પિચકારીઓ ભરવા વતી ઉપર ચઢી તેમને માટે ખાણી પીણી બનાવીને પણ રોજની જેમ એણે મોકલી. રાતે એ સુવા ગઈ, અને સવાર સુધી એના ઓરડામાંથી કશો નવીન સંચાર કોઈ કાન માંડવા છતાં સાંભળી શક્યું નહિ. પરોઢિયે એ ઊઠતી હતી તે પ્રમાણે જ ઊઠી. અને ચા પાણી પત્યા પછી ચમનભાઈને બદલવાનાં કપડાં પણ એણે આપ્યાં, કામનાં બટન ચાલતી વેળા એકાદી વાર હડી પડી પણ ગઈ નહિ. ઘરમાં જે જે લાવવા કરવાનું કહેવાનું હતું તે પણ એણે બાની મારફત કહેવરાવ્યું અને બાકીની દિનચર્યા પણ આખો દિવસ સૂર્ય જે નિયમિતતાથી આકાશને અટો લઈ રહે છે તે જ નિયમિતતાથી ચાલુ રહી.

પછી તે રાતે ચમનના ઊંઘવા ટાણે લાડકીએ પતિના શયનખંડમાં પગ દીધો, ત્યારે એના પગનાં તળીઆં હેઠળથી એક હજાર આઠસો ને ત્રીશ રાત્રિઓ સળવળી ઊઠી પાંચ વર્ષે પોતે આ સ્થળે ધણીની હાજરી હોય ત્યારવેળાના રાત્રિના પ્રહરમાં બીજી વાર પ્રવેશ કરતી હતી.

ચમનભાઈ ચોંકી ઊઠ્યો. એ જાણે મારવા આવી હતી! ખંજર લઈ આવી હતી. અગર ધણીની રૂબરૂ પોતે જ પ્રાણ કાઢવા આવી હતી! ભયભીત બની ઊઠ્યો ને દૈવતવિહોણી એની અભાગણસાઈ બોલી ઊઠી 'પણ–પણ–શું છે–તે—!'

'બીઓ મા.' લાડકીએ કહ્યું : પત્ની તરીકેનું આ એનું, જીવનમાં પહેલું જ સંભાષણ હતું : 'હું એટલું જ કહેવા આવી છું, કે એકનો ભવ તો બગાડયો, હવે બીજીનો શીદ બગાડવા ફર્યા છો ?' અને એ બોલતાં બોલતાં એની આંખના ધુમાડામાથી બે જળબિન્દુઓ બંધાઈ ગયાં. બેબાકળો પુરુષ–સતાવીશ વર્ષની વયનો છતાં એક બીધેલા બાળકની જેમ બોલી ઊઠયો:—

'તું–તું–તું–શું કહી દઈશ સૌને ?'

'રામ રામ કરો. હું કોઈને નહિ કહું. મારા કહેવાની બીક બતાવવા નથી આવી. હું તો કોઈને નહિ કહું. તમને પરણવા જ દઈશ, ગીતો પણ ગાવા સૌ ભેળી બેસીશ. માટે મારાથી બીશો નહિ. તમારી જાતથી જ બીજો. બીજીનો ભવ શું બગાડવો છે ?'

એટલું કહીને એ દાદર ઊતરી ગઈ ને પોતાને ઓરડે જઇ સૂઈ રહી.

પ્રભાતે ઊઠીને એ પચીશ–ત્રીશ પરોણાઓને માટે કબાટમાંથી કપ–રકાબી કાઢતી હતી, ગુલાબદાની વગેરેની સજાવટ કરતી હતી, ગોર આવી પહોંચ્યો તેને માટે કંકુ, ચોખાની થાળી અને ગોળ–ધાણાનો ખુમચો ભરતી હતી, તે વખતે ચમને બહારથી આવીને ચાકળા પર બેઠેલાં અડીખમ રાજરાણી જેવાં ગુલાબબાને કહ્યું:

'બા, બધું બંધ રહ્યું છે. હું જઈ આવ્યો કાકાની પાસે, અને કહી આવ્યો.'

'તું શું કહી આવ્યો ?'

'કે બંધ રાખ્યું છે.'

'તું ! તું ! તું–તું આ શું બોલ છ ? તું ઊઠીને ફરી આવ્યો–તું ઉઠીને ? કપાતર !'

દરમ્યાન તો પસીને રેબઝેબ થતો ચમન ઉપર ચડી ગયો. અને ગુલાબબાની તથા લાડકી વહુની આંખો સામસામી સામટી સો સો તલવારો અફળાવી રહી.

★

बापू की कहाणी [પાન ૫૨૯ થી ચાલુ]

[૩]

મિ. ક્વિને બાપુને કહ્યું કે 'હું ગુજરાતી લખાણ વારંવાર વાંચી શકું એ માટે એક વાક્ય કાગળ પર લખી આપો.' બાપુએ એને લખી આપ્યું. "કેદીઓ પર પ્રેમ કરો અને કોઈ કારણસર મનમાં ગુસ્સો આવી જાય તો ગમ ખાઈ જઈને શાંત થઈ જવું.'

આ મિ. ક્વિન પાછળથી જ્યારે વિસાપુર જેલમાં સુપરિટેંડેંટ થયા અને ગુજરાતના રાજદ્વારી કેદીઓ ત્યાં ગયા ત્યારે એક પ્રસંગ પર ક્વિનને બહુ જ ગુસ્સો આવ્યો, અને રાજદ્વારી કેદીઓએ પણ એને એટલો ખીજવ્યો કે કદાચ ગોળીબાર પણ થઈ બેસે. પણ મી. ક્વિન પાસે જેલમાંથી લખી આપેલ પેલો ગુજરાતીમાં લખેલ વાક્યવાળો કાગળ હતો. એને એણે વારંવાર વાંચ્યું. શાંત થયો અને એણે સત્યાગ્રહીઓની માફી પણ માગી.

* * *

એક વાર જેલના એક એંગ્લો ઇન્ડિયન નોકરે બાપુ પાસે Autograph–સ્વાક્ષરી–માંગી. બાપુએ લખી આપ્યું, 'It does not cost to be kind' દયાળુ થવામાં કશું ગુમાવવાપણું નથી–

એ જુવાને મને ઘણીવાર પછી કહ્યું કે આ વાક્ય વાંચ્યા પછી મારો સ્વભાવ જ આખો બદલાઈ ગયો.

★

[જીવનના વિવિધ પ્રશ્નોની સર્વગ્રાહી સમીક્ષા કરતાં શ્રી. બબલભાઈનાં દૈનિક ભીંતપત્રો એમનાં ગામડાંનાં પ્રજાજનોને જેટલાં ઉપયોગી છે, એટલાં જ રસપ્રદ અને અભ્યાસનીય એ ગુજરાતભરનાં ગામડાંઓ માટે છે. સમાજ, રાજકારણ, ધર્મ ઇત્યાદિના રોજ-બ-રોજ ઊઠતા પ્રશ્નોની આવી વિશદ છણાવટ વાચકોને સાચી દૃષ્ટિ આપનારી બનશે. —સંપાદક]

લોકશિક્ષણ

[ભીંતપત્રો મારફત]

બબલભાઈ મહેતા

[૧]

અણુબોમ્બની શોધ અને જાપાનની શરણાગતી

અમેરિકાએ સર્વવિનાશક અને મહાભયંકર અણુ બોમ્બની શોધ કરી અને એક નાના કોઠા જેવડા બોમ્બથી જાપાનનાં મોટાં મોટાં શહેરોને બાળી નાખ્યાં ને આજુબાજુના પ્રદેશને હચમચાવી મૂક્યો.

આ સામે ટકી નહિ શકાય એવું માનીને જાપાનની સરકારે મિત્ર રાજ્યોની શરણાગતિ સ્વીકારી છે. આ રીતે આખી દુનિયાને ભરખી રહેલા મહાયુદ્ધનો છેવટે અંત આવ્યો છે. આ શાંતિ કાયમની નહિ ગણી શકાય કેમકે ફરી પાછા, જાપાન અને જર્મની વેર લેવા ઊભાં નહિ થાય એની શી ખાત્રી છે? મિત્રરાજ્યો પણ અંદરઅંદર નહિ જ લડી પડે એની પણ શી ખાત્રી છે? એમ છતાં આ યુદ્ધના અંતથી પ્રજાઓને તાત્કાલિક રાહત તો મળશે જ એ એક આનંદની વાત છે.

જો કે આપણે ત્યાંની બધી પરિસ્થિતિ સામાન્ય અને સરળ બની જતાં પહેલાં હજુ સહેજે છ બાર માસ આ સરકાર કાઢી નાખશે એવાં એનાં લક્ષણ જણાય છે.

અણુ બોમ્બની શોધથી મિત્ર રાજ્યો આજે રાચે છે. એની ઉપયોગીતા વિષે પણ અનેક આગાહીઓ કરવામાં આવે છે. એની ઉપયોગીતા તો સિદ્ધ થવાની હશે ત્યારે થશે, પણ એણે આજથી જ દુનિયાના મહા વિનાશનાં પગરણ શરૂ કરી દીધાં છે; એ જાણીતી વાત છે.

તા. ૧૭-૮-૪૫

[૨]

શ્રી. નાનાભાઈ ભટ્ટની સોનેરી સલાહ

ગઈ પંદરમી તારીખે સ્વ૰ મહાદેવભાઈ દેસાઈ સંવત્સરીને પ્રસંગે બોચાસણ (તાલુકે બોરસદમા) ગુજરાતના એકનિષ્ઠ અને સાચા કેળવણીકાર શ્રી. નાનાભાઈ ભટ્ટના શુભ હસ્તે સમગ્ર ગ્રામસેવા વિદ્યાલયની ઉદ્ઘાટન ક્રિયા થઈ.

એ પ્રસંગે એમણે વિદ્યાર્થીઓને તેમ જ ત્યાં આવેલા મહેમાનોને બહુ સુંદર શિખામણ આપી એ વખતે એમણે જણાવ્યું કે સીધી સપાટી ઉપર એકાએક કદી ઊંચું શિખર પેદા નથી થતું. પણ આજુબાજુ ઊંચાણવાળો પ્રદેશ હોય એમાંથી જ એકાદ જગ્યાએ ઊંચું શિખર બને છે. એમ ગુજરાતના આ ગ્રામસેવક વિદ્યાલયમાંથી આદર્શ ગ્રામસેવકો જોઈતા હોય તો એ વિદ્યાલયની આજુબાજુ રહેનારા આપણે સૌએ પણ આપણા જીવનમાં એની પાછળ રહેલી ભાવના ઉતારવી પડશે.

એમણે એમ પણ કહ્યું કે આ યુદ્ધ પૂરું થયું છે, એટલે હવે આપણે ત્યાં દસબારબાર માસ કેલવાશે એથી આપણાં બજારો ઊભરાઈ જશે. થોડા દિવસ સોંઘવારી પણ દેખાશે, પણ સંભવ છે કે હવે એ લોકો જાપાન ઉતરતું એમ એક બીજા સાથે હરીફાઈમાં ન પણ ઉતરે અને વેપારની વહેંચણી કરી લે તો તેઓ આપણી પાસે એમના માલની મનફાવતી કિંમતો વસુલ કરી શકે.

એ મોંઘવારીથી બચવાનો આપણે માટે એક જ ઉપાય રહેવાનો છે. સ્વદેશી અને ગ્રામઉદ્યોગની ચીજોનું ઉત્પાદન અને એની વપરાશ. એટલે પ્રજાએ આજથી જ એ બાબતમાં સાવધ થઈ જવાની જરૂર છે.

તા. ૧૮-૮-૪૫

૩

બાલવાડી ફરી શરૂ થવાની છે

આપણે ત્યાં ૧૯૪૨ પહેલા ચાલતી એ બાલવાડી ફરી શરૂ થવાની છે. એની તૈયારી પૂરી થશે એટલે ખબર આપવામાં આવશે.

આપ સૌ જાણો છો કે બાલવાડીમાં કાંઈ સ્લેટ, પેન કે ચોપડીઓ વતી ભણવાનું નથી હોતું. બાલવાડીનું બીજું નામ કહેવાય સંસ્કારકેન્દ્ર. બાળક સામાન્ય શાળાએ જતો થાય એ પહેલાં એનામાં સારા સંસ્કારો પડે અને એના મનમાં શાળા વિષેનો ખોટો ભય દૂર થઈ

જેથ એ બાબતમાં આ બાલવાડી સારો હિસ્સો આપી શકે છે.

બાલવાડીમાં આવનારું બાળક સ્વચ્છ બનશે વિનયથી બોલતાં ચાલતાં શીખશે. એના ઉચ્ચારણ તથા ભાષામાં શુદ્ધિ આવશે અને બીજી કેટલીક સારી સારી ટેવો તથા ઉચ્ચ સંસ્કારો એનામાં પડે એવા પ્રયત્નો થશે. આટલું થાય તો હુ તો ઘણું માનું.

બાલવાડીમાં ૪ અને ૫ વર્ષની ઉમ્મરનાં બાળકોને દાખલ કરવામાં આવશે. જે વાલીઓ બાળકને દાખલ કરાવવા ઇચ્છતાં હોય તે બાળકને લઈને મને મળી જાય અને નામ ઠામ નોંધાવી જાય.

તા. ૨૦-૮-૪૫

૪

સોબત તેવી અસર

માણસે જેવા થવું હોય એવી સોબત શોધવી જોઈએ, કેમકે માણસના જીવન ઉપર સોબતની બહુ અસર થાય છે.

સારા અને સંસ્કારી કુટુંબના બાળકો ખરાબ સોબતથી ચોરી કરનારા, દારૂ પીનારા, લંપટ, વ્યસની અને સટ્ટામાં પાયમાલ થઈ ગમાના દાખલા આપણને જોવા મળે છે. અને વારસામાં ભારે સંસ્કાર વિદ્યા કે ધન ન હોય એવાં બાળકો પણ સારી સોબત મળવાથી ઉચ્ચ સંસ્કારવાળાં, વિદ્વાન અને સારી સ્થિતિનાં બનેલાં પણ જોવા મળે છે.

આપણે આપણાં રોજંદા જીવનમાં જ નથી જોતા કે આપણાં બાળકો ગંદા, ગાળો બોલનારા અને ખાઉધરા છોકરાઓ સાથે રમતા હોય છે, તો એમને પણ એવી ટેવ પડે છે. અને સંસ્કારી બાળકો સાથે રહેવાથી એમનામાં પણ સારા સંસ્કારો આવે છે.

નાના બાળકો જ નહિ પણ મોટાઓ માટે પણ "સોબત તેવી અસર" એ અનુભવી વાકય અક્ષરે અક્ષર સાચું છે.

તા. ૨૨-૮ ૪૫

૫

નિશાળે ગયા પહેલાનું શિક્ષણ

જો આપણે એવું માનતા હોઈએ કે બાળક નિશાળે જાય પછી જ ભણવા લાગે છે, તો એ મોટો ભ્રમ છે. બાળકનું ભણતર તો એ જન્મ્યું ત્યારથી શરૂ થઈ જાય છે એ વખતે એનાં શિક્ષક એનાં માબાપ અને ઘરનું વાતાવરણ બને છે. માબાપ અને વાતાવરણ જેટલાં સંસ્કારી હશે, એટલા સુસંસ્કારો બાળકમાં ઉતરવાના. એમાં દોષ હશે તો એ પણ બાળકમાં આવવાના, એટલે જ ઘરમાં બાળક જન્મે એ સાથે જ માબાપની જવાબદારી વધે છે. બાળકને ખાતર પણ આપણે આપણી ભાષા, વર્તન, અને રહેણીકરણી ઉપર યોગ્ય નિયમન મૂકવું જોઈએ.

સારુ કે નરસું આપણાં ઘરમાં જે હશે એ બાળકને મળવાનું જ. દરેક બાળક આ રીતે જ ઘડાય છે. ઘરમાંથી બાળકને કુટુંબભાવના, એક બીજા માટે ઘસાવાની વૃત્તિ અને પ્રેમ મળે છે. કુટુંબનો એ મોટામાં મોટો ફાળો છે. કોઈ શાળા એની ખોટ પૂરી નથી પાડી શકતી.

બાળક ઘરમાં ભાષા પણ કયાં ઓછી શીખે છે? આપણી દુનિયાથી બિલકુલ અજાણ્યું બાળક જન્મ્યા પછી બે ત્રણ વર્ષમાં જ કેટકેટલી ચીજ વસ્તુઓ અને એનાં નામઠામથી પરિચિત થઈ જાય છે?

નાક છીંકવાનું, ન્હાવા ધોવાનું, ખાવાનું એ બધું જ એ ઘરમાં શીખી જાય છે. ત્યારે શું ઘર એ જ એક મોટી શાળા નથી? બાળકને બહુ નાની ઉમરે ઘરથી અલગ કરવું એને હું તો ગુન્હો સમજું છું, કેમકે ઘરની ખોટ કોઈ પણ શાળા પુરી શકતી જ નથી.

આપણા ઘરની રીત રસમોમાં બાળકને કોઈ જાતનું કુશિક્ષણ ન મળી જાય એટલો ઘરમાં સુધારો કરી લેવો જોઈએ બાળકનો સ્વભાવ એવો હોય છે કે સારી કે ખરાબ જે કોઈ બાબત એ જુએ છે, એનું એ અનુકરણ કરે છે, એટલે એને સારું અનુકરણ કરવા મળે એવું જ કરો.

શાળાએ ન જતા ૪-૫ વર્ષના બાળકનો ઘર ઉપરાંત દિવસમાં બે ત્રણ કલાક માટે બાળકના સમૂહજીવનનું અને સારા સંસ્કારો મળી રહે એ માટે બાલવાડી એક સુંદર સાધન છે, પણ માબાપ અનુકૂળ વાતાવરણ ન બનાવે તો બાલવાડી કે શાળા કોઈ બહુ વધારે ન કરી શકે.

તા. ૨૯-૮-૪૫

૬

હિંદનો એક બહાદુર વીર ગયો

છાપાંઓ સમાચાર આપે છે કે શ્રી. સુભાષચંદ્ર બોઝને વિમાનમાં અકસ્માત થયો અને સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ ગયા ત્યાં એમનું અવસાન થયું છે.

શ્રી. સુભાષ બાબુની સેવાઓ ઘણી છે. એમણે લગભગ આખી જીંદગી સરકાર સામે લડતાં લડતાં જેલમાં ગાળી છે. એક વખત એ

હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ પણ થયા હતા.

એમનો રસ્તો જરા જુદો હતો. કહેવાય છે કે એ જપાનની મદદ મેળવીને હિંદને મુક્ત કરવા માગતા હતા. એમના એ વિચારથી ભલે આપણે જુદા પડતા હોઈએ, પણ એમણે દેશની આઝાદીના પ્રયત્નમાં જે જે વેઠયું છે અને આપભોગો આપ્યા છે, એની પાસે આપણું મસ્તક હમેશાં નમવાનું એવા બહાદુર પુરુષોના જીવનમાંથી આપણે દેશ ખાતર ફના થવાની તમન્ના કેળવવી જોઈએ.

૭

મનુષ્ય યત્ન અને ઇશ્વર કૃપા

મને કેટલાક ભાઈઓ તરફથી પૂછવામાં આવે છે કે આ માતાઓ ધૂણે છે, એ શું સાચું છે?

મારો એ બાબત એક જ જવાબ છે કે એ શ્રદ્ધાનો વિષય છે. જેને શ્રદ્ધા હોય એને સાચું લાગે. જેને શ્રદ્ધા ન હોય એને સાચું ન લાગે એ બાબત કોઈએ કોઈના ઉપર દબાણ કરવું ન ઘટે.

પણ મારી પોતાની એવી માન્યતા છે કે આપણે જેને પરમાત્મા કહીએ છીએ એજ મહાશક્તિ છે. એ શક્તિ વડેજ પાંદડું સરખું હાલી શકે છે. એના જીવાડયા જ આપણે સૌ જીવીએ છીએ.

પણ એ પરમ શક્તિએ કેટલાક અચળ કાયદાઓ કર્યા છે એ પણ ભૂલવા ન જોઈએ. જેમ

(૧) કરેલા કર્મનો બદલો ભોગવવો જ પડે

(૨) મનુષ્ય યત્ન અને ઇશ્વર કૃપા.

આ બેમાં એકયમાથી છૂટી શકાય એમ નથી. માણસ કહે કે હું જ બધું કરી શકું છું. ઇશ્વરી શકિત જેવી કોઇ ચીજ જ નથી તો એ નર્યું અભિમાન થયું. માણસ કહે કે નશીબમાં જે લખ્યું હશે તે થશે, હું શું કરું? તો એ પાંગળાપણું થયું. નશીબ તો ખરું. પણ પહેલો પુરુષાર્થ કર્યા પછી. જો પુરુષાર્થ કરવાનો ન હોત તો ભગવાને માણસને હાથ પગ કે બુદ્ધિ આપ્યાં જ ન હોત.

આપણા સમાજમાં ધર્મની શ્રદ્ધા ઊંડી છે અને એમાં આપણું બળ રહેલ છે, પણ એ શ્રદ્ધા આંધળી ન હોય તો જ. ગઈ કાલે જ અમે ભાગવતની કથા વાંચતા હતા એમાં આવ્યું હતું કે સમજ વિના ગાડરિયા પ્રવાહ પ્રમાણે અને દેવ કોપશે એ ડરથી ચાલી આવતી ઇન્દ્રની પૂજા બંધ કરીને ગોવર્ધન પર્વતની પૂજા શરૂ કરવા માટે શ્રી. કૃષ્ણભગવાન નંદરાયજીને કહે છે કે "કોઈ પણ દેવનું પૂજન સમજ, પ્રેમ અને શ્રદ્ધા પૂર્વક થાય તો જ એમાં ધર્મ છે. દેવો માત્ર પરમ ભગવાનના અંશો માત્ર છે. તેમની દ્વારા આપણે ખરી રીતે તો ભગવાનનું જ પૂજન કરીએ છીએ, એટલે કોઇપણ દેવને સ્વતંત્ર રીતે કોપ કરવાનો અધિકાર નથી. બીકથી પાળેલો ધર્મ એ ધર્મ નથી. એવા ધર્મ પોષવાથી તો આપણી સત્વહાની થાય." ઉપરના ભગવદ વાકય ઉપરથી આપણે એટલો સાર તારવી શકીએ કે દેવદેવીઓની પૂજા અંતરની સાચી શ્રદ્ધાથી કરવી જોઇએ. એ કદી ડર બનાવે નહિ દુનિયા તો ઇશ્વરી શકિતએ ઘડેલા કર્મના નિયમ પ્રમાણે જ ચાલ્યા કરે દેવદેવીઓને લાલચ પણ ન હોય. એટલે એમને લાલચ આપીને ખુશ કરવાપણું પણ ન હોય. હજાર પાપ કર્યાં પછી કોઈ એકાદ તોરણ બાંધીને કોઈ દેવીને ફોસલાવવા નીકળે એમાં ધર્મ કયાં રહ્યો? અને દેવદેવી એ રીતે ફોસલાતાં પણ નથી.

આપણો સમાજ નશીબવાદી બની ગયો છે, એથી જ એની પાની થઇ છે. "જેવું નશીબ" એમ બોલીને એ લોકો હાથ ધૂઇને બેસે છેઃ સાચો પુરુષાર્થ કરવાને બદલે દોરા ધાગા અને માનતાઓ માનીને સહેલાઈથી લાભ મેળવવા નીકળી પડે.

પણ માતા તો મહાશક્તિનો અંશ છે. એ મંગળમય છે. એ બધું જાણે છે. એ કોઈની લાલચથી લલચાતી નથી કે કોઇને કાંઈ મેળવતા ડરાવતી નથી. એ પાંગળા ડરપોક કે લાલચુ લોકોને પસંદ પણ કરતી નથી.

શિવાજી મહારાજ અંબામાતાના ભક્ત હતા, પણ એ કદી સ્વાર્થ ખાતર માનતાઓ માનવા નહોતા બેસતા. એ પુરુષાર્થ કરતા અને પછી માતાની કૃપા અવતરતી. 'મનુષ્ય યત્ન' અને 'ઇશ્વર કૃપા' એ બન્ને વચનો સાથે જ જાય છે. યત્ન વિના કૃપા આવતી જ નથી.

તા. ૨૫-૮-૪૫.

૮

ચેતવા જેવું કયાં છે ?

માતા તો આપણને સુખી, સમજવાળા અને બળવાન બનાવવા માગે છે પુરુષાર્થી બનાવવા માગે છે, પણ કેટલાક જગ્યાએ એથી ઊંધું જ બને છે.

મેં જોયું છે કે ત્યાં માસરામાં અને ખેતરે ખેતરે ફળીએ ફળીએ ઘેર ઘેર ભુવાઓ છે માતાઓ છે અને વખત એ ભુવાઓ અને દિવસમાં

ધૂણે છે કોઈને તાવ આવ્યો તો પણ માતાનો ગુન્હો થયો હોય, કોઈને ગુમડું થયું તો પણ માતાની ગાંઠ નીકળી ગણાય. આમ આખા ગામને વહેમ અને ભયથી ભુવાઓએ ઘેરી લીધું હતું. માતાને દારૂ પાય, માતાને પાડા બકરાનો ભોગ ધરાય, અને પંદર દહાડે એકાદ પરકડું કાઢીને માતાનો રથ ફેરવે, બાધા કરે કે મરવું વગેરે. જેમ વૈદ દાક્તરોની આજકાલ દુકાનો ચાલે છે એમ ત્યાંના ભુવાઓએ પણ એમની કમાણી શરૂ કરી હતી.

આપણી માતાભક્તિ આપણને આવા વહેમમાં, પુરુષાર્થહીન નશીબવાદમાં કે ઉપર જણાવ્યા એવા ભુવાઓનાં ઢોંગધતીંગમાં ન ખેંચી જાય એટલા ચેતતા રહેવું જોઈએ.

તા. ૨૫-૮-૪૫

૯

એક સૂચન

આજે આપણે ત્યાં વહેરાઈ માતાની પુનઃસ્થાપના થાય છે. એ આનંદનો દિવસ ગણાય. એ વખતે મને એક સૂચન કરવાનું મન થાય થાય છે.

માતા શક્તિરૂપિણી છે. એનાં બાળકો આપણે પણ શક્તિવાળાં બનીએ એ જ માતાને તો ગમે, પણ શક્તિ કાંઈ બેઠા રહેવાથી કે માત્ર વાતો કરવાથી થોડી શરીરમાં આવી જાય છે? એ માટે તો પ્રયત્ન કરવો જોઈએ.

શિવાજી મહારાજે માતાની ભક્તિ કરીને બળ મેળવ્યું એટલું જ નહિ મહારાષ્ટ્રના ગામેગામે એમણે કસરતના અખાડા ખોલાવ્યા અને ત્યાંના જુવાનોનાં શરીર મજબુત બનાવ્યાં.

આપણે પણ આપણાં બાળકોનાં શરીર સુદૃઢ અને બળવાન બનાવવાં હોય તો માતાજીની પુનઃસ્થાપના વખતે એમની શીળી છાયા નીચે માતાના ચોકમાં જ એક અખાડો સ્થાપીને આ પ્રસંગને સાર્થક બનાવી શકીએ.

ગામનું હિત હૈયે ધરાવતા દરેક ભાઈએ અને માતાના સાચા ભક્તે આ અંગે વિચાર કરવો અને એ અંગે ઘટતી જોગવાઈ કરવી.

આપણે આવો પુરુષાર્થ કરીશું તો માતાના શુભ આશીર્વાદ અને કૃપા તો આપણા ઉપર ઉતરવાનાં જ.

તા. ૨૬-૮-૪૫

૧૦

વજ્રકચ્છ અને વજ્રકાય હનુમાનજી

આપણે ત્યાં બળ અને બ્રહ્મચર્યનો આદર્શ હનુમાનજી ગણાય છે. રામજીની એકનીષ્ઠ સેવા એ કરી શક્યા, કેમકે એમણે બળ અને બ્રહ્મચર્યની ઉપાસના કરી હતી આપણે પણ જો જીવનમાં કોઈ મહાન આદર્શ સિદ્ધ કરવાનાં સ્વપ્નો સેવતા હોઈએ તો બળ અને બ્રહ્મચર્યની ઉપાસના કરવી જોઈએ.

મારી વાત સાંભળીને આપણે ત્યાંના વિદ્યાર્થીઓ વહેલી સવારમાં કસરત કરીને શરીરને દૃઢ કરવા લાગ્યા છે એથી હું બહુ રાજી થયો છું.

પણ મારે એક બાબતમાં મા-બાપનું ધ્યાન ખેંચવું જોઈએ. કસરત કરવા આવતા વિદ્યાર્થીઓની શારીરિક તપાસ કરી તો એ બહુ નબળી જણાઈ કસરત રોજ, અને નિયમિત ચાલુ રહેશે તો થોડા મહિનાઓમાં એમનાં શરીરમા ફેરફ પડતો જશે પણ પૂછપરછ કરતાં જણાયું છે કે ૩૫ વિદ્યાર્થીઓમાંથી ફક્ત છ સાત જણને જ આખા દિવસમાં પાશેર અચ્છેર દૂધ ખાવા મળે છે આજકાલ ઘી દૂધ મોંઘા છે, એ હું જાણું છું. પણ આપણા બાળકો તો એ ઘી દૂધ કરતા પણ મોંઘાં છે એ વાત ન ભુલવી જોઈએ.

તમારા બીજા ઘણા ખર્ચાઓમાં કાપ મૂકી શકાય એમ છે. પણ તમે બાળકોનાં ઘી, દૂધમાં કાપ ન મૂકશો. એ સાજા તાજા અને સુદૃઢ બાંધાના હશે તો તમને બીજું ઘણું એકઠું કરી આપશે.

કસરતમાં આવતા વિદ્યાર્થીઓને એક એક સ ગોટ પણ મીઠાઈ આપજો.

તા ૨૭-૮-૪૫

૧૧

માતાજીને ધૂપ કે અગરબત્તી જ ધરો

માતાજીની પુનઃ સ્થાપના પછી વહેરાઈ માતાજી માટે બહેનોમાં બહુ ભાવ ઉભરાય છે. એથી ઘણી બહેનો ઘીનો દીવો અને ઘી લઈને દર્શન કરવા જાય છે. આ સારી વાત છે. પણ ગઈ કાલે ઘીના દીવા ખૂબ કર્યા એટલે ઘી ખાવા માટે કૂતરાં આવ્યાં. તમે માતાજીના દીવા માટે ભાવપૂર્વક આપેલું મોંઘું ઘી કૂતરાં ચાટી ગયાં. માતાજીની મૂર્તિને ગબડાવી પાડી અને એથી એની આંખો પણ ચગદાઈ. આવું થાય એ મને તો ન ગમે. કોઈને ન ગમે.

એટલે હું તો એવી ભલામણ કરું કે ભાવ ધરાવતાં ભાઈબહેન માતાજીનાં મંદિરમા ધૂપસળી અગર ધૂપ લઈ જઈને સળગાવે તો કૂતરાં રંજાડ નહિ કરી શકે અને માતાજીનાં મંદિરમાં સુગંધ સુવાસ પ્રસરશે અગર

તો કૂતરાં માતાજી સુધી પહોંચી ન શકે એવી વ્યવસ્થા કરવી જોઈએ.

હું તો ધૂપ જ વધારે પસંદ કરું. મંદિરનાં બારણાં થાય તો પણ કેમકે આપણે એવા એકાળજીવાળા છીએ કે ઘીવાળા હાથ મંદિરમાં ગમે ત્યાં લૂછીને માતાજીનું નવું રંગીન મંદિર પણ બગાડી મૂકીએ છીએ. જ્યાં ત્યાં ઘીના રેલાડા અને મેશનાં કાળા કાળાં ધાબાં પાડીએ છીએ.

તા ૨૭–૯–૪૫

૧૨
ઊંચા આદર્શ સેવો

કોઈ પણ માણસ એકાએક મહાન નથી થતો, પણ પહેલાં એને ઊંચા ઊંચા આદર્શ સેવવા પડે છે અને પછી એમાંના એકને પસંદ કરીને એની પાછળ પુરુષાર્થ કરવો પડે છે.

વિદ્યાર્થીઓએ કદી આદર્શની બાબતમાં અલ્પસંતોષી ન બનવું

હનુમાનનો આદર્શ સેવનારો કોઈ દિવસ રામમૂર્તિ બને છે. હરિશ્ચંદ્ર કે ધ્રુવનો આદર્શ સેવનારો કોઈક દિવસ મહાત્મા ગાંધી બને છે. અને ભામાશાનો આદર્શ સેવનારો કોઈક દિવસ જમનાલાલ બજાજ બને છે

આપણે ખૂબ ભણવું છે. ખૂબ ચારિત્ર્યશીલ બનવું છે, ખૂબ બળવાન બનવું છે અને પછી દેશની અને માનવજાતની ખૂબ સેવા કરવી છે. આપણે સુખી થવું છે અને બીજાઓને પણ સુખી કરવા છે.

આવા આદર્શવાળો જો દૃઢપણે એના આદર્શને વળગી રહેશે તો જરૂર એક દિવસ એ એની જાતની અને આપણા ગામની સુરત બદલી નાખશે.

પણ કોઈ આદર્શ જ ન હોય અગર તો હોય તો બહુ ક્ષુદ્ર હોય એ શું કરી શકે?

તા. ૨૮–૮–૪૫

૧૩
પકડેલા આદર્શને ચોંટી રહેનાર જ સફળ થાય છે

નીચે આપેલાં ચિત્રમાં બે છોકરાઓ ટેકરીઓ ચડવા નીકળ્યા છે. એક ખુલ્લા માથાવાળાએ એક ટેકરી પકડી છે. એના ઉપર જ ચઢ્યા કરે છે. સાંજ સુધીમાં એ ઠેઠ શિખર ઉપર પહોંચી જાય છે.

બીજો ટોપીવાળો થોડું ચઢ્યા પછી આના કરતાં તો પેલી ટેકરી સારી છે: એના ઉપર ચઢું એમ કરીને એ ટેકરીઓ બદલ્યા કરે છે. સાંજ પડી છતાં એ ત્રીજી ટેકરીની તળેટીમાં જ રહી ગયો છે.

કોઈ પણ આદર્શ માટે આ જ નિયમ લાગુ પડે છે.

તા ૨૯–૮–૪૫

૧૪
બાલવાડીમાં બાળકોને કેવાં મોકલશો?

રામજી મંદિરમાં બાલવાડી શરૂ થઈ ગઈ છે. બપોરે ૧૨થી ૨ બાલવાડી ચાલે છે. એમાં ૪થી ૫ વર્ષની ઉંમરનાં બાળકોને દાખલ કરવામાં આવે છે. પણ તમે બાલવાડીમાં બાળકોને કેવાં મોકલશો?

નવડાવેલાં
વાળ હોળેલા
નખ કાપેલા
ધોયેલા કપડાં પહેરેલાં.

નાક લૂછવા માટે બાળકને કપડાને એક એક ચોકખો કકડો પણ એના ગજવામાં માય એવો આપજો

તા. ૧–૯–૪૫

૧૫
સોમવારથી સંગીત વર્ગ ઉઘડશે

રોજ નિયમિત આવવા ઇચ્છતા હોય એ સંગીતવર્ગમાં એમનાં નામો નોંધાવી શકે છે. સાંજે ૬ાથી ૭ાા સુધી આ વર્ગ ચાલશે. એમાં સારાં સારાં ભજનો તાલબદ્ધ રીતે અને કાનને ગમે એ રીતે ગાતાં શીખવવામાં આવશે.

તા. ૧–૯–૪૫

૧૬
પળેપળનો સદુપયોગ કરો

ભણવા જતા હોય કે ભણવા ન જતા હોય જે પોતાની પળેપળનો સદુપયોગ કરવા ઇચ્છતા હોય એમણે દિવસના કામનું સમયપત્રક ઘડવું જોઈએ. સમયપત્રક પ્રમાણે કામ કરનારને પોતાનો સમય ક્યાં વેડફાઈ જાય છે, એની તરત ખબર પડી જાય છે અને એ ઘટતા ફેરફારો કરી શકે.

નમૂના ખાતર હું મારા આજના આખા દિવસનું સમયપત્રક નીચે રજૂ કરું છું.

પા૫ વાગ્યે	ઉઠવું
પાાથી ૬	દાતણ
૬થી ૬ાા	પ્રાર્થના
૬ાાથી ૭ાા	કવાયતમાં (વિદ્યાર્થીઓ સાથે)
૭ાાથી ૮ાા	ભીંતપત્રો લખવાં
૮ાાથી ૯	આંગણાંની તથા ચોકની સફાઈ
૯થી ૧૦	નહાવું ધોવું
૧૦થી ૧૧	પુસ્તકાલયનું કામ
૧૧થી ૧૧ાા	ભોજન
૧૧ાાથી ૧૨	બાલવાડીની તૈયારી
૧૨થી ૨	બાલવાડી
૨થી ૩ાા	કાંતવું તથા તુણવું
૩ાાથી ૪ાા	ટપાલ લખવી
૪ાાથી પાા	અંગત વાચન
પાાથી ૬ાા	વિદ્યાર્થીઓને સવાદો વદે થશે

૬ાાથી ૭ાા	સંગીતવર્ગ ચલાવવો
૭ાાથી ૮ાા	ફરવા જવું
૮ાાથી ૯	ભોજન
૯થી ૧૦	પ્રાર્થના તથા નાના વિદ્યાર્થીઓનો વર્ગ (હાલમાં ગોખલેનું જીવન)
૧૦થી ૧૦ાા	વિશ્વઇતિહાસ • દર્શનનું સમૂહવાંચન
૧૦ાાથી ૧૧	નોંધ કરવી
૧૧ વાગ્યે	સૂઈ જવું

તા. ૩-૯-૪૫

૧૭

નિડરતા અને સ્પષ્ટ વક્તવ્ય તે આનું નામ

વિશ્વ યુદ્ધનો અંત આવ્યો તેથી મિત્રરાજ્યોએ વિજય ઉત્સવ ઉજવ્યો. આપણા દેશની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને રજાઓ આપવામાં આવી અને પતાસાં વહેંચવામાં આવ્યાં. પણ આ વિજયનો ઉત્સવ એ વિજયનો ઉત્સવ નહોતો, પણ અણુબોમ્બ ફેંકીને લાખો નિર્દોષ સ્ત્રી બાળકો અને સામાન્ય નાગરીકોનાં ખૂનમાંથી પેદા થયેલો સંહારક વિજય ઉત્સવ હતો.

આથી ઇંગ્લૅંડમાંજ સરકારને ગઇ લડાઇમાં ખૂબ સાથ આપનાર અને જાતે લડનાર એક બહાદુર પાદરીએ એનો વિરોધ કર્યો અને જણાવ્યું કે 'સંત આલ્બાન્સના દેવળમાં શુકર ગુજારીની બંદગી હું કરાવી શકતો નથી કારણકે જે બનાવ માત્ર પશુબળના પ્રયોગ ઉપયોગથી જ બની શક્યો છે અને જે આજ દિન સુધીની ખુલ્લી લડાઇનાં મોંથી ઘાતકી અને કમકમાટી ભર્યાં કૃત્યો કરતાં જુદી જ એક આંધળી કત્લેઆમનું પરિણામ છે તેને માટે પ્રભુનો પાડ માનવાની મારું અંતઃકરણ ના પાડે છે.' એણે બંદગી કરવા આવેલા બધા લોકોને પાછા મોકલ્યા. દેવળના ઘંટ વગાડનારાઓએ આવા કલંકિત વિજયનો ઘંટારવ વગાડવાનો પણ ઇન્કાર કર્યો.

આપણા જેવી ગુલામી માનસની પ્રજા માટે આ બનાવમાંથી ઘણું ધડો લેવા જેવું છે.

તા. ૪-૯-૪૫

૧૮

હૃદય અને જીભ

જીભ એ હૃદયમાં ચાલતા ભાવનો પડઘો છે. આથીજ માણસ એની વાણી ઉપરથી કેવો છે એ પરખાઈ જાય છે.

કોઇ હૃદયમાં મેલો ભાવ રાખીને વાણી મીઠી રાખવા પ્રયત્ન કરે છે, પણ એ લાંબા વખત સુધી ઢાંકયું નથી રહેતું

હૃદય જેટલું શુદ્ધ એટલી વાણી શુદ્ધ, હૃદય જેટલું મેલું એટલી વાણી મેલી અને હૃદય જેટલું સરળ એટલી વાણી પણ સરળ.

એમ છતાં હૃદય વાણીને મદદ કરે છે અને વાણી હૃદયને મદદ કરે છે. જેમ ઇન્દ્રિયો મનને ખેંચે છે અને મન ઇન્દ્રિયોને ખેંચે છે, એમ આ બે પણ સાથે જ સંકળાયેલાં છે. એટલે વાણી અને હૃદય બન્ને પવિત્ર, સરળ અને મીઠાં બનાવવાનો સાથે સાથે જ પ્રયત્ન કરવો.

મોઢામાંથી ગાળ, હુંકારો કે અપશબ્દ ન નીકળી જાય, હૃદયમાં કોઈના વિષે કટુભાવ ન જાગે એ બન્નેના ઉપાયો સાથે સાથે કરીએ તો આપણા જીવનમાં અને આપણી આજુબાજુ બધે પ્રસન્નતા વ્યાપી જશે.

તા. ૪-૯-૪૫

૧૯

ધૃતિ

કોઇ પણ વ્યક્તિ કે સમાજ વિકાસ કરવા માગતો હોય કે લીધેલા કામને સફળ કરવાની ધારણા રાખતો હોય તો એનામાં ગીતામાં કહેલી દૈવી સંપત્તિમાંનો ધૃતિનો ગુણ અત્યંત આવશ્યક છે. ધૃતિ એટલે મુશ્કેલીઓ વચ્ચે પણ લીધેલી વસ્તુને પકડી રાખવાની શક્તિ. આજે અંગ્રેજ પ્રજામાં એ શક્તિ આપણા કરતાં ઘણી વધારે છે. એથી જ એ મહાન યુદ્ધો જીતી શકે છે અને એથી જ એ આપણા ઉપર રાજ્ય કરે છે. એ લોકો અંગ્રેજીમાં એ ગુણને 'ટેનેસિટિ'નો ગુણ કહે છે.

આપણે ત્યાં જે વર્ગો ચાલે છે એ ઉપરથી આપણામાં એ ધૃતિનો ગુણ કેટલો ઓછો છે એનો મને ઠીક ઠીક ખ્યાલ આવે છે.

જીવનમાં સફળ થવા ઇચ્છનારે આ ચોંગઠુંકપણું-સ્થિરતા અગર તો ધૃતિનો ગુણ કેળવવો જ જોઇએ.

તા. ૬-૯-૪૫

૨૦

દૈવી અને આસુરી સંપત્તિના ગુણો

શ્રી ભગવાન બોલ્યા:—

અભય સત્ત્વસંશુદ્ધિ
વ્યવસ્થા જ્ઞાનયોગમાં;
નિગ્રહ દાન સ્વાધ્યાય
યજ્ઞ આર્જવ ને તપ
અહિંસા સત્ય અક્રોધ
ત્યાગ શાંતિ અપૈશુન;
મૃદુતા સ્થિરતા લજ્જા
ભૂત દયા અલોલતા.
ક્ષમા અમાન અદ્રોહ
તેજ ધૈર્ય પવિત્રતા;
દૈવી ભાવ વિષે જન્મી
તેને આ સંપદા મળે
અજ્ઞાન માન ને દર્પ.

દંભ ક્રોધ કઠોરતા,
આસુરી ભાવમાં જન્મે
તેને આ સંપદ મળે.
દૈવી સંપત્તિ છે મોક્ષ
આસુરી બંધકારિણી
(ગીતા ધ્વનિમાંથી)
તા ૬–૯–૪૫

૨૧

પ્રામાણિક પ્રયત્નની જરૂર

છેલ્લા પાટીદારમાં આંકડા આપ્યા હતા એ જોતાં પાટીદાર વિદ્યાર્થીઓ અભ્યાસના પ્રમાણમાં બહુ કાચા જણાયા

એનું કારણ શોધતાં જણાય છે કે ઘણાખરા વિદ્યાર્થીઓનો તથા એમના માબાપોનો વિદ્યાર્થીઓને ભણાવવાનો પ્રયત્ન પ્રામાણિક નથી હોતો કેટલાક વિવાહ થાય ત્યાં સુધી ભણાવવાની લાલચ રાખતા હોય છે તો કોઈ એવું જ માનતા હોય છે કે લાગ્યુ તો તીર નહિ તો થોથું આપણા ખેતર અને હળ લાકડાં તો પડયા જ છે ને।

પાટીદારને ત્યાં ખેતર હોય એ સ્વાભાવિક છે અને સારુ છે, પણ કોઈ આવડત પૂરેપૂરા પ્રયત્ન વિના માણસના હાથમાં નથી આવતી આમ કરવાથી તો બાવાના બેય બગડે છે એના કરતા જે તે એક પસંદ કરીને પૂરા દિલથી એની પાછળ મંડી પડવુ જોઇએ

હમણા ત્રૈમાસિક પરીક્ષા લેવાઈ એનું પરિણામ જોતા આપણે ત્યાંના વિદ્યાર્થીઓ બહુ કાચા જણાયા

ભણવાનું લીધુ જ છે તો એને સુંદર રીતે પાર પાડવું જોઇએ જેમ તેમ કરીને ઉપલા વર્ગમા ચડવુ એ કાંઈ ભણ્યા ન કહેવાઈએ

સવારનો સમય બહુ કિંમતિ ગણાય છે વિદ્યાર્થીઓ સમયપત્રક ગોઠવીને એનો અભ્યાસ માટે બરાબર ઉપયોગ કરે તો પરીક્ષા વખતે જે આફત ખડી થાય છે, એ ન થાય રોજનું નિયમિત વાચન વિદ્યાર્થીને બહુ લાભદાયી નીવડે છે

શનિવારે ૪થી ૬નો સમય કોઈ પણ વિદ્યાર્થી એની અભ્યાસની મુશ્કેલી લઇને મારી પાસે આવશે તો હું એને મદદ કરીશ

તા ૯–૯–૪૫

૨૨

મતાધિકાર

હવે દુનિયાના બહુ ઓછા દેશોમા રાજાનુ રાજ્ય રહ્યુ છે રાજાઓની આપખુદીથી થાકીને દેશેદેશમા હવે પ્રજાનુ રાજ્ય હોવુ જોઈએ એવી માન્યતા દૃઢ થઇ છે

ખુ ઇંગ્લંડમાં પણ આજે પ્રજાની પાર્લામેન્ટનુ રાજ્ય મનાય છે ત્યા રાજાને રાખ્યો છે, પણ નામના પુતળા તરીકે અને આપણા હિંદુસ્તાન દેશમા પણ બ્રિટિશ સરકાર ડોળ એવો કરે છે કે અહીં પણ રાજ્ય તો પ્રજાનુ જ ચાલે છે વાઇસરોય કે ગવર્નર તો પ્રજાના પ્રધાનોને કેવળ દોરવણી આપનારા જ ગણાય છે પણ એ નર્યું અસત્ય છે, એ તો આપણે સૌ જાણીએ છીએ

વળી અહીં પણ તંત્ર ચલાવવા માટે ધારાસભાઓ બનાવી છે અને છે કાંઇ ધારો કરવો હોય એ પ્રજાજનોએ પોતાનો મત આપીને ધારાસભામા મોકલેલા એના પ્રતિનિધિઓ મારફત કરાવી શકે છે, એવુ કહેવામા આવે છે પણ એય નર્યું અસત્ય છે, કેમકે ગવર્નર કે વાઇસરોય એની આપખુદ સત્તાથી પ્રજાને રહેંસી નાખે એવા સેંકડો ઓર્ડિનન્સો જાહેર કરે છે, એ પણ આપણે જોયું છે

બીજા દેશોમાં પુખ્ત વયના એટલે ૧૮ વર્ષથી ઉપરના દરેક સ્ત્રી પુરુષને મત આપવાનો અધિકાર હોય છે પણ આપણે ત્યાં તો મોંઘવારી મજામાં ૧ ટકા અને પ્રાંતોમા ૨૭ ટકા પ્રજાને જ મત આપવાનો અધિકાર મળે એવી ચાલબાજભરી યોજના ગોઠવવામાં આવી છે

એટલે ખરેખર પ્રજાના મત પ્રમાણે કાયદા ઘડવામાં આવતા હોય તો પણ અમુક જમીનદાર કે પૈસાદાર કે અમલદારો જ પોતાનો અવાજ રજુ કરી શકે એમ છે બાકીની સામાન્ય જનતાનો તો કશો અવાજ જ પહોંચે એવુ નથી

તા ૧૦–૯ ૪૫

૨૩

ચૂંટણી આવી રહી છે

આટલો ઓછો મતાધિકાર હોવા છતાય ભવિષ્યનુ જે કાંઈ બંધારણ કે કાયદા થશે એ ઘડવાનો કે એનો અમલ કરવાનો અધિકાર ચાલુ પ્રથા પ્રમાણે જે થોડા ચૂંટાઈને ગયા હશે એમના હાથમાં જ રહેવાનો એટલે આપણે પુખ્ત વયના દરેક માટે મતાધિકારનુ ધોરણ વ્યાપક બને એ ખાતર પણ જે માણસોને ચૂંટીને ધારાસભામા મોકલવાના હોય એ આપણી દૃષ્ટિએ કાંઈક સારા હોય એમને જ આપણો મત આપવો જોઈએ

મુંબઈ સરકારે માર્ચ સુધીમાં ચૂંટણી પતાવી લેવા વિચારની જાહેરાત કરી છે

આ વખતની ચૂંટણી ઉપરથી સરકાર કયા પક્ષ પાછળ પ્રજાનુ કેટલુ બળ છે એનો પણ અંદાજ કાઢવા માગે છે એથી જ દરેક પક્ષ આજથી જ ચૂંટણીની તૈયારી કરી રહ્યા છે

આપણે કોંગ્રેસમાં માનીએ છીએ અને કોંગ્રેસ નક્કી કરશે એમને મતો

પણ આપીશુ. પણ આ વખતની સરકારે બહાર પાડેલી મતદારોની યાદીઓ ખામી ભરેલી છે. વિરોધ હોવા છતાં સરકાર એ નવેમ્બરથી બનાવવા તૈયાર નથી પણ એણે એવી જાહેરાત કરી કે જેમનાં નામ રહી ગયાં હોય એ આવતી ૧૫મી પહેલા કલેક્ટરને પહોંચે એ રીતે અરજી કરીને મતદાર તરીકે પોતાનું નામ નોંધાવી શકે છે.

આપણે ત્યાની યાદી બહુ ખામી ભરેલી છે એટલે જેમનાં નામ રહી ગયાં હોય એમણે વેળાસર અરજી કરી દેવી જોઇએ

તા: ૧૧–૯–૪૫

૨૪

એ જાણી લેજો

(૧) કોઈ પણ સ્ત્રી કે પુરુષ મતદાર ૨૧ વર્ષની ઉમરનો અથવા એથી મોટો જાઇએ.

(૨) જ્યાં રહેતો હોય ત્યાં ૧૮૦ દિવસ રહેલો હોવો જોઇએ.

(૩) રૂ. ૮ કે એથી વધુ મહેસૂલ થાય એટલી જમીન મહેસૂલ થાય એટલી જમીનનો

અ–વ ખાતેદાર હોય અગર એટલી જમીન ધરાવતો હોય કે જમીન પટેથી ખેડતો હોય અગર

ક મતદાર વિભાગમાં આવેલી ઈનામી જમીન ધરાવતો હોય કે જમીન પટેથી ખેડતો હોય અગર

ક મતદાર વિભાગમા આવેલ ખોટી ભાગીદારી કે નરવાદારી ગામનો ખોટ અગર ભાગીદાર હોય.

(૪) રૂ. ૧૮ કે એથી વધારે વાર્ષિક ભાડુ ભરતો હોય

(૫) મુંબઈ 'યુનિ .નો મેટ્રીક' થયેલો હોય

(૬) સરકારી પેન્શનર, લશ્કરી અમલદાર; ધારાસભામા કોઈ પણ વખત થયેલો સભ્ય, લો–બોર્ડ તથા મ્યુ. પ્રમુખ તથા સરકારી બેન્કનો વડો.

(૭) સ્ત્રીઓ તથા હરિજનો ફક્ત વાંચી લખી શકે એવાં હોય તો પણ મતદાર થઈ શકે છે.

(૮) અભણ સ્ત્રીનો ધણી રૂ. ૩૨, અથવા એથી વધુ મહેસૂલ અગર રૂ. ૩૬, અથવા એથી વધુ મકાન ભાડુ ભરતો હોય તો એની સ્ત્રીને પણ મતાધિકાર મળે

પત્રકો આવી ગયાં છે

મતદાર તરીકે હોવા જોઇએ છતાં યાદીમા રહી ગયેલાં ભાઈ બહેનોએ કલેક્ટરને જે અરજી કરવાની એનાં છાપેલા પત્રકો આવી ગયાં છે.

જેમની પાસે સ્વયંસેવક પત્રક ભરાવવા આવે એ પત્રક ભરી આપજો.

અને કોઈ રહી જાય તો જાતે આવીને ૧૩ મી પહેલાં મારે ત્યા આવીને પત્રક ભરી જજો.

તા. ૧૧–૯–૪૫

૨૫

અકાળ અવસાન

આપણા ગામના અને કડી સર્વ વિદ્યાલયમાં વર્ષોથી શિક્ષક તરીકે કામ કરતા શ્રી ઉમેદભાઈ રણછોડભાઈ પટેલનું ૩૮ વર્ષની જુવાન વયે કડીમાં અકાળ અવસાન થયુ છે.

આપણે ત્યાનો એક સુશિક્ષિત અને ભાવનાશીલ જુવાન ચાલ્યો જતા આપણા ગામે એક રત્ન ખોયું છે. આપણે સદ્ગતના આત્માને શાંતિ ઈચ્છીએ છીએ અને એમના કુટુંબીજનો ઉપર આવી પડેલી અણધારી આફતમા ટકી રહેવાનું પ્રભુ એમને બળ આપે એવી પ્રાર્થના કરીએ છીએ.

સદ્ગત સંગીતના ઉપાસક અને સારા ગાયક હતા. આ દુઃખદ સમાચાર આવવાથી આપણો આજનો સંગીતનો વર્ગ બંધ રહેશે.

તા ૧૧–૯–૪૫

૨૬

બિલાડી સ્વચ્છતાનો આદર્શ પૂરો પાડે છે

આપણે કૂતરાને ગમે ત્યા પિશાબ કે ઝાડો કરતા જોઇએ છીએ પણ બિલાડીને તમે કોઇએ શૌચ વિધિ કરતાં જોઈ છે? એ એના આગલા પગ વતી જમીન ખોદીને એમાં જ શૌચ જાય છે. પછી પગવતી જ એના ઉપર માટી ઢાંકી દે છે. આજ ટેવ એ એનાં બચ્ચાને પણ વારસામા આપે છે.

હવે આપણે આપણો વિચાર કરીએ. આપણે તો જાહેર મકાનના બેસવાના એ ટલા આગળ થુંકે, ગળ. લીંટ અને દાતણની ચીરીઓ ફેંકીએ છીએ. કેટલાક તો રાત્રે ઓટલે સુવા આવે છે, એ ત્યાં જ પિશાબ કરવા બેસી જાય છે. આ તો ખાવા બેસવુ ત્યાં જ લોટે બેસવા જેવુ થયું

ચીરીઓ કચરાની ઢગલીમા નાખી હોય તો? -

અને પિશાબ કરવા માટે તો આપણે નજીકમાં જ સુન્દર મુતરડીઓ બંધાવી છે.

તા. ૧૨–૯–૪૫

૨૭

તાલીમ લઇને આવી ગયા છે

આપણે ત્યાંના ગોવિંદ, શેઠ અને મૂળજીભાઈ નડિયાદ જઇને ત્યા ઉઘડેલા વર્ગમા દસ દિવસની સેવાદળની તાલીમ લઈ આવ્યા છે.

આવતી કાલથી તેઓ આપણા વ્યાયામ મંદિરમાં નવા નવા દાવો તથા ત્યાંથી શીખી લાવ્યા છે એ કસરત–કવાયત શીખવવા આવશે.

તા. ૧૨–૯–૪૫

૨૮
અભ્યાસગૃહની માગણી

મારી પાસે અહીંના કોઈ કોઈ વિદ્યાર્થી "તમે પહેલા જેવું અભ્યાસગૃહ કાઢોને !" એવી માગણી કરે છે. હું કહું છું કે જોઈશ ગઈ કાલે જ આપણે ત્યાંના હાલમા કોલેજમાં ભણતા વિદ્યાર્થીએ પણ કહ્યું કે તમે પહેલાં ચલાવતા એવું અભ્યાસગૃહ ફરી શરૂ કરો. એથી અમને તો બહુ લાભ થયો છે.

હાલમા અંગ્રેજી ભણવા જતા વિદ્યાર્થીઓને જોઈને મને પણ એમ તો થાય છે કે અભ્યાસગૃહ નીકળે તો આ વિદ્યાર્થીઓને સારો ફાયદો થાય.

પણ મારી એક મુશ્કેલી છે. આપણી પાસે પહેલા અભ્યાસગૃહ માટે ફાજલ હતું એ ચોરાનુ મકાન હાલમાં ભાડે આપેલુ છે.

એમ છતાં અભ્યાસ કરવાની ખરેખર તમન્નાવાળા વિદ્યાર્થીઓ તૈયાર થાય તો એ અંગે હું જરૂર કંઈક વિચાર પણ કરું અને ઉપાય પણ શોધું. એવા કોણ કોણ છે ? એ મને જણાવી જાય.

તા. ૧૩-૯-૪૫

૨૯
આપણે ત્યાંના મતદારો

મુંબઈ ધારાસભાની ચૂંટણી અંગે મત આપનારની યાદીમા આપણાં બાવીસો માણસોની વસ્તી વાળાં ગામમાં સરકારે ફક્ત ૩૮૫ નામો બહાર પાડયા છે. એમાંના ૪૦ તો દેવલોક થઈ ગયા છે અને બીજા સવાસો જેટલા એમના કાયદાની દૃષ્ટિએ-મત આપવાના અધિકારી છે, પણ એમનાં નામો નથી. એમ છતાં સરકાર જાહેર કરે છે કે યાદીઓ સંપૂર્ણ છે !

તા. ૧૫મી પહેલાં રહી ગયા હોય એમણે જિલ્લા કલેકટરને અરજી કરી દેવી જોઈએ. પણ કોણ રહી ગયા છે, એ જાણવા માટે સરકારે બહાર પાડેલી યાદી તો જોવી જોઈએને. તા. ૧૩મી સુધી આપણા ચોરાના મુખી તલાટી પાસે એ યાદી આવી નથી. હવે ક્યાંથી જોવું અને શી રીતે અરજી કરવી ?

આવી ચાલુ તંત્રની જાહેરાતો બહાર પડે છે !

આપણે આણંદ સમિતિમાંથી એક યાદી મેળવી શકયા છીએ, એને આધારે ૬૫ અરજીઓ આપણે વખતસર મોકલાવી શકયા છીએ પણ હજી ઘણી અરજીઓ મોકલવાની છે. એ માન્ય રખાશે કે મુદત ચાલી ગઈ એ તો આ સરકાર જાણે. આપણે તો આપણી અરજીઓ મોકલીશું જ.

તા. ૧૪-૯-૪૫

૩૦
સૂતર ભેટ

રેંટિયા બારસ નજીક આવી રહી છે. હવે એને સત્તર દિવસ બાકી રહ્યા છે.

ગાંધીજીના જન્મદિવસે કેટલાક ભાઈ બહેનો એમને નાણાંની થેલીઓ ભેટ મોકલતા. ગાંધીજીએ જાહેર કર્યું છે કે મને તમે નાણાંની ભેટ મોકલો એના કરતા તમારા હાથે કાંતેલા સુતરની આંટીઓ મોકલો તો હું વધારે રાજી થાઉં.

એથી આ વખતે ગામગામથી કેટલાક ભાવનાશીલ ભાઈ બહેનો એમને સુતરની આંટીઓ ભેટ મોકલવાનાં છે. આપણે આપણાં ગામમાથી પણ થોડી આંટીઓ મોકલાવશું ને ?

જેમને જેટલી આંટીઓ મોકલવાની ઊર્મિ થાય એ એટલી આંટીઓ પોતાનું નામ ઠામ લખીને તારીખ ૧૨મી પહેલાં મને આપી જાય.

તા. ૧૫-૯-૪૫

૩૧
ઊંચ નીચના ભેદ ટાળો

જેમ ગાંધીજીને રેંટિયો વહાલો છે અને એ રસ્તે ચાલવાથી જ આપણું સાચું સ્વરાજ્ય આવવાનું છે એવું એમનું માનવું છે, એમ ઊંચ નીચના ભેદે અને આભડછેટે આપણા સમાજને વેરણછેરણ કરી નાખ્યો છે એ પણ એમની દૃઢ માન્યતા છે.

જો આપણે સ્વરાજ્ય મારેની લાયકાત કેળવવી હોય તો એકતા સ્થાપવી જોઈએ. આપણા સમાજમાં આવનાર કોઈને પણ હલકા ગણીને તુચ્છકારતા અટકી જવું જોઈએ.

એ તો એમ પણ કહે છે કે આફ્રિકામાં આપણને હરિજનથી પણ હલકા ગણવામાં આવે છે, એ આપણે આપણી આજુબાજુના હરિજનો પ્રત્યે આજસુધી જે વર્તાવ રાખ્યો છે એનું ફળ છે, એટલે આજસુધી કરેલા પાપનું આપણે પ્રાયશ્ચિત કરવું જોઈએ.

આ વિચારને લક્ષમા લઈને તા. ૧૩-૯-૪૫ના "ગુજરાત સમાચાર"માં હિંદુ કુટુંબોને જાહેર વિનંતિ કરવામાં આવી છે કે આગામી ગાંધી-સપ્તાહ પ્રસંગે અમદાવાદના છ હિંદુ કુટુંબો હરિજન ભાઈઓને પોતાને ઘેર ચાપાણી યા તો જમવા માટેના આમંત્રણ આપે એવું ઇચ્છીએ છીએ.

આ જ જાતની વિનંતિ બીજા જિલ્લાને પણ થઈ છે. આપણે ત્યાંથી આવો વિચાર કોણ કોણ કરે છે ?

આ બધા પાછળનો મુખ્ય હેતુ એક જ છે કે જીવનમાંથી ઊંચ નીચના અને ખોટી મોટાઈના ખ્યાલો દૂર કરવા

તા. ૧૬-૯-૪૫

માલતીબહેનનું ઓપરેશન !

લેખક : સ્વાઈ જ્યોતિન્દ્ર

માલતી બેનને તમે ઓળખો છો?

હસમુખાં, મળતાવડાં, ખૂબ જ વાંચનારાં, નિયમિત જીવન જીવનારના તે માલતી બેને તમને જમવા નોતર્યા હોય અને ચાલતાં કે બસમાં પાંચ મિનિટ એમને બંગલે પહોંચતાં મોડું થાય તો તમારે અગિયારસ સમજી લેવી. માલતીબેન જમવા બેસી જ જાય. આઠ વાગે એટલે આઠજ વાગે. પણ આઠ એટલે આઠ, નવ કોઈ કહેતું નથી. પણ માલતીબેન આઠના આઠ જ કરતાં, વારંવાર બોલતાં. બાર મૂકી સંભળાવતાં,- નિયમિતપણાનો બોધપાઠ આપતાં.

તમે પૂછશો કે પણ પાંચ મિનિટ મોડું થાય અને માલતીબેન જમવા બેસી જાય તો એ કંઈ પાંચ મિનિટમાં થોડા જ જમી લે છે-મહેમાનને પછી પણ મોડા મોડા પણ સાથે બેસાડે તો ખરાને?

મારો જ દાખલો લ્યોને. હું તો બસમાં ગયો હતો, પણ બસ થોડી મોડી થઇ. બસ મોડી થઈ કારણ માલતી બેનના બંગલામાં થીજી રહેતી આઠ નવ મોટરગાડી જરા બાંધી રાખેલા ઘોડાની માફક તેજીલી ચાલે દોડતી હતી, તેની અડફટે અમારી બસ મોટર ચઢી, અને અમે રસ્તે જરા સલવાઈ પડયા. એમ મોડું થયું, પણ પાંચ મિનિટજ, અને માલતીબેન જમવા બેસી ગયાં હતાં.

મને, મહેમાનને, નાહકની વિવેકબાજીમાં વખત બગાડયા વિના શરૂ તો કરાવ્યું, અને માંડ માંડ બે કોળીઆ નહિ ભર્યા હોય ત્યાં પચ્ચીશમી વાર સાંભળેલું શ્રી. માલતીબેનનું નિયમિત પુરાણ શરૂ થયું.

"વખત એટલે વખત આઠ એટલે આઠ જ એમ ઘણી વસ્તુઓ જે છે તે તે જ, એમ મને મનાવી. ફિલસૂફીમાં એક જાણીની વાત છે. છે છે ને નથી નથી નથી નથી અને છે છે. છે નથી અને છતાં છે. તેમ જ છે નથી અને નથી જ. અદ્વૈતના દ્વંદ્વ યુદ્ધમાં આ શસ્ત્રોનો ખાસ વપરાશ માલમ પડે છે. પણ માલતીબેન તો મૌલિક તત્વજ્ઞાન નિયમ જીવતાં હતાં. આ વખત એમની બુદ્ધિ જરા ખીલી. કોઇક વાર એમ ખીલી જતી. "આઠ એટલે આઠનો ટકોરો જ." જ રહ્યો, પણ એમાં ટકોરો ઉમેરાયો. જીભનો તેમ જ એમના હાથનો, દાળની વાટકી ઉછળતાં જરા બચી ગઈ, નહીં તો સાડી ચારસોની સાડી બગડત અને નિયમિતપણામાં ગાબડું પડત.

કારણ એ સાડી પાછી ક્યારે પહેરાશે એની એમની પાસે ક્રમવાર નિશ્ચિંત યાદી હતી સાડી લેવાણી, પછી પહેરાણી, પાછી ક્યારે ધોવાણી, ફરી કેટલી વાર કબાટમાં મૂકાણી, એ પહેલી પહેરી ત્યારે એ પ્રસંગની ઘડી કેમ ઉજવાણી, અને એની પાછી ઘડી કેમ કરાણી એ બધું એમને યાદ.

હશે, દાળના વાટકે તો દયા આણી અને ન ઉછળ્યો, પણ માલતીબેને એ ઉછળત તો શું થાત અને એમાં ખાસ કરીને એ સાડી બગડત તો શું થાત વગેરે ઉપર જણાવેલી બધી જ શંકાઓ ઊભી કરી, અને એને નાબૂદ પણ કરી.

પણ પછી તો આઠના ટકોરા ઉપર પાછા ફરકયા. ફલાણા ભાઇ, ઢીંકણા બેન, જે જે ઈસમો મારી જેમ થોડાઘણા મોડા અને મોડાં જ શા સારૂ, વહેલાં પણ થયા હશે તેમના બધા પ્રસંગો ગણીગણી ગણી કહી સંભળાવ્યા.

"નન્નુભાઈ વીશ મિનિટ વહેલા આવ્યા. તો યે મેં તો એમને બેસાડી મૂકયા. આઠ એટલે આઠ જ, સાત ઓગણપચાસ નહીં કે આઠ એક નહીં સાત ઉડવાલીશ પણ નહી અને પેલી મેર આઠ બે નહીં. આ લખું છું તે લખતાં મને કંટાળો આવે છે. તમને વાંચતા તો આવશે જ. ત્યારે ભલા વાચકો, વિચાર કરો કે જમતા જમવાની શરૂઆતમાં પાંચ મિનિટની ઢીલ માટે આઠ એટલે આઠ જ, અને તે સાત એકત્રીશ નહીં, કે આઠ બત્રીશ નહીં, એ ચાલ્યા કરે તો જમો શું તમે-અગિયારસ નહીં તો સાંભળેલી અગિયારસ, ચપટી સેવ ખવાઈ ગઇ તેમ, પણ તેથી કંઈ પેટ ભરાય બાપુ!

એ આપણા માલતી બેન, પચ્ચુ પંખી એટલે કે પંચ્યુઅલ પંખી સમતા પંખી, રમતા પંખી, ઊડતાં પંખી, હોય છે તેમ. ગયે જન્મે પાંચ આંગળીએ પૂજ્ય કરેલા એટલે આ જન્મે જન્મ્યા ત્યારે રૂપેરી ચમચો તો સમજ્યા, પણ સોનાની થાળી હીરાજડિત વેલણે મળી હતી. હવે વેલણો કંઈ હીરાજડિત આવતાં નથી, પણ સુરો કહેવાનો એટલો કે જન્મ્યા ત્યારે બાપ પાસે લાખોની દોલત અને લડાઈના વેગે કરેલી થએલી. એના બાલપણના ઘડતરમા બે આયા, ચાર નોકરોનો ફાળો પણ હતો, નોકર શબ્દમાં ફક્ત પુરુષોનો જ સમાવેશ થાય છે, એટલે આયાઓને છૂટી ગણવાની અને સહઅભિનય કે સહશિક્ષણમા પુરુષ અને સ્ત્રી ભેગા થતાં પ્રેમમાં પડવાનો કે પરણી બેસવાનો જે ભય ઊભો થાય છે, અને એ ભય સાચો પણ પડે છે, તેવી પરિસ્થિતિ આયા અને નોકરમા એમની કેળવણીને અભાવે ઊભી થતી નથી. એટલે બે આયા, ચાર નોકરો, છ શોફરો, ત્રણ માળી અને બે દરવાન વગેરેએ વારાફરતી એને ઊંચકી, ગાલે ટપલી મારી, માથે હાથ ફેરવી, ગલીપચી કરી, રમાડી ફેરવી ઉછેરી હતી.

આયા અંગ્રેજ હતી અંગ્રેજ એટલે બ્રિટિશ આપણે માનીએ છીએ કે બ્રિટિશરો ફક્ત અહીં રાજ્ય જ કરવા આવે છે, એ વાત ખોટી છે. વાઈસરોયો ગવર્નરો, કલેકટરો, મેનેજરો, ઈજનેરો, ડાકટરો, સેક્રેટરીઓ, રેલ્વેના વડાઓ, જુદાં જુદાં ખાતાના વડાઓ, કોલેજના પ્રીન્સીપાલો, ધર્મના ખાતાના વડાઓ, પાદરીઓ, સાધુઓ, રમત ગમતના ખાંઓ, નિષ્ણાતો, ખાસ કમિટિના સભ્યો, અને સેવર સેલજરો તો ખરા જ, એ બધા બ્રિટિશો દમદમબધ આવે છે, પણ ડીમોક્રસી એટલે કે સ્વા-

તંત્ર્યની ભાવનાથી હમેશા તરબોળ રહેતી બીજા ધંધાઓ પણ એ લોકો કરે છે અને એ કરતા એમને શરમ પણ નથી આવતી એટલે આવા શુદ્ધ બ્રિટિશ હતી સો ટચનું સોનું, મા એસેક્ષની અને બાપ સસેક્ષનો. કોઈને શંકા થાય કે છેક ત્યાંથી આવાનો ધંધો કરવા હિન્દુસ્તાન સુધી આવી? પણ એમાં નવાઈ શું? હિન્દી પ્રજા છે તો કાળી, અણઘડ, બિનઅનુભવી, અને સંસ્કારી અને અંગ્રેજી બનવાનું બીડું તો બ્રિટને જ ઝડપ્યું છે. એ તો ભલભલા બ્રિટનવાસીઓને વારેવારે ભાર મૂકી કહેવું પડે છે અને આ બાજુ માવતી બેબીના માતાપિતા સરકારી અંગ્રેજી ગંગેલા સુધ રેશા, હિન્દુસ્તાનની આબાદ સુધારાની ધગશવાળા, દેશને ફાયદો થાય તે લેવા વાળા, એટલે સગભગ બધી જ બાબતોમાં દેશી વસ્તુઓ કરતા બ્રિટિશ વસ્તુઓ જ વાપરતા અણઘડ, બિનકેળવાયેલી, મૂરખ, ગમાર, અણસમજુ, ફુવડ, મેલી, ગંદી, કાળી ગામડી આયા કરતા અંગ્રેજ આયા હજાર દરજ્જે સારી અને વાર કરી પૂગ શતા એ ત્યાંથી આવવા તૈયાર હતી એનો વર મૅંચેસ્ટરમાં એક મિલમાં નોકરી કરતો હતો એણે હા પાડી એટલે બ્રિટિશ આયા હિન્દ ઊતરી અને ખાસ કૅબિનમાં મુસાફરી એટલે આવી ત્યારે એની તબિયત પણ સારી હતી

પણ આવા જ શા માટે? ઘણા બ્રિટિશ શહેરીઓ હિન્દમાં નોકરી કરવા આવે છે એ આયાનો ભાઈ એક રાજાને ત્યાં શૉફર હતો ઘેલો હાથી મહાવતની જગ્યાએ અને એ શૉફરનો સાઢુ રેસના ઘોડાનો અસવાર બનતો. એ જોડીની સાળી એક મહારાજાની ઉપ-વધુ તરીકે રહેતી હતી અને એ લગભગ મહારાણી જેવી હતી અને એ સગભગ મહારાણી જેવી સાળીની માશી તો છાપી મુંબઈમાં એક કાળી કેરટેકરનો ધંધો કરતી

પણ આ સગાવહાલા છોડી વિશાળ દૃષ્ટિથી તપાસ શરૂ કરીએ તો ઘણા બ્રિટિશરો અનેક પ્રકારની નોકરી કરતા જણાશે

આ આપણા માવતીબેન, અને એનો એમનો ઉછેર જમીન ઉપર એમણે પગ નથી મૂક્યો જરા મોટા થતા ઘરડા ફોઈ બાએ પોતાને ઘર જમવા તેડ્યા ત્યારે એના હાથમાં ફોઈએ હોંસે હોંસે મહા-મહેનતે સાચવી એકઠા કરેલા બે રૂપિયા મૂક્યા તે ફેંકી દીધા ત્યારે ફોઈ પાછા લેવા ગયા તે સમયે ફોઈએ એને બે મિનિટ માટે નીચે જમીન ઉપર મૂકી હતી, ત્યારે ધરતીમાતા સાથે એમના પાદપંકજનો કમનસીબ સ્પર્શ થયો હતો તે જ બાકી તો આરસ, સિમેન્ટ, ગાલીચાની પગથારો એમને ખૂંદવી રહી પણ તેમાંયે મોટા ભાગનો સ્પર્શ તો ચામડાનો, પગરખાં વિના તો બહેનબા ફરે જ નહીંને.

પણ આ બધી આગ વાતો છે આપણે માવતીબેનનું એક ટૂંકું રેખાચિત્ર જોઈ લઈએ એમની રેખા હાથની બહુ સારી, એટલે સુખી કુટુમ્બમાં જન્મ શરીર રેખામાં સ્થૂળ દેહ પ્રમાણમાં જરા વધારે પુરાયેલો, અને એ સ્થૂળ શરીરમાં સૂક્ષ્મ આત્મા અગ્રેસર રૂપે જ રહેલો. રંગના શોખીન, પુષ્પના પ્રેમી, ફરવાને ઈંતેજાર, સુગંધના સંઘરનાર, અને અઢળક અંગ્રેજી પુસ્તકોના વાચનાર અત્યાર સુધીમાં બાર જાતની મોટરમાં બેઠેલા, સેર પરદેશ ફરેલા, અને દસ ઓટોગ્રાફ બુક ભરેલી, બીજાઓની સહીઓથી એમાં એકમાં પોલ રોબસનની સહી હતી, તે જ પાના ઉપર પોલ રીશારની સહી હતી એની સામે ઇબ્રાહીમની સહી હતી અને એની પાછળ મહાત્મા ગાંધીની સહી હતી

આ ઇબ્રાહીમ કોણ? કે રહી એટલે કે ક્રિકેટર જે દિવસે એણે સેંચુરી કરી તે જ દિવસે એમણે એ સહી મેળવી હતી. ગાંધીજીના સહીવાળા પાના ઉપર જ બે એની પાસે સહી કરાવી હોત તો હિન્દુ મુસ્લિમ એકતા સાધવાનો કેવો સુંદર યોગ નિપજી આવત! પણ કદાચ ગાંધીજી જ સહી ન કરત, કારણ ઇબ્રાહીમ પારસીઓ સામે એટલે કે કોમી ક્રિકેટમાં રમી નોંધાયો હતો

એમને મિત્રો બહુ પણ મુખ્યત્વે તો ચાર જાતના. એક પીતા, બીજા વર્ગમાં પાણીપીતા, ત્રીજા અમરસ, ચોથા ખાસ. એ બધામાંથી વારંવાર કેટલાને પોતે આ પીતા બોલાવતા, તેનો આધાર એમના ગમવા ન ગમવા ઉપર રહેતો એટલે કે એમને જે દિવસે ગમતું ન હોય તે દિવસે. એથી પણ જે કોઈ આવતું તેને નિયમિતપણે રાખવું પડતું આઠ તો આઠ જ આ વખતે આઠ અરધે ચાર પણ પછી ચાર એટલે ચાર જ

પણ આપણે વળી પાછા મૂળ વાત પરથી આઘા નીકળી ગયા તમને કંટાળો આવતો હશે પણ માવતીબેનના ઓપરેશનની વાત એમની આખી અધૂરી ઓળખાણ વિના કેમ કહી શકું એમના આદ જીવનની ધન્ય ક્ષણોમાંની કેટલીક અનિવાર્ય એવી ઘટનાઓ આપણે જાણીએ નહીં તો આપણે જ એમાં ગુમાવવાપણું રહે છે એમનું લોહી તદ્દન શુદ્ધ હતું એટલે કે વૈજ્ઞાનિક હતું દર મહિને એ ડૉક્ટરો પાસે પોતાના લોહીનું પૃથક્કરણ કરાવતા એવા બ્લડરિપોર્ટની આખી નોંધપોથી રહેતી

આ માટે એ બહારનું પાણી સાખું પીતા નહીં ભલભલી જગ્યાએ એ ખાવા ગયા હોય ત્યાં પાણી ઉકાળેલું છે કે નહીં તેની ખાત્રી કરતા નહીં તો ઠાળવતા કરાવતા, અને પછી એવું મોટું પાણી પીતા એથી કોઈ પણ પ્રકારના બહારના જંતુ એમના શરીરમાં પ્રવેશી શકતા જ નહીં એમની પાસે જુદી જુદી જાતની થોડીક થરમોસો હતી. ચાની, કૉફીની, કોકોની, પાણીની, ફળરસની, છાશની, એવી દરેક પેય વસ્તુની અલગ-દરી થરમોસો રહેતી અને બહાર જ્યાં જાય ત્યારે એ આખી પલટણ સાથે ફરતી

એથી એ માંદા ભાગ્યે જ પડતા જ નહીં છતાં બંગલાને બદલે દરમ્યાન કોઈ ગમે તે ભલકાઈને અસર પૂરી નહિ થવા દે એની દેખરેખ રાખતો, તેમ એક કુટુમ્બી ડૉક્ટર ઉપરાંત એમણે બહેને ખાસ પોતાનો એક ડૉક્ટર રાખ્યો હતો, તે રોજ સવારે એની નાડી, હૃદયના ધબકારા તપાસતો, ઉપરાંત એમના શરીરમાં દરવાજાના વિવિધ રસોના પૃથક્કરણ કરતો, અને વિટામિન તત્ત્વોની વધઘટની રોજિંદી યાદી બહાર પાડતો. આથી એ માંદા પડતા જ નહીં.

નિરંજન શર્માને તમે ઓળખો છો? નવલકથા ઘસડે છે એમા ક્યાંક ક્યાંક ગોઠવેલા તુક્કાઓને વૈજ્ઞાનિક સિદ્ધાંતોમા ઘટાવી, તેને સત્ય સ્વરૂપ પણ આપે છે માલતીબેને એની એક નવલકથા વાંચેલી, એથી જરા એમને માટે માન પેદા થએલુ અને અકસ્માત મેળો ભેટો થઇ ગયેલો તે વિરલ ઘડીએ શ્રી નિરંજન શર્માએ જંતુશાસ્ત્ર ઉપર સારો વાર્તાલાપ કર્યો હતો અને ફળાદિના રસો પીવામા પણ ખૂબ કાળજી રાખવા આગ્રહ કર્યો હતો એ સુંદર મનનીય બોધ ત્યક વેધક વાર્તાલાપને પરિણામે માલતીબેને ત્રણ ચાર વર્ષથી ખૂબ કાળજી લઈ પોતાના બંગલાની આસપાસની વિસ્તીર્ણ જગ્યામા જંગી ખર્ચે લગભગ દરેક જાતના ફળોના ઝાડો ઉગાડ્યા હતા ફક્ત દ્રાક્ષનો માંડવો નહોતો બંધાવી શકાતો, ફળ નાનું પણ માવજત મોટી, એટલે નારંગી, સંત્રા, દાડમ વગેરે સારા પ્રમાણમા ઉગાડવામા આવતા માલતીબેન એ ફળોનો રસ જ પીતા

એ વાડીમા એકાદ દિવસ અચાનક ગુજરાત વર્નાક્યુલર સોસાયટીવાળા જાણીતા ડૉ મચ્છર ચઢી આવ્યા અને નિરંજન શર્માં માફક એમણે સ્વચ્છતા ઉપર અભ્યાસપૂર્ણ ભાષણ આપી દીધું જંતુ ગમે ત્યા પાકે છે અને એને અટકાવવા ખૂબ કાળજી રાખવાની જરૂર છે એવા અનેક વિધાનોવાળા પ્રવચનને પરિણામે માલતીબહેને એ ફળોના રસમા કોઈ જંતુ મૂળથી પણ જંતુ ન પેસે એ માટે ઝાડને પાણી પાવામા પણ પાણીમા જંતુ વિના શક દવાનો ઉપયોગ કરાવ્યો યાને છોડ વાની આસપાસ ફિનાઇલ વિગેરે છાટવામા આવતુ

એક દિવસ જ્યોતિન્દ્ર દવે માલતી બહેનના મહેમાન બન્યા હતા જમવામા અને દવે સાહેબને આઠ એટલે આઠ જ એની બરાબર ખબર હતી તે હાથમા જ આવારામ ઘડિયાળ લઇને બરાબર વખતે જ જઈ પહોચ્યા હતા બંગલાના દરવાન આગળથી તો એ સાત છપને જ પસાર થયા એમની ગણતરી તો હિટલરની માફક સાત પચાવનની હતી, પણ દરવાને જરા સવાલ જવાબમાં મિનિટ વધારે લઈ લીધી એમ એમની ગણતરી ઊંધી વળી પણ એમ તો હિટલરની ગણતરી પણ ક્યાં ઊંધી નહોતી વળી?

પણ જ્યોતિન્દ્ર દવે તો હિંમતથી પણ વધ્યા વાડીનો ત્રણ મિનિટનો રસ્તો એમણે બે મિનિટમા કાપ્યો, અને પોર્ટિકોમા બરાબર સાત ને ઓગણપચાસે આવી પહોંચ્યા તરત માલતીબેનને ખબર આપવામા આવ્યા, અને બરાબર આઠે એ શ્રી જ્યોતિન્દ્ર દવેનું સ્વાગત કરે તે પહેલા તો અલાગમ ઘડિયાળે ડંકા બજાવી દીધો, અને તે લગભગ ત્રણેક મિનિટ સુધી ચાલુ રહી પરિણામે આઠને ત્રણે માલતી બેન આવ્યા અને જ્યોતિન્દ્રે ઘડિયાળ બતાવી દીધું અને બોલ્યા પણ ખરા "આઠ એટલે આઠ જ હું વિચારમા ડૂબી ન જાઉ એટલે આ આવારામ સાથે જ લાવ્યો હતો હવે આ ઘડિયાળ તમને ઇનામ એટલે ભવિષ્યમા તમે બે મિનિટ મોડા નહી પડો "

તે સાંજે જમ્યા પછી બહુ વાતો ચાલી એમા ફળોના રસની વાતો પણ આવી એ સુભગ પ્રસંગનો પરસ્પર વાર્તાલાપમાનો રસટુકડો આ રહ્યો

માલતીબેન લડાઇના સબંધમા તમે શું ધારો છો

જ્યોતિન્દ્ર લડાઈ અને ધારવું એ બેને કશો જ સબંધ હોઇ ન શકે ધરીને લડાઇ થતી નથી લડાઇમા ધારવા ઉપર હુમલા થતા નથી

માલતીબેન તમે મને સમજાયા લાગતા નથી

જ્યોતિન્દ્ર મારે પણ એ જ કહેવાનું છે

માલતીબેન તમે ઇલિયટ વાંચ્યો છે?

જ્યોતિન્દ્ર ઇલિયટ કોણે નહી વાંચ્યો હોય? પણ અરાલવાળા મને એના કરતા વધારે અપીલ કરે છે, રસપ્રદ અને મનોરંજક, બુદ્ધિઉત્તેજક અને હૃદયંગમ લાગે છે

માલતીબેન અરાલવાળા કોણ?

જ્યોતિન્દ્ર એક મિલમજુર છે

માલતીબેન હું તો કવિ ઇલિયટની વાત કરું છું

જ્યોતિન્દ્ર અરાલવાળા પણ કવિ છે

વચગાળે શ્રી જ્યોતિન્દ્ર દવેએ કરેલા ગ્રહો, અદ્ધર ફેંકેલા તુક્કાઓ, એ બધામાથી નિપજાવેલ હાસ્યરસ અને એમાથી ઉપજાવેલી ફિલસુફી હાલ તરત છોડી દઈએ અને સીધા ફળરસ વિષેની વાતચિત ઉપર જ આવીએ

માલતીબહેન મે મારા બાગમા જાતજાતના ફળો ઉગાડ્યા છે તમે શું ધારો છો? એ ફળો સબંધી મે ઘણા નિષ્ણાતોની સલાહ લીધી છે જે માટી માથી એ ઉગે છે, તે માટીમા એક પણ જાતનો ખરાબ જંતુ પેદા ન થઈ શકે એની હું કાળજી રાખું છું હમણાં થોડા દિવસ પહેલા મારે ત્યા પેલા જાણીતા ક્લબહાઉસ ડીનર પર આવ્યા હતા

જ્યોતિન્દ્ર પીજીનો ભાઇ

માલતીબહેન ના, પીજી જાતે જ

જ્યોતિન્દ્ર એ નામ આપી કોઈ બીજા તો નહોતા જમી ગયા ને?

માલતીબેન એવું કઇ બને?

જ્યોતિન્દ્ર કેમ નહિ બને? મારો જ દાખલો લ્યો હું જ્યોતિન્દ્ર જ છું, એની શી ખાત્રી તમે તો મને પહેલી જ વાર જુઓ છો ને? ઠીક, એણે શું કહ્યું?

માલતીબેન એણે કહ્યું કે આ નારંગી મોસંબી દાડમ વગેરે ઉપર જંતુઓ બેસે, મચ્છરો બેસે, અને રસ ચૂસવા કાણા બનાવે એટલે એ રસમા પણ જંતુઓ પ્રવેશે એટલા માટે તમે બધા જ ફળો ઉપર એકેક બિસ્વસનો ગાળો રહે એવી મચ્છરદાનીઓ બાંધો,

જ્યોતિન્દ્ર ફુગ્ગા જેવી

માલતીબેન શું?

જ્યોતિન્દ્ર કંઈ નહિ મને લાગે છે કે એક ઝાડના પચાસ ફળો ઉપર અલગ વારની મચ્છરદાનીઓ બાંધવી, એના કરતા આખા ઝાડ ઉપર જ મચ્છરદાની દઈએ તો તે સસ્તુ નહિ પડે?

માલતીબેન મે એ ગણતરી કરાવી

જોઈ છે પણ હું આદના સ્વતંત્ર વિકાસમાં માનું છું.

જ્યોતિન્દ્ર : હા, સમજ્યો, ફળની આશા રાખીને

માલતીબેન : આવી મચ્છરદાનીઓ ખાસ હેતુપૂર્વક તૈયાર કરાવવામાં આવી છે. એમાં નાની નાની સળીઓનું ચોકઠું બનાવી, એની ઉપર મચ્છરદાનીનું કપડું મઢી લેવામાં આવ્યું છે આજે ચાંદની છે, તમે આવશો, આપણે ત્યાં જઈને જોઈએ, ચાંદનીમાં બહુ સરસ લાગે છે.

અને બંને છત્ર ફલોદ્યાનમાં સરક્યાં. માલતીબેનનું પ્રવચન ચાલુ જ હતું.

"આથી તબિયતને કશો જ વાંધો આવતો નથી હું આજ રસ પીઉં છું. જમ્યા પછી તમે જે રસ પીધો તે પણ આજ ફળોનો આથી શુદ્ધ ફળરસ મેળવવાનો બીજો એકે ઉપાય જાણવામા નથી"

"આ દાડમ અને નાળિયેરી હોય તો નાળિયેર પર મચ્છરદાની બાંધવાની જરૂર નથી. એના પરો ભોકી જંતુઓ પેદા કરે એવા મચ્છરો હજી આપણે ત્યાં પાક્યા નથી."

"તમારો કેટલો આભાર માનું, ખરેખર મારી કેટલી બધી મચ્છરદાનીઓ બચશે.

"પણ હું તમને બધી જ મચ્છરદાનીઓ બચાવી શકાય એવો ઉપાય બતાવું," જ્યોતિન્દ્ર દવેએ જણાવ્યું.

"કહો કહો. હું તમારી અત્યંત આભારી થઈશ"

"જુઓ બહેન! તમે આ બધું જંતુઓથી બચવા કરો છો પણ માણસનું શરીર જ એવું છે કે એમાં ગમે ત્યાથી જંતુઓ પેસી જાય અને નહીં પેસી જાય તો અંદરને અંદર પેદા થાય છે. આ તન, મન, તબૂરો, હાડચામની કાયા, આ માસ લોહીનું પિંજર, એમાં અસંખ્ય જંતુઓ થાય છે, ઉછરાય છે, મરી જાય છે, નવા ઉદ્ભવે છે, કોઈ સારા, કેટલાક નઠારા, ચાલ્યા જ કરે છે. ગુજરાતી કવિઓએ પણ ગાયું છે, શરીરને ગંદકીનો ધાડવો કહો છે—"

"તો પછી પેલો ઉપાય કહો ને."

"આ ઝાડપાનના મૂળમાં તમે જંતુનાશક દવાએ રેડો છો, અને આ ફળોને બચાવવા આટલી બધી તકલીફ લ્યો છો. એને બદલે થોડુંક ફિનાઈલ તમે જ રોજ પીધા કરો તો આ દેહ રૂપી ઘડવો જંતુવિહિન જ રહેશે, અને ઘણી માથાકૂટ બચી જશે.

"કૃપાકરી ઊભા રહેશો, હું જરા નોંધ લઉં."

પછી એમણે ફિનાઈલપાન કર્યું કે નહી તે તો ખબર નથી; નહી જ કર્યું હોય; પણ એટલા કાળજી લેનારા; અને શરીર સ્વાસ્થ્ય સાચવનારાં શ્રી. માલતી બહેનનું ઓપરેશન છે, એવી વાત એકાએક મારે કાને પડી, અને હું ચોંકી ગયો.

અને તે પણ મુંબાઇમા સૌથી સારી હોસ્પીટલમા ગુજરાત મેઇલ લગભગ ભરાઈને મુંબઈ ગયો હતો. એટલે કે વચલા જ ત્રણચાર ડબ્બા પોતાનો ખાસ ડાક્ટર, કુટુંબનો ડાક્ટર, ફીઝીશીયન; સરજન; બધા મુંબાઇમાં ધમાલ માંડી રહ્યા હતા

મને થયું કે હું પણ જાઉં.

લગભગ જે મળે તે કહેતા, "માલતીબેનનું ઓપરેશન છે. લોહી તપાસાયું, બીજું ઘણું તપાસાયું. રિપોર્ટ ઉપર રિપોર્ટ, હાસ્પીતાલમા ખાસ સગવડ કરવામાં આવી છે. ફળોને રેફ્રીજરેટરમાં અમદાવાદથી મુંબાઈ આણવામાં આવે છે. ખબર પૂછવા આવનારાઓ માટે ખાસ નિયમો ઘડવામા આવ્યા છે. એમને જવાબ દેવા માટે ખાસ માણસો રોકવામાં આવ્યા છે. એમને જવાબો આપવા માટે અલાયદી તાલીમ આપવામા આવે છે. બાઇ માલતીબેનનું ઓપરેશન છે"

હું પહોંચ્યો સાંભળવા પ્રમાણે સહુ ભલા એમની ખબર લેવા આવે છે. જાય છે મને થયું હું યે જરા દિદાર સુધારીને જાઉં, પહેલાં તો એક સલૂનમાં જઈને વાળ સરખા કપાવ્યા, અને ત્રણ દિવસ પર એક મિત્રે કહેલું કે આ જટોરા તો ઠીક છે, પણ આ જંગલી વરૂ જેવા નખ વધાર્યા છે, તે તો કપાવ, સાવ રેઢો રહ્યો

બંને હાથના આંગળાંના નખ પણ કપાવી નાંખ્યા. સલૂનવાળો કાપે નહી. એના ખાસ પૈસા માગે પછી તો ઘેર જ ચપ્પુ લઈને કાપી નાંખ્યા અને નિશ્ચિંત સમયે હોસ્પીટલ પર હાજર થઈ ગયો.

કાર્ડ તો નહોતું, એટલે કાપલી પર નામ લખી આપવું પડ્યું. વાતાવરણ શાંત, અને ગંભીર હતું. સૌ કોઈ ધમધમ જોખીજોખીને બોલતા હતા. બહારના વહિવટદારે થોડી વારે પાછા આવી કહ્યું, બેસો. પણ બેસવાનો સમય તો હતો, પણ જગ્યા જ ક્યાં હતી? એટલે આપણે તો ઊભા.

દરમ્યાન આસપાસના ઓપરેશન સંબંધી વાતો કરતા હતા ગંભીર મોટે ડાક્ટરો ફરતા હતા કોઈ માંડમાંડ હસતા હતા. શ્રી માલતીબેન પર ઓપરેશન કયા કરવામાં આવ્યું છે, તો એટલી માહિતી મળી કે પગે પાટો છે એટલે પગે જ ઓપરેશન કરવામાં આવ્યું હશે.

અંતે મારે અંદર જવાનો વખત આવ્યો. માલતીબેન ફરતાં હતા. હોસ્પીટાલના ખાસ ઓરડાનું વાતાવરણ તો તમે જાણો છો. નર્સે બોલવાની ઇશારતે ના ફરમાવી, પણ નર્સ જરા મલકી—મારી ઓળખીતી નીકળી

મેં ખબર પૂછી, હંમેશા જે ઢબે પૂછાય તે રીતે, અને બહાર નીકળ્યો. નર્સ મારી પાછળ આવી એને મેં બહુ ધીમેથી પૂછ્યું કે ઓપરેશન શેનું છે?

નર્સે જવાબ આપ્યો કે જમણા પગના અંગૂઠાનો નખ પ્રમાણમાં જરા વધારે મોટો થઈ ગયો હતો, તે કપાવ્યો છે. વાઢકાપના કામમા હોશિયાર સાવધ અને ચાલાક એવા ડૉ. ગુડકે એ ઓપરેશન કર્યું છે કોણે કર્યું છે? મે પૂછ્યું, "ગુડકે! એ કોણ"

નર્સે કહ્યું. ખાસ અમેરિકાથી એરોપ્લેનમાં બોલાવવામા આવ્યા છે ત્યાની જાણીતી ક્લિનિના નિષ્ણાત છે

હું શોર્ટકટ લઈને સીધો ઘેર પહોંચી ગયો.

આયુર્વેદ અને નિસર્ગોપચાર

લેખક : રમણલાલ એન્જિનીઅર

ઊર્મિ-નવરચનાના જૂન-જુલાઈના અંકમાં છપાએલ એક લેખ 'નિસર્ગોપચારનાં કેટલાંક ભ્રષ્ટ સ્વરૂપો'ના જવાબરૂપે નીચેનું ચર્ચાપત્ર મારા મિત્ર પ્રાગજીભાઈ રાઠોડે મોકલ્યું છે. શ્રી પ્રાગજીભાઈનો આયુર્વેદ અને વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ ઊંડો છે.

'નિસર્ગોપચારનાં કેટલાંક ભ્રષ્ટ સ્વરૂપો'ના લેખક શ્રી 'સત્ય-શોધક' આયુર્વેદની બાબતમાં મારાજ વિચારોને અનુસર્યા છે, એટલે આ ચર્ચાપત્રનો જવાબ આપવાનું કામ મેં માથે લીધું છે. સૌથી પહેલાં તો આ લોકોપકારક બાબતની ચર્ચા ઉપાડવા માટે હું ભાઈ પ્રાગજીભાઈને અભિનંદન આપું છું. અનેક વૈદ-દાક્તરો ખાનગીમાં નિસર્ગોપચાર વિરુદ્ધ ઘણું જ કહેતા હોય છે, પણ જાહેર ચર્ચા કરવા ભાગ્યે જ કોઈ આગળ આવે છે, એવો મારો અનુભવ છે.

દરેક વિષયમાં સત્ય શોધવા ઈચ્છતા માણસે પરમતસહિષ્ણુતા કેળવવી જોઈએ. એવી સહિષ્ણુતા કેળવવાનો અમારો લાંબા વખતથી પ્રયાસ છે. એના એક પુરાવા રૂપે એ જણાવવાની રજા લઈએ છીએ કે ઊર્મિ-નવરચનાના આરોગ્ય અને વૈદકના વિભાગના કોલમો અમારા ગમે તેવા પ્રખર વિરોધી સામાન્યજનો કે વૈદ-દાક્તરો માટે કાયમ ખુલ્લા હોય છે. શ્રી. પાઠકની પેઠે હું પણ મતભેદને જીવનની એક નિશાની સમજું છું. દરેક બાબત વિષે એકમત તો બે શબો થઈ શકે કે પછી બે પૂર્ણ-જ્ઞાનીઓ થઈ શકે. સર્વજ્ઞ હોવાનો મારો દાવો ના હોવાથી મારા વિષયમાં બીજાઓ પાસેથી જેટલું શીખી શકાય તેટલું શીખવા માટે હું હમેશાં આતુર હોઉં છું.

ભવિષ્યમા આવાં જ બીજા ચર્ચાપત્રો મોકલવા હું ભાઈ પ્રાગજીભાઈને વિનંતી કરું છું.

ચર્ચાપત્ર

પ્રિય ભાઈશ્રી 'સત્યશોધક'

આપનો "નિસર્ગોપચારનાં કેટલાંક ભ્રષ્ટ સ્વરૂપો" વાળો લેખ 'ઊર્મિ-નવરચના'ના જુલાઈ અંકમાં જોયા પછી આયુર્વેદ ઉપરનો આપનો અભિપ્રાય જોતાં આપે એ શાસ્ત્રને બરાબર સમજ્યા સિવાય અન્યાય કર્યો છે એમ મને લાગે છે.

"એનો ૯૦ ટકા ઉપરનો ભાગ અતિપ્રાચીન (Out of date) હોવાથી ત્યાજ્ય ઠરે છે." એમ આપ કહો છો હું આયુર્વેદના એક અદના વિદ્યાર્થી તરીકે આપની પાસે સમજવા અને જાણવા ઈચ્છું છું કે બાકીનો જે ભાગ ત્યાજ્ય નથી એમાં આયુર્વેદના કયા અંગનો આપે સ્વીકાર કર્યો છે? અને શા માટે? અને બીજાં અંગો શા માટે ત્યાજ્ય ઠરે છે? આપ એનાં કારણો સહિત જણાવશો?

પરંતુ આયુર્વેદ ઉપરની આપની માન્યતાનાં કારણે આપે જે સરખામણી આયુર્વેદ અને નિસર્ગોપચારની કરી છે એ આપની દૃષ્ટિએ કદાચ સાચી હશે, પણ સર્વસામાન્ય નિયમ તરીકે કોઈ પણ સામાન્ય જ્ઞાનવાળો મનુષ્ય એ ન સ્વીકારી શકે એવી છે. દાખલા તરીકે (૧) આપ એમ કહો છો કે આયુર્વેદ હિંદુસ્તાનમાં જન્મેલું પ્રાચીન શાસ્ત્ર છે નિસર્ગોપચાર જર્મની અને અમેરિકામાં જન્મેલું અર્વાચીન શાસ્ત્ર છે આમા આપને એક પૂછું કે કોઈ પણ શાસ્ત્રના સત્યાસત્યનો આધાર એ ક્યાં જન્મ્યું છે એના ઉપર હોઈ શકે ખરો? તો તો પછી કોઈ પણ પ્રજા કલ્યાણની વસ્તુનો બીજો દેશ ઉપયોગ જ ન કરી શકે. કારણ કે એ અમુક દેશમાં વિકસ્યું છે એટલા માટે જ એના પ્રત્યે સૂગ કે નફરત કેળવાય. જર્મની અને અમેરિકામા જન્મ્યું છે માટે એ સાચું અને હિંદુસ્તાનમાં જન્મ્યું છે માટે એ નકામું એમ શા માટે?

પ્રાચીન અર્વાચીનની વાત પણ કેવી વિચિત્ર લાગે છે? નવું એ જ સારું અને જૂનું એટલું તમામ ખરાબ એમ શું આપ માનો છો? સંસ્કૃત, ગ્રીક જેવી પુરાણી ભાષાઓ ઘણી પ્રાચીન હોવાના કારણે નકામી ગણી શકાશે ખરી?

એક વસ્તુ તો આપ સ્વીકારશો જ કે જેમાં પ્રજા પોતાના ઉત્કર્ષની કલ્યાણની ભાવના જુએ એને એ અપનાવે. કોઈ પણ આદર્શ કે ભાવના વિનાના શાસ્ત્રમા જનકલ્યાણની ભાવના હોઈ શકે ખરી?

જો આયુર્વેદમા કોઈ પણ પ્રકારનું બળ ન હોત તો પ્રજાએ એને ક્યારનું ય ઉથલાવી દીધું હોત આજે વરસોથી જે શાસ્ત્ર ટકી રહ્યું છે, અનેક હલ્લાઓમાં પણ જે પોતાપણું સાચવી રહ્યું છે એમાં શું કશું જ હૈયત નહિ હોય? અને આજે પણ હિંદના સાત લાખ ગામડામાં જેનો પ્રચાર છે, પ્રજા જેને પોતાના એક અંગ જેવા શાસ્ત્ર પ્રત્યે પ્રેમ અને મમતા બતાવે છે એ શું છે?

(૨) આપ કહો છો કે આયુર્વેદમાં જેમ લેખક જૂનો એમ એનું મહત્વ વિશેષ ગણાય છે નિસર્ગોપચારમાં લેખક જેમ નવો એમ એનું મહત્વ વિશેષ મનાય છે આ પણ કેવી દલીલ છે? જૂનો લેખક નકામો છે એમ શું આપ કહેવા માગો છો? કોઈ પણ શાસ્ત્ર એ ક્યારે અને કોણે લખ્યું છે એ શું એની ઉત્તમતાની પારાશીશી છે? તો તો પછી આપણા વેદગ્રંથો અતિ પ્રાચીન કાળમાં લખાયા છે, અને છતાં ય આજે દુનિયાનો અભ્યાસી વર્ગ એને ઉત્તમ સાહિત્ય તરીકે ગણે છે એ ભૂલ કરે છે એમ આપણે માનવું જોઈએ. કારણ કે એના પછી તો જાતિ, સમાજ અને એવા બીજા જીવન ઉપયોગી શાસ્ત્ર ઉપર ઘણાય પુસ્તકો નવામાં નવા લેખકોએ લખ્યા છે એ જ ઉત્તમ ઠરે. અને પેલા પ્રાચીન હોવાના કારણે

નક્કામા ઠરે, અને શાસ્ત્રની ઉત્તમતાનો આધાર એના લેખક ઉપર હોય છે કે એ શાસ્ત્રમા ભરેલા પ્રજા કલ્યાણના આદર્શો અને સાધના ઉપર ?

(૩) 'આયુર્વેદનું' વિજ્ઞાન પ્રાચીન તત્વજ્ઞાન ઉપર રચાયું છે નિસર્ગોપચારનું' વિજ્ઞાન અર્વાચીન સશોધનો ઉપર આધાર રાખે છે." આમાં આપ શું કહેવા માગો છો એ નથી સમજાતું. પ્રાચીન તત્વજ્ઞાન અને અર્વાચીન શોધખોળ એટલે શું ? કોઈ પણ વૈજ્ઞાનિક શાસ્ત્ર શોધખોળ વિના અસ્તિત્વમાં ન જ આવી શકે એમ તો આપ જ કહો છો તો પછી શું આયુર્વેદ વિજ્ઞાન નથી ? શુ તમે એમ માનો છો કે આયુર્વેદની ઔષધીય યોજના કોઈ પણ જાતના અખતરા કે શોધખોળ વિના જ શરૂ કરી દેવામા આવી છે ? ઘડીભર સ્વીકારીએ કે આમ જ બન્યુ છે તો પછી એમ પણ કેમ ન બને કે અનુમાનથી જે શાસ્ત્ર રચાયુ હોય એમા ભૂલો હોય દાખલા તરીકે સાઠોડી એક આયુર્વેદિક ઔષધ છે એનો ગુણ પેશાબ લાવવાનો–પસીનો લાવવાનો–સોજા ઉતારવાનો અને શક્તિ આપવાનો છે. રોજિંદા ઉપયોગમાં એ આમાનુ એકેય કાર્ય ન કરે તો એના લખનારાઓએ ગપ્પા માર્યા છે એમ કહી શકાય આયુર્વેદના ઔષધોમાથી એવાં કયા ઔષધો છે કે જે પોતાના ગુણ પ્રમાણેના કર્મો નથી બતાવી શકતા ? આપ એ જણાવશો ?

આયુર્વેદ એ ત્રિદોષવાદના પાયા ઉપર રચાયુ છે એ વાત સાચી છે. પણ રોગોની એકતાનો સિદ્ધાંત એટલે શુ ? એ એ સ્પષ્ટ કર્યું હોત તો નિસર્ગોપચારની નિદાનપદ્ધતિનો ચોક્કસ ખ્યાલ આવત રોગોની એકતા એટલે આપ દરદોના સ્પષ્ટ ચિહ્નો તો નથી કહેવા ને ? જો એમ હોય તો તો આયુર્વેદ એનાથીય આગળ જાય છે એ તો કહે છે કે કોઈ પણ દરદનું નિદાન અને ચિકિત્સા કેવળ એના ચિહ્નો ઉપર ન કરો પણ એ ચિહ્નો શા માટે ઉત્પન્ન થયા એનો વિચાર કરો.

આયુર્વેદની દૃષ્ટિએ નિદાન કરતી વખતે પાચ વસ્તુનો વિચાર કરવામાં આવે છે.

निदानं पूर्वरूपाणी रूपाण्युपशयस्तथा ।
संप्राप्ति श्चेती विज्ञानं रोगाणां पंचधास्मृतम् ॥

નિદાન, રૂપ, પૂર્વરૂપ, ઉપશય અને સંપ્રાપ્તિ એમ પાચ પ્રકારનો ઉત્તરોત્તર વિકાસ થતો સમેત ખ્યાલ આપતુ હોય એ રીતે જ નિદાન કરવામા આવે છે.

આ ઉપરાંત પણ સ્પર્શ, દર્શન વગેરેનો પણ રોગને સમજવા માટે ઉપયોગ કરવામા આવે છે આંખ, મુખ, જીભ, નખ વગેરેની પરીક્ષા નો પણ નિર્દેશ છે.

પણ આ બધાનો બાધો તો તમે કહો છો એમ ત્રિદોષવાદ ઉપર જ છે આ ત્રિદોષવાદને જરાપણ ઊંડે ઉતર્યા સિવાય એની તત્વદર્શી વર્ગને ઉંડા ઉતર્યા સિવાય એ કેવળ પોકળ લાગે છે. માત્ર મૂકવામાં આવે તો હું તો એને આ રીતે મૂકું.

મને લાગે છે કે તમે એટલું તો સ્વીકારશોજ કે શરીરને જીવંત સ્વરૂપમા રાખવા માટે ત્રણ વસ્તુની જરૂર છે. પોષણ, ગરમી અને ચેતન (ગતિ) આ ત્રણનું સંયોજન એ જ વાત, પિત્ત અને કફ કહી શકાય.

શરીરને પોષણની જરૂર છે એ કફ પૂરું પાડે છે શરીરને ગરમીની જરૂર છે એ પિત્ત પુરૂં પાડે છે. અને શરીરને ચેતન (ગતિ) વાળું રાખવાનું કાર્ય વાત દ્વારા થાય છે.

- આમ પોષણ, ગરમી અને ચેતન [ગતિ] એ જ વાત, પિત્ત, કફ છે આમા જેનું ઓછા વધતાપણું થાય એના ઉપર એ પ્રકારના રોગોની ગણના કરવામા આવી છે પણ આપણે એમા નહિ ઉતરીએ કારણ કે એ તો એક સ્વતંત્ર ચર્ચા બની જાય છે અત્યારે તો એટલું જ જરૂરનું છે કે ત્રિદોષવાદ એ કેવળ કલ્પનાના ગોળા નથી પણ એની પાછળ એક વૈજ્ઞાનિક સ્પષ્ટ ખ્યાલ છે.

આપ આગળ જતાં કહો છો કે "આયુર્વેદમાં ઔષધોપચાર ઉપર મુખ્ય આધાર છે નિસર્ગોપચારમાં રહેણીકરણીની શુદ્ધિ ઉપર મુખ્ય આધાર છે" આ વસ્તુ - પણ એકદમ અસત્ય છે હું આપને પૂછું છુ કે જેનું શાસ્ત્ર રોગના ચિહ્નોની ચિકિત્સા કરવાને બદલે કારણની ચિકિત્સા કરતુ હોય તેમા ઔષધોપચાર મુખ્ય હોઈ શકે ખરો ? અને ઔષધોપચાર એટલે શુ ? ઔષધની વ્યાખ્યા શું ? આયુર્વેદમાં તો ઉપવાસને પણ ઔષધ ગણવામાં આવ્યું છે. પાણી પણ એક ઔષધ જ છે अजीर्णे भेषजं वारी અને તાવના એક દર્દીને બે દિવસના ઉપવાસ કરાવી મોસંબીના રસ પીવડાવવો એને શું ઔષધોપચાર કહેવાશે ? તો તો પછી આપણે ખોરાક લઈએ છીએ એ પણ એક રીતે ઔષધમા જ આવી જાય છે.

સાચી વાત તો એ છે કે આયુર્વેદના પાયામાં ઔષધ તો પછી આવે છે પ્રથમ સ્થાન તો છે તમે કહો છો એમ રહેણીકરણીની શુદ્ધિનું અમારી દિનચર્યા, ઋતુચર્યા આ વસ્તુના પુરાવા રૂપે પડી છે અને પછી આવે છે રોગને અનુસારીને આયુર્વેદની પંચકર્મ વિધિ સ્નેહન, સ્વેદન વમન, વિરેચન અને બસ્તી આ એના પ્રકારો છે. આ પંચકર્મ વિધિદ્વારા શરીરના દોષોને દૂર કરવામા આવે છે અને પછી જ એ જરૂર જણાય તે ઔષધ આપવામાં આવે છે શાસ્ત્રનો આ આદેશ છે

નિસર્ગોપચારમા ટૂંક જલોપચાર, એનીમા, માટીના, વેપારના, આદીના પ્રયોગ વગેરેનું મહત્વ છે એટલું જ મહત્વ આ પંચકર્મ વિધિનુ આયુર્વેદે સ્વીકાર્યું છે અને તેય આજના જમાનામાં નહિ પણ વર્ષો પહેલા સંસ્કૃતિના ઉદય કાળે નિસર્ગોપચારની વાતો અહી આજે એકદમ નવી હોય, એ જમાનામાં તો અમેરિકનું વિકાસ પામતું શાસ્ત્ર હશે. પણ આજને તો એનો વર્ષો પહેલા ઉપયોગ થયો છે જે કલ્પના એનીમાની નિસર્ગોપચારકો માને છે એના કરતાં વધુ સારી બસ્તી (એનીમા)ની વાગ્ભટના સૂત્રસ્થાનમા કરવામાં આવી છે આપને વિનંતિ કરું છુ કે આપ એ જોઈ જશો અને પછી જ અભિપ્રાય આપો.

અને તમે જેને વેપરબાથ કહો છો એને અમે સ્વેદન કહીએ છીએ. ગામડાંના માણસો નાહ કહે છે. આમાં શું તફાવત છે? એટલું ખરું કે તમે એને જમાનાની કહેવાતી સુધરેલી રીતે રજુ કરો છો. કોઠીઓ બનાવો છો ખુરસી ગોઠવી દરદીને એમાં બેસાડી પેક કરી વરાળ આપો છો. અમારા ગરીબ દેશમાં આ ખર્ચ નથી પોસાતું, એટલે અમે તો એમને એમ ઘરમાનો ધાબળો શરીરે વીંટી લઇને કામ પતાવી લઈએ છીએ, આટલા સાધનના તફાવત સિવાય કોઈ સિધાતનો તફાવત છે ખરો?

તમારું માલીશ અને અમારા સ્નેહન અભ્યંગના પ્રકારો શું એક નથી? આમા ક્યાં ભેદ પડે છે એ બતાવશો. એક વાત સ્પષ્ટ છે કે તમે આ બધી વસ્તુને પ્રજાને શુ રુચે છે એ દૃષ્ટિએ નવા જમાનાનો ઓપ આપીને રજુ કરો છો બીજી રીતે કહુ તો શહેરોને જ પોસાય એટલા ખર્ચાળ રીતે એનો અમલ થાય છે–જરૂર આટલો આ બન્ને વચ્ચે તફાવત છે.

અને દવાની વાત આવે છે ત્યારે તો મને હસવું જ આવે છે. નિસર્ગોપચારમાં દવાને સ્થાન નથી એમ કહેનારાઓને વીટામીનની પેટન્ટ દવાઓ વાપરતા મેં મારી નજરે જોયા છે. અને આ આરોગ્યવિભાગના સંપાદક શ્રી રમણલાલ એન્જિનીઅર પોતે આવી બનાવટો વાપરે છે એમ કહેતા મને જરા પણ સંકોચ નથી જ્યારે અમે વૈદ્યો દવા આપીએ છીએ પણ અમારા ઔષધો હિન્દુસ્તાનની ભૂમિ ઉપર અનેક વનસ્પતિઓ થાય છે એમાથી જ પસંદ કરવામાં આવ્યા છે.' અમારા ઋષિમુનિઓએ એના અનેક અખતરાઓ કર્યા પછી એના ગુણ દોષ નક્કી કર્યા છે, આજે એનો ઉપયોગ અમને જ નહિ પણ પ્રાશ્ચાત્ય વિજ્ઞાનને પણ ઉપકારક બન્યો છે, હિંદની વનસ્પતિઓને રૂપાંતર કરીને બ્રિટિશ ફાર્માકોપિયા વાપરે છે જ્યારે અમે વૈદ્યો તો કુદરતી રીતે જ ઉત્પન્ન થયેલી વનસ્પતિઓનો ઉપયોગ કરીએ છીએ.

તમે નિસર્ગોપચારકો દવામા માનતા નથી એમ કહેનારાઓ જે ઉપચાર પદ્ધતિ અજમાવો છો એ જ ઔષધો છે એમ અમે આયુર્વેદ દૃષ્ટિએ કહીએ છીએ.

તમે દરદીને ભાજીઓ ખવડાવો છો. જુદા જુદા ફળફળાદિના રસો પીવડાવો છો એ શું છે? ભાજીમા રેચક ગુણ છે એનો વિચાર કરીને અમે એનો ઉપયોગ કરીએ એ ઔષધ અને તમે કુદરતી સારવારના ઓઠા નીચે મળશુદ્ધિ કરવા માટે એને વાપરો. એ ઔષધ નહિ એમ કહી શકાય?

સાચી રીતે તો આયુર્વેદ એ દવાનું શાસ્ત્ર જ નથી પણ આયુષ્યનું શાસ્ત્ર છે. મહર્ષિ ચરકે તો એના ગ્રંથની શરૂઆતમા જ કહ્યું છે કેઃ

> नरो हिताहार विहार सेवी
> समीक्ष्यकारी विषयेष्य शक्त
> दाता समः सत्य परः क्षमावान्
> आप्तोपसेवी स भवत्यरोगः

પણ આજે આ રીતે વર્તે છે કોણ? ધમાલિયા જીવનમાં રહેણીકરણી ઉપર ધ્યાન કોણ આપે છે? અને એનું પરિણામ આવે છે પેટનો બગાડ થવામાં પેટમાં સંગ્રહેલા મળથી જ રોગોના મૂળ નંખાય છે. તમારું નિદાન પણ આ પેટ બગડવાના કારણ ઉપર જ રચાયું છે ને?

सर्वेषामेव रोगाणाम्
निदानं कुपिता मला

આ શ્લોક આજના કોઇ જર્મન–કે અમેરિકન નવા યુગના લેખકનો તો નથી ને?

સાહેબ સત્યશોધક! આપે છેલ્લે તો લખવામાં માઝા મૂકી છે. આપ કહો છો કે અર્વાચીન વૈદકીય પ્રશ્નોનો ઉકેલ એ પ્રાચીન શાસ્ત્રથી નહિ આવી શકે સાચી વાત છે પણ આપને એક પ્રશ્ન પૂછું? આજના આ કહેવાતા નિસર્ગોપચારનો ઉદય કેટલા વખતથી થયો છે? જેટલો વખત થયો હોય તેટલા ગાળામાં હિંદને ઉપકારક થવામા એણે કેટલી સફળતા મેળવી છે? આ શાસ્ત્રના ઉદય પહેલા હિંદમા એના સ્વાસ્થ્યની રક્ષા કેમ થતી હતી? એ વખતે શું ભયંકર રોગચાળા અને રોગોની અંધાધૂંધી ચાલતી હતી અને આ શાસ્ત્રના અસ્તિત્વ પછી બંધ પડી ગઈ છે? અથવા ઓછી થઈ ગઈ છે?

સાચી વાત તો એથી વિરુદ્ધ છે. તમે કોઈ પણ ગામડે જાઓ, અને તપાસ કરો કે એ ગામમાં માણસો માંદા પડે છે ત્યારે શું કરે છે? એ કોઈ નિસર્ગોપચારકને શોધવા જાય છે કે ગામના પાદરેથી ગળો, લીંબડો કે આકડો લાવી એમાથી પોતાની રોગમુક્તિ, મેળવે છે?

આ મહાકાય વિશાળ ગરીબ દેશને તો ઓછામાં ઓછા ખર્ચે જેમાથી રોગમુક્તિ થાય એ જ પદ્ધતિ એને ઉપકારક થવાની. આયુર્વેદનો શાસ્ત્રીય પ્રચાર અને એનું જ્ઞાન એજ આજે તો દેશ માટે ઉપકારક છે, કારણ કે રોગની શાન્તિ માટે એજ પ્રદેશમાથી એને જે ઔષધની જરૂર હોય તે મળી રહે છે.

એટલે જે લોકો આયુર્વેદ નકામું છે, પુરાતત્વના સંગ્રહસ્થાનોમાં એને મૂકી દો એવું કહેનારાઓને મારી નમ્ર વિનતિ છે કે સમભાવ દૃષ્ટિથી આયુર્વેદને જુઓ અને પછી જ આપનો અભિપ્રાય આપો. હું તો એમ જ કહું છું કે આયુર્વેદ એ જ નિસર્ગોપચાર છે. પ્રજાએ એનો બુદ્ધિપૂર્વક અને જિજ્ઞાસાથી અભ્યાસ કરવો જોઇએ.

એક બીજી વાત પણ આ સ્થાને કહેવાનું મન થાય છે કે આજે જ્યાં જર્મની–અમેરિકા કે હિંદમા આ પદ્ધતિનો પ્રચાર કરવામાં આવ્યો છે. ત્યાં એનો લાભ ગામડાને કેટલો મળ્યો છે? આપણે એ ન ભૂલવું જોઇએ કે હિંદુસ્તાનમા તો શહેરો જ ઓછાં છે જ્યારે ગામડાં તો ૭ લાખ છે આ તમામ ઠેકાણે નિસર્ગોપચારની સારવાર પહોંચી શકશે ખરી? કારણ કે એના નિષ્ણાત વગર આ સારવાર લઈ શકાય એવું તો નથી લાગતું. બુદ્ધિથી ગમે તેટલું સમજતું હોય તો પણ તાવમાં

પાણીની ચાદરનો ઉપયોગ શાસ્ત્રી કરશે એવો ભય તો ભગભગા મહારથીને પણ લાગે છે એ તો તમે અનુભવ્યુ હશે જ એટલે જ એના નિષ્ણાત વગર સારવાર ન લઇ શકાય એમ હુ માનુ છુ. જ્યારે અમારા ઔષધોમા તાવમા ઉપવાસ કરવો અને ગળો લેવી આમા શુ ભય છે?

આ બધા પછી એક વાત જાહેર કરતા હુ શરમ અનુભવુ છુ આયુર્વેદને એની ઉચ્ચતમ કક્ષાએથી નીચે લાવી વર્તમાન પરિસ્થિતિમા લાવવા માટે એના ધંધાદારી રીતે લાભાલાભની દૃષ્ટિએ ઉપયોગ કરનારાઓ એના જવાબદાર છે એમ કહેતા મને જરા પણ સંકોચ નથી પણ એથી એ શાસ્ત્ર નકામુ છે એમ તો ન જ કહી શકાય

ભારતની નવી પેઢી આયુર્વેદના શાસ્ત્રીય અભ્યાસ તરફ આકર્ષાઈ છે અને ભવિષ્ય બતાવશે કે આયુર્વેદ એ ઉચ્ચ શાસ્ત્ર હતુ, છે અને રહેશે

રજીસ્ટર્ડ પ્રેકટીશનર   વૈદ્ય પ્રાગજી મોનજી રાઠોડ
ભાવનગર

હવે આ ચર્ચાપત્રનો વિગતવાર જવાબ આપતા પહેલા આયુર્વેદ વિશેના મારા વિચારો ટૂંકામા જણાવી લઉ જે વાચકો મારા લખાણો નિયમિત વાચે છે, તેઓ તો મારા વિચારો સારી રીતે જાણે છે, પણ નવા વાચકોની જાણ માટે જ આ ટૂંકી રજૂઆત છે

એક હિંદી અને હિંદુ હોવાથી મારા દેશ, ધર્મ અને એના પ્રાચીન ગૌરવપૂર્ણ ઇતિહાસ માટે મને સ્વાભાવિક રીતે અભિમાન હોય જ 'પૂર્વજો તરફનો પૂજ્યભાવ એ એક સંસ્કારનુ અગત્યનુ લક્ષણ છે' એવા શ્રી મુનશીના મત સાથે સૌ સમજુ માણસો મળતા થશે જ જીવનના અનેક ક્ષેત્રોને પોતાના પ્રખર પુરુષાર્થથી સમૃદ્ધ કરનાર આપણા પૂર્વજો, જેમા ચરક સુશ્રુતાદિ આવી જાય છે, એમને માટે મને કોઇપણ વૈદના જેટલુ જ માન છે

પણ સાથે સાથે હુ એમ પણ માનુ છુ કે જીવન એ એવુ તો વિશાળ, વ્યાપક, અટપટુ અને રહસ્યમય છે, કે એનો સંપૂર્ણ તાગ કોઈપણ એક વ્યક્તિ, સંસ્થા, પ્રજા, યુગ, ધર્મ, વિજ્ઞાન કે કલા કાઢી શકે નહિ

દરેક દેશ, કાળ અને પ્રજા પરત્વે જીવન તરફનાં દૃષ્ટિબિંદુઓ બદલાતા રહે છે, અને બદલાતા દૃષ્ટિબિંદુઓ મુજબ માનવ પુરુષાર્થનો પ્રવાહ પણ પલટાતો રહે છે આધ્યાત્મિક વિષયમા કદાચ જીવનના સનાતન મૂલ્યો હશે, પણ ઐહિક બાબતોમા તો જીવનના સનાતન મૂલ્યો હોવાનો સંભવ બહુ ઓછો છે એટલે આ યુગની પ્રજા પોતાના ગજાથી પ્રાચીન વિચારકોને માપે અને એમને વિશે સારાનરસો અભિપ્રાય આપે એમા પૂર્વજો તરફ ઉપેક્ષા ઉપહાસ, કે અનાદર નથી પણ એ તો કેવળ પલટાયલી પરિસ્થિતિ અને દૃષ્ટિનુ પરિણામ છે, એ રીતે એનો વિચાર થવો જોઈએ

સંસ્કૃત ભાષાનો હુ પરમ પ્રશંસક હોવા છતાં રાષ્ટ્રભાષા તરીકે તો હુ હિંદીને જ સ્થાન આપુ દેલવાડાના મંદિરોની શિલ્પકલા અને તાજમહાલની સ્થાપત્યકલા આર્યાવર્તની ગૌરવરૂપ કલાઓ હોવા છતા એમના આધુનિક અનુકરણોને હુ રાષ્ટ્રીય સંપત્તિના બગાડ લેખે જ લેઉ પ્રતાપ અને શિવાજી આપણા પૂજનીય મધ્યકાલિન મહાપુરુષો થઈ ગયા હોવા છતા, આજનો રાષ્ટ્રધર્મ તો હિન્દુ-મુસ્લીમ એકતાનો જ છે એમ જ રીતે આયુર્વેદને પ્રાચીન આચાર્યોની એક મોટી સિદ્ધિ માનતો હોવા છતા હુ હિમાયત તો નિસર્ગોપચારની જ કરુ અને એનુ કારણ દેખીતુ છે "ઇતિહાસના ફરી ગયેલા પાના ફરીથી ફેરવી શકાતા નથી" એ ફેરવવાના મિથ્યા પ્રયાસોમા પ્રજાની ઉન્નતિ નથી પણ અધોગતિ છે

પ્રાચીનકાળમા હિંદુઓ બીજા બધા શાસ્ત્રો પેઠે વૈદ્યક વિષયોમા પણ જગતભરમા અગ્રેસર હતા જગતની બીજી વૈદકીય પદ્ધતિઓને મુકાબલે આયુર્વેદની શ્રેષ્ઠતા ઠેઠ સત્તરમી સદી સુધી રહી. છેલ્લી ત્રણ સદીમા પશ્ચિમા અસંખ્ય વિજ્ઞાન કલાઓનો અદ્ભુત વિકાસ થયો. જગતભરમા પૂર્વે કદી નહિ થએલો એવો વૈદકનો વિકાસ પણ આ સમય દરમ્યાન જ થયો આ વિકાસને નજર સામે રાખીને જોતા, આયુર્વેદ એ એક વામણુ શાસ્ત્ર દેખાય છે પણ એને માટે દોષ પ્રાચીન આચાર્યોનો નથી, પણ નવુ ના સ્વીકારનારા, જૂનુ ના છોડનારા, અને ગતાનુગતિક રીતે ચાલનારા અર્વાચીન વૈદોનો છે

હવે આપણે ચર્ચાપત્રના મુદ્દાઓ એક પછી એક તપાસીએ સૌથી પહેલા તો ભાઇ પ્રાગજીભાઈ આયુર્વેદ એ સંપૂર્ણ શાસ્ત્ર છે કે અપૂર્ણ શાસ્ત્ર છે, એ જ કહેતા નથી. આજે વૈદોનો એવો એક ઘણો મોટો વર્ગ વિદ્યમાન છે કે જે આયુર્વેદમા લેશમાત્ર સુધારાવધારાને અવકાશ છે, એમ કબૂલ કરવાને જ તૈયાર નથી. તેઓ તો કહે છે કે ત્રિકાળદર્શી ઋષિમુનિઓએ ઇશ્વરી પ્રેરણા હેઠળ લખેલા અપૌરુષેય ગ્રંથોમા સુધારાવધારા કરવાનો આપણને તે શો અધિકાર? તેઓ આયુર્વેદને સંપૂર્ણ શાસ્ત્ર માને છે, અને એની શક્યતાઓની કોઈ જ મર્યાદા આંકતા નથી આયુર્વેદથી અનેક પ્રકારની કલ્પનાતીત સિદ્ધિઓ મેળવી શકાય છે, એવો એમને દૃઢ વિશ્વાસ છે દા. ત. જ્યારે મે નીચેનુ લખાણ ૧૧ ૧ ૧૯૪૩ના વડોદરાથી નીકળતા 'સયાજીવિજય'મા વાચ્યુ ત્યારે મારી અજાયબીનો પાર ન રહ્યો

'૫ હજાર વર્ષ પહેલા મહાભારત કાળમા વૈદો પુરુષ સ્ત્રીના સંયોગ વિના પુત્ર કે પુત્રી ઉત્પન્ન કરી શકતા દ્રોણ કૃપ અને કૃપી તેના દાખલા છે, તે વખતના વૈદોમા આ રીતે સર્જન ઉકેલાનુ એક સ્વતંત્ર શાસ્ત્ર હોવુ જોઇએ.'

આ હિંમતભર્યું વિધાન કોઇ હાલીમુવાલી કે ઐરાગૈરે કર્યું નથી પણ લાહોરમા ભરાયેલ અખિલ હિંદ આયુર્વેદ મહાસભાના ૩૧મા સંમેલનના પ્રમુખ ગોંડળના રાજવૈદ્ય વૈદ્ય જીવરામભાઈ કાલીદાસે પોતાના પ્રમુખ તરીકેના ભાષણમા કર્યું છે

ઇતિહાસ, પુરાતત્ત્વ કે વૈદક પરત્વેની અર્વાચીન વૈજ્ઞાનિક દૃષ્ટિ જેને જેને લાધી છે, એવો કોઈ પણ અભ્યાસી આયુર્વેદના આ મહાપંડિતના મત સાથે સાંગ્યે જ મળતો થઈ શકશે.

એટલે જો ભાઈ પ્રાગજીભાઈ એમ માનતા હોય કે આયુર્વેદ એ સંપૂર્ણ શાસ્ત્ર છે, અને એને માટે કશું જ અશક્ય કે અસાધ્ય નથી, તો આ ચર્ચા આટલેથી જ સમેટી લેવી ઉચિત થશે. કારણ કે નિસર્ગોપચાર એ એક ઊગતું, દિનપ્રતિદિન વિકાસ પામતું અને અપૂર્ણ શાસ્ત્ર છે. એને ઘણી મર્યાદાઓ છે. સંયોગ સિવાય બાળકો પેદા કરવા જેવા જાદુમંતરના ખેલ એ કરી શકતું નથી! એટલે જો પૂર્ણ શાસ્ત્ર સાથે અપૂર્ણ શાસ્ત્રનો મુકાબલો થાય તો, "લાંબા જોડે ટુંકો જાય, એ મરે નહિ તો માંદો થાય!"

પણ હું સમજું છું ત્યાંસુધી તો ભાઈ પ્રાગજીભાઈ બુદ્ધિવાદની મર્યાદાઓમાં રહીને જ આયુર્વેદ અને નિસર્ગોપચારની તુલના કરવા ઇચ્છે છે. બુદ્ધિવાદની પહેલી મર્યાદા એ કે આપણે એ સ્વીકારવું જોઈએ કે માણસ પોતે જ અપૂર્ણ હોવાથી એના રચેલાં શાસ્ત્રો, દર્શનો અને કલાઓ અપૂર્ણ છે. "No science is greater than man" માણસ કરતાં કોઈ શાસ્ત્ર મોટું નથી. એક માણસના સર્જનનું બીજો વિસર્જન કરી શકે. એક પ્રતિભાશાળી પુરુષના સર્જન કરતાં, એનો અનુગામી બીજો પ્રતિભાશાળી પુરુષ જો વધુ સાધનસંપન્ન હોય, તો પોતાના પુરોગામીઓના અનુભવોનો લાભ લઈ વધુ સારું સર્જન અવશ્ય કરી શકે. ન્યૂટન અને આઈન્સ્ટાઈનનાં જીવનદર્શનો આ સિદ્ધાંત સ્પષ્ટ રીતે સિદ્ધ કરે છે. ન્યૂટનનું સંપૂર્ણ મનાતું જીવનદર્શન આઈન્સ્ટાઈનના જીવનદર્શનનો એક ખંડ માત્ર બની ગયું છે. આ ને આ નિયમ દરેક ક્ષેત્રને લાગુ પડે છે, એટલે આપણે હવે જોવાનું એ રહે છે કે આયુર્વેદ અને નિસર્ગોપચાર એ બે શાસ્ત્રોમાંથી કયું શાસ્ત્ર વધુ અપૂર્ણ છે.

"આયુર્વેદનો કયો ભાગ ત્યાજ્ય અને કયો ભાગ ગ્રાહ્ય ગણવો એ આપના પ્રશ્નના જવાબમાં એમ કહી શકાય કે કેટલાક પુરાણા સૂત્રો અને શ્લોકો તેમજ આયુર્વેદના વનસ્પતિશાસ્ત્રનો મોટો ભાગ આજની દૃષ્ટિએ સ્વીકારી શકાય, બાકીનો બધો ભાગ જરીપુરાણો અને નિરુપયોગી તેમજ ઘણી વખત તો અનર્થક હોવાથી ત્યાજ્ય ઠરે છે.

નિસર્ગોપચારકો જ્યારે એમ કહે છે કે "આયુર્વેદનો ૯૦% ભાગ નિરુપયોગી છે" ત્યારે ઉર્મિલ વૈદો ઉશ્કેરાઈ જાય છે. પણ જરા ઠંડા મગજથી વિચાર કરશો તો જણાશે કે પ્રગતિશીલ વૈદોની લઘુમતી આયુર્વેદનાં જુનાં અંગો કચવાટપૂર્વક ન છૂટકે પણ ત્યાગી રહી છે, અને એનું સ્થાન અર્વાચીન વૈદકના અંગોને આપી રહી છે.

"પ્રત્યક્ષ શારીર" લખીને કવિરાજ ગણનાથ સેને પ્રાચીન શરીરરચનાના શાસ્ત્રનો ત્યાગ કરી, અર્વાચીન શરીરરચનાશાસ્ત્રને (Anatomy) અપનાવ્યું છે. નિદાનના આધુનિક સાધનો વૈદો વાપરે છે. ચિકિત્સામાં પણ એલોપેથીની ઘણી પરીક્ષાત્મક દવાઓ અને ઇન્જેક્શનો વૈદસમાજમાં લોકપ્રિય થતા ચાલ્યાં છે. સુશ્રુતની શલ્યચિકિત્સાનું સ્થાન અર્વાચીન સર્જરીએ લીધું છે. આ પ્રવાહ ક્યાં જઈને અટકશે? જરા કલ્પનાને કસી સો વર્ષ પછીનો જમાનો જુઓ એટલે તમારી ખાત્રી થશે કે પ્રાચીન વૈદકનું સ્થાન અર્વાચીન વૈદક લેશે. હવે જે વસ્તુ પ્રગતિશીલ વૈદો ધીરે ધીરે અને કઢંગી રીતે કરી રહ્યા છે, એની એ વસ્તુ નિસર્ગોપચારકો એકઝાટકે કરવાનું કહે છે, એમાં તેઓ શું ખોટું કરે છે?

(૧) "આયુર્વેદ હિંદુસ્તાનમાં જન્મેલું પ્રાચીન શાસ્ત્ર છે, નિસર્ગોપચાર જર્મની અને અમેરિકામાં જન્મેલું અર્વાચીન શાસ્ત્ર છે" આ વાક્યમાંથી બન્ને શાસ્ત્રોની પૂર્વભૂમિકા જુદી છે, એટલો જ અર્થ કાઢવાનો છે. એથી વિશેષ નહિ. હિંદુસ્તાનમાં જન્મી છે માટે જ કોઈ વસ્તુ નકામી છે એમ કેમ કહેવાય?

આયુર્વેદમાં બળ ના હોત તો પ્રજાએ એને ક્યારનું ય ઉવેખી દીધું હોત એ દલીલ બરાબર નથી. આયુર્વેદ ઉપર હલ્લો થયો છે જ ક્યાં? અંગ્રેજી રાજ્ય આવતા પહેલાં હિંદુસ્તાનમાં સેંકડો વર્ષ થયાં આયુર્વેદનો કોઈ હરીફ હતો જ નહિ. મુસ્લીમ બાદશાહો, મંદિરો તોડતા, પુસ્તકાલયો બાળતા અને લોકોને વટલાવતા, પણ એમણે ક્યાંય ઇરાદાપૂર્વક આયુર્વેદનો ઉચ્છેદ કર્યો હોય, વૈદો પર ત્રાસ ગુજાર્યો હોય કે વૈદકના ગ્રંથોની હોળી કરી હોય, એવો ઇતિહાસમાં આધાર મળતો નથી. આયુર્વેદિક અને યુનાની પદ્ધતિ ત્રિ બેનો પેઠે રહેતી. મુસ્લીમ બાદશાહો વૈદોને હકીમો જેટલો જ રાજ્યાશ્રય આપતા. આયુર્વેદ ઉપર પહેલવહેલો હલ્લો એલોપેથીનો થયો અને હજી એ હલ્લો ચાલુ જ છે.

હિંદનાં સાત લાખ ગામડાંમાં આયુર્વેદનો પ્રચાર છે, એ વાત સાંભળીને જ હું તાજુબ થાઉં છું. હિંદનાં સાત લાખ ગામડાંમાં અજ્ઞાન, અંધશ્રદ્ધા, ધર્મ, વહેમ, ટાકરિયું, ઊંટવૈદું અને ટુચકાવાળાના સંમિશ્રણ જેવી એક પદ્ધતિ પ્રચલિત છે ખરી! એને તમે આયુર્વેદ કહો છો? જો એને તમે આયુર્વેદ કહેતા હો તો એ વિધાનથી તમે આયુર્વેદનું ગૌરવ ઘટાડો છો. આવી ભ્રષ્ટ પદ્ધતિને આયુર્વેદનું નામ શોભે નહિ. સ્વસ્થ અને ઉપયોગી તેમ જ આયુર્વેદના પ્રાચીન અર્વાચીન સાહિત્યનો જેમણે પદ્ધતિસર અભ્યાસ કર્યો હોય એવા સાત લાખ વૈદો આ દેશમાં છે ખરા? આયુર્વેદ એ એક વ્યવસ્થિત વિજ્ઞાન છે કે પછી ટોચકા અને નુસખાઓનો સંગ્રહ છે?

(૨) આયુર્વેદમાં જૂના લેખકોનું વધુ મહત્ત્વ છે: જ્યારે નિસર્ગોપચારમાં નવા લેખકનું. એ વાત સાવ સાચી છે. આયુર્વેદમાં ચરક, સુશ્રુત અને વાગ્ભટનું જે મહત્ત્વ છે, તે જ મહત્ત્વ, ગણનાથ સેન, યાદવજી ત્રિકમજી કે પરેઝનું નથી. ઊલટ પક્ષે નિસર્ગોપચારમાં ટ્રોલ કે કુહને જેવા જૂના લેખકો કરતાં માઈકલ કે લીંડલાર જેવા નવા લેખકોનું વધુ મહત્ત્વ છે. કારણ કે એક સ્થિતિચુસ્ત શાસ્ત્ર છે, જ્યારે બીજું પ્રગતિશીલ શાસ્ત્ર છે.

ડૉ. ટ્રોલ નામના એક મહાન નિસર્ગોપચારક ગઈ સદીમાં અમેરિકામાં થઈ ગયા. પોતાના સુપ્રસિદ્ધ ગ્રંથ "The Hydropathic Encyclopedia"માં એ જણાવે છે કે જાણે હું કાર્ય કરું છું, એને હિંદ વૈદકશાસ્ત્રને હજી "

નથી. ડૉ. લીંડલાર નામના વીસમી સદીના નિસર્ગોપચારકના પુસ્તકોમાં ખોરાકનાં કાર્ય વિષે પાનાંઓ ભરીને લખાણ છે. સ્વાભાવિક રીતે જ નિસર્ગોપચારકો લીંડલાર વધુ આધુનિક લેખક હોવાથી એને માન્ય ગણે છે, કારણ કે શરીરશાસ્ત્ર સંબંધી શોધખોળોનો જે લાભ ટ્રોલને મળ્યો નહોતો તે લાભ લીંડલારને મળ્યો છે. અત્યાર કેટલ નવીનતાને કારણે કોઈ પણ લેખક સર્વમાન્ય નથી બને સાથે સાથે એ પવિત્ર અને પ્રતિભાસંપન્ન પુરુષ તો હોવો જ જોઈએ હવે આ વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ સાથે આયુર્વેદનું દૃષ્ટિબિંદુ સરખાવી જુઓ જોઈએ. ચરક, સુશ્રુત અને વાગ્ભટ્ટ આઠઆઠસો બાબતોમાં ભીંત ભૂલ્યા હતા એવું નિર્ભયતાથી કહેનારા અને પોતાના વિધાનને દાખલા-દલીલોથી સિદ્ધ કરનારા કેટલા વૈદ્યો આ દેશમાં મોજૂદ છે? ઊલટ પક્ષે પ્રાચીન આચાર્યોની દરેક ભૂલ એ ખરેખર કોઈ અદ્ભુત શોધ હોય એમ સાબિત કરવા માટે આધુનિક શાસ્ત્રોનો દુરુપયોગ કરનારા વૈદ્યો સંખ્યાબંધ છે આ પ્રકારની પ્રવૃત્તિને વિદ્યાનો વ્યભિચાર કહેતાં હું સહેજે સંકોચ અનુભવીશ નહિ

હવે ષડ્દર્શનો વિષે

ષડ્દર્શનો પ્રાચીન હોવાથી એ નકામા છે એમ કોઈ કહેતું નથી પણ આવતી કાલે જો કોઈ એમ કહે કે સાંખ્ય એક જ સાચું દર્શન છે, બાકીના બધા મિથ્યાદર્શનો છે આલોક અને પરલોકનું તમામ જ્ઞાન સાંખ્યમાં છે, તો એ દાર્શનિકને આપણે જરૂર જૂનવાણી દાર્શનિક કહીશું

સ્વામી વિવેકાનંદ, અરવિંદ ઘોષ અને સર રાધાકૃષ્ણન્ જેવા ભારતીય તત્ત્વજ્ઞાનના સમર્થ અભ્યાસીઓ આજે એટલા માટે આદરપાત્ર મનાય છે કે તેઓએ છ દર્શનો ઉપરાંત એમના સમન્વય જેવી ભગવદ્‌ગીતાનો, અને બુદ્ધ જૈન, ખ્રિસ્તી અને ઇસ્લામી દર્શનોનો અભ્યાસ કર્યો છે, એટલું જ નહિ પણ સાથેસાથે આધુનિક વિજ્ઞાનના જીવનદર્શનનો અભ્યાસ કરી, આ સઘળાં દૃષ્ટિબિંદુઓનો મેળ મેળવી જીવનના મહાપ્રશ્નો ઉપર તેઓ પોતાના નિર્ણયો આપી રહ્યા છે સાંખ્યમાં જ માનવજ્ઞાનનું સર્વોચ્ચ શિખર જોનાર દાર્શનિક આજથી ત્રણ હજાર વર્ષ ઉપર અપ-ટુ-ડેટ હતો આજે એ આઉટ-ઓફ-ડેટ છે જો કે સાંખ્ય તો એનું એ જ છે. આને આ વિચારસરણી આયુર્વેદને લગુ પાડશો એટલે મારું કહેવું સ્પષ્ટ સમજાશે

(૩) પ્રાચીન કાળે ભલે આયુર્વેદ એ શાસ્ત્ર હશે, પણ આધુનિક પ્રયોગોની કસોટીએ કસતાં આયુર્વેદ એ વિજ્ઞાન નથી. જો એલોપથી એ તત્ત્વજ્ઞાન વિનાનું વિજ્ઞાન હોય તો આયુર્વેદ એ વિજ્ઞાન વિનાનું તત્ત્વજ્ઞાન છે શરીરની ગરમી માપવાથી માંડીને 'કન્ટ્રોલ' હેઠળ દરદીઓની સારવાર સુધીના દરેક પ્રશ્ન પરત્વે આધુનિક દૃષ્ટિના અભ્યાસીઓને આયુર્વેદ નિરાશ જ કરે છે.

ભાઈ પ્રાણજીવનભાઈ વર્ણન મુજબ કામ ના આપનાર આયુર્વેદિક ઔષધો ગણવા માગે છે

(૧) સર્પદંશના ઔષધો મુંબઈની હાફકીન ઇન્સ્ટીટ્યુટમાં ડૉ. મહસકરે ચરક સુશ્રુતાદિ લેખકોએ વર્ણવેલ તમામ ઔષધો અજમાવી જોયાં છે, અને એ બધાંય નિર્વીર્ય માલમ પડ્યાં છે. સર્પદંશનાં સફળ ઉપચાર માટે હાફકીન ઇન્સ્ટીટ્યુટ જાહેર કરેલું ઇનામ લેવા હજુ પણ કોઈ આગળ આવ્યું નથી

(૨) વાજીકરણ અને રસાયન ઔષધો. આ પ્રકારનાં ઔષધોની ફલશ્રુતિમાં પારાવાર અતિશયોક્તિ કરવામાં આવી છે હજારો વર્ષનું આયુષ્ય, યૌવન સદાસર્વદા, આ બધા સિદ્ધ કરી શકાય એવા દાવાઓ છે? ચ્યવનપ્રાશાવલેહ ખાવાથી આ જમાનામાં ચ્યવનઋષિની પેઠે કોઈ બુઢ્ઢો જુવાન થયો હોય એવું જોવામાં આવ્યું છે?

(૩) સંતતિનિયમનની ખાવાની દવાઓ.

(૪) કાયાકલ્પના પ્રયોગો. પૂ૦ માલવિયાજીને આ દિશામાં મળેલી નિષ્ફળતા જગજાહેર છે.

આ તો મેં કેટલાક એવા દેખીતા દાખલા બતાવ્યા કે જેમાં ગ્રંથોક્ત વર્ણનોમાં અને વ્યવહારુ અનુભવમાં જમીન આસમાનનું અંતર હોય.

રોગોની એકતાનો સિદ્ધાંત સમજવો હોય તો લૂઈ કૂહ્‌ને વાંચી લેશો.

ત્રિદોષવાદ વિષેનો પ્રાણજીવનભાઈનો ખુલાસો મારે ગળે ઊતર્યો નથી. આધુનિક શરીરવ્યાપારશાસ્ત્ર (Physiology)નો જેમણે જેમણે અભ્યાસ કર્યો છે, તે કોઈને ગળે ઊતરશે નહિ મેં એ જોયું છે કે ત્રિદોષવાદની જેટલા વૈદ્યો એટલી વ્યાખ્યાઓ છે પૂ૦ માલવિયાજીએ બોલાવેલ વૈદ્યપરિષદ પણ આ પ્રશ્ને સર્વમાન્ય ખુલાસો બહાર પાડવામાં નિષ્ફળ નીવડી હતી. ઘણા એમ કહે છે કે આધુનિક પરિભાષામાં ત્રિદોષવાદ સમજાવી શકાય નહિ. વળી કોઈ એમ કહે છે કે ત્રિદોષવાદ ચર્મચક્ષુથી નથી સમજાતો, પણ જ્ઞાનચક્ષુથી સમજાય છે આ બધા ભ્રામક બચાવો છે. ત્રિદોષવાદ અમને ભલે ના સમજાવી શકો, પણ તમે તો સમજો છો ને? જો તમે સમજતા હો તો ત્રિદોષવાદ મુજબ શાસ્ત્રીય ચિકિત્સા કઈ અને અશાસ્ત્રીય ચિકિત્સા કઈ એ જરા સમજાવશો? પશ્ચિમમાંથી આવેલ અને અર્વાચીન ચિકિત્સાપદ્ધતિઓમાંથી ત્રિદોષવાદના પ્રકાશથી તપાસતા સ્વીકાર્ય પદ્ધતિઓ કેટલી અને અસ્વીકાર્ય કેટલી?

એલોપથી ઉપચાર વિષેની મોટા ભાગની ટીકા વૈજ્ઞાનિક નિસર્ગોપચારનું દૃષ્ટિબિંદુ સમજ્યા સિવાય જ થઈ છે. એને માટે "આરોગ્ય" માસિકમાં છપાયેલ "નિસર્ગોપચાર અને ઔષધોપચાર" એ નામનો મારો લેખ વાંચી જશો

"જલોપચાર, એનીમા, માલીશ, વેપર બાથ અને માટીના પાટા" એ નિસર્ગોપચાર નથી નિસર્ગોપચારનો આત્મા એનું તત્ત્વજ્ઞાન છે, એ સમજ્યા પછી જ ઉપરની ઉપચાર ક્રિયાઓ ઉપયોગી નીવડે. નિસર્ગોપચારનું તત્ત્વજ્ઞાન સમજ્યા સિવાય ઉપરની ક્રિયાઓ કરવામાં ફેરફાર અને ઊંધું વળી જવાનો ભય કાયમ મોજૂદ હોય છે ડૉ૦ લ૦ હું એવા બે કેસ જાણું છું કે જેમાં દરદીઓ હોજરીનાં ચાંદાથી પીડાતા હતા ઉત્સાહી માલીશવાળાએ એમની ઉપર માલીશ અજમાવી પરિણામે રક્તસ્રાવથી તેઓ મરી ગયા એ જ રીતે કેન્સરમાં માલીશ કરવાથી સ્થાનિક કેન્સર સર્વાંગીય કેન્સર થઈ જાય

દર્દી વહેલો મરે છે. આ પ્રકારનો એક કેસ જે એલીસ બાર્કરે ટાંક્યો છે, જેમાં સ્તનનું કેન્સર માલીસથી સર્વાંગીય થઈ બાઈ મરી ગઈ.

એટલે ઉપર જણાવેલા ઉપચારો કરવાથી નિસર્ગોપચારક થઈ શકાતું નથી નિસર્ગોપચારક થવા માટે તો સાથે સાથે શરીરશાસ્ત્રી, રોગશાસ્ત્રીનો અભ્યાસ આવશ્યક છે આ પ્રકારના અભ્યાસ સિવાય કેવળ દેખાદેખીથી નિસર્ગોપચાર અજમાવનારા લોકો મહર્ષિ ચરકના શબ્દોમાં કહું તો છદ્મચર (વેશધારી) વૈદ છે.

વૈદો પંચકર્મથી શરીર શુદ્ધિ કરે છે, માટે એમને નિસર્ગોપચારકો કહી શકાય નહિ. વૈદકીય કલાની દૃષ્ટિએ મુદ્દાનો પ્રશ્ન એ છે કે "કેટલી જીવનશક્તિના વ્યયથી તેઓ પોતાનું કામ કરે છે?" બાકી ગમે તે રસ્તે શરીરશુદ્ધિ કરનાર જો નિસર્ગોપચારક કહેવાતો હોય તો કેલોમલ અને મેગ સલ્ફથી શરીરશુદ્ધિ કરનારા એલોપેથોને પણ નિસર્ગોપચારકો માનવા રહ્યા આપણે ત્યાં વૈદો મોટે ભાગે ઔષધોપચાર કરે છે, પણ ભાગ્યે જ તો કદીક આ પંચકર્મની ક્રિયા થાય છે, એ બધી જાડધરી પ્રક્રિયાઓમાં મને ઉત્સાહપ્રદ તત્ત્વ કશું જ દેખાયું નથી, ઊલટપક્ષે સમય, શક્તિ, પૈસા, અને જીવનશક્તિનો ભયંકર દુર્વ્યય દેખાયો છે. જીવનશક્તિની કરકસરવાળી શરીરશુદ્ધિની ક્રિયા એ જ કહેવાય કે જેના પરિણામે ઉગ્ર રોગોમાં મરણપ્રમાણ ઓછામાં ઓછું આવે અને હઠીલા રોગોમાં મટાડપ્રમાણ વધુમાં વધુ આવે.

બીજો મહત્ત્વનો પ્રશ્ન એ છે કે વૈદો જો એક બાજુ શરીરશુદ્ધિ કરતા હોય અને બીજી બાજુ પારા, સોમલ જેવી ઝેરી દવાઓ વાપરી પોતાના દર્દીઓનાં શરીર અશુદ્ધ કરી મૂકતા હોય, તો પછી પંચકર્મની શરીરશુદ્ધિનો અર્થ શો રહ્યો, એ કોઈ સમજાવશે?

અર્વાચીન વૈદકીય પ્રશ્નોનો ઉકેલ આયુર્વેદ જેવા પ્રાચીન શાસ્ત્રથી નહિ આવી શકે એમ કહેવામાં કે લખવામાં માઝા મુકાતી નથી. આ એક નક્કર અને વાસ્તવિક હકીકત છે. એમાં આયુર્વેદને ગાળ દીધી નથી કે હલકું પાડ્યું નથી પણ આયુર્વેદનું યોગ્ય સ્થાન બતાવ્યું છે.

મારી વિદ્યાર્થી અવસ્થામાં અમે શ્રી રામનારાયણ પાઠક સાથે વાર્તાલાપ ગોઠવ્યો હતો, એમાં આ દેશના મુસ્લીમ અમલ વિષે પૂછતાં એમણે જણાવ્યું હતું કે: "જૂના જમાનાના મુસ્લીમ બાદશાહોના જુલમો ઉપરથી તેમનો રાજ્યઅમલ દરેક રીતે ખરાબ જ હતો એમ કહી શકાય નહિ"

"એમના અમલના ગુણદોષોનું સાચું મૂલ્યાંકન એ જમાનાની પરિસ્થિતિના પ્રકાશમાં થવું જોઈએ. એ જમાનામાં ઈંગ્લેંડમાં શું હતું? ત્યાં પણ પ્રોટેસ્ટંટો અને રોમન કેથોલીકો એક બીજા ઉપર અત્યાચાર કરતા હતા"

શ્રી ઝવેરચંદ મેઘાણી સાથે ગુજરાતના સુલતાનો વિષે ચર્ચા થયેલી, ત્યારે એમણે કહેલું કે "મને ગુજરાતના સુલતાનો તરફ ખાસ આકર્ષણ છે. તેઓ રાષ્ટ્રવિધાયકો હતા. અને ધાર્મિક જુલમ તો એ જમાનામાં સર્વસામાન્ય હતો."

આ બન્ને સાહિત્યકારોનું દૃષ્ટિબિંદુ સાચી ઐતિહાસિક દૃષ્ટિમાંથી ઉદ્‌ભવ્યું છે હવે આજ ઐતિહાસિક દૃષ્ટિથી આપણે આયુર્વેદને જોવા જોઈએ. આયુર્વેદની સિદ્ધિઓનું સાચું મૂલ્યાંકન એ જમાનામાં બીજા દેશોએ વૈદકમાં કેટલી પ્રગતિ કરી હતી એ જોઈને જ થઈ શકે એ રીતે જોતા આપણને આયુર્વેદની મહત્તા અવશ્ય દેખાય છે, પણ આજની પ્રચંડ વૈદકીય પ્રગતિના પ્રકાશમાં આપણે જો આયુર્વેદને જોઈએ અને એ વામણો દેખાય, તો એમાં દોષ આયુર્વેદનો નથી, પણ આયુર્વેદની અવસ્થાને સરખામણી કરનાર અતિ ઉત્સાહી વૈદોનો છે.

પણ મારી વાત કદાચ પ્રાણજીભાઈને ગળે નહિ ઊતરે. એ કહેશે કે તમે નિસર્ગોપચારક હોવાથી તમને આયુર્વેદ તરફ પૂર્વગ્રહ છે. તમે આ શાસ્ત્રને સમભાવથી જોતા નથી.

તો નીચેનો અભિપ્રાય જરા જોશો? એના લેખક શ્રી દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી ઝંડુ ભટ્ટજીના ભાણેજ અને આપણા એક સુવિખ્યાત વૈદ્ય છે. ઇતિહાસ અને પુરાતત્ત્વના ક્ષેત્રમાં એમણે કરેલી બહુમૂલ્ય સેવાઓને ગુજરાત વર્ષોથી પિછાને છે. આયુર્વેદ તરફ તેઓશ્રી સમભાવથી નથી જોતા, એમ ભાગ્યે જ કોઈ કહી શકશે!

"આયુર્વેદમાં પણ એથી વધારે વિજ્ઞાનોનો સમાવેશ થાય છે. અત્યારે પાશ્ચાત્ય વૈદકશાસ્ત્રમાં પારંગત થવા માટે જેટલાં શાસ્ત્રોનું જ્ઞાન આવશ્યક ગણાય છે, તેટલાની જૂના વખતમાં આશા ન રાખી શકાય."

"આ ભૌતિકશાસ્ત્રોનું પ્રાચીન સ્વરૂપ આજનાં પાશ્ચાત્ય ધોરણથી માપવું ન જોઈએ એ જમાનામાં બીજા દેશોએ આ વિષયોમાં કેટલી નિપુણતા મેળવી હતી એ ધ્યાનમાં રાખતાં, અને એ વખતની સાધનસંપત્તિ જોતાં પ્રાચીન આર્યોએ કેટલી વૈજ્ઞાનિક ગ્રહણશક્તિ (Scientific insight) કેળવી હતી એ જ જોવાનું છે."

("આયુર્વેદનો ઇતિહાસ" પાન ૫)

એ જ રીતે આગળ જતાં નિસર્ગોપચારના એક મહત્ત્વના અંગ સમાન જલોપચાર વિષે તેઓશ્રી કહે છે કે:—

"ઋગ્વેદના વૈદકવિઓએ પાણીમાં જરૂર કાંઈક રોગહર શક્તિ માની છે. પણ આ આપના હિંદી અને યુરોપી આર્યો જે વખતે સાથે રહેતા તે વખત જેટલી જૂની છે, એમ એ બે પ્રજાઓના પ્રાચીન સાહિત્યની સરખામણીથી જણાય છે કદાચ શીત અને ઉષ્ણ સ્નાનના ફાયદા પાણીનો રોગહર મહિમા ગાનાર ઋષિના જાણવામાં હોય; પણ હાલમાં જલોપચારશાસ્ત્ર (Hydropathy)નો જે વિકાસ થયો છે તેને તો આધુનિક જ માનવો પડશે. પાછળના આયુર્વેદિક સાહિત્યમાં જલોપચારની ઝાઝી વાત નથી. એ ઉપરથી ઉપરના અનુમાનને પુષ્ટિ મળે છે.'

(આયુર્વેદનો ઇતિહાસ પાનું ૨૧)

'આયુર્વેદ એ જ નિસર્ગોપચાર છે' એ પ્રકારનો ભ્રામક પ્રચાર જેમ વહેલો બંધ થાય એમ બહુ જ સારું. આધુનિક

પ્રશ્નો ઉકેલવા માટે આધુનિક દૃષ્ટિ જોઈએ આયુર્વેદના પુરાણા શાસ્ત્રોમાં અર્વાચીન ભાવ ભરવાથી એ નાશવા તૂટી જવાનો બહુ જ સંભવ છે

સાચી વાત એ છે કે આયુર્વેદનું ત્રણ દોષ, પાંચ મહાભૂતો સાત ધાતુઓ, અને નવ નાડીઓનું તત્વજ્ઞાન નવરા દાર્શનિકોને તાર્કિક કુસ્તી કરવા માટે ગમે એટલું ઉપયોગી હોય તો પણ એ આધુનિક વૈદ્યને પજવતા અસંખ્ય પ્રાણપ્રશ્નો ઉપર લેશ માત્ર પ્રકાશ ફેંકી શકતું નથી, તેમજ આધુનિક વૈદકીય વૈજ્ઞાનિકો નિદાનિકો અને કલાકારોને લેશ માત્ર સાચું માર્ગદર્શન આપી શકતું નથી.

મોટા ભાગના વૈદ્યો એવી તો લઘુગ્રંથિથી (Inferiority complex) પીડાતા હોય છે કે પશ્ચિમમાં કાંઈ પણ નવી શોધ થાય તો તે અમારા પ્રાચીન ગ્રંથોમાં છે, એ સાબિત કરવા આકાશપાતાળ એક કરે છે પશ્ચિમમાં જંતુશાસ્ત્ર રચાયું એટલે વેદમાં પણ જંતુઓ છે, એમ તેઓ સાબિત કરવા લાગ્યા. નિસર્ગોપચારે જંતુવાદનું ખંડન કર્યું એટલે તેઓ કહેવા લાગ્યા કે અમે જંતુઓમાં માનતા જ નથી અમે તો ત્રિદોષવાદમાં માનીએ છીએ અને આ રીતે દરેક નવી શોધ જૂના ગ્રંથોમાં શોધાય છે અને એ શોધ નકામી થતાં અહીં પણ એ ભૂંસાઈ જાય છે ઇતિહાસ અને પુરાતત્વનો આનાથી વધુ ભૂંડો દુરુપયોગ હું કલ્પી શકતો નથી

વિચારનો અભાવ એ જો એલોપેથીનું અપલક્ષણ હોય તો વિચારની અંધાધૂંધી એ વૈદોનું દૂષણ છે કોઈ અર્વાચીન પ્રશ્ન ઉપર બે વૈદ્ય એકમત થતા જ નથી

તમે સામો પ્રશ્ન કરશો કે એલોપેથોમાં, હોમિયોપેથોમાં અને નિસર્ગોપચારકોમાં પણ વિચારના મતભેદો ક્યાં નથી ? હું કહીશ કે અલબત્ત છે પણ આ ચિકિત્સા-પદ્ધતિઓના ચિકિત્સકો પોત પોતાની પદ્ધતિઓના પ્રાણપ્રશ્નો ઉપર એકમત છે બધા એલો પેથો મેલેરીઆમાં ક્વીનાઇન, બળિયા અટકાવવા વેક્સીનેશન, ડિફ્થેરીઆમાં એન્ટીટોક્સીન, સીફીલીસમાં ૬૦૬ અને એપેન્ડી સાઈટીસ કે પથરીમાં ઓપરેશનના પ્રશ્ન ઉપર એકમત છે હોમિયોપેથો, સમ, સાળ, ને સૂક્ષ્મના સર્વવ્યાપી નિયમ માટે એકમત છે નિસર્ગોપચારકો, જીવનશક્તિ, વિજાતીય દ્રવ્ય, મલોત્સર્ગ, અને દવા, રસી અને વાઢકાપના વિરોધ માટે એકમત છે

તમે કહેશો કે વૈદ્યો ત્રિદોષવાદના પ્રશ્ન ઉપર એકમત છે પણ જે ત્રિદોષવાદને કોઈ સમજતું નથી, સમજાવી શકતું નથી, જેનો કાંઈ વ્યવહારુ ઉપયોગ નથી, એ વાદ ઉપર એકમત થયાનો અર્થ શો ?

(૧) તમે તેમ જ બીજા અનેક વૈદ્યો એવો દાવો કરો છો કે આયુર્વેદનું તત્વજ્ઞાન એવી ઊંચી ભૂમિકા ઉપર છે, કે જેમાં એલોપેથી, હોમિયોપેથી, નિસર્ગોપચાર વગેરે આધુનિક પદ્ધતિ ઓનું તત્વજ્ઞાન સમાઈ જાય છે જો આ દાવો સાચો હોય તો તેની કસોટી કરવાનો એક સાવ સહેલો રસ્તો છે

તમારી પાસે કે બીજા કોઈ વૈદ્ય પાસે જે દર્દીઓ આવે [illegible] માટે આવતા નથી તમે જે સારવાર આપો છો તે તેમને મારી નાખવા માટે આપતા નથી, પણ સાજા કરવાની ઇચ્છાથી શુદ્ધ બુદ્ધિથી આપો છો હવે માનો કે તમારો એક ટાઈફોઇડનો દર્દી મરી ગયો તમે કહેશો કે એ રોગથી મરી ગયો, હું કહીશ કે તમારી ખોટી સારવારથી અથવા તો સાચી સારવારને અભાવે મરી ગયો આપણા બેમાંથી સાચું કોણ, એ શી રીતે નક્કી કરશું ?

ટાઈફોઇડના સો કેસ લો આધુનિક નિદાનના સાધનો, જંતુપરીક્ષા, વીડાલ ટેસ્ટ, ક્લિનિકલ લક્ષણો વગેરેથી એમને ટાઇફોઇડ જ છે, એમ સિદ્ધ કરો એ રોગનું કાળજ્વરથી માંડીને વાતપિત્તશ્લેષ્મજ્વર સુધીના નામોમાંથી જે કાંઈ નામ પાડવું હોય તે પાડો એને સાગટી, શીંગડા, ત્રિકાળ, માળેજ કે બીજી જે કાંઈ દવાઓ આપવી ઘટે એ આપો. (ટાઇફોઈડમાં ત્રિદોષવાદના તત્વજ્ઞાન મુજબ શું સારવાર હોઈ શકે, એની મને ખબર નથી) સારવાર પૂરી થયા બાદ કેટલા દર્દી બચ્યા અને કેટલા મરી ગયા, એની દુનિયાને જાણ કરો જો ત્રિદોષનું તત્વજ્ઞાન આધુનિક પદ્ધતિઓ કરતા ઊંચી ભૂમિકા ઉપર હોય તો સ્વાભાવિક રીતે જ એનું મરણપ્રમાણ એલોપેથી હોમિયોપેથી અને નિસર્ગોપચાર જેવી આધુનિક પદ્ધતિઓ કરતાં ઓછું હોવું જ જોઈએ.

તત્વજ્ઞાનને વિજ્ઞાનની કસોટી ઉપર કસવાની આ પદ્ધતિ "કંટ્રોલ પદ્ધતિ'ના નામે ઓળખાય છે આવી જો કોઈ પદ્ધતિનો આશ્રય નહિ લેવામાં આવે તો વૈદ્યના અસંખ્ય વાદો બાલવાદ અને વિતંડાવાદને જ જન્મ આપશે

ટાઈફોઈડની પેઠે, ઇન્ફલ્યુએન્ઝા, કોલેરા ન્યુમોનિયા, ડિફ્થેરીઆ, મેનિન્જાઇટિસ ઈત્યાદિ પ્રાણઘાતક ઉગ્ર રોગોમાં આયુર્વેદની તાકાત માપી જોવી જોઈએ

તમે દલીલ કરશો કે આવું મહાભારત અને મુશ્કેલ કામ મારા જેવો એકલદોકલ વૈદ્ય શી રીતે કરી શકે ? હું તમારી મુશ્કેલી કબૂલ કરું છું પણ આયુર્વેદની કોલેજો અને હોસ્પિટલો આ કામ કરી શકે કે ના કરી શકે ? આપણે ત્યાં કેટલાંક વિદ્યાપીઠો છે, અને લડાઈના સમયનો લાભ લઇ નવી નવી ફૂટી નીકળ્યા થઈ રહ્યા છે, તો આવી વૈજ્ઞાનિક તપાસની તમને જરૂર જણાતી નથી ?

આમાં વધારે એક જ છે અને તે વિજ્ઞાનની પદ્ધતિઓનો પણ જો આધુનિક પદ્ધતિઓ સાથે હરીફાઈ કરવી હોય, તો એમની રમતના નિયમો કબૂલ કરવા પડશે.

આજસુધી મેં તપાસેલ આયુર્વેદના પ્રાચીન અર્વાચીન સાહિત્યમાં તેમજ આયુર્વેદિક માસિકોમાં અને એમની જુની ફાઇલોમાં મને આ પ્રકારની વૈજ્ઞાનીક તપાસનો નિર્દેશ કરવું જડ્યો નથી જો મારી શરતચૂક થતી હોય તો ધ્યાન દોરજો

હવે જ્યાં સુધી આવી ખુલ્લી હરીફાઈમાં આયુર્વેદ પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરી નથી, ત્યાં સુધી નિસર્ગોપચાર એ આયુર્વેદનું ઉપાંગ છે, એવો જે અનેક વૈદ્યો દાવો કરી રહ્યા છે, એ વ્યાજબી છે, ખરો ?

ખરી હકીકત તો એ છે કે ઉગ્ર રોગોમાં આયુર્વેદના ઔષધોની નિર્વીર્યતા ઘણા પ્રગતિશીલ વૈદ્યો જોઈ રહ્યા છે, અને

એટલા માટે તેઓ એલોપેથિક જંતુઘ્ન દવાઓ છૂટથી વાપરી રહ્યા છે. દા. ત. આપણા જાણીતા વનસ્પતિશાસ્ત્રી અને સુવિખ્યાત વૈદ બાપાલાલભાઈ "પ્રસ્થાન"માં સૂતિકાજ્વરમાં પ્રેન્ટોન્સીલ વાપરવાની હિમાયત કરે છે, અને આયુર્વેદિક દવાઓની અસરકારકતા વિષે શંકા ઉઠાવે છે.

– હવે મારા જેવાને પ્રશ્ન એટલો જ થાય છે કે વૈદો જો એલોપેથી આગળ હાર કબૂલ કરતાં શરમાતા ના હોય, તો તેઓ નિસર્ગોપચારમાંથી સાચી વસ્તુ સાચી રીતે શા માટે સ્વીકારતા નથી?

(૨) જંતુવાદ વિષે આયુર્વેદને શું કહેવાનું છે? બે પરસ્પર વિરોધી છાવણીઓમાંથી ત્રિદોષવાદના તત્વજ્ઞાન મુજબ સાચું કોણ છે.

(૩) વેકસીનેશનનો પ્રશ્ન એ આજના યુગના વૈદકનો એક મહાન પ્રાણપ્રશ્ન છે. કેટલાક દેશોમાં વેકસીનેશન ફરજિયાત છે. કેટલાક દેશોમાં મરજિયાત છે. એને વિષે આજ સુધી અનેક દેશોમાં કમીશનો પણ નિમાયાં છે. એના હિમાયતીઓ અને વિરોધીઓ બંનેએ પોતપોતાનો પક્ષ સિદ્ધ કરવા માટે લાખો રૂપિયા ખર્ચ્યા છે. બધા સુધરેલા દેશોમાં એન્ટીવેકસીનેશન સોસાયટીઓ હોય છે. આ પ્રશ્ન વિષે આયુર્વેદને ત્રિદોષવાદની દૃષ્ટિથી શું કહેવાનું છે? કંઈજ નહિ! જેને જેમ ફાવે તેમ વર્તે છે. આપણા દેશમાં ફરજિયાત વેક્સિનેશન છે, આ કાયદાને ઉત્સાહથી વધાવી લેવો-કે એનો ઉગ્ર વિરોધ કરવો એ સબંધી વૈદોના ભારતીય મંડળો કે પ્રાંતિક મંડળો તરફથી હું જાણું છું ત્યાં સુધી તો કશુંજ વ્યવસ્થિત માર્ગદર્શન આપવામાં આવ્યું નથી.

મને સૌથી વધારે રમૂજ તો એ આવી કે આયુર્વેદના એક જાણીતા માસિકમાં મારો બળિયાની રસીની વિરુદ્ધનો લેખ 'નવરચના'માંથી ઊતારવામાં આવ્યો હતો. એના એજ અંકમાં થોડાંક પાનાઓ પછી એક એલોપેથનો બળિયાની રસીની હિમાયત કરતો લેખ છપાયો હતો. એ અંકમાં તંત્રીએ કશુંજ લખ્યું નહોતું! વિચારોની આ અંધાધૂંધીમાં બિચારા સામાન્ય વાચકની શી દશા?

તમે કે તમારા જેવા બીજા જે કોઈ વૈદ એમ માનતા હો કે આયુર્વેદ એ મતમતાંતરનો ઉકરડો નથી. પણ એક વ્યવસ્થિત નિયમબદ્ધ વિજ્ઞાન છે, એમની પહેલામાં પહેલી અને પવિત્ર ફરજ એ છે કે એલોપેથો કે નિસર્ગોપચારકો કોઈની પણ શરમ રાખ્યા સિવાય આયુર્વેદના તત્વજ્ઞાન મુજબ અર્વાચીન પ્રશ્નો ઉપર કોઇ પણ જાતની સંદિગ્ધતા સિવાય, સ્પષ્ટ, સચોટ અને નિશ્ચય નિર્ણયો આપવા જોઇએ. જ્યાંસુધી આમ ના થાય ત્યાં સુધી મારા જેવા માણસો એમ માને કે એલોપેથીની પેઠે આયુર્વેદનું ચિકિત્સાશાસ્ત્ર એ પણ એક દેશી વૈદુંજ છે, તો તેઓ દોષપાત્ર મનાય ખરા?

(૪) જેવું બળિયાની રસી વિષે તેવું જ બીજી બધી રસીઓ વિષે. વૈદોએ રસીઓનો ઉપયોગ કરવો કે ના કરવો? જો કરો છો તો તમે ત્રિદોષવાદની હાર સ્વીકારી જંતુવાદની જીત સ્વીકારો છો. ત્રિદોષવાદની હાર ન સ્વીકારતા હો તો પણ એની મર્યાદા તો સ્વીકારો છો જ. રસીઓના ઉપયોગથી જ તમે એમ કહી રહ્યા હો કે જંતુજન્ય રોગો જેવા પ્રાણઘાતક રોગોમાં ત્રિદોષવાદનું કંઈ નહિ ચાલે એ રોગોમાં તો જંતુવાદના આદેશો આગળ જ શીર ઝુકાવવું જોઈશે. જો રસીઓ ના વાપરવા માગતા હો તો રસીઓ જેવાં જ પરિણામો આણી શકશો?

ઝંડુ ફાર્મસી જેવી પ્રતિષ્ઠિત ફાર્મસી તરફથી બહાર પડેલ 'આયુર્વેદ ચિકિત્સા સાર'માં ડિફ્થેરીઆની સારવાર આપીને હેઠળ લખવામાં આવ્યું છે કે 'કહે છે કે ડિફ્થેરીઆની સીરમ સારી અસર કરે છે' આવાં સંદિગ્ધ વચનોનો શો અર્થ કાઢવો?

બીજી એક જાણીતી ફાર્મસીને મેં રસીઓ વિષે પુછાવ્યું ત્યારે એમણે જણાવ્યું કે 'અમે કાંઈ ચોકકસ જવાબ આપી શકતા નથી'

બધા એલોપેથો કહે છે કે ડિફ્થેરીઆની સારવાર રસી સિવાય કરવી એ એક ગુનાહિત કૃત્ય છે. બધા નિસર્ગોપચારકો કહે છે કે ડિફ્થેરીઆની સારવાર રસીથી કરવી એ એક ગુનાહિત કૃત્ય છે.

આવા ભયંકર મતભેદમાં વૈદોને શું કહેવાનું છે: વ્યક્તિગત રીતે અને સામુદાયિક રીતે?

ધારો કે આવતી કાલે તમને જ ભાવનગરમાં એક ડિફ્થેરીઆના કેસમાં બોલાવવામાં આવ્યા. સાથેસાથે એક એલોપેથિક દાકતરને પણ બોલાવ્યા. દાકતર સ્વાભાવિક રીતે જ કહેશે કે "હમણાંને હમણાં એન્ટી-ટોકસીનનું ઇન્જેકશન આપી દો. રસીની સારવાર હેઠળ ડિફ્થેરીઆનું મરણપ્રમાણ નહિવત છે. આવા ભયંકર રોગમાં તમારું જરીપુરાણું આયુર્વેદ કામ નહિ કરે. તમારે આપવું હોય તો અપચામાં હિંગાષ્ટક આપજો, પણ મહેરબાની કરીને અહીં માથું ના મારશો.

તમે શું જવાબ આપશો? 'હું કાંઈજ કહી શકતો નથી' એવું કહેશો?

તમારે રસીની તરફેણમાં કે વિરુદ્ધમાં મત આપવો તો પડશે જ. રસીની તરફેણમાં મત આપો છો તો એલોપેથીની મહત્તા અને આયુર્વેદની લાચારી કબૂલ કરો છો. જો વિરુદ્ધમાં મત આપો છો તો રસી જેટલી જ અથવા તો એથી વધુ અસરકારક કેવી દવાઓ તમારી પાસે છે, એ સાબિત કરવાની જવાબદારી તમારે માથે આવી પડે છે.

(૫) આયુર્વેદના નિદાનમાં થરમોમીટરથી માંડીને એક્સ-રે જેવાં નિદાનનાં આધુનિક સાધનો વાપરવાં કે ના વાપરવાં? જો વાપરો છો તો પ્રાચીન નિદાનનું અધૂરાપણું આપોઆપ સિદ્ધ થાય છે. નથી વાપરતા તો આ સાધનો જેટલું જ ચોકસ નિદાન તમે કરી શકો?

અને આ જમાનાના સાધનોથી રોજિંદું નિરીક્ષણ-પરીક્ષણ કર્યા પછી એ રોગોને દરેક દાખલામાં પ્રાચીન નામો વળગાડવાનો આગ્રહ કેટલે અંશે વ્યાજબી છે?

(૬) આયુર્વેદમાં ઉપવાસનું સ્થાન છે?

ક્ષયનાં કારણ અને નિવારણ

લેખક : શ્રી. ભૂપતરાય મો. દવે

The cure for Tuberculosis is a question of nutrition.

—Sir William Osler

અર્થ : "ક્ષયની સાધ્યતા ખોરાકના પ્રશ્ન ઉપર નિર્ભર છે"

—સર વિલિયમ ઑસ્લર

હિન્દુસ્તાનમાં ક્ષયરોગનો ફેલાવો મોટા પ્રમાણમાં છે તેનાં કારણો અનેક છે. આપણા સામાજિક રીત-રિવાજો, રહેણીકરણી, ભેજવાળી હવા, અમલ ગરીબાઈ, સત્વહીન આહાર વગેરે, આવા બીજાં અનેક કારણો ગણાવી શકાય તેમ છે.

ગુજરાતના પાટનગર અમદાવાદમાં તેમજ મુંબઈ જ્યાં મિલોની સંખ્યા વધારે છે, ગીચ વસ્તીવાળા રસ્તાઓ છે, એથી સૂર્યનો પ્રકાશ અને સ્વચ્છ, નીરોગી હવા માણસોને મળતાં નથી. આ બધાની ખરાબ અસર માણસોના આરોગ્ય પર પહોંચે છે. ઉધરસ, તાવ, કબજિયાત મરડો, દમ, શરદી, સળેખમ, પાંડુરોગ વગેરે રોગો અશુદ્ધ હવા અને સત્વહીન ખોરાકને આભારી છે, ગંગા નદીના કિનારાની આસપાસ આવેલ ભેજવાળો પ્રદેશ, પંજાબ પ્રાંત, મલબાર કિનારો, સરહદ પ્રાંતની ખીણો અને ગુજરાત આ પ્રદેશોમાં ક્ષયનું પ્રમાણ-ઘણું મોટું છે. તેમાં પણ ગામડાં કરતાં શહેરમાં ક્ષયનું પ્રમાણ દિન પ્રતિદિન વધતું જાય છે.

ક્ષય ફેલાય છે એની પછવાડે બીજાં અનેક કારણોમાં ગામડાંનાં તંદુરસ્ત લોકો ધંધો-રોજગાર કરવા માટે શહેરમાં આવે છે. દા. ત. ગુરખાઓ અને પઠાણો પહાડી પ્રદેશમા રહેનારા છે, પહાડની હવામાં ક્ષય નથી થતો. આ લોકોને પૈસાની આર્થિક સંકડામણને કારણે શહેરમાં કામ-ધંધા માટે આવવાનું થાય છે. શહેરમાં આવ્યા પછી આજુબાજુનાં ક્ષયવાળા માણસનો સંસર્ગ થતા તેમના પર ક્ષયની માઠી અસર થાય છે. ક્ષયથી ઘેરાયેલા દર્દી પાછા પોતાના વતનમાં જાય છે ત્યાં પણ બીજા લોકોને ક્ષયનો ચેપ લાગે છે અને ધીરે ધીરે ક્ષયના દર્દીની સંખ્યા વધવા માંડે છે.

કાશ્મીર જેવા ઠંડા સ્થળે કે ત્યાં દર્દીઓ ત્યાંની આરોગ્યપ્રદ હવાથી રોગથી મુક્ત થતા, ત્યાં પણ આજે પછાત ગણાતી કોમમાં ક્ષયરોગનું પ્રમાણ વધી રહ્યું છે. સાચી વાત તો એ છે કે હિંદુસ્તાનનાં હવા પાણી એટલા નિર્મળ છે કે ક્ષયરોગ આવી ન શકે છતા છેલ્લાં ૩૫થી ૫૫ વરસમાં હિંદમાં ક્ષયરોગનું પ્રમાણ વધ્યું છે. થોડા વરસ પહેલા લેડી લીનલીથગોએ હિંદમાંથી ક્ષયરોગને નાબૂદ કરવા માટે ફંડ ઊભું કર્યું હતું આ ફંડમાં રાજામહારાજાઓએ અને ધનિકોએ તેમજ જાહેર જનતાએ પૈસાની પુષ્કળ મદદ-આપેલી છે.

ક્ષયરોગને અટકાવવા માટે સેનિટેરિયમ-દવાખાનાનાં સ્થળો વધારવાં જોઈએ જ્યાં વરસાદ ઓછો પડતો હોય, ખુલ્લા મેદાનો હોય, હવામા ભીનાશ બહુ જ થોડા પ્રમાણમા હોય, ઓછી ગરમી, સૂકી, ઠંડી હવા આ બધાનો સુમેળ હોય ત્યાં ક્ષયરોગ આપોઆપ ભાગી જાય છે. ઉત્તર હિંદુસ્તાન, મહારાષ્ટ્ર, રાજપુતાના, મધ્યપ્રાંત, મહીસુર આ બધા સ્થળોની હવા ક્ષયરોગને અટકાવવા માટે મદદરૂપ બની શકે તેમ છે.

ક્ષય થવાનાં કારણો

હિંદુસ્તાનમાં ક્ષયનો ફેલાવો દિવસે દિવસે વધતો જાય છે તેનાં કારણોમાં અત્યંત ગરીબાઈ છે. લોકોને એક વખત પેટ પૂરતું ખાવાનું ન મળતું હોય ત્યાં પૌષ્ટિક ખોરાકની વાત કેવી રીતે કરવી.

હિંદમાં લાખો માણસો ક્ષયના ભોગ બનતાં જાય છે કારણ કે ઘી, દૂધ, દહીં, છાશ, માખણ ફળો વગેરે સત્ત્વવાળો ખોરાક મળતો નથી જ્યાં સુધી સત્વહીન ખોરાક શરીરને પોષણ માટે મળે છે ત્યાં ક્ષય રોગનો હુમલો થાય છે.

આ ઉપરાંત ગીચ વસ્તીમાં રહેઠાણ સ્વચ્છ હવાનો અભાવ, પ્રકાશને બદલે અંધકાર છે, ત્યાં ક્ષય વધારે પ્રમાણમાં પ્રસરે છે.

અધૂરા શ્વાસોચ્છ્વાસ, મોટી ઉધરસ, ન્યુમોનિયા, છાતીની નબળાઈ બેઠાડુ આળસુ જીવન, અતિમૈથુન, વીર્યનો નાશ, ઇન્ફ્લુએન્ઝા, શરદી, સળેખમ, રાતના ઉજાગરા, અનિયમિત ભોજન, તથા મિલ, કારખાનાની ગંદી હવા કાર તેમ જ તમાકુ-ગાંજો-બીડી વગેરે વ્યસનોથી ક્ષય રોગ લાગુ પડે છે. સ્ત્રીઓમાં ક્ષય થાય છે તેનાં કારણોમાં વારંવાર આવતી સુવાવડ, શક્તિ ઉપરાંતનું ઘરકામ, માનસિક ચિંતા, આર્થિક સંકડામણ પડદાનો રિવાજ, મળ-મૂત્રનો વેગ રોકવો, તંગ બોડીસ પહેરવી, બગડેલ સ્વભાવ, ઈર્ષા, જ

કારણોને લીધે જીવનશક્તિ (Vitality) ઘસાઈ જાય છે. આને લીધે ધીરે ધીરે શરીર ઉપર ઘસારાની અસર દેખાવા માંડે છે. આમને આમ ૭-બાર મહિના કે વધુ સમય જતાં ક્ષય રોગનો ભોગ થઇ પડે છે.

ગંદી અને ભેજવાળી હવા

ક્ષય રોગનું મૂળ ગંદી હવા અને ભેજવાળી જમીન છે. શુદ્ધ હવાથી માણુસ નીરોગી રહે છે. જ્યારે ગંદી હવા માણુસને બીમાર પાડે છે.

એક સુપ્રસિદ્ધ પ્રયોગ અહીં રજુ કરું છું.

ટ્રુડો (Trudeau) નામના ક્ષય રોગના નિષ્ણાત વિદ્વાને કેટલાંક નીરોગી સસલાંને ક્ષયરોગ લાગુ પાડયો. તેમાંથી થોડાં સસલાંને ખુલ્લી હવામાં, પ્રકાશમાં, ભેજ વગરની જગામાં રાખ્યાં. આમાંથી કેટલાંક તદ્દન નીરોગી રહ્યાં અને બચી ગયાં. કેટલાંકને સાધારણુ ક્ષયની અસર થઈ. જ્યારે બીજાં કેટલાંક સસલાંને સૂર્યનો પ્રકાશ કે ચોકખી હવા ન મળે તેવી અંધારી, ભેજવાળી જગામાં રાખવામાં આવ્યાં પરિણામે તે બધાં સસલાંને ક્ષયરોગ લાગુ પડયો અને મૃત્યુ પામ્યાં.

આ નિયમ માણુસને પણુ લાગુ પડે છે.

ક્ષયના પ્રકાર

ક્ષયના અનેક પ્રકાર છે. ફેફસાંનો ક્ષય, આંતરડાનો ક્ષય, હાડકાંનો ક્ષય, કરોડનો ક્ષય. આવા બીજા અનેક પ્રકારના ક્ષય માનવીના શરીરમાં જુદા જુદા સ્વરૂપે દેખા દે છે. પણ મોટા ભાગે ફેફસાંના ક્ષયથી પીડાતાં માનવીઓની સંખ્યા આપણા જોવામાં આવે છે. એટલે હાલ તો ફેફસાંના ક્ષય વિષે વિગતો આપવી વધુ જરૂરી છે.

ક્ષયનાં બે રૂપ ઉગ્ર અને મંદ

ક્ષય પણુ ઉગ્ર અને મંદ આમ બે સ્વરૂપે દેખાય છે. સામાન્ય રીતે જે માણુસને ઉગ્ર ક્ષય રોગ થાય છે તે ભાગ્યે જ બચે છે. કારણુ કે આ ઉગ્ર રોગ ઘણી મોટી ઝડપથી ફેફસાંમાં ફેલાઈ જાય છે. ઇલાજો શરૂ કરતાં કરતાં તો દર્દીનું જીવન પૂરું થાય છે. આ ઉગ્ર ક્ષય દર્દીને દરરોજ છેતરતો હોય છે છતાં એની ખબર તેને સમયસર નથી પડતી. પરિણામે દર્દી ત્રણુ કે ૭ મહિને મૃત્યુ પામે છે.

ક્ષયનો મંદ (ક્રોનિક) પ્રકાર

ક્ષયના મંદ સ્વરૂપમાં દર્દીની સારવાર કરવાનો પૂરતો સમય મળે છે. દર્દ વિષે સમ્પૂર્ણ રીતે વિચારી શકાય છે. ક્ષયનું નિદાન યોગ્ય રીતે કરીને તેની સારવાર શરૂ થવી જોઇએ. કારણુ કે શરૂઆતમાં દર્દીની શક્તિઓ મંદગતિથી ઘસાતી જાય છે. આ વખતે બુદ્ધિપુરઃસર યોજાયેલા કુદરતી ઇલાજો કામ કરી જાય છે. આથી દર્દીનું જીવન આરોગ્ય લંબાય છે.

આપણી અજ્ઞાનતા

આપણે ત્યાં શરૂઆતમાં રોગ વિષે બેદરકારી રાખવામાં આવે છે. રોગની ગંભીરતાનો કશોય ખ્યાલ પણુ કરતાં નથી. જ્યારે રોગનું, ઝેરનું પ્રમાણુ એકાએક પ્રસરવા માંડે છે ત્યારે દર્દીના સગાં-સંબંધીઓ દવા-દારૂની પાછળ તડામાર પ્રયત્નો કરે છે. અને પૈસાનો પુષ્કળ વ્યય કરે છે. છતાં દર્દી બચી શકતો નથી. આટલું જણાવ્યા પછી ક્ષયરોગ વિષે થોડી જાણુ પડે કે તરત જ સાચી સારવાર શરૂ કરી દેવી જેથી ઓછો શ્રમ અને થોડા ખર્ચથી દર્દી રોગમુક્ત બને.

ક્ષયનાં લક્ષણો

શરીરમાં થાક લાગે છે, શરીર આસ્તે આસ્તે ઘસાતું જાય છે. ઉધરસનું ઠસકું આવે. હાડમાં ઝીણો ઝીણો તાવ રહ્યા કરે છે મન નિરુત્સાહ અનુભવે છે, લગભગ આખો દિવસ માનસિક થાક લાગે છે, પાચનક્રિયા મંદ પડે છે. સ્ફૂર્તિ અને શક્તિ અદૃશ્ય થાય છે પરિણામે સ્વભાવ બદલાઇને ચીડિયો બને છે.

આ ઉપરાંત કબજિયાત, અપચો થાય છે, જેને લીધે શરીરનું વજન દિનપ્રતિદિન ઘટતું જાય છે. નાડીની ગતિ ઝડપી બને છે. લોહીનો રંગ લાલને બદલે ફિક્કો દેખાય છે. મોં ઉપર નિસ્તેજતા છવાઈ જાય છે. આંખો ઊંડી અને ઝાંખપવાળી બને છે. ફેફસાંમાં અને ખભાની પાછળ સતત ઝીણો ઝીણો દુખાવો રહ્યા કરે છે. અને સાંજને વખતે સામાન્ય તાવ આવવાની શરૂઆત થાય છે, પાછલી રાતના પરસેવો આવે છે છતાં શરીરમાં અસુખ લાગે છે.

આ બધાં ચિહ્નો શરીરમાં દેખા દે ત્યારે ગફલત ન રાખતાં કોઈ અનુભવી નિષ્ણાત ડૉક્ટરની પાસે દર્દીનું શરીર, ફેફસાં, લીવર, જ્હર, આંતરડાં, મૂત્રાશય, ગળફા, પેશાબ, લોહી, મળ વગેરે તપાસાવીને વહેલી તકે નિર્ણય કરી લેવો. આ બધા પછી દર્દીના ફેફસાંનો એક્સ-રે ફોટો છબી લેવી જેથી ક્ષયનું સાચું સ્વરૂપ પારખી શકાય છે.

કફ વિષે એક સમજ

મંગળદાસનું શરીર તદ્દન નીરોગી છે. એક દિવસ તેમને મોટી ઉધરસ

આવતા ગળફા સાથે થોડું લાલ રંગ જેવું દેખાયું આ લાલ રંગનો ગળફો જોતાં મંગળદાસ ખૂબ જ ગભરાઈ ગયા. આંખે અંધારાં આવી ગયાં, શરીરે પ સેવો વળી ગયો. તેમનાં સગાંએ ડૉક્ટરને બોલાવ્યા. થોડી-વારમાં ડૉક્ટર તેમની તબિયત જોવા આવી પહોંચ્યા. ડૉક્ટરે તેની તબિ-યત–ફેફસાં, નાડી વગેરે જોઈ ને કહ્યું કે કંઈ નથી અમસ્થો લાલ ગળફો છે. બીજું એકેય ચિહ્ન દેખાતું નથી. ફેફસાં તદ્દન સ્વચ્છ અને મજબૂત છે પણ મંગળદાસના મનની નબળાઈ ન ટળી. ફરીવાર ડૉક્ટરે એનું મોં તપાસ્યું તો તેના કાકડા વધી ગયા હતા તેમાંથી એ લોહી ગળફા સાથે બહાર દેખાયુ હતું. આટલી સ્પષ્ટ રીતે જ્યારે પેલા ભાઈને સમજાવવામાં આવ્યું ત્યારે તેની મનની શંકાનું સમાધાન થયું.

આમ કેટલીક વખત કફ–ગળફા સાથે લાલ લોહી દેખાય છે આથી માની ન લેવું જોઈએ કે ક્ષય છે. ઘણી વખત કાકડામાંથી ઘસાઈ ને કફ આવવાથી લોહી દેખાય છે. તેમજ દાંતના પેઢામાંથી લોહી નીકળે છે અને કફ કાઢતી વખતે કફની સાથે લોહી મળી જાય છે. આ બાબત સૌ કોઈએ લક્ષમાં રાખવા જેવી છે.

પણ જ્યારે મોં વાટે લોહીની ઊલટી થાય ત્યારે ક્ષય છે એમ માની લેવું જોઈએ. ઘણી વખત સખત પરિશ્રમ કર્યો હોય, ભારે વજન ઉચ-કાયું હોય, તો પણ લોહીની ઊલટી થાય છે. આવું કંઈક થાય ત્યારે ક્ષયના નિષ્ણાત અને નિઃસ્વાર્થી ડૉક્ટર પાસે રોગનું નિદાન કરાવવામાં બેદરકારી સેવવી નહિ. તરત જ ડૉક્ટર પાસે જઈ બધી સત્ય હકીકતથી વાકેફ કરી અને તાત્કાલિક ઈલાજ શરૂ કરવા. જરૂર પડે તો બે–ચાર અનુ-ભવી અને કાબેલ ડૉક્ટરોનો મત લેવો. જેથી આપણા મનની મૂંઝવણ અને ભાર હળવો બને છે

ક્ષયનો તાવ અને પરસેવો

ફેફસાં—છાતીના ક્ષયમાં તાવથી ઝડપી નિદાન કરી શકાય છે. તાવ વધારે આવે તો સમજી લેવું કે દર્દ વેગપૂર્વક આગળ ધપે છે. સામાન્ય રીતે તાવથી ક્ષયનું સ્વરૂપ પારખી શકાય છે. ક્ષયના દર્દીને તાવ આવે છે. પછી બીજાં ચિહ્નો દેખાય છે.

તાવ સ્થિર રહેતો નથી. અવાર-નવાર વધઘટ થયા કરે છે. ખરી ખૂબી તો એ છે કે દર્દીને સવારમાં તાવ દર્શન દેતો નથી, શરીર તંદુરસ્ત માણસ જેટલું ઠંડુ રહે છે. બપોર પછી તાવની સવારી આવવી શરૂ થાય છે, તે રાતના નવ વાગ્યા સુધીમાં ૯૯ાા થી ૧૦૦ ડીગ્રી સુધી પહોંચી જાય છે. આ તાવની મુદત બેથી ચાર કલાકની હોય છે. બપોરના ત્રણથી છ સુધીમાં તાવનું ટેમ્પરેચર વધુમાં વધુ હોય છે. તેમ જ મધરાત પછી એટલે કે બે થી ચાર વાગ્યા સુધીમાં સામાન્ય સ્થિતિમાં શરીરની ગરમી આવી જાય છે અને તાવ ઊતરી જાય છે.

ઉપર જે કહ્યું એ તો શરૂઆતની વાત થઈ. પણ જો દર્દી કાળજી ન રાખે તો તાવ શરીરમાં ઘર કરી જાય છે અને પછી તો અઠવાડિયાં કે પંદર દિવસ સુધી દરરોજ એક-ધારો રહે છે. શરીર તપેલું જણાય છે. ફેફસાં સડી જઈને પરનું પ્રમાણ વધે છે તેમ તાવનું સ્વરૂપ ઉગ્ર બને છે. કારણ કે પરૂ લોહીની સાથે ભળે છે. આ વિષથી તાવ સતત રહ્યા કરે છે અને મુદત લંબાય છે.

ક્ષયના દર્દીની પરીક્ષામાં પરસેવો મહત્ત્વનું કાર્ય કરે છે. તાવની સાથે સાથે પરસેવો વધે છે. તાવ ચડઊતર થાય છે, તો પરસેવો પણ વધુ ઓછો થાય છે. વહેલી સવારે તાવ ઊતરી જાય ત્યારે દર્દી પરસેવાથી નીતરી જાય છે. સવારે, બપોરે કે સાંજે દર્દી ઊંઘ લેતો હોય છે ત્યારે પરસેવાની ટસરો ફૂટયા કરે છે. પરિણામે દર્દી અશક્ત બને છે.

પરસેવા વિશે પણ મતભેદ છે. ઝાડા, ઊલટી થાય તો પરસેવાનું પ્રમાણ ઓછું થઈ જાય છે. મીઠી-પ્રમેહના દર્દીઓને પરસેવો જૂજ થાય છે.

ક્ષયરોગના દર્દીને છાતી ઉપર વધારે પરસેવો વળે છે. જ્યારે બીજા પ્રકારના તાવમાં આખે શરીરે પર-સેવો છૂટે છે. ક્ષયના દર્દીને પરસેવો છૂટે છે છતાં અસુખ-બેચેની રહે છે. જ્યારે બીજા પ્રકારના તાવમાં પર-સેવો વળે છે ત્યારે તાવ ઊતરી જાય છે અને દર્દીનું શરીર હળવું ફૂલ જેવું બને છે.

રાતનો પરસેવો ક્ષયના દર્દીને નબળો બનાવે છે. સામાન્ય રીતે સાદા તાવમાં ભોજન પછી દર્દીને તાવ આવે છે તો તેને ખબર પડી જાય છે કે મને તાવની અસર શરૂ થઈ છે. પરંતુ ક્ષયના દર્દીને ભોજન પછી તાવ આવે છે તો તેને ખબર નથી પડતી.

તાવ માપવાની રીત

તાવ માપવામાં બગલમાં થરમો-મીટર મૂકવામાં આવે છે. આથી તાવની સાચી સ્થિતિ જાણી શકાતી નથી. મોંમા થરમોમીટર રાખવાથી

તાવનું સાચું પ્રમાણ જાણવા મળે છે. બગલ કરતા મોંમાં ટેમ્પરેચર એક ડીગ્રી તાવ વધારે હોય છે.

હાંફ : ક્ષયની શરૂઆતમાં હાંફનું પ્રમાણ ઓછું હોય છે. 'દર્દનું સ્વરૂપ ઉગ્ર બને છે તેમ હાંફનું જોર વધે છે કેટલાક દર્દીને હાંફની અસર દેખાતી નથી.

ગળફો : ક્ષયરોગની શરૂઆતમાં ગળફાનું સ્વરૂપ સળેખમના ગળફા જેવો ઘટ્ટ, ચીકણો અને સફેદ લીંટના જેવો હોય છે. ક્ષયનો વિકાસ થાય તેમ ગળફાનું પ્રમાણ વધે છે અને ગળફાનો રંગ પરૂ જેવો દેખાય છે. અને વધારે પ્રમાણમાં ગળફો છૂટે છે. આ ભારે ગળફાનો રંગ લીલાશ જેવો નજરે પડે છે. આ ભારે ગળફો પાણીમાં નાખીએ તો તળીએ બેસી જાય છે. આ ગળફામાં ક્ષયનાં જંતુઓ હોય છે.

ક્ષયથી ઘેરાયેલા દર્દીનો ગળફો અગ્નિ ઉપર નાખવાથી દુર્ગંધ મારે છે આ ક્ષયનું ઉગ્ર સ્વરૂપ ગણાય છે.

નાડી (Pulse) : તંદુરસ્ત માણસની નાડીના ધબકારા દર મિનિટે ૭૦ થી ૭૫ સુધીના હોય છે. પણ ક્ષયરોગથી ઘેરાયેલા દર્દીની નાડીના ધબકારા ૮૫ થી ૧૨૦ સુધી પહોંચી જાય છે. કયારેક એથી વધારે પણ થાય છે.

ચહેરાનો રંગ

ક્ષયમાં કેટલાક દર્દીના ચહેરા ઉપર સાંજના લાલાશ દેખાય છે. આથી સ્નેહીઓ સમજે છે કે દર્દીની સ્થિતિ સુધારા પર છે, પણ આ એક ગેરસમજ છે. મો પર લાલાશ આવવાનું ખાસ કારણ એ હોય છે કે ફેફસાં નબળાં પડી જવાથી લોહી સંપૂર્ણ શુદ્ધ થતું નથી. આથી અશુદ્ધ લોહી ચહેરા ઉપર ધસી આવે છે, જેને લીધે ચહેરો લાલ અને ભરપુર દેખાય છે.

જીભ : ક્ષયના દર્દીની જીભનો રંગ લાલ રહે છે અને જીભ ચોકખી રહે છે. તેના પર ચીકણો-સફેદ પદાર્થ દેખાતો નથી.

જ્યારે મેલેરીઆ તાવમાં જીભનો રંગ મેલો હોય છે.

અવાજ : ક્ષયના દર્દીના અવાજમાં પણ ફેરફાર થતો આવે છે. સામાન્ય રીતે ક્ષયના દર્દીનો અવાજ બેસી ગયેલ-ઘોઘરો માલમ પડે છે.

ફેફસાંના ક્ષયમાં ત્રણ સ્થિતિ

પહેલી સ્થિતિ : જેમાં ટયુબરકલ નામનાં જંતુઓ ફેફસાંના અમુક ભાગ ઉપર હુમલો કરીને સોજો લાવે છે,

આ સ્થિતિમાં દર્દી થોડું કામકાજ કરે ત્યારપછી થાક લાગે છે, અશક્તિ દેખાય છે, સવારે થોડી ઉધરસનું ઠસકું આવે છે. કોઈ કેસમાં છાતીમાંથી કફ છૂટે છે ત્યારે તેની સાથે થોડું લોહી દેખાય છે. સાંજે ઝીણોઝીણો તાવ પણ રહે છે.

બીજી સ્થિતિ : ફેફસાંના જે ભાગ ઉપર સોજો આવ્યો હોય તે ભાગ કઠણ બને છે અને ફેફસાંની આસપાસના ભાગ ઉપર સોજો આવે છે.

આ વખતે અશક્તિ સારી પેઠે દેખાય છે. સાથે સાથે શરીર ઘસતું જાય છે. શરીર ફિક્કું અને છાતીમાં દુખાવો થાય છે સાંજના તાવનું પ્રમાણ થોડું વધે છે, ઉધરસ ઉગ્ર બને છે તથા કફ મોટા પ્રમાણમાં છૂટે છે.

ત્રીજી સ્થિતિ જે ફેફસાંનો ભાગ કઠણ થયો હોય તે ભાગ મુલાયમ થઈ સડે છે અને આખરમાં ખાડા જેવો આકાર ઉપસી આવે છે.

આ સ્થિતિમાં છાતીનો ભાગ સંકોચાઈને બેસવા માંડે છે. પાંસળીઓમાં દમના દર્દીની માફક ખાડા દેખાય છે.

આ ઉપરાંત તાવનું જોર વધે છે. ઉધરસ ખૂબ જ આવે છે. જેથી દર્દી થાકી જાય છે. કફ ચીકણો ભારે અને દુર્ગંધવાળો હોય છે, કયારેક લોહીથી રંગાયેલો પણ દેખાય છે. શરીર દિન પ્રતિ દિન સુકાતું જાય છે વજન પણ ઓછુ થવા માંડે છે ચામડી સૂકી અને હોઠ કાળો રંગ ધારણ કરે છે ભૂખ લાગતી નથી. અને કયારેક કયારેક પાણી જેવા ઝાડા પણ થાય છે.

આ આખરી સ્થિતિમાં દર્દીને કાળજીપૂર્વક કુદરતી સારવાર આપવામાં આવે છે તો કેટલાક કેસોમાં દર્દી નવું જીવન-નવી જિંદગી મેળવી શકે છે.

ક્ષયરોગ અને દવાઓ

ક્ષયરોગની ભયંકરતા કંઈ નાનીસૂની નથી. જેને ક્ષય લાગુ પડે છે, તેને દરેક પ્રકારે પાયમાલ કરે છે. ક્ષય માટે આજસુધીમાં અનેક પ્રકારની દવાઓ, ઈન્જેકશનો, ભસ્મો, કાઢાઓ, પાવડરો વગેરે અનેક ડૉકટરોએ-વૈદ્યોએ, હકીમોએ હજારો દર્દીઓ ઉપર અજમાવી જોયાં છે. પણ કાયમ સારૂંનું પરિણામ શુભ દેખાયું નથી.

સાચી વાત તો એ છે કે ક્ષયની રામબાણ દવાઓ પાછળ વૈજ્ઞાનિકો રાતદિવસ મથી રહ્યા છે પણ કોઈ કિમિયો હાથ લાગતો નથી. દર વરસે

નવી નવી દવાઓ ઇંજેક્શનો વગેરે પ્રજા પાસે વૈજ્ઞાનિકો ધરે છે–રજુ કરે છે. -દાખલા તરીકે ઇટાલીમાં પેક્સીન અને સીરમ, ઇરાનમા દ્રાક્ષનો પ્રયોગ, જર્મનીમાં ટ્યુબરક્યુલીન, ડનીવામાં સ્પાહર્લીંજર, ફ્રાન્સમાં કાસમેટની રસી, રશિયામાં કુમીસ, આફ્રિકામાં વનસ્પતિપ્રયોગ, અને હિંદુસ્તાનમાં ભસ્મો અને રસાયણો વગેરે. ઉપર જે નામો બતાવ્યાં છે તે દરેક દેશે ક્ષય માટે શ્રેષ્ઠ દવાઓ તરીકે પ્રજા પાસે રજુ કરેલી છે. પણ દર્દીઓને કેટલી અસર કરે છે તેનુ સંતોષકારક પરિણામ રજૂ નથી કર્યું.

આ ઉપરાંત ક્રીઓસોટ અને ગ્વાયાકોલ કાર્બોનેટ, કોડલીવર તેલ, કેલ્સ્યમ, સોમલ, આયોડોફોર્મ, આયોડીપન, હાઇપોફોસ્ફાઇટસ, સોનુ, રૂપું, લોહ, તાંબુ, પારો વગેરે પાર વગરની દવાઓ ક્ષયના દર્દને નાબૂદ કરવા માટે દવાના અખતરા તરીકે દિન પ્રતિદિન ચાલુ છે.

સૂંઘવાની પણ વિવિધ દવાઓ ક્ષયના દર્દીને આપવામાં આવે છે. જેવી કે કાર્બોલિક એસીડ, થાયમોલ, આયોડીન, મેન્થોલ, ક્રિસેઓટ, યુકેલીપ્ટસ, ટર્પેન્ટાઇન વગેરે. આ બધી સૂંઘવાની દવાઓથી ઘડીભર દર્દીને શાંતિ લાગતી હશે પણ કાયમની રાહત ન મળે એ સ્વાભાવિક છે.

ક્ષયનો દર્દી થયો એટલે ડોક્ટરોનો તેના મટાડ માટે ઇન્જેક્શનોનો 'કોર્સ' શરૂ થાય છે. એમાં યે ઘણા પ્રકારના ઇન્જેક્શનો વપરાય છે. જેવાં કે ટ્યુબર ક્યુલીન, સોનું, સોમલ, કેલ્શ્યમ, પારો, ફોરમેલીન, ઈથર વગેરે ઇન્જેક્શનોનો છૂટથી ઉપયોગ થાય છે. પણ ક્ષયનો દર્દી સારો થવાને બદલે દવાઓ–ઇન્જેક્શનો તેના દર્દને દાબી દે છે.

હમણાં છેલ્લે છેલ્લે ક્ષયના દર્દીઓને ફેફસાંમાં હવા ભરવાનો પ્રયોગ બહુ જ પ્રચલિત થતો જાય છે. જેને લોકો A. P. (Artifical Pneumothorax) નામથી ઓળખે છે.

આ સારવારથી દર્દીને તાત્કાલિક લાભ મળે છે. એની અસર ત્રણ–ચાર વરસ સુધી રહે છે. પાછળથી દર્દીને ક્ષયનો હુમલો થાય છે. એવો ક્ષયના દર્દીઓને અનુભવ છે.

ક્ષયના દર્દમાં દેશી દવાઓ

ક્ષયરોગમાં વૈદરાજો અબરખ ભસ્મને રામબાણ ઇલાજ તરીકે માને છે. સુવર્ણભસ્મનું મહત્ત્વ પણ અબરખથી ઓછું નથી. સુવર્ણ–ભસ્મમાં સોનાનો વરક આવે છે. ઉપરાંત બીજી ભસ્મો જેવી કે પ્રવાળ, લોહ, મોતી વગેરે ભસ્મોનો છૂટથી ઉપયોગ કરે છે. એની સાથે દૂધ, ઘી, માખણ, મધ જેવા સત્ત્વવાળા પદાર્થો દર્દીને આપે છે. જેથી દર્દી રાહત અનુભવે છે.

પણ આ બધા પ્રયોગો દર્દીને કાયમ માટે રોગમુક્ત નથી કરતા. સાચું કહું તો દવા એ દર્દનું થીગડું છે. આજ સુધીમાં ક્ષયના દર્દીઓને ડોક્ટરોએ ઇન્જેક્શનો, પેટન્ટ દવાઓ, ટીકડીઓ આપ્યા કરી છે છતાં પરિણામ શૂન્ય આવેલું છે. દર્દી રિબાઇ રિબાઇને સાવ મરવા જેવો થાય છે ત્યારે ડોક્ટરોની ધીરજ ખૂટે છે. છેવટે ક્ષયના દર્દીને કહે છે કે 'તમે બહારગામ હવાબદલો કરવા જાવ. દવા તમને માફક નહિ આવે.' આ શબ્દો ક્ષયરોગની શરૂઆતમાં દર્દીને કહેવામાં આવ્યા હોત તો દર્દી દવા તથા ઇંજેક્શનના ત્રાસમાંથી જરૂર બચી જાત.

કુદરતના નિયમો પ્રમાણે દર્દી અનુસરે છે તો કોઈ પણ રોગ શરીરમાં દાખલ થતો નથી અને કુદરતના કાનૂનનો માનવી ભંગ કરે છે તો રોગ શરીરમાં આવે છે, તેનો મટાડ પણ કુદરતી ઉપચારો છે.

વધુ આવતા અંકે

મારો જલોપચાર : જર્મનીના જાણીતા જલોપચારક ફાધર ક્નાઇપના My Water–Cure નામના પુસ્તકનું ભાષાન્તર આ મહિનાની આખરે પ્રગટ થશે. આ પુસ્તકની જર્મન ભાષામાં ૩૦૦ જેટલી આવૃત્તિ થઇ છે અને લાખો નકલો વેચાઇ ચૂકી છે. તેના અંગ્રેજી ભાષાન્તર પરથી આ પુસ્તક તૈયાર કર્યું છે. ૪૦ જેટલાં ચિત્રો આપ્યાં છે. તમારો ઓર્ડર આજે જ નોંધાવો.

મહાસભાની પુનઃરચના

લેખક : નીરુ દેસાઈ

મહાસભા ત્રણ વર્ષના ગાળા પછી પુનઃ કાયદેસરની સંસ્થા બની છે. કાયદેસર અસ્તિત્વ હોવાનું ગૌરવ મહાસભા ધરાવી શકે નહિ. જ્યાંસુધી ક્રાંતિની મજલનો સફળ અંત આવે નહિ ત્યાંસુધી મહાસભાના સમસ્ત અસ્તિત્વને હોડમાં મૂકી દેવાના ઘણા પ્રસંગો આવવાના છે, અને આઝાદી માટે લડતી કોઈપણ સંસ્થાને કાળે પડતું ગેરકાયદે કામ કરાવવાનું-ગેર-કાયદેસર એટલે છૂપું જ એમ નહિ માનવું જોઈએ-આવશે. વિપક્ષે એમ કહી શકાય કે મહાસભાએ ગેરકાયદે સરપણામાં જ અભિમાન લેવું જોઈએ. કાયદેસર અસ્તિત્વના ભયસ્થાનો પણ ઠીક ઠીક છે. એમાં આદર્શથી દૂર એવા તકલાદી માણસોની ભરતી થવાનો સંભવ રહે છે; કાર્યકરોનું ધ્યાન ક્રાંતિની શક્તિ ઘડવાને બદલે સત્તાસ્થાનો - મેળવવા તરફ દોડે છે. મકાનો, મિલ્કત ઊભી થાય છે, અને પં. નહેરુએ કહ્યા પ્રમાણે-મહાસભા સ્થાપિત હિતો પેદા કરશે તો એની લડાયક શક્તિનું બળ ઘટશે.

મહાસભાએ દેશની આઝાદી હજી મેળવવાની છે-અર્થાત્ એ દાન તરીકે મેળવવાની નથી, પણ આંચકી લેવાની છે-એ મુદ્દાને લક્ષ્યમાં રાખી મહાસભાએ પુનઃરચનાનો વિચાર કરવો જોઈએ. હવે બ્રિટીશ સરકાર સાથે સંગ્રામ કરવાની વારી આવવાની જ નથી એવી કેટલાકની માન્યતા આધાર વગરની છે. યુદ્ધોત્તર યુગનાં બ્રિટીશ સરકારનું વલણ હિંદને વધારે સત્તાઓ આપવા તરફ નહિ, પરન્તુ એની પકડ દૃઢ કરવા તરફ જ રહેશે એ વિશે કશી શંકા રહી નથી. હિંદના રાષ્ટ્રવાદ અને સામ્રાજ્યવાદ વચ્ચેનો ચિરંતન ઝગડો સમાધાન કે વાટાઘાટો દ્વારા કદીએ નહિ ઉકેલી શકાય. એ માટે તાકાતનો જ મુકાબલો કરવાનો રહેવાનો છે. બ્રિટન હિંદને સ્વતંત્રતા આપે એમાં એની હસ્તિને જ ઘણું જોખમ છે. એ હિંદને આઝાદ કરે તો એ બીજા દરજ્જાનું રાજ્ય થઈ જાય, એનું જીવનધોરણ નીચું આવી જાય. નૈતિકદૃષ્ટિનો વિકાસ થયો હોય તો એ આ સ્થિતિ સ્વીકારવા તૈયાર થાય. પરંતુ આજે તો એની સંભાવના નથી.

માટે બ્રિટીશ સામ્રાજ્યવાદના બધા પ્રયાસો હિંદમાંની એની સત્તા ટકાવવા માટેના જ હોય છે. કોમી પ્રશ્નનો કોયડો, લઘુમતિઓના દાવાઓ, હિંદના ઉદ્યોગોને ઉત્તેજનનો અભાવ, હિંદની બ્રિટનમાંની સ્ટર્લીંગ અનામતો છોડવાની આનાકાની, બ્રિટીશ ઉદ્યોગપતિઓને અપાતી પસંદગી, ૧૯૩૫ના કાયદામાં બ્રિટીશ પેઢીઓ માટે રાખવામાં આવેલી સલામતિઓ, ધારાસભાએ ફગાવી દેવાના કરેલાં ઠરાવનો અસ્વીકાર આ બધું સૂચવે છે કે સીધી રીતે બ્રિટીશ સરકાર પોતાની સત્તા છોડવા તૈયાર નહિ જ થાય.

એનો અર્થ એવો પણ નથી કે આ શોષણમાં નાના ભાગીદાર તરીકે હિંદીઓને નોતરવામાં નહિ આવે. પોતાનો ભાગ કાયમ રાખીને બીજાઓને એમાં મદદ આપવા નિમંત્રવા એ ચાલબાજી પુરાણી છે. ક્રિપ્સ યોજના અને વાવેલ યોજના આવી ચાલબાજીના અંગો જ હતા. હવે જ્યારે યુદ્ધ પૂરું થયું છે ત્યારે "લોક આગળ મો દેખાડવા માટે" એ પછી કાંઈક આવી વાત વહેતી મૂકશે તેમાંય મજૂર સરકાર આવી છે. એણે ત્યાં અનેક પ્રકારના વચનો આપ્યા છે. એ વચનોનો અમલ જો ત્યાં વ્યવહારુ સમાજવાદ એવો થતો હોય તો આપણે માટે એનો અર્થ ગૂઢ પણ વધારે કડક સામ્રાજ્યવાદ જ થવાનો છે. હિંદ પરની પકડ મજબૂત કર્યા વગર ઇંગ્લેંડમાં નવા સુધારાઓ આપવાનું શક્ય બનવાનું નથી.

એટલે મહાસભા આગળ સવાલ એ આવીને ઊભો રહેવાનો છે કે **એ ક્રાંતિકારી સંસ્થા રહેવા માગે છે કે વિનિત થવા માગે છે. એ જો ક્રાંતિકારી સંસ્થા થવા માગતી હોય તો એણે આજના સ્વરૂપમાં-ધરમૂળનો ફેરફાર કરવો જોઈએ.**

૧૯૪૨ની દેશવ્યાપી લડતે આપણી સંસ્થાની અનેક નિર્બળતાઓ સ્પષ્ટ કરી છે. તા ૯મીએ એકાએક લડત આવીને ઊભી રહી ત્યારે એવો ખ્યાલ આવ્યો કે આપણી પાસે કશી તૈયારી નહોતી. યોજના નહોતી, તાલીમ પામેલું ચોક્કસ વિચારસરણીવાળું જુથ નહોતું. આમ છતાંય દેશે પ્રતિકાર તો કર્યો જ. માટે તો એ વિશેષ અભિનંદનિય બને છે. પરન્તુ દેશને અભિનંદનો પાઠવ-

વાથી વાતનો છેડો આવતો નથી. ૧૯૪૨માં લડત આપણે કરવા માગતા નહોતા, એવું કહેવાનો કશો અર્થ નથી. ગાંધીજીએ હરિજન મારફતે આ 'ખુલ્લા બંડ'નો વારંવાર આગ્રહ કર્યો હતો. પ્રજાએ આ અનુરોધના આધારે જે જે કાંઈ હાથમાં જડયું એ વડે સરકારનો સામનો કર્યો. ખુલ્લું બંડ કરવાનું હતું તો એ વિષે કશો પૂર્વ-વિચાર કરવાનું કેમ નહિ સૂઝયું હોય. એ આજે પણ સમજાતું નથી. સરકાર તૈયારીઓ કરવાનો સમય આપશે. આપણે બધાને સૂચનાઓ મોકલી શકીશું, નિયત કરેલા દિવસે અગાઉથી સૂચના આપી બંડની—મહાભારતના યુદ્ધની યાદ આ વેળાએ આવી જાય છે, જ્યારે બન્ને સૈન્યો ચોક્કસ દિવસે સમરભૂમિમાં આવી ઊભા રહ્યા, શંખોનો ધ્વનિ થયો, ગુરુપૂજા થઈ, અને લડાઈનો આરંભ થયો—શરૂઆત થશે. આવો ખરાબી ખ્યાલ આજના જમાનામાં કોઈ જ નહિ ધરાવી શકે. સરકાર પ્રથમ આક્રમણ કરે, અને એવું કલ્પીને જ આપણે તૈયારીઓ કરવી જોઈએ અહિંસાત્મક યુદ્ધમાં કશી પૂર્વ તૈયારીઓ કે યોજનાઓ હોય જ નહિ એવું હું નથી માનતો. હિંસક યુદ્ધની પેઠે અહિંસક યુદ્ધ પણ યોજનાપૂર્વક અને વ્યવસ્થિત રીતે લડી શકાય. એની પોતાની વિશિષ્ટ Technique હોવી જોઈએ. એ જો ન હોય તો આપણું બંડ આજે કે કાલે કોઈ દિવસ સફળ થવાનું નથી.

આજે મહાસભાનું સમસ્ત તંત્ર અમર્યાદિત અવ્યવસ્થિત બની ગયું છે. ગમે તે વ્યક્તિ ચાર આના [illegible] સભ્ય થઈ શકતી હોવાથી એના સંખ્યાબળમાં અપૂર્વ વધારો થયો છે. પણ એથી આપણે ગુણવત્તામાં પાછા પડ્યા છીએ. સંખ્યા ખાતર સંખ્યાના મોહમાં પડીને મહાસભાએ ગુણને ગુણપાટના કપડાંની શિક્ષા કરી છે. આવા સભ્યને કોઈ નિયમનું બંધન નથી હોતું. એને સભ્ય બનાવતી વેળાએ મહાસભા વિષે કશી સમજ આપવામાં આવતી નથી. મોટામોટા કારખાનાઓમાં તો વગથી મહાસભાના સત્તાવાન્છુઓ આમ—નોંધણી કરાવે છે. અને કોઈવાર તો પૈસા પણ પોતાના ગજવામાંથી જ ચૂકવે છે. મહાસભામાં આ કારણે ગમે તેવા વિચારવાળા માણસો સારા પ્રમાણમાં પેસી ગયા છે. મહાસભાને પુનઃ શુદ્ધ કરવી હોય, એને વધારે પ્રાણવાન અને સક્રિય બનાવવી હોય તો સજાગ સભ્યો જ એમાં આવે એવો કશો પ્રબંધ થવો જોઈએ. જેઓ અમુક સમય આપતા હોય, જેઓમાં અમુક પ્રકારની સમજ હોય એટલે કે જેમણે અમુક પ્રકારની તાલીમ લીધી હોય એવા સભ્યો જ મહાસભાની સમિતિઓમાં આવી શકે, એટલું તો ઓછામાં ઓછું થવું જોઈએ.

એટલી જ મહત્ત્વની વસ્તુ સભ્યોની તાલીમ હોવી જોઈએ. બીજે બધે જ સ્થળે કામ કરનારાઓને apprenticeship-ગુમાસ્તાગીરી કરવાની હોય છે. અમુક ખર્ચે દુકાનમાં મહેનત કર્યા વગર માણસને કશી જવાબદારીવાળું કામ સુપ્રત થતું નથી. એક મહાસભા જેવી રાજકીય સંસ્થામાં માણસ એક સભામાં ખાદીના કપડાં પહેર્યે કાર્યકર થઈ શકે છે. એની પાસે કશી તાલીમ હોવાનું આવશ્યક મનાતું નથી. મહાસભાના તમામ હોદ્દેદારો માટે અમુક તાલીમ મુકરર થવી જોઈએ. રાજકારણના હક્કો, આઝાદીનું તત્ત્વજ્ઞાન, લડતોનો ઇતિહાસ, રચનાત્મક કાર્યક્રમની તત્ત્વદૃષ્ટિ, અહિંસાત્મક પ્રતિકારની સુયોજિત નીતિરીતિ, આ બધી વસ્તુઓનું એને જ્ઞાન હોવું જ જોઈએ. આવી રીતે જે ઘડાયો હોય એ જ હોદ્દેદાર થઈ શકે, એમ નક્કી થવું જોઈએ.

આવી તાલીમ સાથે સમસ્ત કામકાજને આવરતી માનવદૃષ્ટિ—જેને અમુક પ્રકારનાં આચાર દ્વારા દૃઢ કરવી જોઈએ—કાર્યકરે પ્રાપ્ત કરવી જોઈએ. આવી દૃષ્ટિ શિક્ષણ દ્વારા જ પ્રાપ્ત થાય છે એમ નથી હોતું. એ અંતરમાંથી જ ઊગે છે. સત્યનિષ્ઠા એ જ્ઞાનનો વિષય નથી. પણ આવી સત્યનિષ્ઠા માટેનો આગ્રહ ધરાવવાનું શક્ય છે ખરું આવી દૃષ્ટિના અભાવે ઘણા સંકુચિત વાડાઓમાં મહાસભા વહેંચાઈ જાય છે. મહાસભામાં પક્ષો કરતાંય વધારે તો જૂથો આજ બધાવાં છે. બધી જ પ્રાંતિક સમિતિઓમાં સંખ્યાબંધ જૂથો બંધાઈ ચૂક્યાં છે અને કામકાજને હાનિ પહોંચાડે છે. આવાં જૂથો કોઈ રાજકીય દૃષ્ટિ અનુસાર બંધાયેલાં હોતાં નથી. મોટે ભાગે હોદ્દાની આસપાસ ગોઠવાયાં હોય છે. આ દૂર કરવા માટે માનવદૃષ્ટિ જ સહાયભૂત થઈ શકે એમ છે. તાલીમ અને દૃષ્ટિ સાથે આવા કાર્યકરોની આજીવિકાનો વિચાર કોંગ્રેસે કરવો જ જોઈએ. કોંગ્રેસ પાસે આજીવન કાર્યકરોનું જૂથ હોવું જ જોઈએ. સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી, પીપલ્સ સોસાયટી જેવી સમાજસેવક સંસ્થાઓ પ્રાંતભરમાં

હોવી જોઇએ. જે જે જુવાનો સેવાના ક્ષેત્રમાં ઝંપલાવવા માંગતા હોય તેમને જીવનની આર્થિક બાજુ વિશે નચીંત કરી દેવા જોઇએ. મહારાષ્ટ્રે આ દિશામાં શુભ પગરણ માંડયાં છે. ગુજરાત તો જે દિવસે ધારે એ દિવસે આ કાર્ય-ભાર ઉઠાવી શકે એમ છે. આવા લાખ માણસો દેશભરમાં વેરાયલા પડયા હોય, એ જ ઢબે, એક વિચારે કાર્ય કરતા હોય—તો બીજી લડત યશસ્વી થયા વગર રહી શકે ખરી?

આ સાથે એટલું જ મહત્વનું આજે• જે આજીવન કાર્યકરો ગામડાઓમાં યા અન્ય ક્ષેત્રે પડયા છે, એમને સાંકળવાનું છે. ગુજરાતમાં કોઇ નહિ તો આવા ૨૦૦ કાર્યકરો હશે. મજુર સંસ્થાઓ તથા કોંગ્રેસના અન્ય વિભાગોમાં કામ કરનારા માણ-સોની સંખ્યા પણ ૧૦૦ જેટલી થવા જતી હશે. આ બધાને સાંકળતો એકય વિચારદોર નથી, બધાની પાસે ચોક્કસ વિચારદૃષ્ટિ નથી, કાર્યક્રમ નથી, વર્ષમાં એકવાર પણ મળીને વિચારોની આપલે થાય એવી કશી યોજના નથી. આટલું કરવામાં આવે તો પણ ઘણું મહત્વનું કાર્ય થઇ શકે.

મહાસભાનો જનતા સાથેનો સંપર્ક વધારે સજીવ અને સક્રિય થવો જોઇએ. રચનાત્મક કાર્યક્રમ જનતાનો વિશ્વાસ જીતવાનું અને એને ઘડવાનું અમોઘ સાધન છે. આખા કાર્યક્રમમાં મહાસભા-વાદીઓના સંમેલને ઠરાવો પસાર કરી શ્રદ્ધા જાહેર કરી છે, પરન્તુ આવી શ્રદ્ધા આપણા બધા કાર્યકરોને છે ખરી? જેલમાથી મુક્ત થયા બાદ જે જે ઠરાવો કર્યા એનો અમલ કેટલો થયો? કેટલે સ્થળે રેંટિયાનું કામ નવું ચાલુ થયું? કેટલે સ્થળે ખેડૂત મંડળો કે મજૂર મંડળો સ્થપાયાં? કેટલે સ્થળે ગામડાંઓમાં નવી દૃષ્ટિ અનુસાર કેન્દ્રો સ્થપાયાં? અનુભવે એમ જણાયું છે કે રચનાત્મક કાર્ય-ક્રમમાં આપણી શ્રદ્ધા કયાં તો સાંપ્ર-દાયિક કે ઔપચારિક છે. અગર એવી શ્રદ્ધા છે જ નહિ. રચનાત્મક કાર્યક્રમ બીજાની સામે ધરવાનું એક સાધનજ છે, એમ જાણે લાગે છે. કોંગ્રેસે લડા-યક સંસ્થા જ જો રહેવાનું છે, તો આવા પ્રાણવાન રચનાત્મક કાર્યક્રમ પર એની દૃષ્ટિ સ્થિર થવી જોઇએ. આજે મહાસભાના મોટા ભાગનું ધ્યાન પાર્લામેન્ટરી કાર્યક્રમ પર ઠરેલું છે. પાર્લામેન્ટરી કાર્યક્રમ અમુક અંશે અગત્યનો જરૂર છે, પણ રચનાત્મક કાર્યક્રમ આગળ એ ગૌણ છે. એના પર જ મહાસભાનુ આલંબન વધશે તો આજનો એનો સડો ઘટવાને બદલે વધશે. પાર્લામેન્ટરી કાર્યક્રમ રચનાત્મક કાર્યક્રમથી ઊતરતો જ ગણાવો જોઇએ—અને આધીન હોવો જોઇએ. પાર્લામેન્ટરી મનોદશાવાળા માણસોને મહાસભામાં ઊંચા દરજ્જાનાં સ્થાનો સુપ્રત ન થવાં જોઇએ. એનો સત્કાર નિર્બળતાનો એકરાર છે, એમ ગણાવું જોઇએ. મહાસભાના સાચા, એકનિષ્ઠ કાર્યકરો તો રચના-ત્મક કાર્યક્રમમાં ગૂંથાઇ જનતાની તાકાત વધારવામાં જ રોકાયલા હોવા જોઇએ.

મહાસભાનાં કાર્યાલયો અને એના ટેકથી ચાલતી સંસ્થાઓમાં કાર્ય-ક્ષમતા ઘણી ઓછી હોય છે. આપણી સંસ્થાઓની ઓફિસનાં દફતરોના કયાં ઠેકાણાં ન હોય, આ દફતરોમાં ઉપ-યોગી એવી કોઇ માહિતી ન હોય, કાગળોના બરોબર જવાબ ન અપાતા હોય. વ્યવસ્થા જેવી વસ્તુ શોધ કરતાં પણ ન જડે. આવી વસ્તુસ્થિતિનો સત્વર અંત લાવવો જોઇએ. કામ-કાજની ખરેખર વહેંચણી થઇ જવી જોઇએ. વેપારી પેઢીઓ ને બેંકોની પેઠે આપણી ઓફિસો ચાલવી જોઇએ. બેનમૂન વ્યવસ્થા આપણે ત્યાં દાખલ થવી જોઇએ. સમિતિની ઓફિસમાં બધી નોંધો અને માહિતીઓ હોય, ઉપયોગી પુસ્તકાલય હોય, Information Department—માહિતી ખાતાઓ હોય. અને આ બધાનું એકીકરણ હોય.

આ બધાં સૂચનોના અમલ વગર મહાસભા હવે આગળ વધી નહિ શકે. જગતમાં જ્યારે ચોક્કસ વિચારસરણીએ ચાલનાર બધા જ પક્ષો વધુ સંગઠિત બની, વધુ વ્યવસ્થિત બની પોતાના પક્ષોને વધારે સબળ બનાવી રહ્યા છે, ત્યારે મહાસભાને અવ્યવસ્થિત, અતંત્ર સ્થિતિમાં રહેવાનું નહિ પાલવે. આજે મહાસભા જૂના આદર્શવાદ, બ્રિટીશ સામ્રાજ્યવાદ સામેની સ્વાભાવિક લાગણી અને ગાંધીજી જેવાની તપો-નિષ્ઠા પર ટકે છે પણ આટલુ જ પૂરતું નથી. કોઇ પણ સંગઠનને તોડતા પ્રચ્છન્ન તત્વોનું પ્રાબલ્ય પ્રત્યેક દેશમાં વધી રહ્યું છે. એકતાનાં તત્વો જો એટલાં જ સંગીન અને સબળ નહિ હોય તો મહાસભા વધારે ને વધારે ભાંગતી જશે. પ્રચારની કક્ષા આપણે ક્યારનીય વટાવી ચૂકયા છીએ. હવે આપણે સંગઠનની કક્ષામાં છીએ. એકવાર સંગઠન પાકું થશે, પછી બ્રિટિશ સામ્રાજ્ય પર અંતીમ ઘા કરવામાં આપણને વાર નહિ લાગે.

ગુર્જરોનું મહિમાવન્ત મહારાજ્ય

લેખક : પ્રા. વિજયરાય ક. વૈદ્ય

૧

ભારતવર્ષના સૌથી મહિમાવન્ત મહીપાલોમાંનો એક તે હતો. રણમાં જેવો શૂરો, લક્ષ્મીનો વળી લાડીલો, વિદ્યાનો ય તે એવો જ નિધિ હતો. વિશેષમાં વિદ્યાવન્તોનો એવો પોષણહાર કે એની પ્રજાના વિદ્વાનોનાં ય ભવન એટલાં વૈભવશાળી હતાં કે તે એ મહાન ગુર્જર સમ્રાટની ત્યાગલીલાનાં જાણે ક્રીડાંગણો દેશસમસ્તમાં ગણાયાં હતાં. તે સરસ અર્વાચીન ઇતિહાસમાં પણ રાજર્ષિઓ જનક વિદેહી તથા માર્કસ ઑરેલિયસનો સમાનકક્ષ વર્ણવાયો છે. એવો તે સાધુચરિત અને નિષ્કામ કર્મયોગી હતો, અને વિદ્વત્તામાં, 'સરસ્વતીકંઠાભરણ'-કાર એ પરમાર કુલભૂષણ ઉજ્જયિનીનાથ ભોજદેવ એની પછીના શતકમાં અણહિલપુર પાટણના વિદ્વન્મણિ હેમચન્દ્રાચાર્યનું સ્મરણ કરાવે તેવો અનેક વિદ્યાકલાનો વિશારદ હતો.

*જે ગુર્જર દેશની સીમા હમણાંની ગુજરાતભૂમિ કરતાં અધિક વિસ્તરેલી હતી, તેની પર આધિપત્ય ભોગવતા ગુર્જર મહારાજાધિરાજોના બીજા મહારાજ્યના એ પ્રતાપી રાજવીના પુરોગામી તથા અનુગામી ગુર્જરો એટલે હિન્દના ઇતિહાસમાં અમર છે તેવા ગુપ્ત સમ્રાટો પછીના ચિરસ્મરણીય ગુર્જર સમ્રાટો.

૨

હમણાં આપણે જે દેશવિભાગને "ગુજરાત" નામથી ઓળખીએ છીએ તેટલો જ આ ગ્રન્થનો 'ગુર્જરદેશ' નથી. આજના ભૌગોલિક ગુજરાત ઉપરાંત, એમાં માળવા તથા રાજપૂતાનાનો ઘણોખરો ભાગ સમાયલો હતો. ભરતખંડના એ ખરી રીતે ત્રણ પ્રાન્તોને ગુર્જર દેશ એવા એક જ નામથી ઓળખવાનું કારણ એ છે કે આર્યપ્રજાની ગુર્જર નામે જાતિના રાજાઓનું શાસન એ પ્રદેશ પર ચાલ્યું હતું. એમના રાજવંશો એટલે ક્ષત્રિયકુલો પ્રતિહાર, પરમાર તથા ચાલુક્ય. એ રાજકુળોની ચઢતી પડતીનો, એમના શત્રુઓ તથા ખંડિયા રાજાઓનો પણ-પરિચય આપણને આ છૂટક ઇતિહાસના પુનર્વિધાનરૂપ વૃત્તાન્તમાં થાય છે. એમનો સમય આશરે ઈ. સ. ૫૫૦થી ૧૩૦૦ સુધીના સાડાસાતસો શતક પર પથરાયેલો છે.

સ્વાભાવિક છે કે પોણા હજાર વર્ષ જેટલા વિસ્તૃત કાલપટ પર પથરાયલી એ રાજ્યસત્તામું પાટનગર પણ બદલાયે ગયાં હોય. સંખ્યામાં એ ૭ હતાં અને નામે હતાં [કાલક્રમાનુસાર] શ્રીમાળ, ઝાલોર, ઉજ્જયિની, કાન્યકુબ્જ, ધારા તથા અણહિલવાડ. આ પરથી સ્પષ્ટ થશે કે એ સત્તાનું મધ્યવર્તી બિન્દુ તો, કાળના ઘણાક વારાફેરા છતાં, આબુગિરિ રહ્યું હતું. એટલું ખરું કે પાટનગરો ઉપર પ્રમાણે જુદાં, એ જમાનાઓના પ્રમાણમાં એકબીજાથી સારી રીતે દૂર પણ હતાં તેથી, લાંબા કાલપટને લીધે પણ, તેથી ગુર્જરદેશના ઇતિહાસમાં સાતત્ય અલ્પાંશે છે કે તેનો અભાવ-આ અભાવ જ વધારે તો-જોવામાં આવે છે બીજી બાજુ, ગુર્જર સમ્રાટો એમના મુખ્ય કે આદિ નિવાસસ્થાન (રાજપૂતાનાના એક ભાગ)રૂપી સાંકળથી તેમ જ કેટલેક અંશે રક્તસમ્બન્ધ તથા પરંપરાથી સંકળાયેલા હશે, આખા ગુર્જરદેશની સમસ્ત પ્રજામાં પણ કેટલુંક અભિન્નત્વ હશે એમ જણાય છે.

૩

એ ગુર્જરદેશના વિકાસમાં જે ચાર તબક્કા પડે છે તેની યુગવાર વિભાગણી આ રીતે કરવામાં આવી છેઃ

૧ સને (૫૦૦ કે)	૫૫૦ થી ૭૫૦
૨. "	૭૫૦ થી ૯૪૦
૩. "	૯૪૦ થી ૧૧૯૯
૪. "	૧૧૯૯ થી ૧૩૦૦

આમાંના પહેલા યુગમાં ગુર્જરોની રાજધાની શ્રીમાળમાં હતી. ત્યાંથી બહાર પડી, એ પ્રદેશના પ્રતિહાર તથા ચાહમાન રાજાઓ અર્વાચીન ગુજરાતવાળી ભૂમિમાંના ત્યારના રાજાઓને શિકસ્ત આપતાં અને તાબે કરતા. તેમણે થાણેશ્વરના (કનોજ) પ્રભાકરવર્ધન સામે પણ પોતાનું બળ અજમાવ્યું હતું. વળી, અનારતનાર, ઉપલા બને રાજવંશોના

* 'ધ ગ્લોરી ધેટ વોઝ ગુર્જરદેશ' ગ્રન્થ ત્રીજો પૃ. ૧૫૧; રા મુનશીકૃત એના ગુર્જર સમ્રાટો વિશેના નવા ગ્રન્થમાંથી આ લેખમાંની હકીકતો લેવામાં આવી છે.

નબીરા કનોજપતિઓના ખંડિયા સમાન પણ બનતા. આ સમયમાં હાલનાં રાજપૂતાના, ગુજરાત તથા માળવા મોટી નાની ઠકરાતોમાં વિભક્ત હતાં પણ શ્રી. મુનશી ના મન્તવ્ય અનુસાર એ આખા પ્રદેશની પ્રજા તો 'હોમોજીનિયસ' એટલે અભિન્ન કે એકજાતીય જેવી હતી. શ્રીમાળના એ પ્રતિહારો તથા ચાહમાનોએ રાજપૂતાનામાંનાં સાંભર તથા મંદોર કબજે કરીને પોતાની ઉત્તર તરફની સરહદ મજબૂત કરી હતી.

બસોથી પણ વધુ વર્ષના બીજા યુગમાં પ્રતિહાર રાજવંશીઓ એક એવા બળવાન સંચલનના નેતાઓ બન્યા, જે હતું આંતરિક સ્થૈર્ય અને જેની નિયતિ હતી તેમણે પરાક્રમપૂર્વક જિતેલું કનોજનું સમ્રાટપદ. એ પદેથી તેમણે ઘણાં ડગમગતાં રાજ્યો ટકાવ્યાં તેમ જ એ કાળના ઉત્તર ભારતના રાજકીય ને સાંસ્કારિક જીવનના મુખ્ય પ્રવાહ વહેવરાવ્યા.

વિક્રમશાળી તથા સ્વભાવે જ ઘણા મહત્ત્વાકાંક્ષી એ પ્રતિહાર નૃપતિઓને દક્ષિણ હિંદના રાષ્ટ્રકૂટોની અને પૂર્વ બંગાળના પાલ રાજાઓની સામે, વચ્ચે વચ્ચે, રણસંગ્રામો ખેલવાના થયા હતા; તો પણ તેમણે એ વંશમાં થએલા નાગભટ્ટ બીજો, મિહિર ભોજ, મહેન્દ્રપાલ પહેલો ને મહીપાલ એ ચાર સુસમર્થ રાજાઓના સમયમાં, ઇતિહાસમાંના કોઈ પણ ભવ્ય સામ્રાજ્ય જેવું જાણે એક સામ્રાજ્ય-મંદિર ખડું કર્યું હતું. એ મહારાજાઓના અભ્યુદય કાળે એમની સત્તા ઉત્તર બંગાળથી ઠેઠ સૌરાષ્ટ્ર લગી હતી. પરન્તુ એમનીય કાળબળે પડતી થઇ જ. દસમા શતકમાં (સને ૯૪૦માં) જ્યારે દક્ષિણના રાષ્ટ્રકૂટ વંશમાં થએલા કૃષ્ણ ત્રીજાએ ઉત્તર ભારત પર આક્રમણ કર્યું ત્યારે પ્રતિહાર વંશનો સૂર્ય અસ્તાચળે ઊતર્યો, જો કે, એમનો નાશ તો ત્યાર પછી અમુક દસકાબાદ મહમદ ગઝનીની સવારીઓ આ દેશ પર થવા લાગી ત્યાર પછી થયો હતો.

પ્રતિહારોનું એ સામ્રાજ્ય કે મહારાજ્ય એટલે ગુર્જર દેશનું પહેલુ યશસ્વી મહારાજ્ય.

૪

ગુર્જરોના કીર્તિકાળ વડે ઉજ્જ્વળ એવો જે ત્રીજો યુગ તે સને ૯૪૦થી ૧૦૭૪નો. એ સવાસોથી ય વધુ વર્ષોના ગાળામા ધારાના પરમારોએ કાન્યકુબ્જના પ્રતિહારોની રાજ્યસત્તાને ઊખેડી નાંખીને બીજું ગુર્જર મહારાજ્ય સ્થાપ્યું. એમની પછીના અણહિલવાડ પાટણના ચૌલુક્યોનું જે આપણને અધિક પરિચિત છે તે મહારાજ્ય ત્રીજું અને છેલ્લું હતું. એનો સમય, ઉપર જોયું તેમ, ૧૦૭૪-૧૩૦૦.

આ રીતે, મહાન પ્રતિહારોની પછી, ગુર્જર દેશની સત્તાનું સાતત્ય, એમના સીધા ઉત્તરાધિકારીઓએ જાળવી રાખ્યું હતું-પરમાર વંશના સીયક, વાક્પતિ મુંજ તથા પરમ મહિમાન્વિત ભોજદેવે [જેનાથી આ લેખ પ્રારંભાયો તે જ,] અને, ચૌલુક્યવંશના કર્ણ ને સિદ્ધરાજે, કુમારપાલે, બાલ મૂલરાજ ને ભીમદેવ બીજાએ.

ઇસવી સનની સાતમી સદીથી બારમી સુધીમા હિંદ પર જે ઇસ્લામી હુમલા થયા તેનાં પૂર એ પ્રભાવશાળી ગુર્જર સમ્રાટોએ પોતે કે બીજા રાજાઓને મદદ કરીને ખાળ્યાં હતાં. વળી, જે ચૌહાણ કે ચાહમાન વંશનો હતો ને સિદ્ધરાજનો પ્રપૌત્ર થાય, તે પૃથ્વીરાજ ત્રીજાએ ૧૧૯૧ માં શાહબુદ્દીન ગોરી સામે ટક્કર ઝીલી હતી-જો કે તે વળતે વર્ષે તો, જાણીતું છે તેમ, હારી ગયો હતો.

છેલ્લા અને ચોથા યુગમાં તો એ ચારે ચાર રાજકુળો દુર્ભાગ્યે નબળાં પડી ગયા હતાં. પરિણામે, દેશના ઐતિહાસિક પાટનગર દિલ્હીમાં સ્થાપિત નવા દેશપતિઓની સત્તા જામવાથી, કુતબુદ્દીન ઐબકે ૧૧૯૧માં અને અલાઉદ્દીન ખિલજીએ ૧૩૦૦ના અરસામાં, ભારતવર્ષમાં આઠેક શતક લગી અપૂર્વ સત્તાધારી એવા, અદ્ભુત રસિક ઇતિહાસમય એ ગુર્જર દેશને પૂરેપૂરો વિનષ્ટ કરી નાંખ્યો.

અભયનું દાન

આશુભાઈ વૈદ્ય

સામાન્ય રીતે બને છે તેમ, મારે ત્યાં રાષ્ટ્રનાયકો બીજે ગામથી આવવાના હતા, તે ધાર્યા કરતાં ઘણા મોડા આવ્યા. તેઓ મોટરમાં આવ્યા કે તરત જ તેનો ડ્રાઈવર પાછો પોતે ગામ જવા માટે ઉતાવળ કરવા લાગ્યો.

અમે આગંતુકો માટે રસોઈ વગેરેની તૈયારીઓ બરાબર કરી રાખેલ. ડ્રાઈવરને વહેલું જવું હોય તો તેને સૌથી પહેલાં જમાડી લેવા અમે તૈયાર હતા, પરંતુ એ કોઈ વાતે માનતો ન હતો.

રાષ્ટ્રનાયકો આંગણે આવ્યા હતા એટલે સ્વાભાવિક જ તેમનું સન્માન કરવા, તેમની સાથે વાતો કરવા, તેમની દરેક મગરૂ સગવડ તેની કાળજી રાખવા અમે ઉત્સુક હતા. એ વખતે ડ્રાઈવરની સાથે વાત કરવામાં અમને શી મજા પડે!

જ્યાં ડ્રાઈવર પોતાનો ધોડો વચમાં કુદાવી રહ્યો હતો રાષ્ટ્રનાયકોમાંના એક મહેમાન જ તેને તરત પાછા જવા માટે ઉતાવળા ન થવા સમજાવી રહ્યા હતા.

'જુઓ, આ ભાઈ તમારો જમવાનો બંદોબસ્ત હમણાં જ કરી દેશે. તમને મોડું નહીં કરે' મોટરમાં આવેલ મહેમાને ડ્રાઈવરને કહ્યું.

'પણ મારે જમવું નથી,' ડ્રાઈવરે કહ્યું.

'તમે અમારે ત્યાંથી જમ્યા વિના જાઓ તો અમારું ખરાબ દેખાયને!' ડ્રાઈવર સાથે વાત કરવામાં જેટલો વખત બગડતો હતો તેટલો નેતાઓનો લાભ ઓછો લેવાશે એ ખ્યાલથી મેં કહ્યું.

'ભાઈ, મને આટલું વહેલું વાળુ કરવાનું ફાવે નહીં.' ડ્રાઈવરે કહ્યું.

'તો મોડેથી તમને ફાવે ત્યારે વાળુ કરજો. બાકી જમ્યા વિના તો નહીં જવાય.' મેં કહ્યું. 'હમણાં જરા બેસો. પાણી-બાણી પીઓ. પછી થાળી પીરસાય એટલે તમને બોલાવું છું.'

'ભાઈ, મારે જવું જ જોઈએ. શેઠની વરધીમાં મારે જવાનું છે. આપ મને ખોટી ન કરો.' ડ્રાઈવરે કહ્યું. તેના અવાજમાં થોડો કંપ હતો. મોડું થાય એ તેને પોસાય તેવું નહોતું એમ મને લાગ્યું.

'તો તમારી મરજી! તમને પરાણે નહીં રોકીએ, જમવા રોકાવા હોત તો બહુ ખોટી ન કરત. ન જ રોકાવાય તેમ હોય તો બીજું શું થાય!' મેં કહ્યું. હું ડ્રાઈવર સાથેની વાત ઝટ પતાવવા માગતો હતો. ન જ રોકાવાનો હોય તો ભલે જાય, એ મારા મનનો ભાવ હતો.

'ત્યારે તમે જાવ છો ને! શેઠને અમારા સલામ કહેજો.' મહેમાને ડ્રાઈવરને કહ્યું.

'હા, જઉં તો છું, પણ...' કહી ડ્રાઈવર ખમચાયો.

'શું છે!' મહેમાને પૂછ્યું. 'કંઈ બેટ-બેટ...!'

'ના રે, સાહેબ, એ શું બોલ્યા! હું કોનો ડ્રાઈવર! મારાથી બેટ મગાય પણ ખરી કે! પણ આપ કોઈને મારી સાથે મોકલો તો...'

'ક્યાં!' મહેમાને પૂછ્યું.

'ગામના પાદર સુધી.'

'કેમ! આ ગામના અજાણ્યા છો?'

'ના-જી, પણ અહીંના મકરાણીઓ સાથે અમારે તકરાર થઈ છે. અઠવાડિયા પહેલાં એમના એક જણનું અમારે ગામ ખૂન થયું છે મારી મોટર ગામમાં આવી કે તરત જ એમનો એક જણ પાછળ પડ્યો છે. મને બીક છે કે એ લોકો મારા પર ઘા કરશે. હું ગામની હદની બહાર સાજોનરવો નીકળી શકું એવો કોઈ મજબૂત સથવારો મને આપો.'

ડ્રાઈવર સંઘી હતો. એનો દેખાવ કરડો હતો. ખાખી પાટલૂન, ગેરુ કોટ, કાળી ફુમતાંવાળી ઊંચી સિંધી ટોપી, લીંબુની ફાડ જેવી રતુમડી આંખો, વીંછીના આંકડા જેવા મૂછના કાતરા, તરી આવતી સુદૃઢ છાતી, મજબૂત કાંડાં વગેરે પરથી તો ડ્રાઈવર ખડતલ અને હિંમતી હોવાનો ખ્યાલ ઊભો થતો હતો. પણ એના અંતરમાં ભય પેસી ગયો હતો. તેના કરડા મુખ પરથી જ અત્યારે તો જોઈ શકાતું હતું તે ડરતો હતો. તેને સથવારાની જરૂર હતી. અંધારું થવા પહેલાં પાછા પહોંચી જવાની તેની અધીરાઈ હવે સમજાઈ.

મહેમાને મને પૂછ્યું, 'કોને મોકલશો!'

'બીજા કોને મોકલાય! હું જ જઉં.' મેં કહ્યું. જવું ગમ્યું તો ન હતું, પણ બીજો ઉપાય ન હતો. જોખમનાં કામમાં બીજાને હોમવા કરતાં જાતે જવું સારું.

'તમે!'

'હા.' મેં કહ્યું.

'ઠીક ત્યારે, જઈ આવો.' મહેમાને કહ્યું. 'કોઈને અભયનું દાન આપવું, એ ઘણી મોટી વાત છે.'

મહેમાનનાં આ વાક્યે, હું કોઈ મહાન કામ કરી રહ્યો હોઉં તેવું મને લાગ્યું લાંબા–ચોડા સુદૃઢ સંધી યુવાનને મકરાણીઓના ઘાથી રક્ષવા હું જઈ રહ્યો છું, એ ખ્યાલે હું થોડો મગરૂબ બન્યો. ગામના મકરાણીઓમાંના કોઈને હું પિછાનનો તો નહોતો, પણ મારા ગામના માણસો મને તો ઓળખતા હશે ને ! મારી હાજરીમાં એ લોકો ઘા નહીં કરી શકે એવી મને શ્રદ્ધા હતી. અને ડ્રાઈવરને સહીસલામત મૂકી આવ્યા પછી માનવંત મહેમાનો સમક્ષ મારી બહાદરીની વાતો કરતાં કેટલો આનંદ આવશે ! એ હતી અંતરની ઊંડી ઊંડી એષણા.

કોટ–ટોપી પહેરી હું બહાર નીકળ્યો. મોટરમાં બેઠો. મોટર ઊપડી. ડ્રાઈવરે પાછું વાળીને જોયું અને દબાએલ સ્વરે મને કહ્યું, 'જુઓ, પેલો હજી ય પાછળ જ છે.'

ડ્રાઈવરના હાથ 'સ્ટીઅરીંગ વ્હીલ' પર ધ્રૂજતા હતા. હવામાં ગુલાબી ઠંડી હતી છતાં તેના કપાળમાં પરસેવાનાં બિંદુઓ જામતાં મેં જોયાં. એના શરીરમાં થએલ ભયનો સંચાર ઘણો સ્પષ્ટ હતો.

મેં પાછળ જોયું તો કોઈ દાઢીવાળો બાજુની શેરીમાં જતો મને દેખાયો. કોણ હતું તે હું બરાબર જોઈ શક્યો નહીં. એ કોણ હતું તેની ખાતરી કરવા મેં ડ્રાઈવરને કહ્યું, 'જરા મોટર ઊભી રાખો તો હું જોઈ આવું કે એ કોણ છે. અહીં ગામમાં ભય જેવું કંઈ નથી.'

'ના, ભાઈ ! હવે મોટર ઊભી નથી રાખવી. થવુ હશે તે થશે. હવે તો આંધેધડ જવા દો.' ડ્રાઈવરની મૂંઝવણનો પાર ન હતો.

મને ડર લાગ્યો કે પેલા મકરાણીઓ તો મારતા મારશે પણ ડ્રાઈવરની આવી વિકળ દશાને કારણે ક્યાંક મોટર ઊંધી વળશે તો અમે બે ય જોખમાઈ જશું. પણ એ સંધી જુવાનનો મોટર પર અજબ કાબૂ હતો. તેના હાથ ધ્રૂજવા છતાં મોટર રસ્તો ચાતરતી ન હતી. ભયને કારણે તે વિહ્વળ બન્યો હતો છતાં મોટર તો ઘણી સરળતાથી ચાલી જતી હતી

ગલીકૂંચીમાં થઈ અમે ગામબહાર પાદરે પહોંચ્યા ત્યારે મેં કહ્યું, 'બસ ! હવે મને ઊતરવા દો !'

'ના, ભાઈ ! મને ડર છે કે એ લોકોએ જરા દૂર ઓડા બાંધ્યા હશે. તમે મે'રબાની કરીને ત્યાંસુધી ચાલો. ત્યાંથી તમને ખટારો સામો મળશે, તેમાં પાછા આવતા રે'જો.'

ડ્રાઈવરના મુખ પરનો ભય હું વાંચી શકતો હતો. રાષ્ટ્રનેતા–મહેમાને કહેલ 'અભયનું દાન' દેવા નીકળ્યો છું તો હવે કૃપણ શા માટે થવું ? કેફનો જેમ નશો ચડે છે તેમ દાન–સેવા વગેરેનો ય નશો હોય છે. હું અત્યારે એ જાતનો નશો અનુભવી રહ્યો હતો. દાનવૃત્તિ, અભય કે સેવા કશું જ જીવનમાં વણાઈ તો થોડું જ ગયું હતું ! આ તો બધા શરીર પર ઊડતા ફોલ્લા જેવા પ્રયાસો હતા. એ બધું કંઈ પચાવી ન હોતું શકાયું. હું મોટરમાં બેઠો રહ્યો. મનમાં મલકાતો હતો. મોટર પચાસ માઈલની ઝડપે દોડી જતી હતી. ડ્રાઈવરના અંતરમાં ધાક હતી મારાં અંતરમાં કોઈ અવનવું સાહસ કરી રહ્યાનો ભાવ હતો.

અમે આઠેક માઈલ પહોંચ્યા ત્યારે ખટારો ત્યાં ઊભો હતો. ડ્રાઈવરે ખટારાના ડ્રાઈવરને ભલામણ કરતાં કહ્યું. 'આ ભાઈને જેતપુર લઈ જવાના છે. ભાડું નથી લેવાનું,' અને તેણે પોતાની મોટર પૂરવેગે મારી મૂકી.

ખટારાના ડ્રાઈવરે મને સલામ ભરી, મારે માટે આગલી બેઠક ખાલી કરાવી દીધી. મને એ ઓળખતો હતો. એ પણ સંધી હતો. પણ પેલો ડ્રાઈવર દેખાવમાં જેટલો કરડો હતો, તેટલો આ દેખાવમાં વેપારી માણસ જેવો દેખાતો. તેની આંખોમાં નમ્રતા હતી. તેનો પહેરવેશ પણ સામાન્ય મજૂર જેવો હતો. એનો સ્વભાવ વિવેકી હતો.

ખટારો ચાલ્યો એટલે તેણે મને પૂછ્યું. 'ભાઈ, સહેલ કરવા નીકળ્યા હશો ?'

'ના–રે !' મેં કહ્યું.

'ત્યારે શું આવ્યા'તા ?'

'હું તો એ ડ્રાઈવરને મૂકવા આવ્યો'તો ?'

'મૂકવા ? શું કામ ?'

મેં એ ડ્રાઈવરના ડરની, તેને મેં આપેલ અભયની વગેરે વાત કરી. મારી વાત સાંભળતો ગયો તેમ તેમ ખટારાવાળો બદલાતો ગયો. સામાન્ય રીતે વિનયી ગણાતો એ ખટારાવાળો મારી વાત સાંભળી કંઈ ન સમજાય તે રીતે ઊકળી ઊઠ્યો હોય એમ મને લાગ્યું. મારી વાત પૂરી થઈ ત્યારે એણે કહ્યું, 'ભાઈ, તમે ગજબ કરી !'

'એમાં ગજબ શું?' ખટારાવાળો મેં એકેલ સાહસની વાત કરી રહ્યો છે એમ જાણી મેં કહ્યું. વિવેકને ખાતર હું મારા સાહસને સ્વાભાવિક ગણાવવા માગતો હતો.

'સંધીનો દીકરો ડર્યો એને મૂકવા એક બામણું આવ્યું!' ખટારાવાળો ધ્રૂજતો હતો–ક્રોધથી. મેં પેલા ડ્રાઇવરને અભયનું દાન કર્યું એ કોઇ ગુનો કર્યો હોય એમ તે પળવાર મારી સામે જોઇ રહ્યો. એની અનિમેષ નજર પળવાર મને ડારતા મથી એનો આખો સીનો ફરી ગયો. પણ તરત જ શાંત બનવાનો પ્રયાસ કરી તેણે ઉમેર્યું, 'માફ કરજો! હું તમારું અપમાન કરવા નથી માગતો. મારો એવો કોઈ ઇરાદો ન હતો. ઈ ડ્રાઇવર મારા કાકાનો દીકરો છે. નાલાયક મોતથી ડરી ગ્યો! મકરાણી સામે ઈ બામણની મદદ માગવા બેઠો! મરી ગ્યો હોત તો કયો ખંડ ઉજડ રહી જાત! ભાઈ, તમે એને મદદ નથી કરી, કાયર બનાવ્યો છે. નામરદની પડખે ઊભવામાં મજા શી!'

મારું અભયના દાનનું કાવ્ય તો ખટારાવાળાનાં આ સંભાષણ સમક્ષ વિલુપ્ત થઇ ગયું.

ખટારામાંથી ઊતરી હું ચાલવા માંડતો હતો, ત્યાં ખટારાવાળાએ મને બોલાવીને કહ્યું, 'ભાઈ, ભાડાંના પાંચ આના આપતા જાવ!'

પળવાર હું તેની સામે જોઈ રહ્યો.

આ ખટારાવાળો ગુલાબી સ્વભાવનો માણસ હતો. મોટર ડ્રાઈવરોની ધંધાદારી બંધુત્વ ભાવના ઘણી તીવ્ર હોય છે. મારી પાસેથી પૈસા ન લેવા તો પેલા ડ્રાઈવરે ભલામણ કરી હતી. પણ આ ખટારાવાળાને તો મેં ઘણીવાર રસ્તેથી લોકોને મફત બેસાડતો જોયો હતો. ગરીબ તે ભલે હોય પણ ઉદારતા તો તેનામાં સભર હતી. હું એને ઘણા વખતથી પિછાનતો હતો આટલી તોછડી રીતે કોઈની ય પાસે તેને પૈસા માગતો મેં નહોતો જોયો.

તેની તોછડાઇથી ઘવાયો હોઉં એમ મેં તેની સામે જોયું. તેના મોં પર પણ મને કચવાટનાં ચિહ્ન જણાયાં. જેને હું અભયનું દાન માનતો હતો, તેને એ તેજોવધ ગણતો હતો. હું માનતો હતો કે, મેં સંધી ડ્રાઈવરને મદદ કરી હતી. પેલો ખટારાવાળો માનતો હતો કે મેં તેનું નાક કાપી લીધું હતું.

મારાં આ વર્તનથી તે સળગી ઊઠયો હોય તેમ લાગતું હતું શું કરવું એ તેને સૂઝતું ન હતું. મેં તેના જાતભાઇનો તેજોવધ કર્યો તેનું વેર લેતો હોય તેમ એ મારી પાસે પાંચ આના માગતો ઊભો હતો. એને મન આ મોટામાં મોટી તોછડાઈ હતી.

પણ વધારે ઉચિત તો એમ લાગે છે કે મારી મદદ માગનાર પેલા ડ્રાઈવરને એ ખટારાવાળો મારી પાસેથી ભાડાના પૈસા લઇને મજા કરી રહ્યો હતો. એક ડ્રાઈવર બીજા ડ્રાઈવરની ભલામણ કદી ન ઊવેખે એ અણલખ્યા ધોરણને ઉથાપીને ખટારાવાળો પોતાનો રોષ મૂર્તિમંત કરી રહ્યો હતો. એ સિવાય બીજો માર્ગ પણ તેની પાસે શું હતો? એનો ગુસ્સો મારા કરતાં પેલા ડ્રાઈવર પર વધુ હોય તે દેખીતું છે. તેની ભલામણને ઠોકરે મારી પાંચ આના માગતો તે ઊભો હતો.

મેં તેના હાથમાં પાંચ આના મૂક્યા. અને હું ચાલતો થયો.

★

વ ફા દા રી

અનુવાદક : યોગેન્દ્ર પ્રિયદર્શી

"તું એમને કહી દે કે હું તમને ચાહતી નથી."

એક દેખાવડો અને પ્રૌઢ પુરુષ કમળાને કહી રહ્યો હતો. 'એ સિવાય બીજો ઉપાય નથી.' એણે ફરીવાર દઢતાથી કહ્યું. કમળા આ શબ્દો સાંભળીને મૌન બેસી રહી કારણકે પોતાના પતિને આમ કહી દેવાનું તેના માટે સરળ ન હતું. જેના તરફથી તેણે સતત દશ વર્ષ સુધી નિર્ઝર ઝરણા જેવો અવિરત અને એકધારો પ્રેમ મેળવ્યા કર્યો હતો; તેમને આમ કહી દેવું કેટલું કઠિન હતું તે એ સમજતી હતી. તોય એણે દઢતાપૂર્વક કહ્યું.

'હું કહી દઇશ' કમળાના મુખમાંથી આ શબ્દો સાંભળીને એકદમ ઉત્સાહમાં આવી જઈ સુંદરલાલે કહ્યું 'એ જ સૌથી સારું છે. એ ઘરમાં ન હોય ત્યારે ચોરીછૂપીથી તને મળવા આવીને આમ ક્યાં સુધી આપણો સંબંધ છૂપાવી શકાશે? આ રીતે તો આપણે તારા પતિને કે આપણી જાતને કોઈને વફાદાર રહી શકતા નથી.' થોડીવાર પછી પાછું એણે કહેવા માંડ્યું 'હું સમજી શકું છું કે આ વસ્તુ તેમને ઘણો આઘાત

પહોંચાડશે. પણ આપણે નિરુપાય છીએ. માબાપની મૂર્ખાઈને કારણે આપણો લગ્નસંબંધ બીજા સાથે બંધાયો. પણ તેમાં આપણે શું કરી શકીએ? તારે હવે તારા પતિને જણાવી દેવું જ રહ્યું કે તું એમને ચાહતી નથી.'

* * *

સુંદરલાલના ગયા પછી કમળાને યાદ આવ્યું કે એના લગ્ન થયાને આજે બરાબર નવ વરસ પૂરાં થતાં હતાં. એ વિચારે ચડી. 'નવ વરસની પરિચિત જિંદગી! નવ વરસ થયાં એ એવા માણસ સાથે જોડાયેલી હતી કે જેણે પોતાની પત્ની સિવાય બીજા કશાનો વિચાર કર્યો નથી. આવા માણસ સાથેનો પોતાનો સબંધ પૂરો કરવાના વિચારથી એ ભડકી ઊઠી. એણે મનમાં કહ્યું 'ના એ નહીં બની શકે, કદી નહીં બની શકે. મારી પાસે આમ કરાવવાનો સુંદરલાલને શો હક્ક છે? અને એ જાણે તો છે કે હું મારા પતિને ચાહું છું.'

'એક કલાક પછી એ વિચારતી હતી 'પણ આખરે એક દિવસે તો એમણે સાચી વસ્તુ જાણવી જ પડશે. અસત્ય હંમેશને માટે છૂપું રહી શકતું નથી. લાંબા સમય પછી આ ભેદ ફૂટશે ત્યારે ઊલટાનું એમને એ વધુ આઘાત કરશે. તો આજે જ શા માટે આ વાત ના કહી દેવી? એ જ વધુ સારું છે. આખરે આજનો દિવસ એક મોટી ભૂલની યાદ જ છે કે બીજું કંઈ?'

અને દસ મિનિટ પછી એ પોતાની જાતને પૂછતી હતી 'પણ આ જાતની સજા માટે એ લાયક છે? મને સુખી કરવા એમણે શું નથી કર્યું? હું એમને આ વાત કેવી રીતે કરું?' આમ એ કોઈએ આવીને બારણાં ખખડાવ્યા ત્યાં સુધી હા, ના, ના, હા, એમ વિચારતી રહી.

ઓફીસના પટાવાળાએ એક સુશોભિત ખોખું કમળાના હાથમાં મૂક્યું. કમળાએ એ જિજ્ઞાસાપૂર્વક ઉઘાડ્યું. અને એ એકદમ હરખાઈ પડી. એમાંની સુંદર ભાતની રેશમી સાડી જોઈને નિશાળમાં ભણતી નાની બાળાની જેમ એ નાચી ઊઠી. અને તેની સાથેની ચિઠ્ઠી વાંચવા માંડી. તેમાં કરેલું સંબોધન વાંચી એના ગાલે શરમના શેરડા પડ્યા. દિવસે દિવસે તેના પ્રત્યે વધી રહેલા પ્રેમના પ્રતીકરૂપે તેના પતિએ તેને આ ભેટ મોકલી હતી. અને તેમનાં આવતાં વર્ષો ભૂતકાળના જેવાં જ આનંદમાં પસાર થાય તેવી ઇચ્છા તેમાં વ્યક્ત કરી હતી.

ચિઠ્ઠી વાંચીને કમળા છેલ્લા નિર્ણય પર આવી ગઈ કે 'પોતાના પતિને તે કદી છેહ આપી શકશે નહીં—કદી નહીં' સાંજે તેના પતિ ઓફીસેથી ઘેર આવ્યા ત્યારે એકદમ દોડી જઈને બારણાં ઉઘાડ્યાં અને એમની સામું જોઈ મલકાઈ પડીને કહ્યું "સાડી તો ખૂબ સરસ મોકલી છે." તેના પતિએ કહ્યું 'આથી વધુ સારી બીજી મળી શકી નહીં.'

* * *

બીજે દિવસે કમળા બહાર જવા તૈયાર થઈ. તેણે તેના પતિને કહ્યું 'થોડીક ખરીદી કરવાની છે એટલે પાછા આવતાં થોડી વાર થશે.' જો કે ખરી રીતે તો તે સુંદરલાલને મળવા જતી હતી. સુંદરલાલ સાથેની તેની આ છેલ્લી મુલાકાત હતી.

તેણે સુંદરલાલને કહ્યું "આપણા સંબંધ વિષે હું મારા પતિને વાત કરી શકું તેમ નથી. મારાથી તે બની શકે તેમ નથી. થોડી વાર પછી પાછું તેણે કહ્યું "તમારા માટે હું દિલગીર છું. પણ મારાથી બીજું કંઈ થઈ શકે તેમ નથી."

સુંદરલાલ કટાક્ષભર્યું હસ્યો, અને કહ્યું "હું જાણું છું કે તું મને ચાહે છે. અને હું તને ચાહું છું તે પણ તું જાણે છે, છતાં સાચી વાતની ઉપેક્ષા કરીને તારી જિંદગીના બાકીના સમય સુધી પણ તું તારા હૃદયને છેતર્યા કરવા માગતી હોય તો ભલે તેમ કર. આમ કહીને તે ચાલ્યો ગયો.

* * *

પોતાના પતિ સાથેના બિનવફાદાર સંબંધની સમાપ્તિ થતાં કમળાના હૃદયને ઊંડો સંતોષ થયો. તેના હૃદયની સર્વ અશુદ્ધતાનો તેણે નાશ કર્યો હતો એટલે તેને પોતાની જાત ખૂબ સ્વચ્છ અને સ્વસ્થ લાગવા માંડી.

પણ ઘેર આવીને કમળાએ જોયું તો એ ગમ ખાઈ ગઈ એનો પતિ કોઈકને કહી રહ્યો હતો "હું ખૂબ દિલગીર છું. પણ એમાં મારો વાંક નથી બેવકૂફ પટાવાળાએ જ આ ગોટાળો કર્યો, અને એ સાડી ઘેર લઈ આવ્યો. પણ મેં તો એ તારા માટે જ ખરીદી હતી. કારણ કે બરાબર ગઈ કાલે આપણા સબંધને આઠ વરસ પૂરાં થતાં હતાં."*

* એક અંગ્રેજી વાર્તાને આધારે

'પોચી ગુજરાત'ના અડીખમ પુત્રો

ગુજરાતની ધાર્ગી કોમોના ગોરસમા શ્રી. રવિશંકર મહારાજ, વાત કરનાર અને સોરઠી ખમીરને પોતાની ઓજસવંતી કલમે બિરદાવનાર શ્રી. ઝવેરચંદ મેઘાણી સાંભળનાર : એ સુભગ સંયોગમાંથી 'માણસાઈના દીવા' નામનું અનોખું સર્જન થયું. એમાં લેખકનું આ નિવેદન રજુ કરવામાં આવ્યું છે.

મહારાજ રવિશંકર ગુજરાતના અનન્ય લોકસેવક છે. હું લોકજીવન અને લોકહૃદયનો નમ્ર નિરીક્ષક છું. અમારો સમાગમ ફક્ત એકાદ વર્ષ પર થઈ શક્યો. ગયે વર્ષે એ સાબરમતી જેલના કેદી હતા ને એમને માંદગીને કારણે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં રાખવામાં આવ્યા હતા. હું ત્યારે અમદાવાદમાં એકાદ મહિનો રહ્યો હતો. મને એમની પાસે લઈ જવાનો સતત આગ્રહ ભારતી સાહિત્ય સંઘના સંચાલક મારા યુવાન સ્નેહી ભાઈ ઈશ્વરલાલ દવે કર્યા કરતા. એ કહે કે તમે મહારાજની વાતો તો સાંભળો, તમને રસ પડશે.

આકર્ષણ અને સંક્ષોભની દ્વિધા

જાણતો હતો. ભાઈ રતીલાલ અદાણીએ હરિપુરા મહાસભા વેળા ફૂલછાબમાં મહારાજનાં જે સંસ્મરણો આલેખેલાં તેણે મને ઉત્કંઠિત કર્યો હતો. એક કરતાં વધુ કારાવાસમાં વારંવાર મહારાજની સાથે મહિનાઓ ગાળી એમની વાતો સાંભળી જે મિત્રો, સ્નેહીઓ બહાર આવતા તેઓ પણ કહ્યા જ કરતા, કે મહારાજની વાતો તારે સાંભળવા જેવી છે.

હું એક તરફથી આકર્ષાતો હતો ને બીજી તરફથી ખચકાતો હતો. મારા સંક્ષોભનું કારણ હતું હું નર્યો સાહિત્યના ક્ષેત્રનો આદમી, એટલે લોકસેવાના આજીવન દીક્ષિત એક સત્પુરુષની સામે જઇ તેમનાં અંતરની પવિત્ર ગણેલી વાતો પ્રસિદ્ધિને ખાતર લખવા બેસવા અધિકારી નથી એવું લાગ્યા કરતું. કદાચ કોઇને આ લાઘવ-ગ્રંથિ લાગશે. એ જે હો તે. મારો સંકોચ એ એક હકીકત હતી.

મહારાજની મનોહારી મૂર્તિ

આખરે ભાઈ ઈશ્વરલાલની લાગણી ફાવી, ને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં મારો ને મહારાજનો મેળાપ થયો. મારા પર એમની આંખ અમીભરી હતી તે તો હું જાણતો હતો. બેએક વાર મળેલા. એકવાર તો અમદાવાદના છેલ્લા કોમી હુલ્લડ પછી, 'ફૂલછાબ-કાર્ટુન કેસ' નામે જગબત્રીસીએ ચડેલા અમારા પરના મુકદ્દમા દરમ્યાન, અમારી અદાલતની સામે જ આવેલ કોંગ્રેસ કચેરીના ફૂટપાથ પર પોતે ઊભા હતા. પાતળી કાઠીની, અડીખમ, પરિશ્રમણે ને ટાઢતડકે તાંબાવરણી બનાવી ટીપીને કોઈ શિલ્પીએ ઘડી હોય તેવી એ માનવમૂર્તિ, સ્વચ્છ પોતિયે, સ્વચ્છ બાહણ-બંડીએ, ને પીળી ટોપીએ, ઉઘાડે મોટે પગે એવી શોભતી હતી કે મારા અંતરમાં એ હમેશાંને માટે વસી ગઇ છે. હુલ્લડમાં હોમાયેલા નિર્દોષ જનોનાં મુડદાંને બાળી બાળીને પછી તાજું જ સ્નાન પરવારીને આવ્યા હોય તેવા એ દેખાયા હતા.

વાત્સલ્યની પીઠિકા પર મિલન

એ એકાદ મિનિટ જે મોંમલકાટભર્યા પોતે મારા પર પેલા ફૂટપાથ પર કરુણાર્દ્ર મીટ વરસાવી રહ્યા તેમાં તો હું આજેય નહાઇ રહ્યો છું.

એવા એમના વાત્સલ્યની પીઠિકા પર અમારું બેઉનું મળવું એમની માંદગીની સરકારી પથારી ઉપર થયું. મળવા તો કેટલાંય માણસો આવતાં પણ પહેરેગીર પોલીસ ફરજને વશ હોઇને, કમને પણ મુલાકાતીઓને ઝટ ઝટ ઉઠાડતો હતો. હું યે એમાં અપવાદ નહોતો બનવા માગતો. પણ કોને ખબર શાથી,—એક સાહિત્યકાર આવ્યો છે તે મહારાજની વાતોમાંથી જાહેરને કશીક રસભરી પ્રસાદિ પિરસવાનો છે તેવી કોઇક આંતર્નિગૂઢ માન્યતાથી !—મારું થોડું વિશેષ રોકાણ એ સરકારી ચોકીદારો સહી લેતા.

રસઘેલું શ્રોતા

મહારાજે પોતાના અનુભવો પોતાની જાણે જ કહેવા નહોતા માંડ્યા—એમને પણ મારા જેવો જ સંકોચ થયો હશે, કે આ 'સાક્ષર'ને ગામડી વાતોમાં શો સાર જણાવાનો છે ! પણ મારી પ્રકૃતિમાં એક

લાભદાયી તત્ત્વ છે, હું એક રસયોાઉં શ્રોતા છું. સામાની વાતોને સાંભળ્યા જ કરવાનો સ્વાદિયો છું. કાંઈક પ્રશ્ન પૂછીને મેં જ પ્રારંભ કર્યો હશે, ને પછી તો મહારાજની વાગ્ધારા ચાલ્યા જ કરી હતી.

આટલી વાતો જો બીજા કોઈએ કરી હોય તો કદાચ કંટાળો નહિ, અણગમો પણ નહિ, કંઈ નહિ તો વક્તામાં 'હું—અહમ્' ઉછાળા જતું હોવાની લાગણી થાય. તેને બદલે મહારાજ બોલે ત્યારે બોલતા ન જ અટકે તો કેવું સારું, વધુ ને વધુ બોલ્યે જ જાય તો કેવું સારું, અટકી જાય તે પૂર્વે કંઈક પ્રશ્ન—ટમકું મૂકીને એમને અવિરત બોલતા જ રખાય તો કેવી મજા, એવું મને થયા કર્યું.

શાથી?

મહારાજ પોતે જ કલાકાર છે

એ કારણથી, કે પોતે આ ઘટનાઓનું મુખ્ય અને કેન્દ્રસ્થ પાત્ર હોવા છતાં પોતાની જાતને ગૌણપદે રાખીને અન્ય મનુષ્યોની જ ઊર્મિઓ યાતનાઓ અને પ્રકૃતિ-તત્ત્વોનું જ આલેખન મહારાજ કરે જતા હતા. એમનો દૃષ્ટિદોર એ નીચલા થરનાં માનવોનું જ યથાદર્શન કરાવવાનો હતો. વેવલાઈથી વેગળું, ગુણદોષનાં પલ્લાં સરખાં રાખતું, અને માનવ પાત્રોનાં જ રૂપરેખા એકનિષ્ઠાથી ઉપસાવે જતું એ વર્ણન હતું. એમાં પ્રચારલક્ષી નજર નહોતી પણ વાસ્તવની જ વફાદારીભરી પિછાન હતી. પોતે કહે છે કે 'હું રાજકારણનો માણસ જ નથી, હું કોઈ ચૂંટણીઓમાં રસ લેતો નથી. કોંગ્રેસમાં તો હું ગાંધીજીને લીધે જ આવી પડ્યો છું, જે પુરુષ આખા દેશનું કલ્યાણ કરી રહેલ છે તેમને એ કલ્યાણકામમાં નમ્ર સહાય કરીએ તો જીવન સાર્થક થાય, એ દૃષ્ટિએ જ હું જાહેર કામમાં છું.' ઉપરાંત મહારાજ પોતે એક સિદ્ધહસ્ત વાર્તાકાર છે. એમનાં વાક્યો સચોટ ઉક્તિદાર હોય છે. એમની કથનશૈલીને કલાના સર્વ ગુણો વરેલા છે. કઢંગું કે ગોથાં ખાતું એક પણ વાક્ય મેં એમનાં કથનમાં જોયું નથી.

આત્મપ્રશસ્તિનો ભય હતો

સાંભળી લઈને હું જ્યારે ટાંચણ કરવા લાગ્યો ત્યારે એમનામાં એક ભય સંચરતો નિહાળ્યો. એ ભય આ વાતોની પ્રસિદ્ધિનો હતો એના કરતાં વિશેષ તો આ વાતો દ્વારા એમની પોતાની પ્રશસ્તિ થશે એ વિષે હતો. એક બે વાર મને પોતે ટકોર પણ કરી, કે મારી વાતો બીજા એક બે ભાઈઓએ લખી છે અને તેઓ બહાર પાડવાની ઇચ્છા ધરાવે છે પણ મારાં મૃત્યુ સુધી એ પ્રકટ ન જ થાય તેવું મેં એમને કહ્યું છે.

મારા તરફથી મેં ચોખવટ કરી : કે મારું પ્રધાન લક્ષ્ય હમેશાં એક વ્યક્તિનાં કીર્તિકથન નહિ કરવાનું છે. હું તો લોકજીવનનો નિરીક્ષક અને ગાયક છું, તમે કહી રહ્યા છો તે કથાઓમાં પણ હું તો તમારાં કથનનાં પાત્ર માનવીઓની જ વિલક્ષણતાઓ ને પ્રકૃતિ-તત્ત્વો પર નજર રાખી રહ્યો છું; હું જો આ કથાઓ આલેખું તો તેમાં મારું પ્રયોજન, તમે બેશક એક મુખ્ય પાત્ર તરીકે એમાં જેટલા અનિવાર્ય છો તેટલા પૂરતા જ તમને જાળવી લઈને આ પ્રજાનાં જીવનને જ રજુ કરવાનું છે. ને મેં આજ સુધી એ જ કર્યું છે. મારો રસ વ્યક્તિ-પૂજામાં નથી.

દસ્તાવેજી મૂલ્ય

મારા સંકલ્પની પ્રામાણિકતા મહારાજનાં દિલમાં વસી ગઈ. મને આશા છે કે આ સમસ્ત આલેખનમાંથી મારો એ આશય સ્વચ્છ થશે. કથનમાં હું મહારાજની જ કહેણીને, શક્ય હતું તેટલા પ્રમાણમાં વફાદાર રહ્યો છું. તળપદા ભાષાપ્રયોગોને પણ મેં પકડવા યત્ન કર્યો છે. સંવાદો ને વાર્તાલાપો મહારાજના છે. પાત્રાલેખન પણ એમનું છે. મારી શિલ્પકલાને એમનાં ચિત્રોને માથે લાદી ન દેવાય તેની કાળજી રાખી છે.

'ઊર્મિ' માસિકમાં આઠેક મહિનાથી આ પ્રસંગો પ્રકટ થાય છે. કેટલાય સાહિત્યકાર બંધુઓના પ્રશસ્તિપૂર્ણ કાગળો આવ્યા છે. અન્ય વાચકોની તારીફ પણ મારા સુધી પહોંચી છે એમાં એવો પણ એક સૂર ઊઠ્યો છે, કે સૌરાષ્ટ્રની રસધાર અને બહારવટીઆમાં જે જમાવટ થઈ છે તે આમાં નથી. નથી રહેતો! પ્રયોજન જ એ જમાવટથી વેગળા રહેવાનું હતું. મેં ધાર્યું હોત તો આ પ્રસંગોને ભભકાવવાની કંઈ મુશ્કેલી નહોતી. પણ તો એનું દસ્તાવેજી મૂલ્ય ન રહેત ને! તો એ મારી પોતની

કૃતિઓ ગણાઈ ને મારે માટે થોડાં વધુ વખાણ મેળવી આપત, પણ મારાં મુખ્ય ધ્યેયને તો મારી જ નાખત.

ઓલવાતા દીવાને તેલ પૂરનાર

મારું મુખ્ય ધ્યેય આને દસ્તાવેજની મહત્તા અપાવવાનું છે. એ દસ્તાવેજ છે—અનેકી ઘટનાઓનો, લોકમાનસનો, જનતાનાં મનોવિશ્લેષણોનો, અને જનતાની ભાષાનો, લેખકે કેવળ માધ્યમ રૂપે જ પોતાની મર્યાદાનું પાલન કર્યું છે. માનસશાસ્ત્રના, માનવવંશશાસ્ત્રના, જાતિઓ અને કોમોના અભ્યાસ અવલોકનનું જેઓને કંઈ મૂલ્ય હોય તેવાઓને આ મહારાજની કહેલી કથાઓ સાદર કરું છું. ગૂજરાતનાં જે ખમીરવંતાં સંતાનો ચોર લુટારા ને ખુનીઓનાં ખાનાંમાં પડીને સરકારી જેલ અગર પોલીસ કચેરીને રજીસ્ટરે પુરાઈ રહેલ છે તેમનામાં વસેલી માણસાઈનો આ દસ્તાવેજી પરિચય છે. માણસાઈના દીવા જીવતાં માનવોમાંથી કેમ અને ક્યારે ઓલવાવા માંડે છે, માણસ જેવા માણસનું આત્મભાન ક્યારે ને કેવી રીતે અધોગતિને પામે છે, અને અકસ્માત એ રામ થઈ જવા આવેલા દીવામાં તેલ પૂરનારો કોઈક એકાદ પણ સાચો પુરુષ ભેટી જતા દીવા કેવા સતેજ બને છે. તેની એક સળંગ કથા આ જુજવા પ્રસંગોમાંથી વણાઈ રહે છે.

વધાઈનો પ્રસંગ

મારા લેખકજીવનમા તો આ એક મોટી વધાઈનો પ્રસંગ છે, આજસુધી સૌરાષ્ટ્રનાં જ માનવીઓની ધીંગી ધીંગી, અણઘડ આકારની વીરતા, ખાનદાની, નાદાની ને કોમળતાના પ્રદેશો ઢૂંઢતો હતો. ગૂજરાત સુધી પહોચવાની આશા નહોતી. જનતાના જીવન–પડોમાથી જન્મ્યા વગર કે એ પડોનાં જ પાણી પીધા વગર, એની હવાનો આણવાણુ લીધા વગર કે એની માટીમાં આળોટયા વગર એ જનતાની પિછાન શક્ય નથી, નહોતી. મારા સૌરાષ્ટ્રી કાર્યક્ષેત્રની બહાર જઈને અન્ય કોઈ જનસમૂહની ધરતીમાં રોપવાનો મારે માટે બહુ સંભવ નહોતો, પણ મને મહારાજ ભેટયા. મહીકાંઠાની જનતાનાં સકળ પ્રાણતત્ત્વોમાંથી ઘડાયેલા એ પુરુષ ન ભેટયા હોત, એને બદલે કોઈક બીજાએ વાતો કરી હોત, તો હું આજે અનુભવી રહ્યો છું તેવી મીઠી આત્મસાતતા આ ગૂજરાતી પાટણવાડિયા બારૈયાનાં જીવન જોડે ન અનુભવી શક્યો હોત, પરિણામે એમને વિષે લખી પણ ન શક્યો હોત. બીજું તો ઠીક પણ એમની ભાષાની તાકાત પણ મને કોણ પકડાવત?

શું આમાં સાહિત્ય છે?

લખાઈને 'ઊર્મિ'માં પ્રકટ થતી ગઈ તેમ તેમ આ વાતો મહારાજની નજરે પણ પડતી ગઈ. એમને એક વિસ્મય થયું, કે ખરેખર શું આ પ્રસંગો સાહિત્યની સૃષ્ટિમાં સ્થાન પામી શકે તેવા છે? અમને બેચાર જણને એમણે પૂછ્યું યે ખરું, કે શું સાહિત્યના પ્રેમીજનો આ લખાણનો આદર કરે છે! અમે એમને એક કરતાં વધુ વાર ખાતરી આપી કે આ વાતોમાં સાહિત્યના ઉચ્ચ ગુણો પડેલા જ છે. કદાચ આ સંશય એમનામાંથી પૂરેપૂરો ન પણ ટળ્યો હોય. પણ મારો મુદ્દો જુદો છે. મહારાજ જેવા સંસ્કારસંપન્ન, સંસ્કૃત જ્ઞાન ધરાવતા, ભાષાના સ્વામીને યે જો આપણી 'દુનિયાની સંકીર્ણતાનો અદ્યાપિ પર્યંત પૂરો લોપ થયો નથી એ સાચું કે નહિ?

સરદારનું વાત્સલ્ય

આ પુસ્તક શ્રી વલ્લભભાઈ પટેલને અર્પણ કરવાની સ્ફૂરણા મને એકાએક થઈ હતી. પણ એમની નિકટનો આત્મજન હોવાનો દાવો હું કરી શકું તેમ નહિ, એટલે એમની પરવાનગી મગાવવાની મારી ફરજ લાગી એ પરવાનગી એમણે પ્રસન્ન હૃદયે આપી છે તે માટે હું એમનો ઋણી છું. '૩૦ના સંગ્રામમાં હું જાણે કે ભુલો પડીને કારાગૃહમાં ડોકિયું કરવા ગયેલો, તે વેળા બેએક મહિના પોતે પણ સાબરમતી જેલમાં અમારી વચ્ચે હતા. મારા પ્રત્યેનું એમનું તે કાળનું વાત્સલ્ય મારા હૃદયમાં જે સ્થાન લઈ બેઠું છે, તેને મારી એકાદી ચોપડીમાં અંકિત કરવાનો લોભ જતો કરી શક્યો નથી.

ગ્રંથસમીક્ષા

પીતામ્બર પટેલ
ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા
ઇશ્વરલાલ દવે

ધૂંધવતાં પૂર : લેખક : ચુનીલાલ મડિયા પ્રકાશકઃ એન. એમ. ત્રિપાઠી લી. મુંબઈ. ૨. કિંમત રૂા. ૪-૮-૦

[ઓગષ્ટ ૧૯૪૫ના અંકમાં પાન ૪૦૮થી અધૂરું રહેલું અવલોકન અહીં પૂરું થાય છે.]

પણ જે વાર્તાઓમાં લેખકને કંઈ કહેવાનું હોતું નથી, જ્યાં તેમનું કથયિતવ્ય જ સામાન્ય હોય છે, જ્યાં વાર્તાનો વિષય જીવનમાંથી નહિ પણ ઉપજાવી કાઢેલા તુક્કા જેવો હોય છે ત્યાં તેમની વાર્તાઓ કલાકૃતિ જેવો નહિ પણ પ્રસંગચિત્ર જેવો જ આસ્વાદ કરાવે છે અને આગળ જણાવ્યું છે તેમ આ 'ધૂંધવતાં પૂર'માં એવા કચરો પણ ઘસડાઈ આવ્યો છે.

બાકી પ્રસ્તાવનાકાર શ્રી રસિકલાલ પરીખે કહ્યું છે તેવો 'અપૂર્ણતા'નો તો આ વાર્તાઓ અનુભવ કરાવી શકતી નથી. આ લખનારે આ પૂર્વે આથી પણ સુંદર, ઝળહળની પાસાદાર હીરા જેવી કલાકૃતિઓ વાંચી છે. એથી મનમાં આશંકા થાય છે કે સ્વસ્થ પ્રકૃતિના અને લાગણીવેડાથી દરહંમેશ દૂર રહેનાર વિવેચક (એમને વિવેચક કરતાંયે સહૃદયી વાચક કહેવા એ જ વધારે સાચું છે) શ્રી રસિકભાઈએ આ વાર્તાઓ માટે શાથી 'અપૂર્ણતા'ની લાગણી અનુભવી એમ લખ્યું હશે?

ધૂંધવતાં પૂર, વાની મારી કોયલ, આડી લીંતરી, દરદ, પોટકું, રંધા નતોડ...આ વાર્તાઓ વંચાતા સાથે જ ચિત્ત પુલકિત બને છે. સૌન્દર્યનો અનુભવ કર્યા પછી જે રસાનંદ થાય છે તેવો જ રસાનંદ આ વાર્તાઓ કરાવે છે. પણ પ્રસ્તાવનાકારની પેઠે 'વાહ...વાહ...' તો હરગીજ બોલાતું નથી એટલું જ નહિ પણ 'વાહ...વાહ' કહેવડાવે તેવી તો આમાં એકે કૃતિ નથી.

'ધૂંધવતાં પૂર'માં શાનું કાવ્ય જોનારને પૂછવાનું દિલ થાય છે–પ્રથમ વર્ષા અને પછી–'માં ક્યા કાવ્યતત્ત્વનું દર્શન કર્યું'? આ વાર્તામાં લેખકને શું કહેવાનું છે તે જરાયે સ્ફુટ થતું નથી. મસાલાનું પાન, રાજી બંગડી, ઘેર બેઠે ગંગા, કાપણી, મોંઘી અને ડૉ. મહેતા અને છાપરપગી એ આ સંગ્રહની સામાન્ય વાર્તાઓ છે. તેમાંયે મોંઘી અને ડૉ. મહેતા, મસાલાનું પાન વાર્તા કરતાં પ્રસંગચિત્ર વધારે લાગે છે. છાપરપગીનો સાસુનો ત્રાસ અનેકવાર ચર્ચાઈ ગયેલો હોઇ તેમાંથી નાવીન્યનો અનુભવ થતો નથી તેમ તેની રજૂઆત પણ ચોટદાર બની નથી. રાજી બંગડી, ઘેર બેઠે ગંગા, કાપણી, પેલા જેવી વાર્તાઓમાં લેખકનું દર્શન ધુમ્મસ જેવું ઝાંખું હોય તેની રજૂઆતમાં પણ રુચિરતા આવી નથી. તેનો આકાર પણ કલાત્મક ન બન્યો હોઇ ચિત્તમાં કશાયનોયે સંસ્કાર મૂકી જતી નથી. સત્તાવીસ વાર્તાઓનો સંગ્રહ કરવાને બદલે આવી સામાન્ય વાર્તાઓ લેખકે બાદ કરી હોત તો આ સંગ્રહ તેની રસસિદ્ધિથી બહુમૂલ્ય થઈ પડત.

આમાંની કેટલીક વાર્તાઓ સૂચિત હોય એમ લાગે છે ઇચ્છાકાકા અને મયાગોર રૂકઘો એ વાર્તામાંની ઘટના ગામડાઓમાં લોકજીભે વસેલી છે લેખકે પણ એ પરંપરામાંથી જ આ વાર્તાઓનું સૂચન મેળવ્યું હશે 'ચુડેલના દાંત'નું વસ્તુ કોઇ અંગ્રેજી વાર્તા-પરથી ઉપાડ્યું હોય એમ લાગે છે એને મળતી એક અંગ્રેજી વાર્તા વાંચ્યાનું સ્મરણ છે (લાગ એનું નામ યાદ આવતું નથી) કદાચ એ લેખકની મૌલિક કૃતિ પણ હોઈ શકે.

જરૂર, કાવ્ય જેવો રસાસ્વાદ કરાવે તેવી આ સંગ્રહમાં બે વાર્તાઓ છે. તે છે વાની મારી કોયલ અને ધૂંધવતાં પૂર. 'ધૂંધવતાં પૂર' વાર્તાનું રહસ્ય અને જીવન દર્શન ઊંચી કોટિનું છે એમ નહિ પણ તેના વર્ણનની છટા, મિજાજ અને ધસમસતા આવતા પૂરનું આલેખન એક સમર્થ કલમનો પરિપાક હોઇ ચિત્તને ઝકડી રાખે છે એ વાર્તાના અંતનું પોત પટ્ટકુળાંટવાળા કિનખાબ જેવું છે. એ અંત ક્યાંક તો તેના ઉત્કૃષ્ટ સ્વરૂપમાં કવિતા જેવું બની જાય છે.

'કમાઉ દીકરો' વાર્તામાં લેખકે જાતીય વિષયને પણ જ કુશળતાથી આલેખ્યો છે. પણ લઘીક્ષ દોષને લીધે એ વાર્તા પ્રતીતિકર બનતી નથી, અને એથી તે ઉત્તમ વાર્તા બનતા અટકી ગઇ છે. કામથી પ્રજ્વલિત થયેલો પાડો તેના માલિકને મારવા દોડે છે, દોડે છે તે છેક દૂર સુધી દોડે છે અને તેને મારી નાખે છે. પાડો તેના માલિકને શા માટે મારી નાખે? તેનું લક્ષબિંદુ તો ભેંસ જ હતી તો તેને નજરથી દૂર કરી તેના માલિક પાછળ આ રીતે પાડો દોડે ખરો? લેખક એ વાર્તાને બીજી રીતે પણ તેમના વ્યક્તવ્યને અભિયાણ રાખીને લખી શક્યા હોત

પહેલે જ ધડાકે લક્ષ ખેંચે, ના મનને પકડી રાખે એવી વાર્તાઓને હોંશથી કોણ આવકાર નહિ આપે? એની સારી બાજુને હજુયે બહેલાવીને બતાવી શકાય તેમ છે પણ પ્રસ્તાવનાકારે કર્યું છે તેમ વિવેચકો આ લેખકને સારી પેઠે દબડાવે અને એના મિજાજને ઠેકાણે રાખે: લેખકનો મિજાજ ઠેકાણે લાવવા નો નહિ પણ વાર્તાઓની બીજી બાજુ પણ બતાવવાના ઉદ્દેશથી આટલું લખ્યું છે.

જ્યારે વિવેચકો લેખકને પોતું લાગી જશે એવા ભયથી નબળી કૃતિનાં પણ વખાણ કરવા બેસી જાય છે તે સમય તમે, મુરબ્બી રસિકભાઈ તમેયે કાવ્યશાસ્ત્ર અને સંસ્કૃત સાહિત્યના આટલા પરિશીલન પછીથી પણ પ્રસ્તાવના લખતાં સ્વસ્થતા ગુમાવી બેઠા! વખાણ, અતિ વખાણ કરીને તમે જ એક નવા આશાસ્પદ અને પહેલા જ પુસ્તકથી નામના કાઢનાર લેખકને ચડાવી માર્યો છે. આ પ્રકારની પ્રસ્તાવનાઓ લેખકને તેમ સાહિત્ય સમસ્તને નુકશાન કરે છે.

શ્રી ચુનીલાલ મડિયાનો આ વાર્તાસંગ્રહ વાચકોને જરૂર ગમી જશે. તેઓ બીજી પણ વાર્તાઓ લખે એમ આ વાર્તાઓ વાંચ્યા પછી કહેવાનું મન થાય છે.

* * *

કેવડાના કાંટા લેખક વિ. સ. ખાંડેકર અનુવાદક વાડીલાલ દેસાઈ સોલ એજન્ટ રતી. શાંતિલાલની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ મૂલ્ય રૂા ત્રણ

શ્રી વિષ્ણુ સખારામ ખાંડેકર મહારાષ્ટ્રના અગ્રગણ્ય વાર્તાકાર છે તેમાંયે ટૂંકી વાર્તા તો તેમનું વિશિષ્ટ સાહિત્ય સર્જન છે તેમના નામે સત્તર જેટલા તો વાર્તાસંગ્રહો પ્રગટ થઈ ચૂક્યા છે આમ સંખ્યાની દૃષ્ટિએ તો શ્રી ખાંડેકરને કોઈ પણ ગુજરાતી વાર્તાકાર પહોંચી શકે તેમ નથી

આ સંગ્રહમાં અનુવાદકે લેખકની બાર વાર્તાઓ રજૂ કરી છે ફૂલ અને પત્થર જેવી ભાવનાના વાર્તાસંગ્રહમાં શાને લીધી હશે? લેખકના સર્વ સંગ્રહોમાંથી અનુવાદકે ચૂંટણી કરીને આ શ્રેષ્ઠ વાર્તાઓ અહીં મૂકી હશે એમ જણાય છે આ વાર્તાઓ વાંચતા એમ જણાય છે કે શ્રી ખાંડેકર કલાવાદી નથી પણ જીવનવાદી વાર્તાકાર છે એનો અર્થ એ નથી કે લેખકની વાર્તાઓમાં કલા નથી, પણ તેઓ કલાના ભોગે પણ જીવનના શાશ્વત સત્યો બોધ નિરૂપ્યા વગર રહી શકતા નથી ખરું જોવા તો કલાકાર બોધ નહિ પણ દૃષ્ટિ આપે છે સાચો કલાકાર તેના સર્જનમાં જીવનનું રહસ્ય કે જીવનનું દર્શન ઘણ્યા વગર રહી શકતો જ નથી પણ તે બધું કલાની મર્યાદામાં રહીને જ અને જે કંઈ કહેવાનું છે તે પણ કલાકૃતિમાંથી જ પુષ્પની સુગંધની પેઠે સ્ફુટ થાય છે બીજી રીતે કહીએ તો કલાકાર વક્તવ્ય કરે નહીં પણ વ્યંજનામાં જ સર્વ કંઈ કહી દે છે આ અર્થમાં શ્રી ખાંડેકરની વાર્તાઓ શુદ્ધ કલાકૃતિઓ બની શકની નથી

શ્રી ખાંડેકર તેમની વાર્તાના વિષયો વિશેષ કરીને જીવનની અથડામણો ાર સંઘર્ષ અને સમાજરચનામાંથી જાગતા વિસંવાદમાંથી પસંદ કરે છે માનવીના હૈયામાં વહી રહેલા ઝીણા પ્રવાહોનો, દિલમાં છુપાઈ રહેલા કોઈ ગૂઢ ભાવને, હાથમાં આવીને છટકી જાય તેવી કોઈ ઊર્મિને, અંતરના સૂક્ષ્મ તાણાવાણાઓને તેમની મેધા સ્પર્શ કરતી દેખાતી નથી તેઓ જીવનની ઉપલી સપાટી પર ઝબ ઝબિયા કરતા દેખાય છે આથી તેમની વાર્તાઓમાં કોઈ ચિરંતનભાવનું જીવનની અભિવ્યક્તિનું માનવીના સંગોપાંગ અંતરનું દર્શન થઈ શકતું નથી

બીજું લેખક કલ્પનાની પાંખે ઊડીને અનુભવનું અવગાહન કરીને તેમના પરિચિત જીવન મર્યાદાથી બહાર જઈ શકતા નથી તેઓ ધંધે શિક્ષક હોઈ તેમની વાર્તાઓમાં શિક્ષક, શાળા અને વિદ્યાર્થી જીવન જાણે અજાણે પણ ડોકાઈ જાય છે આ સંગ્રહની ફૂલસ્થાન, આઠમી જૂન, પહેલી ભૂલ કેવડાના કાંટા–વાર્તાઓ શિક્ષણ ક્ષેત્રની ચોમેર ઘૂમે છે એથી તેમની વાર્તાઓમાં એકતાનતા આવે છે ત્રીજું લેખકને હું થી વાત કહેવાની વિશેષ ફાવટ છે, સંગ્રહમાં ખોટા શિવલેખો ફૂલ સ્થાન ફાટેલું ખમીસ, દાઝેલાં હૈયાં, દીવાદાંડી એ રીતે આલેખાયેલ વાર્તાઓ છે જો કે આમાં બધી જગ્યાએ 'હું' એક જ નથી એટલે વાચકને ક્લેશ થતો નથી

આ વાર્તાઓ વાંચતાં એક અસર એ પણ પડે છે કે લેખકને સ્ત્રીપુરુષના તેમાંયે પતીપત્નીના સંબંધની વાર્તાઓ લખવી સારી ફાવે છે સ્નેહલગ્ન કે પૂરી પિછાણ પછીથી લગ્ન કરેલાં પતિપત્નીના જીવનનો વિષાદ ઘણું તેને આસાનીથી આલેખે છે અને કદાચ આ પ્રેમભાવને લીધે જ તેમની વાર્તાઓના અને વાર્તાના નામમાં સુદ્ધાં ફૂલ વારંવાર દેખાયાં હશે કે માત્ર અકસ્માત જ!

શ્રી ખાંડેકરની આ વાર્તાઓ મરાઠી સાહિત્યની સારામાં સારી કૃતિઓ હોય તો એમ કહી શકાય તેમ છે કે ગુજરાતની વાર્તાઓ તેની કલામયતાથી અને જીવનની અનુભૂતિથી મરાઠી વાર્તાઓ કરતા ઘણી આગળ છે

લેખકમાં કલાદૃષ્ટિનો અભાવ અને બીજી મર્યાદાઓ બતાવ્યા છતાં કહેવું પડે છે કે તેમની વાર્તાઓ વાચનક્ષમ છે, આસ્વાદ્ય છે, અને તેનું કારણ તેમની પ્રાસાદિક ભાષા છે શ્રી. ખાંડેકરની ભાષામાં પ્રસાદ અને માધુર્ય સહજ રીતે આવીને બેસી જાય છે તેમની શૈલી સરળ અને વિશદ છે લેખક સંસ્કૃત સાહિત્યના અભ્યાસી છે એવી તેમના નિરૂપણમાં સંસ્કૃત સાહિત્યના અવતરણો જ નહિ પણ તેની ઉપમાઓ પણ સહજ રીતે આવે છે તેમને એને માટે પ્રયત્ન કરવો પડતો નથી આથી તેમની વાર્તાઓમાં નિર્ઝરની ચંદ્રિકા જેવું શીતળ નિર્મળ વાતાવરણ પ્રસરાઈ રહે છે આ ગુણને લીધે તેમની ગમે તેવી વાર્તા પણ વાચકને પકડી રાખે છે

આ પુસ્તકની પ્રસ્તાવના લખી છે યુવાન વિવેચક પ્રો. યશવંત શુક્લે પ્રો. યશવંત શુક્લ એક સમર્થ વિવેચક હોઈ વાર્તાઓનું હાર્દ અને લેખકની શક્તિનું દર્શન કુશળતાથી કરાવી શક્યા છે તેમણે બીજા પ્રસ્તાવનાકારોની પેઠે પુસ્તકના માત્ર સારાં તત્ત્વો બતાવી બેસી ન રહેતાં તેનું તટસ્થ વિવેચન પણ કર્યું છે પ્રસ્તાવના લખતાં આપણા સન્માનિત અને પીઢ વિવેચકો વખાણ ના આકાઈ કરવા બેસી જાય છે તેમની સામે આ પ્રસ્તાવના લાલ બત્તી બની રહો વિવેચનની નિષ્ઠા જાળવી રાખનાર વિવેચક યશવંત શુક્લ ગુજરાતની મોટી આશા છે

અનુવાદક શ્રી વાડીલાલ દેસાઈએ આ પહેલા પુસ્તકથી જ તેમની ભાષાનો પરચો બતાવી દીધો છે મૂળની વફાદારી સાથે ગુજરાતીમાં ભાષાંતર કરીને તેમણે મોટી સફળતા મેળવી છે તેઓ આવાં બીજાં પુસ્તકો આપે એમ કહેવાનું સહેજે મન થઈ આવે છે

* * *

હીરાની ખાણ લેખક ચંદુલાલ પટેલ પ્રકાશક એન એમ ઠક્કરની કંપની મુંબઈ ૨ કિંમત : ત્રણ રૂપિયા

શ્રી. ચંદુલાલ પટેલ 'હીરાની ખાણ' લઈને ગુજરાત સમક્ષ નવસ્થ વાર્તાકાર તરીકે પહેલીવાર હાજર થય છે તેમની ખાણમાં હીરા તો છે પણ કેટલાક પાસા વગરના, ઝળકાટ વગરના, તેજ વગરના હીરા પણ એમાં ભળી ગયા છે એથી આ સંગ્રહ હીરાની ખાણની પેઠે આપણા ચિત્તને તેજના પુંજથી ઝળહળતું બનાવી શકતો નથી

આ વાર્તાઓમાં વસ્તુવૈવિધ્ય છે, સ્થળકાળનું પણ વૈવિધ્ય છે અને ચોટદાર નિરૂપણ છે. લેખકની ભાષા ભાવને વટી શકે તેવી અર્થવાહી છે. તેમનાં વર્ણનો રસભરી બાનીમાં આલેખાયેલાં હોઈ હૃદયંગમ છે. તેમની વાત કહેવાની છટા, થોડાક શબ્દોમાં વાતાવરણને જીવંત બનાવી મૂકવાની તાકાત અને રંગદર્શી શૈલીમાંથી ઉપસતી ભાવના કુમાશ એ કુશળ વાર્તાકારને શોભ આપે તેવાં છે. શ્રી ચંદુલાલ પટેલ જીવનમાંથી કોઈપણ નાનો કે મોટો પ્રસંગ લઈને કે ક્યારેક કોઈક પાત્ર લઈને તેને વાર્તામાં કસબીની પેઠે મઢવા બેસી જાય છે. પછી જ્યારે વાર્તા બનાવવી છે, સારી વાર્તા બનાવવી છે એવી સભાનતાથી તેઓ તેમની રંગદર્શી શૈલીમાં તેનું આલેખન કરે છે. અને આ સભાનતાથી તેમની વાર્તાઓમાં ઘણીવાર રંગની ઘેરાશ આવી જાય છે.

કોઈ પણ કલાના સર્જકે એક વસ્તુ તો સિદ્ધાંત તરીકે સ્વીકારવી જોઈએ કે તેણે નિરૂપ્ય વિષયમાં તન્મયતા સાથે તટસ્થતા અવશ્ય રાખવી જોઈએ. ઊર્મિનું આલેખન કરતાં પણ તેણે તાટસ્થ્ય તો રાખવું જ જોઈએ. જ્યારે આવું તાટસ્થ્ય કે સંયમ નથી જળવાતો ત્યાં ઊર્મિ નહિ પણ ઊર્મિલતા આવે છે. શ્રી. ચંદુલાલની વાર્તાઓમાં આ ઊર્મિલતાનો દોષ આવી ગયો છે. તેઓ પાત્રોની વેદનાને પરલક્ષી દૃષ્ટિએ નિરૂપી શકતા નથી. જાણે તેમની વેદના પોતીકી હોય એવો ઓપ આપે છે. આથી તેમની કરુણ વાર્તાઓમાં કારુણ્ય નહિ પણ હાયબળાપા આવી ગયા છે.

જીવન કરુણતાથી સભરભર છે. વેદના કેટલાયે જીવોને રેંસી રહી છે એટલે કરુણ વિષયો લેખક પસંદ કરે તે સમજી શકાય તેમ છે પણ એનો અર્થ એ નથી કે તેને કરુણતાનો ઘેરો રંગ આપી કથયિતવ્યને લાગણીવેડાથી તરબોળ કરી દેવું. લેખક નિરૂપણમાં આટલી ઊર્મિલતા દાખવે છે છતાં બાકી રહી જતું હોય તેમ લગભગ દરેક વાર્તાના અંતે કવિ સમયની પેઠે કુદરતને પણ રડતી કે વેદનામાં સહાનુભૂતિ બતાવતી દર્શાવે છે. (દૃષ્ટાંત તરીકે 'પાણીને બાથ'નો અંત જુઓ)

લેખકને શૈલીના નવા નવા પ્રયોગો કરવા ગમે છે. તેમની શૈલી યૌવનના કસુંબલ રંગને અચ્છી રીતે આલેખી શકે છે. તે વાતાવરણમાં જોબનનો નશો ભરી શકે છે. અને જ્યારે વાર્તાનું વસ્તુ જ એવું હોય છે ત્યારે એ શૈલી વાર્તાને ખૂબ જ ઉપકારક થઈ પડે છે. એના સુંદર નમૂના તે 'સ્વમાને સલામ' અને 'ઝેરનું ફૂલ'. આ બને વાર્તાઓનું રહસ્ય સામાન્ય હોવા છતા તેની રંગદર્શી શૈલી વડે એ વાર્તાઓ મઘમઘતા પુષ્પ જેવી બની છે. પણ લેખકની શૈલી જેમ એક પક્ષે તેમની શક્તિ છે તેમ એ જ એમની મર્યાદા પણ બની રહે છે. લેખક એ શૈલીના મોહમાંથી જ્યારે બહાર નીકળી શકતા નથી ત્યારે વાર્તાનું વક્તવ્ય મોળું પડી જાય છે અને જે કંઈ ધ્યાન ખેંચે છે તે માત્ર તેમની શૈલી અને આ શૈલીનો અતિરેક થતાં તે શબ્દાળુ બની જાય છે અને એમાંથી કશાયનો પણ અર્થબોધ થતો નથી. જ્યારે લેખક શૈલીને ઓપ આપવાનો સભાન પ્રયોગ કરે છે ત્યારે તે શૈલી વાચાળ અને ડોળઘાલુ બની રહે છે. સૂર્યને બદલે આફતાબ જેવા ફારસી શબ્દ શાને વાપરતા હશે? જમીન સામે જોયું એમ કહેવાને બદલે જમીન તરફ આંખો સંક્રાન્ત કરી એમ લેખક લખે છે. સંક્રાન્ત શબ્દ આ સંદર્ભમાં વપરાય ખરો? તે જુવાન હતી તે કહ્યા પછી 'શરીર પર યૌવનના નકશા ઊઠ્યા હતા!' એમ કહેવાનો શો અર્થ? નકશા ઊઠ્યા હતા એટલે શું ઊઠ્યું હતું? આવા અર્થહીન પ્રયોગો શૈલીને નામે શાને કરતા હશે? આ તો ઘણામાંના થોડા દાખલા આપ્યા છે.

લેખક સ્વભાવે પ્રયોગશીલ છે તેમણે આ વાર્તાઓમા આયોજનની નવી રીતિ અખત્યાર કરી છે. પગદંડીને, પીંપળાને, શિવપુર ગામને તેમણે મૂર્તસ્વરૂપ આપી વાત કહેતાં કર્યાં છે. હીરાની ખાણ, ઘોડીપુર, પગદંડી 'પાણીને બાથ' વગેરે વાર્તાઓ નવી રીતિમાં લખાઈ છે. એથી વાર્તામા તાજગી આવે છે, નવીનતાનો ઓપ આવે છે. પણ એમાં નિરૂપણની વાસ્તવિકતા જળવાતી નથી. એથી અધિકારી વાચક વર્ગને તો આ પ્રયોગો માત્ર ચાપલ્ય જ લાગે છે. ઘોડીપુરમાં વીરોજી મુખી, શિવપુર ગામ, પીંપળો વગેરે સ્વમુખે વાત કહે છે ત્રણે ભિન્ન ભિન્ન વ્યક્તિઓ છે એમ કલ્પીએ તો ત્રણેના મુખમાંથી ભિન્ન પ્રકારની ભાષા કેમ નીકળતી નથી? વીરોજી આવી ભાષા બોલે ખરો? શિવપુર અને પીંપળાની ભાષામાં ક્યાંઈ ફરક છે ખરો? જો એકજ પ્રકારની ભાષા આ પણ કહેવાની હોય તો પછી લેખક જ સીધેસીધી વાત કાં નથી કહેતા? એ જ રીતે 'પગદંડી'માં પગદંડી જેસંગ અને લખમીની બધી જ વાત જાણે છે તો લખમી ઘરમાં હતી કે નાસી ગઈ તેનો ભેદ કેમ જાણતી નથી? એ નહિ કહેવામા જ અવાસ્તવિકતા ખડી થાય છે અને વાર્તાની બધી મજા મારી જાય છે. 'પાણીને બાથ' આરંભથી લેખક વાત કહે છે આગળ જતા એ વાત વાર્તાનું પાત્ર 'હું'થી વાત કહેવા માંડી પડે છે. આથી સીધી ગતિએ વહે જતી વાત ગુંચળાં ઊભાં કરે છે. અને પરિણામે લેખકની આ પ્રયોગશીલતા રસાસ્વાદમાં ઉપકારક થવાને બદલે ક્ષેપ કરે છે.

લેખકે પ્રસ્તાવનામાં કહ્યું છે કે એકવીસ વાર્તાઓમાથી સત્તર મૌલિક છે. બાકીની ચાર સૂચિત છે. તો તે ચાર વાર્તાઓ કઈ? લેખકે તેનો નામનિર્દેશ કર્યો નથી તેમ શામાંથી સૂચન મળ્યું તે પણ જણાવ્યું નથી. પણ આમાંની બે વાર્તાઓ પર ફિલ્મજગતની છાયા હોય એમ લાગે છે. 'અમાનખાનની હીરાબી'માં પરાગ ફિલ્મની છાયા સ્પષ્ટ વર્તાય છે. તેવી રીતે 'જીવનનો રથ'માં—તેનો—અંત 'વાપસ' ફિલ્મને મળતી રીતે મળતો આવે છે.

લેખકમાં સબળ ભાષા છે, ભાવને વ્યક્ત કરવાનું શબ્દસામર્થ્ય છે, વાર્તાક્ષમ વસ્તુ પસંદ કરવાની સૂઝ છે, વાત કહેવાની સુંદર હથોટી છે જીવંત ઘોતક સંવાદો છે છતાં તેમની વાર્તાઓ અનન્યતાનો આસ્વાદ કરાવી શકતી નથી તેનું કારણ તેમના જીવનદર્શનમાં રહેલું છે. તેઓ જેવું વસ્તુવૈવિધ્ય લાવી શક્યા છે તેવું જીવનરહસ્યનું, જીવનના અનેક પાસાંઓનું દર્શન લાવી શક્યા નથી તેમના

અનુભવમાં રણકો સંભળાતો નથી. તેઓ જે સંવેદન અનુભવે છે તેનું સમસંવેદન વાચકમાં જગાડી શકતા નથી. આથી વાર્તાઓની સોર મોળી પડે છે.

આ બધી મર્યાદાઓ જણાવ્યા પછી પણ કહેવાનું રહે છે કે શ્રી ચંદુલાલ પટેલ આ પહેલા સંગ્રહથી જ વાર્તારસિકોનું ધ્યાન ખેંચી લે છે. તેમાંયે છેલ્લું દૃશ્ય, રસ્તાને સલામ, હીરાની ખાણ અને સેંથાનું સિંદૂર જેવી વાર્તાઓ તેની કલામયતાથી અને તાજગીભરી રજૂઆતથી આસ્વાદ્ય બની રહે છે. લેખક આ પહેલા સંગ્રહથી જ સારા વાર્તાકારની આશા આપી જાય છે.

પીતામ્બર પટેલ

* . * *

પાંખ વિનાનાં : લેખક ઉમેદભાઈ મણિયાર. પ્રકાશક : ભારતી સાહિત્ય સંઘ મુંબઈ–અમદાવાદ પૃષ્ઠ : ૧૯૨ : કિં : રૂ. ૩-૦-૦

આ તેર નવલિકામાંની ઘણી ખરી જુદાં જુદાં માસિકોમાં પ્રસિદ્ધ થઈ ગયેલી એટલે ઉમેદભાઈ મણિયાર, લેખક તરીકે આ સંગ્રહની પ્રસિદ્ધિ પહેલા વાચકોને પરિચિત છે પરંતુ પુસ્તકના લેખક તરીકે અત્યારે જ સાહિત્યના ક્ષેત્રમા પગ મૂકે છે. પુસ્તકમાં લખવામા આવ્યું છે તે પ્રમાણે એમની બે નવલકથાઓ 'ક્ષમા' અને 'ઋણ' અને એક બીજો નવલિકા સંગ્રહ 'શૈરવધાટ' અલ્પ સમયમા બહાર પડશે. "હિઝ માસ્ટર્સ વોઇસ"ની એમની ચાર રેકર્ડોમાંની બે બહાર પડી છે અને બે બહાર પડવાની છે કે વરતમાં પડી ગઇ છે જે ઉપરથી જણાય છે કે લેખક અવેતન હળવા સંગીતના ગાયક પણ છે; જો કે આ સંગ્રહમાં સંગીતનો માત્ર એક જ નાનો સરખો ઉલ્લેખ લેવામા આવે છે.

"આ વાર્તાઓ" નામક શિર્ષક નીચે લખાયેલ લેખકના બે બોલમાં લેખક લખે છે કે "આ વાર્તાઓ પ્રસિદ્ધ કરતાં મારો હાથ સંકોચાતો નથી" એના ઉત્તરમાં વાચકો આ વાર્તાઓ વાંચ્યા પછી એમ જરૂર કહી શકે કે 'સંકોચાવા'ની જરૂર પણ નહોતી વાર્તાઓ વાચવી ગમે તેવી છે એવો અભિપ્રાય વાચકોનો મોટો ભાગ જરૂર આપશે આગળ ચાલતાં લેખક લખે છે. "આ વાર્તાઓના ગુણ–દોષની ચર્ચા શ્રી ઉમાશંકરે પ્રસ્તાવનામાં કરી જ હશે. ટૂંકી વાર્તા ટૂંકી રહે અને છતાં વાર્તા રહે એવી કાળજી રાખવા સતત પ્રયત્ન કર્યો છે." ઉમાશંકરની "મૂંગી તાકાત" નામની પ્રસ્તાવના વિશે પછીથી અત્યારે તો એટલું કહેવું જરૂરનું છે કે "ટૂંકી વાર્તા" ટૂંકી જ છે છતાં વાર્તા છે એ લેખકનું કથન સત્ય છે ૧૯૨ પાનમાં તેર નવલિકા સમાય છે એટલે સરેરાશ એક નવલિકા ટીક પંદર પાન આવે છે. પણ 'શિવશંકર' અને 'છબી' એ બે લાંબી વાતો ધ્યાનમાં લઇએ તો સરેરાશ બાર પાનાથી વધુ નહિ આવે.

એ જોતાં લેખક નવલિકામા નાટકનું સંભાણુ કરતા નથી એ તો સાફ જણાઇ આવે છે. ગુજરાતી સાહિત્યમા એમના જેટલી જ ટૂંકી વાતો લખનાર મારા જાણવામા તો માત્ર મુરલી ઠાકુર છે તેમના "પરભના પાણી" અને "પ્રેમળ જ્યોત" એ બે સંગ્રહમાં વાર્તાની લંબાઈ માત્ર બાર બાર પાનની છે.

"બાળકોના સુખદુખના નાના પ્રસંગોમાથી એમના મનની દુનિયાની ઝાંખી કરાવવાની" મહત્વકાંક્ષા લેખકે સેવી છે એમ લેખક કહે છે અને એ દિશાને એવા 'વિશિષ્ટ' પણ કહે છે; પણ આ સંગ્રહમાં એવી વાર્તા કેટલી? ખાસ કહી શકાય એવી તો માત્ર એક ગણાવાય "લાડકી બહેન" એ વાત સામાન્ય લાગે છે એમાં બાલમાનસનું કલાત્મક ચિત્રણ નથી, જે છોકરો વાત કહે છે તે છોકરાનું વય જોતાં આમ એ વાર્તા કહે નહિ એમ પણ આપણને લાગી જાય છે એ સિવાય આ વર્ગમા લેખક કઈ વાર્તા મૂકવા માગતા હશે? કદાચ 'મહેન્દ્ર' અને નવનીત'ને એ વર્ગમાં ગણાવતા હશે. એ બને વાતોમાં લેખકે 'બાલમાનસ નિરુપણ' કરતાં અમુક 'Complex' (માનસગ્રંથિ) બતાવવા યત્ન કર્યો છે. 'નવનીત'મા એ 'કોમ્પ્લેક્સથી શું કરણ પરિણામ આવ્યું નથી એટલે લેખકનો આશય સ્પષ્ટ તરી આવતો નથી 'મહેન્દ્ર'માં મહેન્દ્ર ચોરથી, મનુષ્યથી ડરે તેવો બીકણ થયો એ માનસિક નિર્બલતારૂપી ફળ આણવા લેખકે બીજી બીજા ગૂઢતાનાં–અતીન્દ્રિય, અલૌકિક પ્રેતસૃષ્ટિની ડરામણીનાં વાક્યાં છે એ કળાની ત્રુટિ છે. વહેમ અને બીક એ બે જે કે મસીઆઈ બહેનો ગણાય પણ વહેમથી નિર્બળ મનને વહેમથી જ ડરતું બતાવ્યું હોત તો પરિણામ વધુ કલામય બની શક્યું હોત વહેમની પ્રસ્તાવના, ચોરની બીકનો મુખ્ય પ્રસંગ અને પ્રશ્ન–ઉત્તર રૂપ અંતભાગ એ ત્રણ ભાગમાં એકતા સધાતી નથી એથી રસ ક્ષતિ છે આ બંને વાતોમાં હાસ્ય અને કરુણ એ બેમાંથી કોને પ્રાધાન્ય આપવું એ લેખક આરંભમાં નક્કી કરી શક્યા હોત તો વાર્તા નિ શંક સરસ થાત. આમા તો 'બાવાના બન્ને બગડયાં છે.'

લેખકની બે લાંબી વાત 'શિવશંકર' અને 'છબી' છે. સંગ્રહની ઉત્તમ વાતોમા આ બેમાંથી એકેય આવી શકે તેમ નથી છતાં આ બેમાથી વધુ સારી વાત છે "શિવશંકર"ની "છબી" વાંચવી ગમે તેવી વાત છે પણ વાતમાં નાયકને એટલો મૂર્ખ ચીતર્યો નથી છતાં 'છબી'ની ખરી માનસવૃત્તિ એને સમજાય નહિ એ માન્યામા આવે તેમ નથી. વળી 'છબી' પોતે બેંગલોર સુધી જાય અને લગ્નને દિવસે જ નાયકને પરણવાની ના પાડે એવું નાયિકાનું ચિત્રણ નથી. જે પ્રમાણે નાયિકાનું આલેખન છે તે પ્રમાણે તો જે ક્ષણે નાયિકાને ખબર પડે કે થનાર પતિને બાપનો દલ્લો મળવાનો નથી તે ક્ષણે જ તે ના પાડી દે. અને એવી ક્ષણ માટે લેખકને ઠેઠ બેંગલોર જવાની જરૂર નહે તી 'તમે બિલકુલ સમજતા નથી' એ વાક્યને નાટકનું લેખકે આટલું પ્રાધાન્ય આપ્યું જણાય છે નાયક તો ભલે ન સમજ્યો પણ નાયિકા પણ બેંગલોર જતા સુધી કેમ બિલકુલ નહિ સમજી? એવી ચબરાક છોકરી–Gold digger–ભાગી છૂટીને બેંગલોર જઇને પોતાની આબરૂ ગુમાવે? જે આબરૂની કિંમતે એને અતિ દ્રવ્યવાન પતિ પ્રાપ્ત કરીને ઉપલબ્ધી છે તે આબરૂ ગુમાવે? 'છબી'મા ભવ્ય ઊર્મિના તોફાન નથી, પ્રચંડ મનોમંથન પણ નથી.

'ચિત્રશંકર'માં લેખક સ્પષ્ટતાથી વાત કહે જાય છે, જો કે એમાં પણ લેખકના મનમાં હાસ્ય-કરુણનો થોડો થોડો ઝરડો તો રહે જ છે આ વાર્તા હાસ્યરસ પ્રધાન જ ગણાવી શકાય અલબત્ત, ચિત્રશંકરને 'મેં તેરી ગૈયા' તરીકે આખી જિંદગી રહેવાનું છે જ પણ આવી પરિસ્થિતિમાં જ્યાં સુધી નાયક અતિ ઊર્મિલ, કોમળ હૃદયનો ચીતરાયો ન હોય ત્યાં સુધી એમાં કારુણ્ય દૃષ્ટિગોચર થાય નહિ, માત્ર એના પ્રત્યે થોડી દયા ઉત્પન્ન થાય ચિત્રશંકરે વશીકરણમંત્રનો આશ્રય લીધો તે ગમે તેવી અક્કલ છતાં, નિરાધાર, નિર્બળ માનસનો પુરાવો છે એવા માનસવાળા ચિત્રશંકરને 'બળદ જેવો હડીલો' કહેવો એ ઉપમા યથાર્થ નથી એની હદ પીગળી એટલે એ ઉપમા પણ પીગળી જ ગઈ ને! બાકી વાત સરસ છે અને પત્ની જુદા પેચમાં હતી એટલા માટે પતિને પજવતી હતી તે ઠેઠ છેવટે પતિ સમજ્યો એ ચમત્કાર પણ સુંદર રીતે રજૂ કરવામાં આવ્યો છે

હવે 'ઈશ્વરની માયા', 'કીર્તિકૃષ્ણ-ખડેરાવ' અને 'વેર' એ ત્રણ વાતો જોઈએ આમાંની પહેલી વાતમાં પુનર્મૃત્યુ આવે છે એટલે વાત કરુણાન્ત છે પણ લેખકનો મૂળ મુદ્દો તો એક કંજૂસ, ધનદેવને પૂજનાર મનુષ્યનું જીવન આલેખન કરવાનો છે અને એમાં એમણે સરસ સફળતા મેળવી છે સબંધીઓના મૃત્યુથી કેટલાક તૂટી જાય છે કેટલાકના માનસનું પરિવર્તન થઈ જાય છે ત્યારે કેટલાક એવા ને એવા દેખાતા નિર્મિત જીવનકાર્ય કર્યે જાય છે નવજીવન શેઠ આ ત્રીજા વર્ગના હતા વાત સરસ છે, કારુણી ભરી છે છતાં ઉમાશંકર પોતાના પ્રવેશકમાં લખે છે (પા. ૧૨) તે પ્રમાણે 'મનુષ્ય જીવનમાં અનુસ્યૂત થયેલી અગાધ કરુણતાને સાકાર રજૂ કરી દે છે' એમ તો જણાતું નથી એટલું ઊંડાણ આ વાતમાં નથી.

'વેર'ની નવલિકામાં વતનથી આવેલ એક પચીસ વર્ષનો યુવાન, તેની તેર વર્ષની પત્ની, અગિયાર વર્ષનો ભાઈ અને મા એવા મનુષ્યોના કુટુંબની તેમના મુંબઈના એક માળામાં વીતેલા જીવનની સળંગ કથા છે વાચકોને ગમે તેની ઝીણી વિગતો સરલતાથી એમાં ગૂંથી લેવામાં આવી છે પોતાની પત્ની અને ભાઈ વચ્ચેના નિર્દોષ તોફાન અને રમતોથી પતિને વહેમ પડે છે અને પરિણામે તે પોતાના નાના ભાઈને મારવા માંડે છે આખરે એ મારઝૂડથી કંટાળીને મા અને નાનો ભાઈ વતન ચાલ્યા જાય છે એટલી આ વાત છે આ વાર્તાનું શિર્ષક 'વેર'ને બદલે 'ઇર્ષ્યા' કે 'વહેમના વમળમાં' કે એવું કાંઈ રાખવામાં આવ્યું હોત તો વધુ સારું ગણાત આમાં વેર જેવું કશું નથી

'કીર્તિકૃષ્ણ-ખડેરાવ' સાધારણ ગણાય તેવી લોકપ્રિય વિધાનની વાત છે પણ પ્રવેશક-લેખકે આ બન્ને પાત્રો મહાકવિની પાછળ ગાંડા બન્યા હતા એમ શા ઉપરથી લખી નાખ્યું હશે? આમાં 'ખડેરાવ' પાત્ર તો માત્ર શેરલોક હોમ્સના ડૉ. વૉટ્સન જેવું કાર્ય કરે છે 'મહાકવિની' પાત્ર પણ એક નિમિત્ત માત્ર જણાય છે એક સામાન્ય મૂર્ખ જુવાનીઆની ગાંડી પચાસીના એક પ્રસંગનું આ નવલિકા આલેખન માત્ર છે કીર્તિકૃષ્ણને ઉમાશંકર 'પાગલ પ્રેમી' તરીકે ઓળખાવે છે એ પણ એ પાત્રને વધુ પડતું સ્થાન આપવા જેવું છે એનું કારણ એ કે લેખક એ પાત્રના રેખાંકનમાં અમુક પ્રમાણનું શૈથિલ્ય બતાવે છે કીર્તિકૃષ્ણને 'પ્રેમી' માનવા પણ આપણને શંકા ઉત્પન્ન થાય છે, અને એ માત્ર મૂર્ખ છે એવું દેખાય છે "ખડેરાવે કીર્તિકૃષ્ણના પોતાના કિસ્સા ઉપરથી મશ્કરીમાં 'મૂર્ખ પ્રેમી' નામની વાર્તા લખી અને કીર્તિકૃષ્ણને વંચાવી" અહીંથી વાર્તા અટકાવી હોત અને કીર્તિકૃષ્ણને એ વાર્તાના મોકલેલા ચાર રૂપિયામાંથી ભેળ ખાવામાં નહિ ભેળવ્યો હોત તો બિચારાના ભેળ ભેગી મૂર્ખતા અને પ્રેમીપણાની ભેળ થઈ છે તે ન થાત!

આ બધી વાતો કરતાં બાકીની પાંચ વાત—પહેલી, ત્રીજી, પાંચમી, સાતમી અને તેરમી—સુંદર છે 'આગલા ભવનો વેરી' અને 'છોપાપ'? એ બે વાત આપણામાં કરુણતા ઉપજાવે કે ખરી કરુણાન્ત તો 'ભાગ્યશાળી' જ ગણાય 'આગલા ભવનો વેરી'માં મેનાને માથે દુઃખ પડે છે અને તે પણ પહેલા પ્રસંગમાં મવાલી બળદેવને લઈને એ વાત સાચી, પણ પછી મેનાના પતિના મૃત્યુને પણ બળદેવના માથે ઉધારાવે છે એ સત્ય નથી લાગતું 'છોપર પગી' સારી કરુણાન્ત કથા છે પણ એમાં ય ઉમાશંકરનું કથન '૨૦ મરતાં મરતાં ય મને વગોવતી ગઈ!' એ વાક્યમૈત્રીક આગલી વધી રિબામણીઓ કે મૃત્યુ કરતાં વધુ કરુણ છે' એ વધુ પડતું અને તત્ત્વથી વેગળું લાગે છે આ બન્ને વાતોમાં લેખકની નિવાર્ય કરુણતાને પણ અનિવાર્ય રહેવા દેવાની વૃત્તિ અને કરુણ પરિણામની અનિવાર્યતા માટે પૂરતી સામગ્રી યોજવાની બેદરકારી, વાતો સરસ છે, વસ્તી ગમે તેવી છે છતાં જોઈએ તેવી કલાત્મકતા આવતી નથી

બીજી બે વાતો 'રૂપિયા-આના-પાઈ' અને 'વર પધરાવો સાવધાન' આગલી બે વાતો 'આગલા ભવનો વેરી' અને 'છોપર પગી' કરતાં પણ સરસ છે, અને છતાં લેખક હજી આ બે વાતોને વધુ સરસ બનાવી શક્યા હોત 'રૂપિયા આના પાઈ'ની વાતમાં માધવદાસ અને દીવાળી એ બન્ને પાત્રો ઉપર સમપ્રકાશ રાખવાની શક્યતા લેખકે નહિ રાખી હોત અને એમાંથી એક ઉપર જ કળશ ઢોળ્યો હોત તો વાત ઓર જામત. ગામના સોનીની વહુ સાધારણરૂપે મામાં આવી નોકરી કરે કે કેમ એ નાની વિગતનો પ્રશ્ન જવા દઈએ તો પણ દીવાળીનું મધુ પ્રબળ વાત્સલ્ય વર્ણવવામાં લેખકે કચાશ રાખી છે એટલે દીવાળી મુખ્ય પાત્રનું સ્થાન પ્રાપ્ત કરી શકતી નથી આ વસ્તુ ઉપરથી એક અજોડ નવલિકાનું સર્જન થાય છે નાના છોકરાને ઉછેરવાનું કાર્ય કરતી એક બાઈ છોકરા મોટા થાય એટલે બીજે ઘેર જાય ત્યાંના છોકરા મોટા થતાં ત્રીજે ઘેર જાય—એને જવું પડે [illegible] એવું કે જ્યાં જાય ત્યાં છોકરા પ્રત્યે અદ્ભુત સ્નેહ કરે એટલે કેટલું સ્થાયી જુદાઈનો સાથ ઉપસ્થિત થતાં [illegible] તીવ્ર કરુણથી [illegible] જાય 'રૂપિયા-આના-પાઈ'ની વાતમાં પણ લેખક સ્નેહ રહેવાની [illegible] લાવી શક્યા હોત. માધવદાસ [illegible]

વધારે સ્પષ્ટ અંકાયેલ છે વાતનો અંત દીવાળીઆકુ જોઈને, બોલ્યા વિના પોતાનો પગાર ત્યાને ત્યા મૂકીને ચાલ્યા ગઇ હોત તો વધુ ખીલત

'વર પધરાવો સાવધાન મા લેખકે વસ્તુ ખૂબીથી ગૂથ્યુ છે સગીતની ભાષામા કહીએ તો આમા એમણે લેદ પગ્ગર જેવી રાખી છે વર પક્ષ તરફથી "ઊજળા દૂધ જેવા જુવાનને બદલે ૪૦-૪૫ વર્ષનો ખૂંધો ફગી આખાગોટ' વર તરીકે ઘર વામા આવ્યો તો કન્યા પક્ષ તરફથી મૂગી અને ગાડી છોકરીને કન્યા તરીકે પધરાવી દીધી! આમા વાચકને કરુણતા જણાતી નથી શા માટે જણાય? બાપની લાડકી કન્યા તો કુવારી છે જ! એમા પિતાને 'દુખ જ એવડુ' થવાનુ કારણ નથી ચમત્કારિક અંત મશહૂર અમેરિકન લેખક ઓ. હેન્રીના કથાવિધાનનુ સ્મરણ કરાવે છે

હવે રહી માત્ર છેલ્લી વાત 'હુ એકલી જ છુ' સર્વ રીતે જોતા એ વાત આ સગ્રહમા શ્રેષ્ઠ છે એટલુ જ નહિ પણ અન્ય પ્રથમ વર્ગના લેખકોની કૃતિઓની હરોળમા બેસે તેવી છે વસ્તુ સાવ સાદુ, નિર્દંભ અને સૂચ્ય વગરનુ એક પુરુષ મુબઈથી ટ્રેનમા ત્રીજા વર્ગના ડબ્બામા બેસે છે છેક ઉપડતી વેળા એક મુગ્ધા એ ડબ્બામા દાખલ થાય છે ગાડી ઉપડે છે એટલે પેલો પુરુષ એ મુગ્ધાને પોતાની બારી આગળની સીટ આપીને પોતે ઉપર પાટિયા ઉપર ચડી જાય છે ક્ષણભર એ પુરુષ પેલી મુગ્ધાને જોઈને કામવિવશ થાય છે—એ પ્રમાણે માત્ર મનથી આવી વેગાએ મનુષ્યોમાથી કેટલા બધા એ પ્રમાણે જ પોતનુ ક્ષણિક પતન કરે જ છે ને–અને એક સ્ટેશનેથી તીખો તમતમતો ચેવડો લઈ તે ખાઈને પછી નિદ્રાવશ થાય છે, પેલી યુવતીને વડોદરે ઊતરી જવાનુ હોય છે પુરુષને સ્વપ્ન આવે છે એ સ્વપ્નમા પોતે એ યુવતીને ઉપાડી જવાનુ કરે છે, સ્ટેશન માસ્તર એને મારે છે અને પોતે સ્ટેશન માસ્તરને મારે છે પોતાનુ માથુ ટ્રેક જોડે અફળાવવાથી સ્વપ્ન અને વાસ્તવિકતા એક થઈ જાય છે અને પેલો પુરુષ જાગી જાય છે જાગીને પોતે જાણે છે કે વડોદરા તો ગયુ અને પેલી સ્ત્રી ત્યા ઊતરી પણ ગઈ પણ સ્વપ્નમા પોતાના થયેલા પતનથી પશ્ચાત્તાપ કરતો પુરુષ બોલી ઊઠે છે 'હરિ ૐ! હરિ ૐ! કૃષ્ણ કૃષ્ણ! કેવા ભયકર સ્વપ્નો આવે છે! દુષ્ટોએ જરૂર ચેવડામા લસણ નાખ્યુ હશે!'

પાત્રોમા બીજા ઉતારુઓ, પેલી સ્ત્રી એ બધા માત્ર પ્યાદા રૂપે છે પેલા પુરુષના માનસિક પતન અને તે પણ માત્ર ક્ષણવારના પતન ઉપર જ આખી નવલિકા રચાઈ છે પણ આટલા સરલ વસ્તુ આસપાસ લેખકે કેટલુ સુદર વણતર કર્યુ છે! વાચકોએ યાદ રાખવુ ઘટે કે આ વાર્તામા પણ લેખકે વિરાટ માનવીઓ સર્જ્યા નથી ફલક પણ ઘણુ નાનુ છે અને એમાની નકશી પણ સાદી અને સમભાવ સેવી છે અને છતા આખી કૃતિ કેવી કલામય દીપી ઊઠે છે! લેખકે આ વાર્તા છેલ્લી લખી હોય તો એમ સહજ આશા રાખી શકાય કે આ પછીના સગ્રહમા લેખક આવી જ ઉચ્ચ વાર્તાઓ આપશે 'હુ એકલી જ છુ' એ વાર્તા આ સગ્રહમા સહેલાઈથી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે છે અને જાણે પોતાના નામનુ સાર્થક્ય કરીને કહે છે કે આ સગ્રહમા 'હુ પણ એકલી જ છુ!

પણ આ સાદી કલામય નવલિકાના સબધમા પણ ભાઇ ઉમાશકરે પોતાના પ્રવેશકમા કેટલાક અવિશદ વાતો લખી વાચકને ગૂચવણમા નાખ્યા છે પ્રવેશકમા લખેલ છે ' પણ પુરુષ પોતાની જિદગીનુ ઝેર જરૂર વધારી શક્યો છે આનો આત્મઘાત જરૂર થાય છે' આ પૃથક્કરણ ખોટુ છે માણસ દુષ્ટ નહોતો સુદર યુવતીને જોઈને એને માનસિક મોહ ક્ષણેક ઉદ્ભવ્યો પછી એણે લસણવાળો ચેવડો ખાધો અને એ લસણ શક્તિદાયક હોઇ, કામવૃત્તિ ઉત્તેજક હોઈ એને ખરાબ સ્વપ્ન આવે છે જાગ્યા પછી એનુ પહેલુ વાક્ય 'જરૂર દુષ્ટોએ ચેવડામા લસણ નાખ્યુ હશે' એને તદ્દન નિર્દોષ ઠેરવે છે એટલે પછી એને કામાતુર ઠેરવવો અને એની જિદગીમા ઝેરનો વધારો જોવો તથા એનો આત્મઘાત થયો એવો નિર્ણય બાધવો એ બધુ માત્ર અતિશયોક્તિભર્યુ જણાય

આ પ્રસગે એટલુ કહેવુ પણ ઉપસ્થિત થાય છે કે હવે પુસ્તક સાથે અન્ય લેખકોના પ્રવેશકો આવે છે એટલે વિવેચકોને એ બને વિશે વિવેચન કરવાનુ રહે છે પ્રવેશકના લેખકની ફરજ મૂળ લેખકને અમુક રીતે માર્ગદર્શન કરવાની અને વાચકને એ કૃતિમા રહેલ ગુણ-દોષનુ સિહાવલોકન કરાવવાની હોય છે પણ જે ગુણો લેખકમા નથી તે બતાવવાથી તો ઊલટુ મૂળ લેખકને અન્યાય થાય છે અને વાચકોનો સમભાવ એ લેખક ખોઈ બેસવાનો સભવ ઊભો થાય છે આ સગ્રહથી લેખકને 'આપણી મજાતર ઉત્તમ કલાકૃતિઓમા હમેશા કરવાનો અધિકાર' આપી દેવામા ઉમાશકર ઉતાવળ કરતા જણાતા નથી? એકાદ બીજો સગ્રહ—ઉચ્ચતર કૃતિઓનો લેખક પ્રસિદ્ધ કરે તે વાચીને પછી યોગ્ય લાગ્યે એ અધિકાર આપ્યો હોત તો?

લેખકે વાચકોના મન રજન થાય તેવી વાતો લખી છે તેમનામા વસ્તુ વૈવિધ્ય છે તેમની શૈલી નિરા ભરી અને આકર્ષક છે એમની વાતો લોકપ્રિય થશે એ નિ શક છે અને 'હુ એકલી જ છુ' 'વર પધરાવો સાવધાન' એવી કક્ષાની વાતો ભવિષ્યમા લખશે તો લેખક જરૂર ઉચ્ચતર સ્થાન આપણા નવલિકા સાહિત્યમા પ્રાપ્ત કરશે આટલા માટે એમને હાર્દિક અભિનદન આપ્યા કરુ પણ આટલુ તો કહેવુ પડશે કે લેખક થોમસ હાર્ડી, કૉનરેડ, ટૉલસ્ટૉય વગેરે જેવા 'મનુષ્ય અને નિયતિ'ના ગૂઢ પ્રશ્નોની, ઉત્તમ રીતે, છણાવટ કરતા પ્રથમ વર્ગના મહારથીઓ કરતા લોકપ્રિય વિધાનથી પોતાને વાનો—હલકી વાતો હલકી રીતે લખીને મશહૂર થયેલ દ્વિતીય વર્ગના લોકપ્રિય લેખકોને વધુ મળતા આવે છે 'પાખ વિનાના' એ નામ ઉપર ઉમાશકરે ફિલસૂફી લખી છે અને તેમ કરીને તેમણે આ સગ્રહની કૃતિઓમા જે ઊડાણ નીરખ્યુ છે તેટલુ ઊડાણ એમા નથી એ નિઃસશય છે લેખક ઘણી વાતોમા હાસ્ય અને કરુણ બનેનો સમન્વય સાધવાનો યત્ન કરતા બને ખોઈ

બેસે છે. વાર્તાઓમાં દુઃખો છે: તે બહુધા શારીરિક છે—માનસિક નથી નિયતિનાં—વિધિનાં નગ્ન ભયાનકતા અને અનિવાર્ય આક્રમણ પણ નવલિકાઓમાં ખાસ દૃષ્ટિ-ગોચર થતાં નથી આ સંગ્રહની છેલ્લી વાત માત્ર ઉચ્ચ કક્ષામાં આવે તેવી છે. બાકીની વાતો વાંચવી ગમે તેવી, લોકપ્રિય થાય તેવી તો છે પણ ઉંડાણુ ભરી ન કહી શકાય. એટલે જ મારું કહેવું છે કે પ્રવેશક લેખકે અતિ પ્રશંસાથી વાચકને મૂળ લેખક તરફ ઉત્પન્ન થતો સમભાવ કચરી નાખવો ન જોઈએ. થોમસ હાર્ડી અને કોનરૅડ મહાન છે એથી સમરસેટ મોમની લોકપ્રિયતા ઓછી થતી નથી. અને એનું મૂલ્ય પણ ઓછું કરતું નથી. ભાઈ મણિયાર આ સંગ્રહથી લોકપ્રિય લેખક થઈ શક્યા છે, ભવિષ્યમાં 'મહારથી' થવાના માર્ગે પ્રયાણ કરી રહ્યા છે.

અંતમાં, દૂર થઈ શકે તેવી ક્ષતિઓનો ત્યાગ કરી, લેખક આ સંગ્રહની કૃતિઓ કરતાં ઉચ્ચતર, વધુ કલામય નવલિકાઓ આપણને અર્પે—અને આ સંગ્રહ જોતાં તેવી આશા અસ્થાને નથી જ—એવી ઈચ્છા વ્યક્ત કરું છું. રવિશંકર રાવળના સાદાં અને એથી વધુ કલામય લાગતાં કવર જૅકેટ માટે એમને ખૂબ અભિનંદન.

ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા

* * *

મસ્તીખોરાં : લેખક શરદ શાહ પ્રકાશક કમલા ટૅરેસ, પહેલે માળે સ્ટેશનરોડ, ખાર, મુંબઈ—૨૧ કિંમત ૦—૧૪—૦

બાળ માનસને આનંદથી ભરી આપે એવાં ગીતોનું સર્જન કરવું મુશ્કેલ નહિ તો ઊંડો અભ્યાસ જરૂર માગી લે છે. અહીં લેખકે એવો અભ્યાસ કરવાનો પ્રયત્ન કરેલો છે.

સાવ કંગાલ ને માયકાંગલા ગીતો બાળકો પાસે ગાવાં તેના કરતાં એઓના હૈયામાં પ્રસન્નતા ને ઉલ્લાસ પ્રેરે તેવા ભાવ છલકતાં ગીતો આપવા એ જરૂરી છે. લેખકે એવું કરવાની કોશિશ કરી છે. કેટલાક ગીતો સાવ સામાન્ય પણ આમાં આવી ગયા છે એ ન લીધા હોત તો સારું થાત.

ઇશ્વરલાલ દવે

બાળકનો ખિલખિલાટ

બાળકોના સર્વરોગનિવારણ અને

બાળકના બાંધાના ઘડતરરૂપ

બાબુલીન

તમારા બાળકને હંમેશ આપવાનો આગ્રહ રાખો

★ સોલ એજન્ટ ★

બી. એ. એન્ડ બ્રધર્સ મુંબઈ—૨ અને કલકત્તા

ભાઈશ્રી,

અમે 'સંસ્કાર સાહિત્યમંદિર'ને નામે પુસ્તકો પ્રકટ કરવાનું તા ૧ લી ઓગસ્ટ ૧૯૪૫થી શરૂ કર્યું છે આજ સુધીમા 'સાહિત્ય મંદિર' ભાવનગર તરફથી પ્રકટ થયેલ તમામ પુસ્તકો હવે અમારા પાસેથી જ મળશે આપના સહકારથી અમે અમારા સાહસને સફળ બનાવી શકશું

લિ આપના

લક્ષ્મીદાસ ગાંધી. જયન્તીલાલ શાહ

સાહિત્ય મંદિર

નાં

પ્રકાશનોનું સૂચિપત્ર

ત્રણ વિશિષ્ટ પુસ્તકો

૧ મહાદેવભાઈ

પૂરા પચીસ વરસ સુધી ગાંધીજીના પુત્ર શિષ્ય ભક્ત અને મંત્રીનું ચતુર્વિધ સ્થાન શોભાવીને આખરે એમનામાં જ આત્મ સાક્ષાત્કાર પામી જનાર ગુજરાતના સુપુત્ર સ્વ મહાદેવ દેસાઈની ગુણગાથાદ્વારા એમના સાધનામય જીવનના શાંત પ્રકાશનું વાચનારને દર્શન કરાવતું પુસ્તક

પાના ૨૩૬–પાકું પૂંઠું–હિરંગી જેકેટ

ગ્લેઝ કાગળ રૂા ૨ા (ટ ખ ૦–૧–૬)

એન્ટિક કાગળ રૂા ૩) (ટ ખ ૦–૩–૦)

૨ મહાદેવભાઈનાં વિચારરત્નો

'નવજીવન' અને 'હરિજનબંધુ'માંથી તારવેલા સ્વ ના મનનીય વિચારોનો સંગ્રહ ૪ પાના ટ ખ સાથે ૦ા=

૩ ચમનલાલ વૈષ્ણવના પત્રો

'આ પત્રોમાંથી વિચારપૂર્વક જીવન ઘડવા ઇચ્છનાર તરુણ તેમજ બીજાને પણ ઘણો બોધ મળી શકે તેમ છે અને તેટલા સારુ વિચારક અને શિક્ષકોને માટે ઠીક ઠીક સામગ્રી મળી છે આ પત્રોમાંના કેટલાક તો ગુજરાતી સાહિત્યમાં દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરશે એવી મારી આશા છે'

–કિશોરલાલ ઘ. મશરૂવાળા

બીજી આવૃત્તિ પાકું પૂંઠું

કિં રૂા ૨–૦–૦ (ટ. ખ ૦)=)

૪. ચિરંતન નારી (સિયારામશરણ ગુપ્ત) ૩–૦–૦

આ કથાની વાણીના વિશે 'બનાવટ કે નખરાખોરી, ચાલાકી કે યુક્તિપ્રયુક્તિ કરી શકતા નથી એને પાખંડવેશી કલાનો આશ્રય લેવો પડતો નથી એને રોનક જમાવવા આડંબરોના ડાળાંડાળખાં આગળ કરવા પડતા નથી આત્માને બોલતો સાંભળવો હોય તો હિંદીમાં સિયારામશરણજીની વાણી વાંચવી'

—ઝવેરચંદ મેઘાણી

૫ દુર્ભિક્ષ (કાન્તિલાલ શાહ) ૩–૦–૦

બંગાળના પ્રથમ પંક્તિના કલાકારોએ સત્યઘટના અને જાતમાહિતી ઉપરથી લખેલી આ વાર્તાઓ '૪૩ના બંગાળના દુષ્કાળને વાચનારની આંખ આગળ મૂર્તિમંત કરે છે આ વાર્તાઓનો વાચનાર પોતે જ ભૂખ અને રોગ, ક્રૂર અને પ્રલયના દશ્યો નજરે જોતો હોય એમ અનુભવશે પુસ્તકના પાનાંઓ માંથી નીતરતી કરુણા એની આંખ ભીની બનાવશે અને વેરના દિલને હચમચાવશે

૬. ધરતીને મથાળે (અનુ મૂળશંકર મો ભટ્ટ) ૩ ૦ ૦

એક પણ જાન ગુમાવ્યા સિવાય દિવસો અને મહિનાઓ સુધી બરફના તરતા મેદાનો ઉપર રહી રશિયાના વિમાનવીરો અને વૈજ્ઞાનિકોએ કેવા સાહસો અને જોખમો ખેડીને નવી શોધખોળો કરી એના સફળ પ્રવાસનું બયાન 'સાહસિકોની સૃષ્ટિ' 'સાગરસમ્રાટ' 'પાતાળપ્રવેશ' અને 'મહાન મુસાફરો'ના સફળ આલેખકે અહીં ઉતાર્યું છે

૭ એકાન્તના સામ્રાજ્યમાં (એડમિરલ બાયર્ડ) ૩–૪–૦

એકલો ! ફક્ત એકલો ! દક્ષિણધ્રુવમાં નાખી નજર ન પહોંચે ત્યાં સુધી બરફના મેદાનોમાં બરફનું ઘર બનાવીને પાંચ મહિના વસવાટ કરી મોતને બારણેથી પાછા આવનાર એકલ પ્રવાસી એડમિરલ બાયર્ડ પોતે જ પોતાની સાહસકથા અહીં રજૂ કરે છે

૮ હરતાં–ફરતાં હાડપિંજરો વચ્ચે (કાન્તિલાલ શાહ)

ઓરિસ્સાના દુષ્કાળને આલેખતી જીવતા હાડપિંજરોની જોયેલી–સાંભળેલી અને કલ્પનાના રંગ વિનાની સીધીસાદી પ્રવાસકથા લેખક પોતાના ભ્રમણ વૃત્તાંત દ્વારા અહીં રજૂ કરે છે (છપાય છે)

૯ લોઢાના ચણા (મૂળ લેખક–ઈવાન ટર્ગેનેવ) ૪–૮–૦

રશિયન સાહિત્ય સાથે સંપર્ક ધરાવનારાઓમાં ટોલ્સ્ટોયના સમકાલીન અને એના જેવા જ સમર્થ લેખક ઈવાન ટર્ગેનેવના નામથી ભાગ્યે જ કોઈ અજાણ્યું હશે. એમની સર્વોત્કૃષ્ટ કૃતિ 'વર્જિન સોઈલ'નું આ સંક્ષિપ્ત ભાષાંતર હિંદની આજની સ્થિતિનું ક્રાન્તિ પહેલાંના રશિયન સમાજ સાથે કેટલું બધું સામ્ય છે તેનો આછો ખ્યાલ આપી જાય છે

સંસ્કાર સાહિત્ય મંદિર • ભાવનગર • [કાઠિયાવાડ]

જય … આઝાદ હિંદ સેનાના અગ્રણીઓ … હિંદ!



કે. શાહનવાઝ



કે. ઢીલન



કે. સેહગલ

૧૨૫૩

આજ અને [illegible]

સંપાદક
ઇશ્વરલાલ દવે

નવેમ્બર ૧૯૪૫

અંક : ૮

છૂટક ૧૦ આના

કે. ડૉ. લક્ષ્મીબહેન



સુભાષ બોઝે રચેલ 'ઝાંસીની રાણી' નામના સ્ત્રીઓનાં દળનાં નેતા શ્રી. લક્ષ્મીબેનનાં પ્રમુખપદે રંગૂનમાં આઝાદ હિંદ સરકારની સ્થાપનાનો વાર્ષિકોત્સવ તાજેતરમાં ઉજવાયો.

અનેક વર્ષ આઝાદ રીતે ઘણાં લોકોએ હિંદની મુક્તિની લડત બહારથી નહીં પણ દેશમાં જ રહીને કરવી એવો મક્કમ નિર્ધાર ઉપરોક્ત સમારંભ પ્રસંગે ઉત્સાહ વચ્ચે વ્યક્ત કર્યો છે.

ભારતી સાહિત્ય સંઘ
મુંબઈ— —અમદાવાદ

જય   આઝાદ હિંદ સેનાના અગ્રણીઓ   હિંદ!



કે. શાહનવાઝ



કે. ઢીલન



કે. સેહગલ

આજ અને આવતીકાલ

સંપાદક
ઇશ્વરલાલ દવે

નવેમ્બર
૧૯૪૫
અંક : ૮

છુટક
રૂ. ૦ આના

૧૨૫૩

કે. ડૉ. લક્ષ્મીબહેન

સુભાષ બોઝે રચેલ 'ઝાંસીની રાણી' નામના સ્ત્રીઓના દળનાં નેતા શ્રી. લક્ષ્મીબેનનાં પ્રમુખપદે રંગુનમાં આઝાદ હિંદ સરકારની રચનાનો વાર્ષિકોત્સવ તા જે ત.ર માં ... ઉજવાયો.

દરેક વર્ષે આઝાદ, સ્વતંત્ર એવી લોકોએ હિંદની ભૂમિ છે. ખેડુતો બહારથી નહીં નહિ, મજૂરો મજૂરી કરીને કરવી આતોના પગારો કપાય. 'પંદર વર્ષ પૂર્વે' જ્યાં સ્વપ્નેય નહોતા તે મેલેરીઆનાં વાહન મચ્છરોથી અત્યારે કોઈ ગામડું પણ કોરું રહ્યું નથી. દારૂપીઅરો અનેક લોકો દિવાળીને માણે શું! મેલેરીઆની જાતને સાફ કરવાની બેગ્ઝીગ-પદ્ધતિ અને સામગ્રી અમેરિકા આપવા છે. યુદ્ધમાં

ભારતી સાહિ-
મુંબઈ-

ભારતી સાહિત્ય સંઘ સંચાલિત

નિસર્ગોપચારના શાસ્ત્રીય જ્ઞાનની માહિતી આપતી

આરોગ્ય ગ્રંથાવલિ

વર્ષ પાંચમું : વાર્ષિક લવાજમ સાડાસાત રૂપિયા

આ વર્ષનાં પુસ્તકો

૧ મારો જલોપચાર : સબેસ્ટીઅન ક્નાઇપ — ત્રણ રૂપિયા

આ પુસ્તકમાં ૧૦ પ્રકરણો છે તેમાં શરૂઆતમાં ફાધર ક્નાઇપનો પરિચય છે ત્યારબાદ શરીરને ખડતલ બનાવવા માટેની વિવિધ કસરતો છે. અને પછી ચાદરસ્નાન, વિવિધ જાતના ઠંડા ગરમ પાણીના વરાળસ્નાન, ફુવારાસ્નાન, જલપ્રક્ષાલન, ભીના પાટાઓ અને છેવટે પાણી કેટલું અને કેમ પીવુ એ વિષે શાસ્ત્રીય માહિતી આપી છે. ૪૩ ચિત્રો છે તેમાં એક ફાધર ક્નાઈપની લાક્ષણિક તસ્વીર છે.

[નવેમ્બરની શરૂઆતમાં પ્રગટ થશે]

૨ ઉગ્રરોગોમાં નિસર્ગોપચાર : રમણલાલ એન્જિનીઅર — બે રૂપિયા

આ પુસ્તકમા આઠ ઉગ્ર રોગોની સારવાર આપવામાં આવી છે. માથાનો દુખાવો, શરદી અને સળેખમ, ઈન્ફ્લ્યુએન્ઝા, ન્યુમોનિયા, કોલેરા, મેલેરિયા, બળિયા અને એપેન્ડીસાઇટિસ, ઉપરના આઠ રોગોની સવિસ્તર સારવાર આપવામાં આવી છે.

[નવેમ્બરની શરૂઆતમાં પ્રગટ થશે]

૩ નિસર્ગોપચારનું જીવનદર્શન : રમણલાલ એન્જિનીઅર — ત્રણ રૂપિયા

આ પુસ્તક વૈજ્ઞાનિક નિસર્ગોપચાર કોને કહેવાય તેની ઝીણી છણાવટ કરી વિગતથી સમજણ આપે છે આ પુસ્તકમાં ૧૨ પ્રકરણો છે. (૧) નિસર્ગોપચારની પ્રશ્નોત્તરી, (૨) નિસર્ગોપાસના વિરુદ્ધ નિસર્ગોપચાર, (૩) કુદરતી અને અકુદરતી, (૪) દવા અને ખોરાક, (૫) નિસર્ગોપચાર અને રોગનિદાન, (૬) ઉગ્ર રોગો અને હઠીલા રોગો, (૭) મેનીનજાઇટિસનું મૂળ, (૮) નિસર્ગોપચાર અને ઔષધોપચાર, (૯) શસ્ત્રોપચાર, (૧૦) સર્જીકલ કેસોમાં નિસર્ગોપચાર, (૧૧) વૈદકમાં કુદરત, કલા અને કેળવણી અને (૧૨) નિસર્ગોપચારનું અર્વાચીન સાહિત્ય.

મન આ પ્રકરણોનાં નામ ઉપરથી જોઈ શકાશે કે વૈજ્ઞાનિક નિસર્ગોપચારે તત્વજ્ઞાન, વિજ્ઞાન
સેરા માર્ગદર્શક એ ત્રણેનો સમન્વય કરી શરીર સુખાકારી માટે તદન નવું જ માર્ગદર્શન કરાવ્યું છે.
છ આ નિસર્ગોપચારને સાચી રીતે સમજવા માટે આ પુસ્તક એક દીવાદાંડી જેવુ બની રહેશે.

ગુજરાતી સાહિત્ય
પ્રેમ કરશે એવી મારી આશા

-કિશોરલાલ ઘ. મશરૂવાળા

બીજી આવૃત્તિ પાકું પૂઠું
કિં રૂા ૧-૧-૦ (ટ. ખ ૦-૩)

ગ્રાહક થવા માટે આજે જ લખો

સાહિત્ય સંઘ

: અમદાવાદ * ગીમરાજ બિલ્ડીંગ, કાલબાદેવીરોડ : મુંબઇ-૨

: સ્કાર સાહિત્ય મં ભારતી સાહિત્ય સંઘ, ૧૬, શ્રીમાળી સોસાયટી, અમદાવાદ

[illegible] (કાઠિયાવાડ)

સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિક

ઊર્મિ અને નવરચના : નવેમ્બર : ૧૯૪૫

૨૦૦૨ના પ્રભાતે

૨૦૦૨નું બેસતું વર્ષ અપૂર્વ મહત્ત્વ ધરશે. કારણ કે તે દિવસે. તા ૫-૧૧-૪૫ના રોજ ત્રણ હિંદીવાનો પર એક ગંભીર લશ્કરી આરોપ મુકાઈને એવો મુકદ્દમો મંડાશે, કે જેની સાથે હિંદનાં શૌર્ય, સ્વાભિમાન, સ્વદેશપ્રેમ અને હિંદી શોણિતની કુરબાનીને સંબંધ છે.

* * *

શાહનવાજ, સેહગલ અને ધિલન: એક મુસલમાન, એક હિંદુ ને એક શીખ: સારા હિંદની કોમી એકતા અખંડતાનું જેમનામાં કુદરત-સંકેતથી પ્રતિનિધિત્વ 'પેદા થયું' છે એવા ત્રણ યોદ્ધાઓ પર તોહમત છે 'રાજાની વિરુદ્ધ જંગ જગાવવાનું.' રાજા છે પરદેશના. આ યોદ્ધા છે સ્વદેશના.

* * *

અસલ એ ત્રણે હિંદની સરકારી ફોજના અફસરો છે હિંદી પ્રજામતના સાફ નકાર છતાં વિરાટ હિંદી ફોજોને ગોરી સત્તાઓના, પારકા હોબાળામાં હોમવામાં આવી. પૂર્વપ્રદેશોના સામ્રાજ્ય-પથારામાં ભયંકર ભંગાણ પડ્યું. ત્યારે કેક ગોરા ભાગી છૂટયા. હિંદી સૈનિકો સલવાઈ રહ્યા. બર્મા, મલાયા, જાવા, હિંદી-ચીન વગેરેમાં નિરાધાર બની ગયેલી હિંદી જનતામાંથી એક રાષ્ટ્રસેના ખડી થઈ હતી તેમાં આ સરકારી સૈનિકો શામિલ થયા. પરદેશીઓની લૂંટફાળા અને જરિયાત નધણિયાતી સ્થિતિ વચ્ચે આ રાષ્ટ્રસેના રક્ષણ આપતી ખડી રહી. અને હિંદની પરાધીનતા તોડવાને તેમણે શસ્ત્રો ઉઠાવ્યાં.

* * *

પણ જપાન ભાગ્યું. ગોરી સત્તાઓ ફેર ધસી આવી. વસવાનો ભયંકર આરાજ-

અલૂણા પર્વને આંગણે

દિવાળીને આ પર્વે આપણને સૌ પહેલાં સાંભરે છે આપણા પડોશી એશિયાઈ બાંધવ ચીનાઓ. આજ અનેક વર્ષોથી આપણી દિવાળી જેના વડે ઝાકમઝોળ, રોમાંચક અને રંગપ્રકાશપ્રેરક બને છે તે ફટાકડા આપણા ચીના ભાઈઓની જ કારીગીરી અને સૌપહેલી શોધ છે. ભયંકર સંહારની સામગ્રીરૂપ સ્ફોટક પદાર્થોનો આવો રમ્ય રસાનંદપ્રેરક ઉપયોગ બીજી કોઈ પ્રજાએ કર્યો નહોતો. આગ અને લોઢામાંથી એ પ્રજાએ ફૂલો અને તારામંડળો સરજાવ્યાં ને જગતનાં બાળકોને રમાડયાં.

**

સમગ્ર દુનિયાનાં બાળકોને દારૂખાનાની નિર્દોષ રમત પૂરી પાડનારાં આ પડોશી ચીનાઓ આઠ વર્ષથી નવરાં નહોતાં. જીવ સાટેની લડાઈમાં તેઓ ઓરાઈ ગયાં હતાં. આજે હવે એ ચાલીસ કરોડને શ્વાસ ખાવાનો સમો આવ્યો છે. આપણે એમને આશિષો મોકલીએ, કે પ્રભુ તમને સુલેહ શાંતિ અને મુક્તિ આપો, કે જેથી જલદી અમારાં દિવાળી-પર્વના વર્ષોથી ચાલતા સુનકાર ભીતરે અને તમે બનાવેલા ફટાકડા-લવીંગીઆની લુંબો, ટેટા, ફૂલઝર, ભીંતીઆ તારામંડળ, ભમેડીઆ, લીલા રાતા બપોરિયા, ચાંદલિયા ને હવાઈ જેવાં, અમારી દિવાળીનાં રાત્રિદિવસને શણગારનારાં રમકડાં અહીં આવી પહોંચે.

**

આપણી દિવાળીમાં રસ પૂરનાર મિષ્ટ વાનીઓ બનાવવી મુશ્કેલ છે. ખાંડ અલકે ગોળ પણ માંડ માંડ, મર્યાદિત અને મોંઘા મળે છે. ઘી તો સ્વપ્નસમ બન્યું છે. તલનું તેલ ઘી જેટલું જ દુર્લભ છે. શીંગનું તેલ પણ સરકારી દરબારી કાબૂ હેઠળ, એટલે અમારા જ ગામમાં વચ્ચે પા શેર અધશેર મળવાનાં સાંસાં પડ્યાં હતાં. આવી સ્થિતિમાં બાળકોનો અને ફક્ત વારે તહેવારે જ મીઠો કોળીઓ પામતાં ગરીબ જનોનો આપણને વિચાર આવે છે. જપાનથી દસ લાખ ટન ખાંડ વિજેતાઓએ હાથ કરી છે, તેમાંથી દસ હજાર ટન હિંદને મળશે. પણ આપણે તો માગીએ, કે જપાનનાં બાળકોનાં મોંમાંથી ઝૂંટવાયેલ હોય તો તે ખાંડ આપણાં બાળકોનાં ભાણાંમાં ન જ આવશો.

**

દિવાળી આવે છે તે પૂર્વેના બે મહિના તાવ હમણાં દરવર્ષે રમખાણ મચાવે છે. મેલેરીઆ તાવે ગામડાં-શહેરોની પ્રજાને પથારીમાં હાંકી દીધી હોય છે. અણસુરયા ઉગ્ર તાવની કડામાં શાખો ભુંજાય છે. ખેડુતો ખેતી કરી શકે નહિ, મજૂરો મજૂરી ચૂકે, નોકરીઆતોના પગારો કપાય. પંદર વર્ષ પૂર્વે જ્યાં સ્વપ્નેય નહોતા તે મેલેરીઆનાં વાહન મચ્છરોથી અત્યારે કોઈ ગામડું પણ કોરું રહ્યું નથી. ડાકપીંજરો અનેક લોકો દિવાળીને માણે શું! મેલેરીઆની હ્યાતીને સારુ ડગલાની ઓગણીસ-પદ્ધતિ અને ગામડી અનેરિકા આગળ છે. યુદ્ધમાં

કનાનો હતો; હિંદી બિનહિંદી જાનમાલની રક્ષા કરવા ખડી રહેલ આ રાષ્ટ્રસેનાએ પોતાનું કામ બજાવી કરીને પાછી વળેલ ગોરી સત્તાને ગૌરવભેર હથીયાર સોંપ્યાં.

* * *

કુલ પચાસ હજાર: કેટલા પકડાયા છે તે ખબર નથી. પકડાએલા પર 'રાજાની સામે જુદ્ધ કરવાનો' આરોપ છે. ધીગ્રસ્ત આ ત્રણ બહાદુરોથી થાય છે. તેમનો બચાવ કોંગ્રેસે હાથ ધર્યો છે ત્યાં પણ કોમભેદ પડાવવા પ્રયત્ન થયો. કોમી બચાવના કહેણને એ ત્રિપુટિએ નકારી દીધાં છે.

* * *

'જય હિંદ!' એ તેમનું સૂત્ર છે. તેમને મળવા ગયેલી પં. જવાહરલાલની બચાવ-સમિતિને દિલ્હીના લાલ કિલ્લામાં સ્વાગત દેવાયું. 'જય હિંદ'ના હલકાર અને લશ્કરી સલામી વડે તેઓ ત્રણે ખુશમિજાજમાં છે. રાષ્ટ્ર તેમનો બચાવ કરે છે, એથી તેઓ આનંદ પામ્યા છે. '૩૦ના ગઢવાલી સૈનિકો પ્રત્યેનું ગાંધી-વલણ અત્યારે પુનરાવર્તન પામ્યું નથી

* * *

કેંક નૈતિક મૂલ્યોને ધરમૂળથી પલટી નાખનારી, હિન્દી સ્વાતંત્ર્યના સંગ્રામને અપૂર્વ નવવિકાસ આપનારી, હિંદી હીના પ્રશ્નનું પક્ષાપાતી સ્વરૂપ મિટાવી દે એમાં સૈનિકોની આજ લગી રહેલી અલિપ્તતાનો અંત આણનારી, અને સૌથી વિશેષ તો હિન્દી પ્રશ્નના કોમી સ્વરૂપનો ઘડવર અંત આણનારી કોઈ અપૂર્વ અદ્ભુત પરિસ્થિતિ આ મુકદમાની અંદરથી જન્મ ધરશે બાકી અપરાધીઓનું તો થવું હશે તે, એના ગુણદોષ પરથી થશે પામો તેઓ મરી જાણે છે

* * *

આ રીતે હિંદી રાષ્ટ્રવાદના લાંબા સંગ્રામની સમરભૂમિને સીમાડે એક નવીન પ્રકારનું નવવર્ષ ઊગે છે તો પગીએ અખિલ હિંદ એ નવોદયને વંદના દેશે 'વીરોને નમન કરશે અને તેમણે આપેલું નવું સૂત્ર ગગન ગજાવશે' 'જય હિંદ!'

એમણે સૈનિકોને સુરક્ષિત રાખવા એ ચીલાજ્ સહજપણે લીધો હતો અરેરે! આપણે ત્યાં કેમ કોઈ સરકાર દરબાર કે પ્રજાજનો એ બોધ્યીંગનો પ્રબંધ ન કરે!

- દિવાળીના દિનોનો આનંદ નવાં સુશોભિત વસ્ત્રપરિધાનવિહોણો તે શો હોઈ શકે! બેસતા વર્ષનાં પ્રભાત બેડોળ ને બેહુદાં બન્યાં છે. પાંચ વર્ષથી સાચવી રાખેલા એકના એક ફૂડતા ડગલાની ઘડીઓનું ઠેકાણું નથી કાંઠલા ફાટ્યા હોય, બાં ઉતરડાઇ હોય, તો પણ એ જ પહેરીને લોકો દેવદર્શન અને સાલમુબારક કરવા ચાલે છે. સ્ત્રીવૃંદો નવી સાડીઓ વિનાનાં છે એ તો અસહ્ય કહેવાય. અહીંનું કાપડ કાં પરદેશ પહોંચે છે, અથવા તો અહીંના ચોરબજારીઆના હાથમાં પડે છે. ખાદીનાં ય ઠેકાણાં ન રહ્યાં. આવી લૂખી તે દિવાળી હોય!

**

એકાદ પીતળનું વાસણ ખરીદીને નવા વર્ષનું શુકન લેતાં તે દિવસ પીતળ છ આને શેર હતું. આજે અઢી રૂપીએ શેર છે. આ ભાવ-ધોરણ શું કદી નીચું નહિ આવે! હોળીનું શાક કરીને જે બીજું શુકન લેતાં તેનાં તો દર્શન પણ થતા નથી હે ભારતભાગ્યવિધાતા! અમારી દિવાળીને આવી રંક, શ્રીહીન ન રાખો.

દિવાળીને રૂપાળી બનાવનારાં બેસતા વર્ષનાં કાર્ડને હું ન ભૂલી શકું. બાર માસની મહાપર્વણી હૃદયોને અધિક સુકુમાર બનાવે છે. નીરસ જીવનમાં નવો સ્રોત વહાવે છે. શુભેચ્છાનાં અરણ્યોમાં હીરવણી ક્યારીઓ ઉગાડે છે. પરસ્પર સુંદર ચિત્રોની કાવ્યની આપ-લે વડે પણ આપણા અણુના પર્વને સલૂણું સભરભર્યું બનાવી શકીએ

**

વિરમી જાઓ—આ પુનિત પર્વણીના વાતાવરણમાં પલભર માટે પણ વિરમી જાઓ વ્યક્તિગત કે સામૂહિક કલહકલેશો. કદરૂપતામાં સૌંદર્યના ફોટા ફૂટો, મનના મદ ગળો. સંકીર્ણતાની સીમડીઓ વિસ્તરો. શરદના ચંદ્રે લીંપી લીંપી સ્વચ્છ કરેલા નિરભ્ર આકાશની પેરે આપણાં યે નાનકડાં દીપક-કોડિયાં ગૃહોને, આંગણાંને, ગામો નગરોને, તેમજ હૃદયોને અજવાળી રહો!

નૂતન-વર્ષાભિનંદન

'ઊર્મિ'ના વિશાળ-અને પ્રતિમાસ વધુ વિશાળ બનતા જતા વાચક બહેનોભાંઇઓને 'ઊર્મિ' દિવાળીનાં વંદનો અને ૨૦૦૨ની શુભેચ્છાઓની અંજલિ અર્પે છે. 'ઊર્મિ' માસિક તેમજ ભારતી સાહિત્ય સંઘની સર્વ પ્રવૃત્તિઓ લોકકલ્યાણલક્ષી રહે એવા તમ સૌ વાંચકોના આશીર્વાદ માગીએ છીએ.

'ઊર્મિ'ને આત્મીય ગણીને એનાં પાનાંમાં સત્ત્વ પુરનાર લેખક બંધુઓ તેમજ વડીલોનો આ વર્ષાન્તે આભારભાવ અનુભવી રહેવાય છે. તેમની કલમો આગામી વર્ષમાં પણ 'ઊર્મિ'ને શ્રીમત્ વિભૂતિમત્ બનાવો, અને જે ધોરણ તેમણે સૌએ મળીને સ્થાપિત કર્યું છે તેને ઉત્તરોત્તર ઊંચે લઈ જવામાં અમને સહાયભૂત બનો. તેમની લેખિનીઓ હમેશાં મંગલા અને શ્રીમતી રહો. આ પ્રાંતને વિષે ગુજરાતી શબ્દશિલ્પીઓનાં માનસિક, આત્મિક અને મુખ્યત્વે કરીને તો આર્થિક દૈન્યનો આ સંવત્સરના વિલયની સાથોસાથ જ અંત આવો.

ભારતી સાહિત્ય સંઘ આજે 'ઊર્મિ' દ્વારા પોતાના અંગભૂત નાના મોટા સર્વેને શુભેચ્છા આપે છે, ને તેમની સર્વની એકનિષ્ઠા માટે આભાર માને છે.

સંહારશસ્ત્રના શોધકને શાંતિ-પારિતોષિક

સ્ટૉકહોમ: ઑક્ટોબર તા. ૮—સ્વીડીશ એકેડેમીએ ૧૯૪૪નું રસાયણ વિજ્ઞાનનું નોબેલ પારિતોષિક, અણુબૉમ્બના શોધક ડૉ. ઑટો હાન નામના જર્મનને અર્પણ કર્યું છે. આ વિદ્વાન શોધક ૧૯૪૪ સુધી જર્મનીમાં હતો. અત્યારે એ અમેરિકામાં છે.

ઉપલા સમાચારમાં વિશ્વસંસ્કૃતિની જે ભયંકર મશ્કરી થઈ છે તે આજ સુધીના સર્વ અત્યાચારોને ટપી જાય છે. નોબેલ પારિતોષિકના અર્પણ પાછળ વિશ્વ-શાંતિની વૃદ્ધિનો હેતુ રહ્યો કહેવાય છે. સ્વ. શ્રી નોબેલ એ સ્વીડનનો નિવાસી હતો. દુનિયા પર 'ડાઈનેમાઈટ' સુરંગ-વિદ્યાની સૌપહેલી શોધ એણે કરી. એ શોધ કરવામાં એનો પુનિત હેતુ મોટી ઊંડી ખાણોને અને જંગી અભેદ્ય પહાડોને સુરંગો વડે ખોદી શકાય અને તેને પરિણામે જગત સમૃદ્ધિવાન બને, માનવ-મજૂરીનો માર્ગ સહેલ બને, પૃથ્વી પર આબાદી અને સગવડો પ્રસરે તેવો હતો. પણ એ સુરંગ-શોધ તો એના શોધકના ઉમદા આશયથી ઊલટી જ દિશામાં—માનવસંહારને સરલ બનાવવામાં, યુદ્ધો ખેલવામાં વપરાઈ. શોધકને અનુતાપ થયો, એણે પોતાની જાતને મહાપાપભાગી માની અને પ્રાયશ્ચિત્ત લેખે એણે પોતાની અબજોની આપકમાઈમાંથી આ 'નોબેલ પારિતોષિક'ની સ્થાપના કરી કહ્યું કે 'માનવજાતનું કલ્યાણ કરનારાઓને દેજો.'

આજે એ પારિતોષિક માનવસંહારનાં આગલાં સર્વ કલંકોને ટપે તેવા અણુ-બૉમ્બના શોધકને અપાયાનું વાંચીએ છીએ. કબૂલ છે કે એ શોધ એ વિજ્ઞાનની અપ્રતિમ અદ્ભુતતા છે. એ પણ કબૂલ રાખીએ કે મજકૂર અણુબૉમ્બ-શક્તિનો સન્માર્ગે ઉપયોગ થાય તો દુનિયા નંદનવન બને. પણ અત્યારે તો એ શક્તિએ લાખો નિર્દોષ માનવીઓથી ભરેલાં બે જાપાની નગરોનો ઝડપી વિનાશ કર્યો છે, અને એ શક્તિ જેના કબજામાં છે તે રાજસત્તાઓના ચડિયાતા સંહારક બળના ભયમાત્રથી જ લડાયક પક્ષોએ શરણાગતિ લીધી છે એ ભયની ધરતીનાં તળીઆંમાં તો સંગ્રામે ચડેલા સર્વ પક્ષોની મેલી દાનત વરુઓ જેવી લપાઈ બેઠીને કોઈ સવાયો અણુબૉમ્બ શોધવાના યત્નો કરી રહેલ છે, સવાયા સંહારક બનવાની તકની જ રાહ જોવાય છે.

આ શોધક જર્મની વતી કામ કરતો

વિડંબનાની અવધિ તો આ છે, કે અણુબૉમ્બની આ શોધ આ જ શોધકને હસ્તક નાઝી જર્મનીમાં જ ચાલતી હતી, અને એનો ઇરાદો પણ સાથી રાજ્યોનાં ગામો નગરોના છુંદા કરી નાખી શરણાગતિ સ્વીકારાવવાનો હતો. શોધ જે પળે પૂરી થાય તેજ પળે બ્રિટન અમેરિકા પર એનો પ્રયોગ ગુજારવાનો હતો. એ શોધની પરિપૂર્ણતા પ્રથમ હિટલરને હાથ ન પડી ગઈ એ તો કેવળ અકસ્માત અગર તો વિધાતાની વક્રતા હતી. એ શોધ જો ત્યાં થઈ ચૂકી હોત અને એના બળે જો હિટલર દુનિયાને હીન શરણાગતિયુક્ત 'સુલેહ' સ્વીકારવાની ફરજ પાડી શક્યો હોત, તો સ્વીડીશ એકેડેમી આ શોધકને મજકૂર પારિતોષિક આપત ખરી કે? ના, તો તો એ શોધક અત્યારે કરપીણ દેહાન્તને જ પાત્ર રાક્ષસ ઠર્યો હોત; તો જે શોધ બિલકુલ અનૈતિક હોત તે અત્યારે નૈતિક તો ઠીક પણ પારિતોષિકને પાત્ર ઠરે છે.

આ શોધકને એની અપ્રતિમ અક્કલમંદી માટે નોબેલ પારિતોષિકના કરતાં ય મોટું બુલંદ બીજું ચાહે તે માન, ઇનામ, ઇલ્કાબ, દરજ્જો, દોલત અપાયાં હોત તો એ ઉચિત ગણાત. પણ એને અપાયું છે એક પવિત્ર પારિતોષિક. માનવ-સંસ્કૃતિની આથી મોટી ઠઠ્ઠા બીજી કોઈ કલ્પી શકાતી નથી. હિંદી વિજ્ઞાનમણિ શ્રી સી. વી. રમને આ શોધ અને તેના શોધકો પ્રત્યે તેમજ એ શોધક પર કદરદાન બનેલ 'એકેડેમી' પ્રત્યે નફરત જાહેર કરી એના સભ્ય પણ મટી જવા ઇચ્છે છે.

સામ્રાજ્યના ભંગી હિન્દી જુવાનો

નીચેનો બનાવ મુંબઈના બંદર પર બન્યાનું મને વિદિત છે.

'ઑક્ટોબરની ત્રીજી તારીખે 'અપોલો' નામના ૫૦૦૦ સૈનિકોને લઈ જવા જહાજ ઉપર ચડેલા ૩૦૦ વિદ્યાર્થીઓમાં અમે પણ હતા. અમને ડેક ઉપરનો ટુકડો એક ખૂણો રહેવા માટે અપાયો હતો. ખાવામાં પહેલાં સૈનિકોનો અને પછી અમારો વારો આવતો. ભોજન-ખંડમાં અમારો વારો આવ્યો ત્યારે અમારે જોવાનું હતું અને હજી વધુ ભિન્નિર અમને ત્યાં જોવા દેતા નહિ. અમારા ડેક ઉપરાંત આખું જહાજ એનો ઉપયોગ કરતું હતું ને ભોજન-ખંડ અને ઠંડાસો સાફ કરાવ્યું

અને ભોજનવેળા થાળીઓ અને વાસણો ભોજન-ખંડમાં લઈ જવાનું કામ અમારે કરવુ પડશે અથવા નીચે ઉતરી જવું પડશે એમ અમને ઉપડવાની આગલી રાતે કહેવામા આવ્યું. આ બધું કામ પોતાની રાજીખુશીથી કરવાનું વિદ્યાર્થીઓએ સ્વીકાર્યું હતું. બીજી સવારે ચા-નાસ્તા વેળા માઈક્રોફોન ઉપર હુકમ થયો કે હિંદી વિદ્યાર્થીઓએ તરત જ નીચે ઉતરી જવું. પંદર જ મિનિટમા અમારે સરસામાન પીઠ ઉપર ઉપાડીને જહાજ ખાલી કરવું પડયું.

'બંદરની ક્ષોય ઉપર અમે બેઠા હતા ત્યા એક નૌકા-અધિકારી એક કાગળ લઈને આવ્યા અને જેને સફર કરવી હોય તેને એમા સહી કરી દેવા કહ્યું સંડાસો, ભોજન-ખંડ અને સૈનિકોનો ડેક સાફ કરવાની અને કપ્તાનના જે કાંઈ હુકમ થાય તેનું પાલન કરવાની કબુલાત એ કાગળમા સહી કરનારાઓએ આપવાની હતી સાંજના ચાર પછી ખબર આવ્યા કે બાજુમા પડેલા 'ઓરાયાન' સ્ટીમરમા વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થા કરાઈ છે. ત્યાની સ્થિતિ તો હજી વિશેષ ખરાબ હતી અપમાનકારક શરતો ઉપર સહી કરવાની અમે ના પાડેલી એટલે અમે ગાડીની બહાર નીકળી ગયા અમને અમારી ટિકિટો પણ પાછી આપવામા આવી '

'ગોરા સૈનિકોને અપાતો એ જ ખોરાક અમને અપાતો અને એમાં મુખ્યત્વે તો ગાયનું માંસ જ હતુ એ માંસ ન ખાવા હોય તેમને બીજું કાંઈક આપવાની અમારી અરજ સાંભળી પણ નહિ. એટલે ઘણાખરા ચા અને પાઉં ઉપર જ રહેલા'

ભંગીકામ કદી
હલકું નથી

આ નિવેદન, એ ગુલામીખત પર સહી ન કરીને અહીં રહી ગયેલા ત્રણ યુવાનોનું છે પરદેશ-પ્રયાણની આજે પ્રવર્તી રહેલી સાધન-સંકડામણ વચ્ચે સૈનિકોને વતનમાં પહોંચતા કરવાની ફરજ અગ્રપદે રહે એ બરાબર છે, સૈનિકોને અપાતી સવલતોની અંદર હિંદી નાગરિકોનો થોડો સમાવેશ કરવાની ઉદારતા પણ પ્રશસ્ય છે, અને મજૂરો નોકરો મેળવવાની મુશ્કેલી અત્યારના કાળમાં અતિ તીવ્ર છે તેય જાણીતું છે. જહાજ પરનું બલકે હરકોઈ સ્થળ પરનું એક પણ શ્રમજીવી કાર્ય આપણે મન હલકું ગણાવું ન ઘટે. સૌ મુસાફરોની વચ્ચે સરખા દરજ્જે એ સર્વ કાર્યોની વહેંચણી કરાઈ હોત તો એ કરવાનો હિંદી વિદ્યાર્થીઓનો નકાર ઠપકાપાત્ર બની જાત પરંતુ અહીં તો હિંદીઓ અને ચીનાઓને ગોરાઓના ગુલામો ભંગીઓ ગણતી વર્ણભેદી દૃષ્ટિ કામ કરી ગઈ છે. સરકારની શિષ્યવૃત્તિ લઈને પ્રયાણ કરતા હિન્દી ચીની યુવાનો પ્રત્યે ઠગાઈ આચરાઈ છે અને તેનો વિરોધ કરાયો છે.

વિદેશપ્રયાણનો
આ સંનેપાત

આ ગોરા વર્તાવની જૂની અને જાણીતી હકીકત તો લાજવાબ છે, એ તો સર્વત્ર વ્યાપક છે, અને તે બાબત હિંદ લાઈલાજ છે, પણ આવી નામોશીભરી શરતોથી ભરેલા હાથમુચરકા પર કાંડાં કાપી આપીને બીજા જહાજમા ચડી બેસનાર વિદ્યાર્થીઓ માટે શું કહેવું! એમણે દાખવેલ દૈન્યની પાસે પેલા ગોરા કેપ્ટને બતાવેલ વર્તાવ તો કોઈ વિસાતમાં નથી. તેઓ શા માટે ગયા? કયુ ભણતર ભણવાની આશાએ? દેશનું, પ્રજાનું, કોમ અને કુટુંબોનું તેમણે નાક વઢાવ્યુ છે તેઓના પર તો ગોરો કપ્તાન થૂંકે તો પણ આશ્ચર્ય પામવા જેવું નથી ગુલામીના વધુ અક્ષરો ઘૂંટવા જવા કાખલી કૂટનારાઓને માટે એ જ ઉચિત પુરસ્કાર ગણાશે. હિન્દી માણસાઈના આવા હ્રાસને તાબે ન થતાં પાછા ઘેર ચાલ્યા આવનારા જુવાનોને અભિનંદન છે. થોડા જ વખત પર, ઈંગ્લંડથી અહીં ખાતે સૈનિકોને લાવતાં ફોજી જહાજો પર, હીણપતભરી સ્થિતિમાં મુસાફરી કરવાની સાફ ના સંભળાવનારા હિંદી લશ્કરી અમલદારોનો ઉજળો કિસ્સો આપણી સાંભરણમાં છે. તેઓને તો વર્ષો પછી વતનમાં આવવાનું હતું તેઓ મૃત્યુનાં ડાચાં-માંથી પાછા વળ્યા હતા. બાળબચ્ચાં અને સ્વજનોને ભેટવાની તેમની તાલાવેલી કેટલી તીવ્ર હશે! અને લશ્કરી ફરમાનનો એ અનાદર તો તેમના શિર ઉપર 'કોર્ટમાર્શલ'ની કૈંક વિટંબનાઓ નોતરનાર હતો. તે છતાં તેમણે હિન્દી આત્મગૌરવને શોભા આપી તીડોનાં ટોળાંની પેઠે બ્રિટન અમેરિકા તરફ ઊડી રહેલા હિંદી યુવાનોની એકંદર નૈતિક કક્ષા કેવી છે તેનું માપ કાઢવાની પારાશીશી રૂપ જો મુંબઈના બનાવને માનીએ, તો તો દેશના આગેવાનોએ સત્વર આ વિદેશપ્રયાણના સંનેપાત સામે આંગળી ઉચ કરવી ઘટે.

રાષ્ટ્રભાષાના પ્રશ્નનો
સ્પષ્ટ ભડકો

હિન્દી-ઉર્દુની તકરાર વિશે ગતાંકે લખાયા પછી એક મહિનામાં તો એ મુદ્દો ધુમાતો મટીને ભડકાનું સ્વરૂપ ધારણ કરી બેઠો છે હિંદી સાહિત્ય સમ્મેલનથી જુદા પડેલા ગાંધીજીના પક્ષ વતી ગૂજરાત વગેરે સ્થળોમાં પ્રચાર કરતા કાકા કાલેલકર ઠેર ઠેર પ્રજાને

રાષ્ટ્રભાષા તરીકે હિન્દી–ઉર્દૂના સમન્વયમાંથી જ બની શકે તેવી હિંદુસ્તાનીને અપનાવવા તેમજ દેવનાગરી અને ફારસી બેઉ લિપિઓને પણ સ્વીકારવા હિમાયત કરી રહ્યા છે, ત્યારે શ્રી. મુનશી ઉદેપુરમાં મળેલ હિન્દી સા. સંમેલનના અધ્યક્ષપદેથી એ ગાંધી—મતનો પ્રતિકાર કરી રહેલ છે. કાકા કાલેલકરના એક તાજા (નવસૌરાષ્ટ્ર તા. ૨૨–૧૦–૪૫માં છપાયેલ) ભાષણમાંથી નીચેનું અવતરણ લીધું છે–

'બે લિપિ શીખ્યા સિવાય છુટકો નથી. એક લિપિથી રાષ્ટ્રને લકવો થયો છે. એ તો બેઉ આંખો છે. એક શીખીશું તો આપણે કાણા થઈશું–કાણા કહેવાઇશું, બે લિપિથી લાભ છે. એથી આપણી શક્તિ વધે છે. મુસ્લિમો નાગરી લિપિ નહિ શીખે તો તેમને નુકસાન થશે, આપણે ઉર્દૂ લિપિ નહિ શીખીશું તો આપણને નુકસાન થશે જેટલું નવું શિખાય તેટલું શીખી લેવું જોઈએ.'

હવે ઉદેપુર હિં. સા. સં. માં શ્રી મુનશીએ કરેલી જાહેરાત જોઇએ.

'મને હિન્દી-હિન્દુસ્તાની વિના કોઇ રાષ્ટ્રભાષા શક્ય જણાતી નથી એને સ્વભાવસિદ્ધ રાષ્ટ્રભાષા માનું છું. સદીઓથી એ મધ્યપ્રદેશની બોલચાલની ભાષા રહી છે નાગરી હિંદી સ્વાભાવિક તથા વિકસિત રૂપ છે. ઉર્દૂ એની ફારસી–અરબી શૈલીનું સ્વરૂપ છે.'

આ પછી થોડાક વ્યાવહારિક પ્રશ્નો પર શ્રી મુનશી આવે છે. હિન્દી રાષ્ટ્રભાષા બને તો મુસલમાનોનુ શું ! પંજાબના હિંદુઓનું શું ? ઉર્દૂનું શું ?

એનો જવાબ પોતે એવો આપે છે કે—

આ પ્રશ્ન ભાષાવિજ્ઞાનનો નથી, સાહિત્યના વિકાસનો પણ નથી, એ તો રાજનૈતિક પ્રશ્ન છે. હિંદુ મુસ્લીમ વિરોધ ટાળવાને વાસ્તે રાષ્ટ્રીય દૃષ્ટિકોણથી આ પ્રશ્નની ચર્ચા થાય છે. આજકાલ આપણા બધા પ્રશ્નો રાજકારણના વમળોમાં ઘુમરાતો ખાઇને ડહોળાઈ જાય છે'

જનતાની ભાષા
શબ્દો બદલવે બને ?

કાકા કાલેલકરની દૃષ્ટિએ સંસ્કૃતપ્રચૂર હિન્દી અને ફારસીપ્રચૂર ઉર્દૂ એ બેઉને ગાળી નીખી જનતાની ભાષા હિંદુસ્તાનનીનું ઘડતર કરવાની જરૂર જનતા–સંપર્કને કારણે દેખાય છે. પણ એવી ભાષાની નિષ્પત્તિ કેવળ 'રાહ' ને બદલે 'વાટ' શબ્દનો સરહદના ગાંધી વર્ધામાં આવી ઉપયોગ કરે તેથી, કે કોઇ ન સમજે તેવી સરસ અરબી ભાષા બોલતા મૌ. અબુલ ક. આઝાદ એની ભાષામાં સાદા શબ્દો અપનાવે તેટલા માત્રથી થશે ખરી ? કાકા કાલેલકર તો ભાષા–વિજ્ઞાની છે. એ સાહિત્યની ભાષા તો નહિ બને પણ બોલચાલની ભાષા તરીકે ય વર્ણસંકરી સ્વરૂપને પામશે. પોતાનાં ભાષણોને રાજદ્વારી વ્યાસપીઠ પરથી કેવળ તાત્કાલિક સમજાવટને ખાતર સુગમ બનાવવાં એ એક વાત છે, અને સુરમ્ય એક લોકવાણીનું સર્જન કરવું તે બીજી વાત છે. કાકા પોતે જેમનાં દૃષ્ટાંતો દઇ રહેલ છે તે તુળસીદાસ, સુરદાસ, કબીર વગેરેનાં જનભોગ્ય ભાષાસર્જનો આ મૌલાના સાહેબ કે સરહદ–ગાંધીના શબ્દપ્રયોગની રીતિએ તો હરગિજ નહોતાં થયાં.

આ તકરાર
ક્યારે ઉકલશે

મુનશી કહે છે કે—

'હિન્દી–ઉર્દૂનો પ્રશ્ન હિન્દુ–મુસલમાનોનો નથી. એ તો કાશ્મીર અને પંજાબના ઉર્દૂ બોલવાવાળા હિંદુઓની મુશ્કેલીનો પણ સવાલ છે. પણ આજે એ પ્રશ્ન હિન્દુ મુસલમાનોના વિરોધનું કારણ બની ગયો છે. જ્યાં સુધી મુસ્લીમ જનતાનો આક્રમણશૂર વિભાગ હિન્દુઓ અને તેમના સંસ્કાર અને સાહિત્ય પ્રત્યે માનવૃત્તિ ધારણ કરતાં ન શીખે ત્યાં સુધી આ મુશ્કેલી કેમ ટળશે તે મારી સમજમાં નથી આવતુ. જે દિવસે મુસલમાનો અને હિંદુઓ, સ્વાતંત્ર્ય, સંસ્કાર અને સાહિત્ય આદિ વિષયોમાં પરસ્પર વિશે આદરબુદ્ધિ રાખીને ભાગીદારી સ્વીકારશે તે દિવસે આ પ્રશ્ન આપોઆપ ઉકલી જશે.'

ઉદેપૂરનો
સ્પષ્ટ ઠરાવ

આમ શ્રી. મુનશી અને હિંદી સા. સં.ના અનુયાયીઓની દૃષ્ટિએ આ પ્રશ્ન જનતાની મુશ્કેલીથી નહિ પણ રાજકારણમાં જુદો ચોતરો જમાવી બેઠેલા એક વર્ગને રીઝવી લેવાની વૃત્તિથી પ્રેરિત છે. એ ગમે તે હો, ભારતીય પ્રજાના આંતરવ્યવહારને સરલ બનાવવા સારુ એક માધ્યમ રૂપ ભાષાની જરૂર છે, તેની ના નહિ પાડી શકીએ. પણ તેવી ભાષા કૃત્રિમ ઈલાજેથી નહિ નીપજે. એવી ભાષાની નિષ્પત્તિ એ તો ઊંડાં સાહિત્ય–બળોનું જ કામ છે. એ માટે આપણે ત્યાં તુલસીદાસો સુરદાસો ને કબીરો ભલે થાવ, પણ દેશનાં

કરોડો છોકરાં પર અશાસ્ત્રીય રીતે વધુ ભાષાભણતરનો બોજો તો ન જ લદાઓ. મહાત્માજી તેર ભાષા જાણે છે, વિનોબા સાત ને કાકા કાલેલકર સત્તર જાણે છે એ વસ્તુ કરોડો બાળકોને ફરજિયાત ઉર્દૂ ભણાવવાની હિમાયતમાં દલીલરૂપે ન ટકી શકાય. હિંદી સા. સમેલને ઉદેપુરમાં જે ઠરાવ કરી નાખ્યો, કે 'હિંદી જ રાષ્ટ્રભાષા છે, અને ઉર્દૂ એ તો હિંદીની જ એક શૈલીમાત્ર છે, ગાંધીજીનો ખ્યાલ અવ્યવહારૂ અને અસ્વીકાર્ય છે, દેવનાગરી જ રાષ્ટ્રીય લિપિની લાયકાત ધરાવે છે કેમકે શાસ્ત્રીય દૃષ્ટિએ તે સંપૂર્ણ છે ને સહેલાઈથી શીખી શકાય તેવી છે, ઉપરાંત ઉર્દૂ લિપિ શાસ્ત્રશુદ્ધ નથી' એ ઠરાવની અવગણના નહિ થઈ શકે. આંતરપ્રાંતીય વ્યવહારની જેટલે અંશે જરૂર પડશે તેટલે અંશે પ્રાંત પ્રાંત વચ્ચે આ સગવડ પુરી પાડનારાઓ જરૂર ઊભા થશે, એ વ્યવહારની યંત્રમાળ આપોઆપ ગોઠવાયા કરશે. તુલસીદાસ કબીર અને સુરદાસ તો છેક ગુજરાત કાઠિયાવાડમા પણ ઘરઆંગણના જ હોય તેવા સુગમ બની રહેલ છે. એમને સમજવા માટે સમસ્ત બાળપ્રજા પર શિક્ષણની અંદર હિંદી ભાષા પેમારવી નથી પડી. આંતરપ્રાંતીય વ્યવહાર જો કેવળ રાજકારણી નહિ પણ સાંસ્કૃતિક અને સાહિત્યકીય હશે તો આજે ગણાવાતી મુશ્કેલીઓ નહિ ટકી રહે

શ્રી. રાધાકૃષ્ણનો દૃષ્ટિએ ગોટાળો

પણ આપણે તે આંતરપ્રાંતીય વ્યવહારના મુદ્દાને આમળ ને આગળ લેતા જશુ તો ક્યાં જઈ અટકશું એ કહેવાતુ નથી નિહાળો આપણા પરમ શ્રદ્ધેય શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણનને. એ તો કરાચીમા મળેલી પત્રકાર પરિષદ પાસે એટલે સુધી કહી બેઠા છે કે—

'માતૃભાષાને શિક્ષણનું માધ્યમ બનાવવા બાબતમા આ દેશમા ભયંકર હદે ગોટાળો ચાલી રહેલ છે શિક્ષણને જો કાર્યસાધક બનાવવુ હશે, તો બેશક એ માતૃભાષાના માધ્યમ મારફત જ બનશે. પણ એ માધ્યમ હિન્દી કે ઉર્દૂ હોવુ જોઈએ એમ જ્યારે આપણે કહીએ છીએ ત્યારે તો આપણે તેમા બહુ મોટો ફુગ્ગો મારીએ છીએ હિન્દી કે ઉર્દૂ એ તો બિલકુલ આપણી માતૃભાષા નથી જે ભાષાને બાકીની દુનિયાની સાથે સબંધ છે તેના પર આપણો સંપૂર્ણ કાબુ હોય તો પછી જ આપણુ શિક્ષણ-માધ્યમ માતૃભાષા થઈ શકે '

એમ કહીને પોતે તો અંગ્રેજી ભાષાને જ વિશ્વભાષા ગણાવી તેની સિદ્ધિ પર ભાર મૂકે છે. ઉચ્ચ વર્ગોમાં આપણા પોતાના માધ્યમ ઉપરાંત અંગ્રેજીને માધ્યમ બનાવવાની પોતાની હિમાયતને એ ચીન અને જપાન વગેરે દેશોના દાખલાથી પુષ્ટ કરે છે. અને શ્રી રાધાકૃષ્ણનની વિચારણા સહેલાઈથી હસી કાઢવાની ભૂલ તો મહાત્માજી પણ નહિ કરે.

એકાદ દાયકો મોકુફ રાખો

બન્ને પક્ષોએ જ્યાં પ્રામાણિકતા અને રાષ્ટ્રના તેમજ સંસ્કૃતિના કલ્યાણની બુદ્ધિ છે, બન્ને છાવણીઓમા પ્રખર પ્રતિભાશાળી તેમ જ સર્વગ્રાહી વૃત્તિવાળા પુરુષો છે, ત્યા આ મતભેદનો નતીજો શ્રી મુનશી કહે છે તે જ હોઈ શકે—

'સમેલન અને ગાંધીજી બેઉ પોતપોતાના સ્વધર્મને પરસ્પર ઉદારતાથી અનુસરે

'હિંદીમા માનનારાઓ અને ઉર્દૂમા માનનારાઓ, બન્નેને પરસ્પરને બન્ને શૈલીઓને ટીકાટિપ્પણી વગર અને નિસંકોચ પણે ખીલવવાની છૂટ આપવી

'એથી, તે બેમાથી અમુક એક જ શૈલીનો ઉપયોગ કરવો કે બેનુ મિશ્રણ તૈયાર કરવુ એ દ્વિધા આપોઆપ મટી જશે

'ભારતની આજની સ્થિતિમા હિંદી અને ઉર્દૂ બન્નેના વિકાસનો અવસર આવ્યો છે કોઈ ને કોઈ દિવસ એ બન્ને વિકસિત શૈલીઓનુ એકીકરણ સ્વયમેવ થશે

'આજે એ થવુ અશક્ય છે આજે ને આજે એમનો સમન્વય થઈ જાય ને હિંદુ-મુસલમાન એક ભાષા સ્વીકારે એ મને શક્ય નથી જણાતુ '

અમે આટલું જ ઉમેરાએ છીએ ઉતાવળ જ શી છે? ઘોડાની મોઢા આગળ ગાડીને મૂકવા જેવુ જે અનેક બાબતોમાં થયુ છે તેમાંની આ એક છે. અને ગાડી અટકીને ઊભી છે, એકેય બાબતમા સિદ્ધ મળતી નથી. એકાદ દાયકામાં તો ભાષાનો પ્રશ્ન આંતરરાષ્ટ્રીય ભૂમિકા પર મુકાઈ જશે અને કોને ખબર છે પ. જવાહરલાલનો યુગ પૂરજોશમા પ્રવર્તશે તો તો રોમન-લિપિ પણ વિશ્વલિપિ તરીકે અપનાવાઈ જશે માટે ફારસી જેવી તદ્દન અશાસ્ત્રીય જગતની સર્વ લિપિઓથી ઊંધી ચાલતી લિપિનો બોજ ભણતરમાથી કાઈ નહિ તો એક દાયકો દૂર રહી શકે છે.

કૃપાનિધાનોને
નકારતા હરિજનો

કોંગ્રેસ હરિજન સેવક સમિતિના આશરા હેઠળ મુંબઈના કોંગ્રેસ-ગૃહમાં હરિજન બાળકોને ઇનામો વહેંચવાનો એક મેળાવડો હતો. તેની અંદર હરિજન યુવાનો યુવતીઓનાં નીચે મુજબ કેટલાંક ભાષણો થયાં—

'જુવાન હરિજન શ્રી. છોટુભાઈ કહે છે કે સામાન્ય નજરે ચડી શકે છે તેથી તો ઘણા વધુ વેગે હરિજન-જાગૃતિ આવી પડી છે. મહેરબાનીની કે મુરબ્બીવટની રાહે અસ્પૃશ્યતાની સુધારણા કરવાનો વર્તાવ હવે નહિ ચાલે, હરિજનોદ્ધાર પ્રવૃત્તિની મુખ્ય નેમ ખુદ હરિજનોમાંથી જ કાર્યકરો ખડા કરવાની અને તેમના જ હાથમાં પ્રવૃત્તિનો દોર સોંપી દેવાની હોવી જોઈએ. ને હવે તો જે જે વીશીઓ, લૉજ, કે રેસ્ટોરામાં હરિજનોને પ્રવેશ ન મળે તેની સામે સત્યાગ્રહ કરવો જોઈએ.'

વાત તો સાવ સાચી છે કે અસ્પૃશ્યોમાં પોતાનામાં જ પોતાની પ્રગતિનું સંચાલન કરવાની શક્તિ આવવી જોઈએ. મુંબઈનાં ભોજનગૃહોમાં અસ્પૃશ્યોને મનાઈ હોવાનું અમે જાણતા નથી. તેમને કોઈએ દાખલ થતા રોક્યા હોવાના કોઈ ખબર બહાર આવ્યા નથી. પણ સત્યાગ્રહની જેહમતમાં ઊતરીને છાણે વીંછી ચઢાવવા કરતાં, એટલે કે 'અમે 'હરિજનો છીએ માટે અમને પ્રવેશ આપો જ આપો' એવી ધાંધલ કરવા કરતાં, આજે જો કોઈ ભોજનગૃહવાળા સામેથી જ 'તું હરિજન છો?' એવું ન પૂછતા હોય તો તો શાંત એકીકરણની જે ક્રિયા ચાલી રહી છે તે બહેતર નથી?

પછી એક કૉલેજમાં ભણતી હરિજન વિદ્યાર્થીનીએ જે કહ્યું તે વધુ વિચારણીય છે—

'આ મિઠાઈઓ અને થોડાં કપડાંના ટુકડા અમને વહેંચવામા આવે છે તેનો હું વિરોધ કરું છું. આથી તો હરિજનોમાં વધી રહેલો આપબળનો જુસ્સો પાછો પડે છે. એ કરવા તો હરિજનોમાં સ્વમાન અને સ્વાવલંબન સીંચવાને સારુ ઔદ્યોગિક વર્ગો ચલાવવામાં શક્ય તેટલી મદદ અપાવી ઘટે છે.'

પ્રત્યાઘાતી પક્ષે
ચાલ્યા જવાની બીક

એ વાત પણ વ્યાજબી છે. પરંતુ ત્યાં થયેલાં હરિજન-ભાષણોમાં એવો એક ભાર મુકાયાનું 'ફ્રી-પ્રેસ જર્નલ' જણાવે છે કે—

'કોંગ્રેસનું અમારા પ્રત્યેનું આ મહેરબાનીભર્યું વલણ બિલકુલ નૂરવાણી બની ગયું છે, અને જો વાજબી વર્તન નહિ બતાવવામાં આવે તો હરિજનો પ્રત્યાઘાતી પક્ષો તરફ ઘસડાઈ જશે.'

ઉપલો ધ્વનિ કંઈક ધમકીનો ખ્યાલ આપતો ભાસે છે. કોંગ્રેસનો, તેમજ કોંગ્રેસ બહારની બીજી અનેક હિંદુ સંસ્થાઓનો યત્ન અસ્પૃશ્યતા મિટાવી દેવાનો છે. આ સંસ્થાઓ અસ્પૃશ્યતામાં માનતી નથી. એનું ચાલે તો એકસપાટે આ ભેદને મિટાવી દે; પણ પરદેશી સરકારનો એમાં સહકાર નથી. લોકશાહીનો રાહ લાંબો ને થકવી દેનારો છે. આ સંસ્થાઓ પ્રજામતને જોશભેર કેળવી રહી છે. અનેક કારણોથી પ્રજામત ઢીલાં પગલાં ભરે છે. વિપ્લવ તો શક્ય નથી, કારણ કે રાજકારણી સત્તા આપણે હસ્તક નથી આમ છતાં હરિજનોની દિશામાંથી આવી ધમકીના સૂર વારંવાર આવી રહેલ છે—એક અથવા બીજા રૂપમાં—કે અમારું જો આમ કે તેમ નહિ કરો તો અમે સામા પક્ષોમાં ચાલ્યા જશું! એમ કરવાથી હરિજનોનું હિત ઝડપી બનતું હોય તો તે પણ છો કરે, સત્યાગ્રહ કરે, પોતાના ઉદ્ધારનો દોર સ્વહસ્તે પકડી લે, એ બધું જ બરાબર છે, પણ કોંગ્રેસ જ જાણે આ અસ્પૃશ્યતાની અપરાધી હોય અને અમે સામા પક્ષે ચાલ્યા જશું તો કોંગ્રેસના ગરાસચાસ રઝળી પડશે એવા તોરથી ધમકી આપવી, કહો કે એવો ભય સેવવો અથવા બતાવવો, એ તો કોંગ્રેસે જેવું જેવું ધ્યેય સાધ્યું છે તે પ્રજાસમૂહોમાંના અનેકની લાક્ષણિક ખાસિયત બની ગઈ છે. કોંગ્રેસ એ તે શું કોઈ સ્થાપિત હિતો ધરાવતો પક્ષ છે? એ તો સૌ કોઈ હિંદીવાનોની બનેલી સાર્વજનિક સંસ્થા છે. કોંગ્રેસ તો એમાં એક પણ મુસલમાન નહિ રહે તો પણ જેમ મુસ્લીમોની રહેવાની છે, તેમ જ એ એક પણ અંત્યજ વગર અંત્યજોની રહેશે. એ કોઈની હરીફ હાટડીદાર નથી.

રેલ્વે મુસાફરોની
ગંદી આદતો

મુંબઈની લોકલગાડીમાં એક વેપારી અને બીજા એક મુસાફર વચ્ચેનો થોડા દિવસ પૂર્વેનો આ શબ્દે શબ્દ સાચો સંવાદ છે.

'અરે ભાઈ, આ બારીઓ તમે અહિં બેઠા છો ત્યાં જ થૂંક્યા? જરાક બારીની પાસે જઈ દોત તો ક્યાં બગડું હતું?'

'થૂંક્યા તે ક્યાં તમારી ઉપર પડ્યું છે?'

'અમારી ઉપર તો નથી પડયું પણ આટલાં બધાં માણસો ઊભાં છે, સૌને ચાલવાનો આ રસ્તો છે તેમાં તમે બળખો થુંકયા ?'

'તેની તમારે શી પંચાત છે ? તમારું કામ કરો તમે.'

'પંચાત તો ખરી જ ને અમારે. ગાડીમાં શું તમે એકલા જ પૈસા ભરીને બેઠા છો ? આટલાં બધાં માણસો બેઠાં છે તે બધાંયે ટિકીટ લીધેલી છે.'

'તે શું ગાડી તમારા બાપની છે તે આ 'બધું' ડહાપણ કરો છો ?'

'ભાઈ, ગાડી મારા બાપની નથી તેમ તમારા બાપની પણ નથી, આપણા સહુની છે એટલે જ તમને આટલું કહેવું પડયું.'

'શું કરવા પણ તમારે બીજાને કહેવું જોઈએ ? કોટ પાટલુન પહેર્યાં એટલે બસ મોટા સાહેબની જેમ રોફ જ કરો છો ?'

'ભાઈ, અમે સાહેબ નથી એનું દુઃખ છે. સાહેબ હોય તો તમારી સાથે આટલી જીભાજોડી ન કરે, એ તો તમને ઊંચકીને ગાડી બહાર ફેંકી દે પણ અમેય તમારા જેવા કાળા છીએ. બીજું તો શું કાંઈ જબરદસ્તી થોડી થાય છે તમારી ઉપર ?'

'બસ ત્યારે બેસી રો'ને છાનામાના વિ વિ'

આ સંવાદ રસપૂર્વક સાંભળનારા ડબ્બાના ખીચોખીચ મુસાફરોમાંના મોટા ભાગનું મન આવી ગંદકી પ્રત્યે સુગ જરૂર ધરાવતું હશે. પણ એ સુગ મૂંગી અને ઉદાસ રહેતી હોવાથી નિવારી શકાય એવી આવી અને બીજી કેટલીક અગવડો રેલ્વેનાં મુસાફરોને ભોગવવી પડતી જાય છે. આપણાં મુસાફરોની ગંદી આદતો માટે કોઈ રાજસત્તા કે રેલ્વે સત્તા જવાબદાર નથી, એકલા અશિક્ષિતોની પણ આ વાત નથી, શિક્ષિતો એમાં શામિલ છે. તેઓ થુંકતા નહિ હોય તો ફળોની છાલ, ખાદ્ય પદાર્થોના એઠા ટુકડા, પોપૈયાના બીઆં અને બીડી સીગારેટનાં ખોખાં તો બેવાશક છૂટથી ટ્રેનમાં જ ફગાવી દેતા હશે. એ ત્રીજા વર્ગમાં જ થાય છે એમ પણ નથી. પહેલા-બીજા વર્ગના ડબ્બા પણ એના જ ભોગ બને છે.

ઉપરાંત બત્તીના ગોળા, ફિટાપડીઓ, રકુમ્બીઓ વિ. કાઢી જવાથી કે ભાંગી તોડી નાખવાથી અને ડબ્બાની દિવાલો ઉપર સારા-નરસાં અનેક ચિત્રામણો કરવાથી જેટલું ખુદ મુસાફરોને જ વેઠવું પડે છે તેટલું રેલ્વેને સહેવું નથી પડતું.

આ જાતની ગંદકી, ચોરી, ભાંગતોડ વગેરેમાં મુસાફરોનો મોટો સમૂહ ભાગ્યે જ ભાગ લેતો હોય છે. છતાં પણ એ થયા કરે છે કારણ કે કરનારાઓ પ્રત્યે બીજા મુસાફરો ઉદાસીન રહે છે.

હરીફાઈની બીકે ડાહી બનતી રેલ્વેઓ

મુંબઈ અને સુરત વચ્ચેની સફર ઝડપી બનાવવા માટે લડાઈ પહેલાં બી. બી. સી. આઈ. રેલ્વે ઉપર 'ઊડતી રાણી' નામની ગાડી દોડાવવામાં આવતી હતી. તેને અનુસરીને, વઢવાણથી ભાવનગર, પોરબંદર, જુનાગઢ અને જામનગર સુધીની ગળિયા બળદ જેવી કાઠિયાવાડની ગાડીઓને પણ ઝડપી બનાવવાની અને ગતિમાન બનેલી એ નવી મેઈલ-ગાડીને 'કાઠિ-રાણી'નું નામ આપવાની એક યોજના વઢવાણ મુકામે મળેલી કાઠિયાવાડની રેલ્વેઓના વડાની એક સભામાં વિચારાઈ હોવાનું કહેવાય છે. આ નવી ગાડીને પરિણામે ભાવનગર, પોરબંદર, વેરાવળ, જામનગર વગેરે સ્થળો સુધીની પરેશાન કરતી મુસાફરી આજે જે કલાકો લે છે તેથી અરધો જ સમય લેશે. જેની ઉપર રેલ્વેની પણ કમાણીનો તેમ જ તેનાં સંચાલનનો મુખ્ય આધાર છે તે ત્રીજા વર્ગના મુસાફરો અને રેલ્વેના નીચલા નોકરિયાત વર્ગના ભલા માટે આ મજલિસમાં કાંઈ વિચારણા થઈ કે નહિ તે હજી બહાર આવ્યું નથી.

કાઠિયાવાડના રેલ્વે-વ્યવહારમાં ગતિ-પ્રાણ પૂરવાનું આ પગલું હવે જરૂરી બન્યું છે, કેમકે ગમે તેટલા અવરોધો છતાં રેલ્વે સામે બીજા વ્યવહાર-સાધનોની હરીફાઈ હવે ઊભી થશે જ. લડાઈ પૂરી થઈ તેથી ઊઠી જનારા અંકુશોમાં સૌપહેલો પેટ્રોલ પરનો અંકુશ હશે. પેટ્રોલના ભાવ ઓછા થશે તેની સાથે સાથે પરદેશથી ઘણા સસ્તા ભાવની મોટરો અહિં આવી પહોંચશે. લશ્કરી કામગીરીમાંથી હજારો-લાખો ખટારાઓ છૂટા થશે. અને અગાઉ હતા તેનાથી અનેકગણા વધુ ખટારાઓ કાઠિયાવાડનાં ગામ-શહેરોને રોજેરોજ સાંકળતા થશે. સરકારે વિચારેલી રસ્તા-યોજના એક યા બીજા સ્વરૂપે મૂર્ત બનશે તો તો પછી ટૂંકા ગાળાની મુસાફરી કરનારાઓના મોટા સમૂહની આવક રેલ્વે પાસેથી ખટારાવાળાઓ છીનવી જશે. આ ભયથી કાઠિયાવાડના રેલ્વે-માલિકો અજાણ્યા ન હોય તે દેખીતું છે.

રેલ્વેઓને બીજો પણ એક ભય છે. એ છે વિમાની વ્યવહારનો. લડાઈ પહેલાં પણ મુંબઈથી કાઠિયાવાડ

જનારાઓ માટે વિમાનમાર્ગે જવું એ રેલ્વેની બીજા વર્ગની મુસાફરી કરતાં સુગમ અને સસ્તું થઈ પડતું લડાઈને કારણે બીજા વર્ગના મુસાફરોની સંખ્યામાં જે એક જબરો ફુગાવો આવ્યો છે તેનો અમુક ભાગ તો હમેશને માટે એ વર્ગમાં મુસાફરી કરી શકવાની આર્થિક કક્ષાએ પહોંચી ગયો છે. બીજા વર્ગના ભાડાથી પાંચ-દસ રૂપિયા વધુ આપીને પણ કાઠિયાવાડી રેલ્વેની ધીમી, સૂકી અને અગવડહીન મુસાફરી એ ટાળશે અને વિમાન-માર્ગે પ્રવાસ કરતો થશે. હવાઈ મુસાફરીની હરીફાઈ સામે ટકી રહેવા માટે પણ કાઠિયાવાડની રેલ્વેઓએ ગાડીની ઝડપ અને મુસાફરીની સગવડો વધારવી જોઈશે.

દિલ્હીમાં રાષ્ટ્રીય સરકાર હોત તો કલમને એક લસરકે જે કરાવી શકત તે નવા સંજોગોને આધીન થઈને પણ રાજ્યો પોતાની મેળે કરે તે આવકારદાયી છે.

એંગ્લો ઇન્ડિયન યુવતીઓ ને પરદેશી સૈનિકો

'અમેરિકન સૈનિકો અને તેમની સાથે પરણેલી એંગ્લો-ઇન્ડિયન છોકરીઓ પોતાના લગ્ન અંગેના અમેરિકી લશ્કરી ખાતાનાં પ્રમાણપત્રો લઈને રોજેરોજ દિલ્હીના ચીફ કમિશનરની ઓફિસમાં આવીને પાસપોર્ટ માટે માગણી કરી રહ્યા છે આવા લગ્નને પ્રમાણપત્ર આપતાં પહેલા દરેક કિસ્સાની પૂરતી તપાસ કરવામા આવે છે અત્યારના કાયદા પ્રમાણે જેનામા ૫૦ ટકાથી વધુ ગોરું લોહી હોય તેને જ અમેરિકન શહેરીપણાનો હક મળે છે. આ એંગ્લોઇન્ડિયન લલનાઓમા ગોરા લોહીના કેટલા ટકા છે તે નક્કી કરવું પણું મુશ્કેલ છે તેથી ઘણે ભાગે તો એમની ચામડીના રંગ પરથી જ એની લાયકાત-બિનલાયકાતનો નિર્ણય લેવાતો હોય છે.

'આ નવા સાહસને પંથે પડેલી છોકરીઓના ભાવિ વિશે એંગ્લો-ઇંડિયન સમાજને ઝાઝી આશા નથી એમને દહેશત છે કે અમેરિકન જીવનના કશા જ અનુભવ વિનાની આ છોકરીઓ અમેરિકન ગૃહિણી તરીકે સહજ નહિ બની શકે.'

દિલ્હીથી આવેલા આ સંદેશામાં કલકત્તા, મુંબઈ અને કરાંચી જેવાં બીજાં હિન્દી શહેરોમાં જે બની રહ્યું છે તેનો પણ સમાવેશ થઈ જાય છે. લડાઈને કારણે આપણા દેશમાં આવેલા પરદેશી ગોરા સૈનિકોના મોહમાં પડેલી અનેક યુવતીઓની કરુણ આપવીતી છાપાંને પાને એકથી વધુવાર ચડી ચૂકી છે. દોસ્તી, પ્રેમ, લગ્નગ્રંથિથી જોડાવાના કોલ અને કેટલીકવાર તો લગ્ન પૂર્વેના ગર્ભધારણ સુધી પહોંચેલા દેશી યુવતીઓ માટેના પોતાના સંબંધોને ઉતરતી ઘડીએ લૂગડાં ઉપરની રજની માફક ખંખેરી નાખીને એકાએક ચાલી નીકળનારા વિદેશી સૈનિકોના અનેક કિસ્સાઓ જાણવા-સાંભળવા પડ્યા છે. આવા સહચાર દ્વારા મળતો આનંદ મેળવ્યા પછી પોતાના સૈનિકોના જીવનમાં એ કોઈ પણ પ્રકારે સ્થાયી તત્ત્વ ન બની બેસે તે માટે વિદેશી લશ્કરોના સત્તાવાળા અત્યંત સાવચેતી રાખતા હોય છે. આવાં આંતરરાષ્ટ્રીય-અને તેમાંય કાળા-ગોરા વચ્ચેનાં-લગ્નો પ્રત્યેનો એમનો અણગમો એ વારંવાર જાહેર કરતા પણ આવ્યા છે.

છૂટાછેડાનું કારખાનું

તેમ છતા કેટલાક આવા સૈનિકો પોતાની માશૂકને રમવાનું રમકડું ગણવાને બદલે એની સાથેની દોસ્તીને વફાદાર રહે અને પોતાના માર્ગમાં અંતરાયો હોવા છતાં એને જીવન-સંગાથી બનાવવા દૂરના સ્વદેશે સાથે લઈ જાય તે બેશક તેમની અભિનંદના પાત્ર બહાદુરી ગણાય. પણ બીજી બાજુ અમેરિકન ગૃહ-સંસારના સંગાથીઓ કેટલી ટૂંક મુદતના સાથીઓ રહેતા હોય છે અને કેવી નજીવી વાત ઉપર છૂટા પડી જતા હોય છે તે જાણીએ ત્યારે આવી છોકરીઓને દેખાપેખાને અનર્થાને પંથે વળાવાતી હોય તેમ લાગે 'છુટાછેડાનું કારખાનું' એ મથાળા હેઠળ એક ચિત્રમય લેખ અમેરિકાના 'લાઇફ' સાપ્તાહિકમા આવ્યો છે કે—

'એક વખત અમેરિકામા દર ૭ લગ્ને એકમા છુટાછેડા લેવાતા, પણ આજે છુટાછેડાની ગતિ વધી ગઈ છે લોસ એન્જલસ નામના જિલ્લામા ગયે વર્ષે ૧૭,૮૦૩ છુટાછેડા લેવાયા હતા ૧૯૪૪મા થયેલા કુલ લગ્નોનો આ આંકડો ૫૩% જેટલો બતાવે છે કુશળ ધારાશાસ્ત્રીઓ એવી સિફતથી કેસ ચલાવે છે કે માત્ર ત્રણ જ મિનિટમા એક યુગલનો ફેંસલો થઈ જાય છે. 'માનસિક ક્રૂરતા' એ કારણ મોટા ભાગના કિસ્સામા અપાતું હોય છે એમા કોઈ બહુ વાસ વચ કરતા પતિથી માંડી સ્વાદિષ્ટ ભોજન ન બનાવતી સ્ત્રી સુધીના દોષ સમાઈ જાય છે પણ મુખ્ય કારણો તે બે છે (૧) જુવાન યુગલોનાં ઉતાવળિયાં લગ્નો અને (૨) અણગમતા સાથીથી છૂટવા જોઈતી નાણાંની છૂટ આ જિલ્લામા રોજના ૯૦ ને હિસાબે છુટાછેડા લેવાય છે એને માટે કોરટે ચડનારાઓની ઉંમર ૧૬ થી ૭૨ વર્ષની હોય છે. અને માટે વકીલોની ફી રૂ. ૨૦૦-૨૫૦ થી તે ઠેઠ ... રૂ પાંચ લાખ સુધી પહોંચતી હોય છે એમ મનાય છે કે લડાઈ પૂરી થયે સૈનિકો પેર પાછા વળશે ત્યારે છુટાછેડાની સંખ્યા ઓછી થવાની નથી.'

'અમારી ઉપર તો નથી પડયું પણ આટલાં બધા માણસો બેઠા છે, સૌને ચાલવાનો આ રસ્તો છે તેમાં તમે બળખો થુંક્યા ?'

'તેની તમારે શી પંચાત છે ? તમારું કામ કરો તમે.'

'પંચાત તો ખરી જ ને અમારે. ગાડીમાં કાંઇ તમે એકલા જ થોડા બેઠા છો ? આટલાં બધા માણસો બેઠાં છે તે બધાયે ટિકીટ લીધેલી છે.'

'તે શું ગાડી તમારા બાપની છે તે આ 'બધું' ડહાપણ કરો છો ?'

'ભાઈ, ગાડી મારા બાપની નથી તેમ તમારા બાપની પણ નથી, આપણા સહુની છે એટલે જ તમને આટલું કહેવું પડયું'

'શું કરવા પણ તમારે બીજાને કહેવું જોઈએ ? કોટ પાટ-લુન પહેર્યાં એટલે બસ મોટા સાહેબની જેમ રોફ જ કરો છો ?'

'ભાઇ, અમે સાહેબ નથી એજ દુ:ખ છે. સાહેબ હોય તો તમારી સાથે આટલી છળાજોડી ન કરે. એ તો તમને ઉંચકીને ગાડી બહાર ફેંકી દે પણ અમેય તમારા જેવા કાળા છીએ. બીજું તો શું કાંઈ જબરદસ્તી થોડી થાય છે તમારી ઉપર ?'

'બસ ત્યારે બેસી રો'ને છાનામાના વિ વિ'

આ સંવાદ રસપૂર્વક સાભળનારા ડબ્બાના ખીચોખીચ મુસાફરોમાંના મોટા ભાગનું મન આવી ગંદકી પ્રત્યે સૂગ જરૂર ધરાવતું હશે પણ એ સૂગ મૂંગી અને ઉદાસીન રહેતી હોવાથી નિવારી શકાય એવી આવી અને બીજી કેટલીક અગવડો રેલ્વેના મુસાફરોને ભોગવવી પડતી હોય છે. આપણાં મુસાફરોની ગંદી આદતો માટે કોઇ રાજસત્તા કે રેલ્વે સત્તા જવાબદાર નથી, એકલા અશિક્ષિતોની પણ આ વાત નથી, શિક્ષિતો એમા શામિલ છે. તેઓ થુંકતા નહિ હોય તો ફળોની છાલ, ખાદ્ય પદાર્થોના એંઠા ટુકડા, પીપરના બીઆ અને બીડી સીગારેટનાં ખોખાં તો બેનાશક છૂટથી ટ્રેનમાં જ ફગાવી દેતા હશે. એ ત્રીજા વર્ગમાં જ થાય છે એમ પણ નથી. પહેલા-બીજા વર્ગના ડબ્બા પણ એના જ ભોગ બને છે.

ઉપરાંત બત્તીના ગોળા, ફિટાપડીઓ, સ્ક્રુ-ખીલાં વિ કાઢી જવાથી કે ભાંગી તોડી નાખવાથી અને ડબ્બાની દિવાલો ઉપર સારા-નરસા અનેક ચિત્રામણો કરવાથી જેટલું ખુદ મુસાફરોને જ વેઠવું પડે છે તેટલું રેલ્વેને સહેવું નથી પડતું.

આ જાતની ગંદકી, ચોરી, ભાંગતોડ વગેરેમાં મુસાફરોનો મોટો સમૂહ ભાગ્યે જ ભાગ લેતો હોય છે. છતાં પણ એ થયા કરે છે કારણ કે કરનારાઓ પ્રત્યે બીજા મુસાફરો ઉદાસીન રહે છે.

હરીફાઈની બીકે
ડાહી બનતી રેલ્વેઓ

મુંબઈ અને સુરત વચ્ચેની સફર ઝડપી બનાવવા માટે લડાઈ પહેલાં બી. બી. સી. આઈ. રેલ્વે ઉપર 'ઊડતી રાણી' નામની ગાડી દોડાવવામાં આવતી હતી. તેને અનુસરીને, વઢવાણથી ભાવનગર, પોરબંદર, જુનાગઢ અને જામનગર સુધીની ગળિયા બળદ જેવી કાઠિયાવાડની ગાડીઓને પણ ઝડપી બનાવવાની અને ગતિમાન બનેલી એ નવી મેઇલ-ગાડીને 'કાઠિ-રાણી'નું નામ આપવાની એક યોજના વઢવાણ મુકામે મળેલી કાઠિયાવાડની રેલ્વેઓના વડાઓની એક સભામાં વિચારાઈ હોવાનું કહેવાય છે. આ નવી ગાડીને પરિણામે ભાવનગર, પોરબંદર, વેરાવળ, જામનગર વગેરે સ્થળો સુધીની પરેશાન કરતી મુસાફરી આજે જે કલાકો લે છે તેથી અરધો જ સમય લેશે. જેની ઉપર રેલ્વેની પણ કમાણીનો તેમ જ તેના સંચાલનનો મુખ્ય આધાર છે તે ત્રીજા વર્ગના મુસાફરો અને રેલ્વેના નીચલા નોકરિયાત વર્ગના ભલા માટે આ મજલિસમાં કાંઈ વિચારણા થઈ કે નહિ તે હજી બહાર આવ્યું નથી.

કાઠિયાવાડના રેલ્વે-વ્યવહારમાં ગતિ-પ્રાણ પૂરવાનું આ પગલું હવે જરૂરી બન્યું છે, કેમકે ગમે તેટલા અવરોધો છતાં રેલ્વે સામે બીજા વ્યવહાર-સાધનોની હરીફાઈ હવે ઊભી થશે જ. લડાઈ પૂરી થઈ તેથી ઊડી જનારા અંકુશોમાં સૌપહેલો પેટ્રોલ પરનો અંકુશ હશે. પેટ્રોલના ભાવ ઓછા થશે તેની સાથે સાથે પરદેશથી ઘણા સસ્તા ભાવની મોટરો અહિં આવી પહોંચશે. લશ્કરી કામગીરીમાંથી હજારો-લાખો મોટરો છૂટી થશે. અને અગાઉ હતા તેનાથી અનેકગણા વધુ મોટરરસ્તાઓ કાઠિયાવાડનાં ગામ-શહેરોને રોજેરોજ સાંકળતા થશે. સરકારે વિચારેલી 'રસ્તા-યોજના' એક યા બીજા સ્વરૂપે પૂર્ણ બનશે તો તો પછી ટૂંકા ગાળાની મુસાફરી કરનારાઓના મોટા સમૂહની આવક રેલ્વે પાસેથી મોટરવાળાઓ છીનવી જશે. આ ભયથી કાઠિયાવાડના રેલ્વે-માલિકો અજાણ્યા ન હોય તે દેખીતું છે.

રેલ્વેઓને બીજો પણ એક ભય છે એ છે વિમાની વ્યવહારનો. લડાઈ પહેલાં પણ મુંબઈથી કાઠિયાવાડ

જનારાઓ માટે વિમાનમાર્ગે જવું એ રેલ્વેની બીજા વર્ગની મુસાફરી કરતાં સુગમ અને સસ્તુ થઈ પડતું. લડાઈને કારણે બીજા વર્ગના મુસાફરોની સંખ્યામાં જે એક જબરો ફુગાવો આવ્યો છે તેનો અમુક ભાગ તો હમેશને માટે એ વર્ગમાં મુસાફરી કરી શકવાની આર્થિક કક્ષાએ પહોંચી ગયો છે. બીજા વર્ગના ભાડાથી પાંચ-દસ રૂપિયા વધુ આપીને પણ કાઠિયાવાડી રેલ્વેની ધીમી, સૂકી અને અગવડહીન મુસાફરી એ ટાળશે અને વિમાનમાર્ગે પ્રવાસ કરતો થશે. હવાઈ મુસાફરીની હરીફાઈ સામે ટકી રહેવા માટે પણ કાઠિયાવાડની રેલ્વેઓએ ગાડીની ઝડપ અને મુસાફરીની સગવડો વધારવી જોઈશે.

દિલ્હીમાં રાષ્ટ્રીય સરકાર હોત તો કલમને એક લસરકે જે કરાવી શકત તે નવા સંજોગોને આધીન થઈને પણ રાજ્યો પોતાની મેળે કરે તે આવકારદાયી છે.

એંગ્લો ઇન્ડિયન યુવતીઓ ને પરદેશી સૈનિકો

'અમેરિકન સૈનિકો અને તેમની સાથે પરણેલી એંગ્લો-ઇન્ડિયન છોકરીઓ પોતાનાં લગ્ન અંગેના અમેરિકી સરકારી ખાતાનાં પ્રમાણપત્રો લઇને રોજેરોજ દિલ્હીના ચીફ કમિશનરની ઓફિસમાં આવીને પાસપોર્ટ માટે માગણી કરી રહ્યા છે. આવા લગ્નને પ્રમાણપત્ર આપતાં પહેલાં દરેક કિસ્સાની પૂરતી તપાસ કરવામાં આવે છે. અત્યારના કાયદા પ્રમાણે જેનામાં ૫૦ ટકાથી વધુ ગોરું લોહી હોય તેને જ અમેરિકન શહેરીપણાનો હક મળે છે. આ એંગ્લોઇન્ડિયન લલનાઓમાં ગોરા લોહીના કેટલા ટકા છે તે નક્કી કરવું ઘણું મુશ્કેલ છે. તેથી મેટ ભાગે તો એમની ચામડીના રંગ પરથી જ એની લાયકાત-બિનલાયકાતનો નિર્ણય લેવાતો હોય છે.

'આ નવા સાહસને પગે પરેલી છોકરીઓનાં ભાવિ વિષે એંગ્લો-ઈંડિયન સમાજને ઝાઝી આશા નથી એમને દહેશત છે કે અમેરિકન જીવનના કશા જ અનુભવ વિનાની આ છોકરીઓ અમેરિકન ગૃહિણી તરીકે સફળ નહિ બની શકે.'

દિલ્હીથી આવેલા આ સંદેશામાં કલકત્તા, મુંબઇ અને કરાંચી જેવાં બીજાં હિન્દી શહેરોમાં જે બની રહ્યું છે તેનો પણ સમાવેશ થઈ જાય છે. લડાઇને કારણે આપણા દેશમાં આવેલા પરદેશી ગોરા સૈનિકોના મોહમાં પડેલી અનેક યુવતીઓની કરુણ આપવીતી છાપાંને પાને એકથી વધુવાર ચડી ચૂકી છે. દોસ્તી, પ્રેમ, લગ્નવિધિથી જોડાવાના કોલ અને કેટલીકવાર તો લગ્ન પૂર્વેના ગર્ભ ... પહોંચેલા ... ી ... પોતાના સંબંધોને ઉઘટતી ઘડીએ લૂગડાં ઉપરની રજની માફક ખંખેરી નાખીને એકાએક ચાલી નીકળનારા વિદેશી સૈનિકોના અનેક કિસ્સાઓ જાણ્યા-અજાણ્યા પડ્યાં છે. આવા સદ્ચાર દ્વારા મળતો આનંદ મેળવ્યા પછી પોતાના સૈનિકોના જીવનમાં એ કોઇ પણ પ્રકારે સ્થાયી તત્ત્વ ન બની બેસે તે માટે વિદેશી લશ્કરોના સત્તાવાળા અત્યંત સાવચેતી રાખતા હોય છે. આવાં આંતરરાષ્ટ્રીય-અને તેમાંય કાળા-ગોરા વચ્ચેનાં-લગ્નો પ્રત્યેનો એમનો અણગમો એ વારંવાર જાહેર કરતા પણ આવ્યા છે.

છુટાછેડાનું કારખાનું

તેમ છતાં કેટલાક 'આવા સૈનિકો પોતાની માશુકને રમવાનું રમકડું' ગણવાને બદલે એની સાથેની દોસ્તીને વફાદાર રહે અને પોતાના માર્ગમાં અંતરાયો હોવા છતાં એને જીવન-સંગાથી બનાવવા દૂરના સ્વદેશ સાથે લઈ જાય તે બેશક તેમની અભિનંદવા પાત્ર બહાદુરી ગણાય. પણ બીજી બાજુ અમેરિકન ગૃહ-સંસારના સંગાથીઓ કેટલી ટૂંક મુદતના સાથીઓ રહેતા હોય છે અને કેવી નજીવી વાત ઉપર છુટા પડી જતા હોય છે તે જાણીએ ત્યારે આવી છોકરીઓને દેખીપેખીને અવદશાને પથે વળાવાતી હોય તેમ લાગે. 'છુટાછેડાનું કારખાનું' એ મથાળા હેઠળ એક ચિત્રમય લેખ અમેરિકાના 'લાઈફ' અઠવાડિકમાં આવ્યો છે કે—

'એક વખત અમેરિકામાં દર ૭ લગ્ને એકમાં છુટાછેડા લેવાતા, પણ આજે છુટાછેડાની ગતિ વધી ગઇ છે. લોસ એન્જ-લસ નામના જિલ્લામા ગયે વર્ષે ૧૭,૮૦૩ છુટાછેડા લેવાયા હતા. ૧૯૪૪માં થયેલાં કુલ લગ્નોનો આ આંકડો ૫૩% હિસ્સો બતાવે છે. કુશળ ધારાશાસ્ત્રીઓ એવી સિફતથી કેસ ચલાવે છે. કે માત્ર ત્રણ જ મિનિટમાં એક યુગલનો ફેંસલો થઈ જાય છે. 'માનસિક ક્રૂરતા' એ કારણ મોટા ભાગના કિસ્સામાં અપાતું હોય છે એમાં કોઈ બહુ વાંચ વાંચ કરતા પતિથી માંડી સ્વાદિષ્ટ ભોજન ન બનાવતી સ્ત્રી સુધીના દોષ સમાઈ જાય છે પણ મુખ્ય કારણો તે બે છે: (૧) જુવાન યુગલોનાં ઉતાવળિયાં લગ્નો અને (૨) અનુકૂળતા સાથીથી છૂટવા સહેલી નાખેલી છૂટ. આ જિલ્લામાં રોજના ૮૦ ને હિસાબે છુટાછેડા લેવાય છે. એને માટે કોરટે ચડનારાઓની ઉમ્મર ૧૬થી ૭૨ વર્ષની હોય છે. અને માટે વકીલોની ફી રૂા. ૨૦૦-૨૫૦થી તે કોઈ કોઈ વાર રૂા. પોણો લાખ સુધી પહોંચતી હોય છે. એમ મનાય છે કે લડાઈ પૂરી થયે સૈનિકો ... ... વળશે ત્યારે છુટાછેડાની સંખ્યા વધતી જશે

પત્ર લખીને અમને સંભારવા બદલ ફરી એકવાર તમારો આભાર માનીએ છીએ

લિ.

તમારા.........

મુંબઇનાં હુલ્લડનો સોનેરી બોધપાઠ

મુંબઇમાં હુલ્લડ ફાટી નીકળ્યું એની નવાઇ નથી નવાઇ તો એ છે કે આ વખતનું હુલ્લડ થોડા દહાડામાં જ ખતમ થઇ ગયું. છુપાં અને અણછુપ્યાં પ્રોત્સાહન છતાં, પોલીસખાતાની ચિચૂક ચિચૂક 'સ્ટેડી બેટ્સમેનશીપ' છતાં, ચાલી આવતી ચૂંટણીને સારા માઠા કોઇ પણ ઇલાજે ડહોળી રગદોળી નાખવાની કોમવાદી પક્ષોની સૂચનાઓ છતાં, આ ચૂંટણીને હિંદી રાજદ્વારી પ્રશ્ન પર આખરી નિર્ણાયક બનાવવાના પોતાના જાહેર કરેલા નિરધારને સલામત માર્ગ કરી આપવાનો બ્રિટનને કશો જ ઉત્સાહ ન હોવા છતાં–ટુંકમાં મુંબઈ જેવાં હુલ્લડોના દારૂગોળાથી છલોછલ સ્થાનમા એક કરતા વધુ દિવાસળી ચંપાવા છતાં આ વેળાનું હુલ્લડ 'કોમી' ન જ બની શક્યું, પ્રેરિત થોડા ગુંડાઓની જ ટુંકજીવી છુરીબાજીને લઇને ચાલ્યું ગયું. કમાટીપુર જેવા હર હુલ્લડને બહેકાવી મુકતા ઝનૂની લત્તાઓએ પણ આ હુલ્લડને યારી આપી નહિ એ લત્તાની બન્ને કોમોએ પોતપોતાની સુલેહ–સમિતિઓ સ્થાપી દીધી એટલું જ નહિ પણ પોતાને પ્રજ્વાળાવી મુકવા આવનારા ભળતા વેશધારી એજન્ટોને-પણ પકડી, મેથીપાકથી ઘરવી, સૂચક નામનિશાનો સાથે પોલીસહવાલે કર્યા—એ આખો ઇતિહાસ એક અણમૂલ પાઠ વંચાવતો ઊભો છે : કે હુલ્લડો મૂળે કોમી હોતાં જ નથી. કોમોને છુરીબાજીમાં ઊતરવાની નવરાશ નથી; ધંધાધાપા તેમને બહુ વહાલા છે, બાળબચ્ચાં, ઓરતો, શાંતિ, સુલેહ, અને કાયદેસર નાગરિક જીવન તેમને વધુ પ્યારૂં છે. 'કોમ ધર્મ ભયમાં છે,' ની બૂમો તેમને બનાવટી માલૂમ પડી છે, અને સૌથી મોટો સાર તો આ સૌને એ સાંપડ્યો છે, કે એક મારવા જશું તો સામા બે ખાશું, આ કાંઈ બોડી બામણીનું ખેતર નથી, ને સૌને પ્રભુએ બે હાથ તો આપ્યા જ છે; અહિંસાને નામર્દાઇની હદ લગી લઇ જવાની તો હવે અહિંસાના પરમ ઉપાસક નેતાઓએ પણ ના કહી દીધી છે, માટે શાંતિથી જીવો અને જીવવા દો, નહિતર આપણે જ રંગાઇ જશું

મુંબઇની છાયા જેવી સુલેહ સમિતિએ, મેયરની બોલાવાતી શિષ્ટાચારી સભાઓએ કે નેતાઓના હાથીના દાંત, શા નિવેદનોએ નહિ, પણ જનતાએ ફગાવી દીધેલા કેટલાંએક લાંબા કાળના વિભ્રમોએ જ આ હુલ્લડને આમ ઝુડે હાલે હાંકી કાઢ્યું છે એને રસ્તો પકડાવનારા દર્દનિશ્ચયી માણસોએ હિન્દુ–મુસ્લીમ લાખો નરનારીઓ બાળકોની દુવા મેળવી છે. અને મુંબઈ બચી જવાથી એમ પણ કહી શકાય કે આખો દેશ કદાચ ઊગર્યો છે, કારણ કે મુંબઇમાં જો હુલ્લડને સફળતા મળત તો કોને ખબર છે, કુટિલ માણસોનો કાર્યક્રમ અન્ય નગરો તરફ પણ આગળ વધ્યો હોત. 'કોમી' એવી જૂઠી છાપ મળ્યા પછી હુલ્લડ હાંકવા એટલું જ ચેપી બને છે.

શ્રી. તેંડૂલકરનો ખુલાસો

શ્રી તેંદૂલકર–ઇંદુમતી લગ્ન પર ગતાંકે સવિસ્તર ચર્ચા આપી હતી તેમાંના એક મોટા મુદ્દાનો નિકાલ તો શ્રી તેંદૂલકરે મહાત્માજી પર લખેલ કાગળની પ્રસિદ્ધિથી આવી જાય છે. પ્રકટ થયેલા પત્રમાં શ્રી તેંદૂલકર ગાંધીજીને લખે છે કે—

'દેશને સ્વાધીનતા ન સાંપડતા સુધી સંતાનોત્પત્તિથી શક્ય તેટલા વેગળા રહેવાનું અમે સ્વીકારેલું, પણ બ્રહ્મચારી રહેવાનું સ્વીકાર્યું નથી, અને ઇન્દુમતીનો માતૃપદનો અધિકાર ટાળી શકાય નહિ, આ સમજણ ગાંધીજી સમક્ષ અમે કરેલી જ હતી '

★

એક સુધારો

"ઊર્મિ'ના સપ્ટેમ્બર અંકમાં "ક્ષયરોગમાં કુદરતી ઉપચાર"વાળા લેખમાં પાના નંબર ૪૭૫ના પહેલા કોલમમાં બીજી લાઇનમાં "તમણે મને ઓશક વિષેની માહિતી આપી છે" એ વાક્ય ગેરસમજને કારણે છપાયેલ છે તે વાચકોએ સુધારીને વાંચવું.

बापुजीना प्रसंगमां

काका कालेलकर

[૧]

ઈ. સ. ૧૯૨૭ પછીની વાત છે. મૈસોરમાં વિદ્યાર્થીઓનું એક વિશ્વ અધિવેશન (વર્લ્ડ ફેડરેશન) હતું. વિદ્યાર્થીઓની વચ્ચે કામ કરતા અમેરિકાના રેવરંડ મૉટ્ અધ્યક્ષ હતા.

હિંદુસ્તાનમાં આવ્યા પછી બાપુને મળીને એ થોડા દિવસમાં જવાના હતા. એમણે બાપુ પાસે સમય માગ્યો.

બાપુ બહુ કામમાં હતા. રાત્રે સૂતા પહેલાં નવ વાગે ૧૦–૧૫ મિનિટનો સમય આપ્યો. હું વિદ્યાપીઠથી આશ્રમમાં ગયો. કુતૂહલ હતું કે ૧૦–૧૫ મિનિટમાં કઇ વાત થશે.

બાપુ આંગણામાં સૂતા હતા. પાસેના એક બાંકડા ઉપર રેવરંડ મૉટ આવીને બેઠા. પોતાને પૂછવાના સવાલ એ લખીને લાવેલા. હરિજન આન્દોલન માટે એમણે કંઇક પૂછ્યું. મિશનરી લોકોની સેવાથી અહીંના સમાજ પર શું શું અસર થઇ એ પણ પૂછ્યું. પણ બીજા બે સવાલ એમણે પૂછ્યા તે મારા મનમાં ઊંડા ઉતરી ગયા. એવા સવાલ ભાગ્યે જ કોઇ પૂછતા હશે.

પહેલો સવાલ હતો.

'ગાંધીજી, આપના જીવનમાં આશા-નિરાશાના રંગ બહુ આવતા હશે. એમાં આપને શેનાથી વધુમાં વધુ આશ્વાસન મળે છે?'

બાપુએ તરત જવાબ આપ્યો:

'લોકોની ગમે તેટલી છેડછાડ થાય તો પણ આ દેશની જનતા પોતાની અહિંસાવૃત્તિને છોડતી નથી. એ વાતથી મને સૌથી વિશેષ આશ્વાસન મળે છે.'

બીજો સવાલ હતો:

'અને એવી કઈ વાત છે જે આપને દિનરાત ચિંતામગ્ન રાખે છે? જેથી આપ હંમેશા અસ્વસ્થ રહો છો?'

સવાલ જરા વિચિત્ર તો હતો. બાપુ એક ક્ષણ થોભી ગયા, પછી કહ્યું:

'શિક્ષિત લોકોની અંદર દયાભાવ સુકાઈ ગયો છે એ વાતથી હું હંમેશા ચિંતામગ્ન રહું છું.'

આ પ્રશ્ન અને એનો જવાબ સાંભળીને હું અસ્વસ્થ થઈ ગયો. વિદ્યાપીઠમાં જઇને સૂતો તો ખરો પણ ઊંઘ ન આવી. હું વિચારવા લાગ્યો: 'આજે જેમને હું ભણાવી રહ્યો છું તે જુવાનો ને એમને અપાતી આ કેળવણીથી તો હું બાપુને આશ્વાસન દેવાને બદલે એમને ચિંતિત અને અસ્વસ્થ કરનારો વર્ગ વધારી રહ્યો છું. મારા પરિશ્રમનું આ જ ફળ! હું જે શિક્ષણ આપી રહ્યો છું તેને રાષ્ટ્રીયતાનું લેબલ લાગેલું હતું ખરું પણ એથી મને સંતોષ થાય તેમ નહોતું.'

આ પ્રસંગ પછી મેં વિદ્યાપીઠમાં ગ્રામસેવાના દીક્ષિતોનો અભ્યાસક્રમ શરૂ કર્યો.

* * *

[૨]

ઇ. સ. ૩૬–૩૭ની વાત હશે. એ દિવસોમાં બાપુજી વર્ધામાં મગનવાડીના બગીચામાં રહેતા હતા. હું સેગાંવમાં રહેતો હતો. એ દિવસોમાં બાપુ ખૂબ કામ કરતા હતા. આવેલા પત્રોના જવાબ દેવાનો પણ વખત મળતો નહોતો, એટલા માટે રાતના બે-ત્રણ વાગે ઊઠીને પત્રોના જવાબ લખતા હતા. જ્યારે મેં આ વાત સાંભળી ત્યારે મારાથી આ સહન ન થયું. મેં યુક્તિની વાત કરી. મેં કહ્યું: બાપુજી, આપે દક્ષિણ આફ્રિકામાં એક પુસ્તક લખ્યું—આરોગ્યતા વિશે સામાન્ય જ્ઞાન, એમાં બધી વાતો આવી ગઈ છે—આહારથી માંડીને ગુહ્ય પ્રકરણમાં સ્ત્રી-પુરુષ સંબંધ સુધી બધી વાતો આપે લખી છે, પણ એક વાત રહી ગઈ. બાપુએ આશ્ચર્યથી પૂછ્યું, 'શું?' મેં કહ્યું, 'ઊંઘ

માટે એમાં એક પણ પ્રકરણ નથી.' બાપુએ કહ્યું કે 'ઊંઘ માટે લખવા જેવું શું છે? માણસને ઊંઘ આવે છે ત્યારે સૂઈ જાય છે. એથી વધુ શું લખી શકાય?' મેં કહ્યું કે એ જ તો વાત છે. આપ વખત પ્રમાણે ખાઓ છો. બરાબર મુકરર વસ્તુ ખાઓ છો. આખા દિવસનો કાર્યક્રમ નિશ્ચિત હોય છે. જેટલા માણસોની પ્રેમની કે સેવાની હુંડીઓ આપના ઉપર આવે છે એ સૌને આપ રાજી કરો છો. કોઈ પત્ર લખે તો એને એનો જવાબ મળે જ છે. માત્ર એક આપની ઊંઘ ઉપર અત્યાચાર થઈ રહ્યો છે. કામ વધે છે તો લૂંટાઈ જાય છે ઊંઘ. આ કેમ ચાલે? ખોરાકનો ઉપવાસ કુદરત સહન કરશે, પણ ઊંઘના ઉપવાસ માટે સજા ભોગવવી પડશે.'

હું જાણતો હતો કે મારી મર્યાદા છોડીને બોલી રહ્યો છું, પણ હુંય શું કરું? રહેવાયું નહિ એટલે કહ્યું.

બાપુ ગંભીર થઈને બોલ્યા કે 'તમે કહો છો તેનો અર્થ તો એ થયો કે હું ગીતાધર્મી નથી. હું તો શરીર આપે છે તેટલું જ કામ એની પાસેથી લઉં છું. હું થોડું જ માનું છું કે જે કામ કરી રહ્યો છું તે મારું કામ છે. આ તો ભગવાનનું કામ છે. એની ચિંતા એને છે. હું તો મારા ભાગના કામ માટે બંધાએલો છું. એથી વધુ કરું એ અભિમાનની વાત ગણાય.'

થોડા દિવસો ગયા. ચોરગાંવથી મગનવાડી આવ્યો હતો. મહાદેવભાઈએ મને કહ્યું કે આજે બાપુનું સ્વાસ્થ્ય સારું નથી, એ સૂતા છે. સવારે ઊઠીને પોતે કહ્યું કે 'મારું શરીર સારું નથી. બ્લડપ્રેશર વધી ગયું છે. ડૉક્ટરને બોલાવી લ્યો તો સારું.' આટલું કહીને મહાદેવભાઈએ આગળ કહ્યું, આજ સુધી બાપુએ કદી પોતાના તરફથી કહ્યું નહોતું કે ડૉક્ટરને બોલાવો.

હું જાણી જોઈને બાપુને મળવા ન ગયો. પૂછપરછની હેરાનગતિ ઓછી નથી થતી. સાંજની પ્રાર્થના પછી બાપુએ પોતાની તબિયત વિષે જ કહેવાનું શરૂ કર્યું. શરૂઆત જ એવી રીતે કરી કે હું પૂરો ગીતાધર્મી નથી.

હું તો જૂની વાત ભૂલી ગયો હતો, પણ આ વાક્ય સાંભળીને એ દિવસની વાતચીત યાદ આવી ગઈ. મેં મનમાં ને મનમાં વિચાર્યું કે હું બાપુને કંઈક કહું એ પહેલાં જ એમણે મારું મોઢું બંધ કરી દીધું.

ત્યારથી બાપુએ ઊંઘનું ઋણ સમયસર અદા કરવાનો નિયમ રાખ્યો છે.

લેખકોની એકતાનો અસ્પષ્ટ ખ્યાલ

પરિષદનું તમામ કામકાજ અંગ્રેજીમાં જ ચાલ્યું એ એક અજાયબ બીના છે, કારણ કે પરિષદની તેમજ સંખ્યાબંધ વક્તાઓની જાહેર થયેલી નેમ તો હિંદની જુદી જુદી ભાષાઓના વિકાસને ઉત્તેજન આપવાની છે. કોઈ સમજાય નહિ એવા ઉચ્ચારો છતાં અને ભાષા ભાંગીતૂટી બોલાતી છતાં વક્તાઓએ અંગ્રેજીમાં જ બોલવાનો આગ્રહ રાખ્યો હતો. અપવાદ ફક્ત એક ફ્રેંચ માણસે લાંબી એક કવિતા ફ્રેંચમાં જ વાંચી સંભળાવી તેનો હતો. મોટા ભાગના વક્તાઓ એમની પોતાની ભાષામાં ઘણું વધારે સારું બોલી શક્યા હોત.

'એક બનો દુનિયાના લેખકો!' આ શબ્દોમાં પી. ઈ. એન.ની નેમ સમાઈ જાય છે પણ એ એક ઉપરી નેમ છે કારણ કે જગતના લેખક તાજેતરમાં એક પ્રકારની વર્ગ-ભાવના કેળવી રહ્યા છે. છતાં પણ સવાલ તો એ ... તેઓ રહ્યો છે. એચ. જી. વેલ્સ જેવા સમૃદ્ધો અને પ્રેમચંદ જેવા ભૂખ્યાઓની વચ્ચે એકતાની કડી જ કઈ છે?

'એક બનો હિંદના લેખકો!' પણ શાને કાજે એક બનો? જયપુરે એનો જવાબ નથી આપ્યો. રાજકીય, આર્થિક અને સામાજિક સ્વાતંત્ર્ય, હિંદની ભાષાઓનો વિકાસ અને લેખક માટે કામ કરવાની વિશેષ અનુકૂળતા—એ બધું ઠીક છે પણ આ સામાન્ય ઉદ્દેશોથી વધુ કાંઈ એકમની માટે માગવું એ મૂર્ખાઈભર્યું છે.

આર્થિક કે ભૌતિક લેખકોનાં 'કાર્ટેલ' કે 'ગિલ્ડ' ઊભાં ... છે. 'લખાણ એ કાંઈ ફોર્ડ કે બ્યૂકની સામૂહિક ઉત્પાદનને અધીન વસ્તુ નથી.

—'હિંદુસ્તાન ટાઇમ્સ'

'વીજળીને ચમકારે રે મોતીડાં પરોવવાં !'

ટાંચણપોથીનાં વધુ પાનાં : હપ્તો નવમો

ઝવેરચંદ મેઘાણી

'ગારમલી ગામમાં, દીવાળી થયું હતું. ભેખ્યું (ભેખડો)માં આપા પોતે ગાડું (ગાડો) ચારવા જાય. ત્યાં કણબીની એક છોકરી ઢોર ચારવા આવે. એના માથામાં ફોલ્લીઃ માથું ગંધાઈ ગયેલ. આપાએ એના માથા પરથી કૃચલા ઊંચા કરી. ત્રણ વખત માથું ચાટ્યું. છોકરીને નવનિરાંત થઈ ગઈ.'

આપા દાના નામના ચલાળાની જગ્યાના કાઠી સંતનું સ્મરણ કરાવતું ઉપલું ટાંચણ મારી પોથીમાં એક દુબળા, પાતળા, બેઠી દડીના, આંખે લગભગ અખમ (નહિ દેખતા) અને દાંત વગરના મોંમાંથી વાતોનાં અખૂટ વહેન ચાલુ રાખતા બુઢ્ઢા સુરા બારોટની આકૃતિને ખડી કરે છે. હડાળાના રૂપાળા દરબારગઢના બેઠકખાનામાં કયે ઠેકાણે સુરા બારોટ બેઠા હતા, ગળામાં કેવા રંગના પારાની માળા હતી (કાળા રંગની) અને અવાજ કેવો હતો, તે બધું અઢાર વર્ષો ગયાં છતાં યાદ છે. ગોરખી સંતોના સંશોધનના શ્રીગણેશ એમણે કરાવ્યા. પાંચાળના મોલડી ગામના સિંહ-બેર રતા ભગત કાઠીથી લઈ એમણે એ પ્રારંભ કરાવ્યો. ટાંચણ આવે છે—

'રામઝાળી : ગેબી બાવાનું બોચરૂં : દૂધપાક : ત્રણ ભવનની સાક્ષી : સૂરજ, વાસંગી, ગેબી, ને રતો, સોગઠે રમ્યા : આંતરે ગાંડ્યું : ભાઈબંધાઈ :

લાકડી પડે એમ પગુંમાં પડી ગયા.

'પંડ્યે નીમજ્યો : આપ સરીખા કર્યા.

રામઝાળી એટલે હરિની બકરી. ચરવા આવતી બકરી પાછી સાંજે ડુંગરામાં ચાલી જતી. ક્યાં જતી ! રતો પાછળ પાછળ ચાલ્યો. ગેબી બાવાને બોંયરે જઈ ઊભી રહી. એ બકરી દોહીને બાવાએ રતાને દૂધપાક ખવરાવ્યો, રતો સંત બન્યો. સંતોનાં ગેબી ધામ કે દેવનાં પુરાતન થાનકો, હમેશાં વાર્તાઓમાં આ રીતે જ પ્રકટ થતાં બતાવાય છે. કાં તો બકરી ને કાં ગાય એ થાનકોનો પતો આપનારાં હોય છે. ચરીને પાછી વળતી ગાય આપોઆપ જ્યાં ઊભી રહીને દૂધની ધારાઓ આંચળમાંથી વહેતી મૂકે તે સ્થાનમાં ઊંડા ઊતરો તો શિવલિંગ કાં શાલિગ્રામ સાંપડે.

※

સુરા રાવળે એ ગોરખી સંતોનાં દર્શન કરાવ્યાં. શુકનદાતા સારા મળ્યા તે આજ પણ સંતો અને સંત-વાણીની નવનવી સામગ્રી લાધે છે. મારા ગોરખી સંતો—કાઠી, કુંભાર, કોળી, કડીઆ, માળી, રબારી મુસ્લીમ, અને હરિજન જેવી કોમોમાંથી ઊઠેલા, નિજ-નિજના ધંધાધાપા કરતા કરતા, ખેતરો ખેડતા, ઢોરાં ચારતા, ચાકડો ચલાવતા, ગાયોનાં છાણના સૂંડા શિર પર ધરી વાસીદાં વાળતા, કોઈ ફક્કડ તો કોઈ ઘર-સંસારી, લોકસમાજની વચ્ચે રહેતા, ધરતીની ધૂળમાં આળોટતા, સાદા ને સરલ આ મારા સોરઠી સંતો મને વહાલા લાગે છે. ટાંચણ બોલે છે કે—

'રતો ભગત ખેતરમાં સાંતી હાંકે, સાંતીની કોશ ધરતીમાં દટાયેલ કોઈ ચરૂનાં કડામાં ભરાય, ત્યારે ભગત ભાખે કે—

'લખમી, તારે મારી ધરખા (ઈચ્છા) હોય તો પેટ પટ (મારે પેટ અવતાર લે), બાકી હું તો પરસેવાનો પૈસો ખાનારો.'

એવા રતા ભગતને ઘેર માંગબાઈ દીકરી જન્મી, મોટી થઈ, પરણાવી, પણ જમાઈ જાદરો કપાતર કાઠી, દીકરીને દુઃખ દેવામાં અવધિ કરી, પણ ભગત બોલે નહિ. જાદરાએ એક દિવસ જોયા-બે સાવજોની સાથે ખેતરમાં સસરાના ખેત. કપાઈ ગયો. કુકર્મોનો પરિતાપ ઊપડ્યો, કહે કે 'મને ઉદ્ધારો !'

'જા, હું નહિ, તને તો થાનગઢમાં કુંભાર મેપો પરમોદ દેશે.'

ગયો થાનગઢને કુંભારવાડે, મેપો ચાકડો ચલાવે, ઠામડાં ઉતારે, વડુઉં દીકરીઉં ઠામ લઈ તડકે મુકવે. કુકર્મી જાદરો ટાંપીને બેસે. બાઈઓ જાગે, મેપાએ જાદરાને ત્રણ ચાકડેણી (લાકડી) મેલી. ઊઠી ભાગી, જાણ્યું કે બસ આનો માયલો મરી ગયો છે.'

પ્રમોધ્યો. (દીક્ષા દીધી.)

※

એવાં એવાં સંતચરિત્રો સુરા બારોટે હડાળા ગામે કહ્યાં; અને એમણે અધૂરા મૂકેલ તાગડા ફરી પાછા મદિનાઓ ગયે, વડીઆમાં રાવળ જેજરીઆએ ઉપાડી લીધા. ૧૯ અને સુરદાસ કાઠી રાવળમાઈ, વડીઆના રવ,

દરબારથી બાનાવાળાના સસરા, એણે મને પાસે બેસારી પ્રેમથી સંતોની વાતો કરી. ટાંચણ બોલે છે—

'દાના ભગત કુંડલાનાં ગામ કરજાળે આવું ત્યારે. ભાવનગર મહારાજને છોરૂ નહિ. ભગતને વાત કરી, નાળીએર મોકલ્યું. મહારાજને કુંવર અવતર્યો. એ પ્રતાપ ભગતનો જાણીને મહારાજે કરજાળા ગામ દીધું.

ભગતનો જવાબ સો જુઓ—

'ના બાપ, બાવાને ગામ ન્હોય. ખેડુતોને મારી આપુંના સંતાપ હશે તેથી જ ગામ દીધું લાગે છે. અર્થ એમ કે હવે આંહીથી વયા જાવ ! હાલો.'

ચાલી નીકળ્યા.

ખુડી વા ખુડી વા (તસુ તસુ જેટલી) જમીનને માટે જ્યાં ઝાટકા ઊડે, ત્યાં, તે જ સોરઠી ધરામાં ગામ-ગરાસનો છાંયો પણ નહિ લેનારા સંતો, એ જ ભોંપ-ભૂખી કોમોને પેટ પાકયા, માટે જ મને સોરઠી સંતો વહાલા લાગે છે. માટે જ મેં એમને મારાં 'સોરઠી સંતો' અને 'પુરાતન જ્યોત'માં લાડ લડાવ્યા છે, પણ હજુ જરાક આગળ જઈએ, ને રાવત જેબલી-આએ કરાવેલ એક ચોંકાવનારું ટાંચણ ઉકેલીએ :—

ગીગા ભગત—જાતે ગધૈ મા ધાનડીની નામ લાખુ : સુપુર પરણાવેલા પોતે જાડીમોગી. ધણી છેલબટાવ કાઢી મૂકી. જે મોસાળ તેડી આવ્યા ધણીએ બીજું ઘર કર્યું. મોસાળિયા કહે કે આપણેય લાખુને બીજે દઈએ. પણ લાખુએ ના પાડી

એક વાર ચલાળામાં લાખુ પાડોશણના છોકરાને રમાડે રમાડતા રમાડતાં મન થયું (સંતતિનું)

ઓરડા પાસે થઈને ભગત (દાનો) નીકળ્યા કહે કે—

'સાચું લાખુ, વાસના મારવી નહિ, વાસના નડે ફલાણા બાવાનું મુંહ. લઈ લે.'

લાખુને એક બાવા જોડે સબંધ થયો આશા રહી

'શાક ધરધાવતા ધાધા નહિ, ને આપાના (દાના ભગતના) ઝૂંડાઓમાં જઈને રહી.'

એવી બદનામી થઈ : વિચાર્યું, 'કૂવામાં પડું.'

ભગત રાતે નીકળ્યા, કૂવાકાંઠે લાખુને જોઈ.

'લાખુ, કૂવામાં પડીને હાથપગ ભાંગની નહિ તારા પેટમાં છે બળભદર ઈ કોઈનો માર્યો મરે નૈ.'

જન્મ્યો. નામ પાડ્યું ગીગલો છ મહિનાનો. પોતે મડદા ફેરવા રમાડવા. સાત વર્ષની ઉમ્મર. ગીગલો મંડ્યો વાછરૂ ચારવા.

ઈથી મોટો થયો, એટલે મંડ્યો ગાયું ચારવા.

બાવીશ વર્ષનો થયો : પાંચાળના સોનગઢથી લાખો ભગત આવેલ તે ને દાનો ભગત બેઠા છે. ટેલવા આયાનું વાસીદું કરે છે.

ગીગો છાણનો સૂંડો માથે લઈ નીકળે છે. છાણ આવું છે મોં માથે રેગાડા ઊતરે છે.

લાખો ભગત—દાના, ગીગલાનો સૂંડો ઉતરાવ.

દાના ભગત—તમે ઉતરાવો.

'ગીગા ! સૂંડો ઉતારીને આપાને પગે લાગ.'

ગીગા કહે 'બાપુ, હાથ ધોઈને આવું.'

'ના, ના, ઈ ને ઈ આવ્ય.'

એમ ને એમ આવ્યો. માથે હાથ મૂક્યો. 'ગીગલા, તારે બાવોજી પરસન. તું અમથી બધથી મોટો. ને લાખુ કીસેં (ક્યાં) ગઈ ?

બોલાવી. વૃદ્ધ લાખુ આવી. ભગતે રાબ કરાવી. પોતાની ભેળું ગીગાને અને લાખુને ખવરાવ્યું.

માનવતાનો આથી ઊંચો આદર્શ આપણને નહિ જડે. 'વાસનાને મારવી નૈ, વાસના નડે, ફલાણા બાવાનું મુંહ લે લે.' એ તો આધુનિકોને યે અદ્યતન લાગે તેવી ઉદારતા છે. 'કૂવે પડીને હાથપગ ભાંગીશ નૈ, તારા પેટમાં બળભદ્ર છે.' એવી હામ દેનાર સંત દાનો પાપ-પુણ્યના રૂઢિગત ખ્યાલો લઈને બેઠેલા જનસમાજની વચ્ચે જીવતા હતા, ને એ જનતાને આધારે નિર્વહતા હતા. તે છતાં તેણે ચડકાટ ન અનુભવ્યો. તિરસ્કૃત માતાને માનભેર જીવાડી, એના પુત્રને સંતપદે સ્થાપ્યો, ને એ મુસ્લીમ મા-બેટાની સાથે સંતો એક થાળીમાં જમ્યા. આજે ગીરના પહાડો વચ્ચેનું ધર્મસ્થાન સતાધાર એ ગીગા ભગતનું કર્મક્ષેત્ર હતું. ઘેટુંઓની અને પીતિયા કોઢિયાં માલવીઓની, એ બેની સેવા, સતાધારની બે સંત-ધૂણીઓ હતી. ભયંકર રોગ રક્તપીત, એની નિર્બંધ સારવાર કરનારાં સોરઠમાં ત્રણ સંત-સ્થાનકો હતાં : ગધૈ ગીગા ભગતનું સતાધાર, રબારી સંત દેવીદાસનું પરબ-વાવડી, અને મુસ્લીમ સંત જમિયલશાહનો ગિરનારી દાતાર-ડુંગરો. હિન્દમાં બીજા કોઈ સંતે આ કાળ-રોગની સેવા કરી જાણી નથી.

રાવતભાઈ જેબલિયાની કથનીમાંથી તો સંત-કુળની કલંક-કથા પણ મળી હતી. લોકજબાન કૂડને છુપાવતી

નથી ગુરુ દાનાએ શિષ્યને જુદી જગ્યા કરી દઈને કહ્યું. 'ગીગલા, અભ્યાગતોને રાબડી દેતો જાજે.' આપો દાનો તો જતિ-પુરુષ, એની પછવાડે વંશ ચાલ્યો એના સંસારી ભાઈ આપા જીવણાનો. ચલાળાની ધર્મજગ્યા એ કુટુમ્બ-વારસે ચાલી ગઈ. દાના ભગત દેવ થયા, ભત્રીજા દેવા ભગતે, પોતાની જગ્યામાં આવનારા અભ્યાગતોને ચીંધવા માંડ્યું: 'જાવ ગીગલા પાસે.' એક વાર ખાખી બાવાની જમાત આવી. 'લાવ એ માલપુડા !' 'જાવ ગીગલો દેશે.' ગીગો ક્યાંથી દે ? ખાખીઓએ ગીગા ભગતને માર માર્યો. દેવો કહે કે 'જા અહીંથી.' 'ક્યાં જાઉં ?' 'જા સાવજના મોંમાં.'—એટલે કે સિંહભરપૂર ગીરના પહાડોમાં. ધેનુઓ હાંકીને સંત ગીગો સતાધાર એમ હડધૂત થઈને આવ્યા. સંત-કુળોની વારસામોહિત સ્વાર્થપરતાની એ કાળી કથા છે. માટે જ પરબના દેવીદાસે જરજમીનનાં અર્પણનો અસ્વીકાર કરી કેવળ આકાશવૃત્તિનું જ કરડું વ્રત લીધું'તું ને !

⁂

રતો, મેપો, જાદરો, દાનો ને ગીગો, એ હતા વાણીવિહોણા સંતો. સેવા તેમની મૂંગી હતી. સૌપહેલી સંત-વાણી મારે કાને કોળી સંત રામૈયાની પડી. જાંબુડી ગામનો આ મોટો શિકારી કોળી, નામે રામ ધાંધા. પશુઓના સંહાર સિવાય અન્ય કાંઈ ઉદ્યમ નહિ. એને મળ્યા સંત વેલો બાવો. એ પણ કોળી. એની ભાળ પણ મારા ચારણ મિત્ર ગગુભાઈ પાસેથી મળી. મેં પૂછ્યું હતું, કે અમે 'એક ગરબો ગાઈએ છીએ—

'રૂખડ બાવા તું હળવો હળવો હાલ્ય જો,
'ગરવાને માથે રે રૂખડિયો ઝળૂંબિયો.'

એ રૂખડ બાવો કોણ, જાણો છો ?

એ કહે કે એ તો વેલો બાવો—

'વેલા બાવા તું હળવો હળવો હાલ્ય જો,
'ગરવાને માથે રે રૂખડિયો ઝળૂંબિયો.'

એ તો કણબીઓ કોળીઓનું પ્રિય ગીત છે. આજ ગિરનારની તળેટીમાં વેલાવડ છે, એ એના દાતણની ચીરથી રોપેલું. અને એ તો 'ભેરવનો રમનારો, ગુરુ મારો ભેરવનો રમનારો' કહેવાય છે. ભેરવ-જંપની ભયંકર ટૂંક પર એનાં બેસણાં હતાં. સેંજળીઆ શાખના કણબીઓ માને છે કારણ કે મૂળ જુવાનીમાં વેલો એક સેંજળીઆ કણબીને ઘેર સાથી રહી ખેતર ખેડતા, સાંઠીઓ સૂડતા. ટાંચણ બોલે છે એના પહેલા પરચાની કાવ્યમય વાત.

'પોતે સાંઠીઓ સૂડવા જાય, પણ જઈને ખેતરે તો ઝાડવાં હેઠે સૂઈ રહે છે એવી વાત સેંજળીઆ કણબીને કાને આવી. ગયો બપોરે ખેતરે જોવા. જુએ તો વેલો ઊંઘે છે, ને કોદાળી એકલી ખેતરમાં પોતાની જાગે સાંઠીઓ સૂડે છે !'

જગાડ્યો. પગે લાગ્યો. વેલો કહે કે 'તેં મારી એબ જોઈ. ન રહેવાય. લાવ મુસારો.' પૈસા લઈને ચાલી નીકળ્યા, પૈસા છોકરાને વહેંચતા ગયા.

⁂

'મારી એબ જોઈ–નહિ રહું.' લોકકથાઓનું આ પણ એક જાણીતું 'મોટીફ' છે. દેવપદમણી હોયલે પિયુ ઓઢા જામને વચને બાંધેલો, કે તારા ઘરમાંથી મને પ્રકટ કરીશ તે દિ' હું નહિ રહું. વચન લોપાયું, છતી કરી, ચાલી ગઈ. દેવાયત પંડિતને દેવપરી દેવલદેએ ચેતાવેલ, મારી એબ જોઈશ તે દિ' નહિ રહું. ઘરમાં બેઠી. લોકોમાં ગણભણાટ ચાલ્યો : ભગત, તમે ઘેર નથી હોતા ત્યારે ઘરમાં કોઈક પુરુષ આવે છે ને વાતું થાય છે. વહેમાયેલા પતિએ એક વાર એબ નિહાળી. પરિણામે—

'હાથમા કળશ ને વયો જાય અસવાર,
'મોહે સમાણાં દેવલદે નાર.'

એમ જ ચાલ્યા ગયા સંત વેલો. જગતને પ્રબોધવા લાગ્યા. શિકારી રામ આવીને કહે, 'કંઠી બાંધો.'

કે 'બાપ, તારાં પાપને ત્યાગ, પછી બાંધું.'

શિકારનો રસિયો મનને નિગ્રહવા મથ્યો. પણ ગામપાદરમાં જબરું એક રોઝ પ્રાણી આવ્યું. બાપડીએ બોળવીને મોકલ્યો. નર ગોળી મારી. ન મર્યું. ચાલ્યું ગયું. પરગામથી ગુરુનું તેડું આવ્યું. જઈને જુએ તો વેલાને શરીરે નવ નવ ગોળીના જખમો નીતરે ! બોલ્યા,

'બાપ, મને આવો દિ' બંધુક દીધો !'

બંદૂક છીપર પર પછાડીને ભાંગી રામરો પગે પડ્યો. ગુરુ છરી લઈને છાતી પર ચડી બેઠા. દુઝાવી નાખ્યું. જવાબમાં રામડાને વાણી ફૂટી. ૪૫૦ ભજન ગાયાં.

⁂

હું એ વાણી શોધમાં ગડ્યો. થાવડ મળ્યા કે પાટખડ [illegible] 'વેલા' [illegible] છે. તરીજાના ને

કાળના યુવરાજે પોતાની મોટરમા મને પાડખડ ઉતાર્યો. ખુલ્લો બાવો, અફીણના કેફમા ડૂલી ગયેલ, પુરા શબ્દો પણ ન નીકળે, પણ મને આસ્થાળુ માનીને એકતારો મેળવ્યો. ચેલાના સમાધમંદિરે બેઠા બેઠા ઝાડઝાડ ગાયા પંદરેક રામૈયાકૃત ભજનો. રાચણમાં એ કોળી શિકારીનો ઓગળેલ આત્મા દેખાય છે—

'મનખા જેવડુ મહા પદારથ
વેણુમા રે વેરાણુ' વેલા રે ધણી !

ચારે કોરથી વેપારી આવ્યા,
ઈ તો વેપાર કરી નવ જાણે વેલા રે ધણી !

દયા રે કરો ને ગુરુ મેર કરો
મારા રુદિયા કે ભીતર જાણો વેલા ધણી !

આ રે શે'રમા બડી બડી વસ્તુ
ઓઠે ન મળે નાણુ વેલા ધણી !

ચારે કોરથી સળગાવી દેશે
ઈ તો સઘળુ શેર લુટાણુ વેલા ધણી !

વેલનાથ ચરણે બોલિયા રામૈયો
ઓળે આવ્યાને ઉગારો વેલા ધણી !

ચેલાઓએ 'ગુરુને ચરણે' શરણાગતો બનીને ગાયેલ ભજનોનો તો પારાવાર ભર્યો છે. પુરુષ ભજનિકો મોટે ભાગે મળે છે તે બધાની અંદર એક ભાત પડે છે. સ્ત્રી ભજનકારોની લોયણ નામની 'શેલરશીની ચેલી' પોતાના પર વિષયાસક્ત બનેલ ધૂર્ત રાજવી લાખાને ગાળી નાખે છે તેની દાર્શનિક-વાણી પચાસેક પદોમા પડી છે. તેના જેવી, પણ વિશેષ નિરાળી ને નવલી ભાત તો ગંગા સતી સાસુના, પોતાની પુત્રવધૂ ચેલી પાનબાઈને પ્રબોધતા મધ્યાબ્ધ પદો પાડી રહ્યા છે. એ થોડાક ભજનોમાથી એકેક ટૂક આપું છું—

મેરુ રે ડગે ને જેના મનનો ડગે રે પાનબાઈ,
મરને ભાંગી રે પડે બ્રહ્માંડ રે

વિપત પડે વણસે નહિ રે એ તો
હરિજનના પરમાણ રે—મેરુ રે ડગે૦

* * *

શીલવંત સાધુને વારેવારે નમીએ પાનબાઈ
જેના બદલે નહિ વ્રતમાન રે,

ચિત્તની વૃત્તિ જેની સદાય નિરમળી રે
જેને માહારાજ થયેલા મે'રબાન રે

* * *

ભાગ્યા ભાગ્યાની જ્યાં લગી ભે રહે મનમા પાનબાઈ,
ત્યાં લગી ભગતિ નહિ થાય,
શરીર પડે વાંકો ધડ તો લડે રે પાનબાઈ,
સોઈ મરજીવા કહેવાય રે

* * *

મનને સ્થિર કરીને આવો રે મેદાનમા પાનબાઈ,
તો તો મટાડુ સરવે કલેશ,
હરિનો દેશ તમને દેખાડુ રે પાનબાઈ,
જ્યાં નહિ રે વરણ ને વેશ

* * *

રમીએ તો રંગમા રમીએ' રે પાનબાઈ,
મેલી દે આ લોકની મરજાદ,
હરિના દેશમા ત્રિગુણ નવ મળે
નો હોય ત્યાં વાદ ને વિવાદ રે

* * *

જુગતિ જાણ્યા વિન ભગતિ ન શોભે પાનબાઈ,
મરજાદ લોપાઈ ભલે જાય,
પરમ અનાદિનો જુગતિથી એ
જુગતિથી અલખ તો જણાય રે

વીજળીને ચમકારે મોતી પરોવવુ' પાનબાઈ,
નહિતર અચાનક અંધાર થાશે,
જોત જોતામા દિવસ વહ્યા ગયા રે પાનબાઈ,
એકવીશ હજાર છસોને કાળ ખાશે

આવા પદો પર પદો સાસુએ રોજ ઊઠીને સંભળાવ્યા ત્યારે વહુ પાનબાઈ જવાબ દે છે.

છૂટા રે તીર હવે નો મારીએ બાઈજી,
એથી સહ્યુ નવ જાય,
કલેજા મારા વીંધી નાખ્યા બાઈજી
છાતી મારી ફાટુ ફાટુ થાય રે
બાણ રે વાગ્યા ને રૂવાડા વિંધાણા બાઈજી,
મુખથી કહ્યુ નવ જાય,
આપીને વચન મુને લાભ જ દેવા,
પરિપૂરણ કહોને કિયાય.

* * *

પણ માનવ-પ્રાણની છીછરાશને જાણનારી ગંગા સતી જવાબ વાળે છે—હજી વાર છે પરિપૂર્ણ ક્રિયા બતાવવાની હજુ સાચાં બાણ વાગ્યાં નથી બાણ વાગ્યા પછી તો વાચા ન રહે વહુ "

હજી પુરાં બાણ તમને નથી લાગ્યાં પાનબાઈ,
બાણુ રે લાગ્યાને છે વાર,
બાણુ રે વાગ્યાથી સુરતા ચડે અસમાનમાં,
પછી તો દેહદશા મટી જાય.

બાણ રે વાગ્યાં હોય તો બોલાય નહિ પાનબાઈ
પરિપૂરણ વચનમાં- વરતાય,
ગંગા સતી એમ બોલિયા રે
તેજ પૂરણ અધિકારી કહેવાય

અને સાસુએ તો વહુને ખોળામાં બેસારીને રસ-પ્યાલો પાયો–

ખોળામા બેસારી તમને વસ્તુ રે આપું
જેથી આપાપણું ગળી તરત જાય,
વખત આવ્યો છે મારે ચેતવાનો પાનબાઈ,
માન મેલી થાવને હુશીઆર રે.

* * *

આવ્યો રસ ને ખોળામા બેસાર્યાં
મૂક્યો મસ્તક ઉપર હાથ.
ગંગા રે સતી એમ બોલિયા
ત્યાં તો નિરખ્યા ત્રિભોવન નાથ.

અને ભક્તિ એ તો રહેણીથી વેગળી વસ્તુ છે એવો પણ એક ભ્રમ છે, જેને ગંગા સતી પ્રાણ છોડતાં પહેલાં નિવારે છે–

માણવો હોય તો રસ માણી લેજો પાનબાઈ,
હવે આવી ચૂક્યો પિયાલો,
કહેવું હતું તે તો કહી દીધું પાનબાઇ,
હવે રેણી પાળવા હેતેથી હાલો.

રેણી થકી જોને રામ ,રીઝે પાનબાઈ,
રેણી થકી રસ શરીરમાં પરવરે,
રેણી થકી રોમે રોમ ભિંજાય પાનબાઇ,

* * *

રેણી થકી અદ્ધર ઉતરે પાનબાઈ,
રેણી થકી પાર પોગી જવાય,
રેણી તો સરવથી મોટી રે પાનબાઈ,
રેણીથી સરજીયા બનાય.

એવું પ્રબોધીને ગંગા સતી ગ્રરધામ ગયાં. પ્રથમ તો પાનબાઈને અફસોસ થયો; પછી–

વસ્તુને વિચારતા આનંદ ઉપજ્યો
ભગી ગયો મનનો સરવે શોક;

અંતર બદલ્યું નિરમળ બની બેઠાં
સંકલ્પ સમાણો ચૈતન મઈ,
હાણુ ને લાભની મટી ગઇ કલ્પના
બ્રહ્માનંદ પીલી ગયો ચિત્તભાઈ.

જ્યા રે જોવે ત્યાં તો હરિ હરિ ભાળ્યા,
રસ તો પીધો અગમનો અપાર,
એક નવધા ભગતિને સાધતાં
મળી ગયો દરિયામાં તાર

નવાં પાનાં ઊઘડે છે, અને મહિનાઓ પૂર્વે સાંભળી રાખેલું નામ–દુલા ભગત–ટંકાયેલું છે. શ્રી દુલાભાઇનો પ્રથમ મેળાપ ભાવનગરમાં થયો. પ્રભુના ને ચારણી દેવીઓના નિજરચ્યા છંદો મને સંભળાવ્યા. ડીંગળી બાની પર સારો કાબુ, કલ્પનાઓ ઊંચી, પણ ઝડઝમક–ઝડઝમક–બેહદ ઝડઝમક. આજે તો એની વાણી એ તમામ ઝડઝમકને ગાળી નાખીને સાદા સલૂણા સર્વભોગ્ય કાવ્યપ્રકારોમાં આસાનીથી રમે છે, અને કેટલાક તો અપૂર્વ ગણી શકાય તેવાં સ્વરૂપોને સિદ્ધ કરી ચૂકી છે. સહજમાં સ્નેહ બંધાઇ જાય તેવા રસિક અને હેતાળ જુવાન. મંડ્યા ગીરની ને દરિયા–કાંઠાની વાતુ કરવા. એમાંથી ભાવનગર—કોળના ચાંચિયા સાગર–સિંહોની ઓળખાણ મળી: ખીમો વાજો કોટડાનો, કાળો બીલ કોટડાનો, દંતો કોટીલો ડેડાણનો, એવા ડાંખરા બહાદૂરોનાં વૃત્તાંતો સાંભળ્યાં, અને પછી તો એક દિવસ એ ગીરના અને સાગરતીરના પ્રવાસે દુલાભાઈની સાથે ચાલી નીકળ્યો. અમારી ઊંટની સ્વારી તળાજા, ગોપનાથ, ઝાંઝમેર, મહુવા ને મેથળા થઈ, જ્યાં બગડ નદી દરિયાને મળે છે એ 'દરિયા બારૂ'' નામને સ્થાને, ભરતીનાં નીર ઊતરે ત્યાં સુધી વાટ જોઈ પછી ઉતરાણુ કરીને ઊંચા કોટડા પર ચડી ત્યારે સાંજ નમી ગઈ હતી. દરિયાની તરફથી, બરાબર કાટખૂણે ખડા થયેલા એ ભયાનક ઊંચા ખડકની ઉપર, ચાંચિયાનું વસેલું ગામ કોટડા જોવાને અમે ધરતીની દિશાએથી ઢાળ–માર્ગે ચડ્યા, ત્યારે ચાંચિયાની બોલબાલાનું કારણ નજરે દીઠું. ત્રણ તરફથી દરિયામાં કાટખૂણે ઊભેલ આ ભૈરવી ખડકને માથે જવાનું જે પ્રવેશદ્વાર છે, તે તો બે જ બંદૂકદારો કે સમશેરધારી સેંકડોની ફોજને ખાળી રાખે તેવું વંકું ને જુક્તિદાર છે.

ઉપર ગયા, પુરાતન ચાંચિયા કાળા બીલની કોઠીઓ (માલ સંતાડવાને માટે ખડકમાં દરિયાબાજુએ કોરેલાં ઊંડાં ટાંકાં) જોઈ. અને એનાં પરાક્રમ સાંભળ્યાં. કોટડાનો એ ચાંચિયો બાર વહાણ રાખતો, રાતોરાત ગોવા સુધી લૂંટ કરી આવીને ઘેરે આવી સૂઈ જતો, સવારે કોટડા આવી પહોંચતો. એકવાર ફિરંગીઓ પાછળ થયા, પકડયો, અને ગોવાના કિલ્લામાં ચણી લીધો હતો. તેમાંથી આ કોટડાની ચાંચિયા-દેવી ચામુંડાએ છોડાવ્યો—

કાળાને ગઢને કાંગરે
જડિયલ જેલાં જે,
એ માંથી ઉપાડયે
તેં છોડાવ્યો ચામુંડી.

પછી ક્ષત્રિય ચાંચિયા ખીમા વાજાની વાત સાંભળી. એનાં પણ વહાણ ચાલતાં—

થળ પર હાલે થાટ
જળ પર જહાજ તાહરાં;
વાજા ! બેને વાટ
ખીમા ! ધર રૂંધી ખત્રી !

(હે ખીમા વાજા ! તારા તો પૃથ્વી પર સૈન્યો ચાલે ને જળ પર જહાજ ચાલે બન્ને માર્ગે તેં ધરણીને રૂંધી રાખી છે.)

શત્રુનો કવિ કહે છે—

ખીમા ! મ કર ખલવલાં,
મ કર મામદ શું મેળપ;
અજન તણો જડ કાઢશી,
કાળ વળું ઘો કળ.

(હે ખીમા ! તું અજનશાહના બેટા મામદશાહ સાથે યુદ્ધ ન કર, એ કાળ જેવો તારી જડ કાઢશે)

ખીમો ઉત્તર વાળે છે—

કાળ વળુંધો કાંઉ કરે
જેને બાંયાં બળ હોય;
હું ખર ને હું ખાખરો
જુદ્ધ કરું તે જોય.

(અરે તારો કાળ જેવો બાદશાહ પણ જેને બાંહ્યમાં ભુજામાં બળ છે તેને શું કરશે ? હું જુદ્ધ કરું તે જોઈ લેજે.)

પછી બાદશાહનો કવિ કહે છે કે મામદશા તો ફણીધર છે. તો ખીમાનો કવિ ખીમા વતી પડકારે છે,

ફણીધર તેને ઘર ઘર ફેરવું,
નાક ચડાવી નથ;
હું ખીમો લખધીર રો
છઉં ગારુડી સમરથ.

(તારા ફણીધરને તો હું નાકમાં નથ પરાવીને ઘેર ઘેર ફેરવીશ. હું તો સમર્થ ગારુડી છું.)

આ બાદશાહ મામદશા કોણ ? લોકવાર્તા તો આમ કહેવાય છે. ખીમો વાજો કોઈ ગામડાની વાઘેરી કન્યાને પરણેલા. કન્યાને લઈને વેલડું આવ્યું આવતું હતું. રસ્તામાં કંટાળા ગામ-પાસે ધોકડવા ગામે થઈને નીકળ્યું. ત્યાં એણે મામદશા બાદશાહનો બગીચો દીઠો. પછી કોટડે આવ્યાં. ત્યાં તો બાઈએ ઉજ્જડ દીઠું. પતિને કહ્યું કે 'ઓહો ! શું બાદશાહનો બગીચો છે ! આંહીં તો તમે કહેવ આંબાઆંબલીને બદલે બાવળ ને બોરડી જ છે ! ખીમો કહે—હા, બગીચો તો ધોકડવે જ છે. જાવ બગીચાવાળા કને.

વાઘેરી રાણી ચાલી. હેલ ભરીને મામદશાને આંગણે જઈ ઊભી રહી.

મામદશા કહે 'કોણ ?'

કે 'મેણીઆત.'

કે 'મેણું ખુદા ઉતારશે. બેન છો.'

બહેન કરી રાખી. બેનને કોલ દીધો કે તારા ધણીને મારીશ નહિ પણ કોટડા તો પાડીશ. કોટડે બાદશાહી ફોજે ઘેરો ઘાલ્યો. ત્રણ વર્ષ થયાં પણ કોટ તૂટે નહિ. પણ ખીમાએ એક વાર 'રતનાગરની શાખ' લોપીને ભરૂચના એક વાણિયાને લૂંટયો. વાણિયો ગાંડો થઈ ગયો. રતનાગર સ્વપ્નમાં આવ્યા. કહેજે બાદશાને કે સવા પહોર દિ' ચડ્યે ખીમો પગમાં હથિયાર છોડશે. ખીમાએ એ દિવસ એક સાવ વાવટાવાળું વહાણ જોયું વહાણ દીઠા ભેગું સમઈ ગયું. ને ખીમાએ રતનાગર રૂઠ્યા જાણી તરવાર છોડી.

બીજી વાત એમ છે, કે ખીમો અજિત હતો. કારણ કે એને મા ચામુંડા તરફથી ચૂડી મળેલી તે પોતે કાંડે પહેરી રાખતો. બાદશાહને આ ખબર પડી. એણે ખીમાને મેણું દીધું—

'બાયડી છો તે બલોયું પહેરજ?'

એ મહેણાથી ચૂડી ફગાવી દઈને ખીમો લડાઈમાં ઊતર્યો, હાર્યો, પકડાયો. એની આંખો સીવી લીધી. પછી બાદશાહે દમણને પાલટવા ચડાઈ કરી. તેમાં ખીમાવાળાને સાથે લઈ જઈ ત્યાં વોરી મુસલમાન પરણાવી હતી. એના વંશના હજી પણ વોરા વાળા કહેવાય છે. એના વહાણમાં બીજા કોળી લડવૈયા હતા. શઢના કૂવા ઉપર માતા ચામુંડનું ત્રિશૂળ થતું.

એના બીજા લડવૈયામાં ઉગો ને હામો એ બે નામો જાણીતાં છે. ઉગાને ચણ્યો હતો દમણના કોટમાં, હામાની બેડીઉં બૂટમાને પ્રતાપે ગળી. બંદીખાનું તોડીને ભાગ્યો, એક કૂવાથંભ વગરના વહાણમાં ચડી જઈ એ વહાણ હાંકી કોટડે આવ્યો હતો.

આવી આવી ચાંચિયા બહાદુરોની વાતો એ રાત્રિએ હેઠા કોટડા ગામના એક બીજા ગામેતીએ—જેને ઘેર અમારો ઉતારો હતો તેણે—મૃત્યુકાળ નજીક હતો તેવા દિવસોમાં, હોકા પી પીને શરીર કાંટામાં રાખીને સંભળાવી હતી. પણ એ સર્વ વીરતાને સામે પલ્લે નીચેની એક જ વાત હું ઊંચા કોટડાના ભેરવી ખડક પરથી મગજમાં લઈને ઊતર્યો હતો—

ખડક પર, ગામની વચ્ચે, દેવી ચામુંડાનાં ફળાંની નજીક જ એક ચુનાબંધ ચણેલ ઓટો હતો. એ જોઈને મેં પૂછ્યું 'આ શું છે?' લોકોએ મને જવાબ દીધો—

'વે'લાંની વેળમાં, આંઈ એક પરદેશી ટોપીવાળો આવેલો. એણે આવીને બીજું કાંઈ ન કર્યું, પણ એક ધુડનો ધફો બનાવી, તેના પર એક લાકડી ખોડી, એ લાકડી ઉપર પોતાનું એક પગરખું ભરાવ્યું, ને મૂંગો મૂંગો બસ ચાલ્યો જ ગયો. પાંચ વરસે એ પાછો આવ્યો, તપાસ્યું તો પોતે ગોઠવેલ પગરખું, લાકડીની ટોચે બરોબર જેમનું તેમ છે! બસ, ચુપચાપ પાછો ઊતરી ગયો, ને થોડા જ દિવસમાં આંહીં દરિયાકાંઠે ફિરંગીઓનાં ધાડાં ફરી વળ્યાં, મુલક સર કરી લીધો.'

મેં પૂછ્યું, 'એ જોડાવાળી વાતનો મર્મ શું?'

'મર્મ એટલો જ બાપુ, કે એણે લોકોનું દૈવત પારખી લીધું. એણે જોયું કે જે લોકો આવી કરામતથી પણ ડરી જઈ, પાંચ વર્ષ સુધી એ પગરખાને અડકયા પણ નહિ, તે લોકો નીર્વીર્યંતાને છેક છેલ્લે પાટલે બેસી ગયા હોવા જોઈએ, માટે હવે અહીં ફિરંગી ફોજું ઉતારવામાં વાંધો નથી.'

એ આપણી દૈવતવિહોણી દશાનું આ સ્મારક છે. અહીં ફિરંગીઓ પાકો ઓટો બનાવીને આપણા કપાળમાં કાળી ટીલી તરીકે ચોડી ગયા છે.

કાળપ

ધોળાં રે વાદળ કાળી છાંયડી,
લાગે ડુંગરને ડાઘ.
લીલુડા ડુંગર કંઈ મેણાં વદેઃ
'હૈયું શ્વેત અથાગ!'

વાદળ ડોલે ને બોલેઃ 'લાજ તું!
કોણે કીધા શણગાર!
તને રે પલ્લવતાં હૈયું ગળ્યું,
કાળપ રહી ના લગાર.

આજે રે પછડાયો પડતાં જરી
હૈયું તુજ અભડાય!
એટલડી કાળપ મારી ના જશે
થાકયા પંથીની છાંય.'

પી. ઈ. એન. પરિષદ

કવિઓ અને નાટ્યલેખકો, નિબંધકારો અને પત્રકારો, તેમજ નવલકારો, અર્થાત સર્જનાત્મક વાઙમયના વિશ્વભરમાં વસતા ઘડવૈયાઓને અન્યોન્યના જીવતા સંપર્કમાં આણીને તેમને એક કર્મક્ષેત્ર પર સ્થાયી કરવાની ઉમેદ સેવતી પી. ઇ. એન. નામે એક સાહિત્ય–સંસ્થા છે, અને તેનું એક સંમેલન, જયપુર–દીવાન શ્રી મિરઝાં ઇસ્માઇલના સૌજન્યથી, તા. ૨૦ થી ૨૩ જયપુર જેવાં કલાશોભન સ્વચ્છ પુરાતન નગરમાં મળ્યુ હતું. પ્રમુખપદે શ્રીમતી સરોજિની નૈડુ હતાં. તેમણે જણાવ્યું કે આ પહેલો જ પ્રસંગ છે કે જ્યારે હિન્દની તમામ જીવતી ભાષાઓના તેમજ અમૃતમયી મહાભાષા સંસ્કૃતના પ્રતિનિધિઓ હાજર થયા છે.' ગુજરાતી ભાષા જીવતી હિન્દ–ભાષા છે, પણ તેના પ્રતિનિધિ પ્રકાશ્યા નથી.

અનેક ભાષાઓમાં રમતી એક વિચારણા

હિન્દને તો પાર વિનાની ભાષાઓ છે, એવો દોષ કાઢીને હિંદી પ્રજાજીવનની ખણખોદ કરનારાઓને આ સંમેલનમાંથી સજ્જડ જવાબ મળ્યોઃ ચાહે તેટલી જુદી અમારી ભાષાઓ

સંસ્કૃતિવીરનાં સંસ્મરણો

શ્રી. રવિશંકર મહારાજનાં વિશિષ્ટ સંસ્મરણો અને શ્રી મેઘાણીના પ્રાસાદિક કલમના સુભગ સંયોગથી રસાળ બનેલ 'માણસાઈના દીવા'ની ઘોતક પ્રસ્તાવના કાકા કાલેલકરે લખી છે. અહીં રજૂ થતી એ પ્રસ્તાવના અભિનવ દૃષ્ટિ આપે છે. સં.

ધારાળા, પઢિયાર કે પાટણવાડિયા કોમ વિષેનું મારું આકર્ષણ જૂનું છે. ગૂજરાતની લોકસંખ્યામાં ભિન્ન ભિન્ન કોમોનું પ્રમાણ કેટલું છે એનો અભ્યાસ કરતાં અને એમાં શ્રમજીવી કેટલા છે તેમ જ બેઠાડુ કે ઉજળિયાત કેટલા છે તેનું પ્રમાણ શોધતાં "અઢાર અને એંસી" વાળો લેખ મે લખ્યો હતો. અસહકારની લડત દરમ્યાન જ્યારે બોરસદ તરફ હું ફરતો હતો, ત્યારે એક વાર એ કોમની એક 'પરિષદ'માં હાજર રહેવાનું સદ્‌ભાગ્ય પણ મને પ્રાપ્ત થયું હતું. કેટલાક પાટીદાર પટેલોએ જ્યારે પટલાઈ છોડી ત્યારે બારૈયા કોમના લોકોએ એ લીધી હતી અને એને અંગે કંઈક ઝગડાઓ પેદા થયા હતા. એક બે ખૂન પણ થયાં હતાં, એમ મેં જાણ્યું હતું. એટલે એ કોમની નક્કર સેવા કરવી જ જોઈએ એમ નક્કી કરી મેં બોચાસણમાં એક વિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ વતી ખોલ્યું. પ્રથમ એનું નામ "બારૈયા વિદ્યાલય" રાખવાનો વિચાર હતો, પણ તેમ કરતાં તેમાં કોમી તત્ત્વો દાખલ થશે અને આગળ જતાં એ આપણને નડશે એમ મને લાગવાથી, મેં વિચારપૂર્વક એ વિદ્યાલયનું નામ "વલ્લભ વિદ્યાલય" રાખ્યું.

૧૯૨૩–'૨૪ના દિવસોમાં જ્યારે પહેલીવાર હું જેલ ગયો ત્યારે ત્યા કોંગ્રેસના એક કાર્યકર્તા શ્રી શામળભાઈ પટેલનો પરિચય થયો હતો. એમની પાસેથી ખેડા જીલ્લામાં પાટીદારોના અને બારૈયા લોકોનાં જીવન અને સંબંધ વિષે મેં ઘણું સાંભળ્યું હતું. 'ના–કર'ની લડતમા શામળભાઈને જ મેં ખેડા જીલ્લામાં કામ કરવા મોકલ્યા હતો. એમની સાથે ચિ. બાળ કાલેલકરને પણ એ જ કામ સોંપ્યું હતું. એ કામ કરતા ચિ. બાળને પોલીસોને હાથે અનેકવાર પંજરીપાક પણ મળ્યો હતો. બન્ને પાસેથી મે બારૈયા કોમની બહાદુરી વિષે અને એમના સ્વભાવની ખૂબીઓ વિષે ઘણું ઘણું સાંભળ્યું હતું અને તેથી જ એ બેને એ વિદ્યાલય ચલાવવાનું કામ સોંપ્યું. એ વિદ્યાલય ઉત્તમ ચાલે એ ઇંતેજારીથી મેં વિદ્યાપીઠના વિદ્યાર્થી શ્રી કપિલરાય મહેતા અને કસાયેલા રાષ્ટ્રીય શિક્ષક શ્રી ડાહ્યાભાઈ પાઠક એ બેને પણ ત્યાં ગોઠવ્યા હતા. આ બધાએ મળીને પાટણવાડિયા કોમ વચ્ચે કેળવણીનું અને જાગૃતિનું સરસ કામ કર્યું. ત્યાર પછી મારાં આશ્રમભગિની પૂજ્ય ગંગા બેને બોચાસણમાં જ સેવાનું કાર્ય કરવાનું પસંદ કર્યું અને શ્રી શિવાભાઇ પટેલે એ વલ્લભ વિદ્યાલય આજે ઘણી યોગ્યતાથી ચલાવ્યું છે.

વિશેષ આનંદની વાત એ છે કે વિદ્યાપીઠના ગ્રામસેવા દીક્ષિત શ્રી. બબલભાઈ મહેતા, જે પોતે ડાકોર તરફની ઠાકુર કોમમાં બહુજ સુંદર કામ કરી રહ્યા છે, તેઓ પણ વલ્લભ વિદ્યાલયના કામમાં રસ ધરાવે છે અને સૌથી સદ્‌ભાગ્યની વસ્તુ એ કે આ ચોપડીના મુખ્ય પાત્ર કે કથાનાયક શ્રી રવિશંકર મહારાજે અમારા વલ્લભ વિદ્યાલયમાં હવે પોતાનો કાયમી વસવાટ કર્યો છે.

ત્રણ વરસની આ વખતની જેલને અંતે બહાર આવતાં જ્યારે મેં જાણ્યું કે રવિશંકર મહારાજે બોચાસણમાં રહેવાનું કબૂલ્યું છે ત્યારે મેં અસાધારણ ધન્યતા અનુભવી. એમના ચિરંજીવી શ્રી મેઘાવ્રત તો બોચાસણમાં આયુર્વેદની દવા આપવાનું કામ ક્યારના કરતા હતા જ.

કુલનાયક તરીકે વિદ્યાપીઠનું સંચાલન જ્યારે હું કરતો હતો, તે વખતે બારૈયા કોમ માટે, ખેડા, ભરૂચ તેમ જ પંચમહાલ જિલ્લામાં વલ્લભ વિદ્યાલય જેવાં એક પછી એક અનેક વિદ્યાલયો સ્થાપવાનો મારો વિચાર હતો. એને અંગે, તે તે પ્રદેશમાં હું ફર્યો પણ હતો. તેથી, અને શ્રી. રવિશંકર મહારાજ સાથે લાંબા કાળનો, બહાર તથા જેલમાં પરિચય હોવાથી, ગૂજરાતીના સમર્થ લેખક શ્રી. ઝવેરચંદ મેઘાણીએ લખેલા શ્રી રવિશંકર મહારાજ વિષેનાં આ સંસ્મરણો શિવની જેલમાં જ અત્યંત રસપૂર્વક હું વાંચતો હતો. બહાર આવ્યા પછી જ્યારે શ્રી ઈશ્વરલાલ વૈદ્યે શ્રી મેઘાણીની આ ચોપડી માટે પ્રસ્તાવના લખવાનું મને સૂચવ્યું ત્યારે મેં એક ક્ષણનો વિચાર કર્યા વગર, તરત હા પાડી.

ભલે એક પ્રસ્તાવક તરીકે પણ શ્રી રવિશંકર મહારાજની જીવનકથા સાથે અને શ્રી ઝવેરચંદ મેઘાણીની સાહિત્યકૃતિ સાથે મારો સંબંધ જોડાય તો એવી તક હું કેમ ગુમાવું ?

(૨)

કાઠીયાવાડના ગયા જમાનાના ભડવીરો અને ચારણોની જીવનકથાઓ અને લોકકાવ્યોનો સંગ્રહ કરી ગૂજરાતી ભાષામાં એ રોમાંચક જીવનમૂલ્યોને આબાદ રીતે ચિત્રિત કરનાર શ્રી ઝવેરચંદ મેઘાણીએ આ પુસ્તકમાં અદ્‌ભુત સંયમ વાપર્યો છે અને આ ચોપડીમાં શ્રી રવિશંકર મહારાજની જ ભાષા અને શૈલી વાપરીને મહીકાંઠાના જીવનવીરોનાં જીવન મૂલ્યો કેવાં છે, અને એ મૂલ્યોમાં મૌલિક ફેરફાર કરવા મથનાર સંસ્કૃતિવીર શ્રી રવિશંકર મહારાજે પોતાનું જીવન કેમ નીચોવ્યું છે એનું જીવતું ચિત્ર આપણને આપ્યું છે. મને તો લાગે છે કે આ ગ્રંથમાં શ્રી ઝવેરચંદ મેઘાણીની અદ્‌ભુત રમ્ય સાહિત્યશૈલી ઉપર કહેલા સંયમના ઓપને કારણે સોળે કળાએ પ્રગટે છે. આ ચોપડી વાંચતાં મેઘાણીની સંયમસમર્થ શૈલીએ મારા પર જે અસર કરી છે તે બીજી કોઈ પણ ભાષાની ચોપડીએ ભાગ્યેજ કરી હશે. હું આશા રાખું છું કે "માણસાઈના દીવા"ના અનુવાદો દેશ પરદેશની અનેક ભાષાઓમાં થશે અને

રહી, છે. એની લખવાની શૈલી નિરનિરાળી રહી, એ પ્રત્યેક ભાષાના પાયામાં પડેલો પ્રધાન વિચાર એક જ છે, સર્વને સંકલિત કરનાર છે.' એમ કહીને એણે બ્રહ્મપુત્રાથી લઈ કન્યાકુમારી સુધી રમતાં લોકગીતો લોકકથાઓ પ્રત્યે આંગળી ચીંધી.

હિંદી ભાષા વૈવિધ્યના નિંદકોને પં. જવાહરલાલે પણ એવો જ જવાબ 'હિંદી સાહિત્યનો વિકાસ એ સંયોજનાત્મક બળ છે કે ખંડનાત્મક ?' એ વિષયની ચર્ચા ચાલુ કરતાં આપ્યો:—

'ઉપરછલ્લુ જોનારને તો કે હિંદની ભાષાઓનો વિકાસ પ્રાંતિક ભીંતો ખડી કરે છે. જુદાં જુદાં સાહિત્યસ્વરૂપો ધરાવતી આ ભાષાઓ એક જ સ્રોતમાંથી પ્રેરણાજળ પીએ છે.'

આ મુદ્દો ભુલાઈ ગયો છે એટલે જ આપણે હિંદીમાંથી ગુજરાતીમાં ને ગુજરાતીમાંથી હિંદીમાં પણ ભાષાન્તરો કરી રહ્યા છીએ. પ્રાંતભાષાઓ વચ્ચેના સંયોજનાત્મક ઊંડા સામ્યને આપણે ખોઈ બેઠા છીએ માટે જ અન્ય ભાષાઓનું પરિશીલન છોડી દઈ તરજૂમાની લતે ચડયા છીએ.

· ટોચે બેઠેલાઓએ જ
· ભેદો વધાર્યા છે

પણ આ પ્રાંતભાષાઓ વચ્ચેની આંતરિક અભિન્નતાને ભાંગી કોણે ? પં. જવાહરે સાચો જવાબ દીધો: ટોચે ચડી બેઠેલી લેખકોની નાનકડી

જમાતોએ. ભાષાભેદ તેમણે વિક સાવ્યો. કારણ? કારણ પણ જવાહરે જ સાચું બતાવ્યું:—

'ગમે તે ભાષામાં અનુભવો વ્યક્ત થયા હોય તેનો વાંધો નથી, પણ બધા માટે સમાન એવા અનુભવના ઊંડાણ સુધી પહોંચવામાં સાચી મહત્તા રહી છે.'

આજે ભેદો તીવ્ર બન્યા છે, અરે, એક જ ભાષાની અંદર પણ ભેદોની જ વિતંડા ચાલી રહી છે, કારણ કે ટોચે બેઠેલી કલમો જનતાના અનુભવની શાહીમાં બોળાતી નથી.

આધુનિકોને શીદ ઝૂડી રહ્યા છો?

'આધુનિક બુદ્ધિવતોએ જગતની કુસેવા કરી છે કે સેવા?' એ હતો આ સંમેલનમાં ઉપસી આવેલો બીજો મુદ્દો. શ્રી સ. રાધાકૃષ્ણને તો ખૂબ વરાળ કાઢી:—

'આજનું સાહિત્ય બૌદ્ધિક ભૂમિકા .ર જ અટક્યું છે. સાહિત્યને લશ્કરી મની દાસી બનાવી દીધેલી છે. માનવીઓ યંત્ર બની રહ્યા છે. વિશ્વના દ્વિપ્રતિભાશીલ માનવીઓએ ાતાના ધ્યેયને દગો દીધો છે તેઓએ દુષ્ટ માનવીઓને ઊંચે ચડાવ્યા છે અને માનવજાતિના પક્ષમાં ભળવાને બદલે અમુક ટોળીઓનું ને ખરાબ માણસોનું સમર્થન કર્યું છે.'

પણ વર્તમાનને આતે જ સમસ્ત વિષાદ, નિરાશા તેમજ તિરસ્કારનો ખડકલો કરવાની આ વૃત્તિ ચેપી છે. આધુનિકોએ શું દેવાળું જ કાઢ્યું છે? પોતાના યુગકાળનું સમગ્ર સ્વરૂપ કાળું જ

સંસ્કૃતિવીર રવિશંકરના પુરુષાર્થનો આ દસ્તાવેજ માનવકોટીના સાહિત્યમાં પોતાનું સ્વાભાવિક સ્થાન લેશે.

સમાજ અને સરકાર જેમને ગુનેહગાર જાતિ ઠરાવે છે તે જાતિ પાસે પણ કેવા ઊંડા અને ઉમદા જીવનના આદર્શો છે એ હૃદયની દૃષ્ટિથી તપાસી શક્યા તેથી જ શ્રી રવિશંકર મહારાજ એ લોકોની અંદર આદર્શ પરિવર્તનનાં તત્ત્વો ઉમેરી અથવા વાવી શક્યા છે.

(૩)

જીવનના આદર્શો કોણ ઘડે છે? ઋષિમુનિઓ, પરમેશ્વરના પયગંબરો, મહાકવિઓ, લોકનેતાઓ, ધર્માચાર્યો, ન્યાયમૂર્તિઓ, જનતાની પંચાયતો, ભાટ અને ચારણો, ન્યાતના આગેવાનો, જૂના જમાનાનું સ્મરણ રાખની ડોસીઓ અને કોણ પ્રસંગે પાકટ સલાહ આપનાર ડોસાઓ, જૂનવાણી રિવાજો સામે જેહાદ પોકારનારા સુધારક યુવકો અને અસહ્ય અન્યાય સામે ઢંગધડા વગરની જેહાદ પોકારનાર બહારવટિયાઓ, બધા જ પોતપોતાની ઢબે જીવનના આદર્શો ઘડતા આવ્યા છે.

આ આદર્શો દરેક વર્ગ પોતપોતાના જીવનદર્શન પ્રમાણે ઘડતો આવ્યો છે.

દરેકનું જીવનદર્શન સરખું નથી હોતું. બહુ જ થોડા લોકોનું જીવનદર્શન સંપૂર્ણ અથવા સર્વાંગીણ હોય છે. દરેકની અનુભૂતિ જેટલી હોય એટલી જ એની જીવનસમૃદ્ધિ, અને જેટલી જીવનસમૃદ્ધિ તેટલું જ એનું જીવનદર્શન. ઘણાખરાનું જીવનદર્શન એમના સ્વભાવને કારણે વિકૃત પણ હોય છે. એકાંગિતા, માણસનો મોટામાં મોટો શાપ છે. એને કારણે જીવનદૃષ્ટિ વિકૃત થાય છે, અને પછી માણસ જીવનસાફલ્ય ખોઈ બેસે છે એટલું જ નહિ પણ જીવન માટે શાપરૂપ પણ થઈ બેસે છે.

કોઈની જીવનદૃષ્ટિ સુધારવી એ એની ઉત્તમમાં ઉત્તમ સેવા છે. એવી સેવા જે કરે તે જ નવા અર્થમાં સાચો બ્રાહ્મણ છે.

આ થોડાંક સરખાં રેખાચિત્રો દ્વારા રવિશંકર મહારાજે આપણને પાટણવાડિયા જેવી બાહોશ પણ દુર્દૈવી કોમના જીવનદર્શનની ઝાંખી કરાવી છે, અને એમનું એ જીવનદર્શન સુધારવા માટે એમણે કેટલી તત્ત્વનિષ્ઠા, ધીરજ અને કુનેહ વાપરી છે એનું પણ અહિં આપણને પવિત્ર દર્શન થાય છે.

ધીરજ અને કુનેહ એ જેટલાં ડહાપણથી આવે છે, તેના કરતાંય વધારે ઉત્કટ પ્રેમથી આવે છે, વૈષયિક પ્રેમ અને અહંપ્રેમ ભલે આંધળો હોય પણ નિર્હેતુક, શુદ્ધ પ્રેમની દૃષ્ટિ તો લગભગ દિવ્ય હોય છે. અને કેળવેલાં ડહાપણ કરતાં પ્રેમનું ડહાપણ આખરે બધી રીતે શ્રેષ્ઠ અને કલ્યાણકારી હોય છે. શુદ્ધ પ્રેમને લીધે થયેલી ભૂલો પણ સમાજને અંતે ઊપર જ ચડાવે છે.

પ્રેમ અને તત્ત્વનિષ્ઠા મૂળમાં એક જ છે. પ્રેમની ભક્તિ સગુણ હોય, તો તત્ત્વનિષ્ઠાની ભક્તિ નિર્ગુણ હોય છે એટલો જ ફેર—પણ મૂળમાં બન્ને એક જ છે.

જંગલમાં રહેનારાં પશુઓની અંદર જીવનકલહ ચાલે છે. પણ તે કલહને કારણે કોઈ તેમને ગુનેગાર કહેતા નથી. જાનવરોને માટે ક્રૂર અથવા સૌમ્યનાં વિશેષણો આપણે લગાડી શકીએ છીએ, પણ તેમને આપણે ગુનેગાર કે પ્રામાણિક કહી શકતા નથી. એવો ભેદ તેમને માટે છે જ નહિ. તેઓ જંગલનો નિયમ પાળે છે.

કેટલાંક પ્રાણીઓમાં સામાજિક વૃત્તિ ઉત્કટપણે દેખાય છે. તેઓ અંદર અંદર સામાજિક વૃત્તિ અને સહાયવૃત્તિ, અમુક હદ સુધી, બતાવે છે અને તેથી આપણને આશ્ચર્ય પમાડે છે. કેટલાંક પ્રાણીઓ એવી સામાજિક વૃત્તિ પોતાના જીવનસાથી પ્રત્યે અને બચ્ચાંઓ પ્રત્યે જ બતાવી શકે છે. બાકીની દુનિયા એમને માટે કાં તો ભક્ષ્ય છે અથવા તો શત્રુ છે.

માણસમાં સામાજિક વૃત્તિ ક્યારે ખીલી એનો ઇતિહાસ જડતો નથી. માણસ પ્રથમથી જ, ઓછેવત્તે અંશે સામાજિક પ્રાણી છે અને તેથી એણે પોતાની પ્રાકૃતિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ પરત્વે જાતજાતના સામાજિક આદર્શો ઘડી કાઢ્યા છે. એ આદર્શો એને વખતોવખત બદલવા પડે છે એ ખરૂં, પણ એક વખત ઘડાયા પછી, અને અમુક કાળ સુધી ટક્યા પછી તે એવા તો દૃઢમૂળ થાય છે કે તે મનુષ્ય સ્વભાવનું જ રૂપ ધારણ કરે છે.

એ આદર્શો ખીલવાનાં ક્ષેત્રો મુખ્યત્વે ચાર પાંચ જ છે. કૌટુંબિક જીવન એ એક ક્ષેત્ર છે. એમાં લગ્નસંબંધ અથવા વૈવાહિક જીવનની શુદ્ધિ, મિલકત ઉપરનો કુટુંબીજનોનો સરખો જ સામુદાયિક હક્ક, અને પરોણાગતના એટલે કે આતિથ્યના ઉદાર આદર્શો, એ ત્રણ આ ક્ષેત્રનાં મુખ્ય તત્ત્વો છે.

કુટુંબ બહાર સામાજિક જીવનનાં તત્ત્વો ઉત્પન્ન થાય છે. એમાં પણ આતિથ્યનો આદર્શ, શરણાગતને રક્ષણ આપવાનો આદર્શ, અપમાન કે અન્યાય કરનાર વ્યક્તિ કે જાતિ પર બદલો લેવાનો આદર્શ, બ્યાજવટું કરવા ન કરવાનો આદર્શ, વચનપાલન, સત્યવાદિતા અને ન્યાયનિષ્ઠાનો આદર્શ, એ બધા આ ક્ષેત્રમાં જ આવે છે.

આવા આદર્શો ઘડવાનું કામ કુટુંબના કર્તાહર્તા પુરુષોનું, વહુઓ ઉપર રાજ કરનાર સાસુઓનું, અને કુટુંબોને દોરનાર ગોર કે ચારણ લોકોનું હોય છે.

જ્યારે સમાજો અને રાજ્યો સ્થપાય છે ત્યારે રાજાઓ અને ન્યાયાધીશો, પંચાયતના પ્રમુખો અને સમાજને દોરનાર કવિઓ અને પયગંબરો સમાજ માટે આદર્શો ધીરે ધીરે ઘડી કાઢે છે.

આલેખવાની આદત-શું સાહિત્યના કે શું રાજકારણના ક્ષેત્રમાં માંદલી મનોદશાને જન્માવે છે. એટલે હિંદ-પ્રેમી નામાંકિત આંગ્લ ગ્રંથકાર શ્રી ફોર્સ્ટર, કે જેમને લંડનની પી. ઇ. એન. શાખાએ ખાસ પ્રતિનિધિરૂપે મોકલ્યા હતા તેમણે જવાબ વાળ્યો:

'હું તો અર્વાચીન સાહિત્યને ઘણે ઊંચે સ્થાને બેસારું છું. એને હાલનાં ને ચાલતાં વખોડતા લોકો સાથે મારે મતભેદ છે. બુદ્ધિસંપન્નો અને લેખકોને ઠપકો દેનાર શ્રી રાધાકૃષ્ણની સાથે હું મળતો નથી થતો. મને તો લાગે છે કે વર્તમાન કાળે પણ શક્ય તેટલું સારું કામ કરી બતાવ્યું છે.'

પ્રાંતભાષાઓમાં બળ પ્રકટ્યું છે શાથી?

આપણી પ્રાંતભાષાઓના સાહિત્યનો આજે જ્યાં ને ત્યાં જબરો ઉત્કર્ષ થઇ રહેલ છે તેનું કારણ સર્વને સમજાતું નહોતું. એની સમજ પં. જવાહરલાલે ત્યાં પાડી:—

'પ્રાંતીય ભાષાઓ અને સાહિત્ય આજે વિશેષ પ્રાણવંતાં છે કારણ કે તેઓ જનતાના જીવનને સ્પર્શવા પાછાં વળ્યાં છે અને પ્રેરણા પણ જનતામાંથી જ ખેંચી રહેલ છે. સાહિત્યની મહત્તા સર્વજનસામાન્ય એવા અનુભવનાં સાચાં તત્ત્વોને સ્પર્શ કરવામાં જ છે, પછી ભલે એ અનુભવ ચાહે તે ભાષામાં વ્યક્ત થાઓ.'

કારખાનું કરી ન મૂકશો

પી. ઇ. એન. પરિષદની મોટી સફળતા જ આ હતી કે

તેને આશરે વિચારભિન્નતાને જુદી જુદી રીતે વ્યક્ત થવાનો મોકો મળ્યો. સંમેલનની પુર્ણાહૂતિ કરતાં કરતાં, હિંદ–શાખાનાં સંચાલક ઉત્સાહમૂર્તિ શ્રીમતી સોફીઆ વાડીઆએ જે કહ્યું તેને આપણે સર્જકપ્રતિભાના મુક્ત પ્રાકટ્યની ગુરુચાવી ગણીએ. એમણે કહ્યું કે–

'આ સંસ્થાને કોઈ વાદ કે ઝનૂન નથી એ તો સાચી સંસ્કારિતાના છત્ર તળે કામ કરે છે અને સાહિત્યમાં એકધારાં ધોરણો એને ખપના નથી. કારણ કે એથી તો સાહિત્ય અમૂક નંબરનો માલ કાઢનારું કારખાનું જ બની જશે.'

ન્યૂનતા આરલી

પરંતુ લેખકોની સર્જકતાને મારી નાખતી અને એના વિકાસને રૂંધતી વિટંબનાઓ આ સંમેલનના કાર્યક્રમમાં ક્યાં યે વિચારણા ન પામી એવી એક હાજરી આપનારની ફરિયાદ છે હિં. ટા પત્રના પ્રતિનિધિ લખે છે કે 'પુરસ્કારના ઊતરતા દરો, પરપ્રાંતમાં પોતાની કૃતિને ઉતરાવવાની મુશ્કેલીઓ, અને પ્રાંતભાષાઓ સામેના અંતરાયો પાર વિનાના છે. ક્ષુદ્ર રાખ જેવું અંગ્રેજી લખો તો પૈસા રળો, પોતાની ભાષા પર અસાધારણ પ્રભુત્વ ધરાવતા હો તો પણ પેશ–ધંધો કર્યા વગર પેટ ન ભરાય એટલે પી ઈ એન જો ધારે તો રાજસત્તાની મદદથી એક એવું પ્રકાશન-ખાતું ખોલી શકે કે જેમાંથી વ્યાજબી પુરસ્કારે તરફડીઆ મારતા યુવાન લેખકોની કૃતિઓ પ્રકટ કરી શકાય હિંદી ભાષાની કૃતિઓ અંગ્રેજીમાં ઉતરાવવાનું આંદોલન પણ આ સંસ્થા કરી શકે પણ આ માટે જરૂરનું એ છે કે પી ઈ એન સંસ્થા ૫રનો આંગ્લ-હિંદીઓનો કાબુ ઓછો થાય, કારણ કે એ લોકો તો અંગ્રેજીને કાયમ વરેલા હોઈ પ્રાંતભાષાઓ પ્રત્યે લાગણી ન જ ધરાવતા હોય'

ધર્મપ્રધાન સમાજોમાં ઋષિમુનિઓ, સ્મૃતિકારો અને આચાર્યો સર્વ હિતકારી દીર્ઘદૃષ્ટિથી, અત્યંત વ્યાપક અને ઉજ્જવળ આદર્શો સમાજ આગળ મૂકે છે, અને માનવસંસ્કૃતિને ઊંચે લઈ જાય છે. જ્યારે બીજી બાજુએ રાજાઓ અને રાજ્યકર્તાઓ પોતાનો સ્વાર્થ અને સમાજની લાગણીઓ, બન્નેનો વિચાર કરી, સમાજમાં નભી શકે અથવા સમાજ પાસેથી નભાવી શકાય એવા આદર્શો રૂઢ કરે છે

પ્રસ્તુત દસ્તાવેજમાં આપણે પાટણવાડીઆ કોમનો સ્વાભાવિક જીવન આદર્શ એમની વચ્ચે રહીને પોતાનું ગુજરાન શોધનારા ગોર લોકોએ ચલાવેલો મધ્યકાલીન હિંદુ આદર્શ, દેશી અને પરદેશી રાજ્યકર્તાઓએ વિચારપૂર્વક ખીલવેલો પણ અણઘડ રીતે અમલમાં આણેલો કાયદાનો આદર્શ, અને મહાત્મા ગાંધીજીએ દેશ આગળ અને મનુષ્ય જાતિ આગળ રજૂ કરેલો માણસાઈભર્યો અને બહાદુરીભર્યો સત્ય અહિંસાનો કલ્યાણમય આદર્શ—એ બધા આદર્શોના સ્વભાવસુંદર આઘાતપ્રત્યાઘાત જોવાને મળે છે. અને એ દૃષ્ટિએ જ્યારે આપણે આ આખું બયાન વાંચીએ છીએ ત્યારે નિસ્પૃહ અને પ્રેમળ, નિરહંકારી અને સેવાપરાયણ સંસ્કૃતિવીર રવિશંકર મહારાજની મૂર્તિની ઉંચાઈની ભવ્યતા માપી શકીએ છીએ.

"અસ્થા તારે કાયદાને રસ્તે જવું હોય તો તે માર્ગ તારે માટે ખુલ્લો છે. અને મારે માર્ગે જવું હોય તો તારે માટે મહેનત કરવા તૈયાર છું મારે માર્ગે જતાં સજા તો થશે જ, પણ એ ઓછામાં ઓછી થાય એને માટે હું પ્રયત્ન કરીશ !' એમ રવિશંકર મહારાજે એક જણને સમજાવ્યું પેલાએ વકીલોની સલાહ માની, એ માર્ગે જતાં ગુનેહગારને મહારાજ ધારતા હતા એના કરતાં ય ઓછી સજા થઈ અને ગમે તે પ્રકારે ભલે હોય પણ ગુનેહગાર બચી ગયો એટલાથી જ રવિશંકર મહારાજ રાજી થયા એ દૃશ્ય એ આ બધા પ્રસંગોનો અને આજની માનવી સંસ્કૃતિની લેવલનો નીચોડ છે.

અને ત્યાં જ અનાસક્ત પ્રેમધર્મી રવિશંકર મહારાજની ભવ્યતા મેં ભાળી છે. આવી અનાસક્ત પ્રેમમૂર્તિ જ સંસ્કૃતિને ઉંચે ચડાવી શકે છે.

શ્રી મેઘાણીએ રજૂ કરેલી મહીકાંઠાની આ જીવનકથામાં સ્નાન કરીને તીર્થસ્નાનની ધન્યતા હું અનુભવું છુ. આશા રાખું છું કે વાચકોને પણ એ જ અનુભવ થશે.

રાનીપરજ અને દુબળા હળપતિની સેવા કરનાર મારા મિત્ર શ્રી જુગતરામ દવે સાથે એમના ક્ષેત્રમાં, તાપી, મીંઢોળા, પૂર્ણા અને વાલ્મિકી નદીઓને કાંઠે આ પ્રસ્તાવના કટકે કટકે લખી છે એ પણ એક આનંદનો વિષય છે.

શરદ પુનેમ

કાકા કાલેલકર

રાણી ગીન્દાલો

મકરન્દ દવે

હિંદી પ્રજાનો આત્મા જાગ્યો છે, એવી ખબર મળતાં ક્રાંતિનાં પૂર વહાવનાર રાણી ગીન્દાલોનાં અદ્ભૂત વ્યક્તિત્વને લેખકે આ નાટિકામાં ઝીલવા સફળ પ્રયત્ન કર્યો છે

પં. જવાહરલાલે તેમનાં 'યુનિટી ઓફ ઇન્ડિયા' નામનાં પુસ્તકમાં ગીન્દાલોનો જે કાવ્યમય ઉલ્લેખ કર્યો છે તેના પરથી પ્રેરણા ઝીલી લેખકે પોતાની કલ્પનાને વહેતી મૂકી પ્રાણવાન નાટિકા સર્જી છે. સં.

[ચૈત્રના પ્રથમ દિવસો છે. વસંતનો પ્રાણ જાગી ઊઠયો છે. લોકોના હૃદયમા પણ ઘડી તાજગીની લહરી ફરકી ગઇ છે ગામ બહાર—જ્યા પાર્શ્વભૂમિમા ઊંચી ટેકરીઓ અને સઘન વનરાજીના દર્શન થાય છે, ત્યા વાસના સ્તભો પર ઘાસનો કઈક વિશાળ મડપ બાધતા, શણગારતા એડૂતોનું એક નાનું ટોળુ દેખાય છે મુખ્યત્વે બધા મર્દોને અને બીજી કડીઓ જુદા જુદા આદમી ગાય છે]

ગીત

પંખી શું પીંજરાનું સળગ્યા કરે
અલ્યા, જીવતરને શેણે ઉકાળ્યા કરે?

તારી પાંખ્યુને ઊડવાની આશા નથી
તારે સુણવાની પાંદડાંની ભાષા નથી
હવે બેસી શું સૂનમૂન ભાળ્યા કરે
અલ્યા, પંખી શું જીવને પ્રજાળ્યા કરે?—પંખી.

અરે! ગાંડા, શું સળિયામાં ચાંચ્યું ઘસ્યે
એના લોખંડી આગળિયા અળગા થશે?
ઠાલું જોને તારે મોંયે લોહી ઝરે
અલ્યા, પંખી કાં જીવનને ખોઈ મરે?—પંખી.

જરા ગાઈ લે! ગાઇ લે! અડધી ઘડી
તારી ચંત્યાને એકવાર મેલી પડી
જોને જીવનિયું વેગેથી જાયે સર્યે
અલ્યા, જાતું પછી નવ પાછું ફરે.—પંખી.

હવે નાચી લે! ગાઇ લે! ઊંઘી લેને!
હાં રે મીઠાં તે સપનાંને સૂંઘી લે ને!
શેણે પંખીડા, પીંજરામાં સળગ્યા કરે
તારા જીવતરને જંવાળા શું વળગ્યા કરે?—પંખી

એક : જો એય! ગોર બાપા હાલ્યા આવે.

બીજો : આજુ ફેરે તો ચોકખું સુણાવી દેવુ છે હો! આપણે ખોટો ખરચો કરતા હોઇએ તો એમાં

ત્રીજો : આખી જિંદગીમાં એક દી'યે આનંદ ના કરવો એમ?

ચોથો : ગોરબાપા અટકી કાં આ? શુ વચારમાં પડયા હશે?

પાચમો : આપણી માથે દુ:ખનાં ઝાડ ઊગી ગયાં છે ઇ જ. એમની છોડી ગીન્દાલો પણ ઈ જ કયે છે.

એક : ગીન્દાલો કયે છે કે ઓચ્છવ આપણને ભરમ જાળમાં ફસાવે છે.

બીજો : તંઈ કોઇ દી' હસવાનું ય નંઈ?

એક. જો આ ગોરબાપા આવી પૂગ્યા.

(ગીન્દાલોનો પિતા—જે આ લોકોનો પુરોહિત છે—પ્રવેશે છે)

બીજો : ઈ રે'વા દેજો! ગોરબાપા, પરમથી જ કહી રાખું છુ, કે ઈ રેવા દેજો! જીવના સમ છે હવે કીધુ છે તો!

ચોથો : પણ ગોરબાપા, આ ઓચ્છવ તો આપણા બાપદાદાની વારીથી હાલ્યો આવે છે. એને અટકાવાય કેમ કરી?

ત્રીજો : કાં અટાણુ સુધી કોઇએ મના ન કરી?

પાચમો : આખો અવતાર વૈતરું કરડી છીં, ગોરબાપા! એક દી તો લ્હાવો લેવા દો?

પુરોહિત : તમારું ભલુ થાજો, પણ ઘરમાં ચપટી લોટ ન હોય, છોકરાં ને પીવા ટીપું ય દૂધ ન હોય ને આ ઓચ્છવ! કરજે નાણાં ઉપાડીને બરડા ચીરવાનો ધંધો છે.

બીજો (પોતાને કાને હાથ દઈ) : ઈ ખબર છે, સધી ય ખબર છે પણ અતારે કયોમા ગોરબાપા! પગે પડું. અતારે એને સંભારો મા!

ત્રીજો : આખો જનમારો કાળી-મજૂરી કરવાની છે ને! કર્યા કરશું.

ચોથો : નસીબમાં લખાવીને આવ્યા છીં ગોરબાપા!

પુરોહિત : કાંઈ ખબર ન પડે. પણ ગીન્દાલોની વાતું સાંભળી હવે આ ખમાતું નથી. હવે આ જોયું જાતું નથી, ભાઈ?

એક : ત્યાં જ મૂળ વાત છે. ઇ ગીન્દાલોના જ કામા !

પાંચ : તમે એને ભાળીને શું કામ? એને ભાળીને એટલે જ એનાથી કાંઇ વેઠાતું નથી.

ત્રીજો : નાહક વચારવાયુ થઈ જાય ને કંઈક ભૂત વળગે.

પુરોહિત : ભૂત એને વળગ્યું ઈ પહેલાં એની મા સુરમાને વળગ્યું હતું. માથાં પછાડીને ઇ મરી ગઈ છે, કે આનો કાંઈ ઉપાય? ગીન્દાલો સામુ જોઉં છું તો જાણે સુરમાની જ આંખ્યું પૂછે છે, આનો કાંઈ ઉપાય?

ચોથો : આપણાં લખત જ, ગોરબાપા ! ખાલી સપરમે પરબે કયાં હૈયાહોળી કરવા બેઠા?

પાંચમો : ઓચ્છવ તો કરવો જોવે, ગોરબાપા !

એક: ગીન્દાલો કયે ન કયે એક દી'એ ગળ્યું મોઢું ન કરવું?

બીજો : રોજ મૂઠી ધાન તો પામતા નથી. સારાં વરતર તો દેખતા નથી. દુઃખ રોયા કરીને દી કાઢવા એના કરતાં થોડીક વાર તો ઈ ભૂલી જાવા દ્યો ! તમે ડાહ્યું માણસ છો, ગોરબાપા ! શરાપ ના દેતા. ગીન્દાલોને મેં જોઈ છે આંખો ભરીને જોઈ છે. કાયાને ઘસીને બેઠી છે ગાંડી, કોણ જાણે શું તપ તપવા?

ત્રીજો : નાહક સળિયામાં ચાંચ્યું મારી જીવ કાઢવાના ઉપાય.

[નેપથ્યમા ગીત]

ગીત

સોનાની ધરતી આ વિલસે છે
તોય અભાગીના પેટમાં ખાડા
અન્ન કપાસના ઓઘ હસે છે.
તોય અભાગીનાં અંગ ઉઘાડાં
આયુને ઉંબરે પગલું દેતાં
હાય અભાગીને મોતના મેળા
જીવન-હાસ્યની બારેતી ટાણે
હાય અભાગીને રૂદન વેળા !
બારણાં ખોલો ! ઓ બારણાં ખોલો !
શાને આ ડામતી અંતર શિલા!
તોડી દોં બંધ રે આજે મિટાવો
જીવનના અપમાનની લીલા
જીવન હણતી પાશવી લીલા.

ચોથો : ગીન્દાલો ! ઈ ગીન્દાલોનો જ અવાજ !

પાંચમો : એને ના પાડી દો ! ગોરબાપા, આના વેણથી મણમાં પાછી લાય લાગે છે એને ના કેહી દો !

બીજો : હાય રે ! સુખની સેજમાંથી જાણે કોઈ પરાણે બાવડું ઝાલી ખેંચી જાય છે.

પુરોહિત : સુરમાએ રાતી ઓઢણી તે દિનમે ઓઢી હતી. આંખોમાં તો જાણે અંગારા સળગ્યા હતા. જાણે સળગતી મશાલ ! જાણે જીવતી ચિતા ! ખબર છે? એના બબ્બે બાળકોનો સરકારે ભોગ લીધો હતો. સાચુ એક વેણ કેતાં ગજા ઉપરવટનું કામ કરાવી ભૂખે મારી સુરમા એ કયાથી ભૂલે? પેટના જણ્યાંના જેણે વખ અનુભવ્યા છે એને એ ઝાળની ખબર છે. ગીન્દાલો એનું ફૂલ. મને કહે એનું જતન કરજે ! એને ભણાવજો ! એને ભગવાન મારગ બતાવશે ને દુઃખનાં ઓસડ એ ગોતી લાવશે. મરતી નારીના આ શબ્દો, મને એ દિવસ બરાબર યાદ છે.

[ગીન્દાલોનો પ્રવેશ પાતળું ફિક્કું શરીર, આંખો ઊંડી ને વેધક—અર્ધ સ્વપ્નાવસ્થામા રમતી]

ગીન્દાલો : પે...લી ટેકરી માથે જ્યારે સૂરજનાં ઉજળાં કિરણો હું ઝીલતી હતી ત્યારે ઝાડીમાથી ગળાઈ ગળાઇને તમારા બીના સ્વર સંભળાતા હતા. થયું કે જાણે ગાઢ જંગલમાં પંખી ભુલું પડી ગયું છે ને મનને મનાવવા મથે છે. જાણે સૂની ડાળી પર એકલું બેઠું બેઠું ગાય છે કે અહીં જ મારો માળો છે શાને આંસુ! આ બાજુમા જ મારુ ચણનું ખેતર ને પાણીનો ઝરો છે

એક : કંઠે પ્રાણ આવ્યા ગીન્દાલો ! તું ખરે ટાણે જ એવી વાત લઈને આવ છ. કે માંડ જંપી ગયેલું મન બેબાકળું થઈ જાગી ઊઠે છે.

બીજો : આ તેંવારને દી જ કમનસીબીના ઓછાયા ભૂતને તું આંખ આગળ તેડી લાવ છ, ગીન્દાલો !

ત્રીજો : ઓચ્છવ ઊજવવાની તું સંધાયને ના પાડે છ? એને તું ભરમજાળ કે'છ?

ગીન્દાલો : ઊત્સવ ઊજવવાની મેં ના નથી પાડી, ના નથી પાડી. પણ કોણ જાણે એની ઝાંખપનો આજે પાર નથી ! એટલે જ કહું છું, ક્યાંક નક્કી ભૂલ છે અવાજ ઊંચો કરતાં ગળામાં દુઃખની કાંકરી તરડાય છે. ઊત્સવ તો એવો હોય કે આનંદની ભરતી એની મેળે આપણને ઉછાળી લે !

ચોથો : એવું તે બનતું હશે ?

પાંચમો : બાપદાદા કરી ગયા છે તે આપણે પરાણેય કરવું જોવે !

ગીન્દાલો : એમ નથી, એમ નથી. આ જીવતી સૃષ્ટિ જ આપણને સાદ દઈને બોલાવી રહી છે. આમ જો ! પણે દૂર વનની લીલી કુંજારમાં પવન વાંસળી વગાડી રહ્યો છે, ને કેસુડાંની અગનજ્યોત ઝરણાને કાંઠે ભભૂકી ઊઠી છે. પંખીનાં ગીતમાં જાદુભર્યા સૂર ગૂંજી ઊઠયા છે. આમ તો જો ! કેવા રંગના ફુવારા ત્યાં ઊડે છે ! કેવા અંગ મરોડી વાંસનાં ઝુંડ ગાઈ રહ્યાં છે ! આપણને સાદ પાડી પાડી એ બોલાવી રહ્યાં છે ! કાન તો માંડી જો !

[બધા નિઃશબ્દ. થોડી વારે]

ગીન્દાલો : મારી ના નથી, ઉત્સવની ના નથી. ઊડતી વાદળીની જેમ મારે નાચી ઊઠવું છે, પણ જાણે કોઈએ જમીન સાથે પગ જડી દીધા છે. એવા ઉત્સવની શોધ માટે હું રાતદિવસ રખડું છું એવો ઉત્સવ ! કે જીવન પછી કોઈ દિવસ અકારું ન લાગે. કોઈ કાળે એનો અણગમો ન વસે.

એક : એવું થાય કદી ગીન્દાલો ?

બીજો : અટાણેય એકલા વખતે ટાઢક તો વળે છે, તારી અણજાણી વાતુથી અમારી મીઠી નીંદરા યે કાં હરી લે ?

ગીન્દાલો : એ નીંદર નથી. અફીણનું ઘેન છે. ઓલા મનીરામને આજે થાણે લઈ ગયા. અફીણના ઇજારદારે તેની ઘરવખરી વેચી નાખી તોય પૂરું ન થયું હવે ફટકા ખાશે કે જેલ ભોગવશે. ઘેનમાંથી જાગ્યા પછી ટીસ ભાગી જાય છે, ભાઈ ! પણ આપણે ઉત્સવ તો કરવો પડશે. એટલે જ ઉત્સવ કરવો પડશે. આ કુદરતમાં નવજીવનનો પ્રકાશ રેલાયો છે અને આપણે અંધારે કેમ બેસી રહશું ? મારું હૃદય ચીસ પાડે છે કે મારે પ્રકાશ જોઈએ છે ! ઓ મા ! તારો પ્રકાશ જોઈએ છે ! તમે તૈયારી કરી રાખજો ! આસન બિછાવશું તો દેવતાને સાતમે આકાશેથીય અવતરવું પડશે.

[જાય છે.]

ચોથો : ગોરબાપા ! તમે કાં બોલતા નથી ? એય ગોરબાપા ! ગીન્દાલોને વારજો ક્યાંક ગાંડો ન બની જાય !

પાંચમો : અરે ! તેના કાળજામાં કેવા અજંપાએ માળો બાંધ્યો છે ?

પુરોહિત : મારા હાથની વાત હવે કાંઈ નથી રહી. મંત્ર ભણીને ગમે તેવા ઝોડને પહેલાં ભગાડી દેતો. આ ગીન્દાલોનો વળગાડ હવે મારા પર પણ ઓછાયો પાડે છે.

[ધીમે ધીમે અંધારું ઊતરે છે.]

બીજો : હવે આજ તો આ માંડવાને હાથેય નહિ લગાડી શકું. વાઝોડાની જેમ આવીને વહી ગઈ, આ હાડકાનું માળખું કેવું થરથર ધ્રૂજે છે ઈ એને ખબર છે ?

ત્રીજો : રાતની નીંદરા પછી સંધું ય ભૂલી જવાની મેં ટેવ પાડી છે. નકર જીવાય કેમ કરી ? આજની વાત ભુલાશે ?

[અંધારું ઘેરાતું જાય છે નેપથ્યમાંથી પહેલાં સ્પષ્ટ પછી આછો આછો થતો જતો સંગીતધ્વનિ વિલય પામે છે. સહુ છાયા શા વિખેરાય છે.

ગીત

જો નહિ સાંભળું તારો હો સાદ !
આજ નક્કિ મારું કાળજું તૂટે

જો નહિ વરસે મેઘની ધાર
ભેજે પાતાળ કૂવા મારા ખૂટે

ભીષણ વેદનાને પડછાયે
જાપ જપ્યા તારા બેસીને ધૂળે

આવ, પ્રકાશને પગલે સ્વામી !
આતુર આ મારાં નયણાં ખૂલે
તેજનાં તોરણ હૃદયે ઝૂલે

દૃશ્ય બીજું

[ઊંચા નીચા ટેકરા, વૃક્ષોની ઝાડી ને તેમના શિર પર ગગનસ્પર્શી પહાડો તોળાઈ રહ્યા છે. તેમની વચ્ચે જંગલનો પગરસ્તો વહી જાય છે. ગામડાના લોકોના ટોળા મેળામાં સાજ

લેવા જઇ રહ્યાં છે તે ઝાડીમાંથી પસાર થતાં કોઈ કોઇ વાર દેખાય છે. અસ્પષ્ટ કોલાહલ પણ સંભળાય છે ગીન્દાલો એક શિલા પર અન્યમનસ્ક બેઠી છે. થોડીવારે ગીન્દાલોનો પિતા પ્રવેશે છે]

પુરોહિત : (પગકેડી પરથી ગીન્દાલોને જોઈ જતાં) અરે ! શું અહીં બેઠી છે ? ન ખાવું, ન પીવુ, ન ઘરનું કામકાજ કરવું. હવે તો વાંચવુંય છોડી દીધું ને આ કઈ ઘેલછા પાછળ પડી છો, ગીન્દાલો ? જ્યાં આરો નથી, ઓવારો નથી એવા દરિયામાં પડી જિંદગી વેડફી નાખવા તૈયાર થઈ છો. તું બધાને તારા પ્રવાહમાં ખેંચી જાય છે, પણ પાછળથી આકરા સંતાપની ઝાળ વિના કાંઇ નથી હાથમાં આવતુ.

ગીન્દાલો : હું જાણુ છું, બાપુ ! ભીતરથી જાગે છે તેને ઠારી શમવવા અનેકવાર મથુ છું. પણ એથી તો અગ્નિ વધારે સળગે છે.

પુરોહિત : લોકના હૈયામાં તેં પાછી અસંતોષની દીવાસળી ચાંપી છે. એના ઝાંખાઝપટ ચહેરા હવે નથી જોવાતા, બેટા ! પાછી ફર ! તારી વાતો ને તારાં સ્વપ્નાંપાછા વૃદ્ધનેય તું ખેંચી જાય છે. એ તારા સોણા હવે સંકેલી લે ! પાછી ફર, ગીન્દાલો ! તારા કલ્પનાના માયમૃગ પાછળ ફરવુ હવે છોડી દે !

ગીન્દાલો : ના બાપુ ! એમ કહેશો નહિ. મારા ઉત્સવની હું તૈયારી કરું છુ તેમાં વચ્ચે આવી વિઘ્ન ન નાંખશો. હવે વાર નથી જૂઓ જુઓ ! એક છબી વારંવાર મારી આંખે આવીને તરવરે છે.

પુરોહિત : કેવી છે એ છબી ?

ગીન્દાલો : એણે રાતી ઓઢણી ઓઢી છે મુખ છે શ્વેત પોયણી જેવુ. આંખોમાં ઝબકતું તેજ છે. વીજળીની ત્વરાથી એ જાણે ઊડતી આવે છે.

પુરોહિત : છોકરી ઘેર ચાલ, જલદી ઘેર ચાલ, આ નવા દિવસોમાં તને કોઈ ભરખી જશે.

ગીન્દાલો : ડરશો નહિ બાપુ ! એ મારી સાથે હસે છે, મારે માથે હાથ મૂકે છે...મને ચૂમી...

પુરોહિત : ગીન્દાલો !

ગીન્દાલો : મારી સાથે એ વાત કરવા માગે છે બાપુ !

(ગામની છોકરીઓ ગાતી ગાતી પ્રવેશે છે.)

ગીત

દખ્ખણુ વાયુની લેરખી બેની !
 વ્યાકુળ ધરતી શ્વાસ
આ જગાડે બારણે બારણે
વનના સૂના વાસ
શાને કારણે ત્યારે નેન ભીંજાવે !
એકલી બેસીને મન મૂંઝાવે !
હૈયે ન કેમ ઉજાસ !

મનને તળિયે ડૂબીને બેની !
કેમ વલોવતી પ્રાણ !
કેમ ન ઓઢે હૃદય તારે
આજ કો બોલ અજાણ !
તારે જીવન ચૂવે આજ નોધારાં
આભનાં શ્યામ આ વાદળ કાળાં
કેમ ન પ્રગટે ભાણ !

છોકરીઓ : ગીન્દાલો !

પુરોહિત : એને મનાવીને બેચી લાવજો. એને તમારા ખોળામાં તાણી લેજો ! મારી પૂજાને મોડું થાય છે, બેટા ! એને તમારા શબ્દની સાંકળીએ બાંધીને પાછી વાળજો ! (જાય છે)

એક છોકરી : (ગાય છે)

આજ ઘણી મશ્ક કરી
માંડ હવે હાશ કરી
તારી કાઢી ભાળ
હવે હાલ ! હવે હાલ !
નાચની આ વેળા હવે
જાય અબઘડી સરી

બીજી છોકરી : વાંસળી આ વાગી હવે
જોને આખું વન ભરી

ત્રીજી છોકરી : હાલ હવે ! હાલ હવે !
ઊભા અહીં પગ કવે.

[અનુસંધાન પૃષ્ઠ ૧૫૧]

હારેકો હરનામ

લેખક : ગિરીશ

ભીમજી પથારીમાં ઊંઘતો પડયો હતો. ફીકાને રડતો સાંભળી એ જાગી ગયો અને પથારીમાં પડયાં પડયાં આંખો મીંચી રાખીને જ એણે મોટે સાદે કહ્યું, 'સોના, એ... સોના ! આ તારો છૈયો ભોકાસાં નાખે છે. ભારે ઉંઘાળવી !'

પડખે જ સોનાની પથારી હતી અને તેની જ પડખે છાપરાની વળીઓ સાથે બાંધેલી ફીકાની ઝોળી હતી.

સોના ભીમજીની ઘરવાળી હતી.

ભીમજીના કહેવાનો કાંઇ જવાબ મળ્યો નહિ અને ફીકાનું બૂમરાણ ચાલુ રહ્યું, એટલે એ આંખો ચોળતો પથારીમાંથી બેઠો થયો અને ઘરમાં-ઘરમાં શાને ? ઓરડીમાં-ચારેમેર નજર કરી.

સવાર પડી હતી એટલે છાપરાનાં બાકોરામાંથી ઝાંખો પ્રકાશ ઓરડીમાં પડતો હતો.

સોનાને એણે પથારીમાં દીઠી નહિ ધાર્યું કે એ પાણી ભરવા ગઇ હશે. પણ પાણીનું માટલું ને મોરિયો ઘરમાં જ દીઠાં. ધાર્યું કે એ જાજરુ ગઇ હશે. અને ભીમજીએ ઊઠી ફીકાને ઝોળીમાંથી લીધો.

ફીકાએ રાતભરના ઝાડા, પેશાબથી તેની નીચેનાં બાળોતિયાં બગાડી મૂકયાં હતાં, એટલે ભીમજીએ સોનાની પથારીમાં પડેલો સોનાનો જૂનો સાડલો લઇ ફીકાને તેમાં લપેટયો અને રડતો ફીકો ઘડીવાર ડાહ્યો બન્યો.

જાજરુ જઇ આવતાં કેટલી વાર ? ભીમજી રાહ જોઇ થાકયો. બહાર પૂરેપૂરું અજવાળું ફેલાઇ ગયું હતું. એણે બારણું ઉઘાડયું અને દાતણ મ્હોંમાં ઘાલી ફીકાને તેડી ઉંબરામાં ઊભો રહ્યો.

છેવટે ભીમજી ઘરમાં આવ્યો. ફીકાને એક ગોદડી પર સુવાડી એણે ચૂલો સંધૂકયો અને તપેલીમાં ચાનું પાણી મૂકયું. એટલી વારમાં એણે ઓરડીમાં બધે નજર ફેરવી. વળગણી પર સોનાનાં કપડાં ન હતાં ! એ ચોંકયો.

ચા પીધી. ફીકાને પણ ચાદૂધ પાયાં અને ભીમજીએ સોનાની તપાસ કરવા બહાર જવા કપડાં પહેર્યાં, પણ ઘર બહાર જવા પહેલાં એણે ગઇ કાલની કમાણી સંભાળી લેવા કોઠીમાં હાથ નાંખ્યો.

કોઠીમાં કાંઇ જ ન હતું. એને ભારે નવાઇ લાગી. ગઇ કાલે રાત્રે સૂતા પહેલાં સોનાને બતાવીને જ, પોતે પોતાને સગે હાથે, રૂપાનું નાનકડું ઝુમ્મર કોઠીમાં મૂકયું હતું અને પછી કોઠી પર માટલાં-મોરિયાની ઉતરડ ગોઠવી હતી

એટલે એણે બાજુમાં પડેલો એક જૂનો ટ્રંક ફેંદવા માંડયો તો એમાંથી રૂપિયાની એક ચીંદરડી તેને ગૂમ થતી જણાઇ. વળી એમાં પડયાં રહેતાં સોનાનાં લૂગડાં-સાડલો, ઘાઘરો ને કાપડું-પણ એમાં ન હતાં.

ભીમજીની ખાત્રી થઇ કે સોના કયાંક ચાલી ગઇ છે-ઘરમાં બધે હાથફેરો કરીને ચાલી ગઇ છે. પણ વળી વિચાર આવ્યો કે જાય કયાં ? ફીકાને મૂકીને જાય ? અને વળી છેલ્લા દસપંદર દિવસથી તો તેઓ લડયાં પણ ન હતાં. પણ સોના ન હતી એ ચોક્કસ વાત હતી.

ભીમજી વિચારવા લાગ્યો: 'સોના કયાં ગઇ હશે ? કોઇની સાથે ચાલી તો નહિ નીકળી હોય ?'

અને એનાં મગજનાં ચક્કર ચાલુ થયાં. પોતાના જુદાજુદા દોસ્તો સાથેના સોનાના વધુ પડતા વહેવારમાં એને ગંધ આવી. એને નક્કી લાગ્યું કે કાં તો રવજી સાથે કે કાંતો મેઘજી સાથે સોના ચાલી ગઇ.

'છો ગઇ ! મારા ઘરમાંથી એક પાપ ટળ્યું ! હતી તો બાવડી પણ મારા પર શો રૂઆબ ચલાવતી હતી ! એક રીતે કાશ ગઇ ! પણ આ એના છોકરાનું મારે શું કરવું ? હું એને શી રીતે સંભાળીશ-સાચવીશ ?'

અને ત્યાં તો ફીકાએ રડવાનું આદરી દીધું.

ભીમજી મૂંઝાયો : 'રાંડ કયાં ઉઘળી ગઇ એ ખબર પડે તો આ એના છોકરાને ત્યાં ફેંકી આવું.'

ઝોળીમાં સૂવાડેલા ફીકા પાસે ગયો અને એના દિલમાં એક આંચકો આવ્યો. એને કાંઇ ચિરપરિચિત હોય એવું જણાયું. ફીકા ભીમજીની 'સામું જોઇ મલકયો અને ભીમજીને પણ ફીકાની હીરાસમ ચમકતી કીકીઓમાં પોતાનું સૂક્ષ્મ પ્રતિબિંબ જણાયું. ફીકાના મ્હોં પરની રેખાઓમાંથી ભીમજીએ પોતાની પ્રતિકૃતિ ઉઠતી નીરખી.

એ સમજી શકયો નહિ પણ એને ઉમળકો આવ્યો અને એણે હસતા ફીકાની આખી ઝોળીને ઉંચકી હૈયા સરસી ચાંપી અને ફીકાને ચૂમીઓથી નવરાવ્યો. ભીમજીની મૂછના લાંબા વાળે ફીકાને ગભરાવ્યો અને છતાં એ ય કોઇ જુગજૂની ઓળખાણ હોય એમ ખિલખિલ હસ્યો.

એણે આમ કેટલીય વાર સુધી ફીકા સાથે ગેલ કરી અને હીંચકાવી ફીકાને ઉંઘાડી દીધો.

ઘરને સાંકળ વાસી એ બહાર નીકળ્યો. બજારમાં એક લટાર મારી એ ઘર ભણી પાછો વળ્યો. કીકાની હસતી આંખો ને ઊંચાનીચા થતા તેના નાનકડા પગ એની નજર સામેથી ખસતા ન હતા. 'એ રડતો હશે', 'એ ભૂખ્યો થયો હશે' : આ એક માત્ર પુકાર એના અંતરમાં ગૂંજી રહ્યો હતો.

'રાંડ પણ કરીને ? ગઈ ..ને મારી તો નહિ પણ આ ફૂલ જેવા બાળકની યે દયા ન આવી ? જો ક્યાંક મળી જાય તો એની ગળચી જ ચીપી નાખું.' એમ વિચાર કરતો એ એક કંદોઈની દુકાને કીકા માટે પાશેર પેંડા ખરીદવા ઊભો રહ્યો.

ભીમજી ઘેર આવ્યો. કીકો જાગતો હતો. એની ઝોળીમાં એ સળવળતો હતો : 'મા મા મા' કીકો આવું કાંઈક બડબડતો હતો.

'તારી માને બાવા ઉપાડી ગયા, બેટા ! તારે એની વાંસે જવું છે ?' એમ બોલતાં એણે કીકાને ઝોળીમાથી બહાર કાઢી તેડયો અને વળી વહાલનો ઉમળકો આવતાં એને હૈયા સરસો ચાંપ્યો.

કીકો ભૂખ્યો થયો હતો એનું મ્હોડું જાણે માના સ્તનને શોધતું હોય એમ ઉઘાડબીડ થતું હતુ ભીમજીએ સવારમાં રકેબી ચામાથી થોડી રાખી મૂકી હતી તેમાં થોડું દૂધ નાખી કીકાને ચમચા વડે પીવરાવવા માંડ્યું : 'પી, બેટમજી પી, તારી મા તો કૂતરીમાંથી પણ ગઈ. .મારું નસીબ તો મારી મગર પણ એ વંત્રીને તારી યે દયા ન આવી. શેરીની કૂતરી પણ પોતાનાં મરી ગયેલા ગલુડિયાંની ચોકી કરતી બેસે કૂતરીમાથી યે એ ગઈ ! પણ તું સલામત છો બેટા ! તું કેવો રતન જેવો બેટો છું તારો બાપ ! મરતાં સુધી મારી છાતી પર રાખીશ તને.'

×

ભીમજી વાઘરી હતો પણ એણે વાઘરીનો દાતણ વેચવાનો ધંધો ત્યજી દીધો હતો અથવા નાનપણથી જ એ બીજી રીતે ઉછર્યો હતો. એની મા વાઘરણ હતી પણ એનો બાપ શહેરમાં વસતો કોઈ બીજો હતો. મા મરી જતાં એ વાઘરીઓ ભેગો ન જતાં શહેરની ઉજળિયાત વસતીમાં ઉછર્યો હતો અને મોટો થતાં ગામના લફંગાઓ સાથે રખડતાં અને દાદાગીરી કરતાં શીખ્યો હતો એ જુગાર ખેલતો, ખિસ્સાં કાતરતો, દમદાટી દઈ કોઈ પાસેથી પૈસા ઓકાવતો કે કોઈ અદાવતિયાઓની માંહોમાંહેની તકરારોમાં પગારદાર ગુંડા તરીકે કામ કરતો. નાટકશાળા કે સીનેમામાં ભીમજીને દરવાન તરીકે નોકરી મળતી. અથવા મેળાઓમાં કે જાત્રાઓમાં એને બખ્ખાં પાકતાં. શહેરના એક હલકા લત્તામાં એ હમણાં એક ઓરડી રાખી રહેતો હતો

સોના વાઘરણ હતી. દાતણવાળી તરીકે શહેરમાં સોના ખૂબ જાણીતી હતી સારાસારા માણસો પણ સોના પાસે દાતણ લેવા રોકાતા અને બટકબોલી સોના એ બધાને અવનવી રીતે બનાવતી. વાને કાળી છતાં દેખાવે નમણી સોના હરામખોરોની પણ ભાઈબંધ બનતી અને એનો ઉપયોગ હરામખોરોને ઠીક ઠીક કમાણી કરાવતો. સોનાએ ભાંગ્યાં ન હતાં તેટલાં ખોરડાં કર્યાં હતાં.

ભીમજી અને સોનાનો ભેટો થઈ ગયો. સોનાએ અગાઉ બેચાર ઘર માંડ્યાં હતાં અને છેલ્લે પોતાના વાઘરી ધણીનું નાક કાપી જેલખાને ગઈ હતી. ત્યાંથી જ્યારે છૂટી ત્યારે ભીમજીએ એનો હાથ ઝાલ્યો ને એને પોતાના ઘરમાં બેસારી.

ચાર છ મહિનાથી વધારે કોઈનું ઘર ન સાંઢનાર સોના ભીમજીના ઘરમાં સાવ જુદી જ રીતે રહેવા લાગી ઘરને વ્યવસ્થિત કર્યું અને ઉખડેલ જેવાં જણાતાં બેઉ જણાં ઘરમાં એકમેકની સાથે બહુ હળીમળીને રહેતાં, ભીમજી જે કાંઈ કમાતો તે સોનાના હાથમાં મૂકતો અને બહાર એની લફંગાઈ ગમે તેમ ગવાતી છતાં ઘરમા ભીમજી સાવ બીજો જ હતો. એનું અંતર સંસ્કારોને અભાવે કોરું દેખાતું હતું, છતાં એમાં ભીનાશ હતી. કો ને ઉતારતાં, કોઈનું ખિસ્સું હળવું કરતાં કે કોઈના પર પોતાનો દંડો ચલાવતાં ભીમજી એક અજાણ્યો કંપ અનુભવતો. રોજની ટેવ અને સોબતને કારણે ભીમજી લુચ્ચો થઈ ગયો હતો, છતાં છૂપી ખાનદાની સાવ તેને ત્યાગી ગઈ ન હતી. ગરીબને જોઈને એને દયા આવતી. એ એના ભાઈબંધો મેઘજી કે શવજી જેવો વાંસેથી ઘા કરનાર ન હતો. ખોટું બોલવાનું ખાસ કારણ ન હોય ત્યાં એ ભાગ્યે જ ખોટું બોલતો. ઘણીવાર તહોમતદારના પીંજરાંમાંથી આપેલા જવાબો ઘડીભર ન્યાયાધીશને થંભાવી દેતા.

વળી છેક બાળપણથી ઘરબાર વગર રખડી મોટા થનાર ભીમજીને સોના મળી જતાં પોતાનું ઘર બંધાવાનો છાનો સંતોષ થયો હતો અને એ ધોરણે જ જો એનું ઘર ચાલ્યું હોત તો પાંચ વરસ કેડે વતનમાં નહિ તો ક્યાંક બીજે પણ ભીમજી ગૃહસ્થની પેઠે રહેતો થઈ ગયો હોત.

પણ અધવચ જ આમ એનું ગાડું અટકી પડયું. સોનાની શોધ નિષ્ફળ થતાં એ મન વાળી ફીકાને મોટો કરવામાં મજા માણવા લાગ્યો.

* * *

વર્ષોને જતાં વાર લાગતી નથી. મધ્યપ્રાન્તમાં વસતા એક કાઠિયાવાડી વાણિયાને ફસાવનારી એક ટોળકીમાં સોના, કન્યાની મા બનવા નાગપુર બાજુ ઉપડી ગઈ હતી અને એ પ્રપંચ પકડાતાં સોનાબાઈને જેલવાસ મળ્યો હતો. બધા દિવસો અનુકૂળ જતા નથી. સોના કેદખાનામાંથી છૂટી ત્યારે માંદલું શરીર અને બહાદૂર મન લઈ બહાર આવી, પણ એના આગલા સાગરીતો-માંથી બાકી રહેલા કોઈ રડ્યાખડ્યાએય એની ભાળ લીધી નહિ. એની પાસે હવે રૂપ ન હતું, યૌવન ઓસરી ગયું હતું અને નવા પાસા નાંખવામાં બીજાં કેટલાં યે બુલબુલોએ એની જગ્યા પૂરી દીધી હતી. સોના નાગપુર શહેરના ફૂટપાથ પર પડી રહેતી અને રાહદારીઓની દયા પર દહાડા કાઢતી.

કાઠિયાવાડના વાઘરીઓ સાહસિક સોદાગરોની માફક, ભલે થોડી સંખ્યામાં પણ બહારગામ ઉપડે છે અને ત્યાં પણ પોતાનો બાપ–ધંધો ચાલે તો ઠીક નહિ તો કારખાનાં કે બીજે કોઈ ઠેકાણે મજૂરી મેળવી પ્રમાણમાં ઠીકઠીક રોજી રળી કાઢે છે. ભીમજી અને ફીકો પણ એવી જ રીતે નાગપુર નજીકના કોઈ ગામમાં જઈ રહ્યા હતા. ફીકો બારેક વર્ષનો થયો હતો અને વાઘરીનો દાતણ વેચવાનો ધંધો એણે પોતાની ઉમરના બીજા વાઘરી કુમારોની હરીફાઈમાં ઠીકઠીક સફળતાથી ઉપાડી લીધો હતો. કાઠિયાવાડી–ગુજરાતીઓ પણ આ વાઘરીઓના મુરબ્બી બની એમને એમના ધંધામાં આગળ વધારવામાં પોતાની વતન સેવાનો સંતોષ અને આનંદ લેતા.

ફીકાને માની નમણાઈ અને બાપની મરદાઈ મળ્યાં હતાં એનો કંઠ સુરીલો અને મીઠો હતો. દાતણ વેચી નફો કરનાર દીકરાને એ પૈસા વાપરવાની બાપ ના ન પાડતો અને દીકરો રોજ સાંજે મોડેથી સિનેમાના છેલ્લા વર્ગમાં ઉપડતો. શોખની સાથે એ સીનેમામાંથી ધંધાના ઉપયોગની બે સુરીલી ચીજો લેતો આવતો અને બીજે દહાડે બજારમાં દાતણની છડીઓ લઈ એ લલકારતો એનાં દાતણ વાત વાતમાં ઉપડી જતાં.

એક દહાડો એવી રીતે દાતણ વેચવાથી પરવારી સૌ વાઘરીઓ એક ગૂજરાતી હોટેલમાં ચા પીતા ગપ્પાં ગૂડતા હતા મંડળમાં ભીમજી પણ હતો.

એક જણે કહ્યું: 'એલા, મારો સાળો કાલ નાગપુરથી આવ્યો'તો ઈ કે'તો હતો કે આપણા મલકની કો'ક બાઈ માણસ ધણીધોરી વગરની રસ્તા માથે પડી રે' છે.'

'બાપુ, એને પૂછવું'તુ તો ખરું કે ઈ કોણ છે, કયાંની છે ને શી નાત વરણની છે.' મંડળીમાંની એક વાઘરણે પૂછયું

'ઈ તો કાંઈ માલમ નથી એમ કે તો તો, પણ એટલુ કીધું કે લાગે છે આપણા વરણની'

બીડીની ઘૂંટ લેતાં ભીમજીને કાને આ વાત ઊડી ચોંટી અને એને એ બાઈ સોના તો નહિ હોય એવી શંકા ઊઠી એણે મનમાંને મનમાં નાગપુર જઈ આવવાનું નક્કી કર્યું અને તે જ રાતે કારખાનાના કાઠિયાવાડી શેઠ પાસેથી રજા મેળવી ફીકાને માથે લઈ એ બીજે દી સવારે નાગપુર પહોંચ્યો. ત્યાંય એના ભાઈબંધો હતા એટલે તલાશ કરતાં ગઈ કાલે જેની વાત સાંભળી હતી એ બાઈની ભાળ મેળવી એની પાસે એ જઈ પહોંચ્યો.

ઓળખતાં જરા વાર લાગે તેવો સોનાનો દેખાવ બની ગયો હતો, પણ ભીમજી એને તરત જ ઓળખી ગયો. એ આંખો મીંચી બેભાન જેવી હાલતમાં પડી હતી. જરા વારે પાંપણો ઊંચકતાં એણે પોતાના એકવારના ભરથાર ભીમજીને જોયો ને એ સ્તબ્ધ બની ગઈ. કાંઈ જ બોલી શકી નહિ.

'તુપ કેવી ભુંડી, અમે બે ડગલાં છેટે હતા ને અમને ખબર પણ કરતી નથી ?' ભીમજી સોનાને માથે હાથ મૂકતાં બોલ્યો.

'મને અડયમાં તું, મને માઠો રોગ છે.' એ સોનાના બોલ હતા.

'હવે આપણે ગામની એઠય ખાનારાં વાઘરી એને વળી સારા માઠા રોગની બીક કેવી ?' ભીમજી સોનાનું માથું ખોળે લેતાં બોલ્યો.

'પણ તું આણીકોર કયાંથી ? ફીકલો જીવે છે કે......' એ વધુ બોલી શકી નહિ.

'તઈ આ તારી સામે ઊભો છ ઈ કોણ છે ? તેં કયાં એળખાણ રાખી છે ?' એમ સોનાને કહેતાં એણે ફીકાને પોતાની પાસે બોલાવતાં એને કહેવા માંડયું: 'ગગા, આ ઓળખી કોણ છે ? તારી જનમ દેનારી ! માના સામુ જોતો ખરો.'

ફીકો નજક આવ્યો ને બાપની પડખે બેઠો. ફીકના સામી મીટ માંડતાં મા બોલી: 'મારા બાપ, મોઢેથી વાત કરજે મને અડતો નહિ, બાપલા.' અને એ સુનેરી આંખો ભીની પડી ગયેલી આંખોના બન્ને ખૂણામાંથી

આંસુની ધારાઓ વહેવા લાગી. બીમજી પણ આવું જોઈ પોતાની આંખો લૂછવા લાગ્યો. ફીકો સ્તબ્ધ અને મૂઢ શો બેસી રહ્યો. બે-પાંચ મિનિટ કોઈ બોલ્યું નહિ. અને શહેરી રાહદારીઓને તો આવાં દૃશ્યો જોવાની ફુરસદ જ ન હતી.

'મને ક્યાંક અડખેપડખે કોઈ-પાંનું અસ્પતાલ છે એમાં મૂકી આવ' સૂતેલું સ્ત્રીશરીર બોલ્યું.

'તું હવે ફફડ કર મા.' એમ બોલી બાપ-દીકરો ત્યાંથી ઉઠ્યા અને થોડી જ વારમાં માંદાને ખવાય-પીવાય એવું થોડુંક લઈ આવ્યા. સોનાએ તે ચાખ્યું.

સાંજ નમવા આવી હતી.

સોના બોલી: 'લાગે તમે બાપ દીકરો ઉતર્યા છો ક્યાં? વાળુ ક્યાં કરશો?'

'ઈ બધું થઈ રે'શે. અમે આપણા સારું એક ઓરડી ભાડે રાખી લેશું અને તને ત્યાં...' એમ બોલતા બીમજીને અટકાવી સોના કહેવા લાગી. 'એવી ભૂલ ન કરતો, મુરખા! મને દેખી તને ભાડે મળેલી ઓરડી તારે તરત ખાલી કરવી પડશે. મને અસ્પતાલ......'

'લે ઠીક, હું ગગાને વશરામને ઘેર સુવરાવી પછો પાછો આવું છું. ત્યારે આપણે ગોઠવણ કરશું.' કહી બીમજી ઊઠ્યો ને પોતાના ભાઈબંધ વશરામને ઘેર જઈ બધી વિગત કહી. વશરામ ને બીજા બધા કહે: 'ઈ બાઈ એ લે ઈ સાવ ગાંડું છે. અસ્પતાલ ઈ જ સાચું ઠેકાણું છે. ભલભલા લખેશરી હોય ઈ અસ્પતાલમાં પથારી નાખે છે.'

વાળુથી પરવારી છોકાની મજાની રજા કરી બીમજી સોના પાસે આવવા નીકળ્યો ત્યારે અડખેપડખે રહેતા ને ટોળામાં મળી હોકાબીડી પીતા ડાયરાને કહેતો ગયો કે 'ભાયું, મારી વાટ બહુ ના જોશો, હું તો ત્યાં જ પડ્યો રહીશ.'

સોના પોતાની રોગસમાધિમાં પડી હતી તે બીમજી આવતાં જાગી. ફીકો પાસે ન હતો એટલે એણે બોલવાની છૂટ લીધી.

'વાઘરી, મેં તુંને પીછ્યો નહિ' વળી થોડી વારે બોલી.

'વાઘરી, બીજું ઘર તો કર્યું છે ને! આપણો ગગો તો મારો લાગે છે. એની ઓરમાન મા કોક સારા બાપની દીકરી લાગે છે. બાકી તો આપણે વાઘરાં......પણ તું બોલતો કેમ નથી?'

એમ બોલવે ચડેલી સોનાએ બોલ્યે રાખ્યું ન છૂટકે જવાબ દેવો પડે ત્યાં જવાબ દેતો બીમજી સોનાના માથે હાથ ફેરવતો છેક મોડે સુધી બેસી રહ્યો સોના જરા જંપી ગઈ.

અવરજવર બંધ થયો. રાતની ચોકીના પડકારા કરતા પોલીસો જતા આવતા. કોઈ બોલતા જતા: 'રંડીને કોઈ બબેઓને આદમીઓ ભરમાયા હૈ.'

એક ઝબકારે સોનાએ આંખ ઉઘાડી ત્યારે પણ બીમજી તેને માથે હાથ રાખી બેઠેલો તેણે જોયો.

'તું તે માણસ છો કે દેવ! મને વઢતો નથી, ખીજતો નથી, ધમકાવતો નથી ને બોબો મારા મોં માથું શું જોયા કરે!'

'ઈ જ્યું ય કરું છું પણ સવાર પડે ત્યારે ને!' બીમજીનો જવાબ આવ્યો.

'પણ ભલા આદમી, પૂછ તો ખરો કે હું આજ દી લગી ક્યાં હતી, શું કરતી હતી ને આમ કેમ થ્યું?' સોના બોલતી હતી

બીમજી મૂંગો રહ્યો.

'તું નહિ પૂછ તોય હું કહ્યા વિના નહિ જંપું.' એમ કરી સોનાએ પોતાની કથની કહી, વગર રંગેડી, બની હતી તે જ ક્રમમાં.

બીમજી સાંભળી જ રહ્યો.

'હવે તો કાંઈક બોલ, મૂંઢા.'

સોનાની વાણીમાં આનંદ અને ઉપાલંભ હતાં. પૂર્વ અને પશ્ચિમ જાણે સાથે. બીમજીએ ઘણાં તોફાનો કર્યાં હતાં, બીજાનાં ખૂનો કરતાં કે કરાતાં પણ જોયાં હતાં, કેટલીયે ઉગતી આશાઓને એણે વિચ્છેદી હતી, પણ આજે તે ગલિત ગાત્ર બની સૂનમૂન બેસી રહ્યો. તેને માત્ર થોડાં કમકમાં આવ્યાં.

મળસ્કું થઈ ગયું હતું. થોડી વારમાં દેવમંદિરની આરતીના ઘંટારવ સંભળાયા.

'તેં મને પકડી પાડી પણ હું એમ ઝલાઉં એમ નથી, વાઘરી. મને ઝાલવા ન મથતો. ફીકો ક્યાં? ના, ના, પણ એમ પૂછનારી હું કોણ?' એમ બોલતાં સોનાએ ગાંડાની માફક જ્વરાવેશમાં હાથના આમતેમ બેચાર લટકાં કર્યાં અને વળી બોલી: 'લે ત્યારે વાઘરી, રામરામ, આપણે ઠીક મળી ગયાં. તેં મને ઠીક પકડી પણ હું કાંઈ ઝાલી ઝલાઉં એમ નથી. તારા પગ ક્યાં? પણ ના, ના, હું તો પાપણી તને મારે મોં અડાય.'

ત્યાં કોઈ સાધુ દંપતીને 'ભજ બાઈ હાં રે હો હરનામ'નું ભજન તંબૂરે સુર સાથે ગાતાં પસાર થતાં સાંભળી ઊંડી દીપશિખા જાગે તેમ સોના જાગી: 'હાં રે હો હરનામ' અને દીવો બૂઝાઈ ગયો.

ત્રણ વરસ પછી—

મુરાનન બુચ

ત્રણેક વર્ષ પહેલાંની વાત છે. હરિજનોના લાભ માટે ચાલી રહેલી એક દુકાને હું બેઠો હતો. ત્યાં એક બાર-તેર વર્ષની ઉમ્મરના બાળકે મારી પાસે આવીને મને પૂછ્યું:

'સાહેબ, ચંપલને પાલીશ કરાવશો?'

'ના.' મેં શાંતિથી કહ્યું.

'એકદમ સરસ કરી આપીશ.'

'ના.'

'પણ તમે મને ચંપલ પાલીશ કરવા ન આપો તો પછી બીજું કોણ આપશે?'

તેના પ્રશ્નથી મને આશ્ચર્ય થયું. અત્યાર સુધી મેં તેની પ્રત્યે લક્ષપૂર્વક નહોતું જોયું. તેણે ફાટેલાં ને મેલાં ચડ્ડી-ટેનીસ પહેરેલાં હતાં. તેના હાથમાં એક નાની પોલીશની ડબ્બી અને બ્રશ હતાં. માથાના વાળ વિખરાયેલા હતા. મેલાઘેલા જેવા દેખાતા છોકરાનો પ્રશ્ન સાંભળીને મેં તેની સામે જોયું ત્યારે મને સમજાયું કે મેલાં કપડાંની નીચે ઢંકાયેલા શરીરમાં એક સુંવાળું સ્વચ્છ હૃદય ધબકારા મારી રહેલું હતું. ને તેનો પડઘો તેની રમતિયાળ આંખોમાં પડી રહેલો મેં જોયો.

'કેમ એમ કહે છે?' મેં તેને પૂછ્યું.

'તમે તો અમારું ઘણું કામ કરી આપો છો, તેથી એમ કહું છું.'

'તું કોણ છે?'

'સાહેબ, હરિજન છું. મને તમે ન ઓળખો, પણ હું તો તમને ઓળખું ને?'

'લે, પોલીશ કરી નાંખ.' મેં તરત પગમાંથી ચંપલ કાઢીને આપ્યા. સામાન્ય રીતે ચંપલને પોલીશ કરાવવાની મને જરૂર નથી લાગતી. તેથી હું કદી કોઈ પાસે એવું કામ કરાવવાનું પસંદ નથી કરતો. પરંતુ એક અપવાદ તરીકે જ મેં તેને ચંપલ કાઢી આપ્યા.

તેણે મારી સામે ફરતાની બાજુ પર પલાંઠી વાળી. ચંપલને બરાબર સાફ કરવા માંડ્યા. મેં તેનામાં ધ્યાન પરોવતાં પૂછ્યું:

'તારું નામ શું?'

'બાબુ' તેણે મારી સામે જોઈને કહ્યું.

'ક્યાં રહે છે?'

'અહિં આ તમારી દુકાનની પાછળના હરિજનવાસમાં.'

'ઓહો... ત્યારે તો તું મારો પડોશી છે!' મેં હસીને તેને કહ્યું ને એ પણ ઉત્તરમાં હા કહીને હસી પડ્યો. મોતીના દાણા જેવા તેના દાંત જોતાં મને લાગ્યું કે છોકરો સ્વભાવે તો સ્વચ્છ હતો. પણ પરિસ્થિતિએ જ તેને ફાટેલાં ને મેલાં કપડાં પહેરાવ્યાં હતાં.

'લો સાહેબ, ચંપલ તૈયાર છે.' તેણે પોલીસનું કામ પૂરું કરીને મને ચંપલ પાછા સોંપતાં હસીને કહ્યું.

'કેટલા પૈસા આપું?'

'સાહેબ શહેરમાં જે ભાવ ચાલે છે તેટલા જ—એ પૈસા આપો.'

તેના આવા ઉત્તરથી મને તેની પ્રામાણિકતાનો કંઈક ખ્યાલ આવ્યો. મેં તેને પૈસા ચૂકવી આપ્યા. તે જવા ચાલ્યો હતો ત્યાં તેને રોકીને મેં પૂછ્યું:

'બાબુ, એક કામ કરીશ?'

'જરૂર, કહોને સાહેબ.'

'પહેલાં તો એ કે તારે મને 'સાહેબ' ન કહેવો.'

'ત્યારે શું કહું?'

'એકલું 'ભાઈ' એમ કહેવું.'

'હવેથી મળીશ ત્યારે 'ભાઈ' કહીશ.'

'બીજું પણ એક કામ કરવાનું છે. કરીશ?'

'હા, જરૂર કરીશ. કહોને.'

'તું તો મારા પાડોશમાં જ રહે છે ને?'

'હા, કેમ?' વાત કરતાં કરતાં એ આડુંઅવળું જોવા લાગ્યો.

તેને પાછા કામે જવાની ઉતાવળ હતી. એ હું સમજી ગયો. તેથી મેં તેને તરત કહ્યું:

'જો, તું એમ કરજે, દરરોજ સાંજે પોલીસનું કામ કરીને ઘેર પાછો આવે ત્યારે મને મળતો રહેજે. એટલું કરીશ?'

'હા, ભાઈ, એટલું તો જરૂર કરીશ. એ તે કાંઈ કામ કહેવાય?'

'ઠીક, ત્યારે હવે તું જા.'

એ જોતજોતામાં ક્યાંક અદૃશ્ય થઈ ગયો. પરંતુ એણે દિલ મને એનો વિચાર કરતો કરી દીધો.

બીજે દિવસે બાબુ મારી પાસે આવ્યો ને મને કહેવા લાગ્યો:

'ભાઈ, મારી મા ઘણા દિવસ પહેલાં જ મરી ગઈ છે. મારા બાપા

અપંગ છે. તેથી અમારે માટે પાથરણાં કરીને પૈસા રળી લાવું છું.'

બાબુએ સામેથી વગર પૂછ્યે મને પોતાની વાત કહેવા માંડી તેથી મને કંઈક આશ્ચર્ય થયું.

'તું રળે છે એ તો ઘણું સારું કહેવાય.' મેં તેને સહાનુભૂતિથી ધન્યવાદ આપ્યો.

'મેં મારા બાપાને વાત કરી હતી કે હું દરરોજ ભાઈને મળવાનો છું. એ જાણીને બાપા રાજી થયા. એ તમને ઓળખે છે.'

'તો તો આપણે રોજ મળવાનું થશે ને?'

'હા, હવેથી હું દરરોજ અહિં તમારી પાસે આવીશ.'

'પણ હું તને કહું એમ કરીશ ખરો કે?'

'હા, કેમ નહિ?' તેણે હસીને કહ્યું.

'તું દરરોજ કેટલું કમાય છે?'

'આઠથી બાર આના તો ખરા જ. ને વળી કો'ક દિવસે રૂપિયો પણ કમાઉં.'

'તો હું તને એક સરસ રસ્તો બતાવું, એમ કરીશ?'

'હા, જરૂર કરીશ.'

'તારે દરરોજ બેથી ચાર આના આ દુકાને બચત તરીકે મૂકી જવા. તને એક ચોપડી આપીશ. તેમાં તને તેની દરરોજ પહોંચ મળશે ને જ્યારે તને જરૂર પડે ત્યારે તને તેમાંથી પૈસા ઉપાડવાની છૂટ રહેશે. એવું કરીશ?'

એ ઘડીક તો મારી સામે જોઈને ... પડી ગયો ને પછી બોલ્યો:

'ને એ બધા પૈસા મને પાછા ક્યારે મળે?'

'તને જ્યારે જોઈએ ત્યારે. પૈસા તો તારા જ ગણાય. પણ તું ગમે તેમ વાપરે તે કરતાં થોડા થોડા બચાવે તો તને જરૂર પડ્યે ખપ લાગે ને?' મેં તેને બચતનું રહસ્ય સમજાવતાં કહ્યું.

બાબુ મારી વાતમાં સંમત થયો. ને તેણે નિયમિત રીતે રોજ ચાર આના બચત તરીકે મૂકી જવાનું ચાલુ રાખ્યું. તેને હિસાબની એક નાની ચોપડી આપવામાં આવી હતી. તે પોતાની પાસે સંભાળથી રાખતો. ને હોંશથી સહુને પોતે કેવી રીતે બચત કરે છે તેની વાત કરતો...

ત્રણ વર્ષ પછી હું જેલમુક્ત થઈને આશ્રમમાં આવ્યો. મને જુદા જુદા મિત્રો મળવા આવતા હતા. ત્યાં એક દિવસે એક સાઈકલપર બેસીને એક જવાન મારી પાસે આવ્યો ને તેણે મને ફૂલનો હાર પહેરાવીને નમસ્કાર કર્યા.

ત્રણ વર્ષના સમય દરમ્યાન ઘણાં નાનાં બાળકો મોટાં થઈ ગયેલાં. તેથી તેમને તરત ઓળખી કાઢવામાં મને મુશ્કેલી નડતી હતી ને નામ તો ઘણાનાં હું વિસરી ચૂક્યો હતો. આ નવા આવનારે મને હાર પહેરાવ્યો ને મેં તેને મારી બાજુમાં બેસાડ્યો, ત્યાં સુધી મને યાદ જ ન આવ્યું કે આ નવો છતાં પરિચિત લાગતો જવાન કોણ હતો!

'આપણે ક્યાં ક્યાં મળેલા?' સ્મરણ તાજું કરવાનો પ્રયાસ કરતાં મેં તેને પૂછ્યું.

'ભાઈ, મને ન ઓળખ્યો? હું બાબુ—આપને ત્યાં પૈસાની બચત કરતો હતો તે...પેલો બુટપાલીશ વાળો...'

'અરે હા, બાબુ તું તો બહુ મોટો ને હોશીઆર થઈ ગયો છે ને શું?' મેં તેને ઓળખી કાઢતાં હસીને પૂછ્યું.

બાબુએ ખાદીનું પહેરણ ને લેંઘો પહેર્યાં હતાં. વાળ હોળેલા હતા. તેની વાતચીત કરવાની ઢબ નમ્રતાવાળી હતી. તેને કોઈ હરિજન ન કહે, એવો એ સુઘડ ને સ્વચ્છ હતો.

'ભાઈ, ઘણા વખત પછી તમે મને જુવો છો, તેથી ભૂલી ગયા, ખરું ને? પણ હું તમને હમેશા યાદ કરતો હતો. ને તમે જે જે વાત શીખવી ગયા હતા તે પ્રમાણે કરતો રહ્યો છું!' તેણે કહ્યું.

'હમણાં શું કરે છે?'

'મ્યુનિસિપાલિટીમાં નોકરીએ જાઉં છું. બાપાની ચાકરી કરું છું હું જ રાંધું છું ઘર સાફ કરું છું ને રાતની શાળામાં ભણવા જાઉં છું. હવે તો તમે બહાર આવ્યા છો. તેથી તમને પણ મળતો રહીશ.'

'જરૂર મળતો રહેજે. નોકરીએ ચડ્યો છે ને બધું ઘરકામ કરવા ઉપરાંત રાત્રીશાળામાં જાય છે એ બહુ સારું કહેવાય. કંઈ બચત કરી છે ખરી કે?'

'હા, ભાઈ બચત તો ઘણી થઈ છે. પણ બચતના કરતાંયે તમે ગયા પછી તમે વાતો કરેલી એ પ્રમાણે હમેશાં નાવાનું, કપડાં સાફ રાખવાનું, ઘરકામ કરવાનું, ને અપંગ બાપાની ચાકરી કરવાનું કામ નિયમિત કરું છું તેથી મને ખૂબ જ લાભ થયો છે. હું તમારી પાસે આવતો

હતો, એટલાથી જ મને ઘણો લાભ થઇ ગયો છે. આ વાત તે દિવસે તો નહોતી સમજાઈ પણ આજે હવે બરોબર સમજી શકું છું.'

હવે બાબુ ફરીથી મને નિયમિત મળતો રહે છે. અમે બંને એકબીજાને માત્ર મળીએ છીએ, તેથી પણ અમને ઘણો આનંદ થાય છે... મને એક વાતની વધુ ને વધુ સ્પષ્ટતા થતી જાય છે કે આપણે અસ્પૃશ્યતા નિવારણ વહેલામાં વહેલું કરવું હોય તો હરિજનોની સાથે આ રીતે નાતો બાંધવાની સહુએ જરૂર છે. પ્રત્યેકે એવો દૃઢ નિશ્ચય કરવો જોઈએ કે તે એકાદ હરિજનને પોતાનો મિત્ર બનાવશે.

૨

...અને ત્રણ વર્ષ પછી બીજું ચિત્ર પણ જોયું

એક હરિજન મહોલ્લામાં હું પહોંચ્યો. ઘણાં હરિજન ભાઈબહેનો અને નાનાં બાળકોના જૂના ચહેરાઓ મને દેખાયા. બધાંને મેં ઓળખી કાઢ્યાં. સમય વીતી ગયો હતો, તેથી મેં તેઓમાંના કેટલાકની નજરમાં ફેરફાર થયેલો ભાળ્યો. સહુના ખુશીખબર પૂછીને હું પાછો ફરવા જતો હતો, ત્યાં એકાએક મને એ મહોલ્લામાં વસનાર મારો એક જૂનો પરિચિત ભાઈ સાંભરી આવ્યો. એટલે મેં તપાસ કરવા ખાતર પૂછ્યું:

'બાબુ ક્યાં છે?'

'ભાઈ, હજુ એ નોકરી પરથી પાછો નથી આવ્યો. હમણાં જ આવવો જોઈએ.' કોઈકે મને ઉત્તર વાળ્યો. પરંતુ એ ઉત્તરથી મને સંતોષ ન થયો. મેં સહુની વિદાય લીધી. ઘણાં વર્ષ પહેલાં મેં હરિજન સેવાનાં કાર્યનો આરંભ કર્યો હતો, ત્યારે અખત્યાર કરેલી મારી રીત સાંભરી આવી. ને હું એક બાજુના માર્ગ તરફ ફંટાઈને ધીમે ધીમે ચાલવા માંડ્યો.

સામે જ દારૂનું પીઠું હતું. પીઠાની બહાર બાબુ, તેની સ્ત્રી, ને તેની નાની છોકરી બેઠાં હતાં. નજીકમાં બાટલી પડી હતી, તેમાંથી ત્રણે ય જણાં વારાફરતી સ્વાદ સાથે પી રહ્યાં હતાં...

ઓચિંતી જ એ ત્રણેની નજર મારી નજર સાથે મળી ગઈ.

બાબુ પહેલાં તો એ માર્ગે ગયેલો હતો. તેમાંથી તેને પાછો વાળવામાં મેં સફળતા મેળવી હતી. તેની નાની છોકરીને હું શાળામાં દાખલ કરાવી આવ્યો હતો ને તેને ભણવાનાં પુસ્તકો, શાળામાં પહેરી જવાનાં નવાં કપડાં પણ હરિજન સેવકસંઘ તરફથી પૂરાં પાડવામાં આવેલાં હતાં. બાબુ ને તેના કુટુમ્બ સાથે મારે ઘનિષ્ઠ નાતો હતો. તેથી તેમણે મને ઓચિંતો જ જોયો ત્યારે તેમના ચહેરા સાવ ઢીલા પડી ગયા. બધાંયે મોઢાં પડી ગયાં. હજુ નસો ચડ્યો નહોતો તેથી તેઓની શુદ્ધ બુદ્ધિ જાગૃત થઈ ગઈ હતી!

હું મારા માર્ગે ચાલ્યો જતો હતો. મેં તેઓની સામે જોયું ત્યારે મારી દૃષ્ટિમાં લેશ પણ તિરસ્કાર કે ઘૃણા વ્યક્ત ન કર્યાં. મને ખૂબ જ દુઃખ થતું હતું તે વ્યક્ત થયું. હું એ પીઠાંની નજીક એક ક્ષણ પણ ઊભો ન રહ્યો. ધીમી ગતિએ તેઓની સાથે દૃષ્ટિની આપલે કરીને જ આગળ ચાલી નીકળ્યો......

બીજે દિવસે હું બાબુને ઘેર ગયો. ત્યારે બાબુ કે તેની સ્ત્રી કોઈ જ ઘેર ન હતું. તેની બાળા વિષે તપાસ કરી તો મને કોઈકે કહ્યું કે 'મણી તો નિશાળે ગઈ છે.'

મણી કઈ શાળામાં જાય છે તેની તપાસ કરીને તરત હું એ શાળામાં ગયો. ત્યાંનાં શિક્ષિકા બેનની રજા લઈને મેં મણીને વર્ગની બહાર બોલાવી

લગભગ સાત આઠ વર્ષની નાની મણી વર્ગની બહાર આવી. મને નમસ્કાર કરીને મારી સામે ઊભી રહી. તેણે હસવાનો પ્રયાસ કર્યો. પણ તેના ચહેરા ઉપર શરમના શેરડા પડતા મેં જોયા. તે નીચું જોઈને શાન્ત ઊભી રહી એટલે મેં તેને પૂછ્યું:

'મણી, તું તો બહુ મોટી થઈ ગઈ છે ને શું?'

'ભાઈ, તમે ઘણાં વરસ સુધી ક્યાં ચાલ્યા ગયા હતા?'

'હું બહાર ગયો હતો. તું બરોબર ભણે છે ખરી કે?'

'ભણું છું, પણ તમે તો મને ભૂલી જ ગયા ને?'

નાનકડી બાળા નીચું જોઈને કંઈક રોષ સાથે મને ઠપકો આપતી હતી એ મને ગમ્યું. ઘણાં હરિજન બાળકોની સાથે મેં ખૂબ નિકટનો સંબંધ કેળવેલો હતો. તેમાંની મણી એક હતી. તેની મીઠી ઠપકાભરેલી ટકોરનો અર્થ હું તરત કળી ગયો, ને મેં પૂછ્યું:

'મણી તારા બાપા નોકરીએ જાય છે?'

'હા,' નીચું જોઈને મણીએ મને ઉત્તર દીધો.

'તારી બા પણ નોકરી કરે છે?'

'હા.'

શકતી નથી! શરીરને ચૂનો પુરો પાડવાનું કામ તો કેશા-યુક્ત આહારયોજના જ કરી શકે. જેમ પતિ કમાઈ લાવે અને પત્ની સદુપયોગ કરે, તેમ કલા સર્જન કરે અને કુદરત સંરક્ષણ અને સુવ્યવસ્થા કરે!

આ "Vis medictrix Nature." એટલે કે કુદરતની રોગનિવારક શક્તિ વિષે ઉહાપોહ ઉઠ્યો એક સિદ્ધાંત કે જેના યુરોપ માર્ફત પ્રબળ સમર્થક છે તે એમ છે કે આ રોગનિવારક શક્તિ એ બીજું કંઈ જ નથી, પણ આંતરમનની (Subconscious Mind.) શક્તિ છે. અને એ શક્તિથી જ રોગ મટે છે. એના પુરાવામાં હિપ્નોટીઝમ અને કાઉની પદ્ધતિદ્વારા થએલું રોગનિવારણ આગળ ધરવામાં આવે છે

રોગને મટાડનાર બળ પ્રાણબળ નથી પણ મનોબળ છે. એ સિદ્ધાંત આપણે કબૂલ કરીએ તો પણ આપણે ઉપર જોએલું કુદરતનું મહત્વ ઓછું કરતું નથી, કારણ કે આંતરમન એ પણ [illegible] અનુભવોનાં સંચય વડે જ ઘડાયેલું અને [illegible] છે. એટલે કુદરત એટલે ભૂતકાળ એ સિદ્ધાંતને આ [illegible] સિદ્ધાંત પણ ટેકો આપે છે.

જો કે મારે એ અહીં સ્પષ્ટ કરવું જોઈએ કે [illegible] નવો સિદ્ધાંત સર્વાંગે માન્યો નથી. તેમ જ તે [illegible] માન્ય થયો નથી. રોગનિવારણમાં પ્રાણજા અને [illegible] બળ બન્ને કામ કરે છે.

ટુંકામાં કહેવું હોય તો એમ કહી શકાય કે [illegible] શક્તિ પ્રત્યે નિસર્ગોપચારકો અંધશ્રદ્ધાળુ છે [illegible] રો આસ્તિક છે અને વૈદ્યડાક્તરો નાસ્તિક છે

[અપૂર્ણ]

★

જીવન સૌરભ

હીરાલાલ માનસિંગ [illegible]

ચૈતન્ય મહાપ્રભુના બે જીવન પ્રસંગો છે.

આ પ્રસંગો ખૂબ અર્થસૂચક છે અને સહૃદયી સત્યશોધકોથી જ તેનો અર્થ સમજી શકાય તેમ છે.

એક વખત તેમની બાલ્યાવસ્થામાં એક બ્રાહ્મણ યાત્રાળુએ તેમના પિતા શ્રી. જગન્નાથ મિશ્રને ત્યાં ઉતારાની માગણી કરી. અતિથિનું સ્વાગત કરવામાં આવ્યું અને રાંધવા માટે તેને વાસણો આપવામાં આવ્યાં ભોજન તૈયાર થયા પછી અતિથિએ આંખો મીંચીને કૃષ્ણ પ્રભુને ભોગ ધરાવ્યો. બરાબર તે જ વખતે બાળ ચૈતન્ય પ્રભુ અચાનક ત્યાં આવી ચડ્યા અને ભોગમાંથી થોડુંક ખાઈ ગયા. છોકરાના સ્પર્શથી ભોગ અભડાઈ જતાં, અતિથિ નારાજ થઈ ગયા. યજમાને તેને બીજી વખત રસોઈ કરવાની વિનંતિ કરી. અતિથિએ બીજી વખત રસોઈ તૈયાર કરી અને ફરીથી ભોગ ધર્યો. આ વખતે ચૈતન્ય પ્રભુને બીજે લઈ જવામાં આવ્યા હતા છતાં તે ત્યાં આવી ચડ્યા અને ભોગમાંથી થોડું ખાઈ ગયા. હવે છોકરાને ઓરડો વાસીને તાળું મારી પૂરી દેવામાં આવશે તેવી અતિથિને ખાતરી અપાતાં તેણે ત્રીજી વખત રસોઈ તૈયાર કરી. પણ ત્રીજી વખત પણ તે ત્યાં આવી ચડ્યા અને ભોગમાંથી થોડું ખાધું. તે ત્યાં કેવી રીતે આવી ચડ્યા તેની કોઈને ખબર પડી નહિ પરંતુ આ વખતે અતિથિએ વાંધો લીધો નહિ, કેમકે તે ધ્યાનમાં હતો ત્યારે પ્રભુએ તેને આપીને કહ્યું હતું કે તું મને વારંવાર બોલાવે છે એટલે જ મેં આવીને પ્રસાદ ચાખ્યો છે.

* * *

કાશ્મીરના કેશવ ભટ્ટ નામના કોઈ 'દિગ્વિજયી' અને રથમાં વિજય પ્રાપ્ત કરીને નવદ્વીપમાં આવ્યા [illegible] સમયે નવદ્વીપ વિદ્યાનું ધામ હતું [illegible] આવીને તેને અંતિમ વિજય પ્રા[illegible] કરવાનો હતો. એમ કહેવાય [illegible] તેને સરસ્વતી દેવીનું વરદાન [illegible] ચૈતન્ય પ્રભુ ત્યારે નિમાઈ [illegible] ઓળખાતા હતા. તે વખતે [illegible] વ્યાકરણના મહાન પંડિત [illegible] દિગ્વિજયી ગંગા નદીના કાંઠે [illegible] તેના પરિચયમાં આવ્યા નિમાઈએ વિનંતિથી દિગ્વિજયીએ ગંગાસ્તુતિ [illegible] સો શ્લોકો ત્યાં ને ત્યાં રચી કાઢ્યા [illegible] રચેલા શ્લોકોથી કેશવ ભટ્ટ [illegible] ખૂબ પ્રફુલ્લિત થઈ ગયું [illegible] નિમાઈએ તેમાંથી એક શ્લોક [illegible] પંડિતજીને તેના ગુણદોષનું વિવેચન કરવાનું કહ્યું પોતાના કોઈ શ્લોકમાં દોષ હોય શકે તે વાત જ પંડિત [illegible] મગજમાં ઉતરી શકે તેમ હતી પણ જ્યારે નિમાઈએ તે એક જ શ્લોકમાં [illegible] તેને કેટલીયે ભૂલો બતાવી [illegible]

હતો, એટલાથી જ મને ઘણો લાભ થઇ ગયો છે. આ વાત તે દિવસે તો નહોતી સમજાઈ પણ આજે હવે બરોબર સમજી શકું છું.'

હવે બાબુ ફરીથી મને નિયમિત મળતો રહે છે. અમે બંને એકબીજાને માત્ર મળીએ છીએ, તેથી પણ અમને ઘણો આનંદ થાય છે... મને એક વાતની વધુ ને વધુ સ્પષ્ટતા થતી જાય છે કે આપણે અસ્પૃશ્યતા નિવારણ વહેલામાં વહેલું કરવું હોય તો હરિજનોની સાથે આ રીતે નાતો બાંધવાની સહુએ જરૂર છે. પ્રત્યેકે એવો દૃઢ નિશ્ચય કરવો જોઈએ કે તે એકાદ હરિજનને પોતાનો મિત્ર બનાવશે.

૨

...અને ત્રણ વર્ષ પછી બીજું ચિત્ર પણ જોયું

એક હરિજન મહોલ્લામાં હું પહોંચ્યો. ઘણાં હરિજન ભાઈબહેનો અને નાનાં બાળકોના જૂના ચહેરાઓ મને દેખાયા. બધાંને મેં ઓળખી કાઢયા. સમય વીતી ગયો હતો, તેથી મેં તેઓમાંના કેટલાકની નજરમાં ફેરફાર થયેલો ભાળ્યો. સહુના ખુશી-ખબર પૂછીને હું પાછો ફરવા જતો હતો, ત્યાં એનાએક મને એ મહોલ્લામાં વસનાર મારો એક જૂનો પરિચિત ભાઈ સાંભરી આવ્યો. એટલે મેં તપાસ કરવા ખાતર પૂછ્યું:

'બાબુ કયાં છે?'

'ભાઈ, હજુ એ નોકરી પરથી પાછો નથી આવ્યો. હમણાં જ આવવો જોઈએ.' કોઈકે મને ઉત્તર વાળ્યો. પરંતુ એ ઉત્તરથી મને સંતોષ ન થયો. મેં સહુની વિદાય લીધી. ઘણાં વર્ષ પહેલાં મેં હરિજન સેવાનાં કાર્યનો આરંભ કર્યો હતો, ત્યારે અખત્યાર કરેલી મારી રીત સાંભરી આવી ને હું એક બાજૂના માર્ગ તરફ ફંટાઈને ધીમે ધીમે ચાલવા માંડયો.

સામે જ દારૂનું પીઠું હતું. પીઠાની બહાર બાબુ, તેની સ્ત્રી, ને તેની નાની છોકરી બેઠાં હતાં. નજીકમાં બાટલી પડી હતી, તેમાંથી ત્રણેય જણાં વારાફરતી સ્વાદ સાથે પી રહ્યાં હતાં...

ઓચિંતી જ એ ત્રણેની નજર મારી નજર સાથે મળી ગઈ.

બાબુ પહેલાં તો એ માર્ગે ગયેલો હતો. તેમાંથી તેને પાછો વાળવામાં મેં સફળતા મેળવી હતી. તેની નાની છોકરીને હું શાળામાં દાખલ કરાવી આવ્યો હતો ને તેને ભણવાનાં પુસ્તકો, શાળામાં પહેરી જવાના નવાં કપડાં પણ હરિજન સેવકસંઘ તરફથી પૂરાં પાડવામાં આવેલાં હતાં. બાબુ ને તેના કુટુમ્બ સાથે મારે ઘનિષ્ઠ નાતો હતો. તેથી તેમણે મને ઓચિંતો જ જોયો ત્યારે તેમના ચહેરા સાવ ફીક્કા પડી ગયા. બધાંયે મોંઢાં પડી ગયાં. હજુ નશો ચડયો નહોતો તેથી તેઓની શુદ્ધ બુદ્ધિ જાગૃત થઈ ગઈ હતી!

હું મારા માર્ગે ચાલ્યો જતો હતો. મેં તેઓની સામે જોયું ત્યારે મારી દૃષ્ટિમાં લેશ પણ તિરસ્કાર કે ઘૃણા વ્યક્ત ન કર્યાં. મને ખૂબ જ દુઃખ થતું હતું તે વ્યક્ત થયું. હું એ પીઠાની નજીક એક ક્ષણ પણ ઊભો ન રહ્યો. ધીમી ગતિએ તેઓની સાથે દૃષ્ટિની આપલે કરીને જ આગળ ચાલી નીકળ્યો......

બીજે દિવસે હું બાબુને ઘેર ગ[illegible] ત્યારે બાબુ કે તેની સ્ત્રી કોઈ જ ઘેર ન હતું. તેની બાળા વિષે તપાસ કરી તો મને કોઈકે કહ્યું કે 'મણી તો નિશાળે ગઈ છે.'

મણી કઈ શાળામાં જાય છે તેની તપાસ કરીને તરત હું એ શાળામાં ગયો. ત્યાંનાં શિક્ષિકા બેનની રજા લઈને મેં મણીને વર્ગની બહાર બોલાવી

લગભગ સાત આઠ વર્ષની નાની મણી વર્ગની બહાર આવી. મને નમસ્કાર કરીને મારી સામે ઊભી રહી. તેણે હસવાનો પ્રયાસ કર્યો. પણ તેના ચહેરા ઉપર શરમના શેરડા પડતા મેં જોયા. તે નીચું જોઈને શાન્ત ઊભી રહી એટલે મેં તેને પૂછ્યું:

'મણી, તું તો બહુ મોટી થઈ ગઈ છે ને શું?'

'ભાઈ, તમે ઘણાં વરસ સુધી કયાં ચાલ્યા ગયા હતા?'

'હું બહાર ગયો હતો. તું બરોબર ભણે છે ખરી કે?'

'ભણું છું, પણ તમે તો મને ભૂલી જ ગયા ને?'

નાનકડી બાળા નીચું જોઈને કંઈક રોષ સાથે મને ઠપકો આપતી હતી એ મને ગમ્યું. ઘણાં હરિજન બાળકોની સાથે મેં ખૂબ નિકટનો સંબંધ કેળવેલો હતો. તેમાંની મણી એક હતી. તેની મીઠી ઠપકા-ભરલી ટકોરનો અર્થ હું તરત કળી ગયો, ને મેં પૂછ્યું:

'મણી તારા બાપા નોકરીએ જાય છે?'

'હા,' નીચું જોઈને મણીએ મને ઉત્તર દીધો.

[illegible] 'નોકરી કરે છે?'

'તું રોજે નિશાળે આવે છે?'

'હા, પણ કોઈકવાર નથી આવતી.'

'કેમ? શાથી નથી આવતી?'

'મારી બા મને આવવા ન દે તો પછી મારે નછૂટકે ગેરહાજર રહેવું પડે છે'

મણીની સાથે વાતચીત કરતાં હું સમજી શકયો કે મણી મારી પાસે હજુ કોઈક બીજી જ વાત સાંભળવા માગતી હતી. તેના ચહેરા ઉપર હજુ એક પ્રકારનો સંકોચ, શરમ ને ભય પ્રસરેલાં હતાં. હું તેને બીજો પ્રશ્ન પૂછું તે પહેલાં એ બોલી ઉઠી

'ભાઈ, તમે ગઈકાલે અમને જોયાં હતાં ને?'

'હા, કેમ?' મને તેની વાત સાંભળવાની ઈચ્છા હતી. તેથી હું વધુ કાંઈ ન બોલ્યો.

જાણે મણી બધું સમજી ગઈ હોય તેમ બોલી:

'જુઓને, મને મારા બાપા કેટલી યે વાર ત્યાં લઈ જાય છે. ને હું ન જાઉં તો મારે છે. બાને પણ કોઈવાર મારે છે. તેથી મારી બા ને હું—અને તેમની સાથે પાછી જઈએ છીએ.'

મણીએ મારી સામે ઊભા ઊભા પોતાના પગના અંગૂઠા વડે લાદી ઘસવા માંડી. હું તેની અસહાયતા જોઈ શકયો.

'પણ, હવે તો બાપુ તને પરાણે ત્યાં નહિ લઈ જાય ને?'

'ના, તમે અમને જોઈ ગયા છો. તેથી બાપા ગઈકાલના કોઈની સાથે બોલતા જ નથી.'

'ને તને હજુ પણ પાછી લઈ જાય તો તું જઈશ?' મેં પૂછ્યું.

'ના, પણ હવે તો મને બાપા કદી લઈ જશે જ નહિ.'

'કેમ?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'બાપા જાણે છે કે તમે તેને ઠપકો આપો તેથી.'

'હું બાપુને ઠપકો આપું ને તે ન માને ને તને પરાણે પાછી લઈ જાય તો તું શું કરીશ?' મેં પૂછ્યું.

'ભાઈ,' મણીએ મારો હાથ પકડયો ને દયામણી દૃષ્ટિથી મારી સામે જોઈ રહી. 'તો તમને હું દર વખત કહી દઈશ. તમે તો મને બચાવી શકશો ને?'

મણીના તદ્દન નિર્દોષ ચહેરા ઉપર અસહાયતાની છાયા પથરાઈ ગઈ. તેની નાનકડી આંખોનું બીનું તેજ મેં ઝીલી લીધું ને તેના માથા પર હાથ મૂકી મે તેને સાન્ત્વન આપ્યું. મણી પાછી પોતાના વર્ગમાં ગઈ. જતાં જતાં તેણે મને હસીને નમન કર્યું ને કહેતી ગઈ: —

'તમે મને વારેવારે જરૂર મળતા રહેજો. હો ને!'

ત્રણ વર્ષ પહેલાં મણી અમારી બાળશાળામાં દરરોજ આવતી. ત્યાં તે માથું ઓળાવતી. હાથના નખ કપાવીને સ્વચ્છ રાખતી. દાંત સાફ કરતી. કપડાં સ્વચ્છ પહેરતી. એ એક ચાલાક છોકરી હતી. તેને પોતાના ઘર કરતાં અમારી બાળશાળામાં વધુ મજા પડતી. તેથી તેની બા પણ તેને અમારી શાળામાં વધુ વખત સુધી રહેવા દેતી.

આ રીતે બાળકોને સતત સંપર્કમાં રાખવાથી તેઓની સ્વચ્છતાની ટેવ કેળવાતી મેં જોઈ હતી. પરંતુ ત્રણ વર્ષનો સમય વીતી ગયા પછી મેં આ પ્રસંગે એ પણ અનુભવ કર્યો કે બાળકમાં સારા નરસાની વિવેકદૃષ્ટિ પણ એ રીતે જાગૃત થઈ શકે છે.

હરિજનોને આપણે સતત સંપર્કમાં રાખીને અનાયાસે જે આપી શકીએ છીએ તે આ આંતર તેમ જ બાહ્ય શુદ્ધિની ભાવના જ છે. એમ મને થોડા વર્ષના હરિજનસેવાના અનુભવમાંથી સમજાયું છે. હિન્દુ ધર્મમાં આભડછેટને જે સ્થાન મળ્યું છે તેનો નાશ કરવાનો માર્ગ મને આવા સંપર્કમાં દેખાયો છે. કારણ કે આપણા સમાજનાં આ એક દુષણને ટાળવા માટે પ્રત્યેક વ્યક્તિ આચરી શકે તેવો આ સરળ માર્ગ મને લાગ્યો છે.

વૈદકમાં કુદરત, કલા અને કેળવણી

લેખક : રમણલાલ એન્જિનીઅર

માનવજીવનનું અંતિમ ધ્યેય શું હોવું જોઈએ એ સબંધી ફીલસુફોમાં ઘણા મતમતાંતરો હોવા છતાં, એ હકીકત તો ઉઘાડી જોઈ શકાય એમ છે કે પ્રાણી માત્રની પ્રવૃત્તિ સુખની શોધ અર્થે છે

હવે આ 'સુખ' એટલે શું એનો જો વિચાર કરીએ તો જણાશે કે એ કોઈ નક્કર હકીકત, સ્થિર પરિસ્થિતિ કે સર્વમાન્ય ધોરણ નથી. દરેક આત્માનો જેવો વિકાસ એવું એનું સુખનું દર્શન અને એ સિદ્ધ કરવા માટેના એના સતત ધમપછાડા. કોઈને રેસના ઘોડા દોડાવવામાં સુખ મળે તો કોઈને સત્ય અને અહિંસા દ્વારા પ્રભુપ્રાપ્તિ કરવામાં સુખ મળે.

દુઃખ કોઈને ગમતું નથી. એને ટાળવા માટે દરેક માણસ પોતાની અક્કલ આવડત અને સાધનસગવડ પ્રમાણે પ્રયત્ન કર્યા જ કરે છે. ઘણી વખત માણસ જ્યારે રાજીખુશીથી અને હસતે મોઢે દુઃખને આવકારે છે, ત્યારે પણ એમ કરવાનું કારણ એ હોય છે કે ભવિષ્યનું મોહક અને રમણીય ચિત્ર એની દૃષ્ટિસન્મુખ હોય છે. પોતાના ત્યાગ, ત્રાસ અને કષ્ટથી પોતાને, પોતાના સમાજ, દેશ કે પછી આખી માનવજાતને લેશ માત્ર લાભ અત્યારે કે ભવિષ્યમાં થવાનો નથી એવી ખાત્રી પછી કેટલા માણસો રાજીખુશીથી કષ્ટ સહન કરશે?

રોગના રૂપમાં શારીરિક દુઃખ પણ કોઈને પ્રિય લાગતું નથી. એને ટાળવા માટે આજ સુધીમાં માનવીએ અસંખ્ય રસ્તા અખત્યાર કર્યા છે. હજી પણ એના પ્રયત્નોનો અંત આવ્યો નથી ઉલટા એ દિનપ્રતિદિન વધુ ને વધુ પ્રબળ થતા જાય છે. રોગરૂપી શારીરિક દુઃખમાંથી છૂટી આરોગ્યરૂપી શારીરિક સુખ પ્રાપ્ત કરવાના માનવીના અસંખ્ય પ્રયત્નોનું ગણિતશાસ્ત્ર એટલે વૈદકશાસ્ત્ર.

વૈદકશાસ્ત્રમાં અને એમાંય ખાસ કરીને નિસર્ગોપચારમાં 'કુદરત' એ શબ્દ વારંવાર વપરાય છે. એ શબ્દના અનેક અજ્ઞાનમૂલક અર્થો આમજનતામાં, ભણેલા લોકોમાં અને વૈદ દાક્તરોમાં પ્રચલિત છે. નિસર્ગોપચાર ઉપર ઘણા પ્રહારો કુદરત શું છે એ સમજ્યા વિના જ થતા હોય છે।

વર્ષોથી અનેક હઠીલા રોગોથી પીડાતા એક દરદીએ મને કહ્યું :

'મારો દાક્તર બહુ જ સારો છે. એ પણ તમારી પેઠે "કુદરત"માં જ માને છે.' મેં કહ્યું 'વાહ! બહુ ખુશી થવા જેવું છે! તમને શાથી ખબર પડી કે એ કુદરતમાં માને છે?'

'મારો રોગ મટાડવા એણે બહુ જ જહેમત ઉઠાવી. અનેક જાતની દેશી વિદેશી દવાઓ વાપરી. પાર વગરનાં ઇન્જેક્શનો આપ્યાં. પણ જ્યારે કશાની કારી ફાવી નહિ, ત્યારે એણે મને કહ્યું કે હવે બીલકુલ પૈસા બગાડશો નહિ. હવે બધું 'કુદરત' ઉપર છોડી દો!'

મેં જવાબ આપ્યો. 'ધારો કે તમે મુસાફરી કરતા હો, અને રસ્તામાં એક ગાઢ જંગલ આવે. તમે મુઝાઈ પડો. એવે વખતે કોઈ ભોમિયો આવે, તમને વિશ્વાસમાં લે જંગલની આરપાર કાઢી આપવાની ખાત્રી આપે, અને તમારી પાસેથી પૈસા લે. બરાબર અધેં રસ્તે અત્યંત વિકટ જગ્યાએ તમે આવી પડો. ન આગળ જવાની સુઝ પડે, ન પાછળ જવાની સમજણ પડે. એવે વખતે તમારો ભોમિયો તમને કહે કે 'હવે તમે આઝાદ છો. જ્યાં જવું હોય ત્યાં સુખેથી જઈ શકો છો.' એમ કહીને એ નાસી જાય તો તમે એને કેવો ભોમિયો કહેશો?'

સહેજ ચમકી જઈને એમણે જવાબ આપ્યો 'આવો માણસ તો બહુ ભયંકર ભોમિયો કહેવાય.'

"તો પછી તમારો દાક્તર માણસ તરીકે ગમે એટલો સજ્જન હોય તોપણ આરોગ્ય માર્ગનો ભોમિયા તરીકે પેલા ભોમિયા જેટલો જ ભયંકર માણસ છે. તમારા કેસમાં સતત દવાબાજી કર્યા પછી, એ કેસને ગુંથાય એટલો ગુંથી નાખ્યા પછી હવે એ તમને ઈશ્વરને આશરે છોડવા માગે છે! તમને જો પહેલેથી કુદરત ઉપર છોડયા હોત તો તમારી આટલી દુર્દશા તો ના જ થાત. હવે જ્યારે કુદરતી રોગ અને દવારોગ બે ભેગા થઈને તમારો કેસ અસાધ્ય થયો, ત્યારે એણે એમ માની લીધું કે જે એલોપેથી માટે અસાધ્ય છે, એ દરેક ચિકિ-

ત્સાપદ્ધતિ માટે અસાધ્ય હોવું જ જોઈએ. જે પોતે નથી મટાડી શકતો એ દુનિયામાં કોઈપણ મટાડી શકે જ નહિ

'તમે જો આવી ઘમંડી અને મુર્ખાઈ ભરેલી સલાહને અનુસરશો, તો તમારે માટે સાજા થવાનો કોઈ આરો નથી. તમારે જરૂર કુદરતની નથી પણ કલાની છે. એક કલાની નહિ પણ અનેક કલાની. અને એની પાછળ જો પૈસા નહિ બગાડો તો તમે તમારી જીંદગી બગાડશો.'

આ દરદીના દાક્તરની પેઠે ઘણા માણસોને ભ્રમ હોય છે કે "કુદરત" એટલે નમીબ !

એક વખત એક વૈદરાજે મને કહ્યું કે 'હું પણ કુદરતમાં માનું છુ હું સાતપૂડા–સહ્યાદ્રીથી માંડીને હિમાલય સુધીનાં જંગલોમાં રખડયો છુ અસંખ્ય કુદરતી વનસ્પતિઓ એકઠી કરી લાવ્યો છું, અને આ કુદરતી દવાઓથી અનેક દરદીઓના રોગ મટાડયા !'

મેં કહ્યુ કે તમારી 'કુદરત' અને નિસર્ગોપચારની 'કુદરત' જુદાં જુદાં તત્વો છે ! મારો જવાબ સાંભળીને એમને ભારે અજાયબી થઈ

નિસર્ગોપચારમાં કુદરત એ શબ્દ પરમાત્મા, પુરુષ, પ્રકૃતિ, પંચમહાભૂતો, પ્રારબ્ધ કે પુરુષાર્થના અર્થમા વપરાતો નથી નિસર્ગોપચારની કુદરત એ કોઇ અગમ્ય ગેબી કે પરલોક સાથે સબંધ ધરાવતું તત્ત્વ નથી એજ રીતે અંગ્રેજીમાં જેને Nature અને ગુજરાતીમાં પ્રકૃતિને નામે ઓળખીએ છીએ અને જેના અભ્યાસમાં વનસ્પતિઓ, પશુપક્ષીઓ, પથ્થરો, ખનીજો વગેરેનો અભ્યાસ આવી જાય છે, એ કુદરત પણ નિસર્ગોપચારની કુદરત નથી ગુજરાતી ભાષામા 'પ્રકૃતિ' નામનું ત્રૈમાસિક શ્રી હરિનારાયણ આચાર્યના તંત્રીપદ હેઠળ નીકળે છે, એમાં આવા વિષયોના સુંદર લેખો આવે છે પણ આ પ્રકારના અભ્યાસને અને નિસર્ગોપચારને કાંઈ જ લાગતું-વળગતું નથી. બન્ને વિષયોના કાર્યક્ષેત્રો તદ્દન જુદાં છે.

તો પછી નિસર્ગોપચારમાં "કુદરત" "નિસર્ગ" અથવા "પ્રકૃતિ" એ શબ્દ કયા અર્થમાં વપરાય છે ?

નિસર્ગોપચારમા "કુદરત" એ શબ્દ પ્રાણીમાત્રના તેમજ માણસના શરીરમા રહેલ જીવનશક્તિ, જીવનબળ, અથવા ચૈતન્યના અર્થમા વપરાય છે.

પાશ્ચાત્ય વૈદકનો આદ્યપુરુષ મહાન ગ્રીક ચિકિત્સક હીપોક્રેટીસ જીવનશક્તિને "Vis medictrix Nature" એટલે કે કુદરતની રોગનિવારક શક્તિને નામે ઓળખતો. આ શક્તિ Vis conservatrix અથવા તો સંરક્ષક શક્તિને નામે પણ ઓળખાય છે,- કારણ કે એ રોગોત્પાદક તત્વો અને પ્રતિકુળ વાતાવરણ સામે શરીરનું સંરક્ષણ કરે છે.

માનવદેહમાં આવી જો કોઇ શક્તિ હોત નહિ તો માણસજાત કયારનીયે પૃથ્વીના પડ પરથી નાબુદ થઇ ગઈ હોત. સંસ્કૃતિની શરૂઆત પહેલાયે હજારો વર્ષ થયાં માણસ રોગ, મરણ અને પ્રતિકુળ વાતાવરણ સામે ઝગડતો આવ્યો છે. એનું વેદું ઠેઠ આજસુધી મોટે ભાગે ઊંટવૈદું રહ્યું છે. એ વૈદાએ એને બચાવ્યો નથી, પણ એના જીવનબળે જ એને બચાવ્યો છે. ઈશ્વરે માણસના શરીરમા એના સંરક્ષણ માટે મુકેલી આ શક્તિ શી રીતે કામ કરે છે એના થોડાક સાદા દાખલા જોઈએ.

આપણને હાથ ઉપર ચાકુ વાગે છે કે શરીરે ઉઝરડા થઇ ચામડી ઉખડી જાય છે. આપણે કાંઈ પણ દવાદાર ન કરીયે તો પણ ટુંક સમયમાં ચામડી સંધાઇને પૂર્વવત થઈ જાય છે. શરીરનું કોઈ હાડકું ભાગે છે અને જો યથાસ્થાન ગોઠવવામા આવે તો એ પોતાની મેળે સધાઈ જાય છે. આ બધું સમારકામ જીવનશક્તિ કરે છે.

બાળકને ઓરી નીકળે છે. માબાપ કોઈજ દવાદારૂ ન કરતા કેવળ માનતા માનીને બેસી રહે છે. શરીરના દુષિત દ્રવ્યનો નાશ કરીને ઓરીનો તાવ આપોઆપ શમી જાય છે. એ જ રીતે શરીરમા જો હાનીકારક ઝેરી કચરો ભરાયો હોય તો કુદરત કાં તો એને તાવથી બાળી દે છે, ઝાડા ઉલટી મારફતે કાઢી નાખે છે કે પછી ખસ, દરાજ કે ખરજવા જેવા ચામડીના રોગો મારફતે એનો નિકાલ કરે છે. આ જીવનશક્તિ ઉગ્ર અને હઠીલા રોગોમાં સતત શરીરશુદ્ધિ અને રોગનિવારણના સફળ નિષ્ફળ પ્રયત્નો કર્યા જ કરતી હોય છે.' દરદી મરવાનો હોય છે ત્યારે પણ છેક છેલ્લી ઘડી સુધી જીવનશક્તિ એને ઉગારવા ધમપછાડા કર્યા કરે છે.

આ જીવનશક્તિ તરફ જુદા જુદા ચિકિત્સકોના પાંચ પ્રકારનાં દૃષ્ટિબિંદુઓ આપણને જોવાના મળે છે

(૧) જીવનશક્તિ સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સંપૂર્ણ છે. આ દૃષ્ટિબિંદુ નિસર્ગોપાસકોનું છે.

(૨) જીવનશક્તિ જેવુ કાંઈ છે જ નહિ. આ દૃષ્ટિબિંદુ એલોપેથીનું છે.

(૩) વૈદકશ્રીમો જીવનશક્તિ વિષે મૌન સેવે છે.

(૪) જીવનશક્તિ છે ખરી, પણ એ રોગ તો શું મટાડે? રોગ તો અમારી ઝીણી, મીઠી અને જાદુઈ ગોળીઓ મટાડી શકે! આવું હોમિયોપેથો કહે છે.

(૫) જીવનશક્તિ એ એક શરીરસંરક્ષક, રોગનિવારક અને બુદ્ધિશાળી શક્તિ છે, પણ એની ઉપર આંધળો વિશ્વાસ મુકાય નહિ. એની અપૂર્ણતાઓ પૂરી કરવા માટે ઔષધોપચારથી માંડીને માનસોપચાર સુધીની કલાઓની આવશ્યકતા છે. આ મંતવ્ય વૈજ્ઞાનિક નિસર્ગોપચારકોનું છે.

હવે આ દરેક દૃષ્ટિબિંદુને આપણે કાળજીપૂર્વક વિગતવાર તપાસીયે.

ભૂતપૂજક નિસર્ગોપાસકો વર્તમાનની અપૂર્ણતાઓનો ઉકેલ પોતે માની લીધેલા સુવર્ણમય ભૂતકાળના પુનર્સર્જનમાં જુવે છે. એમણે પ્રાણને લગભગ પરમેશ્વરની પ્રતિષ્ઠા આપી દીધી છે! તેઓ કહે છે કે: "જીવનશક્તિ એ એક એવી અદ્ભૂત શક્તિ છે કે માનવદેહ વિષે વૈજ્ઞાનિકો જે કાંઈ જાણે છે તે બધું જ, અને જે નથી જાણતા તે પણ આ શક્તિ જાણે છે! એટલે વૈદકમાં વિજ્ઞાન, તત્વજ્ઞાન કે કલાની કશી જ આવશ્યકતા નથી. દવાઓનો દાટ વાળો. કુદરત તરફ પાછા ફરો. પ્રેરણાને અનુસરો, ફળાહાર કરો, દીગંબર ફરો, પંચમહાભૂતો સાથે સતત સંસર્ગ રાખો, એટલે તમારા રોગદોગ ટળી જઈ ત્રિવિધ તાપ નાશ પામી, તમારો સંસાર સુખમય થશે."

ઘણી વખત એક શાસ્ત્રનો અભ્યાસ બીજા શાસ્ત્રના પ્રશ્નો ઉપર અજબ રીતે અજવાળું પાડે છે. ફ્રેન્ચ રાજ્યક્રાન્તિ પ્રેરનારા ત્રણ પયગમ્બરોમાંનો એક રૂસો મહાન નિસર્ગોપાસક હતો. એનો મત એવો હતો કે માણસનો મૂળ સ્વભાવ સારો જ છે. રાજ્ય, સમાજ અને ધર્મનાં કઠોર અને અનિષ્ટ બંધનો જ એને નઠારો કરી મુકે છે. એટલા માટે એને સારા કરવાનો રસ્તો એ છે કે એણે આ કૃત્રિમ બંધનોનો ત્યાગ કરી મુક્ત થવું. અને કુદરતના બાળક તરીકે જીવન ગાળવું. કુદરતી માણસ એ આદર્શ માણસ હોવાથી કેળવણી પણ એવી હોવી જોઈએ કે જેનાથી બાળક કુદરતમય જીવન જીવી આદર્શ માનવી બને.

આ વિચારોની મોહક છાયા યુરોપના કેળવણીકારોના મગજ ઉપર બહુ જ ગાઢી રીતે પડી ત્યારપછી ઘણે સમયે એક જંગલમાં વરુએ ઉછેરેલો ૧૦-૧૨ વરસનો છોકરો મળી આવ્યો. સંસ્કૃતિના સ્પર્શથી અભડાયા વિનાનો આ કુદરતી બાળક જોઈને કેળવણીકારો હર્ષઘેલા થઈ ગયા! એમણે આ બાળકનો બહુ જ કાળજીથી અભ્યાસ કરવા માંડયો. પણ જેમજેમ અભ્યાસ આગળ વધ્યો તેમતેમ એમનું મોહક સ્વપ્ન લુપ્ત થતું ચાલ્યું. આ છોકરો ખાનપાનથી માંડીને હલનચલન સુધીની દરેકે દરેક બાબતમાં એક જંગલી પશુ જેવો હતો. એ સીધી રીતે ચાલી નહોતો શકતો. એ સતત દોડયા જ કરતો. ગમે તેમ મળમૂત્રનું વિસર્જન કરતો, અને જેને ને તેને કરડવા પ્રયાસ કરતો. એને બોલતાં નહોતું આવડતું માત્ર એ પશુ જેવા અવાજો કાઢતો. વર્ષોના સતત પુરૂષાર્થથી પણ એને સુધારીને સામાન્ય બાળક જેવો પણ ન બનાવી શકાયો ત્યારે કેળવણીકારોનો કુદરતી માણસ વિષેનો ભ્રમ સંપૂર્ણ રીતે ભાંગી ગયો. એમને એ ખાત્રી થઈ કે કુદરતી માણસ એટલે જંગલી માણસ. પરિણામે કેળવણીના ક્ષેત્રમાંથી નિસર્ગોપાસનાને દેશવટો દેવામાં આવ્યો.

પણ વૈદકના ક્ષેત્રમા હજી નિસર્ગોપાસના ચાલ્યા કરે છે! જ્યારે લોકો અને ચિકિત્સકો નિસર્ગોપાસના અને નિસર્ગોપચાર વચ્ચેનો ભેદ સ્પષ્ટ રીતે સમજશે ત્યારે વૈદકના ક્ષેત્રમાંથી પણ નિસર્ગોપાસના નાશ પામશે.

નિસર્ગોપાસકોની જીવનશક્તિ વિષેની અન્ધશ્રદ્ધા કેવી નીર્મૂળ છે, એ આપણે આગળ જોઈશું.

હવે આપણે એલોપેથીનું દૃષ્ટિબિંદુ તપાસીએ.

એલોપેથીમાં હીપોક્રેટીસથી માંડીને હાનમેન સુધીના મહાન ચિકિત્સકો જીવનશક્તિમાં માનતા. જોકે જુદા જુદા ચિકિત્સકો વચ્ચે મતભેદ તો હતો જ પણ એ મતભેદ મૂળ મુદ્દા પરત્વે નહોતો માત્ર વિગતોનો હતો. પણ છેલ્લાં સો વર્ષ થયાં એલોપેથીમાં વિજ્ઞાનનો અદ્ભૂત વિકાસ થયો, એનું પરિણામ એ આવ્યું કે વૈદકની સરદારી તત્વજ્ઞાનના હાથમાંથી વિજ્ઞાને ખૂંચવી લીધી. જો આયુર્વેદના ત્રિદોષવાદને આપણે જીવનરસોનું રોગશાસ્ત્ર માનીએ તો, આયુર્વેદની પેઠે એલોપેથીમાં પણ આજસુધી જીવનરસોના રોગશાસ્ત્રનું (Humoral Pathology) આધિપત્ય પ્રવર્તતું હતું પણ મહાન જર્મન શરીરશાસ્ત્રી પ્રો વીરખોએ (Virchow) આ પ્રાચીન રોગશાસ્ત્રને ઉથલાવી પાડી, કોષોના રોગશાસ્ત્રને (Cellulr Patholog) પ્રતિષ્ઠિત કર્યું.

આ રોગશાસ્ત્રને આધારે એલોપેથીના આચાર્યો એમ દલીલ કરે છે કેઃ 'આધુનિક વિજ્ઞાન ઇશ્વર, આત્મા કે જીવનશક્તિ જેવાં ગેબી તત્વોમાં માનતું નથી. એ તો પ્રત્યક્ષ પ્રમાણમાં માને છે. શરીરમાં બનતી સઘળી ઘટનાઓ ભૌતિકશાસ્ત્ર અને રસાયનશાસ્ત્ર જેવાં વાસ્તવવાદી શાસ્ત્રોથી સમજાવી શકાય એમ છે.

શરીરને સામ્રાજ્ય માનવું અને જીવનશક્તિને સમ્રાટ માનવો, એમાં તો અમને મધ્યકાલીન રજવાડાંશાહી રાજવ્યવસ્થાનો શરીરશાસ્ત્રમાં પડઘો પડતો જણાય છે. અર્વાચીન વિજ્ઞાન શરીરને સામ્રાજ્ય નથી માનતું, પણ એક પ્રજાસત્તાક માને છે, કે જેમાં દરેક સરખા સચેત છે અને સ્વતંત્ર રીતે પ્રવૃત્તિશીલ છે, અને એ બધા વચ્ચેની એકતા રુધિરાભિસરણ અને મંજ્જાતંતુઓના તંત્રથી સધાય છે. માનવદેહનું મધ્યબિંદુ જીવનશક્તિ નથી પણ કોષ છે, રોગ અને આરોગ્યના આદિ અને અંત કોષથી જ થાય છે.'

આ દલીલનો જવાબ એમ આપી શકાય કેઃ 'પ્રો. વીરખોનું મંતવ્ય સંપૂર્ણ રીતે સાચું છે એમ માનીયે તો પણ એનાથી જીવનશક્તિનો સિદ્ધાંત ખોટો ઠરી શકતો નથી. એક રાજ્યમાં ઇંગ્લૅંડની પેઠે એકી સાથે રાજાશાહી અને પ્રજાશાહી બન્ને હોઇ શકે!

કેવળ વિજ્ઞાનની દૃષ્ટિએ જોઈએ તો પણ પ્રો. બીકેમ્પે વીરખો કરતાં એક ડગલું આગળ ભર્યું છે. એણે એ સિદ્ધ કર્યું છે કે જીવનનો છેવટનો એકમ કોષ નથી, પણ એનાથીય અતિ સૂક્ષ્મ એવો માઈક્રોઝીમા છે. આ માઈક્રોઝીમાનો યોગ્ય પરિસ્થિતિ હેઠળ કોષમાં વિકાસ થાય છે, જ્યારે અયોગ્ય પરિસ્થિતિ હેઠળ એ રોગજંતુમાં પરિવર્તન પામે છે.

વૈદકના ક્ષેત્રમાં ગમે એટલા ચતુરાઈભર્યા ખુલાસાઓ આપવામાં આવે તો પણ એમની સચ્ચાઈની અંતિમ કસોટી તો ક્લિનિકલ અનુભવ એજ છે અને એ દૃષ્ટિએ તપાસતાં જ્યાં સુધી જીવનશક્તિના સિદ્ધાંત ઉપર રચાયેલા ચિકિત્સાશાસ્ત્ર કરતાં, અર્વાચીન રોગશાસ્ત્ર ઉપર રચાયેલ ચિકિત્સાશાસ્ત્ર ચઢીયાતાં પરિણામો બતાવી ના શકે ત્યાં સુધી એને સ્વીકારી કેમ શકાય?

વળી જંતુશાસ્ત્રથી જ્યારે એલોપેથો રોગ અને આરોગ્યની સઘળી ઘટનાઓનો યોગ્ય ખુલાસો કરી શકતા નથી, ત્યારે તેઓ એમ કહે છે કે કેટલીક વ્યક્તિઓમાં રોગપ્રતિબંધક શક્તિ (Immunity) એટલી બધી સરસ હોય છે કે રોગજંતુઓ એમની ઉપર આક્રમણ કરી શકતાં નથી. આ–ઇમ્યુનીટી–એ જુની જીવનશક્તિનું નવું નામ હોય એમ ચોકખું દેખાય છે.

વૈદકોમેના આચારવિચારમાં આ જીવનશક્તિને કશું જ સ્થાન હોય એમ જણાતું નથી. કારણ કે આયુર્વેદના પ્રાચીન આચાર્યોનાં લખાણોમાં એને વિષે કશો ઉલ્લેખ નથી. અર્વાચીન વૈદો પણ એને વિષે સાવ અજાણ છે. કેવળ એક અપવાદ કવિરાજ ગણનાથ સેનનો છે. એ આ જીવનશક્તિને Vis Conservatrix ને "જીવણી શક્તિ"ને નામે ઓળખે છે. પણ ત્યારપછી જીવનશક્તિના તત્વજ્ઞાનને અને આયુર્વેદના તત્વજ્ઞાનને મેળ બેસાડવાનો એમણે પણ કાંઈ પ્રયત્ન કર્યો નથી.

હાનમેન એના જમાનાનો એક સર્વગ્રાહી પાંડિત્યવાળો બહુશ્રુત ચિકિત્સક હતો. પોતાના પુરોગામીઓનાં તમામ લખાણોનો એનો અભ્યાસ પાકો હતો. ભૂતકાળના સઘળા મહાન ચિકિત્સકોની પેઠે એ પણ જીવનશક્તિમાં માનતો. એ એમ માનતો કે રોગ અને આરોગ્ય બન્ને જીવનશક્તિના પ્રદેશમાંથી જ- શરૂ થાય છે. હોમિયોપેથીનાં સૂક્ષ્મ ઔષધો જીવનશક્તિને સ્પર્શીને જ રોગનું આરોગ્યમાં રૂપાંતર કરે છે.

એ એમ કહેતો કે: "Nature is a poor healer" "કુદરત એ એક કંગાલ વૈદ્ય છે." આ સૂત્રમાં કુદરત તરફ કલાકારનો, સ્થિતિચુસ્તતા તરફ સુધારકનો અને ભૂતકાળ તરફ દૃષ્ટાનો તિરસ્કાર સ્પષ્ટ વાંચી શકાય છે.

હિપોક્રેટીસ એમ કહેતો કે "Nature cures; not the physician." રોગનિવારણનું કામ ચિકિત્સક નથી કરતો પણ કુદરત કરે છે. હિપોક્રેટીસ કુદરતને પ્રણિપાત કર્યો. હાનમેને કલાની પ્રતિષ્ઠા સ્થાપી. એક જ વૈદકીય મહાસત્યનો, હિપોક્રેટીસે પૂર્વાર્ધ જોયો અને હાનમેને ઉત્તરાર્ધ.

વૈજ્ઞાનિક નિસર્ગોપચાર આ બન્ને મહાન ચિકિત્સકોના દૃષ્ટિબિંદુઓનો સફળ સમન્વય કરે છે, એ એમ કહે છે કે કુદરત અને કલા બન્નેના સાચા સહકાર સિવાય સફળ રોગનિવારણ અને સ્થાયી સ્વાસ્થ્ય શક્ય નથી

નિસર્ગોપચાર એ શબ્દમાં 'નિસર્ગ' શબ્દ કુદરતનો અને 'ઉપચાર' શબ્દ કલાનો દ્યોતક છે. કુદરત અને

કલા એ બન્ને પરસ્પર વિરોધી છતાંય પરસ્પર પોષક અને પૂરક તત્ત્વો છે.

તો પછી પ્રશ્ન એ થશે કે નિસર્ગોપચાર કુદરતની અપૂર્ણતાઓ અને મર્યાદાઓ ક્યાં ક્યાં જુવે છે?

એનો જવાબ એ છે કે કુદરત એટલે ભૂતકાળના અનુભવ, જ્ઞાન અને ડહાપણનો ભંડાર. માનવી માછલામાંથી માણસ થયો ત્યાં સુધીના લક્ષાવધિ અવતારોની સ્મૃતિનો સંગ્રહ, એવું જીવનતત્વ ધરાવે છે.

એટલે આ જીવનશક્તિ સંરક્ષકશક્તિ છે, સર્જક શક્તિ નથી. એને વ્યવસ્થા કરતાં આવડે છે. નવસર્જન કરતાં આવડતું નથી. આત્મરક્ષણમાં જેટલી કુશળ છે, એટલી આક્રમણમાં કુશળ નથી. એનામાં ડહાપણ છે, પરાક્રમ નથી. એ વૈષ્ણવી શક્તિ છે, બ્રાહ્મી શક્તિ નથી. શારીરિક વ્યાપારોમાં કુદરત સ્ત્રીનો ભાગ ભજવે છે, કલા પુરુષનો.

પરિસ્થિતિ આવી હોવાથી ભૂતકાળમાં જે પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત થયા હોય તે જ પ્રકારના પ્રશ્નો જો વર્તમાનમાં ઉપસ્થિત થાય તો જીવનશક્તિ એકલે હાથે એમનો સફળતાપૂર્વક ઉકેલ લાવી શકે. પણ ઉલટપક્ષે જો અણધાર્યો કે તદ્દન નવા પ્રશ્નોનો સામનો કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો આ જીવનશક્તિ નિષ્ફળ નીવડે છે, અથવા તો અંશતઃ સફળ થાય છે. આ નિષ્ફળતાનું નામ જ રોગ!

એ એક જાણીતી હકીકત છે કે જે પ્રજાઓ ક્ષય કે ઓરી જેવા ચેપી રોગોથી કદી પિડાતી નથી હોતી, તે જ પ્રજાઓ જો આ રોગોના ચેપ સાથે સંસર્ગમાં આવે તો એ પ્રજાનાં માણસો બહુ જ ઝડપથી આ રોગોના ભોગ બને છે, અને એનું મરણપ્રમાણ પણ બહુ જ ભયંકર હોય છે. એનું કારણ એ છે કે આ પ્રજાઓના જીવનબળે ભૂતકાળમાં કદી આ રોગોનો સામનો કર્યો હોતો નથી. એટલે આ નવી આફત આગળ એમની જીવનશક્તિ લાચાર બની જાય છે. પણ થોડી પેઢીઓ જો આ જ રોગોના સહવાસમાં રહેવાનું થાય તો એ લોકો પણ આપણી પેઠે આ રોગોનો સામનો કરતાં શીખી જાય છે.

જંતુશાસ્ત્રીઓ કહે છે કે લગભગ દરેકે દરેક માણસ ઉપર ક્ષયનું આક્રમણ આવી ગયું હોય છે, પણ સોએ પંચાણું માણસોમાં એમની જીવનશક્તિએ એ આક્રમણને એટલી તો સરળતાથી, સફળતાથી અને સચોટતાથી પાછું હઠાવી દીધું હોય છે કે એમને આ ઘટનાની ખબર સરખી પડતી નથી! બાકીના પાંચ ટકામાં જ્યાં જીવનશક્તિ સફળતાપૂર્વક આત્મ-રક્ષણ કરી શકતી નથી ત્યાં જ બાહ્ય લક્ષણોથી આંતરિક અવ્યવસ્થા પ્રત્યક્ષ થાય છે. એનું કારણ એ છે કે જમાનાઓના અભ્યાસથી આપણી જીવનશક્તિ ક્ષયનો સામનો કરતાં શીખી ગઈ છે.

હવે બીજો દાખલો લઈએ. સગર્ભાવસ્થામાં જો માતાનો ખોરાક નિઃસત્વ હોય તો એના શરીરમાં ચૂનાની તૂટ પડે છે. આવે વખતે કુદરત માતાનાં હાડકાં, દાંત અને વાળના મૂળમાંથી સંઘરાયલો ચૂનો ખેંચી લઈ બાળકના નવા બંધાતા દેહનું ઘડતર કરે છે. પરીણામે માતાના માથાના વાળ ઉતરે છે અને દાંતમાંથી લોહી કે પરૂ નીકળે છે. આવે વખતે માતાને ઠીકરાં, કોલસા કે માટી ખાવાના 'ભાવા-અભાવા' થાય છે. આ રોગિષ્ટ વાસનાઓ મારફતે કુદરત માતાના શરીરમાં ચૂનાની ન્યૂનતા છે એવું સૂચવે છે.

એ જ રીતે કોઈ માણસ પોતાના ખોરાકમાં મેંદજ અને શર્કરાયુક્ત પદાર્થો બેહદ લેતો હોય તો એમાંથી એના શરીરમાં ઓક્ઝેલિક એસિડ બને છે. ઓક્ઝેલિક એસિડ કાતીલ ઝેર છે. એ શરીરને નુકશાન ન કરે એટલા માટે કુદરત શરીરમાં સંઘરાયલો ચૂનો ખેંચી લઈ એનાથી આ એસિડને મારી પેશાબ મારફતે કેલ્શ્યમ ઓક્ઝેલેટના ગાંગડાના રૂપમાં કાઢી નાખે છે. પેશાબમાં આ ગાંગડા દેખાતાં જ એલોપેથિક દાકતરો પોતાના દરદીઓને કેલ્શ્યમવાળો ખોરાક ખાવાની મનાઈ કરે છે. પણ આ અજ્ઞાનમુલક સલાહ છે. દરદીને ઓછા કેલ્શ્યમની જરૂર નથી હોતી. પણ ઝેરને મારવા અને સંઘરાયલા ચૂનાને બચાવવા વધુ કેલ્શ્યમની જરૂર હોય છે.

નિસર્ગોપચારના તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જો શરીરવ્યાપારશાસ્ત્ર (Physiology) આરોગ્યશાસ્ત્ર, રોગશાસ્ત્ર અને ચિકિત્સાશાસ્ત્રનો આપણે અભ્યાસ કરીએ તો ઉપરના દાખલાઓ જેવા સેંકડો દાખલાઓ આપણને મળી આવશે.

આ દાખલાઓ આપણને કુદરતનું ડહાપણ તેમજ મર્યાદાઓ સ્પષ્ટ રીતે બતાવે છે. આપણે એ જોયું કે કુદરત ચૂનાનો વધુમાં વધુ આવશ્યક, ડહાપણ ભરેલો અને કરકસર ભરેલો ઉપયોગ કરે છે. પણ એ ચૂનો સર્જ

શકતી નથી! શરીરને ચૂનો પુરો પાડવાનું કામ તો કલા-યુક્ત આહારયોજના જ કરી શકે. જેમ પતિ કમાઈ લાવે અને પત્ની સદુપયોગ કરે, તેમ કલા સર્જન કરે અને કુદરત સંરક્ષણ અને સુવ્યવસ્થા કરે!

આ "Vis medictrix Nature." એટલે કે કુદરતની રોગનિવારક શક્તિ વિષે છેલ્લામાં છેલ્લો એક સિદ્ધાંત કે જેના પુરસ્કર્તા માર્ક્સ પ્રબળ સમર્થક છે તે એમ છે કે આ રોગનિવારક શક્તિ એ બીજું કંઈ જ નથી, પણ આંતરમનની (Subconscious Mind.) શક્તિ છે. અને એ શક્તિથી જ રોગ મટે છે. એના પુરાવામાં હિપ્નોટીઝમ અને કાઉની પદ્ધતિદ્વારા થએલું રોગનિવારણ આગળ ધરવામાં આવે છે.

રોગને - મટાડનાર બળ પ્રાણબળ નથી પણ મનોબળ છે. એ સિદ્ધાંત આપણે કબૂલ કરીએ તો પણ આપણે ઉપર જોએલું કુદરતનું સ્વરૂપ ખોટું ઠરતું નથી, કારણ કે આંતરમન એ પણ ભૂતકાળનાં અનુભવોનાં સંચય વડે જ સ્થાપેલું અને સમૃદ્ધ થએલું છે. એટલે કુદરત એટલે ભૂતકાળ એ સિદ્ધાંતને આ નવો સિદ્ધાંત પણ ટેકો આપે છે.

જો કે મારે એ અહીં સ્પષ્ટ કરવું જોઈએ કે આ નવો સિદ્ધાંત સર્વાંશે સાચો નથી. તેમ જ એ સર્વ-માન્ય થયો નથી. રોગનિવારણમાં પ્રાણબળ અને મનો-બળ બન્ને કામ કરે છે.

ટુંકામાં કહેવું હોય તો એમ કહી શકાય કે જીવન-શક્તિ પ્રત્યે નિસર્ગોપાસકો અંધશ્રધ્ધાળુ છે નિસર્ગોપચા-રકો આસ્તિક છે અને વૈદ્યડાક્તરો નાસ્તિક છે.

[ચાલુ]

★

જીવન સૌરભ

છોટાલાલ માનસિંગ કામદાર

ચૈતન્ય મહાપ્રભુના બે જીવન પ્રસંગો છે.

આ પ્રસંગો ખૂબ અર્થસૂચક છે અને સહૃદયી સત્યશોધકોથી જ તેનો અર્થ સમજી શકાય તેમ છે.

એક વખત તેમની બાલ્યાવસ્થામાં એક બ્રાહ્મણ યાત્રાળુએ તેમના પિતા શ્રી. જગન્નાથ મિશ્રને ત્યાં ઉતારાની માગણી કરી. અતિથિનું સ્વાગત કરવામાં આવ્યું અને રાંધવા માટે તેને વાસણો આપવામાં આવ્યાં. ભોજન તૈયાર થયા પછી અતિથિએ આંખો મીંચીને કૃષ્ણ પ્રભુને ભોગ ધરાવ્યો. બરાબર તે જ વખતે બાળ ચૈતન્ય પ્રભુ અચાનક ત્યાં આવી ચડયા અને ભોગમાંથી થોડુંક ખાઈ ગયા. છોકરાના સ્પર્શથી ભોગ અભડાઈ જતાં, અતિથિ નારાજ થઈ ગયા. યજમાને તેને બીજી વખત રસોઈ કરવાની વિનંતિ કરી. અતિથિએ બીજી વખત રસોઈ તૈયાર કરી અને ફરીથી ભોગ ધર્યો. આ વખતે ચૈતન્ય પ્રભુને બીજે લઈ જવામાં આવ્યા હતા છતાં તે ત્યાં આવી ચડયા અને ભોગમાંથી થોડું ખાઈ ગયા. હવે છોકરાને ઓરડામાં પૂરી તાળું મારી પૂરી દેવામાં આવશે તેવી અતિથિને ખાતરી અપાતાં તેણે ત્રીજી વખત રસોઈ તૈયાર કરી. પણ ત્રીજી વખત પણ તે ત્યાં આવી ચડયા અને ભોગમાંથી થોડું ખાધું. તે ત્યાં કેવી રીતે આવી ચડયા તેની કોઈને ખબર પડી નહિ પરંતુ આ વખતે અતિથિએ વાંધો લીધો નહિ, કેમકે તે ધ્યાનમાં હતો ત્યારે પ્રભુએ તેને આવીને કહ્યું હતું કે તું મને વારંવાર બોલાવે છે એટલે જ મેં આવીને પ્રસાદ ચાખ્યો છે.

* . * *

કાશ્મીરના કેશવ ભટ્ટ નામના કોઈ 'દિગ્વિજયી' બધે સ્પર્ધા વિજય પ્રાપ્ત કરીને નવદ્વીપમાં આવ્યા. તે સમયે નવદ્વીપ વિદ્યાનું ધામ હતું. ત્યાં આવીને તેને અંતિમ વિજય પ્રાપ્ત કરવાનો હતો. એમ કહેવાય છે કે તેને સરસ્વતી દેવીનું વરદાન હતું. ચૈતન્ય પ્રભુ ત્યારે નિમાઈ તરીકે ઓળખાતા હતા. તે વખતે તે વ્યાકરણના મહાન પંડિત હતા. દિગ્વિજયી ગંગા નદીના કાંઠે નિમાઈના પરિચયમાં આવ્યા. નિમાઈની વિનંતિથી દિગ્વિજયીએ ગંગાસ્તુતિના સો શ્લોકો ત્યાં ને ત્યાં રચી કાઢયા. પોતે રચેલા શ્લોકોથી કેશવ ભટ્ટનું હૃદય ખૂબ પ્રફુલ્લિત થઈ ગયું. યુવાન નિમાઈએ તેમાંથી એક શ્લોક લઈ પંડિતજીને તેના ગુણદોષનું વિવેચન કરવાનું કહ્યું. પોતાના કોઈ શ્લોકમાં દોષ હોય એ તે વાત જ પંડિતની સમજશક્તિને ટૂંકા ભ્રમ હતી પણ ત્યારે નિમાઈએ તે એક જ શ્લોકમાં પંડિતને કેટલીયે ભૂલો બતાવી ત્યારે

પંડિત તો દિગ્મૂઢ થઈ ગયા. ઘેર જઈને તેણે રાત્રે સરસ્વતી દેવીની કૃપા પ્રાપ્ત કરવા તેનું ધ્યાન ધર્યું, પરંતુ સરસ્વતીએ પંડિતને જણાવી દીધું કે યુવાન નિમાઈ તો મારા પતિ, મહાપ્રભુ છે.

* * *

ગયામાં નિમાઈને ઈશ્વર પુરી-પાદ પાસેથી આધ્યાત્મિક દિક્ષા મળી.

સન્યાસ પછી, નિમાઈ શ્રીકૃષ્ણ-ચૈતન્ય તરીકે પુરી ગયા. ત્યાં તે પંડિત સાર્વભૌમને મળ્યા. પંડિતજી ઓરીસાના મહારાજ પ્રતાપરૂદ્રની કાઉન્સિલના તર્કશાસ્ત્રી તથા તે સમયના મહાન વેદાંતી હતા. તેને યુવાન સન્યાસી પર દયા આવી અને આવો યુવાન સન્યાસધર્મ શી રીતે પાળી શકશે તેનું તેને આશ્ચર્ય થયું. તેથી તેણે વેદાંત શીખવવાની દરખાસ્ત કરી. ચૈતન્ય પ્રભુએ કેટલાક દિવસો સુધી આ મહાન વેદાંતી પાસેથી વેદાંતનું વિવરણ સાંભળ્યું. પરંતુ પંડિતના સિદ્ધાંતોની ચૈતન્ય પ્રભુ પર કંઈ અસર થઈ નહિ. તેણે પંડિત સાથે ખૂબ ચર્ચા કરી. છેવટ પંડિતને પોતાના પક્ષમાં લીધા. અને પંડિત ચૈતન્ય પ્રભુના ચૂસ્ત અનુયાયી થઈ

* * *

પૂનાના 'સંકાલ' પત્રના તંત્રી ડો. એન. બી. પરલકરે નીચેની હકીકત 'ફ્રી પ્રેસ'ના ખાસ ખબરપત્રીને કહી છે.

એક દિવસ ડોકટરને તેના એક જુના અમેરિકન મિત્ર તરફથી ટેલીફોનનો સંદેશો મળ્યો. આ મિત્ર 'કવેકર' પંથના હતા અને હિંદની મુલાકાતે આવ્યા હતા. તેને મહાત્માજીની 'આત્મકથા'ની નકલ જોઈતી હતી. આખા મુંબઈ અને પુનામાં કરેલ તપાસને અંતે બે નકલો મળી આવી: ડો. પરલકરે તેના મિત્રને આ નકલો આપી. છેલ્લી ઘડીએ મિત્રને ખબર પડી કે વિમાનમાં જેટલું વજન જઈ શકતું હતું તેના કરતાં તેના સામાનનું વજન વધી ગયું હતું. તેથી તેને કંઈક સામાન કાઢી નાખવાની જરૂર હતી. 'સત્યના પ્રયોગો'ની નકલ માટે જગ્યા કરવા તેણે ૬૦ ડોલરની કીમતનો કોટ સામાનમાંથી કાઢી નાખ્યો.

* * *

શ્રી. શ્રીનિવાસ શાસ્ત્રીમાં સ્ફુર્તિ છે. કેપટાઉન કરાર સમયે દક્ષિણ આફ્રિકાના વડાપ્રધાન જનરલ હર્ટઝોગે શાસ્ત્રીજીને જમવા માટે નોતર્યા હતા. જમવાનું શરૂ થયા પહેલાં વડાપ્રધાને શાસ્ત્રીજીને અનેક પ્રકારના દારૂમાંથી એકની પસંદગી કરવાનું કહ્યું. શ્રી. શાસ્ત્રીજી તેને સીધો જવાબ આપી શકયા હોત કે, તાંજોર પરગણું પુણ્યધામ હોઈ ત્યાંના રહેવાસીઓ દારૂને સ્પર્શ કરતા નથી. તેમ કરવાને બદલે તેણે જવાબ આપ્યો. 'જનરલ, આપણે બન્નેને જેલ ભેગા થવું પડશે.' જનરલ તો ડઘાઈ ગયા. તેણે તેનું કારણ પુછ્યું. શ્રી શાસ્ત્રીજીએ તેને ટ્રાન્સવાલના કાયદાની યાદી આપી કે કોઈ પણ શ્વેત મનુષ્ય કાળા મનુષ્યને પીણું આપી શકે નહિ કે કાળા મનુષ્યથી તેનો સ્વીકાર થાય નહિ.

* * *

જાણીતા પત્રકાર કે. ગમર્સાલના જણાવવા મુજબ એક એવી વાત પ્રચલિત છે કે વાઈસરોયે એક વખત હિંદી સરકારના ગૃહમંત્રીને મહાત્મા-ગાંધીને મળી તેની સાથે રાજકીય પ્રશ્નોની ચર્ચા કરવાનું કહ્યું હતું. તેની તેણે એવા કારણસર સ્પષ્ટ ના સુણાવી દીધી કે હું સામાન્ય સનંદી નોકર મહાત્મા ગાંધી જેવા વિદ્વાન અને કુશળ રાજનીતિજ્ઞને સરખા દરજ્જા પર મળવા માટે બિલકુલ લાયકાત ધરાવતો નથી.

* * *

મદ્રાસમાં તેમના વસવાટ દરમિયાન શ્રી. નાટેસને કસ્તુરબાને એકથી વધારે વખત વ્યગ્ર સ્થિતિમાં જોયાં હતાં. તેથી તેમણે ને વાત ગાંધીજીના લક્ષ પર મુકી. તેમણે જવાબની રાહ જોયા સિવાય જણાવ્યું કે 'બધું દુઃખ તેણે પોતે હાથેથી ઉત્પન્ન કર્યું છે. તેના પુત્રનાં બાળકો માટે કીમતી કપડાં ખરીદવા માટે તેના પૈસા આપી દેવા તે મને કહે છે. 'મેં હસતાં હસતાં કહ્યું કે તમે ક્રૂર પતિ છો' ગાંધીજીનો જવાબ સત્વર ફરી વળ્યો 'જુઓ તમે મારા પ્રત્યે કડક થાઓ છો. આવી અને બીજી બાબતોમાં જો હું તેની ઈચ્છાઓને વશ થવા માંડું તો મારા સિદ્ધાંતના ત્યાગનો પ્રશ્ન આવી ઊભો રહેશે. તે મારા વિચાર સંપૂર્ણપણે જાણે છે અને મારી રહેણીકરણીથી તે તદ્દન પરિચિત છે. મેં તેને એકથી વધારે વખત વિનતિ કરી છે કે તે મારાથી જુદી રહે અને તકલિફથી બચીને નિરાંતે પોતાનાં બાળકો સાથે સહેર કરે. પણ તેમ કરવાની તે ના પાડે છે. વફાદાર હિંદુપત્નીની માફક, હું જ્યાં જઉં ત્યાં આવવાનો તે આગ્રહ રાખે છે.'

*

ચમને અદબ : ૫

પ્રા. વિજયરાય ક. વૈદ્ય

૯. મહાકવિ શ્રી માઘ

સાડાબારસોથી તેરસો વર્ષ પર ગુજરાતનાં પ્રાચીન પાટનગરોમાંના એક શ્રીમાલ, ભિલ્લમાલ કે ભિનમાળમાં થએલા સંસ્કૃત ભાષાના આ મહાકવિનો સ્મૃતિદિન ગયા ફેબ્રુઆરીમાં મદ્રાસની 'સંસ્કૃત વિદ્વત્પરિષદે ('એકેડેમી'એ) ઊજવ્યો હતો. ત્યાંની જ યુનિવર્સિટીમાં ફેલોશિપ એટલે અધ્યેતાવૃત્તિ ધરાવનાર એક ઉત્સાહી વિદ્યાભ્યાસંગી રા. એચ. જી. નરહરિએ શ્રી માઘ કવિ વિશે એક રસિક વ્યાખ્યાન ('આર્યન પાથ' : સપ્ટે. '૪૫) આપ્યું હતું. એના પ્રારંભમાં જ તેમણે સંસ્કૃતના ચાર મહાકવિઓ વિશેના પ્રસિદ્ધ શ્લોકને યાદ કરેલો : ઉપમા તો કાલિદાસની જ ઉત્તમ, ભારવિનું અર્થગૌરવ, દંડીનું પદલાલિત્ય, પણ માઘની કૃતિ–એક માત્ર ઉપલબ્ધ કૃતિ–'શિશુપાલ વધ'માં[1] તો એ ત્રણેના ગુણો સંમીલિત થયા છે.

'શ્રી' એટલે લક્ષ્મીજીને પોતાના સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર જે સ્થળે થતાં, અનેક 'માલ' એટલે માળાઓ વડે તેને દેવોએ આચ્છાદી દીધું હોઈને, આપણા કવિનું એ જન્મસ્થાન શ્રીમાળ કહેવાયું હતું. તેમાં હજારો દેવસ્થાન ગણપતિ, શિવ તથા ચંડિકા દેવીના હતા. વીસેક માઈલના સમચોરસ વિસ્તારમાં વસેલા એ નગરને ૮૪ તો દરવાજા હતા. એ સમયના એવા વિશાળ પાટનગરને માટે, "સર્વશાસ્ત્રાણિ વર્તન્તે શ્રીમાલે શ્રીનિકેતને" એમ સ્વાભાવિક રીતે જ કહેવાયું હતું કેમકે ત્યાં ચારે વેદ, વેદાંગ તથા ઉપનિષદોનું તેમ જ ધર્મશાસ્ત્રો તથા એના સ્તરપોનું, તેમ વળી છંદ ને વ્યાકરણના શાસ્ત્રોનું પૂરેપૂરું અધ્યયન કરાવનાર સમર્થ ગુરુઓ હતા અને એમના હજારો સુપાત્ર શિષ્યો હતા.

એવે સ્થળે જન્મી, ઊછરી, ભણીને વિવિધ વિદ્યાઓમાં આગળ વધેલો, દ્વિજ દત્તક સર્વાશ્રમ[2] નામે ઉત્તમ કુળના બ્રાહ્મણનો પુત્ર આ જે માઘ, તે માત્ર કવિ નહિ–પંડિતકવિ જ બને તેમાં શું આશ્ચર્ય ?

સંસ્કૃત સાહિત્યના ઉત્કૃષ્ટ કવિઓમાંના આ એકનું કવિત્વ સૌથી અધિક પ્રકાશે છે વર્ણનશક્તિના એના પ્રભુત્વમાં. તેનાં એ રસભર્યાં વર્ણનો પણ એકાદ–બે પ્રકારનાં નથી : તે કોઈ વાર હોય છે ઇંદ્રપ્રસ્થમાં પ્રવેશતા શ્રી કૃષ્ણને નયણાં ભરીને નીરખવા ઉત્સુક પુરાંગનાઓનું વર્ણન, તો કોઈ વાર હોય છે રૈવતકગિરિ એટલે ગિરનારની સુન્દરતાનું, ક્યારેક તે હોય છે સન્ધ્યાની કે ચન્દ્રોદયની શોભાનું, તો ક્યારેક વીર અદ્ભુત ને કરુણ રસે ભર્યાં યુદ્ધનું વર્ણન. એ વર્ણનોના વિવિધ ગુણોમાં કવિની જે અપૂર્વ પ્રતિભા, સૂક્ષ્મ અવલોકનશક્તિ તથા ઓજસનો અનુભવ સહૃદય વાચકોને થાય છે તે એમને મુખે ધન્યવાદ પામ્યા વિના રહેતો નથી.

જેવું ઉત્તમ કોટિનું કવિત્વ તેવું જ માનજનક છે માઘનું પાંડિત્ય. 'શિશુપાલવધ'માંથી આપણે જાણી શકીએ છીએ કે તેની સાંખ્ય, યોગ તથા મીમાંસા જેવાં દર્શનશાસ્ત્રોની તેમ જ બૌદ્ધધર્મ તથા વ્યાકરણના અટપટા વિષયની વિદ્વત્તા પ્રથમ પંક્તિની હતી. સંગીત તથા નૃત્ય જેવી લલિત કલાઓનું અને અશ્વો તથા હસ્તિઓની પરીક્ષા કરવાની વિદ્યાઓનું તેનું જ્ઞાન પણ પ્રશંસાપાત્ર જણાય છે. ઉપરાંત, એક તરફ રાજ્યનીતિના શાસ્ત્રનો તો બીજી તરફ રતિશાસ્ત્રનો પણ તે અસામાન્ય પંડિત હોવાનું માલૂમ પડે છે.

છેલ્લી વાત ભાષા પરના તેના બહુ વિરલ ગણાય તેવા કાબૂની. એના અમુક શ્લોકોમાં શબ્દ ખેલ જેવું થઈ જાય છે એ મર્યાદા ધ્યાનમાં લીધા પછી પણ કહેવું જોઈએ કે તેનું સંસ્કૃતજ્ઞાન અનેક રીતે ખરે જ વિસ્મયજનક છે. આ કારણે જ આપણને એક સુધીર વિવેચક ડૉ. બાર્નેટનો એવા ભાવાર્થનો અભિપ્રાય માન્ય રાખવા જેવો લાગે છે કે માઘે સંસ્કૃત સાહિત્ય પર અસાધારણ પ્રભાવ પાડ્યો છે અને તેથી, જે કોઈ એ ભાષાની અમોઘશક્તિનો ને બહુવિધ શક્યતાનો પરચો પામવા ઇચ્છતું હોય તેણે આ કવિના મહાકાવ્યનું પરિશીલન કરવું જોઈએ.

---

૧. એમાં નથી એવા પણ માઘના રચેલા શ્લોકો વિશે અન્ય સંસ્કૃત ગ્રંથો 'ઔચિત્યવિચાર ચર્ચા' તથા 'સુભાષિતાવલિ'માં ઉલ્લેખ હોવાથી, તેણે એ (શિ૦ પા૦ વ૦) સિવાયની રચના કે રચનાઓ કરી હોવાનું સમજાય છે.

૨. દત્તકના પિતા સુપ્રભદેવ, એ પ્રદેશના ત્યારના રાજા વર્મલાખ્યના 'સર્વાધિકારી' એટલે પ્રધાન હતા.

૧૦ પાંચમું સ્વાતંત્ર્ય

ચાર જાતના સ્વાતંત્ર્ય વિશે તો સ્વ. પ્રે. રુઝવેલ્ટે એવું કહેલું તે જાણીતું છે કે આવતી કાલનાં જગતમાં મનુષ્ય ભૂખમરા ને ભયથી સ્વતંત્ર રહેવો જોઇએ, તેને ધર્મનું તથા વાણીનું સ્વાતંત્ર્ય પણ હોવું જ જોઇએ.

આમાં હવે 'મિનેંડર,' ઉપનામધારી એક સમર્થ ચિન્તનશીલ લેખકે લેખકો માટેનું પાંચમું સ્વાતંત્ર્ય ઉમેરવાની અગત્ય દર્શાવી છે (ટાઈમ્સ લિટરરી સપ્લીમેંટ: ૨૮-૪-૪૫) એને તે Freedom from interruption એટલે વિક્ષેપોમાંથી મુક્ત રહેવાનું સ્વાતંત્ર્ય કહે છે. તેનો એવો અભિપ્રાય સાચો લાગે છે કે કલાકારો તથા સાહિત્યકારોએ આ પાંચમા પ્રકારની સ્વતંત્રતાને જરા પણ ઓછામાં લેખવવી જોઈએ નહિ. મૂળ વાત તો એ છે કે કલા કે સાહિત્યની રચનાને અંગે એ સમગ્ર વ્યાપાર, પ્રક્રિયા, પ્રવૃત્તિ જે કાંઈ કહીએ તેને માટેનો જ સૂક્ષ્મભાવી પ્રયત્ન (stress) એવું મનોવ્યાપારી (psychological) દબાણ, સર્જક અનુભવતો હોય છે. એ તો પહેલું, કુદરતી, અનિવાર્ય દબાણ થયું. એમાં હવે તો ઉમેરાય છે એક બીજું, વત્તેઓછે અંશે સ્થૂલ કે બાહ્ય કહેવા જેવું દબાણ.

એ દબાણથી થતો ત્રાસ કેવો છે? લેખકના ઘરનાં બારણાં (બોંબથી કે હુલ્લડખોરોને હાથે) ભાંગવામાં આવે છે; તેના હાથમાંથી કલમ આંચકી લેવામાં કે એનો ક્ષુદ્ર પ્રચાર માટે ઉપયોગ કરવાની ફરજ પાડવામા આવે છે; સર્જનના તેના ઉદ્દેશથી એને દૂર ખેંચી જવાય છે; જો દુનિયા જાણે ખાંડી-ખાંડી બની ગઇ છે તેના ક્રોધાળ કોલાહલને વશ થવાનો વખત તેને માટે આવે છે.

આવાં ભાતભાતનાં બારણું કે દબાણ કે પર-પ્રયત્નોથી સમાજે પોતાના લેખક વર્ગને મુક્ત રાખવો જોઇએ. સમાજમાં એટલી સમજણ ઊગવી જોઇએ કે કલાકારો તથા લખકો (સર્વથા નહિ તો અમુક સંગીન અંશે પણ) જે એકાંતવાસ વાંછતા હોય છે તે, જનતાને તજી દઇને 'ભાગેડુ' બનવા માટે નહિ પણ ચિત્તની એકાગ્રતા તથા અન્તરાત્માની એવી જાગૃતિ માટે કે એ ઉભયનો વધુમા વધુ લાભ સર્જનને મળે.

અને એમ થએલાં સર્જનો બહુવિધ ઉચ્ચ ગુણવત્તાથી મોહરો. એમાં મનુષ્યો પર રાજ્ય કરવાની કે મત-વટાળની વાસના નહિ હોય; તે તો જોનાર કે વાંચનારની જીવન-સર્જકતાને જ મુક્ત કરે, એને ગૂંગળાતી કે થીજી જતી મટીને પ્રવાહવતી બનાવે, તેવો આત્મ-જાગ્રત કલાધર પ્રકૃતિનું નહિ અન્ધ અનુકરણ કરે ને એને વિપરીત કે વિકૃત રૂપે તો નહિ જ આલેખે, તે તો સ્વકૃતિમાં પ્રકૃતિમાં પ્રકૃતિનું જાણે આહ્લાદકારી નવનિર્માણ કરશે. અને, એકાંતવાસી છતા સુપ્રેરિત લેખક ચિત્રકાર આદિની સૌ મોટી સિદ્ધિ તો એ હશે કે વિક્ષેપો રહિત એવો તે આપણાં સંવેદનોને સામટી સંખ્યાનાં નહિ પણ સ્વાભાવિક પ્રમાણમય અને સ્ફટિક શાં નિર્મળ કરી, જીવનને સંવાદમય તથા ઊર્ધ્વગામી પણ અવશ્ય બનાવશે.

★

— મેજીસ્ટ્રેટે એક જૂના ગુનેગાર તરફ સહાનુભૂતિપૂર્વક ફરતાં કહ્યું :
'વળી તમે અહીં આવ્યા કે?'

આરોપીએ હાસ્યે મોંએ જવાબ દીધો: 'સાહેબ, હું નથી આવ્યો. બે પોલીસો મને ઘસડી લાવ્યા છે.'

'પીધો હશે!' મેજીસ્ટ્રેટે પૂછ્યું.

'હા, સાહેબ, બંનેએ!'

*

'મારો દીકરો પરદેશમાં કમાવા ગએલ.'

'ત્યારે તો ઘણું કમાયો હશે.'

'શું કમાયો એ તો ખબર નથી, પણ હમણાં છાપાંમા વાંચ્યું કે સરકારે એના માથા પર રૂ. ૫૦૦૦નું ઇનામ જાહેર કર્યું છે.'

ભલે ગાડી મોડી થઇ

યાત્રી

સ્ટેશન પર આવ્યા ત્યારે ખબર પડી કે ગાડી તો દોઢ કલાક મોડી છે! યજમાન મૂકવા આવ્યા હતા, તેમને કહ્યું કે તમે તો હવે ઘેર પધારો, ઘણા દિવસનો શ્રમ છે, ઘણી રાતોના ઉજાગરા છે, ને શરીર સારું નથી.

દવાઓની મદદથી જ જેનાં હાડમાંસ ને ચામડી પોટલી બંધાયેલ રહેતી હતી તેવા એ સ્નેહીએ જરા વાર તો ઊઠવાનો યત્ન કર્યો, પણ પછી કહે, 'ના, ના, ગમતું નથી. ઘેર તો ભીડ ભીડ લાગશે. બેઠો છું'

મન કંઈક કચવાણું. ભાઈ ગયા હોત તો નિરાતે નોવેલની ચોપડી પૂરી કરી કાઢત આ તો દોઢ કલાક ખૂટવો કઠણ થશે

પછી 'ગાડી આવી' એમ સાંભળ્યું ત્યારે થયું કે ગાડી પાંચેક કલાક મોડી હોત તો કેવું સારું હતું! એ દોઢ કલાક પાણીના રેલા પેઠે ચાલ્યો ગયો, અને થેલીમાં પડેલી નવલકથાના કરતા અધિક રસભરી જીવન-કથાઓનું એક આખું ઝુમખું જડયું

★

ચાર પાંચ જણા ભેળા થઇ ગયા હતા. વાર્તાલાપના વાણાતાણા કોઈ વિચિત્ર રીતે ગોઠવાતા ગયા, અને વાત આ રીતે શરૂ થઇ મેં મારી સાથેના ભાઇને પૂછ્યું:

'કાં, કાંઈ હિસાબ કિતાબ આવ્યો કે નહિ?'

'શેનો?'

'તમારી ગીતોની રેકર્ડોનો?'

'ના રે!' કહેતા મારા સાથીની આંખ ચમકી ઊઠી. 'હિસાબ વળી કેવો?'

'કેટલા સેટ વેચાણા હશે-હું તો માનું છું કે સેંકડો.'

'હશે!' ભાઇએ મંદ હાસ્ય કર્યું.

'પણ આમ જ?'

'મેં તમને નહોતી વાત કરી, એક પીનની ડબીની?'

'શું?'

'કે મારી રેકર્ડો ઉતારનારી એ કંપનીની કચેરીમાં મને તેડાવ્યો હતો. ત્યાં મેં એક પીનની ડબી માગી. કંપનીના માલિકે એક ડબી કાઢી એમાંથી પીનો થોડીક હતી તે મને આપી, ડબી રાખી લીધી! એની પાસેથી મારા સેંકડો વેચાયેલ સેટનો હિસાબ શો વળી?'

'પણ કાંઈ લખત બખત?'

'કાંઈ નહિ ના!'

'કાં?'

'મને એવી કંઈ ખબર નહોતી. ને એમણે મને કહ્યું હતું કે આ તો આપણું રાષ્ટ્રીય સાહસ છે, આ તો રાષ્ટ્રને ખાતર સેવા કરીએ છીએ.'

'રાષ્ટ્ર! સાચું.' મેં રાષ્ટ્રને વટાવી જનારાઓનો ઠીક ઠીક અનુભવ હોવાથી થૂંકનો ઘૂંટડો ગળે ઉતારતાં ઉતારતા કહ્યું; ત્યારે એણે ઉમેર્યું:

'ને ભાઇ, ગયે વખતે અમે પરદેશી કંપનીમાં રેકર્ડ ઉતરાવી એની એને ખબર પડી ત્યારે તો એણે શું રોષ કર્યો'તો અમારા ઉપર! લાલચોળ બની જઇને એણે અમારા ...ભાઇની ધૂળ કાઢી નાખી કે મેં પરદેશી 'કૂતરા'ને જઇને આપી આવ્યા?

'એમ! એટલી બધી વાત. કૂતરો કહ્યો?'

'હા જ તો, ઓલ્યું ગ્રામોફોન સાંભળતા કૂતરાનું ચીતર હોય છે ના, ઇ પરથી કૂતરો કહ્યો.'

★

બેઠેલી મંડળીમાંથી બીજા એક ભાઇએ આ સાંભળીને વાત ઉપાડી: 'કરોડોની નીપજવાળા એક રાજ્યના ધણીની હું વાત કરું. અમારા મહારાજાના એ મહારાજા દિલોજાન દોસ્ત ને હું તો કહેવાઉં ચાકર, પણ મહારાજા મારા સાહિત્યના શોખીન, મારી વાતોમાં વિનોદ લેનારા, એટલે મને પણ એ મોટા રાજ્યમાં એના દોસ્ત મહારાજાસાહેબ પાસે લઈ જાય ત્યા પણ મારે દિલજાન દોસ્તી બંધાઈ ગઇ. એટલે સુધી કે એ બેઉ જણા 'ગંજીપે' જુગાર રમે તેમાં મને પણ રમવા બેસારે. હવે એ તો થઇ પૈસેથી રમવાની રમત. એમાં જેનાં પાનાંમાં જોકર આવે તે રમનાર પોતે જે કાંઇ રકમ કહી હોય તે મુજબ જીતે. એકવાર રમતાં રમતાં એ કોટપતિ મહારાજા મને કહે કે 'હા, દાનજી, તારામા જોકર આવ્યો લાગે છે!'

પૂછ્યું 'સાહેબ, આપે કેમ કરી જાણ્યું?'

કહે કે 'તું તારા પતાં જોઇને મલકાઇ રહ્યો છે તેથી, તારામાં જોકર હશે તે જોઇને મલકાતો હઇશ.'

એ વખતે મેં મારે જે ઘણા વખતથી કહેતુ હતું તે કહેવાની તક લીધી: 'જોકરને જોઇને ન હસું તો શું તમને જોઇને હસું, સાહેબ! તમારા કરતાં જોકરનું મોઢું સારું છે. એ મને બે પૈસાની પણ પ્રાપ્તિ કરાવશે, જ્યારે તમે તો

મને, ગરીબ પગારદારને, જોડે રમવા બેસારીને આ તો કદી વિચાર જ નથી કર્યો, કે હું જે હારું તે કયાંથી ભરી શકીશ ! તમે મને એક પાઈ પણ આપો છો ?'

'પછી એ કાંઇ બોલ્યા ?'

'હા, એટલું કહે કે 'કૈસા બેવકૂફ હૈ ! કૈસા બેવકૂફ હૈ !'

★

મંડળીમાંના ત્રીજા ભાઇએ તુરત તાગડો ઉપાડી લીધો: 'ઉદાર કેમ બનાય છે તે કહું. થોડાં વર્ષો થયાં. મહુવા ગામમાં એક જાહેર મેળાવડો હતો. મહુવાના મુલક મશહુર દાનેશ્વરીએ એક ખોજા શેઠના માનમાં મજેનો એ ભપકેદાર મેળાવડામાં મેં નવાઇ દીઠી. મેજ ઉપર લોઢાનાં એક કોદાળી ને એક પાવડો, હાથા વગરનાં, મુકવામાં આવ્યાં હતાં. પોતાને માટેની તારીફ પૂરી થઈ ચૂકયા પછી શેઠ પોતે ઊભા થયા ને એમણે જણાવ્યું: ભાઇઓ, તમે આ જે કોદાળી પાવડો જુઓ છો ને, એને મેં મારી મૂળ કારકીર્દીની યાદ તાજી કરવા માટે અહીં મુકાવ્યાં છે. હું મનજી પોતે, અહીં આ પાળીઆ ખોદીને મજુરીમાંથી ગુજારો કરતો એ તો તમારામાંથી ઘણાએ જોયું પણ હશે. એક દિવસ, માંડ માંડ ફક્ત ત્રણ રૂપિયાની મૂડી કરીને હું વહાણે ચડયો, મુંબઈ ગયો. ત્યાં પાટો ન બાઝતાં હું કોઈ પણ ઈલાજે કલકત્તા પહોંચ્યો. હાવરાના સ્ટેશન પર ઊતર્યો ત્યારે મોડી રાત થઈ ગઇ હતી. ને મારા ખિસ્સામાં જોયું તો ફક્ત છ આના સીલીકમાં હતા. હું શહેરમાં ચાલ્યો. ચાલતો હતો. ચાલ્યા જ કરતો હતો. ચાલવા વગર બીજું કરું શું ? મને ખબર નહોતી કે કયાં જવું ને કયાં સૂવું. મારે રાત કાઢવી હતી. પણ રાત કયાં વિતાવું? ચાલ્યો જ જાઉં છું એક વીજળીના ફાનસ પાસે થોડી વાર ઊભો છું, એમાં એક મોટર નીકળે છે. અચાનક મોટર મારી પાસે ઊભી રહે છે અંદર બેઠેલા ગૃહસ્થ મને પૂછે છે, 'કોણ છો ? કાઠિયાવાડના છો ?'

મે કહ્યું, 'હા. અહીં ધંધા માટે આવેલ છું.'

'ઠીક, આ લ્યો આ સરનામું તમે મારી પેઢી પર આવજો કાલે.'

'આવજો-કાલે !'

એટલા જ શબ્દો મારા કાન પર નાખીને મોટર ઊપડે છે, ને હું મૂછ ઊભું છું 'આવજો કાલે !' ભાઇઓ, આપણે કાલની વાત કરીએ છીએ પણ વચલી રાતને ભૂલી જઇએ છીએ ! મારે માટે પ્રશ્ન આવતી કાલનો નહોતો, એ રાતનો, એ અધરાતનો હતો.

થોડેક જઈને મોટર પાછી થંભી. મને બોલાવ્યો ને કહ્યું, 'તમારે કયાં જવું છે?'

'કયાંઈ નહિ.'

'કાં?'

'મને ખબર નથી, કે કયાં જવું?'

'હા, મને પણ એ જ વિચાર આવ્યો, કે તમે અજાણ્યા હશો, અરધી રાતે કયાં જશો? માટે જ હું ઊભો રહ્યો. ચાલો, બેસી જાવ ગાડીમાં.'

'ગૃહસ્થો, તે પછી તો હું કરોડોનો ધણી થયો છું, ને કરોડોની મેં સખાવત કરી છે, પણ એ કલકત્તાવાળી રાતને હું ભૂલ્યો નથી ને એ નથી ભૂલ્યો તેથી જ મેં કદી કોઈ પણ માગવા આવનારને 'કાલે આવજો' એ કહ્યું નથી. મારાથી બન્યું તે મેં તે જ ક્ષણે આપ્યું છે. કારણ કે કાલની ને આજની વચ્ચે એક રાત છે–તે એ રાત ભયંકર છે, આટલું હું ભૂલ્યો નથી, ભૂલી શકયો નથી. એટલે જ મારી પેઢીના પ્રત્યેક ટેબલ પર મેં કોતરાવ્યા છે આ શબ્દો કે 'તરત દાન ને મહાપુણ્ય' 'તરત દાન ને મહાપુણ્ય.'

આવું ભાષણ એ શેઠ મનજી નથુનું, અમારા ગામમાં ઉત્તમ ભાષણ હતું, ભાઈ. ઉદારતાની ચાવી એક જ છે : પોતાને માથે વીતેલાં વીતકોની નાની શી પણ યાદ.'

★

'ત્યારે હું તમને એક નાકની વાળીની વાત સંભળાવું.' એમ બોલીને એક ત્રીજા ભાઇએ મંડળીના કાનને ઉત્સુક કર્યા. ને એણે પણ જીવતા જ જીવનનો નીચલો કિસ્સો કહ્યો—

પોરબંદરવાળા શેઠ અલીદીના વિશરામને તો સૌ જાણતા હશો. 'પૂર્વ' આફ્રિકાના એ તો રાજા કહેવાય. એના મરણ બાદ એની કરોડોની પેઢી, એના દીકરાના હાથમાં, સફા થઈ ગઈ. (ઘણું કરીને તો એનું નામ ગુલામહુસેન કહ્યું છે) પેઢી સાવ સાફ, ઘર પણ ખાલી, અને ગુલામહુસેન શેઠ ગંભીર લાંબી માંદગીને બિછાને. એમાં એક દિવસ મકાનને બારણે એક માણસ આવી ઊભો રહ્યો. એની અને ઘરનાં લોકોની વચ્ચે કંઇક શબ્દોની રકઝક થતી હતી તે મેડીએ સૂતેલા માંદા શેઠને કાને પડી. પૂછયું, કોણ છે ? શું કામ છે?

'કંઈ નથી. જવા દોને !' માણસે એટલું જ કહ્યું, પણ એનો મર્મ મોટો હતો. પચાસ વર્ષથી અઢળક રળનારા, અને અઢળક દેનારા એ 'રાજા'ના ઘરમાં આજે ઝેર ખાવા પણ કંઈ નહોતું રહ્યું, તો માગવા આવનારને આપવા શું હોય ?

'પણ એને ઉપર તો બોલાવો ! હું જોઈને તો સંતોષ લઉં.' જીવ જતાં ખોળિયાં સાથે આખરની બાથભીડ કરી રહ્યો હતો તે બેકાર માલિકે ઉગ્ર ઇચ્છા જાહેર કરી.

આવેલ માણસને ઉપર લાવવામાં આવ્યો. આવનારે કદી કલ્પ્યું નહોતું તેવું દૃશ્ય દીઠું. કંગાલિયતને ખોળે એક કોટ્યાધિપતિના છેલ્લા દહાડા ગણાતા હતા.

'કોણ છો, ભાઈ ?'

'કાઠિયાવાડનો બામણ છું.'

'કેમ આવેલા ?'

'મારે દેશ પહોંચવાનું ભાડું નથી.'

'બીજે ક્યાંય ન ગયા? આંહીંના હવાલ નહોતા જાણતા ?'

'જાણતો હતો. પણ બીજાઓ જેઓ જાણતા હતા તેમણે જ મને આંહીં ધકેલ્યો. કહ્યું, કે તમે દેશો.' એમ કહીને બ્રાહ્મણે ચોમેર શરમીંદી નજર ફેરવી.

બિમાર શેઠે થોડીક વાર આંખો મીંચી લીધી ને પછી આંખો ખોલીને પાસે ઊભેલ માણસ, કે જે આ જ પેઢીમાંથી લાખો રળીને સ્વતંત્ર વ્યાપારના ધણીઓ બનેલમાંથી જ એક હતા, તેને આ દશા પર ચુપકીદી રાખીને ઊભેલ દીઠા.

પછી એણે પોતાની સ્ત્રી તરફ જોયું, સ્ત્રીનાં અંગો પર ભમતી એની દૃષ્ટિ સ્ત્રીના નાક પર થંભી, ને એણે સ્ત્રીને કહ્યું :

'ત્રણ–ત્રણ–ત્રણ દિ' પછી તો–તારે–આ–નાક–ની વાળી કાઢી નાખવી પડશે ના !'

સ્ત્રીએ નીચે જોયું, ને એનાં નેત્રો ટપકયાં પુરુષે કહ્યું :

'હું–સા–ચું કહું–છું. ત્રણ દિ'થી વધુ હું ખેંચનાર નથી ત્રીજે દિ'એ તારે એ નાકની વાળી કાઢવાની જ છે, તો–તો–અત્યારે જ–આપણા ઘરની પચાસ વર્ષની રસમ ખાતર–કા–ઢી–દેને !'

સ્ત્રીએ નાક ખાલી કર્યું, વાળી ખાવિંદના હાથમાં મૂકી, અને બિમારે એ વાળી પોતના માણસને દેતાં કહ્યું : 'આને વેચો, બ્રાહ્મણને ભાડું આપો, ને બાકીના પાછા લાવજો.'

ત્રીજે દિવસે શેઠનો દેહ છૂટી ગયો ભાઈ!

★

એટલું કહીને એ ચૂપ રહે છે ત્યાં જ ચોથા ભાઈએ કહ્યું : 'એમ તો આ વિઠ્ઠલ સાહેબ, હતા પરદેશી, ગોરા હતા, પણ એની સખાવતો આ ઝાલાવાડમાં હજુ પણ એની ભાણેજ મીસીસ ગ્રેથમે વિદેશ બેઠે બેઠે ચાલુ રાખી છે, એ તો વિચારો !'

'અરે હાં', કહેતા ત્રીજા ભાઈ બોલી ઊઠ્યા: 'એ પણ સમજવા જેવો કિસ્સો છે. વિઠ્ઠલ સાહેબ કોણ હતા ને આંહીં કેમ કરીને તાલેવાન બન્યા જાણો છો ? આ રાણપર ગામમાં તમારા મ્યુનિસિપાલિટીના માજી સેક્રેટરી ઝીણાભાઈ છે ના, એના જ ઘરના વડવા નાનચંદ શેઠ ધોલેરાવાળાના ધોલેરાના જીનમાં વિઠ્ઠલ સાહેબ ઇજનેર હતો. એમાં એની બૈરી મરી જતાં એને વીમાના પચાસ હજાર મળ્યા, એકાએક નાનચંદ શેઠની આસામી કાચી પડી. વિઠ્ઠલ સાહેબ કહે કે 'શેઠ, આ લ્યો આ મારા રૂપિયા, ને માંડો ચૂકવવા.

'ના રે ભાઈ, તમારી વીમાની કમાણી !'

'પણ એ મારી છે, ને હું તારો છું. લે તું તારે !'

'એમ તો ન લઉં. મારું જીન તું રાખી લે, તો જ હું નાણાં લઉં.'

'એ જીન વિઠ્ઠલ સાહેબને સોંપાયું ને એમાંથી વિઠ્ઠલે ગામેગામ કારખાનાં કર્યાં, ગામેગામ સખાવતો વેરી દીધી. ઉદારતાની ચોવી આ છે ભાઈ, આ માણસાઈ છે'.

આમ તો મને લાગ્યું કે સાંજ સુધી વાતો કડીબંધ ચાલુ રહેત, પણ અમારે દુર્ભાગ્યે ગાડી દોઢ કલાક કરતાં વધુ મોડી ન થઈ, અમે ગાડીમાં બેઠા, ને મારા ગ્રામોફોનની રેકર્ડો ઉતરાવનાર સ્નેહીએ કહ્યું : 'કાઠિયાવાડી દિલાવરીની આ બધી વાતો પણ પુંભડે પુંભડે ભેળી કરીને સંઘરી લેવા જેવી છે.'

મેં કહ્યું : 'પણ હું તો એમાં તમારી રેકર્ડો ઉતારનાર એલી રાષ્ટ્રીય કંપનીના શેઠની પત્નીની ડબીની વાત પણ સંઘરીશ !'.

મૉ તૃ વે દી નો અ મ ર શ હી દ

> "શહીદોંકી ચિતાઓં પર જુડેંગે
> હરબરસ મેલે,
> વતન પૈ મિટનેવાલોંકા યહી
> બાકી નિશાં હોગા !"

રામનારાયણ મિશ્ર

અનુવાદક : ભરત ટોપરાણી

નવમી ડિસેમ્બર ૧૯૪૪ !

સંયુક્ત પ્રાન્તની રાજધાની લખનૌની જેલનાં તોતિંગ દ્વાર ઊઘડ્યાં. એક નવયુવક આવ્યો. ભવ્ય કાયા, ઉન્નત મસ્તક અને તેજસ્વી આંખો. પ્રેમથી એ સૌને ભેટયો. એ એનું છેલ્લું મિલન હતું. મા ભોમની આઝાદીનો ચાહક આજે ફાંસીને માંચડે ચડવાનો હતો.

આજ પોતાનો આ સૃષ્ટિ પરનો છેલ્લો દિવસ છે એ જાણવા છતાં એની આંખમાં આંસુ નહોતાં, એના ચહેરા પર શોકની છાયા નહોતી. એ હસતો હતો ને રોનારાંને આશ્વાસન દેતો હતો. !

પથ્થર–હૃદયીની પણ છાતી ફાટી જાય એવું એ દૃશ્ય હતું. નવયુવાન પત્ની સામે ઊભી છે, પતિનું આ છેલ્લું દર્શન છે. આ ભવ્ય કાયા, આ સ્નેહભરી આંખો, આ જીવન–થોડા કલાકનો મહેમાન છે ! ઘડી બે ઘડી પછી બધું રાખ થઈ જવાનું ! પત્નીની આંખો કોઈ મહાપૂરની જેમ છલકાઈ ઊઠી. આંખે અંધારાં છવાઈ ગયાં. યુવાને આ જોયું. એ હસ્યો પત્નીને માથે હાથ મૂકી એણે સ્નેહપૂર્વક કહ્યું, 'અરે, તું રડે છે ? એ દિવસ ભૂલી ગઈ જ્યારે તેં મને હસતે મુખડે વિદાય આપી હતી ? હસ, ખુબ હસ ! હું તને હસતી જોવા ઈચ્છું છું મારા મૃત્યુ પછી તું વર્ષો ચાલી જજે અને દેશસેવાને જ તારું જીવનધ્યેય બનાવજે.'

—અને એણે ગેતી, પત્નીનાં આંસુ લુછી નાખ્યાં વિરલાની એ ધીરજ હતી, અજોડ સ્થિતપ્રજ્ઞતા હતી પોતા પુરતો તો માણસ કદાચ કઠોર બની શકે પણ બાળક, માતા કે પત્નીના સ્નેહનું પાન કરતાં પણ એ પોતાનાં ધ્યેયને સગર્વ, અવિચલિતપણે વળગી રહે એ નિશ્ચલતાની ઉચ્ચતમ કક્ષા છે, વિરલાઓને જ સાધ્ય હશે.

એવો એ વીર તે યુક્તપ્રાંતનો અમર શહીદ રાજનારાયણ મિશ્ર.

સંવત ૧૯૭૬ની વસંતપંચમીને દિન તુલસીદેવી નામે એક સરળ અને ઊર્મિલ પણ ગરીબ માતાની કુખે જન્મ લીધો પિતા પંડિત બલદેવા પ્રસાદ મિશ્ર એક નિર્ધન ખેડૂત હતા. રાજનારાયણ નાનો હતો ત્યારે જ મોટાભાઈ અને માતા વચ્ચેના ગૃહકલહને કારણે માતાએ આત્મહત્યા કરેલી. ત્યારથી રાજનારાયણ મોટી બેનની છત્રછાયા નીચે ઊછર્યો. એને બે બહેન અને પાંચ ભાઈ હતા.

૧૯૩૦નું સવિનયભંગનું આંદોલન આવ્યું રાજનારાયણ ગામડી નિશાળના ચોથા ધોરણનો વિદ્યાર્થી હતો. ગામના એક વિનીત પાસેથી એણે વીર પુરુષો અને ક્રાન્તિકારીઓ વિષે ઘણું સાંભળેલું. ક્રાન્તિકારી થવાના એને કોડ જાગ્યા. દેશભક્તિની ભૂમિકા પર ક્રાંતિનાં બીજ રોપાણાં. ૩૦ની લડતમાં એણે વાનરસેનાને સંગઠિત કરી અને લડતમાં યથાશક્તિ ભાગ લીધો.

ત્યાર પછી સરદાર ભગતસિંહને ફાંસી ન મળે એ માટે રાષ્ટ્રવ્યાપી ચળવળ શરૂ થઈ. વીર ભગતસિંહનું નામ દેશના ખૂણે ખૂણે પ્રસરી ગયું. હજારો યુવાનોનાં હૃદયનો એણે કબજો લીધો રાજનારાયણ એ યુવાનોમાંનો એક હતો. ભગતસિંહને ફાંસી અપાઈ. સરકારે જાણ્યું કે એથી દેશભક્તો અને ક્રાન્તિકારીઓની પ્રવૃત્તિને એ કચડી શકશે પણ ક્રાંતિનાં ઘોડાંપૂર એ રીતે થોભાવી શકાતાં નથી એનું એક પ્રતીક તે રાજનારાયણ મિશ્ર. ભગતસિંહને ફાંસી અપાઈ તે દિવસે પોતાના નાનકડા ગામડામાં આ સ્વાતંત્ર્યવીરે ઘરને ખૂણે પ્રતીજ્ઞા લીધી:

"આ દેહમાં પ્રાણ છે ત્યાંસુધી અંગ્રેજી સામ્રાજ્યવાદ સામે લડીશ, ભલે એ સંગ્રામમાં ફાંસીનું દોરડું ગળે વીંટાળવું પડે"

૧૯૩૧ની લડતમાં એની માતા, મોટીબેન અને ગામની બીજી સ્ત્રીઓ પણ જેલમાં ગઈ હતી એ સંસ્કાર બીજનો આ પરિપાક હતો. પણ એને ફળ આવવાને હજુ વાર હતી.

પ્રાથમિક શિક્ષણ પૂરું થયા પછી એ સિકન્દ્રાબાદની માધ્યમિક શાળામાં જોડાયો. ત્યાંનો અભ્યાસક્રમ પૂરો કરી ૧૯૩૭માં ગોકરનનાથ નામે ગામની નવી જ સ્થપાયલી અંગ્રેજી શાળામાં જોડાયો ત્યારથી એનું ખરેખરું સાર્વજનિક જીવન. શરૂ થયું. ૧૯૩૭માં સીતાપુરના પ્રાન્તીય યુવક–સંમેલનમાં ભાગ લેવા એકમતાર ગામડાની બહાર ગયો. ત્યાં અનેક વ્યક્તિઓ સાથે પરિચય થયા. પણ, એના હૃદયની મુંઝવણોનો ઉકેલ ક્યાંય ન મળ્યો. જ્યાં સભા–સંમેલન

થાય ત્યાં રાજનારાયણ અવશ્ય હાજરી આપતો. એના હૃદયમાં દેશપ્રેમની ધારા વહેતી હતી. એમાં યૌવનનાં પૂર હતા, એને માટે માર્ગ નહોતો જડતો. કોઈ માર્ગ બતાવનાર નહોતું મળતું. આખરે પોતાની બુદ્ધિ પ્રમાણે એણે 'માતૃવેદી' નામે દળની સ્થાપના કરી એનાં ધારાધોરણ બનાવવામાં આવ્યાં. પણ એટલામાં જ, એક શ્રીમંત છોકરા સાથે ઝઘડો થતાં, શાળામાંથી તેને બરતરફ કરવામા આવ્યો. લક્ષ્મીપુરની ક્ષત્રિય હાઈસ્કૂલમાં એને ને એના બે સાથીઓને માંડ માંડ પ્રવેશ મળ્યો. પરીક્ષામાં એ અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ માન સહિત સફળ થયો.

અભ્યાસ કરતાં કરતા પણ દેશ સેવાનું ક્રિયાત્મક કામ કરવાની રાજનારાયણની ધગશ વિદ્યાર્થીઓ માટે અનુકરણીય હતી. ઉનાળાની રજાઓ દરમ્યાન એ ખેડૂતો વચ્ચે કામ કરવા ચાલ્યો જતો. અને જ્યારે પણ સમય મળતો ત્યારે કોંગ્રેસના સભ્યો બનાવવાનું કામ અવિરત કર્યા કરતો.

અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં આવ્યો ત્યારે એક સારા કાર્યકર્તા તરીકે એનું નામ જિલ્લાના કાર્યકર્તાઓ વચ્ચે જાણીતું થઈ ગયું. અને 'રીવોલ્યુશનરી સોશ્યાલિસ્ટ પાર્ટી' (ક્રાન્તિકારી સમાજવાદી દળ) સાથે એનો સંબંધ બંધાયો. એ સમય દરમ્યાન, એના મોટા ભાઈ બાબુરામ જિલ્લાના ખેડૂત-નેતા બની ગયા. જમીનદારોની અનેક લાલચોને એમણે ઠોકરે મારી. ત્રણ-ત્રણ દિવસ સુધી અન્નનો દાણો મોઢામાં ન જાય એવી કફોડી આર્થિક સ્થિતિ વચ્ચે પણ આ કુટુંબ દેશસેવામાં અડગ આગળ વધતું હતું. મોટાભાઈની પ્રેરણા અને મહાનુભૂતિની મિઠાશ રાજનારાયણને વધુ પ્રેરણાદાયી બનતી હતી. આ જ અરસામાં, યોગેશબાબુનો સામુદાયિક ક્રાન્તિ માટેનો સંદેશ એમના પ્રદેશમાં ફરી વળ્યો અને બન્ને ભાઈ એ કાર્યમાં જોડાઈ ગયા. સાથે ગામના ૧૭૦ નવયુવાનો પણ તૈયાર થયા.

ર૬મી જાન્યુઆરી ૧૯૪૧ ના દિને રાજદ્રોહાત્મક ભાષણ કરવા માટે એને ૧ વર્ષની સજા થઈ, તે દિવસથી એનું વિદ્યાર્થી-જીવન સમાપ્ત થયું એ રાજકીય ક્ષેત્રમાં ઝૂકી પડયો. ૧ ડીસેમ્બર ૧૯૪૧ના રોજ જેલમાંથી મુક્તિ મળી.

એટલામાં તો 'હિંદ છોડો 'નો નાદ સંભળાયો. મે '૪રથી જ બન્ને ભાઈ ક્રાન્તિકારી ચળવળ માટે મંડી પડયા હતા. ઓગસ્ટમા નેતાઓ પકડાયા. દેશને દોરવણી દેનાર કોઈ ન રહ્યું જનતાએ નેતાઓની સલામતી માટેની વ્યગ્રતા ઉગ્રપણે વ્યક્ત કરી. દમનનું રાજ્ય ફરી વળ્યું. જનક્રાન્તિનો પ્રારંભ થયો.

સ્વાતંત્ર્યની ભાવનાએ પ્રેરણા આપી, સ્વાધીનતાની મધુર કલ્પનાએ ઉન્માદ પ્રજાએ સ્વતંત્ર બનવા બળવો કર્યો. ઠેર ઠેર પ્રદેશોને સરકારી તંત્રથી સ્વતંત્ર કરી, સ્વાધીન સરકાર રચવાના પ્રયત્નો થયા 'જનતા કા હો રાજ, જિસમેં, જનતાકી સરકાર!' એ નાદ સર્વત્ર ફરી વળ્યો. રાજનારાયણ અને એના ભાઈએ પોતાના જિલ્લામાં એવી જન-સરકાર સ્થાપિત કરવાની યોજના ઘડી રાજનારાયણે ભિષ્મપ્રતિજ્ઞા લીધી: 'જ્યાં સુધી બ્રિટિશ શાસનનાં મૂળ નહીં ઉખાડી નાખીએ ત્યાંસુધી ઘેર પાછો નહીં ફરું.'

આ માત્ર ઊર્મિલતાનો આવેશ નહોતો. એક મૃત્યુંજય વીરની હૃદયવાણી હતી, એના આત્માનો અવાજ હતો. એની પાછળ જીવન હોમી દેવાની સાચી નિષ્ઠા હતી. એની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ. રાજનારાયણ સાચે જ ઘેર પાછો ન ફર્યો!

જનતાની વચ્ચે એણે કામ કર્યું. ૧ર૯મી કલમનો વોરંટ એના અને ભીખમપુરના બીજા ૧૮ જણા પર નીકળી ચૂક્યાં હતાં. રાજનારાયણ ઉપર ખૂનની ૩૦રમી કલમનું વોરંટ પણ હતું.

વાત આમ બનેલી:

આખા જિલ્લામાંથી બધી ૫ બંદૂકો હાથ કરવાનું કાર્ય રાજનારાયણની સરદારી નીચે દસ જણાના એક 'છાપામારુ દળ'ને સોંપવામાં આવ્યુ હતું.

ચૌદમી ઓગસ્ટની રાત હતી. પત્નીએ પતિને ચાનક ચડાવી: 'જૂઓ, આ દેશનું કાર્ય છે, રણે પાછા પડતા!' અને એને હસતે મુખડે વિદાય આપી. ટોળીએ ચાર બંદૂક હાથ કરી લીધી. પાંચમી માટે મહમુદાબાદના 'જિલ્લેદાર'ને ત્યાં ગયા. ત્યાં ઘર્ષણમાં એક જણનું મોત થયું. એ માટે સરકારે રાજનારાયણને જ જવાબદાર ગણી, વોરંટ કાઢ્યું.

એ પ્રસંગ-પછી રાજનારાયણ દિલ્હી ગયો. ત્યાં એણે કામ શરૂ કર્યું. કેમકે એનું ગામ ભીખમપુર તો સદન ખાલી થઇ ગયું હતું. લોકો ગામ છોડીને ભાગી ગયા. ઇન્સ્પેક્ટર જનરલ ગોરી-ફોજ સાથે ત્યાં પહોંચ્યા. ઘરો તોડી નાખવામાં આવ્યાં, માણસોને હાથે જોતરવામાં આવ્યાં: ખાદી પહેરવી ગુનો ગણવામાં આવ્યો. ખાદી પહેરવાવાળાઓના ઘરબાર લૂંટયાં. થયા એટલા બધા જુલમ ત્યા વીતાડવામાં આવ્યા.

આખા ગામમાં ત્રાસ મચી ગયો. રાજનારાયણનું ઘર જમીનદોસ્ત કરવામાં આવ્યું, ખેતી વીંખી નાખવામાં આવી, આખું કુટુંબ દેશભક્તિ અને માતૃભૂમિની યજ્ઞવેદીનું બલિદાન બનવા તૈયાર થયું. રાજનારાયણને જીવિત કે મૃત હાલતમાં પકડી આણનારને ૫૦૦૦ રૂપિયા ઇનામ આપવાનું જાહેર થયું. ભિખમપુરમાં પૂરું એક વર્ષ પોલિસનું સશસ્ત્ર રાજ રહ્યું

આ અરસામાં, ડીસેમ્બરમાં, એના પિતા સ્વર્ગવાસી થયા.

રાજનારાયણના કેસમાં દસ જણાને ખાસ કોર્ટ મારફત ૩૮–૩૮ વર્ષની કેદની સજા મળી અને રાજનારાયણને "ભાગેડુ" (absconder) જાહેર કરવામાં આવ્યો.

દિલ્હીથી રાજનારાયણ મધ્યપ્રાન્તમાં ગયો. ત્યાં પકડાયો અને બે મહિના નજરકેદ રહી, છૂટ્યો. ફરી દિલ્હીમાં આવી કામ કરવા લાગ્યો. વચ્ચે દિલ્હી આર્યસમાજ તરફથી બંગાળના મિદનાપુર જિલ્લામાં દુષ્કાળ સહાયતા માટે પણ જઈ આવ્યો!

પૂ. ગાંધીજીના ઉપવાસ સમયે હડતાલ પડાવવા માટે દિલ્હીમાં ફરી પકડાયો, ૬ માસની સજા ભોગવી ૧લી ઑક્ટોબર ૧૯૪૩ના રોજ છૂટ્યો.

એ દરમ્યાન ક્રાંતિનાં પૂર થંભી ગયાં હતાં. લડતનો જુસ્સો નરમ પડ્યો હતો. સરકાર માનતી થઈ હતી કે તે દમનનીતિમાં સફળ થઈ છે.

રાજનારાયણથી એ સહન ન થયું. એને પોતાની ભિષ્મપ્રતિજ્ઞા યાદ આવી. એના હૃદયમાં પત્નીના શબ્દો ગૂંજતા હતા 'રખે પીઠ દેખાડતા!' પ્રતિજ્ઞાના શબ્દો એના હૈયે કોતરાયા હતા : 'घर नहीं लौटूंगा!'

એ મુંબઈ પહોંચ્યો. ત્યાં અનેક ભાગેડુઓ સાથે વાતચીત થઈ. પણ માત્ર ફટફટિયાંની રમતથી એને સંતોષ થાય એમ નહોતો. એના મનની અશાંતિ વધી ગઈ.

માણસ જ્યારે ખૂબ મૂંઝાઈ જાય છે, કોઇ માર્ગ નથી સૂઝતો ત્યારે વૈરાગ્ય ઉત્પન થાય છે. રાજનારાયણની વ્યગ્રતા સાધુ થવા તરફ વળી. એને સન્યાસી થવાની વૃત્તિ જાગી. એ માટે એ કાશી, ઋષિકેશ, હરદ્વાર વગેરે યાત્રાસ્થળોએ ફર્યો. પણ શાંતિ ન જ મળી. ત્યાં એને જોઈતી હતી તેવી શાંતિ ક્યાંથી મળે?

આર્થિક સ્થિતિ બહુ કફોડી હતી. કેટલીક વાર એક ટંક ખાઇને તો અનેકવાર ભૂખ્યા પેટે દિવસ વિતાવવા પડતા. યાતનાઓનો પાર નહોતો. ન અન્ન, ન વસ્ત્ર, ન રક્ષણ! સેવાની અને દેશભક્તિની કસોટી થતી હતી.

આ અસ્વસ્થતા અને અપરંપાર યાતનાઓ વચ્ચે એક દિવસ દહેરાદૂનથી લખનઉ જતાં ટ્રેનમાં એક સજ્જન સાથે પરિચય થયો. એમણે મેરઠ આવવા આમંત્રણ આપ્યું. એ મેરઠ ગયો. ત્યા, કહેવાય છે કે કોઇ 'સ્નેહીજન'ની 'કૃપા'થી પકડાઈ ગયો.

રાજનારાયણ પોલીસને હાથ આવ્યો. પછી તો પૂછવું જ શું! સૂવા ન દીધો, બરફની પાટ પર સૂવડાવ્યો, મરચાં ભરવામાં આવ્યાં, અને એવી અનેક યાતનાઓ આપી. પણ, એ ભારતમાતાના લાલ વીરે ઉંકારો પણ ન કર્યો. પોલીસને એની પાસેથી કાંઈ બાતમી ન મળી શકી!

મેરઠથી એને લક્ષ્મીપુર-જેલમાં મોકલી દેવામાં આવ્યો. બે મહિના કેસ ચાલ્યો. એને બચાવ માટે પૂરતી સગવડ ન મળી, વ્યવસ્થા ન થઈ શકી. ૨૭મી જૂન ૧૯૪૪ના દિને ત્રણ વાગે બપોરે સેશન કોર્ટે એને ફાંસીની સજા આપી. સજા સાંભળતાં જ, 'ઇન્કિલાબ ઝિન્દાબાદ'ની ગર્જનાથી કોર્ટનો ઓરડો ગાજી ઊઠ્યો. રાજનારાયણની છાતી ફૂલી, ડોક ગર્વથી વાંકી થઈ, આંખો તેજપુંજ બની ગઈ. હસતે મોઢે, ઉન્નત મસ્તકે એ જેલમાં ગયો. માતાનો એ સાચો ભક્ત ઉત્સાહ ને આનંદથી ડગ ભરતો હતો; પાછળ કુટુંબ પરિવારનું રુદન હૈયું પિગળાવનાર હતું.

ત્રણ દિવસ પછી, પહેલી જુલાઇએ, એને લખનઉ જેલમાં મોકલી દેવામાં આવ્યો. અને ત્યાં જ નવમી ડીસેમ્બર ૧૯૪૪ના રોજ એને ફાંસી આપવામાં આવી.

છેલ્લે, હસતો રમતો એ સૌને મળ્યો. એ જ સ્વસ્થતા, એ જ ફૂલેલી છાતી, ગર્વિલી ડોક, ઉન્નત મસ્તક અને મુખ પરનું સ્મિત, જાણે કશું ભયાનક બનવાનું જ નથી! રમતાં હસતાં એણે સૌને કહ્યું : 'હું જીવનભર હસતાં હસતાં જીવ્યો, અંત સમયે પણ હસતાં હસતાં જ જઈશ, તમે સૌ પણ હસતા હસતાં જ મને વિદાય આપો.'

અને એ ગયો...એ જ તખતો, એ જ દોરડું...એ જ જલ્લાદ... એ જ ખટક્ અવાજ...બધું જ સમાપ્ત!

રાજનારાયણનો પ્રાણ પરલોકમાં ઊડી ગયો.

એક કવિએ ગાયું કે :

शहीदों के बदनका अंगार
जला देगा जुल्मशाही संसार!

વીર શહીદની પહેલી સંવત્સરીએ આપણે એને વંદના કરીએ.*

---

* હિંદી ઉપરથી.

'હું સાધના કરવા આવ્યો છું'

વ્યાખ્યાતા

રવિશંકર મહારાજ

[વલ્લભ વિદ્યાલયના વિદ્યાર્થીઓ આગળ શ્રી રવિશંકર મહારાજે કરેલા એક વ્યાખ્યાનનો હેવાલ તેના આચાર્યે તૈયાર કરેલ તે અહીં આપ્યો છે. સં.]

આપણે ઈશુખ્રિસ્ત અને ખ્રિસ્તી ધર્મ સંબંધી કેટલીક વાતો કરી, હવે હું હજરત મહંમદ પેગંબર સંબંધી વર્ગમાં કહેવાનો વિચાર કરતો હતો પરંતુ મને થયું કે તે પહેલાં આપણે એક વાતનો વિચાર કરીએ તો ઘણું સારું અને સંભવ છે કે એને લીધે આપણને અભ્યાસમાં સરળતા થશે

આપણે અહીં શા માટે ભેગા થયા છીએ એ સંબંધી કહેવાની મને આવશ્યકતા લાગી છે તમારામાંથી કોઈ કહેશે કે સ્વયંસેવક થવા અહીં આવ્યા છીએ, તો આ કંઈ કારખાનું નથી કે સ્વયંસેવકો પેદા થાય તમે કહેશો કે સત્સંગથી શું ન થાય? હું કહું છું, સત્સંગથી સારા થાય પણ ખરા અને ન પણ થાય એવું પણ બને કે ગાંધીજી જેવા મહાપુરુષ પાસે વર્ષો રહે છતાંય તેના જીવનમાં ઉન્નતિ ન થાય અને દૂર પડેલા માણસ પર ગાંધીજીના વિચારોની અસર થાય મને યાદ છે ત્યાંસુધી સને ૧૯૩૫માં ગાંધીજી પર ઓસ્ટ્રેલિયાથી એક પત્ર આવ્યો હતો તેમાં તેણે લખ્યું હતું કે, હું દુનિયાથી ત્યજાએલા દેશનો રહેવાસી છું, અને એક દૂરના ખૂણામાં રહું છું પણ તમારો પ્રકાશ મારા જીવનને અજવાળી રહ્યો છે અને એ પ્રકાશ હમેશ ફેંકતા રહેજો એવી આશા રાખું છું આખો કાગળ મને યાદ નથી પણ આ ભાવ હતો

આમ તમે જોશો કે દૂરના માણસને ગાંધીજીનો પ્રકાશ મળ્યો છે અને એવા પણ કોઈ હોય કે નજીક રહ્યા છતાં જળકમળવત રહ્યા હોય તો દૂરનો માણસ પ્રકાશ લઈ શકે અને નજીકનો જળકમળવત રહ્યો હોય તેનું શું કારણ?

એનું કારણ એ કે દૂરનો માણસ સાધક છે અને નજીકનો નથી ત્યારે આપણે અહીં શું કરવા ભેગા થયા છીએ? સાધના કરવા. તમે જાણો છો કે ભૂતને સાધવો હોય તેણે મંત્ર જપવા પડે છે, અને મસાણમાં સૂના તીવ્ર સાધના કરવી પડે છે અને એ સાધના પૂરી થાય તો ભૂતની ચોટલી હાથમાં આવે એમ કહે છે એવી જ રીતે આપણે જે હેતુ માટે આવ્યા છીએ તે સાધીએ તો હેતુની ચોટલી આપણા હાથમાં આવે

આપણે શા હેતુથી આવ્યા છીએ? શું સુંદર ને ઉત્તમ કારીગર થવા? શું વિદ્વાન થવા? કારીગર અને વિદ્વાન તો દેશમાં ઘણાય છે એની દેશને આજે ખોટ નથી

દેશને આજે એક મોટી ખોટ છે અને તેને લીધે દેશ ગરીબ છે એ ખોટ ધન કે સંપત્તિની નહિ ધન ન હોય તેથી દેશ ગરીબ જ છે એમ ન કહેવાય આજે દેશ ગરીબ છે એનું કારણ દેશને સદાચારીઓની ખોટ પડી છે. આપણે ઠેર ઠેર જોઈએ છીએ કે પૈસા માટે કે એવી એવી નજીવી વસ્તુઓ માટે લોકો જૂઠું બોલતા, ચોરી કરતા અચકાતા નથી અરે જે માણસ જૂઠું કરીને ધન કમાય છે તે હોશિયાર ગણાય છે. અને પ્રામાણિકપણે ગરીબ રહીને જીવન જીવતો હોય તે મૂર્ખ મનાય છે આજે ઈષ્ટ વસ્તુ માટે ત્યાગ કરવાની શક્તિ આપણે ખોઈ બેઠા છીએ તેથી આપણે ગરીબ છીએ ત્યાગશક્તિ કેળવવાની આપણે સાધના કરવાની છે.

તમે એકલવ્યની વાત જાણતા હશો તેણે દ્રોણનું પૂતળું બનાવીને ધનુર્વિદ્યાની સાધના કરી. એને માટીના પૂતળામાંથી શું શીખવાનું મળ્યું હશે? અર્જુન દ્રોણ પાસે ભણ્યા અને આ તેમના માટીના પૂતળા પાસે ભણ્યો! છતાં અર્જુન કરતાં એકલવ્ય ચડી ગયો, તેનું કારણ? તેની સાધના, તન્મયતા, તેની ધનુર્વિદ્યા શીખી લેવાની ઉત્કટ ઇચ્છા

જ્ઞાન તો સારું છે પણ તન્મયતા આવે તો ભાવ પ્રદર્શિત થાય એ રીતે અનન્ય ભાવ મેળવવાની પણ એક કળા છે એ માટે પ્રથમ તો આપણે શરીર અને મન મજબૂત બનાવવું પડશે મન મજબૂત હશે તો શરીર મજબૂત બનશે જ અને મન અને શરીર એવા મજબૂત બનવાં જોઈએ કે એક એક ઇન્દ્રિય અંકુશમાં હોય જેમ ઇચ્છીએ તેમ આપણે તેની પાસેથી કામ લઈ શકીએ

વળી તમે જાણતા હશો કે ગુરુ દત્તાત્રયે ચોવીશ ગુરુ કર્યા. નદી, ઝાડ, કુતરો વગેરે તેમના ગુરુ થયા. એ કેમ? તો તે ઝાડ એ ઝાડ છે, એ ભૂલી ગયા. તેમણે વિચાર્યું કે ઓહો, આ ઝાડ કેવું? પોતે તપે છે અને બીજાને ઠંડક આપે છે. પોતે સહન કરીને બીજાને સુખ આપે છે. આ ભાવ આવ્યો તેથી તેમને ઝાડ ગુરુરૂપ લાગ્યું.

પાણી વિષે કોઈ વિજ્ઞાનશાસ્ત્રી હશે તો કહેશે કે ઓક્સીજન અને હાઈડ્રોજન ભેગા મળે એટલે પાણી થાય. ભક્ત હશે તે કહેશે કે ઓહો! આ પાણી ક્યાંથી આવ્યું? આ તો પહાડમાંથી આવ્યું. કેટલાયને ઠંડક આપતું આપતું વહેતું વહેતું અહીં આવ્યું.

આમ બન્નેની દૃષ્ટિ જુદી જુદી છે. એટલે તમને શિવાભાઈ ને નગીનભાઈ ભણાવશે એટલે ભણી જશો એમ માનવું નહીં. એમાંથી કંઈક ભણાશે. પણ એ બહુ મહત્ત્વનું નથી. પણ તમારી દૃષ્ટિ બદલાવી જોઈશે. એ ભણાવશે એમ નહીં, પણ મારે એમની પાસે ભણી લેવું છે એમ વિચારશો તો એમની પાસેથી કઢાવવાનું સરળ પડશે. એ માટે પ્રેમ જોઈએ.

એ પ્રેમ દિલમાં ઉછેરવો છે. મારે તો સદાચારની મૂડી મેળવવી છે, એવી દૃષ્ટિએ શિક્ષક પાસે જવાનું છે. તમે જાણો છો કે કેટલાય માણસો ઇન્દ્રાવણાં જેવા હોય છે, જે તરત દૃષ્ટિએ બહુ જ સરસ લાગે પણ એને તમે ખાવા જાઓ તો! ત્યારે કેટલાક નાળિયેર જેવા હોય છે. શરૂઆતમાં તમને ચોટલી જ હાથમાં આવે. પછી કઠણ ભાગ આવે. તે દૂર કરો ત્યારે સુંદર કોપરું મળે. એટલે નાળીયેરનું કોપરું ખાવું હોય તો ચોટલી અને કાચલી દૂર કરવાનું કષ્ટ વેઠવું પડે. પણ ચોટલી કે કાચલી કાઢતાં કંટાળો તો કોપરું ન મળે. એમ કહેવાય છે કે વિનોબાજી નાળિયેર જેવા છે. શરૂઆતમાં એમની પાસે રહેનાર ત્રાસી જાય. આખો દિવસ તકલી કંતાવે, તુનાઈ કરાવે, કામ કરાવે અને કંઈ ભણાવતા ન જણાય. પણ એમની પાસે રહેલા વિદ્યાર્થીઓમાં મેં તેજસ્વીતા જોઈ છે—કુશળતા જોઈ છે, જે કામ આવ્યું તેને પાર પાડવાની ધગશ જોઈ છે, કેમકે એમણે સાધના કરી છે.

એમ આપણે અનેક કુટેવોમાંથી આવ્યા છીએ. એ કુટેવો છોડાવનાર માણસ નહીં ગમે. પણ જેને સાધના કરવી છે, તેણે કુટેવો છોડવી જોઈએ અને એ છોડવી કઠણ છે. માટે જ તેને તપશ્ચર્યા કહે છે. એવી તપશ્ચર્યા-સાધના આપણે અહીં જેટલો સમય રહીએ તેટલો સમય કરવી છે.

પછી તમે ગામડાંમાં જાઓ કે ઘેર રહો. તમે બે વર્ષ જે સાધના કરી હશે તે જીંદગીમાં કામ કરશે. અમુક શીખ્યું હશે તે યાદ નહિ રહે. પણ સાધના નહિ ભૂલાય.

તમે અહીં રોજ ૫-૪૦ વાગે ઉઠો છો એટલાનું મહત્ત્વ નથી પણ રોજ તમને મનમાં થતું હોય કે ક્યારે એ વખતે ઉઠું, કેમ મોડો ન પડું, એની તાલાવેલી તમને સાધના કરાવશે.

જેલમાં હું કહેતો કે અહીં રહીને રોજ કંઈક ને કંઈક કામ કરો. તમને કામ આપતા નથી, પણ શોધી લો. તમે કરશો તો લાટ ભલે તે ભલે એને—એટલે જેલને મળે, પણ કામ કરવાની ટેવ પડશે એ તમારો લાભ કોઈ લઈ જવાનું નથી. એ ટેવ પાડવા અથવા પડી હોય તો કાયમ રાખવાનો રસ અને તન્મયતા જેનામાં હતાં તે જેલમાંથી ઘણું લઈ ગયા.

ગીતાકાર કહે છે કે જે સતત યોગ કરે છે તેને હું બુદ્ધિ આપું છું. યોગ કરવો એટલું જ નહીં પણ સતત કરવો જોઈએ. એમ સતત યોગ કરવાથી શું મળશે તે હું જાણતો નથી, પણ કંઈક છે. પણ તે ક્યારે મળશે? તમે આપેલા કાર્યમાં મન્મય થઈ જશો ત્યારે. તેમ ભક્તિપૂર્વક તન્મય થશો ત્યારે.

વીશીના ખોરાક અને માના હાથના ખોરાકનો વિચાર કરીએ તો તો વીશીના ખોરાકમાં સ્વાદ હશે, પણ માના ખોરાકમાં જે ભાવ હશે તે પેલામાં નહીં હોય. માના ખોરાકમાં પ્રેમ ભર્યો હશે. એ ખોરાકમાંથી પ્રેમભાવના જાગશે. કહે છે કે અન્ન એવો ઓડકાર. એનો અર્થ એ કે પ્રેમવાળા ખોરાકમાંથી પ્રેમ ઝરે. માતા ક્રોધમાં હોય અને બાળકને ધવરાવે તો બાળકને એ ધાવણ ન પચે, પણ ઉલટી થઈ જાય.

હું જ્યારે પાટણવાડિયામાં કામ કરતો હતો ત્યારે હું દિવસમાં કેટલું ચાલતો, શું ખાતો, તાપ કે ઠંડી છે, દિવસ છે કે રાત, તેનું મને ભાન રહેતું ન હતું. પણ જે કાર્ય સામે આવતું તેમાં તન્મય થઈ જતો. અને મારા જેવા તદ્દન અજ્ઞાન માણસને એ કામમાં જે મદદ મળતી તે મારી કલ્પનામાંય ન હતી. એક વખતે એક જણને કાંગીસિયા છોડાવવાના પ્ર-

ત્યાં હું હતો ત્યારે એક પાંચ વર્ષના છોકરાની અણધારી મદદ મળી અને પેલો ફ્રીમીની સજામાંથી ઉગરી ગયો. આજે હું એવા પ્રસંગોનો વિચાર કરું છું ત્યારે મને લાગે છે કે એ કાર્ય પ્રત્યેની મારી ભક્તિપૂર્વકની ક્રિયા અને તન્મયતાને લીધે જ એમ બનતું હતું. ભક્તિપૂર્વકની ક્રિયા એટલે નિષ્ઠા-ભાવના.

મા બાળકને કેવી રીતે ઉછેરે છે? ભક્તિથી એ રાતદિવસ જોયા વિના તેના જીવન પાછળ પોતાની જાત ઘસી નાખે છે. દાયણ એવી રીતે નહીં ઉછેરી શકે, એ એના શરીરને ઉછેરશે પણ એમાં પ્રેમ ભક્તિ ઉલ્લાસ નહીં ભરી શકે અને છતા માને પોતાની ફરજમાં ખામીઓ રહી ગઈ જણાશે. દાયણને પોતાની ફરજ બરાબર બજાવ્યાનો સંતોષ હશે.

કોઈ ભણેલી માને બાળઉછેરનો નિબંધ લખવાનું કહે તો તે મુઝાઈ જાય. તેને તો પોતાના બાળકની અનેક ખામીઓ રહી ગયાનું ભાન હોય અને જો પંડિતને બાળઉછેરનો નિબંધ લખવાનો હોય તો એક સુંદર પુસ્તક લખી શકે. પણ એ પંડિતના નિબંધમાં ઊંડાણ, અનુભવ ન હોય

આપણે બધાં ભાગ્યશાળી છીએ કે અહીં ભેગાં થઇ શક્યાં છીએ. આપણે બધા સદાચારની સાધના કરવા ઇચ્છીએ છીએ. મીરાંબેને ગાયું છે કે 'ઉલટ ભઇ મોરે નયનનકી' એ રીતે આપણી આંખનાં પડળ ફરી જવાં જોઇએ.

જીવનને જોવાની દૃષ્ટિ બદલવી જોઇએ. આપણે એક બીજાના કુટુંબી થઈ જવું. એ માટે આપણા દિલમાંથી પ્રેમ ઝરવો જોઇએ, એ માટે ત્યાગ-ભાવના કેળવવી જોઇએ.

અહીં બધા કુટુંબની ભાવનાથી ભેગા થયા છીએ. આજે કદાચ એવી ભાવના ન દેખાય, તેની ચિન્તા ન કરવી. આપણે સાચા અને જાગૃત હોઇશું તો એ ભાવના આવશે જ.

તમે જાણો છો કે બ્રહ્મચારીને પીળાં કપડાં અને સંન્યાસીને ભગવાં કપડાં પહેરવાનાં હોય છે. એમ શાથી? સળગતા કોલસાનો રંગ ભગવો હોય છે. જ્યાં સુધી કોલસામાં વાસ હોય છે ત્યાંસુધી ગંધ હોય છે. અને વાસ જતી રહે એટલે ગંધ ગઈ અને કોલસાનો રંગ ભગવો થઇ ગયો. એવી રીતે વાસના વિનાનો હોય તે સંન્યાસી.

બ્રહ્મચારીનાં કપડાંનો રંગ પીળો હોય છે. પીળો રંગ શબનો હોય છે. ગુરુ પાસે બ્રહ્મચારી જાય ત્યારે પોતાનાં શરીર અને અંતઃકરણ ગુરુ પાસે ધરે ને કહે, કે આ બાહ્ય અને અંતર શરીર આપ્યાં. હવે તેમને જેમ ઘડવાં હોય તેમ ઘડો.

અંતઃકરણનો અર્થ અંતરનાં સાધન—એ સાધન મન, ચિત્ત, બુદ્ધિ, અહંકાર. મનમાં સંકલ્પ થાય. ચિત્ત એ સંકલ્પને વળગી રહેવાનું કામ કરે. બુદ્ધિ એ સંકલ્પ પ્રમાણે વર્તવાનો નિશ્ચય કરે અને અહંવૃત્તિ એ સંકલ્પ પાર પાડવાનું કામ કરે. શરીર એનું સાધન બને.

આમ પાંચ સાધન થયાં, તે પાંચે ગુરુને સોંપે. એ ઉપરથી બ્રહ્મચારીનાં કપડાંનો રંગ પીળો હોય છે. એ એનું બાહ્ય ચિહ્ન છે.

પણ ગુરુને આ સોંપવાની વૃત્તિ ક્યારે થાય? એને એટલી ખાત્રી હોય કે એમની પાસે કષ્ટ પડશે, પણ કોઈ પણ દિવસ અકલ્યાણ થવાનું નથી. જો એવી ખાત્રી ન હોય તો એ વિદ્યાર્થીએ એક ક્ષણ પણ એમની પાસે રહેવું ન જોઈએ. અને એવી ખાત્રી હોય તો જ્ઞાનપૂર્વક બધી ક્રિયાઓ કરવી જોઇએ.

એવી ક્રિયાઓ કરતાં શરીર સુકાય કે ઘસાય કે છોલાય તેની ચિન્તા ન કરશો. શરીર સામે જોયા ન કરશો પણ કલાગરુ બનાવજો. તે ઇચ્છીએ ત્યારે ખપ આવે એવું બનાવી નાખવાનું છે. તેને જેટલું કસશો એટલું સુંદર થશે.

તમે હળની કોશ જોઇ છે? તેનો રંગ કેવો હોય છે? સફેદ. લોઢાનો રંગ સફેદ હોય છે પણ કાળો દેખાય છે. તે તો તેના ઉપરનો મેલ છે. પ્રમાદી લોઢું મેલું—કાળું હોય છે. તેમ કસાયેલા શરીર અને પ્રમાદી શરીર સંબંધી છે. આપણે તો હલકા ફૂલ જેવા હોવા જોઇએ. આપણે દુઃખ વેઠવાનું નથી, પણ દુઃખ ભોગવવાનું છે. વેઠવામાં દુઃખ છે, પણ ભોગવવામાં મઝા છે. વેઠવામાં અસહાયતાનો ભાવ છે. ભોગવવામાં જ્ઞાન છે. એટલે આપણે તો જ્ઞાનપૂર્વક બીજા માટે જાત ઘસી નાખવામાં આનંદ આવે એવું બનવાનું છે.

એકલવ્યને અંગુઠો આપતાં કેટલો હર્ષ થયો હતો! એવી રીતે આપણી જાત બીજાના ખપમાં આવવાની તક મળે ત્યારે આનંદ થવો જોઇએ. એટલું કરી શકીએ તો બીજા પ્રમાણપત્રની જરૂર ન રહે.

તમે જાણતા હશો કે બ્રાહ્મણની જનોઈ એ એનું પ્રમાણપત્ર છે. ઉપવીતનો અર્થ ઉપ એટલે પાસે, વિ એટલે વિશેષ પ્રકારે, ઇત એટલે ગયેલો.

ગુરુની પાસે વિશેષ ભાવે ગએલાને ઉપવીત હોય. ઉપવીત ધારણ કરેલી હોય તો પહેલાં એમ સમજાતા કે તેણે બાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી છે. એમ ઉપવીત ઉપરથી સમજાતું. તમે અહીં બે વર્ષ કે વધુ પણ એવી સાધના કરીને જશો ત્યારે તમારા આચારથી જ કોઇ સમજી-જશે કે આ સંસ્કારી છે અને તમને ભાવથી આવકારશે.

પ્રમાણપત્ર ધર્યો પછી જો કોઇ બોલાવે તો જાણવું કે તે ભણ્યો નથી. પ્રમાણપત્ર ખોવાઇ ગયું હોય તો તે ભણ્યો શું? તેને મનમાં એમ થવું જોઇએ કે મારું પ્રમાણપત્ર હું જ છું. તમે ખરેખર જીવતાં શીખ્યા હશો તો જીવનમાં રસ આવશે અને મૃત્યુ આવશે તોયે હસતે મોંએ જવાનો આનંદ હશે. નહીં તો અપરાધીને કોર્ટમાં બોલાવે અને પગ ઢીલા થઈ જાય એમ જેણે કોઇને માટે જીવી નહીં જાણ્યું હોય તો મૃત્યુ પામે જતાં તેની દુઃખદ સ્થિતિ થશે. એવી આપણી ન થાઓ.

આજે શાળાઓ કે કોલેજોમાં જવાબદારી, જોખમદારી ઉઠાવવાનું ક્યાંય શીખવાતું નથી, એ ભારે ખામી છે. નાના કામમાં પણ જોખમદારી છે. અને જે નાનાં કામોની જોખમદારી ઉઠાવી જાણે છે તે જ મોટાં કામોની જોખમદારી ઉઠાવી શકશે. નાનું કામ કરવામાં ભૂલ ન થાય, એ જોખમદારી આવી. એવી જોખમદારી ઉઠાવવામાં દુઃખ આવે ત્યારે સારું માનવું. એવા દુઃખથી નાસીપાસ ન થતાં તેને ભોગવવું. એમ કરતાં દુઃખ સહન કરવાની ટેવ પડશે. જોખમદારી આવશે એટલે તે સમજવાની કળા પણ શીખવી પડશે.

અહીં તમારે નાની નાની જવાબદારીઓ ઉઠાવવાની હશે, પણ અહીંથી બહાર જશો ત્યારે ઘરની અને જાહેર કામની મોટી જોખમદારીઓ ઉઠાવવાની આવશે.

હું વીસાપુર જેલમાં હતો ત્યારે મને વીશીનું કામ સોંપ્યું હતું. તે વખતે ૨૦૦૦ ભાઇઓનો ખોરાક બનતો હતો. આપણામાંના એક ભાઇને ગરમ ગરમ રોટલો અને ડુંગળી ખાવાનું મન થાય એટલે કોઈ ન દેખે એમ લઈ જાય. જ્યારે મને કામ સોંપ્યું અને મેં આ જાણ્યું ત્યારે મને વિચાર આવ્યો કે ૨૦૦૦ જણના ૪૦૦૦ રોટલામાં એક રોટલાનો હિસાબ કંઈ ન ગણાય, પણ તેમાંથી હું કોઇને કંઇ કેમ આપી શકું? અને મારી જવાબદારીનો ખ્યાલ કરતાં થયું કે કોઇને કંઇ લેવા પણ ન દેવાય.

પેલા ભાઈ તો આવ્યા અને રોટલો ઉપાડ્યો. મેં તેમને સમજાવ્યા કે આ રોટલા પર તમારો અધિકાર શો? એમણે કહ્યું કે આટલામાં શું ઓછું થઇ જવાનું છે! પાછળથી વધે છે, પણ ખૂટે છે ખરા? મેં કહ્યું કે, પણ તમારા રેશનના રોટલા તમને બપોરે મળે છે. એ ઉપરાંત તમને મારાથી શી રીતે લેવા દેવાય, એટલે હું નહિ લેવા દઉં. પેલાએ જણાવ્યું કે હું લઈ જવાનો.

બીજે પ્રસંગે તે ભાઈ હસતા હસતા આવ્યા. આડીઅવળી વાતો કરતા ગયા અને હું ન જાણું તેમ રોટલો સંતાડ્યો. તેમને ખ્યાલ નહીં કે મેં જોયો છે, એટલે તે તો થોડી વારે સ્વાભાવિક રીતે પાછા ફરતા હતા. મેં બારણે જઇ કહ્યું કે પેલા બગલમાં રોટલા સંતાડ્યા છે તે આપી જાઓ. તે ડઘાઇ ગયા અને રોટલો ફેંકી જતા રહ્યા. પણ મારા પર ચોકી રાખવા લાગ્યા કે આ રસોડામાંથી કંઇ ચોરી કરીને હક્ક કરતાં વિશેષ તો ખાતો નથી ને?

એક વખત પ્રસંગવશાત બપોર-પછી મારો હકનો રોટલો વીશીમાં બેસી ખાતો હતો, એ એક ભાઇએ જોયું તેણે પેલા ભાઇને કહ્યું. તે ભાઇ શિકાર હાથમાં આવ્યો જાણી હસતા હસતા આવ્યા અને કહ્યું. મહારાજ કેમ રોટલો ખાઓ છો ને? ઠીક ઠીક, એમ કહી ગર્વ લેવા લાગ્યા. મેં જણાવ્યું કે મારા ભથ્થાનો રોટલો મળ્યો પણ દાળ નથી મળી; એટલે રોટલો એકલો ખાઉં છું. તે ભાઇ શરમાઇ ગયો.

રસોડામાં રહેનાર અને કામ કરનાર ગોળની કાંકરીની ચોરી કરે તે સાધનાની દૃષ્ટિએ બહુ ભયંકર છે. કિંમતની દૃષ્ટિએ કંઈ નથી આવા પ્રસંગે આપણા દિલમાં મંથન થવાનું. દૈવાસુર સંગ્રામ થવાનો. તેની પરીક્ષા કોણ કરે? આપણે પોતે જ.

આવી નાનીનાની જોખમદારીઓ પાર પાડીશું તો દુનિયાનો મહાસાગર આપણે સહેલાઇથી પાર કરી જવાના. સમાજ આપણાથી નિર્ભય બનશે.

વળી આપણે તો ભૂલોના ભંડાર છીએ, એટલે ભૂલમાં લપસીએ એ માટે એકબીજાએ એકબીજાને મદદ કરવી જોઇએ. ટોલ્સ્ટોયની વાર્તાના બણ સાધુની જેમ એકબીજાને વળગવું, એટલે આપણે એકબીજાને ટેકો કરીએ અને કોઇને પડવા ન દઇએ. લપસણું હોય કે નદીનો પ્રવાહ હોય ત્યારે તેમાં થઇને જવા માટે આપણે

[અનુસંધાન પૃષ્ઠ ૧૫૧]

ઈરાન

★
★★

અનિવાર્ય ભૌગોલિક પરિસ્થિતિને કારણે સ્વાર્થલોલુપ ગોરી પ્રજાને હાથે રોળાતાં ઇરાનના ઇતિહાસની રૂપરેખા આ લેખમાં રજૂ કરવામાં આવી છે. ... .

★★
★



હિંદનું આ પ્રવેશદ્વાર હિંદી અને પશ્ચિમી સંસ્કૃતિઓના સંગમ-સ્થાન તરીકે આજકાલનું નહિ પણ જે સમયે આજની મગરૂર પ્રજાઓનું નામો-નિશાન ન હતું ત્યારનું મહત્વ ભોગવી રહ્યું છે. એનું પર્સિયા નામ 'પર્સીસ' ઉપરથી પડ્યું હોય તેમ લાગે છે. આર્યો હિંદમાં આવ્યા તે કાળમાં જ તેઓ મેસોપોટેમિયા તેમ જ સીરિયામાં પણ આગળ વધ્યા હશે તેવું માનવાને ઐતિહાસિક સાધનો મળી આવે છે. એમાંના કેટલાંક નામો ઉપર સંસ્કૃત-આર્ય-અસર જણાય છે. મેસોપોટેમિયાનો મિટ્ટાનીનો રાજવંશ આર્ય હતો. એના સંધિપત્રોમાં ઇન્દ્ર વરુણ વગેરે દેવોને કરાયેલું ઉદ્બોધન સ્પષ્ટ તરી આવે છે. અને વૈદિક કાળમાં હિંદ, ઈરાન અને મધ્યપૂર્વ સંસ્કૃતિની અતૂટ સાંકળ સંકળાયેલી માલુમ પડી આવે છે.

છતાં ઈરાનનો વ્યવસ્થિત ઈતિહાસ માત્ર ઇ. સ. પૂર્વે ૮૩૬થી જ મળી આવે છે. જ્યારે શાલમાનેસરના નેતૃત્વ નીચે અસિરિયનોએ ઈરાનને તેમ જ મીડિયન જાતિઓને જીતી સામ્રાજ્ય સ્થાપ્યું ત્યારથી ઈરાન એક સત્તા તરીકે ગણાવા લાગ્યું અને ત્યારથી જ ઈરાન ઉપરની પશ્ચિમી હકુમતના ઓળા પથરાયા. તે પછી તો અસિરિયન સત્તા ટોચે પહોંચી અને છેક ઈ સ. પૂર્વે ૬૨૬ સુધી તેમની સત્તા ત્યાં રહી. અસિરિયન સંસ્કૃતિના પતન સાથે જ ઈરાન ઉપરની તેની પકડ ઢીલી પડી અને મીડિયનો સત્તા ઉપર આવ્યા. ઇ. સ. પૂ ૬૧૨માં મીડિયાના સીયાક્ષારેસ (cyaxares) અને બાબીલોનના બેપોલાસારે અસિરિયન શહેર નીનેવેહ ઉપર આક્રમણ કરી તેનો નાશ કર્યો અને એથી મીડિયન સામ્રાજ્ય ઈરાનની સરહદોને પેલે પાર ઘણું દૂર નીકળી ગયું. પર્શિયન રાજાઓ અસિરિયાના મટી મીડિયાના ખંડિયા બન્યા. આ સ્થિતિ ઇ. સ. પૂ. છઠ્ઠા સૈકાના મધ્યભાગ સુધી ચાલી.

ત્યારપછી અન્શાન અને સુશિયાના રાજા સાયરસે (cyrus) સીયાક્ષારેસના વંશ સામે બળવો પોકાર્યો, અને ઉલટાનું મીડિયન સામ્રાજ્ય પર્શિયન બની ગયું. સાયરસે પર્શિયન કોમોને સંગઠિત કરી અને એ પ્રજા ત્યારે વિશ્વમાં સ્વતંત્ર પ્રજા તરીકે પ્રથમ ઊભી થઈ. પહેલાં તો મીડિયાનું આ પતન બાબિલો-

નિયાને ઘણું જ ગમ્યું. પણ પછી તો આ નવું ઊભું થતું પર્શિયન સામ્રાજ્ય તેને જ ગળી ગયું. અને બાબિલોન સાથે ચાલ્ડીઅન સામ્રાજ્ય, સીરિયા અને પાલેસ્ટાઇન પણ પર્શિયાના ઝંડા નીચે આવ્યાં.

ઇ. સ. પૂ. ૫૨૮માં સાયરસના મૃત્યુ પછી તેના પુત્ર કેમ્બીસેસે ઇજીપ્ત પણ જીત્યું, સાયપ્રસ અને પૂર્વના ગ્રીક ટાપુઓ પણ એની આણ નીચે આવ્યા અને છેવટે તેના પૌત્ર ડેરિયસે સામોસ પણ જીત્યું. આ રીતે માત્ર એક જ પેઢિમાં વ્યાપ્ત થયેલું આ સામ્રાજ્ય ખરેખર તેની પ્રજાની ઉચ્ચ લડાયક શક્તિને આભારી હતું. અને તેથી સાયરસે પાયો નાખેલા સામ્રાજ્યને ડેરિયસે વિશ્વખ્યાત બનાવ્યું. એથી જ ડેરિયસ રાજાઓનો રાજા—King of Kings—કહેવાયો. ડેરિયસનું પોતાની જાત માટેનું ભાન પણ બહુ ઊંચું હતું. તેણે પોતાની કબર ઉપરના લેખમાં કોતરાવ્યું છે "પર્શિયનોનો પુત્ર પર્શિયન, અને આર્ય પ્રજાનો વંશજ આર્ય" અને એય ખરું છે કે પશ્ચિમી સામ્રાજ્યવાદી, બાબિલોનિયનો, ગ્રીકો અને રોમનો જ્યારે જીતાયેલ પ્રજાને ગુલામ તરીકે ઉપાડી જતા, એમના પ્રત્યે દુર્વ્યવહાર કરતા અને એમની તરફ જે ક્રૂરતાથી વર્તતા તેનાથી સાવ ઊલટું જ આ વંશે જીતાયેલી પ્રજાઓને સંમાની, તેમના ખંડિયાઓ તરફ દિલેર દિલથી અને ક્ષમાભાવનાથી વર્તી એમની આર્યતાનું ઊંચું દ્રષ્ટાંત પુરું પાડ્યું છે ઈરાની સંસ્કૃતિની ટોચનો એ જુવાળ ચાલ્યો છેક ઈ. સ. પૂ. ૩૩૦ ડેરિયસ ત્રીજાના વખત સુધી.

ત્યાર પછીની ગ્રીક સંસ્કૃતિની ચડતીએ ગ્રીક ચડાઇઓ અને ઇરાની પ્રજાના પ્રત્યાક્રમણોને પરિણામે ગ્રીકોનું બળ વધતું ગયું. એમનું સાર્વભૌમત્વ પણ ફેલાતું ગયું. અને પર્શિયન સામ્રાજ્ય ટુંકાતું ગયું. છેવટે ઈ. સ. પૂર્વે ૩૩૧માં મહાન સિકંદરે ડેરિયસ ત્રીજાને મારી ઈરાન જીત્યું અને પોતાની જાતને ઈરાનના બાદશાહ તરીકે જાહેર કરી. પણ દુનિયાના જીતનાર એ બાદશાહને વારસ નહોતો તેથી ગ્રીક સામ્રાજ્યના ટુકડાઓ કરી તેના સરદારોએ વેંચી લીધું. બાબીલોનીયાના અધિપતિ સરદાર સેલ્યુકસે ફરીથી ઇરાન ઉપર આણ વર્તાવી. એને સિકંદર ન કરી શક્યો એ કરવાના કોડ હતા. તેણે ફરીથી હિંદનાં દ્વાર ખખડાવ્યાં અને એ ચંદ્રગુપ્ત મૌર્ય સાથે લડ્યો, પણ હાર્યો અને સિંધુની આસપાસનો કેટલોક પોતાનો મુલક તથા લગ્નમાં પોતાની પુત્રી ચંદ્રગુપ્તને આપી હિંદના ૫૦૦ હાથીને ચંદ્રગુપ્ત તરફની ભેટ તરીકે લઇ એ પાછો ફર્યો. સેલ્યુકસીયન સત્તા પછી ઇરાનમાં પાર્થિયન સત્તા આવી (ઈ. સ. પૂ. ૧૭૦) અને પછી એ પણ આથમતાં પાછું ઇરાન ટૂકડાઓમાં વહેંચાયું. પૂર્વ ઇરાન સિથિયન ટોળીઓની સત્તા નીચે આવ્યું અને પછી કુશાન વંશના કનિષ્ક રાજાના વખતમાં પાછું એ કિર્તીવંતુ બની ચમક્યું. કનિષ્ક બુદ્ધધર્મી હતો. છતાં એના સિક્કાઓમાં ઇરાની દેવદેવીઓની છાપ પણ ઘણી આવે છે. ત્યાર પછીનો સમય અર્સાસિક સત્તાનો અને રોમન અથડામણોનો અને તે પછી પણ ૩૫૦ વર્ષનો—સાસેનિયન અમલનો સમય આવે છે. આ યુગની ઇરાનની કંઇક વિશિષ્ટ તવારીખ છે નહિ, સિવાય કે ઈરાન જરથોસ્તી બન્યું (ઇ. સ. ના ૩ જા થી ૭મા સૈકા સુધી)

પરન્તુ તે વખતે એશિયાને એક ખૂણે એક નવી સંસ્કૃતિ ઊગીને ઊભી થતી હતી. તેના જુવાળ નીચે એશિયા ઇજિપ્ત અને યુરોપ પણ આવતાં ગયાં. ઈરાન પણ મુસ્લીમ સત્તા નીચે આવ્યું. પછી તો તૈમુર લંગ, ગઝનવીઓ, મોગલો, તુર્કો અને પઠાણોની ત્રમઝટનો અનોખો જ ઇતિહાસ રચાયો. ઇસ્લામની આગેકદમ સાથે જ જરથોસ્તીઓની હિજરત થઇ અને એ લોકો ગુજરાતને ખોળે આવીને વસ્યા.

દેશ નીજ તજી ધર્મને કાજ,
સાગરે ઝુકાવ્યું સફરી જહાજ
ધર્મવીર પારસી સરદાર
જગત ઇતિહાસે અનૂપ ઉદાર
ધન્ય હો ધન્ય જ પૂણ્ય પ્રદેશ
અમારો ગુણીયલ ગૂર્જર દેશ......

ઇસ્લામ તો હિંદ ઉપરે ય ફરી વળ્યો અને સ્થિર પણ બન્યો. એણે હિંદી સંસ્કૃતિને નવો ઓપ પણ આપ્યો અને એના ઝંઝાવાની વાવાઝોડાં જેવાં આક્રમણો પણ સ્થિર થઈ હિંદી ધરતીમાં ફાલ્યો ફૂલ્યો. એથી યે વિશેષ એ ફાલ્યાં ફૂલ્યાં છે ઈરાનમા, કારણ હિંદમાં તો ઇસ્લામી સંસ્કૃતિ સામે અજર અને અમર હિંદી સંસ્કૃતિનાં બળો પડ્યાં હતાં. પણ ઇસ્લામને ઈરાનમાં ખીલવા માટે સુજળ સુફળ વાડી મળી. ઈરાનનો ઇસ્લામી ઇતિહાસ તો રાજયવંશ પલટાઓનો જ છે. હિંદની મોગલ સલ્તનતને પણ હચમચાવી નાખનાર નાદીરશાહે પોતાના સમયમાં (૧૭૩૬) ઈરાનને લોખંડી બનાવ્યું હતું પરન્તુ વારેવારે

થતા આંતરકલહોએ ઈરાનને નબળું પાડવામાં ઘણો જ ભાગ ભજવ્યો છે. પણ એની સંસ્કૃતિ તો અનોખી જ રચાઈ છે. એના કવિઓ અને ફિલસૂફો, કલાકારો અને શિલ્પીઓ જે થઈ ગયા છે તેણે ઈરાનને જગ-મશહુર બનાવી દીધું છે. ઈરાની ચિત્રકળા, ધાતુકામ, રેશમનું કસબી-કામ અને ઈરાની ગાલિચાઓ પશ્ચિમને માટે સ્વર્ગીય કલ્પનાની વસ્તુઓ હતી અને હજુ યે છે, અને ફારસી સાહિત્યને અમર કરનાર ઉમર ખય્યામ, ફીરદૌસી, સાદી અને હાફીઝ ઈરાનને તો બેહીસ્તની સાથે સરખાવી ઝુલાવી ગયા છે. એમની અમર કૃતિઓ રૂબાઈયાત, શાહનામા, બુસ્તાન અને ગુલીસ્તાન હજીયે જગતની મીઠી ભાષાના મધ-પૂડાઓ તરીકે વખણાય છે.

હજુએ ઈરાન તો એજ છે. દ્રાક્ષના માંડવાઓ, સાકી, શરાબ અને સનમનો એ દેશ છે. પરન્તુ આજે કાળ પલટયો છે. ઈસ્લામ યુરોપમાંથી આથમ્યો અને યુરોપની નવી સંસ્કૃતિ દરેક દેશ ઉપર ફરી વળી. યુરોપી સંસ્કૃતિ તો મુડીવાદી સામ્રાજ્યવાદ. ફ્રેંચ સમ્રાટ નેપોલિયને હિંદ સર કરવાની પોતાની યોજનામાં ઈરાનના શાહની મૈત્રી ઉપર ઘણું જ વજન મૂક્યું હતું. એ હકીકત જ બ્રિટિશ હિંદની સુરક્ષિતતા માટે ઈરાનમાં બ્રિટને કેટલો રસ લેવો જોઈએ એ બતાવી આપે છે. બીજી બાજુએથી સદાયે દક્ષિણ તરફ વધવા મથતા રશિયાથી પણ ઈરાન તરફ વિશિષ્ટ હિતોની દૃષ્ટિએ જોયા વગર રહેવાતું નથી. આ રીતે વીસમી સદીના પહેલા બે દસકા એશિયા ઉપર પ્રભુત્વ જમાવવાના યુરોપીય સત્તાઓના અખાડાનો ઈરાન ભોગ બન્યું યુરોપમાં જે સ્થિતિ જર્મની અને રશિયા વચ્ચે પોલાંડની હતી તેજ સ્થિતિ બ્રિટન અને રશિયા વચ્ચે ઈરાનની છે. એ બન્ને સામસામી છાવણીમાં હોય તો યે ઈરાનને તે ગળી જવા માગે, અને બન્ને મિત્રો હોય તો ઊલટાના તેથી યે વધુ સારી રીતે ઈરાનને ચાવી જવા માગે ઈરાનનાં આ દુઃખોનાં અનેકવિધ કારણોમાં તેના તેલ-વિસ્તારો પણ એટલું જ વિશિષ્ટ મહત્વ ભોગવે છે.

બ્રિટન અને રશિયા વચ્ચે ચાલતી આવેલી યુરોપી રાજનીતિનો પડઘો ઈરાનમાં પણ પડયો. રશિયાને દક્ષિ-ણમાં ભૂમધ્ય તરફ વધવું હતું. તેને રોકવા બ્રિટને તુર્કીને ટકાવી રાખી ડાર્ડેનલ્સથી બહાર રશિયાને આવવા દીધું નહિ. તેથી રશિયાએ સમુદ્રદ્વાર માટે ઈરાની અખાત અને પ્રશાંત મહાસાગર તરફ નજર ફેરવી. એણે ટ્રાન્સસાઈબીરીયન રેલ્વે નાખી છેક પૂર્વને પેલે છેડે વ્લાડીવોસ્ટોક બંદર ખીલવ્યું. તો જાપાનની પીઠ પાછળ ઊભા રહી બ્રિટને પોર્ટઆર્થર અને મુકડનમાં જાપાની અડ્ડા ઊભા કરી ત્યાં જ તેના પગ જડી દીધા. અને ઈરાની અખાત ઉપર તો બ્રિટને પોતાની સત્તા ક્યારનીયે જમાવી દીધી હતી. તેથી વીસમી સદીના પ્રભાતે તહેરાન યુરોપી રાજખટપટનું મુખ્ય કેન્દ્ર બન્યું.

૧૮૯૬માં શાહ નાસરદીનનું ખૂન થયું. તે પોતાની પાછળ ભરપૂર ખજાનો મૂકી ગયેલ. પરન્તુ તેના પછી આવનાર શાહ મુઝફ્ફરદીનની નબળાઈનો રશિયનોએ લાભ ઉઠાવ્યો અને શાહ રશિયાનો દેવાદાર બન્યો. બીજી બાજુથી બ્રિટિશ બેંકરો પણ એ જ રીતે પર્શિયાને દેવાદાર બનાવી પોતાનો પગ પેસારો વધાર્યે જતા હતા. ૧૯૦૭ની સપ્ટેમ્બરની ૨૪મી તારીખે ઈરાનના ભાગલા પાડી લેવાની સુલેહની શરતો બ્રિટન અને રશિયા વચ્ચે થઈ. તે મુજબ ઉત્તર પર્શિયા અને કોકેસસના તેલ વિસ્તારો રશિ-યન લાગવગનો વિસ્તાર ગણાયો. જ્યારે બલુચિસ્તાનની સરહદ નજીકનો પ્રદેશ બ્રિટિશ અસરનો પ્રદેશ બન્યો.

બીજી બાજુથી રૂસો જાપાની યુદ્ધ પછી એશિયાઈ રાષ્ટ્રોમાં પ્રજા જાગૃતિનો જુવાળ ચડતો હતો. એના પરિણામે બધા દેશોમાં પ્રજાકીય સત્તા સ્થાપવા અને પરદેશી ધુંસરી-માંથી મુક્ત થવા આંદોલનો જાગતાં હતાં, ઈજીપ્ત, તુર્કી, ઈરાન, હિંદ અને ચીન આ બધા દેશોમાં આવેલી ક્રાંતિની ઝાંઝે ઈરાનમાં પણ પડઘાઓ કરાવ્યા. મહમદઅલી મિરઝાએ પ્રજાને મજલિસ–ધારાસભા આપી [૧૯૦૬] પરંતુ મજલિસ અને પ્રધાનમંડળની જવાબદારીના પ્રશ્ન ઉપર ઈરાનમાં આંતરવિગ્રહ થયો. મહમદઅલીએ મિજલિસને કચરવા પ્રયાસ પણ કર્યો. પણ રાષ્ટ્રીય તત્વો એટલા જાગ્રત થયાં હતાં કે મહમદઅલીને જ ગાદી-ત્યાગ કરવો પડયો અને તેના ૧૨ વર્ષના પુત્ર અહમદ મિરઝાને મજ-લિસે બંધારણને વફાદાર રહેવાના સોગંદ લેવડાવી ગાદીયે બેસાડયો (૧૫-૧૦-૧૯૦૯)

આ પછીના સમયમાં બંધાર-ણીય તંત્ર સુવ્યવસ્થિત રીતે ગોઠવાઈ જાત. પણ બ્રિટન અને રશિયાને એ રૂચે તેમ ન હતું. રશિયાએ તો ઈરાનની આંતરિક–પરિસ્થિતિનો લાભ

લઇ એઝરબેઝનમા પોતાનાં લશ્કરો ઘુસાડયાં અને ત્યારે તો આરમીનીયા અને સીલીસિયામાંથી ભૂમધ્ય સમુદ્રને પહોંચવાના રશિયાનાં સ્વપ્નો સાચાં પડવાની અણી પણ આવી પહોંચી હતી. એ જ વખતે બ્રિટને પણ ફટકો લગાવ્યો. દક્ષિણ ઇરાનમાં તેણે પોતાનું લશ્કર દાખલ કરી બ્રિટિશ પોલીસ વ્યવસ્થા ગોઠવી. આ રીતે પોત-પોતાના વિસ્તારોમાં કબજો બળવાન કરી બ્રિટન અને રશિયાએ ઇરાની રાજ્યસત્તાને નોટિસ આપી કે બ્રિટિશ અને રશિયન હિતોને નુકસાન પહોંચાડે તેવી કોઈ પણ પરદેશી લોનને તેઓ સ્વીકારશે નહિ. એટલે ઇરાની પાર્લામેન્ટ–મજલિસ–મુશ્કેલીમાં આવી પડી. એને નાણાં જોઈતાં હતાં. તે બીજેથી લઇ ન શકે તેવું બ્રિટન અને રશિયાએ કર્યું. અને તેઓએ પોતે પણ પૈસા ધીરવાની ના પાડી. પરિણામે ઇરાનમાં દુર્વ્યવસ્થા ફેલાઈ અને એ દુર્વ્યવસ્થાને નામે બ્રિટન અને રશિયા વધુ ને વધુ પસતાં ગયાં.

પરન્તુ ઇરાન તે વખતે સુવ્યવસ્થિત રાજ્યતંત્ર કરવા તનતોડ મહેનત કરતું હતું. યુરોપી ખટપટથી મુક્ત થવા તેણે અમેરિકા તરફ નજર દોડાવી અને અમેરિકાએ મી. ડબલ્યુ. મારગન સુસ્ટરને વ્યવસ્થા માટે ઇરાની સત્તાના સલાહકાર તરીકે મોકલ્યા. જે સુલેહમાં ઇરાનની સંમતિ નહોતી તેવી એંગ્લો–રશિયન સુલેહને સ્વીકારવાની તેણે ના પાડી અને તેણે ઉત્તર ઇરાનમાં કર વસુલ કરવા લશ્કરો મોકલ્યાં. આ રીતે ઇરાનના ભાગલા પાડનારની સામે તેણે ઝુંબેશ ઉપાડી. પરિણામે રશિયાએ ઇરાનને અલ્ટીમેટમ મોકલ્યું કે ઇરાને મી. સુસ્ટરને ફારક કરી. તેને બદલે બ્રિટિશ અને રશિયન સલાહકારો રાખવા અને ઉત્તર પર્શિયાના રશિયન લશ્કરનું ખર્ચ ઇરાને ભોગવવું પરંતુ મજલિસે આ અલ્ટીમેટમને નમતું આપવા ના પાડી. રશિયન–લશ્કરોએ તેહરાન કબજે કર્યું અને પરિણામે રીજન્ટે ૧૯૧૧ની ૨૪મી ડીસેમ્બરે મજલિસ બરખાસ્ત કરી મી સુસ્ટરને ફારક કર્યા.

પછી તો વિશ્વયુદ્ધ પહેલું આવ્યું. ઇરાન તેમાં તટસ્થ રહ્યું. પરન્તુ બ્રિટને અને રશિયાએ તેની તટસ્થતાનો ભંગ કરી લશ્કરોની આવજા, વ્યવહાર વગેરે માટે ઇરાનનો ઉપયોગ કર્યો. આ રીતે તટસ્થ રહેવા છતાં ઇરાનને યુદ્ધની બધી જ વેદનાઓ–આક્રમણ, શહેરો ઉજ્જડ થવાં, ગામડાંઓમાં દુષ્કાળ પ્રવર્તવો, માનવશક્તિનો અને સિવિલિયન પ્રજાનો નાશ થવો વગેરે–વેઠવી પડી, અને છતાં પીસ–કોન્ફરન્સમા ભાગ લેવાના ઇરાનના હક્કને તે તટસ્થ હોવાને કારણે સ્વીકારવામાં આવ્યો નહિ રશિયાના બોલ્શેવિક બળવા પછી ઇરાનને તે પક્ષેથી કંઈક લાભ થયો ખરો. બોલ્શેવિક સત્તાએ ઇરાનને વચન પણ આપ્યું કે ઝારની સત્તાએ મેળવેલા બધા હક્કો ઇરાનને પાછા બક્ષવા તે તૈયાર છે. અને ખરે જ તેણે ૧૯૦૭ના એંગ્લો–પર્શિયન કરારો રદ પણ કર્યા. છતાં એથી ઇરાનની સ્થિતિમાં બહુ ફેર પડયો નથી.

બ્રિટનનાં પર્શિયન હિતોની એક બાજુજ આપણે જોઈ. માત્ર હિંદના રક્ષણના હેતુઓ જ બ્રિટનને ઇરાની ખટપટમાં ભાગ લેવરાવે છે, એવું નથી. ઇરાનના તેલઉદ્યોગમાં બ્રિટને મોટામાં મોટી મુડી રોકી છે અને એ રીતે દુનિયાના તેલના ઉદ્યોગમાં મોટામાં મોટો ભાગ પડાવવાની બ્રિટિશ નીતિનું એક અંગ ઇરાનને પણ સ્પર્શી જાય છે. એંગ્લો–પર્શિયન ઓઇલ કું. લિ.માં બ્રિટનના ૨૫,૦૦૦,૦૦૦ ડોલર રોકાયેલા છે અને તેનો વહીવટ બ્રિટિશ સરકારી અંકુશ નીચે જ છે.

રશિયન વલણ પ્રમાણે ૧૯૧૯ પછી રશિયન લાગવગના વિસ્તાર અને બ્રિટિશ લાગવગના વિસ્તારને બદલે એંગ્લો–પર્શિયન ઓઈલ કું. લિ. ની છુટછાટોનો વિસ્તાર યોજવામાં આવ્યો છે. જેનું ક્ષેત્રફળ ૫૦૦,૦૦૦ ચોરસ માઈલ એટલે કે ઇરાનના પોણા ભાગનું થાય છે. આ વિસ્તારોમાં પોલીસ રક્ષણની બાંહેધરી પણ ઇરાની સરકારને આપવી પડી છે અને તેના બદલામાં શરૂઆતમાં ઇરાની સરકારને નફાના ૧૬ ટકા આપવાના હતા. પરન્તુ પાછળથી તે નફો આપવાનું બંધ કરવામાં આવ્યું.

તેલ વિસ્તારનું મુખ્ય કેન્દ્ર મેદાન–ઈ–નફતુન છે. ત્યાંથી શેત–અલ–અરબ નદી ઉપર આવેલ આબાદાન શહેર સુધી દસ ઈંચની પાઇપ લાઈન જાય છે, આજનાં બીજાં વિશ્વયુદ્ધે તો એ પણ દેખાડી આપ્યું છે–કે તેલ એ એક એવી અગત્યની વસ્તુ છે કે જેના વગર મહાન સામ્રાજ્યને પણ ઘડીમાં તૂટી જતાં વાર ન લાગે.

૯મી ઓગસ્ટ ૧૯૧૯ ના રોજ થયેલા એંગ્લો–પર્શિયન કરારો જોવા જેવા છે.—

૧. ગ્રેટબ્રિટન ઇરાનની સ્વતંત્ર સત્તાનો સ્વીકાર કરે છે. (જે સ્વાતંત્ર્ય ઉપર સ્થાપિત હક્કોનો બોજો લાદેલો છે.)

૨. બ્રિટન ઇરાનને ખર્ચે ઇરાનને નિષ્ણાત સલાહકારો પુરા પાડશે. (એમની સલાહ જ માનવી પડે એવું ખરે !)

૩. ઈરાનની સરહદનાં રક્ષણ માટે બ્રિટન ઈરાનને લશ્કરી સાધનો અને અમલદારો પૂરા પાડશે. (બ્રિટિશ હિંદનું રક્ષણ આપોઆપ કરે છે)

૪. જકાત અને મહેસુલી આવકની બાંહેધરી ઉપર બ્રિટિશ સરકાર ઈરાનને લોન ધીરશે.

૫. બ્રિટન ઈરાનમાં રેલ્વે રસ્તા વગેરે બાંધશે. (બ્રિટિશ મુડી અને તેનું સંરક્ષણ પાછળ ઊભાં જ હોય)

૬. કસ્ટમ્સ ટેરિફને સુધારવા માટે બ્રિટન અને પર્શિયા એક નિષ્ણાતોની કમિટી નીમવા મદમત થાય છે.

આ રીતે પહેલાં વિશ્વયુદ્ધ પછી ઈરાન ઉપર બ્રિટનની પકડ મજબૂત બની. આ દરમ્યાન ઈરાનની આંતરિક પરિસ્થિતિમાં પણ એક પલટો આવી ગયેલ. ૧૯૦૭માં સુલતાન અહમદશાહ ગાદીએ આવેલ, તેણે ૧૬ વર્ષના રાજ્યઅમલ પછી પાછું મજલિસ સામે માથું ઉપાડ્યું. એટલે તેને પદભ્રષ્ટ કરી તે વખતના પ્રધાન રેઝાખાન પહેલવીને ગાદીએ બેસાડવા ઠરાવ કરી, મજલિસે કુજર વંશનો અંત આણ્યો. અને તા. ૧૧-૧૨-૨૫ના રોજ અખત્યારપૂર્ણ સત્તાને માન્ય રાખી અખત્યારને વફાદાર રહેવાના સોગંદ લઈ રેઝાખાન રેઝાશાહ બન્યા. રેઝાશાહનું મર્યાદિત રાજાશાહી તંત્ર એકંદર રીતે સંપૂર્ણ પ્રજાસત્તાક તત્ત્વો ઉપર રચાયેલું છે. ૨૫ વર્ષનો પુરુષ મતાધિકાર ધરાવે છે. એ ધોરણે ચૂંટાતી મજલિસના હાથમાં રાજ્યસત્તાનાં તમામ સૂત્રો છે. રાજ્યકુમારો, ધર્મગુરુઓ, સરદારો, ઉમરાવો, જમીનદારો, ખેડુતો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને ધાર્મિક અને કોમના નાના વર્ગોના પ્રતિનિધિત્વના ધોરણે મજલિસના સભ્યો ચૂંટાય છે. કરવેરા તેમજ નાણાકિય વ્યવસ્થાની બધી ચાવી મજલિસના હાથમાં છે.

પરંતુ વિશ્વયુદ્ધ બીજું પ્રગટ્યું અને પાછો ઈરાનની પરિસ્થિતિએ પલટો ખાધો. જર્મની જેમ જેમ પૂર્વમાં ધસતું ગયું તેમ તેમ મધ્યપૂર્વનો મોરચો સુરક્ષિત રાખવા માટે ઈરાનનું અગત્ય વધતું ગયું. રિઝાશાહ પહેલવી જર્મન પક્ષપાતી છે. એ બહાના નીચે રશિયન અને બ્રિટિશ લશ્કરો ઈરાનમાં દાખલ થયાં. અને તેને પદભ્રષ્ટ કરી તેના પુત્ર મહમદ રિઝાને ગાદીએ બેસાડ્યો. ૧૯૪૨ના કરાર મુજબ ઈરાન મિત્રરાજ્યો સાથે જોડાયું. ત્યારથી મધ્યપૂર્વનું આ કેન્દ્ર યુદ્ધનાં કેન્દ્રોમાં સૌથી અગત્યનું રહ્યું છે. ઈરાન દ્વારા રશિયાને મદદ પહોંચાડવાની જો શક્યતા ઊભી થઈ ન હોત તો રશિયા જર્મની સામે ટકી શકત કે કેમ એ પ્રશ્ન છે. અને તો બ્રિટન અને અમેરિકાને વિજયી થવાની જે તક સાંપડી છે તે સાંપડત કે કેમ એ બીજો પ્રશ્ન છે. અને એ તો ખરું જ છે કે આ તો અને જો ને જવાબ એ હોઈ શકે કે તો આજની દુનિયાનો ઇતિહાસ કોઈ જુદા જ પ્રકારે લખાયો હોત.

વિશ્વવિજયી થયા પછી પણ બ્રિટિશ અને રશિયન હિતો હજુએ પરસ્પર અથડામણવાળાં રહ્યાં જ છે. અને એથી તો એ બન્નેએ પહેલાં તો ઈરાનમાંથી લશ્કરો ખસેડવાની અનિચ્છા દેખાડેલી, પણ ઈરાનનું ભાવિ કંઈક ઉજળું હશે તે પોટસડામની ત્રણે મોવડીઓની પરિષદમાં એ લશ્કરો ખસેડી લેવાનું નક્કી થયું છે અને તેની બાદી ઈરાની સત્તાને સોંપવામાં આવી છે.

જ્યાં બે નવા વિશ્વના નકશાઓ રચાયા પછી જે જે એશિયાટિક પ્રજાઓનું ભાવિ નિર્માણ થવાનું હજુ વિધિનાં હાથમાં બાકી છે તેમાં ઈરાનનો સમાવેશ તો થાય જ છે.

['હું' સાધના કરવા આવ્યો છું' : અનુસંધાન પૃષ્ઠ ૬૪૭ થી ચાલુ]

એકબીજાનો હાથ પકડીએ છીએ. તેમ સંસારમાં અનેક જાતનાં પ્રલોભનો છે. તેમાંથી બચવા આપણે એકબીજાને મદદ કરી લેવી. આપણે બધા એક કુટુંબના છીએ, એટલે એક બીજાની સારી કાળજી રાખવી.

વળી સ્વભાવ અને દુર્બુદ્ધિ જુદી વસ્તુઓ છે. સ્વભાવ વગ કરવાનો ટેવ નો નુકશાન થાય પણ વાત કરવા પાછળ દુર્બુદ્ધિ હોય તો તે ભયંકર છે. સ્વભાવ તો આપણો એક વખત એ ભૂલી શકીએ, એટલે સમજી શકીએ. જેમ બહાર કામ સરસ કરતો હોય પણ રોગનું મારવાની ટેવ હોય તો તેને ઘણી વેળા રોગ નહી કે મહાજનમાં નહી મૂકે પણ તેની પાસે કામ લેશે, પણ રોગનું સારવાર લેશે પણ જો કામ જ ન આવતો હોય અને રોગનું મર્યા કરતો હોય તો ઘણી તેને રાખે નહી અને મહાજનમાં મળી જાવે. એમ માણસ કંઈ કરતો ન હોય તો તેની સામે કોણ જાય! એટલે સ્વભાવ નરમ ન હોય, પણ દુર્બુદ્ધિ ન હોવી જોઈએ એ માટે સાધના કરી લેજો.

તમે ખૂબ ભણેલા હશો. પણ જો સાધના નહી કરી હોય તો ... એનાં વાવાઝોડામાં તમે ટકી નહીં શકો, એટલે સાધના કરો, હરીફ કરો અને આત્માને તેજસ્વી બનાવો.

બિસ્કિટ અને બૉંબ

મહેન્દ્ર મેઘાણી

રાતના સાડાઆઠ વાગ્યા હતા.

સાઠહજાર આંખો ત્યારે પાંચ હાથ ઊંચા એક આજાર ઇન્સાન સામે મંડાઈ ગઈ હતી. ઊભા થઇ ગયેલા અધીરાઓ પાછા બેસી ગયા હતા. ચાલવા માંડનારાઓના કદમ થંભી ગયા હતા. મહાસમિતિની બેઠક સમાપ્ત કરતા રાષ્ટ્રપતિના શબ્દો ત્યારે એમાંના પ્રત્યેકના દિલમાં ઘૂંટાતા હતા—

'હમારે ઘરકે ચુલેમેં જો આગ રહેતી હય ઉસકો હમ પંખા લગા લગાકર જલતી રખતે હૈંય. કભી કભી ઇસ આગકે ઉપર જબ રાખ ફૈલ જાતી હય તો ફિર ઘરકી ઔરતેં ઉસકો ફૂંકનીસે ફૂંક કર ફિર જલાતી હય, ઔર જબ તક વો રાખકે નીચે એક ભી ચિનગારી હોતી હય તબ તક યહ ફૂંકની ઉસકો જરૂર ફિર જલા સકતી હય.

'હમારે મુલ્કમેંભી ઐસી હી એક આગ જલ રહી થી. ઉસકો પંખા લગાને વાલે હઝારો હાથોં કો હકૂમતને એક દિન એક સાથ પકડ લિયા ઔર મુલ્કસે અલગ કરકે ઉનકો દૂર હટાયા ગયા. હકૂમતને માન લિયા કી બગૈર પંખે અબ વહ આગ બૂઝ જાયેગી.

'મગર હુવા કયા? હુવા યહ, કિ જબ ઉસકે સામને પંખા લગાને વાલા એક ભી હાથ ન રહા, તબ મુલ્કકી આગ અપને આપમે અસલસે કઈ બાર ઔર જબરદસ્ત તાકતમેં જલને લગી. મુલ્ક કે કોને કોને મેં ઉસમેંસે આઝાદીકી ચિનગારિયાં ફૈલ ગઈ. ઔર આજ જો આપ હમારે સામને આયે હૈં તો આપમેંસે એક એક આદમી અપને દિલમેં વો ચિનગારી લે લેકર યહાં આયા હૈ. જો તીસ હજાર આદમી યહાં આયે હૈં, મૈં ઉનમેં સારે હિંદોસ્તાંકી તસ્વીર દેખ રહા હું. મૈં આપસે અર્જ કરુંગા કિ જો ચિનગારિયાં આપ અપને દિલમેં રખકે યહાં આયે હૈ ઉસકો આપ અપને સાથ યહાંસે બાપિસ લે જાઇએ ઔર દેશ કે કોને કોને મેં ઉસકો પહોંચાઈએ.

'પિછલે તીન સાલમેં કયા હુઆ હૈ? યહ તીન સાલમેં દેશમેં એક જબરદસ્ત તાકત પૈદા હુઈ હૈ ઔર અબ ઉસકો કોઈ રોક નહિ સકતા. સમુંદરકા તુફાન ઉસકો રોક નહિ સકતા, આસ્માનકી બીજલિયાં ઉસકો રોક નહિ સકતી.'

પોલાદને પીગળાવનારી જબ્બર મોટી ભઠ્ઠીઓની, આગ જેવી બીજા નેતાઓની વાણીની કારી જ્યાં નહોતી ફાવી ત્યા એક જૈફ મૌલાનાના ગલોફાંમાંથી ઘૂંટાઈને નીકળેલી ફૂંકોને છૂતી જતી મેં જોઈ. ભઠ્ઠીઓમાં પણ ન પીગળેલું આ રાષ્ટ્રનું નગદ હેમ એક બૂઝર્ગ સોનીની ફૂંકણીમાં મેં ત્યારે ઓગળતું ભાળ્યું. તીણી અગ્નિજ્વાળાઓ વચ્ચે પડેલું ફૂંકણીમાંનું સુવર્ણ અનોખા કોઈ કસબીને હાથે જાણે ઘાટ પકડતું જતું હતું—આસમની આંખ આંજી નાખે એવો કોઈ ઘાટ પકડતું જતું હતું.

અને મંડપની બહાર નીકળ્યો ત્યારે ચોત્રીસ ઇંચની છાતી વાળું ખમીસ મને ટૂંકુ ટૂંકુ લાગતું હતું. ઘડીભર વિચાર આવ્યો કે કોઈ અંગ્રેજે આ ભાષણ સાંભળ્યું હોય તો એને પણ ઊંડે ઊંડે એવું અભિમાન ન થાય કે દુશ્મન તરીકે પણ આવા પુરુષો પામવા જેટલું પુણ્ય સૌ સામ્રાજ્ય-વાદીઓમાં એકમાત્ર બ્રિટનના લલાટે જ અંકાયું છે!

બહાર માણસોની ઠઠ જામી હતી. મોટરવાળાઓને મોટર જડતી નહોતી. મોટર વગરનાઓને ઓળખીતા (મોટરવાળા) જડતા નહોતા. ઓળખીતા વગરનાઓને મારગ સૂઝતો નહોતો.

સરિયામ રસ્તા ઉપર પહોંચ્યા ત્યારે એકપછી એક મોટર પાસે થઇને સૂસવતી નીકળતી જતી હતી. પંથ લાંબો હતો. સાંભળ્યું હતું કે અમેરિકામાં તો ગમે તે માણસ રસ્તા ઉપર જતી કોઇ પણ મોટરને 'લિફ્ટ' એટલી બૂમ મારીને કે હાથ ઊંચો કરીને થોભાવી એમાં ચડી જઈ શકે છે અને મોટરવાળો પણ એવા 'લિફ્ટ' માગનારાઓને પોતાના માર્ગમાં જ્યાં ઉતરવું હોય ત્યાંસુધી લઈ જવામાં કોઈ પાડ કરતો હોય તેમ નથી સમજતો. સો-બસો માઇલનો રસ્તો કાપીને બીજા જિલ્લાને ગામ જતા મોટરવાળાઓ એવી લાંબી મુસાફરી પર પણ રસ્તે મળી જતા અજાણ્યા સાથીઓને રાજીખુશીથી ઉપાડી લ્યે છે. કેટલાક રખડુઓ તો આવી 'લિફ્ટ'-મુસાફરી કરી કરીને જ એ વિશાળ દેશનો મોટો ભાગ જોઇ નાખતા હોય છે.

એટલે તાનમાં ને તાનમાં મેં કેટલીય મોટરો સામે 'લિફ્ટ-લિફ્ટ'ના

પોકારો કર્યા, હાથ ઊંચા કર્યા, પણ ઊભી રહેવાનું તો ઠીક, કોઈનો વેગ પણ ધીરો પડ્યો નહિ. મોડું મોડું મને સાંભર્યું કે આ અમેરિકા નહિ પણ હિંદુસ્તાન છે. પરંતુ હિંદમાં પણ કેટલાક અમેરિકનો આવ્યા છે અને પોતાના સ્વદેશની આવી સુટેવોનો એમણે અહિં આવીને જરૂર ત્યાગ નહિ જ કર્યો હોય એવું મન મનાવીને રસ્તે નીકળતી મોટરો સામે હજુ પણ રાડો નાખવી મેં ચાલુ રાખી : 'લિફ્ટ, લિફ્ટ.'

એકાએક નાની એક મોટર થોડે દૂર જઈને ઊભી રહી. એક સહમાર્ગી અને હું બેઉ અચકાતા અચકાતા પણ દોડ્યા. આગલી બેઠક ઉપર બે ગોરા જેવા કોઈ બેઠા હતા, એટલે આશા તો જરાય નહોતી છતા આનંદ ખાતર હાથ ઊંચો કરીને બૂમ પાડેલી ખરી. મનમાં એમ પણ થયુ કે આમ અસભ્ય રીતે બરાડા પાડવા માટે કોઇ ડાહ્યા સાહેબે શિખામણ આપવાનું નક્કી કર્યું હશે. કે પછી કોઇ અમેરિકનને જ મોકલીને રઘુવીરે લાજ રાખી હશે ?

'તમે અમને 'લિફ્ટ' આપવા માટે તો ઊભી રાખી નથી ને ?' દોડતા જઈને અમે પૂછ્યુ.

'હારતો વળી. કૂદી પડો અંદર !' એમ કહીને એક નીચે ઊતરીને પોતાની બેઠક ઊંચી કરી સાંકડી ગાડીની પાછલી બેઠક ઉપર પહોંચવાનો રસ્તો અમને કરી આપ્યો.

ઘણો ઘણો ઉપકાર માન્યા બાદ અમે એને પૂછ્યું, 'અમેરિકન લાગો છો તમે ?'

'તે સિવાય તો બીજા કોઈ ગોરા પાસેથી આની આશા ક્યાંથી રખાય ?

'ના રે ના, અમે તો તમારી લાતો ખાઈ ખાઈને હિંદુસ્તાન બહાર નીકળી જવા ઈચ્છનારાઓ છીએ !' હાંકનારની બાજુમાં બેઠેલો બોલ્યો, અને બેઉ મોજથી હસ્યા.

'ઓહો, ત્યારે તો બન્ને બ્રિટન-વાસીઓ છો ! ઇંગ્લંડમાંથી જ આવો છો કે આયરલેંડ સ્કોટલેંડમાંથી ?'

'હું અંગ્રેજ છું, પણ આ ભાઈ સ્કોટલેંડના છે,' હાંકનારે પોતાના સાથી તરફ આંગળી ચીંધીને કહ્યું.

'ક્યાંથી કોંગ્રેસની સભામાંથી ચાલ્યા આવો છો ?'

'ના, તમે ત્યાંથી આવો છો ?' એણે સામે પૂછ્યું.

'હા, અમે બન્ને છાપાવાળા છીએ અને હમણાં જ એ સભા પૂરી થઇ એટલે ઘેર જતા હતા.'

'પણ તમારે કઇ બાજુ જવું છે ?'

'અમારે જવુ તો છે બોરીબંદર અથવા રેલ્વેના કોઈ પણ સ્ટેશને. પણ અમારે માટે તમે ક્યાંય ફેરો ન ખાશો. તમારા રસ્તામાં જ્યાં સગવડભર્યું હોય ત્યાં ઉતારી દેશો તો ઘણો ઉપકાર !'

'એમાં કાંઇ વાંધો નહિ, અમે પણ કોટમાં જઈએ છીએ.'

'ક્યાં સિનેમા જોવા ?'

'હા.'

'ત્યારે તો તમે રીગલમાં જતા હશો ?'

'હા, પણ તમને ક્યાંથી ખબર ?' એમની પ્રવૃત્તિઓની છૂપી માહિતિ જાણે કે અમે મેળવી ગયા હોઇએ તેમ સહેજ ચોંકીને એણે પૂછ્યું.

'અત્યારે એક રીગલમાં જ સારી ફિલ્મ ચાલે છેઃ એ ટ્રી ગ્રોઝ ઈન બ્રુકલિન.'

'હા, પણ આજે કોંગ્રેસમાં શું થયું તેની તો વાત કરો !'

'કોંગ્રેસમાં એમ નક્કી થયું કે તમને સૌને ગાંસડા-પોટલાં બાંધવાની હજી બે વર્ષની મુદત આપવી.'

એ સાંભળીને ફરી બેઉ જણ હસ્યા.

'અરે ભાઇ,' સ્કોટલેંડવાસી બોલ્યા, 'અમારે તો મુદત-ફુદત કાંઈ જોતી નથી. હવે તો અમને ઝટ ઘર ભેગા થવા દો તો સારું.'

'તમે લશ્કરી કામગીરી બજાવતા હશો તેથી હવે થાકવા લાગ્યા છો ?'

'ના અત્યારે તો અમે બન્ને અહીંની એક બેન્કમાં છીએ...'

'કઇ બેન્કમાં ?'

'......બેન્કમાં છીએ,' હાંકનાર અંગ્રેજે કહ્યું. 'પણ આ મારા મિત્ર હજી હમણાં જ લશ્કરી કામમાંથી છૂટા થઇને આવ્યા છે.'

'તમારાં કુટુંબો ક્યાં અહિં સાથે જ છે ?'

'ના, બન્નેનાં કુટુંબો સ્વદેશમાં જ પડ્યાં છે.'

'ત્યારે તો વર્ષોથી તમે એક-બીજાને જોયા નહિ હોય.'

'અઢી વરસ પહેલાં મારા મિત્ર એક આંટો ઘેર ગયા હતા,' સ્કોટ-લેંડવાસીએ કહ્યું. 'પણ હું તો લડાઇ શરૂ થઈ ત્યારથી જુદો ને જુદો જ છું.'

'હવે તો લડાઈ પૂરી થઇ છે એટલે તમે ઝટ ઘેર જઇ શકશો. પણ અમને ક્યાંથી ખબર હોય કે ઘેર જવાની તમારે આટલી બધી તડાતડી હશે ? કોંગ્રેસમાં આવીને કહ્યું હોત તો વળી અમે પંદર જ

દિવસની મહેતલ આપત ! એમ તો અમારા નેતાઓ ઘણા સમજુ અને ભલા છે !'

૭ વર્ષથી ઘર–કુટુંબથી અળગો પડેલો માણસ ફરીને ખડખડાટ હસ્યો.

બ્રિટનમાં નવી મજૂર સરકાર આવી હોવાથી હવે તો જેને મૂંગી ક્રાંતિ કહેવાય એવા ઘણા ઘણા સામાજિક અને આર્થિક ફેરફારો બ્રિટનમાં થવાના–એ વાત ઉખેળી જોઈ પણ એમાં કાંઈ ઝાઝો રસ એમણે બતાવ્યો નહિ.

બોરીબંદર નજીક આવતું હતું એટલે ફરી આભાર માનતાં માનતાં મેં કહ્યું, 'માફ કરજો કે મેં તમને શરૂઆતમાં અમેરિકન ધારી લીધા હતા. પણ શું કરીએ, અહીંના અંગ્રેજો વિશે અમારા મનમા તો એવી છાપ છે કે એ હિંદીઓથી ઘણા અતડા રહે છે–બલ્કે કેટલાક તો સુગાર્ય પણ છે. કોઇ અંગ્રેજ આવો મિત્રભાવ દર્શાવ્યો હોય એવો મારે માટે તો આ પહેલો જ પ્રસંગ છે. તમે પણ શું પહેલી જ વાર કોઇ હિંદીને આ રીતે 'લિફ્ટ' આપો છો ?'

'ના રે ના, હું તો રોજ સાંજના ફ્લૉરા ફાઉન્ટન પાસેથી નીકળું ત્યાર બસના સ્ટેન્ડ ઉપર ઊભા હોય એમાંથી ઘણાને 'લિફ્ટ' આપતો હોઉં છું. એ વખતે હું 'લિફ્ટ' લેનારની ચામડીનો રંગ જોઉં કે ટ્રાફિક–સંચાલન કરતા પોલીસના હાથ જોઉં ?'

ક્વીન્સ રોડથી રીગલ જતો સીધો રસ્તો મૂકીને એણે ધોબી તળાવ થઈને ગાડી બોરીબંદર લીધી. ઘણો ઘણો આભાર માનીને અમે નીચે ઊતર્યાં: 'ફરી કોઈ વાર વળી ભટકાઇ પડશું આમ જ 'લિફ્ટ'ની શોધમાં !'

'જરૂર, જરૂર, પણ સાંજના આવજોને કોઇવાર બૅન્કમાં ! બહુ આનંદ આવશે.'

ફરી ફરીને આભાર માનીને અમે ચાલતા થયા. મનમાં થતું હતુ કે આ આભારં તો લુખ્ખો સુક્કો છે. કાંઇક યાદ રહી જાય એવુ એને આપ્યુ હોય તો ! પણ શું આપવું......? હા......અરે થોભજો તો એક મિનિટ !......દોડતા મોટર પાસે જઇને મેં ઝોળીમાંથી બિસ્કિટનું એક પડીકું કાઢીને ધર્યું.

'અરે ના ના ના !' બેઉએ એકી સાથે કહ્યું.

'ના ન પાડશો. તમારે લેવું જ પડશે. આ બિસ્કિટ બહુ મજાનાં છે. ચાખી તો જુઓ અમારાં સ્વદેશી બિસ્કિટ કેવાં બને છે !'

'અરે પણ મિત્ર અમે હમણાં જ જમીને નીકળ્યા છીએ.'

'ભલે, કાલે ખાજો પણ મહેરબાની કરીને લઈ લ્યો.'

પડીકું માંડ માંડ લીધું. અને નાનકડી–મોટર ગાડીનાં મંભી ગયેલા પૈડાંએ પહેલું ચક્કર લીધું ત્યારે સામેથી આભાર માનતાં માનતાં એણે પૂછ્યું : 'પણ આ બૉંબ તો નથી ને !'

'બૉંબથી તો તમે જાવ તેવા નથી, પણ જો જો આ બિસ્કિટથી જરૂર જવાના !' મોટરની પાછળથી નીકળતા ધુમાડાના નાનાશા ગોટા એ શબ્દો સામે ખડખડાટ હસતા હતા—બરાબર જાણે કે પેલા સ્કૉટલૅન્ડવાસીની નકલ કરતા હતા !

બૉંબ ! બિસ્કિટ અને બૉંબ ! હા, આ બિસ્કિટ પણ એક જાતનો બૉંબ જ છે ને ! મહાસમિતિની બેઠકમાં સમિતિના ૩૦૦ સભ્યોને, ૬૦૦ પત્રકારોને, ૩૦૦૦ સ્વયંસેવકોને અને સેંકડો બીજા શ્રોતાઓને ભેટ તરીકે અપાયેલ બિસ્કિટનું આ પડીકું એક જાતનો 'ટાઇમ–બૉંબ' નથી ? દેખાવમાં નિર્દોષ જણાતી ચીજને અજાણ્યાઓ હાથમાં લઇ લે પછી અમુક સમયે એ ફૂટે એવો 'ટાઇમ–બૉંબ' કે 'બૂબીટ્રૅપ' નથી આ ? આ એક છટકું નથી ?

વર્ષોસુધી 'સામા પક્ષ'ના સૈનિકો માટે જે એ મિષ્ટ ખોરાક હતો, પ્રજાનાં બાળકોને જે મળતાં જ નહોતાં, અથવા બેવડાં–ત્રેવડાં કાળા બજારિયા દામ ચૂકવ્યા પછી જ મળતાં હતાં–ખોરાં ટોપરાં જેવાં મળતાં હતાં. જેણે લડાઇમાં લાખ્ખોના નફા કરાવ્યા છતાં જેને બનાવનારા મજૂર સ્ત્રી–પુરુષોને મોંઘવારી ભથ્થા માટે–વારંવાર હડતાલો પાડવી પડી હતી, એ આ 'સ્વદેશી બનાવટ'નું બિસ્કિટનું પડીકું બૉંબ જેટલું જ સ્ફોટક નથી ? અને ધોળી ટોપી અને કોંગ્રેસની છાપ લઇને એ રાષ્ટ્રવાદના ગઢ–કિલ્લામાં પ્રવેશ્યું છે તેથી તો એ ઉલ્ટાનું વધુ ભયંકર નથી બન્યુ ?......?......?

લોકલ ગાડી જલદી ન મળી ગઈ હોત તો મનના સંચા બિસ્કિટ રૂપી કાગનો બૉંબ રૂપી વાઘ કરતાં કરતાં આમળ આગળ ચાલ્યા ગયા હોત અને કોને ખબર છે ક્યાં જઇને અટક્યા હોત !

રાણી ગીન્દાલો : [પૃષ્ઠ ૬૨૦ થી ચાલુ]

ગીન્દાલો : ફાગણની તાણ બધી
મન મારું ક્યાં ફરે
આજ અરે ! હરપળે
દોડી દોડી કેવું ઝૂરે !
અસુરું થશે હો જાઓ !
વન થશે પ્રેતમય
છોડો મને એકલી રે
મને હવે શાનો ભય !
જલશે મશાલો બધે
ભડકાના અંજવાસ
ગાણું ગભીરું રેલાશે
ખડખડ થશે હાસ.

[ગીન્દાલો આત્મમગ્ન ગાની રહે છે. સહુ ડરથી કંપતી જવાના થાય છે એક સ્ત્રી પ્રવેશે છે તેણે લાલ વસ્ત્રો પહેર્યાં છે, ને અંગો ઝમાતા છે]

જાઓ કહું જાઓ તમે
મારું મન ક્યાંય નાસે
જાઓ અરે ! રાત વેળા
પડશે કો' છાયા વાંસે

ધમસાંના ધ્વનિ.............

સ્ત્રી : કોને જવાનું કહે છે, છોકરી ! અહીં તો કોઈ નથી.

ગીન્દાલો : કોણ છો તમે ? મેં તમને ક્યાંક-ક્યાંક જોયાં છે.

સ્ત્રી : જોયાં જ હશે તો ? કેટલાય પહાડ ને જંગલ, વાદળ ને ચીરીને વીંધી તારે આંગણે આવું છું. પણ કોઈ જુગજૂની ઓળખાણ તો હશે જ ને !

ગીન્દાલો : મને ય તમારી આંખમાં એક છબીની અણસાર આવે છે. ક્યાંથી આવો છો તમે !

સ્ત્રી : આમ આ...ઘે આઘેથી પશ્ચિમ દિશાના સપાટ મેદાનો વીંધીને ભારે ઉલ્કાપાતના સમાચાર લાવી છું, છોકરી ! આકાશમાં તો આંધી ચડી છે. ઇન્દ્રાસન ડોલી ઊઠ્યાં છે, આત્માના અદ્‌ભૂત ખમીરવાળો આદમી ધૂળ ખંખેરીને ઊભો થયો છે. એની હાક ત્રિભુવન પૂછી ઊઠ્યો છે ને પતાળી નાગની ફેણોથી એણે પળમાં કાઢી લીધી છે.

ગીન્દાલો : પોતાની ચૂડ ભેરવીને માણસને જમીન સાથે જડી રાખતા નાગની કોથળી કાઢી લીધી ?

સ્ત્રી : ત્યારે ? મલક બધો હુકળી ઊઠ્યો છે. માટીના માનવીએ સંદેશો દીધો છે કે અક્કડ થાવ ! થડક્યા વિના એકવાર અડગ વાળી ઊભા તો રહો ! મેં એની શક્તિના પ્રચંડ લોઢ ભાળ્યા છે, છોકરી ! ફર ફર ફર આકાશમાં રૂડી ધજા ફરકે છે. લીલો, સફેદ ને કેસરી રંગ ! ભોળી ગામડાંની નારીનો પ્યારો રેંટિયો ! મેં આ સગી આંખોએ જોયું છે, છોડી ! માનવી મરીને સજીવન થાતાં યે મેં ભાળ્યાં છે.

ગીન્દાલો : મને સમજાય છે, ધીરે-ધીરે-ધીરે આંખનાં પડળ ખૂલે છે. બોલ્યે જાવ ! બોલ્યે જાવ તમે !

સ્ત્રી : કેવી હરખની વાત છે ! કેવા મોટા ઓરતની ડમરી ચડી છે ! મુક્તિ ! મુક્તિ ! મુક્તિ ! તારો પ્રાણ ચીસ નથી પાડી ઊઠતો ? તારે ઘેર બેઠા એ આવે છે. મૂલ ચૂકવીને લઈ લે ! કિંમત આપીને કાયમી કરી લે, બેન !

ગીન્દાલો : હા, આવે છે. મને એના ભણકારા વાગે છે. એનાં પગલાં મેં સાંભળ્યાં છે એનો અવાજ મેં ઓળખ્યો છે. અરે, આવે છે ! પહાડના બાળકને આંગણે નમાયા, નધણિયાતાને બારણે ! આવે છે મા ! બંધન તોડીને જાણે ધોધનાં પૂર દોડે છે.

સ્ત્રી : અજવાળું ઉતરે છે, દીકરી !

ગીન્દાલો : થડક્યા વગર ઊભું રહેવું ! ડગ્યા વગર હૈવત બતાવી દેવું ! કેવી સરળ ને સબળ હૈયાઉકલત છે, મા ! કોઈના અંતરની ઇચ્છાને પોતાની નબળાઈ વિના કોણ નમાવી શકે ? લોઢાનાં કાળજાં ઘડવાં પડે, મા !—અગ્નિમાં તપાવી તપાવીને એવા કાળજાં કંડારવાં પડે ! તું કેટલું યે વગરકહે મારા હૈયામાં રેડે છે ! જાણે તારી સાથે જનમોજનમની પ્રીત છે. જાણે તારા

શબ્દો ભૂલા પડેલા પંખી જેવા મારા હૃદયમાં પાછા ફરે છે. ઘણે વખતે જાણે ધરની હૂંફ પામ્યા!

સ્ત્રી : મને ઓળખે છે. છોકરી!

ગીન્દાલો : કેમ ન ઓળખું? તને સપનામાં મેં વારંવાર જોઈ છે તારી લાલ ઓઢણીના ભડકા મેં અંધારી રાતે પ્રજળતા જોયા છે. આ ટેકરીઓ માથે કાનમાં આંગળાં પરોવી પરોવીને સાદ પાડતી મેં તને ઘણીવાર જોઈ છે.

સ્ત્રી : ડર નથી લાગતો તને?

ગીન્દાલો : હવે શાનો ડર? એક એક ભયને ઊખેડીને ફેંકી દેવાનો મહોત્સવ આવી રહ્યો છે, મા! ત્યારે શાનો ડર! આવ! એકવાર તારો હાથ માથે મૂક! એકવાર! મને ચૂમી લે! મારા માથાને સૂંઘી લે! મને તારા અંકમાં...........

સ્ત્રી : મને અડતી ના, અડતી ના, છોકરી! સળગી ઊઠીશ. બળીને ભડથું થઈ જઈશ. મારાં વેણુ તેં સાંભળ્યાં છે ને? (જતાં જતાં) મારા કાસદિયા કણ્ઠ-તરને તેં પાળ્યા છે ને, છોડી!

(થોડીવાર અટકી જાય છે)

ગીન્દાલો : હા, મા! આ સૃષ્ટિમાં કેવા નવીન રંગો પુરાયા છે! કેવી ધન્ય સુજલા સુફલા આ ધરતી છે! નિર્મળને હાથે કેવો કઠોર આઘાત કરીને આ ભૂમિના નંદનવનને તું ફરી ખીલવવા મથે છે! સ્વતંત્રતા! એક શબ્દથી મારું અણુએ અણુ પ્રકાશી ઊઠે છે. સ્વતંત્રતા! કેવી તાજપછે એ શબ્દમાં! કેવી મીઠાશ છે! જાણે બોલ્યા જ કરું.....

આવે સ્વતંત્રતા! આવે સ્વતંત્રતા!
આવે છે લોકનાં રાજ!
જેને માડી પેલા ગગને અડી
પેલા જંગલને ભેદીને પ્હાડે ચડી
આજ ઊઠે છે ગેબી અવાજ
આવે સ્વતંત્રતા! આવે સ્વતંત્રતા!
જેને માડી આજ ધરણી ઉરે
સોડમ ને શબ્દ કેરાં નવનીત સ્ફુરે
મા! બોલાવે બો...લા...વે સાચે મને
પેલી ટેકરીઓ સાદ દઈ.
જેને તાળી પાડી ગાશે ઘેરાં વને
મુક્ત કંઠે એ રાસ લઈ.
આવે સ્વતંત્રતા! આવે સ્વતંત્રતા!
ઝરણાંનાં સંગીતે જાગ્યાં નવાં માડી!
આજે અનુપમ સાજ
આવે છે આપણાં રાજ
આવે સ્વતંત્રતા! આવે સ્વતંત્રતા!

[આનંદ સમાધિમાં નાચતો ગીન્દાલો જાય છે. પડદો]

દૃશ્ય ત્રીજું

[પહેલા દૃશ્યનો મંડપ કોડિયાંના પ્રકાશથી એ ઝગી રહ્યો છે. લોકો આમ તેમ ફરી રહ્યાં છે—વાદ્ય વગાડતાં ને ગાતાં. તેમાં એક, બીજો વ પરિચિત પુરુષો પણ છે. ગીન્દાલોની જાગૃત વાણી તેમણે આ પહેલા સાંભળી છે તેમનાં હૃદયમાં નવું જોમ, નવો પ્રકાશ પથરાયાં લાગે છે. ઠાકરીઓનું એક ટોળું ગાતું ગાતું પ્રવેશે છે]

ગીત

ખોરડાંનાં તારાં બારણાં વાસી
લમણે હાથ દઈને ઉદાસી
કેમ બેઠો એલા! કેમ રહ્યો એલા!

જેને આ ફૂટિયા પ્રબળ ધોધો
બંધ છેદીને સહુ વિરોધો
જાગ જો મુક્તિની આવતી વેળા

ખોરડાંનાં તારા બારણાં વાસી
કેમ બેઠો તું ભલા, અપવાસી?
દેખ રે ભૂખની ભાંગતી વેળા.

ઘરને ખૂણેથી નીકળ બારો
ઓચ્છવનો ધન્ય આવતો વારો
કેમ બેઠો એલા! કેમ રહ્યો એલા!

ખોરડાંનાં તારાં બારણાં વાસી
બેઠો તું કેમ અબુધ ઉદાસી!

નેજા નિશાન જો ફરફર્યાં પેલા
મુક્તિના છૂટિયા સમીર ઘેલા
કેમ ઉદાસી ?
ભેટ બાંધી ભડ આવ પ્રવાસી !

[ગાતા ગાતાં રવાના થાય છે]

એક : ગામડે ગામડે, ફળીએ ફળીએ, ઘેર ઘેર ફરીને હવે ઈ સંદેશો પોંચાડી દેશે. ગીન્દાલો ! તેં ઓંઘતા રામને જગાડયા ખરા.

બીજો : કાલે આખી રાત એણે નૃત્ય કર્યું છે એવું મેં આખા જનમારામાં નથી જોયું.

ત્રીજો : એના સાદમાં માતાજીનો રણકો સંભળાય છે.

ચોથો . માથું જાય તો ભલે હવે એણે કીધું એવો ઓચ્છવ ઊજવી જ નાખવાની અભળખા મનમાં જાગી છે.

પાંચમો : કે' છે કે આખો દેશ ખળભળી ઊઠયો છે. તંઇ આપણે હાથ જોડીને બેઠા રે'શું ?

[અંધ ભજનિક પ્રવેશે છે]

ભજનિક : ભજન

હે–રી તારાં છોકરાંને ટીપું ટીપું દૂધ પાવા
જાગી છે જનેતા જોને આંખ્યું ચોળી જી
હે–રી એની હાક પડયે દેશ મંડયો ડોલવાને
ધૂતારાની ફોજ એણે નાખી રોળી જી
હે–રી તારો દેહ મનખા રીબાઈ ચૂંથાઈ ચાલ્યો
પશુથીયે હીણી તારી જંદગાની જી
એરે કાળજડે એને વાગ્યા કારી ઘાવ બેલી !
જગાડી જમાત એણે ડુંગરાની જી–હેરી....

[બધા તેને વીંટળાઇ વળે છે]

એક : હે સૂરદાસ ! તમે આ વળી કેમ કરી જોયું ?

બીજો : હજી તો ધૂતારાની ફોજુનો બેટો નથી થ્યો. હા, કયે છે કે દેશમાં એક મા'તમાએ એને ભીણુ કેવરાવ્યું છે.

ત્રીજો : તમને આની સોડમ કેમ કરી આવી, સૂરદાસજી !

ભજનિક : મારે કૈંવાડે રૂંવાડે આંખ્યું ફૂટી છે, ભાઇ ! મારી આંગળીને ટેરવે હજારું ગીત રમવા મંડયાં છે.

સાવ સાદા મારા એકતારામાં
ગાવાં કેટલાં ગાન !
હો જી હો ગાવાં કેટલાં ગાન !
વનની શીંગીયું સામટી વાગી
ગાજ્યાં પ્હાડ-પોલાણ
કોને છોડું કોને પકડું ભારે
સૂરની મચતી લ્હાણ
હો જી હો ગાવાં કેટલાં ગાન !

ચોથો : આજ તો મોતેય મીઠું લાગે એવી હવા હિલોળા લ્યે છે.

પાંચમો : ગીન્દાલોએ નથી કીધું કે એને ય હમતાં હસતા ભેટવું પડશે ?

(લોકોનાં ટોળા પ્રવેશે છે)

ગીત

ભજનિક :

આજુથી અખંડ તારો જય ! તારો જય !
તારો જય રે ગીન્દાલો રાણી !
ભાંગ્યા તેં તો રૂદિયાના ભય.

ભિખારીને સ્પરશીને પારસ દીધો રે રાણી !
દાળીદર તણો કર્યો ક્ષય–તારો જય !
તારો જય ! વ.

વજ્જરને તાંતણે તેં વણ્યાં બદન રાણી !
જોશે તારો ઝળહળ એક દી ઉદય, રાણી !
જગજન ધરી વિસ્મય ! તારો જય ! તારો જય !

તારો જય રે ગીન્દાલો રાણી !
હાલ્યો આવે ભલેને પ્રલય ! તારો જય !

તારો જય !
આજુથી અખંડ તારો જય ! તારો જય !

[ગીન્દાલો પ્રવેશે છે તેણે ઉત્સવના પરિધાન પહેર્યાં છે હાથમાં વાળા વાંસનો દંડ અને તે પર પણ રંગીન કપડા સાથી કરેલો ધ્વજ ફરફરે છે ગીન્દાલોના મુખ પર આનંદ ને ઉલ્લાસ છે]

અવાજ : ગીન્દાલો રાણીનો જય !

[સહુ એ ઝીલે છે]

ગીન્દાલો : ધરતીકંપ થયો છે, ભાઇ ! વસંતનો વાયુ પાંદડે પાંદડે ખબર આપી રહ્યો છે કે પહાડનાં હૌરુ જાગ્યાં છે. તેમને આત્મભાન થયું છે. તેમનો જીવતો ઉત્સવ શરુ થયો છે. મને ખબર છે, ખબર છે, મોતના ફાગ આપણે ખેલવાના છે. મને ખબર છે, જમરાજાને ઘેરથી આપણે જીવનનું વરદાન વરવું છે. છાતીએ પ્રહારનાં આભરણો ધરવાં પડશે. પવનની વજ્ર-થપાટ સામે હસતા આપણી ધરતીના ઉંચા ઉંચા પહાડો જેમ અડગ ને અજય રહેવું પડશે. આવો ! તમને ચૂડમાં ભીંસવી હવે કોઇ ચૂસી નહિ શકે. એકવાર નિશ્ચય કરો ! આવો ! નિર્ણય કરો ! નિરધાર કરો !

આવો સઘળાં નિરધાર કરો !
પ્રતિકાર કરો ! પડકાર કરો !
ના રગદોળાવું ધૂળ મહીં.
ના હીન થવું, ના હીન થવું
ના કોઈદી શક્તિવિહીન થવું
પણ માનવને શોષે તેને
કરવા નિશ્ચે નિર્મૂળ અહીં
આવો સઘળા નિરધાર કરો !
નિર્બળતાનો પરિહાર કરો !
મૃત્યુને આંગણ આવી વરે
તમ રક્ત મનાવસ વરા પરે
કો દી જયથી !
તો એમાં શું આંસુ નયને !
શી છાયા દુઃખ તણી વદને !
જો જીવે દેશ અને મરીએ
તો એમાં શું મરવાનું રહ્યું !
ને દેશ મર્યે આ જીવનમાં
શું જીવનનું કંઈ સત્ત્વ રહ્યું !
આવો ! આવો ! નિરધાર કરો !
સૌ મંત્ર તણો સંચાર કરો !

અણુએ અણુએ, હૃદયે, મનમાં
નસનસમાં, લોહીતણા કણમાં
સંજીવનનો જ પ્રચાર કરો !
આવો, ફેલાવો ! રેલાવો !
કો ધોધપછાડ સમી શક્તિ !
ગાઓ ! આજે ઉત્કંઠ મને
આ ભૂમિની ઉન્નત ભક્તિ
લલકાર કરો !
નિરધાર કરો ! નિરધાર કરો !

[સ્વાતંત્ર્યના નિરધાર કરવા હાકલ પાડતી ગીન્દાલો જાય છે. જનગણ પણ દોરાતો ને વધતો જતો પાછળ જાય છે. ફક્ત એક ભજનિક એક તરફ બેસી રહે છે.]

ભજનિક :

(ધીરી વાત પળી)

ગીત

મને અંધને એવાં તે ભાગ્ય શાં !
હાય ! ઊછળે ત્યાં દરિયાવ
અહીં બેસી સાવ
મારે મન બાળવાં
મને એક અપંગને ગીતની
ખાલી આપી પ્રભુજી સોગાદ !
એના તે શું સ્વાદ !
ન જીવન જીરવાં !
મારાં ખૂલે જો ભાગ્યનાં બારણાં
મારે પરથમ દેવાના કોડ
ધરી મન દોડ
આયુ તારી ઓથમાં
મારે જમવા ન વન કે ડુંગરા
મારું રાખ હરિ અભિમાન
દેને તારાં દાન
ટોળે એ વધાવવા.

[ફેબ્રુઆરી અને ૬ એપ્રિલ ૧૯૪૯]

ફોજદાર કયા ગઈ ઇ કામરૂ દેશની ડાકણ! એના મનમા એમ કે અમારા હાથ ભાગી ગ્યા છે આખો મથક માથે લીધો છે, એમ? જાનથી જવાની છે

૧ પોલીસ સાબ, કે છે ઈ જગલમા જઈ મતર ભણી આવી છે ભૂરકી નાખે છે ને માણસ એના પગનું ગુલામ થઇ જાય છે

૨ પોલીસ સા'બ ઇ આપોના ગોર મા રાજની દીકરી છે ઇ ખબર છે ને?

ફોજદાર સરકારના માણસ માથે એવા કામણ ટુમણ કોઇ દી' કામ ન આવે, ખબર છે? તમારા બંદૂકો ખબરદાર રાખો! કોણ છે એલ્યુ? એય! આમ આવ! શુ કરછ ત્યા?

ભજનિક (હસતાં)

પ્રભુજીએ સાભળી વાણી!
ઘડી મારી વેગથી આણી

ફોજદાર શુ કે છે ઈ? આમ આવ, એય! એને ખેંચી લાવ!

૩ પોલીસ સાબ આધળો છે ભજનિયાં ગાય છે

ફોજદાર મારી પાસે લાવ એને! એય અઘુસ, ઓલી છોડીને ભાળી?

૪ પોલીસ સાબ માણસ આંધળો છે

ફોજદાર પચાત ન કર! આ તો કુભાર કરતા ગધેડાં ડાહ્યા!

[ભજનિકને એક જણ ખેચી લવે છે]

ફોજદાર અમને બાતમી મળી છે કે ઇ બળવા ખોર છોકરી નામ શુ?

૫ પોલીસ ગીન્દાલો સાબ!

ફોજદાર હા ગીન્દાલો આ બાજૂ લોકોને ઉશ્કેરી મૂકવા આવી છે બોલ! કઇ તરફ ગઈ છે એ?

ભજનિક સલામ સાહેબ! ગી દાલો આજ એક નથી રહી એક એક ઘરમાં તેણે જનમ લીધો છે, એક એક માણસના હૃદયમાં તે જીવતી બેઠી છે

૧ પોલીસ જાદુમતર સાબ!

ફોજદાર બમ કહ્યુ નઈ કે આપણી ઉપર એની ઇન્દ્રિજાળ કામ ન કરે? હે? શુ કીધુ?

ભજનિક ને મને ખબર હોય કે ગીન્દાલો ક્યા છે તો પણ ન કહુ મારી નાખો તો ય ન કહુ તમારી સાથે અમને નિસ્બત નથી ગીન્દાલો રાણીનો હુ સૈનિક છુ,

ફોજદાર અરે તારી! હુકમ માનવાની ના પાડ છ એમ? અઘુસ! પકડો એને, બાધો એને, સાબખા વાગે એટલે સીધો થાશે

[ભજનિકને પકડે છે, બાધે છે, માર પણ પડે છે]

ફોજદાર આ દીવા શુ બાળ્યા છે? આ માંડવો હજી ઉપાડ્યો નથી?

ભજનિક ઇ અમારે મન પવિત્ર છે ગી દાલોને હાથે એ દીવા પ્રગટ્યા છે અને અનેકના દિલમા પણ એણે એવા જ દીવા પેટાવ્યા છે

ફોજદાર ઠારી નાખો! ઠારી નાખો ઇ કોડિયા, માંડવો પાડી નાખો! સપાટો કરો!

[પોલીસો એ કામમા પડે છે]

ભજનિક એનાથી એટલુ બધુ ડરવાની જરૂર નહોતી સાહેબ! ઈ તો જીવ વગરની વસ્તુઓ!—પણ ભગવાનુ નામ જ તમને બાળશાને

ફોજદાર લવરી બધ કર, અધા! નકર વારો ખોખરો થઈ જાશે લોક પણ કાઇ બ માથા થઇ ગયા છે! ઘોડાની ના પાડે છે, ગાડીની ના પાડે છે ને હાલી હાલી ટાંટિયાનો કૂચો વળી જાય છે ઓલી છોકરી શુ ઘડીમાં ઊડીને ગાઉ ઓળગી જાતી હશે?

૧ પોલીસ સાબ એણે ભેરવના મતર સાધ્યા છે

ફોજદાર બસ કર! એવી મેલી વિદ્યાનુ સરકારના માણસ ઉપર કાઈ ન ચાલે હાલો આ બડમનેય ઉપાડો! નવી વેઠ! હાલ અધા, જોરથી પગ ઉપાડજે નકર આખ જેવુ એનુ થાશે બંદૂકો ખબરદાર રાખો સૌ!

[અદ્ભુત શિસ્ત સાથે ફોજદાર અને તેમનુ દળ ભજનિકને ઉપાડી રવાના થાય છે ઘેર અધકાર ફરી વળ્યો છે થોડી વાર પછી ચાસો ને અવાજો સભળાય છે એ ઘેડા સાવ પડે છે ત્યા દૂરથી ભડકા ઊઠે છે તેનુ નાચતુ અજવાળુ આ

વેરણ છેરણ સામગ્રી વચ્ચે પથરાય છે. ગીન્દાલો પ્રવેશે છે. જમણે તેના હાથમાં પેલો ધ્વજદંડ છે. વાળ છૂટા અને વદન જરા શ્રમિત]

ગીન્દાલો : હોમ થઈ રહ્યો છે. કેવો ભયંકર ને કેવો મહાન ! શિષનાં શ્રીફળ, લોહિનાં કંકુ ને હાડકાંની કચ્ચરના અક્ષત સાથે યજ્ઞ શરૂ થઈ ગયો છે. શિકારી પશુઓ મારાં ભાઈભાંડુને ફાડી ખાશે ! મને પણ ભરખી જાશે ! પણ અમારી આંખના દોર અમે તારી સાથે પરોવ્યા છે, સ્વતંત્રતા ! આંખો ફોડશે પણ એ દોરથી નહિ તૂટે.

એક : (દોડતો પ્રવેશી) ગીન્દાલો ! તું અહીં છે ? ગોર બાપાને પોલીસે પકડયા છે. ભાગી છૂટ ! નાગી જા ! ગીન્દાલો, હમણાં ઈ લોક આ બાજુ આવશે તું જા ! પણે ઝાડ હેઠે મેં ઘોડો બાંધી રાખ્યો છે. જા ગીન્દાલો, જલ્દી કર !

ગીન્દાલો : શું કહ્યું, વીરા ? નાસી જાઉં ? હું ? આપણે ચોરી નથી કરી કે ભાગતા ફરીએ. છાતી ઉઘાડી કરી ઘા ઝીલવાનું નવું ભણતર ભણવાનો આ પહેલો દી ઊગ્યો છે, ભાઈ ! ભાગી છૂટીને એકડો લખવામાં જ ભૂલ કરાવું ?

(અવાજ થાય છે)

એક : ઈ લોક આવે છે ગીન્દાલો !

ગીન્દાલો : ફિકર નહિ હું જરા પ્રાર્થના કરી લઉં. હવે હિંમત રાખજે, ભાઈ ! આ પ્યારી ધરતીને છેલી વેળા ચૂમી લઉં.

[બાજુમાં નેપથ્યે જાય છે. ફોજદાર અને પોલીસો પ્રવેશે છે એક ના હાથમાં મશાલ છે]

ફોજદાર : મારી મારીને હાથ થાકયા તોય દહાડો નથી, શેતાન ! ભૂખડાં મરાવ્યાં તોય આંખમાં આંસુ પાણી ન પાડ્યું આ જંગલીએ ! આ મુલકને થઈ ગયું છે તે શું ? શું જોતા છો એમ ?

એક : તમારી વાટ જોઉં છું.

ફોજદાર : આ વળી નવો જવાબ. મારી બેઠેર મારી વાટ જોઈને જ ઊભા છે. મારે મળીને તે શું જાવું ?

(ફોજદારને ઇશારે પોલીસો એકને પકડે છે, ઠમઠોરે છે, ખેંચે છે)

ફોજદાર : એ બોલતો ભૂલી જાય એવું કરી દો ! લાવો આંહિ એને !

એક : તમારું ઈ જોર કોઈ ચોર ડાકુ પર અજમાવવા અનામત રાખો હું મેળેજ આવવા તૈયાર છું.

ફોજદાર : ઊભા રહો ! એવું કોણ પણે ઘૂંટણીયે પડી, જમીનને માથું અડાડી બેઠું છે ?

એક : તમે જેની પાછળ ખૂંખાર બન્યા છો ઈ. ઘડીભર ખમો ! ઈ ઊઠીને પોતે જ આવશે એની પ્રાર્થનાની શાંતિમાં ખલેલ ન પાડો.

પોલીસ : સા'બ ! એતો ગીન્દાલો જ લાગે છે.

ફોજદાર : એમ છે ? તો છટકી જાય નહિ. પકડો ઈ ડાકણને. બોલે તો માથું ભાંગી નાખજો ! અવાજ કરે તો જીભ ખેંચી કાઢજો ! સરકારના હાથ કેટલા લાંબા છે ઈ એને ખબર નથી સરકાર સામે માથું ઊંચકનારની શી વલે થાય છે ઈ એને ભલીભાતથી બતાવી દેજો ! દોડો !

[ફોજદાર, પોલીસો સાથે ધસે છે અવાજો સાથ ગીન્દાલોને મુશ્કેટાટ બાંધી એ લોકો ફરી પ્રવેશે છે તેના માથામાંથી લોહી વહે છે તેના વસ્ત્રો ને વાળ ચૂંથાઈ ગયાં છે એનાં નિરાળા જેવા નેત્રો પર મહાલક્ષ્મીનું તેજ અનેરું ઝળહળે છે તેના પાપણ રહે છે તેનું મુખ ઉન્નત ને હસુએ ગૌરવપૂર્ણ છે]

ગીન્દાલો : મેં મશાલ ચેતાવી છે. નાગા લોકભૂમિનું એક એક ખૂંદ પ્રજાજનોને મેં મશાલ ચેતાવી છે. મારો નાશ થશે તો યે કોઈનાથી એ નહિ ઓલવી શકાય ! કોઈનાથી એ ઠારી નહિ ઠરે !

આજુગી અખંડ તારો જય ! તારો જય !

તારો જય હે ગીન્દાલો રાણી !

આજુગી અખંડ તારો જય !

[ફોજદારને દેશભક્ત પ્રજાજનો ધૂ ... મા જોઈ રહે છે તેમ તેમ જાય છે]

જીવનનો વિવિધ પ્રશ્નોની સર્વગ્રાહી સમીક્ષા કરતાં શ્રી. બબલભાઇનાં દૈનિક ભીંતપત્રો એમનાં ગામડાંનાં પ્રજાજનોને જેટલાં ઉપયોગી છે, એટલાં જ રસપ્રદ અને અભ્યસનીય એ ગુજરાતભરનાં ગામડાંઓ માટે છે. સમાજ, રાજકારણ, ધર્મ, ઇત્યાદીના રોજ-બ-રોજ ઊઠતા પ્રશ્નોની આવી વિશદ છણાવટ વાચકોને એ પ્રદેશની સાચી દૃષ્ટિ કેળવવામાં ઉપયોગી બનશે. —સંપાદક

લોકશિક્ષણ

: લેખક
બબલભાઇ મહેતા

[ભીંતપત્રો મારફત]

૧

આપણું પુસ્તકાલય નવેસરથી રચવું છે

એકાદ અઠવાડિયાથી આપણા પુસ્તકાલયનો વહિવટ મેં મારા હાથમાં લીધો છે વિચાર એવો છે કે બીજા ગામોમાં જેમ સુંદર પુસ્તકાલયો હોય છે અને એનો સારો ઉપયોગ થતો હોય છે એમ આપણે ત્યાનું પુસ્તકાલય પણ સમૃદ્ધ અને વ્યવસ્થિત થાય તથા એનો પૂરો ઉપયોગ થાય એવું કરવું

એ માટેની યોજના ઘડી છે એ યોગ્ય સમયે બહાર પાડવામા આવશે

પણ આપણે નવા પુસ્તકો કે માસિકો મગાવીએ એ પહેલા, આપણે ત્યાના જૂના પુસ્તકો અને માસિકો વ્યવસ્થિત થઈ જવા જોઈએ કેટલાક ઘરોમા મહિનાઓથી સાર્વજનિક પુસ્તકાલયના પુસ્તકો દબા ખાય છે અને કેટલા ગણુ વરસમા એવા કેટલા ય પુસ્તકો ગૂમ થયા છે તો વિનંતિ એટલી જ કરવાની કે સૌએ પોતાના ઘર તપાસીને વધારાનુ જે કોઇ પુસ્તક નજરે ચડે તે પુસ્તકાલયમા જમા કરાવવુ

બધા પુસ્તકોની નવેસરથી વ્યવસ્થા થયા પછી જ પુસ્તકોની રીતસરની લેવડ દેવડ શરૂ થશે તા ૧૭-૯-૪૫

૨

પાણી અંગેની એક યોજના

ચાલુ સાલે વરસાદ પુરતો નહિ આવવાથી આપણા ખેતરનો પાક તો સારો નથી થયો પણ તળાવ ભરાયા નહિ હોવાથી ઢોરને પીવાના તથા માણસને વાપરવાના પાણીની પણ હાડમારી ઉભી થઇ છે

આ મુશ્કેલીમાથી બચવા માટે હવે આપણે કાંઇક કાયમી યોજના વિચારવી પડશે

મને લાગે છે કે આપણા તળાવના ખડીઆટ પાસેના પીપળા નીચે જો એક નવો હવાડો બનાવવામા આવે તો પપ મારફત નિયમિત હવાડો ભરાવી શકાય

સ્વરાજ-સેનાના અણનમ સેનાની સરદાર વલ્લભભાઇ પટેલની ૭૧ મી જન્મતીથિ ગુજરાત અને સમસ્ત હિંદ ઉત્સાહપૂર્વક ઊજવી તેમને દીર્ઘાયુ વાન્છે છે

અને ગામના બધા જ ઢોર એ હવાડે પાણી પી શકે

એ હવાડા પાસેથી જ તળાવની દીવાલ ઉપર એક નળ ગોઠવી દેવામા આવે તો એ નળ મારફત તળાવના ઓવારા સુધી પાણી પહોંચાડી શકાય ઓવારાના ઉપલા પગથિયા ઉપર એક લાંબો નળ ગોઠવીને એમા દસ વીસ ચકલીઓ ગોઠવી દીધી હોય તો નહાવા ધોવાનુ તેમ જ પાણી ભરવાનુ બધુ સરળ બની જાય પાણીની વપરાશ પ્રમાણે પાણીનુ ભાડું પપવાળાને ચૂકવી દેવાય

આ ધોરણ ઉપર પાણીની વ્યવસ્થા કરવામા આવે તો મને લાગે છે કે આપણે ત્યા પાણીની કાયમની સગવડ ઉભી થઇ જાય આ અંગે ગામના આગેવાનોને તેમજ બીજા ભાઈઓને વિચાર કરવા માટે હુ ભલામણ કરુ છુ તા ૧૯-૯-૪૫

૩

પાણીની બીજી યોજના

ખડિયાર પાસે નવો હવાડો બંધાવવાના ખર્ચમા હમણા ન પડવુ હોય તો પંપથી તે જૂના હવાડા સુધીની પાઇપ નખાવવી પડે એ પાઈપનુ ખર્ચ કદાચ હવાડા કરતા પણ વધી જાય પણ એ પાઇપનો ઉપયોગ એ બાજુના ખેતરોમા પાણી લઈ જવા માટે થઈ શકતો હોય તો એ વધારાનુ ખર્ચ નભાવી શકાય

આજે આપણે હવાડો ભરવામા મહિને ૨૦૦ ખર્ચીએ છીએ એમ છતા કોઇથી હવાડો ભરનારો આપણે ત્યા ઉભો નથી થતો કેમ કે આપણે 'એક ઉમરેના ઉગ હવા'ની નજરમા છીએ ઉપર જણાવી રીતે પંપનો ઉપયોગ કરીશુ તો માસિક ૯૦-૯૦મા આપણો હવાડો ભરાઇ જશે અને જયે વર્ષ ઉનાળાના ત્રણ મહિના કોઈએ હવાડો ન ભર્યો અને જે ઓછા મણ નોકરી પછી એનથી કાયમના ઉભરી જવાશે.

આ બધા વિચારો જ ગોરના માટે

પૂછું છું કે તમે બધા પાણીની તકલીફ વિષે વિચાર કરતા થઇ જાવ. તા. ૨૦-૯-૪૫

૪

આવકારદાયક સૂચના

આપણે ત્યાંના ભાઇ નરસિંહભાઇ પ્રભુદાસ સાથે મારે વાત થઇ. એમાં એ કહે છે કે ગામ જો મહિને ૨૫૦) રૂપિયા એમને આપવાનું કબૂલે તો એ પોતાના ખર્ચે ખડિયાર પાસે મોટો હવાડો બંધાવે તથા ત્યાં સુધીના પાઇપ પણ નંખાવે અને આખા ગામનાં ઢોર પી શકે એટલું પાણી રોજ ભરી આપે.

ગામ આ યોજના સ્વીકારે તો આજના મોંઘવારીના જમાનામાં ગામને સારો ફાયદો થશે, કેમ કે આજે એક કોસ જોડવાના રોજના પંદર રૂપિયા લીધાના દાખલા પણ આપણે ત્યાં મોજૂદ છે. એ હિસાબે વારો અને તગર એ બે હવાડામાં સહેજે રૂપિયા ૬૦૦-૭૦૦નું માસિક ખર્ચ થઇ જાય એના બદલે રૂ. ૨૫૦)માં આખા ગામના ઢોર પાણી પી શકતાં હોય તો કેટલો ફાયદો થાય!

ગામ ઢોર દીઠ જે રકમ નક્કી કરે તે ઉઘરાવવા માટે એકાદ પગારદાર માણસ પણ રોકી શકાય.

નહાવા ધોવા માટે ચકલીની યોજના રજૂ કરી જ છે પણ હાલ તુરત જેટલું લાગુ ન કરવું હોય તો હવાડા પુરતું તો સહેલાઇથી બને એમ છે. તા. ૨૨-૯-૪૫

૫

ગઇ કાલની સભામાં શું થયું?

પાણીની યોજના અંગે આવેલાઓ-માંથી લગભગ બધાને પાણીની કાયમી વ્યવસ્થા થવાની જરૂર જણાય છે પણ ને ૨૫૦) રૂપિયાવાળી યોજના પસંદ પડી. એક એવી પણ સૂચના થઇ કે હવાડો ગામ બંધાવી લે અને એ ભરવાનું કામ જ સોંપવાનું કરીએ તો વધારે સોંઘું પડે.

પરંતુ આ સભામાં ગામની કેટલીક આગેવાન વ્યક્તિઓ હાજર નહિ હોવાથી કોઇ નિર્ણય ન કરતાં સભા મોકુફ રાખવામાં આવી છે. મોકુફ રહેલી સભા આજે રાત્રે ફરી મળશે. આગેવાનોને હાજર રહેવા વિનંતિ છે. ગામના આવા બહુ જરૂરી પ્રશ્ન વખતે ગામ-આગેવાનોએ હાજર રહીને દોરવણી આપવી એ એમની ફરજ છે.

તા. ૨૩-૯-૪૫

૬

મન ગમ્યું

મોકુફ રહેલી સભા ગઇ કાલે મળી ગઇ. એમાં બધા હાજર રહ્યા હતા. પાણીની વ્યવસ્થા સંબંધી ચર્ચા થઇ અને છેવટે ચતુરભાઈ જીવાભાઈએ ધોળા કૂવાનો હવાડો ચાલુ કરવાનું અને માસિક ૨૦૦) રૂપિયામાં તલપદના ઢોર પાવાનું માથે લીધું છે, એટલે એ કામ એમને સોંપવામાં આવ્યું. નાણાં ભાગવાર ઉઘરાવવાનું નક્કી થયું છે ભેંસના આઠ આના, બળદના ૭ આના અને પાડી અગર વાછડીના ચાર આના લેવા એવું વિચાર્યું છે.

બહેનોના નસીબમાં હજુ ચકલીઓ લખી લાગતી નથી, પણ આ રીતે હવાડો ભરવાની વ્યવસ્થા થઈ ગઈ એથી મને આનંદ થયો છે.

ગામના આગેવાનોએ આ જ રીતે પ્રસંગ આવ્યે એકઠા થઈને ખુલ્લા દીલે ચર્ચા કરીને ગામના પ્રશ્નોનો વેગાસર ઉકેલ લાવવો જોઈએ. અંગત રાગદ્વેષો કે પક્ષાપક્ષીને ગામહિતના કાર્યોમાં વચ્ચે ન આવવા દેવા એમાં જ ગામનું શ્રેય છે અને આગેવાનોની શોભા છે.

તા. ૨૪-૯-૪૫

૭

આનું નામ કુદરત!

માણસ ગમે તેવા ઘાટ ઘડે પણ કુદરત પાસે એનું કશું ચાલતું નથી. આપણે બધાં પાણી પાણી કરતાં હતાં. ઢોરને પાવાના પાણીની પણ આપણે ચિંતા કરતાં હતાં ત્યાં તો એણે કેટલું પાણી મોકલ્યું! આપણે જ હવે 'નથી જોઈતું નથી જોઈતું' કહેવા લાગીએ એટલું.

બાજરી સારી થઈ હતી આપણે એમ માનતા હતા કે [illegible] થઈ તો થઈ પણ બાજરી તો મળશે જ. પણ આ વરસાદે તો આપણી તૈયાર થયેલી બાજરી પણ બગાડવા માંડી. તમાકુ ઊગી ગઇ અને કેટલાંક ખેતરો તો ધોવાણ થઈ ગયાં.

કુદરત આવું કેમ કરતી હશે? અને આવું કરવામાં મઝા પડતી હશે? ગમે તેમ પણ એ આવા પ્રસંગથી આપણને પાઠ તો શીખવે જ છે કે તમને બધાને હું ઘડીના છઠ્ઠા ભાગમાં હતા ન હતા કરી શકું એમ છું. એમ છતાં આટલો અહંકાર અને ડહાપણ શા માટે? જ્યારે દુઃખ આવે છે ત્યારે આપણને સૌને આવું સ્મશાન વૈરાગ્યનું જ્ઞાન થઈ આવે છે, પણ પાછી કુતરાની પૂંછડી વાંકી ને વાંકી.

જાગૃત માણસ આવા બનાવોથી પણ પોતાના જીવનને એક પવિત્ર વળાંક આપી દે છે.

કોઈએ નિરાશ થવાની જરૂર નથી બગડેલામાંથી જેટલું સુધારાય એટલું સુધારવું અને રામ રાખે તેમ રહેવું.

તા. ૨૫-૯-૪૫

૮

ઇચ્છા થાય તે પુસ્તકાલય ખાતે આપી જાય

પુસ્તકાલયનાં પુસ્તકો તપાસતાં એમ.પી ૧૧૩ પુસ્તકો ખૂટતાં નીકળે છે. ઘેર ઘેર ફરીને તપાસ કરાવતાં ૩૭ પુસ્તકો પાછાં હાથ આવ્યાં છે.

બીજાં પુસ્તકો કાં તો ખોવાઇ ગયાં છે, કાં તો ફાટી ગયાં છે અને કાં તો જેમની પાસે છે એ પાછાં આપવાની તકલીફ લેવા નથી માગતા એમ માની લઉં છું. હજુ શોધ કરીને આપી જવાની ઇચ્છા હોય તે [illegible] આજ સાંજ સુધીમાં આપી જાય.

જેમનાથી પુસ્તક ફાટી ગયું છે કે ખોવાઈ ગયું છે એમની પાસેથી આ વખતે કશી કિંમત લેવાનું યોગ્ય નથી લાગતું. કેમકે [illegible] પુસ્તકાલયની એવી અવ્યવસ્થા હતી કે કેટલાની પૂરી નોંધ પણ નથી. એટલે એવા ભાઈઓને મારી એવી વિનંતિ છે કે એમણે મરજી આવે એટલી રકમ પુસ્તકા-

ઉપનના વિવિધ પ્રશ્નો ——

લયના નવા પુસ્તકો ખરીદવા માટે એ ભેટ આપી જાય

જેમના ઘરમા પુસ્તકો પડયા રહેલા હોય એ પુસ્તકો પણ ભેટ આપી શકે છે ભાઈ ડાહ્યાભાઈ ઠિમભાઇ તથા શાંતિલાલ ભટ્ટે આ રીતે પચ્ચીસ પુસ્તકો ભેટ મોકલ્યા છે તે આભાર સાથે જમા કરવામા આવ્યા છે

તા ૨૬-૯-૪૫

૯

આવતી કાલથી રેંટિયા બારશનો ઉત્સવ શરૂ થશે

(૧) સૌ પોતપોતાના આંગણા વાળી ચોળીને, લીંપીગુંપીને તૈયાર રાખે જેથી આંગણાની રંગોળી શોભી ઉઠે

(૨) સવાદવાળા બરાબર તૈયાર થઈ ગયા છો ને? એમણે બધા સાધનો વસાવીને છેલ્લી તૈયારી કરી લેવી જોઇએ

(૩) અખંડ રેંટિયામા જોડાનારાના નામો કાગળ ઉપર ચોડયા છે એ વાચી લેજો ચાર રેંટિયા અખંડ ચાલશે

(૪) સમૂહ કાંતણ તથા અખંડ રેંટિયા મા જોડનારાઓએ પોતાના રેંટિયા સજીને તૈયાર કરી રાખ્યા છે ને?

(૫) રમતગમત તથા તરવાની હરીફાઈ મા ભાગ લેનારાઓએ અગાઉથી નામ મુખ્યશિક્ષકને આપી દેવાના છે એ ભૂલશો નહિ

ઘર તથા... (૬) નાના બાળકો ઉત્સવ ઉજવવા નજરે ચડે તે પુસ્તકાલયમા જાય. પણ હવે બહુ બધા પુસ્તકોની નવેસરથી ક્રમવાર, કાર્ડે થયા પછી જ પુસ્તકની રીતસરની લેવડ દેવડ શરૂ થશે

તા ૧૦-૯-૪૫

૨

પાણી અંગેની એક યોજના

ચ ઉનાળે વરસાદ પુરતો નહિ આવવાથી આપણા પીવાનો પાક તો સારો નથી થતો પણ તળાવ ભરાયા નહિ એથી ઢોરને પીવાના તથા માણસને વાપરવાના પાણીની પણ હાડમારી ઊભી થઇ છે

માગીએ છીએ એની ઉજવણી આપણે નીચે પ્રમાણે કરીશું —

તા ૨ જી ઓક્ટોબર	તા ૩ જી ઓક્ટોબર
અગિયારશ	રેંટિયા બારશ -
અંગ્રેજી તારીખ પ્રમાણે	દેશી તીથિ પ્રમાણે

ગાંધીજીનો જન્મ દિવસ

સવારે ૬॥ થી ૭॥	સવારે ૬॥ થી ૭॥
પ્રભાતફેરી	સમૂહ ભજન
૭॥ થી ૮॥ ગ્રામસફાઇ	૯ થી ૧૦ સમૂહ કાંતણ
૯॥ થી ૧૦॥ રંગોળી	૧૧ થી ૧ વિદ્યાર્થી ઉજાણી
સાંજે ૬॥ થી ૭॥	૩ થી ૪ ટોપલી ચિઠ્ઠી
રમતગમત	
૯ થી ૧૦ જાહેરસભા	પછી ૭ તરવાની હરીફાઈ
	૯ થી ૧૨ પ્રાર્થના
૭૭ દીવાની દીપમાળ	૭૭ દીવાની દીપમાળ
ચાર અખંડ રેંટિયા	ચાર અખંડ રેંટિયા

તા ૨-૧૦-૪૫

૧૧

ગાંધીજી એટલે જગતના મહાન પુરૂષ

એ મહાપુરુષના જન્મ દિનની આજે ઉજવણી છે રેંટિયો એમને બહુ વહાલો છે તેથી ભાદરવા વદ બારશને દિવસે રેંટિયાનો ઉત્સવ ઉજવાય છે અને એને રેંટિયા બારશ કહેવામા આવે છે

ગાંધીજીએ આપણા સૌ માટે કેટલું કેટલું વેઠયુ છે? એમણે આપણા દેશ અને ગરીબ જનતા માટે સર્વસ્વનો ત્યાગ કરીને ભેખ લીધો અને આપણી કચડાયેલી પ્રજામા નવા પ્રાણ પૂર્યા એમનું ઋણ આપણાથી ફેડી શકાય એવુ નથી આવા ઊજવી તેમને તર્પણ આપણે ઈ...

અને ગામના બધા જ ઢોર એ હવાડે પાણી પી શકે

એ હવાડા પાસેથી જ તળાવની દીવાલ ઉપર એક નળ ગાળી દેવામા આવે તો એ નળ મારફત તળાવના ઓવારા સુધી પાણી પહોચાડી શકાય ઓવારાના ઉપલા પગથિયા ઉપર એક લાંબો નળ ગોઠવીને

શાન્ય કરે છે અને આપણને માંહોમાંહ લડાવે છે, માટે કોમી એકતા સાધવી

(૩) અસ્પૃશ્યતાને નામે આપણે ૩ કરોડ હિંદુઓમાથી આઠ કરોડને તિરસ્કાર્યા એ હિંદુ ધર્મનું કલંક છે હિંદુ ધર્મ એ કલંક ધોવા માટે તથા આપણા ભાઈઓને ખ્રિસ્તી ધર્મ સ્વીકારીને ... કરી પડે ... રોકવા ... પણ અસ્પૃશ્યતાનું નિવારણ કરવુ જોઇએ

(૪) દારૂ તાડી ગરીબ મજૂરોને પાયમાલ કરીને સરકારી તિજોરી ... છે, માટે એનો નિષેધ કરવો

(૫) ગ્રામ ઉદ્યોગો અને ગૃહ ઉદ્યોગો નાશ થવાથી જ આપણે ગુલામ બન્યા છીએ આપણી બેકારી અને ... ગુલામી ટાળવા ખાતર રેંટિયા ... ફરી સજીવન કરવા એ બધમા રેંટિયો કેન્દ્રમા છે

(૬) ગ્રામસફાઈ કરવાથી ... ગંદકીથી થતા ઘણા રોગોમાંથી બચી શકીશુ એક પ્રજા તરીકે આગળ ... આવીશું, માટે સફાઈની આદત કેળવવી

(૭) પાયાની કેળવણીની નવી રચના કરીને ભવિષ્યની પેઢીને સ્વરાજ્ય માટે લાયક બનાવી.

(૮) પ્રૌઢ શિક્ષણનો ફેલાવો કરીને આપણા સમાજનુ અજ્ઞાન અને ... પણ દૂર કરવુ

(૯) સ્ત્રીઓને અજ્ઞાન અને ... રાખીને આપણે સમાજરૂપી ... એક પૈડુ રાંડુ રાખ્યુ છે તે સીધુ ... !

(૧૦) આપણુ આરોગ્ય ... માટે બનતા બધા પ્રયાસો ... એમને ... ધનો ... નિયમોનો ફેલાવો કરવે ... (૧૧) રાષ્ટ્રભાષા હિંદુસ્તાનીનો ... જ્યાં ... રીતે ... અને ... ભાષાની ... માતૃભાષા ... (૧૨) માતૃભાષા ગુજરાતીને ... જ્યાં અને ... ને સમૃદ્ધ બનાવવી ... (૧૩) આર્થિક સમાનતા ... ગણુ ... પ્રજાની સમાજરચના ... કોઈ કોઈને ચૂસે નહિ ... જનારી ...

આ બધા ગ્રામ સાથે ... રીતે ... સમજણ તથા ... ... કાર્ય ...

એમની અડચણો દૂર કરવી અને એમનામા રાષ્ટ્રીય જાગૃતિ પેદા કરવી

આ તો એમણે સૂચવેલા મુખ્ય મુદ્દા છે પણ આવા જ બીજા અનેક તારવી શકાય આપણા સમાજમા તેઓ એક શબ્દમા કહીએ તો સર્વોદયની ભાવના રેડવા માગે છે

આપણે એ ભાવનાને જેટલી આપણા જીવનમા અપનાવીશુ એટલી આપણે રેંટિયા બારશ સાચી ઉજવી ગણાશે તા ૩ ૧૨-૪૫

૧૩

કીડીને કણ અને હાથીને મણ

ઈશ્વરે આ સૃષ્ટિમા જેને જેને પેદા કર્યાં છે એની સાથે જ એના ખાવાપીવાની વ્યવસ્થા પણ ઊભી કરી છે બાળક જન્મે છે એની સાથે જ એની માતાના સ્તનમા એ દૂધ તૈયાર રાખે છે બીજાં કરોડો અને અબજો પશુ પંખીઓ અને જીવ જતુઓ પેદા થાય છે એ બધાને શું આપણે ખવડાવીએ પીવડાવીએ છીએ ? એ તો કુદરત જ કુદરતના ખેલ ખેલતી હોય છે આપણુ શું ગજુ કે એ બધાને પહોંચી વળીએ ?

તેમ છતા આપણા હૃદયની લાગણી હોય કે, બીજા માટે ઘસાવાની આપવૃત્તિ જાગે એ માટે આપણા ઋષિઓએ કૂતરાને અને ગાયને ગ્રાસ આપવાનો, કીડીઓને કીડીયારું પૂરવાનો કે પંખીઓને ચણ નાખવાનો રિવાજ રૂપો પણ એ રિવાજ એટલું જ કરીને ધન્ય થવા માટે નથી પ્રાણીમાત્ર પ્રત્યેની આપણી દયાની લાગણી વધતી જાય એ માટે છે

આ જગ્યાએ એક ચેતવણી આપવાનુ મન થાય છે ગીતામા પણ દાનના ત્રણ પ્રકારો બતાવ્યા છે સારા નરસાનો વિચાર કર્યા વિના જે દાન કરવામા આવે છે તે તામસિક દાન કહેવાય છે

કીડીઆરામા લોટ ભભરાવતી વખતે કે પંખીઓને ચણ નાખતી વખતે પણ આપણે એટલી કાળજી લેવી જોઈએ કે આપણી દયાથી એમનું રક્ષણ થાય છે કે ભક્ષણ ? દાખલા તરીકે આપણે ત્યા વહેરાઇ માતાના ચોગાનમા છોકરાઓ રમે છે ત્યા ચણ નાખવાથી પુણ્ય ન થાય પણ પાપ થાય, કેમકે ત્યા કણ પડવાથી જીવજતુઓ ઉભરાય છે અને છોકરાઓના પગ તળે હજારોનો વટાણો વળી જાય છે

ચણ નાખવી હોય તો જ્યા લોકો બહુ બેસતા ન હોય, છોકરાઓ ધમ ચકડી બોલાવતા ન હોય, એવા એકાત સ્થળમા અગર તો અગાશી ઉપર જ નાખવી જોઈએ

જરા વિચાર કરે એને તો દયા દાનના આથી પણ વધારે સારા સ્થાનો મળી રહેશે ૪-૧૦-૪૫

૧૪

તરવાની હરીફાઈનું પરિણામ

ગઈ કાલે તરવાની હરીફાઈમા નીચેના ચાર ભાઈઓ જોડાયા હતા અને એનું નીચે મુજબ પરિણામ આવ્યું છે :—

		વખત કલાક
૧	મગનભાઈ સોમભાઈ	૧—૫૫
૨	હસુમિયા જેસુમિયા	૨—૩૦
૩	રતિલાલ જયશંકર ભટ્ટ	૩—૦
૪	મૂળજીભાઈ મ. પ્રજાપતિ	૩—૦

આથી હરીફાઇના ઇનામો નબર ૩ અને ૪ને ભાગે જાય છે તા ૪-૧૦-૪૫

૧૫

એક માસના વ્યાયામ વર્ગનું સરવૈયુ

વ્યાયામ વર્ગને શરૂ થયાં એક માસ થઇ ગયો એનુ સરવૈયુ નીચે પ્રમાણે છે

પહેલું પખવાડીયુ સરેરાશ હાજરી	૨૫
બીજુ પખવાડીયુ સરેરાશ હાજરી	૧૪
રોજ નિયમિત આવનારા	૧૧

રોજ કસરતમા આવનારાના સ્વાસ્થ્યમા થયેલો સુધારો

છાતી

૧ પહેલા કરતા ૨" શ્વાસ વધારે ભરી શકે છે
૫ પહેલા કરતા ૧" શ્વાસ વધારે ભરી શકે છે
૨ પહેલા કરતા ૦॥" શ્વાસ વધારે ભરી શકે છે
૨ પહેલા કરતા ૦।" શ્વાસ વધારે ભરી શકે છે
૧ પહેલા જેટલો જ શ્વાસ ભરી શકે છે

હાથના સ્નાયુ

૨ ના સ્નાયુ પહેલા કરતા ૦॥" જાડા થયા
૪ ના સ્નાયુ પહેલા કરતા ૦॥" જાડા થયા
૨ ના સ્નાયુ પહેલા કરતા ૦।" જાડા થયા
૨ ના સ્નાયુ હતાં એટલા જ રહ્યા

દરેકની વિગત આ સાથે આપી છે—

	મૂળ છાતી	મહિના પહેલાં શ્વાસ ભરેલી	મહિના પછી શ્વાસ ભરેલી	વધારો	મૂળ હાથના સ્નાયુ	મહિના પહેલાં ફુલાવેલા સ્નાયુ	મહિના પછી ફુલાવેલા સ્નાયુ	વધારો
૧. ર. હ.	૨૯"	૩૧"	૩૩"	૨"	૮"	૯॥"	૧૦"	૦।"
૨. ન. આ.	૨૬॥"	૨૭।"	૨૮॥"	૧"	૬"	૮"	૮"	૦"
૩. મો. ગો.	૨૭॥"	૨૯"	૨૯"	૦	૮"	૯"	૯"	૦"
૪. મ. મો.	૨૮॥"	૨૯"	૩૦"	૧"	૮"	૧૦"	૧૦॥"	૦॥"
૫. પી. પુ.	૨૭"	૨૮"	૨૮॥"	૦॥"	૭॥"	૮"	૮"	૦॥"
૬. ગ. મો.	૨૩॥"	૨૪॥"	૨૪॥।"	૦।"	૬॥"	૭"	૭॥"	૦।"
૭. પુ. સો.	૨૭॥"	૨૮"	૨૯"	૧"	૭"	૭।"	૮।"	૦॥।"
૮. ચિ. મો.	૨૭"	૨૮"	૨૯"	૧"	૭॥"	૮"	૮॥"	૦॥"
૯. અં. ન.	૨૨॥"	૨૩"	૨૩"	૦॥"	૬॥"	૬"	૭॥"	૬॥"
૧૦. શ્રી. દ.	૨૪"	૨૬"	૨૭"	૧"	૬॥"	૭॥"	૭॥"	૦।"
૧૧. હિ. મ.	૨૯"	૩૦॥"	૩૦॥।"	૦।"	૮॥"	૯"	૯॥"	૦।"

ન. ૨૯-૯-૪૫

૧૬

શરીર સુધારણામા કસરત એક આવશ્યક અગ છે

આપણા ગામના વિદ્યાર્થીઓના એક મહિનાની કસરત પત્રીના સાથે આપેલા આકડાઓ ઉપરથી તમે જોઇ શકશો કે શરીર સુધારણામા કસરત કેટલુ આવશ્યક અગ છે

અ જકાલ વિદ્યાર્થીઓમ થી લીધેલા કામને વળગી રહેવાની આદત બહુ ઓછામા જણાય છે મુશ્કેલીઓ વચ્ચે પણ લીધેલા કામને ચોટી રહેવાની ટેવ જીવન ઘડતરમા બહુ ઉપયોગી નીવડે છે આવી ટેવ પાડવામા વિદ્યાર્થીઓને મા બાપોએ પણ મદદ કરવાની હોય છે

એક વખત કરેલા સકલ્પને વિદ્યાર્થી પાર પાડે એ માટે એને જાગૃત રાખવો જોઈએ ઓછામા ઓછુ એમા વિઘ્ન તો નહિ જ નાખવુ

સવારમા વહેલા ઊઠતા આળસ થઈ જતી હોય એવા વિદ્યાર્થીઓને મા બાપે ઉઠાડીને નિયમિત કસરતમા મોકલવા જોઈએ

તા ૨૯-૯-૪૫

૧૭

ઉમરેઠમા ખાદી કેન્દ્ર ઊઘડે છે

આવતી કાલે સાંજે પૂજ્ય રવિશકર મહારાજના શુભ હસ્તે ઉમરેઠમા થામણા ભાગોળે એક ખાદી કેન્દ્રની ઉદ્ઘાટન ક્રિયા થવાની છે

ખાદી અગેના સાધનોની તેમ જ ખીજી બધી વ્યવસ્થા ત્યાંથી થશે. આપણે ત્યાના કાતનારાઓ પણ એ કેન્દ્રનો લાભ ઉઠાવી શકે છે

તા ૬-૧૦ ૪૫

૧૮

આપણુ પુસ્તકાલય સોમવારથી ફરી ચાલુ થશે

આપણુ સાર્વજનિક પુસ્તકાલય નવી [illegible] ગોઠવાઈ રહ્યુ છે ઘણા વખતથી [illegible] થઈ ગયેલા કેટલાય પુસ્તકો ફરી પાછા પુસ્તકાલયના કબાટમા આવીને બેઠા છે

ક્યા ક્યા પુસ્તકો ક્યા છે એ જાણવા માટે અને પુસ્તક પસદગીનુ કામ સહેલુ બને એ માટે બધા પુસ્તકોને વિભાગવાર ગોઠવી નાખ્યા છે એની યાદીઓ દિવાલ ઉપર ચોટી પણ છે

હાલમા અ પણે ત્યા નીચે જણાવ્યા વિભાગો અને વિભાગવાર પુસ્તક સખ્યા છે

૧	કિશોર સહિત્ય	૬૨
૨	સત્ય કથા	૧૯
૩	બાલ સાહિ ય	૩૮
૪	ઇતિહાસ ભૂગોળ	૩૧
૫	સ્વાતત્ર્ય યુદ્ધના ઇતિહાસો	૩૮
૬	ગાધી સહિત્ય	૫૬
૭	આરોગ્ય અને વૈદુ	૨૮
૮	ગામ્રુ ખેતી અને ઉદ્યોગો	૨૫
૯	વાર્તા-નવલકથા	૧૧૧
૧૦	લેખો વ્યાખ્યાનો અને પત્રો	૧૨૪
૧૧	રામતીર્થ વિવેકાનદ શુભ સગ્રહો	૪૫
૧૨	કાવ્યો આખ્યાનો, નાટકો	૫૫
૧૩	સાહિત્ય	૨૭
૧૪	સ્ત્રી સાહિત્ય	૩૨
૧૫	ધર્મ	૬૬
૧૬	પાઠ્યપુસ્તકો અને કોષ લો	૨૪
૧૭	જીવનચરિત્રો	૭૮
૧૮	અપણ પુસ્તકો	૧૦૮
	કુલ પુસ્તકો	૯૬૪

૧૯

સારા પુસ્તકોનુ વાચન એટલે સત્સગ

મનુષ્યને આગળ વધવા માટે સદ પુરુષોના સમાગમની જરૂર હોય છે પણ સદ્પુરુષો મળવા દુર્લભ હોય છે સ પુરુષોના લખેલા પુસ્તકો વાચવા એ પણ અમુક અશે સદ્પુરુષોની ગરજ સારે છે

આપણા વિદ્યાર્થીઓનુ સામાન્ય જ્ઞાન બહુ ઓછુ જણાય છે કેમકે બાહ્ય વાચન બિલકુલ હોતુ જ નથી

સારા જીવન ચરિત્રો પ્રવાસ વર્ણનો કે એવા જ બીજા પુસ્તકો વાચવાથી માણસને જીવનમા ઉપયોગી થઈ પડે એવુ ઘણ ઘણુ જાણવાનુ મળે છે.

રોજ સવારે ૯ થી ૧૦ અને બપોરે ૨ થી ૩ આપણુ પુસ્તકાલય ખુલ્લુ રહેશે. એનો પૂરેપૂરો લાભ ઉઠાવજો

૨૦

બાલવાડીમા રજાઓ

બાલવાડી એટલે બાળકોને માત્ર ઓરડામા બેસાડી રાખવા, વાતો કહેવી કે નાસ્તો વહેચવો એટલુ જ નથી હોતુ એમનો વિકાસ થાય એ દૃષ્ટિએ એમને અનેક જાતની હાથ પગની અને ઇન્દ્રિયોનો ઉપયોગ થાય એવી પ્રવૃત્તિઓ આપવાની હોય છે

પણ હાલમા આપણી પાસે બાલવાડીનુ સ્વતત્ર મકાન ન હોવાથી હુ મારી ધારણા પ્રમાણે પ્રવૃત્તિઓ પાડવી શકતો નથી બાળકોના સાધનો અહિંતહીં ખુલ્લી જગ્યામા નાખવાનુ અશક્ય બને છે, ધર્મશાળાનો ખુલ્લો ઓસારો જોઈને કેટલાકને સ્વચ્છ જગ્યામા બાજરીના ડુડા સુકવવાનુ પણ મન થઇ જાય છે આવી નાની મોટી મુશ્કેલીઓ ઉભી થતી હોવાથી આપણે બાલવાડી માટે સ્વતત્ર મકાનની વ્યવસ્થા ન કરી શકીએ ત્યા સુધીની માટે બાલવાડીમા રજા પાડવી પડે છે

કેમકે બાળકોને યોગ્ય રીતે પ્રવૃત્તિઓ પૂરી પાડવામા ન આવે તો એનો વિકાસ રૂંધાય અને એને કેટલીક કુટેવો પણ પડે એવુ મારુ માનવુ છે તેથી જ અનુકૂળતા ઊભી કરી શકીએ ત્યા સુધી રજાઓ પડી છે

તા ૭-૧૦-૪૫

૨૧

રેડિયા અગે કાઇ મુશ્કેલી હોય તો અમને મળો

ચેગ્ગી આશ્રમવાળા શ્રી મુનિભાઈ મહેતા તથા બહેન ગગાબહેન આપણે ત્યા આવી ગયા મુનિભાઈએ આપણને ખાદી અને રેડિયામા સચી શ્રદ્ધા પેદા કરવાની સલાહ આપી છે એમણે એમના અનુભવના તારણમાથી આપણને સમજાવ્યુ કે અમન ગનીધરજ પ્રદેશમા રેડિયાએ તો લોકની કાયાપલટ કરી નાખી છે એમને મદદ તો રેડિયા સઘ સ્વરાજ્ય ભાના બન્યા છે આપને પણ જેટી મદદથી રેડિયાને પાગ્યું એરો એ કુશળ

આગાખાનમાંથી કેટલાકના છોડી ગયેલા રેંટિયા ફરી ઊભા થવા માગે છે, પણ હું તો એમને એવા બેઠા કરીશ કે ફરી એ ઊઠે જ નહિ. રેંટિયા અંગે કાંઈ પણ તકરાર હોય તો મને મળવું. આપણે એ દૂર કરવાનો પ્રયત્ન કરીશું.

તા ૮-૧૦-૪૫

૨૨

સ્વરાજ્ય મેળવવાની રીતો

સ્વરાજ્ય મેળવવાની બે રીતો છે. એક હિંસક કાર્યથી અને બીજી અહિંસક કાર્યથી. હિંસક રસ્તો સ્વીકારીએ તો એના ઉદ્દેશમાં ઊંચા શસ્ત્રોનો ઉપયોગ અને એમાં સમાતી બીજી બધી વસ્તુઓ સાથે જ છે, એમ સમજી લેવું જોઈએ. મોટા યંત્રોથી માલનું ઉત્પાદન, એ વેચવા માટે બજારોની માગણી, એ હાથ કરવા માટે યુદ્ધો એટલે નિર્દોષોનાં ખૂન, અન્યાય, અનીતિ, મોંઘવારી, લાંચરુશ્વત અને આજકાલ ચાલી રહ્યું છે એ બધું. આપણે ત્યાં સર્વાનુમતિએ આ માર્ગ તો છોડવામાં આવ્યો છે.

નવો બંધારણીય માર્ગ અહિંસક બની શકે, પણ એ હવે કાલગ્રસ્ત થઈ ગયો છે. આજે એ માર્ગથી સ્વરાજ્ય મળી શકે એમ માનવું એ વહેમ છે.

એટલે સ્વાતંત્ર્ય મેળવવા માટે ત્રીજો માર્ગ રહે છે તે અહિંસાનો છે.

તા ૧૦-૧૦-૪૫

૨૩

અહિંસક માર્ગનાં સાધનો

એ તો સિદ્ધ કરી [illegible] બતાવવામાં આવ્યું છે કે હિંદના ગામડામાં [illegible] તેના મુખ્ય ઉદ્યોગ [illegible] તેની સાથેના બીજા ઉદ્યોગો [illegible] હિંદની અર્થનીતિ [illegible] સુધારો [illegible] કરવા જોઈએ.

એ ઉદ્યોગો [illegible] આપણી [illegible] એમાં હિંસા [illegible] મજૂરીને [illegible] માનવમજૂરી [illegible] પુષ્પ [illegible]

પૂરા થતાં યુદ્ધે હિંસાની નિરર્થકતા અને ક્રૂરતા દેખાડી આપ્યાં છે. એને પરિણામે એ કમાઈ નથી, આવતી પણ શાહીવાદને મજબૂત બનતો. આપણે જોઈએ છીએ. આપણે હિંદુસ્તાનમાં શહેરો વધારીએ અને કારખાનાંઓ વધારીએ તો એથી હિંદની કરોડોની આમજનતા આજ કરતાં જરાય વધારે સુખી નહિ થાય. થોડા લોકો કદાચ વધારે સુખી થશે પણ બહુ મોટો ભાગ વધારે દુઃખી થશે.

એટલે જો આપણે કરોડોનું ભલું ઇચ્છતા હોઈએ તો આપણે રેંટિયો અને એની જોડેના ઉદ્યોગોને અપનાવવા જોઈએ. એ રસ્તે આપણે આપણા ઉદ્યોગોને ખીલવવા છે. તેથી જ રેંટિયો અહિંસાથી સ્વરાજ્ય લાવવાનું પ્રતીક ગણાય છે.

એને સરકાર કે મૂડીવાદીઓનો આશ્રય નહિ મળે પણ એમના વિરોધ છતાં એનો વિકાસ થવો જોઈએ. જેમ મિલ માલિકો અને એમને મળતા લોકો [illegible] વર્ગોના પ્રતિનિધિ છે એમ રેંટિયો ગામડાના કરોડોનો પ્રતિનિધિ છે.

તા ૧૧-૧૦-૪૫

૨૪

દૈનિક કાંતણની જરૂરિયાત

ગ્રામસેવા પત્રિકાના તંત્રી લખે છે કે [illegible] ખાદી પહેરવાથી નથી પૂરી થતી. ખાદી તો હવે એક પ્રતીક બની [illegible] રચનાત્મક કાર્યના ૧૪ અંગો [illegible] સમાય છે એટલું જ નહિ પણ બધાં જીવનક્ષેત્રમાં એ વ્યાપવી જોઈએ. [illegible] વ્યક્તિ તેમજ ગામની સ્વયંસંપૂર્ણતા એ સૂચવે છે. જેમ ખાદી [illegible] તેમ જ [illegible] વાપરીએ તો [illegible] આર્થિક [illegible] કારખાના [illegible] તેથી [illegible]

[illegible] છે કે ખાદી અને ગ્રામઉદ્યોગની રીતે જ આપણે વાપરવી જોઈએ.

હિંસક વ્યવસ્થામાં કવાયત અને કૂચ વગેરે તાલીમ ફોજ માટે જરૂરની છે. તેથી, સિપાઈમાં તેના ઉપરી અમલદારની જે શિસ્ત લાદે તેને મૂંગે મોઢે પાળવાનો ગુણ તેનામાં કેળવાય છે. તેવી જ રીતે જાતે શિસ્ત સંયમની તાલીમ લેવા માટે (અહિંસક વ્યવસ્થામાં) દૈનિક કાંતણ છે. જેટલું કાંતણ અને કંટાળાવાળું તે લાગે તેટલો તો ઊલટી તેની શિસ્ત કેળવવાની શક્તિ વધારે ગણાય. અહિંસક પાયા ઉપર સ્વરાજ રચવાને માટે આત્મસંયમ જરૂરનો છે.

તા ૧૨-૧૦-૪૫

૨૫

વિજયા દશમી

આજે વિજયા દશમી છે. વિજયા દશમી એટલે વિજયનો ઉત્સવ.

ચોમાસાને લીધે બંધ પડેલી બધી પ્રવૃત્તિઓ વિજયા દશમીથી શરૂ થાય છે. પહેલાના વખતમાં રાજાઓ દુશ્મનો સામેનું આક્રમણ વિજયા દશમીને દિવસે કરતા. વેપારી વેપાર ખેડવા માટે અને વહાણવટીઓ દરિયા ખેડવા માટે પણ વિજયા દશમી પછી નીકળતા. ખેડૂતના ઘરમાં વિજયા દશમી સુધીમાં નવું અનાજ આવી ગયું હોય છે, એટલે એ પણ પ્રસન્ન હોય છે.

આજે સમીવૃક્ષ એટલે શમડાના ઝાડનું પૂજન કરવામાં આવે છે. રાજાની સ્વારીઓ નીકળે છે અને નવરાત્રિ ઉત્સવની પૂર્ણાહુતિ થાય છે. રાજા જેમ એના દુશ્મનને મહાત કરવાનો આ દિવસે નિશ્ચય કરે છે એમ દરેક માણસે પણ પોતાની નબળાઈઓને દૂર કરવાનો આજે નિશ્ચય કરવો જોઈએ. તો જ વિજયા દશમીને દિવસે વિજયની તૈયારી કરી ગણાય.

૧૬-૧૦-૪૫

૨૬

જૂનો સમય

[illegible] આપણા [illegible] ફરિયાદો [illegible] સુણાવ્યા [illegible] ઉમરેઠથી [illegible]

થાંઓ કહેતા કે અમે બાર વાગ્યે નિશાળે જઈએ છીએ એને બદલે કહેશે કે અમે અગિયાર વાગ્યે જઈએ છીએ આમ સગડ રે યુદ્ધને બહાને ચાલુ કરેલો કૃત્રિમ સમય બંધ પડયો છે અને જૂનો સમય ફરી પાછો ચાલુ થઈ ગયો છે

આપણું પુસ્તકાલય પણ હવે સવારે ૯થી ૧૦ અને બપોરે ૨થી ૩ ઉઘાડુ રહેશે. કેટલાક નવાં પુસ્તકો આવ્યા છે એટલે વાચનારાઓને બહુ મઝા પડશે,

તા ૧૬-૧૦-૪૫

૨૭

ધન્યવાદ છે

આપણે ત્યા ખોવાયેલી વસ્તુઓ જેમને જડે છે એ તુરત આપી જાય છે, એ ઘણી આપણી પ્રમાણિકતાની મુદ્રા સુન્દર અણુ ય થોડા દિવસ પહેલા એક બહેનનુ ચાકુ ખોવાયુ હતુ એ આપણે ત્યા આવતા પોસ્ટમેનને મળી આવ્યુ એ તુરત મને આપી ગયા ચાર દિવસ પહેલા એક પાવરો ખોવાયો હતો કાશાઈ સોમા ભાઈના હાથમાં આવતા એ પહોચતો કરી ગયા અને છેલ્લા , છેલ્લી નવીનભાઈ આદિતભાઈ પટેલની સોનાની વિંગ ખોવાઈ હતી એ મધુભાઈ ચુનિભાઈના હાથમા આવી ચુનિભાઈએ એ જ વખતે એ મારે ત્યા પહોચતી કરી

આમ જડેલી વસ્તુઓમા દાનત ન બગાડતા માલિકને પહોચાડવા માટે ચાલે તરત મારી પાસે રજૂ થાય છે એ એક શુભચિહ્ન છે ઉપલા ત્રણે ય પ્રસંગમા ચાલે પહોચતી કરવા માટે એ ત્રણે ય ભાઈઓને ધન્યવાદ ઘટે છે

તા ૧૭-૧૦ ૪૫

૨૮

शरीरमाद्यं खलु धर्मसाधनम्
नायमात्मा बलहीनेन लभ्य.
પહેલુ સુખ તે જાતે નર્યા

ઉપરના ત્રણેય વાકયો એમા અનુભવનો સાર પડયો છે, એવુ સૂચવે છે કોઈ પણ સારુ કે મોટુ કામ કરવુ હોય તો એમા પ્રથમ જરૂરિયાત તંદુરસ્ત શરીરની પડે છે જો શરીર તંદુરસ્ત અને બળવાન ન હોય તો માણસની બધી મનની મનમા રહી જાય છે

મોટી ટીપ્રીઓ મેળવેલા નિર્બળ શરીરને કારણે સારા સ્થાનો પ્રાપ્ત નથી કરી શકયા એવા દાખલા મોજુદ છે કોઈએ સારા સ્થાન મેળવ્યા છે તો એનો લાભ લેવા હજુ જીવ્યા નથી.

એટલે સર્વ કાર્યનો પાયો શરીર છે મન અને બુદ્ધિ ખીલવવા હોય તો પણ પહેલા શરીર તંદુરસ્ત જોઈએ.

એટલે કોઈ પણ કામ કરવામા શરીરની કાળજી પ્રથમ રાખવી. શરીરને નિયમિત પથ્ય અને પ્રમાણસર ખોરાકની જેટલી જરૂર છે એટલી જ જરૂર ઊંઘ, આરામ અને શરીરશ્રમ કે કસરતની પણ છે, એ કદી ન ભૂલવુ જોઈએ માણસ જેમ ઊંઘવાનુ કે ખાવાનુ છોડતો નથી એમ ચાલે કસરત કરવાનુ પણ નહિ છોડવુ જોઈએ

૧૮-૧૦-૪૫

૨૯

ઉત્સાહ અને નિરુત્સાહ ચેપી વસ્તુઓ છે

જેમ પ્લેગ, કોલેરા અને ક્ષય ચેપી છે એમ ઉત્સાહ અને નિરુત્સાહ આશા અને નિરાશા એ પણ ચેપી વસ્તુઓ છે એક નિરાશાવાદી કે નિરુત્સાહી માણસ દરેક કામમા વેળે વેળે નિરુત્સાહ અને નિરાશા ફેલાવે છે એથી આખુ વાતાવરણ નિરુત્સાહી અને નિરાશાવાદી બની જાય છે બીજો માણસ આશાનુ કિરણ ન દેખાતુ હોય ત્યા પણ આશા અને ઉત્સાહ છોડતો નથી એની સારી અસર પણ વાતાવરણ ઉપર થાય જ છે

બોલો તમે દુનિયામા આનંદ અને ઉત્સાહ ફેલાવવા માગો છો કે ગમગીની નિરાશા અને શોક ? જો ઉત્સાહ ફેલાવવા મ ગતા હો તો કદી તમારા મોઢામા નિરાશા કે નિરુત્સાહભર્યું એક પણ વેણ ન કાઢો તમારુ મન હમેશા ઉત્સાહ અને આશાના તેજથી ભરેલુ રાખો એથી તમારી આજુબાજુમા પણ એવુ જ વાતાવરણ ઊભુ થશે

આજે લોકો જવાહરલાલ, ગાંધીજી કે એવા બીજા પવિત્ર માણસોને હજારો શા માટે હજારોની સંખ્યા ટોળે વળે છે ? એમના મોઢામાથી કદી નિરાશાજનક સુર નથી નીકળતો એ જ્યા જાય છે ત્યા એમનો ઉત્સાહ અને આશાનો ઝરો વહેતો મૂકી દે છે, એથી લોકોમા પણ નવુ જોમ અને નવો ઉત્સાહ આવે છે

નિરુત્સાહી માણસ એના પેદા કરેલા ગમગીન વાતાવરણમા પોતે તો દુ:ખી મરે મરે છે પણ એનો ચેપ બીજાને પણ લગાડે છે હમેશ પ્રસન્ન રહો અને પ્રસન્નતા વેરતા રહો

તા ૧૯-૧૦-૪૫

શેરી સુધારવા માટે

આપણે ત્યાની કેટલીક શેરીઓ એવી ઢાળવાળી છે કે ચોમાસામા પાણીના વહેણ સાથે એની માટી પણ ધોવાઈ જાય છે, અને રસ્તામા મોટા મોટા ખાધરા પડે છે એથી માણસ ઢોર અને ગાડા બધાને જવા આવવામા અડચણ પડે છે એ ખાડાઓમા ગંદકી પણ થાય છે અને ગંદકી હોય ત્યા નવી ગંદકી ઉમેરાય એ આપણો સર્વસાધારણ અનુભવ છે દર વર્ષે આપણે ખાધરા પૂરીએ છીએ અને ચોમાસામા પાછી એ પુરાણ ધોવાઈ જાય છે

આ કાયમની મુશ્કેલી ટાળવા માટે અને રસ્તો હમેશા સીધો અને સપાટ રાખવા માટે દરવાજાથી તે મંગળભાઈ માસ્તરના ઘર સુધીની શેરીમા બે જગ્યાએ ઢાળવાળા ખડિયાર બાંધી લેવાનુ વિચાર્યું છે આ પાકુ કામ થશે એટલે માટી ધોવાશે નહિ અને હમેશની ચિંતા દૂર થશે.

એ માટે શેરીના નીચેના ભાઈઓએ રકમો નોંધાવી છે બીજા પણ ઉત્સાહ આવે તે નોંધાવી જાય.

આ યોજના બીજી શેરીઓ વાળાએ પણ અપનાવી લેવા જેવી છે તા ૨૦-૧૦-૪૫

મહાસભાના સભાસદો બનો

નવુ વર્ષ પાળી ફરી રાષ્ટ્રીય મહાસભાના સભ્ય થવાની તક આપણને ફરી મળી છે પૂર્ણ સ્વાતંત્ર્યના ધ્યેયમાં જેમાં માનનાર દરેક આ તક ઝડપી લેવી જોઈએ પહોંચ બુક કાશાભાઈ તથા છોટાભાઈ પાસે છે તા ૨૧-૧૦-૪૫

ઊર્મિ અને નવરચના

ઊર્મિ
વર્ષ ૪૫

નવરચના
વર્ષ ૧૦૫

એશિયાઇ સેનાનો નાનેરો સૈનિક

અંક
[illegible]

ડિસેમ્બર
૧૯૭૫

સંપાદક : ઈશ્વરલાલ દવે

ગીતાહૃદય

લેખક : સાને ગુરુજી

'ગીતાના પ્રવચનોની પવિત્ર ગંગા જેવા આ વ્યાખ્યાનોમાં કર્મ અને પુરુષાર્થનો સંદેશો ભર્યો છે. આમા વાલ્મિકીની પ્રતિભા, વ્યાસની પ્રજ્ઞા અને શુકાચાર્યનો વૈરાગ્ય છે.

પાના ૧૩૦ સુંદર ત્રિરંગીચિત્ર કિંમત માત્ર રૂ. ૧-૪-૦ ટ. ખ. ૦-૨-૦

સાહિત્ય પરામર્શ

સંપાદકો : દુર્ગાશંકર શાસ્ત્રી એટાઇ, ઓકર, કોલક, શિરીષકુમાર મહેતા

આ ગ્રંથમાં બ. ક. ઠાકોર, રા. વિ. પાઠક, ઝવેરચંદ મેઘાણી, વિશ્વનાથ મ. ભટ્ટ, ડૉ. રમણલાલ યાજ્ઞિક, પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, અનંતરાય રાવળ, ડોલરરાય માંકડ, દુર્ગાશંકર શાસ્ત્રી, ગોકુળભાઈ ભટ્ટ, મંજુલાલ મજમુદાર, જ્યોતીન્દ્ર દવે, કે. કા. શાસ્ત્રી વગેરે ગુજરાતના પ્રસિદ્ધ અને વિદ્વાન લેખકોના સાવ જ નવા લેખો આમાં પહેલી જ વાર પ્રગટ થાય છે આથી વિશેષ કાંઈ કહેવાની જરૂર છે ?

યજ્ઞેશ્વર શુકલના 'પનિહારીઓ'ના પચરંગી ચિત્ર સાથે.

કિંમત રૂ ૩-૮-૦ ટ. ખ. ૦-૩-૦

ગ્રામ દક્ષિણામૂર્તિનું મુખપત્ર

કોડિયું

તંત્રી નાનાભાઇ ભટ્ટ

લોકઘડતર અને લોક કેળવણીને વરેલું આ માસિક ગુજરાતનુ શ્રેષ્ઠ માસિક બન્યું છે. ચાર મહિનામાં આ માસિકે પોતાની સિદ્ધિ બતાવી આપેલ છે

લવાજમ માત્ર રૂ ૩-૦-૦

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

પો. બો. નં. ૯૭૮, મુંબઇ-૧

પો. બો. નં. ૭૩, અમદાવાદ

★ તુરતમાં શરૂ થાય છે ★

ઝવેરચંદ મે

પુસ્તિકાશ્રે

- વારતાઓ
- ભજનો
- જીવનચરિત્રો
- શબ્દચિત્રો
- સ્વાતંત્ર્ય-સંગ્રામોની કથાઓ

દરેક મહિને એક પુસ્તિ

તમારી નકલ
મેળવી લેવાનું
ચૂકશો નહિ

પ્રાપ્તિસ્થાન

ભારતી સાહિત્ય સંઘ લિમિ

મુંબાઇ : અમદાવાદ

જાવાને

683

અણુતોળ્યા કો' અતીતના ભળભાંખળામાં
તું અને હું બે મળ્યાં હતાં—
મારી વાણી ત્યારે તારી વાણીમાં
ને મારો પ્રાણ તારા પ્રાણમાં
વૃક્ષ-વેલી શા વીંટળાઈ ગયાં'તાં.

તારી હાકલને હૈયામાં વહેતો પૂર્વનો પવન
આકાશવાયુના ગાયેબી પથે થઈને
તરલ-ગાનને વીંઝણે લહેરાતા મારા
ઉજ્જ્વલ સાગર-તીરે એકદા આવ્યો હતો.
ગંગાનાં પુણ્ય-સલિલે પ્રક્ષાલાતાં
મારા મંદિરોના શંખનાદની સાથે
તારો એ સાદ ભળી ગયો હતો.

દેવાધિદેવ વિષ્ણુ અને દશ ભુજાળી ઉમિયા,
તે દિને બોલ્યાં'તાં મારા કાનમાં,
કે 'નૌકા સજ્જ કર તારી,
અને ભરી જા આપણા પૂજન-પ્રકારોને
અજાણ્યા ઉદધિને સામે પાર.'

ગંગાએ પ્રતાપી પ્રવાહ મુદાથી
પૂર્વસિંધુ પ્રતિ આગળી ચીંધી હતી.
દિવ્યલોક થકી બે મહાસ્વરો બોલી ઊઠયા'તા—
એક હતો રામની વેદના-કીર્તિનો વૈતાલિક,
ને બીજો હતો અર્જુનના વિજય-ભુજનો બિરદાવણ'હાર
બોલી ઊઠ્યા બન્ને કે 'વહી જા વારિધિની તરંગાવલી પર,
પૂર્વના દીપાંગણે, અમારી મહાગાથાઓ.

નવી લડાઇના
ભણકારા

બીજા વિશ્વયુદ્ધની કબર ઉપર હજી તો ધૂળ વળી નથી ત્યાં નવી લડાઈનાં ડંકાનિશાન વાગતાં સંભળાય છે. છાશવારે ને છાશવારે, અને વાતવાતમાં ત્રીજી લડાઇની આગાહીઓ કરીને એકબીજાને ડગમગી દેનારા પશ્ચિમના વિજેતા-રાષ્ટ્રો અને તેના રાજપુરુષોએ કદી કલ્પી નહિ હોય એવી દિશામાંથી નવી લડાઇની નોબત ગડગડી રહી છે, એમની ધારણામાં નહિ હોય એવા વેશ સજીને એ લડાઇ આવી રહી લાગે છે. સૈકાઓ-જૂની જે માયા પોતાના રાફડામાં સંઘરીને યુરોપના સામ્રાજ્યપતિઓ બેસી ગયા હતા તેમાં ભાગ પડાવવા આવનારા નવા હરીફને એમણે પટકી પાડ્યો છે. સૌએ ભેગા મળીને એ કામ તો કરતા કરી લીધું પણ એમાના એકેયના અંતર એકબીજાની દાનત વિશેની બૂરી સદેહો વિનાના નથી. પોતપોતાના રાફડા સમાલીને ફરી બેસી ગયેલા વિજેતાઓ અંદરોઅંદરની કોઈ બાદવારધણીની કલ્પનાએ ભયભીત બની ગયા છે. સજેલાં શસ્ત્રોનો ભાર પોતાનાં અંગ ઉપરથી એ ઉતારતા નથી, દાઢમાં સંઘરેલી નવનવાં ઝેરની કોથળીનો ભેદ રખેને કોઈ-મિત્ર સુદ્ધાં-પામી જશે તો શું થશે એવી બીક એ સહુ દિનરાત ફફડયા કરે છે. એકબીજાની સામે નજર-માંડેલી રાખીને ખડેપગે એ ઊભા છે. એ મીટમાંથી ગમે તે ઘડીએ વિષ ઝરશે કે તણખા ખરશે એવી દહેશતે એક મટકું પણ એ મારતા નથી.

ગોરા સામ્રાજ્યપતિઓ અને
કાળા ગુલામો વચ્ચેનો સંગ્રામ?

પણ જ્યાં એમનું જરાય ધ્યાન નથી એવા ખૂણામાં ઇતિહાસ નવી લડાઈના એકડા માંડી રહ્યો છે. ખુદ એ રાફડાઓ નીચે જ ધરતીકંપ અને જ્વાળામુખીની શક્તિઓ એકત્રિત થઇ રહી છે. યુરોપના દેશોએ એશિયામાં પોતાના સામ્રાજ્યોના પથારા જ્યાં પાથર્યા છે ત્યાંથી જ નવી લડાઇની કાળ-એંધાણીઓ દેખાઈ રહી છે. એક પછી એક દિવસ વીતે છે અને એંધાણી ઉકેલનારાઓ ઓળખી રહ્યા છે કે કાળા અને ગોરાઓ વચ્ચેના ખંડખંડના એક વિરાટ સંગ્રામનો વેશ સજીને નવું યુદ્ધ આવી રહ્યું છે.

જાપાને કબજે કરેલા દેશોને પાછા પોતપોતાના ગોરા માલિકોની એડી તળે આવી જવાનું ફરમાન થયું છે. ફરમાન હિંદી-ચીનને થયું છે, ફરમાન જાવા-સુમાત્રાના ટાપુસમૂહને થયું છે, ફરમાન મલાયા અને બરમાને થયું છે, અરે ખુદ આઝાદ ચીનના એક અંગ હોંગકોંગને પણ એ ફરમાન થયું છે. બ્રિટન, ફ્રાંસ અને હોલેંડના ગોરા મુલકોમાંથી એ ફરમાન એશિયાની રંગીન પ્રજાઓને કરાયું છે. લડાઇના વર્ષો દરમિયાન ધૂળચાટતા અને જખમોથી લોહીલુહાણ બનેલા ગોરાઓ હજી તો એમના ખરડાયેલાં અંગ પૂરા લૂછી પણ નથી રહ્યા ત્યાં આવીને હાજર થઈ ગયા છે એશિયાઇ ગુલામોની ગરદન ઉપર સવાર થઈ જવા.

પરાધીન પ્રજાઓના
પલટાયેલા દિમાગ

પણ લડાઇનાં વર્ષોમાં તો એક આખો યુગ વીતી ગયો છે. એક યુગમાં પણ જે કદાચ ન આવત તેવો પલટો લડાઈનાં ચાર જ વર્ષોમાં એશિયાની પરાધીન પ્રજાઓમાં આવી ગયો છે. નીચી મુંડીએ હળ ખેડનારી ગુલામોની પેઢીઓ એમની લાંબી આવરદા પૂરી કર્યાં વિના જ એકાએક ચાલી નીકળી છે. અને ચાર જ વર્ષમાં એક નવી પેઢી યૌવનની પાંખો ફફડાવવા લાગી છે. જન્મીને જેણે ગોરાઓનો ઘમંડ શું છે તે નથી અનુભવ્યું એવી આ પેઢી છે. પોતે કાળાં છે માટે જ પોતાના મુલકમાં પોતે ગુલામ છે, માટે જ ગરીબ છે, માટે જ દુબળાં, લબાડ, જૂઠાં, એદી અને રોગિષ્ઠ છે; અને બીજાઓ ગોરાં છે માટે જ એ સર્જનહારનાં લાડકવાયાં છે, બળવાન છે, પરદેશોમાં રાજ્ય કરવાને સરજાયેલાં છે, સત્યનિષ્ઠ, ન્યાયી અને તવંગર છે એવું ગળથૂથીમાંથી ભણાવાતું ભણતર આ નવી પેઢી જરીકે પામી નથી. એક માત્ર ચામડાના રંગને કારણે પોતે બીજી કોઈ પણ પ્રજા કરતાં ઊતરતાં કે નબળાં છે એ વાત એમનાં ખુમારીભર્યાં મગજમાં સમાતી નથી. ઊંચી ગરદને અને ફૂલેલી છાતીએ દુનિયા સામે જોનારી આ પેઢી છે. શસ્ત્રોના બળ વડે સદીઓ પૂર્વે ગોરાઓ જે છાકો પૂર્વના દેશોમાં બેસાડી શક્યા હતા, અને પછીથી તો એ શસ્ત્રના નહિ પણ માત્ર છાકાના જ જોરે પોતાનું સામ્રાજ્ય જાળવી શક્યા હતાં, તેની તો આ નવી પેઢીને સ્મૃતિ સરખી પણ રહી નથી. અને જાણે કે એ સ્મૃતિ હવે પેઢીઓની પેઢીઓ સુધી ન વિસરાય તે માટે ફરી એકવાર ગોરાઓ એમના

શસ્ત્રસરંજામોના ઢગના ઢગ એશિયાની છાતી ઉપર ખડકવા માંડ્યા છે.

એશિયાઇ નવશક્તિ સામે સામ્રાજ્યવાદીઓનું જુથ

પણ પડકાર સામે પડકાર અને પ્રહાર સામે વળતો પ્રહાર કરવાનું આજ એશિયાએ બરોબર શીખી લીધું છે. ૧૯૪૨ની લડત માટે પોતાની પ્રજાને સો-સો સલામો કરી રહેલા હિંદના નેતાઓ દેશને નવી આવનારી લડતને આવકારવાનું કહી રહ્યા છે. બરમામાં પાછા ફરેલા અંગ્રેજ ગવર્નર સમક્ષ સહકારની પોતાની આખરી શરતો મૂકીને ત્યાંના તમામ રાજદ્વારી પક્ષોના સંયુક્ત મોરચા સમો 'ફાસિસ્ટ-વિરોધી સંઘ' નૂતન પ્રજાબળની ઓળખાણ અંગ્રેજ રાજ્યકર્તાઓને આપી રહ્યો છે. જે હિન્દી-ચીનમાં એની યુગો પુરાણી સંસ્કૃતિનો એક લીસોટો સરખો ત્યાંના ફ્રેંચ રાજ્યકર્તાઓએ રહેવા દીધો નહોતો, અરે જ્યાં ભાષા પણ એ દેશની ભુલાવીને સર્વત્ર ફ્રેંચ દાખલ કરી દીધી હતી એ હિન્દી-ચીનના ઓતરાદા અન્નામ પ્રાંતના નિવાસીઓએ પોતાના મુલકને ફ્રેંચમુક્ત અને સ્વતંત્ર જાહેર કરીને ફ્રેંચ સામે લડાઈ આદરી દીધી છે. જાપાનીઓ પાસેથી પડાવેલાં શસ્ત્રો લઈ લઈને એમણે દક્ષિણમાંના પાટનગર સાયગોન ભણી કૂચ માંડી છે. દક્ષિણમાંના થોડા ફ્રેંચો, બીજા અંગ્રેજો અને અંગ્રેજોના તાબેદાર હિંદી લશ્કરે મળીને એમની સામે મોરચા માંડ્યા છે. એટલું જ નહિ, પણ કાલ સુધી જે ભયંકર દુશ્મનો હતા એ જાપાની સૈનિકોને પણ આ અન્નામી દેશભક્તો સામે ગોરા વિજેતાઓએ જંગમાં ઉતાર્યા છે ગોળીબાર અને તોપબાજી ચાલુ છે ફ્રેંચ એકલા તો આ દેશભક્તોની તાકાત સામે ટકી શકે તેમ નથી. એટલે એમની વહારે ધાયાં છે અંગ્રેજ લશ્કરો. નવશક્તિ લઇને મેદાનમાં કૂદી પડેલા હિંદી-ચીનવાસીઓને એમણે જાણે સંભળાવ્યું છે: 'હજી વાર છે તમારે આઝાદ થવાની! ફ્રેંચને એકલા સમજીને એની ઉપર તૂટી પડયા હો તો ખાંડ ખાવ છો. અમ સરખાં મિત્રો ફ્રેંચોની પડખે છીએ. ગોરાઓના આ જૂથ સામે તમે નહિ ટકી શકો.'

બરોબર એજ શબ્દો જાવા-સુમાત્રાના દ્વિપસમૂહ ઇસ્ટ ઇંડીઝ ઉર્ફે ઇન્ડોનેસિયાને પણ ગોરાઓનું જૂથ સંભળાવી રહ્યું છે. ત્રણસો વરસથી જાવા-સુમાત્રા ઉપર રાજ્ય કરી રહેલા હોલેંડવાસીઓએ ત્યાંની બાળકસમી નિર્દોષ અને ભોળી પ્રજા ઉપર જે જુલ્મો ગુજાર્યા છે તેની કહાણી હિંદ ઉપરના અંગ્રેજ અમલના અત્યાચારોથી સવાઈ બને તેવી છે. જેને આપણે સુવર્ણદ્વીપ નામે ઓળખતા આવ્યા છીએ તે આ શ્રી-લક્ષ્મી-દેવીની સેજ સમી રળિયામણી ભૂમિનું હીર દરિયાપારથી આવેલા ડચ લોકોએ ચૂસાય તેટલું ચૂસ્યું છે. આજે પણ જાવા-સુમાત્રા જો સદંતર સંપત્તિહીન કે બેહાલ નથી બની ગયા તો તેનું કારણ ડચ-ચૂસણનીતિની કોઈ કમીના નથી પણ ચહાય તેટલી ચૂસી લ્યો તો પણ અખૂટ રહે એવી અક્ષયપાત્ર સમી સમૃદ્ધિવાન એ ટાપુઓની ધરતી છે. આ પ્રદેશની વસ્તી એટલી બધી દબાયેલી રાખવામાં આવી હતી કે જાપાનીઓએ આ જંગી ખજાના ઉપર તરાપ મારી ત્યારે ઘણી સહેલાઇથી એ એમના હાથમાં આવી પડયો હતો.

બ્રિટિશ બંધૂકોની ઓથે લપાયેલી ડચ સરકાર

ડચ અમલ દરમિયાન જે ગણ્યાગાંઠ્યા દેશભક્તો સરકાર સામે થવાનો કે પ્રજામાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરતા તેમને તાબડતોબ તુરંગમાં અથવા તો પાડોશમાંના સેંકડો નાના નાના ટાપુઓમાંના એકમાં લાંબી મુદતની અને જન્મટીપની સજાઓ સાથે ધકેલવામાં આવતા. જાપાનીઓએ આવીને આવા કેદી-દેશભક્તોને જેલમુક્ત કર્યા અને આઝાદ ઇન્ડોનેસિયાની એક જાપાનપક્ષી સરકાર તેઓમાંથી બનાવી. પછી તો જાપાનીઓના દિવસ ભરાઈ રહ્યા અને વિજયી અંગ્રેજ સૈન્યોની સાથે સાથે ડચ સરકાર પણ પોતાના તાબાના આ મૃત્યુલોકના નંદનવનમાં પાછી ફરી. પાછી તો ફરી, પણ એને માટે ઊભા રહેવાની ક્યાંય જગ્યા નહોતી. પરાજિત જાપાનીઓ તો બિચારા રાજ્યાસન ઊપર જેવા ચડયા હતા તેવા જ ઊતરી ગયા. તેઓ તો બહારથી આવેલા અને બંધૂકના જોરે રહેલા. બંધૂકના જોરે જ તેઓને પાછા ચાલી નીકળવુ પડયું. પણ સત્તાના સિંહાસને પોતાની સાથે જ એમણે જેમને બેસાડયા હતા તે આઝાદ ઇન્ડોનેસિયન સરકારના દેશભક્તો કેવી રીતે ત્યાંથી ઊતરે? તેઓ નતો બહારથી આવેલા હતા, કે નતો બંધૂકના જોરે ત્યાં ચડેલા હતા. પોતાની જ જન્મભૂમિમાં પોતાના જન્મસિદ્ધ હક્કને દાવે તેઓ ત્યાં બેઠા હતા. એ શેના નીચે ઊતરે!

સાત કરોડ ઇન્ડોનેસિયનોની

સ્વતંત્ર સરકાર

પચાણુ ટકા મુસલમાનોની વસ્તીવાળા આ દેશની આઝાદ સરકારના વડા હિંદુ માતા ને મુસ્લિમ-પિતાના ફરજંદ ડૉ. અહમદ રહેમાન સુકાર્નો છે. ડૉ. મહમ્મદ હાટા એમના નાયબ વડા છે. એમણે ડચ સરકારને અને તેમના મિત્ર અંગ્રેજોને જાહેર કરીને કહી દીધું કે, 'ઇન્ડોનેશિયા હવે આઝાદ છે. આ પ્રદેશની પ્રજા હવે અહીંનું રાજ ચલાવશે. ડચ સરકાર અમારે નથી ખપતી. અમારી ના છતાં પણ જો ડચ સરકાર જોરજુલમથી અહીં આવશે તો લોહી રેડાશે.' આ લોહી રેડાશે, ઇન્ડોનેસિયનોનું લોહી તો રેડાશે જ પણ પરદેશીઓનું પણ રેડાશે. કારણકે હારેલા જાપાનીઓને નિ:શસ્ત્ર કરીને તેમના હથિયારો અને દારૂગોળાના ભંડારો દેશભરમાંથી ઇન્ડોનેસિયન પ્રજાસત્તાકના લશ્કરે કબજે કરી લીધા હતા. કેટલેક સ્થળે જાપાનીઓ સાથે લડીને પણ એમણે બને તેટલા શસ્ત્રો હાથ કર્યાં હતા. જાપાનીઓને પકડીને કેદ કર્યા હતા. જાપાનીઓએ કેદમાં પૂરેલા ગોરાઓનો કબજો પોતાના હાથમાં લઈ લીધો હતો. સાત કરોડ ઇન્ડોનેસિયનોનો વહીવટ પણ એ પ્રજાસરકારે પોતાના હાથમાં લઈ લીધો હતો. એક પાટનગર બૅટેવિયામાં અંગ્રેજ લશ્કરો આવી પહોંચ્યાં હતાં—જાપાનીઓની શરણાગતિ સ્વીકારવા અને મિત્રસેનાના કેદીઓને મુક્ત કરવા. તે સિવાય જિલ્લાઓમાં, પહાડો અને જંગલોના અંતરિયાળોમાં આ પ્રજાસરકારની હકૂમત હતી.

સુકાર્નોની

સંયમભરી વાણી

ડચ બિચારા આંગળીને વેઢે ગણાય તેટલા હતા. ઇન્ડોનેસિયનોનું શસ્ત્રસજ્જ અને સુવ્યવસ્થિત સૈન્ય એમને ચપટીમાં ચોળી નાખે તેમ હતું. અને ક્રોધે ભરાયેલી પ્રજાનો ઝનૂની વર્ગ તો એકેએક ગોરાની કતલ કરી નાખવાના મતનો હતો. પણ એ સૌને વારી રાખ્યા ડૉ. સુકાર્નોએ, કારણ કે વિશ્વમત સામે પોતાના દેશની બેઆબરૂ એને થવા દેવી નહોતી. ઉતાવળિયું પગલું ભરીને નાહકની ખૂનરેજી એને વહોરવી નહોતી. પોતાની આઝાદી માટે માત્ર પોતાની તાકાત જ નહિ પણ દુનિયાની શુભનિષ્ઠાની પણ પોતાને જરૂર પડશે એમ એ જાણતા હતા. હૉલેન્ડવાસીઓ કે બીજા ગોરાઓ કે બીજા કોઈ પણ પરદેશીઓ સાથે પોતાની સરકારને લેશમાત્ર વેર નથી, જેને રહેવું હોય તે સુખેથી દેશની પ્રજા સાથે એક બનીને રહી શકે છે, પણ પરદેશી હકૂમત તો કોઈ કાળે હવે ઇન્ડોનેસિયનો નહિ સાંખી લ્યે એવી સંયમી વાણી એના મુખમાંથી વહ્યા કરતી હતી. માનભર્યું સમાધાન થાય અને દુનિયાના સૌ સ્વતંત્ર દેશો ઇન્ડોનેસિયાની પ્રજાસત્તાકનો સ્વીકાર કરી લ્યે એવી એની ભાવના હતી. તેમ છતાંય વખત આવે તો પોતે અને ડચ સરકાર હિસાબ પતાવી લ્યે ત્યારે બીજા કોઈ વચમાં ન પડે એની એમણે ખાસ તકેદારી રાખી હતી. એ વાત લક્ષમાં રાખવાની વિનંતિ વારંવાર એમણે બ્રિટિશ લશ્કરને કરી હતી, કારણ કે બ્રિટિશ લશ્કર જાવાની ભૂમિ ઉપર ઊતરી ચૂક્યું હતું.

સામ્રાજ્યોનાં

સંયુક્ત હિતો

એ જ અરસામાં બ્રિટનના યુદ્ધ પ્રધાન શ્રી લૉસન પૂર્વના પ્રદેશોની મુલાકાતે આવ્યા હતા. એમણે જાહેર કર્યું કે જાપાનીઓથી મુક્ત બનેલા દેશો તેમના જૂના માલિકોના હાથમાં સોંપવાનું કામ બ્રિટિશ લશ્કર કદાપિ કરનાર નથી. એમનું કામ તો જાપાનીઓની શરણાગતિ સ્વીકારવાનું અને યુદ્ધકેદીઓને સંભાળી લેવાનું જ રહેશે. પણ એ વાણી ઠગારી નીવડી. એ વાણી સાંભળીને બેસી રહેનારા ઇન્ડોનેસિયનોની ભૂમિ ઉપર વધુને વધુ બ્રિટિશ તેમજ હિંદી લશ્કરોના ધાડાં ઉતારવા લાગ્યા. તોપો, ટૅંકો અને વિમાનોની સંખ્યા દિવસે દિવસે વધતી ચાલી. બરાબર ગોઠવી લીધા પછી બ્રિટનની સમાજવાદી સરકારના વડાપ્રધાન શ્રી ઍટલી બોલ્યા કે જાપાનીઓથી મુક્ત બનેલા પ્રદેશો એમના અસલ માલિકોના હાથમાં પાછા સોંપવાનું અને ત્યાં વ્યવસ્થા જાળવવામાં એ સામ્રાજ્યવાદી મિત્રોને મદદ કરવાનું કામ બ્રિટન કરવાનું જ છે. શ્રી લૉસને જો આ સિવાય બીજું કાંઈ કહ્યું હોય તો તે આ સરકારની સત્તાવાર નીતિ છે નહિ. એ પછીથી જાવાના એક બંદરી શહેર સુરબાયામાંના ઇન્ડોનેસિયન સૈનિકોને તાબે થઈ જવાની મુદતબંધી ચેતવણી આપ્યા બાદ તેમની ઉપર બ્રિટિશ વિમાનોનો બૉમ્બમારો શરૂ કરાયો છે. બ્રિટનનું લશ્કર પણ ઇન્ડોનેસિયનો સામે લડી રહ્યું છે. ગોરા બિરાદર સામ્રાજ્યવાદની વહારે વધુ એક વાર બ્રિટિશ સરકાર દોડી છે.

આ બધુ દેખાય છે તેથી ઘણું વધારે સૂચક છે. ડચ સામ્રાજ્યની પુનઃસ્થાપનામા શામિલ થના પછી બ્રિટનની કોઈ પરોપકાર ભાવના નથી ડચ સામ્રાજ્યને સ્થાને એટલા પ્રદેશમા કોઈ એશિયાઈ પ્રજાનું સ્વરાજ સ્થપાય એમા બ્રિટિશ સામ્રાજ્ય ઉપર જ ભય વધે છે સુમાત્રા ટાપુની લગોલગ પડેલો સિંગાપુર અને મલાયાનો સામ્રાજ્ય-ટૂકડો બ્રિટનને હજી સાચવવો છે જ્યારે ઇન્ડોનેસિયા સ્વતંત્ર હશે ત્યારે પછી મલાયાની પ્રજા ઝાઝા વર્ષ ગુલામીમા નહિ ગાળે એ દેખીતુ છે બકે એશિયાના કોઈ પણ ખુણામા આઝાદીની ઝાખી દીવડી પ્રગટવા દેવી એ બ્રિટિશ સામ્રાજ્ય માટે તો ખતરનાક જ છે આ રીતે સામ્રાજ્યો એક બીજાની ઓથ લઇ રહ્યા છે અને ભીડ પડે ત્યારે ભેરૂ બની રહ્યા છે એ એશિયાની પ્રજાઓને માટે એક દૃષ્ટાંત બની ગયુ છે

એશિયાના પરાધીન રાષ્ટ્રોનો પરિષદ

આઝાદ હિંદ સેનાની માફક એક આઝાદ બરમા સેના પણ જાપાનીઓએ બરમામા ઊભી કરી હતી શરૂઆતમા જાપાનીઓમા ઇતબાર રાખનારી આ દેશભક્તોની સેનાએ જ્યારે જાપાનીઓને સાચા સામ્રાજ્ય-વાદી સ્વરૂપે પિછાન્યા ત્યારે એમને પક્ષેથી ખસી ગયા અને પાછા ફરી રહેના મિત્રસૈન્યોનો સહકાર કર્યો પરિણામે આઝાદ બરમા સેનાને અંગ્રેજોએ કાંઈ સજા નથી કરી પણ બ્રિટિશ તાબેદાર બરમી ફોજમા એમને પુન પ્રવેશ કરવા દીધો છે એ આઝાદ બરમા ફોજના વડા સેનાપતિ ઑંગ સાન રાજકારણમા પડવા માટે હમણા જ પોતાના એ લશ્કરી હોદ્દાનો ત્યાગ કરીને ફાસિસ્ટ-વિરોધી સઘના પ્રમુખ બન્યા છે ઑંગ સાને એક જાહેરાત કરી છે કે એશિયાની પરાધીન પ્રજાઓ મળીને ઓછામા ઓછા સમયમા આઝાદી મેળવવાની ચળવળની યોજના કરે તે માટે એક પરિષદ બોલાવવી જોઇએ —

'એશિયાના દક્ષિણ-પૂર્વના દેશોની એકતાની જરૂર અત્યારે ઘણી અગત્યની છે પરાધીન પ્રજાઓની પરિષદને પરિણામે આપણે એક યોજના ઘડી શકશુ અને પોતપોતાના દેશની આઝાદી મેળવવામા એક બીજાને મદદ કરી શકશુ આ પરિષદમા હિંદુસ્તાન, બરમા મલાયા સિયામ, હિંદી ચીન, ઇન્ડોનેસિયા, સીલોન, ફિલિપાઇન્સ અને ચીનનો સમાવેશ થવો જોઈએ જાપાનમા જો લોકશાહી સ્થપાય તો એ દેશને પણ એમા સ્થાન હશે. ચીન, જાપાન અને કદાચ ફિલિપાઇન્સ સામે કાંઈક જુદા પ્રશ્નો છે, છતા એશિયામા બે રાજદ્વારી જૂથ ઊભા થાય એમ હુ ઇચ્છતો નથી આપણે સહુએ સાથે ઊભા રહેવુ જોઈએ કારણ કે આપણા બધામા અનેક સમાનતા છે સીધા પગલા અને અચળ નિરધારથી શુ પ્રાપ્ત થઇ શકે છે તે ઇન્ડોનેસિયામા લોકો સુખેથી બતાવી આપશે એમ લાગે છે'

એશિયાનો ઉદય કે અસ્ત હિંદુસ્તાનમાં જ થશે

આપણા રાષ્ટ્રપતિ આઝાદ અને બીજા રાષ્ટ્રીય નેતાઓએ આ સૂચન સહર્ષ વધાવી લીધુ છે અને શક્ય તેટલી વહેલી તકે આવી પરિષદ હિંદુસ્તાનમા બોલાવવાની તત્પરતા દેખાડી છે એમણે એ ઉમેર્યું છે કે આ પરિષદમા પશ્ચિમ એશિયાના બીજા દેશોનો પણ સમાવેશ કરવો ભૌગોલિક રીતે તો આ વિરાટ એશિયાઈ સમેલન માટે હિંદ એજ મધ્યસ્થ મિલન-સ્થાન છે પરતુ બીજી રીતે પણ એશિયા સમસ્તની ચાવી હિંદુસ્તાનમાજ છે આજે હિંદુસ્તાન ગુલામ છે અને તેથી બીજા એશિયાઈ મુલકોની આઝાદીની લડાઈમાં એ એક મોટી રૂકાવટ બની રહ્યુ છે હિંદની ગુલામીને કારણે તેના પાડોશીઓની ગુલામીમા પણ નવા પ્રાણ પૂરાતા રહે છે એજ રીતે જ્યારે હિંદ આઝાદ હશે ત્યારે એશિયાના બીજા પ્રદેશોની આઝાદી ઉપર કોઇ હાથ ઉગામી નહિ શકે એવો દિવસ આવશે અને જો ફરી એકવાર ઇન્ડોનેસિયન દેશભક્તો અને ડચ સરકાર વચ્ચે અથડામણ થશે તો આજની માફકજ હિંદી લશ્કર જાવા તો જરૂર પહોચી ગયુ હશે ફરક માત્ર એટલો હશે કે આઝાદ હિંદના સૈનિકો ત્યારે ડચ લશ્કરની સામે લડતા હશે પારકા મુલકોના ઝઘડામા પોતાના લશ્કરને સડોવવાનો જે શિરસ્તો પરાધીન હિંદે આજે પાડયો છે તે આઝાદ હિંદમા પણ બીજા સ્વરૂપે ચાલુ રહેશે જાવાનો રાષ્ટ્રવાદ મર્યો તો નહિ પણ જમ ઘર ભાળી ગયો—એવુ જાવાની ડચ સરકારને આજ નહિ તો આવતી કાલે જરૂર લાગશે

ઇન્ડોનેસિયાને કચડવામાં મદદ કરવાનો ઇન્કાર

એશિયાના સામ્રાજ્યપતિઓ જ્યારે સગઠિત બનીને પોતાનો બચાવ કરી રહ્યા છે ત્યારે એશિયાના ગુલામોમાં પણ એક બનીને પોતાની તાકાત અનેકગણી વધારવાની તમન્ના પ્રગટી રહી છે ખુદ ઓસ્ટ્રેલિયાના

ગોરા ખલાસીઓએ અને કામદારોએ ડચ જહાજો ઉપર માલ ચડાવવાની કે કામ કરવાની ના પાડી દઈને જે શરૂઆત કરેલી તેને પગલે પગલે ત્યાંના હિંદી અને ચીની ખલાસીઓ પણ ચાલ્યા છે. તે પછીથી મુંબઈની ગોદીમાંના ડચ જહાજો ઉપરના ખલાસીઓએ ઇન્ડોનેશિયામાં રાષ્ટ્રવાદને કચડવાનો સરંજામ લઈ જતા એ જહાજો ઉપર કામ કરવાનો ઇન્કાર કર્યો છે જો છૂપી ભરતી કરીને એ હડતાલ તોડવાનો પ્રયાસ કરાશે તો દેશભરના તમામ ખારવાઓ હડતાલ ઉપર જશે એવી ધમકી એમના મંડળ તરફથી સત્તાવાળાઓને અપાઈ છે. જાવામાં પોતાની સામે લડી રહેલા હિંદી સૈનિકોને ઉદ્દેશીને રાષ્ટ્રવાદીઓએ કેટલા ચોપાનિયામાં પંડિત નેહરુના શબ્દો ટાંક્યા હતા કે, 'હિંદી સૈનિકોથી જાવાવાસીઓ સામે લડી શકાય નહિ તમારી અને અમારી લડત એક જ છે.' એવા પણ ખબર આવ્યા છે કે જાવામાંના હિંદી મુસ્લિમ સૈનિકોએ જાવાવાસીઓ સામે લડવાનો ઇન્કાર કર્યો છે જાવામાંથી હિંદી લશ્કર ખસેડાઈને તેને સ્થાને ગોરું સૈન્ય ધકેલાઈ રહ્યાની જાહેરાત ઉપલા સમાચારને પુષ્ટિ આપે છે જાવામા વસતા ચીનાઓ પોતાની એક ટુકડી ઊભી કરીને ચીની રાષ્ટ્રધ્વજને મોખરે રાખીને રાષ્ટ્રવાદીઓ સાથે ખભા મિલાવીને ગોરાઓ સામે લડી રહ્યા છે એવા પણ ખબર આવ્યા છે

એશિયાના મંગલ ભાવિની આથી વધુ કઈ વધામણી હોઈ શકે? એશિયાને એક બનાવીને એનો વિજય-નાદ લલકારવાનું બીડું ગઈ કાલે કલંકિત જાપાને ઝડપ્યું હતું. પણ એના નાપાક હાથ તો આ પુરાણા ખંડની સૂતેલી પ્રજાઓને ઢંઢોળી જગાડવાને બદલે એમની ગળચી દાબી દેવા અને એમની ડોક મરડી નાખવા તરફ વળ્યા. આજે હવે ફરી એકવાર, જાગેલા એશિયાને વિજય-મંઝિલ ભણી દોરી જવાનું બીડું પૂર્વની આલમ-કચેરીમા ફરી રહ્યું છે..... ચીન.. બરમા. હિન્દીચાન.. ...હિંદુસ્તાન...ઇન્ડોનેશિયા કોના હાથ એ બીડું ઝડપશે?

એશિયાને મળે છે—
આઝાદી નહિ, બોંબરો

ફિરી બૂમલા નામની મુંબઈની ત્રેવીસ વરસની એક ગ્રેજ્યુએટ કન્યાએ લંડનમાં મળેલી ચોસઠ દેશના પ્રતિનિધિઓવાળી વિશ્વ-યુવક પરિષદમા જે ભાષણ કર્યું છે તેને લંડનના 'ન્યુઝ ક્રોનિકલ' અને મજૂર પક્ષના વાજિંત્ર 'ડેલી હેરાલ્ડે' ઘણુ અગત્યનું સ્થાન આપીને એની તસ્વીર સહિત છાપ્યુ છે આ પારસી કન્યાએ ઉચ્ચારેલી નિડર વાણી આજે પ્રત્યેક હિંદી અને એશિયાવાસી યુવાનના દિલમા ઘોળાઈ રહેલી લાગણીનો પડઘો પાડી રહી છે :—

'જાપાનીઓનો સામનો કરવામા બરમા, મલાયા અને ઇન્ડોનેશિયાની પ્રજા મોખરે રહી હતી પણ જાપાનીઓના કબજામાથી એમને મળેલી મુક્તિ એ દેશના યુવાનો માટે આઝાદી નથી લાવી, પણ ડચ સામ્રાજ્યવાદની સેવામાના બ્રિટિશ અને અમેરિકન બોમ્બર-વિમાનો લાવી છે આઝાદી અને લોકશાસન મેળવવા માટે આપણે રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની દોસ્તી મજબૂત બનાવવાની છે ઓસ્ટ્રેલિયન, હિંદી ચીની અને ઇન્ડોનેશિયન ખલાસીઓ અને ગોદી-કામદારોએ ઇન્ડોનેશિયનો સામે વપરાનારા દારૂગોળા જહાજમા ચડાવવાનો સામુહિક ઇન્કાર કરી દીધો એ આવી દોસ્તીનું સૌથી જ્વલંત દૃષ્ટાંત છે'

ઇન્ડોનેશિયા માટે આજે વિદેશોમાં જ્યાં જ્યાં વ્યાપક સહાનુભૂતિ ઊભી થઈ છે એમા મોખરે છે હિંદ અને ઓસ્ટ્રેલિયા અમેરિકા આ આખા પ્રદેશમાં, પોતાનું લશ્કર ન હોવાથી સીધી રીતે સંડોવાયેલું તો નથી જ. પણ અમેરિકા તરફથી ધીરાણપટે મળેલા શસ્ત્રો અને દારૂગોળાને જ ડચ અને બ્રિટિશ લશ્કરો ઇન્ડોનેશિયનો સામે વાપરી રહ્યા છે એની શરમ પણ અમેરિકાને જ જાય છે પરિણામે અમેરિકન સરકારે એ બે લશ્કરોને સૂચના આપી કે શસ્ત્રસરંજામ ઉપરથી 'મેઇડ ઇન અમેરિકા' (અમેરિકન બનાવટ)નાં લેબલ કાઢી નાખવા એ સૂચનાનો તરત જ અમલ થયો છે પોતાને અણગમતી પરિસ્થિતિ પેદા થાય ત્યારે રેતીમા મોઢુ ખુતાડી દઈને જાણીબુઝીને આંધળા બનવાની બિચારા પામર શાહમૃગની નીત-છેતરામણી ચાલ રમીને બળવાન અમેરિકા દુનિયાને નહિ છેતરી શકે. કારણ કે બ્રિટિશ વડાપ્રધાને જાહેર કર્યું છે કે ઇન્ડોનેશિયામા પોતે જે લશ્કરી પગલા ભરી રહેલ છે તેની સોંપણી એમને એમના મિત્રો (અમેરિકા, રશિયા વિ.) તરફથી જ થયેલી છે

કુંડું કથરોટને
હસે છે

બ્રિટનમા 'ટ્રિબ્યુન' નામના એક ઉદ્દામપક્ષી સામાયિકમા જાવાની પરિસ્થિતિ વિશે એક લેખ પ્રગટ થયેલો. બીજે અઠવાડિયે એ જ છાપામા એક ડચ વાચકનો પત્ર છપાયો .—

'જાવાવાસીઓ માટેની તમારી ચિંતાથી મને પણ ઘણું લાગી આવ્યું હતું પણ અમે એનું શું ? બ્રિટનની સમાજવાદી સરકારે કરેલી સૌપ્રથમ જાહેરાતોમાં એક એ હતી કે એ હોંગકોંગ પાછું કબજે કરવાના છે અને હિંદુસ્તાન ? તમે કહો છો કે તમે ત્યાંથી બહાર નીકળી જઈને પ્રજાના એક વર્ગને બીજા વર્ગ ઉપર જહાંગીરી કરવા દઈ શકો નહિ ત્યાં બંદોબસ્ત રાખવાનું તમારું કામ છે અચ્છા, તો પછી અહીંના મૂડીવાદીઓને હાથે કામદાર વર્ગનું શોષણ થાય છે તેમાં વચ્ચે પડવા રશિયા જો અહીં આવે તો તમે શું કહેશો ? મહેરબાની કરીને એટલું ન વિસારશો કે હોલેંડમાં સમાજવાદી સરકાર નથી, પણ બ્રિટનમાં તો છે બ્રિટનનો સમાજવાદ જો એના સામ્રાજ્યમાં જ શરૂઆત કરશે તો એની સચ્ચાઈમાં અમને ઇતબાર આવશે '

રહેમ માટેની અપીલોથી
આ ખાઈ સંધાશે ?

આઝાદ હિંદી ફોજના ત્રણ અફસરો ઉપર દિલ્હીમાં જેમના વર્ષે મુકદ્દમો-શરૂ થયો તે પહેલાં ત્રણ દિવસે પ્રસિદ્ધ થયેલા મુંબઈના 'ફ્રી પ્રેસ જર્નલ'ના અગ્રલેખમાંથી નીચેના શબ્દો ઉતાર્યા છે —

'આઝાદ હિંદ ફોજ'ના કેદીઓ તરફ રહેમ બતાવવાની અપીલ ગાંધીજીએ વાઇસરોયને કરી છે એ સમાચાર સાચા હોય તો ખેદજનક છે આઝાદી કાજે લડી રહેલા કોઇપણ ક્રાંતિકારી દેશના રાજકિય જીવનની અમુક બાજુ એવી હોય છે કે જ્યાં જરૂર અરજની નહિ પણ indictment ની હોય છે રહેમ માટેની અરજ એ તો એમ બતાવે કે આ માણસો કોઇ ભયંકર ગુનાના અપરાધી છે સરકારની રહેમ ઉપર પોતાની જાતને છોડી દેનાર માણસ પોતાના અધિકાર ગુમાવી બેસે છે અને સત્તામાંના માનવીઓની વ્યક્તિગત ધૂનો ઉપર પોતાનો આધાર રાખે છે

'દિવાની કોરટો કે લશ્કરી અદાલતો સમક્ષ જેમના મુકદ્દમા ચાલનારા છે તે હિંદીઓની જૂદી જૂદી ટૂકડીઓએ જે કાંઇ કર્યું છે તે દેશને ખાતર જ કર્યું છે વળી, તહોમત મૂકનારાઓના હાથ પણ સાફ નથી એ (કેદીઓ તરફ)ના ગેરવર્તનના અસંખ્ય અહેવાલોમાંથી દેખાઈ આવે છે હિંદની લાગણી અને બ્રિટનના નિર્ણયો વચ્ચેની ખાઈ એટલી બધી વિશાળ છે કે રહેમ માટેની અપીલોથી એ નહિ સંધાય.'

રહેમ માગું
તો લાંછન લાગે

જેમને માટે રહેમ મંગાઈ હોવાનું કહેવાય છે એ ખુદ આઝાદ હિંદ ફોજના કેદી સૈનિકોના દિલની વાત હમણાં જ કલકત્તાની જેલમાંથી છૂટેલા બંગાળી ધારાસભ્ય નિહરેન્દુ દત્ત મજમુદારે વર્ણવી છે સરદાર અમરસિંગ ગિલ અને જ્યોતિશચંદ્ર બોઝ ઉપર દુશ્મન જાસુસી ધારા અનુસાર છાને ખૂણે કામ ચલાવીને એમને ફાંસીની સજા ફરમાવી દેવામાં આવી હતી એના ખબર કોઈ કરતા કોઈને, એમના સગાને સુદ્ધાં આપવામાં આવ્યા નહોતા ફાંસીખોલીમાં પોતાના અંતિમ દિવસો વિતાવતા એ બે શુરા સૈનિકોને પોતાના છૂટકારા અગાઉ પોતે મળ્યા તે પ્રસંગની વાત આ ધારાસભ્યે કહી છે —

'અમે એક બીજાને સલામો કરી અને ભેટયા એક સ્મિતથી પોતાનું મોઢું તેજસ્વી બનાવીને બોઝે મને કહ્યું 'એટલું કરજો, મને ફાંસી મળે પછી મારી પત્નીને સેવાગ્રામ મહાત્મા ગાંધીની સાચવણ નીચે મોકલાવજો ત્યાં રહીને એ કાંઇક રચનાત્મક કાર્ય શીખે અને જે રાષ્ટ્ર માટે મરવામાં હું મગરૂબી લઉં છું તેની સેવા કરે' યુવાન ગિલના કુટુંબીજનો હિંદુસ્તાનના રહેવાસી નહોતા એણે મને 'જય હિંદ' કહીને આવકાર્યો, એણે કહ્યું કે કોઇ વાતની અરજ એને કરવાની નહોતી કે નહોતો કોઈ વાતનો પસ્તાવો કરવાનો ફાંસીખોલામાં રહેતાં ગિલના શરીરનું પણ વજન વધ્યે જતું હતું રહેમ બતાવવાની એક અરજી એની પાસે કરવાની કોશિશ થઈ હતી પણ એ અરજી ઉપર સહી કરવાની એણે આ શબ્દોમાં ના પાડી દીધી 'આઝાદ હિંદ ફોજનો સૈનિક રહેમ માટે એક પરદેશી સરકારને અરજ કરે તો તો એના ગૌરવને લાંછન લાગે '

લાલ કિલ્લાની લશ્કરી અદાલતના અપરાધીના પિંજરામાંના પોતાના ભાઇને કપાળે તિલક કરીને ભાઇબીજ ઉજવનારી કેપ્ટન સહગલની બહેનને, એ જ પિંજરામાં ઊભેલા મુસ્લિમ ભાઇ શાહનવાઝ અને શીખ ભાઈ ધિલનને તિલક કરવાની પરવાનગી જેઓ ન આપી શક્યા તેઓ રહેમ તો કઈ રીતે બતાવશે તેની પણ શંકા રહે પરંતુ મહાત્માજીએ લખેલ કાગળમાં શું હતું તે આપણે જાણતા નથી પોતાના દેશવાસી વીરોના પ્રાણ એ મને જેટલા વહાલા છે તેના કરતાં વધુ વહાલું એમને દેશનું ગૌરવ છે. એ ગૌરવનો ભોગ પોતે કદી આપે જ નહિ

બરમા જવા
ઉતાવળા ન થતા

બરમાના અધખૂંધા બારણામાંથી હિંદી વેપારીઓ અંદર પુનઃ પ્રવેશના મથી રહ્યા છે હમણાં જ એક ભાઈ કલકત્તા જતી ગાડી ઉપર મળ્યા એમણે કહ્યું કે નોકરી મળી ગઇ છે. 'ક્યાં ?' 'બરમામાં' માસિક રૂપિયા દોઢસો અને ખાવું પીવું ! શેઠે કહ્યું કે આજને આજ રવાના થઇ જાવ એટલે ભાઇ ઊપડ્યા હતા.

આ રીતે બરમામા જતા જૂના કે નવા વેપારીઓ કે વાણોતરોએ એ દેશની યુદ્ધ પછીની પરિસ્થિતિનો સાચો ખ્યાલ પામ્યા પછી જ પોતાનું સાહસ ખેડવું સલાહ કારક થઈ પડશે રંગૂનનો આ તાજેતરનો સમાચાર સંદેશો છે—

'દરેક વસ્તુના ભાવ આઠથી દસગણા ઊંચા ચઢી ગયા છે વાપરવાની વસ્તુઓ ભાગ્યેજ મળે છે અત્યારે જો કે પૂરતા ચોખા છે છતા આવતે વરસે ચોખા પૂરતા મળશે કે નહિ તેની બરમીઓને દહેશત છે, કારણકે ખેડાણ જમીનનો માત્ર પાંચમો ભાગજ આ વર્ષે વાવેતરના કામમા લેવાયો છે મજૂરી અને ઢોરની અછતનું આ પરિણામ છે અરધુ રંગૂન નાશ પામેલુ છે વિજળીની બત્તીઓ છે નહિ પાણીના નળ નથી, ગટરોની સગવડ નથી રહેવાની જગ્યા ક્યાય મળતી નથી જાપાની આક્રમણ વખતે બરમામા રહી ગયેલા હજારો હિંદીઓ આજે સ્વદેશ પાછા ફરવા આતુર છે ભારે મુસીબતો વચ્ચે તેઓએ જીવન વિતાવ્યુ છે અને આજે પણ વિતાવી રહ્યા છે પૂરતા જહાજો ન હોવાથી એમનુ પ્રયાણ દૂર ઠેલાતુ જાય છે'

બરમી નેતાની
નિખાલસ ચેતવણી

આ ઉપરાંત, આઝાદ હિંદી ફોજના હજારો સૈનિકો ઘરબાર વિના બરમામા ભમી રહ્યા છે, અનાજ તો હજુય મળે પણ કાપડ ક્યાય નથી મળતુ બરમા જઈ આવેલા હિંદી સરકારના એજન્ટ શ્રી જમનાદાસ મહેતાના કહેવા મુજબ લડાઈ પહેલા ત્રણ રૂપિયે મળતી લૂંગીના આજે ત્રીસ બેસે છે ખમીસ એંશી રૂપિયે વેચાય છે બરમાના રાષ્ટ્રવાદી નેતાઓ અને ત્યાની અંગ્રેજ સરકાર વચ્ચે પણ એક મડાગાંઠ પડી છે બરમાનો રાષ્ટ્રવાદ ઉગ્ર અને આખાબોલુ સ્વરૂપ પકડી રહ્યો છે નૂતન બરમાની એમની કલ્પનામા જે કોઈ દેશી–પરદેશી બંધબેસતો નહિ થાય કે આડખીલી રૂપ થશે એમની પ્રત્યે તેઓ ઓછી ને ઓછી સહન શીલતા દાખવતા જશે બરમાના તમામ રાજકીય પક્ષોનો જેમાં સમન્વય થયો છે તે ફાસિસ્ટ–વિરોધી સંઘના વડા ઓંગ સાને તાજેતરમા હિંદ પ્રત્યેને પોતાનો મૈત્રીભાવ દર્શાવવાની સાથોસાથ આ શબ્દો પણ ઉચ્ચાર્યા હતા –

'હિંદુસ્તાન અને બરમા વચ્ચે અમારે સહકાર જોઈએ છે રાજકીય અને આર્થિક ક્ષેત્રોમા આપણે સાથે મળીને કામ કરી શકીએ તેમ છીએ એમ અમને લાગે છે, અને આપણી વચ્ચે એટલી બધી સમાનતા છે કે આપણે સહકાર કરીએ એ તો સામાન્ય સમજની વાત છે અમે હિંદુસ્તાનને શક્ય તેટલુ જલદી સ્વતંત્ર બનેલુ જોવા માગીએ છીએ કોઈ દેશની પ્રજા સામે ભેદભાવ રાખવામા અમે બરમાના રાષ્ટ્રવાદીઓ માનતા નથી પણ જે હિંદીઓ બરમી પ્રજાજન તરીકેના હક્કો અને સુધે સાટે બરમામાના હિંદીઓના અધિકારો એ બેઉ મેળવવા માગતા હોય એમણે જાણી લેવુ જોઈએ કે એ બે વાત બની શકે નહિ બરમામાના જે કોઈ સ્થાપિત હિતો છે–હિંદી બ્રિટિશ કે ખુદ બરમી–તેનુ નિયંત્રણ તો અમારે કરવુ જ રહેશે એટલુ હુ હિંદુસ્તાનને અને દુનિયાને કહુ છુ અમે બરમીઓ હિંદુસ્તાનના રાજકારણમાથી એક વખત પ્રેરણા મેળવતા હતા, પણ આજે નથી મેળવતા કારણ કે અમારા પોતાના સંજોગોને અનુરૂપ અમે અમારી જાતને બનાવી છે'

એક સાચા બરમા–પુત્રની આ વાણી છે બરમા ગમે તેવુ નિકટનુ–સગી માના દીકરા જેવુ–હોય તો પણ એ શોષણ તો કોઈનુ ય નહિ સાંખી લ્યે જે દિવસે એ પ્રજાના હાથમા સત્તા આવશે તે દિવસે એક માત્ર અંગ્રેજોની ધૂંસરી ફગાવી દેવાઈ નહિ હોય પણ અંગ્રેજોને આધારે જે જે હિંદીઓ, ચીનાઓ અને બરમીઓ પ્રજાનુ શોષણ કરી રહ્યા હશે તે બધાયની પણ એ જ દશા થઈ હશે આજથી જ એ વાત નિખાલસપણે આપણે કાને જેણે નાખી છે એ જ આપણો સાચો ભેરુ છે પાડોશી દેશમા થોડા કડવા થવાને જોખમે પણ જેણે પોતાના રાષ્ટ્રનુ ગૌરવ જાળવી રાખવાની વાત પ્રથમથી જ કરી દીધી છે એ જ આપણી મદદનો સાચો હકદાર છે આપણને પણ એ જ વખત આવ્યે મદદ કરી શકશે આથી વધુ આશા–આસની જો કોઈ દેખાડે તો એને ઝાઝા માનના

સરદાર પટેલને
સીત્તેર વર્ષ

ગયે મહિને ગુજરાતે અને મુંબઈએ સરદાર વલ્લભભાઈ પટેલની સિત્તેરમી વર્ષગાંઠ ઊજવી સરદાર અને ગાંધીજીની વૃદ્ધાવસ્થા વચ્ચે પાંચ–છ વરસનો જ તફાવત છે એવુ માનવાની મન ના પાડે છે બારડોલીની નાકરની લડતથી માંડીને બેતાલીસના 'હિંદ છોડો' ઠરાવ સુધીમા ઉત્તરોત્તર વધુ વધુ વિશાળ પ્રદેશો ઉપર સરદાર પોતાનું સેનાપતિપદ શોભાવતા આવ્યા છે હિંદ છોડો વાળી લડત સરદારને તો આઠ જ દિવસમા પૂરી કરવી હતી અને પોતે તો માનતા જણાય છે કે જો લડત શરૂ થયા બાદ સરકારે એમને એટલા દિવસો બહાર રહેવા દીધા હોત તો કદાચ એ કામ પૂરુ પણ થઈ ગયુ હોત રણમેદાનમા

અનેક મહિનાઓ સુધી ચિક્કાર મેદનીને આકર્ષી શકી હતી એ સાચું છે. એનું કારણ હલકી ફિલ્મો માટેનો પ્રજાનો પ્રેમ વધી ગયો હતો એ નહિ પણ ઊંચી કોટિની ફિલ્મોની લગભગ ગેરહાજરી હતી તે છે પ્રજાની અભિરુચિ તો જે હતી એ જ છે એમ 'હમરાહી' જેવા ન્યુ થીએટર્સના સોહામણા ચિત્રને પીટક્યાસથી તે મોશ્કા સુધીના તમામ વર્ગોએ વધાવી લીધેલ તે પરથી જોઈ શકાય છે. સારુ મનોરંજન પિરસાતું હશે તો પ્રજા જરૂર ત્યાં પહોંચવાની. સારું નહિ મળે તો હલકા ભણી એવડા જોશથી એ ધપશે.

અમેરિકાએ કર્યું, કૉંગ્રેસ ન કરે!

પ્રજાને નાગરિક જીવનનું શિક્ષણ આપવા કે શહેરીપણાના સંસ્કારો એનામાં સીંચવા આપણી બ્રિટિશ સરકાર કાંઈ કરે એ આશા વધારે પડતી છે લડાઈના વર્ષો દરમિયાન સરકારે તૈયાર કરાવેલી અને સિનેમાઓ પાસે પ્રજાને ફરજિયાત દેખાડાવેલી ટૂંકી ટૂંકી ફિલ્મોનું કક્ષા, વિચાર, વિષય વગેરેનું ધોરણ ઘણું કઢંગું હતું. પણ આ કામ કૉંગ્રેસ જેવી રાષ્ટ્રીય સંસ્થા લોકશિક્ષણના એક વિભાગ તરીકે ઉપાડી શકે સરકારની સેન્સરશીપ કૉંગ્રેસના રાજકીય શિક્ષણને કદાચ રોકી શકશે, પણ રચનાત્મક કાર્ય, શહેર-ગામડાંની સફાઈ, રોગનિવારણ વગેરે વિષયોને લગતી પાંચ-દસ મિનિટની ટૂંકી ફિલ્મો કોઈ રાષ્ટ્રીય સંસ્થા તૈયાર કરાવે તો એના માર્ગમાં સરકારી વિઘ્નો ઓછાં મુકાવાનો સંભવ છે. છેલ્લા કેટલાક મહિનાઓથી મુંબઈની અમેરિકન યુદ્ધ-માહિતી-કચેરી તરફથી મજૂર-ચાલોથી લઈને શિક્ષિતોનાં મંડળો સમક્ષ આવી અનેક નાની-નાની ફિલ્મો વિના-મૂલ્યે અને હોંશે હોંશે દેખાડવામાં આવી હતી એના મોટા ભાગમાં અમેરિકાનો કે બીજા કોઈ પણ દેશનો પ્રચાર નહોતો એમ એને જોનારા હજારો કહી શકશે. પરદેશથી આવેલા માણસો જો એટલું અહીં કરી શક્યા તો આપણું સ્વદેશાભિમાન એથી ચઢિયાતું કામ કેમ ન કરી બતાવી શકે? સરકારે ફરજ પાડી ત્યારે એનાં 'ન્યુ-રીલો' ઇચ્છા-અનિચ્છાએ પણ પ્રજા સામે રજૂ કરનારા થીએટર-માલિકોએ શુદ્ધ રાષ્ટ્રભાવનાં પોષક ચિત્રો પોતાને ત્યાં ચાલતી મુખ્ય ફિલ્મોની સાથે સાથે બતાવવા તૈયાર રહેવું જોઈએ.

વિદેશ જતા વિદ્યાર્થીઓને ચેતવણી

ઑક્ટોબરની પાંચમીએ બ્રિટન જવા મુંબઈથી ઊપડેલા સૈનિક-જહાજમાં અપમાનકારી શરતો ઉપર સહી કરીને મુસાફરી કરવાનો ઇન્કાર કરનાર જે ત્રીસ હિંદી વિદ્યાર્થીઓનો ઉલ્લેખ આ નોંધમાં ગયે મહિને થયેલો તેમને પચ્ચીસ દિવસ બાદ ઊપડેલા બીજા એક જહાજમાં કૅબિન-વર્ગની મુસાફરી કરવાની સગવડ સત્તાવાળાઓએ કરી આપી હતી અને તેઓ આ વંચાતા સુધીમાં બ્રિટનને કિનારે સ્વમાની હિંદીઓ તરીકેની મગરૂરી સહિત ઊતરી પણ ચૂક્યા હશે.

નામોશીભરી શરતો ઉપર મતું મારીને આ ત્રીસની પૂર્વે બ્રિટન જવા ઊપડી ગયેલા બીજાઓ દ્વારા અપાયેલી પરદેશગામી હિંદી યુવાનોની નૈતિક કક્ષા વિશે ગયા મહિને અહીં ટકોર કરાયેલી. વિદ્યાભ્યાસમાં પણ તેઓમાંનો મોટો ભાગ કઈ કક્ષાએ બિરાજતો હોય છે તે અમેરિકાવાસી હિંદી વિદ્વાન ડૉ. તારકનાથ દાસે પોતાના દેશભાઈઓને લખેલા એક ખુલ્લા પત્રમાંથી જાણવા મળે છે —

'છેલ્લા કેટલાક મહિનાઓ દરમિયાન, અમેરિકન યુનિવર્સિટીઓમાં સ્કૉલરશીપ મેળવવામાં મારી મદદ માગતા હિંદી વિદ્યાર્થીઓના અને તેમના વાલીઓના કાગળો મોટી સંખ્યામાં મારી ઉપર આવ્યા છે તે દરેકને વ્યક્તિગત જવાબ હું લખી શકું તેમ નથી, અને હિન્દી વિદ્યાર્થીઓને અમેરિકન યુનિવર્સિટીઓમાં મોકલવા વિશેના મારા વિચારો દર્શાવવાનો સમય પાકી ગયો હોવાથી હું આ ખુલ્લો કાગળ લખી રહ્યો છું.

અભ્યાસમાં જેમણે પોતાની જાતને સામાન્ય વિદ્યાર્થીઓ કરતાં અનેક ગણી વધુ શક્તિશાળી સાબિત કરી બતાવી હોય તેવા વિદ્યાર્થીઓને અમેરિકન યુનિવર્સિટીઓ મર્યાદિત સંખ્યામાં સ્કૉલરશીપો આપે છે આવી સ્કૉલરશીપ મેળવવાની કોઈ સામાન્ય હિંદી વિદ્યાર્થી માટે જરાય આશા નથી કારણ કે હિંદી યુનિવર્સિટીઓ કરતાં અમેરિકન યુનિવર્સિટીઓનું ધોરણ ઘણું ઊંચું હોય છે હિંદના સામાન્ય ગ્રેજ્યુએટો અમેરિકન યુનિવર્સિટીઓમાં યશસ્વી પરિણામો નથી લાવી શકતા તેઓ જેમ તેમ કરીને પાસ થઈ જતા હોય છે. એક મહત્ત્વની અમેરિકન યુનિવર્સિટી છોડી જવાનું હિંદના કેટલાક ગ્રેજ્યુએટોને કહેવામાં આવેલું કારણ કે એમના અભ્યાસથી તેઓ પ્રોફેસરોને સંતોષી શક્યા નહોતા.. ગયે અઠવાડિયે અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ માટે આવેલા ૭૦ હિંદી વિદ્યાર્થીઓની મોટી ટુકડીમાં કેટલાક અંડર-ગ્રેજ્યુએટ હતા અને એક બંગાળી અંડર-ગ્રેજ્યુએટ છોકરીએ તો હજી જિંદગીનો બીજો દસકો પણ પૂરો નહોતો કર્યો, તેમજ એમનામાંનો મોટો ભાગ તેજસ્વી

વિદ્યાર્થીઓના સમૂહમાંથી પણ આવતો નહોતો એ જોઇને મને ઘણું જ આશ્ચર્ય થયું એ હિંદના સામાન્ય વિદ્યાર્થીઓ આવાને અમેરિકન યુનિવર્સિટીઓમાં ટોળે વળશે તો અમેરિકન યુનિવર્સિટીઓનો સંગમાં સારો ઉપયોગ તો તેઓ નહિ કરી શકે, પણ સરેરાશ હિંદી વિદ્યાર્થીની માનસિક શક્તિઓ વિષે ખરાબ અસર ઊભી કરશે પરિણામે, સાથેસાથ યોગ્ય વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ વધશે અને નુકસાન તો હિંદને જ થશે

'પૂરી લાયકાત ન ધરાવતા પોતાના પુત્ર-પુત્રીઓને માત્ર કીર્તિ કે કદાચ સારી નોકરી અપાવવા સારુ અમેરિકન ડીગ્રીની છાપ લેવા અહીં ન મોકલવાનું સૂચન હું મા-બાપોને કરું છું'

ડૉ. તારકનાથદાસ, શ્રી. કૃષ્ણલાલ શ્રીધરાણી, સરદાર જે. જે. સિંગ, વગેરે અમેરિકાવાસી હિંદી વિદ્વાનો ઉપર હિંદમાંથી વિદ્યાર્થીઓના થોકબંધ કાગળો જઇને અમુક યુનિવર્સિટી, અમુક કોલેજ, સ્કોલરશીપ, રહેવાનું-જમવાનું, લાગવગ-ભલામણ ઇત્યાદિની વિગતો માગતા હોય છે. એમાંના કેટલાકને તેઓ સૌજન્યભાવે જવાબ આપતા હોય છે. પરંતુ તેઓ ત્યાં મહત્ત્વની વિદ્યાભ્યાસિક, સામાજિક કે રાજદ્વારી પ્રવૃત્તિઓમાં ડૂબેલા હોય છે. એટલે આવી માહિતીઓ માગતા કાગળો-ના જવાબો આપવાનું કામ અમેરિકાની 'હિન્દુસ્તાન સ્ટુડંટ્સ એસોસિએશન' નામની સંસ્થા વતી શ્રી. પ્રબોધ મિત્ર (C/o કોલંબિયા યુનિવર્સિટી, ન્યુયોર્ક ૨૭, એન. વાય. યુ એસ. એ.) એ ઉપાડી લીધું છે. એર મેઇલથી કે કેબલથી જવાબ માગનારાઓએ તેનો ખર્ચ બીડવો જરૂરી છે.

આંકડાની છત,

માલની નહિ !

મકાનોના બાંધકામ ઉપર લડાઈ દરમિયાન મુકાયેલા ઘણા કડક અંકુશો થોડા વખત પૂર્વે જ હળવા કરવામાં આવ્યા હતા મકાનના બાંધકામમાં જરૂરી વસ્તુઓના જથ્થાની પરિસ્થિતિ ચાલુ વર્ષમાં કેવી રહી છે અને હવે પછીથી કેવી રહેશે તે વિશે સત્તાવાર આંકડાઓ બહાર પાડવામાં આવ્યા છે :—

'રેલ્વેઓના પુનર્નિયોજન માટેનો મોટો જથ્થો. તેમજ મધ્યસ્થ સરકાર, પ્રાંતિક સરકારો અને દેશી રાજ્યોની સરકારો માટેનો બીજો જથ્થો બાદ કર્યાં પછી ૧૯૪૬ દરમિયાન ૫,૮૫,૦૦૦ ટન પોલાદ નાગરિક વપરાશ માટે મળી શકશે. એજ રીતે નાગરિક વપરાશ માટે મુકાતા સીમેંટના જથ્થાનો આંક ૨ સવાલાખ ટન અંકાય માં આવે છે (૧ ટન ગ્રેનેટના ૭૫ ૧૯-૧૨-૪૫માં પાંચ રૂપિયાનો વધારો હમણાં જ કરવામાં આવ્યો છે) સીમેન્ટના કારખાનાને મળતા કોલસાની પરિસ્થિતિ જો સુધરશે તો એમના ઉત્પાદનમાં મહિને ૩૫,૦૦૦ ટનનો વધારો થવાનો સંભવ છે. અત્યાર સુધી લાકડાના ચાર પાંચથી ૭ લાખ ટન સરકારી અને લશ્કરી કામમાં વપરાતા હતા. આ જથ્થો હવે નાગરિક વપરાશ વાસ્તે વળશે. તે ઉપરાંત, સરકારી અને લશ્કરી કામમાં બિનઉપયોગી લાકડાની જે બીજી જાતો અત્યારસુધી નાગરિક વપરાશ માટે મળી શકતી હતી તે પણ શાહ્ન જ રહેશે ૧૯૪૪ દરમિયાન કોલસાનો વપરાશ ૨¾ કરોડ ટનનો હતો, ૧૯૪૫માં એ વધીને ૨¾ કરોડ સુધી પહોંચશે ૧૯૪૬માં હજી વધારો થવાની આશા છે અને જો વાહનવ્યવહારની પૂરતી સગવડ મળશે તો વધીને એ આંકડો ત્રણ કરોડ ટનની નજીક પહોંચી જશે. આમાંથી મુખ્યત્વે રેલ્વેઓ અને બીજી સરકારી જરૂરિયાતો બાદ કરતા આવતા વર્ષ દરમિયાન પ્રાંતોમાં દેશી રાજ્યો અને ઉદ્યોગોને મળીને દોઢ કરોડ ટન કોલસો મળી શકશે

માલની આવી છત ભાળીને રખે કોઈ મલકાઈ જાય. હજી તો છત માલની નહિ, માત્ર આંકડાની જ છે. આ બધી વસ્તુઓના વેપાર ઉપર એક યા બીજા સ્વરૂપના સરકારી નિયમનો હજી મોજુદ છે. તે ઉપરાંત, હુમાર-શાહી. અમલદારશાહી, રુશ્વતખોરી, સંઘરાખોરી અને કાળાં બજારના સો સો ગળણાંએ ગળાઇને જ્યારે આ લાખ્ખો કરોડો ટન તમારા ને મારા ઘરમાં પહોંચશે ત્યારે એનો હિસાબ કદાચ ઓમમાં જ માંડવાનો રહ્યો હશે.

આઝાદ ફોજે

ભણાવેલો પાઠ

આઝાદ હિંદ ફોજના જવાબદાર આગેવાનો પર ચાલતા વર્ષે મંડાયેલ મુકદ્દમાનું એક મંગલ ચિહ્ન એ છે કે તેમણે પોતાનો બચાવ કોઈ પણ કોમવાદી સંસ્થા તરફથી થવાના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો છે. હળાહળ કોમવાદ અને છૂતાછૂત આભડછેટનું જે ઝેર હિંદી લશ્કરમાં પ્રારંભથી જ સિંચાઇ પેસાઈ રહ્યું હતું તે ઝેરને રગેરગમાંથી નિચોવી નાખનારી આઝાદ હિંદ ફોજ આજે કોમવાદ પ્રાંતવાદ અગર કોઇ પણ વિભેદવાદને ન સ્વીકારે તે ગોબીતું છે. તેઓએ તો શાકાહારી ને માંસાહારી એવી જુદી પંગતો પણ તોડી નાખીને વગર મૂને એક જ પંક્તિએ પેતપેતાનાં ભોજનો લેવાની રસમ રાખી હતી ખાદ્ય એ તો મનુષ્ય માત્રની અંગત રુચિની તેમ જ પ્રકૃતિની બાબત છે એમાં મનને ગમે ન હોય નહિ શાકાહાર કે માંસાહાર મનગમતો ઉતરનો દરજ્જો નક્કી કરનારાં ધોરણો નથી. એ મોટો

આદર્શ આપણામાં ઊતરવા લાગ્યો છે, અંગ્રેજ સ્વભાવમાં દંભની કૃત્રિમતા સારી પેઠે ભળેલી હોય છે. ગોમાંતકના લેખકોમાં પોર્ટુગીઝ, સ્પેનિશ, ફ્રેંચ, ઈટાલીયન વગેરે લેટિન પ્રજાના સાહિત્યનો આદર્શ ઊતર્યો હોય તો આશ્ચર્ય નથી અંગ્રેજ સ્વભાવમાં શિષ્ટાચારનો દંભ હોય તો યે તે મને ગમે છે. કારણ કે દંભને કારણે પણ તેઓ એક પ્રકારનો સંયમ પાળે છે

સામે પક્ષે લેટિન માનસમાંની વાસ્તવવાદી નિખાલસતાનો વધારે દબી સંયમને મળે તો તે અનિષ્ટ છે એમ કોણ કહેશે?

ગોવા.માંનુ સાહિત્ય મને બહુ વાંચવા મળ્યું નથી તેને લીધે હું નિશ્ચિત અભિપ્રાય નહિ આપી શકું પણ ગોવામાંના સમાજનો મને પરિચય છે, તે ઉપરથી હું કહી શકું છું કે શિષ્ટાચારમાં ફરક હોય તો પણ મનુષ્ય જાતિ તો બધે સરખી જ હોય છે. ગોવાના લોકોની ભાષામાં, સહજ બોલચાલમાં પણ જે કાવ્ય દેખાઇ આવે છે તે તેમના સાહિત્યમાં પણ પ્રતિબિંબિત થયું જ હોવું જોઇએ પણ એક સમગ્ર પ્રદેશમાંના સાહિત્ય વિશે સર્વ સામાન્ય અભિપ્રાય જણાવી દેવાનું સાહસ અમે મહારાષ્ટ્રીઓ કરી શકીએ છીએ થોડી માહિતીના અને છીછરા અધ્યયનના જોર ઉપર અર્ધ સત્યના ઉદ્‌ઘોષ પેશ કરવાની ટેવ અમને લોકોને છે ખરાખોટા દોષ લાદીને પોતે શાબ્દ લેવાની ટેવ અમને લોકોને છે તે ધ્યાનમાં રાખીને અમારા ઉદ્‌ઘોષોને તમે બહુ મહત્ત્વ આપશો નહિ હું પણ મહારાષ્ટ્રીય છું. મારામાં પણ આ દોષ હોવાનો સંભવ છે તેથી મારી વિરુદ્ધ પણ ઉપરની મારી સૂચના વાપરવાની મારી તમને વિનતિ છે મારી પ્રતિષ્ઠા ભલે હણાય પણ સામાજિક જીવનને નુકશાન ન થવું જોઈએ અને સ્વકીયોનો વિચાર પ્રવાહ કલુષિત ન થવો જોઈએ

સાહિત્ય એ એક સામાજિક શક્તિ છે. દુર્બળતા અને પિશુનતાથી સમાજનું જેવું નુકશાન થાય છે તેવા જ પ્રકારના સાહિત્યથી પણ સમાજનું ભારે નુકશાન થાય છે તેથી સાહિત્યકારે પોતાની જવાબદારી સમજીને લખવું જોઈએ.

—ચાલુ.

વહેતાં પાણી [પૃષ્ઠ ૬૯૭ થી ચાલુ]

જાગ્યે. હતો. પણ રાજકીય કેદીઓ અને આઝાદ હિંદ ફોજ માટેના અને બીજાં ફંડોમાં પોતાની આ થેલી વિઘ્નરૂપ ન થાય એવા હેતુથી ખુદ જવાહરલાલે જ સામે ચાલીને આ થેલી આટલેથી જ બંધ કરવાની વિનતિ કરી હતી

જીવનભરના યોદ્ધાને અંજલિ

શ્રી નરસિંહભાઇ પટેલનું અવસાન ગુજરાતની બહુવિધ અંજલિને પાત્ર છે. આપણા પ્રાંતની રાષ્ટ્રીય જાગૃતિમાં એ પહેલી પેઢીના પુરુષ હતા ભાંગફોડવાદી વિચારોથી એણે પોતાના યૌવનને મોટા જોખમમાં મૂક્યું હતું પૂર્વ આફ્રિકામાં નાસ્યા જઈ ઘણાં વર્ષોના વસવાટમાં પોતે જર્મન ભાષા શીખી જઈ 'વીલ્હેમ ટેલ' વગેરેના ભાષાંતર કર્યાં સ્વ દીનબંધુ એન્ડ્રુઝનો ચાહ મેળવવાને પરિણામે ૧૯૨૦-૨૧માં એમણે કવિવર ટાગોરના શાંતિનિકેતનમાં શિક્ષકપદ મેળવ્યું હતું તે પછી પોતે ગુજરાતમાં આવી પાટીદાર કોમનું પ્રાણશોષણ કરનારી સામાજિક રૂઢિઓ સામે અવિરત સંગ્રામ માંડયો હતો સ્ત્રીસમાજનો પક્ષ લઇને ઝૂઝનારા એમના જેવા થોડા હશે વિચારોમાં શુદ્ધ બુદ્ધિવાદી હોઇ કરીને જ પોતે વિના ડરે 'ઇશ્વરનો ઈન્કાર' જેવું પુસ્તક આપ્યું હતું. બાળક જેવા આનંદી હતા વર્ષોજૂની ખખડેલ શરીરસંપત્તિ છતાં અંત સુધી પરાર્થે ઉદ્યમ કરી ખપી જનાર એ ગુર્જરી પુત્રના આત્માને શાંતિ ઇચ્છીએ

વિજ્ઞાનિકો પ્રત્યે : ઉદાસીન ઉદ્યોગપતિઓ

આપણા પ્રખ્યાત વૈજ્ઞાનિક સર શાંતિસ્વરૂપ ભટનાગરે હિંદી ઉદ્યોગપતિઓ વિશેની પોતાના દિલની આ વરાળ ગઇ તા. ૮મીએ કાનપુરમાં કાઢી હતી :—

'હિન્દી ઉદ્યોગપતિઓ' અશિક્ષિત હોય છે. આટલી ઓછી બુદ્ધિ છતા તેઓ આટલી બધી કમાણી કરી રહ્યા છે એ જોઈને હું તો ચોકી ઊઠયો છું. એ લોકોને તો માત્ર સસ્તા અથવા સેકન્ડહેન્ડ યંત્રોના સુચિપત્રોની પડી છે. એમાંથી એમને ઝટ પૈસા કમાઇ લેવા છે. વૈજ્ઞાનિક નિબંધો કે સંશોધનના સામયિકોની એમને કદી ય પડી હોતી નથી 'ઈન્ડીઅન જર્નલ ઑફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રીસર્ચ' (વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધનનું હિંદી સામયિક)ની ૯૦૦ નકલો તો અમેરિકનો ખરીદતા હોય છે. જ્યારે હિંદુસ્તાનમાં માત્ર ૧૨૦૦ નકલો જ વેચાય છે, અને તે પણ મુખ્યત્વે તો વિદ્યાર્થીઓ, વૈજ્ઞાનિકો અને શિક્ષણસંસ્થાઓમાં જ હિંદી વૈજ્ઞાનિકોના કાર્યમાં પરદેશીઓ વધારે રસ લેતા હોય છે.

'વૈજ્ઞાનિકો અને નિષ્ણાતોને નોકરીમાં રાખવાનું હિંદી ઉદ્યોગપતિઓ હજી હમણાં જ શીખ્યા છે પણ સરકારી નોકરી માંથી નિવૃત્ત થઇને એમને ત્યાં ભારે પગારે રહેનારા આઈ સી એસ ના માણસો પોતાને ત્યાં રાખવાને તેઓ વધુ આતુર હોય છે કારણ કે આ ઉદ્યોગપતિઓને તો એવા માણસોની જરૂર છે કે જે સરકારમાં લાગવગ ધરાવતા હોય, કોન્ટ્રાક્ટો અપાવી શકતા હોય અને સોદા કરી આવી શકતા હોય નિષ્ણાતો એમને નથી જોઈતા'

ડાહ્યા ઉદ્યોગપતિઓ માટે આથી વિશેષ ટીકાની જરૂર છે ખરી?

'મારી મેંદીનો રંગ ઊડી જાય ! સૂરજ ધીમા તપો—'

ટાંચણપોથીનાં વધુ પાનાં : છપ્તો હપ્તો

ઝવેરચંદ મેઘાણી

કરસનજી તેડાં મોકલે રે
      રાધા ! મારે મોલે આવ,
   રે રાધા ! મારે મોલે આવ.

ઓતર-દખણ થકી વાદળી રે
      ઝીણા ઝરમર મેહ
   રે ઝીણા ઝરમર મેહ

જાઉં તો ભીંજાય ચૂંદડી રે
      નીકર તૂટે રે સનેહ
   રે નીકર તૂટે રે સનેહ

પાણી ભીંજાય મારી ચૂંદડી રે
   • મારે રાખવો સનેહ
   રે મારે રાખવો સનેહ

ટાંચણમાંનું આ ગીત ૧૯૨૮નો ભાવનગરમાં લીધેલો એ એક જમાનો વસવાટ યાદ કરાવી રહેલ છે. મકાન-માલિક નવું ચણતર કરાવતા હતા, મજૂરણો ચૂનો ખાંડતી ખાંડતી તાલે-સ્વરે ને કાન્ગે આ ચણતર-મસાલાને રસતી હતી. ગવરાવનારી ૪૫ વર્ષની વય વટાવી ગયેલ, અર્ધબોખી હતી. કાળું કાટલું ઓરડું યાદ આવે છે. દેહ ઢાંકવા મિથ્યા મથતા સાડલાની માફક જ દેહની ચામડી તરડાયેલી હતી. અનામત હતો એક કંઠ.

'જાઉં તો ભીંજાય ચૂંદડી રે, નીકર તૂટે રે સનેહ !' —સ્નેહજીવનની એ સનાતન સમસ્યા છે. સાચો પ્રેમ પ્રશ્નના બે વિકલ્પ વિના સમસ્યાનો નિકાલ લાવે છે.

'પાણી ભીંજાય મારી ચૂંદડી રે
'મારે રાખવો સનેહ'

'મોલ્યાં'—એ એક જ શબ્દમાં આ પંક્તિઓએ, સિપાહીઓએ અને સોગઠાબાજીઓએ નિર્ભયપણાની કેટલી બધી મદ્ પત તાકાતની ઊર્મિ ભરી આપી છે! મામા પારના વામા પિયુ મેદાનને પહેલી વાર મળવા જતી મુગ્ધિકાએ પણ સિંધુનાં મધ્ય વહેનમાં મધરાતે ઓઘનેચ ઘડાનો આધાર ગુમાવ્યો હતો ત્યારે ગાયું હતું.

'ધરો ભગો ત ગોરીઓ—' ઘડો ભાંગ્યો તો ભેળવ્યો ! હું આપબળે તરીને આ ભયાનક સિંધુ-પ્રવાહ પાર કરીશ, પાછી તો નહિ જ વળું. મારો પિયુ વાટ જોઈ રહેશે.

ભાવનગરને ઘર-આંગણે ચૂનાની કૂંડીમાં ઘોડા પડે છે, અને બીજું એક ગીત એના તાલ-સ્વર-બોલની ત્રેવડી ધાર સિંચે છે—

ધૂપ પડે ને ધરતી તપે છે બના
ધૂપ પડે તો ધરતી તપે છે બના!
સૂરજ રાણા ધીમા તપોને !
      મારી મેંદીનો રંગ ઊડી જાય !

કોના હાથપગની હથેળી પાનીઓ પરથી સંસાર-સૂરજના ઉગ્ર સંતાપ આ મેંદીનો રંગ ઉડાડી લેતા હશે? કોઈક મિંયાની બીબીના જ તો ! મેંદીના લાલી શણગાર સજતી, એની થાળાના પોલીગોની ગરીબ રમિક સિપારણો મારી ગૃહસ્થ-સ્મૃતિમાંથી તરવરી આવે છે: સાત સાત રૂપિયાના પગારદાર પતિઓની એ સપારણો બે રીતે લાલી પ્રગટાવતી-મસાલા વાટીને, અને મેંદી વાટીને; Food & Sex મેંદીનો રંગ, એ તો છે મુસ્લિમ સંસ્કારની પ્રસાદી. ગીત પણ મિંયાનો જ નિર્દેશ આપે છે—

મિંયાં કે વાસ્તે લાલ્ડિયાં મંગવું બના !
   ×   ×   ×
મિંયા કે વાસ્તે પેડલિયાં મંગાવું બના !
   હા રે મારા સેજન જાય બાહર,
   હાં રે મારાં નેણાં ઝરે ભરપૂર.
સૂરજ રાણા ! ધીમા તપોને,
      મારી મેંદીનો રંગ ઊડી જાય

વિવેચનનો સૂર્ય-તાપ વધુ તપે અને આ ગીતનો મેંદી-રંગ ઊતરી પડે, એ બીકે વધુ કંઈ લખવું નથી. જોબન જેનાં ભરપૂર નીરે બહાર વહી જતાં હશે એવા નેણાંમાં જલબિંદુઓ જડાયેલાં રહેતાં હશે.

રાચણુ બીજું ટીપણી-ગીત આપે છે—

મોર આદુર દાદુર બોલે છે,
    ઝરમર મેવલો વરસે છે.
તમે જેસર ઓરા આવો રે
    એક તમારી અરજ કરું.
આગણીએ હોજ ભરાવું રે
    ચોકમાં ચંપો રોપાવું.
વીઝણલે વાહર ઢોળું રે
    ફૂલની સેજે પોઢાડું.

આટલી બધી સારવાર શાને માટે? આટલા માટે કે—

તમે ઘડીક મુજ પાસે બેસો રે
    હેઠા હેઠા મેલીને
તમને સાચી વાત સુણાવું રે
    જો રૂદિયામા રાખો તો
તમે જો રૂદિયામા રાખો તો,
    અમરત આવું ચાખો તો!

❧

હેઠા હેઠાં મેલીને મેં એ ટીપણી-ગીતો એકાદ પખવાડિયુ સાંભળ્યાં કર્યાં. રૂદિયામા જ રાખે ગયો. એમાંથી જન્મ થયો-મારી સૌ પહેલી સ્વતંત્ર ગીત-રચનાઓનો. દીકરી ઇંદુ ખોળે રમતી હતી; છએક મહિનાનું ફૂલ, ત્યારે ત્યાં, ભાવનગરમાં 'વેણીના ફૂલ' રચાયાં—

હોયે છે મોર કાળી વાદળી રે
    એક વાર ઊભા રો' રંગવાદળી!
વરસ્યા વિણુ શાને વહ્યા જાવ રે
    એક વાર ઊભા રો' રંગવાદળી!

એ ઋતુ-ગીત,

'નીંદરભરી રે સુવાડે સરી'
    'બેનીબાની આંખડી નીંદરભરી રે'

એ હાલરડું; અને

શિર ઝુંપ છે તલવાર,
    બીરાજી કેરી શિર ઝુંપેર.

એ શૌર્ય-ગીત તો રાત્રિયે સૂતા પહેલાં રચીને પ્રભાતે સ્વ. મિત્ર અમૃતલાલ દાણીની પાસે હોંશભેર લઇને દોડ્યો ગયેલો તે સાંભરે છે. એનું પ્રોત્સાહન પામીને વળતા જ દિવસે 'શિવાજીનું હાલરડું' બનાવ્યું, એક જ બેઠકે રચીને પછી જ ઊઠ્યો, દાણી પાસે ગયો. બોટાદકરની કવિતાનું લાલન કરનાર એ અમૃતલાલ દાણી હતા મારી આ કવિતા-કૂંપળોને પણ એ જ અમૃતલાલે અમૃતમય ઉત્સાહે સિંચી ઉછેરી. 'આવો આવો રે બહાદુર શ્રી બ્હેન હિંદવાણી!' નું-મારું ગીત ભાઇ અમૃતલાલના આત્માને સ્વરહિલ્લોળ પર ચડાવી ડોલાવી શક્યું હતું. પોતાના મહિલા-વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ-જેમાં કુમારિકાઓથી લઇ સુહાગણો વિધવાઓ પણ હતી-તેમની આગળ આ કૃતિઓ સંભળાવવા પ્રેરીને, આડકતરી તેમજ સીધી ઉભય યુક્તિ વડે મારામાં કવિતા સર્જકતાનો આત્મવિશ્વાસ રોપનાર પણ અમૃતલાલ દાણી હતા. દાણીનું એ ઋણ ન ચુકવાય તેવું છે.

❧

સામા માણસને પોતાની પ્રભા વડે આંજી દેવો, પોતાના તેજપુંજથી ચકિત, મુગ્ધ, સ્તબ્ધ બનાવી દેવો, પોતાનો નમ્ર આશ્રિત ભક્ત બનાવવો, એ સહેલ છે. સામા માણસની સુપ્ત શક્તિઓને પારખી લઇને પછી એની લાઘવ-ગ્રંથિનું આવરણ ઉખેડી લેવું, એનામાં નિજ-શક્તિભાન સંચારવું, અને એને આ નિજશક્તિના અતિભાનમાંથી ઉગારી લેતે લેતે સર્જનપ્રવૃત્તિને પંથે પળાવવો એ વિકટ કામ છે. દાણીમાં એ આવડત હતી. મારી કાવ્યસર્જકતાનો રોપ, સાધેસીધી રાષ્ટ્રોત્થાન ભાવની જોખમભરી ભૂમિમાં પડતો બચી ગયો, અને નિસર્ગસિદ્ધ બાળગીત, કૌમારગીત તેમજ દાંપત્યગીતની ક્યારીમાં રોપાયો એ સ્વ. દાણીના પ્રતાપ પત્રકારિત્વથી હું ત્યારે થોડો વખત આઘો ખસી ગયેલો-હતો. 'કિલ્લોલ' 'વેણીનાં ફૂલ'નો ફાલ એટલે જ સંભવિત બન્યો. રાષ્ટ્રભાવી કૃતિઓનો ઉગમ તો તે પછી, ફરી પત્રકારિત્વે ભીતર્યો ત્યારે, '૨૯-'૩૦ નાં વર્ષોમાં, 'જાગો જગના ક્ષુધાર્ત' અને 'કવિ તને કેમ ગમે!' એ અનુકૃતિઓ વડે સૌરાષ્ટ્ર સાપ્તાહિકનાં પહેલાં પાનાંને શણગારવા માટે થયો હતો. 'યુગવંદના' મને પ્રિય છે, પણ વેણીનાં ફૂલ ને કિલ્લોલ પ્રિયતર છે. જનમેદનીના પ્રાણમાં જલધિ-ઘોષ ગજાવતું—

જાગો જગના ક્ષુધાર્ત
    જાગો દુર્બલ અશક્ત
પૃથ્વીના પાટ પર
    કરાલ કાલ જાગે

અગર તો—

છેલ્લો કટોરો ઝેરનો
    આ પી જજો બાપુ!

એના કરતાં મનમાં મનમાં એકલા ગવાતું મારું—

મોરલા હો મુને થોડી ઘડી
તારો આપ અષાઢીલો કંઠ!
ખોવાયેલી વાદળીને હું
છેલ્લી વાર સાદ પાડી લઉં.

એ ગીત જીવનની વિફલતાઓ વચ્ચે વિશેષ આશ્વાસક બની રહેલ છે.

'૨૭–'૨૮ની આ બે સાલોનું એમ આટલેથી સમાપ્ત નથી થતું: સ્વ. દાણીને ખાતે જમા થયેલ બીજું એક મહાઋણ છે. 'મેઘાણીભાઈ, તમે લોકગીતોના ગરબા, રાસડા હાલરડાં વિ. પ્રદેશ ખેડો છો, પણ કાવ્ય-દૃષ્ટિએ ઘણાં વધુ ચડિયાતાં આપણાં લગ્ન-ગીતોને કેમ તપાસો.' આ હતી ભાઈ દાણીની વારંવારની ટકોર. લગ્નગીતોનો પ્રદેશ મારે માટે અણદીઠ હતો. એમાં મને પ્રવેશ કરાવનાર અમૃતલાલ એમનાં પત્ની જયાબહેને આ ગીત-ભવનનાં બારણાં ઉઘાડી આપ્યાં. સ્વ. દાણી સાચા પડયા. જયાબહેન જેમ જેમ ગાતાં ગયાં—

ધરતીમાં બળ સરજ્યાં બે જણાં
એક ધરતી બીજો આભ, વધાવો આવિયો
આભે મેહુલા વરસાવિયા
ધરતીએ ઝીલ્યા ભાર-વધાવો.

એ પહેલું ગીત,—

કૂવે તે ભરી રે વળાવડી
મોતીડે બાંધી પાળ
ઇસવર પીવે ધોતિયાં
પારવતી પાણીડાં જાય.

એ બીજું—ને પછી

એક દીઠો તે વર નો લે લે રે દાદા
ઊંચો તે નવ્ય નેવાં ભંગરે

એ પુત્રીહૃદયના આગળા ઉઘડાવતું ગીત—

કુંવારી ચઢી રે કમાડ
સુંદર વરને નિરખવા રે

એ સ્વયંવર ગીત:

કાળી શી કોયલ શબ્દે સોયામણી
આવે રે કોયલ આપણા દેશમાં

એ લગ્નજીવનના સાફલ્યનું શિવ મંગલ સ્મરતું ગીત: એમ જયા બહેન ગાતાં ગયાં તેમ તેમ જીવન-ચૂંદડીનાં ગહરૂસ વણાટમાં ઊપડતો આવ્યા. 'ચૂંદડી' નામના લગ્નગીત-સંગ્રહ પ્રજાને આપ્યા એ તો ઠીક, પણ એ ગીતોની સંજીવનીએ આ બળના વેરાન વચ્ચે આતમ-ભૂમિને રસવાનું જે ચિરકાલીન કામ બજાવે રાખ્યું છે, તેની વાત કરવા બેસતાં વાચા વિરમી જાય છે. કેટલીક વસ્તુઓ તો મૂંગાં મૂંગાં જ માણવા જેવી છે.

પછી તો 'ચૂંદડી'ની રંગઝાલકો ક્યાં ક્યાંથી ઊડી તે યાદ કરું છું. એક અજાણ્યા બહેને ઠેઠ બ્રહ્મદેશ-અક્યાબથી કાગળમાં એક ગીત સંગ્રહમાં નહોતું તે મોકલ્યું—

ગોરાં...વહુ તે...સાઈને વીનવે,
વારા ગામની સીમડી દેખાડ રાયજાદા રે
લાલ છેડો લટકાં કરે
તમે આપેરા ઓઢો ગોરી ઓઢણાં,
મારા છોગલાને છાયે ચાલી આવ મારી ગોરી રે
લાલ છેડો લટકાં કરે.

એ એક જ ગીતે મને નિહાલ કરનાર સૌરાષ્ટ્રણ બહેનનાં દર્શન અને સમાગમ તે પછી પંદર વર્ષે '૪૪માં અચાનક પામ્યો. ઘેર બેઠે ગંગાજી મળ્યાં. ચલાળાના લાખાણી પુત્રી સૌ. હેમકુંવરબહેન મગનલાલ. અને બીજો પરિચય તો એ કરતાં પણ વધુ વિસ્મયકર બન્યો. મંગલમૂર્તિ વિજયાબહેન દુર્લભજી પરીખ સાથેની અમારી લેણાદેવીના ચોપડામાં પહેલો આંકડો એક લગ્નગીતથી પડયો, સીધાં તો મને લખે પણ નહિ એટલાં બધાં અજાણ, તેણે એક ત્રીજા સ્નેહી દ્વારા 'ચૂંદડી'ના એક ગીતની ખંડિત પંક્તિઓ પૂરી પાડી અને વિશેષ થોડાં ગીતો લખી મોકલ્યાં. મારા, અને મુજ જેવાં અનેકના વિસામો બનનાર વિજયાબહેન-દુર્લભજીભાઈની દુનિયા મારાથી ઠેઠ નિરાળી. વચ્ચે આ લગ્નગીતોએ સેતુબંધ બાંધ્યો. ચલાળાવાસી ગં. સ્વ. મણિબેન પાસેથી મળ્યું અણ-કલ્પ્યું એક રસગીત—

લાડી! તમને કેસરિયો બોલાવે હો રંગભીની!
ઓરાં આવો મુજ પાસ
પાણી આવું તો મારા પાનુલિયા દુઃખે,
કેમ રે આવું વરરાજ!
મોકલાવું રે મારા અવલ વછેરા,
બેસી આવો મુજ પાસ

હમણાં જ એક અખબારમાં કવિ શ્રી ન્હાનાલાલના કોઈક વ્યાખ્યાનનો અહેવાલ જોયો. અંદર હતું કે

'મેઘાણીને મળેલા લોકગીતો તો બધા મારવાડની મેરાણી-દીધા છે' વાત દુ:ખિત છે. મારા ગીત લાવનાર માનવીઓના નામ તો મારા પ્રત્યેક સંગ્રહની પ્રસ્તાવનાઓમાં રજુ છે. એટલુ સાચુ કે શ્રીગણેશ કરાવનાર હતાં મેરાણી બહેન રેની બરડાના બગવદર ગામના. પણ હું કબૂલ છુ પ્રાતપ્રાતે મને સાંપડેલ છે રથજેરથળના ટહુકાર ટાયણુ-પાનાની આ વાર્તા એ બહુ મીઠી રહી છે ખવાસણો ને કાઠીઆણીઓ, વણિક ને બ્રાહ્મણ સ્ત્રીઓ, ઝાલાવાડ હાલાર અને ગોહિલવાડનુ પ્રતિનિધિત્વ કરનારી સ્ત્રીઓ, અનેક કંઠેથી હું પ્રસાદી પામ્યો છુ. બાકી મને તો બૃહદ્ ગુજરાતના વિવિધ પ્રતિનિધિઓ વિલક્ષણ રીતે ભેગા થયા છે.

❦

એક તો આ ભાવનગર-વાઘ દેળાની જ વાત છે. હું રહેતો તેની સામે જ નરોતમ ભાણુજીનો બંગલો. આજે જ્યાં કબૂતરખાના જેવા કૂડીબંધ બ્લોક ખદબદી રહેલ છે ત્યાં ઊંચો ટેકરો હતો. ટેકરા પર થોડીક ઓરડીઓ હતી ત્યાં રહેતા હતા 'મારવાડા' 'મારવાડા એવા તિરસ્કારદર્શી શબ્દે ઓળખાતા એ હતા પાલનપુરની ય પેલી મેરના વતનદાર રાજસ્થાની મજૂર લોકો. મોટે ભાગે દાણા બજારમાં અનાજ-થપ્પીઓની ભરેલ રેંકડીઓ ખેંચનારા એ 'મારવાડા ભૈરાના ગગને આરોહતા સ્વરો રાત વેળા સંભળાતા ને ઊંઘ ઊડી જતી. સ્વરોની એ સીડી પર ચડી જતુ મન જાણે કે તારાના ઝૂમખા તોડવા સુધી પહોંચી જતુ. સ્વરોમાં લહેરાઉં, પણ શબ્દો પકડી શકુ નહિ. હતા તો પડોશી પણ પહોંચુ શી રીતે? એ જ ટીંબા પરની સામી ઓરડીઓમાં રહેતા હતા દક્ષિણામૂર્તિ ભવનના થોડાક શિક્ષક શિક્ષિકાઓ. તેમાંના એક હતા કમળાબહેન, (જેણે '૩૨ કે ૩૩માં બોળતળાવમાં જળસમાધિ લીધી) આ બહેનને પૂછ્યુ કે આ મારવાડાના ગીતો મેળવવામાં મદદ કરશો? પણ તે માળે તો તદ્દન અજાણ્યાં એટલે એમણે કંઈ રસ લીધો નહિ. પછી બીતો બીતો એ ભાઈઓને ઉભરે ગયો. એના મરદોનો વિશ્વાસ મેળવ્યો. સ્ત્રીઓ ને પુરુષો મળીને કહે કે હા આવજો તમતમારે સાંભળવા. મકાનશુ એમાં શો વાંધો છે! ના અમને કાંઈ પણ સંકોચ નથી ખુશીથી આવો! પછી એમણે જે લગ્નગીતો, લગ્ન-ગીતો, આણા વળાવવાના ગીતો ગાઈ ગાઈ, શબ્દોથી પરિચિત બનાવી મને કાગળ પર ઉતારવા દીધાં તેણે મારી સામે ગુજરાત મહાગુજરાતને બદલે તો સમસ્ત રાજસ્થાન (પશ્ચિમ હિંદ)ની સાંસ્કૃતિક એકરૂપતાના આજે થઈ ગયેલ પૂર્ણદર્શનની તે માળે ઝાંખી કરાવી હતી. આજે પણ એના એક લગ્નગીતને હિલોળે મન ઝૂલી રહ્યુ છે.

પગે પગે વાવ સી ખોદાવુ
હો રૂપલી લાડી!
પગે પગે વાવડલી ખોદાવ
હો લાખેણી લાડી!
લઈ ચાલ્યા મારે દેશ!

નિર્જળી મરુભોમનો વરી વરરાજ એ પાણી-વિહોણા પ્રદેશથી ભય પામતી વધૂને આશ્વાસન આપે છે-'તારે પગલે પગલે કૂવા ગળાવીશ'

❦

એક સાંજે ટેકરે જઈ ચડ્યો. આ મારવાડાંને એક ઘરની મારવાડી સ્ત્રી અન્ય ઘેરે ઘેરે જઈને, વાટેલ મેંદીનો અકેકેક વાટકો આપતી હતી. પૂછ્યુ આ શુ? કહે કે દીકરીને તેડવા જમાઈ આવ્યા છે એ અવસરનાં ગાણા ગાવાના આમંત્રણ મેંદી દઈને નોતરા કરીએ. ઘરઘરની વહુ-દીકરીઓ મેંદી હાથે મેલીને પછી રાતી હથેળીએ ગીતો ગાવા અમારે ઘેર આવે. ચાલો, બેસો, સાંભળો એ ગાણા. પછી એમણે આમંત્રણી માડતા ભરપૂર સ્વરે જે ગીતો ગાયા તે આ હતાં-જાણે કે સ્વરો છેક ઊંચે ઊડતી કુંજડીને પહોંચવા ઊડવાના હતા.

ઊડતી કુંજડી અમારો રે કુંજલ!
એક સંદેશો લેતી જા!
જાય જમાઈને કેજો કે જે કુંજલ!
અમારી ધીડ્યુ ધાન ન ખાય
ખાજે ખારેક ટોપરા રે કુંજલ!
પીજ્યો ભેંસ્યારા દૂધ.
ખારા ખારેક ટોપરા રે કુંજલ!
મચળા ભેંસ્યના દૂધ

અર્થ-હે આકાશની કુંજડી એક સંદેશો લેતી જા. અમારા જમાઈને જઈ કહેજે કે હવે તો અમારી દીકરી વિરહની મારી ધાન પણ ખાતી નથી. જમાઈ જવાબ વાળે છે કે ધાન ન ભાવતા હોય તો તમારી

દીકરીને ખારેક ટોપરાં ને ભેંસોનાં દૂધ પવરાવજો. અરે જમાંઈ! ખારેક ટોપરાં ને દૂધ પણ બેસ્વાદ બન્યાં છે. માટે ઝટ તેડવા આવો.

બીજું આ ગીત જમાઈ દીકરીને તેડવા આવ્યો હોય ત્યારે ગવાય છે એમ કહીને ગાયું.

આજ તો ધરાઉ ધૂંધળો મોરી જેડર!
રે મોટી છાંટારો, મોટી છાંટારો વરસે મેઘ

સાસુડી સંદેશા મોકલે મોરી જેડર!
રે સાળીયાં,-સાળીયાં ઉડાડે કાગા કાગ.

માળવણ તો સંદેશા મોકલે મોરી જેડર!
રે એકાર, એકાર સાસરીએ પધાર

...આમરે મારગીએ મોરી જેડર!
ઝીણેરી, ઝીણેરી ઊડે ગલાલ.
જાવે તો જમાયાને આપણા કેજે મોરી જેડર!
એકાર, એકાર મેરાસીએ પધાર.

સંયોડી! મારી જેડર!
આખરીએ, આખરીએ બેદાણો ઘરે આવ
મારગીએ, મારગીએ રેલાણો ઘરે આવ
મારગીએ, મારગીએ નીલાણો ઘરે આવ!

આવે તે લખીઆ સાળાના સોળપ મોરી જેડર!
પાંખડીએ, પાંખડીએ સાળાના જુવાર

જાવે તો જમાઈજીને આપણા કેજે મોરી જેડર!
સાળા તો, સાળા સંધેયા આપણ દેશ.

આજ તો ધોવારે ઢોલીજી ધોતીઆ મોરી જેડર!
સવારે, સવારે સાળાંવાળો સાથ

આપે તો ચડો મહા મારા ઘોડલે મોરી જેડર!
મારી રે, મારી રે બાઈ રે વેલડીમાં જોતાવ!

અર્થ—આજ તો ધરતી પર ધૂંધળ છવાઇ છે. મોટે છાંટે મે વરસે છે.

સાસુ કહાવે છે, ને સાળીઓ જનેતી આવવાની વાટ જોતી કાગડા ઉડાડે છે.

માળવાની પુત્રી સંદેશો કહાવે છે, એક વાર તો સાસરે આવ

અમુક ગામને મારગે ઝીણી ગુલાલ જેવી ધૂળ ઊડે છે.

ઓ પ્રવાસીઓ, જમાઇને કહેજો કે એક વાર મેરાસીએ મળવા પધારે.

પહાડ ચોમાસાને નીરે બેદાઇ ગયો છે. મારગ રેલાઇ ગયો છે, મારગ હરિયાળી વનસ્પતિ વડે નીલાઇ ગયો છે, માટે ઘેરે આવ.

હે કુંજડી! તારી ચાંચ પર વહુના આછેરાના કપડા લખ્યા છે, ને પાંખો પર એમના જુહાર લખ્યા છે.

હે જેડર પંખી! જમાંઇને કહેજે કે સઘળા સાળા બહારગામના ધંધા નોકરીથી ઘેર આવી ગયા છે.

પછી એ સંદેશો વાંચીને જમાઇરાજ આજ કપડાં ધોવરાવે છે, ને સવારે સાળાઓના સંગાથમાં પહોંચે છે.

હે જમાઇ, તમે ચડો ઘોડે, ને મારી દીકરીને માટે વેલડી જોડાવો.

❀

જમાઇ તેડવા આવે તે અવસર પરનાં ગીતો આ સ્થળે પહેલાં જ જડયાં. એ સ્વરોમાં મને વિરહી નવવધૂઓની ઉત્કંઠ મનોદશાનો ચિતાર મળ્યો. મેંદી-નોતરાંની નવીનતા મળી. અને ગીતો તો વર્ષાઋતુનાં, લગ્નનાં, હાલાંનાં, જૂજવાં મળ્યાં. એક વાર તો પુરુષોએ પણ ગાયું, નાગજીનું ગીત.

નાગજી નામના એક મારવાડી વીરને એની પ્રિયતમા યુદ્ધમાં જતો રોકવા મથે છે. નાગજી નથી રોકાતો. લડાઇમાં ઝંપલાવીને કામ આવે છે.

હો રે નાગજી! તડક તડક તૂટયો ત્રાગ રે
વેરીડા! પાંચ પેરડા ને ઓઘે પણી રે!

હો રે નાગજી! ઘડી એક ઘોડલો થંભ રે
વેરીડા! ખાણું ઝાણું તમહીણો દેશ જો.

હો રે નાગજી! તાવડીઓ પાપી પડે ધીમ તપે રે
વેરીડા! ધરતી ઝળાવરણી તપે હો!

હો રે નાગજી! લટ ધૂંધરી છાંયા કરું રે
વેરીડા! ઘડી એક ઘોડલો થંભ જો!

હો રે નાગજી! સરજે સરજે દેવળીઆરો દેવ રે
નાગણી સરજે દેવળ માયલી પૂતળી રે
હો રે નાગજી! આપે એકણ મંદિર બેઠાં રેશાં રે

હો રે નાગજી! સરજે સરજે હીવડારો હાર રે
" " મું સરજું હીવડારો ડોરડો રે

હો રે નાગજી! થું સરજે કેળ માયલો કળીયો
" " મું સરજું કેવડારી કોબડી રે
નાગજી! આપે એકણ થાળે ઊગશાં રે

હો રે નાગજી સરજે સરજે વાદળીઆરો શોર રે
" " મું સરજું વાદળી માયલી વીજળી રે
નાગજી આપે એકણ વરસાળે આવશાં રે.

હો રે નાગજી! થે મોતી મેં લાલ રે
" " એકણ ડોરે પ્રોવશાં રે

હો રે નાગજી! થે આખા મેં દાળ
" " એક જ થાળે પરસીઆં રે

અર્થ—હો નાગજી ! તને રોકવા ઊઠી ત્યાં તો તડ તડ રેંટીઆનો ત્રાગ તૂટ્યો. પાંચ ટેરવાં (પેરૂઓ) પૂણીને ન ઝાલી રાખી શક્યાં.

હો નાગજી ! એક ઘડી થોડો થંભાવ. હે વૈરી ! તારા વિહોણું વતન સળગી જશે.

હો નાગજી ! આ ધોમ તાપ તપે છે. ધરતી ત્રાંબા વરણી બની છે.

એક ઘડી થોડો રોક, તો હું તારા પર મારી વાળ-લટોની ને ઘૂંઘટની છાંપડી કરું.

હે નાગજી ! તું સરજાજે દેવળનો દેવ, ને હું સરજાઈશ દેવળની પૂતળી. આપણ બન્ને એક જ મંદિરે ભેળાં રહેશું.

તું સરજાજે હૈયાનો હાર, હું સરજાઈશ એ હારનો મોતી-હીરો. એક જ કંઠે આપણે ઝૂલશું.

તું કેળ-વૃક્ષ, ને હું કેવડાની છડી—એક જ ક્યારામાં આપણે ઊગશું.

તું સરજાજે મોટું વાદળું ને હું બનીશ વીજળી. એક જ વર્ષાઋતુમાં આપણે સંગાથે આવશું.

તું મોતી ને હું માણેક : એક જ દોરે પરોવાશું. તું ચોખા ને હું દાળ, એક જ થાળીમાં પિરસાશું.

❀

જેમને 'મારવાડા' કહી હસીએ છીએ, જેમની હોળી-પર્વ પરની મહિનો મહિનો પહોંચતી રંગમસ્તીમાં એકલી અશ્લીલતા જ ઊકલીએ છીએ, અને જેમના ઉચ્ચારણો આપણને જંગલી, પરદેશી, કર્ણકટુ લાગે છે, તેઓના કંઠની નક્ષત્ર જેવાં મને આ રત્નો મળ્યાં. આ તો મજૂરો હતાં. પુરુષો ને ઓરતો બેઉ ભારભરી રેંકડીઓ ખેંચનારાં, જન્મભૂમિ અન્ન ન આપી શકી તેથી કાઠિયાવાડ ખેડનારાં. પણ આ ગીતો તેમના ચિરસાથી વતન ભાંડુઓ બની રહ્યાં હતાં. જન્મસ્થાનથી હજારો ગાઉ વેગળાં પડીને ય જો મૂળ ગીતો ગાવાને રહ્યાં હોય તો પછી માણસને દેશાન્તર ખટકે નહિ. મૂળ ધરતીના સ્વરો ને સુગંધ તેમને ખુમારી આપી રહે છે. એકેક ગીતનું સ્મરણ એટલે તો નાનપણમાં કંઈ ખેતરે કમાગ વાળતાં, ને કઈ ડુંગરીની ઓથે યૌવનમાં પ્રણય કરતાં તેની જૂની કલ્પના. મારવાડણો મને કહેતી હતી: 'ચોમાનું એમનું હોય, ખેતરમાં ઊભાં હોયેં, આકાશી વાદળી ચડે, વરસાદ મંડાય, અમે બધી સૈયરું દોડીને એમાં ડુંગરીના ઓથે ઊભીએં; ને પછી ગાઈએં.—

કાળુડી કાળુડી હો ! બાંધવ મારા કાજળીઆરી રેખ
ધોળી ને ધારડી બાંધવ મારા ! મેવર એ

વરસજે વરસજે હો ! મેહુલા આવાજી રે દેશ
જઠે એ માડીરો જાયો હળ ખેડે

વાવજે વાવજે હો, બાંધવ મારા ઊડાળી જુવાર
ધોરે ને વવાડો નાના કણુરી બાજરી

નીંદજો નીંદજો હો ! ભાભજ મારી ઊડાળી જુવાર
ધોરે ને નીંદાવો નાના કણુરી બાજરી

વૂઠા વૂઠા હો ! બાંધવ મારા આષાઢા હે મેહ
ભરિયા હે નાડા ને વાળા નાંડી

ભીને ભીને હો ! બાંધવ મારા પાઘડિયાળો પેચ,
ભીને હો ભીને હો મારી ભાભજ કેરી ચૂંદડી.

ભીને ભીને હો બાંધવ મારા રેશમીઆરી ડોર
ભીંગો ને ભીને રે ધોરો પારણે

નીપજે નીપજે હો ! બાંધવ મારા ! ઊડાળી જુવાર
ધારે ને બાજોડા સાચા મોતી નીપજે.

અર્થ—હે મારા પિયરવાસી ભાઈ ! કાળી કાળી કાજળના જેવી રેખાઓ ચડી છે, ને તેમાંથી ધોળી ધારનો મે વરસે છે.

(શું કાજળ આંજ્યાં નયણાંની અશ્રુ-કલ્પના !)

હે મેહુલા ! તું જઈને મારા બાપને ગામ વરસજે, કે જ્યાં મારો માડીજાયો હળ ખેડે છે.

(પતિને દેશ નહિ, પણ ભાઈને દેશ !)

હે મારા ભાઈ, ઊડાળી જુવાર વાવજે ને ધોરા પર નાના કણુની બાજરી વાવજે.

હે મારી ભાભી ! એ વાવેતરમાં નિંદામણી કરજે

હે મારા વીર ! આષાઢ મે હજ્યા ને નાળાં નદીઓ ભરાઈ ગયાં.

હે ભાઈ ! તારી પાઘડીના પેચ ભીંજાતા હશે, ભાભીની ચૂંદડી ભીંજાતી હશે.

તારા બાળકના પારણાની રેશમી દોરી ભીંજાતી હશે ને પારણામાં હે ભાઈ, તારો ભાણો ભીંજાતો હશે.

આશિષો દઉં છું કે હે ભાઈ ! તારા ખેતરમાં મોટે ડૂંડે જુવાર નીપજજો, માંહ્યાં મોતી સમા દાણા પાકજો.

આ સાચું મહાગુજરાત-દર્શન છે. ગુજરાત ગૌણ બની રહે છે. પશ્ચિમ હિંદ-રાજસ્થાન-સમસ્તની રગરગમાં સંચરતું સંસ્કાર-શોણિત મારાં પિંડને ને પ્રાણને ધબકતાં કરે છે.

'મેઘાણીનાં લોકગીતો તો બહુધા મેરાણી-ઈથી' એ વિધાનમાં થોડી ભૂલ ભાળું છું.

ગાંધીજીની ઉન્નતિનાં પગથિયાં

[અંગત જીવનમાંથી]

રવિશંકર મહારાજ

આજ સુધી ઘણા મહાપુરુષો થઇ ગયા. તેમનાં કોઇએ પોતાની જયંતી ઊજવવાનું કહ્યુ હોય એવું સ્મરણ નથી અને એ પણ સાચું છે કે આટલા મોટા પાયા પર દેશ અને દુનિયાભરમાં કોઈ જીવતા માણસની જયન્તી ઉજવાઈ નથી.

ગાંધીજયન્તી લોકોએ જ્યારે ઊજવવા માંડી ત્યારે ગાંધીજીએ કહ્યુ કે જો જયન્તી ઊજવવી હોય તો મારું નામ છોડીને ચરખા જયન્તી યા રેંટિયા જયન્તી ઊજવો. આ માટીનો દેહ જશે, અને એને લોકો ભૂલી જશે, તો દેશ અને દુનિયાને નુકસાન નહીં થાય, પણ રેંટિયાને લોકો અપનાવશે અને નહીં ભૂલે તો દેશ અને દુનિયાનો ઉદ્ધાર થશે. ત્યારથી રેંટિયાબારસ અને ચરખા જયન્તી-નામો અસ્તિત્વમાં આવ્યાં. તેમણે ચરખાને પોતાનું પ્રતીક ગણ્યું અને આ જન્મની ઊજવણીને બહાને પણ લોકો જો ચરખાનું રહસ્ય સમજશે તો જગતની સેવા જ થશે. એના ઉદ્ધારમા જગતનો ઉદ્ધાર છે. અને નાશમાં જગતનો નાશ છે. એમ લોકોને ઠસાવ્યુ.

આ મહાપુરષનું બાળપણ યાદ કરીએ છીએ તો તેનામાં બહાર તરી આવે એવું કોઇ લક્ષણ જણાતુ નથી.

તેઓ અંધારાથી-ભૂતથી ડરતા. નિશાળમાં ભણતા ત્યારે કોઈની સાથે ખાસ દોસ્તી નહીં, બીજા વિદ્યાર્થીઓ સાથે ભળતા નહીં, રમતનો શોખ નહીં, અભ્યાસમાં પણ સામાન્ય. નિશાળ બંધ થાય ત્યારે સીધા ઘેર જાય. શરમાળ પણ બહુ.

આમ તેમનું બચપણ જોઇએ છીએ ત્યારે આપણને જરૂર એમ લાગે છે કે આતો સામાન્ય વિદ્યાર્થી કરતાંય ઘણી બાબતોમાં પાછળ હતા. કેટલાય એમની ઉંમરના વિદ્યાર્થીઓ કહેશે કે અમે બીકથી ડરતા નથી, એમના જેટલા તો નથી જ ડરતા. અભ્યાસમા, રમતમાં અને બીજા વિદ્યાર્થીઓ સાથે ભળવામા આગળ છીએ. ત્યારે એ આગળ ક્યારે થઈ ગયા !

તે નોકરોની સોબતમાં બીડી પીતા થયા, આપણે પણ બીડી પીતા હોઇશું. તેમણે બીડી પીવા દેવું કર્યું. આપણેય મફતીયા બીડીઓ પીધી હશે. અને કેટલાક જેમ તેમ કરીને જ્યાંત્યાથી પૈસા મેળવ્યા હશે. તેમણે બીડીઓનું દેવું ભરપાઇ કરવા માટે સોનાનું કડું કાપવામાં પોતાના ભાઇને સાથ આપ્યો. આટલે સુધી તો ગાંધીજી આપણામાંના ઘણાની પાછળ લાગશે. પણ હવે તેમણે કૂદકો માર્યો, અને દોટ મૂકી. એ ચોરી કર્યા પછી તેમને ઊંઘ જ ન આવી. તેમને ભારે પાપ કર્યાનું ભાન થયું. આ વાત પિતા જાણશે તો તે પોતાનું માથું કૂટશે. પિતા માર મારે તો એટલુ દુઃખ ન થાય, પણ પોતે માથું કૂટે એ અસહ્ય લાગ્યું તેમ છતા એ ચોરી કબૂલ કરવી જોઇએ અને ફરી જિંદગીમાં અસત્ય આચરણ ન કરવાની પ્રતિજ્ઞા કરવી એમ તેમને લાગ્યું. પિતા ગંભીર માંદગીને બિછાને હતા. ત્યારે આ પ્રસંગ બન્યો તેમની કહેવાની હિંમત ન ચાલી, એટલે ચિઠ્ઠી લખીને આપી.

આમ કરવાથી તે સામાન્ય વિદ્યાર્થી કરતાં પાછળ દેખાતા હતા તે આગળ થઇ ગયા. આપણે તો કદાચ એમ વિચારશું કે ફરી નહીં કરીએ; પણ કોઇ નથી જાણતું તે ચોરી જાહેર કરવાની શી જરૂર? એ તો ભૂલાઇ જશે. ગાંધીજીને તો ચોરી કર્યા માટે પશ્ચાતાપ થયો, અને પ્રાયશ્ચિત કર્યું. તેમણે પિતાને ખાતર કબૂલાત ન કરી પણ પોતાને અર્થે કબૂલાત કરી. એમનું હૈયુ ડંખવા લાગ્યું. અને પિતા ન જાણે તોય અંતરાત્મા તો જાણે છે ને? એટલે પોતાના અંતરને વફાદાર રહેવા માટે ગુનાની કબૂલાત કરી અને ફરી તેવો ગુનો ન કરવાનું પણ લીધુ. આ આગળ વધવાનું એક લક્ષણ.

હવે બીજી વાત. નાનપણમાં એમનામાં એક ગુણનો વિકાસ બહુ દેખાય છે, જે ભાગ્યે કોઇનામાં દેખાય છે તે માબાપની સેવા.

હરિશ્ચંદ્ર અને શ્રવણનું નાટક વાંચીને તેમના જીવનમાં નવો પ્રકાશ પડ્યો. તેમને એ જોઇને આંસુ આવ્યાં. શ્રવણ અને હરિશ્ચંદ્ર જેવા થવાનું મન થયું. આવુ તો કદાચ બીજાઓને પણ થતુ હશે: પણ તેમણે તો આચારમાં મૂક્યું

પિતાના મૃત્યુની છેલ્લી પળ

સુધી તેમણે રોજ માજે પગ ચાપ્યા પિતા રાત્રે સૂવાની રજા આપે ત્યારે સૂઈ જતા આમ શ્રવણની જેમ સાચા સેવક બન્યા હતા અને એ સારવાર સેવાનો શોખ આજે ફૂલીફાલીને દુનિયાને ઠંડક આપી રહ્યો છે આ અનન્ય ભાવની સેવાથી તે આપણી આગળ થઈ ગયા

આગળ જતા તે માસ ખાય છે માસ ખાવાની પાછળનો ઉદ્દેશ મજબૂત બનીને દેશની સેવા કરવાનો છે અહીં તે પાછા પડયા જો કે આપણાથી તો તે વખતે આગળ હતા જ કેમકે તેઓ શોખ કે સ્વાદ કરવા ખાતર માસ ખાતા ન હતા પણ પરોપકારવૃત્તિથી ખાતા હતા

આવુ તો ઘણા વિદ્યાર્થીઓ માને છે અને કરે છે પણ તેમને થયુ કે આમા તો માબાપને છેતરવાનુ થાય છે માસ ખાધુ હોય ત્યારે ભૂખ ન લાગે અને ઘેર માબાપ ખાવા બોલાવે ત્યારે ભૂખ નથી એમ જૂઠુ કહેવુ પડે આવુ કહેતા તેમને થયુ કે આ તો અસત્ય બોલીને માબાપને છેતર્યાં એક તરફ દેશના ઉદ્ધાર માટે માસ ખાવાનું હતું અને બીજી તરફ માબાપને છેતરવાં પડતા હતા, તેમણે નિર્ણય કર્યો કે માબાપ જીવતા હોય ત્યાં સુધી માસ ન ખાવુ અસત્ય બોલીને માને છેતરીને દેશ સેવા નથી કરવી ગમે તે ભોગે અસત્ય આચરણ તો ન જ થાય, એ દિલમા સજ્જડ ઠસી ગયુ હતુ તેથી આ નિશ્ચય થયો

આપણને તો એમ લાગે કે એમા માબાપને શુ? અને એ ક્યાં જાણ વાના છે? ક્યા ઘેરથી પૈસા માગવા છે? અને જાણશે તોય દેશ માટે એવુ કરે છે એમ સમજશે અને પોતાના દીકરા વિષે અભિમાન થશે તેમને આવો વિચાર ન આવ્યો અને તેમણે માતાને ન છેતરવાનું મહત્ત્વનું ગણ્યુ. આ પગલુ તેમને આગળ લઈ જાય છે

વળી તેમને વિલાયત મોકલવાનો પ્રસંગ આવ્યો કોલેજમા બરાબર ફાવતું ન હોય અને પરદેશ જોવાનો મળતો હોય તો બધા વિદ્યાર્થીઓને એ ગમે અને તે વખતે જે આડે આવે તેમને જેમતેમ સમજાવીને જાય સાચા ખોટા વચન આપે, પણ જવાનો પ્રસંગ છોડવાનુ મન ન થાય ગાંધીજીએ તેમ ન કર્યું તેમણે માતા પાસે માંસ, મદિરા અને વ્યભિચાર ન કરવાની પ્રતિજ્ઞાને વફાદાર રહેવાનો દૃઢ સંકલ્પ કર્યો

માતા તો દેશમા હતા તેમને ખબર ન હતી કે પોતાનો દીકરો પરદેશમાં શુ કરે છે? અને કેમ રહે છે? પણ દીકરો પોતાની જાત પ્રત્યે વફાદાર રહ્યો અને મનમા ગાંઠ વાળી કે માતા ન જાણે તેથી શુ? મારાથી ખોટુ ન થાય

આ પ્રતિજ્ઞાઓ પાળવાની કસોટીઓ થતી ગઈ તેમ તેમ તેઓ કૂદકે ને ભૂસકે આગળ વધતા ગયા અને આપણે તો ક્યાય પાછળ રહી ગયા

વિલાયતમા વિદ્યાર્થી તરીકે બહુ આગળ કે હોશિયાર હતા એમ ન હતું તેમને તો શરૂઆતમા ગમતુ ન હતું અને રાત્રે છાનામાના રડતા ઘેર પાછા જવાના વિચારો આવતા કોઈની સાથે ભળતા નહીં શરમાતા, વાત કરવાનો પ્રસંગ ટાળતા પણ પેલી પ્રતિજ્ઞાઓ ભૂલતા નહીં તે વખતે મિત્રો બુદ્ધિથી પ્રતિજ્ઞાના જુદા જુદા અર્થ કરતા અને એમને ફસાવવા પ્રયત્ન કરતા પણ ગાંધીજીએ તો માતા વ્રતોનો જે અર્થ કરે છે તે અર્થને વફાદાર રહેવાનુ બળ કેળવ્યું અને બુદ્ધિથી થતા અર્થનો સ્વીકાર ન કર્યો, અને પોતાને વિષે મૂર્ખ, જંગલી, બાયડીઓ વગેરે વિશેષણોનો ઉપયોગ થયો તે સ્વીકારી લીધો, પણ મનમાથી ચળ્યા નહીં

તે એક ડોશીને કંઈક પરિચય થવાથી રવિવારે મળવા જતા તે ડોશીને આ વિદ્યાર્થી ગમી ગયા અને પોતાની દીકરી તેમની સાથે પરણા વવાનો વિચાર આવ્યો પણ એ વિચાર ગાંધીજી જાણી ગયા એટલે તેમણે મશ્કરી થવાના ભોગે પણ સત્ય હકીકત લખી જણાવી કે હું તો દેશમા પરણેલો છુ અને એક બાળકનો પિતા પણ છુ અને અત્યાર સુધી તમારી દીકરી સાથે કરેલ અઘટિત છૂટ લીધી નથી

બીજા વિદ્યાર્થીઓ આવે પ્રસંગે જાહેર કરે નહીં અને વ્યભિચારી બને ગાંધીએ જે સત્ય હતુ તે કહ્યુ અને આગળ વધ્યા

તેઓ આપણી જેમ કોઈ વખત ભૂલ કરી બેસે છે અને થોડા પાછા પડે છે પણ તરત તે સુધારીને કૂદકો મારી ઘણા આગળ વધે છે

આના પ્રસંગો લખવા બેસીએ તો ઘણા થઈ જાય ટૂંકમા આમ બધી કસોટીઓમા તેઓ પાર ઊતર્યા છે અને આગળ વધતા જ ગયા છે *

---

*નવરંગ વિદ્યાલયના વિદ્યાર્થીઓ સમક્ષ આપેલુ પ્રવચન તા ૧-૧૦-૪૫

નેશનલ સેવીંગ

'અવધૂત'

ગામના ચોરા આગળ એક મોટર ઊભી છે. પાછલા ભાગમાં ધૂમાડો, સવારની રસોઈ થઈ રહેવાની સાક્ષી પૂરતો નીકળી રહ્યો છે. હવામાં પ્રસરેલી સુગંધ મુઠિયાં તળાવાની ચાડી ખાઇ રહી છે. કોઇ લીલાં મરચાં સાથે આવે છે તો કોઈ શાક સાથે. એક માણસ લસણ ફોલે છે તો બીજો મસાલો વાટવાનો પત્થર ધૂવે છે નાયી દહીં સાથે દાખલ થાય છે તો કુંભારને માથે પાણીનાં બેડાં છે....એ ત્રણ અફસરો અંદર બહાર કરતા ધમાલમાં અભિવૃદ્ધિ કરી રહ્યા છે.

પરંતુ આગલા ભાગ પર તો પૂરેપૂરી શાન્તિ છે. એનો અર્થ એમ નથી કે ત્યાં કોઈ નથી. બલ્કે પાછલા ભાગ કરતાં અનેક ગણી સંખ્યા છે. ચોપાડમાં નાખેલ ગાદી તકિયા પર ઓફિસર લાગતો એક જુવાન માણસ સુરવાળ પર ખમીસ ચઢાવી ઉઘાડે માથે છાપું વાંચતો બેઠો છે. ડાબી બાજુએ હેટ અને બસ્તો પડ્યાં છે, તો જમણી બાજુ પર ત્રણેક કારકુન બેઠા છે. એક જણ આંકણીથી લીટીઓ દોરે છે તો એક જણ લખી રહ્યો છે. ઉકલે બેઠેલો કારકુન કામ કરવામાં મશગુલ હોય તેમ કાગળિયાં ગોઠવે છે. પણ એના કામનો પાર જ નથી આવતો. ઉપરનાં નીચે કરે છે તો નીચેનાં ઉપર કરે છે. તો વળી વચ્ચેથી પણ એકાદ બે તાણી કાઢે છે....

સામે–ગાદીને અડોઅડ એક વચ્ચે ઠીક ઠીક જગ્યા છોડી ઉંબર પર બેચાર ખેડુત બેઠા છે પણ તેય પૂરેપૂરા સંકોચ સાથે. એમની પાછળ ધોતલી સાફાના લગભગ એક સરખા લેબાસવાળા ચાલીસ પચાસ બીજા ખેડુત બેસી રહ્યા છે. નીચે ધૂળ અને કાંકરી છે જ્યારે માથા પર ઓતરા–ચિતરાના તાપ પડે છે. પણ કોઇનેય પેલી જાજમ ઉપર અરે જાજમ વગરની અડધી ખાલી ચોપાડમાં બેસવાની ઇચ્છા નથી. ઇચ્છા છે તો હિંમત નથી.

સાહેબે '...સ્ટેટ ગેઝેટ' બાજુ પર મૂકતાં સામે બેઠેલા એક વૃદ્ધ ખેડૂતને ઉદ્દેશ્યો: 'કેમ બેસી રહ્યા છો ગામેતી (મુખી)? આખા ગામનું ઉઘરૂં કરે નહિ પોસાય.' બાજુના કારકુન પાસેથી નામાવલિનું કાગળિયું લીધું. છેલ્લા આંકડા પર નજરે ફેરવતાં બોલ્યા: 'એક તો તમે અડધાં નામ છતાં રાખ્યાં છે.' બસ્તા પરથી એક ચોપડી લીધી. પાનું ઉઘાડતાં કહ્યું: 'જુવો–છોંતેર ઘરને બદલે તમે આખાં પાંસઠ લખાવ્યાં છે ને.'

'એઃહે (હશે) બાવસી. રાજના સોપડામાં ઉગે ઈ ખરૂં. પણ સાપરાં તો તણ વીહુ જ છે! પમે આપ ના માનો તો ધણી સો.'

'ખેર. બોલો, ચાલો તમારા કેટલા લખાવો છો?'

'હું (શું) લખાનું અનદાતાર!'–

'જુવો પાછા. એકવાર મેં, તમને કહ્યું કે આમાં કંઈ આનાકાની ચાલે એમ જ નથી ઝનાંય'– અને કારકુન તરફ જોઈ કહ્યું. 'લખો ગામેતીના પચાસ'–

પરંતુ રૂપિયા બોલાય તે પહેલાં તો ગામેતીએ માથા ઉપરથી ફાળિયું ઉતાર્યું: 'ગજબ થઈ જાય ને અનદાતાર! પસા તો મારા છપ્પરા પર ચાપડા (નળિયાં) ની છે. ઈમ નો કરો માબાપ.'

ગામેતી સાથે પેલા બીજા માણસોય બોલી ઊઠ્યા: 'ના સાબ ના મરી જવાય ને?'

સાહેબ હસ્યા. 'અરે ગાંડા! ગામેતી થઇને?' અને એમણે વળી પાછી ખાત્રી આપી કે આ પૈસા તમને બાર વરસે વ્યાજ સાથે પાછા મળશે. દસ આપશો તો પંદર મળશે વીસ આપશો તો ત્રીસ મળશે.

અને આ પછી તો પેલા પાછલા લોકોને પાસે બોલાવી એમણે નાનકડું એવું ભાષણ પણ કર્યું. 'લડાઈમાં અંગ્રેજ સરકારને ધૂમ ખર્ચ થયું છે. ને આપણા રાજનેય પૈસા આપવા પડ્યા છે.' એમણે અર્થશાસ્ત્રના કેટલાક મુદ્દા પણ સમજાવ્યા: લડાઇને લીધે મોંઘવારી થઈ, મોંઘવારીને લીધે લોકો પાસે પૈસો આવ્યો, પૈસો આવ્યો એટલે ખરીદશક્તિ વધી ને ખરીદશક્તિ વધી એટલે મોંઘવારી થઈ.

'હવે તમારી પાસેથી પૈસા લેવાથી ખરીદશક્તિ ઘટશે, ને ખરીદશક્તિ ઘટશે એટલે સોંઘવારી થશે.'–

પણ પેલા લોકોને ખરીદશક્તિ શું ને સોંઘવારી મોંઘવારી શું એની કંઈ સમજ નહોતી પડતી અથવા તો પાડવા નહોતા માગતા. એ તો એટલું જ જાણતા હતા કે રાજને આ રૂપિયા ભરવા માટે કાં તો કોઈ ઢોર વેચવું પડશે કે કાં તો કોઇને ત્યાં ગામિયો રહેવા વખત આવશે.

આ પછી સાહેબે આ 'નેશનલ' સેવિંગ સર્ટિફિકેટ'નો બીજો મોટો ફાયદો દેખાડ્યો: 'એ બધાને સુખ

દુ ખ વેઠીને તમે આટલા રૂપિયા મેળવી શકશો એ માણસદીઠ મહિનાના બે જ આના બચાવે તો ઘરમા એવા આઠ માણસ હોય તો મહિને હિસાબે એક રૂપિયો બચે વરસના બાર રૂપિયા થયા ને એમ દસ વરસ બચાવો તો છ વીસુ જેટલી મોટી રકમ –

ગામેતીને હસવુ આવ્યુ 'અરે અન્નદાતાર ! એમ બચતા આવે તો લોકોને દેવુ જ ન કરવુ પડે !

તમે સમજતા નથી ગામેતી, દેવુ હોય તો ચૂકવવાની દાનત થાય સમજ્યાને ! લો બોલો કેટલા લખાવો છો ?'

સાહેબના આટલા ભાષણ અને પૈસા પાછા મળવાની પૂરેપુરી ખાત્રી આપ્યાને અંતે ય લોકોના વિચાર તો એના એ જ હતા આમ મીઠુ મીઠુ બોલીને રાજ પૈસા પડાવી ખાવા જ બેઠુ છે અને તેથીજ તો ગામેતી યે કહ્યુ જે ? 'આપ પૈસા પાછા આપવાનુ ના કો તોય કાંઈ આપ્યા વગર ચાલવાનુ છે સાબ પણ જરા ગજુ (શક્તિ) જોઈને માંડો તો ઠીક પડે બાપજી ! લખો બે રૂપિયા'

'અરે કાંઈ ગાંડો થયો ગામેતી પેલો કારકુન બોલી ઊઠયો સાથે સાથે એણે એક કાગળિયું સામે ધર્યુ આ જો માણસની પાળના ઢુંગા ગામેતીએ કેટલા લખાવ્યા છે ? છે ને પચ્ચીસ રૂપિયા ?'

'આઈ કુણ ભણ્યુ છે તે પણ આપ કાંઈ જૂઠુ તો ની બોલતા ઓ છે

'તો બસ ત્યારે તે બોલ ! કારકુને કલમ ઉઠાવી સાહેબ બોલી ઉઠયા 'લખો વીસ રૂપિયા' અને ગામેતીને વળી કાળિયુ ઉતારતો જોઈ પંદર કરાવી દીધા 'હવે બોલીશ નહિ હા પછી કોણ છે ?'

કારકુને નામ બોલવા માંડયા જેમ જેમ આવતા ગયા તેમ તેમ કોઈવાર સાહેબ લખાવતા કોઈવાર કારકુન પોતે લખી નાખતો લાંબી પચાત તો હતી જ નહિ કા તો પાંચ કે કા તો દસ એથી કોઈના વધારે ય નહિ કે ન ઓછા હા કંઈ ભાટ વધી પડતો તો કોઈને બિલકુલ છોડી દેતા એ ભને બાકી પાંચથી ઓછા લેવાની ગુંજાઈશ ન હતી

સાહેબ પોતે ય સમજતા હતા કે આ લોક પાસે પૈસા નથી ને બચો ત્રાસ જ છે પણ શુ કરે ? ચિઠ્ઠીના ચાકર હતા જ્યા આખી ય પ્રજા ગરીબ હોય ત્યા છોડી છોડીને ય કેટલાને છોડે ?

એક ભીલને ગરીબ સમજીને એની અરજ ધ્યાન પર લઈ છોડી દેવા જતા હતા ત્યા તો કારકુને અંગ પર નાખેલુ કપડ લઈ લેવડાવ્યુ કાળી કાયા પર મેલી ચાંદીની ચૂડી ચમકી રહી 'જોયુ ને કે છે ને ગરીબ છુ '

સાહેબને ય કારકુનનુ કહેવુ સાચુ લાગ્યુ વળી એમ પણ થયુ લંગોટી ભેર રહેનારે પ્રજા, ત્રણ ત્રણ કપડા પહેરવા લાગી ઠાઠમાઠ રાખવા લાગી ત્યારે પૈસાદાર તો ખરી જ ને ?' ચૂડીવાળાની મદદે એના પછીના નામવાળો એક ભીલ ધાયો 'એ તો સાબ એની જુનની છે '

સાહેબને દાઝ ચઢી 'ઠીક, એના પાંચ માંડો ને આ ડહાપણ કરે છે એના દસ લખો'

'ઓ હો હો ! ગજબ થઈ જાય ને માબાપ ! પેલા ભીલને તો જાણે સાચે જ તાવ ચઢી ગયો

કારકુનને એકડો ઉપર મીંડુ મૂકતા વાર થી લાગવાની હતી ! 'લે માંડ અંગૂઠો રાવજી, ઠાવ તારા નામને !'

પણ રાવજી તો હજુય મશ્કરી જ માનતો હતો ગામેતી તરફ એણે નજર નાખી બા. પડે ?કોઈ ઉક્ત ભગવાન સામે જુવે એમ રતો

સૌ કોઈએ બોધ લીધો કે કોઈની પણ ભલામણ ન કરવી પણ આની ભલામણ કર્યા વગર તો ગામેતી 'હા, અનદાતાર ! (એ ભલામણ કર્યા વગર તો ગામેતી ન રહી શક્યા હાંનો (સાવ) ગરીબ છે બૈરુ ય મરી ગયુ છે ને નાના નાના બે ત્રણ સોરા-ય–'

'એ છોકરાંનુ કેમ પૂરુ કરી શકે છે ને રાજને આ આટલી દસ રૂપરડી નથી અપાતી ? લઈ લો એનો અંગૂઠો જટ કરો જમીને પાછુ ઊપડવુ છે !

અને સાહેબ વળી પાછા પેલા ગામેતીને પૈસા બચાવવાનો આ ઉત્તમ રસ્તો સમજાવી રહ્યા

બીજી તરફ કારકુન સૌ કોઈના પાંચ પાંચ ટપકાવે જતો હતો કોઈ પંચાત કરતો કે અરજ ગુજારતો તો–બરાબર કામ પતાવવાનો નુસખો–દસનો આંકડો તૈયાર જ હતો બપોર થતા એક તરફ રસોઈ પણ થઈ બીજી તરફ આ લોકનુ પણ પતી ગયુ સાહેબે રજા આપતા ગામેતીને વળી કહ્યુ 'તમ લોકને હમણાં તો મુશ્કેલ લાગશે પણ જ્યારે દસના પંદર રૂપિયા હાથમા આવશે ત્યારે ઊલટાનું એમ થશે કે વધારે ભર્યા હોત તો સારુ ને જુઓ પૈસા

લેવા આવશે ત્યારે તમને 'નેશનલ સેવીંગ સર્ટિફીકેટ–' નોટ જેવુ છાપેલુ એક કાગળિયુ મળશે એ સાચવી રાખજો'

પરતુ ગામેતી જ નહિ સૌ કોઈને થતુ હતું કે સાહેબ અપ્પા જ મારે છે આ બધી રાજની ઉતરપીંડી જ છે. હાથી આગળ પડેલો પૂળો કોઈ દિવસ પાછો લેવાયો છે કે લેવાશે?

એક જ મહિનામા ઉઘરાણી–અમલદાર આવી પહોંચ્યો.

કોઈએ ગામમા આવેલી ઘાચીની દુકાન પરથી રૂપિયા ઉપર મહિને એક આનો કરીને વ્યાજે કાઢ્યા તો કોઈએ વળી ધાન વેચ્યુ તો કોઈ કોઈએ, ઘી કે બકરા–કૂકડા વેચીને ભેગા પણ કરી રાખ્યા હતા.

પરતુ પેલા કાવજીને રૂપિયાનુ વ્યાજ રૂપિયો આપે તો ય ન તો પેલો ઘાંચી ધીરે એમ હતો કે ન હતા ઘરમા દાણા મિલ્કતમા ગણો ન ગણો તો, એક બકરી ને ત્રણ નાના નાના છોકરા હતા. એણે વળી આ નવા અમલદારને અરજ કરી: 'સાબ કાઈ ની હે હું (શું) આલુ?'

પણ આ અમલદાર તો કરડવા જ દોડ્યો. પાંચ સાત ગાળો ચોપડાવતા ઉપરથી એક લાત પણ લગાવી દીધી 'ઠીક સાલા કુક્કર! ન હોય તો ગૈરૂ વેચી આન પણ—'

'પણ સાબ બૈરૂં ય મરી ગયુ' હે હું વેચુ!'

'શું વેચું? દેખાડ?' કહેતો એનો એક નોકર ધસી આવ્યો

ગામેતી વચ્ચે પડ્યા ને રાવજીને સમજાવીને ઘેર કાઢ્યો એક હાદ હે એ વેચી ખા તાણે બીજુ હું થાય!'

પરતુ તક આવે પદરની બકરીના કોઈ દમ અપવા ય તૈયાર ન હતું છેવટે પેલા દુકાનદારને જ 'મહેરબાની' કરવી પડી આઠ રૂપિયા બકરીના આપ્યા ને બે રૂપિયા રૂપિયે મહિને બે આના કરીને વ્યાજે ધીર્યા.

રાવજીના હાથમા, દમનુ નેશનલ સેવીંગ સર્ટીફીકેટ આવતા વળી બીજી મૂઝવણ ઊભી થઈ 'આ કાગળિયાને મધરવુ ક્યા?'

ઝાંખરાંના ઘરમા ન તો પેટી હતી કે ન હતું માટીનું એવું વધીક વાસણેય કોઠીય ભાગેલી હતી, અને તેય, મહિનો માસ સાચવવુ હોય તો ગમે તે કરે પણ આ તો બાર બાર વરસ લગી!

ત્યા તો એ પોતાની મૂઝવણ પર પોતે જ હસવા લાગ્યો અને મૂળમા આ કાગળિયુ જ સઘરવા સરખુ છે કે કેમ એ નક્કી કરવા બે ચાર જણ સાથે એય પેલા દુકાનદારને ત્યા ગયો

દુકાનદાર પોતે ય–ગુજરાતી પૂરુ નહોતો જાણતો પછી અગ્રેજી તો જાણે જ ક્યાથી?'

પણ નોટના જેવુ ચિતામણ અને અગ્રેજ રાજાનો મિક્કો જોઈને એને મશ્કરી ખેડવાનું મન થયુ, હસતા હસતા પેલા બીજાને પૂછ્યુ. 'અમે આઠ આઠ આનામા આવતુ છે આ કાગળિયુ?'

'અરે જા જા શેઠ પાચ રૂપિયાનું કાગળિયુ આઠ આનામા તે—ફેરો લે આ તો ઈમ કરીને ગેતરી લેહે!' અને ચાલતા થયા

પણ રાવજી ન ઉઠ્યો, એનો વિચાર તો આ દુકાનદારને છેતરવાનો જ હતો, કહ્યુ 'એ બધાના તો પાચ પાચના હે ને મારૂ કાગળિય તો દહનુ હે'

'તો તારો રૂપિયો ઓછા આવતું છે?'

'ઉંહું' રાવજીએ ના પાડી

'દોઢ આવતુ હોય તો હા ભણુ નકર લે આ પાછુ' અને કાગળિયુ નાખવા ઉમેર્યું 'ઘરે જઈને ભાઠામા નાખજે તે ખટાશ થશે'

રાવજી જેમ દુકાનદારનુ મન પારખી ગયો હતો તેમ દુકાનદાર એનીય મરજી જાણી ગયો હતો અને તેથી જ તો ચાલતા થયેલા રાવજીને એણે ન બોલાવ્યો ને?

દુકાન બહાર નીકળેલો રાવજી વળી ગૂચવાયો બીજું બધું તો ઠીક પણ આને મધરવુ ક્યા? બાર વરસ લગી કોણ જીવ્યુ ને કોણ મર્યું! છોકરો તો એક વરસનો છે ને તેય હવે દૂધ વગર કેમ જીવશે કે જીવશે જ્યારે છોકરીઓ તો સાસરે જતી રેવાની. ને પોતેય રાવજીને હસવુ આવ્યુ 'આ પાસ વરહ જીવહે તો છોકરાના ભાગ્ય વળી'...અને નિર્ણય કરતા બબડ્યો 'આની દોઢ જ દે ને દોઢ તો દોઢ'

પાછા ફરી પૂછ્યુ 'શેઠ, પેલા ઉપરના પૈસા—વ્યાજ ને મૂડી હગળુ ય વાળી દેવુ હે? બોલો વરવાર ઉગે તો?'

'અહીં આવે ત્યારે કે ત્યાં ઊભે ઊભે'

રાવજી પાછો દુકાનમાં ગયો

દુકાનદારે બે બતાવ્યા ને આઠના વ્યાજના આઠ આના તરત માગ્યા 'લાવ આઠ આના હાથમા આ લે તો બેના કામ'

રાવજીને વળી ટાઢ ચઢી 'ઓ હો હો! રૂપિયા લીધે એક ચૂગી (ગીડી) પાઈ અગી વાર તો થાઈ ની હે ને એટલામા બધા આઠ—'

દુકાનદાર હસ્યો 'ત્યારે એ તો એ! ગગુને હિસાબ બે રૂપિયાનું ચાર આના આઠના થયુ ને ચાર આના મહિનાનુ વ્યાજ'

[અનુસંધાન પૃષ્ઠ ૭૧૩]

રજવાડી હિંદનો પરાજય

મગનભાઈ પ્ર. દેસાઈ

[મરાઠા રાજ્યમંડળ પર હલ્લો]

[ગયે અંકથી આ ઇતિહાસ લેખમાળા આપી શકયો નહોતો, તે હવે શરૂ કરું છું: આપણે એટલે આવ્યા હતા કે, વેલેસ્લીની આક્રમણ-નીતિ પેશવા સુધી પહોંચી હતી, અને તે અંગ્રેજોની જાળમાં ફસાયો હતો. પછી શું થયું તે હવે જોઈએ.

આ પછીનું પગલું મરાઠા રાજ્યમંડળ ઉપર ખુલ્લો હલ્લો કરવાનું અંગ્રેજોએ ભર્યું. અને તે પૂરી ગણતરીપૂર્વક તેમણે ભર્યું હતું.

એલ્ફિન્સ્ટનની જીવનકથા લખનાર સર ટી. કોલબ્રુક (પા. ૩૯) તેમાં કહે છે કે,

"મરાઠાઓના કજિયાઓમાં આપણે જે દખલ કરી માંહી પડયા તે ઉઘાડું આક્રમણકારી હતું એ કબૂલ કરવું જોઈએ"

આ કાળનો ઇતિહાસકાર મિલ પણ આ જાતનું જણાવે છે. (પા. ૫૭૫):-

"બે મહાન હેતુઓ હવે બ્રિટિશ સરકારનું ધ્યાન માગતા હતા એક પેશવાને પાછો પૂનાની ગાદીએ બેસાડવો અને એની એવી સત્તાએ તેને પહોંચાડવો કે જે બીજાં બધાં મરાઠા રાજ્યોને કાબૂમાં રાખવા માટે પૂરતી હોય. આ સત્તા નામે પેશવાની, બાકી ખરેખર તો એ બ્રિટિશ સરકારની જ થાય.

"બીજુ-આ ઘટનાને એવી સુધારી લઈને કાળમાં લેવી કે જેથી એને મળતી સંધિઓ બીજાં વધુ બળવાન મરાઠા રાજ્યો ઉપર ઠોકી બેસાડી શકાય; અથવા, કાંઈ નહિ તો, તત્કાળ યુદ્ધ આવી લાગે એવી ભયદશા થતી તો, ગમે તે ઉપાયો કરીને, રોકવી; કેમ કે, ખાસ કરીને અત્યારની નાણાંકીય દશામાં, તે આ વર્તમાન ગોઠવણી માટે લોકમાં અપ્રિયતા અને વહેમ ઊભા કરે !'

તે હલ્લાને પગથિયાવાર હવે જોઈએ.

૧

વસઈનો ફણગો

'વસઈની સંધિએ કર્યું કે, શિંદે અને ભોંસલેને એકઠા કર્યા અને તેથી એકને બદલે બેને હરાવવાની જરૂર ઊભી કરી"

મિલ-૬૧૩-૪

કોઈ મરાઠા સરદારે નહિ ધાર્યું હોય એટલી ત્વરાથી અંગ્રેજોએ પૂના સર કરી લઈ બાજીરાવને વસઈથી પોતાનો રક્ષિત કરી આણી પાછો પૂનાની ગાદી ઉપર બેસાડી દીધો. આ ઝપાટો વાગતાં શિંદેની આંખ ઉઘડી હવે તે પામી ગયો કે, જેને પોતે હોલ્કર પાસેથી છોડાવીને અપનાવવા માગતો હતો, તે તો બાહિત ત્રીજાને કબજે પહોંચી ગયો છે; અને તેને ત્યાંથી છોડાવી લાવવાની વાત તો ક્યાંય રહી, હવે કરવું શું એજ મોટો વિચાર થઈ પડયો ! આ વિચાર કરવા તેણે ભોંસલેની સલાહ-મસલત શોધી. તે અર્થે તે વરાડની હદ સુધી પહોંચ્યો, અને ભોંસલેને સામેથી ત્યાં આવવા કહેણ મોકલાવ્યું. મોડે મોડે પણ મરાઠા સરદારો પોતાની કફોડી દશા પામવા લાગ્યા.

મળવાને માટે ગોઠવેલું આ સ્થાન એક મહત્ત્વનો ત્રિભેટો હતો. તેની એક બાજુ પેશવાઈ હતી, બીજી બાજુ નિઝામની મોગલાઈ હતી, અને ત્રીજી બાજુ ભોંસલેનું રાજ લાગુ થતું હતું. આમ ત્રણ ત્યારના અગત્યનાં રાજ્યોની હદ એ જગાએ મળતી હતી. આવા ત્રિભેટા ઉપર શિંદે ભોંસલે પોતાની સેનાઓ સાથે મળ્યા. તેમને વિચારવાનો પ્રશ્ન આખા મરાઠા રાજ્યમંડળના—અરે, તે દ્વારા સ્વતંત્ર ભારતના—ભાવીના જેટલો ગંભીર અને મોટો હતો.

વસઈના તહ મુજબ પેશવા એવો બંધાઈ ગયો હતો કે તે તેના આ સામંતો જોડે સ્વતંત્ર રીતે વાત ન કરી શકે; કારણકે તે તહમાં એક કલમ હતી કે અંગ્રેજોની દરમિયાની વગર તે કોઈ દેશી સત્તા જોડે વાત ન કરી શકે. આમાં તેના સામંતો ય આવી જતા હતા. સામેથી શિંદે વગેરે તેને અંગ્રેજોના ન સાંભળતાં કાંઈ કરી ન શકે. કેમ કે તે આખોએ પરદેશીઓને હવાલે પડયો હતો. એટલે, જો શિંદે, હોલ્કર, ભોંસલે વગેરે મરાઠા સરદારોએ પેશવા સાથેના પોતાના સંબંધ અંગે કાંઈયે વિચારવું હોય, તો પોતાનું તે ભવિષ્ય માટે તેમણે અંગ્રેજોની જોડે પંચાત કરવી જોઈએ. એ ત્રિભેટા પર મળેલા બે સરદારોને આ ગંભીર બાબત વિચારવાની હતી. હોલ્કર અહીં નથી ચોથો મરાઠા સામંત ગાયકવાડ; તે તો ક્યારનો વેલેસ્લીના સહાય-ચક્રની ફંદમાં લપાઈ ગયો હતો. ઉપરાંત રહ્યા દક્ષિણ મહારાષ્ટ્રના સરદારો; તેઓ તો પૂના સર થતાં ત્યાં જ ઢીલા થઈ ગયા હતા.

આમ મરાઠાઓ સામે કોયડો હતો. સામે વેલેસ્લી માટે ય તે સીધો સરળ તો નહોતો જ. પેશવાને સહાયચક્રના ફાંદામાં લીધા બાદ મરાઠા રાજ્ય મંડળના તેના સરદારો એમની મેળે એ ચક્રમાં ખેંચાઈ આવશે, કે જો બહાર રહેશે તો તેથી જ કરીને આપમેળે અસહાય થઈ જઈ પડયા રહેશે, એવી એની માન્યતા હતી. આ ખરી હતી કે ખોટી તે નક્કી થવાનો કાળ સામે દેખાવા લાગ્યો હતો. એમ ન થતાં લડાઈ ઊભી થઈ જાય તો !

વળી અત્યાર સુધીની લડાઈઓને લીધે ખર્ચના રોળ વળ્યા હતા. જો પાછી નવી લડાઈ ઊભી થાય, તો નાણાંકીય દશા તો કફોડી બની જ જાય; અને તો તો વિલાયતના તેના વાણિયાશાહી શેઠો તેને માફ ન જ કરે. પરંતુ, આ વિશે તેને એટલી રાહત હતી કે, પીટ વડા પ્રધાનપદે હતો ત્યાંસુધી તેને પાછું વાળી જોવાની જરૂર નહોતી. ઊલટું, એના આક્રમક સ્વભાવ પ્રમાણે, પેશવાઈ પાકા બાદ એ તો આગળની એક મોટી યોજના ગોઠવવા લાગ્યો, અને તેને માટે પોતાની આપખુદ સત્તાનાં ચક્રો ચાલતાં કર્યાં. .

મરાઠા રાજ્યમંડળમાં પેશવા બાદ બળમાં બીજે નંબરે શિંદે આવતો હતો. વેલેસ્લીએ હવે તેને દાઢમાં ઘાલવા મનસૂબો કર્યો. ઇતિહાસકાર મિલ મથાળે મૂકેલા વાક્યમાં કહે છે એમ, મરાઠા સરદારો જોડેની લડાઈ વસઈની તહનો ચોખ્ખો ફણગો હતો, અને એ ઊભી કર્યાનો દોષ વેલેસ્લીને શિરે જાય છે એ પણ એટલી જ ચોખ્ખી વાત છે. જો કે, તે તો એની સામે બચાવમાં કાંઈ કાંઈ બહાનાં બનાવે છે ખરો. પરંતુ એ તો એટલું જ બતાવે છે કે, તે હુમલાખોર-આક્રમણશીલ હોવા ઉપરાંત ઉસ્તાદ લબાડીપણું પણ કરી જાણતો હતો. એ લાંબી દલીલબાજીની વિગતોમાં પડવું એ અહીં મર્યાદા બહાર જવાપણું થાય. વેલેસ્લી દોષિત હતો એની સાક્ષી મિલ નીચે પ્રમાણે (પા. ૫૯૮) આપે છેઃ—

'એની સાબિતી એટલી સાફ પડેલી છે કે તે શબ્દોમાં કહેવાની ભાગ્યે જ જરૂર છે. (૧૮૦૩ ના ઑગસ્ટમાં મરાઠા જોડેની) લડાઈની જરૂર વસઈની તહમાંથી થઈ, અને તે તહ ગવર્નર-જનરલે કરેલું કામ હતું. તે તહ પૂર્વે તેને, શિંદે ભોંસલે જોડે યુદ્ધ થશે, એવી જરાય સરખી બીક નહોતી, એમ તેનાં જ બધાં શબ્દો અને કાર્યો પરથી સાબિત થાય છે. એના શબ્દો માનીએ તો તો, તહ થયા બાદ પણ,—લડાઈ જાહેર કર્યા પૂર્વે ૭ અઠવાડિયાં સુધી,—તેને તેવી ભીતિ નહોતી.'

આપણે ઉપર જોયું કે, વેલેસ્લી એમ માનતો કે, મરાઠા રાજ્યમંડળનો અધ્યક્ષ પેશવા ફાંદામાં પડ્યા પછી, તેના શિંદે ભોંસલે આદિ સામંતો યા તો આપોઆપ એની કેડે આવશે, અથવા જો અલગ રહેશે તો મધ્ય સૂત્ર વગરના છૂટા મણકા બની જશે. ત્રિભેટા ઉપર ભેગા થનાર મરાઠા સરદારોએ આ જ કઠણ સવાલનો જવાબ આપવાનો હતો. એ સવાલ એ હતો કે, આ પ્રસંગે ગમ ખાઈ બેઠા રહેવું કે લડવું.

એનો બેઉ પક્ષનો જવાબ હવે પછી જોઈશું.

—ચાલુ

નેશનલ સેવીંગ [પૃષ્ટ ૭૧૧ થી ચાલુ]

'પણ મઈનો તો.'

'એ તો ચોપડામાં આંકડો પડ્યો કે મહિનાનું—પણ એની માથાકૂટ રહી! જો તારે આ કાગળિયું આલવું જ હોય તો આઠ આના પાછળથી—અરે હોળી ઉપર આલજે જા.' અને કામે વળતાં ઉમેર્યું : 'પછી તો તારી મરજી.'

પણ રાવજી હડે ભરાયો 'ચૂકતે કરો તો આવું નકર—'

'એ ભાઈ ચૂકતે. સાવ હેંડ.' કહી દુકાનદારે કાગળિયું લીધું. ઉલટ-પાલટ ફેરવીને બે ત્રણ વાર જોયું. આખરે નિર્ણય કરી નાખ્યો : 'પડયુ છે ત્યારે. બાર વરસે રાજવાળો આપશે તો ઠીક નકર બકરી, જાણે આને બદલે દસમાં પડી'તી. ધંધો કઈ આખીને ઓછો થાય છે!' અને ચોપડી ઉઘાડી રાવજીનું ખાતુ ચૂકતે કરી દીધું: 'લે બસ હવે.'

દુકાન બહાર નીકળતો રાવજી એટલો બધો ખુશ હતો કે ઘેર જતા પહેલાં ગામેતીને વાત કરવા એ તરફ વળ્યો. આંગણામાંથી જ વધાઈ ખાધીઃ

'મીં તો એ કાગધાના અઢી રૂપિયા ઉપજાવી કાઢ્યા ગામેતી.'

'ઠીક કીધું.' ગામેતી ય થોડા ખુશ તો થયા પણ સાથે સાથે 'બચત' શિખડાવવા આવેલ પેલા સાહેબને ત્રીસ માઈલ છેટે રતા રતા જાણે કહી રહ્યા : 'જોઈને આ બચત!' અને બોલવા લાગ્યા : 'દેવતનું ભલું તાકવા નીકળી પડ્યા તે કાંક ભલું થાજ્યું રાજનું ને કાંક થાજ્યું દુકાનદારનું. રાવજીને તો બોકડીની બોકડી ખોઈ ને છોરો દૂધ વના રી હે એ લટકાનું.' અને એકાએક કોણ જાણે કે શું થઈ આવ્યું પણ રાવજીને ધૂતકારી ઉઠયા : 'અવે આંઈ હું કામ બેઠો હે 'લે? જા ઉઠ? જા તારે ઘીરે.'

'ખરી વાત હે ઘરે છોરો રોતો ઓહે.' બબડતો રાવજી ઊભો થયો અને ચાલવા લાગ્યો.

પરંતુ રાવજીની દીઠી ચાલ ઉપરથી જ, તાકી રહેલા ગામેતી સમજી ગયા : 'ઘીરે જઉં તો હું (શું) પણ દૂધ વના ટટળતા ગોરાને ઈ (ઈ) પાએ હું (શું)?'

એશિયાઈ સેનાનો નાનેરો સૈનિક

મહેન્દ્ર મેઘાણી

'એશિયામાંથી ચાલ્યા જાવ!' 'જય એશિયા!'

ક્ષિતિજ ઉપરથી આ નવા નાદ આજે સંભળાઈ રહ્યા છે એ નાદની સાથે સાથે જેના રાષ્ટ્રવાદને પાંખો ફૂટી છે એવા દેશોનાં નામ આપણે કાને પડે છે એક તો હિન્દી-ચીનનું નામ સંભળાય છે અને બીજું સંભળાય છે ઇન્ડોનેશિયાનું નામ એશિયાના આ દેશના નામ આજે આપણા કાન ઉપર પડે છે અને ભૂતકાળના કોઈ પરિચિત ભણકારા જગાડે છે આપણે સૌ એશિયાવાસીઓ એક છીએ એવો જે નૂતન પ્રાણવાયુ ફૂંકાયો છે તેથી હજી હમણાં સુધી માત્ર નકશા ઉપરનાં નિર્જીવ નામો જે હતાં તે આપણા કલેજાના જાણે કે જીવતા ટુકડા બની જાય છે સૈકાઓ પૂર્વેની એક જ હિંદુ સંસ્કૃતિની સાંકળની આ બધી કડીઓ હવે આપણને સાંભરી આવે છે આપણા-હિન્દુઓ અને મુસલમાનો તમામના-ભારતવાસી પૂર્વજોએ આ બધા દેશોમાં જઈ, વસીને, પોતાની સંસ્કૃતિ અને ભાષા, લિપિ અને સાહિત્ય, કલા અને રિવાજોથી એને સુશોભિત બનાવીને એમને 'ગ્રેટર ઇન્ડિયા'—બૃહદ ભારતનું જે નામ અપાવ્યું છે તેનું સ્મરણ આજે આપણે તાજું થાય છે આપણી વિજય-સ્મૃતિમાં જે શામિલ બન્યા છે તે કોઈ ભટકતા ટોળાનું નથી પણ આપણા પોતાના વિભાગ પરદેશમાં છે એવું ભાન આજે આપણને થઈ રહ્યું છે

જઈને જુઓ હિન્દી-ચીનમાં આજથી અઢી હજાર વર્ષ પૂર્વે ત્યાં જઈને વસેલા ભારતવાસી શૈવધર્મીઓના સંસ્કૃત શિલાલેખો અને જીવતા શિલાલેખો સમાન ત્યાંની આજની બૌદ્ધધર્મી ને ઇસ્લામી પ્રજા ઉપરના તેમના ભાષા-ધર્મ વિષેના સંસ્કારો હજી મોજુદ છે શિવ અને શક્તિ, બ્રહ્મા અને લક્ષ્મી, ગણેશ અને નંદી આ બધાં પૂતળાં ત્યાં પડ્યાં છે મંદિરોમાં મહાભારત અને રામાયણની આખી ચિત્રમાળાઓ પથ્થરમાં કોતરાયેલી પડી છે

એથીય આગળ, દૂરના જાવા સુમાત્રામાં હિંદુ સંસ્કૃતિ કોઈ સંશોધનનો વિષય બની ગયેલી ભૂતકાળની કથા નથી રહી એ સંસ્કૃતિ આજે પણ ત્યાં જીવતી છે—હિંદુસ્તાનમાં છે તેના કરતાં વધુ કલામય અને સ્વાભાવિક રીતે રોજિંદા જીવનમાં વણાઈ જઈને એ જીવતી રહી છે ખુદ જાવામાં તો એ સંસ્કૃતિ ધર્મ ખંડેર મંદિરો અને ઐતિહાસિક ખંડેરોમાં જળવાયેલી છે પણ એની પાડોશના બાલી ટાપુમાં એ ત્યાંની પ્રજાના આનંદમયમાં પળપળની દેખાય છે બે હજાર વર્ષ પૂર્વે ભારતના સીઓ ત્યાં જે સંસ્કૃતિ લઈને ગયા હતા તે લગભગ જેવીને તેવી બાલીની આજની પ્રજામાં જીવતી પડી છે

મૂળ તો જાવા-સુમાત્રા-બાલી અને બીજા તમામ ટાપુઓ બૃહદ ભારતના હિંદુ સામ્રાજ્યના જ ભાગ હતા પણ પંદરમી સદીમાં મુસલમાનોએ જાવા કબજે કર્યું અને આખા ટાપુમાં હિન્દુ કે બૌદ્ધ ધર્મ પાળવાની મનાઈ ફરમાવી એ વખતે બ્રાહ્મણો અને બૌદ્ધધર્મીઓ નાસીને પાડોશના બાલી ટાપુમાં જઈ વસ્યા ત્યાં એમના ધર્મ-સંસ્કૃતિને કોઈ પરદેશી વિજેતાનો સ્પર્શ ન પહોંચ્યો

એ રીતે બાલીમાં અખંડિત પડેલી ભારતીય સંસ્કૃતિનાં દર્શને આજથી લગભગ બે દાયકા પૂર્વે કવિવર ટાગોર, કાલિદાસ નાગ, મિજનરાજ ચેટરજી વિ. વિદ્વન્મણિઓ જઈ આવ્યા હતા ગુજરાતીઓ અને બીજા પ્રાંતના વેપારીઓ પણ જાવા બાલીમાં વેપારાર્થે વર્ષોથી જઈ વસ્યા છે ૧૯૩૬માં ગાયકવાડ [illegible] જાણીતા લેખક શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ પણ બાલીની સંસ્કૃતિ જોઈ આવ્યા છે આમાંના પ્રત્યેકે પાછા ફરી ફરીને ગ્રંથો કે પુસ્તકો દ્વારા આપણે કાને જે વાતો નાખેલી તે થોડા અભ્યાસીઓ કે ઇતિહાસ-અભ્યાસીઓના વર્તુળમાં જ વસેલી સામાન્ય માણસ સુધી પહોંચી થવા માટે અર્વાચીનતાની જે કડી એમાં જોઈએ તે ખૂટતી હતી. આજની રાજકીય પરિસ્થિતિએ એ કડી પૂરી પાડી છે અને એશિયાના આઝાદી-જંગની સેનામાં આપણી સાથે એક ક્યારે અને ચોક્કસ કદમ મિલાવતા એ દેશની ઓળખાણ વધુ ઊંડી કરવાની ભૂખ આપણામાં જાગી છે જાવા-બાલી જઈ આવેલા [illegible] નાના [illegible] હવે આપણે [illegible] અનુભવોથી શોધીશું

૧૯૪૬ના જુનના '[illegible]'

---

* સમયની થપાટોથી પડી ગયેલી બાલીના પુરાતન મંદિરોની દેવમૂર્તિઓને સ્થાને મૂકવા માટે તેના [illegible] કુંભ-આકારમાં ઘડાયેલી પ્રતિમા અને તેના જુવાન બાલીવાસી શિલ્પીનું ચિત્ર ૧૬૨ ઉપર છે.

માં 'હિન્દી-જાના ઇતિહાસની એક રૂપરેખા' આપતા પ્રા. મિજનરાજ ચેટરજી લખે છે :

'સીતાની શોધમા દુનિયાને ચાર છેડે સુગ્રીવની વાનર-ટૂકડીઓ મોકલાઇ તેમાની એક જાવા ગયેલી એવો ઉલ્લેખ રામાયણમા છે. આ લખાણ ઈસુના પહેલા સૈકાથી મોડું તો નહિ જ થયુ હોય એમ મનાય છે ઇસુના બીજા સૈકામા જેણે દુનિયાની ભૂગોળ લખી એ મિસરના આકાશશાસ્ત્રી ટોલેમીએ જાવાનો ઉલ્લેખ જબદિય (યાવાદ્વીપ) નામે કર્યો છે એનો અર્થ પોતે 'જવનો ટાપુ' કર્યો છે એ બતાવે છે કે આ ટાપુનુ સસ્કૃત નામ એ વખતે પરદેશીઓને પણ જાણીતુ હતુ '

પ્રા ચેટરજી કહે છે કે જાવાના જૂનામા જૂના શિલાલેખો ઠીક ઠીક સંસ્કૃત ભાષામા લખાયેલા હતા. ઇસુની ચોથી સદીમાં લખાયેલા મનાતા આ લેખોની લિપિ દક્ષિણ હિંદના પાલ્લવ શિલાલેખોની લિપિને મળતી આવે છે. એમાં અશ્વવર્મા, મૂલવર્મા, પૂર્ણવર્મા વિ રાજાઓની વાત આવે છે. ઉત્તર હિંદની બે નદીઓ ગોમતી અને ચંદ્રભાગાના નામો એક રાજાએ બંધાવેલી બે નહેરોને અર્પાયાનો લેખ પણ છે.

વિખ્યાત ચીની મુસાફર ફા હિયાન પણ પાચમા સૈકાના બીજા દાયકામા જ સીલોનથી જાવા ગયેલો. એના કહેવા પ્રમાણે એ વખતે ત્યા ઘણા બ્રાહ્મણો હતા. પણ બૌદ્ધધર્મની મહત્તા ઉલ્લેખ કરી શકાય તેટલી નહોતી. જાવાથી ચીન પોતે જે જહાજમા ગયેલો તેની ઉપર ૨૦૦ હિંદુ વેપારીઓ હતા એમ ફા-હિયાને લખ્યુ છે. ગુણવર્મા નામના કાશ્મીરના એક રાજાએ જાવામા સૌપહેલો બૌદ્ધધર્મનો પ્રચાર ૪૨૩ની સાલમાં આદરેલો, અને જાવાથી પછી એ નદી નામના એક હિંદુના જહાજમા બેસીને ચીન ગયેલો એમ પ્રા. ચેટરજી કહે છે આખા દ્વીપસમૂહના શિલાલેખો, ચીની ઇતિહાસ, જાવાની કવિ નામની જૂની સંસ્કૃતમય ભાષાના લેખો અને તાજેતરમા ડચ-સશોધકોએ કરેલા સશોધનને આધારે પ્રા ચેટરજીએ પંદરમા સૈકામા મુસલમાનો જાવા ગયા ત્યા સુધીના તેના હિંદ સાથેના સંબધો ટાંકી બતાવ્યા છે. છેલ્લે બાલી વિશે એમણે લખ્યું છે

'બૌદ્ધધર્મ હજી બાલીમા છે પણ હિંદુ ધર્મ વધુ ફેલાયેલો છે શૈવપંડિતોના ભોજન સમારભોમા બૌદ્ધ ધર્મગુરુઓને આમત્રવામા આવે છે બ્રાહ્મણો 'ઇદા' કહેવાય છે, ક્ષત્રિયો 'દેવ' કહેવાય છે, વૈશ્યો 'ગસ્તી' કહેવાય છે, શુદ્રોને 'બેપ' અને 'મેમ' નામ અપાયા છે.. અમુક જ વેદો બાલીમા આજે હયાત છે એમાનો એક બ્રહ્માંડ પુરાણ છે. ઉત્તર કાંડ વિનાનુ રામાયણ આજે પણ બાલીમા કવિભાષામા હયાત છે ઉત્તર કાંડ એ આખો જુદો ગ્રથ જ બની ગયો છે મહાભારતનુ નામ બાલીમા અજાણ્યુ છે પણ એના છ પર્વ આખા ને આખા કવિ ભાષામા છે બાકીના અધૂરા છે 'ઉસન જાવા' અને 'ઉસન બાલી' નામના કથાગીતો બાલીમા છે. એમા ટાપુનુ નામ 'બલિ-અંક'-વીરો અને બહાદુરોનો ખોળો કહેવાયુ છે બાલીની પ્રજાના લડાયક અને ગરમ ખમીરનુ એમા યોગ્ય દર્શન છે'

૧૯૨૪મા જાવાની યાત્રાએ જઈ આવેલા શ્રી કાલિદાસ નાગે પોતાની લેખમાળામા ટાંકેલી એક ઐતિહાસિક બીના બતાવે છે કે આજે સામ્રાજ્યવાદી ભેરુની મદદે દોડનારા અંગ્રેજો માટે એ કામ નવુ નથી નેપોલીઅન સાથેની લડાઈના દિવસોમાં પણ રખેને ડચના હાથમાથી ફ્રેંચો જાવા પડાવી લ્યે એવી દહેશતથી ૧૮૧૦-૧૫ દરમિયાનના પાચ વર્ષો સુધી બ્રિટિશ સેનાપતિ રેફલ્સે એ ટાપુનો કબજો પોતાને હસ્તક લઈ લીધો હતો અને નેપોલીઅનના પતન પછી ડચના હાથમા એ પાછો સોપ્યો હતો.

જાવાના પાટનગર બેટેવીઆમા એક નિશાળમા ગયેલા શ્રી કાલિદાસ લખે છે.

'શાસ્ત્ર-વીર્ય' જેનુ કુળનામ હતુ એવા એક જાવાવાસી પંડિત સાથે મારી ઓળખાણ કરાવવામા આવી જાવાની ભાષા અને તેના સાહિત્યનુ શિક્ષણ તેઓ આપતા હતા આપણા પંડિતોની માફક જ એ અફસોસ કરતા હતા કે શિક્ષણની પરપરાગત રસમમા સડો પેસી ચૂક્યો છે. મે હસતા હસતા એમને પૂછ્યુ કે તમારા કુળ-નામ 'શાસ્ત્ર-વીર્ય'ના અસલ અર્થની તમને ખબર છે ખરી? એ સસ્કૃત તો જાણતા નહોતા એટલે મુઝાઈ ગયા મે એમને અભિનદન આપતા કહ્યું કે એ નામ તો હિન્દીઓ માટે ગૌરવ લેવા જેવુ હતુ કારણ કે સાચી તાકાત પશુબળમા નહિ પણ આપણા પૂર્વજોના ડહાપણના ભડાર સમા શાસ્ત્રોમા સમાયેલી છે (એવો આ નામનો અર્થ થાય છે) શ્રી શાસ્ત્રવીર્ય તો ઘણા ફુલાઈ ગયા અને અહિં જે સર્વત્ર લોકપ્રિય છે તે ભગવત્‌ગીતામાથી થોડા શ્લોક બોલવાની મને વિનતિ કરી

જાવાના ચારે ગામમાં જે ભર્યું છે તે નૃત્ય વિષે આગળ ઉપર એજ લેખક કહે છે:

'જાવાવાસીઓ જન્મથી જ નાટ્યકારો હોય છે એની મને ખાતરી થઈ ચૂકી હતી, પણ નૃત્યમા તેઓ કેટલા મહાન છે તેનો ખ્યાલ તો મે 'ભ્રાત યુદ્ધ' (ભારત-યુદ્ધ) જોયું નહિ ત્યા સુધી ન આવ્યો હસને જેટલુ તરવું સ્વાભાવિક એમજ જાવાવાસીઓને નાચવુ મને વિચાર આવ્યા કરે છે કે તાલબદ્ધ હાવભાવની અદ્‌ભૂત રજુઆત કરતા એમને કોણ શીખવતુ હશે? એ હાવભાવ મૂગા હોવા છતા આપણા આધુનિક નાટ્ય-સવાદોના બરાડા કરતા કેટલુ બધું વધુ કહી જતા હતા!

મને લાગે છે કે એમની પાપણા એજ એમનો એકમાત્ર શિક્ષક છે...છોકરાઓએ અમારી સામે રજુ કરેલ પ્રસંગ કુરુક્ષેત્રના યુદ્ધ દરમિયાન કર્ણ અને ઘટોત્કચ વચ્ચેની લડાઇનો હતો. સામાન્ય જીવનમાં જે છોકરાઓ આટલા બધા શાંત અને નરમ દેખાતા હતા તે પુરાણકાળના વેશ સજીને આવ્યા ત્યારે અનેરી ભવ્યતામાં પલટાઇ ગયા હતા. એક બાજુ હતો અનાર્ય યોદ્ધો ઘટોત્કચ, એના જંગલી ને જડસુ હાવભાવ, જોરદાર હલ્લાના એના ઊર્મિ ચાળો,-પશુબળનું સર્જનારૌપણું બીજી બાજુ હતો આર્યવીર કર્ણ-એની ગૌરવ અને આત્મવિશ્વાસભરી ચાલ, લાગણીઓ ઉપર એનો સંયમ, શાંત અને સ્વસ્થ છતાં વીજળી જેવી એની ચપળતા, એકજ અચૂક ઘા સાથે દુશ્મનને જમીનદોસ્ત કરતો. છતા એના સૌમ્ય દર્શનને ખરડાવે એવી ક્રૂરતાની કોઇ નિશાની જણાતી હોતી નહિ. પ્રેમશૌર્યની મૂર્તિ જાણે કે મહાભારતના પાનામાંથી છાપી થઈ હતી !

બાલીના નાના ટાપુની યુદ્ધકથા સાંભળીને લેખકને આપણા અણનમ રજપૂતો સાંભરી આવે છે:

'વલંદાવાસીઓ પાસે ડચ રાજસત્તાના સ્વીકાર કરાવવાનું કામ ૧૮૪૧ પહેલાં થઈ શક્યું નહોતું. એ સાલમાં રાજકીય પકડ વધુ મજબૂત બની તેથી ૧૮૪૬-૪૯ દરમિયાન ટાપુમાં ઠેર ઠેર ભયંકર બળવા થયા હતા અને ડચ સરકારને માણુસો અને પૈસાની સારી એવી ખુવારીની ખમવી પડી હતી રાષ્ટ્રીય વિરોધ એટલો બધો મક્કમ અને સંગઠિત હતો કે છેક ૧૮૯૪ સુધી ડચ સત્તાના સીધા હાથ નીચે આવવાના માત્ર બે પ્રાંતો જ હતા બાકીના પ્રાંતોમાં રાજાઓના એકહથ્થુ શાસનો ચાલતા અને એમની ઉપર નામની જ લાગવગથી વધુ બીજું કાંઈ ડચ સરકારને હતું નહિ ૧૮૪૯માં અમુક ટાપુ-પ્રદેશોમાં ડચ સરકારે દાખી દીધા હતા. તેમ છતાં ય સામનો કરવાનો જુસ્સો કચરી શકાયો નહોતો. એટલે ૧૯૦૬-૦૮ સુધીમાં ડચ સરકારે અસરકારક પગલાં લીધાં અને મોટા ભાગના નાના-રાજવીઓ શરણે થઈ ગયા. પણ થોડાક તો સારી દેશદાઝવાળાઓ નીકળી પડયા. બાન્ડુંગના રાજાએ ગુલામી કરતાં મોત પસંદ કર્યું. એણે અને એના વફાદાર સૈનિકોએ રણમેદાનમાં દુશ્મન સામે દોટ મૂકી અને એમાંનો એકેએક વીર મૃત્યુને ભેટયો. જીવલેણ યુદ્ધમાં ઝંપલાવવાના આપણા રજપૂતોના શિરસ્તાને બરાબર મળતી આ પ્રથા છે, કેસરિયાની આ વીર પ્રથાને બાલીમાં 'પુપુતાન' કહેવાય છે.'

કેસરિયા કરીને વીરને છાજે તેમ મોતને ભેટવાની ભૂતકાળના રજપૂતોની પ્રથા આજે એમના ભારતવાસી વંશજોમાં તો નથી રહી પણ આ બાલીની પ્રજાએ એ શૌર્ય-સંસ્કાર-વારસો આજ સૈકાઓ સુધી સાચવી રાખ્યો છે. ચિતોડના અટંકી વીરાએ સ્વર્ગમાંથી આ દૃશ્ય નિહાળ્યું હશે ત્યારે બાલીના એ સાચા રજપૂતો ઉપર એમણે પુષ્પવૃષ્ટિ નહિ કરી હોય ? માત્ર બ્રાહ્મણોના જ્ઞાનભંડારો જ નહિ પણ આર્ય ક્ષત્રિયોનાં શૂરાતન પણ બાલીનાં પ્રજાજીવનને આ રીતે તેજસ્વી બનાવી રહ્યાં છે. બાન્ડુંગના રાજાએ, અને એને પગલે પગલે બાલીના બીજા રાજાઓએ ૧૯૦૬માં કરેલાં કેસરિયાંની કથા આજે ત્યાંની પ્રજાના હૃદયમાં જીવતી પડી છે અને જ્યાં એ સ્વાતંત્ર્યયુદ્ધ લડાયું હતું તે સ્થળ આજે પણ ત્યાં જનારા મુસાફરને લોકો ઊંચી લાગણી અને માનથી ભરેલા અંતરે દેખાડે છે.

બાલીની પ્રજા વચ્ચે ૧૯૨૭માં જઈ આવેલા કવિવર ટાગોરે લખ્યું છે:

'એમના, કપડાં રંગબેરંગીલા અને સારે શણગારોથી સજેલાં હોય છે એ બતાવે છે કે કોઇ ઢંગધડા વગરનાં ચીંથરાથી પોતાના દેહને ઢાંકીને એનું અપમાન કરવાની એમને ટેવ નથી પરિણામે, જ્યાં કોઈ ટોળું ભેગું થાય ત્યાં એ દેખાવ ઘણો પ્રિય થઈ પડે છે. સ્ત્રીઓ પોતાનું કપડું અરધું અંગ ઢાંકતું રાખે છે. એનું કોઈ કારણ પૂછે તો કહે છે કે, 'અમે શું હલકી સ્ત્રીઓ છીએ તે અમારી છાતી ઢાંકીએ ?' સામાન્ય રીતે પુરુષો તેમ જ સ્ત્રીઓનાં શરીરના આકાર તથા ઘાટ પ્રમાણસર હોય છે. વધુ પડતો જાડો કે દૂબળો કોઈ માણસ મારા જોવામાં નથી આવ્યો.

'ચિત્રકલાની દૃષ્ટિએ બાલીથી ચઢિયાતી ભાગ્યે જ કોઇ પ્રજા દુનિયામાં હશે. ખાવાનું પુષ્કળ મળે છે, એટલે પોતાનાં રૂપડાં, પોતાનું રાચરચીલું, પોતાનાં વિધિ અને રિવાજોને માનવી અહીં કલામય બનાવી રાખે છે કોઈ ભિખારી અમે હજી જોયો નથી, કંગાળ એદીપણાનું કોઈ ચિહ્ન અમે જોયું નથી. ચારે બાજુ બસ ગાન-વાદન, નૃત્યો અને નાટયપ્રયોગો ચાલ્યા કરે છે. એના વિષયો મહાકાવ્યમાંથી લીધેલા હોય છે રસ્તાની બેઉ બાજુ જાતજાતનાં મંદિરો અને મૂર્તિઓ છે શરીર તેમ જ આત્મા માટેના ખોરાકની ત્યાં જરાય તાણ નથી શ્રી-નિકેતન-સંપૂર્ણ સુખશાંતિનું એ એક સાચું ચિત્ર છે.

'એમના ઉત્સવમય જીવનની મુખ્ય વસ્તુ છે નૃત્ય. સતતપણે વહ્યા આવતા સાગર-વાયુઓમાં જેમ એમની નાળિયેરીઓનાં પાન ઝુલે છે, એમ જ ફરી ફરીને આવતા નૃત્યના સાદે એ સ્ત્રી-પુરુષોનાં અંગ ડોલતાં હોય છે......એમના નૃત્યો એ અંગોનાં હલનચલનનું સૌંદર્ય દેખાડવા માટે નથી યોજાયાં. નૃત્ય એ તો એમની ભાષા છે-એમની ઇતિહાસ-કથાઓની ભાષા છે. એમનું ગાન-વાદન પણ એક જાતનું સ્વર-નૃત્ય છે સંગીત પણ સૌંદર્ય દેખાડવા માટે નથી, એ તો એમના નૃત્યને તાલની ભૂમિકા પૂરી પાડવા માટે જ છે.'

જે બાલીમાં આજ ગણુસો વર્ષોથી પરદેશી ગોરાઓ વધુ ને વધુ સત્તા જમાવતા ગયા છે, અને જ્યાં લડાઇ પહેલાં દર વર્ષે હજારો પરદેશી મુસાફરો સહેલ કરવા આવતા, તે આજે ઇસુની વીસમી સદીમાં પણ પોતાની અસલ સંસ્કૃતિમાંજ આટલું ઓતપ્રોત કેમ રહી શક્યું હશે ? લડાઇ પહેલાંના વર્ષોમાં

[અનુસંધાન પૃષ્ઠ ૭૩૫]

રૂપેરી ગંગાલહરી

એકાંતનું રૂપ

જિતુભાઇ પ્ર. મહેતા

રૂપેરી પરદા પર ચિત્રચોરસાને ભવ્ય બનાવવાની રીત આપણી આંખોએ અનેકવાર નિહાળી છે. કલાકારનું શિલ્પ, કડિયાએ તૈયાર કરેલી ભૂમિ, બીજી સામગ્રી અને એના પર છંટાતું અજવાળું–ચિત્રચોરસાની અંદર આ ભાત ઉપકાય છે અને સમૃદ્ધ દૃશ્ય નજરને મળે છે.

પણ એકાંતનો શણગાર અઘરો છે. એકાંતને પણ શણગારવું પડે છે. કૅમેરાએ ચોક્કસ નજર મેળવીને એકાંતને 'લેન્સ' પર રમાડવું પડે છે. એવા ચિત્રચોરસામાં દૃશ્યની સામગ્રી ઓછી હોય પણ એની અસર ભરપૂર હોય છે.

જે દિગ્દર્શક એકાંતને રૂપેરી પરદા પર લઈ આવી શકે છે એની શક્તિ માટે આપણને માન થવું જ જોઇએ. જીવનમાં એકલતા આવે છે એને પરદા પર સ્થાપિત કરવી હોય તો એની રીત જૂદી છે. પણ માત્ર ચિત્રચોરસાથી એકાંતની સ્થાપના કરવી એમાં-બુદ્ધિ ઉપરાંત ઊર્મિ અને મિજાજની જરૂર પડે છે.

આવું 'રૂપેરી' એકાંત મને સાંભરે છે. એક ચિત્રમાંથી મેં એને માણ્યું છે અને આજે એની યાદ માણી રહ્યો છું.

રૂપેરી પરદો ઝબકે છે. ચિત્રચોરસામાં ક્ષણ બે ક્ષણ માટે કોઈ માનવી નજરે પડતું નથી કોઇ ગતિ આંખ સામે આવતી નથી.

કાઠિયાવાડની સૂકી જમીન જેવી પીળી જમીન છે. સુકાએલા ઘાસની એ જમીનની વચ્ચે એક કેડી છે. કેડીની આજુબાજુ થોડાં ઝાખાં [illegible] છે. બોરડી જેવાં, બાવળ જેવાં.

ચિત્રચોરસામાં કોઇ હલતું નથી, એમને એમ મૂંગો એ પડયો છે. ત્યાં એક ધૂળચકલી એના ગળાને છાંટવાનું શરૂ કરે છે. ધૂળચકલી દેખાતી નથી પણ એનો અવાજ 'દેખાય' છે.

ધૂળચકલીની એ બોલી મૂંગા ચિત્રચોરસાને જીભ આપે છે અને એ જીભ પણ એકાંતની જ વાત કરતી લાગે છે. કારણકે કોઇ માણસ ત્યાં ઢૂંકતો નથી.

દિગ્દર્શકે આટલું કરીને ચિત્રની અંદર એકાંતને શણગારી જાણ્યું છે. ધૂળચકલીની બોલી એ ખરેખર એકાંત કુદરતનું એક ધ્વનિધરેલું જ છે ગામડામાં આપણે જઇએ ત્યારે ઘણીવાર એમ બને છે કે માણસ નજરે પડે નહિ, કોઈ ચીજ ગતિ પકડતી લાગે નહિ, પણ ત્યારે ય કોઇ હોલું બોલતું હોય છે.

એવી કોઈ સાંજ માણી હોય તો સંભારો. મેં તો એકલી એવી સંધ્યાનો ભોગવટો કરી જોયો છે. એવે વખતે ધૂળ ભરેલા માર્ગ ઉપર લેલાં નામનાં પક્ષી ગોકીરો કરી મૂકે છે. એકાંતના શણગાર તરીકે એ ધ્વનિ આપણને યાદ રહી જાય છે.

દિગ્દર્શકે આવો અનુભવ એકઠો કર્યો હોય તો એ રૂપેરી પરદાને એકાંતથી રૂપાળો બનાવી શકે છે.

હા, પછી એ ધૂળચકલી બોલતી રહે છે અને કોઈનાં પગરખાંનો અવાજ કાન પર પડે છે આઘેથી એક આદમી આદમો આવતો દેખાય છે. એ આદમી એકાંતમાં ખાસ ખલેલ પાડતો નથી. કારણકે ધૂળચકલીની જેમ એ પણ આવી જમીન પર આકળતો રહે છે

એ આદમી માટે પહેલેથી જ આપણ દિલમાં દર્દ જાગે છે. એ એકલો ચિત્રચોરસો એકલો છે.

આ તો ક્ષણએક્ષણ ઝબકત ચિત્રના ચોરસાની વાત થઇ. પણ આ બે ક્ષણોએ પણ કેવી ગૂંથણી કરી આપી !

બીજા એક ચિત્રમાં એક એકલી પડી ગએલી કબરને એકાંતનું રૂપ આપવામાં આવેલું મેં જોયું છે. કબરમાં સૂતેલો એમને એમ સૂઈ ગયો નહોતો. એ જીવતો હતો ત્યારે એની આસપાસ એક નાનકડી દુનિયા ફરતી હતી પણ મૃત્યુ ! એ તો એકલાની જ નિદ્રા છે ને !

એટલે દિગ્દર્શકે એ કબર ઉપર એક ઝાડ રાખી દીધું હતું અને આકાશમાં શોકનાં વાદળાં રાખી દીધાં હતાં ચિત્રચોરસાને જ શોક પાળતો દેખાડવામાં આવ્યો હતો !

આમાં બીજા માણસો દેખાતા નહોતા. કબર પર કોઈ આંસુ સારતું નજરે પડતુ નહોતુ. કબર એકલી હતી અને કુદરત પણ એકલી હતી.

ઘરની અંદર રહેવા છતાં એકાંતનો અનુભવ થાય છે, એવું દૃશ્ય પણ ચોરી પરદાએ શણગાર્યું છે.

ગોર્કી જેવા સાહિત્યકારનું બાળપણ કેવું હતું ? ઘરની અંદર બીજા માણસો હતા પણ ગોર્કી તો એ બધા વચ્ચે એકલો જ હતો !

ઘરના એક રસોડીઆ [illegible] ગોર્કી બેસી રહેતો, મૂંગો. ઘ મ. [illegible] કાંઈ બનતું એના પર એ વિચાર કરતો. મોટાઓને જે સમજાતું નહિ એ

[અનુસંધાન પૃષ્ઠ [illegible]]

કાર્થેજ પૂર હુળ ફરે છે

દર્શક

કેટલાંક માણુસો એટલા હલકા હોય છે કે એમને દુશ્મનને નમાવવાથી જ શાતા નથી વળતી, એ તો દુશ્મન જ્યારે સમૂળો નાશ પામે છે ત્યારે જ તૃપ્ત થાય છે. રોમમાં એવી હલકાઇનો જન્મ થઇ ચૂક્યો હતો. ને એનો પ્રતિનિધિ હતો 'કેટો' કેટો જાણવા જેવી વ્યક્તિ હતી મોટો જમીનદાર હતો. પૈસાનો તૂટો નહતો પણ પહેરવાના કપડાં તો ઉભડીઆ જેવાં, ખાવાનું તો સાવ સુક્કુ ને કસ વગરનું, ને મહેનત તો ત્રણ ગધેડાં જેટલી. સાદાઇનો એ ચાહક હતો તે તો ઠીક પણ સુખ ને સુન્દરતાનો એ કટ્ટો વેરી હતો. એની હાજરીમાં કોઇ હસતું તો એ મુઓ જ. કારણ કે રોમમા એ સેન્શર હતો સેન્શરનુ કામ કોઈ રોમન, રોમન કુલ–પરંપરાથી ભમતો જણાય તો સજા કરવાનુ હતુ. કેટલીય રોમન સ્ત્રીઓને સુન્દર વસ્ત્રો ને ઘરેણાં પહેરવા માટે એણે દંડ કર્યા હતા. કોઇનુ સુખ જાણે એ ભાળી શકતો નહોતો.

એમા એકવાર એ કાર્થેજ ગયેલો કાર્થેજ પર જે ભારે દંડ નખાયો હતો તે ઉપરથી એની કલ્પના એવી હતી કે કાર્થેજ તો સાવ વેરાન ને પાયમાલ થઇ ગયું હશે. એણે કાર્થેજમાં નૌકાસૈન્ય ને લશ્કર જોયાં, મગીયા જેવા–હસ્તીઓ જોઇ હાથકસબના કારખાના ને શાહસોદાગરોની વણજારો જોઇ. એ જોઇને ઝેર બળી ઊઠ્યો. તે દિવસથી એણે સેનેટમાં પોતાના ભાષણોની સમાપ્તિ એક જ વાક્યથી કરવા માંડી

'કાર્થેજનો નાશ થવો જોઇએ.' ગમે તે વિષય હોય ને ગમે તે પ્રસંગ હોય, કેટો ઉપસંહારમા શું બોલશે તે એકેએક રોમન જાણતો કોઈ રડ્યા ખડ્યા આનો વિરોધ કરતા પણ આખરે કેટો છત્યો; કાર્થેજનું ભાવી નક્કી થઇ ગયુ.

બહાનુ ગોતી કાઢ્યું. બીજા વિગ્રહ અંતે જે સુલેહ થઈ તેમા એક શરત એવી હતી 'કાર્થેજે રોમની સમતિ સિવાય કોઇની જોડે યુદ્ધ કરવુ નહિ' તથા ન્યુમીડીઆને સ્વતંત્ર રાજ્ય ગણવુ. હવે ન્યુમીડીઆના રાજાને ઉપલી શરત ફાવતી મળી ગઈ એ જ્યારે ને ત્યારે કાર્થેજની હદમાં ઘૂસી જાય. એચાર ગામડાં લે, એક બે કિલ્લા તોડી પાડે, કાર્થેજના વેપારીઓના કાફલા લૂંટી લે પણ કાર્થેજ એને સીધું કશુ ન કરી શકે. રોમને લખે–રોમ તપાસ કરે. પંચ નિમાય–ન્યુમીડીઆના પક્ષમા ચુકાદો આવે ને પાછુ એમ ને એમ ચાલ્યા કરે. ૫૦ વર્ષ આમ ને આમ ચાલ્યુ કાર્થેજે સબૂરી રાખી–ઝઘડાને ટાળ્યા કર્યો પણ છેવટે સેનેટના ગરમ મિજાજના થોડાક સભ્યોએ ન્યુમીડીઆના હલ્લાખોરોને એક વાર સપડાવ્યા ને કેટલાકને મારી નાખ્યા.

રોમને આ જ જોતુ હતુ એણે તરત જ કાર્થેજે સુલેહભંગ કર્યો છે એમ કહીને લડાઈ જાહેર કરી ને લશ્કર રવાના કર્યું. સેનેટે તરત જ એલચીઓને મોકલી પરિસ્થિતિ સમજાવી. સેનેટની ઉપરવટ જઈ ન્યુમીડીઆ સાથે લડનારા પક્ષના સભ્યોને મોતની સજા કરી. પણ રોમે એ કાંઇ સાંભળ્યુ જ નહિ ૮૦ હજાર માણસોનુ સૈન્ય ઉતાર્યું. એ ઉતરનારામાં એક હતો સીપીઓનો પૌત્ર. 'નાનો સીપીઓ.'

કાર્થેજીઅનો પાસે નહોતાં વહાણો કે નહોતી સેના, નહોતો ધાન્ય સંગ્રહ એમના જુવાન લડવૈયા તો ન્યુમીડીઆ સાથે ઝઘડામા જ વેતરાઇ ગયા હતા. રોમન સેના તો કાર્થેજથી માત્ર આઠ જ માઇલ દૂર આવી પહોંચી હતી. કાર્થેજીઅનો રોમન સેનાપતિને શરણે ગયા ને શરણાગતિની શરતો માગી સેનેટે કહ્યું 'કે કાર્થેજને બચાવવુ હોય તો ઉમરાવોના ૩૦૦ બાળકોને સીસીલીમાં બાન તરીકે મોકલો ને વધુ હુકમો માટે સેનાપતિને મળો તો આફ્રિકામા એમને જ તે મુક્ત રહેવા દેવામા આવશે'

'વધુ હુકમોના' ગર્ભમા શું પડ્યુ હતુ તે સમજ્યા સિવાય, રોમન ઔદાર્ય પર ભરોસો રાખીને કાર્થેજીયન સેનેટે હુકમ માથે ચઢાવ્યો

બીજા દિવસે પ્રભાતના પોરમાં કાર્થેજના બારામાં એક રોમન વહાણ બાનને લઇ જવા ઊભું હતુ ૧૪ વર્ષના સુકુમાર કિશોરોને વળાવવા એમના માબાપો ને અસખ્ય સ્ત્રીઓ આવી હતી સૌની આંખોમાથી આંસુ ટપકતાં હતા. કેટલાંક બાળકો તો માનો છેડો પકડીને ઊભાં હતાં. કેટલીક માતાઓ એમના બાળકોને જકડીને ઊભી હતી. વહાણ ઉપડવાનું

★ આંસુ ટપકતી આંખે એ જોઇ રહ્યા. ભભૂકતી જ્વાલામાં ★
★ કૂદી પડતા એણે ત્રણ બાળકો અને એની માતાને જોઈ. ★
★ એના હૈયામાંથી શ્વાસ નીકળ્યો : 'રોમનું પણ આવુંજ થશે? ★

નિશાન થયું, સેનેટરો આવ્યા, કોઇ માતાને સમજાવી, કોઈ બાળકને છાનું રાખ્યું ને કોઈને હિમ્મત આપી, બાળકોને વહાણ પર ચડાવ્યા. વહાણુ ચાલ્યું. હૈયું ચીરી નાખતું આક્રંદ સંભળાયું ઇતિહાસકાર કહે છેઃ 'કેટલીક માતાઓ બેભાન થઇ હતી, કેટલીક દરિયામાં પડી, વહાણુની પાછળ જવા દોરડાં પકડી રાખ્યાં.' સૂરજ એ કેમ જોઇ શક્યો હશે? વધુ હુકમો માટે સેનેટના દૂતો રોમન સેનાપતિના તંબૂમાં ગયા. સેનાપતિએ કહ્યું.

'કાર્થેજમાં જેટલાં હથિયાર ને દારૂગોળો હોય તે સોંપી દો. નગરજનોને નિઃશસ્ત્ર કરો.'

એલચીઓ બાઘાની જેમ જોઇ રહ્યા. પહેલાં તો એ સમજી ન શક્યા.

'તમે કહો છો કે તમારે રોમ તથા બીજા સાથે સુલેહ શાંતિથી રહેવું છે. તો પછી તમારે હથિયારની જરૂર શી છે?' રોમન સેનાપતિએ કહ્યું. ને ઉમેર્યું' 'હથિયારો નથી છોડવા માગતા એનો અર્થ એ છે કે તમારા મનમાં હજુ મેલી રમત છે'

સુલેહકારો પાસે બીજો કોઈ માર્ગ જ ન હતો. તે હુકમ પણ પાળ્યો. કાર્થેજમાંથી બીજી સવારે શસ્ત્રસરંજામનાં ગાડાંની હેડયો નીકળી. સંગરની લંગર. બે લાખ તો એમાં બખ્તરો હતાં ને એટલી જ તલવારો —ભાલા ને અપરંપાર શસ્ત્રો. રોમન સેનાપતિના તંબૂ આગળ આવીને બધું ઠાલવી નાખ્યું હવે આજ્ઞાઓ પૂરી થઈ હતી? કે કોઈ નવી આજ્ઞા બાકી હતી?

રોમન સેનાપતિએ એમની આજ્ઞાધિનતા ને સુલેહની આતુરતાની પ્રશંસા કરીને સેને'ને છેવટ બાકી રહેલી આજ્ઞા કરી 'એમણે કાર્થેજ ખાલી કરીને ચાલ્યા જવાનું હતું' કારણ કે કાર્થેજને ઉખેડી નાખી ત્યાં ખેતર કરવાનુ હતું. કાર્થેજીયનોને દરિયાથી દસ માઇલ નજીક ન હોય તેવી કોઇ પણ બીજી જગ્યાએ વસવાની છૂટ હતી.' આ શબ્દો સાંભળતાં જ કાર્થેજીયન એલચીઓ હતબુદ્ધિ થઈ ગયા બોલવાની શુધ ગુમાવી બેઠા. આવડો મોટો દગો રમી શકે? આવડી ભારે કૃતઘ્નતા આચરી શકાય? આવો અમાનુષી અન્યાય? પણ સામે રોમન સેનાપતિ જોઈ વાત હસવાની નહોતી. આ આજ્ઞા સાચી ને અફર એ જાણતાં જ કેટલાક એના પગમાં પડી ગયા દયા માગવા લાગ્યા–કકળવા લાગ્યા. બીજાઓએ પોતાનાં લૂગડાં ચીરી નાખ્યાં–કપાળ કૂટયાં–દેવોની સહાય યાચી. બીજા વળી સેમન સેનેટ પર ફિટકાર વરસાવવા લાગ્યા. બધું એળે ગયું ત્યારે છેવટ સેનેટ પાસે દયા માગવા જવા દેવાની રજા માગી. સેનાપતિએ ડોકું ધૂણાવી કહ્યુ "નકામું છે. સેનેટની જ આ આજ્ઞા છે." ક્રોધ–શોક–અપમાન –લજ્જાના ભારે દબાયલા એ બધા પાછા ફર્યા ત્યારે સૌના મનમાં એક જ વાત રમતી હતી. "કેમ કરીને આ સમાચાર લોકોને કહેશુ? લોકો અમારુ શું કરશે?" કેટલાક રસ્તા પરથી પાછા વળી બીજે ચાલ્યા ગયા.

લોકો તો આ વાત સાંભળીને ભાન જ ગુમાવી બેઠા. જેમણે બાન સોંપવાની ને હથિયારો સુપરત કરવાની સલાહ આપી હતી તે સેનેટરોના ચીરેચીરા કરી નાખ્યા. જે દૂતો મૂંગા મોંએ આ આજ્ઞા સાંભળી પાછા આવ્યા હતા તેમને શેરીઓમાં ઘસડયા. જેટલા ઇટાલીયનો ભાળ્યા તેટલાને પાણે ને પાણે ટીચી નાખ્યા.

સેનેટે તેજ દિવસે શરણે જવાને બદલે યુદ્ધે ચડી ખપી જવાનો નિશ્ચય કર્યો. હેસ્ડુબલને સેનાપતિ નીમ્યો; ને આખા શહેરને' ઘેરાની સ્થિતિમાં મૂકી દીધું. જેટલા ગુલામો હતા તેમને સ્વતંત્ર કરી દીધા. દેવળો, રંગભૂમિઓ, વેપારીઓની ગાદીઓ બધાં હથિયાર બનાવનારાં કારખાનાં બની ગયાં; કમાડેથી–કમાટેથી ખૂણેથી ખાંચરેથી જ્યાંથી મળ્યું ત્યાંથી લોઢું એકઠું કરવા માંડયું. સાંજ પડયે ત્રણ હજાર તલવારો તૈયાર થવા માંડી. સ્ત્રીઓએ ધનુષ્યની દોરી કરવા માટે લાંબા ચોટલા કાપી આપ્યા. હેનીબાલ જેમ જ કાર્થેજ મરશે પણ તાબે નહિ થાય તેવો નિશ્ચય કર્યો રોમન સેનાને આની કલ્પના જ નહોતી. એ તો આરામથી છાવણીમાં પડી હતી. એમને કાર્થેજમાં પેસવાની ઉતાવળ નહોતી. જે દિ' જશુ તે દિવસે દરવાજા ઉઘાડા જ છે ને! હજુ કાર્થેજીયનો એમની ઘરવખરી તો સારી લે! ને એમની પાસે વેંતનું ચપ્પુ પણ ક્યાં રહેવા દીધું છે?

પણ સેના જ્યારે શહેર પાસે આવી ત્યાં તો બાણુનો વરસાદ વરસ્યો, કિલ્લા પર બખ્તરધારી અસંખ્ય સ્ત્રી–પુરુષો દેખાયાં. થોડીવારમાં ગોફણો ને જંતરડામાંથી પાણાનો વરસાદ શરૂ થયો. રોમનસેના પાછી ભાગી. કાર્થેજીયનો દગો રમ્યા હતા!

કાર્થેજ એક નાના દ્વિપકલ્પ પર હતું. જમીનને સાંધનારી એકજ પટ્ટી હતી. એ રસ્તે જ કાર્થેજનો બહારની દુનિયા સાથે સંબંધ સચવાતો હતો. રોમનસેનાએ એ પટ્ટીના છેડા પરજ કિલ્લેબંધી કરી. એમણે ધાર્યું કે બે મહિનામાં પતી જશે લડશે શેનાથી ! ખાશે શું ? પણ બે મહિનાને બદલે બે વર્ષના વહાણા વાયાં પણ કાર્થેજના વિશાળ કિલ્લાની એક કાંકરી પણ ખરી નહોતી. કારણ કે કાર્થેજનું બંદર તો હજુ ચાલતું જ હતું.

સેનેટ પણ હવે અધીરી થઇ, આમાં રોમન પ્રતિષ્ઠાની હાંસી થતી હતી. એણે સેનાપતિ બદલી નાખ્યા. નવો સેનાપતિ હતો સીપીઓ. હેનીબાલને જીતનાર સીપીઓનો પૌત્ર. એણે જોયું કે જ્યાં સુધી બંદર બંધ ન થાય ત્યાં સુધી કાર્થેજ જીતવું અશક્ય હતું. ને બંદર જીતવામાં કાંઇ તલવારની જરૂર નહોતી. એણે આવીને બધા સૈનિકોને કોદાળી પાવડા પકડાવ્યા. ખાડી પૂરવાનું શરૂ કર્યું. કાર્થેજીયનો કિલ્લા પર ઊભા ઊભા દરિયો પૂરવાના પ્રયત્નને હસતા હતા પણ દસ વીસ દિવસ જતા એમનું હાસ્ય સુકાઇ ગયું. ખાડી કદાચ પૂરી થ નાખે ને તો ? આ બારામાંના વહાણો તો ગયા. નવાં વહાણોનું શું ? બનાવવાનું શું ? એમણે બીજો જ પ્રયત્ન આદર્યો. સીપીઓને એની ગંધ પણ આવવા દીધા સિવાય તેમણે જમીનની એક બીજી જ પટ્ટી ખોદવા માંડી. દરિયા તરફ મોટી નહેર ખોદાતી હતી. ઘર પરની વંજી–વળીઓ–બારણાં બારી ઉતારીને વહાણો બનાવાતાં હતાં. સીપીઓનું સૈન્ય દરિયો પૂરતું હતું. કાર્થેજીયન પ્રજા દરિયાનું મોં ઉઘાડતી હતી. એક બાજુ બારું પૂરાઇ ગયું, વહાણો સલવાઇ ગયા ને બીજી બાજુએ નવું બારું ખૂલ્યું–નવાં પચાસ વહાણોનો કાફલો દેખાયો. સીપીઓ ઘડીભર સડક થઇ ગયો. પણ તરત જ સાવધ થઇને રોમન કાફલાને હુમલો કરવા આજ્ઞા કરી. એમાં કાર્થેજીયનોના જૂનાં–ખોખરાં પાટિયાનાં બનેલાં વહાણો ઝીક ન ઝીલી શક્યાં. સીપીઓએ એનો ખુરદો કાઢી ફરી નવા બારાને પૂરાવી દીધું. આમાં ત્રીજું વર્ષ પૂરું થવા આવ્યું.

બારું પૂરાયા પછી સીપીઓએ કિલ્લા પર હુમલો શરૂ કર્યો. કિલ્લો તૂટ્યો. રોમનસૈન્ય પાણીના પૂરની પેઠે અંદર પેઠું. પણ કાર્થેજના રાજમાર્ગો–ગલીઓ ને શેરીઓમાં કાર્થેજીયન નાગરિકો જે હાથમાં આવ્યું તે લઇને લડયા; બચેલું સૈન્ય સેનેટના કિલ્લામાં ભરાયું સાંકડી શેરીઓમા ઊંચી ઊંચી મેડીઓ પરથી રોમન સૈનિકો પર લાકડાં, લોઢાં, રોડાં, પત્થરનો વરસાદ વરસ્યો. સીપીઓએ જોયું કે આમ તો રોમન સૈન્ય ખલાસ થઇ જશે એણે રાજમાર્ગ પરનાં મકાનો કબજે કરવા માંડયા. ને એક મકાનને બીજા મકાન પર પાટિયા મૂકી આખું લશ્કર નીચે શેરીમાં નહિ પણ ઉપર જ ચાલીને મધ્યદુર્ગ સુધી પહોંચે તેમ ગોઠવ્યું, ને પસાર કરેલ મકાનોને દારૂગોળાથી ઉડાડી નાખ્યાં. આ રીતે પણ શહેરના મધ્યભાગમાં પહોચતા એને સાત દિવસ થયા. કિલ્લામાં ભરાયલ લશ્કરે જ્યારે આખું શહેર સળગી ગયેલું જોયુ ત્યારે હામ ખોઇને શરણે આવ્યું ૫૦૦૦૦ ભૂખ્યા, ચીંથરેહાલ સ્ત્રીપુરુષો દરવાજામાથી નીકળ્યા પણ સેનાપતિ હેરડ્રુબલ તો એની સ્ત્રી બાળકો ને ૭૦૦ સાથીઓ સાથે ઊંચી ટેકરી પરના દેવીના મંદિરમાં ભરાઇ બેઠો. સીપીઓએ એને ઘેરો ઘાલી ભૂખે માર્યા. છેવટ એક દિવસ સાંજે હેરડ્રુબલ ધોળી ધજા લઇને મંદિરમાંથી ઊતર્યો. સીપીઓના પગમાં પડયો. પણ એની સ્ત્રી બહાર ન નીકળી. મંદિરના કોટ પર ઊભા રહી એના ધણી પર થૂંકી. 'દેશ આખાને હોમી શરણે જનાર કંગાલ જીવડા હ્યાનત હજો તને પછી સીપીઓને કહેઃ 'તારી પાસેથી હું કંઇ નથી માગતી–તેં તો બધા જીતેલા કરે છે તેમ કર્યું છે. પણ હું કાર્થેજના દેવતાઓની પાસે માગું છું કે આ પોતાના ગામ–પોતાની સ્ત્રી ને બાળકોને તજી દુશ્મનના પક્ષમાં જનાર આ અધમને સજા કરતી વખતે જરા પણ રહેમ ન બતાવે." કહી એણે મંદિરને આગ મૂકી–ને ત્રણે બાળકો લઇ એ ભભૂકતી જ્વાલામાં કૂદી પડી.

ને સીપીઓ ચારે બાજુ સળગતા કાર્થેજ તરફ જોઇ રહ્યો. સાત લાખની વસ્તીવાળા એ નગર પર હળ ફેરવતી વખતે એના સાતસો વર્ષનો ઇતિહાસ આંખ આગળ તરવા લાગ્યો. એના હાથી–એની નૌકાઓ–એના અંજીર ને શેતુરના રમ્ય બગીચાઓ, એનું અટંકી ખમીર, એનો જવલંત પુરષાર્થ એ બધા પર જાણે એ હળ ફેરવતો હતો. એને આવીજ એક બીજી નગરી ટ્રોયનો વિનાશ યાદ આવ્યો. હોમરની કડી એના મોંમાથી સરી પડી.

Priam's and Troy's
time come they fates obey,
And must to fire and
sword be made a prey.

રોમનું પણ શુ આવું જ થશે ? ને એની આંખમાંથી આંસુ ટપકી પડ્યા.

ઇતિહાસકાર કહે છે કે કાર્થેજ ને બળતાં ૧૪ દિવસ લાગ્યા ને તે જગ્યાએ ૪ ફૂટની રાખનો થર પથર્યો.

વાસરિકા

વિજયરાય ક. વૈદ્ય

પૂર્ણયોગ અને માનવોત્કર્ષ

તા. ૩૧-૧૦-૪૫ : આ માસના 'રેખા'માં 'વિચાર અને વાદ' નામનો રા. નિરુ દેસાઈનો લેખ છે. એમાં શ્રી. અરવિન્દની યોગપ્રણાલી વિશે પણ થોડું લખાયું હોવાથી મને કુદરતી રીતે જ વિશેષ રસ પડયો.

એ લેખ છે તો ટૂંકો પણ એમાં લેખકે નિખાલસપણે આજના વિચારવંતોની-વિશેષે કરી દેશપ્રેમી તરુણોની-અમલી કાર્યના તેમજ એનાં ઝડપી લાભદાયક પરિણામોના ઉત્સુક યુવાનોની મૂંઝવણ રજૂ કરી છે. લખાણમાંના સામ્યવાદ તથા ગાંધીવાદ વિશેના ભાગ વિશે અહીં ગૌણપણે જ લખી શકાશે; મુખ્ય ચર્ચા (જોકે એ પણ કરવી જોઈએ તેનાથી તો ટૂંકી) ઉક્ત યોગવિષયક થઈ શકશે.

"શ્રી અરવિન્દ જેવા સ્પષ્ટપણે માને છે કે પ્રત્યેક માનવીમાં આન્તરચેતનાનાં બીજ પડયાં છે. એના પોષણ–સંવર્ધનમાં જ માનવોત્કર્ષ છે." લેખકનું આ વિધાન, પૂર્ણયોગની વિશિષ્ટ પ્રણાલીની દૃષ્ટિએ, અમુક રીતે સુધારીને સમજવાની જરૂર છે, એમ મને લાગે છે. પહેલું તો એ કે મનુષ્યમાં રહેલી આન્તર કે ભાગવત (=ભગવાનની, તેથી દિવ્ય) ચેતના એ અંકુરવાનું બાકી હોય તેવું કોઈ 'બીજ' નથી. માનવોત્કર્ષ સાધવા સમર્થ એ આત્મતત્ત્વ તો છે સંસિદ્ધ, સ્વયપર્યાપ્ત, પૂર્ણ અને નિત્યમુક્ત. આ વસ્તુસ્થિતિમાંથી ફલિત થતું બીજું કથયિતવ્ય એ છે કે આપણને હમણાં નથી થતો એ આત્માનુભવ થઈ શકે માટે મનુષ્યે આઠે પહોર ઈશ્વરાભિમુખ અન્તર્યામી છે તેમ વિશ્વમાં ય છે તે ઈશ્વર ભણી વળેલું જીવન ગાળવાની ટેવ પાડવી જોઈએ. એ રીતે આત્મતત્ત્વ ભીતરમાંથી આગળ આવતાં, તે સંવર્ધમાન થઈ પોષાતાં, આસપાસના જગત (લેખકે સૂચવ્યાં છે તેવાં આર્થિક વગેરે સાંસારિક દુઃખો તેમજ એ દૂર થયા પછી મળતાં કે મળવાનાં સાંસારિક સુખો) પ્રત્યેની આપણી દૃષ્ટિ જુદી જ થવાની. ચેતનાનું એમ રૂપાન્તર થયા પછી એવાં દુઃખ ઘટાડવા કે સુખ વધારવાની વ્યાવહારિક પ્રવૃત્તિઓ પણ આપણે શુષ્ક ઉદાસીનતાથી નહિ પણ રસાન્વિત, જીવન્ત નિષ્કામ ભાવે કેમકે પૂરેપૂરી ઈશ્વરાર્પણ બુદ્ધિથી જ કરીએ. આવું જ્ઞાન ઉચ્ચતમ જ્ઞાન તરીકે હૃદયમાં માત્ર જાગે કે અવારનવાર અનુભવાય એમ નહિ, પણ એ જ્યારે ત્યાં ઠરે, ત્યારે જ સારુંનરસું બધું જીવન પ્રભુલીલાનો આવિર્ભાવ છે એવી પ્રતીતિ થાય

પરન્તુ પૂર્ણયોગ તો આર્ય તત્ત્વજ્ઞાનના આ સન્ત મહાત્માઓના અનુભવસિદ્ધ સિદ્ધાન્તથી પણ આગળ જાય છે. આ યોગશાસ્ત્રમાં તો એવું કહ્યું છે કે સુજાગ્રત ચેતનાવાળો આત્મા ઊર્ધ્વગામી તો બને છે, પણ, એનામાં–સાધના પૂરતા પ્રમાણમાં ને એના પાકકાળે દૃઢીભૂત થાય ત્યારે જ, અલગ્નત–મનથી ઉપરની એવી ઊર્ધ્વભૂમિકામાંથી સર્વાંગે સત્યરૂપ એવી વિજ્ઞાનમય ચેતના પણ ઊતરે છે અને સાધકવ્યક્તિ કે સાધકસમૂહને દિવ્યતાની લહાણ લેવા સમર્થ બનાવે છે. આ પરથી સમજાશે કે હાલના માનવને એવો ને એવો રહેવા દેવામાં નહિ પણ એ 'કાચા માલ'માંથી દેવમાનવરૂપી finished product ઉપજાવવામાં જ એનો ખરો, અપૂર્વ નિત્યસ્થાયી ઉત્કર્ષ છે.

સમૂહની વાત કરતાં, છેલ્લું એક અગત્યનું બિન્દુ ટપકાવી લઈએ.

ઉપલી વિચારસરણી પ્રમાણેની સાધના કરવા જેટલી આત્મવિષયક પ્રગતિ તો સમસ્ત માનવજાતિ કદાચ કદી પણ નહિ કરે માટે એ, લેખક જેને 'અગમ્ય' કહ્યા છે તેવા વિચારો સદાકાળ અવ્યવહાર્ય જ રહેવાના એમ લાગે. પણ આ વાંધાનો ઉત્તર શ્રી અરવિન્દે ('ધી ઍડવેન્ટ': એપ્રિલ '૪૫; પૃ. ૭૭) "It is not intended to supramentalise humanity at large..." વગેરે શબ્દોમાં આપી દીધો છે. તેમના કહેવા પ્રમાણે, અમુક (કહો કે, ૧૦૦) સંખ્યાનાં ઘણુ આગળ વધેલા આ યોગનાં સાધક સ્ત્રીપુરુષો જો ઊર્ધ્વ પ્રદેશમાંથી ઊતરતી વિજ્ઞાનમય ('સુપ્રામેંટલ') ચેતનાના તત્ત્વને પાર્થિવ જીવન–ઉત્ક્રાન્તિના કાર્યમાં એક વાર બરાબર સ્થાપી દે, તો માનવજીવનની બાકીની વિશુદ્ધિ તથા સુધારણા તો એ પરમ, દૈવી ચેતનામય વિજ્ઞાનશક્તિ પોતે જ કરશે. જેમ પશુ સમાન હતો તે મનુષ્યપ્રાણીમાં મનની, બુદ્ધિની શક્તિ એકવાર સ્થપાઈ પછી તે સૈકે સૈકે આપમેળે વિકસતી ગઈ, તેવું આ નવી શક્તિનું સમજવું. એટલે, મુશ્કેલ છતાં અગત્યનું કાર્ય એ છે કે અલ્પસંખ્ય મનુષ્યોમાં પણ એવી પરમ ચેતનાનું સ્થાપન થાય.

'એડવર્ટ'ના એ જ અંકમાં (પૃ ૮૮) એક વિચારકે લખ્યુ છે કે રશિયનોએ સામ્યવાદ દ્વારા આર્થિક લોકસંઘ (economic commune) ચાલુ કર્યો છે તેવુ આધ્યાત્મિક 'કમ્યુન' તેઓ કરી શકશે કે નહિ એ હમણા કહેવાય નહિ, અને ઉમેર્યું છે કે બન્ને મહાયુદ્ધોથી એટલો લાભ તો થયો છે કે માનવજાતની ચેતનાભોમ ખૂબ જ ખેડાઇને એટલી બધી તો ઉપરતળે થઇ ચૂકી છે કે એ આધ્યાત્મિક ચેતનાકણના વાવેતર માટે તૈયાર થઈ શકે છે.

'રેખા'ના લેખકે ગાંધીજીની અહિંસાનો સામુદાયિક વિનિયોગ સફળપણે કરવામાં નડતી ભારે, અનેક મુસીબતોનુ સૂચન કર્યું છે એ મુસીબતો તો છે અને રહેવાની—પૂર્ણસ્વરાજ્યની સિદ્ધિ પછી પણ આપણે તેમ જ જગતને માટે રહેવાની, કારણ એ વખતે પણ જગતમાંનો કે હિંદમાંનો, જે કહો તે માનવસ્વભાવ તો સર્વાંગે હાલના જેવો રહેવાનો. એનું રૂપાન્તર ઉપર સૂચવેલા યત્ન કર્યો છે તેવી રીતે, ધરમૂળથી, યોગીઓ તથા ઉચ્ચ કક્ષાના યોગસાધકો કરશે ત્યા સુધી (જાતે જ ખાડી ને બાડી એવી ને વળી અંતરજ્યોતના પ્રકાશરહિત મનોમય તથા સારી માઠી પ્રાણમય ચેતના લગીની જ પહોંચ ને પકડવાળા, તેથી અલ્પશક્તિમંત) 'ઉત્તમ' રાજ્યતંત્ર કે 'ઉત્કૃષ્ટ' સમાજરચના ગમે તેવા પણ સુખી જીવન કે સ્થાયી શાન્તિ આપી શકે તેમ નથી. માનવની પાર્થિવ મુક્તતા પણ અપાર્થિવ શક્તિઓના પ્રભાવે ને સાહાય્યથી થવાની છે એમા મીનમેખ નથી

તા ૧-૧૧-૪૫ નવા પ્રકાશન શ્રી અરવિન્દ સર્કલ'નો પહેલો અંક એ યોગીવર્યનું 'સાયન્સ' યાને ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રો વિશેનુ જે દૃષ્ટિબિન્દુ એ સ્થળે (પાને ૩૪મે, ૧૩૮મે) રજૂ કરે છે તે પૂર્ણયોગથી અજ્ઞાત હોય તેવા ઘણાને નવાઇ પમાડશે—શાથી જે, એમા એ શાસ્ત્રોનું ખરુ સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે ને ઉપયોગિતા સ્વીકારી છે ઉપયોગિતા એ રીતે કે દૃશ્ય જગતનુ આપણુ જ્ઞાન એ શાસ્ત્રો વડે જેટલુ વધારે વિશાળ બનશે તેટલુ આપણું બ્રહ્મવિદ્યાનુ જ્ઞાન પણ વધારે વિશાળ ને ચોક્કસ બનવાનું આમ કહેવાનું કારણ એ કે પરમ ચેતના એ આ સ્થૂળ જગતને પોતાના આંતરણનુ પાત્ર કરાવ્યું હોવાથી મનુષ્ય જગતમા ગૂઢ રહેલા ભૌતિક પદાર્થો, શક્તિઓ વગેરે વિશે જેટલુ વધારે જાણે તેટલુ એ માત્ર નવીન શક્તિ ઝીલવા, સમાવવા, પચાવવા, દઢાવવા વધારે યોગ્ય બને. હમણા દેખાય છે એ રીતે તો સાયન્સે માનવમાંના આધ્યાત્મ-તત્ત્વને ગૂંગળાવવા ને બુઝાવવાનું કામ અધિક અંશે કર્યું લાગે પરંતુ સ્થૂળ પર એનાથી ભિન્ન એવા સૂક્ષ્મના દબાણને જ આખરે તો પ્રભુની કૃપાને સહાયતા પામેલા માનવીએ દિવ્યદૃષ્ટિપૂર્વક કામે લગાડવાનુ છે it is only by the divine use of the pressure of contraries and an intervention from above that there will be the spiritual outcome

એકાંતનું રૂપ [પૃષ્ઠ ૭૧૭ થી ચાલુ]

તત્ત્વ ગોર્કીના મગજને હેરાન કરતું એકલો બેસીને એ જીવનના નિરીક્ષણો કરતો કાચા કાચા એ નિરીક્ષણો હતા કારણ કે ગોર્કીની વય નાની હતી પણ મોટપણમા સાહિત્યનો સામગ્રી તરીકે એનું બચપણ એના એ વખતના નિરીક્ષણો એની બહાર ધાર્યા

દિગ્દર્શકે આ રીતે ગોર્કીને એકાન્તની સાથે ગૂંથી લીધો હતો

આ પ્રકારના દૃશ્યમા જે તત્ત્વ મૂકવું પડે છે એ તત્ત્વ ચિત્રચોરસાની અસરનું પરિણામ હોય છે વાત વરણ, અન્ય સામગ્રીનો અભાવ અને એમાથી એકાંતની ભાત ઉપસી આવે છે.

ચાર્લી ચેપલિને એના એકલા-પણાને ઉમદા રીતે રૂપેરી પરદા પર ઉતારી આપ્યુ છે

રઝળતો આદમી સપનાના મોતી વીણ્યા કરે પણ એ મોતી દૂરને દૂર રહે કલ્પનામા એ મોતી આવે જ નહિ

ચાર્લી પ્રેમ કરે, સૌ હસે ચાર્લી એની આંધળી પ્રિયતમાને ગુલાબ આપે અને સૌ તાળીઓ પાડે ચાર્લી એ આંધળી પ્રિયતમા આગળ એની શ્રીમંતાઈના બણગા ફૂંકે અને એનો ફાટેલો ડગલો બહાર પડે

આખરે ચાર્લી એની એકની એક લાકડી, એના વળી ગએલા પગરખાં અને હૈયામા નિશ્વાસ લઈ રૂપેરી પરદા પરથી ભૂંસાતો જાય—એ fade out એકલા પડી ગએલા આદમી માટે દર્દ જગાવી જાય છે

ભવ્ય દૃશ્ય પણ ગોઠવવું પડે છે એને માટે યોજના કરવી પડે છે એ માટે પૈસા વેરવા પડે છે કેમેરાને બરાબર કરવું પડે છે, એ બધા પછી ચિત્રચોરસો સમૃદ્ધ બને છે

પણ એકાંતને રૂપ આપવાનું કામ એના કરતાય અઘરું છે મૌન દર્દ ઊભું કરવાની શક્તિ એવે વખતે કેમેરાને મેળવવી પડે છે

કવિ, ચિત્રકાર, સાહિત્યકાર, કલાકાર—એમને એકાંત દૃષ્ટિબિન્દુ આપે છે, દર્દ આપે છે, મિજાજ આપે છે, ચિંતન આપે છે ફિલ્મના દિગ્દર્શકને પણ કોઇવાર એકાંત સારું રહ્યું હોય છે—અને ત્યારે દિગ્દર્શક એકાંતને બરાબર શણગારી આપે છે.

શેઠ અને સાકરિયો

મહેન્દ્ર મેઘાણી

સુંદરજી શેઠ દેખાતા હતા તેટલા મામુલી માણસ નહોતા. ગામના અગ્રગણ્ય શેઠીઆમાં એમની ગણના થતી. જે કાઠિયાવાડીઓ દોરી લોટો લઈને શહેરમાં આવેલા અને પછી આપબળે અને લોહીના પરસેવો કરીને લખપતિપદે પહોંચ્યા હતા તેમની યાદીમાં એમનું નામ શામિલ હતું. ગામમાં અંદરખાનેથી એમના દ્વેષીઓ ઘણા હતા, પણ એમને મોઢે તો એકેથી તમામ મલાવા કરી જાણતા હતા. બે–ત્રણ મહિને એકાદવાર, માત્ર નામના જ કારણસર એમને ઘેર ઋતુ પ્રમાણે શીખંડ, રસપુરી, બાસુદી કે દૂધપાકનું જમણ એ કરતા અને પોતે જેમના મિત્ર હોવાનો દાવો કરતા તે સૌ સજ્જનોને પોતે જાતે પીરસીને જમાડતા. શેઠની આ એક પ્રિય 'હૉબી' હતી. જો કે દ્વેષીઓ તો કહેતા કે પોતાનો પૈસો દેખાડવા માટે જ શેઠ આવા જમણવારો કરી રહ્યા હતા.

પણ પૈસાને સંઘરીને શેઠ કરે પણ શું? વિધાતાએ ભૂલભૂલમાં એમને ઘેર એક ઘોડિયું વર્ષો પહેલાં બાંધી દીધું હતું. તે પછી તો એ દીકરી રંભા પરણીને સુખમાં પડી ગઈ હતી. રંભાની ને એના ડૉક્ટરપતિની જોડી જોનારના હૈયામાં અમીનો છંટકાવ કરતી અને જમાઈ દૂરના પ્રદેશમાં ગયા ત્યાં! પણ શેઠની દીકરીએ જઈને જે મીઠી સુવાસ ફેલાવી હતી તેનો આખરી જશ તો શેઠ અને શેઠાણીને જ જતો: સુંદરજી શેઠની દીકરી છે ભાઈ!

એટલે સાચે જ શેઠને કોઈ દિવસ પોતાની ગંજાવર ધરકામતના વારસદાર દીકરાની ખોટ સાલી નહોતી. દીકરો આવ્યો હોત તો ઘરમાં રહીને કેવીક કીર્તિ વધારત એની કોને ખબર છે! આ તો દીકરી ઘરમાંથી ગઈ, અને છતાં જ્યાં ગઈ ત્યાં બધેય ઘરને ઉજાળતી ગઈ! સુંદરજી શેઠની દીકરી! વાહ પ્રભુ, વાહ! આથી વધુ મારે શું જોઈએ!

શેઠના પિતાહૃદયની પુત્ર માટેની ઊંડી ઝંખનાએ કુદરત સામે લાચાર થઈને બેસી રહેવાને બદલે બીજો માર્ગ લીધો હતો. ગામના જુવાનિયાઓ ને એમની વચ્ચે મોટો વયભેદ હોવા છતાં એમની સાથે એમના જેવડા થઈને શેઠ તડાકા મારતા, સામસામી મજાક ઉડાવતા, અને સાથે સાથે પોતાની અનેક નાની–મોટી યોજનાઓ ત્યાં વહેતી મૂકતા. યોજનાઓ વહેતી મૂકવી એ શેઠની બીજી એક 'હૉબી' હતી. મૂરતિયાઓ અને કન્યાઓ બેઉની અછતના આ જમાનામાં શેઠ એક બાજુથી ગામના સદ્‌ગૃહસ્થોનાં જમણવાર કરીને પોતાની એક આંખ એમાંના પ્રત્યેકના ઘરમાંની દીકરીઓ ઉપર રાખતા તેમ બીજી બાજુ જુવાનોની સાથે અલકમલકની વાતો કરીને એમને પણ પોતાની હથેલીમાં રાખતા.

કયા શેઠના ઘરમાં કઈ દીકરી કેવડી છે, મોટીમાં ઝાઝું રૂપ ન હોવાથી કયા ઘરની નાની કન્યાઓ પણ ઉમ્મરલાયક થઈ હોવા છતાં 'અટકી પડી' છે, કઈ છોકરી 'સાંઢડા' જેવી થઈને ફરે છે ને ન પરણવાની એની જીદ સામે માબાપનાં ઊનાં આંસુની કારી પણ ફાવવા દેતી નથી, કઈ છોકરીની ઉમ્મર 'પાકી ગઈ' હોવા છતાં હાડમાં સાવ નાની દેખાતી હોવાથી તેનો ક્યાંય મેળ બાઝતો નથી ને માબાપને બિચારાને પરાણે ભણાવવી પડે છે, કોઈ હિસાબે પણ કોઈ મૂરતિયાની આંખ એન ઉપર ઠરે એવી ગણતરીથી કયા માબાપ પોતાની દીકરીને 'સ્વિમિંગ બાથ' અને નૃત્ય–સંગીતના વર્ગોમાં પરાણે મોકલી રહ્યાં છે, કયા કારખાના–માલિક જમાઈને પરદેશ મોકલવાના પાંચ–દસ હજાર ખરચીને પણ દીકરીને ઠેકાણે પાડવા તલસી રહ્યા છે, આવી આવી અનેક માહિતીઓથી ભરપૂર ફાઈલો શેઠના મગજમાં વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગયેલી રહેતી. કોઈ અમેરિકન પુસ્તકાલયને પણ આંટી દે એવું સુવ્યવસ્થિત હતું સુંદરજી શેઠનું મગજ.

ક્ષયરોગના ભોગ બનેલા કોઈ જુવાનનું વેવિશાળ માનભેર તોડી નખાવવું, એ રીતે 'ખાડા'માં ગયેલી કન્યાને પાછી ઠેકાણે પાડી દેવી, કોઈ 'પાકી ગયેલી કાંકરી'ને ખૂણે ખાંચરે ઠેકાણે પાડી દેવી, નાનપણમાં બોલ બોલાયા પછી મોટી ઉમ્મરે ફરી જનાર જુવાનને હજાર વાતે પણ સમજાવી લેવો, બીજી કોમના કે બીજા 'ઘોળ'ના પણ જુવાન સાથેના જેના પ્રેમપત્રો પકડાયા હોય એવી કન્યાને દેશાટન કે પર્યટનના ઓઠા હેઠળ કરાંચી, કાશ્મીર કે કલકત્તા રવાના કરાવી દઈને ગામનો ઊહાપોહ

ચનો અટકાવશે અને એ રીતે એ છોકરીના ભાવિ સગપણના 'ચાન્સ' સાવ બગડી જતા અટકાવવા, એવાં એવાં અત્યંત સમયસૂચકતા, વાણી-માધુર્ય, એક પ્રકારની માનસિક 'એલર્ટનેસ', અને સદંતર સ્વાર્થવિહીનતા માગતાં કાર્યોમાં શેઠ વર્ષોના અનુભવે ખેલાડી બની ગયા હતા.

જેની ઉપર સહુ કુમારિકાઓના પિતાઓની નજર ઠરી હોય એવો કોઈ સુંદર, સુશીલ જુવાન સગપણ-લગ્નની દુનિયા ભણી નજર પણ ન નાખતો હોય એને પોતાનો માનીતો કરી લઈને, સેવા અને આદર્શ પાછળ ધમપછાડા કરતો અટકાવીને પ્રથમ તો એને 'લાઇનસર' ચડાવી દઈને, સારો પગાર બંધાવી દઈને, પોતાની તમામ વ્યાપારી ઔદ્યોગિક યોજનાઓની વાતોમાં એને મુખ્ય પાત્ર રાખીને, પછી શેઠ ઊવટનો દાવ નાખતા અને એમાં અચૂક એ જુવાન ઝલાઈ જતો. કન્યાના પિતા ઉપર તો શેઠનું ઋણ ત્રણ પેઢી સુધી ન વિસરાય તેટલું ચડતું, જુવાનના પિતાને પણ થતું કે, છોકરાએ ભલે આપણું નહિ ને બીજાનું માન્યું પણ સારું કામ તો કરી આવ્યો ને; અને ખુદ જુવાન પણ એમ સમજતો કે, અમારી સાથે જે મૃદુતાથી કામ લેવું જોઈએ એ એકલા આ શેઠને જ કેટલું સરસ આવડે છે! 'ફાધર' તો બિચારા મને મનવી મનવીને ઘરડા થઈ જાત તોય હું કદી વેવિશાળ ન કરત!

શેઠનો ગુરુમંત્ર તો એક જ હતો કે આજનો જુવાન બિચારો વિનાવાંકે વગોવાય છે. એ તમારી પાસેથી નથી બંગલા માગતો કે નથી મોટરો માગતો; તમારી કે.ઈ સાહ્યબીની લાલચે એ અંજાય તેવો નથી, એ તો માગે છે માત્ર મીઠી મીઠી વાતો. એને પાસે બેસાડીને, નરમાશથી, એના જેવડા થઈને બસ વાતો જ કર્યા કરો, પછી જુઓ વાદીની મોરલી સામે નાગ થઈને ડોલે છે કે નહિ?

આવી 'યોજનાઓ'માં શેઠને સૌથી વધુ મારી અપાવતી તે તો એમની પરમાર્થ ભાવના જ હતી. કારણ કે સૌ જાણતાં હતાં તેમ કોઈને વળગાડી દેવાની હોય એવી કોઈ દીકરી શેઠના પોતાના ઘરમાં તો હવે હતી જ નહિ, અને જેને માટે ગામની છોકરીની જરૂર પડે એવો કોઈ કુંવારો ગગો પણ એમને હતો નહિ. હા, સ્વાર્થ એટલો હતો કે આ બધાં કામ પાર પાડવામાં શેઠનું હૃદય ભારે સુખ-સંતોષ અનુભવતું, અને પોતે નિખાલસપણે માનતા કે એમણે કરેલા પર્યુષણોના પોસા કરતાં પણ વધુ પુણ્ય અપાવનારું આ કામ છે.

શેઠની કુંભ રાશિના નામવાળી માદુંગામાં એવી જ એક બીજી વ્યક્તિ હતી એનું નામ સાકરિયો. સાકરિયો ઉર્ફે સુરુભાઈ ઉર્ફે સાકળચંદ. જેમ એક બાજુ કોલેજમાં બે વર્ષ જઈ આવીને નવા જમાનામાં શોભે એવો પાસાદાર થઈ આવ્યો હતો તેમ બીજી તરફ કૉલેજ છોડયા પછીના બે જ વર્ષમાં દુનિયાદારીના એક દાપકાનું ડહાપણ મેળવી શક્યો હતો. ભાવનગરનો સાકળચંદ અમદાવાદ આવીને કોલેજિયન સુરુભાઈ બનીને એની વાક્છટાથી હોસ્ટેલમાં સૌને પ્રિય થઈ પડ્યો હતો. અભ્યાસમાં એ સેકન્ડ ક્લાસ માર્ક તો અચૂક મેળવી લેતો. એના કાઠિયાવાડી લહેકા અને વાક્પટુતા અને આખા બોલા-પણા ઉપર ગૂજરાતની વિદ્યાર્થિનીઓ મુગ્ધ બની હતી. રજાઓમાં અને નૂતન વર્ષને ટાંકણે એમાંની કેટલીકના 'અક્ષરદેહના મિત્ર' તરીકે સંબોધાયેલા સુરુભાઈ ઉપર લાગણીઓના ઊભરા ઠાલવતા પત્રો ભાવનગર સુધી આવતા.

પણ એમ તો સોળે કળા અને બત્રીસે લક્ષણ સાકરિયાએ પોતાનામાં ઉતાર્યાં હતાં. પાણી ભાળીને ગરી જાય એવો માટીપગો એ નહોતો. આછા લીલા રંગના કાચવાળા એના ચશ્માંમાંથી એ કઈ છોકરી કેટલા પાણીમાં છે એ માપી લેતો અને પોતાની આંખમાં એમને વિષે શી માન્યતા છે તે તો કોઈ ન જાણી શકે માટે રાતના સૂતાં પહેલાં કદી એ ચશ્માં આંખથી અળગાં કરતો નહિ મુંબઈ એના મામાને ત્યાં જતો આવતો સાકરિયો સૌ શેઠિયાઓની આંખમાં વસી ગયો હતો વસતી કુટુંબવાળા એક શ્રીમંત વેપારીના ઘરમાં કાકા-બાપાની બે ઉંમર-લાયક બહેનો હતી. એ વેપારીએ તો એટલે સુધી કહેવરાવ્યું કે, 'ભઈ બેયને જોઈ જા, સારી ઈ તારી' પણ સાકરિયે તો કહ્યું કે, 'કન્યા મારી સાથે નહિ, મારા ઘર સાથે પરણાવવાની છે. ભાવનગરના ધુમાડિયા ચૂલામાં આંખો બાળવાનું કામ આ તમારી સુકુમાર કળીઓથી ન થાય.' આથી બેમાંથી એક બેને તો સુરુભાઈ ના પાડે તો આપઘાત કરવાના મનસૂબા ઘડવા માંડયા. પણ સાકરિયાના મામા વખતસર ચેતી ગયા અને દેશમાંથી હમણાં જ પાકી થઈને મુંબઈની 'બજારમાં' આવેલી એક છોકરી સાથે સાકરિયાના આંકડા કરી લીધા.

લગન પછી થોડે મહિને સાકરિયો મુંબઈ રહેવા આવ્યો. પોતે ગૃહસ્થાશ્રમી બન્યો હતો પણ એનું મિત્રમંડળ આખું વાંઢાઓનું બનેલું હતું. પોતાનો ધંધો કરતાં કરતાં એ સૌને મળતા રહેવાનું, કોઈની ઘડિયાળ દુરસ્ત કરાવી દેવાનું, બીજાને વળી કોઈ ફેરીઆ પાસેથી સારી ચોરાઉ ફાઉન્ટન પેન મેળવી દેવાનું, કંટ્રોલર જનરલની ઓફિસમાં જઈને અમુક વસ્તુની પરમીટ મેળવી આપવાનું, આઠ–દસ દિવસ પર જેનું બુકિંગ બંધ થઈ ગયું હોય એવી ગાડીઓની ટિકિટ ચોવીસ કલાકની જ મહેતલે–અને કેટલીકવાર તો ગાડી ઉપડવા પૂર્વે અરધા કલાકે જ મેળવી આપવાનું કામ કરવા માટે સાકરિયો શરૂઆતથી જ મિત્રોમાં પ્રિય થઈ પડ્યો. એની સ્ત્રી સવિતા પણ રજાઓમાં ટોળે વળીને ઘેર આવતા મિત્રો માટે સપાટામાં ચા–નાસ્તા તૈયાર કરીને બેઠકના ઓરડામાં આપી જતી. ચા ન પીનારા માટે પ્રથમથી જ કોફી કે ઉકાળો બનાવી રાખતી, મંડળી નાસ્તો કરે ત્યાં તો સ્ટેશન પાસેની બજારમાંથી શાકભાજી અને સાથે મંડળીને વાતો કરતાં વાગોળવા માટે શેરેક ગંડેરી પણ લેતી આવતી. સાંજ પડવા આવે ત્યાં તો પુરી શાક અને ગરજું દૂધ તૈયાર કરીને ઊભી હોય. દાળ–ભાત વિના સાંજે પણ ન ચલાવી શકનારા નબીરા માટે એ પણ કરી રાખ્યાં હોય અને કાંસાની તાંસળી વિના દૂધ પીવું જેને હરામ હતું તેવા સાકરિયાના એક મિત્ર માટે મેડા ઉપરથી તાંસળી ઉતારીને માંજીને ચકચકિત કરેલી એમની થાળીમાં ચપ દઈને મૂકી દીધી હોય.

આ રીતે મિત્રોનો ચાહ મેળવનારું સવિતા–સાકરિયા દંપતી વડીલોમાં પણ એટલું જ પ્રશંસાપાત્ર થયું હતું. સવિતા ભણેલી–ગણેલી છતાં આ રવિવાર આવ્યો ને નાટક–સિનેમામાં ચાલી નીકળ્યાં એવું એનામાં નહોતું. પતિ ઉપરના સ્નેહે એને વરણાગી બનાવવાને બદલે આજ્ઞાપાલક બનાવી હતી અને તેથી જ સાકરિયો મુંબઈ હોય ત્યારે પણ ભાવનગરના ટાઢ–તડકા એણે એકલીએ એક અક્ષર પણ કાઢ્યા વિના સહ્યા હતા. આખું કુટુંબ માટુંગા રહેવા આવ્યું તે પછી પણ સવિતાના સાસુ કોઈ કારણસર અઠવાડિયું બહાર ગામ ગયા હોય કે સગામાંની કોઈ વહુ-દીકરીની સુવાવડે ઇસ્પિતાલમાં બે દિવસ ગયા હોય તો નાના ભાઈ બહેનોને બીક ન લાગે તે સારુ એમની સાથે જઈને એ સૂતી. નાની ઉંમરે પર્યુષણમાં અઠાઈ કરતી તેથી તો એ ગામનાં બૈરાંઓમાં વાતોનો વિષય થઈ પડી હતી. વડીલો આ બધું જોતાં અને મનમાં ને મનમાં હરખાતા. જે વાતનો સૌને અધિક સંતોષ હતો તે તો એ હતી કે લગ્ન પછી ત્રણ વર્ષ વીત્યાં તો પણ કોઈ બાળકનો બોજો એણે કુટુંબ ઉપર નાખ્યો નહોતો. કોઈ ટીખળીએ પૂછ્યું હશે કે આમ કેમ? તરત સાકરિયાએ કહ્યું કે, 'મારા બાપા અને મારી વહુના બાપા બેઉ હજી એ ગાદી ઉપર બેઠા છે. બેમાંથી એક ઊઠે તો મારો વારો આવે ને!'

સાકરિયાના વાંઢા મિત્રોની મંડળીમાંથી એક પછી એકના ચાંદલા થવા માંડ્યા. એમાં સાકરિયાનો આડકતરો હિસ્સો ખરો. સામસામી દિશામાં જેમનાં મગજ આજે કામ કરી રહ્યાં છે એવા જુવાન છોકરા–છોકરીઓ એક તરફ અને બીજી બાજુ વડીલો: એ બેઉ વચ્ચેનો એક તાર સાકરિયો હતો. સમોવડિયા મિત્રો સાથે પૂરી છૂટથી વર્તનારો સાકરિયો જ્યારે વડીલો વચ્ચે એકલો હોય ત્યારે સૌ એને પોતાનો સલાહકાર, સંદેશાવાહક કે વિષ્ટિકાર બનાવવા મથતા. ચાંદલા થઈ ગયા પછી પણ સાથે હરવા ફરવાની, લગ્નની સાલ–તિથિ મુકરર કરવાની કે ખુદ લગ્ન વખતે ચોક્કસ રિવાજો પાળવા–ન–પાળવા વિશેની ચર્ચામાં બેઉ પક્ષોના મંતવ્યો એક બીજા સામે રજુ કરવાનું કામ એ કરતો. એની બોલી જ એવી સાકર જેવી કે અંદરનું કિનાઈન સામા માણસને ગળે ઊતારી દે. મિત્રોનાં લગ્નમાં અણવરપદનો તો એનો જ જાણે ઇજારો થઈ ગયો હતો.

આમ સુંદરજી શેઠ અને સાકરિયો બેઉ એક જ ધંધામાં પડેલા હરીફો હતા.

શેઠની માફક સાકરિયો પણ આ કામોમાં સ્વાર્થરહિત ભાવનાથી જ પડ્યો હતો. અને છતાં એમની વચ્ચે વિચારભેદ–પદ્ધતિભેદ હતો જ. સુંદરજી શેઠ કેટલીક વાર ઉભય પક્ષને પૂરા ઓળખ્યા વિના વાંકડું માંકડું વળગાડી દેતા. કેટલીક વાર કોઈ મા–બાપને ગળે ઘંટીના પડ જેવી સાદની જુવાન કન્યાનો ભાર ઉતારવા સારુ પૂજ્ય જેવા મુનિઓને પણ એ દઈ દેતા. અને જ્યાં એમની પસંદગીમાં ક્યાંય ન હોય ત્યાં પણ વેવિશાળ પછી લગ્ન તાબડતોબ સગન કરાવી નાખવાનું એમનું વલણ તો જુવાનો ઉપર [illegible] સુંદરજી શેઠ અને

સાકરિયા વચ્ચે સૌથી મોટો મતભેદ અહીં જ હતો. સાકરિયાનું કહેવું હતું કે વેવિશાળ પછી ઓછામાં ઓછું એક વરસ તો આજના જમાનામાં છોકરા-છોકરીઓ લગ્નબંધનમાંથી મુક્ત રહીને ગાળે અને એક બીજાને બરોબર પારખતાં થાય એ ઇચ્છનીય છે. પોતાના બાળકોની નાની ઉમ્મરમાં બોલ બોલી લઈને પછી છેક જુવાનીમાં એમનાં લગ્ન કરવાનો આપણા વડવાઓનો સુરિવાજ એ આ દલીલના ટેકામાં વારંવાર ટાંકતો.

સાકરિયા જેવો જુવાન આમ જુનવાણી પ્રથામાં જ્યારે શુભ ભાળતો હતો ત્યારે સુંદરજી શેઠ જેવા જૂની પેઢીના માણસ એથી ઊલટા જ વિચારના બન્યા હતા. સગપણ ભલે છ મહિના મોડું કરવું પણ સગપણ પછી તો જેમ બને તેમ લગ્ન ઉકેલી લેવાં' એવી એમની ધૂન હતી. બીજી અનેક વાતોમાં વણિકબુદ્ધિથી બાંધછોડ કરવા તૈયાર રહેતા સુંદરજી શેઠ એક આ વાતમાં તસુ માત્ર પણ ઢીલું મૂકવા રાજી નહોતા. પોતે ગોઠવી દીધેલાં જોડાં ઉપર એમનો એટલો હક્ક એ માનતા કે એમણે લગ્ન અને તેટલાં જલદી પતાવી નાખવાં.' એને માટે બ્રાહ્મણ-જોષીઓને હાથ કરીને અવળસવળ મુહૂર્ત જોવરાવવામાં પચીસ-પચાસનું ખરચ કરવું પડે તો પણ એ કરાવતા.

જેના જેના ચાંદલા કરાવવામાં પોતે ભાગ ભજવ્યો હોય તેનાં લગ્ન જો નેવું દિવસમાં ન થઈ જાય તો તો શેઠને ગમે તેવાં ભોજન પણ કડવાં થઈ પડતાં.

આવો જ એક બનાવ છેલ્લા મહિનાઓથી શેઠના ધ્યાનમાં ધૂળ નાખી રહ્યો હતો. સાકરિયાથી એ અજાણ્યું નહોતું. શેઠના બંગલામાં-સામી ઓસરીએ રહેતા એમના પિત્રાઈની દીકરી ગુલાબના લગ્નની એ મૂંઝવણ હતી. મૂંઝવણ જો વેવિશાળની હોત તો તો એની ફિકર જ નહોતી. એક કહેતાં એકવીસ મુરતિયાને શેઠ હાજર કરી દે તેમ હતું. પણ મુરતિયો તો એનો આજ વરસેક દિવસથી મળી ગયો હતો. એ મોહનને મેળવવામાં શેઠને નેવાંનાં પાણી મોભે ચડાવવાં પડ્યાં હતાં. અને તોય એકલે હાથે શેઠથી મોહનનો ગઢ જીતાય તેમ નહોતું એટલે એ વિજયની યશકલગીમાં સાકરિયાને -બીજા કોઈ નહિ ને સાકરિયાને- ભાગીદાર બનાવવો પડ્યો હતો. શેઠના સુવર્ણના થાળમાં એ લોઢાની મેખ બની હતી.

ગુલાબ મુંબઈ આવી તે પૂર્વે પણ મોહન અને એના પિતાને સુંદરજી શેઠ ઓળખતા હતા. મોહન ત્યારે ઇજનેરીના છેલ્લા વરસમાં ભણતો હતો. મોહનની પાછળ ભાઈબેનોની એક સારી એવી કતાર હતી એટલે સ્વાભાવિક રીતે જ એના માતાપિતાની ઇચ્છા એનું વેળાસર વેવિશાળ કરી નાખવાની હોય. વહેલાં લગન કરવાથી વહુ ઘેર આવે અને નાનાં ભાંડરડાંને સંભાળી લ્યે એવી મનેચ્છા તો એમાં હતી જ. વળી સારા ઘરની કન્યા સાથે મોટાભાઈના બોલ બોલાય તો પછીનાં બહેન-ભાઈઓ માટે પણ કાંઈક 'કસદાર' ઠેકાણાં મળી રહે એવી ગણતરી પણ એમાં હતી.

પરંતુ મોહન કોઈ વાતેય સગપણ કરવાની હા પાડે તેમ નહોતો.

જે જે-જગ્યાએથી આવેલાં કહેણ મોહન નકારતો ગયો ત્યાં ત્યાં એની કીર્તિ વધતી ચાલી અને એને જ મેળવવાના મનોરથ એ પ્રત્યેક કુટુંબમાં વધુ ઊંડા મૂળ ઘાલતાં ગયાં. સુંદરજી શેઠની નજર પણ મોહનમાં કોઈ અણમોલ જવાહીર પારખી ગઈ. આવો હીરો-કાંઈ જ્યાં ત્યાં વટાવી દેવાનો ન હોય એમ માનીને એમણે મોહનને વટાવતાં પહેલાં થોડા મહિના માટે સિલકમાં રાખવાનો સંકલ્પ કર્યો. મોહનને માટે આવતાં એક એક માગાં જોઈને એનાં માતાપિતાનાં અંતર છલકાઈ જતાં પણ હાય, મોહન તો છીંકું ઘાલીને ના પાડ્યે જ જતો હતો. મા-બાપના પુણ્ય તો આગલાં ભવનાં કોઈ જબરાં હતાં પણ જરાક અધૂરાં રહી ગયાં હશે તેથી જ આવડી આવડી સિદ્ધિઓ એક અણસમજુ છોકરાની 'હા'ને લીધે ઉંબરે આવીને પાછી જતી હતી! જાણે એ કાંઠે નદી વહી જાય છે પણ એક ખોબો ભરીને પી લેવાય એટલાં નજીક પહોંચાતું જ નથી! પિતાના દિલમાં જે શોષ આ રીતે પડતા તેની વાત એ જે જે સ્નેહીઓને કરતા તેમનાં હૈયાં પણ કરી ઊઠતાં અને સૌ મોહનને એક જ સલાહ આપતા કે ભૂંડા, કરી નાખને! આ લક્ષ્મી ચાંદલો કરવા આવે છે ત્યારે ક્યાં પોથીમાં ડાચું ઘાલીને બેઠો છે! પછી ભણજે ને! અવતાર આખો તું તારે! એકાદ બે જણ કરતાં મોહનના મિત્રોએ પણ સલાહ આપી કે, 'હા ભાઈ, તારા જીવનમાં કાંઈક રસિકતાની જરૂર છે. માટે ભગવાનનું નામ લઈને થાવા દે!'

આમ મોહન લગભગ એકલો

પડી ગયો હતો. એવામાં સુંદરજી શેઠ એકલા એની વહારે ધાયા. 'જુઓ ભાઇ,' મોહનના પિતાને એમણે કહ્યું, 'તમે કોઇ મોહનને સમજી શકતા નથી. નાહકના એને હેરાન કરો છો બધા ભેગા મળીને. મારો મત એવો છે કે મોહન એનું ગ્રેજ્યુએટનું વર્ષ પૂરું ન કરે ત્યાંસુધી આવી કોઈ પણ આડી વાતનો વિક્ષેપ એના મગજને આપણાથી કરી શકાય જ નહિ. મોહન જેવો સોનાનો છોકરો હશે તો કન્યા તો એને હું એકને બદલે સાત પરણાવી દઇશ. પણ અત્યારે આવા જુવાન માણસને નારાજ કરીને તમે કોઈ ફાટવાના નથી. અત્યારે કોઇ વાતેય મોહનનું સગપણ થાય એમ હું ઇચ્છતો નથી. એની 'કેરિયર'નો તો કાંઇ વિચાર કરો ! અરે ખુદ મોહન હા પાડે તોય આપણે સૌએ એને હમણાં છ–ચાર મહિના વારવો જોઇએ.'

મોહનના પિતા સુંદરજી શેઠને ઘણા માનથી ચાહતા. વેપારમાં તો એ એમના 'સીનિયર' હતા, પણ તે ઉપરાંત વહેવારમાં પણ એમની કુશળતા અને એમનાં જ્ઞાન અનુભવ એવાં હતાં કે ડાહ્યો માણસ તો એમને પૂછ્યા વિના પવાલું પાણી પણ ન પીએ આ બાબતમાં એમની સલાહ ઘણીય કડવી લાગતી હતી પણ બીજું કોઇ નહિને સુંદરજી શેઠ આવી સલાહ આપે ત્યારે એનું વ્યાજબી કારણ હોવું જ જોઇએને ! અને એય મોહનના અને ઘરના ભલા સારુ થઇને કહેતા હશે ને ! બિચારાને ક્યાં પોતાની કોઇ દીકરી સારુ એને . સાચવી રાખવો છે ?

તેઓથી તો મોહન સુંદરજી શેઠનો ભક્ત બની ગયો. શેઠ પણ એને પાસે બેસાડીને પોતાના વેપારની વાતો કરે, એના ભણતરની ખબર પૂછે, કોઇ વેપારી પેઢીના કાગળ આવ્યા હોય તે વંચાવે, એના જવાબનો મુસદ્દો મોહન પાસે જ ઘડાવે, સરકારી ખાતા ઉપરના કોઈ કાગળો એની પાસે ટાઇપ કરાવે અને પોતાને ઘેર લઈ જઈ ખવડાવે, આનંદ કરાવે અને રાત રોકી રાખે. મહિનાઓ વીતતા ગયા તેમ તેમ શેઠને મોહનનું મૂલ્ય વધુ ને વધુ લાગતું ગયુ એની ઉપરની એમની લાગણી પણ વધતી ગઈ શેઠ ચંપકને ક્યાક દત્તક લઇને આવડી મોટી મત્તાનો વારસ બનાવી દેશે એવી શંકા ઘણાને થવા માંડી. માતા-પિતા અને કુટુંબી વડીલોની ગમે તેવી વાતનો કાંકરો આંખના પલકારામાં કાઢી નાખનારો મોહન પણ શેઠનો પડયો બોલ ઉપાડતો થઈ ગયો.

એ દરમિયાન દેશમાંથી આવેલા શેઠના ભાઇએ સામી ઓસરીએ જ ઘર માંડ્યું. એમની સાથે આવેલી એમની દીકરી ગુલાબને પરાની નિશાળમાં બેસાડી. ગુલાબ જરા દેખાવડી તો ખરી જ, અને એમાં પાછી શેઠની આંખ સામે રોજ દેખાય એટલે થોડાક મહિના નહિ વીત્યા હોય ત્યાં એના સંબંધ માટે શેઠ પોતાની 'ફાઇલો' ઉથલાવવા લાગ્યા. એકવાર, બેવાર, ત્રણવાર, ફરી ફરીને શેઠ તમામ જુવાનોને આંખની કીકી સામે ફેરવી ગયા, પણ ફરી ફરીને એમનું મન એક માત્ર મોહન ઉપર આવીને જ ઠરતું. જેમ જેમ શેઠ વધુ વિચારતા ગયા તેમ તેમ મોહન–ગુલાબની જોડી એમના દિલમાં વધુ ને વધુ વસતી ગઈ.

પણ મોહનને મનાવવો અને ગિરનાર ખોદવો એ બેઉ બરાબર હતાં. એમા વળી સુંદરજી શેઠની સ્થિતિ તો બે રીતે કફોડી હતી. એક તો એ કે, આજસુધી મોહનને છાબડે બેસી બેસીને પોતે મેળવેલો તમામ જશ ગુમાવવાનો પ્રસંગ આવી પડયો હતો. જો કે એના બચાવમાં તો એમ કહી શકાય તેમ હતું કે મોહનનું ગ્રેજ્યુએટનું વર્ષ પૂરું થઇ ગયું હોવાથી હવે એના વેવિશાળની વાત કરવામાં કાંઈ ગેરવાજબી નહોતું. પણ જેની સામે કોઈ દલીલ નહોતી અને જે એક જ વાત એમની પાછલી તો ઠીક પણ ભાવિની કારકિર્દિને સુદ્ધાં ઘસી ભૂંસીને સફા કરી નાખે તેમ હતી તે તો એકે આ વખતે જેને માટે મુરતિયો મેળવવાનો હતો તે કન્યા ખુદ પોતાની જ ભત્રીજી હતી. સુંદરજી શેઠના આટલા વર્ષોના ઇતિહાસમાં પોતાના કુટુંબના કોઈ દીકરા–દીકરીને એમણે પોતાની લાગવગના જોરે વરાવ્યાં હોય એવું બન્યું નહોતું. ગામના લોકો બીજું ચાહે તેવું એમને વિશે ધારે કે પીઠ પછવાડે બોલે પણ આજ સુધી એમનો કોઈ દુશ્મન પણ એમ કહી શકે તેમ નહોતો કે શેઠ ગામના જુવાનિયાને પડખામાં ઘાલીને બેઠા છે તે તો પોતાની ફલાણી ભાણેજ કે ઢીકણી ભત્રીજી વળગાડી દેવા સારુ.

કોઈ સારી કન્યાને, એ પોતાના કુટુંબની હોવાના એક માત્ર કારણસર, નજર સામેના કોઈ યોગ્ય મૂરતિયાને સોંપતા અચકાવું શા માટે જોઇએ એની દલીલ સુંદરજી શેઠ કરી શકતા નહિ પણ એમ તો પોતાના બાળકના રોગના ઇલાજ બીજા ધંધાદારી પાસે કરાવ-

નાર દાખાર કે પોતાની ઉપર મુકાયેલા આરોપનો જવાબ બીજા વકીલ પાસે કરાવનાર પહેલી હરોળના ધારાશાસ્ત્રી પાસેથી પણ એમની એ સ્વાંગના ભાગ તરીકે કયા કોઈ દલીલ મળે છે? તાજમાં શેઠાણીને બેગુણ બનવા આવેલા પોતાના કિશોર-પુત્રને કરિય તાલમાં મૂકવા જતા સુધરાઈ તરફથી મળેલી મોટરને બદલે ભાડૂતી ટેક્સી વાપરનારા પેલા શહેરના નગરપતિ પાસે, કે ચોરીથી મેટ્રિકના પેપર તપાસનારા પેલા શિક્ષકો એક પોતાની દીકરી એ પરીક્ષામાં બેઠી ત્યારે સામે ચાલીને તમામ પેપરોનું પરીક્ષક-પદ નકાર્યું એની પાસે એ વર્તન માટે કઈ દલીલ છે? શેઠ ભલે ભારાડી કહેવાતા હોય, પોતાને સાચું લાગે તે બીજું બધું જ ભને સામાજિક ઉપહાસ પ્રત્યે બેપરવાહ રહીને એ આચરે તેવા હોય, પણ એક આ વાતમાં તેઓ અંગત માન્યતાને ભોગે પણ એક પ્રકારની સામાજિક 'સ્પોર્ટ્સમેનશીપ'નું પ્રથમથી જ કડકપણે પાલન કરતા આવ્યા હતા અને આજે હવે ઉંમર જતાં એ પ્રણાલિકાને એ કેમ કેમ લાગવા દેવાય?

તે પછી શેઠે સાકરિયાનો ભોગ કર્યો. સાકરિયો અને મોહન અમદાવાદમાં સાથે ભણતા એ શેઠની જાણમાં હતું. મોહન જેવા એકાંતપ્રિય અને સમૂહભીરુ માનવીને સાકરિયા જેવા માણસ પડખે ત્યાં સાત ઘરના ઉંબરા ટોચી આવનારા આ મીઠા સાથે ગોઠી નિકટતી કે દિનો જાન દોસ્તી તો નહોતી. મોહનના એકદમ નિકટના જે બે-ત્રણ મિત્રો હતા તે મેથક હિંદમાં જ મેલા છતાં ... એ અમદાવાદ

લેનિનવાદ, ટ્રોટસ્કીવાદ અને સ્તાલિનવાદ વગેરેના સિદ્ધાંતનિષ્ઠ ઓ વિચારધારાઓની અટપટીમાં ગૂંચવાઈને દેશ ઢુંસળા અને ઊંચા નજરના અસમાધારી બની ગયા હતા. એક માનનીય રાષ્ટ્રીય નેતાનું નામ સાકરિયાએ જ્યારે 'એક્સ એ ડિસીઓ' —વારાફેર દિવાકરો— પ્રમુખપદ માટે સૂચવ્યું હતું તે અખિલ હિંદ 'બેચલર બ્લોક'-વાળા જૂથના સંયુક્ત મંત્રીઓ તરીકે આ ભાઈઓનાં નામ એણે ગોઠવી દીધા હતા. એટલે પોતાના જ દેશ કે સમાજ સાથેનો મોહનનો જે કાંઈ સંબંધ હતો તે સાકરિયા સમાન સેતુ મારફતે જ રહેતો. વાણીમાધુર્ય રેલાવવાની સાકરિયાની નિપુણતાએ ઘણાને એના ચાહક બનાવ્યા હતા, થોડાકને વળી ઈર્ષાળુ બનાવ્યા હતા. પણ મોહન જેવા વાણીરંક અને પરિણામે એક પ્રકારની અસ્પષ્ટ નાખતરપિથી પીડાતા માણસ ઉપર સાકરિયાનો પ્રભાવ ગજિશ પડતો.

એટલે જ શેઠ પોતાની યોજના આખરે સાકરિયા દ્વારા પાર લાવી શક્યા. શેઠના કેટલાય લઠ્ઠ-સંધાણને નવલકથામાં નવા વાંચેલા 'અખડજંતર' શબ્દે નવાજનારા સાકરિયાએ પણ એમની આ વખતની પસંદગીને મનમાને મનમાં મુબારકબાદી આપી હતી. શેઠ સાથેના એના મતભેદોને કારણે મોહન-ગુલાબની જોડીનાં મૂલ્ય પ્રત્યે આંધળો બને એવો સાંકડી દૃષ્ટિનો માણસ કદાચ કોઈ નહિ હોય, અને સાકરિયો તો નહોતો જ.

તેથી પોતાની તમામ મુત્સદ્દીગીરી ઉતારી નાખી સાકરિયાએ મોહન સામે વાત માત્ર ઉઘાડા શબ્દોમાં જ રજૂ કરી હતી 'આજ નહિ ને વરસે બે વરસે પણ લગ્નની ઉત્કંઠા તારા દિલમાં જાગ્યા વિના રહેવાની નથી. પણ એ ઉત્કંઠા જાગશે ત્યાં સુધીમાં તારું નામ કાચ તારા કોમરે.' મિત્રોવાળા બ્રહ્મચારી-જૂથમાં લખાઈ ચૂક્યું હશે ને તે વખતે પછી આ કોઈ છોકરીઓ સામું જોવાય નહિ આવે અને જો કોઈ આવતું હશે તો આવડી ઉંમર સુધી તું કુંવારો રહી ગયો તેના બેદી કારણો કોઈને કોઈ લાગતું વળગતું આ સમાજમાં જરૂર ફેલાવી મૂકશે ત્યારે પછી તું દાક્તરી-સર્ટિફિકેટ રજૂ કરીશ તોય સૌના વહેમની દીવાલની કાંકરી સરખીય ખેસવી શકીશ નહિ. એટલે વહેલા-મોડા પણ જો લગન કરવાના જ હોય તો બહેતર છે કે આજથી જ એનું 'રીઝર્વેશન' કરાવી રાખવું. પછી તું તારે પરણજે તારા દિલમાં ગૃહસ્થાશ્રમના અંકુર ફૂટે ત્યારે. વળી ત્યાં સુધીમાં આ ગુલાબ બે વધુ ચોપડી ભણી લેશે અને તુંય રળતો-કમાતો થઈ જઈશ. ગુલાબ જેવી છોકરી તો વાણિયાના હજાર ઘરમાં સુવાવડો આવી જાય ત્યારે માંડ એકમાં અવતરે એવી છે—પાછી તને તો સાત ભવમાંય સામી મળશે કે નહિ તેની કોને ખબર છે? માટે દોસ્ત કર કરુના!'

મોહનની હા પડાવવા માટે આ ઉપરાંત જે જે મગજમારી અને મહેનત પોતે વરસેક પહેલાં કરી હતી તે સાકરિયો બહુ ભારે નેવો નહોતો. પણ સુરજ શેઠના એટલા શબ્દો તો એને બરોબર યાદ હતા કે, "અમની કોઈ જાતની ઉતાવળ અમે કોઈ કરવાના નથી, એ બાબતમાં મોહનભાઈ સાવ નિશ્ચિત રહે અને તેમાં મ

પોતાના નોખા ઘરનો ભાર ઉપાડી લ્યે એટલી આવક મેળવતા એ થાય નહિ ત્યાં સુધી તો લગ્નનો વિચાર સુદ્ધાં કેમ કરી શકાય? માટે એપને હવે સુખેથી રહેજો અને ભગવાન સૌનું ભલું કરશે.'

સાકરિયો જાણતો હતો કે મુનામાં કુમારિકાસહજ મુગ્ધ શરમાળપણું હતું, પણ એથી સવાયું શરમાળપણું આ વાંઢા મોહનમાં હતું. વેવિશાળ પછી ચાર દિવસ વીત્યા છતાં ય એકે એકના પાય ફરવા નીકળ્યાના સમાચાર સાકરિયાના 'ગેસ્ટાપો'-તંત્રમાં પહોંચ્યા નહિ એટલે એને ચિંતા થઈ. પછી બીજે દિવસે આવતા શનિ-રવિની જ્યુથિકા-રેના ગીતના જલસાની બે ટિકિટ એ લઈ આવ્યો. 'જો કાંઈક રાધા-કૃષ્ણની મસ્તી બેય શીખી આવતાં હોય તો ઘોળ્યા દસ રૂપિયા.'

તે પછી ત્રીજે જ દિવસે, કલકત્તામાં સંપૂર્ણપણે યુદ્ધ-સરંજામના ઉત્પાદનમાં રોકાયેલા જે કારખાનામાં સુંદરજી શેઠના મોટી સંખ્યામાં શેર હતા, તેનો એક 'એરમેઇલ'-કાગળ અને 'એક્સપ્રેસ' તાર મોહનલાલના નામે આવી પહોંચ્યા. તારમાં લખ્યું હતું 'કાગળ વાંચો. તારથી જવાબ આપો કે મોડામાં મોડા શનિવારના નાગપુર મેઇલમાં નીકળો છો.' કાગળ ઑફિસના છટાદાર નોટપેપર ઉપર ટાઈપ થયેલો અને મેનેજિંગ ડીરેક્ટરની સહીથી સત્તાવાર રીતે પાઠવાયેલો હતો. 'એક ઈજનેરની અમારે તાત્કાલિક જરૂરિયાત છે. અમારા એક ડાયરેક્ટર મારફતે આપનું નામ સૂચવાયું છે. સોમવારે સવારે અહીં પહોંચીને 'ચાર્જ' સંભાળી લો. રહેવા-ખાવાનું અમારી માથે જ રાખવાનું છે. પગારની ફિકર ન કરશો. તમારા જેવા જુવાન ઉત્સાહીની કંપનીને જરૂર છે.'

બધું અણધાર્યું પાર ઊતરી ગયું. શેઠ પોતે સાથે જઈને મોહનના નવા સૂટની ખાદી પસંદ કરાવી આવ્યા. સિલાઈમાં તો પ્રથમ પૅરિસના અને પછી લંડનના દરજીઓ આવતા હોઈને ત્યાં જઈને જ સૂટ 'અરજંટ'માં નાખી દેવાનું નક્કી થયું. શેઠનો ગુમાસ્તો જ મોહનલાલ માટે ચામડાની સૂટકેસ અને સેકન્ડ ક્લાસની ટિકિટ લઈ આવ્યો. શનિવારે સાંજે બોરીબંદર ઉપર એક ડગતોરાની જ ખામી હતી, નહિ તો કોઈ હાકેમ મુસાફરીએ નીકળ્યા હોય તેવું લાગે એવો ઠારો શેઠે કરી દીધો હતો. ગાડી ઊપડ્યા પછી અચાનક સાકરિયાને કાંઈક સાંભર્યું. એણે ખીસામાં હાથ નાખ્યો અને જ્યુથિકાની બે ટિકિટ બહાર નીકળી. જ્યુથિકાના કોઈ આલાપની મૃદુતાથી સાંભળવાની આંગળીઓ 'પ્લેટફૉર્મ' ઉપર એના ચિમકિયા બોલાવતી ગઈ. પહેલા કુંડાળામાં પોતે હાર્યો છે એવા ભાન સહિત એ પરભાર્યો વળ્યો.

હા, મુહૂર્તમાં જ સાકરિયાની ધારણા ઊંધી વળી હતી. એની ગણતરી એવી હતી કે આ બેય વર-કન્યા આમ શરમમાં ને શરમમાં એકબીજાથી અતડાં રહ્યાં ત્યાં જ જો પરણી જશે તો એમનો સંસાર સૂકો રહી જશે માટે સગપણ પછીના વરસ-દોઢ વરસમાં એક જ ગામમાં રહીને હળેમળે આગળ વધે ને એક બીજાને પૂરા ઓળખતાં થાય [illegible] ત્યાં મોહન એની ઉપર પોતાના જ સરસ પાસે ત્યારે જ સગાં સાથીઓની નાની લાયકાત એનામાં આવતે પણ આ તો ભાઈ ઊપડ્યા ને નીકળ્યા દેઈ જાના કમસ્તે! મદ્રાસને મુંબઈમાં મોહનના કુટુંબમાં એકાદ-બે ગંભીર માંદગી આવી ગઈ તેમ બીજી બાજુ કલકત્તાનું પાણી એને માફક ન આવવાથી મોહન પોતે મેલેરિયામાં ઝપટાઈ ગયો તેથી વરસેકમાં નવ આઠ એ મુંબઈ આવી ગયો. પણ કોઈ મિલન-દૃશ્યો ભજવાયાં નહિ. ગમે તેવો મિલન-શોખ અનુભવનારાઓ પણ પડદા તો પેલ ભરીને એકબીજા ઉપર પ્રેમ દર્શાવતા હોય છે એવું જાણનાર સાકરિયાએ મુગ્ધ બની સાહેલીઓને હાથ કરીને મોહનના એની ઉપર આવેલા કાગળો થોડા કલાકો માટે મેળવ્યા. હાથમાં આવેલો પહેલો જ કાગળ વાંચતે ગયો તેમ એને લાગતું ગયું કે કોઈ વેપારી પેઢીએ કોઈ બીજી પેઢી ઉપર જસતના વેપારનો સોદો કરવા જાણે લખાણ કર્યું છે!

તેમ છતાં, તાજેતરમાં જ મોહને મુંબઈની મુલાકાત લીધી ત્યારે એને માથે સહુને [illegible] ને ત્યાં સાંજનું ભોજન લેવા જવાનું રાખ્યું. સામેની પરસાળને છેડે જ [illegible] નીચી હતી એટલે દોડી ધણી વાત [illegible] વાર [illegible] [illegible]

ત્યાંથી રવાના થયો. જતાં હિંમત કરીને એટલું શેઠને કહેતો ગયો કે, 'પાછો કાલ તો મોહન કલકત્તા જતો રહેવાનો છે એ યાદ છે ને!'

તે દિવસે એ શેઠને મળ્યો ત્યાર પછી પંદરેક દિવસ સુધી એમની સાથે મળવાનો—અને તેય એમના મળવાનો પ્રસંગ સાકરિયાને સાંપડ્યો નહોતો. પરંતુ દરમિયાન એને જાણવા મળ્યું હતું કે, જલદી લગન નક્કી કરવા શેઠે એ રાતે મોડે સુધી મોહન સાથે માથાઝીક કરેલી, પણ પછી કાંઈ ચોક્કસ નિર્ણય પર આવ્યા વિના જ દિવસ આખાના થાક્યાપાક્યા બેઉ સૂઈ ગયા હતા. શેઠે એ રાતે લગન માટે જે દબાણ મોહન સાથે કર્યું હતું તેથી સાકરિયાને માથા સુધી ઝાળ લાગી ગઈ હતી. વેવિશાળના દિવસોમાં શેઠે આપેલા વચનના શબ્દો એને ફરી ફરીને સાંભરતા હતા અને પોતાનો ઉપયોગ કરી ચાદરા કરી લીધા પછી પોતાની અસલની રીત પ્રમાણે વર્તવા મંડનાર આ બેવચની શેઠ ઉપર એને તિરસ્કાર થવા માંડ્યો. અને કોઈ વાર પોતાના મનની તમામ વાત એમને સંભળાવી દેવા માટેનો લાગ એ ગોતવા લાગ્યો.

એ લાગ એક રાતે પેણા આઠની ફાસ્ટમાંથી શેઠને ઊતર્યા ત્યારે એને મળી ગયો. ગાડીમાંથી ઊતરીને એ તો ભીડ થાય તે પહેલાં જ દાદરાના પગથિયાં ભણી ઉતાવળે પગલે ચાલ્યો. પણ ત્યાં તો સેકન્ડ ક્લાસમાંથી ઊતરેલા શેઠે એને ખભે હાથ મૂકીને એને કહ્યું, 'ધીરો ભાઈ ધીરો! આટલી બધી ઉતાવળ શા [illegible] એને

ઊભો રહ્યો. કાંઈ જવાબ દેવાનો ન હોય ત્યારે પોતાના હાસ્ય-ખખડાટમાં સામા માણસના સવાલને ઉડાવી દેવાની એનામાં કલામય વિનયશીલતા હતી. ધીમે પગલે ચાલતાં ચાલતાં બન્ને જ્યારે બહાર નીકળ્યા ત્યારે પિંજર વછૂટ્યા ઊંદર જેવો મુસાફર-સમૂહ ઝડપભેર ગાયબ થઈ ગયો હતો. 'આજ તો આમ થઈને જજે' એમ કહીને શેઠે સાકરિયાને પોતાના ઘરની દિશામાં લીધો.

રસ્તામાં શેઠે તો પોતાની હમેશની પ્રથા મુજબ બેચાર આડી અવળી વાતો કરી અને પછી મુદ્દા ઉપર આવ્યા. 'હે સાકરિયા,' સુરુભાઈનો પ્રધાન ગુણ પારખી જઈને આજથી સવાએક વર્ષ પહેલાં આ નામથી એને સંબોધવાનું સૌ પ્રથમ શેઠે શરૂ કર્યું ત્યારે એમના લહેકામાં જે મિઠાશ હતી એ જ હજી આજે પણ હતી. 'હે સાકરિયા, તારેને મોહનલાલને કાગળની લેવડદેવડનો સંબંધ ખરો કે નહિ?'

'સંબંધ નહિ એવું તો નહિ જ, પણ આમ કાંઈ કામ વિના શા કાગળો લખવા?' સાકરિયાએ કહ્યું.

'એ સાચું, પણ તું કોઈ વાત લખ, તો એમાંથી પંચ્યાશી નહિ તો નેવું ટકા તારી વાત મોહનલાલ માની લે ખરા.'

'અરે એવું કાંઈ નહિ. આમેય ઈ ભાવડો કોઈને ગણકારે તેવો નહોતો. એમાં હવે તો તમે એને તગડાને બે બીડાં મારી દીધાં એટલે આવા અધબેસાર માણસોની એને શી પડી હોય!'

'તો ભઈ કોઈ રીતે મનાવી દઈ શકાતું નથી, તેમ કોઈ કોઈનું છુટાવી શકતું નથી. એનો જેમ મંડાણું હોય એમ જ થયા કરે છે. કોઈ કોઈના હાથની વાત થોડી જ છે આ દુનિયામાં? નહિતર આ સૌ તરસ્યા ચાતકની જેમ ઝંખીએ છીએ તો અમારી ગુલાબના લગન થઈ ગયાં ન હોત ઝટ! એના સાસુ-સસરા તો બિચારા મહિનાઓથી તલસે છે કે વહુ ઝટ ઘરે આવે. એવું તો મોહને પેય કોઈ દિ નહોતું માંડ્યું તે વળી આજ રેનો માને? પણ જો એ માણસમાં એને વિશ્વાસ હતો. એના વેણ પણ હવે એને હૈયે વસતા નથી.'

'પણ શેઠ,' બીજાની હાજરીમાં 'મુરબ્બી બાપા' કહીને એમને સંબોધનારો સાકરિયો બોલ્યો, 'તમે તમારી ધૂનમાં જ મસ્ત રહો અને આગળ પાછળનું કાંઈ જોયા વિના બસ જેના ચાંદલા કર્યાને ત્રણ ઉપર નોખો મહિનો ન થાય ત્યાં તો એને લગન કરવાનો ધોયપરોણો કર્યા કરો એ ક્યાં સુધી ચાલે? લગનની તમારે એટલી બધી શી ઉતાવળ આવી પડી છે?'

'ઉતાવળ હોય ત્યારે જ હું કહેતો હોઉં, મારા બાપલા. હવે પડીનીય વેળ ન ગુમાવવી જોઈએ એમ મને મન કહે છે.'

'તમારું મન તો આજ આટલાં વરસોથી એમ જ કહ્યા કરે છે, પણ જે બે જણાં પરણવાનાં છે એમના મનનું કાંઈ જાણવું જરૂરી ખરું કે નહિ?'

'જરૂર તે હવે શી? હા હતી! આ મોહન મારો [illegible] થઈ ગયો [illegible] ને પડી [illegible]

રહી અને વરસ દિ' તો એક આ બેયે જ પરણતાં પહેલાં કાઢી નાખ્યો ભાઇ! મલકમાં કોઈ બીજાં પરતા-પરણતા નહિ હોય! પોતાના મા-બાપનો ય કાંઇ વિચાર કરવો જોઇએ પછી. એના બાપનો સ્વભાવ તો તું જાણ છ ને! આ મોહનની વહુ ઘેર કયારે આવશે એની ચિંતામાં જ અરધો તો એમને દમ લાગુ પડી ગયો. સાચો ખોટો પણ બળવાનો સ્વભાવ થઇ ગયો એનો શું ઇલાજ! સ્વભાવનું કાંઈ ઓસડ છે ભાઈ!'

'મોહનના બાપાએ પણ બળતું શું કામ જોઈએ? હજી તો મોહનના બા હાથે-પગે સાજા છે. ઘરમા ત્રણ ચાર બેનું છે, કામવાળાં છે. અને જરૂર પડે તો રસોઇયો ય રાખી શકે એવી કયાં એમની સ્થિતિ નથી? ભેગાભેગું એક વરસ ખમો તો છોકરી મેટ્રિક થઈ જાય, અને વસ્તારીના ઘરનું કામ કરવા જેટલી કાંઇક હાડેતી ય થઇ જાય ને!'

'હું તો એટલું જાણું કે એક વાર ઇ પરણી જાય પછી ભલેને મેટ્રિક શું બી. એ. ને બી. એ. બેય કરે એનો કોઇને વાંધો નથી. અને વરસ દિ' સુધી ભલેને મોહનની હારે એકલી કલકત્તા જઇને રહેની, અને પછી હાડેતી થઇને આવે સસરાના ઘરમાં. એમાંય જો એને કોઈ રોકનું હોય તો કે' દું.'

'જુઓ શેઠ, તમે કન્યાના વાલી છો એટલે મારે તમને કહેવું ખોટું, પણ હજી આ ઉમ્મરે ગુલાબનાં લગન થાય અને વરસકમાં ક્યાંક છોકરું થાય તો કઇ રીતે એને જાળવશે એ? હજી તો શી એની બુદ્ધિ, શો એનો અનુભવ!' સાકરિયાએ ચર્ચાને બીજી ગલીમાં વાળી.

'કન્યાની ઉંમર તો દીકરા તારા ભૂરીઆ ચશ્માંમાંથી તને દેખાય એનાં કરતાં નરી આંખે જોનારા અમ જેવાને કાંઇક વિશેષ દેખાય ને! ઉમ્મર ઉમ્મર કરી રહ્યો છે, પણ આ જ ગુલાબડીને હું મુંબઇ ન લાવ્યો હોત ને જો દેશમાં જ કયાંક વરાવી દીધી હોત તો આજ તો એક છોકરાની મા થઇને ઘર આખાનું કામ કરતી જતી હોત. બાકી તો એનો બાંધો જ એકવડિયો એટલે બાવીસ વરસની થાશે તોય હાડેતી લાગશે જ નહિ વળી તું જેનો અણવર થાછ એને તો છોકરાંની ફિકરમાં કયાં રહેવા દેછ બે વાસ સુધી તો? હું શું નથી જાણતો? બધું ય જાણું છું. લગ્નભેટમાં તું કોને કોને અને શું શું આપે છે ઇ કાંઇ અછતું રહેવા નથી પામતું.' શેઠ હવે દિલ ખોલીને વાત કરતા હતા.

સામે સાકરિયે પણ એટલા જ નિખાલસપણે જવાબ વાળ્યો. 'ભેટ તો એક નિમિત્ત માત્ર છે શેઠ, બાકી એની સફળતાની સો ટકા ખાતરી તો બિચારા એને બનાવનારા કારખાનાવાળા પણ નથી આપી શકતા, માટે જ દરેક પરણનારે બાળક સાચવવાની ત્રેવડ હોય તો જ પરણવું એ મારો મત છે. જેની એ ત્રેવડ નહિ હોય એ તો આમેય પસ્તાશે, અને ઓમેય પસ્તાશે.'

'ત્યારે પણ હું શું કરું ભાઈ! છોકરાં થાવાં ઈ શું કાંઇ પાપ છે? આ મલક આખો શું બસ ગાંધીજીનો આશ્રમ છે? અને તેમ છતાંય આ ન બોલવાનું બોલીને કહું છું કે બાળજોને એના લગ્નની ભેટમાં ય...! સાકરિયા, મારું માન ને આ બેયને પરણાવી દે. એય પછીને છોકરાં સાચવવાની ત્રેવડ ન હોય તો ભલેને કલકત્તા જઈને...'

'હું-હું-હું...શું,' સાકરિયો ચોંકી ઊઠ્યો.

સાંભળી લે હવે સાકરિયા, આ સુંદરજીના ધોળામાં કાંઇક છતવાર રાખીને પૂરું સાંભળી લે હા, કહું છું કે એયને પછી એને કલકત્તે જઇને કરવું હોય ઈ સુખેથી કરે. અમારે ઇ કયાં કાંઈ જોવું છે કે લગન પછી એ શું કરે છે? પણ જો આ લગન પહેલાં...' બોલતાં બોલતાં પોતાના ઘર પડખેની મ્યુનિસિપાલ બત્તી નીચે આવી પહોંચેલા શેઠે જીભને સંયમ પકડાવ્યો.

પણ સાકરિયો હજી પૂરું સમજ્યો નહોતો દેખાતો એટલે વળી શેઠે આગળ ચલાવ્યું:

'સાકરિયા, તમારે જુવાનિયાઓને સગપણ નથી કરવું, ને સગપણ કરીને પછી લગન નથી કરવાં; ખાટું નથી કરવું ને ઢીંકણું નથી કરવું. પણ લગ્ન-જીવનનો આનંદ તો તમારે કુંવારે-કુંવારા પણ લેવો જ છે એમને! તે દિ' તારા બાપાને તાર આવ્યો ને તું વાળું કર્યા વિના જ જતો રહ્યો. નહિ તો તારી સામે આટલું ભાષણ મારે કરવું ન પડત. નજરે જ તમને દેખાડી દેત સાકળચંદભાઈ, કે જેને સગપણ ન કરવું હોય, ને જેને લગન ન કરવાં હોય એનાં આ લક્ષણ ન હોય! જ્વાબદારી જો બીજાની ગ્રેની હોય તો તો મન-વાચા ને કરમથી તમે

આજના જુવાનો ધણી-ધણિયાણી જેવાં થઈને રહો એવા છો, હા, તે દિ' રાતે મોડું થયેલું એટલે પછી મોહનને મેં જ અહીં સુવડાવ્યો. રાતના પેશાબ-પાણી કરવા ઊઠયો ત્યારે જોઉં તો બાજુના ઓરડામાંની મોહનની પથારી ખાલી! મેં વિચાર્યું કે પેશાબ કરવા ઊઠયો હશે એ પણ પણ બાથરૂમ જોઉં તો ખાલી અને સામેની પરશાળમાં આઘેથી જ નજર પડી તો દેખાયું કે કડોડાના ઓશિકણે બેય જણાં બેઠાં હતા......... બેય નહોતા બેઠાં, સાકરિયા, એક જ બેઠું હતું, બીજું તો એના ખોળામાં માથું નાખીને સૂતું હતું...... હા સૂતું હતું.' કડેડાટ કરતા એટલું બોલી ગયેલા શેઠ ત્યાં શ્વાસ લેવા થંભ્યા. 'બસ લે મે બોલી લીધું. નાનાને મોઢે ન બોલવાનું ય આજ બોલી લીધું છે સાકરિયા. પણ હું તો નાના સાથે નાનો ને મોટા સાથે મોટો થઈ જાણું છું ડાહ્યાને તો ફક્ત એક ડચકારો જ હોય. અમે અમારી ફરજ બજાવી લીધી છે જા, હવે તને ગોઠે એમ કરજે તું તારે!'

શેઠના ઘરને દરવાજે બેય પહોંચી ગયા હતા. એક બાજુ શેઠની વાટ જોતા ઓરડામા બત્તી બળતી હતી. પરશાળની સામી બાજુ કડોડાવાળા અંધારા ખૂણામાં એક નજર કરીને મૂંગો મૂંગો સાકરિયો જ્યારે પાછો વળ્યો ત્યારે એના કાનના પડદા ઉપર ગરમ લૂ વાતી હોય તેમ આક્ષા-શબ્દોના સમકારા બોલતા હતાઃ

'કુંવારે-કુંવારા રહીને પણ પાછો લગ્ન-જીવનનો આનંદ તો તમારે લેવો જ છે...!'

સોળ કળાનો એ સાકરિયો અત્યારે એક કળાનો થઈ ગયો હતો. ભૂખ્યે પેટે માઇલ એકનો ફેરો ખાઈને આવ્યો હતો-તો શેઠને પોતાના મનની વાત સંભળાવી દેવા પણ એણે જે સાંભળ્યું એનાથી એનું મોઢું સિવાઈ ગયું હતું.

જગતનાં જીવતાં માનવીઓ પણ ક્યારેક પોતાની જેવા અબોલ બની જાય છે એ મ્યુનિસિપાલિટીનો નિર્જીવ દીવો ટગર ટગર જોઈ રહ્યો હતો.

◆

ધ્રુવ

હું ઓશરીમાં, સુવું ખાટલામાં,
ને ધ્રુવનો તારક ત્યાં નિહાળું.
એ ધ્રુવની તો ફરતા ફરે છે,
બીજા બધા તારલીયા. - વિચારું,
કે આ દીસે છે સ્થિર એક તારો
ને સર્વ અસ્થિર વળી ભમે છે.
ત્યાં સાંભર્યું, પુસ્તક વિગનાને,
વાંચ્યું હતું, છે ભ્રમ સર્વ આ તો
છે ના કંઈએ સ્થિર દૃષ્ટિ ભેદે,
ધ્રુવ યે ભમે છે અવકાશ માંહિં.
તો તો પછી એમ જ માનવાનું,
સંસાર ચક્રે સ્થિર ના થવાનું,
અસ્થિર કે સ્થિર હું તો વિચારું,
કોને સ્વસ્થાને, પથ નિશ્ચિતે કે,
આ ઊગવા આથમવા વચાળે,
કર્તવ્ય તેજે જ પ્રકાશવાનું.

દિનકરરાય કેશવલાલ વૈદ્ય

વૈદકમાં કુદરત, કલા અને કેળવણી

રમણલાલ એન્જિનીઅર

હવે આપણે વૈદકનાં ક્ષેત્રમાં કલાનું પ્રયોજન જોઈએ. જીવનમાં જે કલાનું પ્રયોજન છે તે જ પ્રયોજન વૈદકમાં પણ છે. વાસ્તવિકતામાંથી આદર્શનું સર્જન અને હીન પરિસ્થિતિનું ઉચ્ચતમમાં રૂપાંતર.

જે કલા રોગનું આરોગ્યમાં, વેદનાનું શાંતિમાં, અશક્તિનું શક્તિમાં, અશુદ્ધિનું શુદ્ધિમાં, વિરૂપતાનું સૌંદર્યમાં, અલ્પાયુષ્યનું દીર્ઘાયુષ્યમાં, અંધાધૂંધીનું સુવ્યવસ્થામાં, અને મરણપ્રમાણનું મટાડપ્રમાણમાં રૂપાંતર કરે તેજ સાચી વૈદકીય કલા છે. બાકીની બધી સારવારની પદ્ધતિઓ હીન કલાઓ અથવા મિથ્યા કલાઓ છે.

પણ સારી કે માઠી, સાચી કે જુઠી, ઉચ્ચ કે હીન, કલાની જરૂર શા માટે પડે છે? એનો જવાબ એ છે કે, રોગનિવારણ માટે. પછી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે રોગ આવ્યો ક્યાંથી? આ પ્રશ્ન આજનો નથી, સંસ્કૃતિની શરૂઆતનો છે, અને હજી સુધી આ પ્રશ્નનો છેલ્લો જવાબ કોઈ આપી શક્યુ નથી. ઘણા એમ માને છે કે અમે આ પ્રશ્નનો છેલ્લો જવાબ આપી ચૂક્યા છીએ પણ સારે કે ખોટે નસીબે આ પ્રશ્નના એક જવાબ ઉપર હજી સુધી માણસજાતનો એકમત થયો નથી.

સૌથી પહેલો પ્રશ્ન એ છે કે રોગ એ એક આત્મોપાર્જિત અનિષ્ટ છે કે વડીલોપાર્જિત? કે પછી રોગ રચવામાં આપણે અને આપણા પૂર્વજો બંને ઓછેવત્તે અંશે જવાબદાર છીએ?

ઓગણીસમી સદીમાં રૂસો અને અન્ય વિચારકોએ જેમ એ મત પ્રચલિત કર્યો કે બધા માણસો સ્વતંત્ર અને સારા જન્મે છે, તેમ નિસર્ગોપાસકોએ પણ એવો મત ચલાવ્યો કે બધા માણસો જન્મથી નીરોગી હોય છે. માત્ર અકુદરતી રહેણીકરણી એમને રોગી બનાવી મૂકે છે. અને કુદરતી રહેણીકરણીથી એમને ફરી પાછા નીરોગી કરી શકાય.

જીવાણુવર્ત્મર્યા અવલોકન, પૃથક્કરણ અને નિદાને ઉપરનો મત ખોટો ઠરાવ્યો છે. અને હવે તો લગભગ બધા જ ચિકિત્સા સંપ્રદાયના અગ્રેસરો એ બાબત ઉપર એકમત છે કે માણસ જન્મથી રોગી હોય છે અથવા તો પોતાનામાં ઓછેવત્તે અંશે રોગઅંશો લઈને અવતરે છે. સંપૂર્ણ નીરોગી બાળક એ તો કેવળ કલ્પનાનું સર્જન છે.

દુનિયાના બધા ધર્મો માણસ જન્મથી પાપી છે એ સિદ્ધાંતમા માને છે અને પાપમુક્ત થઈ પ્રભુને પામવા માટે કોઈ ચોક્કસ મહાત્મા, પયગમ્બર કે સદ્‌ગુરુનું શરણ શોધવા માટે સૂચવે છે. હિંદુધર્મ શીખવે છે કે આત્મા અવિદ્યાથી વીંટળાયેલો છે, અને એટલા માટે દરેક મોક્ષવાંચ્છુ વ્યક્તિએ સદ્‌ગુરુનું શરણ ગોતવું જોઈએ. ગીતા કહે છે કે બધા ધર્મો ત્યાગીને તું મારે શરણે આવ. બુદ્ધધર્મ બુદ્ધને શરણે જવાનો આદેશ કરે છે. ખ્રિસ્તી ધર્મમાં પણ મુળ પાપનો સિદ્ધાંત The Doctrine of Original Sin છે આ સિદ્ધાંત મુજબ દરેક માણસ જન્મથી પાપી છે. અને એ પાપમાંથી મુક્ત થવાનો એક માત્ર માર્ગ પ્રભુના પુત્ર ઈસુનું શરણ સ્વીકારવાનો છે ઈસ્લામ મહંમદને છેલ્લા પયગમ્બર તરીકે અને શીખધર્મ ગુરુ ગોવિંદસિંહને છેલ્લા ગુરુ તરીકે સ્વીકારવાનું શીખવે છે. પણ જુદા જુદા ધર્મોનું આ શિક્ષણ ઉમ્મરલાયક સમજુ માણસો માટે કામનું છે. પણ અબુધ બાળકોને કઈ રીતે ધર્મસંસ્કાર આપવા? એને માટે દરેક ધર્મ પાસે પોતાના વિશિષ્ટ વિધિઓ છે. હિંદુઓ બાળકને ઉપનયન સંસ્કાર કરે છે. આ સંસ્કારથી બાળક દ્વિજ (બે વખત જન્મેલું) બને છે. પહેલો કુદરતી જન્મ, બીજો ધર્મપ્રવેશનો જન્મ. ખ્રિસ્તીઓ બાપ્તીઝમની ક્રિયા કરે છે. યહુદીઓ અને મુસ્લીમો સુન્નત કરે છે. પારસીઓ નવજોતની વિધિ કરે છે. આ રીતે દરેક ધર્મ પ્રાકૃત બાળકને સંસ્કૃત બનાવવાનો પ્રયત્ન કરે છે.

હવે જો આપણે આત્માનો પ્રદેશ છોડીને શરીરની સૃષ્ટિ તરફ વળીએ તો પ્રાકૃત બાળકને સંસ્કૃત કરવાના અનેકવિધ ઈલાજો જુદી જુદી ઉપચાર કલાઓએ યોજ્યા છે. આયુર્વેદ બાળકને ગળથુથી આપે છે.'

કેટલાક નિસર્ગોપચારકો ઉપવાસથી એની જીવનયાત્રાની શરૂઆત કરે છે. ફાધર કનાઈપ તરતના જન્મેલા બાળકને ટાઢાપાણીમાં બોળી કાઢી એને એની જીવનયાત્રાની શરૂઆતમાં જ જલોપચારની દીક્ષા આપી દેતા. હોમિયોપેથો દરેક બાળકને સલ્ફર ૨૦૦ આપીને સોરાનો અસવિષ નાશ કરવાનો પ્રયત્ન કરે છે. કારણ કે એમના મત મુજબ સોરા એ મૂળ રોગ છે. બાળકના દાંત આવવાના થાય ત્યારે તેઓ કેલકર કાર્બ આપે છે. અને એલોપથો તો રોગની એકતામાં માનતા ન હોવાથી બાળકને નીરોગી કરવા માટે નાનાવિધ ઉપચારો યોજે છે. બાળકની આંખમા સીલ્વર નાઈટ્રેટનાં ટીપાં મૂકે છે, એને બળિયા અને ડીપ્થેરીઆની રસીઓ આપે છે. એની સુન્નત કરે છે. બાળક સહેજ મોટું થાય એટલે કાકડા અને નાકના મસા જેવા એમની નજરે નિરુપયોગી જણાતા અવયવોને તેઓ છેદી નાખે છે. બાળકના માતા-પિતા જો વિશેષ સાધનસંપન્ન હોય તો ટાઈફોઈડ, ધનુર્વા અને બીજા અનેક રોગોની રસીઓનો અને અસંખ્ય દવાઓ અને ઇન્જેક્શનોનો એને લાભ મળે છે.

મૂળ રોગ ઉપર આટલા બધા પ્રાથમિક પ્રહારો કર્યા પછી એનો નાશ થાય છે ખરો? ના, બિલકુલ નહિ! માણસ જેમ જેમ મોટો થતો જાય છે તેમ તેમ એને વારાફરતી અનેક રોગોનો સામનો કરવાનો રહે છે, અને દરેક માણસ પોતપોતાની શ્રદ્ધા અને અશ્રદ્ધા મુજબ જુદી જુદી જાતની સારવારો લે છે.

જેમ કોઈ બાળક સંપૂર્ણ રીતે નીરોગી નથી હોતું તેમ કોઈપણ પુખ્ત ઉમ્મરના સ્ત્રી-પુરુષ સંપૂર્ણ રીતે નીરોગી નથી હોતા: લુઈ કુહ્નેએ એમ કહ્યું હતું "કે મેં પેરાસેલ્સસને અવયવમાં, સુશ્રુતને તંત્રુલનમાં, શીરપોને કોષમાં, બીકેમ્પને માઈક્રોઝીમામાં, પાશ્ચરને જંતુમાં, હાનેમેનને ત્રણ વિષમાં અને એમાંય મુખ્યત્વે સોરામાં-અર્થાત્ ખસવિષમાં, લુઈ કુહ્નેને વિજાતીય દ્રવ્યમાં, ટીલ્ડનને અશક્તિ-અશુદ્ધિમાં, પોસ્ટરને જીવનશક્તિમા, આઉન સીકવાર્ડને રસગ્રંથિઓના આંતરરસોમાં, ગુરટેસ માર્ડનને ખાનપાનમાં, ગાંધીજીને જીભ અને જનનેન્દ્રિયના અસંયમમાં, અને પ્રાચીન વિચારકોને ગ્રહોથી માંડીને ભૂતપ્રેત સુધીના અમાનુષી તત્ત્વોમાં રોગનું મૂળ દેખાયું. અને એમણે પોતપોતાની સમજણ મુજબ રોગના નિવારણની પદ્ધતિઓ રચી

આ દરેક વિચારમાં અને એની ઉપર રચાયેલા આચારમાં સત્ય, અસત્ય, તર્ક અને તરંગ કેટલે અંશે છે એનો ન્યાય તોળવા આપણે નહિ બેસીએ. કારણ કે આપણા પૂર્વજો કરતાં આપણું જ્ઞાન ઘણું વધ્યુ હોવા છતાં આપણે હજી પૂર્ણજ્ઞાની થયા નથી. અનેક વિષયો પરત્વે આપણે ગાઢ અજ્ઞાનમાં ગોથાં ખાઈએ છીએ અને અનેક મહત્વના પ્રાણપ્રશ્નો ઉપર આપણે મતભેદ અને વાદવિવાદમાંથી ઊંચા આવતા જ નથી.

અહીં માત્ર આપણે કલા કે જેનું પ્રયોજન કુદરત કરતાં શ્રેષ્ઠતર સર્જન કરવાનું છે, તેનો વિકાસ કઈ રીતે થાય છે તે જોઈએ. દરેક ક્ષેત્રની પેઠે વૈદકના ક્ષેત્રમાં પણ કામ કરનારાઓને આપણે ત્રણ વિભાગમાં વહેંચી શકીએ, મજૂર, કારીગર અને કલાકાર. મજૂર એટલે જડ શ્રમ કરનાર વ્યક્તિ. કારીગર એટલે જે શ્રમની સાથે બુદ્ધિનો પણ ઉપયોગ કરે તે વ્યક્તિ અને કલાકાર એટલે શ્રમ, બુદ્ધિ અને હૃદયના એ ત્રણેના સમ

વત ફેગટીઆ સલાહકારો, પદવીધર ચિકિત્સકો અને યુગપ્રવર્તક ઉપચારકો વચ્ચે છે.

વૈદકીય કલાનું પ્રાથમિક સ્વરૂપ છે, ટકોવૈદું. (Empiricism). ટકોવૈદું એટલે સમજણ વિનાનો અનુભવ, જ્ઞાનવિનાનું કર્મ, વિચારરહિત આચાર અને દ્રષ્ટિ વગરની દોટ.

જનસમાજમાં એવો એક ખ્યાલ પ્રવર્તે છે કે વૈદકનું આદિ, મધ્ય અને અંત અનુભવ છે, અનુભવસિદ્ધ વૈદક એ જ સાચું વૈદક. લોકો કહે છે કે જોષી જુવાન અને વૈદ ઘરડો ખોળવો.

પણ આ ખ્યાલ એ એક ખોટો ખ્યાલ છે. એકલા અનુભવ ઉપર રચાએલું વૈદક હીનવૈદક છે. સાચા વૈદકે અનુભવની આરપાર જોતાં અને અનુભવથી પર થતાં શીખવું જોઇએ. એકલો અનુભવ માણસનું જેટલું હિત કરે છે એટલું જ અહિત કરે છે.

અખા ભગતે કહ્યું છે કે "શાસ્ત્ર તણી છે એકજ આંખ, અનુભવ વિણ ઊઘડે નહિ ઝાંખ" વૈદકીય બાબતોમાં આ સૂત્રને ઉલટાવીને એમ કહેવું જોઇએ કેઃ "અનુભવ તણી છે એક જ આંખ, શાસ્ત્ર સમજ્યા વિણ ઊઘડે નહિ ઝાંખ" એટલે અનુભવ જેટલી જ શાસ્ત્રની કિંમત છે.

આપણો બધાનો અનુભવ છે કે પૃથ્વી સપાટ છે, સૂર્ય એની આજુબાજુ ફરે છે, સેકરીન કડવી લાગે છે, ગરમ કપડાં ગરમી આપે છે, નારતાથી શક્તિ આવે છે, ચાનો કપ કે સિગારેટના બે દમ સ્ફુર્તિ આપે છે. એસ્પીરીનથી માથાનો દુઃખાવો મટે છે. દવા શરીર ઉપર કાર્ય કરે છે.

પણ વિજ્ઞાન આ બધા અનુભવોને ખોટા ઠેરવે છે. એ સિદ્ધ કરે છે કે પૃથ્વી ગોળ છે. સૂર્ય પૃથ્વીની આજુબાજુ નથી ફરતો પણ પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરે છે. સેકરીન ગળી હોય છે. ગરમ કપડાં ગરમી આપતાં નથી માત્ર મંદવાહક હોવાથી શરીરની ગરમી બહાર જવા દેતાં નથી. નારતાથી તાત્કાલિક શક્તિ નથી આવતી માત્ર શરીર ઉત્તેજીત થાય છે. ચા કે સિગારેટ લોહીનાં ઝેરો કોષોમાં ફેંકી દઈ ક્ષણિક શુદ્ધિ ઊભી કરી સ્ફુર્તિનો ભ્રમ પેદા કરે છે. એસ્પીરીનથી જ્ઞાનતંતુઓ શિથિલ થઈ દુઃખની ચેતવણી આપતા અટકી જાય છે. દવા શરીર ઉપર કાર્ય નથી કરતી પણ શરીર દવા ઉપર કાર્ય કરે છે. એકલો અનુભવ આપણને કેવો ઊંધે રસ્તે દોરવી જાય છે:એના આ કેટલાક દેખીતા દાખલા છે.

અનુભવમાં જ્યારે વિચાર, વ્યવસ્થા અને નિયમ ભળે ત્યારે કલા એક પગથિયું ઊંચે ચઢે છે. એ ટકોવૈદું મટીને વૈજ્ઞાનિક ચિકિત્સા બને છે.

આયુર્વેદ, યુનાની પદ્ધતિ અને એલોપેથીનો ઔષધોપચાર મોટેભાગે ટકોવૈદું છે. આ પદ્ધતિઓને અનુભવ એકઠો કરતાં આવડ્યો પણ વ્યવસ્થિત કરતાં આવડ્યો નહિ. એ કામ એમના પછી જન્મેલી હોમિયોપેથીએ કર્યું. જેમ કોઈ માળાના વિખરાએલા મણકા એક મજબૂત દોરીએ સંધાતાં એકસૂત્ર બની જાય છે, તેમ હોમિયોપેથીના મહાનિયમમાં આ ત્રણે પદ્ધતિઓએ એકમેક કરેલો કિંમતી પણ અવ્યવસ્થિત અનુભવ વ્યવસ્થિત બનીને આવતી પેઢીઓ માટે ઉપકારક થઇ ગયો.

એક સાદો દાખલો લઇએ. હાનમેનના જમાનામાં જે અનેક વૈદકીય વાદો પ્રવર્તતા એમાંનો એક વાદ કિવનાઇનવાદ હતો. આ વાદમાં માનનારા દાક્તરો એમ માનતા કે કિવનાઇન દરેકે દરેક રોગનો રામબાણ ઇલાજ છે. એ વખતે કિવનાઇનનો યુરોપીયન વૈદકમાં નવોસવો પ્રવેશ થએલો. અને એની સામેનો શરૂઆતનો વિરોધ ઓગળી જતાં એની તરફેણમાં ઉત્સાહનું એક મોજું ફરી વળ્યું. ધીમે ધીમે કડવા અનુભવે દાક્તરો શીખતા ગયા કે કિવનાઇન રોગ માત્રનો રામબાણ ઇલાજ નથી. ત્યારપછી કિવનાઇનનો ઉપયોગ માત્ર આઠ દશ રોગો પૂરતો જ. મર્યાદિત થયો. હોમિયોપેથીએ એક ડગલું આગળ ભર્યું. એણે એ સિદ્ધ કર્યું કે આ રોગનોય દરેકે દરેક કેસ કિવનાઇનથી સુધરી શકતો નથી અને કયા કયા કેસો સુધરી શકે એ એણે એના સમલક્ષણ ચિકિત્સાના નિયમથી નક્કી કર્યું. ત્યારપછી પણ અનેક ભૂલો, નિષ્ફળતાઓ અને પ્રયોગો પછી પોટસીના પ્રશ્નનું પણ સમાધાન થયું અને એમ લગભગ નક્કી થયું કે નવા મેલેરીઆમાં ચીન સફની ૬x ઉપરની પોટન્સી નિષ્ફળ નીવડે છે. આ દાખલામાં ઔષધોપચારની કલા નીચેની રીતે વીકસી.

દરેક રોગ માટે કિવનાઇન એ પહેલું પગથિયું. મળુતરીના રોગો માટે કિવનાઇન એ બીજું પગથિયું.

કિનાઈનનો સમલક્ષણ ચિકિત્સાના નિયમ મુજબ ઉપયોગ એ ત્રીજું પગથિયું દરેક રોગ અને કેસ માટે બધમેળની પોટન્સીની શોધ એ ચોથું પગથિયું રોગનિવારણ માટે એકલી કિનાઈન બસ નથી, સાથેસાથે બીજી ચિકિત્સા એનો ઉપયોગ અનિવાર્ય છે, એવી શોધ એ પાંચમું પગથિયું

ઓગણીસમી સદીમાં કિનાઈનનો જેવો આંધળો ઉપયોગ થતો, એવો જ આંધળો ઉપયોગ આજે 'સલ્ફા' ગ્રુપની દવાઓનો અને પેનીસીલીનનો થઈ રહ્યો છે સમય જતાં નવીનતા ઘસાઈ જશે એટલે આ દવાઓ વૈદકમાં પોતાને યોગ્ય સ્થાને બેસશે

એલોપેથી અને આયુર્વેદનો ઔષધોપચાર ટેકીવેદુ છે, એનું એક કારણ એ છે કે પોતાના પછી જન્મેલી પદ્ધતિ હોમિયોપેથીની દૃષ્ટિ સ્વીકારવાની આ બન્ને પદ્ધતિઓ પોતાની સ્થિતિચુસ્તતાને લીધે ના પાડે છે.

પણ ટેકીવેદાનો ઇજારો કાંઈ આ બે પદ્ધતિઓએ જ લીધો નથી નિસર્ગોપચારની ઘણી ખરી શાખાઓની શરૂઆત ટેકીવેદા તરીકે જ થઈ છે તેમજ આજે પણ નિસર્ગોપચારની કેટલીએ દેશી વિદેશી પદ્ધતિઓ ટેકીવે કરતી લેશમાત્ર હારી નથી

પ્રિસનીટ્સે જ્યારે જલોપચારની શરૂઆત કરી ત્યારે એ પોતાના પાણીના પ્રયોગોમાં ઘણું જ ઠંડું પાણી વાપરતો એની પાસે સાધનો જૂજ હતાં અને એ દર્દી એને દરરોજનું વીસ રતલ જેટલું પાણી પાતો ત્યાર પછી એજ પેઢીમાં જર્મની–ઓસ્ટ્રીઆમાં જલોપચારની એટલી પ્રગતિ થઈ કે બિલ્ઝના સર્વસંગ્રહ ઉપર નજર નાખતાં આપણને પ્રિસનીટ્સના અણઘડ જલોપચારના મુકાબલે બિલ્ઝનો જલોપચાર એક લલિતકલા જેવો લાગે છે

પ્રિસનીટ્સ પછીના જલોપચારકો અનુભવ, અવલોકન અને ચિંતનથી એટલું સમજ્યા કે દર્દીને બહુ પાણી પાવાથી એનું શરીર બહુ ચોખ્ખું થતું નથી ઊલટપક્ષે એના જીવનરસો પાતળા પડી જઈને નિર્બળ બની જાય છે તેમજ એમણે અતિશય ઠંડા અને અતિશય ગરમ પાણીનો, વરાળનો અને બરફનો ત્યાગ કર્યો આવા અંતિમ ઉપાયોનો ત્યાગ કરવાથી, જલોપચારને સચોટ ... ઝોક આપ્યા સિવાય સલામત બનાવી શકાયો

એજ રીતે આપણે જો ઉપવાસનો ઇતિહાસ તપાસીએ તો એમ માલૂમ પડે છે કે શરૂઆતમાં એના જનક ડૉ. ડયુઇને એ વિષે એટલો બધો ઉત્સાહ હતો કે તેઓ ઉપવાસને રોગમાત્રના રામબાણ ઇલાજ માનતા અને ખોરાક તરફ કે બીજા આરોગ્યદાયક ઉપચારો તરફ બિલકુલ ધ્યાન આપતા નહોતા શરૂઆતના લંઘનચિકિત્સકો દર્દીને ખૂબ લાંબા એટલે કે ૩૦ થી ૮૦ દિવસ સુધીના ઉપવાસ કરાવતા અને દર્દીની જીભ ચોકખી ન થાય ત્યાંસુધી ઉપવાસ ચાલુ રખાવતા પાછળથી કડવા અનુભવે એ સમજાયું કે ઉપવાસ એ રોગમાત્રનો રામબાણ ઇલાજ નથી ક્ષય જેવા રોગોમાં ઉપવાસનો આંધળો ઉપયોગ કરવાથી રોગ મટવાને બદલે વકરે છે અને દર્દી કમોતે મરે છે તેમજ કેટલાયે દર્દીઓની જીભ તેઓ સ્મશાન ભેગા ન થાય ત્યાંસુધી સુધરતી જ નથી એનું કારણ એ હોય છે કે એમની અંદરની એવી તો રોગી દશામાં હોય છે કે એ ગમે એટલા લાંબા ઉપવાસના પ્રયોગથી સુધરતી જ નથી એને સુધારવાનો રસ્તો એક લાંબો ઉપવાસ નહિ પણ ટૂંકા ઉપવાસના થોડે થોડે અંતરે કરવામાં આવેલા અનેક પ્રયોગો એ છે આ ટૂંકા ઉપવાસોના વચગાળામાં આહારશુદ્ધિ કરીને શરીરશુદ્ધિની ક્રિયા ચાલુ રાખવી જોઈએ આમ થાય તો જ આંતરડાના હઠીલા વ્યાધિઓ ધીમેધીમે મટે

ત્યારપછી લીંડલ્હારે એ બતાવ્યું કે શરીરશુદ્ધિના અત્યુત્સાહમાં ઉપવાસનો ગુનાહિત હદે અનેક નિસર્ગોપચારકો દુરુપયોગ કરી રહ્યા હતા ઉપવાસનો સાચો ઉપયોગ ઉગ્રરોગોમાં અને રોગ નિવારક શાન્તિમાં એને યોજવામાં હતો હઠીલા રોગમાં ઉપવાસ મોટે ભાગે બિનજરૂરી અને નુકસાનકારક છે તેમજ જેમનાં શરીર સશક્ત અને જીવનશક્તિથી ભરપૂર હોય તેમને જ ઉપવાસ કે ભાજી ખોરાકના પ્રયોગો અનુકૂળ આવે છે ઓછી જીવનશક્તિ અને નબળા બાંધાના માણસો માટે તો ઉપવાસની સારવાર અને એમાંય ખાસ કરીને લાંબા ઉપવાસની સારવાર ગુનાહિત સારવાર છે એનાથી શરીરની શુદ્ધિ થવાને બદલે એની શક્તિ ખવાઈ જાય છે આ રીતે જે ઉપવાસ ટેકી વૈદાની દશામાં રોગમાત્રનો રામબાણ ઇલાજ હતો તેનું શાસ્ત્રીય કલામાં રૂપાંતર થતાં એનો ઉપયોગ માત્ર ઉગ્ર રોગો અને રોગ નિવારક શાન્તિ પૂરતો જ રહ્યો અને તે પણ

એક માત્ર ઇલાજ તરીકે નહિ પણ આ પરિસ્થિતિના અનેક ઇલાજોમાંના એક મહત્વના ઇલાજ તરીકે રહ્યો.

દુગ્ધોપચાર પણ એની શરૂઆતમાં એક ઢંગધડા વિનાની ચિકિત્સા હતી. શરૂઆતમાં કેટલાક રડ્યાખડ્યા દાક્તરો દવાઓ સાથે દુગ્ધોપચાર કરાવતા. આપણા દેશી વૈદો તેમજ યુનાની હકીમો પણ આ જ પદ્ધતિને અનુસરે છે. નિસર્ગોપચારકોએ દવાઓનો ત્યાગ કર્યો પણ દુગ્ધોપચાર ચાલુ રાખ્યો. તેઓ દર્દીને નાખી મૂકતા અને જ્યારે જેટલું દૂધ પીવું હોય ત્યારે તેટલું દૂધ પીવા દેતા. ત્યારબાદ કેટલાક નિસર્ગોપચારકોએ આ સ્વચ્છંદી પ્રથા છોડી દઇ, દર્દીને એ જાગતો હોય ત્યાંસુધી એને ભાવે કે ન ભાવે, ફાવે કે ન ફાવે તો પણ દર અર્ધા કલાકે કે કલાકે આઠથી બાર ઔંસ દૂધ આપવાનું શરૂ કર્યું. ત્યારપછી કેટલાક ચિકિત્સકોને લાગ્યું કે હોજરીને આરામની જરૂર છે. એટલે બાર કલાક દૂધ અને બાર કલાક આરામ એ ક્રમ ચાલુ થયો. પછીથી એમાં સમશિતોષ્ણસ્નાન જેવા પ્રયોગો ઉમેરાયા. પછીથી ડૉ. પોર્ટર જેવાએ દુગ્ધોપચાર જે રોગમાં વધુમાં વધુ ફાયદો કરતો હોય તે રોગને પહેલો મૂકી પછી ક્રમશઃ પ્રમાણમાં ઓછી સફળતાવાળા રોગો ગોઠવ્યા, અને છેલ્લે તદ્દન અનિશ્ચિત પરિણામવાળા રોગો મૂક્યા. આ યાદીથી જુદા જુદા હઠીલા રોગોમાં દુગ્ધોપચાર કેટલો સફળ-નિષ્ફળ નીવડે છે, એનો સ્પષ્ટ અને અતિશયોક્તિ વિનાનો ખ્યાલ આવ્યો. આ રીતે રોગવાર વર્ગીકરણ પછી વ્યક્તિવાર વર્ગીકરણ થયું. એનાથી દુગ્ધોપચાર કોને અનુકૂળ આવે અને કોને પ્રતિકૂળ આવે તે શોધવાના પ્રયત્નો થયા. પછીથી દુગ્ધોપચાર સાથે ફળાહાર અને શાકભાજી સંયુક્ત કરવાના પ્રયત્ન થયા. ત્યારપછી દુગ્ધોપચાર કરતાં પણ વધુ અસરકારક પરિણામો આપે એવા પેટંટ ખોરાકો શોધાયા. આ ખોરાકોની શોધથી દર્દીને પથારીવશ રહેવાની જરૂર મટી ગઈ, અને કામધંધો છોડ્યા સિવાય અને દૂર દૂરના આરોગ્યભવનોમાં ગયા સિવાય, દરેક માણસ ઘેર બેઠાં દુગ્ધોપચાર કરી શકે એવી સગવડ ઊભી થઈ.

દુગ્ધોપચારના વિકાસક્રમમાં પહેલી ભૂમિકા જુના વૈદકનો દુગ્ધોપચાર, બીજી ભૂમિકા દવારહિત દુગ્ધોપચાર, ત્રીજી ભૂમિકા નિયમિત પણ બળાત્કારે દુધસિંચણ, ચોથી ભૂમિકા આહાર અને આરામની સમતુલા, પાંચમી ભૂમિકા ઉપવાસ, સ્નાન અને બીજા ઉપચારોનો દુગ્ધોપચાર સાથે સમન્વય,' છઠ્ઠી ભૂમિકા દુગ્ધોપચારની સફળતાની દૃષ્ટિએ રોગોનું વર્ગીકરણ, સાતમી ભૂમિકા વ્યક્તિગત અનુકૂળતા પ્રતિકૂળતાની દૃષ્ટિએ વ્યક્તિઓનું વર્ગીકરણ, આઠમી ભૂમિકા મિશ્ર દુગ્ધોપચાર અને નવમી ભૂમિકા પેટન્ટ ખોરાકો.

શરૂઆતની આંધળી, ઝનૂની, અથડાતી, કુટાતી અને અવ્યવસ્થિત કલા સમય જતાં કેવી સુવ્યવસ્થિત સચોટ અને સુંદર બને છે, એનાં મેં ચાર દાખલા આપ્યા.

હવે આપણે ઉચ્ચ કલા અને હીન કલા વચ્ચેના કેટલાક સ્થૂલ અને સૂક્ષ્મ ભેદો જોઈએ. આ અભ્યાસ બહુ જ મહત્ત્વનો છે. કારણ કે કલા પારખુઓનો મોટામાં મોટો દુષ્કાળ વૈદકના ક્ષેત્રમાં છે, એને લીધે જ જગતમાં આટલું બધું ઊંટવૈદું ચાલે છે.

સાચી કલાનું પહેલું લક્ષણ એ છે કે એ કુદરત ઉપર બળાત્કાર નથી કરતી પણ કુદરત સાથે સહકાર કરે છે. "બળાત્કારને બદલે સહકાર" એ એનું માનીતું સૂત્ર છે.

દર્દીને ઝાડા થયા હોય તો તે અફીણથી પણ અટકાવી શકાય, અને એનીમા અને પેટથી પણ મટાડી શકાય. દર્દીનો તાવ જ્વરઘ્ન દવાઓથી તોડી શકાય તેમજ જલોપચારથી મટાડી શકાય. બાળકને બાળાગોળીથી ઊંઘાડી શકાય અને એની પાચનક્રિયા સુધારીને ઊંઘ સુધારી શકાય, ગાંડાને કે ગુનેગારને મારી ઝૂડીને કાબૂમાં રાખી શકાય, અને હેતથી પણ હેળવી શકાય.

આ બન્ને માર્ગમાંથી નિસર્ગોપચાર હમેશાં બીજો માર્ગ જ પસંદ કરે છે. એ જાણે છે કે કુદરતનો હેતુ શુભ હોય છે, અને એની કાર્યપદ્ધતિ સાચી હોય છે. એટલે કલાનું કાર્ય કુદરતને સહાય કરીને એનો હેતુ પાર પાડવાનું છે. જ્યારે કુદરત ભૂલ કરતી માલમ પડે ત્યારે પણ કલાએ એ ભૂલને હળવે હાથે સુધારવી ઘટે. એક દર્દીને જો ૧૦૭ ડીગ્રી તાવ આવે તો નિસર્ગોપચારક જલોપચારથી એને ૧૦૫ કે ૧૦૪ કરે છે. એ રીતે તાવને તોડી નાખવાને બદલે કુદરતના આકરા પ્રયાસને અંકુશમાં લઈ એની ભૂલ સુધારે છે.

"જુલમ મત કરના રે બચ્ચા,
અલ્લાકા ખેલન હય સબ સચ્ચા" (સરસ્વતીચંદ્ર)

એ સૂત્ર આત્મસાક્ષાત્કાર કરવા ઇચ્છનાર વ્યક્તિ માટે જેટલું સાચું છે, તેટલું જ સાચું શરીરસ્વાસ્થ્ય ઇચ્છનાર માટે છે. સાચી કલાનું બીજું લક્ષણ કરકસર: સમયની, શક્તિની, સાધનની અને સંપત્તિની. —ચાલુ

ક્ષયનાં કારણ અને નિવારણ

લેખક : શ્રી. ભૂપતરાય મો. દવે

તાજી અને નીરોગી હવા

ક્ષય રોગના દર્દીને સૂકી, તાજી, સ્વચ્છ અને નીરોગી હવા રોગમુક્ત કરવામાં ખૂબ જ મદદરૂપ થાય છે. ઠંડી હવા શરીરને ચેતન બક્ષે છે. તાજી-સ્વચ્છ હવામાં લાંબા શ્વાસોચ્છ્વાસ સ્વસ્થ મને લેવાથી લોહીમાં પૂરતા પ્રમાણમાં ઓક્સિજન (પ્રાણવાયુ) જાય છે. આ ઓક્સિજન શરીરનું સ્વાસ્થ્ય સાચવવામાં મહત્ત્વનું કાર્ય કરે છે. રક્ત એનાથી શુદ્ધ અને લાલ બને છે. આ ઉપરાંત ખોરાક પચાવવામાં, શરીરમાં ઉષ્ણતા પેદા કરવામાં અને રોગો સામે લડનારી જે 'જીવનશક્તિ' છે તેનો સંચય કરવામાં પ્રાણવાયુ સહાયરૂપ બને છે.

નિર્મળ-ઠંડી-સૂકી તાજી હવા ક્ષયના દર્દીના શરીરમાં નવું ચેતન રેડે છે. મીઠી ભૂખ જગાડે છે. પરિણામે ક્ષયરોગની તાકાત દિનપ્રતિદિન ઘટતી જાય છે અને દર્દી નવજીવન પ્રાપ્ત કરે છે. ટૂંકામાં, હવા એ જ જીવન છે.

પાણી

મનુષ્યને જેમ શરીરના પોષણ માટે હવાની જરૂર છે તેમ પાણીની જરૂરિયાત પણ રહે છે. રુધિરાભિસરણ અને ખોરાકને પચાવવામાં પાણીની મદદ જોઇએ. એ વગર ચાલી શકે તેમ નથી.

દર્દીઓ માટે પાણી હળવું અને ભૂખ લગાડનારું હોય તે ઉત્તમ પાણી ગણાય. કેટલાંક શહેર અને ગામડાંના પાણીમાં કબજિયાત કરનારાં ભારે તત્ત્વો હોય છે. એ પ્રકારનું પાણી ક્ષયના દર્દીને માફક નથી આવતું.

ક્ષયના દર્દીને હળવું, સહેલાઇથી પચી શકે અને શક્તિ આપે તેવું સ્વચ્છ ગળેલું પાણી માફક આવે છે.

આહાર

મનુષ્યની તંદુરસ્તીનો મુખ્ય આધાર ખોરાક પર છે. તેમાં યે દર્દીઓ માટેનો આહાર કાળજીપૂર્વક યોજવો જોઇએ. ગમે તેવો હલકો, ગંધાતો, સત્ત્વહીન ખોરાક દર્દીનો રોગ વધારે છે.

ક્ષયના દર્દીના આહારમાં ઘઉં, ઘી, દૂધ, માખણ, સાકર, સેલેડ, પરવળ, દૂધી, લીલા વટાણા, લીલી શાકભાજીઓ, પાકા ટમાટા, લસણ વગેરે ઉપરાંત ફળરસો, જેવાં કે સંતરાં, દાડમ, અનનાસનો રસ, મોસંબી, પીચ, લીલી દ્રાક્ષ, કેરી, લીલાં અંજીર વગેરે પ્રજીવક (વિટામિન)વાળો ખોરાક લેવો, જેથી સહેલાઇથી પચી શકે અને નવું લોહી આવે, દર્દીના શરીરમાં નવું તાજું લોહી અને જીવનશક્તિ વધે તેમ તેનું શરીર નીરોગી અને સ્ફૂર્તિવાળું બને છે.

દૂધમાં ગાયનું તાજું દૂધ પચવામાં હળવું છે ગાય રોગીષ્ટ ન હોય તેની ખાતરી કરી લેવી. ગાય તડકામાં જંગલમાં ફરતી હોય તેનું દૂધ ઉત્તમ ગણાય છે.

બકરીનું દૂધ ગાયના દૂધ કરતાં પાતળું અને જીવનસત્ત્વોથી ભરપૂર હોય છે કારણ કે બકરી દરેક ઝાડના, છોડના, વેલાના, અને વનસ્પતિનાં પાનનો આહાર કરે છે. એમાંથી જે દૂધ બને છે તે રોગનાશક અને પૌષ્ટિક હોય છે. બકરીના દૂધમાં ગાયના દૂધ કરતાં લોહનું તત્ત્વ વધારે છે. નિયમિત બકરીનું દૂધ પીવાથી વજન, લોહી અને શક્તિ વધે છે. તેમ જ ચામડીનું સૌંદર્ય ખીલી ઊઠે છે. તેમ જ બાળકો માટે બકરીનું દૂધ તેના શરીરવિકાસમાં સારી મદદ કરે છે. રોગી કે ઘર આંગણે આખો દિવસ બાંધેલ બકરીનું દૂધ પૂરતો લાભ નથી આપી શકતું. આટલું લક્ષમાં રાખવું જરૂરી છે. ક્ષયના દર્દીએ જેટલું પચી શકે તેટલું દૂધ લેવું. દૂધથી શરીર બંધાય છે. રોગ ધીરે ધીરે જાય છે દૂધ અને ફળો ક્ષયના દર્દીમાં વિપુલ જીવનશક્તિ ભરી દે છે.

ઊંઘ

ઊંઘ વગર માણસ માંદો પડે છે. સાચું કહું તો ઊંઘ માણસને નીરોગી જીવન બક્ષે છે. માણસ આખો દિવસ કામ કરીને, થાકીને રાત્રે ઘસઘસાટ ઊંઘી જાય છે. સવારે ઊઠે છે ત્યારે થાક બધો ઊતરી ગયો હોય છે અને તે તેના શરીરમાં નવું જોમ પ્રગટેલું અનુભવે છે. આ બતાવે છે કે ઊંઘની ફરજ શરીરની ઘસાઈ ગયેલી શક્તિને એકઠી કરવાની છે.

તેવી જ રીતે ક્ષયના દર્દી માટે ઊંઘ મદદનું કાર્ય કરે છે. દર્દી ઊંઘ દ્વારા મનનો, શરીરનો થાક ઉતારીને ઘસાઈ ગયેલું શરીરસ્વાસ્થ્ય નવપલ્લવિત બનાવે છે.

એટલે દર્દીએ પૂરતા પ્રમાણમાં મીઠી ઊંઘ લેવી જોઇએ. ઊંઘ વગર

રોગમુક્ત ન થવાય, એ સાવ સાચી વાત છે.

આરામ

પશુ, પક્ષી, માનવી વગેરે આરામ લીધા વગર લાંબુ જીવી શકે નહિ. આરામ ન લેવાય તો શરીર નબળું પડે છે. શક્તિઓ ખૂટવા માંડે છે. તેવી રીતે ક્ષયના દર્દીએ આરામને સૌથી વધારે મહત્ત્વ આપવું જોઈએ. 'ક્ષય એટલે ઘસાવું,' શરીર ઘસાતું હોય ત્યારે પૂરતો આરામ લઈને શરીરને તંદુરસ્ત બનાવવું એ સૌથી વધુ ઉપયોગી છે.

ક્ષયના દર્દીને તાવ આવતો હોય છે એ સ્વાભાવિક છે. તાવથી શરીરની તમામ શક્તિ હણાઈ જાય છે. શરીરમાં નવી તાકાત જો ન આવે તો મૃત્યુ વહેલું આવે છે. મૃત્યુને આગળ ધકેલવુ હોય તો દર્દીએ રાત–દિવસ પથારીમાં સૂતા સૂતા આરામ લેવાની ટેવ પાડવી.

ભોજન, મળ–મૂત્રનો ત્યાગ, શરીરની સ્વચ્છતા માટેનું સ્નાન, ગળફો, વાંચન, મુલાકાતીઓને મળવાનું વગેરે કાર્યો પથારીમાં સૂઈને કરવાં. જેથી શક્તિનો ખોટો વ્યય નહિ થાય.

ભાંગેલુ શરીર, ઘસાઈ ગયેલી જીવનશક્તિ આથમી ગયેલી સ્ફૂર્તિ, ખોવાયેલ જીવનનો આનંદ, મનની પ્રફુલ્લતા વગેરે પાછાં મેળવવા માટે આરામ એ જ સૌને માટે સાચો–સરલ અને કલ્યાણકારી માર્ગ છે.

પ્રકાશ

ઘણાખરા દર્દોનું મૂળ કારણ તપાસીએ તો ભેજ અને અંધકાર હોય છે. જ્યાં સૂર્યનો પ્રકાશ નથી પડતો ત્યાં રોગના જંતુઓ ફેલાય છે. હવા બગડે છે અને માનવીની તન્દુરસ્તી જોખમાય છે.

દર્દીને સ્વચ્છ પ્રકાશમાં જેટલો આનંદ થાય છે તેટલો આનંદ અંધકારમાં નથી થતો. ક્ષયના દર્દીને અંધારામાં બેચેની–ગૂંગળામણ લાગે છે આથી દર્દ હળવુ થવાને બદલે ઊંડા મૂળ નાખે છે.

ગરીબ લોકોને ક્ષયરોગ ઝડપી લે છે તેની પછવાડે "અંધારીઆ ઘર" મુખ્ય કારણ છે. ક્ષયના દર્દીને પૂરતો પ્રકાશ મળે એટલા માટે ખુલ્લા ચોગાનમા હવા–પ્રકાશવાળા મકાનમા કે ઝાડની શીતળ છાયામા તેનુ બિછાનુ ગોઠવવુ. પ્રકાશની અસર ક્ષયના દર્દને હળવુ બનાવે છે રોગના જંતુઓ ફેલાતાં અટકે છે. પ્રકાશ મળવાથી દર્દીનો ઉલ્લાસ વધે છે અને સ્વભાવ શુભાળુ બને છે.

સૂર્યસ્નાન

ક્ષયના દર્દમા સૂર્યસ્નાનનુ ઘણું મોટું મહત્ત્વ છે. ક્ષયના જંતુઓનો જડમૂળથી નાશ કરવો હોય તો સૂર્યના કિરણોનો પૂરતો લાભ લેવો જોઈએ.

રોગીની સ્થિતિ સારી હોય તો સવારે અને સાંજે ઊગતા અને આથમતા સૂર્યનાં કોમળ કિરણો સહન થઈ શકે તેટલાં અને શક્તિ મુજબ આપવા. દર્દીને થાક લાગે કે કંટાળો આવે તો સૂર્યકિરણો આપવા બંધ કરવા, સૂર્યના સખત તાપમા દર્દીને કદી સૂર્યસ્નાન આપવુ નહિ.

દર્દીને તાવ હોય ત્યારે સૂર્યસ્નાન ન લેવુ. ઘણી વખત દર્દીના સગાંસ્વજનો દર્દી તાવથી ભરેલો હોવા છતાં સૂર્યના ઉગ્ર કિરણો આપવાનો આગ્રહ રાખે છે. આથી દર્દીની બેચેની વધી પડે છે. તાવનું પ્રમાણ ઉપર ચડે છે. માથું ભારે બને છે. રોગની ગતિ મંદ થવાને બદલે રોગ ઉછાળો મારે છે. આથી સૂર્યસ્નાન બુદ્ધિપૂર્વક પ્રમાણસર લેવાનું રાખવું.

માટીનો લેપ

પેડુ ઉપર ભીની માટીનો લેપ કરવાથી તાવનું પ્રમાણ ઘટે છે. કબજિયાત ઓછી થાય છે. માટી વારંવાર બદલી નાખવી ઝાડા થયા હોય, માથું દુખતુ હોય ત્યારે માટીનો લેપ ઘણી રાહત આપે છે.

એનિમા

દસ્ત બરાબર ન આવે તો જુલાબ ન આપવો પણ એનિમા સહેજ ગરમ પાણીની આપવી. જેથી મળ બહાર નીકળી જશે. અશક્તિ હોય તો થોડું પાણી લેવું.

ટબબાથ

(પેડુસ્નાન) દર્દીમાં થોડી ઘણી શક્તિ હોય તો સાધારણ ઠંડા પાણીના ટબમા બેમીને પેડુસ્નાન કરવું. શરૂઆતમાં ૨ થી ૩ મિનિટ લેવું પછી તો દર્દીની શક્તિ મુજબ સમય વધારતા જવો, આથી તાવ અને પેડુની ગરમી ઓછી થાય છે.

માલિશ

દર્દીને તાવ ન હોય ત્યારે હળવું તલના તેલનું માલિશ કરવું. આથી દર્દીને આરામ મળે છે. અને શરીરમાં નવું લોહી–ચેતન આવે છે.

કસરત

દર્દીને દિવસે કે રાત્રે તાવ ન આવે ત્યારે સમજવું કે હવે તબિયત સારી થતી જાય છે. આ પ્રમાણે એકાદ મહિનો પસાર થાય ત્યારબાદ સવારમા

ફરવા જવું. લાંબા શ્વાસ લેવા. ધીરે ધીરે હાથ ગોળાકારમાં ફેરવવા, વગેરે ક્રિયાઓ બહુ જ ધીરથી અને કાળજીપૂર્વક કરવી. આંચકાથી કે ઝડપી કસરતો ન કરવી. કસરત કરતાં થાક લાગે તો કસરત ન કરવી.

દવાઓ

દવાઓ નુકસાન કરે છે. એટલે દવા ન લેવી. દવાને બદલે યુક્તાહાર અને આરામ એ જ ક્ષયરોગનો મટાડ છે.

સ્વચ્છતા

દાંત, મોઢું, પથારી, વસ્ત્રો, નખ, શરીર વગેરે સ્વચ્છ રાખવા.

ગળફો થૂંકદાનીમા જ નાખવો જોઈએ. આમ ન થાય તો ગળફા દ્વારા રોગનો ફેલાવો થાય છે.

દરરોજ લાઈસોલ અથવા કાર્બોલિકનું પાણી થૂંકદાની સાફ કરવામા લેવુ. જેથી જંતુઓ નાશ પામે છે. ગળફાને બાળી નાખવો.

જ્યા ત્યાં દીવાલ ઉપર થૂંકવુ નહિ.

કેટલીક મહત્ત્વની સૂચનાઓ

ક્ષયથી પીડાતી સ્ત્રીએ પોતાના બાળકને ધવરાવવાનો તથા પોતાની પાસે રમાડવાનો આગ્રહ ન રાખવો.

પાણી

મનુષ્યને જેમ શરીરના પોષણ માટે હવાની જરૂર છે તેમ પાણીની જરૂરિયાત પણ રહે છે. રુધિરાભિસરણ અને ખોરાકને પચાવવામાં પાણીની મદદ જોઈએ. એ વગર ચાલી શકે તેમ નથી.

દર્દીઓ માટે પાણી હળવું અને ભૂખ લગાડનારું હોય તે ઉત્તમ પાણી ગણાય. કેટલાંક શહેર અને ગામડાંના પાણીમાં કબજિયાત કરનારાં ભારે જાય તેટલા માટે દર્દીએ મોં બાજુમાં ફેરવીને વાત કરવાની ટેવ પાડવી.

ક્ષયનો દર્દી સારો થાય તો પણ મહેનત-મજૂરીનું કામ ન કરવુ. કારણ કે વધારે પડતો શ્રમ કરવાથી જીવનશક્તિ ખૂટે છે અને ફરીવાર ક્ષયરોગ ઉથલો મારે છે-જાગૃત થાય છે.

ક્ષયના દર્દીને સૂકી-ઠંડી-તાજી હવા મળે તેવાં સ્થળો જેવાં કે પંચગની, મીરજ, દેવલાલી, મદનાપલ્લી, ધરમપુર (પતીઆળા સ્ટેટ) અલ્મોરા, મસુરી, કાઠિયાવાડમાં વઢવાણ, અને સોનગઢ (ભાવનગર પાસે) વગેરે સ્થળે જવુ જેથી તબિયત સુધરશે આ ઉપરાંત કોઈ પણ ગામડાંની હવા દર્દીને માફક આવે તો બીજે સ્થળે ફક્ત હવા માટે જવાની જરૂર નથી. કારણ કે ગામડામા ઘી, દૂધ, શાકભાજીઓ ચોકખાં અને તાજાં મળે છે.

આખું યે અંગ ઢીલું મૂકીને ચત્તા સૂઈ ને આરામ કરવાથી દર્દીનો થાક ઊતરી જાય છે અને સ્ફૂર્તિ મળે છે. આ આરામ લેવાની સૌથી સારી રીત છે. આ ક્રિયાને 'શવાસન' કહે છે.

બિછાનું કઠણ કે નરમ ન રાખવું. મધ્યમ રાખવું. સ્પ્રીંગવાળો ખાટલો રેક્ઝાપણી બને છે. [illegible]વું. વધારે

દૂધમાં ગાયનું તાજું પણ દર્દીને વાપરવામાં હળવું છે ગાય રોગીષ્ટ તેની ખાતરી કરી લેવી. ગાય દર્દીને કામાં જંગલમાં ફરતી હોય તો તેનું દૂધ ઉત્તમ ગણાય છે.

બકરીનું દૂધ ગાયના દૂધ કરતાં પાતળું અને જીવનસત્વોથી ભરેલું હોય છે કારણ કે બકરી તાવ ઝાડના, છોડના, વેલાના, ચારે વનસ્પતિનાં પાનનો આહાર

કોડલીવર તેલ ક્ષયના દર્દીને ન આપવું. ઈંડાં અને કોડલીવર તેલ ક્ષયના જે દર્દીને માફક આવે તેણે લેવાં.

કફ, કબજિયાત, અજીર્ણ કરે તેવાં ખાટાં ફળો ન લેવાં.

દર્દીએ વજન તરફ બહુ લક્ષ ન આપવું. શરીરમાં નવું લોહી, જીવનશક્તિ, અને તબિયત સુધરતી હોય ત્યારે હરહંમેશ પ્રફુલ્લ મન રાખી આરામ કરવો, કારણ કે આરામ એ ચિકિત્સાનું મુખ્ય અંગ છે

વજન કરાવવાની ઇચ્છા થાય તો સ્પ્રીંગના કાંટા ઉપર વજન ન કરાવવું.

ઝાડા થતા હોય તો સફરજનનો રસ લેવાથી ઘણી રાહત મળે છે.

છાતીમાંથી લોહી પડતું હોય તો ઠંડા પાણીમાં ટુવાલ પલાળીને નીચોવીને છાતી ઉપર લપેટવો આમ વારંવાર કરવાથી લોહી પડતું બંધ થશે.

ક્ષયનો રોગ અસાધ્ય છે એમ લોકો માને છે પણ ખરેખર આ માન્યતા સાચી નથી. ક્ષયનો રોગ સાધ્ય છે-સારો થઈ શકે છે

ક્ષયરોગમાંથી મુક્ત થવા માટે કુદરતી ઉપચારો, યુક્તાહાર, મનની પ્રફુલ્લતા, નિશ્ચયબળ, મનોબળ, હવા-પ્રકાશ, સુંદર વાતાવરણ, નિયમિતપણું, આરામ, આ બધા ક્ષયને હાંકી કાઢનારા ઉપાયો છે. ક્ષયના દર્દીઓ આવા સરલ ઉપાયો પોતાના જીવનમા વણી લે તો ક્ષયરોગ મરી જાય છે અને ક્ષયનો દર્દી અંધકારમાંથી પુનઃ જીવન-પ્રકાશ મેળવવા ભાગ્યશાળી બને છે.

विज्ञान—दर्शन

શ્રી. બંસી ગાંધી बी. एससी.
પ્રોફે. જયંતિલાલ દે. ઓઝા एम एससी.
ડૉ. નરસિંહ મુ. શાહ एम. एससी. पीएच डी.

[આધુનિક વિજ્ઞાન હવે પ્રયોગશાળાની અજાયબી રહ્યું નથી. માનવીના જીવનમાં તે અતિ મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે. વૈજ્ઞાનિક સંશોધનના પરિણામો મોટા પાયા પર ઉદ્યોગોમાં લાગુ પાડી જીવનની જરૂરિયાતો તૈયાર કરવામાં, જીવનને વધારે સુગમ બનાવવામાં તેનો ઉપયોગ થઈ રહ્યો છે. પણ વિજ્ઞાન બેધારું છે. એક ધારે તે સર્જે છે, તો બીજી ધારે સંહારે છે. વિશ્વયુદ્ધે આ સ્પષ્ટ દર્શાવી આપ્યું છેઃ વિજ્ઞાનની આ સંહારક પ્રવૃત્તિ સૌ કોઈ વિચારવંતને સાલે છે. વિજ્ઞાનનો દુરુપયોગ કરનારા બીજા છે. વિજ્ઞાનીએ કોઈ દિવસ સંહારકવૃત્તિ પોષી નથી.

એ સુવિદિત છે કે હિંદનું કાચું ધન લૂંટાઇ રહ્યું છે: પરદેશીઓ તેનો લાભ લઈ રહ્યા છે. આ સ્થિતિ દેશની પ્રગતિને રૂંધનારી છે. પણ આપણા ઉદ્યોગપતિઓ સંશોધનના ફાયદા હજી બરાબર સમજતા થયા નથી. સંશોધનનો અર્થ જલદી કાંઇક નવું બનાવી આપો એવો કરવો એ દૃષ્ટિ ટૂંકી અને ઔદ્યોગિક ખીલવણીને વિઘાતક છે.

આ વિભાગમાં વિજ્ઞાન-જગતમાં ચાલી રહેલી પ્રવૃત્તિઓ આપવામાં આવશે. લોકભોગ્ય ભાષામાં સંશોધનના પરિણામો રજુ કરવા; વિજ્ઞાનની જુદી જુદી શાખાઓમાં ચાલતા પ્રવાહો વર્ણવવા; આ બધું અહીંઆ આપવા પ્રયત્ન કરીશું. ખાસ કરીને આપણા દેશમાં થઇ રહેલી ઔદ્યોગિક સંશોધનની પ્રવૃત્તિના વૃત્તાંતોને વિશેષ મહત્તા આપશું.]

તત્ત્વજ્ઞાની કે વિજ્ઞાની ?

એક જૂની વાયકા પ્રમાણે એક ગુરુને ત્રણ શિષ્યો હતા. એક હતો અંગ્રેજ; બીજો હતો ફ્રેંચનો અને ત્રીજો હતો જર્મનનો. ગુરુએ એક મહાન શોધનું કામ પોતાના શિષ્યોને સોંપ્યું. અને તે શોધ...ઊંટને લગતુ જ્ઞાન સંપાદન કરવાનું.

ઊંટના ઉત્પત્તિસ્થાન અરબસ્તાનમાં જઈ ત્યાંથી ઊંટને લગતી તમામ માહિતી ભેગી કરવા અંગ્રેજ શિષ્ય ગુરુની રજા લઇને ઊપડ્યો. કેટલાક માસ ત્યાં ફર્યો અને ઊંટને લગતી ખૂબ માહિતી ભેગી કરી તેણે પોતાનો હેવાલ તૈયાર કરી ગુરુને સોંપ્યો. ફ્રેંચ શિષ્યે દુનિયાના તમામ સારામાં સારા પુસ્તકાલયો તપાસી પોતાનો હેવાલ તૈયાર કર્યો અને ગુરુને ચરણે ધર્યો. હવે રહ્યો જર્મન. તેણે એક ખંડમાં બેઠી ઊંટ માટે તેણે જે કાંઈ સાંભળ્યુ હોય તથા વાંચ્યુ હોય કે જોયું હોય તે સંબંધી ખૂબ વિચાર કરી પોતાનો હેવાલ તૈયાર કર્યો અને ગુરુને સોંપ્યો. આ ત્રણમાં જર્મનનો ઊંટ વિષેનો હેવાલ સૌ કરતાં વધારે ચોક્કસ અને સમૃદ્ધ હતો ! આ વાત સત્ય હોય કે નહિ, પણ એટલું તો તે જરૂર બતાવે છે કે અંગ્રેજ, ફ્રેંચ અને જર્મન સ્વભાવથી જ કઈ કઈ દિશામાં પ્રગતિ કરી રહ્યા છે

યંત્રોની શોધ થવાની સાથે યુરોપના ઔદ્યોગિક વિકાસની શરૂઆત થઈ. ઈ. સ. ૧૮૦૫ થી ૧૮૬૦ સુધીમાં ઔદ્યોગિક પરિવર્તનનું મહાન મોજું યુરોપમાં ફરી વળ્યું. આ સમય દરમિયાન જર્મની તો ઊંઘતું જ રહ્યું. જર્મનીમાં મહાન વૈજ્ઞાનિક ગૌસ (Gauss) આ સમય દરમિયાન થયો. તેણે ઘણી શોધો કરી, પણ તેની શોધો જર્મનીને ઔદ્યોગિક બાબતમાં તે સમયે નકામી હતી આજ અરસામાં જર્મનીમાં કેન્ટ, હાગેલ શોપેનહોઅર ઈત્યાદિ મહાન વિચારકો પેદા થયા આથી જર્મનીને ' તત્ત્વજ્ઞાનીઓનું જર્મની ' એવુ નામ મળ્યું. જર્મની ઉદ્યોગમાં પછાત હતુ તેથી તેને આ નામ આપવામાં જર્મનીનો ઉપહાસ કરવા સિવાય બીજો કોઇ હેતુ ન હતો. હવે આપણે ' તત્ત્વજ્ઞાનીઓનું જર્મની ' ઔદ્યોગિક જર્મની કેમ બન્યુ તે તપાસીએ.

ઈ. સ. ૧૮૭૧થી જર્મનીએ ઔદ્યોગિક ક્ષેત્રમાં ઝંપલાવ્યુ. પણ તેની પ્રગતિ ઘણી ધીમી હતી ૧૯૧૦માં જર્મનીના માજી કૈસર પાસે વૈજ્ઞાનિક સંશોધન માટે એક સંસ્થા સ્થાપવાની વિનતિ કરવામાં આવી કૈસર

વિલ્હેમ વિજ્ઞાન ઇન્સ્ટીટ્યુટ સ્થપાયું. આ સંસ્થા અંગેનું ઘણું-ખર્ચ કૈસરે પોતાના તરફથી આપ્યું હતું. કેટલુંક ખર્ચ ઉદ્યોગો તરફથી અને કેટલુંક પરસ્પરણ ઉધરાણું કરીને કરવામાં આવ્યું હતું. ૧૯૧૪ના વિગ્રહના વખત પછી મંદીના કાળમાં ઉદ્યોગોને સખત ફટકો પડ્યો અને ત્યારથી આ સંસ્થાનું ઘણું ખર્ચ રાજ્ય તરફથી આપવામાં આવે છે.

આ સંસ્થા અંગે ઘણાં જુદાં ખાતાં સ્થાપવામાં આવ્યાં છે. પરંતુ ખૂબીની વાત એ છે કે કોઈ ખાતું તે 'ખાતાની' જરૂર છે માટે ઉઘાડવામાં આવ્યું નથી. પણ અમુક માણસ જર્મનીમાં છે અને અમુક ખાતામાં તે ઘણું સારું કામ કરી શકે એમ છે એમ લાગે એટલે તે માણસને ખાતું ઉઘાડી કામ કરવાની સગવડો કરી આપવામાં આવે છે. આ રીતે જર્મનીમાં તમામ ક્ષેત્રને માટે કામ કરનારાઓને પૂરતી સગવડ મળતી આવી છે.

જર્મનીની વિજ્ઞાનમાં શિક્ષણ આપવાની પદ્ધતિ પણ જાણવા જેવી છે. અમુક પુસ્તકો વાંચીને ત્યાં વિજ્ઞાનની ઊંચી ડીગ્રીઓ મળતી નથી પણ વિજ્ઞાનના અમુક ક્ષેત્રમાં કામ કરનાર કોઈ પણ વિદ્વાન પાસે વિદ્યાર્થીએ અમુક વખત રહી કામ કરવાનું. તેના કામમાં તે સંતોષકારક પ્રગતિ બતાવે એટલે તેને યુનિવર્સીટીની ડીગ્રી મળે. આથી દરેક વિદ્યાર્થીને પોતાની પસંદગીના ક્ષેત્રમાં કામ કરવાનો પૂરતો વખત તથા પૂરતી સગવડો મળી રહે છે. બીજાઓએ અમુક ધોરણે અભ્યાસ કર્યો છે માટે આપણે પણ તેજ ધોરણે આગળ વધવું એવા ટૂંકા વાડાઓ ત્યાં બાંધેલા નથી હોતા. પ્રોફેસરને પણ પુસ્તકમાં લખ્યા મુજબના વિષયો જ શીખવવાના નથી હોતા. દરેક પ્રોફેસર વિજ્ઞાનના અમુક ક્ષેત્રમાં પ્રયોગો કરી રહ્યો હોય, તે પોતાની પ્રયોગ પદ્ધતિ તથા તેને લગતું જરૂરી જ્ઞાન વિદ્યાર્થીને આપે અને વિદ્યાર્થી તેની સાથે રહી પ્રોફેસરની કાર્યપદ્ધતિ મુજબ કામ કર્યા કરે અને યથાયોગ્ય સુધારા વધારા પણ સૂચવે: આથી વિદ્યાર્થી અને શિક્ષક બંને સ્વતંત્ર રીતે પોતાનું કાર્ય આગળ ધપાવી શકે છે.

જર્મનીની આ શિક્ષણ પદ્ધતિનો ખ્યાલ આપણને વિજ્ઞાનમાં તેણે આપેલા નીચેના ફાળા ઉપરથી આવશે. બનાવટી ગળી, નદી-વિજ્ઞાન પ્રયોગશાળાની સ્થાપના (આવું ખાતું ઉઘાડનાર જર્મની પહેલું જ છે), લોખંડના ઉદ્યોગમાં કપની આગેકૂચ, કોલસામાંથી પેટ્રોલ બનાવવાની રીત, એમોનીયા બનાવવાની રીત, ઉપરાંત અનેક જાતના નવીન ઔષધો વગેરે.

આ બધી સિદ્ધિઓનો સ્થળની મર્યાદાને લીધે માત્ર ટૂંકામાં ઉલ્લેખ કર્યો છે. તે સંબંધી વિગતવાર ખૂબ લખી શકાય. પરંતુ આ પૂરવાર કરે છે કે જર્મની ઉદ્યોગોમાં ખૂબ આગળ વધી શક્યું હોય તો તે ત્યાંની સંશોધન પ્રણાલિને આભારી છે.

આપણા દેશની સ્થિતિ ઉદ્યોગોની બાબતમાં ખૂબ પછાત છે. હિંદને ઉદ્યોગોમાં આગળ ધપાવવા આપણા યુવકોએ સંશોધનમાં ખૂબ રસ લેવો પડશે, સ્વતંત્ર રીતે જવાબદારીપૂર્વક કામ કરવું પડશે.

('મોડર્ન રિવ્યૂ'ના એક અંગ્રેજી લેખને આધારે)

❁ ❁ ❁

વેજીટેબલ દૂધ

મહા વિશ્વયુદ્ધે આપણને વેજીટેબલ ઘી ખાતાં કર્યાં છે: હવે વેજીટેબલ દૂધ આવે છે. બેંગ્લોરમાં શ્રી. જમશેદજી તાતા સ્થાપિત ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ નામની વૈજ્ઞાનિક સંશોધન-સંસ્થા ઘણાં વર્ષોથી ચાલે છે. આ સંસ્થાના જીવ-રસાયન વિભાગમાંથી પ્રગટ થતી શોધો કોઈ કોઈ વાર જીવનસ્પર્શી બને છે.

તાજેતરમાં ત્યાંથી પ્રગટ થયેલ એક પુસ્તિકામાં જણાવવામાં આવ્યું છે કે સોયાબીનમાંથી દૂધ કાઢવા માટે એક ખાસ રીત યોજવામાં આવી છે. આ પ્રમાણે તૈયાર કરેલું દૂધ ગાયના જેવું હોય છે, અને ગાયના સારા દૂધના બધા ઉપયોગી તત્ત્વો તેમાં હોય છે. આ પૌષ્ટિક તત્ત્વો-પ્રોટીન, ચરબી, અને ખનીજ ક્ષારોનું પ્રમાણ કોઈ સારી જાતના ગાયના દૂધમાં હોય તેટલું આ સોયાબીન દૂધમાં પણ છે.

જેવી રીતે આપણે ગાયનું દૂધ વાપરીએ તેવી રીતે આ સોયાબીન દૂધ વાપરી શકાય એમ અખતરા કરીને ચોક્કસ પૂરવાર કરવામાં આવ્યું છે. સોયાબીન દૂધમાંથી મલાઈ કાઢી શકાય, તેનું દહીં બનાવી શકાય. સોયાબીન મલાઈ ખાવાની ટેવ કેળવવી પડે; પણ સોયાબીન દહીં બીજાં દહીં જેવું જ સ્વાદિષ્ટ લાગે છે. સોયાબીન દૂધ પર બાળકોને રાખીને એમ નક્કી થયું છે કે સોયાબીન દૂધની પૌષ્ટિકતા ગાયના દૂધ કરતાં સહેજ ઊતરતી ૭-૯૦ ટકા આવે છે.

'ગાયના દૂધને બદલે એકલું સોયાબીન દૂધ ચાલે નહીં, પણ કુદરતી દૂધની ઉત્પત્તિમાં સોયાબીન દૂધ જરૂર પૂરવણી કરી શકે.'

એક પૌંડ સોયાબીનની કિંમત ત્રણ–ચાર આના પડે છે. અને એક પૌંડમાંથી ગાયના દૂધ જેવું ૭ પૌંડ દૂધ પેદા થાય છે. એટલે સોયાબીન દૂધ કિંમતમાં ખૂબ સસ્તું પડે છે. એક આને શેર આ દૂધ વેચી શકાય. બેંગલોર ઇન્સ્ટીટ્યુટ આ દૂધની બનાવટ અમુક સંખ્યામાં વિદ્યાર્થીઓને શીખવવા અને જેઓ દૂધ કેમ બનાવાય એ જોવા ઇચ્છતા હોય તેમને બતાવવા તૈયાર છે.

સુગંધી પદાર્થો

પ્રાણિજ સુગંધીદાર પદાર્થોની સંખ્યા એકદમ નાની છે. છતાં તેઓ અગત્યનું સ્થાન ધરાવે છે. આ પદાર્થોમાં કસ્તુરી (musk), સિવેટ (civet) અને અંબર (ambergris) ખૂબ જાણીતા છે. ઊંચા પ્રકારની સુગંધીઓની બનાવટમાં આ વસ્તુઓની ખાસ જરૂર પડે છે. જૂદા જૂદા મિશ્રણમાં દ્રાવણ રૂપે યા બીજી રીતે પ્રવાહી પદાર્થોમાં મેળવીને તેઓનો ઉપયોગ સુગંધીદાર વસ્તુઓની બનાવટમાં થાય છે. આને લીધે ઉત્તેજક સુગંધ પેદા થાય છે અને મિશ્રણમાં આવેલા અન્ય પદાર્થો તેને એકદમ ઊડવા દેતા નથી એટલે સુગંધ લાંબો વખત ટકી રહે છે.

નર કસ્તુરી મૃગના ડુંટા (નાભિ)માંથી કસ્તુરી નીકળે છે, આ મૃગ કદમાં નાનું, સ્વભાવે શરમાળ અને ચપળ પ્રાણી છે. ખોરાક–પાણી મેળવવા માટે તે રાતના અંધકારમાં પોતાની સંતાવાની જગ્યામાંથી બહાર નીકળી પડે છે. ઉત્તર હિંદ, ચીન અને સાયબેરિયાના પર્વતોમાં તેનું નિવાસસ્થાન છે. કસ્તુરી મૃગ પકડવું સહેલું નથી. ભૂલાવામાં પાડીને તેને પકડવામાં આવે છે. રસ્તામાં ખાડા ખોદી તેના પર ઘાસ ઇત્યાદિનું ખોટું ઢાંકણ કરી રાખવામાં આવે છે. તેના પરથી દોડતાં હરણ ખાડામાં પડે છે અને તેને પકડી લેવામાં આવે છે. તેનો શિકાર પણ કરવામાં આવે છે. કસ્તુરી કાઢવા માટે જાતનો ભેદ રાખવામાં આવતો નથી. માદાને પણ મારી નાખવામાં આવે છે. જો કે તેમાંથી કસ્તુરી મળતી નથી. પરિણામે આ જનાવરની જાત નાબૂદ થતી જાય છે અને કસ્તુરી દુષ્પ્રાપ્ય થતી જાય છે.

વ્હેલ (whale) જાતની એક માછલીના આંતરડાંમાંથી મળની સાથે આંત્ર રસ નીકળે છે: આ રસ એજ અંબર. આ રસ સમુદ્રની સપાટી પર તરતો દેખાય છે, અને કેટલીકવાર કિનારે ઘસડાઈ આવે છે. વ્હેલના માછીમારો આ રસ ભેગો કરે છે. અંબર કાળા યા કાળા ભૂરા રંગનું હોય છે. રસ સૂકાતાં તેમાંથી જૂદા જૂદા કદના અને વજનના ગઠ્ઠા થાય છે. આ ગઠ્ઠામાંથી સુગંધ નીકળે છે અંબરની કિંમત ખૂબ ઊપજે છે.

એબિસિનિયામાં એક બિલાડી થાય છે આ બિલાડી ક્રોધાયમાન થાય ત્યારે તેના પેટના ભાગમાં એક સુગંધી પદાર્થ ઝરે છે. આ પદાર્થ તેના પેટમાં એકઠો થાય છે. આનું નામ સીવેટ. આ પદાર્થ કાળો, ભૂરો, પીળો ચીકણો હોય છે. તેને ખૂબ ઘટ્ટ બનાવીએ તો તેમાંથી ન ગમે એવી વાસ નીકળે છે. પરંતુ તેના પાતળા (dilute) દ્રાવણમાં તે એક વિશિષ્ટ ઉત્તેજક સુગંધ આપે છે

વનસ્પતિમાંથી કાઢવામાં આવતા તેલોના મુખ્ય બે વિભાગો કરી શકાય: પ્રથમ વિભાગમાં, ખાવામાં વપરાતાં તેલ, જેવાં કે કોપરેલ, મગફળી, કુસબી, તલનું તેલ વગેરે આવે. આવા તેલોનું રાસાયનિક સ્વરૂપ એકસરખું હોય છે જૂદા જૂદા ચરબી તેજાબો (fatty acids) જેવાં કે ઓલિઇક, પામીટિક, સ્ટીએરિકનું ગ્લીસરીન સાથે રાસાયનિક સંયોજન થવાથી તેલ યા ચરબી જેવા પદાર્થો ઉત્પન્ન થાય છે. આવા તેલોને (fixed oils) કહેવાય છે. આવા ગ્લીસીરીનયુક્ત પદાર્થો (glycerides) ગ્લીસેરાઇડ કહેવાય છે. તેલ આવા ગ્લીસેરાઇડનું મિશ્રણ છે. બીજા વિભાગમાં, દવામાં વપરાતાં તેલો, જેવાં કે યુકેલીપ્ટસ તેલ, ટરપેન્ટાઇનનું તેલ, લીંબુ–નારંગીનું તેલ આવે. આ તેલોનું રાસાયનિક સ્વરૂપ જૂદા પ્રકારનું હોય છે. તેઓ સુગંધીદાર હોય છે અને સહેલાઇથી ઊડી જાય છે. એટલે સુગંધ હવામાં ફેલાય છે. આ વિભાગના તેલો essential oils (ઊડણ તેલો) કહેવાય છે. આ તેલોમાં રહેલા કેટલાક પદાર્થો જૂદા પાડીને તેલ–અત્તરની બનાવટમાં ઉપયોગમાં લેવાય છે.

આવા તેલોમાં પાટચૌલી તેલ સાબુની બનાવટમાં અગત્યનું સ્થાન ધરાવે છે. સાબુમાં વપરાતા સુગંધિત પદાર્થોમાં આ તેલ ખૂબ ઉપયોગી છે. તેમા પુષ્કળ સુગંધિત પદાર્થો આવેલા છે. પોગોસ્ટેમોન પાટચૌલી નામના ઝાડના પાંદડાંમાંથી આ તેલ કાઢવામાં આવે છે.

અત્યાર સુધી હિંદના સાબુ બનાવનારાઓ પરદેશથી આયાત થતા તેલ પર આધાર રાખતા. દર વર્ષે એક લાખ રૂપિઆની કિંમતનું આઠ હજાર પૌંડ તેલ આયાત થાય છે.

બેંગ્લોરમાં આ તેલ કાઢવા માટે પેગોસ્ટેમોનનું વાવેતર હાથ ધરવામાં આવ્યું હતું. અને તે સફળ નીવડ્યું છે. હવે મોટા પાયા પર પેગોસ્ટેમોન ઉગાડવાનું શરૂ કરવામાં આવ્યું છે. બેંગ્લોરના ઝાડમાંથી બે ટકા તેલ નીકળે છે અને પરદેશી માલ જેવા જ ગુણ ધરાવે છે. તેમાં એક પદાર્થ એવો છે કે તેની સુગંધ ગુલાબ જેવી છે.

ઉપયોગી ખનીજની શોધ

હિંદુસ્તાનની ખનીજ સંપત્તિ અગાધ છે પણ મુખ્યત્વે અણુશોધાયેલ પડી છે. આ દિશામાં થતાં પ્રયત્નોમાં નીચેની હકીકત નોંધપાત્ર છે. ૧૭૯૭ માં વાન્કવેલીન નામના એક રાસાયનિકે બેરીલિયમ (Beryllium) નામની ધાતુ શોધી કાઢી. બેરીલિયમ મુખ્યત્વે બેરીલ નામના ખનીજમાંથી કાઢવામાં આવે છે.

આ ધાતુ ખૂબ હલકી છે, એટલે તેનો ઉપયોગ વિમાનના અમુક ભાગો બનાવવા માટે થાય છે. આ ઉપરાંત અન્ય ધાતુઓ સાથે બેરીલિયમને મેળવીને નવી મિશ્ર ધાતુઓ તૈયાર કરવામા આવે છે. આ મિશ્ર ધાતુઓ ખૂબ ઉપયોગી નીવડી છે, જેમકે તાંબા યા નીકલમાં જૂજ પ્રમાણમાં બેરીલિયમ મેળવવાથી તાંબા-નીકલના ગુણોમાં મહત્ત્વના ફેરફારો થાય છે. આ ફેરફારોમાં ખાસ નોંધવા જેવો ફેરફાર એ છે કે ત્રાંબુ અને નીકલ ખૂબ સખત બની જાય છે. તાંબા બેરીલિયમની મિશ્ર ધાતુ હીરા જેવી સખતમા સખત ચીજો કાપવાની સારડીઓ બનાવવામા વપરાય છે ક્ષ-કિરણોની નળીઓ બનાવવામા પણ બેરીલિયમ વપરાય છે. રૂપા સાથે અડધો ટકો બેરીલિયમ ઉમેરવાથી રૂપાના ગુણમાં ફેરફાર થાય છે! આવા રૂપામાંથી બનાવેલી ચીજો ઉઘાડી રાખવા છતાં ઝાખી પડતી નથી કે કાળાશ પકડતી નથી.

બેરીલિયમના ખનીજ કોલંબિયા, બ્રાઝીલમાથી નીકળે છે તાજેતરમાં લખનૌ યુનિવર્સિટીના પ્રોફેસર છીમને બેરીલિયમનું મુખ્ય ખનીજ બેરીલ પતિયાળા રાજ્યના નારનોલ ગામ પાસેથી મળી આવેલ છે.

કાકડાસીંગી

કાકડાસીંગી આયુર્વેદમાં એક ઔષધ તરીકે જાણીતી છે ઉધરસ, ગળાનાં દુખાવો ઇત્યાદિ દર્દોમાં વપરાય છે. હિમાલયના નીચલા પ્રદેશોમાં પીસ્ટાસીયા ઇન્ટીજેરીમા (Pistacia Integerrima) નામના ઝાડ પુષ્કળ થાય છે. આ ઝાડ પર ગઠ્ઠા (galls) થાય છે: આ

• ગઠ્ઠા એ જ કાકડાસીંગી.

કાકડાસીંગીનું રાસાયનિક અન્વેષણ હજી સુધી થયું નથી. તાજેતરમાં આ કામ હાથ ધરવામાં આવ્યું છે. એમ માલૂમ પડે છે કે કાકડાસીંગીમાં બે પદાર્થો છે. આ બન્ને પદાર્થો પાસાદાર રૂપમાં જુદા પાડવામાં આવ્યા છે. તેમાં નાઇટ્રોજન નથી, એટલે તે કોયદાનની જાતના નથી. તેના પર વિશેષ કામ હજી ચાલે છે.

કાકડાસીંગીને વરાળ સાથે આસવવાથી તેમાંથી ૧-૩ ટકા સુગંધિત તેલ નીકળે છે. આ તેલ પર પ્રયોગો કરતાં એમ માલુમ પડ્યુ છે કે ગળાના દુખાવામાં તે ખૂબ ગુણકારી થાય છે: સાકર સાથે એક ટીપું મેળવીને દિવસના ત્રણ વખત આપવાથી આરામ કરે છે.

એલ્યુમીનીયમનાં વાસણ ફેંકી ન દેતા!

એલ્યુમીનીયમના વાસણ તૂટી જાય તો તેમને સાંધવા મુશ્કેલ છે. ત્રાંબા પિત્તળની ચીજોને રેણ કરી શકાય પણ એલ્યુમીનીયમને રેણ કરવું મુશ્કેલ છે. પરંતુ દિલ્હીની સાયન્ટીફીક અને ઇન્ડસ્ટ્રીયલ સંશોધન કાઉન્સીલના નિયામક સર ભાટનગર અને તેમના મદદનીશ મી. સુંદરરાવે નીચેની રીત પ્રમાણે એલ્યુમીનીયમ સાંધવામાં ઉપયોગી રેવણ (ફ્લક્સ) શોધી કાઢ્યું છે:

બોરેક્ષ—૫૦ ભાગ
પોટેશીયમ ક્લોરાઇડ—૨૫ ભાગ
સોડીયમ ક્લોરાઇડ (મીઠું)—૨૫ ભાગ
ટીટેનીયમ ડાયોક્સાઇડ—૨.૫ ભાગ
સોડીયમ બાય સલ્ફાઇટ—૧૧.૩ ભાગ

આ બધી વસ્તુઓને મિશ્ર કરીને સાંધા પર મૂકી ગરમ કરવાથી સાંધો મળી જાય છે. આ રેવણ ૬૦૦° ડીગ્રીએ પીગળે છે, અને સાંધવાનું વાસણ ⅛'' જાડાઇનું હોય ત્યાંસુધી સારું કામ આપે છે. અમેરિકાથી એલ્યુમીનીયમ સાંધવાનું રેવણ આવે છે તે જૂદા પ્રકારનું હોય છે. પણ ઉપર આપેલ પ્રમાણમાં વસ્તુઓ મેળવીને બનાવેલ રેવણ તેના જેટલું જ સારું કામ આપે છે એમ પુરવાર થયું છે.

* * *

હિંદ વિજ્ઞાન પરિષદનું તેત્રીસમું વાર્ષિક અધિવેશન બેંગ્લોરમાં જાન્યુઆરી ૧૯૪૬ની તા. ૨ જીએ શરૂ થશે. પ્રોફેસર એમ. અફઝલ હુસેન અધિવેશનના પ્રમુખ ચૂંટાયા છે

સંગીતનું પુનર્વિધાન

મૂળશંકર મો. ભટ્ટ

હિન્દુસ્તાની સંગીતની અત્યારની સ્થિતિ, અને તેના ભાવિ સંબંધે ગંભીરપણે વિચાર કરીને તેને સાચી દોરવણી આપે, એવી હિન્દવ્યાપી કોઈ એક સંસ્થા કે પ્રતિભાશાળી વ્યક્તિ નજરે પડતી નથી એ આપણા સંગીતનું એક મહાન દુર્ભાગ્ય છે. સ્વ. પંડિત વિષ્ણુ દિગંબરે સંગીતને આ નવા યુગમાં જે પ્રતિષ્ઠા આપી, અને સ્વ. ભાતખંડેએ તેને એક જે સમન્વયકારી શાસ્ત્રીય સ્વરૂપ આપ્યું તે પછી તે બન્ને ગાદીઓ ખાલી પડી છે. ભારતીય સંગીતના આકાશમાં આજે કોઈ ધ્રુવતારક દેખાતો નથી. આ સ્થિતિ દેખીતી રીતે લાગે છે તે કરતાં ઘણી વધારે ભયંકર અને ઘાતક છે. આપણી ભારતીય સંસ્કૃતિના પુનરૂજ્જીવનના કામમાં એક અંગનો પક્ષાઘાત રહી જશે કે શું તેવી બીતિ ઉત્પન્ન થાય છે.

ભારતીય સંગીતશાસ્ત્રને આધુનિક પદ્ધતિએ શાસ્ત્રબદ્ધ કરવાનો ભગીરથ પ્રયત્ન સ્વ. ભાતખંડેએ કર્યો. તેમણે ભારતીય સંગીતની ઇમારત રાગ ઉપર ચણાયેલી છે, તે સિદ્ધાંતને દૃઢ કર્યો. રાગ એ ભારતીય સંગીતનો મર્મ છે, પ્રાણ છે. અનેક સદીઓના, અનેક કલાકારોના અને અનેક સંગીતશાસ્ત્રીઓના પ્રયત્નો અને પ્રયોગોથી આ રાગવ્યવસ્થા બંધાઈ છે. સ્વરોની કલામય ગૂંથણી એ આમ તો કોઈ પણ સંગીતના મૂળમાં રહેલી જ છે. પણ ગૂંથણીનું જે, વિશિષ્ટ સ્વરૂપ હિન્દુસ્તાની સંગીતમાં જોવા મળે છે, તે નિરાળું જ છે. સ્વરરચનાની ગૂંથણીમાંથી અલગ અલગ વ્યક્તિત્વ ધરાવતા રાગો બંધાય, અને એ જ રાગોમાંથી પાછા સ્વરોનું વ્યક્તિત્વ પ્રગટ થાય, એવી સુભગ રચના વિરલ છે, ભારતીય કળાદૃષ્ટિનો એક ઉદાત્ત નમુનો છે. હજુ આપણે ત્યાં રાગોના સૌંદર્ય વિવેચનનો પ્રદેશ ખેડાયો નથી. તે દૃષ્ટિએ જો આપણે આ રાગોને જોઈએ તો તેમા રસની અખૂટ ખાણ મળી આવે એમ છે.

સ્વ. ભાતખંડેના પ્રયત્નો છતાં પણ આ રાગ રાગિણીઓ સંબંધે આપણે ત્યાં હજુ પણ અનેક ભ્રામક માન્યતાઓ ફેલાયેલી રહી છે. સંગીતશાસ્ત્ર ઉપર લખાતાં અત્યારના પણ કેટલાંય પુસ્તકોમાં મહાદેવના મુખમાથી ઉત્પન્ન થયેલા છ રાગો, તેમની પત્ની રાગિણીઓ, તેમના પુત્રો, અને વધારામાં તેમની પુત્રવધૂઓનો વિસ્તાર વર્ણવાયેલો નજરે પડે છે. તેને રૂપક તરીકે ગણીએ તો પણ રાગોના આ વર્ગીકરણમાંથી અત્યારે કંઇ પણ શાસ્ત્રીય તત્ત્વ તારવી શકાતું નથી. એક કાળે આ વર્ગીકરણમાં કંઇ શાસ્ત્રીય દોષ હોય તો આપણને ખબર નથી કારણ કે એવું પણ બન્યુ છે કે અમુક રાગોની સ્વરરચનાઓ કાળે કાળે અને સ્થળે સ્થળે બદલાતી રહી છે. અત્યારે પણ અમુક રાગો જુદા જુદા ઘરાણાના ગાયકો પોતપોતાની રીતે ગાય છે, અને તેમાં પોતે જ સાચા છે, અને બીજા નરાતાર જુઠ્ઠા છે, એમ માનીને એકબીજાની હાંસી કરે છે. આમાં જો કોઇને નુકશાન થતું હોય તો તે રાગને જ થાય છે.

એટલે અત્યારે તો રાગ રાગિણીઓના ધોરણમાં એક પ્રકારની અંધાધુંધી પ્રવર્તે છે. સ્વ. ભાતખંડેના વર્ગીકરણને હજુ પણ આખા હિન્દના સંગીતશાસ્ત્રીઓએ કે સંગીતકારોએ સ્વીકાર્યું નથી. અલબત્ત તેમાં સ્વ. ભાતખંડેનું વર્ગીકરણ સર્વાંગ સંપૂર્ણ છે, એમ પણ આપણે ન માનીએ, તો પણ આખા ઉત્તર હિંદુસ્તાની સંગીતમાં રાગોના સ્વરૂપો તથા નામોનું એક ધોરણ હોવું જોઈએ. એ તદ્દન સાચું સત્ય પણ અમલમાં મૂકવાનું બની શકતું નથી. દરેક જુદા જુદા મતવાદીઓ આ ઐક્યમાં માનવાની સાથે જ પોતાનો મત સ્વીકારાય તે જ ઐક્યનો ઉપાય છે, એમ સાથોસાથ માને છે.

સ્વ. ભાતખંડેના રાગોના વર્ગીકરણના કેટલાક મૂળભૂત સિદ્ધાંતો ઘણા સચોટ અને શાસ્ત્રીય છે. તેમણે આપણા રાગોને દસ થાટમાં વહેંચી નાંખ્યા છે. આ દરેક થાટમાં એક એક સ્વતંત્ર વ્યક્તિત્વવાળો રાગ છે, અને તે એક યા બીજી રીતે બીજા રાગો ઉપર પોતાની પકડ ધરાવતો હોય છે. આ દસેય થાટ રાગો તે સંગીતકળાની દૃષ્ટિએ ઉત્તમ રાગો છે, તેમ નથી. પણ વર્ગીકરણમાં સ્વરરચનાના વ્યાકરણને વિશેષ વજન આપવાનું હોય છે. આનો એક દાખલો આપું.

માલકંસ રાગ એ એક તદ્દન સ્વતંત્ર અપ્રતિમ સૌંદર્યવાળો અને વિશિષ્ટ વ્યક્તિત્વવાળો રાગ છે. ફક્ત સા ગ મ ધ નિ એ પાંચ સ્વરોનું જ વર્તુળ સ્થાને આ રાગ જે નૃત્ય રચે છે, તે અદ્ભુત છે આ માલકંસ આ પાંચ સ્વરો સિવાય બીજા કોઇ સ્વરને

ક્ષણભર પણ સહન કરતો નથી, અને તેનું એ અભિમાન તેને શોભાસ્પદ બને છે. (અલબત્ત હમણાં હમણાં માલકૌંસ રાગના સ્વર-વિસ્તારમાં પંચમ સ્વરનો છુપત-સ્પર્શ કરાવવાની 'હિંમત'—કેટલાક ગવૈયાઓ બતાવે છે, પણ મને તો તેમાં બાવાનું બેય બગડતું દેખાય છે, માલકૌંસ રાગ તો તેમાં બગડે છે પણ પંચમ સ્વર પણ તેમાં ભૂંડો લાગે છે. ગાનાર પોતે તો કેવો લાગતો હશે, તે પોતે જોઈ લે)

આ માલકૌંસ રાગ પોતાના પટમાં જ્યારે ખીલે છે, ત્યારે વાતાવરણ માલકૌંસમય કરી મૂકે છે. જાણે કે દુનિયામાં આ પાંચ સ્વરો સિવાય બીજો કોઈ સ્વર જ નથી, એમ લાગી જાય છે. મંદ્રના વિસ્તારમાં જઈને તે આપણને કોઈ ગહનમાં લઈ જાય છે. તાર સપ્તકમાં જતાં વેંત જાણે કે આપણામાં તેજ ભરી મૂકે છે, પણ આ રાગને સ્વ. ભાતખંડેની નિશાળમાં તો ભૈરવીથાટના વર્ગમાં જ બેસવું પડે. ભૈરવી પાસે સાતેય સ્વરો છે, તે બીજા અનેક રાગોને ઉત્પન્ન કરી શકે છે, અને દોરી શકે છે. ભૈરવી પોતાના બે સ્વરો રે અને પ નો ભોગ આપીને માલકૌંસને સર્જી શકે છે, જ્યારે માલકૌંસ કોઈ બીજા રાગને સર્જી શકતો નથી.

એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે રાગોના વર્ગીકરણમાં સ્વરરચનાનું વ્યાકરણ એ મહત્ત્વની વસ્તુ છે પણ વ્યાકરણની દૃષ્ટિએ એક વાર વર્ગીકરણ થયા પછી રાગોને એક પ્રકારનું સ્વાતંત્ર્ય મળે છે. પછી ભાવો પ્રમાણેનું નવું વર્ગીકરણ આપણે ઊભું કરી શકીએ.

એટલે સ્વ. ભાતખંડેએ થાટના વર્ગીકરણનો જે પાયો નાખ્યો, તેમાં થયેલ રાગોની વહેંચણી બાબતમાં કે રાગોના તેમણે આપેલ સ્વરૂપની બાબતમાં ભલે મતભેદ હોય, પણ થાટ દ્વારા રાગોના વર્ગીકરણના સિદ્ધાંતને હલાવી શકાય તેમ લાગતું નથી. પણ આ બાબતમાં કોઈ એકધારું કે સર્વમાન્ય એવું વર્ગીકરણ ઊભું કરવાનો પ્રયત્ન કરે તેવી કોઈ સંસ્થા અત્યારે નથી, અને તેની ખૂબ અગત્ય છે, એમ જે અગાઉ કહ્યું તેનું મહત્ત્વ હવે કદાચ વધારે સમજાશે. એક લિપિ, એક રાષ્ટ્રભાષા, એક જોડણી વગેરે માટેની ઝુંબેશ જેટલી જ અગત્યની ઝુંબેશ આ બાબતમાં ઉઠાવવાની જરૂર છે. એનું કારણ એ છે કે હિંદની સંસ્કૃતિમાં રહેલ ઐક્યનું ભાન આ સંગીત જેટલી સરળ રીતે અજ્ઞાત રીતે અને સ્વાભાવિક રીતે કરાવે છે, તેવી બીજી બહુ ઓછી કળા કરાવતી હશે. અનેક પ્રજાઓની અને ખાસ કરીને હિંદુ અને મુસ્લીમ સંસ્કૃતિની અદ્ભુત મેળવણી જો કોઈ કળામાં વધારેમાં વધારે દેખાતી હોય તો તે સંગીતમાં છે. બે સંસ્કૃતિઓનું વિલોપન થઈ અને વિશિષ્ટ પ્રકારે જેને માટે કેવળ હિંદુસ્તાની શબ્દ જ વાપરી શકાય તેવી કળા તે સંગીતકળા છે. હજી આપણે સ્થાપત્યમાં, મૂર્તિવિધાનમાં, ચિત્રકળામાં જુદી જુદી સંસ્કૃતિની અસરોને પારખી શકીએ છીએ પણ સંગીતકળામાં આપણે શોધવા બેસીશું તો ક્યો રાગ મુસ્લીમ સંસ્કૃતિનો ને ક્યો રાગ હિન્દુ સંસ્કૃતિનો ઠરાવીશું? એ તો ઠીક પણ ગાનારની જુદી જુદી પદ્ધતિઓમાં પણ બન્ને કોમના ઉસ્તાદો એક સરખા માલમ પડે છે. કોમવાદીઓ પાકીસ્તાનના અને હિન્દુસ્તાનના જુદા જુદા રાગો કેમ વહેંચશે, તે હજી તેમને સૂઝયું લાગતું નથી. કદાચ ઔરંગઝેબે આ પ્રશ્નમાં જ મુંઝાઈને સંગીતને ઊંડું દાટી દેવા માટેનો આગ્રહ બતાવ્યો હશે. આ રાગોમાં જ એ જ અવિભાજ્ય હિન્દના બળવાન સૂરો નીકળે છે, તે કદી દબાવી શકાશે નહિ. પણ આ બધું ક્યારે થાય, કે એ રાગોના વારસાને પુનર્જીવન મળે. અત્યારે કોઈ પણ કળા જો શાસ્ત્રશુદ્ધ નહિ બને, અને સાથે સાથે સંગીતકારોમાં સમન્વયકારી બુદ્ધિ જાગ્રત નહિ થાય, તો આખી કળા ચીમળાઈ જશે, અને તેને ફેંકી દેવાનો વખત આવશે, અને એ મરણનાં ચિહ્નો અત્યારે દેખાય છે. અત્યારે કોઈ પણ રાગ ઉપરના કોઈ પણ જાતના અંગચ્છેદના પ્રયોગો ચાલે છે. તેનું કોઈ ધોરણ નથી. સૌ કોઈ ફાવે તેમ રાગનો ટુકડો કાપીને તેના પર બીજા સ્વરોને સાંધીને રૂપકડાં પૂતળાં ઊભાં કરી કરીને નચાવે છે. શ્રોતાઓ ઘડીક ગમ્મતલીલા અનુભવે છે, અને જોતજોતામાં એ પૂતળાં ભાંગી પડે છે. કળાની આવી ક્રૂર હાંસી તો આપણા હિન્દના સંગીતકારો જ સહન કરી શકે.

આને માટે આટલું થવું અનિવાર્ય છે:

૧ અખિલ હિંદ (તેના ખરેખરા અર્થમાં) એવી સંગીત-સંસ્થા ઊભી થવી જોઈએ. નહીં કે દરેક સંસ્થાએ પોતાની જાતને અખિલ હિન્દનો ઈલ્કાબ પહેરાવવો જોઈએ.

(અનુસંધાન પૃષ્ઠ ૭૪૮)

બિલાડી બોલી

શ્રી. શરદિન્દુ બંદોપાધ્યાય ——— અનુ. રમણિક મેઘાણી

ત્યારે રાતના લગભગ દોઢનો સુમાર થયો હશે. આરામ ખુરશીમાં બેસી વાંચતા વાંચતા તંદ્રા આવી ગઈ હતી. કેરોસીનનો લેમ્પ બરાબર માથા ઉપર, ઓશીકા પાસે મોટી વાટે બળતો હતો. ઓચિંતો પત્નીનો સાદ સાંભળી હું ચમકીને જાગી ગયો–' અરે, જરા દૂર કરોને આ પાપને, જુઓને ફરી પાછું બોલે છે.'

બરાબર જે પથારી પર બાબો સખત તાવથી બેભાન જેવો થઈને પડ્યો હતો, તેનાં માથા તરફની બંધ બારીની પાછળની બાજુએ બેસી, બિલાડી રોતી હતી, એનું બોલવું બરાબર સ્વાભાવિક બિલાડી જેવું જ હતું, છતાં એમાં જાણે એક અરૂચિકર શોક-સંતપ્ત રૂદનનો આભાસ થતો હતો; એ ક્ષીણ પીડિત રૂદનનો સૂર હૈયા સોંસરવો ઊતરી જતો ને મનમાં થતું જાણે એ કોઇ અશુભના એંધાણ છે.

મેં બારી ઉઘાડી હત્ હત્ કર્યું. ને એ કૂદકો મારીને દૂર જતી રહી. અંધારામાં અદૃશ્ય થઇ ગઈ.

પરાનું નાનકડું ગામ. સરકારી નોકરીની બદલી થતાં આજ લગભગ પરસેક દિવસથી આ મકાનમાં જ રહું છું. આજ 'સુધી બિલાડીનો આવો ત્રાસ નહોતો, પરંતુ લગભગ એક મહિના પહેલાં કોણ જાણે એક દુબળી-પાતળી બિલાડી અહીં આવી પડેલી એનો મેલો ને ગંદો રંગ અને દેહ પર વચ્ચે વચ્ચે ઊભા થઈ ગયેલા વાળ એને વધુ કુત્સીત બનાવતા હતા. તદુપરાંત વળી એનું આમ બોલવું ! જાણે કોઈ મૂર્તિમંત અમંગળ મારા ઘરની ચોતરફ આંટા મારતું હતું.

પહેલે દિવસે પત્નીએ કહેલું– બિલાડી રડે એ બહુ અપશુકન કહેવાય. આપણા વિજુ-અજુ સારા રહે એટલે બસ.

બિલાડીનું રોવું તો મને યે નહોતુ ગમતું. પરંતુ સ્ત્રીઓ જે વાત સહેજે સ્વીકારે છે તેને આપણે પુરુષો સહેજે નથી સ્વીકારી શકતા. એથી વાત ઊડાવતા મેં કહ્યું : 'તમે લોકો પણ —'

તે પછી રોજ આમ ચાલવા લાગ્યું. પાંચ-છ દિવસ પછી ગૃહિણી ફરીથી સાશંકપણે બોલી– 'એ સાંભળો તો ! મને બહુ બીક લાગે છે. ઘર પાસે રોજ રોજ આમ બિલાડી રૂવે એ સારુ નહિ. ભગાડું છું તોય ભાગતી નથી. તમે એ નખોદિયા જીવને ગોળીએ દઇ દ્યો ને !'

હું મૂંઝવણમાં પડયો. માત્ર રોવાના અપરાધસર એનો જીવ લેતાં મારી હિંમત ન ચાલી. પણ એને અમારા ઘરથી કઇ રીતે દૂર કરવી તે પણ હું વિચારી વિચારીને થાકયો તો યે ન સૂઝયું. આખરે મેં રમોપાને એને પકડવાનો હુકમ કર્યો, બે કલાક સુધી એ એની પાછળ પાછળ ફર્યો. પણ માંદલી હોવા છતાં એની શક્તિ કયાં ઓછી હતી ! એ હાથમાં ન આવી, તે ન જ આવી.

ને ત્યારે મેં જાહેર કર્યું જે કોઇ એને પકડી લાવશે તેને એક રૂપિયો ઇનામ આપીશ. અ અમારા મકાનનાં બધા જ નોકરે એની પાછળ આદુ ખાઇને મંડ પડયા. ત્યાં સુધી કે મારો મોટ છોકરો અજય પણ એને પકડવ વિવિધ ફંદા-ફાંસલા યોજવા લાગ્યે હતો. પણ ગજબની ધુતારી હતી એ બિલાડી ! સહુના ફંદા-ફાંસલા નકામ કરતી એ મારા ઘરને પ્રદક્ષિણ કરતી ફરવા લાગી. એનું બોલ ભલે ને ગમે તેટલું મર્મભેદી હોય અમારી સહુની મહેનતને ધૂળ મેળ વતી એ યથેચ્છ આનંદ માણત ફરતી હતી. મારો રોષ વધી ગયો.

કયારેક કયારેક એનો મુડદાલ ક્ષુધાપીડિત ને અત્યંત કદરૂપ ચહેરે દૂરથી જોઇ, હું વિચારતો કે એને શૂ જોઇતું હશે ? શા માટે આવું અતૃપ્ત બુભુક્ષિત રૂદન એ કરતી હશે આજસુધી કદીયે એણે રસોડામ પગ મૂકયો નથી. એને ખાવાન લાલચ આપી જોઇ; એમાં પણ નિષ્ફળતા જ મળી,– ત્યારે શા માટે ? પરંતુ તેમ છતાં હું જાણી ન શકયે કે કેવી જબ્બર ભૂખ લઇને એ અમારે ત્યાં આવી હતી.

એક દિવસ સાંજે નોકર સાથે ફરવા ગયેલા છોકરાં પાછાં આવ્યાં ત્યારે નાનો પુત્ર વિજય કાદવથી ખરડાયેલા શરીરે પાછો ફર્યો. નોકરે અપરાધીની જેમ ગરીબડા થઇને કહ્યું કે 'રસ્તા પરના પૂલ ઉપર રમતાં રમતાં બચુભાઈ ઓચિન્તા નીચે ગબડી પડ્યા હતા, છતાં શરીરે ખાસ કંઇ

વાગ્યું નથી, નીચે કાદવમાં પડવા એટલાં સદ્ભાગ્ય !' ભાગ્યની વાત સાંભળી મારું માથું ફરવા લાગ્યું, કારણ પુલ નીચેના એ નાળામાં ચકલે જ શહેર આખાની ગંદકીની ગટર વહી જતી હતી

વળતે દિવસે વિજુને જરા તાવ અને ચારેક દિવસમાં ટાઇફોઇડનું એક પણ લક્ષણ દેખાયા વિનાનું–બાકી ન રહ્યું પત્ની અશ્રુપૂર્ણ આંખે મારી સામે જોઈ રહી હું સમજી ગયો એ વિચારનું પાત્ર બેવડા જોરથી રડતું મકાન આખાને ગજાવતું ફરતું હતું.

જે રાતની વાતથી પ્રારંભ કર્યો છે એ રાત વીતી ગઈ વીતશે એવી આશા નહોતી છતાં જ્યારે એ વીતી જ ગઈ ત્યારે હું સવારે હાથ-મો ધોવા નીચે ઊતર્યો એક જણને ડૉક્ટરને બોલાવવા મોકલ્યો અને હું ઝટપટ ખાલો ચા પી વિજુના ઓરડામાં પહોંચ્યો. જોયું તો એનો તરફડાટ વધી ગયો હતો. એ ભાનમાં છે કે નહિ તે સમજાતું નહોતું અવારનવાર એ ચીસ પાડી ઊઠતો મેં જોયું તો એની માને ગજે મજબૂત રીતે હાથ ભેરવી પોતાની માતાની નિકટ લઈ જઈ રડી પડ્યો કે–'બા આ બિલાડી......મારે નથી જવું'

ને એની બાએ હાથે એને હૈયા સરસો ચાંપતા રડી પડી, એણે તરત દાંત તળે હોઠ દબાવી રોવું બંધ કર્યું, ને એજ પળે નીચેથી બિલાડીએ રોવું શરૂ કર્યું.

હું ત્યાં વધુ ઊભો ન રહ્યો દાંત ભીંસતા, મારા ઓરડામાં જઈ મેં બંદૂક ઉપાડી. એમાં ટોટા ભરી બંદૂક હાથમાં લઈ હું અંદરના વરંડામાં આવી ઊભો રહ્યો

શિયાળાની સવાર હતી મીઠો તડકો હતો છતાં ધુમ્મસ પૂરેપૂરું દૂર નહોતું થયું અમારા મોટા એવા આંગણાની બીજી બાજુએ એક અતિ ઊંચો નહિ એવો વાંસનો માંચડો હતો વિધવિધ પ્રકારની વિવિધ વેલથી એ માચડો શણગારેલો હતો. એના ઉપર ચડી એ કમબખ્ત–અભાગી પ્રાણી આરામ કરતું આડું પડ્યું હતું બંદૂક ઊંચકી બરાબર નિહાળીને મેં બાર કર્યો વધુ પડતી ઉત્તેજનાએ કદાચ હાથ ધ્રુજી ગયો હશે કે કેમ, પણ બિલાડી કૂદકો મારતીક અદૃશ્ય થઈ ગઈ અને એ સાથે જ માંચડાની પેલી બાજુએ કોઈ ભારે ચીજ નીચે પડવાનો ધબ્બ અવાજ સંભળાયો.

બંદૂક એક તરફ ફેંકી ઉતાવળે પગલે ત્યાં જઈને મેં જોયું તો મારો મોટો પુત્ર અજય જ ત્યાં–માંચડા પાસે પડ્યો હતો. એના શરીરમાં જીવ નહોતો. બંદૂકની ગોળી બરાબર એની ખોપરીમાં વાગી હતી મૃત્યુ પહેલાં નાની એવી એક ચીસ પાડવાનો સમય પણ એને ન મળ્યો. એક નાનકડી વાંસની ટોપલી એના હાથ પાસે પડી હતી કદાચ એની બાળકબુદ્ધિ મુજબ એ એના વડે જ બિલાડીને પકડવાનો પ્રયોગ કરતો હશે.

*

અને ત્યાર બાદ? નાનો પુત્ર વિજય બચી ગયો કોઈની પણ ખાસ દવા યા સેવા–ચાકરીથી નહિ, પણ એનું આયખું હતું એથી

અને જે બિલાડી "ભૂખ" હતી ત્યારે હજાર પ્રયત્ન કરવા છતાં યે ઘરથી દૂર નહોતી ખસતી, તે "ભૂખ"ના અવસાને આપમેળે એટલી દૂર ચાલી ગઈ કે ફરી બીજી વાર એ દેખાઈ જ નથી–નહિ.

સંગીતનું પુનર્વિધાન

[પૃષ્ઠ ૭૪૧ થી ચાલુ]

૨ આવી સંગીત સંસ્થા યોગ્ય પ્રતિનિધિત્વવાળી, અને હિન્દના સમગ્ર સંગીતનો વિચાર કરે તેવી જોઈએ.

૩ આ સંસ્થા તરફથી બહાર પડતું સાહિત્ય તે જ સંગીતનું પ્રમાણભૂત સાહિત્ય મનાવું જોઈએ

૪ સંગીતના પ્રચારમાં એકધારાપણું અને વેગ આવે, તે માટે આ સંસ્થાએ પોતાની શાળાઓ સ્થાપવી જોઈએ અથવા તો દરેક સંગીતસંસ્થાએ આ સંસ્થાની માન્યતા સ્વીકારવી જોઈએ.

૫ સંગીતના શાસ્ત્રીય, તુલનાત્મક અભ્યાસ માટેના અનુસ્નાતક અભ્યાસક્રમો યોજાવા જોઈએ.

૬ જુદી જુદી પદ્ધતિઓના ગવૈયા તથા વાદનકારની કળાઓના નમૂનાઓની રેકર્ડોનું એક ઉત્તમ વ્યવસ્થિત પુસ્તકાલય ઊભું થવું જોઈએ, અને તે પરના શાસ્ત્રીય વિવેચનો લખાવાં જોઈએ.

આ તો માત્ર એક દિશાસૂચન જ છે. આવું તો ઘણું થઈ શકે પ્રાંતવાર જુદાં જુદાં મંડળો ને આમાં નિષેધ નથી. પણ સમગ્ર હિન્દવ્યાપી સંસ્થા માટેનો આગ્રહ આમાં વધારે છે.

આ પ્રશ્ન પણ એક રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતો પ્રશ્ન છે, અને સંગીતમાં રાષ્ટ્રીય દૃષ્ટિએ વિચાર કરતા થાય તો જ ઉકલે એવો છે. રાષ્ટ્રવિધાયકો અને સંગીતકારો પોતાની શક્તિ ભેગી કરશે?



મોતી પદમણી

લેખકો · નિરંજન વર્મા : જયમલ્લ પરમાર

માંડવગઢમાં રાજા ઉદયસિંહ રાજ કરે. રાજાને જાતી જિંદગાનીએ એક કુંવર અવતર્યો. કુંવરનું નામ પાડયું વીરસિંહ. વીરસિંહને રાજા હથેળીથી હેઠા મૂકતા નથી અને આંખથી અળગા કરતા નથી. કુંવરને રાજા બોલે ખમા, રાણી બોલે ખમા, દાસદાસી બોલે ખમા-ખમા. કુંવરને રાજા મૂકે કે રાણી તેડે, રાણી મૂકે કે દાસદાસી તેડે. વીસ વરસ વીતી ગયાં તોયે કુંવરે રાજમહેલ બહાર પગલું પણ માંડયું નથી.

વીસમે વરસે કુંવરનાં લગન કર્યાં અને રાજા ઉદયસિંહને ભગવાનનાં તેડાં થયાં. વીરસિંહ ગાદીએ બેઠા, રાજસિંહાસને પગ દીધો. પણ એક દિવસની જ વાત. બીજા દિવસથી વીરસિંહ મહેલમાં ને મહેલમાં. આખો દિવસ રાણીજી સાથે આનંદ-ઓચ્છવ કરે, ગાન-ગુલતાન કરે, રાજ કોનું ને પાટ કોનાં? રાજની ખબર નથી, પાટની ખબર નથી. રાજ બિચારા પ્રધાનજી ચલાવે છે.

રાજા રંગમહેલમાં અને વસ્તી વિપતમાં. રાજા વિના રાજ કેમ હાલે? છ મહિને પ્રધાન થાકયા. આવીને મહેલે પોકાર કર્યા: 'રાજાજી! રાજ હાથ ઝાલો.' પણ જવાબ કોણ દે? ત્રણ-ત્રણ દિવસ પોકાર કર્યા તોયે નહિ હા કે નહિ હોંકારો.

મહેલમાં અષાઢ કુંડ ને શ્રાવણ કુંડ. રાણીજી સવારે અષાઢ કુંડમાં નહાય; સાંજે શ્રાવણ કુંડમાં. કુંડને મારગે પ્રધાન ઊભા રહ્યા ને રાણીજીને કાને વાત નાખી. રાણીજી ચતુર ને ચકોર. ઈસારામાં વાત સમજી ગયાં. કહે કે 'જાઓ પ્રધાનજી! એક કામ કરો. ફૂલવાડીની ઓલરાદી વાડ તોડાવી નાખો. કાલ રાજાજી ફૂલવાડીએ આવશે, બહાર નીકળશે તો બધું યે થઈ રહેશે.'

બીજે દિવસે રાણીજી કહે: 'મહારાજ! મહેલમાં બેઠાં કંટાળી. ચાલો પગફેરો કરીએ. આપણી ફૂલવાડીએ જઈએ.'

માંડ રાજા માન્યા, રાજાજીને માટે ઘોડારમાંથી જય ઘોડાને લાવ્યા રાણીજી માટે વેલ લાવ્યા. રાજાજી ઘોડે બેઠા. રાણીજી વેલમાં બેઠાં. ઘોડાના ડાબલા ગાજ્યા. વેલના ઘૂઘરા ગાજ્યા. આગળ રાજાજી. પાછળ રાણીજી.

ફૂલવાડીમાં જઈને ઘોડાએ ધમધમ મચાવી. છ મહિનાથી અંધિયારમાં બાંધેલો. આજ ઉઘાડામાં આવતાં આનંદમાં આવી ગયો. ઘોડાએ હણહણાટી કરી અને હરખની હાવળ દીધી. આમ જોયું, તેમ જોયું. જુએ તો ઓતરાદી વાડ નહિ. ચારે પગે છલાંગ મારી અને છમાછમ છમાછમ કરતો વનને મારગે વહેતો થયો. રાજાના હાથમાં લગામ તણાઈ રહી અને અંગ પલાણે બિડાઇ ગયું. રાજા તો હલે કે ચલે.

ઘોડો દોડયો જાય છે. નગરનું પાદર મૂક્યું, સીમાડો મૂકયો. વન મૂકી, જંગલમાં આવ્યો. જંગલ મૂકી પાછો ઉઘાડામાં આવ્યો. જુએ તો મોટો મારગ હાલ્યો જાય. મારગ કાંઠે વડલો. વડલા હેઠ ઘોડો ઊભો રહ્યો. રાજા ઘોડા માથે બેઠો અડખેપડખે જોયા કરે છે.

થોડીક વાર થઈ કે મારગે કલશોર ગાજ્યો. રાજા નજર કરે તો હાથમાં હથિયાર ને હજાર માણસ ચાલ્યા જાય પાંચસો આગળ ને પાંચસો પાછળ વચ્ચોવચ્ચ એક પાલખી. સોનાની પાલખી ને પીતાંબરી પડદા. પાલખીને કાંઈ નકશી ! કાંઈ નકશી ! પાલખિયાને જરિયાની પોષાક ને હાથે-પગે હેમનાં કડાં. પાલખિયા જાણે રૂપના અવતાર.

પાલખિયા જોઇને રાજાને થયું કે જેના પાલખિયા આવા રૂડા ને જેને પહેરવા જરિયાની પોષાક એ પાલખીમાં બેઠેલી કેવી રૂપાળી હશે ! મેં તો મારી એક રાણીને જ જોઈ; લાવ ને જોઉં આ પાલખીવાળીને ! પણ જુએ કેમ ! પાલખી આડા તો પડદા બીડેલા. રાજાએ પાલખી પછવાડે ઘોડાને વહેતો કર્યો.

ચાલતાં ચાલતાં ગંગાજીને કાંઠે આવ્યાં. પાલખિયાએ પાલખીને ટકોરો કર્યો ને ગણગણ વાત કરી. તરત જ પાંચસો માણસોએ હથિયાર હેઠાં મૂક્યાં. ગંગાજીની રેતીમાં આડા કર્યા ને તંબૂ તાણ્યા. તંબૂને પડખે પાલખી ઊતારી. પાલખી આડા પડદા દીધા ને પાલખીવાળી પડદાને ઓથે તંબૂમાં ચાલી ગઇ.

રાજાને થયું કે અરેરે ! જોવા યે ન મળી. લાવ થોડી વાર રાહ જોઉં. રાજા ઘોડા માથે બેઠો રહ્યો. નજર તંબૂ માથે ખોડાઈ રહી.

થોડી વાર થઇ ને તંબુડિયાએ તંબૂને ટકોરો કર્યો ને ગણગણ વાત કરી બીજા પાંચસો માણસોએ હથિયાર હેઠાં મૂક્યાં. તંબૂથી ગંગાના પાણી સુધી પડદા તાણ્યા. એટલા ઊંચા કે હાથી માથે બેઠાં યે અંદર નજર ન પડે પડદાની આડશે પાલખીવાળી પાણીમાં ગઇ ને નહાઇ ધોઇ પાછી આવી. તંબૂમાં જઈને બેસી ગઇ.

રાજા ઘોડા માથે બેઠો છે. હાથમાં લગામ ઝાલી છે. નજર તંબૂ માથે છે. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ. ત્રીજે દિવસે તંબૂ ઊપડયા. આગળ પાંચસો માણસ, પાછળ પાંચસો માણસ. વચ્ચે પાલખી. પાલખીવાળી પાછી ચાલી. રાજાને થયું કે અરેરે ! ત્રણ દિવસ રોકાયો તો પણ નજરેય ન પડી. પાલખીની પાછળ પાછળ રાજાએ ઘોડો વહેતો કર્યો.

ચાલતાં ચાલતાં વડ હેઠ આવ્યા. વડલે મારગ ફંટાય. એક મારગે પાલખી ચાલી. બીજો મારગ રાજાના ગામનો. રાજા તરભેટે ઊભો રહી ગયો પાલખી પણ ઊભી રહી ગઈ. રાજા પાલખી તરફ નજર કરે ત્યાં પાલખી તરફથી ઘા આવ્યો. જુએ તો એક ચીંથરી. રાજા ચીંથરી ઉપાડીને હાથમાં લે ત્યાં પાલખી વહેતી થઇ.

રાજા ચીંથરી ઉઘાડીને જુએ તો અંદર પદમકમળનાં ફૂલની વચ્ચે મોતીની માળા. માળાની વચ્ચોવચ્ચ સોપારી ને હળદર, સોપારીને કંકુનો ચાંદલો ને હળદરને માથે ચોખા ચોંટેલા. રાજાએ ફૂલ જોયાં, માળા જોઈ. સોપારી ને હળદર જોયાં પણ કાંઈ સમજ ન પડી. જોઈ-

કરીને ઊંચે નજર કરે તો પાલખી ક્યાંયે ચાલી ગયેલી. 'પાલખીવાળી ! પાલખીવાળી !' એવું રટણ રાજાને થઇ ગયું ને ઘોડો હાલતો થયો.

સાંજ થયે ઘોડો માંડવગઢ આવ્યો. આવીને મહેલે ઊભો રહ્યો. રાજાને જોઇને આખા મહેલમાં આનંદ ગાજ્યો. રાજાને વધાવવા રાણીજી આવ્યાં. પણ રાજાએ આડું જોયું, અવળું જોયું. કટ્ટ્ટ પગથિયાં ચડી મહેલે ગયો. જઈને પલંગમાં અવળો ફરીને સૂઇ ગયો.

વાંસોવાંસ રાણીજી આવ્યાં. આવીને જુએ તો રાજાજી અવળા ફરીને સૂતા છે. 'પાલખીવાળી ! પાલખીવાળી !' લવ્યા કરે છે ને હાથમાં ચીંથરી રમાડ્યા કરે છે, રાણીજી ઓછાં ઓછાં થઇ જાય છે, પણ રાજાજી તો બોલે કે ચાલે. રાણીજીને થયું કે આને બહાર કાઢીને તો બૂરું થયું. હવે કરવું શું ?

માથાના વાળ પગે લૂયા ત્યારે રાજાજી અરધે પહોરે બોલ્યા. રાણીજીને ચીંથરી આપીને કહે : 'આનો અરથ શો ?'

રાણીજીએ ચીંથરી હાથમાં લીધી. ઉઘાડીને જોયું ને બેઘડી વિચારમાં પડી ગયાં. તરત રાજાજીને કહે : 'ઊઠો રે ઊઠો, મારા રાજાજી ! આનો અરથ તો શું, પણ એ અરથ આપવાવાળીને મેળવી આપું તો હા જાણજો.'

સાંભળીને રાજા ઊભો થયો. થાળમાંથી ચાર કોળિયા આમ ખાધા, ચાર કોળિયા તેમ ખાધા. ખાઈ કરીને રાણીજીએ પાનનું બીડું દીધું. પણ હજીયે રાજાજીને મન પાલખીવાળીનું રટણ છે. પાન હાથમાં લેતાં કહે : 'રાણીજી ! અરથ તો કહો.'

રાણી કહે : 'જુઓ રાજાજી ! ચીંથરીમાં પદમકમળનાં ફૂલની હાર. એનો અરથ કે એ પાલખીવાળીનાં પદમાવતીમાં રહેઠાણ. મોતીની માળા એ તો પાલખીવાળીનાં જ એંધાણ. પાલખીવાળી પોતે મોતીપરી. સોપારી એના ઘરનું એંધાણ. એના ઘરને બારણે સોપારીનું ઝાડ. અને હળદર તો બાઈનો પોતાનો રંગ. કંકુ છાંટી, ચોખા ચોડ્યા એ તો બાઈની વાત. તમારી સાથે એના મનનો મેળ. પણ રાજાજી ! પદમાવતી મારું પોતાનું પિયર. હું એની આખી વાત જાણું. મોતીપરી પદમણીનો અવતાર, ધરણીધર શેઠની દીકરી. દીકરીને કંકુપગલે ઘરમાં લખમી રમે. એ દીકરીને કેમ પરણાવે ?'

રાજા કહે : 'ત્યારે થાય શું ?'

રાણી કહે : 'ચાલો પદમાવતી. માણસની પેર તો ભગવાનની મેર. થવાકાળ થઇ રહેશે. કામ કરી જોઇએ.'

તરત ઘોડાહારમાંથી જય-વિજય ઘોડા કાઢ્યા. ઘોડા માથે પીતળિયાં પલાણ ને સોનેરી સાજ નાખ્યા. સોનામહોરે ખડિયા ભર્યા અને રાજા રાણીએ સોદાગરના વેશ પહેરી લીધા. ઘોડે ચડીને એડી મારી કે જય-વિજય એકબીજાનાં મોઢાં સૂંઘતા, હારોહાર ડાબલા માંડતા છમ છમ છમ કરતા ઊપડ્યા. આઠમે દિવસે પદમાવતીને પાધર ઊભા રહી ગયા.

પદમાવતી રાણીજીનું પિયર. ઊતરવું ક્યાં ? ઓળખાણ પડે નહિ અને કામ થઈ જાય તેમ કરવું. રાજા મકાન ભાડે લેવા નીકળ્યો. પણ પદમાવતી તો પાંચસો રજવાડાનું પાટનગર. રળી ખાવા પદમાવતીમાં પાંચ દેશ ઊમટે. ખાલી ઘર ક્યાં મળે ? મેડી-હવેલી ભરપૂર, ઘર-મકાન ભરપૂર. ગોતતાં ગોતતાં ઠેઠ ગામને છેડે એક તૂટેલ ખંડેર મળ્યું. ખંડેર ભાડે લઇને રાજા પાછો આવ્યો. ખંડેરમાં ઉતારા કર્યા. ટાબકટીબક કર્યાં. કામ કરવા કામોરા રાખ્યા.

બીજે દિવસ થયો કે રાજા પૂછે : 'હવે ?'

રાણી કહે : 'સોદાગરના વેશ પહેરી રાખો. ધરણીધર શેઠની પેઢીએ જાઓ. લાખનાં પરવાળાં

ને લાખનાં ગજમોતીની માગણી કરો, માલ જોઈને મોઢું હલાવો. સારા માલની મુદત મળશે. મુદતમાં પદમણીને મન હશે તો ખબર પડશે.'

રાજાએ સોદાગરના વેશ લીધા, માથે પાઘડી ને ખભે ખેસ. પગે પોતિયું ઢરડાય ને હાથે લાકડી મરડાય. જઈને ધરણીધર શેઠની દુકાને ઊભો રહ્યો. સોદાગરને દેખીને શેઠ સામે આવ્યા. કહે: 'આવો સોદાગર! શેના સોદા કરવા?'

સોદાગર કહે : 'મારે લાખનાં પરવાળાં જોઈએ. લાખનાં ગજમોતી જોઈએ. પૈસા પૂરતા આપું, પણ માલ અસલી માગું.'

શેઠે પરવાળા કાઢ્યાં, ગજમોતી કાઢ્યાં. સોદાગરે માલ આમ ફેરવ્યો, તેમ ફેરવ્યો. જોઇ કરીને માથું હલાવ્યું. શેઠ એના મુનીમને કહે : 'લઇ જાઓ સોદાગરને અંદરને ઓરડે. જૂનામાં જૂનો માલ બતાવો.'

સોદાગરને લઇને મુનીમ અંદરને ઓરડે આવ્યો. અંદરને ઓરડે પેટી ઉઘાડી, પટારા ઉઘાડ્યા. અવાજ સાંભળી અંદર બેઠેલી મોતી પદમણીને થયુ કે 'આ માલ તો મોંઘામૂલો. એનો ખરીદનારો કોણ નીકળ્યો?'

આડશેથી અવાજ સાંભળ્યો તો ગંગાકાંઠે આવેલો માણસ પોતે. પદમણીનું મન પણ એની સાથે લાગી ગયું છે. પણ પદમણી ચતુર જાત. એમ ને એમ કાંઈ હા પાડું? એને થયું કે થોડોક તાવવા દે.

એણે આખે અંગે ઓઝલ ઓઢી. ઓઝલમાં ઊભાં ઊભાં અંદરના ઓરડાને બારણે કાળી મશના બાર લીટા કર્યા. લીટા કરી અંદર ચાલી ગઈ.

સોદાગરે માલ જોઇ માથું હલાવ્યું. મુનીમ કહે: 'તમારે જોઇતો માલ મંગાવી દઈએ. થોડા દિવસ રોકાઈ જાઓ.'

સોદાગર હા પાડી બહાર નીકળ્યો. બારણે કાળા લીટા જોયા. લીટા જોઇ ઘેર આવ્યો. આવીને રાણીને વાત કરી. કહે કે 'આટલો આટલો હેરાન થયો ત્યારે મોઢુંયે જોવા ન મળ્યું. જોવા મળ્યા મશના બાર લીટા.'

રાણી કહે : 'એમ કાંઈ ઉતાવળે આંબા પાકે? પદમણીએ તો સંકેત કર્યો. જ્યારે બાર કલાકની અંધારી રાત એટલે અમાસ આવશે ત્યારે તમને મળશે. અમાસ સુધી વાટ જુઓ.'

રાજા દિવસ ગણવા લાગ્યો. અમાસ આવી કે સોદાગરનો વેશ પહેરી લીધો ને શેઠની દુકાને ચાલ્યો. દુકાને જાય તો શેઠ ન મળે. મુનીમે રાજાની મહેમાનગતિ કરી. કહે કે: 'હજી માલ નથી આવ્યો. દૂર દેશાવર લખ્યું છે. આવ્યે માલ બતાવશું.'

રાજાનો અવાજ સાંભળી પદમણીએ ઓઝલ ધરી. ઓઝલમાં ઊભાં ઊભાં ઓરડાને બારણે ખડીના બાર લીટા કર્યા ને અંદર ચાલી ગઇ.

સોદાગર ખડીના બાર લીટા જોઇને ઘેર આવ્યો. આવીને રાણીને વાત કરી. રાણી કહે: 'પદમણીનો સંકેત વધારે લંબાયો. હવે કહે છે કે જ્યારે બાર કલાકની ઊજળી રાત આવશે ત્યારે તમને મળશે. પૂનમ સુધી વાટ જુઓ.'

રાજા વળી વાટ જાવા લાગ્યો ને રોજ દિવસ ગણવા લાગ્યો. પૂનમ આવી કે રાજા સોદાગરને વેશે શેઠની દુકાને જઇ ઊભો.

મુનીમ કહે : 'હવે આઠ દિવસમાં માલ હાજર.'

સોદાગરને મુનીમ વાત કરે છે ત્યાં વળી પદમણી ઓઝલ ઓઢી બારણે આવી. બારણે કંકુના ત્રણ લીટા કર્યા અને એમ ને એમ અંદર ચાલી ગઈ.

રાજાએ ત્રણ લીટા જોયા. જોઇને પાછો ઘેર આવ્યા આવીને રાણીને કહે: 'મૂકો આની

લપ, સંકેત કરી મુદત દીધે જાય. આમ ને આમ જિંદગી પૂરી થાય. એને પરણવા કોણ રોકાય ? '

રાણી કહે : ' એમ અરધેથી અટકી જવાય ? હવે તો ત્રણ જ દિવસની વાર છે. પદમણી કહે છે કે એ ધરમમાં બેઠી છે. હવે ત્રીજે દિવસે તમને જરૂર મળશે '

ત્રણ દિવસ તો રાજાને ત્રણ જુગ જેવડા ગયા. ત્રીજે દિવસે રાણીએ રાજાને આખે અંગે શણગાર્યો. શણગાર સજાવી વિદાય દીધી. રાજા આવીને દુકાને ઊભો રહ્યો. રાજાએ દુકાનને બારણે જ ઊભાં ઊભાં માલ માગ્યો. મુનીમ કહે: ' હવે તો આજ કાલમાં માલ હાજર, '

સોદાગર કહે : ' મારે આમ ને આમ વાટ કયાં સુધી જોવી ? શહેરમાં ઘણા યે મોતીના વેપારી છે ચોકખી વાત કરો, નહિ તો ગમે ત્યાં જઈને માલ મૂલવી લઉં. '

પદમણીને કાને વાત પડી એને થયું કે હવે રાજા અધીરો થયો લાગે છે હવે ઝાઝું તણાવવું નહિ સારું. એણે આખે અંગે અંઘોળ કરી વાળેવાળે મોતી ઠાસ્યાં સોળ શણગાર સજ્યા બાર આભૂષણ પહેર્યાં. સિંદૂર–સૂરમા લગાવ્યા. અણવટ–વીંછિયા પહેર્યા. કેસર–કસ્તુરીના લેપ કર્યા, પાન ખાઈ, અત્તર લગાવી, લવીંગ–એલચીનો બટવો કમરે ખોસ્યો કીનખાબી લેંઘો પહેર્યો. આરપાર એકેએક રોમ દેખાય એવી હુમરૂ શમરૂની ઓઢણી ઓઢી હાથમાં સોનેરી થાળ અને થાળમાં પૂજાપો લઈને પદમણી રૂમ્મા ઝુમ્મા....રૂમ્મા ઝુમ્મા....કરતી બારણે નીકળી.

ઝાંઝરનો ઝણકાર સાંભળી રાજાએ ઊંચું જોયું. જુએ તો પદમણી સામે ચાલી આવે છે. રાજાએ પદમણી સામે જોયું. પદમણીએ રાજા સામે જોયું બેયની નજર એકબીજા સામે નોંધાઈ રહી.

રાજા જુએ છે તો આખા ઓરડાને અજવાળતી પદમણી ઊભી છે સોના જેવી મૂરત, ચંપા જેવો રંગ, પૂનમનો ચાંદો ને દીવાળીનો દીવો, કાચી કદેરની ડાળ, વળી વળી બેવડ વળી જાય, પાન ખાતાં ગળા સોંસરી પિચકારી દેખાય, કાંકરી મારતાં લોહીની ધાર થાય, ફૂંક મારો તો આકાશે ઊડી જાય વચ્ચે ખેંચો તો ઢળીને ઢગલો થાય લાકડી પર ઘુમાવો તો સાપની જેમ લપટાઇ જાય. પલંગમાં પડે તો બાર વરસ ગોતતાં યે હાથ ન લાગે.

અને કેવા એના ગુણ ? વધવામાં બીજની ચંદા, સોના સમા વાળ, માખણનો લોંદો, તેજ જાણે હોળીની ઝાળ, બોલી જાણે કોયલનો ટહુકો, વીજળી જેવી ચમક, કેવડિયાની મહેક, પવિત્રતામાં ગંગાની ધાર અને પોતાની લીધી વાતમા પત્થર સમી પાર.

પદમણી નજર કરે તો રાજા પણ ઓરડાને અજવાળી રહ્યો છે કેવાં એનાં રૂપ ? જાણે ગુલાબ કેરું ફૂલ, સોના સમો રંગ, કેળ કેરો ગાભો, સૂરજ કેરી જ્યોત, ભમરા સમા કાળા ભમ્મર વાળ, પોપટ સમું નાક, જાણે ગાવજ કેરું બાળ, શિર પર જરીનું મંદિલ બાંધી, મશરૂનો પાયજામો પહેરી, કેડે રેશમી ભેટ બાંધી, અંદર ચાંદીની મૂઠે સોનાની નકશી કરેલ ગુસમી જમૈયો ખોસ્યો છે કાનમાં બે મોતી લટકે, ગળામાં સુખેહારી કંઠો લળકે, હાથની આંગળીએ જડાઉ અંગૂઠી ઝળકે. મોઢે અંબરનું પાન ખાઈ, હીરભરતની મોજડી પહેરી જાણે છેલછબીલો ગભરુ જુવાન ઊભો છે

એક પળ નજર કરી ન કરી ને પદમણી બારણા પાસે ગોખલે બેઠી અંગાર પર ઘી નાખી ધૂપ કર્યો ધૂપને ચાર આંટા મારી પગે લાગી. ઊભી થઇને થોડા ચોખા ઓતરાદા ફેંકયા અને ફરી પાછી બારણે ખડીના બાર લીટા કરી મહેલની અંદર ચાલી ગઈ.

પદમણી હાલી ગઈ તોયે રાજાની સામે જાણે પદમણી તર્યા કરે છે મુનીમે હાથ હલાવ્યો ત્યારે અરધે પહોરે એને ભાન આવ્યું. હસતો હસતો રાજા ઘેર આવ્યો, રાણી કહે ' બસ થાઓ તૈયાર. આજની રાતે બારને ઘડિયાળે તમને એ મળશે. મળવાનું ઠેકાણું નગરીની ઓતરાદી દિશાએ, સતી માતાનું મંદિર. '

રાજા તો ઊંચો થાય, નીચો થાય, સાંજ પડશે કે નહિ એવે વિચારે સૂરજ સામે જોયા કરે.

[અપૂર્ણ]

શાસનપદ્ધતિ એને માટે જવાબદાર હોવાના હોય છે રખવનારા એવા અબુધ માનવીઓને જે પોલિસને બદલે તેમની માણસાઇના દીવાને તેમા નવુ તેલ પૂરી તેની શગ સંકોરી નવી જ્યોતે તેને પ્રકાશતા કરી મૂકનાર કોઈ રવિશંકર મહારાજ મળે તો પરિણામ સાવ જુદું જ આવે છે આ બધુ આ કથાઓ આપણને સમજાવી જાય છે 'માણસાઈના દીવા' નામ બધી રીતે ઉચિત છે

બીજી બધી વાતો તો બરાબર, પણ બાબર દેવાના અહીં અપાયેલા આખા વૃત્તાન્તનુ આ 'માણસાઇના દીવા'મા શુ સ્થાન? એ જ દૃષ્ટિથી જોવુ હોય તો કહેવાય કે 'ભગત'માથી ક્રમશ માણસ મારુ ડાકુ બનતા બાબરની વાત માણસાઈનો હોલવાઇ ગએલો દીવો દેખાડે છે પણ બીજી રીતે જવાબ મળી રહે છે ને તે એ કે આ કથાઓમાથી મહારાજના યજમાનો કે સ્વજનો' જેવા છે તેવાનો દસ્તાવેજી પરિચય જ આપવાનો હતો ને? એટલે એ પ્રદેશ ને ત્યાના લોકોની વાતમા બાબર દેવાની ય વાત કેમ ન આવે? અને પછી તો સોરઠી બહારવટિયાના કથાકારને ગુજરાતનો બહારવટિયો ય ન આકર્ષે?

એના પાત્રોની વચ્ચે અખડ સેવા તી પેગી જેવા ઘૂમતા મહારાજનુ વ્યક્તિ ચિત્ર પણ આ કથાઓમા સાથે સાથે કેવુ ઉપસતુ આવે છે! ગુનેગાર તરીકે પોલિસ ચોપડે ચઢેલી કોમની ફરજિયાત લેવાતી નિત્યની હાજરી બધ કરાવવા ઉઘાડે પગે આઠઓની ત્રણચાર વાર ખેપ કરતા, નિર્દોષોને ફાસીને માચડેથી તથા લાબી કેદની સજામાથી છોડાવવા અથાગ મહેનત કરત, રાનિયાના છોકરાની એના માબાપ ન કરી તેવી પ્રેમાળ સારવાર કરતા મહારાજ પોતે જ માણસાઈનો વિશુદ્ધજ્યોત જલત દીવો નથી? બહુ સવકારાતા જનતા એ જ જનાર્દન એ સૂત્રને તેમ હાબાર ઉપરિ માનુષ એ ચંડિદાસવચનને મહારાજે જ જાણે સાચુ સમજ્યા છે એ ખૂબી પચાવી વિના બંદર કરી જરૂરત વિનાના આ સાત્ત્વિક બ્રાહ્મણે નિષ્કામ સેવાયોગ અને સાચા માનવધર્મનો કેવો જીવતો આદર્શ પૂરો પાડ્યો છે! ચોર ડાકુગીરી કરનાર કે જૂઠ બોલનાર કે પોતાનુ અપમાન કરનાર પ્રત્યે જેમને ન કશી સૂગ, કે ચીડ, કે તિરસ્કાર, 'બાળક જેવા' એ જ જેમનુ એમના સ્વભાવ વર્તનાદિ પરનુ વત્સલ નિર્દેશ સાધ્ય, એવા મહારાજે ભાષણે આપ્યા વિના કેટનાયનુ ઓછુવતુ હૃદય પરિવર્તન સાધ્યુ છે ને કેટલાયને સારે રસ્તે ચઢાવ્યા છે એ કયા સાધન વડે? લોકોના હૈયાને અડતુ એ અમોઘ સાધન છે પ્રેમ એ પેના ફૂટાઇ જતા પાટણવાડિયાઓને 'મારા સ્વજનો' કહી શકે છે ભોળિયા લોકો મહારાજને પાથરણા પર ભગવાન પ્રણમે પોતાને અણીની પળે આવી ઉગારનાર ચમત્કારીક પુરુષ માને (પૃ ૨૩૩), એમનો બોલ ઉથાપે નહિ એમને નાના ગાધી કહે એમા પછી નવાઈ શાની? લોકસપર્ક કેમ કરાય, લોકસેવા કેમ થાય અને લોકહૈયાને કેમ સ્પર્શાય એ જાણવા સારુ લોકસેવક બનવા ચહાનારાઓએ કે તો મહારાજ જોડે એ બારૈયા પાટણવાડિયાઓમા ફરવુ જોઇએ કા તો આ પુસ્તકનુ વાચન કરવુ જોઈએ

લોકસેવક તરીકે નહિ પણ લોકપ્રેમી, સાહિત્યસેવક તરીકે આ પુસ્તકના લેખક મહારાજની જોડે એવા પાચ દિવસનો વાનગીપ્રવાસ મહીકાઠાના એ મુલકનો ખેડી આવ્યા છે તેની હકીકત પણ એમણે પુસ્તકના છેલ્લા બાવન પાનામા પોતાની લાક્ષણિક શૈલીમા વાચનારાઓ આગળ ધરી દીધી છે મહીસાગર, એના કોતરો તથા તીરપ્રાન્તની ભૂગોળ તથા એ પ્રદેશના ગામો તથા માનવીઓની પ્રથમ દર્શને પોતા પર પડેલી છાપ વર્ણવવાનુ ત્યા મેઘાણીએ કર્યું છે તેમ છતા એ પાના પણ આગલા પ્રકરણોની માફક કેટલાક પ્રસગોનુ આલેખન કરી જાય છે આ પ્રવાસકથામા સૌરાષ્ટ્રની રસધાર જેવી તેમ સોનલદાસજીની લોકકથાના દૃષ્ટાન્તે, અવશ્ય પ્રમાણોચિત રીતે ટાકયા વગર રહી શક્યા નથી. સાહિત્યમા નવાજૂની છેલ્લી ન છપાઈ રહેવાનુ નથી, પણ આ કદ ફરિયાદ કરવા નહીં, એમની લાક્ષણિકતા સૂચવવા લખાય છે

પુસ્તક વાચવા ઉપાડ્યા પછી પોતાના અન્ત સુધી લઇ ગયા પછી જ આપણને છોડવા દે તેવુ રસમય બન્યુ છે મેઘાણીના ઘણા વાર્તાત્મક પુસ્તકોનુ એ તો જાણીતુ લક્ષણ છે

રાણો પ્રતાપ [અનુ ઝવેરચદ મેઘાણી પ્રગ ગુર્જર ગ્રથ રત્ન કાર્યાલય, અમદાવાદ,] મૂ ય અઢી રૂપિયા.

બગાળી નાટ્યકાર સ્વ દ્વિજેન્દ્ર રોયના નાટકના ગુજરાતી અનુવાદની આ છઠ્ઠી આવૃત્તિ છે

આપણા ગુજરાતીમા મૌલિક રીતે લખાયેલા 'પ્રતાપ નાટક' જોડે આને સરખાવવા જેવુ છે મેવાડના મહારાણા પ્રતાપનો ટેક અને અકબર સામે ઘણો વરસો લગી ખેડેલુ જુદ્ધ બનેનો મુખ્ય વિષય છે બનેનુ આધારસ્થાન છે કર્નલ ટોડનુ રાજસ્થાન એટલે બનેમાની ઘણી હકીકત વચ્ચે સામ્ય દેખાય છે ગુજરાતી 'પ્રતાપ નાટક' બગાળી કરતા ક્યાક ક્યાક તો સરી ગણાય બતાવે છે એમ પણ સરખામણી કરનારને લાગશે

આ નાટકમા આરભમા તો અકબર ઉદાત્તચરિત્ર નહિ પણ સકુચિત વૃત્તિનો જણાય છે, જો કે પાછળથી તેની મહાનુભાવતા ખીલવવામાં આવી છે પુરુષપાત્રોમા પ્રતાપ ને અકબર આગળ તરી આવે છે (માનસિંહને શક્તિસિંહ જરા ઝાખા છે) પણ તેમનુ ય આલેખન સીધુ થયુ છે શક્તિસિંહના પાત્રમા થોડી સકુલતા મૂકી છે એના હૃદયમા સાધેલા લગ્ન અને પ્રેમની તથા સલીમની લાગણી એવી લીટીઓ ત્રેરની બાબતમા એ પાત્ર યોગ નવ રગો પ્રમે છે પ્રતાપ સાથેનો એનો ખટરાગ અને એનુ દિલ્હી જઈ મેવાડ પર આક્રમણ કરવુ, એ હકીકતનેય નાટકમા ઠીક મહત્ત્વ ને વિસ્તાર મળ્યા છે પૃથ્વીરાજનુ પાત્ર મરાઠા જેવુ બનાવાયુ છે તે એના અતિ હાસ્ય મિજાજની રમૂજ ઉત્પન્ન કરે છે અને

ભાઈ બહેનોને એક નમ્ર ચેતવણી છે કે આ ધંધો કરવા જેવો નથી એમાં વહેલા મોડા પાયમાલ જ થવાય છે. રમનારાઓ પણ જરા શાંત ચિત્તે એમની સ્થિતિનો અને અનુભવોનો વિચાર કરશે તો એમને જણાશે કે એ એમાંથી તાજા નથી જ બની શક્યા કેટલાક તો નજર કાઢી આપના શાખો પાછળ જ ખુવાર થઇ ગયાના દાખલા છે

લોટરી ભરવા જવું, છાપાઓની રમત હરીફાઈઓ ભરવી, હુતુ તુતુ રમવી, સટ્ટો ખેલવો કે, જુગાર રમવો આ બધા મામા કોઇના ભાંડુ છે વગર પરસેવે પૈસાદાર થવાના વલખા છે એ રસ્તે ભાગ્યે જ કોઈ સુખી થયા છે સમજુ માણસે થોડુ કહ્યું ઘણું સમજીને આટલાથી ચેતી જવુ નહિ તો વહેલા મોડા પાયમાલ થઇ જવાશે

તા. ૨૫-૧૦ ૪૫

૪. સરદાર જયંતી

આપણે બધા પૂજ્ય ગાંધીજીને ઉંમરે અને અનુભવે બહુ વૃદ્ધ ધારીએ છીએ. તેઓ છે પણ ખરા. પરંતુ આપણા સરદાર વલ્લભભાઇ પણ ગઈ તા ૩૧ મી એ ૭૦મું વર્ષ પૂરું કરીને ૭૧મા વર્ષમા પ્રવેશ કરી ગયા. આપણને કોઇને કલ્પના પણ આવતી હતી કે તેઓ આટલા વૃદ્ધ થઇ ગયા હશે?

એમની વીર વાણીમા, એમની નીડર પ્રવૃતિમા અને એમના દગલાબાજ સેવા કાર્યોમા જે જોમ પડેલુ છે એ જોતા આપણને તો એ એક નવજવાનને પણ શરમાવે એવા જુવાન લાગે છે પણ એ ગુજરાતના સરદારપદેથી ક્રમશઃ દેશના સરદાર બન્યા છે એ કઈ માત્ર સાંઢને શીંગડે ગાંભી નથી થઇ ગયા એની પાછળ તો વર્ષોની તપસ્યા પડી છે. કેટલા સિત્તેર વર્ષનો અનુભવ પડ્યો છે. ક્યાંથી તો આખા દેશે એમની ૭૦મી વર્ષગાંઠને દિવસે એ વીર પુરુષને અંજલિ આપી અને વીરપૂજા કરી

આપણે તો એટલું જ ઇચ્છીએ કે સરદાર ઘણું જીવો અને આપણે એમના સાચા સૈનિક બનીએ.

તા. ૭-૧૧-૪૫

૫. દીવાળીનું સરવૈયું

આજે દીવાળી છે. ચાલુ વર્ષ આજે પૂરુ થશે અને કાલથી નૂતન વર્ષ બેસશે એ નૂતન વર્ષના સુપ્રભાતે દરેક ભાઇ બહેનને અમારા હૃદયના અભિનંદન છે.

દીવાળી દર વર્ષે આવે છે ત્યા આપણને એ દરેક વખતે કેમ ગમે છે? એ ગમે છે કારણકે એ એની સાથે આનંદ ઉત્સાહ અને ઉલ્લાસ લેતી આવે છે આપણે પણ આપણામા જો એ ત્રણે વસ્તુ કાયમ રાખીએ તો આપણે જ્યા જઇએ ત્યાં સૌને ગમી જઇએ કોઇ પણ માણસને સોગિયુ મોઢું રડતી સુરત કે નિરાશાનો સૂર ગમતો નથી હોતો

આ દીવાળીને દિવસે આપણે ખઈશું પીશું, પહેરીશું ઓઢીશું. આંગણામા સાથિયા અને રંગોળીઓ પૂરશું એ બધું સારૂ છે પણ એની સાથે કરવા જેવી એક બીજી વસ્તુની પણ હુ યાદ આપુ.

માણસ જે પૈસા કમાય છે તો એના હિસાબ રાખે છે વર્ષ આખરે કેટલું બચ્યુ કે કેટલુ ખોયુ એનું સરવૈયું કાઢે છે. ત્યારે આપણને તો મનુષ્યદેહ જેવો ઉત્તમ દેહ મળ્યો છે એનો આપણે કેટલો સદુપયોગ કર્યો? એ વડે આપણે શું સાધ્યુ? એનો ચોપડામાંથી કેટલા હિસાબ રાખતા હશે? ન રાખતા હોઈએ તો ખરેખર એ રાખવા જેવો છે દીવાળીનો દિવસ એવુ સરવૈયું કાઢવા માટે ઉત્તમ તારો છે. પણ ચોપડો રાખ્યા વિના સરવૈયું શી રીતે નીકળે? આવો જીવનનો ચોપડો રાખ્યો હોય તો માણસે રોજનીશી લખવી જોઇએ એના ઉપરથી વર્ષ આખરે આપણે કેટલા આગળ વધ્યા કે પાછળ પડ્યા એનું તારણ નીકળી શકે. નવેસરથી શરૂઆત કરવી હોય એ એ દીવાળીને દિવસે પોતાની સિલક મેળવીને નોંધી લે અને આવતી કાલના મંગળ દિવસથી રોજનીશીની શરૂઆત કરે લખેલા ન હોય એ મનમા ને મનમા આખા વર્ષનો તાગ કાઢીને મનમા નોંધી રાખે

તા. ૪-૧૧-૪૫

૬. વિદ્યાર્થી સ્નેહ સંમેલન

દીવાળીને ટાણે આપણે સૌના બહાર ગામ વસતા ભાઈઓ પણ એ દિવસ માટે આપણી વચ્ચે રહેવા આવે છે એ તકનો લાભ લઇને એક બીજાનો પરિચય તાજો રહે અને એક બીજાની વધારે નજીક આવી શકાય એ હેતુથી આજે સાંજે ૪ થી ૭ સુધી રામજી મંદિરમા જૂના નવા, નાના મોટા બધા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીઓમા રસ ધરાવતા ભાઈ બહેનોનું આપણે એક એક સ્નેહસંમેલન યોજ્યુ છે એ સ્નેહ સંમેલનમા દરેક ભાઈ બહેનને આવવાનું અમારૂં સ્નેહભર્યું આમંત્રણ છે

કાર્યક્રમ

૧ સંગીત
૨ હેતુનિર્દેશ તથા પ્રમુખની વરણી
૩ ગુરુકુળ સમાચાર અને પરિચય વિધિ
૪ ગાંધી જયંતી પ્રસંગે લેવાની હરિફાઇમ ઉતરેલાઓને અભિનંદન પત્રોની લહાણી.
૫ વિદ્યાર્થીઓ તેમજ પ્રમુખશ્રીના વ્યાખ્યાનો.
૬ વંદેમાતરમ

તા. ૪-૧૧-૪૫

૭. પુસ્તકાલય વહિવટની યોજના

આપણે ત્યાનું પુસ્તકાલય હવે વ્યવસ્થિત થઈ ગયું કહેવાય એમાંથી રોજ ૫૦ થી ૬૦ પુસ્તકો વંચાવા માટે જાય છે. પણ હવે એમા નવા પુસ્તકોની ભરતી થવાની જરૂર છે એ માટે મે એક યોજના ઘડી કાઢી છે. જે કોઈ રા. ૨૫નું લવાજમ એમના નામનું પુસ્તકોથી ભરેલુ એક કબાટ પુસ્તકાલયમા ભેટરૂપમા આપવી આવા બે કબાટના વચનો મને મળી ચૂક્યા છે અને આશા છે કે એથી વધારે પણ મળી રહેશે

પણ આપણું પુસ્તકાલય હમેશ માટે વ્યવસ્થિત બનાવવું હોય તો એની કાયમી યોજના થવી જોઇએ. જેવાં કે પુસ્તકાલયના કામ પાછળ રોજ ૪-૬ કલાક આપી શકે એવા એકાદ પગારદાર માણસને રોકવાની વ્યવસ્થા કરવી જોઇએ. એ નાણા વિના બને નહિ એનું

રૂપિયા સોની રકમ આપીને પુસ્તકાલયના ચાલીસેક સભ્યો બની જાય તો સહેજે ચાર હજારની રકમ થઇ જાય એમાંથી માસિક ૮–૧૦ રૂ. નું વ્યાજ મળી રહે. અને એ વ્યાજમાંથી પેલા પગારદાર માણસને રોકી શકાય.

આવા સો અથવા એથી વધારે રકમ આપનારાઓમાંથી જ એક કમિટિ ચુંટાય એ કમિટિ પુસ્તકાલય અંગેનો વહિવટ કરે અને પુસ્તકાલય પ્રવૃત્તિને વિકસાવે.

. આપણુ ત્યાના પુસ્તકાલયનો પૂરો સદુપયોગ કરવો હોય તો આવી કોઇ યોજના સ્વીકાર્યા સિવાય આપણે માટે બીજો કોઈ રસ્તો નથી આશા રાખુ છું કે શક્તિવાળા દરેક આ કાર્યમાં સાથ આપશે

તા ૫–૧૧–૪૫

૮ નૂતન વર્ષે પ્રાર્થના

હે પ્રભુ આ નૂતન વર્ષના પ્રથમ દિને અમારી પ્રાર્થના છે કે તુ અમને વેરઝેર, રાગ દ્વેષ અને અહંપણાના ખોટા અભિમાનમાંથી બચવાની શક્તિ આપ.

સત્ય, પ્રેમ અને આનંદથી તુ અમને ભરી દે.

સ્વેચ્છા અને સમજપૂર્વક અમે તારી ઇચ્છાને શિરોધાર્ય કરીએ એવુ હે પ્રભુ તું અમને બળ દે.

તા. ૫–૧૧–૪૫

૯ ભાઇ બીજ

જેની વીર પસલી એવી ભાઇ બીજ, આ બન્ને ઉત્સવો બહેનનો ભાઈ પ્રત્યેનો અને ભાઇનો બહેન પ્રત્યેનો ભાવ વ્યક્ત કરવાના ઉત્સવો છે. ભાઈ બહેનનો પ્રેમ આ દુનિયામાં અનેરો પ્રેમ છે એને અમર કરવા માટે જ આ ઉત્સવો યોજાયા છે. આપણે એક બીજાને વધારે લાયક બનીએ અને ભાઈ બહેન વચ્ચેના નિર્મળ પ્રેમને દુનિયામાં વધારે વ્યાપક કરીએ તો આજના મિષ્ટાનો અને આનંદ ઉત્સવો સાર્થક કર્યા ગણાય.

૧૦ વાઘેશ્વરી માતાના પ્રવાસે

થામણાથી અહી માઇલ દૂર વિઝોલ પાસે શેઢી નદીના બરાબર કિનારા ઉપર વાઘેશ્વરી માતાનું એક રમણીય સ્થાન છે ત્યા આપણે પ્રવાસે જવાનું વિચાર્યુ છે

જે ભાઈઓ ત્યા આવવા ઇચ્છતા હોય તે એમના નામ આપી જાય ભઇ બીજને દિવસે બપોરે બાર વાગ્યે આપણે ત્યા જવા ઉપડીશુ એટલે આ નારા ૧૧॥ પહેલા તૈયાર થઇને મારી ઓરડીએ આવી પહોચે ત્યા આપણે શુ શું કરીશુ ?

દર્શન કરીશુ, બેસીશું, વાતો કરીશું ગાઈશું, ગમ્મત કરીશુ, તાવ આવશે તો નદીમા નાહીશુ અને ચોડો નાસ્તો પણ કરીશું દીવાળીની રજાએ.મ. બહારગામથી આવેલા આપણા ભાઈઓ પણ આ પ્રવાસમા જોડાવાના છે એટલે વધારે મઝા પડશે.

તા. ૬–૧૧ ૪૫

૧૧ લાભપાચમથી આપણે ત્યાં અભ્યાસગૃહ શરૂ થાય છે

બહુ દિવસથી અભ્યાસગૃહની વાત કરીએ છીએ એ અભ્યાસગૃહ ગનિવાર તા ૧૦–૧૧–૪૫ની લાભપાચમની સાંજથી આપણે ત્યા શરૂ થાય છે એમા જોડાવા ઇચ્છનારા કાલ સાંજ સુધીમા એમના નામ મને આપી જાય અભ્યાસ ગૃહમાં આવનાર પાસેથી ફીલેલ ફી તરીકે માસિક ૦–૨–૦ લેવામા આવશે

અભ્યાસગૃહમા અઠવાડિયે દોઢ કલાક માટે વિદ્યાર્થીઓને સ્વાધ્યાયમા મદદ કરવા માટે આવવાનું વચન નીચેના ભાઈઓએ આપ્યું છે એ બદલ એમનો આભાર માનુ છુ

કોણુ કયારે આવશે

શનિ શ્રી ડાહ્યાભાઇ મગનભાઇ પટેલ
(ઝિમરેક દાહરકુલમા ભણાવવા જતા શિક્ષક)
રવિ શ્રી આદિતભાઈ સોનાભાઈ પટેલ ,,
સોમ શ્રી અંબાલાલ વલ્લભભાઇ પટેલ ,,
મગળ શ્રી રણછોડભાઇ મા શેઠ
બુધ શ્રી મણિભાઇ ડાહ્યાભાઈ પટેલ
(અહીંની શાળાના શિક્ષક)
ગુરૂ શ્રી મંગળભાઇ શંકરભાઈ પટેલ ,,
શુક્ર શ્રી બબલભાઈ

તા ૭–૧૧–૪૫

૧૨ અભ્યાસગૃહની દિનચર્યા

સાંજે ૭ વાગ્યે આવી રહેવું
૭ થી ૭॥ દીવાબત્તી–આસન પાથરવા વગેરે વ્યવસ્થા
૭॥ થી ૭॥ પ્રાર્થના તથા સમાચાર
૭॥ થી ૮। ઇતર જ્ઞાનનો વર્ગ, બબલભાઈ.
૮। થી ૧૦ સ્વાધ્યાય (શિક્ષકની દેખરેખ સાથે)
૧૦। પહેલા સુઇ જવું
સવારે ૫॥ વાગ્યે ઊઠવું.
૫॥ થી ૬ ગૌચ દાતણથી પરવારવું.
૬ થી ૬। પ્રાર્થના તથા પાચ મિનિટનું સાહિત્ય વર્ધક વાચન (હાલમા "નિત્ય સદેશ")
૬। થી ૬॥ કસરત કવાયત
૬॥ થી ૭॥ સ્વાધ્યાય
૭॥ થી ૮ ગૃહના કામો–પાણી ભરવુ, દીવાબત્તી સાફ કરવા વગેરે (ફરજ હોય અને ઇચ્છે તે સમૂહ કાતણમાં જોડાય)
૮ વાગ્યે ઘેર ચાલ્યા જાય.

તા. ૭–૧૧–૪૫

૧૩

૧૨ બધાને આમંત્રણ છે

આજે સાંજે સાડા પાંચ વાગ્યે રામજી મંદિરના મેડે આપણે ત્યાં શરૂ થતારા અભ્યાસગૃહની ઉદ્ઘાટન ક્રિયા થશે એ પ્રસગે બધા વિદ્યાર્થીઓ, એમના વાલીઓ તેમજ અન્ય ઉત્સાહી ભાઇ બહેનો ત્યાં પધારીને એ પ્રસગને શોભાવે તથા અમારા ઉત્સાહમા વધારો કરે એવી અમારી ખાસ વિનતિ છે

કાર્યક્રમ

૧ પ્રાર્થના ગીત
૨ અભ્યાસગૃહનો હેતુ–બબલભાઈ

૪ હારતોરા
૫ ગોળધાણા
૬ વંદેમાતરમ્

તા ૧૦-૧૧-૪૫

૧૪ વાચનાલયમા ફૂલ નહિ તો ફૂલની પાંખડી આપો

દરેક બેસતા વર્ષને દિવસે, આપણા વાચનાલયના સામયિકો મગાવવા માટે અમે ઉઘરાણુ કરીએ છીએ એ પ્રમાણે આ વખતે પણ થયુ છે પણ જે ભાઈને નોંધાવવાનુ રહી ગયુ હોય એ રૂપિયો બે રૂપિયા જે કાઈ આપવુ હોય તે આપીને છાપેલી પહોંચ લેતા જાય.

તા ૧૧-૧૧-૪૫

૧૫ રાષ્ટ્રીય મહાસભાના સભાસદ થવાની છેલ્લી તારીખ

હિંદી રાષ્ટ્રીય મહાસભાના સભાસદ થવાની છેલ્લી તારીખ ૩૦મી નવેમ્બર છે જે ભાઈઓ હજુ સભાસદ ન થયા હોય એ પત્રક ભરીને વેળાસર સભાસદ થઈ જાય

તા ૧૨-૧૧-૪૫

૧૬ આઝાદ હિંદ સેના

જાપાને બ્રહ્મદેશ તથા મલાયા કબજે કર્યાં ત્યારે અંગ્રેજો એકલા એકલા અહીં પણ હિંદીઓને બેહાલ દશામા છોડીને નાસી ગયા પૂર્વ એશિયામા વસતા સાત લાખ હિંદીઓને આ બનાવથી જબ્બર આંચકો લાગ્યો એમને પ્રત્યક્ષ અનુભવ થયો કે પરતંત્ર દેશની પ્રજાની આવી દશા થાય છે। એમણે અનુભવેલી એ વખતની ત્રાસભરી અને બેહાલ દશામાથી કાયમને માટે ઉગરવુ હોય તો સગઠિત થઈને હિંદને આઝાદ કરવો એ જ એક માર્ગ એમની નજર સામે તરવરવા લાગ્યો

એ વિચારમાથી જ ૧૯૪૨ ના ઓગસ્ટ માસમા એમણે આઝાદ હિં. લીગ તથા આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી પાછળથી આ લીગને સુભાષબાબુ મળ્યા એમણે આઝાદ હિંદ સરકારની સ્થાપના કરી

આ ફોજમા ૫૦ હજાર સૈનિકો હતા અને ૧૫૦૦ અમલદારો હતા એ સરકાર અને ફોજની નેમ એક જ હતી કે હિંદને આઝાદ કરવો અને એ કરવા માટે જેની મદદ લેવી પડે એની મદદ લેવી એ હિંદી સૈનિકોને બહુ કષ્ટો વેઠવા પડ્યા હતા કેટલીક વખત એમને ખાવાના પણ સાસા પડ્યા હતા પણ એ ફોજમા જોડાયેલાઓ લોહીના અક્ષરે સહી કરીને જોડાયા હતા એટલે બધી જ આફતો સામે ટક્કર લઈને એમણે એમની આઝાદી અને 'ચલો દિલ્હી'ના પોકાર ચાલુ જ રાખ્યો આઝાદ હિંદ સરકાર જાપાનની પૂતળા સરકાર નહોતી પણ જાપાન એનો લાભ ઉઠાવવા માગતુ હતુ અને એ જાપાનનો પાછળથી તો જાપાનીએ આઝાદ હિંદ ફોજને દગો પણ દીધો અને જાપાન શરણે ગયા પછી એ સરકાર તથા ફોજને પણ શરણે જવુ પડ્યુ

આજે સુભાષબોઝ ક્યા છે એ કોઈ જાણતુ નથી પણ પકડાયેલી ફોજના હજારો સૈનિકો આજે દિલ્હીના મશહૂર થઈ ગયેલા લાલ કિલ્લામા કેદ છે એમાના કેટલાક ઉપર ત્રાસ વર્તી રહ્યો છે ને કેટલાકને ફાંસીએ ચગાવ્યા છે એવી પણ વાતો ચાલે છે

હાલમા એ ફોજના ત્રણ ઓફિસરો ઉપર પેલા કિલ્લામા જ લશ્કરી અદાલત સમક્ષ મુકદ્દમો ચાલે છે પંડિત જવાહર તેજ બહાદુર સપ્રુ ભુલાભાઈ દેસાઈ વગેરે એમના બચાવ માટે ઊભા રહ્યા છે

કોંગ્રેસે એ બધા જ હિંદની આઝાદીના સૈનિકો છે અને એમને છોડી મૂકવા જોઈએ એ જાતની માગણી કરી છે રાષ્ટ્રપતિ તથા આપણા આગેવાનો એ માટે જહેમત ઉઠાવી રહ્યા છે હિંદી સરકારના આ પગલા સામે વિરોધ ઉઠાવવા માટે આજે દેશભરમા આઝાદ હિંદ સપ્તાહ ઊજવાઈ રહ્યુ છે

તા ૯-૧૧-૪૫

૧૧ ઇતર જ્ઞાનનો વર્ગ

આપણે ત્યા શરૂ થયેલા અભ્યાસગૃહમા બે ધાર્યું હતુ એના કરતા સખ્યા બહુ વધારે થઈ ગઈ એ શરૂ થયુ ત્યારે સખ્યા ૩૫ની હતી આજે એ ૫૦ની છે હજુ પણ આવનારા આવવા માગે છે પણ સ્થળ સંકોચને લીધે હવે અમારે એ સખ્યાની મર્યાદા બાંધવી પડી છે

રોજ વપરાતા દીવેલનો ખર્ચ જ હાથ આવત આજના મોંઘવારીના જમાનામા દીવેલ રીના વિદ્યાર્થી દીઠ માસિક ૦-૨-૦ લેવાનુ વિચાર્યું હતુ પણ એ ૦-૪-૦ કરવા પડશે એવુ જણાય છે

અભ્યાસગૃહમા હજુ ઘણી ખામીઓ છે પણ થોડા દિવસમા જ એ વ્યવસ્થિત થતુ જાય છે એ જોઈને અમને ખૂબ આનંદ થાય છે

સાંજની પ્રાર્થનામા અને ત્યાર પછીના પોણા કલાકના ઇતર જ્ઞાનના વર્ગમા અભ્યાસગૃહમા ન જોડાયેલા ભાઈઓ પણ આવી શકે છે એ ભાઈઓની જાણ માટે એ ઇતર જ્ઞાનના વર્ગમા શુ શુ ચાલશે એનો નીચે ટૂકમા ખ્યાલ આપ્યો છે

સાંજે પ્રાર્થના પછી સમય ૭॥ થી ૮॥

રવિ આપણી રાષ્ટ્રીય જાગૃતિનો ઇતિહાસ
સોમ હિંદુસ્તાનીનો વર્ગ
મંગળ આપણુ સમાજ જીવન
બુધ સમૂહ વાચન (હાલમા જીવનના ઝરણા)
ગુરુ સગીત
શુક્ર જીવન ઘડતરના મુદ્દાઓ
શનિ અંતકડી અમર વાર્તા જેવો હળવો કાર્યક્રમ

તા ૧૫-૯-૪૫

★

એશિયાઇ સેનાનો નાનેરો સૈનિક [પૃષ્ઠ ૭૧૩ થી ચાલુ]

ઈંગ્લાંડના એક જાણીતા અખબારે ચેતવણીનો સૂર કાઢેલો કે વર્ષે વર્ષે વધતાં જતાં સહેલાણીઓનાં ધાડાં કદાચ થોડા જ વખતમાં સાદાં-ભોળાં બાલીવાસીઓને 'બગાડી' નાખશે અને એ પ્રજા એના મોહભર્યા આચાર તથા પુરાણા રીત-રિવાજો ખોઇ બેસશે અને પાશ્ચાત્ય મય બની જશે ! આ વાત ટાંકીને પછી એના જવાબમાં ઇન્ડોનેસિયાની ડચ સરકાર તરફથી પ્રસિદ્ધ થએલ બાલી વિશેનું એક સુંદર ચિત્ર-પતાકડું જે કહે છે તેમાં ભારોભાર બાલીવાસીનાં સ્વદેશાભિમાન અને જાતિપ્રેમ ભર્યાં છે. જવાબ કહે છે:

'સત્યથી વધુ વેગળી વાત આના સિવાય બીજી કોઇ હોઈ શકે નહિ. અહીં દર વર્ષે થોડા દિવસ માટે આવતા પરદેશીઓ આ સુખકારી ટાપુની બારેક લાખની વસ્તીમાંથી કેટલાકના એવા સીધા સંપર્કમાં આવે છે કે અહીંની પ્રજા બગડી જાય ? બુલેલેંગ, સિંગારાજા ને દેન પાસેર જેવાં મુખ્ય શહેરોમાં પાશ્ચાત્યપણું પ્રવેશી રહ્યું છે ખરું, પણ ગામડાંઓમાં વસનારાં તો આ ટાપુ ઉપર પ્રથમ યુરોપિયને પગ મૂક્યો ત્યારે હતાં તેટલાં જ સરળ લોકો છે એમના બગડી જવાનો તો કોઈ સવાલ જ નથી. આ પ્રજા ઘણી સ્વમાની અને એની પોતાની રસમ મુજબ સુસંસ્કૃત છે...ઉપરાંત, ભૂતકાળમાં બાલીવાસીઓએ બતાવી આપ્યું છે કે પોતાની આઝાદીનાં રક્ષણ કાજે તો તેઓ બહાદુર અને નિર્ભય લડવૈયા છે.'

પરંતુ જેને કારણે આજે કોઇ પરદેશીઓ એને 'બગાડી' શકે તેમ નથી તે સંસ્કાર તો બાલીનું બાળક માતાના દૂધમાંથી પામે છે અને મરણપર્યંત એનાં અંગોમાં વહેતાં રૂધિરમાં એ જીવતા રહેતા છે તે તો આ પતાકડું હવે જણાવે છેઃ

'સાચા બાલીવાસીની મહત્ત્વાકાંક્ષા આ હોય છે કે એ એવું સારું જીવન ગુજારે કે જેથી મૃત્યુ પછી વિદાય એને ફરી ફરીને બાલીમાં જ જન્મ લેવા જેટલો ભાગ્યશાળી ગણે ! આ મુગ્ધકર ટાપુ ઉપરની જિંદગીની તોલે આવે એવાં પ્રલોભન તો ખુદ એના સ્વર્ગમાં પણ નથી. દૈવી ત્રાજવામાં એ તોળાય ત્યારે જો એનામાં કાંઈ એબ રહી ગઇ હશે તો આ દુનિયાની બીજી કોઈ જાતિમાં જન્મ પામવાની એને સજા થશે, એમ એ માને છે. બહારના મહેમાનોને તો એ દુર્ભાગી ગણે છે. મહેમાન બાલીવાસી નથી એનો અર્થ જ એ એમ સમજે છે કે એ જીવનનું શ્રેષ્ઠ સુખ નથી પામેલો. મહેમાનના જીવનમાં પોતાને ઇર્ષ્યા આવે એવું કશું જ એ જાણતો નથી. ઊલટાની મહેમાનની તો એ દયા ખાય છે, અરેરે બિચારો બાલીવાસી થવા જેટલો સદ્ભાગી નથી—અને એની પ્રત્યે દયાભાવથી વર્તે છે !'

એક બાજુ આ યુગયુગોની પુરાણી હિંદુ સંસ્કૃતિના અમોલા અવશેષ સમો બાલીનો ટાપુ છે. એની ચોપાસ પડેલા ટાપુઓમાં, એક જ ઓસરીએ ઇન્ડોનેસિયાના કરોડો મુસલમાનો રહે છે. બૌદ્ધધર્મી ચીનાઓ પણ રહે છે. પણ એ મુસલમાનો અને પરધર્મીઓ વચ્ચે કોઈ ખૂનખાર હુલ્લડો થયાનું કે એમની વચ્ચે કોઈ વેરભાવ પણ હોવાનું સાંભળ્યું નથી બિન-મુસ્લિમીઓ બધા નાપાક કાફિરો છે એવું કોઇ અંધઝનુન ઇન્ડોનેસિયાના મુસલમાનોએ દેખાડ્યું નથી. નહિ તો, "બાલીના દસેક લાખ હિંદુઓને રોળી રોળી નાખવાનું, એમના હરકોઈ પુરાણા મંદિરની પછીતે પોતાના પીરની કબરો શોધી કાઢવાનું, એમની સુંદરો મૂર્તિઓ ભાંગી નાખવાનું અને બાલી આખું મુસ્લિમમય બનાવી દેવાનું ઇન્ડોનેસિયાના કરોડો મુસ્લિમો માટે મુશ્કેલ ન ગણાત. પણ ઇન્ડોનેસિયાના—અને બાલીવાસીઓના-સદ્ભાગ્યે એવા આત્મનાશી કોમવાદને માર્ગે ત્યાંના મુસલમાનો નથી વળ્યા.

એનું શ્રેય ત્યાંના રાષ્ટ્રીય નેતાઓને જાય છે. જાવાના ગાંધીને નામે ઓળખાતા બાલીવાસી માતા ને જાવાવાસી પિતાના સુપુત્ર ડૉ. સુકાર્નોએ આજે દુનિયાના સહધર્મી મુસલમાનોને જ નહિ પણ તમામ રાષ્ટ્રવાદી આઝાદી-પરસ્તોને પોતાની વહારે ધાવાનો સાદ કર્યો છે. નાના રાષ્ટ્રોની આઝાદીના અથાક લડવૈયા ઓસ્ટ્રેલિયન વિદેશમંત્રી હર્બર્ટ ઇવાટ અને ફિલિપાઇન્સના અમેરિકા ખાતેના પ્રતિનિધિ રોમ્યુલો, ચીનના પ્રેરણામૂર્તિ મેડમ ચિયાંગ અને આપણા જવાહરલાલને એમણે જાવા તેડાવ્યા છે. પોતાના દેશની પરિસ્થિતિનું જાતે અવલોકન કરીને દુનિયા સમક્ષ મૂકવાનું આ ઇજન એમણે આ બધાના ધર્મપંથ સામે જોઇને નહિ પણ એમના રાષ્ટ્રવાદને નિરખીને આપ્યું છે. હિંદુસ્તાનના કોઈ કોમીવાદીઓને નહિ પણ સમગ્ર-રાષ્ટ્રના હિંદુ-મુસલમાનની પ્રતિનિધિ કોંગ્રેસને અને કોંગ્રેસના જવાહરને એમણે મદદે બોલાવ્યા છે.

શું હિંદમાં કે શું ઇન્ડોનેસિયામાં આપણે સૌ ગુલામો જ છીએ અને આપણા તમામ ધર્મભેદોને આવરી લેતો એક જ સર્વવ્યાપી એશિયાઈ મઝહબ તો ગોરા સામ્રાજ્યવાદ સામે લડવાનો છે. આવી મંગલ ભાવના ઇન્ડોનેસિયન રાષ્ટ્રવાદ આપણા સૌમાં પ્રગટાવી રહ્યો છે.

આવો જાવાવાસી અને આવો બાલીવાસી આજે નવા એશિયાની જન-સેનાનો સૈનિક બન્યો છે. સામી છાતીએ સાચને ગોરા-શાહીવાદી વિરોધી સંગ્રામનો સાચો નાનેરો શહીદ એ બની રહ્યો છે.

બાળકનો ખિલખિલાટ

બાળકોના સર્વરોગનિવારણ અને

બાળકના બાંધાના ઘડતરરૂપ

બાબુલીન

તમારા બાળકને હંમેશ આપવાનો આગ્રહ રાખો

★ સોલ એજન્ટ ★

બી. એ. એન્ડ બ્રધર્સ મુંબઈ–૨ અને કલકત્તા

★ નવીજ ફેશનની ફ્રેમો
★ સારામાં સારી બનાવટના કાચ
★ વૈજ્ઞાનિક પદ્ધતિસર કામ

• તમારી આંખો માટેના 'ચશ્માં' લેતી વખતે અમારા શો-રૂમની મુલાકાત જરૂર લ્યો

• ગ્રાહકોનો સંતોષ
• પ્રમાણિક વ્યાપાર
અમારા ખાસ વેપારસૂત્રો છે

ખરીદી અર્થે :

ટ્રુસ્પેક્સ ઑપ્ટીસીયન્સ

વલ્લભ ટેરેસ, સેન્ડહર્સ્ટ રોડ

ટ્રામ ટરમીનસ : મુંબઈ–૪